સ્વામી રામતીર્થના ઉપદેશો વિષે થોડાક અભિપ્રાય.

આધુનિક કાળના ઉપદેશકોમાં જો કોઇએ ખરેખરૂં "સત્ય" કહ્યું હોય કે સમજાવ્યું હોય તો તે સ્વામી રામતીર્થે કહ્યું છે. આવા એક અતિ ઉપયોગી ઉપદેશક ગ્રંથના ભાષાન્તરની ગુજરાતીમાં જરૂર હતી.

વૈશ્યકલ્પતરૂ.

વેદાન્ત જેવા ગહન વિષયને સરળતાથી સમજાવવાને અને તે જીવનમાં કેમ ઉતારી શકાય, તે બતાવવાને, સ્વામી રામતીર્થના લખાણો પ્રસિદ્ધ છે, અને તે લોકપ્રિય નિવડ્યાં છે. બુદ્ધિપ્રકાશ.

ધર્મ સબંધી સંપૂર્ણ વિચારો જેમણે કર્યા નથી, તેમના મનમાં જે અનેક સામાન્ય શંકાઓ થઇ આવે છે તેનુ નિરસન આ ગ્રંથોમાથી સારી રીતે થઇ શકે છે.

ભાષા અને લેખન શૈલી સરળ તથા સરસ છે; એટલુંજ નહિ પણ સ્વામીશ્રીએ આ ગહન વિષયોનું જ્ઞાન આપવાની જે સહેલી અને લોકપ્રીય સરણી પકડી છે તે બરાબર સચવાઇ રહી હોય એમ જણાય છે. કોઇ કોઇ સ્થળે તો ઉપનિષદોમાં જેમ દૃષ્ટાન્ત રૂપ બનાવો વર્ણવીને વિષય સ્પષ્ટ કરેલો હોય છે, તેમ સ્વામીશ્રીએ પણ ચાલતા વ્યાવહારિક બનાવો તથા દેખાવોનો ઉપયોગ કરીને વિષયો સમજાવ્યા છે. ગ્રંથમાં વેદાન્તનાં ઘણાં રહસ્યો સાદી ભાષામાં સમજાવવામાં આવ્યાં છે અને જેમને ઉદ્દેશીને તે કહેવામાં આવ્યાં છે, તેમને અજબ અસર કરે તેવાં છે. આ પુસ્તકો વાંચતાં સ્વામી રામતીર્થ પ્રતિ પૂજ્ય ભાવના ઉત્પન્ન થાય છે. કેળવણી.

उनके दो तीन सो पत्रोंके अनुवाद हैं। ये पत्र ऐसे वैसे नहीं। कितने ही पत्र विशेष महत्वपूर्ण हैं। अन्त में हिमालय के कई दृश्योंका मनोहर वर्णन है।

सरस्वती.

આખી ચોપડી સ્વામીશ્રીના સદુપદેશથી ભરપુર હોવાથી સ્ત્રીવર્ગ તેમજ પુરૂષોને વાંચવા લાયક છે.

દેશી વેપારી ચેમ્બર માસિક.

પ્રત્યેક મનુષ્યે જોવા જેવું છે. સ્વામીજીના જ્ઞાનના ઝળકારા આ પુસ્તકમાં પૃષ્ઠે પૃષ્ઠે જણાઇ આવે છે.

પ્રાતઃકાલ.

આ પુસ્તકમાં (ભાગ ૮–૯ માં) સ્વામી રામતીર્થ એમના સદુપદેશ તથા ભગત ધન્નારામનું સંક્ષિપ્ત જીવન વૃત્તાંત આપ્યું છે; તથા સ્વામીશ્રીનાં પૂર્વાશ્રમથી તે સંન્યાશ્રમ પર્યંતના પત્રો છે. જે પત્રો વાંચી જોતાં મનુષ્યના વિચારોમાં ફેરફાર કેવી રીતે થાય છે તે સહેજ સમજાઇ આવે છે. આ પુસ્તક સંગ્રહમાં રાખવા જેવું છે. વ્યાયામ.

સ્વામી રામતીર્થે અનેક તપશ્ચર્યાદ્વારા જે જ્ઞાન સંપાદન કર્યું છે, તે જ્ઞાન અતિ મહત્ છે. તેઓશ્રી પોતાની પૂર્વની સંકટમય જીંદગીમાંથી એક કવિ, એક તત્વજ્ઞાની અને વેદાન્તના મહાન અભ્યાસી થઇ પામ્યા હતા. એવા એક આત્મજ્ઞાની અને ધર્મવીર પુરૂષના જીવનમાંથી આજના જમાનાને ઘણું શીખવાનું મળે છે. એમના એકેએક ઉપદેશનું જો ખંતથી મનન કરવામાં આવે તો માણસ દુઃખ દારિદ્રમાંથી મુક્ત થઇ, અવિચળ શાન્તિને પામી શકે. એમના અમૂલ્ય ઉપદેશો વાંચીને અમને અત્યંત આનંદ થયો છે

વિવેચક.

ગુજરાતીમાં અનુવાદન એવી સરળ રીતે કરાયું છે કે, મૂળ અંગ્રેજી કરતાં પણ લેખન શૈલી મ[illegible] તથા વધુ અસરકારક નિવડી છે. સ્વામી રામતીર્થના લેક્ચરો કે જેથી અમેરિકન તથા વિદેશીઓ હિ[illegible]ન તરફ આકર્ષાયા છે, અને તેના શ્રવણથી હિન્દુ ધર્મશાસ્ત્રોના અભ્યાસ તરફ તેમની પ્રીતિ વ[illegible] તો તે લેક્ચરો એજ ધર્મના જન્મથી અભ્યાસીઓને હમેશાં મનનીય તથા માનનીય છે, એમ કહી[illegible]માં શંકાને બીલકુલ સ્થાન નથી.

સત્સંગ.

[illegible] તેમની ઉત્તમ ભાવનાઓ વાંચતા અંતઃકરણમાં એક પ્રકારનો વિલક્ષણ આનંદ પ્રકટ થાય [illegible] [illegible] ઇચ્છનાર દરેક સ્ત્રી પુરૂષે સ્વામી રામતીર્થના સદુપદેશ અવશ્ય વાંચવા જોઇએ. ચંદ્રપ્રકાશ

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
	[illegible]	[illegible]	[illegible]

[illegible]



નિવેદન આ આવૃત્તિનું.

સ્વામી રામતીર્થના સદુપદેશનો શરૂથી પાંચ ભાગ સુધીનો પહેલો ગ્રંથ નિકળ્યા પછી તેના બાકીના ભાગો પણ એવીજ રીતે મોટા પુસ્તક રૂપે બહાર પાડવાની બહોળી માગણી થયા કરી છે; જેથી આજે તે વાંચક બંધુઓની સેવામાં રજુ થાય છે.

સ્વામી રામતીર્થના પાંચે ભાગોની પાંચ પાંચ હજાર પ્રત વિવિધગ્રંથમાળાદ્વારા બહાર પડેલી હોવા છતાં તેના એકત્ર સંગ્રહરૂપ પહેલા ગ્રંથની ઉપરાઉપરી બે પુનરાવૃત્તિઓ નિકળી ચુકી અને ટુંક સમયમાં ત્રીજી આવૃત્તિ પણ છપાવવીજ પડશે. આ પ્રમાણે તેનો હાથોહાથ ઉપાડ થયા કરશે, એ રામસ્વામીના ઉપદેશોની અસામાન્યતા જોતાં સ્વાભાવિકજ છે. આવા ઉપાડને લઈને આ બીજા ગ્રંથની સવેળાથીજ ચાર હજાર પ્રત છપાવવામાં આવી છે.

પહેલા ગ્રંથની પેઠે આ ગ્રંથમાં પણ બનતું સંશોધન કરવામાં આવ્યું છે.

ગયા વર્ષમાં પહેલો ગ્રંથ નિકળ્યા પછીથી પણ કાગળો અને પૂંઠાં વગેરેની મોંઘવારી વધતી ગઈ છે; પરંતુ આને માટેના ઘણાખરા કાગળો વગેરે પહેલા ભાગની સાથેજ ૧૯૭૩ ના વર્ષમાં લઈ રાખ્યું હતું જેથી આ ભાગનું મૂલ્ય પણ પહેલા ભાગના પ્રમાણમાંજ રહી શક્યું છે.

ધનતેરશ, વિ. સં. ૧૯૭૪. મંત્રી

લીધા હતા અને તીર્થરામજીના પિતા ગોસ્વામી હીરાનંદજીએ એમને ભગતજીની દેખરેખ નીચે રાખેલા હતા; તેથી ભગતજી એમના રક્ષક (વાલી) હતા. એ કારણથી ભગતજીનું ચરિત તીર્થરામજીના ચરિત સાથે એટલું તો નિકટવર્તી છે કે એમનું ટૂંકું જીવન-વૃત્તાંત લખીને આ સાથે જોડવું ઉચિત માન્યું છે. શ્રીમાન્ નારાયણ સ્વામીના ઉર્દુ પત્રોના પુસ્તકમાં ભૂમિકારૂપે લખાયેલ ભાગ ઉપરથી આ હકીકત લીધી છે.

ઇ. સ. ૧૮૮૯ થી એટલે કે પોતાની લગભગ બાર વર્ષની ઉમ્મરથી તે ઇ. સ. ૧૯૦૦ સુધી એટલે સંન્યાસ લીધો તે પહેલાંના પત્રો પ્રથમ વિભાગમાં છે. વળી એ સર્વ પત્રો એકજ વ્યક્તિ પરત્વેનાં હોઇ એનો પરસ્પર સંબંધ તપાસતાં એ એક પ્રકારનું સ્વામી રામનું આત્મવૃત્તાંત છે. આમ એક રીતે તો એ પત્રો સ્વામી રામનાં નહિ પણ ગોસ્વામી તીર્થરામનાં છે.

દ્વિતીય વિભાગના પત્રો જુદા-જુદા છે; એમાંનાં ઘણુંખરાં તો અમેરિકાના ગૃહસ્થો ઉપર લખાયેલાં છે. ત્યાંના સહૃદય ભક્તોને સ્વામીજીએ સુખાનન્દ, ચંપા, કમલા, ગિરિજા, આદિ આર્યનામો આપ્યાં હતાં, અને પત્રવ્યવહારમાં પણ એજ નામોનો ઉપયોગ કરતા હતા. એ આ પત્રોમાં જણાય આવે છે. આ પત્રો ઘણુંખરાં વ્યક્તિગત નહિ, પણ સામાજિક છે; તેમજ તેની સાથે એજ વિભાગમાં કેટલાએક હિમાલયનાં દૃશ્યોનાં વર્ણનો છે; એ વર્ણનો સામાજિક વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધિ માટે મોકલી અપાતાં હતાં, યા તે કોઇ પરમ ભક્તને તેનો આસ્વાદ ચખાડવા રવાના થતાં હતાં. એ ભાવથી પણ તેથી પરસ્પર જુદી આ સાથેજ સામેલ કર્યાં છે.*

પ્રથમ વિભાગનાં પત્રોનાં રહસ્ય, ભાષા, શૈલી, તેમજ અનુક્રમાનુસારે વિશેષ વિવેચન કરવા જતાં તો સ્વામી રામની જીવનકથા ઉતારી પાડવા જેવું છે; પરન્તુ એ વિષય નિરાળો હોવાથી, અત્યારે એ પરત્વે એટલુંજ કહેવાનું કે-એ પત્રોની ભાષા બહુજ સરલ છે; એ ભાષાંતર ઉર્દુપરથી છે અને મૂળ ઉર્દુની સરલતા સાચવવા બનતો તેટલો પ્રયત્ન કર્યો છે. આપણા રસિક વાંચકોને કદાચિત્ એ શુષ્ક લાગે પણ એનાં બે મુખ્ય કારણ છે.

(૧) એ પત્રો ભગત ધનારામ પર લખેલાં છે કે જેઓને ઉચ્ચ સરકારી ભાષાનું જ્ઞાન નહોતું, તેથી સ્વામી રામને સર્વ હકીકત બહુ સરલ અને સમજે તેવી ભાષામાં પણ લખવી પડતી હતી.

(૨) એમાં કેટલાએક નિર્દય વર્ણનો છે એમ પણ ઘણા વાચકોને લાગશે; પણ સમાધાન એટલુંજ છે કે ભગત ધનારામ એમના ગુરુ અને વાલી હતા. લાહોરમાં રહેતાં સુખદુઃખના બધા પ્રસંગો એમની પાસે નિવેદન કરી એમને નિરાકરણ કરવાની ટેવ હતી, તેથી એવા કૌટુમ્બિક પ્રસંગો સંક્ષેપે લખતાં ભાષા કેવળ સરલ હોય એ સ્વાભાવિક છે.

સુજ્ઞ વાંચક બંધુઓ અહીં રામના આધ્યાત્મિક હિતબોધનો યથાર્થ લાભ લે, એવી શુભેચ્છાએ ૐ તત્સત્.

ધર્મેન્દ્રજ્યોતિ.

---

* આ આવૃત્તિમાં આ વર્ણનો પત્રોની ઉપરે નહિ આપતાં [illegible] પત્રોથી અલગ આપવામાં આવ્યાં છે. પ્રકાશક.

પવિત્ર હિમાલય.

સમુદ્રપટથી શુમારે ૭૦૦૦ ફીટ ઉંચે સિમલા, અને તેમાં પણ અર્ધી માઇલની ચડાઇએ આ ટેકરી. હિંદુઓનો પ્રાચીન કમળોટીબા; અંગ્રેજ લોકની અર્વાચીન પ્રોસ્પેકટહિલ.

પર્વતભૂમિ! માનવભૂમિ! માતૃભૂમિ! જન્મભૂમિ! થોડાં ગણ્યાંગાંઠયાં વર્ષો થયાં માનવ કલાથી બંધાયેલાં, ટૂંકી બુદ્ધિનાં ચિહ્ન જેવાં ઝૂંપડાં એ માતૃભૂમિ? કે આ પ્રકૃતિએ રચેલાં અને રસેલાં, તત્ત્વવેત્તા ધર્મશોધક ઋષિમુનિઓએ સેવેલાં કલાપૂર્ણ, સૌંદર્યપૂર્ણ પર્વતમન્દિરો એ માતૃભૂમિ?

ધર્મના સાધક આર્ય! પ્રવૃત્તિની પૂજા પૂર્ણ કરી, વાનપ્રસ્થાશ્રમની સાધના અને નિવૃત્તિના સેવન માટે તો તારે અહિં માતૃભૂમિમાં જ વળવું જોઈએ. ધર્મવીર બન્ધુ! આત્મન! અહીંજ અંતિમ આશ્રમોનાં કર્મધર્મની સિદ્ધિ, અહીં જ ઇષ્ટપ્રાપ્તિ, ભગવન્!

સિમલા! કલાપૂર્ણ ભવ્ય સિમલા! પ્રકૃતિને પ્રવૃત્ત કરવા મથતા નિવૃત્ત કર્મવીરોનું નિવાસસ્થાન. સમસ્ત હિંદુસ્થાનનો કાર્યભાર કરતી દૈવી બ્રિટન સત્તાના સર્વોપરિ વીરને નીતિ અને ન્યાયનાં ચિન્તન અને તુલના કરવા આ ભૂમિ જ અનુકૂળ છે. આ શાન્તિજ વાસ્તવિક છે. કુશળ બ્રિટન બુદ્ધિ! કલા અને કૌશલ્યની તું અદ્ભૂત ઉપાસક છે.

પ્રકૃતિને પણ ઘડીભર લજાવવા પ્રયત્ન કરતા, માનવ કલાના અપ્રતિમ આદર્શરૂપ; સમસ્ત હિંદુસ્થાનના ઉપરિ અધિકારીઓના છૂટાછવાયા, રંગબેરંગી, રમણીય, ઓક અને દેવદારુ-વનમાં દશ્યાદશ્ય, મેઘમંડળની ઘડી ઘડી મધુર શીતલ છાયા પામતા, ભવ્ય, રમ્ય પ્રાસાદો.

આ ટેકરીના અર્ધ ઘેરાવને વીંટી લેતી, કલાકના દરેક માઇલ જ માત્ર ગોકળગાયની ચાલ ચાલતી, કાલકાથી સિમલા સુધી ઉંચે અને ઉંચે ચ્હડી આવતી, ઊર્ધ્વગામિની, બાલકના રમકડા જેવી રેલ્વેટ્રેન.

આ અને અનેક આવી માનવ કલાની મહત્તા! અદ્ભુત સાહસિક પરાક્રમ દાખવતી દૈવી શક્તિની ચમત્કૃતિ! દિગ્વિજયની પતાકા ઉરાડતી કર્મમાર્ગની સિદ્ધિ!

પણ અહો! મીઠી પ્રકૃતિ! વ્હાલી માતા! પ્રભુતાની પ્રતિકૃતિ! પ્રેમ, સૌંદર્ય અને શાન્તિની છાયા! ત્હારામાં શું નથી? કલા નથી? સાહસ નથી? શક્તિ નથી? દિવ્ય ભાવ નથી? પ્રભુતા નથી? ચમત્કાર નથી? કયી મહત્તા નથી? ઓ મહાન્ આત્મરૂપ! આત્મ-છાયા! આત્મધ્વનિ! તું હું એકસ્વરૂપ.

પણે વાદળ ચ્હડયું; છવાયું; વધારે પ્રસર્યું; અહીંતહીં ઘૂમતું થોરો કાળ સૂર્યના પ્રતાપી તેજને નીચેની ભૂમિથી અદશ્ય રાખે છે; શું આવાજ અજ્ઞાનની છાયા મનુષ્યજીવનમાં નથી આવતી? મનુષ્યમાં અધર્મરૂપે નથી પ્રતીત થતી?

આવ, ઓ આત્મવત્ રશ્મિભંડાર રવિરાજ! ઓ પ્રકાશ! ઓ જ્ઞાન! એ જ્ઞાનપ્રતાપથી જ એ અંધકાર, એ અધર્મ, એ વાદળનો ક્ષણિક કાળનો પડદો દૂર. પુનઃ એ જ ભૂમિ! એ જ આકાશ! એ જ પ્રકૃતિ! એ જ આત્મદર્શન! એ જ બ્રહ્મ! ૐ!

સુગોથી બિરાજતા બ્રહ્મવેત્તાના ચિત્ત જેવા સ્થિર, ઉદારતા જેવા વિશાળ, પ્રેમ જેવા સૌંદર્યપૂર્ણ, કોમળતા જેવા આર્દ્ર, રસિકતા જેવા ચમત્કૃત, ભવ્યતા જેવા મહાન, અને પ્રભુતા

જેવાં પરિપૂર્ણ પર્વતો. વૃષ્ટિનો રસ પામીને ભૂમિમાતાને ગોળે આળોટતી, લીલી લીલોતરી-નીલવર્ણી સાડી પ્હેરેલી નવવધૂનાં નિર્મળ પ્રેમ, સૌંદર્ય અને ઉત્સાહ જેવાં ઉલ્લાસપૂર્ણ ગિરિસ્થળ.

ઊંચી ઊંચી તપ તાપતાં, હતાશપ્રીન્ત આલિંગનથી પ્રેમાદ્રિત પામતાં, ઓક, ચીડ અને દેવદારૂ આદિનાં પૂજાપ્રધાન વૃક્ષોની વિનય-ભાવના. સ્ટ્રોબેરી, જરદાલુ, અંજીર આદિ વનફળોનો મીઠો અને માધુર્યમયો પ્રસાદ. મહામાયા પ્રકૃતિ અને મહાપુરૂષ સૂર્યભગવાનને પૂછી પૂછી ખીલતાં નાનારંગી વનકુસુમોનું અર્ઘ્યપ્રદાન, ઓમ અંતરમાં ધ્વનિ પાડતી તે શારીરિક પ્રકૃતિની સાથે અભિન્ન ભાવ રમતી વનસૌંદર્યની લીલા, પ્રકૃતિનું રસપાન.

વૈદક સુખનું ભાન કરાવતાં, પર્વતોની ખીણમાં અને ઉંચે, ઝરણાંનાં ગાનપાન અને થોડા મેદાનમાં કોતરી કાઢેલાં લીલાં ખેતરોને પોપચે પરેલાં, જીવનને આવશ્યક ખાન-પાન વસ્તુઓથી જ તૃપ્તિ પામતાં, કૃષિજનો અને તેમનાં અતિથિને આદર આપતાં ઝુંપડાં, અહા! એમના અર્થશૂન્ય પણ ધ્વનિબોધક સંગીતમિશ્ર નિર્મળ મંત્રોની હેલિ!

સર્પની ઉતારેલી કાંચળી જેવી અતિશય દૂર પણ દૃષ્ટિસમીપ વ્હેતી પરેલી દૂધના રેલા જેવી, ક્ષીરસાગરનેજ મળવા જતી હોય તેમ એનું જ સ્વરૂપ ધારણ કરતી, આગળ જતાં આત્મસ્વરૂપ વ્હેન સિંધુમાં એકતા પામતી સરિતા સતલજ. પ્રેમનો એ નિર્મળ પ્રવાહ, એ વ્હેતો અને વ્હેતો વિશ્વને વિંધતો અને ભીંજવતો વસ્તુમાત્રના અંતરસ્થને એકરૂપ કરતો પ્રીતિરૂપ વ્હેન સતલજની પેઠે, એની પ્રતિકૃતિરૂપે, એ જ સ્વરૂપે અંતરમાં વ્હેતો પ્રેમપ્રવાહ; એ અમૃતપાન!

પાસેજ અહીં ઉપર આર્યવીર પૃથુરાજની અડગ શ્રદ્ધાએ સ્થાપેલ એના હૃદયની સંપત્તિ જેવું, એની અચળ શક્તિ જેવું જ અત્યારસુધી સ્થિર રહેલું ભગવતી કમળાદેવીનું ન્હાનું પણ ભક્તિની વિશાળ વ્યાપકતા દાખવતું મંદિર.

ત્રીશ વર્ષથી, ધૈર્યશીલ, ધર્મશીલ, તપશીલ રહી પૂજા કરતા, એ યોદ્ધાના શ્રદ્ધા ભક્તિ અને વીર્યને પ્રેરણાત્મક રાખતા, એની ભક્તિને ચિરસ્થાયી બનાવતા આ એંશી વર્ષના વૃદ્ધ પૂજારીની એ દેવીની સેવા.

માનવ જડતાને ચૈતન્ય બનાવતી, હૃદયને હલમલાવી ભક્તિનું ઝરણું પાતી, એ ભક્તિમાંથી ચિત્તની સ્થિરતા અર્પી સમાધિમાં પ્રેરતી, એ દેવી ઉપાસક સેવકની શ્રદ્ધા અને ઉત્સાહ ભરી મહામાયા જગદંબાની આરતિ! આત્મરતિ!

મનુષ્યને નિદ્રાકાલે પણ જાગૃતિ શીખવતો હોય અને આમને આમ રાત્રિમાં દિન અને દિનમાં રાત્રિનો સમાસ શીખવી કાળને જીતવો છે એવી ભાવના પ્રેરતો, સર્વકાળ એક જ સમાધિસ્થ સ્થિતિની પ્રેરણા ઉદ્દેશતો અદ્ભુત ગર્જનામયો જ્ઞાનરૂપ શંખધ્વનિ!

જગતને અદ્દશ્ય કરતું નીચેની ખીણોમાંથી ઉઠતું આકાશસદૃશ મેઘમંડળ, ઉપર સ્વચ્છ અખંડ પડદા જેવું, મેઘમંડળની વિભૂતિ જેવું, નિર્મળતાના મહાસાગર જેવું એવું જ આકાશ. એની વચમાં આ આકાશમેઘના દેહમાં આત્મવત્, સંપુટવત્, આ સ્વર્ગમય ટેકરીપર સમાધિસ્થ આ શરીર!

પણે પશ્ચિમમાં, માનવીને તડકાછાયાની પેઠે સુખદુઃખઆદિ દ્વંદ્વનો પાઠ શિખવતા, અસ્ત પામતા સૂર્યની લાલી! જગતના મેલથી વિમુખ-વિશુદ્ધ, નિર્મળ જ્ઞાનસ્વરૂપ સંન્યાસ યજ્ઞના અગ્નિની જ્વાળા જેવો, એ લાલીનો સચ્ચિદાનન્દ સ્વરૂપ ભગવો કષાય રંગ; ૐ!

૧૪ જુલાઇ ૧૯૧૨. }
ગ્રાંડ હોટેલ, સિમલા. } "સ્નેહજ્યોતિ."

અનુક્રમણિકા.

સ્વામી રામતીર્થનાં પત્રો.

સ્વામી રામતીર્થજી—નારાયણ સ્વામી સહિત.

સ્વામી રામતીર્થજી.



स्वामी रामतीर्थ

एमना सदुपदेश.

ग्रंथ २ जो.

१–उपासना.

સામાન્ય વિવેચન.

युयोध्यस्मज्जुहुराणमेनो। भूयिष्ठां ते नमउक्तिं विधेम॥ (शु. यजु. सं.)

"ઉરે ટેઢી બાંકી યે ચાલાકિયાં સબ; રહે હાલ તલવાર એક આપકી અબ."

મનને ઇષ્ટદેવમાં જોડવું એનું નામ ઉપાસના છે. રોમરોમમાં રામ રમી રહે, મન અમૃતમાં તૃપ્ત થઈ જાય ને ચિત્ત આનંદમાં મગ્ન બની જાય, એ અવસ્થાનું નામ ઉપાસના છે. ઉપાસનાના ત્રણ પ્રકાર છે; (૧) પથ્થરની શિલાનું ગંગામાં શીતલ થવું, (૨) કપડાની ઢીંગલી (પૂતળી) નું અંદર બહાર પાણીમાં ભીંજાઈ જવું, અને (૩) સાકરના કાંકરાનું ગંગાજળ બનવું. આને કોઈ ભજન, તો કોઈ ઉપાસના, કોઈ આરાધના, તો કોઈ અનુસંધાન પણ કહે છે. સીધી ને સાદી ભાષામાં કહેતાં ઈશ્વરનું સ્મરણ કરવું એનું નામ ઉપાસના છે.

પણ ખબરદાર! એ ઉપાસના ભક્ત ક્યારે કરે તે વિષયમાં નીચનું ગીતાવાક્ય ભૂલી ન જવાય!


पश्यञ्शृण्वन्स्पृशञ्जिघ्रन्नश्नन्गच्छन्स्वपन्श्वसन्।
प्रलपन्विसृजन्गृह्णन्नुन्मिषन्निमिषन्नपि॥ गी. अ. ५ श्लो. ९.

શબ્દાર્થઃ—દેખતો, સાંભળતો, સ્પર્શ કરતો, સૂંઘતો, ખાતો, ચાલતો, સૂતો, શ્વાસ લેતો, બોલતો, ત્યાગતો, ગ્રહણ કરતો, આંખ ઉઘાડતો અને બંધ કરતો પણ.

અટલ નિયમઃ-વાંચક! વધારે કહેવામાં શું લાભ? આટલું જે લખું છું તે આચારમાં મૂકી અજમાવી જુઓ. ગાજતી ન લાગે તો લેખકના હાથ કાપી નાંખજો, છુંસ









स्वामी रामतीर्थ

एमना सदुपदेश.

ग्रंथ २ जो.

१–उपासना.

સામાન્ય વિવેચન.

युयोध्यस्मज्जुहुराणमेनो । भूयिष्ठां ते नमउक्तिं विधेम ॥ (शु. यजु. सं.)

"ઉર રેડી ત્યાંહી પે ચડાવિયાં સબ; રહે હરઘડી મન એ આપણી અબ."

મનને ઇશ્વરમાં જોડવું એનું નામ ઉપાસના છે. રોમરોમમાં રામ રમી રહે, મન અમૃતમાં તૃપ્ત થઈ જાય ને ચિત્ત આનંદમાં મગ્ન બની જાય, એ અવસ્થાનું નામ ઉપાસના છે. ઉપાસનાના ત્રણ પ્રકાર છે; (૧) પથ્થરની શિલાનું ગંગામાં શીતલ થવું, (૨) કપડાની ઢીંગલી (પૂતળી) નું અંદર બહાર પાણીમાં ભીંજાઈ જવું, અને (૩) સાકરના કાંકરાનું ગંગાજળ બનવું. આને કોઈ ભજન, તો કોઈ ઉપાસના, કોઈ આરાધના, તો કોઈ અનુષ્ઠાન પણ કહે છે. સીધી ને સાદી ભાષામાં કહેતાં ઈશ્વરનું સ્મરણ કરવું એનું નામ ઉપાસના છે.

પણ ખબરદાર! એ ઉપાસના ક્યારે કરે તે વિષયમાં નીચેનું ગીતાવાક્ય ભૂલી ન જવાય!

> पश्यञ्शृण्वन्स्पृशञ्जिघ्रन्नश्नन्गच्छन्स्वपञ्श्वसन् ।
> प्रलपन्विसृजन्गृह्णन्नुन्मिषन्निमिषन्नपि ॥ गी. अ. ५ श्लो. ९.

શબ્દાર્થ—દેખતો, સાંભળતો, સ્પર્શ કરતો, સૂંઘતો, ખાતો, ચાલતો, સૂતો, શ્વાસ લેતો, બોલતો, ત્યાગતો, ગ્રહણ કરતો, આંખ ઉઘાડતો અને બંધ કરતો પણ.

અટલ નિયમઃ—વાંચક! તમારે ઈશ્વરમાં શું કામ? આટલું જે લખ્યું છે તે [illegible] ઘરમાં ભૂલી [illegible]

ખેંચી કાઢજો; પણ જરા કાન દઈ સાંભળો અને અંતઃકરણનાં ચક્ષુ ઉઘાડીને જોઈ લ્યો. ભલે, કૂવામાં કૂદકો મારી અદ્ધર રહેવા ધારશો તો રહી શકશો, પણ જગતના કોઈ પણ પદાર્થના મોહમાં ફસીને ક્લેશથી બચવું ધારશો તો તે તદ્દન અસંભવિત છે. સૂર્યોદય થાય છતાં પ્રકાશ ન પડે એમ પણ કદાચિત બને, પણ ચિત્તમાં પવિત્ર ભાવ અને બ્રહ્માનંદ જામ્યા પછી શક્તિ અને શ્રી આદિ રાણીઓ તમારી પાણીઆરી-દાસી ન બને એ અસંભવિત છે. મિનારાપર ચડીને દાંડી પીટાવો કેઃ—

सत्यमेव जयते नानृतम्। સત્યનોજ જય છે, અસત્યનો નહિ.

सत्यं ज्ञानमनन्तं ब्रह्म। બ્રહ્મ, સત્યરૂપ, જ્ઞાનરૂપ અને અંતરહિત છે. એ સત્ય શું છે?

तमेवैकं जानथ आत्मानमन्या वाचो विमुञ्चथ ॥ मुण्डक०

અર્થઃ—એ એકનેજ જાણ, આત્માથી અન્ય વાણીને છોડ.

नान्यः पन्था विद्यतेऽयनाय।

અર્થઃ-મુક્તિને માટે આના વિના અન્ય કોઈ માર્ગ નથી.

ज्ञात्वा तं मृत्युमत्येति नान्यः पन्था विमुक्तये।
मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति॥
असन्नेव स भवति असद् ब्रह्मेति वेद चेत्।
अस्ति ब्रह्मेति चेद्वेद सन्तमेनं ततो विदुरिति॥

અર્થઃ-તેને જાણવાથીજ મૃત્યુને તરી શકાય છે-મુક્તિ માટે બીજો રસ્તો નથી. એને નહિ જાણનારો પુનઃ પુનઃ જન્મ મરણ પામે છે. બ્રહ્મને અસત જાણનાર અસત્‌રૂપેજ થાય છે,-અને સત્‌રૂપે જાણનારને વિદ્વાનો સત્ જાણે છે.

"કભી ન છૂટે પીંડ દુઃખસે, જિસે બ્રહ્મકા જ્ઞાન નહિ."

અર્થઃ-જેને બ્રહ્મજ્ઞાન નથી, તેનો પીંડ દુઃખમાંથી કદી પણ છૂટતો નથી.

"જે નર રામનામ લિય નાહીં, સો નર ખર કુકકુર સૂકર સમ વૃથા જિયે જગમાંહી."

અર્થઃ-જે મનુષ્ય રામનામ લેતો નથી; તે મનુષ્ય ગધેડા, કૂતરા ને ડુક્કર સમાન છે. તે જગતમાં વૃથા જીવે છે.

"સૂર સુજાન સપૂત સુલક્ષણ ગુણિયન ગુણ ગરુઆઈ
બિન હરિભજન ઈંદ્રાફળ કે ફલ તજત નહીં કડુઆઈ."

અર્થઃ-મનુષ્ય શૂરવીર, સજ્જન, સપૂત, સુલક્ષણ, ગુણીજનોમાં શ્રેષ્ઠ ગણાતો હોય; પરંતુ હરિભજન વિના તે ઈંદ્રવરણાના બહારથી શોભીતા પણ અંદરથી કડવા ફળ જેવો છે.

"સો સંગતિ જલ જાય, કથા નહિ રામકી;
બિન ખેતીકી બાડ, ભલા કિસ કામકી;
જો નયન બેનીર હૈં, બેનૂર ભલે હૈં."

અર્થઃ-જે સંગતમાં રામની કથા નથી, એ સંગત બળી. ખેતરમાં ખેતી ન હોય તો વાડનું શું કામ છે? જે નયનમાં આંસુ (ઈશ્વરનાં વિરહાશ્રુ) નથી એ નયન આંધળાં (બેનૂર-તેજહીન) ભલાં છે.

લક્ષ્ય.

आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव तु । बुद्धिं तु सारथिं विद्धि मनः प्रग्रहमेव च ॥ કઠ૦

અર્થઃ-આત્માને રથનો સ્વામી જાણ; શરીરને રથ જાણ; બુદ્ધિને સારથિ જાણ; અને મનને લગામ જાણ.

"જીવાત્માને શરીરરૂપી રથમાં બેસીને બુદ્ધિરૂપી હાંકનારદ્વારા, મનની લગામથી, ઇંદ્રિયોરૂપી ઘોડાને હાંકતાં હાંકતાં ક્યાં જવું છે ?"

"विष्णोः परमं पदम् ।"

લક્ષ્ય તો બ્રહ્મતત્ત્વ છે; બ્રહ્મ સાક્ષાત્કાર વિના સરવાનું નથી. અનાત્મદૃષ્ટિ દુઃખરૂપ છે. બાહ્ય જગતમાં સ્નેહ, મોહ ઈત્યાદિને ઉત્સાહપૂર્વક રાખો છો; પણ ભાઈ! કાળા સાપને ખોળામાં દૂધ પાઈને પાળો છો. સત્ય સ્વરૂપ તે પરમાત્માને છોડીને અન્ય વિચારને મનમાં રાખવા કરતાં હૃદયમાં પિસ્તોલ કાં નથી મારતા ? ક્યાં સુધી માર્ગમાં તંબૂ નાખતા મુકામ કરતા રહેશો ? ક્યાં સુધી રસ્તામાં પરોણાગત ચાખ્યા કરશો ? આ સંસારરૂપી ધર્મશાળામાં હર જગ્યાએ ભોજનસામગ્રી તૈયાર કરીને કોઈ ખાતું નથી ! આરામ જોઈતો હોય તો ચાલો રામના ધામમાં.

ઉપાસનાની આવશ્યકતા.

यस्त्वविज्ञानवान् भवत्ययुक्तेन मनसा सदा । तस्येन्द्रियाण्यवश्यानि दुष्टाश्वा इव सारथेः ॥ કઠ૦

અર્થઃ-જે અવિવેકી હોય છે, તેનું મન સદા એકાગ્રતારહિત હોય છે. સારથિના દુષ્ટ અશ્વોની પેઠે તેની ઇંદ્રિયો અવશ્ય તેને વિષયોના ખાડામાં નાખે છે.

વિજ્ઞાનરહિત અયુક્ત મનવાળાની ઇંદ્રિયો, વિવશ-તોફાની ઘોડાની પેઠે રથ, સારથી, અને બેસનાર સર્વને એવા ખાડામાં ઘસડી જાય છે, કે જ્યાં રડી રડીને દુઃખી થવાનુંજ હોય છે. જો આ જન્મ-મરણના ઘોર રૌરવમાંથી બચવું ઇષ્ટ લાગતું હોય તો ઇંદ્રિયરૂપી ઘોડાને કેળવવા અને સીધે રસ્તે ચલાવવા માટે યમનિયમની આવશ્યકતા છે.

લાખો યત્ન કરો, પણ જો તમારો સારથિ આંખો આંખોવાળો કે કાણો હશે તો તમે કાદવમાં પડશો, રેતીમાં રોળાશો, ખાડામાં પડશો, અફળાશો, હજારો ઠોકર ખાશો ને ચીસાચીસ કરશો. વ્યાવહારિક બુદ્ધિ-સંસારમાં આસક્તિવાળી બુદ્ધિ-એ એવોજ સારથિ છે. તેવી બુદ્ધિને સારથિ બનાવવી એમાં તો દુઃખપ્રાપ્તિજ છે. વિજય તો એમાં છે કે તમારી મનરૂપી પ્રગ્રહને મૂકો શ્રીકૃષ્ણના હાથમાં; બસ, પછી જરાયે ભીતિ નથી. આ સંસારરૂપી કુરૂક્ષેત્રમાં એ સારથિ વિજયી થઈનેજ નીકળશે. રથ હાંકવામાં તો એજ પ્રસિદ્ધ અને પ્રવીણ સારથિ છે; એજ મહાન ઉસ્તાદ છે. રથ, ઘોડા, અને લગામ એજ હરિને સોંપવાનાં; એની જ મેર મૂકવાનાં છે; જુઓ ગીતાદ્વારા શ્રીકૃષ્ણનો અવાજ સંભળાય છે કેઃ—

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज । अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ।। भ. गी.

અર્થઃ—સર્વ ધર્મોનો ત્યાગ કરીને મારા એકલાનું શરણ લે. હું તને સર્વ પાપોથી મુક્ત કરીશ; શોક ન કર.

संगात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते ॥ भ. गी.

અર્થઃ—સંગથી કામ ઉત્પન્ન થાય છે; કામથી ક્રોધ પેદા થાય છે.

વાવાઝોડામાં જલમાં પડેલા તુંબડાની જે ગતિ થાય છે; તેવીજ ગતિ કામના અને વિષયવાસનામાં પડેલા મનુષ્યની થાય છે. વિષયસંગ સર્વદા અનર્થહેતુ છે, અને એ રોગનિવારણ માટે ઔષધ (ઉપાસના; આત્માનુસંધાન) ન યોજાય તો એવી આત્મહત્યાને બદલે અવશ્ય—

असूर्या नाम ते लोका अन्धेन तमसावृताः ॥ ईश. उप.

અર્થઃ—અંધકારથી આવૃત, પ્રસિદ્ધ અસૂર્ય લોક મળે તેમ છે.

કે જ્યાં દારૂણ દુઃખ સહેવાં પડે છે. તમને કાંટામાં પડવાથીજ પરમેશ્વર યાદ આવતો હોય અને સંસારના કામધંધામાં આસક્ત રહેવાથી રામને ભૂલી જતા હો તો હે મિત્ર! ઝટપટ તમારા શરીરને દુઃખરૂપી તીવ્ર કંટકમાં ફેંકી દ્યો એટલે એ દુઃખને બ્હાને પણ એ પ્રિયતમનું સ્મરણ થશે. આમ કરીને છાનું છાનું રોવાનું, મનમાં મુંઝાવાનું, હૈયું બાળવાનું ને એકલા દાંત કચડવાનું પણ અવશ્ય લાભકારક થશે.

ઉપાસનાના બે પ્રકાર.

(૧) પ્રતીક અને (૨) અહંગ્રહ.

પ્રતીક ઉપાસનામાં બહારના પદાર્થમાંથી પદાર્થદૃષ્ટિનો લોપ કરી ઈશ્વરદૃષ્ટિ કરવાની છે અહંગ્રહ ઉપાસનામાં આપણી અંદર જે અહંતા-મમતા કલ્પી રાખી છે તેનો અંત લાવીને છેદ છોડીને સર્વત્ર બ્રહ્મજ દેખવાનું છે. જો બહારની મૂર્તિનેજ સત્ય માને અને તેમાં ઈશ્વરની કલ્પના ન થઈ શકે, તો તે ઈશ્વરોપાસના નહિ પણ જડપૂજા (બૂત પરસ્તી) જ છે! એટલા માટેજ વ્યાસ ભગવાને, બ્રહ્મમીમાંસાના અધ્યાય ૪, પાદ ૧, સૂત્ર ૫ માં આજ્ઞા આપી છે કે

ब्रह्मदृष्टिरुत्कर्षात् ॥

અર્થાત્-પ્રતીકમાં બ્રહ્મદૃષ્ટિ કરાય તોજ ઉન્નતિ છે; માટે બ્રહ્મમાં પ્રતીક ભાવના ન કરો. અહંગ્રહ ઉપાસનાના સંબંધમાં એમ લખ્યું છે કેઃ-

आत्मेति तूपगच्छति ग्राहयन्ति च ॥ ब्रह्ममीमांसा ४ । १ । ३ ।

અર્થાતઃ-બ્રહ્મ એજ પોતાનો આત્મા, એમ વારંવાર ચિન્તન કર્યા કરો.

વેદનો આજ મત અને આજ ઉપદેશ છે. આ બન્ને પ્રકારની ઉપાસનામાં અભિપ્રાય અને લક્ષ્ય એકજ છે. ત્યારે એ લક્ષ્ય શું?

सर्वं खल्विदं ब्रह्म तज्जलानिति शान्त उपासीत । छान्दोग्य०

અર્થઃ—સર્વ બ્રહ્મમય છે; તેમાંથીજ સર્વની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય છે; માટે શાન્ત થઈ તેનીજ ઉપાસના કરવી, અર્થાત્ શાન્તચિત્તથી અંદર અને બહાર બ્રહ્મજ જોવું.

अथ खलु क्रतुमयः पुरुषः । छान्दोग्योपनिषद्.

અર્થઃ—માણસ પોતાની ઈચ્છાનો બનેલો છે; એટલે કે માણસ જેવા વિચાર અને ચિન્તન કરે છે તેવો તે પોતે અવશ્ય બની જાય છે. તો પછી બ્રહ્મ ચિન્તનજ કાં ન કરવું? એટલે કે પોતે પોતાને બ્રહ્મરૂપ કાં ન દેખવું? શ્રુતિનું વચન છે કેઃ-ब्रह्मविद् ब्रह्मैव भवति । બ્રહ્મને જાણે તે બ્રહ્મજ બને છે.

અહંગ્રહ અને પ્રતીક બન્ને પ્રકારની ઉપાસનામાં નામરૂપમય સંસારને ઉડાવી દેવાનો હેતુ છે; કાયમ રાખવાનો નહિ. જળ બ્રહ્મ છે, સ્થળ બ્રહ્મ છે, પવન બ્રહ્મ છે, આકાશ બ્રહ્મ છે, ગંગા બ્રહ્મ છે, ઈત્યાદિ પ્રતીક ઉપાસનાનાં રૂપદર્શન વાક્યોમાં જળ, સ્થળ, પવન, આકાશ આદિની સાથે બ્રહ્મને જોડી દેવાનું નથી; જેમકે "સર્પ કાળો છે." તેમાં સર્પ પણ છે ને કાળો રંગ પણ છે; પરંતુ અહીં તો હેતુ બાધ સમાનાધિકરણનો છે.(metaphysical view) દૃષ્ટાંતતરિકે કોઈ ભ્રાંતિવાળાને કહીએ કે આ સર્પ તો રજ્જુ છે; તેમાં રજ્જુ એ કાળા રંગની પેઠે સર્પની સાથે સમાન સત્તાવાળો નથી; એજ ભાવના છે. એજ પ્રમાણે સાચી ઉપાસના તો એ છે કે જળનું સ્વરૂપ દૃષ્ટિમાંજ ન રહે, સ્પંદરૂપ પવન પણ દૃષ્ટિમાં ન રહે, અને માત્ર બ્રહ્મસત્તાનુંજ ભાન રહે; પ્રતિમામાંથી પ્રતિમાપણું ઉડી જાય ને તેમાં ચૈતન્યસ્વરૂપ ભગવાનનીજ ઝાંખી થાય. જેમ કોઈ પ્રેમમત્ત થયેલને પોતાના પ્રેમપાત્રનું પત્ર મળે છે ત્યારે દૃષ્ટિમાં પ્રિયતમનું સ્વરૂપજ રમી રહે છે; એ વખતે પત્રદર્શન રહેતુંજ નથી. (ગોપીઓ ઉદ્ધવને કહે છે કે, આ પત્રિકા ક્યાં રાખવી? છાતીપર રાખીએ તો છાતી બળી જાય; આંખોપર મૂકીએ તો આંખો ભસ્મ થઈ જાય.) ઉપાસનામગ્ન પુરૂષમાં ઈંદ્રિયજ્ઞાન તો માત્ર નામનુંજ રહે છે. પ્રિયતમે ચુંટી ખણી, તો તેમાં ચુંટી વસ્તુતઃ કોઈ ચીજ નથી; પ્રિયતમજ વસ્તુરૂપ છે. એજ પ્રમાણે ઈંદ્રિયોના જ્ઞાનદ્વારા એકનાએક પ્રિયતમનુંજ ભિન્ન ભિન્ન સ્વરૂપ પ્રતીત થાય છે અને પ્રત્યેક ઈંદ્રિયજ્ઞાનમાં એનુંજ દર્શન પમાય છે.

* "આવ્યો પવન આ ઘુમઘુમક, લાવ્યો નિમંત્રણ શ્યામનું"

ભાઈ! સાચી ઉપાસના એનુંજ નામ છે કે, જેમાં જીવ તો શું પણ શરીરના પ્રત્યેક સ્નાયુ શાન્ત થઈ જાય ને નાડી માત્રનાં પરમાણું હલમલી રહે. એમ સ્વતઃ ન થાય તો આંખો મરડો, મોઢું મરડો, નાક મરડો, કાન મરડો, ગાઓ, બજાવો, નાચો, કૂદો એ સર્વ ચિત્રો કોઈ કુશળ ચિત્રકારનાં નિર્જીવ ચિત્રોજ માત્ર છે. પછી તે ચિત્રને અતિ સુન્દર કહો કે રવિવર્માનું કહો, પણ માત્ર એ નિર્જીવ ચિત્રથી શું લાભ ભલા?

શેતરંજની રમતમાં જેમ લાકડાની સોગઠીને બાદશાહ, વઝીર, હાથી, ઘોડા, ઉંટ ને પ્યાદા માનવાના છે, તેમ સાંસારિક પદાર્થોમાં બ્રહ્મબુદ્ધિ-સુખબુદ્ધિ દૃઢ કરવાની નથી. વિષયવાસનાને દૂર કરવાનું સાધન કાંઈ એ પ્રકારનો અધ્યારોપ (કલ્પનાશક્તિ) નથી; એ કાંઈ કલ્પનાશક્તિની ખીલવણી નથી. જલ બ્રહ્મ છે, આકાશ બ્રહ્મ છે, પ્રાણ બ્રહ્મ છે, અગ્નિ બ્રહ્મ છે, મન બ્રહ્મ છે, ઈત્યાદિ ઉપાસનાનાં "રૂપ" તો વિવેકપૂર્વક અવાસ્તુપણું દૂર કરી વસ્તુભાવને જમાવવા માટે છે. પદાર્થભાવ એ અવસ્તુ છે; બ્રહ્મભાવ એજ વસ્તુ છે; અને કદાપિ એ કલ્પના માત્ર હોય તોપણ એ એક એવી શ્રદ્ધાયુક્ત કલ્પના છે કે જેમ બાળક શિક્ષકના કહેવાથી પ્રથમ તો માત્ર શ્રદ્ધાથીજ ગુણાકાર ભાગાકારની રીત માન્ય કરીને ગુણાકાર વગેરે શીખે છે; અને ગુણાકાર ભાગાકારની રીત એમજ કેમ છે? એ વાત તો જ્યારે આગળ બીજગણિત (અંકગણિત) ભણે ત્યારેજ તેને સમજાય છે. શિક્ષકપર શ્રદ્ધા રાખવાને પરિણામે એ રીત પોતાની મેળેજ તેને સમજાઈ જાય છે અને પોતાનું દૃષ્ટાંત પોતેજ બને છે. આ સમાધાન એવા પ્રકારનું થાય છે કે તેના અનુભવ આગળ પ્રમાણ પરપ્રમાણ કે સંશયને અવકાશજ મળતો નથી. પણ ખબરદાર! ગુરૂની બતાવેલી રીતમાં કાંઈને બદલે કાંઈ ન સમજી બેસો, ને અવળે રસ્તે જતા ન રહો, તે પણ સંભારજો.

* ઘ્રાણેન્દ્રિયદ્વારા પવન આવ્યો ઘુમઘુમ, લાવ્યો સુગન્ધ શ્યામનો.

પ્રતિમા એટલે શું? જે વસ્તુથી બીજી કોઈ ચીજનું માપ કાઢી શકાય તેનું નામ પ્રતિમા. (Unit of measurement) તોળવાની વસ્તુ ચાર શેર હોય ને તેની સામે શેરનું [illegible] મૂકીએ એટલે તોળવાની ચીજ ચારગણી કહેવાય છે. તેમજ ચાર શેર ચીજની સામે [illegible] મૂકીએ તો તોલા કરતાં વસ્તુ [illegible]ગણી કહેવાશે. હિંદુધર્મમાં આ પ્રતિમા કે પ્રતીક તે [illegible] પ્રકારનું એક ઇશ્વરને તોળવાનું માપ છે. હિંદુધર્મમાં સૂર્ય ચન્દ્રરૂપી [illegible] પ્રતીકો પણ છે. એનાથી ઉતરતાં પ્રતીકો ગુરૂ, બ્રાહ્મણરૂપ, ગરૂડરૂપ, અશ્વત્થ, [illegible], [illegible] અને ક્રમશઃ કાળા પથ્થરની પ્રતિમાને પણ સ્થાપિત કરી છે; પરંતુ આ સર્વ [illegible] ન્હાના પ્રતીકો શું ઈશ્વરને તુચ્છ બનાવવા માટે હતાં? નહિજ. આવી ન્હાનામાં [illegible] ચીજને પણ પ્રતિમા બનાવવાનું રહસ્ય એજ હતું કે જ્યારે એ પથ્થરને પણ [illegible] [illegible] ત્યારે જ ઈશ્વર [illegible]-બ્રહ્મદૃષ્ટિનો સમુદ્ર રેલી રહે; અને પદાર્થ માત્ર તથા સમ[illegible] જગત બ્રહ્મરૂપજ પ્રતીત થાય; પણ જો એ ન્હાનો પથ્થરજ બ્રહ્મ છે, એટલોજ બ્રહ્મ છે [illegible] [illegible] છે. એમ માનીને મૂર્તિપૂજા કરાય તો કરનારની બુદ્ધિ પથ્થરરૂપ-જડજ બનવાની

પરાપૂજા.

[illegible] આકાર, નામ અને રૂપ આદિમાંથી દૃષ્ટિ વાળીને ચિત્તને એના આનંદ અને [illegible] [illegible] અને નામજ પરાપૂજા. ચિત્તવૃત્તિને પર યા શબ્દમાંથી તેના અર્થ [illegible] [illegible]-આ [illegible] દૃશ્યમાન પદાર્થોમાંથી ખેંચી લઈ બ્રહ્મમાં મગ્ન રહેતાં શીખ[illegible] [illegible] ઉપાસના છે. ત્યારે શું એ ઉપાસના કોઈ નિયત મૂર્તિદ્વારાજ સાધવી જોઈએ? [illegible] [illegible] વિદ્યાર્થીની કોપીબુક જેવીજ છે. કોપીબુકપર એકવાર તેનો હાથ જામે, [illegible] [illegible] શકે છે; તેમ બ્રહ્મદર્શનની રીત આવડી ગઈ એટલે પછી [illegible] [illegible] બ્રહ્મદર્શનજ થાય છે. પ્રતીક ઉપાસના ત્યારેજ સિદ્ધ અને સફળ [illegible] છે કે [illegible] [illegible] બ્રહ્મદર્શન પામતા શીખને, સમસ્ત વિશ્વ અમારૂં મંદિર [illegible], [illegible] [illegible] [illegible] અને પ્રત્યેક ક્રિયા ઈશ્વરની પૂજારૂપ બની જાય.

" [illegible] [illegible] તે તેની પ્રદક્ષિણા, ક્રિયા સર્વ તે પૂજા મનાય;
[illegible] [illegible] એક નામ આવું, દ્વૈતભાવ શમી જાય."

[illegible] [illegible] અને [illegible] ઉપાસના એનામાં જાગૃત થાય છે તેની અવસ્થાનું વર્ણન [illegible] [illegible] છે કે-

[illegible] सा दीक्षा यदश्नाति तद्धविर्यत्पिबति तदस्य सोमपानं यद्रमते तदुपसदो, यत्संचरत्युपविशत्युत्तिष्ठते च, स प्रवर्ग्यो यन्मुखं तदाहवनीयो या व्याहृतिराहुतिर्यदस्य विज्ञानं तज्जुहोति ॥

અર્થ—[illegible] [illegible] છે તે દીક્ષા છે; તે [illegible] છે તે હવિ છે; તે પીએ છે તે એનું [illegible] છે; તે [illegible] આનંદ [illegible] છે તે [illegible] વિધિ (એક આનંદ યજ્ઞ) છે; તે [illegible] [illegible], [illegible] છે તે [illegible] પ્રવર્ગ્ય (યજ્ઞની આરંભ ક્રિયા) છે; તેનું મુખ તેજ તે આહવનીય અગ્નિ (યજ્ઞનો એક [illegible] અગ્નિ) છે; તે જે [illegible] છે તે આહુતિ છે; અને તેનું જે વિજ્ઞાન (અનુભવસિદ્ધ જ્ઞાન) છે તે હવન છે.

[illegible] [illegible] [illegible] મુક્તિ, શક્તિ અને સુખ પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય તો તેની પ્રતિમા

ધાન "સોહમ્‌ત્વનો વિનાશ ને બ્રહ્મપ્રાપ્તિની ભૂમિ" એજ છે. એ દૃષ્ટિ શા માટે આવશ્યક છે? કારણ કે વસ્તુતઃ એજ પ્રમાણે છે કે,

ब्रह्म सत्यं जगन्मिथ्या ।

રેલ્વે, તાર અને બંદુક વગેરે પદાર્થો તો અગ્નિ, બાષ્પ અને વિદ્યુતશક્તિના નિયમાનુસાર બનાવેલાં. તેજ બનાવો પણ એ નિયમને સમજ્યા વિના અને તે પ્રમાણે વર્ત્યા વિના ઉપયોગ કરો તોપણ કશું વળતું નથી.

આ આધ્યાત્મિક નિયમ તે તત્ત્વજ્ઞાન (Science) ના સર્વ નિયમોનો મૂળ નિયમ છે એવું વેદમાં વર્ણન કર્યું છે. અમેરિકાના મહાત્મા એમર્સને તદ્દન પક્ષપાતરહિત અનુભવ-દ્વારથી જાહેર કર્યું છે કે કોઈ પરમેશ્વર હૃદયપૂર્વક પ્રીતિ રાખવી અથવા તો રીતે સુખડે અગર ભિખારીની પેઠે અન્યની પાસે પ્રીતિની યાચના કરવી એ પવિત્ર પ્રેમ નથી; પણ નીચ મોહ છે. જ્યારે તમે એ મોહ મમત્વ છોડી દેશો, અથવા અહંતા મટી દેશો અને જેમાં ન રહે "હું" કે ન રહે "તું" એવી ઉચ્ચ સ્વરૂપાવસ્થામાં ચાલી જશો; ત્યારે તો મારે આકાશને તમારી પાસે આવવુંજ પડશે; ને તરતજ તમે મને તમારા આંગણામાં જોશો. જ્યાં સુધી તમે તમારી દૃષ્ટિ અન્યની ઉપર રાખશો, અને તેની પાસેથી પ્રીતિ મેળવવાની ઈચ્છા કરશો, ત્યારે તમને તેના બદલામાં તિરસ્કાર ને અનાદર વિના બીજું કાંઈજ નહિ મળે. નહિજ મળે; એ યાદ રાખજો.

આહા! આમાં મતમતાંતરના ઝગડા કે વિવાદની શી આવશ્યકતા છે? હાથકંકણને આરસીની શી જરૂર છે? જો હૃદયરૂપી મુકુર મલિન ન હોય તો પોતાના ચિત્તની અવસ્થા અને તેના દુઃખ-સુખરૂપ ફળનો એકાન્તમાં શાન્તિપૂર્વક વિચાર કરવાનું શરૂ કરી દો. સત્ય કે અસત્ય એની મેળેજ ઉપર તરી આવશે. તમારી વિચારશક્તિ રોગગ્રસ્ત નહિ હોય તો તમે પોતેજ ન્યાય કરી શકશો કે ચિત્તમાં ત્યાગની અવસ્થા અને બ્રહ્માનન્દને જાગૃત કરવાથી ઐશ્વર્ય અને કૈવલ્ય, ભૂખ્યા બાળકની પેઠે તમારી તરફ દોડતાં આવે છે.

यथेह क्षुधिता बाला मातरं पर्युपासते ॥ છાન્દોગ્ય૦

જ્યારે આત્મામાં સત્ય અને શાન્તિરૂપી વિષ્ણુ વિરાજશે ત્યારે લક્ષ્મી પોતાના પતિની સેવા માટે તમારે દ્વારે એની મેળેજ આવી જશે.

પણ કોઈ એમ ફરીયાદ કરે છે કે ભક્તિ અને ધર્મપરાયણ જીવન ગાળતાં છતાં પણ દુઃખ અને દરિદ્રતા અમને સતાવે છે; અને સર્વત્ર અધર્મીનોજ જય થાય છે! પણ એ ગરીબ બિચારાં દુઃખી પ્રાણી, કાર્ય અને કારણનો સિદ્ધાંત સમજતાં નથી. એઓ નિર્ણય કરવામાં અન્વય વ્યતિરેકનું જ્ઞાન નથી ગણતાં તેમને તો ધર્મ અને ભક્તિ શું છે તેનીજ ખબર નથી. સ્વાર્થ, ઈર્ષ્યા અને દેહાભિમાનને તો તેઓએ હજી છોડયાંજ હોતાં નથી, કે જેને ત્યાગ્યાપછીજ તેઓ ધર્માત્મા બની શકત. એ સિદ્ધાંતને સમજવામાં ભૂલ થવાથીજ તેઓ કહે છે કે અમે તો ધર્મ પાળતા છતાં પણ દુઃખમાં મરીએ છીએ. શું તેમનું આ કથન સત્ય છે? નહિજ. જો ધર્માત્મા તેમણે સેવ્યું હોત તો આવાં સ્વાર્થ અને ઈર્ષ્યાનાં વાક્યો બોલવાની ફરીયાદ તેઓ ન કરત. જેનાથી અહંકાર અને અભિમાનની વૃદ્ધિ થાય છે એવાં જ્ઞાન અને ભજનનો ધર્મમાં સમાવેશજ થતો નથી. તેઓના દુઃખનું કારણ જોઈએ. તો એજ છે કે તેમની

ચિત્તવૃત્તિ ભલે કે અજાણે તેટલો સમય આત્માકાર રહી હશે. એમનાં પાપકર્મનું પરિણામ શોધશો તો તે મહા ક્લેશજ હશે; પરંતુ દુઃખમાં સુખબુદ્ધિને લીધે તેની પણ તેમને ખબર નહિ હોય.

તમારાપર કોઈએ વ્યર્થ અત્યાચાર ગુજાર્યો હોય તો અહંકાર અને પક્ષપાતરહિત બની તમે તમારો પોતાનોજ આગળ પાછળનો હિસાબ તપાસો. તમને ફટકો એ માટે પડ્યો હતો કે તમે અયુક્ત રજોગુણમાં દિલ પરોવ્યું હશે; આત્મ-સન્મુખ નહિ રહ્યા હો; રાજાના નિયમનો ભંગ કર્યો હશે; મનને બ્રહ્માકાર ન રાખવાથી આ સજા મળી. તમે એ શત્રુની સાથે લડીને વેર વાળવા તૈયાર થાઓ છો; પણ જરા ભાન રાખો કે પોતાની પહેલી ભૂલજ ચોગણી, પાંચગણી ન બની જાય. આવા પ્રકારની અનેકવિધ ક્રિયાઓથી જગતના અસત્યરૂપ પદાર્થોને તમે સત્ય બનાવો છો ને બ્રહ્મને મિથ્યા માનો છો.

બાપુ! હઠ કરીને બેસો તો ખરા કે અડદના લોટની પેઠે મૂકીએ મૂકીએ ગુંદાશો, ને પરિણામે પળે પળે પીડાશો. લોકો પ્રાયઃ અન્યના દોષ કહે છે ને પોતે નિર્દોષ બનવા જાય છે. અલબત્ત તમે પોતે પ્રત્યગાત્મરૂપ બિલકુલ નિષ્કલંક છો. તમારા સ્વરૂપને ભલે આત્મદેવ માન્યા કરો; પરંતુ આત્માની શરીર, મન અને બુદ્ધિમાં તાદાત્મ્યતા કરવી અને તેમ છતાં દેખાવું નિષ્પાપ, એજ સર્વ પાપોની જડરૂપ ઘોર પાપ છે. શું એ પાપરૂપ મહાશત્રુ વિશ્વના અટલ નિયમને અનુસરીને તમને સત્ય સ્વરૂપ આત્માથી વિમુખ રહેવા બદલ રડાવ્યા વિના રહેશે? તમારા એ વૈરીની વહારે એ વિશ્વનિયમ નહિ ચડે? એ ત્ર્યમ્બકની આંખોમાં કોઈ પણ ધૂળ નાંખી શકે તેમ નથી. એ ઈશ્વરના નિયમમાં હાથ નાખનાર તમે કોણ માત્ર? બીજાની તને શું આવી પડી છે? તું તારૂંજ તપાસી જો. બદલો લેવાનો વિચાર તો શ્રદ્ધાહીન નાસ્તિકતા છે.

અરે પ્યારા! પ્રિય આત્મન્! દ્વેષાતુર મૂર્ખ! બીજાને ચણા ચવરાવવા ધારે છે, ને બ્રહ્મધ્યાનરૂપી ખીરખાંડ તો તુંજ ખાશે! બ્રહ્મ સત્ છે. તે બ્રહ્મ ભૂલી જવું તેજ દુઃખની ખાણ છે. જે તમારી અંદર છે તેજ અન્યમાં છે.

यदेवेह तदमुत्र यदमुत्र तदन्विह ॥ કઠોપનિષદ્.

જ્યારે તમે તમારા અંતરાત્મા સાથે બગાડો છો, ત્યારેજ જગત તમારી સાથે બગાડે છે, તમે એ અન્તર્યામી તરફ વળશો ત્યારે તો જગતરૂપી સંગ્રહસ્થાનમાં એક અણુની પણ શું શક્તિ છે કે ચૂં ચાં કરે?

योमनसि तिष्ठन्मनसोऽन्तरो, यं मनो न वेद, यस्य मनःशरीरं,
यो मनोऽन्तरो यमयत्येष त आत्मान्तर्याम्यमृतः ॥

દિલની દગાબાજી છોડીને સીધા બનશો તો તો તમારા ભૂત, વર્તમાન અને ભવિષ્ય ત્રણે કાળ સરળ બની જશે.

પ્યારા! એક હૃષ્ટપુષ્ટ મનુષ્યને બગીચામાં બેસીને જતો જોઈને તમે કહેશો કે એની મોટાઈ, એનું આરોગ્યસુખ ગાડીઘોડામાં ફરવાથી પ્રાપ્ત થયું હશે; પણ વસ્તુતઃ તેમ નથી. એ આરોગ્યનું કારણ આ હમુકનાં ઘોડા નથી. એ શરીર તો અન્નપાચનથી ફાલ્યું છે. એજ પ્રમાણે જ્યાં જ્યાં ઐશ્વર્ય અથવા સૌભાગ્ય પ્રતીત થાય છે તેનું કારણ કોઈની ચાલાકી કે બાહોશી નથી. સોગન દઈને પૂછશો તો માલૂમ પડશે કે જેટલી હદમાં એ ચાલાકી અને ફરેબબાજીનો ઉપયોગ થયો હશે તેટલા પ્રમાણમાં તેને અવશ્યમેવ હાનિજ

થઈ હશે. આનંદ અને સુખનું કારણ તો જ્ઞાનથી કે અજ્ઞાનથી ચિત્તને બ્રહ્મભાવમાં આરોપિત કરવાનુંજ હોય છે. એ મનુષ્યને અન્ન ખાતાં તમે નથી જોયો અને એ પોતે પણ એ વાતને ભૂલી ગયો હોય તેથી પણ શું? (બાળક ઘણીવાર રાત્રિએ દૂધ પીએ છે ને સવારમાં ભૂલી જાય છે,) પણ ભાઈ! તેલ તો તલમાંથીજ નીકળે. સુખ અને આનંદ, આત્માકારવૃત્તિવિના બીજા કશામાંથી આવતાંજ નથી.

यदा चर्मवदाकाशं वेष्टयिष्यन्ति मानवाः ।
तदा देवमविज्ञाय दुःखस्यान्तो भविष्यति ॥

જો લોકો ચામડાની પેઠે આકાશને સંકેલી શકે તોજ દેવને જાણ્યા વિના દુઃખનો અંત આવે.

દૃષ્ટાંત, પ્રમાણ, અનુમાન અને દલીલ વગેરેથી પણ એ વાત સિદ્ધજ છે; પણ હું અત્યારે યુક્તિપ્રયુક્તિનો ઉપયોગ નથી કરતો, માત્ર સરલ ને સાદી વાતજ કહું છું.

આ તમે છો ને આ તમારૂં જગત છે. જ્યારે તમારા ચિત્તમાં જગતના સંબંધીઓની તુલના ઈશ્વરભાવ કરતાં અધિક થઈ જાય છે; જ્યારે "હું" અને "મારૂં" એ ભાવ ચિત્તમાં શાન્તિ અને ત્યાગને નીચે દબાવી દે છે; અને જેટલા પ્રમાણમાં "ब्रह्म सत्यं जगन्मिथ्या" રૂપી સત્યની આચરણમાં ઉપેક્ષા કરીએ છીએ; તેટલાજ પ્રમાણમાં દુઃખ, કલેશ અને ખેદ ઈત્યાદિ આવરણ આવી પડે છે, ને તમને કૂપમાં ફેંકી દે છે. વનસ્પતિશાસ્ત્ર (Botany) કે રસાયન શાસ્ત્ર (Chemistry) ના સિદ્ધાંતની પેઠે આ સિદ્ધાંત પણ આત્મપરીક્ષા ને આત્મવિચાર (observation and experiment) થી સિદ્ધ છે.

જગતમાં રોગ એક છે અને ઓસડ પણ એક છે. ચિત્તથી અથવા ક્રિયાથી બ્રહ્મને મિથ્યા અને જગતને સત્ય માનવું એવી એકજ વિપરીત વૃત્તિ ભિન્ન ભિન્ન પ્રકારે દુઃખને આપનારી થાય છે. એ પ્રત્યેક વિપત્તિનું ઔષધ શરીર આદિને "છે નહિ" માનીને બ્રહ્માગ્નિમાં જ્વાળારૂપ બની જવું તેજ છે.

લોક સામાન્યતઃ એમ કહે છે કે, જગતના કોઈ પણ પદાર્થ કે પ્રાણીમાં પ્રેમ કરીએ છીએ તો બદલો મળે છે, પણ પરમેશ્વરમાં પ્રેમ સમર્પણ કરવો એતો હવાના બાચકા છે; તેમાં કાંઈ વળતું નથી. પરન્તુ આ વિચાર ભ્રમણા માત્ર છે. પરમેશ્વર પ્રતિના પ્રેમમાં અમારૂં હૃદય વિહ્વળ થતાંજ તે હૃદય આર્દ્ર બની દ્રવવા માંડે છે અને સુખરૂપી બદલો સત્વરજ મળે છે; ધ્વનિનો પ્રતિધ્વનિ તુરતજ સંભળાય છે. બલ્કે જગતના પ્રેમીઓ પાસેથી પણ પ્રેમનો બદલો ત્યારેજ મળે છે કે જ્યારે એ પ્રેમમાંથી નિરાશ બનીને અમે અમારૂં હૃદય ઈશ્વરભાવ પ્રતિ વાળીએ છીએ.

કોઈએ આવીને કહ્યું કે, લોક તમારે માટે આમ બોલે છે; કોઈએ કહ્યું કે કોઈ તેમ બોલે છે; કોઈ ઉપર કોઈ ગુસ્સે થયો છે; કચેરીમાં અમુક કેસ આવી પડ્યો છે; અમુક રોગ ક્યાંથી નીકળ્યો છે; અમુક સ્થળે આગ લાગી છે; પરંતુ અરે ભોળા મનુષ્ય! તું આવી વાતોથી તારી વાતમાં અંતરાય ન પડવા દે. જગતરૂપી રેંટીઆમાં મનરૂપી ત્રાકને સીધી રાખ, નહિ તો જરૂર કોકડું ગુંચાશે, ને તાંતણો તૂટશે. તું એમાં ન ફસ. કોઈનું કાંઈએ ન માન. બ્રહ્મ વિના બીજું કશું કદી થયુંજ નથી. ચિત્તમાં ત્યાગ અને બ્રહ્માનંદ ભરી તો જો? પછી ભલી ભલાવો આંખ મીંચી ઉપાસનામાં સાત સમુદ્રની પાર ન પહોંચી જાવ તો લેખકને સમુદ્રમાં ફેંકી દેજો.

એક બાળક બીજા બાળકને એવું કહી બ્હીવરાવતો હતો કે, "આજ તને તારો બાપ એવો મારશે કે તું ઉમ્મરભર યાદ રાખીશ."

બીજા બાળકે શાન્તિથી જવાબ દીધો:—

"મારો બાપ મને મારશે તો મારા ભલાને માટેજ મારશે; તેમાં તારૂં શું ગયું?"

આ બાળકના જેવોજ વિશ્વાસ પ્રભુમાં હોવો જોઈએ. ભયંકર-ભયાનક ભાવીથી ભય પામીને બગલાની પેઠે ગરદન ઝુકાવી ગભરાઈ જઈ હાય હાય શા માટે કરવી? આનન્દથી બેસ મારા દોસ્ત! ત્યાં બીજું કોઈજ નથી; તારોજ પરમપિતા આત્મદેવ છે. તે તને મારશે તો પણ ભલાનેજ માટે. જો તું તેની ઇચ્છાનુસાર આચરણ શરૂ કરી દે તો તે શું દિવાનો છે કે તને મારયાજ કરે?

એકાગ્રતામાં વિઘ્ન.

વિઘ્ન પહેલું-મિથ્યાસત્તામાં વિશ્વાસ.

જ્યાં સુધી સંસારના પદાર્થોમાં કારણત્વ સત્તાનું ભાન થયા કરે અથવા તો જ્યાં સુધી ઇશ્વરજ પ્રત્યેક વાતનું કારણ પતીત ન થાય ત્યાં સુધી તો પરમેશ્વરમાં સ્વાર્પણ કરવાનો આનંદ નથીજ આવતો.

स यथा दुन्दुभेर्हन्यमानस्य न बाह्यांछब्दांछक्नुयाद्ग्रहणाय दुन्दुभेस्तु ग्रहणेन दुन्दुभ्याघातस्य वा शब्दो गृहीतः ॥

स यथा शङ्खस्य ध्मायमानस्य न बाह्यांछब्दां छक्नुयाद् ग्रहणाय शङ्खस्य तु ग्रहणेन शङ्खध्मस्य वा शब्दो गृहीतः ॥

स यथा वीणायै वाद्यमानायै बाह्यांछब्दां छक्नुयाद् ग्रहणाय वीणायै तु ग्रहणेन वीणावादस्य वा शब्दो गृहीतः ॥

वृहदारण्यक उप० अ. २, ब्रा. ४, मं. ७, ८, ९.

ઢોલ, મૃદંગ, શંખ, વીણા, હારમોનિયમ આદિ વાજીંત્રપર કાબૂ મેળવવાથી એનો અવાજ સ્વતઃજ પકડી શકાય છે; એવીજ રીતે જો અમે પરમાત્મદેવનું મૂળ પાકે હાથે પકડીએ તો સમસ્ત સંસારની કાર્યકારણશક્તિ સ્વતઃ અમારે અધીન બની જશે.

કોઈ મ્હોટા માણસની સાથેના સંબંધમાં આપણી આશાપૂર્તિના કારણમાં તેનાં વિદ્યા, બલ, ધન, માલ મકાનનેજ હેતુ બનાવી આત્મદૃષ્ટિનો અનાદર કરીએ તો દુઃખપ્રાપ્તિજ થવાની.

કહેવાય છે કે જ્યારે કૃષ્ણજી ગોપિકાઓનાં દૂધ માખણ ચોરી ખાતા હતા ત્યારે તેમાંથી થોડું થોડું તેમના વાડામાં બાંધેલાં વાછરડાંનાં મોંપર ચોપડતા હતા. ઘરનાં મનુષ્યો બિચારાં પોતાનાં વાછરડાંનેજ ચોર સમજી મારપીટ કરતાં હતાં; ને નુકસાન આખરે તેમનેજ વેઠવું પડતું હતું. વ્હાલા! સૌ વાતનું મૂળ કારણ તો માત્ર ભગવાનજ છે, ને બિચારાં વાછરડાં તો મિથ્યાજ કારણરૂપે મનાય છે. ગરીબ કંગાલ દીવાળીઆઓનાં નામ તો લક્ષ્મીધર, ધનરાજ, રણછોડરાય વગેરે હોય છેજ; પણ તેથી શું?

શા માટે માર ખાતા ખાતા આ સંસારચક્રમાં ફરો છો? એ કંઈ ખરી વસ્તુ નથી. છોકરી કુમારી હોય છે ત્યાં સુધીજ ઢીંગલા ઢીંગલીના વિવાહ કરી આનંદ લૂંટે છે. કારણોના કારણરૂપ પરબ્રહ્મ પામી શકાય તેમ છે તો પછી મિથ્યા અવાસ્તવિક કારણોમાં શા માટે ગુંચાઈ રહી દુઃખી થવું?

ગીત અથવા વાંસળી સાંભળીએ છીએ તેમાં પ્હેલાં એક સૂર સાંભળીએ છીએ; તરતજ બીજો સંભળાય છે; બીજો ત્રીજાને ઉત્પન્ન કરે છે; એ શબ્દો અને સૂરોના પરસ્પર સંબંધ અથવા કાર્યકારણભાવપર આધાર રાખે તો લોકો ભૂલ કરે છે; કેમકે મૂળ કારણ તો ગાવા-વાળો બંસીધરજ છે.

એક ઉંચું મકાન છે. તેના છેક ઉપરના ભાગને એનાથી નીચેના ભાગનો આશ્રય છે, એને એનાથી નીચેના ભાગનો આશ્રય છે. આમ જોતાં જોતાં નીચેનું સૌથી નીચેનું આખા મકાનનો આશ્રય છે. આવાજ કાર્યકારણમાં સૌ બિચારા ભૂલથાપ ખાય છે. આ સર્વ ભાગનું જીવન્ત કારણ તો મકાન બનાવનાર છે.

સાંસારિક કારણોમાં આશાભરી આંખથી જોવું એ તો સમુદ્રમાં ડૂબતા મનુષ્યને તણખલાની સહાયથી આશા આપવા જેવું છે. કદાચ્યાજ કૃષ્ણચંદ્રે સુદર્શન ન ઉઠાવ્યું ને પોતાની પ્રતિજ્ઞા પાળવા રથનું પૈડું ઉઠાવી સામે ધર્યું એટલે વૃદ્ધ ભીષ્મને પણ હસવું આવ્યું. જો જો એવું હવે પણ ફરી ન થાય. ચર્મચક્ષુથી દ્રષ્ટિગોચર થતાં કારણ, આશ્રય અને સહાયમાં વિશ્વાસ રાખવો એ તો એવા અનુચિત ચક્રને ઉપાડવા જેવું છે. એનાથી શું વળશે? તમે તમારા મૂળ સ્વરૂપને તો યાદ કરો! આંખ ઉઘાડી તપાસો કે કેવા ચક્રમાં ફસ્યા છો? જરા અસલી સુદર્શન પ્રતિ દ્રષ્ટિ તો કરો! તમારા ભયથી સૂર્ય કંપે છે. તમારા ચાબુકથીજ મોત નાસતું ફરે છે.

भीषास्माद्वातः पवते । भीषोदेति सूर्यः ।
भीषास्मादग्निश्चेन्द्रश्च । मृत्युर्धावति पञ्चम इति ॥ तैत्तરીય ઉપ.

એના ભયથીજ વાયુ વાય છે; સૂર્ય ઉદય પામે છે; અગ્નિ, ઈંદ્ર અને પાંચમો અગ્નિ એ સર્વ એનાજ ભયથી ધાવન કરે છે.

અરે વ્હાલાંઓ! વિષયવશ રહેવું એ તો પરાધીનતામાં મરવાનું છે. આવું વિવશ જીવવું એ તો શરીરને કબર બનાવી તેમાં મુર્દાની માફક સડવાનું છે.

निर्ममो निरहंकारः બનવાથીજ દીપકના પ્રકાશની પેઠે આત્મ જ્યોતિ શરીરમાં સર્વત્ર ઝગમગી રહે છે. જે કાર્યમાં ઉપરનાં લક્ષણ દેખી અનુમાનના આશ્રયથી આશાપાશમાં મન ફસી જાય એ કદાપિ કાર્ય ન કહેવાય. અને જેને અનુમાન અને લક્ષણ માની બેઠા છો, તેજ તમને સંસારમાં-બંધનમાં નાંખે છે. માછલી માંસના લોભે જાળમાં ફસે છે; તેમ તમે એ ઉપરનાં લક્ષણોના મોહમાં પડી સંસારમાં ફસો છો. જ્યારે આ બહારનાં કારણોને અંતઃકરણમાં રાખ્યા વિના સ્વાર્થાંશનો ત્યાગ કરી માત્ર આવી ભાવનાથીજ હરકોઈ કાર્ય કરાય કે, "હે રામ, આ તમારૂં કામ છે તેથીજ હું તે મારૂં સમજું છું. જે તમારી મરજી તેજ મારી મરજી. કાર્ય બને કે ન બને તોપણ મને કાંઈ હાનિ લાભ નથી. મારો આનંદ તો કેવળ તમારી સાથે અભેદ રહેવામાં છે. કાર્યને સુધારો ને પાર પાડો તો વાહ વાહ, ને બગાડો તો પણ વાહ વાહ!" જ્યારે શુદ્ધ અંતઃકરણથી આ ભાવના અને દ્દષ્ટિ સિદ્ધ થાય તો પછી પ્રકૃતિનો કોઈ નિયમ એવો નથી કે જે તમારે અધીન ન બની જાય. સર્વ તત્ત્વો તમારાં ગુલામ બનીને રહે. શું કરી રામના કામમાં વિઘ્ન આવી શકે છે. ભલા! ભગવદ્ગીતામાં જે શ્લોક ગીતાને બે ભાગમાં વ્હેંચી નાંખે છે તે આ છેઃ—

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥ अ. ९ श्लो. २२

અર્થઃ—જે જનો અનન્ય ભાવે મારૂંજ ચિન્તન કરતાં સર્વ પ્રકારે મનેજ ભજે છે તે નિત્યયુક્ત (નિરંતર મારે વિષેજ ચિત્તને ચોંટાડનાર) નાં યોગ (જોઈતા પદાર્થો પ્રાપ્ત કરાવવા તે) અને ક્ષેમ (પ્રાપ્તિની રક્ષા કરવી તે) ને હુંજ વહન કરૂં છું.

અગ્નિની જ્વાળા કદાચ ઉપરથી નીચે આવે, ને સૂર્ય કદાપિ પશ્ચિમમાં ઉગીને પૂર્વમાં અસ્ત પામવા માંડે; તોપણ ભગવાન શ્રીકૃષ્ણનું અભયવચન કદી અસત્ય નીવડે તેમ નથી.

મિત્ર! મનુષ્ય જન્મ પ્રાપ્ત થવા છતાં પણ હેરાન થવું ને શોકાતુર પડયા રહેવું એ તો અત્યંત લજ્જાની વાત છે. શોક અને ચિંતામાં તો તેઓ રહે કે જેનાં માબાપ મરી ગયાં હોય! દોસ્ત! તમારો રામ તો સદા જીવન્ત છે; તો પછી ચિન્તા શાની? જરા ગમ્મત તો જુઓ! છોડી દો શરીરની ચિન્તાને; ન રાખો કોઈની આશા; દૂર ફેંકો વાસના અને કામનાને; એક આત્મદષ્ટિજ રાખો એટલે તેત્રીશ કરોડ દેવતા પણ તમારે માટે લોઢાના ચણા ચાવશે.

सर्वाण्येनं भूतान्यभिरक्षान्ति । बृह. ઉપ. પ્રાણી માત્ર તેને નમન કરે છે.
सर्वेऽस्मै देवा बलिमावहन्ति । તૈત. ઉપ. સર્વ દેવતા તેનેજ માટે બલિ લાવે છે.

नपश्यो मत्युं पश्यति न रोगं नोत दुःखताम् ।
सर्वं ह पश्यःपश्यति सर्वमाप्नोति सर्वश इति ॥ છાંદો. ઉપ.

જે એમ દેખે છે તે મૃત્યુ, રોગ કે દુઃખને દેખતો નથી; જે એમ દેખે છે તેજ પ્રત્યેક વસ્તુ દેખે છે અને સર્વ પ્રકારે સર્વ વસ્તુ પ્રાપ્ત કરે છે.

કોઈ સંદિગ્ધ શબ્દોમાં તો વેદે કદી કાંઈ કહ્યુંજ નથી. જ્યારે સર્વાત્મદષ્ટિ પ્રાપ્ત થાય છે ત્યારે રોગ, દુઃખ, મૃત્યુ કદી પાસે આવતાંજ નથી. આત્માને જાણવાથી શું નથી જાણી શકાતું? પ્રત્યેક પ્રકારના પદાર્થ તેને જાણવાથી પ્રાપ્ત થાય છે.

વિઘ્ન બીજું–દ્વેષદષ્ટિ.

ચિત્ત આનંદધામમાં જવા માંડે છે, તો વૈરી અને વિરોધી સ્વભાવરૂપી વિચારો વાટપાડુ બનીને તેને બીજી તરફ ઘસડી જાય છે.

યૂરોપમાં એક અતિ નિપુણ માનસશાસ્ત્રી હમ્મેશાં પોતાના સહવાસમાં આવનારા મનુષ્યોની નિંદાતુલ્ય ચર્ચાજ કર્યા કરતો હતો. એને પૂછ્યું કે; "આપ, આવી શું ફર્યાદ કર્યા કરો છો?" "નહિ, એ ફર્યાદ નથી; હું એ સર્વના ચિત્તની આધ્યાત્મિક સ્થિતિનો વિચાર કરૂં છું. I Study the psychology of their minds" એમ તેણે ઉત્તર આપ્યો.

અમે પણ દુનિયામાં આવુંજ કરીએ છીએ. દ્વેષદષ્ટિ (દુષ્ટ ભાવ) ને કાંઈ એવુંજ બીજું ઉત્તમ નામ આપી, આંખોપર પડદો નાંખી, એ સર્પિણીને છાતી સરસી ચાંપીને ફરીએ છીએ.

પછી એ ડૉકટર સાહેબને કહ્યું; "ડૉકટર સાહેબ, સંબંધમાં આવનારાઓની આધ્યાત્મિક દશાની સાથે સાથે આપણી પોતાની સ્થિતિનો પણ વિચાર કરવો જોઈએ. શાથી કે સહવાસી જો અશુદ્ધ અંતઃકરણનો હોય તો આપની આધ્યાત્મિક સ્થિતિ પણ શું તદ્દન દૂષણ રહિત રહી શકી છે?" ડૉકટર સાહેબ સત્યપ્રિય હતા. થોડી વાર શાંત રહી વિચાર કરીને એવો ઉત્તર આપ્યો:—

સ્વામીજી, તમારૂં કહેવું તદ્દન વાસ્તવિક છે. વસ્તુતઃ જેવું આપણું ચિત્ત હોય છે તેવાજ

ચિત્ત અને સ્વભાવવાળા મનુષ્યો આપણી પાસે ખેંચાઈ આવે છે. અન્યની ભલાઈ બુરાઈનું ચિન્તવન કર્યો કરવાથી તેનો કદી નીવેડો આવતો નથી, તો હું એમના દોષ શા માટે જોઉં ? સૌના મનનું મન તો હુંજ છું; સર્વ ચિત્તોનું ચિત્ત પણ હુંજ છું. અંદર એવી એકતા છે કે મારી જાતને શુદ્ધ કરવાથી સર્વત્ર શુદ્ધિ અને સરળતાજ દૃષ્ટિગોચર થશે. પોતાને બ્રહ્મમય બનાવવાનો જે સમીપસ્થ ઉપાય છે, તેને અમે અજમાવતા નથી ને દૂરની વ્યવસ્થા (બીજાને સુધારવાની ઈચ્છા) કરવા દોડીએ છીએ; એમાં નથી એમનું થતું કે નથી અમારૂં થતું. ગંગાને તૃણ ખેંચી જવામાં જેટલી વાર લાગે છે, અને સૂર્યને અંધકાર દૂર કરતાં જેટલો સમય લાગે છે, એટલોજ સમય જ્યારે સાંસારિક દૃષ્ટિથી પ્રતીત થતા વૈરી, વિરોધી અને નિન્દક લોકોને ક્ષમા કરવામાં લાગે, ત્યારેજ ઈશ્વરદર્શન થાય.

જ્યાં સુધી સર્વ પદાર્થોમાં પ્રભુ-દર્શનરૂપ સમાધિ થઈ નથી ત્યાં સુધી યથાર્થ અંતર સમાધિ પણ ક્યાંથી થશે ? જ્યાં સુધી વિષમ દૃષ્ટિ રહે છે ત્યાં સુધી યોગસમાધિ કે ધ્યાન તો શું પરંતુ ધારણા પણ પ્રાપ્ત થવી અસંભવિત છે. સમદૃષ્ટિ તો ત્યારે પ્રાપ્ત થાય કે જ્યારે લોકોમાંથી ભલાઈ બુરાઈની ભાવના નષ્ટ થાય. જ્યારે લોકસમાજમાંથી ભેદભાવના જતી રહે, મનુષ્યમાત્રને બ્રહ્મથી ભિન્ન માનીને તેમને સારા નરસા સમજી લીધા છે તે ભેદ વિસરી જવાય, ત્યારેજ એ અજ્ઞાનતીમિર ટળે. જેવી રીતે સમુદ્રના નાના મોટા, ઉંચા નીચા, સીધા વાંકા તરંગોની સત્તા સમુદ્રથી ભિન્ન નથી; તેવીજ રીતે બ્રહ્મરૂપી સમુદ્રમાં ઉંચી નીચી કોટિના મનુષ્યોરૂપી તરંગો નાચી રહ્યા છે એમ માનવાનું છે. પ્રાણીઓમાંથી અમારી જીવદૃષ્ટિ શમી જાય અને સકલસમાજને બ્રહ્મરૂપી લહરીસમૂહજ માનીએ, ત્યારેજ રાગદ્વેષનો અગ્નિ બૂઝે; છાતીમાં ટંડક થાય; અને હૃદયમાં નિઃસીમ શાન્તિ વ્યાપે. જે લહરી બહુ ઉંચે ઉછળે છે તે અવશ્ય નીચે પડવાની છે. એવીજ રીતે જે પુરૂષમાં મિથ્યાત્વ ઉછળી રહ્યું છે તે અવશ્યમેવ દુઃખ પામવાનો છે. તરંગોની ગમે તેટલી ઉંચી નીચી સ્થિતિ હોય તોપણ તે સમુદ્રની તો અપઠીજ કહેવાય છે; તેવીજ રીતે મનુષ્યો કર્મ અને ફળનો ભોગ ભોગવતા હોવા છતાં પણ બ્રહ્મરૂપી સમુદ્રની સમતામાં ભંગ કે વિક્ષેપ થતો નથી. આ સંસાર તેમાંના મનુષ્યોરૂપી તરંગો સાથે કુદનાર પેરાનાર માટેજ આનંદદાયક છે. જે તેમાં ભીજાઈને ડૂબી જાય તેને માટે તો તે દુઃખદાયકજ છે. એ માનવરૂપ તરંગોમાં સમુદ્રદૃષ્ટિ પ્રાપ્ત થવાથી સમાધિ પ્રાપ્ત થાય છે.

વિપ્ર ચીવ્યું-સ્વાર્થ; ૩૫૨.

ઉપાસનાનું ખરૂં રહસ્ય સમર્પણ અને આત્મદાન છે. સ્વાર્પણ વિનાની કેવળ ઉપાસના નિષ્ફળ અને પ્રભુરહિત છે. ભાઈ સાચું પૂછો તો જ્યાં સુધી તમે તમારો અહંભાવ અને મમતા પ્રભુને સ્વાધીન નહિ કરો, ત્યાં સુધી તે તમારાથી સેંકડો ગાઉ દૂરજ નાસતો ફરશે. જુઓ પ્રભુભક્તિ હૃદયવાળા સુરદાસે, વરદાન બાગાની પેઠે કેવા જોરથી સત્ય ગાયું છે !–

" છિન તેરો ગોવિંદ નામ ધરો;
દીન દેનોં તુમ હિતકારી સો તેં કેમ ન સરો; છિન૦
વિપ્ર સુદામા કિયો અજાચી તંદુલ ભેટ ધરો;
દ્રુપદ સુતાકી તુમ પતી રાખી અંબર દાન કરો. છિન૦
ગજકે ફંદ છુડાયે ભગવાન પુષ્પ લે હાથ પાવે;
સુરકી બેરે નિઠુર હૈ બૈઠે કાનન મુંદ ધરો. છિન૦

ભજન કીર્તન (ઉપાસના)થી કાંઈ ફળ પ્રાપ્ત થાય છે કે નહિ, એવી પરીક્ષા કરવા ઈચ્છો તો યાદ રાખજો કે એવી પરીક્ષા અસંભવિત છે. પરીક્ષા માટેનું જે ભજન, તે ઉપાસના નથી. નિષ્કપટ ભજન તો એજ કહેવાય કે જેમાં અગ્નિમાં આહુતિની પેઠે ફલ અને ફલની ઈચ્છા રાખનાર બન્ને પરમેશ્વરમાંજ સમર્પણ થાય.

યહ બિનતી રઘુબીર ગુંસાઈં,
ઔર આશ વિશ્વાસ ભરોસો હરો જીવ જડતાઈ; યહ૦
ચાહું ન સુગતિ, સુમતિ, સંપતિ, કછુ ઋદ્ધિ સિદ્ધિ બિપુલ બડાઈ, યહ૦
હેતુરહિત અનુરાગ રામપદ બઢે અનુદિન અધિકાઈ. યહ૦

કોઈ કહેશે કે આહુતિ બનવામાં શું સ્વાદ? પણ અરે એ પ્રશ્ન પૂછનારને સ્વાદ (આનંદ) ખરું સ્વરૂપજ વિદિત નથી. અહંભાવના વિનાશનું નામજ સ્વાદ-આનંદ છે.

બાળક જ્યારે પોતાના ન્હાનાશા કલેવરને, ભોળાભાળા મનને, માના ખોળામાં ફેંકી દે છે, સમયે પૃથ્વીમાં તેને બીજો કયો આનન્દ શેષ રહે છે? બીજી કઈ ચિન્તા રહી? વીજળી પડે, વર્ષા વરસે, ભૂકમ્પ થાય, તોયે એનો તો વાળ પણ વાંકો થવાનો નહિ. કેવી નિર્ભયતા! કેવી મીઠી ઊંઘ!

વિઘ્ન ચોથું—પ્રકૃતિનિયમભંગ.

જ્યાં સુધી તમારી શરીરની ક્રિયા ઉપાસનારૂપ ન થાય ત્યાં સુધી તમારી ઉપરની ભજન તે દેખાવમાત્રજ છે; ખાલી મન જ મનાવવાનું છે. ક્રિયારૂપ ઉપાસનાનો અર્થ એ છે, જેથી ખાવાપીવામાં, સૂવા-ઊઠવામાં ને વ્યાયામ આદિ પ્રત્યેક વ્યાપારમાં જે પ્રકૃતિનો નિયમ છે તેમાં જરા પણ ભંગ ન પડે. વિષયવિલાસમાંજ પડી રહેવું એ તો ઈશ્વરી આજ્ઞાનો ભંગ છે; અને એ આજ્ઞાભંગનો દંડ, રોગ વ્યાધિ રૂપમાં મળે છે. ત્યારે એ પીડારૂપી સમુદ્રમાં પડે તો પછી ઉપાસના ક્યાંથી થવાની?

જે પુરૂષની સ્વાભાવિક ક્રિયા ઈશ્વરી નિયમાનુસાર બનતી હોય, જેની ઈચ્છા ઈશ્વરની ઈચ્છા બની ગઈ હોય, જેનો સ્વભાવ (nature) પ્રકૃતિરૂપ પામે, અને જેનું સ્વતઃ આચરણ "શિવોઽહમ્" નો સંગીતમય ધ્વનિ કરે, એને દુઃખ શેનું રહે?

नायमात्मा बलहीनेन लभ्यः ॥

મુણ્ડક ઉપનિષદમાં અહીં બળનો અર્થ શારીરિક આરોગ્ય અને આધ્યાત્મિક બળ બન્ને છે. એને આત્મબલ પણ કહે છે. ગીતામાં "प्रज्ञा प्रतिष्ठिता" આ પણ પ્રતિજ્ઞાનો અર્થ [illegible] છે.

નિદ્રા શા માટે આવશ્યક છે? પ્રતિદિન કાર્યવ્યવહાર કરતાં મનુષ્ય પ્રાયઃ સંસાર ને શરીરને સત્ય માનતાં શીખે છે; પરન્તુ તે ભ્રમરૂપ સ્વપ્નનું ભાન આપનાર તે આત્મ[illegible] છે. સર્વ શક્તિનું મૂળ તેજ છે. એની સત્તા આગળ સંસારનાં નામ, રૂપ, સત્તા અને સ્વભાવ ટકી શકતાં નથી. જગતના કર્મવ્યવહારમાં કુદરત મનુષ્યને નિત્યપ્રતિ નિદ્રા વેરી [illegible] છે, ને એ દ્વારા મનુષ્યને [illegible] ફેંકી નિત્ય પ્રતિ તેજ પદ આપે છે કે, [illegible] છેજ નહિ; માત્ર આત્માજ સત્ય છે. કારણ કે નિદ્રામાં સંસાર મિથ્યા બની [illegible] છે અને આત્માનું [illegible] માત્ર આત્માજ સત્ય શેષ રહે છે.

પોલ નિકાલ્યો જગતકો, સુષુપ્તિ અવસ્થા માંહિ,
નામ રૂપ સંસારકી જહાં ગંધ કછુ નાંહિ.

स यथा शकुनिः सूत्रेण प्रबद्धो दिशं दिशं पतित्वान्यत्रायतनमलब्ध्वा बन्धनमेवोपश्रयत एवमेव खलु सोम्य तन्मनो दिशं दिशं पतित्वान्यत्रायतनमलब्ध्वा प्राणमेवोपश्रयते ॥

छान्दोग्य.

અર્થઃ—જેવી રીતે દોરીએ બાંધેલું પક્ષી દશે દિશામાં ઉડીને, અન્ય સ્થળે આશ્રય ન મળવાથી એજ સ્થળનો આશ્રય લે છે; તેવી રીતે આ મન દશે દિશામાં ફરી ફરીને અન્યત્ર આશ્રય ન મળવાથી પ્રાણનો જ આશ્રય લે છે.

સુષુપ્તિદ્વારા અજ્ઞાનપૂર્વક પરમ તત્ત્વમાં લીન થવાથી પણ આ પ્રકારે શક્તિ અને બલ આવી જાય છે; તો ઉપાસના, ધ્યાન, આદિદ્વારા જ્ઞાનપૂર્વક લીન થવાથી શક્તિ, બલ અને આનંદ કેમ ન વધે ?

તમને જ્યારે એમ આભાસ થાય કે ચિન્તા, ક્રોધ, કામ, આળસ (તમોગુણ) ઘેરવા માંડે છે, તો તત્કાળ ઉઠીને જલાશય પાસે જાઓ; આચમન કરો; હાથપગ ધુઓ અથવા સ્નાન કરો એટલે અવશ્ય શાન્તિ આવશે. ત્યાર પછી હરિધ્યાનરૂપી ક્ષીરસાગરમાં ડૂબકી મારો એટલે ક્રોધાગ્નિની જ્વાળા અને ધૂમાડો જ્ઞાનાગ્નિના રૂપમાં બદલાઈ જશે.

ઉદારતા.

યજ્ઞ-કર્મ અને દાનાદિક ક્રિયાથી ઉપાસનાનું ચેટક લાગવું શરૂ થાય છે. યજ્ઞમાં અથવા કોઈ સમયે કોઈ વસ્તુનું દાન કરવાથી ચિત્તમાં શાન્તિ વ્યાપે છે, અને એ શાન્તિરસને પુનઃ પુનઃ આસ્વાદ લેવાનું મન થાય છે. બહારના એટલે જગતના સ્થૂળ પદાર્થોની [illegible] કરી કરી અતિ કઠિન અને સૂક્ષ્મ દાન અર્થાત્ ચિત્તવૃત્તિનું હરિચરણોમાં લીન રહેવું [illegible] શનૈઃ પ્રાપ્ત થાય છે; અને ઉપાસના-ધ્યાનનો રંગ જામવા માંડે છે. ભક્તિ-ઉપાસના એ [illegible] એ અવસ્થાનું નામ છે કે જેમાં પોતાની જાતને-મમત્વને-(જીવભાવને)-હરિચરણ [illegible] નાંખવામાં આવે છે. લોભી મનુષ્ય ઉપાસના કરી પ્રાપ્ત કરી શકતો નથી એવું [illegible] નથી એ ભક્તિરસને શું જાણે ? અને સાચો ઉદાર તો એ છે કે જેને સંસારના કોઈ-નપર પણ મમત્વ ન હોય.

મિલકત લૂંટાઈ ગઈ, પણ રડો છો કાં ? શું ચોર લૂંટી ગયા ! અરે ભાઈ ! [illegible] રડ કે ચોરને ચોરી કરાવનાર અન્ય કોઈ નથી. એ ચોરનાર તો એજ [illegible] પ્રભુ, એજ મનમોહન, એજ ચિત્તચોર અનેક બ્હાને તારું મન હરતું [illegible] ! [illegible] વધારે બીજાં ક્યાં પુણ્ય અને સુકર્મ હોય કે [illegible] ! [illegible] એને કે જેનું સર્વસ્વ ચોરાઈ જાય; અને મન કે ચિત્ત પણ [illegible] ન રહે !

ककुभाय स्तेनानां पतये नमः [illegible] ॥
तस्कराणां पतये नमः ॥

[illegible] यजुर्वेद

ઋગ્વેદ અને યજુર્વેદના પુરુષસૂક્તમાં [illegible] વિરાટ પુરુષને હવિ આપ્યું ત્યારે [illegible] ની ઉત્પત્તિ થઈ. બૃહદારણ્યક ઉપનિષદ્ આદિ [illegible]

ી મનોહર રીતિથી વર્ણવ્યો છે! જ્યાં સુધી નામરૂપ સમસ્ત સંસાર; અને વિરાટરૂ મગ્ર જગતનું સમ્યક્ પ્રકારે દાન ન કરીએ અને યજ્ઞબલિમાં તેની આહુતિ ન આપીએ ત ધી અમૃત પામવાની આશા કેવી?

"सर्वं खल्विदं ब्रह्म" રૂપી જ્ઞાનાગ્નિમાં જગતના પદાર્થ અને તેની કામનાનો હોમ થ ય એટલે સામ્રાજ્ય (સ્વરાજ્ય)ની પ્રાપ્તિમાં વારજ નથી!

બલિરાજાએ જલનો કરવો હાથમાં લઈને ભગવાનને ત્રણ લોકનું દાન આપ્યું. તમારા અસુરના જેટલું પણ નથી થતું. શિરરૂપી ખપ્પરને હાથમાં લઈને સમગ્ર સાંસારિક વૃત્તિ હ્મમાં અર્પણ કરો. જો એ બલા ટળે, જો એ વેઠ માથેથી ઉતરે, તો પછી ઈશ્વર ને ઈશ્વર આપનાર પણ તમેજ છો. સૂર્ય ને ચંદ્રમા તો તમારા ભિખારી છે.

લોક કહે છે કે ભજનમાં ચિત્ત નથી ચોંટતું; એકાગ્રતા નથી થતી. એકાગ્રતા ક્યાંથ ય? કૃપણ જીવરૂપી વાનર જગતના પદાર્થોને મુઠીમાંથી તો છોડતો નથી ને પાછો એને જ મૂઠીમાં રામને પણ લેવા ઇચ્છે છે! રામ એવો ભોળો નથી કે એમ છેતરાય!

"જહાં કામ તહાં રામ નહિ, રામ તહાં નહિ કામ."

રામ તો એને મળે છે કે જે હનુમાનની પેઠે હીરાના હારને ફેંકીને કહે કે, "જેમ મ નથી એવા આ ઇનામને હું શું કરૂં?"

कुन्दकुब्जममुं पश्य सरसीरुहलोचने ।
अमुना कुन्दकुब्जेन सखि मे किं प्रयोजनम् ॥

ભાવાર્થઃ-"મુ" રહિત "કુન્દકુબ્જ" નું મારે શું પ્રયોજન? અર્થાત્ મુકુન્દ-પ્રભુ નથી , કુન્દકુબ્જને શું કરૂં?

ભજન કરતાં કરતાં નિર્લજ ચિત્ત મકાનમાં, ખાવાપીવામાં, માલમત્તામાં ને માનાપમાનમાં ય છે. મૂર્ખને એટલી પણ સમજણ નથી કે એ વસ્તુઓ ચિન્તવન કરવાનીજ નથી. ચિન્ત- ન-યોગ્ય તો એ રામજ એક છે.

आत्मसंस्थं मनः कृत्वा न किंचिदपि चिंतयेत् ॥ ભગ૦ ગી૦ अ. ६ श्लो. २५.

અર્થઃ-મનને આત્મામાં સ્થિર કરીને બીજા કશાનું ચિન્તન કરવું નહિ.

પ્રભુનું મંદિર અમારા ચિત્તમાં સ્થાપિત થાય તો પછી એવી કઇ આશા છે કે જે સ્વ- જ ફલીભૂત ન થાય?

જ્યાં સુધી પદાર્થમાં સત્ય દૃષ્ટિ છે અને એમાં ચિત્ત રમી રહ્યું છે; ત્યાં સુધી ગમે તેટલું ઘું દોડશો તોપણ એ પદાર્થ પ્રાપ્ત થવાના નથી, અને કદાપિ પ્રાપ્ત થશે તોપણ સુખદાયી હિ નીવડે. જ્યારે યત્નસઃ કે સ્વાભાવિકરીતે એ પદાર્થમાંથી ચિત્ત ઉપશમ પામે છે અર્થાત ત્મારૂપી અગ્નિકુંડમાં એ પદાર્થ પડે છે, ત્યારે સ્વયમ્ ઇષ્ટ પદાર્થ હાજર થાય છે. હિ- લય કદાચિત પવનની ઠોકરથી દાની પેઠે ઉછળવા માંડે તો ભલે; પરન્તુ આ નિયમમાં ી ભંગ પડતો નથી.

ब्रह्म तं परादाद्योऽन्यत्रात्मनो ब्रह्म वेद क्षत्रं तं परादाद्योऽन्यत्रात्मनः क्षत्रं वेद लो- ास्तं परादुर्योऽन्यत्रात्मनो लोकान्वेद देवास्तं परादुर्योऽन्यत्रात्मनो देवान्वेद भूतानि तं

परादुर्योऽन्यत्रात्मनो भूतानि वेद सर्वं तं परादाद्योऽन्यत्रात्मनः सर्वं वेदेदं ब्रह्मेदं क्षत्रमिमे लोकाइमे देवा इमानि भूतानीदं सर्वं यदयमात्मा ॥ बृहदारण्यक उप.

અર્થઃ—જે બ્રહ્મને આત્માથી અન્યત્ર રહેલો જાણે છે તેને બ્રહ્મ દૂર રાખે છે. ક્ષત્રને જે આત્માથી અન્યત્ર જાણે છે તેને ક્ષત્ર દૂર રાખે છે. લોકને જે આત્માથી અન્યત્ર જાણે છે તેને લોક દૂર રાખે છે. દેવતાને જે આત્માથી અન્યત્ર જાણે છે તેને દેવતા દૂર રાખે છે. ભૂત (પ્રાણી) માત્રને જે આત્માથી અન્યત્ર જાણે છે તેને ભૂત (પ્રાણી) માત્ર દૂર રાખે છે. સર્વને જે આત્માથી અન્યત્ર જાણે છે તેને સર્વ દૂર રાખે છે. આ બ્રહ્મ છે; આ ક્ષત્ર છે; આ લોક છે; આ દેવતા છે; આ ભૂત છે; આ સર્વ કાંઈ છે, તે સર્વે આત્માજ છે.

વાત વાતમાં રામ દેખાડે છે કે હુંજ છું, ને જગત છેજ નહિ; અને જો કદાચ જગતના પદાર્થો છે, તો તે મારા કટાક્ષમાત્ર છે.

શાંઈ, સમાધિ અને મનની એકાગ્રતા ત્યારે થાય છે કે જ્યારે તમારી દોલત, માલમત્તા, વાડી-વજીફા ને બંગલાપર હળ ફરી જાય ને ઉજડ મેદાન બને; સ્ત્રી, પુત્ર, વૈરી, મિત્ર, એ સૌ સાફ થઈ જાય. રામરૂપી સમુદ્ર રેલે ને તેમાં તમારાં માલમકાન સૌ ધોવાઈ જાય.
વેદાન્ત કહે છે કે, જો તમે દુનિયાના પદાર્થોની જરી પણ અપેક્ષા રાખ્યા વગર પોતાના મહિમામાં સ્થિત એક તટસ્થ સાક્ષી-સૂર્યની માફક જ્યાં જ્યાં જાઓ ત્યાં ત્યાં કોઈ પણ જાતના સ્વાર્થ વગર તમારા પ્રકાશ અને જીવનને ફેલાવતા, તથા દિવ્ય ચિત્‌શક્તિ કે જે તમે પોતેજ છો તેના સત્ય મહિમામાં નિષ્ઠા પામીને અર્થાત્ તેની અંદર સ્થિત થઇને અને કોઇ પણ જાતનું દેહાભિમાન રાખ્યા વગર જીવન ગાળી શકો, તો જે પરમ શક્તિની આણ આખા વિશ્વને માનવી પડે છે, તે પરમ શક્તિસ્વરૂપજ તમે થઇ જશો.

આ સંસારનાં સર્વ સુખ, દુઃખ, ચડતી, પડતી, સંપત્તિ, દરિદ્રતા, એ બધું જેવી રીતે કોઈ ઊંચા ઉપરથી દૃશ્ય પ્રદેશ તમારી નજરે પડે તેવી રીતે પાસે આવે, છતાં નિર્લેપપણે તમે રહો; અને તમારા જીવનની અનેક શાખાઓમાંથી પસાર થાઓ, તો જેની આજ્ઞાનુસાર કુદરતની અનેક શક્તિઓ પ્રવર્તે છે તેવા મહત્-સ્વરૂપજ તમે પણ થશો. તમે તમારી કામનાઓથી પર થાઓ, એટલે તે સર્વ કામનાઓ પૂર્ણ થશો.

પરંતુ લોકો પ્રશ્ન કરશે કે, કર્મના સિદ્ધાંતને અનુસરીને આ સૃષ્ટિમાં કુદરતની જે શક્તિઓ ક્રિયાઓ કરી રહી છે તેની સાથે ઉપલી બાબતની એકવાક્યતા કેવી રીતે છે? પ્રારબ્ધવાદ અને પુરૂષાર્થવાદની કેવી રીતે સંગતિ થાય છે?


આના સમાધાનને માટે એક સાદું દૃષ્ટાંત બસ થશે કે, તમારા અંતઃકરણમાં જે ચ્છાઓ છે તે વાસ્તવિક રીતે કંઈ સ્વાભાવિક નથી; પરંતુ ભવિષ્યમાં જે બનવાનું હોય છે ી છાયાસમાન છે. ભવિષ્યમાં બનનારા બનાવો તમારા અંતઃકરણમાં છાયા પાડે છે. એક ના સંબંધમાં એક વાત છે કે, તે સ્ત્રી પોતાની છબી પડાવવાને માટે કોઈ એક ફ્રેંચ સ ફોટોગ્રાફરને ત્યાં ગઈ. છબી પાડનારે છબી પાડવાનો કેમેરા બરાબર ગોઠવી તેમાં ઉચી ની પ્લેટ (છબી પાડવાનો કાચ) મૂકી; છબી પાડયા પછી તે છબીવાળો કાચ તપાસ્યો તે સ્ત્રીના ચહેરા ઉપર બળીયાનાં ચાઠાં જણાયાં. એ પછી એ બાઈ પોતાને ઘેર ગઈ કે તજ તેણીને આખે શરીરે બળીઆ નીકળ્યા. આનું શું કારણ હોવું જોઇએ? આ બાઇને ક બ્હેન હતી. તેણીને બળીઆ નીકળવાથી પોતાની બ્હેનને તેણે સમાચાર જણાવવાને ટે એક કાગળ લખ્યો હતો; આ કાગળવાળું કવર તેણીએ પોતાના હોઠ અને આંગળીઓથી ડયું હતું. આ કાગળ જે બાઇની છબી પાડવાની હતી તેણીએ પોતાના હાથેથી ડયું; આથી તેણીને બળીઆનો ચેપ લાગ્યો, અને તે થોડા દિવસો પછી તે રોગથી માંદી ી. આ છબી પાડનારના કેમેરાએ-છબી પાડવાના યંત્રે ભવિષ્યમાં બનનાર બનાવને સૂચવ્યો તો. આ પ્રમાણે એ વ્યાધિને જો કે ચર્મચક્ષુઓ જોઈ શકયાં નહિ હતાં, તથાપિ શરીરમાં ા બળીઆ નીકળવાની ક્રિયા કયારનીએ શરૂ થઈ ચૂકી હતી. આપણી ઇચ્છાઓ પણ એ ળીઆનાં ચાઠાં કે જે કેમેરાના કાચની અંદર જણાય છે, પણ જે હજી ચ્હેરા ઉપર જણાતાં થી તેના જેવીજ છે. એ ઇચ્છાઓ એક વખત જરૂર સફળ થવી જોઇએ. ઇચ્છા અને દૈવ એ બન્નેનું આ પ્રમાણે સમાધાન કરવામાં આવે છે; પરંતુ એમ છે તો પછી ફળ પ્રાપ્તિને માટે આટલો બધો ત્રાસ અને દુઃખ શામાટે વેઠવું પડે છે? ઇચ્છાઓ સફળ કરવા માટે જે કિંમત આપવી પડે છે તે શામાટે? આ એક દૃષ્ટાંત આપીને સમજાવવામાં આવશે.

એક માણસ કે જે પોતાના મિત્રને મળવાને માટે બહુજ ઉત્સુક હતો. આ માણસ પોતાના મિત્રથી બહુજ લાંબો વખત થયાં જૂદો પડેલો હતો, જેથી તે એક ઘણો લાંબો પત્ર તેનાપર લખવા મંડી પડયો હતો. પોણોએક કલાક સુધી તેણે કાગળ લખ્યા કર્યો. લખવામાં તે એટલો તો લીન થઈ ગયો હતો કે તે વખત દરમિયાન તેણે ઉચું પણ જોયું નહિ. કાગળ પૂરો કરી ઉચે જુવે છે તો તેણે પોતાના પ્રિય મિત્રને પોતાની સમક્ષ ઉભેલો જોયો. આ માણસ હર્ષ અને ઉલ્લાસમાં આવી એકદમ દોડીને પોતાના મિત્રને ખૂબ ભેટયો, અને ત્યાર પછી તેણે તેને પૂછયું કે, "તમે અહીં કયારના ઉભા છો?" તે મિત્રે જવાબ આપ્યો કે "મને અહીં ઉભે આડધા કલાકથી પણ વધારે વખત થયો." ત્યાર પછી તે માણસ બોલ્યો, "તમને આવ્યે આટલો બધો વખત થયો અને તમે મને કેમ નહિ બોલાવ્યો?" તે મિત્રે કહ્યું, "ભાઈ, તમે કાગળ લખવામાં એટલા બધા ગરકાવ થઈ ગયા હતા કે તમને બોલાવવા, એ મને યોગ્ય લાગ્યું નહિ"

તમારી સર્વ ઇચ્છાઓ એ પત્રલેખનના જેવી છે. તમે ઇચ્છા કરો છો, તલસો છો, કલ્પના કરો છો, વસ્તુ પ્રાપ્ત કરવા બહુ પીડાઓ છો, એ બધું કાગળ લખવા જેવું છે. જેને તમે કાગળ લખો છો તે, અને જે વસ્તુ મેળવવાની તમે ઇચ્છા કરી રહ્યા છો તે, કર્મના ગૂઢ નિયમ પ્રમાણે કયારનાંએ તમારી પાસે આવેલાં હોય છે. તે તમને જણાતાં નથી તેનું કારણ માત્ર એટલુંજ છે કે તમે પત્ર લખ્યા કરો છો, ઇચ્છા કર્યા કરો છો. જે ક્ષણે તમે

ઈચ્છા કરતા, પત્ર લખતા અટકશો; તેજ ક્ષણે તમને તમારી ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત થયેલી જણાશે. કિંમત દીલ અને દુઃખનું આજ કારણ છે.

આ વિષયને સ્પષ્ટ કરી સમજાવવા માટે હિંદુશાસ્ત્રમાં આવાં હજારો દૃષ્ટાંતો છે. કોઇ એક રાજાનો મુખ્ય પ્રધાન કે જેણે લક્ષ્મીદેવીનાં સાક્ષાત્ દર્શન કરવા માટે અનેક જાતનું તપ કર્યું હતું તેના સંબંધમાં એક કથા છે. તેણે તપ આદરી અનેક પવિત્ર મન્ત્રોના જાપ કર્યા કે જેવડે લક્ષ્મીનાં દર્શન થાય. લાખો જાપ કર્યા પરંતુ લક્ષ્મીનાં દર્શન થયાં નહિ. આથી તેને આવી બાબતો ઉપરથી શ્રદ્ધા ઉડી ગઇ, અને સંસારનો ત્યાગ કરી સંન્યાસ લીધો. જ્યાં તે પ્રધાન સંન્યાસ લઈ પોતાનાં ઘરબાર તજીને વનમાં ગયો કે તરતજ વનમાં તેણે લક્ષ્મીને પોતાની સન્મુખ ઉભેલી જોઈ. તેણે બૂમ પાડીને કહ્યું:–"દેવી, હવે મને ત્હારૂં કામ નથી, તું અહીંથી ચાલી જા, હવે તું અહીં શા માટે આવી છે? હું હવે તો સંન્યાસી છું. સંન્યાસીને ધન, દૌલત, વૈભવ અને સંસારવિલાસની વસ્તુઓ શા કામની છે? જ્યારે હું ઈચ્છા કરતો હતો ત્યારે તું આવી નહિ; અને હવે જ્યારે મેં તારી ઈચ્છા છોડી ત્યારે તું મ્હારી સન્મુખ આવી છે." લક્ષ્મીએ જવાબ આપ્યો. "તમે પોતેજ તમારો પોતાનો માર્ગ રૂંધ્યો હતો. **જ્યાં સુધી તમને ઇચ્છા હતી, જ્યાં સુધી તમને દ્વૈતભાવનો અધ્યાસ હતો, જ્યાંસુધી તમે તમારી જાતને માગણની સ્થિતિમાં મૂકી હતી, ત્યાં સુધી તમને કંઇ પણ પ્રાપ્ત થયું નહિ;** પરંતુ જે ક્ષણે તમે નિરિચ્છ બની એ બધાંને લાત મારીને ઉઠ્યા, તેજ ક્ષણે તમે દેવસ્વરૂપ બની તમારા પોતાના દિવ્ય મહિમામાં સ્થિત થયા." પોતાની સર્વ કામનાઓ પૂર્ણ કરવાનું આજ રહસ્ય છે.





३–अनंत जीवननो नियम.

(નીચેનું લખાણ સ્વામી રામતીર્થે નારાયણ સ્વામી ઉપર લખેલા કાગ
કેટલાક કાગળોનું છે; પાછળથી સ્વામી રામતીર્થે તે લખાણમાં કેટલોક સુધારો
તેને છપાવી પ્રસિદ્ધ કર્યું હતું.)

૧.

પ્રિયજન જતા, શત્રુ જતા, જાતાં બધાં સંબંધીઓ,
જાતાં ત્રુટી આ જગતનાં, બહુવિધ જે જે બંધનો.
પ્રિય લાગતાં નિજ હૃદયમાં, આ પીરહો જે આપણાં,
તેનોય દિન કંઈ આવતો, ને નષ્ટતાને પામતાં.
ઘન પદ્યનાં વૃક્ષ તે, સૂકાય છે ક્ષણવારમાં,
કલ્લોલ કરતાં પંખીઓ, આ મૃત્યુથી સપડાય હા !
પુષ્પો ખીલ્યાં વિલાય છે, ને તેજ ઝાંખું થાય છે,
લાવણ્ય બગડી જાય ને, નિજ પ્રેમ વિકૃત થાય છે.
આ નામ-કીર્તિ ક્ષીણ થતી, ને ધુમ્રસમ મહિમા થતો,
આ વિશ્વનો જે હાડ તે, સહુ ક્ષણિક ને મિથ્યા થતો.
જે જે પદાર્થો જગતના, અતિ પ્રિય થઈ ખેંચી રહ્યા,
ત તે બધા ઠગી છેતરી, અંતે દગો દઈ નાસતા.
આરામ અર્થે જે અમે, આ વસ્તુઓ ઉત્તમ ગણી,
રહેશે સદા એ માનીએ, પણ જોતજોતામાં જતી.
ઇચ્છાજ કરી હજી વસ્તુની, ત્યાં વસ્તુ તો વિલાય છે,
તેનો અમો વિશ્વાસ કરીએ, શોકમાં ડુબીએ અરે !

૨.

શું આ બધું જગ આખરે, ગઈ રાત્રિનું સ્વપ્નુંજ છે ?
કંઈએ નથી સાચું શું એમાં, હું તમે ને તે અરે ?
શું આ બધું મિથ્યાજ છે, સંબંધ ને સંબંધીઓ ?
આવું બધું ત્યાં ક્યાં જવું; શરણ લઉં કોનું કહો.
પરિતાપથી આ હૃદય ધીકતું, શાંતિ તો ક્યાંએ નહિ,
હું શું કરું ને ક્યાં જઉં, એ ઝંખના ચાલી રહી.

* * * *

૩.

અસ્થિર ને વિકૃત બધા, આ દૃશ્યની અંદર જુઓ,
જ્યાં છે અવિકૃત એક, અવિચળ સર્વમાં પ્રકટી રહ્યો.

દેખાય આ જે મૃત્યુ ને, વિનાશ ને દુઃખો બધે,
તેમાં વિવિધ રૂપો ધરી, એ આવતો જાતો રહે.
પ્રીતિ કરો તેની તમે, નહિ રૂપની, નહિ વસ્તુની,
વસ્ત્રો તજી જૂનાં અને એ, ધારતો નવ નવ સહિ,
તે શુદ્ધને નિર્મળ છતાં, જ્યારે જુઓ ત્યારે બીજાં,
વસ્ત્રો ધરે કંઈ અવનવાં, નહિ ખ્યાલ જેનો જરી કદા.
આ એક ક્રમ સહિતનો, ચાલ્યો અને આવ્યો બીજો,
એ ક્રમ જુદા, પણ નહિ જુદો એ, એક સઘળે રમી રહ્યો.
આપત્તિ ને હાનિ જુઓ, કેવાં મીઠાં એ છે અહા!
જ્યાં એ વિભુ દર્શન દીએ, ને હૃદય જ્યોતિ સ્ફુર્તિ જ્યાં.
કેવું મીઠું લાવણ્ય તેનું, સર્વમાં ભાસી રહ્યું,
તેનાથી એ આ અધિક મીઠું, નૂતન સુખ તેનું દીઠું.
આકાશ, લહેરો વાયુની, નદી, ઝરણ, પુષ્પ ગુલાબનાં,
નિજ કારણે તે ધારતો, આવાં ઝીણાં વસ્ત્રો ઘણાં.
મરજી પડે ત્યમ રહે છુપો, હું તો તને દેખું બધે,
રૂપો જરી ઢાંકે નહિ, જાહેર તે તુજને કરે.
રૂપો પોતે દૂર કરે, એ એક બીજા યત્નથી,
છે એમને અભિલાષ તુજ, આ મુખ-દર્શનની ઉંડી.

૪.

દેખાય છે આ વિશ્વ મુજને, જપમાળાના સમું,
મણકો ફરે તેનો ક્રમે, કહો છો તમે મૃત્યુ થયું.
આ એક મણકો ફરી ગયો, બીજો ફરે ત્રીજો ફરે,
મણકા બધા ફરી જાય છે, પણ સૂત્ર તો કાયમ રહે.
એ દિવ્ય વ્યાપક સૂત્ર જે, આ વિશ્વમાં પ્રોવાઈ રહ્યું,
મ્હારૂં કંઈ પણ જગ વિષે, તો તેજ મ્હારૂં છે બધું.
સેવા સદા હું તેજ ભાવે, તેજ મુજને નિત્ય હો!
ને નામ રૂપોના વિવિધ, મણકા ભલે લય પામજો.

૫.

આ ક્ષણિક વસ્તુઓ ઉષાના, રમ્ય દેખાવોજ છે,
થાતી, અને લય પામતી, માયાવી જાદુગરજ એ.
દેખાય જે આ વસ્તુઓ, જ્યાં ત્યાં બધે બ્રહ્માંડમાં,
તે છે અવિકૃત એક શાશ્વત, સૂર્યનાં સ્વપ્નાં બધાં.

૬.

મિત્રો અને શત્રુ ઉપર, આધાર કાંઈ રાખું નહિ,
તેમજ વળી આ દિવ્ય, દેખાવોને અવલંબુ નહિ.
મુજ શરીરના આરોગ્યની, કે વિશ્વની સંપત્તિની,
દરકાર શાની રાખું હું, જ્યાં હું અને મુજ પ્રિય મહિ.

આ દૃશ્ય વસ્તુઓ વિષે આસક્તિ મુજને જરા નહિ,
પોષાકની આ વિવિધતા, સેત્રંજનાં પ્યાદાં સહિ.
તે સર્વને ત્યાગું છતાં, ખેંચાઉં હું જરીએ નહિ,
આ, તે, બધાં એ સ્વરૂપના, સિદ્ધાંત હું ભૂલું નહિ.
મુજ પ્રેમમૂર્તિ શોધી મેં, એ સર્વમાં વ્યાપી રહ્યો,
એનેજ હું અવલંબુ ને, એનેજ હું ચાહી રહ્યો.
અદ્વૈતમાં અદ્વૈત છે ને, એજ કેવળ સત્ય છે,
મુજ એજ છે સર્વસ્વ ને, મુજ એજ છે રક્ષક બધે.
મુજ મિત્ર સાચો એજ છે ને, એજ મુજ ચેલો ગુરૂ,
મુજ એજ પિતા એજ આત્મજ, તંત્ર મુજ એ ગૃહતણું.
મુજ એજ પતિ પત્ની અને, મુજ એજ આત્મારામ છે,
મુજ એજ છે જીવન અને, મુજ હક્ક ને આરામ છે.
ઉત્પાત મ્હારો એજ છે ને, એજ મુજ શાંતિ ઉરે,
એ જ્યોતિઓમાં જ્યોતિ મુજ, મુજ ઔષધિ મુજ રામ એ.

રામ કોઇ અમુક ધર્મ સંપ્રદાયના હોવાનો દાવો કરતા નથી. સર્વ કાર્ય ઈશ્વરનુંજ છે. બુદ્ધ અને એવા બીજાઓના દાખલા તથા વૃત્તાંતોની આપણને શી જરૂર છે? ઈશ્વરી નિયમની સરળ આજ્ઞાઓ સાથે આપણા વિચારોને જોડાવા દો. બુદ્ધ અને જીસસ જેવાઓનો પણ તેમના મિત્રો અને અનુયાયીઓએ ત્યાગ કર્યો હતો. અરણ્યના જીવનનાં સાત વર્ષોમાંથી બુદ્ધે બે વર્ષો કેવળ એકાંતમાં ગાળ્યાં હતાં, ત્યાર પછીજ તેના હૃદયમાં આત્મજ્યોતિનો પ્રકાશ થયો હતો, કે જે પછી શિષ્યોનાં ટોળેટોળાં એની પાસે આવવા લાગ્યાં અને સત્કાર પામવા લાગ્યાં. કોઇ સલાહ આપનારના અભિપ્રાયો અને વિચારોથી તમે દોરવાઈ જશો નહિ. જનસમાજે જો ઈશ્વરી નિયમ પ્રમાણે પોતાનો વિચાર પ્રવાહ ચલાવ્યો હોત, તો આજે પૃથ્વીમાં હજારો બુદ્ધો તેઓએ ઉત્પન્ન કર્યા હોત.

મક્ષિકા, જેવી રીતે મધની અંદર ચોંટી જાય છે અને મધવાળા પોતાના પગ ધીરે ધીરે અને દૃઢતાથી સાફ કરી નાંખે છે, તેવી રીતે આપણે આ નામ-રૂપાત્મક જગતની જરીએ જરી આસક્તિનો ત્યાગ કરી નાખવો જોઇએ. આખરે છેવટમાં છેલ્લી મૃત્યુરૂપી મહેતલ આવી રહે અને તે તમે નાખુશી છતાં આ સર્વનો તમને વિયોગ કરાવે, તેના પહેલાં એક પછી એક દરેક જાતના સંબંધ છિન્ન થઇ જવા જોઇએ અને સર્વ બંધનો તુટી જવાં જોઇએ.

ઈશ્વરી નિયમનું ચક્ર એકસરખા નિયમથી સદા ફર્યાજ કરે છે. જે ઈશ્વરી નિયમને અનુસરી જીવન ગાળે છે, તેજ એ નિયમ ઉપર આરૂઢ થાય છે. જે ઈશ્વરની ઇચ્છા (ઈશ્વરી નિયમ) વિરૂદ્ધ પોતાની ઈચ્છા કરે છે, તે છિન્નભિન્ન થઈ જવોજ જોઇએ. તેણે જુલમ ભોગવવોજ જોઇએ.

ઈશ્વરી નિયમ એ ત્રિશૂલ (ક્રૉસ) છે, એ અલ્પ અનાત્મ પદાર્થને છેદી નાંખે છે. જે કોઈ પોતાની ઈચ્છાથી ક્રૉસ ઉપર ચડી પોતાનો ધ્વંસ કરે છે, તેને માટે આખું વિશ્વ ઇડનની સુંદર વાટિકાસમાન બને છે. બીજા સર્વને માટે તો તે વેરાન જંગલસમાનજ છે. Paradise lost બને છે. ઈશ્વરી નિયમ એ અગ્નિ છે, તે સંસારના સર્વ સ્નેહને બાળી ભસ્મ કરી

નાંખે છે, તે અજ્ઞાન મનને દગ્ધ કરી નાખે છે; પરંતુ તેમ કરીને પણ તે સર્વ જાતના ભૌતિક જંતુઓનો નાશ કરી મનને સાફ કરે છે.

"ધર્મ" એ ખાવાની ક્રિયાની માફક વિશ્વવ્યાપી અને આપણા અસ્તિત્વ સાથે ઘણો અગત્યનો સંબંધ ધરાવનાર છે. એકાદ ફતેહમંદ નાસ્તિક પણ પોતાના શરીરમાં પાચનક્રિયા કયી મૂળ સત્તાથી ચાલે છે, એ યથાર્થ સમજી શકતો નથી. વખત આવ્યે ઈશ્વરી નિયમોજ મનુષ્યને બંદૂકની સંગીનવડે ધાર્મિક બનાવે છે. ઈશ્વરી નિયમોજ આપણને વારંવાર પ્રહારો કરી જાગૃત કરે છે. એ નિયમો કોઇને છોડતા નથી. ઈશ્વરી નિયમોજ સત્ય છે. બીજું બધું અસત્ય છે. કુદરતના નિયમોરૂપી મહાસાગરમાં નામ, રૂપ અને વ્યક્તિઓ માત્ર પરપોટા સમાન છે. ત્રણે કાળથી જે બાધિત ન થાય, અને નિત્ય રહે એ સત્યનું સ્વરૂપ છે.

નામ-રૂપાત્મક જગતની અંદર કોઈ પણ સંબંધ, કોઈ પણ શરીર, કોઇ પણ સંસ્થા, કોઈ પણ બંધારણ કે બીજી કોઈ પણ એવી વસ્તુ નથી કે જે આ ત્રિશૂળ (ક્રૉસ) રૂપી નિયમની પેઠે અવિચળ ટકી રહે.

ત્યારે શા માટે પ્રાણીઓ આ આદર્શરૂપ નિયમ કરતાં આ નામ-રૂપાત્મક જગતને વધારે ચ્હાય છે? અજ્ઞાનને લઈનેજ આ સર્વ મનુષ્યો અને બીજા દ્રશ્ય પદાર્થો તેમને સત્ય ભાસે છે. અને ઉપલો સત્ય નિયમ તેમને ધૂમાડાના બાચકા સમાન મિથ્યા લાગે છે.

"ત્રિશૂળ અને ત્રિશૂલી એજ માત્ર સત્ય છે અને માયાના પદાર્થો અને સ્વરૂપો તો ક્ષણિક, આભાસરૂપ, છાયારૂપ, કલ્પિત અને મિથ્યા છે;" એવો જે પાઠ શિખવવાનો વયોવૃદ્ધ કુદરતનો હેતુ છે, તે પાઠ જો લોકો શિખે, તો આ દુનીઆના સખ્ત પ્રહારો અને દુઃખમય ઝપાટાઓમાંથી તેઓ જરૂર બચે. આ સર્વ દ્રશ્ય કટુતા અને મીઠાશો, સર્વ સ્થૂળ રમ્યતા અને ભયંકરતા એ સર્વ, રમણ કરતા વિહારીજીએ આપણને તેનો મહિમા સમજાય તેને અર્થે ધારણ કરેલો નાટ્યવેશજ છે.

જો આપણે મિત્રો અને શત્રુઓનાં દ્રશ્ય રૂપોને ખરાં તરીકે માનીએ તો આખરે તેઓ આપણને છેતરનાર અને ફસાવનારાજ નીવડે છે. વળી આપણે જ્યારે એમના ઈરાદા અને દુષ્ટ સ્વભાવને માટે એમને માથે આક્ષેપ મૂકીને તેનું વૈર લઇએ છીએ, ત્યારે તો વસ્તુસ્થિતિ તેના કરતાં પણ વધારે ખરાબ થાય છે.

જે સત્ય માત્ર આપણે ઈશ્વરનેજ લગાડી શકીએ, તે સત્ય તેમના ઉપરના આપણા સ્નેહને લઇને તેમને આપણે લગાડીએ છીએ તેથીજ આપણને એમનામાં કૃતઘ્નતાનો અનુભવ થાય છે; માટે જો આપણે એથી કરીને તેઓ પર ગુસ્સે થઇએ તો તેમ કરીને તેમનાં અસત્ય રૂપોને સત્ય માનવાની પ્રથમની ભૂલમાં વૃદ્ધિજ કરીએ છીએ અને આવી રીતે દુઃખને વધારેને વધારેજ વ્હોરીએ છીએ. ધ્યાન આપો કે આ ત્રિશૂળ જ (પૂર્ણ ત્યાગસ્વરૂપ, શિવજ) જીવનનો અંતિમ હેતુ છે. તેજ પરમ સત્ય છે. તે વજ્ર કરતાં પણ કઠિન પદાર્થ છે. એની મજબૂતી શિવલિંગની આકૃતિથી બરાબર બતાવી શકાય છે. અજ્ઞાન વિસ્મૃતિવાળા મન ઉપર વજ્ર કરતાં પણ વિશેષ સખ્ત પ્રહારો કરીને તે તેને ભેદે છે, તેથી તેનું હરદમ સ્મરણ રાખવું એ ઘણુંજ આવશ્યક છે.

મુસલમાનો અને ક્રિશ્ચિયનો ઈશ્વરી નિયમને અને ઈશ્વરને જે ઘયયૂર (કિનાખોર) અને કેહર (ક્રૂર) કહે છે, તેમાં જરીએ ખોટું નથી. તે કોઈની પણ શરમ રાખે એમ નથી. મનુષ્ય

આ દુનીઆની કોઈ પણ વસ્તુ ઉપર આસક્તિ રાખશે ત્યાં સુધી એના
કરી પણ ઉતર્યા વગર રહેવાનો નથી. આ સત્ય લોકોને મોડું સમજાય
માત્ર એજ છે કે લોકોમાં બરાબર અવલોકન કરવાની શક્તિ હોતી નથી.
લોકો પોતાની બાબતોમાં પોતાનો દોષ કાડવા માગતા નથી અને બીજાનેજ
તૈયાર થઈ જાય છે. તેઓ પોતાની મનોવૃત્તિ અને વિકારના વલણને તેમજ
પરિણામને નિઃસ્વાર્થ દૃષ્ટા તરીકે જોવાનું જાણતા નથી. જ્યારે પણ આપણે
પદાર્થો ઉપર વિશ્વાસ રાખીએ છીએ અથવા મિથ્યા પદાર્થો અને વ્યક્તિઓ
વસ્તુના જેટલું માન આપીએ છીએ; જ્યારે પણ આપણે આપણા હૃદયમંદિ
સ્થલે એ અસત્ય અને જડ મૂર્તિઓને બેસારીએ છીએ, ત્યારે જરૂર આપણે
જઈએ છીએ. સંમતિ અને અસંમતિની રીતિ લૌકિક મિથ્યાત્વના નિયમને કો
વાદ વગર સ્થાપિત કરે છે.

ઈશ્વર કરતાં પણ એક પુરૂષોને આપણે ખોટા માનવાની ભૂલ કરીએ છી
વચન ઉપર આપણે હૃદયથી વિશ્વાસ રાખીએ છીએ; પરંતુ તેમના ઉત્તમ ઉપ
નહિ વર્તીને તેમને વધુ એક પુરૂષ થવાના કારણભૂત કેટલીકવાર આપણે નથી થતા
સંતતિના સ્થૂલ શરીર ઉપર "ઈશ્વરી નિયમને ભૂલી જઈએ" એવો મોહ કરીને
કેટલીકવાર આપણી સંતતિનો વિનાશ નથી કરતા ? ખરા અંતઃકરણનો વિશ્વાસ કે
એક ઈશ્વરને માટેજ યોગ્ય હોઈ શકે, તેવો વિશ્વાસ તેમજ આદર, આપણા મિ
રાખી આપણે કેટલી બધી વાર એ મિત્રોને જોખમ બનાવીએ છીએ ? વિદ્યમાન
આપણા ઉપર વિશ્વાસ રખાવી, તેમજ આપણો વિશ્વાસ તેમનામાં છે, એમ મનાવીને
કેટલી બધીવાર તેમનો આધ્યાત્મિક ઉચ્ચપદમાંથી અધઃપાત કરીએ છીએ.

ગૃહના કલેશના, તેમજ દુનિયામાં જે ખરાબ દેખાવો છે તેના કરતાં પણ વધારે
દેખાવોના કારણભૂત થાય એવા માનવોનું કેટલીકવાર આપણે અવલંબન નથી કરતા ?
થાના કોઈ પણ પદાર્થને તમે ઈશ્વર કરતાં અધિક માનો, એટલે પછી હૃદયને ભેદી
નીકળે એવા તેજના ભભુકાથી ઈશ્વરી પ્રેમ તમને છિન્નભિન્ન કરી નાખશે.

અયોગ્ય પ્રેમની વાત જવા દઈ આપણે ગોપીઓનોજ દાખલો લઈએ. આ ગોપીઓ
કે ઈશ્વરના અવતારરૂપ શ્રીકૃષ્ણના મોહક સ્વરૂપમાં આસક્ત થઈ હતી, તથાપિ તેમને
પોતાની ભૂલને ખાતર રૂધિરનાં દુઃખદ આંસુ પાડવાં પડ્યાં હતાં. પવિત્ર પ્રેમની મૂર્તિસ્વ
સીતાજીએ ઈશ્વરી અવતાર રામચંદ્રજીના બાહ્ય સ્વરૂપને ખરૂં માન્યું, તે ભૂલને વાસ્તે,
સીતાજી જેવાને પણ અમૂર્ત (આકારરહિત) રામ, અથવા સત્ય રામ કે જે તેમના તેમ
વિશ્વના પતિ છે, તેમણે સજા કરી, અને તેમને વિકટ અરણ્યમાં વનવાસ વેઠવો પડ્યો.

ब्रह्म तं परादाद्योऽन्यत्रात्मनो ब्रह्म वेद,
क्षत्रं तं परादाद्योऽन्यत्रात्मनः क्षत्रं वेद,
लोकास्तं परादुर्योऽन्यत्रात्मनो लोकान्वेद,
देवास्तं परादुर्योऽन्यत्रात्मनो देवान्वेद,
भूतानि तं परादुर्योऽन्यत्रात्मनो भूतानि वेद,

सर्वं तं परादाद्योऽन्यत्रात्मनः सर्वं वेदेदं ब्रह्मेदं,
क्षत्रमिमे लोका इमे देवा इमानि भूतानीदं,
सर्वं यदयमात्मा ॥ बृह० उप०

ભાવાર્થઃ—જે પોતાના આત્મા સિવાય અન્યત્ર બ્રાહ્મણ છે, એમ માને છે તેનો બ્રાહ્મણે ત્યાગ કરવોજ જોઇએ. જે પોતાના આત્મા સિવાય અન્યત્ર ક્ષત્રિય છે, એમ માને છે તેનો ક્ષત્રિયે ત્યાગ કરવોજ જોઇએ. જે પોતાના આત્મા સિવાય અન્યત્ર લોકો છે એમ માને છે, તેનો લોકોએ ત્યાગ કરવોજ જોઇએ. જે પોતાના આત્મા સિવાય અન્યત્ર દેવો છે, એમ માને છે, તેનો દેવોએ ત્યાગ કરવોજ જોઇએ. જે પોતાના આત્મા સિવાય અન્યત્ર પદાર્થો છે એમ માને છે, તેનો પદાર્થોએ ત્યાગ કરવોજ જોઇએ. જે પોતાના આત્મા સિવાય અન્યત્ર સર્વ છે એમ માને છે, તેનો સર્વેએ ત્યાગ કરવોજ જોઇએ. આ આત્માજ બ્રાહ્મણ છે, આ આત્માજ ક્ષત્રિય છે, આ આત્માજ આ લોકો છે, આ આત્માજ આ દેવો છે, આ આત્માજ આ પદાર્થો છે, આ આત્માજ આ સર્વ છે.

આ દૃશ્ય પદાર્થો કે જે આપણને આકર્ષી રહ્યા છે તે કૃષ્ણની નિર્દોષ બાહ્ય આકૃતિ સમાન છે. મનરૂપી કલ્પિત રાક્ષસ આ બાહ્ય પદાર્થોને પોતાના મમત્વરૂપી પેટમાં એકદમ ગળી જાય છે; પરંતુ તે પદાર્થો પેટમાં ગયા બાદ એ રાક્ષસના પેટને ચીરી નાખે છે.

લોકો પોકાર કરે છે કે,—"અરે ! અમારૂં હૃદય ભેદાય છે ! અમારૂં ઉદર ચીરાય છે ! અને અમે મરીયે છીએ ! અમે મરીએ છીએ !" પરંતુ તમે તમારે હાથે કરીને નામ અને રૂપથી શામાટે દબાઓ છો ? માત્ર સત્ય ઉપરજ પ્રીતિ કરો. કેવળ ઇશ્વરમાંજ નિષ્ઠા કરો. ઇશ્વરને ગળી જાઓ, ઇશ્વરનેજ પચાવો. ઇશ્વરની સાથેજ ચાલો. ઇશ્વરરૂપજ બનો અને ઇશ્વરનીજ માફક વર્તો. આજ ખરૂં જીવન છે. જ્યાંસુધી તમે આ દૃશ્ય પદાર્થોના મમત્વનો ત્યાગ કર્યો નથી, ત્યાં સુધીજ તમે આ જગતના પદાર્થોમાં પરમ વફાદારી અને પ્રેમ જોવાનાં ! પ્રિયજનો ! 'લાઇલાહા ઈલ્લિલ્લાહ' અર્થાત્ એક ઇશ્વરજ સત્ય છે, તે સિવાય સર્વ મિથ્યા છે.

ખરૂં છે કે મહંમદના કહેવાના ભાવાર્થનો કેટલીક વખત ખોટો અર્થ કરવામાં આવે છે અને ઘણી વખત એને ખોટી રીતે અનુસરવામાં આવ્યું છે; પરંતુ એમાં જેને સત્ય જણાય છે, તેણે અવશ્ય એ સત્યવાળા વિચારને પૂજ્યભાવથી પોતાનું મસ્તક નમાવવું જોઇએ. વસ્તુતઃ ક્રાઇસ્ટ પણ તેજ સત્યનો ઉપદેશ કરે છે, બુદ્ધ પણ તેનુંજ પ્રબોધન કરે છે, અને ખરી રીતે જોતાં આપણા એકે એક ઋષિમુનિ પણ જુદી જુદી રીતે એજ સત્યનો ઉપદેશ આપે છે; પરંતુ જો લોકો આ ઉપદેશને પોતાના વર્તનમાં હૃદયથી સ્થાન ન આપે અને ઉપદેશની પ્રણાલિકા તે સત્યના ઉપદેશકોના અસ્તિત્વ પછી અસ્તિત્વમાં ન રહે; લોકો તે ઉપદેશને વળગી રહી તેના સત્યપણાનો અનુભવ ન કરે અને કાળે કરી દરેક યુગમાં સત્યના જ્ઞાન અને નિષ્ઠાવાન ભક્તો જન્મી તે સત્યને ફરી ફરીથી શોધી ન અનુભવે તો તેથી સત્યને શો બાધ આવે એમ છે ?

ત્યાગનો નિયમ એ સંપૂર્ણ સત્ય છે. એ કોઇ માનસિક કલ્પના નથી. પેગંબરો અને ધર્મોપદેશકોને ઉપજાવી કાઢેલી અસત્ય કલ્પનાઓથી પ્રજાઓને (nations) ભ્રમમાં નાખી ઉપર રહી શકે નહિ. મિથ્યા પાખંડીઓની કેવળ કલ્પનાઓ સદીઓને સદીઓ સુધી નભી શકે નહિ.

હોકો પોતાનાં દુઃખોનું ખરૂં કારણ જાણતા નથી કે જે દુઃખો આ સત્યના નિયમ ઉલ્લંઘન કરવાને લઈને આવી પડે છે; અને જે બાહ્ય ચિહ્નોસહિત હુમલો કરવો શરૂ છે. જેવી રીતે આપણે ઈંદ્રજાળ જેવાં સ્વપ્નાંઓને વિસારી દઈએ છીએ તેવીજ રીતે આપ હોકોનાં સારાં નરસાં વર્નન અને સારી નરસી વાતો આપણા મનમાંથી કાઢી નાખવી જોઈએ સ્વપ્ન સારૂં કે નરસું ગમે તેવું હોય પરંતુ આપણે કાંઈ તેનું સમાધાન કરવાનો કે તેન સાથે કડક કરવાનો પ્રયત્ન કરતા નથી. એ બાબતમાં આપણે કાંઇ પણ કરવાનું હોય તે માત્ર આપણું જરૂર સુધારવાનું હોય છે. આ પ્રમાણે સારા નરસા મનુષ્યો કે જેઓના પ્રસંગમાં આપણે આવીએ છીએ, તેમના સંબંધી વિચાર આપણે આપણા મનમાંથી તદ્દન કાઢી નાખવો જોઈએ, અને આપણું અંતઃકરણ સુધારવા તરફજ પુરતું લક્ષ આપવું જોઈએ. આ બાહ્ય દેખાતાં દુઃખો અને નસીબને તમારી અને ઈશ્વરની વચ્ચે આવવા દેશો નહિ. એટલા બધા ગુન્હા અને અપમાન જગતમાંજ છેજ નહિ કે તમારે તેને ક્ષમા આપવાની દૂર રહે.

ઈશ્વર કરતાં કોઈપણ વસ્તુને વિશેષ ગણવી ન જોઈએ, કારણ કે કોઇ પણ વસ્તુની તુલના ઈશ્વરની બરોબર કરી શકાય એમ નથી. જો આપણે પોતાને સ્તુતિ, નિંદા અને વ્યાધિને અધીન માનતા હોઈએ, તો એ ત્રણે સરખી રીતે આપણાં વિનાશક છે. તમે ઈશ્વરનો સાક્ષાત્કાર કરો અને ઈશ્વરમાં આનંદનાં ગીતોનું ગાન કરો. રામ જેવી રીતે શારીરિક દુઃખોને ઈશ્વરના દરબાર તરફથી નિયોજાયલા દરવાન તરીકે ગણે છે, તેવીજ રીતે સ્તુતિ અને નિંદાને તમે ગણો.

આ દરવાનો ઈશ્વરના પરમ રાજ્ય તરફથી આપવામાં આવેલી સર્વ સત્તાથી કહે છે કે, "મમત્વરૂપી આ ઘરમાંથી એકદમ તમે બ્હાર ચાલ્યા જાઓ!" જ્યારે હું એ દરબારી સિંહાસન ઉપર બેસું છું, ત્યારે તેઓ મારી આજ્ઞાને તાબે થાય છે; અને જ્યારે હું દેહા-ધ્યાસમાં પ્રવેશ કરૂં છું, ત્યારે તેઓ મારે તાબે નથતાં મને ત્રાસ આપે છે.

રાજ્યો કે જેનાં બંધારણો આ વિશ્વના દિવ્ય નિયમોને અનુસરીને કરવામાં આવેલાં નથી, તેનો પણ વિનાશ થાય છે. મનુષ્યો કે જેઓ આ મારૂં છે, તે મારૂં છે, એમ પોતાનો હક્ક સાબીત કરવામાંજ અને એ સર્વનો પોતાને માલીક માનવામાંજ પોતાનું જીવન ગાળે છે, અને એવું માને છે કે આ સર્વ ઈશ્વરી અનુગ્રહથીજ થાય છે; તેઓ ઈશ્વ-રના સત્ય નિયમના વિરોધીઓજ છે. એ સત્ય નિયમ પ્રમાણે આપણને માત્ર જે હક્ક છે, તે ઈશ્વર સત્ય છે અને તે સિવાયનું સર્વ મિથ્યા છે, એજ છે. બીજાઓ આ સિદ્ધાંતને માન્ય ન કરે, તોપણ સંન્યાસીએ તો કોઈપણ પ્રકારે તે નિયમને પોતાના જીવનમાં ઉતા-રવોજ જોઈએ.

ઈશ્વરી નિયમ એ સર્વવ્યાપી છે, એ સર્વનો પરમાત્મા છે, અને રામ તેને આજ અર્થમાં ...છે; તોપણ તેણે આપણા સ્વાર્થી ભાવનો તો નાશ કરીજ નાખવો જોઈએ. તે ક્રૂર છે, પરંતુ ...ી ક્રૂરતા એ પ્રેમનું સત્ય છે, કારણ કે બાહ્ય સ્વરૂપના નાશની અંદરજ સત્ય સ્વરૂપ અને ...ંત જીવનનું પુનરૂજ્જીવન રહેલું છે. જે બાહ્ય અનાત્મ રૂપોને સેવે છે; અને તે સર્વનો ...ધિસજ થવા જાય છે; તેને ગીધડાં જેવી રીતે જનાવરને ફાડી ખાય છે, તેવી રીતે દંભની ...ી ટેકરી ઉપર ફાડીને ખાઈ જવામાં આવે છે. પરિચ્છિન્ન જીવાત્માને માટે વેદાંતની સ્વ-

તંત્રતા એટલે કે ઈશ્વરી નિયમમાંથી બાદ થવાપણું જરા પણ નથી. આ તો God (ઈશ્વર) ને તેના ઉંધા સ્વરૂપમાં Dog (શ્વાન) માં ફેરવવા જેવું છે. આવી ભૂલને લઈને દરેક કલાકે લાખો જીવોનો નાશ થાય છે. હજારો લોકો 'આ દુનિયા દુઃખરૂપ છે' એવા વિચારમાં દદ થતા જાય છે; અને ઈશ્વરી નિયમના મૂર્ખતાભર્યા વિપરીતપણાને લઈને લાખો મનુષ્યો દરેક ક્ષણે વિનાશ પામે છે. પોતે ઈશ્વરી નિયમરૂપ બનવાથીજ ઈશ્વરી નિયમમાંથી મુક્ત થવાય છે, અને ઈશ્વરી નિયમરૂપ બનવું એ શિવોઽહમ્ નો સાક્ષાત્કાર કરવો છે. જેઓ ભ્રાંતિથી ઈંદ્રિયોના સુખને ખરૂં માને છે તેઓ રેતી ઉપર ઇમારત ચણી ડૂબીને મરણ પામે છે. આવા લોકો શબ્દાર્થમાંજ-શબ્દની જાળમાંજ રમનારા અને રામની નામ રૂપાત્મક વસ્તુમાંજ સુખબુદ્ધિ કરનારા હોય છે. ઈશ્વર (બ્રહ્મ) એ સત્ય છે; સર્વ જગત મિથ્યા છે અને ઈશ્વરી નિયમ એ હાજરાહજુર છે, એવી જેના હૃદયમાં વાચ્યાર્થની પ્રતીતિ છે તેમનીજ ઇમારત દ્રઢ ખડક ઉપર છે.

આ શરીરને ભલે યુક્તિબાજ, સ્વાર્થી, દંભી, અહંકારી વગેરે છુટથી કહેવામાં આવે; અને પછી લોકો જેને અપમાન કરવું, લાતો મારવી, અને મારી નાખવું કહે છે તેવું ભલે કરવામાં આવે; પરંતુ (સર્વેના આત્મારૂપ) મને શું છે?

અવિચળ સત્ય તે હુંજ છું, અવિચળ નિયમ તે હું છું,
મને જે જાણવું તે હું, મને તારો થવું લેખું.
મને તાજો થવું તે તો જવું એ ઉચ્ચ સ્થિતિમાં,
નહિ તાજો થશો તેથી નથી કંઈ દુઃખ મને એમાં.
અવજ્ઞા જો કરો મ્હારી, નહિં ચિંતા મને જાણો,
ઉલ્લંઘન સત્યનું કરતાં, કરો છો નાશ પોતાનો.

આ કાંઈ ખાલી ધમકી નથી, પરંતુ અટલ સત્ય છે. જેટલું આપણને મનુષ્યની લાગણી માટે માન હોય છે નિદાન તેટલું તો આપણને સત્ય (ઈશ્વર અને ઈશ્વરી નિયમ) ને માટે હોવુંજ ઘટે છે. ઈશ્વરી નિયમની નિમકહલાલી અને નિર્દોષ વફાદારીથી મનુષ્યોનાં હૃદય કદાચ ભગ્ન થાય તો તેથી તેને માટે આપણે કાંઈ જવાબદાર નથી. આપણે તો જવાબદાર માત્ર ઈશ્વરી નિયમનો ભંગ નહિ કરવાને અર્થે છીએ-એજ આપણી સર્વ કરતાં વિશેષ અને ગંભીર જવાબદારી છે. જેને આપણે આપણા પ્રિય અને નિકટના સંબંધીઓ કહીએ છીએ, તેઓના ઇશ્વરી નિયમ વિરૂદ્ધના તુરંગોને તાબે થવાથી આપણે તેમને માટે અને આપણે માટે આપત્તિને તેડું કરીએ છીએ. ઈશ્વર કરતાં આ વિશ્વમાં કોઈ પણ આપણને વધારે નિકટ નથી. ઈશ્વર (સત્ય અને ઈશ્વરી નિયમ) કરતાં આપણને કોઈ પણ અધિક પ્રિય ન હોવું જોઈએ.

वयं सोमव्रते तवमनस्तनुषु बिभ्रतः यजुर्वेद.

ભાવાર્થઃ—હે સોમ! (હે ઈશ્વર! હે નિયમ!) કેવળ તારે અર્થેજ અમે આ શરીરમાં મનને ધારણ કરી રહ્યા છીએ.

વેદ-કાળમાં અમુક પ્રસંગોમાં કુમારિકાઓ અગ્નિની આસપાસ ટોળે મળતી અને નીચેનો મંત્ર ગાતી ગાતી તે પ્રજ્વલિત અગ્નિની આસપાસ પ્રદક્ષિણા કરતી.

त्र्यम्बकं यजामहे सुगन्धिं पतिवेदनम् ।
उर्वारुकमिव बन्धनादितो मुक्षीय मामुतः ॥

ભાવાર્થઃ—શુભધમય અને પતિને બ્રાહ્મણના સંબંધ (સર્વ દશા)નું અમે યજન કરીએ છીએ; ફેતરામાંથી જેવી રીતે અનાજ છૂટું પડે તેવી રીતે અમે બંધન (પિતૃગૃહ) થી મુક્ત થઈએ; પરંતુ પતિના ગૃહથી કદીએ નહિ. પ્રાચીન કાળની આર્ય કુમારિકાઓની આ દર્પના સમના હૃદયના ઉંડાણમાંથી સ્ફુરી રહી છે અને તેની સાથે આવેશથી આ આંસુઓ વહી રહ્યાં છે.

હે ઈશ્વર ! હે નિયમ ! હે સત્ય ! આ હૃદય અને મસ્તકમાં તમારા સિવાય બીજા કોઈનો સંબંધ થાય તો તે તત્કાળ ચૂર્ણ થઈ જશે ! તમારા સિવાય આ રક્તવાહિનીઓ અને નસોમાં બીજા કોઈ વિચાર વહે તો આ રૂધિર તરત ઠરી જશે !

आहम जानिगर्भधमा स्वमजानिगर्भधम् ।

ભાવાર્થઃ—જેવી રીતે સ્ત્રી પતિના સંબંધમાં જાય તેવી રીતે હું તમારા સંબંધમાં આવીશ. હું તમારી સમીપ ને સમીપ આવીશ, હું તમારા શરીરના પવિત્ર રસનું પાન કરીશ, હે નિયમ! હે સ્વતંત્રતા ! હું તમારોજ ગર્ભ ધારણ કરીશ.

અમે શું શિવાય સાથે લગ્ન નથી કર્યું ? સત્યની સાથે અને નિયમની સાથે શું તેણે લગ્ન નથી કર્યું ? વેશ્યાની માફક બીજામાં આસક્તિ અને બીજા સાથે સંબંધ તેને હશે એમ શું તમે માનો છો ? 'મેરે તો ગીરધર ગોપાલ દુસરા ન કોઈ' જો કંઈ પણ તું મને આપે, તો એજ આપ, તે સિવાય બીજું કાંઈ પણ નહિ.

આ કાંઈ ગપ ઉડાવો નથી, તેમજ આ કાંઈ કોઈને નુકશાન કરવાને સ્વાર્થી બાગ નથી. રામે શો અપરાધ કર્યો છે કે તમે તેને સાંસારિક સંબંધોના સંકુચિત કુંડાળામાં ઘસડી જશો ? મહેરબાની કરીને તેને જવા દો. તમારી સહીસલામતીને ખાતર તેને જવા દો. તેને એકલોજ રહેવા દો. તેમાંજ તમારા દેશનું અને મનુષ્ય જાતિનું કલ્યાણ રહેલું છે. તમે એમ ધારો છો કે તમે તેના શરીરની બરાબર સંભાળ નહિ રાખો તો તે એકલો ને એકલો મરણ પામશે ? ના, એમ બને એમ નથી. ઈશ્વર (બ્રહ્મ) સત્ય છે અને ઈશ્વરમાં જીવન ગાળનારને આપત્તિ જણાતી નથી, ઈશ્વરે નિર્માણ કરેલું કાર્ય પૂરું થતા પહેલાં આ શરીર કદીએ પડવાનું નથી.

કોઈ પણ મનુષ્યની પવિત્ર પ્રતિજ્ઞામાં વચ્ચે માથું મારવું એ ઠીક કહેવાય નહિ. તે મનુષ્ય પોતે અને પોતાના વિચારની વચમાં કોઈને આવવા દેશે નહિ. ના, મૃત્યુને પણ નહિ. ઈશ્વરના અસ્તિત્વ વિનાના ઈતિહાસના વાચનમાંથી ઉછીના લીધેલા વિચાર પ્રમાણે કોઈએ પોતાનું જીવન બાંધવાને પ્રયત્ન કરવો નહિ. આ મૂર્તિમાન રામપ્રતિ જે તમારી ભક્તિ અને પ્રેમ છે, તે સહિત તમે એક બાજુ જતા રહો; કેમકે સત્ય સ્વરૂપ રામ કે જે સર્વનો આત્મા છે તેને માટે એ અપમાનકારક છે. નામરૂપાત્મક સ્વપ્નમાંથી તમે જાગૃત થઈ જાઓ. જેવી રીતે રામે ઈશ્વરી નિયમના જીવનથી પોતાના અજીર્ણ રોગનો જડમૂળથી નાશ કર્યો છે, તેવી રીતે તમે તમારા જીવપણાની ભ્રાંતિ અને દેહાધ્યાસનો જડમૂળથી નાશ કરી નાખો.

ઇન્દ્રિયોના સુખની આસક્તિ ઉપર આત્માના બાળી નાખે એવા પ્રજ્વલિત પ્રકાશને પ્રકટાવી તેને બાળી ભસ્મ કરી નાખો. તમારા હૃદયમાં સંસારી વાસનાને અવકાશ આપશો નહિ, અને સત્ય સ્વરૂપ રામથી સદા તમારા હૃદયને ભરપૂર રાખજો. "મારા પ્રિય જન સિવાય અન્યના વિચારને મારા હૃદયરૂપી નગરની બહાર કાઢી મૂકો." શું ઇંદ્રિયના સુખના વિષય જેટલો પણ ઈશ્વર તમને પ્રિય નથી ? લોકો ઈશ્વરમાં પ્રેમ કરતાં અચકાય છે; કારણ કે

તેઓ એમ માને છે કે જગતના મિથ્યા પદાર્થોપરના પ્રેમની પેઠે ઈશ્વરપરના પ્રેમથી પણ તેમનું કાંઈ વળશે નહિ; પરંતુ આ એક મૂર્ખતાભરેલું અજ્ઞાન છે કે જેને લઈને લોકો ભ્રાંતિમાં પડયા છે. હે પ્રિય જનો! તેનું હૃદય તો તમારા હૃદયની સાથેજ તત્ક્ષણ ઉછળવા લાગે છે.

બહાર દેખાતા મિત્ર અને શત્રુના વર્તનનું કારણ બીજે કયાંય શોધશો નહિ. સત્ય કાર્યકારણભાવ તો તમારા સત્ય સ્વરૂપ આત્મામાંજ રહેલો છે; માટે ત્યાંજ તેને શોધો.

એક નાનું પક્ષી કે જેણે હમણાંજ ઉડવા માંડયું છે, તે એક પથ્થર કે ડાળીને છોડે છે, કે તરતજ તેવે બીજે ઠેકાણે જઈને બેસે છે, ત્યાંથી વળી કોઈ બીજા આધાર ઉપર અને ત્યાંથી કોઈ બીજા આધાર ઉપર, એમ અહીંથી તહીં તે ઉડયા કરે છે; પરંતુ તે જેવી રીતે એકદમ પોતાના આધારની વસ્તુને છોડી દઈ ઉંચે આકાશમાં ઉડતું નથી; તેવી રીતે બ્રહ્માનંદનો નવીન અભ્યાસી પણ એકાદ પદાર્થ કે એકાદ મનુષ્યની આસક્તિમાંથી પોતાનું મન ઉઠાડે છે, તો તરતજ કોઈ બીજા પદાર્થમાં તેનું મન આસક્ત થાય છે. ત્યાંથીએ તે પાછું પોતાનું મન ઉઠાડે છે તો તરતજ તેવીજ કોઈ બીજી મિથ્યા વસ્તુમાં જઈ તે વિરામ પામે છે; પણ તે એવા ક્ષણભંગુર પદાર્થના અવલંબનનો ત્યાગ કરતો નથી, તે સંસારની સર્વ વાસનાનો એકદમ ત્યાગ કરી શકતો નથી. અનુભવી જ્ઞાની તો આ જગતની દગો દેનારી મિથ્યા વસ્તુઓને અનંત બ્રહ્મમાં છલંગ મારી અવગાહન કરવાના એક પગથીઆ સમાનજ બનાવી દે છે. જગતમાં નાના અનુભવને પણ અનંત બ્રહ્મમાં છલંગ મારી નિમજ્જન કરવાના એક પ્રસંગરૂપ બનાવવામાં આવે છે, એ ધર્મની કરામત છે. આ સર્વ દૃશ્ય પદાર્થો પરિચ્છિન્ન હોવાથી જ્યારે તે પદાર્થોનો એક પછી એક એમ બહારથી ત્યાગ કરવામાં આવે છે ત્યારે હૃદયમાં આંતર ત્યાગ કરવાના સંસ્કાર પડતા જાય છે. દેહાભિમાન અને દેહાધ્યાસનો નાશ કરવો એ સત્ય જીવનનો નિયમ છે, એને જે જાણતો નથી તે ખરેખર હજી અજ્ઞાનના ઘન અંધકારની શોચનીય સ્થિતિમાં રહેલો છે. સત્યરૂપી ત્રિશૂલ એ દેહાભિમાન અને દેહાધ્યાસને નિર્મૂળ કરી નાખે છે. દેહાભિમાન અને દેહાધ્યાસને નિર્મૂળ કરવો એજ અનંત જીવનનું પુનરુજ્જીવન છે. તમે અનંત જીવન પામો, એવો મારો તમને આશીર્વાદ છે.

જીવન-મૃત્યુ.

જ્યારે રામે લાહોર છોડયું ત્યારે તે વિષ્ણુપુરાણ કે જે અદ્વૈત સિદ્ધાંતનો એક ઉત્તમ ગ્રંથ છે, તેનું પર્શિયન ભાષાંતર વાંચતો હતો. એ ભાષાંતરમાંથી લેટીનમાં ભાષાંતર કરવામાં આવેલું છે, કે જેનો આધાર ઇમર્સન, થોરો અને એવાજ જીવનવાળા બીજા મહાન પુરૂષો પોતાના ગ્રંથમાં લે છે. વિષ્ણુપુરાણનું પંજાબી ભાષામાં થએલું ભાષાંતર પણ આ પર્શિયન ભાષાંતરમાંથી કરવામાં આવેલું છે. કાળી કામળીવાળા બાવાનો 'અનુભવ પ્રકાશ' નામનો ગ્રંથ એ પણ પંજાબી વિષ્ણુપુરાણનોજ સુધારો છે. આ એક એવા પ્રકારનો ગ્રંથ છે કે જે ઉત્તમ મનુષ્ય કેવા ઉચ્ચ પ્રકારનું જીવન ગાળે છે તેનો ખ્યાલ આપે છે; તેમજ તેની અંદર રહેલા આંતર જીવનનું દર્શન કરાવે છે. એક મનુષ્ય* કે જેની પાસે પહેરવાનાં વસ્ત્રમાં અને રહેવાના ઘરમાં માત્ર એક કાળી કામળી સિવાય બીજું કશુ નથી, જે કોઈ રીતે વિદ્વાન કે પંડિત નથી, અને કોઈ એક કુટુંબનેજ પોતે બોજારૂપ ન થઈ પડે તેટલા માટે જે ઘેર ઘેરથી ભિક્ષા માગી પોતાના શરીરનો નિર્વાહ કરે છે; તેના નામે વિના માંધવે આજે અનેક ઉત્તમ ક્ષેત્રો ચાલી રહ્યાં છે, તેમાંજ તેનું રહસ્ય રહેલું છે. આ કાળી કામળીવાળા બાવાને

* [illegible] સ્વામી.

નામે આજે નદીઓપર પૂલ બાંધવામાં આવે છે, રસ્તાઓ તૈયાર કરવામાં આવે છે, ધર્મશાળાઓ બંધાવવામાં આવે છે, અનાજ અને વસ્ત્રો આપવામાં આવે છે, વિદ્યાનો પ્રસાર કરવામાં આવે છે, અને ગરમ ધગધગતી રેતીનાં મેદાનોમાં અને હિમાલય પર્વતની ઉંચી ટેકરીઓમાં કામ વગરના રખડતાઓને કામે લગાડવામાં આવે છે.

સાંસારિક યુક્તિઓથી ખરૂં કામ થતું નથી, ઈશ્વરી જીવનથીજ કામ થાય છે. કેટલાકને સંસારની ધાંધલ વચ્ચે ઉદ્યોગી જીવન ગાળવું એ પ્રભુપરાયણ જીવન ગાળવામાં પરોક્ષ મદદરૂપ થઈ પડે છે; કેટલાકને એકાંતવાસજ પ્રભુપરાયણ જીવન ગાળવામાં મદદરૂપ થાય છે; કેટલાએકને એ પ્રભુપરાયણ જીવનને માટે "આપત્તિ" "ઉત્તમ તક" થઈ પડે છે; કેટલાએક તુમુલ યુદ્ધમાં પોતાની છાતીને બંદૂકની ગોળીઓને ઝીલવાની ઢાલસમાન કરીને શરીરનું ભાન ભૂલી જાય છે, અને દુનિયામાં વીર પુરૂષો તરીકે પ્રસિદ્ધિ પામે છે. કેટલાએક કળાઓ (ચિત્રકળા વગેરે) માંજ પોતાનું જીવન અર્પણ કરીને અમર જીવન પ્રાપ્ત કરે છે. ચોર જેવાઓ પણ જો કોઈના ઘરમાં પેસીને ચોરી કરવામાં ફતેહમંદ નિવડે છે, તો તે પણ એ "શબ્દ અને વિચાર વગરની આત્મ સમર્પણવાળી અવર્ણ્ય સ્થિતિ"ના અજ્ઞાનપૂર્વકના અવલંબનનુંજ પરિણામ છે; પણ એમાં પાપબુદ્ધિ અને અસાર દ્રવ્ય સંપત્તિને સત્ય માનવાપણું રહેલું હોવાથીજ મનુષ્ય પોતાના ઉપર ઈશ્વરી નિયમનો કોપ વહોરી લે છે.

જેટલા પ્રમાણમાં આપણે જીવતા છતાં મૃત્યુ પામેલા જેવા બનીએ છીએ તેટલાજ પ્રમાણમાં આપણું કાર્ય સિદ્ધ થાય છે. સંસારમાં રહીને આવું જીવન-મૃત્યુનું જીવન ગાળવાથીજ આપણું કાર્ય પાર પડે છે; નહિ કે સંસારનો ત્યાગ કરીને માત્ર એકાંત સેવવાથી. અજ્ઞાન જીવન ચરિત્ર લખનારાઓ કેવળ બાહ્યસ્વરૂપને નિહાળીને તેનેજ જીવનસિદ્ધિનું કારણ માને છે અને તેના આટલા અનુયાયીઓ છે એમ જણાવે છે; પરંતુ કાર્યસિદ્ધિના ખરા આત્માને તેઓ જોતા નથી. મારા સંબંધમાં કહું તો જે ઝાડ નીચે બેસીને હું લખું છું, તે ઝાડ ઉપરનાં પક્ષીઓ જે કલરવ કરે છે, તેને લઈનેજ જાણે કે મારૂં કાર્ય સિદ્ધ થતું ન હોય! એમ મને લાગે છે. આપણી બાહ્યસ્થિતિ અને પ્રસંગ એ કાંઈએ નથી. જ્યારે કોઈ યોદ્ધો વિજયી નિવડતો, ત્યારે તેના વિજયનું ખરૂં કારણ પ્રાચીન ઋષિ-મુનિઓ બરાબર જોઈ શકતા હતા; તેઓ તેના વિજયનું વાસ્તવિક કારણ આંતર (ઈંદ્ર) અને બાહ્ય (વરૂણ) દેવ છે, એમ તેઓ જણાવે છે.

सुदा समिन्द्रा वरुणा वंसात्ततम् ॥ ઋગ્વેદ.

"સસલીઓ ગરૂડ પક્ષીઓનો પરાજય કરે છે," આવાં બુદ્ધશાસ્ત્રનાં વચનોનો આપણે આપણા જીવનમાં દરરોજ અનુભવ કરીએ છીએ, અર્થાત્ ખરેખર જેમાં આપણી આશા હોય છે એવા પરપોટાઓ ફુટી જાય છે. કાર્લાઈલના શબ્દોમાં કહીએ તો નાખી દીધેલી ઈંટોનેજ મહેલના આધારરૂપ પાયામાં ચણેલી જોઈએ છીએ. બહારની પરિસ્થિતિ ઉપર કશો આધાર નથી, સંસારનું ડહાપણ આપણા વિજયનું લવલેશ પણ કારણ નથી. આપણા બધા બાહ્ય સંબંધો, મિત્રાચારી, સંપત્તિ અને બાહ્ય વસ્તુઓની આપણી આશાઓ તથા વિશ્વાસો અને બીજાં એવાં સર્વ બાહ્ય સાધનો તે કેવળ ભ્રમ અને ભ્રમનો પણ ભ્રમ છે. તેનું મિથ્યાપણું સાબિત કરવાને સુરેશ્વરાચાર્ય અને શંકરાચાર્યની સૂક્ષ્મ બુદ્ધિની જરૂર નથી. જેઓને નેત્ર છે, તેઓને એકાદ રાક્ષસી તોપના મહાન અવાજની પેઠે વેદાન્ત આ હકીકત પ્રત્યક્ષ સિદ્ધ કરી આપે છે.

तत्त्वमस्यादि वाक्यानां स्वतः सिद्धार्थबोधनात् ।
अर्थान्तरं न संद्रष्टुं शक्यते त्रिदशैरपि ॥

આપણું મહાત્માપણું, સુધારકપણું, માન, પદવી, સંબંધ એ વગેરે ગઈ રાત્રિના સ્વપ્નતુલ્ય વાદળાંના આકારો કરતાં અને બગડેલા મગજને દેખાતાં ભૂત પિશાચો કરતાં કાંઈજ વિશેષ નથી. જ્યારે આપણે રામથી બહિર્મુખ થઈએ છીએ ત્યારેજ આપણને રસ્તો જડતો નથી, ઈશ્વરી નિયમના માર્ગને ભૂલી જઈએ છીએ અને અંતે દુઃખ ભોગવીએ છીએ. અને જ્યારે આપણે ઈશ્વરાભિમુખ થઈએ છીએ ત્યારે સત્ય માર્ગ, સત્ય વૃત્તિ, અને સત્ય વલણ સ્વાભાવિક રીતે જ આપણા હૃદયમાં સ્ફુરે છે અને તે આપણને પૃથ્વીના રમણીય ભાગો, પર્વતોના દેખાવો, શાંતિનાં આનંદજનક ઝરણાંઓ, ઉત્કર્ષ અને પવિત્રતા પ્રત્યે લઈ જાય છે; ગુપ્તકર જ્યોતિ આપણા હૃદયમાં પ્રગટે છે અને તે આપણી તરફ જીવન અને પ્રેમને આકર્ષે છે. પ્રાચીન ઋષિઓને જેવા રૂદ્ર દેવ હતા તેવોજ મને મૃત્યુમાં જીવનનો નિયમ ઉગ્ર અને અગાધ જણાય છે. તેની અવગણના કરશો એટલે એકદમ તમારા હૃદય તરફ પ્રહારો અને બાણો છૂટશે.

नमस्ते रुद्र मन्यव उतोतइषवेनमः । बाहुभ्यां उत ते नमः

ભાવાર્થઃ—હે રૂદ્ર! (અર્થાત્ ઈશ્વરી નિયમ) તારા કોપને મારા નમસ્કાર છે. તારી અમોઘ શક્તિને મારા નમસ્કાર છે. તારા સુદૃઢ બાહુને મારા નમસ્કાર છે.

આપણા પ્રત્યેક અલ્પમાં અલ્પ અનુભવમાં પણ ઉત્તમ ઈતિહાસ રહેલો છે. આપણે તે વાંચતા નથી. જો આપણે યોગ્ય માર્ગ સ્વીકારીએ તો જેવી રીતે એકાદ રંક મનુષ્યથી મહાન પોલ થઈ શકવું સુગમ છે, તેવીજ રીતે તેનાથી બુધ અને ક્રાઈસ્ટ થઈ શકાવું પણ સુગમ છે. યોગ્ય માર્ગ સ્વીકારવો એનો અર્થ એજ કે આપણી અંદર રહેલા અહંત્વનો ત્યાગ કરી ઈશ્વરને જીવન સમર્પણ કરવું. એક મિયાનમાં બે તરવારો રહી શકે નહિ. સ્તુતિ અને નિંદા કે જેનો આપણા ઉપર વર્ષાદ વર્ષે તોપણ તેના તરફ લક્ષ ન આપવાની જો આપણે આપણી શક્તિ ખીલવીએ, કર્તાપણાના જ્વરથી મુક્ત થઈએ, જીતવું અને મેળવવું એવો આપણા જીવનનો ઉદ્દેશ ન રાખીએ, સત્યના હિમાયતી બનવા કરતાં જો આપણે સત્યસ્વરૂપ થવા ઇચ્છીએ, સૂર્ય આખો દિવસ પ્રકાશ આપનો હોવા છતાં જેમ તેને તે બદલના માનની ઈચ્છા નથી, તેવી રીતે પોતાની બધી શક્તિઓનો ઉપયોગ કરવા છતાં તેનું માન લેવાની જો આપણે ઈચ્છા ન કરીએ, તો નક્કીજ જાણો કે આપણે ઈશ્વરના પણ ઈશ્વર થઈ શકીશું.

જગત આપણે માટે શું કરે છે તેના આપણે જે ક્ષણે વિચાર કરવા માંડીએ છીએ તેજ ક્ષણે આપણે સત્ય જીવનથી-અહં મમત્વરહિત જીવનથી-ચ્યુત થઈએ છીએ. મિત્રો! જગત છેજ નહિ. જગત પણ નથી ને તેની વાતો પણ નથી. સત્ય માત્ર એક ઈશ્વરજ છે.

જેવી રીતે સુવર્ણને વિશુદ્ધ કરવાને અગ્નિ આવશ્યક છે તેવી રીતે આપણા ચારિત્ર્યને ખીલવવા માટે દુઃખ પણ આવશ્યક છે, તેનું શું કારણ છે? બીજ અન્ય તત્ત્વોમાં ભળીને જ્યારેજ વૃદ્ધિ પામે છે. ખાણમાંથી નીકળતા મેળમિશ્રિત ધાતુના ગઠ્ઠાઓને શુદ્ધ ધાતુરૂપે બનવા આગડે ઘા ખમી કટકે કટકા થઈ જવું પડે છે અને બહુના અગ્નિ તાપમાં બળવું પડે છે. ભાગ દેખાવો અને ઝાગ્રતીઓમાં દોરવાઈ ગયેલો મનુષ્ય આશા અને ઉમેદોથી

ત્તેજીત થઈને તેમાં શ્રદ્ધા રાખી આગળ ને આગળ દોડે છે; પરંતુ તેવામાં તરતજ તેના માથા ઉપર સખત આઘાતનો પ્રહાર થાય છે. આવી અને બીજી આવશ્યક વિધિ થયા પછી કાર્યસિદ્ધિ તેને વધાવી લેવાને આગળ આવે છે. જો આ નિયમજ છે તો પછી લોકો તેને ભલે ગમે તેવો જણાવે. ઈશ્વરી જીવનથી ગમે તે રીતે પણ વિમુખ થયા વગર, જીવતાં મરવાના-સ્વાભિમાનથી દૂર રહેવાના પંથમાંથી પતન થયા વિના, અમસ્તુંજ ક્રાઈસ્ટને દુઃખ ભોગવવું પડયું નહિ હોય. તેમ છતાં તેને માથે ગુજારવામાં આવેલા જુલમ અને ત્રાસેજ તેને પ્રમત્વની પૂર્ણ સ્થિતિમાં આણ્યો. ઈશ્વર કે જે કાલાતીત છે તેની અંદર સંપૂર્ણ દેહાભિમાનો ભોગ આપ્યા પછી થોડાજ કલાકે-ફાંસી ઉપર તેનું બાહ્ય મૃત્યુ થવા પહેલાં-તેને સદા સર્વકાળનું અનંત જીવન પ્રાપ્ત થયું; પરંતુ આવા દુઃખ અને ત્રાસ પછી તરતજ સુખ અને આનંદ આવે, એવો કાંઈ નિયમ નથી. કેટલીક વખત તો ઉપરાઉપરી એક પછી એક દુઃખજ આવ્યા કરે છે. લોકોની કહેવી પણ છે કે આપત્તિ આવે છે ત્યારે તે સામટીજ આવે છે. થોડીજ આપત્તિથી જો આપણે સમજીને ઈશ્વરી માર્ગ તરફ વળીએ તો તેજ વખતે ખરા જીવનનો પ્રકાશ આપણા ઉપર પડે છે; પરંતુ જો આપણે એ થોડી આપત્તિથી ન ચેતતાં ઈશ્વરી નિયમનું ઉલ્લંઘન કર્યાજ કરીએ તો પછી આપણા શિર ઉપર પૂરેપૂરી આપત્તિ આવે છે. આ વજ્ર સમાન અને ગહન નિયમને જો કળવામાં ન આવે તો આપણા ઉપર આઘાત અને પ્રહારોની વૃષ્ટિ થયાજ કરવાની. જેઓ આમાંથી પસાર થઈ જાય છે તેઓજ અદ્ભુત નવીન જીવનની સ્થિતિ અમર જીવનને પામે છે. વરાળયંત્ર શોધાયું નહોતું ત્યાંસુધી આપણે વરાળશક્તિનો ઉપયોગ કરી શકતા નહોતા; પરંતુ તે યંત્ર શોધી કાઢયા પછી પણ શામાટે વરાળશક્તિને વિના ઉપયોગે વૃથા જવા દેવી જોઈએ? અને એવીજ રીતે સત્ય જીવન, આનંદમય જીવન, જ્ઞાનમય જીવન પ્રાપ્ત કરવાનું યંત્ર યાને અહં મમત્વનો ત્યાગ કરવારૂપ ઉપાય જ્યારે શોધી કાઢવામાં આવેલો છે ત્યારે પછી શામાટે દુઃખ અને આપત્તિને મનુષ્યજાતિ ઉપર સત્તા ચલાવવા દેવી જોઈએ?

કેવળ શારીરિક જીવનમાંજ અનુરક્ત થવું, એ આ પરિમિત દુનિયાના રાજ્યની દૃષ્ટિએ કોઈ રીતે ગુન્હો નથી; પરંતુ બ્રહ્માંડના પરમ રાજ્યની દૃષ્ટિએ તો તેજ ખરો ગુન્હો છે કે જે ગુન્હાની બીજા બધા ગુન્હાઓ વાડી વાડી શાખાઓ છે. એકજ માત્ર દર્દ છે અને તેને માટે ઉપાય પણ એકજ છે. 'ब्रह्म सत्यं जगन्मिथ्या' આ વેદાન્તના નિયમનું ઉલ્લંઘન કરવું એજ, ઘડીમાં આ તો ઘડીમાં બીજું એમ અનેક સ્વરૂપો ધારણ કરનાર બધા દુઃખો આપણાપર લાવવાના મૂળરૂપ છે. અને આપણું સત્ય સ્વરૂપ ઈશ્વરમાં સ્થિત થવું એજ તેનો ખરો ઉપાય છે. પોતાની જાતને જો આપણે એક વખત ભૂલ્યા તો સ્વાભાવિક રીતેજ એક પછી એક એમ વધારે ને વધારે ભૂલો થયાજ કરે છે.

શું આ વાતો કેવળ સ્વપ્નના વિલક્ષણ જીવનની કલ્પના છે, અને તે સમાજમાં મનુષ્ય જાતિને કશીએ કામની નથી?

જ્યાંથી ભરપુર જળાશયની આસપાસની ચારેકોર જમીનપર કોઈ પણ જાતની વનસ્પતિ ઉગતી નથી. વનસ્પતિ ઉગેલી ન હોવાથી કોઈ ખેડુત પોતાનાં ખેતરોને પાણી પાવાની ના પાડે તો શું એ કારણ અને ફુલ યોગ્ય કહેવાય? આમ કેવળ એજ નિયમનું કથન કરે છે કે જે પ્રત્યેક મનુષ્યના જીવનનો ઉપયોગી નિયમ છે. જગતના સર્વ નિયમોને-સ્વસ્થપણ શક્ય, જીવનશક્ય,

અધ્યાત્મશાસ્ત્ર વગેરેના નિયમોને હું નિહાળું છું; અને એ બધા નિયમો, એક સર્વોપરી નિયમનાંજ જુદાં જુદાં સ્વરૂપો છે. કાર્ય કારણ ભાવનો નિયમ, સાંસારિક સંબંધો, આશાઓ, ફરજો એ સર્વ માત્ર સ્થિત્યન્તર પામવાનાં સ્થાનો; * * * માર્ગ ઉપર આવેલી ધર્મશાળાઓ અથવા કુમારિકાઓને રમવાનાં રમકડાં સમાનજ છે. જો એક વખત આપણા આંતર પ્રદેશમાં સૂર્ય પ્રકાશે છે, જો એક વખત આપણે વસ્તુઓનાં સત્ય સ્વરૂપને જાણવા પામીએ છીએ, તો કાર્ય કારણ ભાવ વગેરે નિયમો, નક્ષત્રો અને ગ્રહોની માફક આપણી આસપાસ ફરવા માંડે છે; એટલુંજ નહિ પણ ભોજન વખતે જેવી રીતે બાળકો પોતાની માતા પાસે જાય તેવી રીતે તેઓ આપણી પાસે આવે છે.

यथेह क्षुधिता बाला मातरं पर्युपासते ॥ सामवेद.

બાળકને જેવી રીતે કુદરતી રીતે અને સરળતાથી ચાલતાં શિખવાનું હોય છે; તેવીજ રીતે મનુષ્યને જીવંત મૃત્યુ યાને અહંભાવમાંથી મૃત્યુ પામતાં શિખવાનું છે. આ મૃત્યુ એ એક એવી સ્થિતિ છે કે જ્યાં નોકર એ નોકર નથી, જ્યાં શિષ્ય એ શિષ્ય નથી, જ્યાં રાજા એ રાજા નથી, જ્યાં મિત્ર એ મિત્ર નથી, જ્યાં શત્રુ એ શત્રુ નથી, જ્યાં વાણી એ વાણી નથી, જ્યાં ધમકી એ ધમકી નથી, જ્યાં બંદોબસ્ત એ બંદોબસ્ત નથી, જ્યાં હક્ક એ હક્ક નથી; પણ એ બધું જ્યાં એક ઈશ્વરમયજ હોય છે, માત્ર એક સત્યસ્વરૂપજ હોય છે. જ્યારે તે સત્યની એકતાવડે મનુષ્યનું હૃદય ધડકે છે, ત્યારે તેની સાથે સમસ્ત વિશ્વનું હૃદય ધડકવા લાગે છે. જ્યારે આવી અભેદ સ્થિતિમાંથી મન ચલિત થાય છે ત્યારે સમસ્ત વિશ્વનું મન પણ ચલિત થઈ પોતપોતાના મનદ્વારા ભિન્ન ભિન્ન રીતે પ્રવર્તે છે. જ્યાં સુધી આપણે પોતાના શરીરને બચાવવાની વૃત્તિવાળા અને પોતાને નુકસાન કરનાર પ્રત્યે વેર લેવાની વૃત્તિવાળા છીએ, ત્યાં સુધી આપણે સત્ય જીવનથી ચ્યુત થયેલા-મરણ પામેલા જ છીએ. માન અપમાનનો પ્રસંગ આવતાં તેની જરી પણ આપણા ઉપર અસર થવા ન દેવી એ આપણા મહાનપણાની એક ઉત્તમમાં ઉત્તમ કસોટી છે.

જેવી રીતે કોઈ ગૃહસ્થ, વકીલમાંથી ન્યાયાધીશ થતાંજ આખી કોર્ટના માણસોનું તેના તરફનું વલણ બદલાઈ જાય છે; તેવીજ રીતે આપણે આપણી હાલની સ્થિતિમાંથી-આપણા જીવપણામાંથી-નિસ્પૃહ-નિષ્કામ ઈશ્વરભાવને પામીએ કે તરતજ આખા જગત સાથેનો આપણો સંબંધ ફેરવાઈ જાય છે. અને જેવી રીતે વહાણની ગતિની દિશા બદલાતાં દિશાસૂચકયંત્રની સોય પોતાની દિશા બદલે છે; તેવીજ રીતે દુનિયાની આપણી સાથેની પ્રવૃત્તિ પણ બદલાઈ જાય છે. શું લોકો તમને છેતરે છે ? જો એમ હોય તો માત્ર તમે ઈશ્વરને છેતર્યો છે તેથીજ. પ્રોફેસર જેમ્સનું કહેવું યથાર્થ છે કે દીર્ઘ કાળની હકીકતો (Facts) ના વિચારો કરતાં વર્તમાન કાળનું ઇંદ્રિયજન્ય જ્ઞાન આપણા વર્તન ઉપર ઘણી થોડી અસર કરે છે. આ સત્ય ઉપર આપણું જીવન રચાયલું છે. પશુઓ કેવળ ઇંદ્રિયજન્ય જ્ઞાનથીજ દોરવાય છે. અજ્ઞાનના અંધકારમાં દોરાઈ રહેલો પશુ જીવનવાળો મનુષ્ય જ્ઞાનપ્રકાશમાં આવીને જ્યારે સત્યના પણ સત્ય રૂપને જાણે છે, ત્યારે તેની દિવ્યતા પુનઃ આવિર્ભાવ પામે છે, અને બીજી બાજુએ આ દ્રશ્ય, ક્ષણિક પદાર્થો કે જે પદાર્થો અજ્ઞાનીને માર્ગદર્શક તારાઓ સમાન છે, તે આ દિવ્યતારૂપી સૂર્યના પ્રકાશમાં અદ્રશ્ય થઈ જાય છે.

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥ — भगवद्गीता.

દિવ્ય સભ્યતા–ઈશ્વરી નિયમ.

એક બ્રાહ્મણને જ્યારે જીવતો બાળી નાખવાની તૈયારી થતી હતી તેવામાં તેણે અગ્નિને વિનંતિ કરી કે, "હે અગ્નિ! આ દેહના મમત્વનું ભાન લવલેશ જેટલું પણ મને રહ્યું છે, એવું જો તને લાગે તો આ દેહને જરી પણ બચાવીશ નહિ, તેને બાળી નાખ. કૃપા કરી તેને બાળી ખાખ કરી નાખ." અગ્નિએ તેને માનપૂર્વક જવાબ આપ્યો "મારા માલીક! તું જીવતો રહે અને તારા ચરણમાં મને મરવા દે."

આવો ઈશ્વરી નિયમ છે. વર્તનની સભ્યતામાં ઈશ્વર ઉતરે તેમ નથી.

रुचं ब्राह्मं जनयन्तो देवा अग्रेतदब्रुवन् ।
यस्त्वैवं ब्राह्मणो विद्यात्तस्यदेवा असन् वशे ॥ — यजुर्वेद संहिता.
सर्वाण्येनं भूतान्यभिरक्षन्ति ॥ — बृहदारण्यक उप०
सर्वेऽस्मै देवा बलिमावहन्ति ॥ — तैत्तिरीय उप०

ભાવાર્થઃ—સૃષ્ટિના આદિકાળમાં સૃષ્ટિના ઉત્પાદક દેવો બ્રહ્મા પ્રત્યે બોલ્યા કે–હે બ્રહ્મનિષ્ઠ! જે બ્રહ્મને જાણે છે, તેના અમે આજ્ઞાંકિત દાસ થઈને રહીએ છીએ.

સર્વ ભૂતો તેનું રક્ષણ કરે છે. સર્વે દેવો તેની પાસે બલિ (ભેટ) લઈને જાય છે.

તેના યજ્ઞની વેદીમાં સર્વે દેવો બલિદાન આપે છે.

વેદાંત પ્રત્યે એક મોટો આક્ષેપ.

આ આક્ષેપ એ છે કેઃ—વેદાંત લાગણીઓનો નાશ કરે છે; અને રસિક દૃષ્ટિને ઝાંખી કરી નાખીને નિષ્ઠુર બનાવી દે છે. સંસારના સંબંધોની વેદાંતીને લાગણી રહેતી નથી અને કુદરતના જેવું કેવળ સીધી લાઈનનું વર્તન તેનું થઈ જાય છે.

હા, એવી સ્થિતિ પ્રાપ્ત થાય છે. વેદાંતના ખરા ભક્તને તેના યત્નને લઈને એવી દશા પ્રાપ્ત થવીજ જોઈએ કે જેથી વસ્તુઓ, મનુષ્યો, કાર્ય કારણભાવ, નિર્ણય ઈ૦ સર્વ દેખાવ માત્રજ જણાય.

માનુષી–પાશવી લાગણીઓનો નાશ થઈ જાય છે એ સત્ય છે; પરંતુ તેના બદલામાં દિવ્ય લાગણીનો આવિર્ભાવ થાય છે. કૃત્રિમ પ્રકાશોનો નાશ થઇ તેની જગ્યાએ સૂર્યનો હસતો પ્રકાશ પ્રકાશે છે કે જે આસપાસની સર્વ વસ્તુઓને આનંદમાં ગરકાવ કરે છે.

આધ્યાત્મિક માર્ગનો એક અનુભવી ઓનેસ્ટ કહે છે કે; "પહેલાં આ કદી મારા માનવામાં આવ્યું નહોતું, પણ તે હું હમણાં બધું અનુભવું છું. **જ્યારે તમે તમારી જાતનું ભાન તદ્દન ભૂલી જાઓ છો, ત્યારે જે સ્થિતિ પ્રાપ્ત થાય છે તેના જેવી આ વિશ્વમાં અન્ય કોઈ પણ સ્થિતિ નથી. તેના જેવું અન્ય કોઈ પણ સુખ નથી.** પણ તે તમારે આપું પડશેજ ન કરવું જોઈએ; જો લવલેશ પણ દેહાભિમાન રહેવા પામ્યું તો તો તે જાતનો નાશ કરશે. તમારે તો દેહાભિમાનનો સંપૂર્ણરીતે ત્યાગ કરવો જોઈએ,

અને કોઇ અજાણ્યા મનુષ્ય પ્રત્યે જેટલો તમારો ભાવ હોઈ શકે તેટલો અને તેવોજ ભાવ તમારા મન અને તમારી જાત પ્રત્યે તમારો રહેવો જોઇએ."


વર્ષો સુધીની કરેલી તમારી કાર્યની ઘટનાઓનો અને તમારી કામનાઓનો ત્યાગ કરીને, સારૂં નામ, ખ્યાતિ અને પરિચિત શબ્દોના અવાજનો અને તમારા પ્રત્યે વિંટળાયલા ન છુટે એવા પ્રેમભર્યા હસ્તોનો પરિત્યાગ કરીને, જેવી રીતે આપણા હાથમાં પહેરેલાં મોજાંને કાઢી નાખીએ તેવી રીતે આપણા દીર્ઘ કાળના દેહાધ્યાસને કાઢી નાખી, રોગના ભયનો નાશ કરીને અને કદર થવાની આશાઓને દેશવટો દઈને તથા દેહાભિમાનથી રહિત વિદેહી થઈને વિચરો.

લાંબા લાંબા વખતનાં આવરણોનો પરિત્યાગ કરો. નિસ્પૃહિપણાના દરવાજામાંથી સ્વામીપદના મહેલમાં પ્રવેશ કરો. આત્મજ્ઞાનના દરવાજામાંથી મુક્તિના ખુલ્લા વિસ્તૃત મેદાનમાં વિહરો. જે કાંઈ તમારી પાસે છે, તે સર્વ અન્યને આપી ધો. તે સર્વ ઉપરથી તમે તમારો હાથ ઉઠાવી લ્યો. કોઈ પણ જાતના હક્કવગરના અને કંગાલ બનો, અને પછી જુઓ કે તમે અખિલ બ્રહ્માંડના સમ્રાટ્ અને અધિરાજ બની જશો.

श्रीश्च ते लक्ष्मीश्च पत्न्यावहोरात्रे पार्श्वे नक्षत्राणि रूपमश्विनौ व्यात्तम्। इष्णन्निषाणामुम्। यजुर्वेद.

ભાવાર્થઃ-શ્રી (વિજય) અને લક્ષ્મી (સંપત્તિ), એ તારી સમીપની દાસીઓ છે. દિવસ અને રાત્રિ, એ તારી જમણી અને ડાબી બાજુઓ છે. નક્ષત્રોનો પ્રકાશ એ તારૂં રૂપ છે. આકાશ અને પૃથ્વી, એ તારા (મંદ મંદ હાસ્ય કરતી વખતના) જુદા કરેલા ઉપર નીચેના હોઠ છે. તને કોઈ પણ જાતની અભિલાષા ઇષ્ટ હોય તો તું તેનીજ અભિલાષા કર.





४–विजयी आध्यात्मिक शक्ति.*

પ્રશ્ન:—જેવી રીતે બીજા લોકો આપણને જુવે છે, તેવી રીતે આપણે પોતે પોતાને કેવી રીતે જોતાં શીખી શકીએ?

ઉત્તર:—જેવી રીતે બીજા લોકો તમને જુવે છે, તેવી રીતે જો તમે તમને જોતાં શીખો તો તેમાં તમને કંઇ પણ લાભ નથી. બીજા લોકો, જે **સ્વરૂપમાં આપણે નથી તે સ્વરૂપમાંજ આપણને જુએ છે.** તેઓ આપણું સત્ય સ્વરૂપ જોઇ શકતા નથી. જે લોકો, તમે પરમેશ્વર છો, એવી રીતે તમને જુએ; જે લોકો તમારી અંદર પરમાત્મા છે એવી રીતે તમને જોઇ શકે; જે લોકો તમે દિવ્ય સ્વરૂપ છો એમ તમને નિહાળી શકે; તેજ લોકો તમારા ખરા સ્વરૂપને બરાબર જોઈ શકે છે, એમ કહી શકાય. માતપિતા, ભાઇ-ભાંડુ, સગાં સંબંધી અને મિત્રો, જે વસ્તુ તમે નથી તે વસ્તુ તમે છો, એવો ખોટોજ શોરબકોર કરી રહ્યાં છે. કોઈ તમને પુત્ર કહીને બોલાવે છે, તો કોઈ ભાઈ કહીને, કોઈ મિત્ર કહીને અને કોઇ શત્રુ કહીને, એમ જુદે જુદે નામે બોલાવે છે; અને આવી રીતે તમને તેઓ અલ્પ અને મર્યાદિત બનાવે છે. તમે સારા માણસ છો, એમ કહીને એક માણસ તમને મર્યાદિત કરે છે. બીજો માણસ "તમે ખરાબ છો" એમ કહીને તમને મર્યાદિત કરે છે. ત્રીજો માણસ તમને પ્રશંસા કરી ઉંચે ચઢાવીને મર્યાદિત કરે છે. ચોથો માણસ તમને નિંદીને અને તમારા ઉપર કલંક મૂકીને તમને મર્યાદિત બનાવે છે. તેજ મનુષ્યને ધન્ય છે, અને તેજ મનુષ્ય ખરો સુખી છે, કે જે આવી એકેએક ઉપાધિ અને આવરણને સામો થઇને હઠાવે છે; અને પોતાનું દિવ્ય સ્વરૂપ જે ઈશ્વરત્વ તેને પ્રાપ્ત કરે છે. તે પોતાના સત્યસ્વરૂપ—આત્માને જાણે છે; તે અડગ પુરૂષાર્થથી પોતાના સ્વરૂપનો નિશ્ચય કરી શકે છે; અને તે મનુષ્ય જીવ અને બ્રહ્મની એકતા સમજી શકે છે. આવો મનુષ્યજ આ સર્વ દુનિયાઓને તુચ્છ ગણીને હઠાવી શકે એમ છે. જે ક્ષણે તમે તમારા સત્ય સ્વરૂપમાં નિષ્ઠા પામો છો તેજ ક્ષણે સમસ્ત વિશ્વ તમને ઈશ્વર તરીકે માનવાને બંધાય છે અને વિશ્વે તમને ઈશ્વર તરીકે ગણવાજ જોઇએ.

પ્રશ્ન:—કૃપા કરી તમે રાજયોગનો અર્થ કહો.

ઉત્તર:—રાજયોગ એટલે ચિત્તવૃત્તિનિરોધની રાજપદ્ધતિ અથવા રાજમાર્ગ.

પ્રશ્ન:—વેદાંતને સર્વત્ર પ્રસારવા માટે સર્વમાન્ય એવો કયો ઉત્તમ માર્ગ છે, તે અમને બતાવો.

ઉત્તર:—**વેદાંતજ્ઞાનને સર્વત્ર ફેલાવવા માટે ઉત્તમોત્તમ કોઇપણ માર્ગ કે પદ્ધતિ હોય તો તે વેદાંતના સિદ્ધાંતને પોતાના જીવનમાં ઉતારવો એજ છે.** એજ ખરો રાજમાર્ગ છે. તેના સિવાય તેને માટે બીજો કોઈ પણ ઉત્તમ રાજમાર્ગ નથી.

* સ્વામી રામે યુ. એ. દેશમાં ઈ. સ. ૧૯૦૩ ફેબ્રુઆરીની તા. ૫ મીએ આ ભાષણ આપ્યું હતું.

કેટલાકને હંમેશાં ભૌતિક પદાર્થો જોઈએ છે, સ્થૂલ અને માયિક પદાર્થો તેઓ પોતાના હાથમાં લઈ પોતાના કરવા માગે છે; પરંતુ છેવટે તેઓ તેમાં નિષ્ફળ નિવડે છે. આમ છતાં પણ તેઓ આ માયિક અને ભૌતિક વસ્તુઓનો ત્યાગ કરી શકતા નથી. તેઓને સ્થૂલ રૂપવાળા પદાર્થો જોઈએ છે. આકૃતિ અને રૂપનો તેઓ ત્યાગ કરવા માગતા નથી; પરંતુ બંધુઓ! આ નગદ નાણાંની આકૃતિઓ, આ ભૌતિક પદાર્થો, એ તમારી ઇંદ્રિયોના ભ્રમ સિવાય બીજું કશુંએ નથી. જે પુરુષ આવી નામરૂપાત્મક વસ્તુઓ ઉપર વિશ્વાસ રાખે છે તે કદીએ જય પામતો નથી. પરિચ્છિન્ન દૃશ્ય પદાર્થો ઉપર વિશ્વાસ રાખવાથી કદી પણ વિજય મળી શકે નહિ. વિજયનું રહસ્ય તો સૂક્ષ્મ તત્ત્વ કે જે સત્ય છે, તેના ઉપરજ અવલંબી રહ્યું છે. તે સત્યને સેવો, તેને જાણો, તેનો સ્વાનુભવ કરો, તેને તમારા જીવનમાં ઉતારો, એટલે પછી આ સર્વ નામરૂપાત્મક પદાર્થો પોતાની મેળેજ તમારી પાછળ પાછળ ચાલ્યા આવશે.

એક દૃષ્ટાંત છે કે એક મોટી તાણવાળી નદીમાં બે માણસો તણાયા જતા હતા. તે પૈકી એક માણસે એક લાકડાનું ગઠીયું પકડી રાખ્યું હતું અને બીજા માણસે એક ઝીણી દોરી પકડી હતી. આખરે એ બેમાંથી ઝીણી દોરી પકડી રાખનારો બચી ગયો. આવી રીતે નામરૂપાત્મક સ્થૂલ પદાર્થોનું જે અવલંબન કરે છે તેઓ અંતે નિષ્ફળજ નિવડે છે. સત્યનું સૂક્ષ્મ ઉપર અવલંબન રાખો. જો તમે તમારા સત્ય સ્વરૂપની પ્રતીતિ કરો, એટલે તમારા સત્ય સ્વરૂપનો સ્વાનુભવ કરો, તો પછી તમે આશ્ચર્યમાં રહેશો કે લોકોથી [illegible] કે નહિ તેનો કંઈ પણ પ્રશ્ન નથી. માત્ર એકવાર તમે સત્યનો સ્વાનુભવ કરો. એટલે પછી દરેકે દરેક વસ્તુ અને આ અખિલ વિશ્વ રૂપાન્તર પામી જશે.

અહીં એક ટેબલ છે. ધારો કે તેને તમે આખી ઊંચકવા માગો છો. તે ટેબલનો એક ખૂણો [illegible] તમે તેને ઊંચકો છો. આવી રીતે [illegible] આખું ટેબલ જ્યાં તમે [illegible] શકશો. ઠીક એજ પ્રમાણે આ અખિલ વિશ્વ, એ એક મહાન સ્થૂલ ટેબલ છે; અને આ તમારું શરીર એ તેના એક ખૂણા સમાન છે, તે આ વિશ્વરૂપ ટેબલનો એક ખૂણો છે. જો તમે તેના એકજ ખૂણાને પકડો, તેને ઊંચો, તેને ઉંચો કરો, તેને ઈશ્વર રૂપે [illegible] કરો, જો આ ખૂણાને ઈશ્વરમાં લીન કરવામાં આવે, જો આ ખૂણાને [illegible] કરવામાં આવે તો આ આખું વિશ્વ [illegible] કારણ કે આ અખિલ વિશ્વ એ એક મહાન ટેબલરૂપ છે. તમે તમારી જાતને ઊંચી કરો, ઉન્નત કરો, એટલે આ સમસ્ત વિશ્વ પોતાની મેળે ઉંચું, ઉન્નત થશે. પોતાની ઉન્નતિ અને ઉદ્ધાર માટે [illegible], મહાન મંદિરો, મહાન વક્તાઓ અને ધર્મગ્રંથોમાં વિશ્વાસ રાખવો એ મોટી ભૂલ છે. મહાન ભ્રાંતિ છે. તેનાથી નિષ્ફળતાજ પ્રાપ્ત થાય છે. જે મનુષ્યો પોતાની જાત ઉપર વિશ્વાસ રાખે છે, અને કોઈ મંદિર કે મંત્ર ઉપરજ [illegible] આધાર રાખતા નથી; તેઓજ તમામ વિશ્વને ફેરવી શકે છે. સમાજો અને સભાઓ ભલે એકઠા કરી શકશે, ઇમારતો બાંધી શકશે અને ધન ભેગું કરી શકશે; પરંતુ આવા વિચારથી કંઈ કોઈની આધ્યાત્મિક ઉન્નતિ થવાની નથી.

[illegible] છે. તેમાં [illegible] તેમાં [illegible] છે, [illegible] છે, અને [illegible] છે. [illegible]

જબરાં હોય છે અને તેઓ અવાજ પણ જબરજસ્ત કરે છે. વળી ઘેટાંઓ પણ ગોળાંઓમાંજ રહીને ફરે છે અને ચરે છે; પરંતુ આ શિયાળીઆં, આ ગાડરાં, પોતાના શત્રુની સામે થઈ શકતાં નથી. સિંહ ગોળાંઓમાં રહે છે, સિંહનાં ટોળાં હોય છે, અને તે ટોળાંઓમાં ફરે છે, એવી વાત તમે કદીએ સાંભળી છે ?*

ગરૂડ પક્ષીઓના રાજા છે; પરંતુ તેઓ કદીએ પોતાનાં ટોળાં બાંધે છે ખરા ? કદીએ નહિ. નાનાં પક્ષીઓજ માત્ર ટોળે ટોળાં થઈને ઉડે છે. સિંહ અને ગરૂડ તો હમેશાં એકલાજ રહે છે. એક પણ ગરૂડ પક્ષી હોય તો પક્ષીઓનાં ટોળેટોળાંને નસાડી મૂકે છે.

હાથીઓ પણ સ્વભાવથીજ ટોળે ટોળાં થઈને જંગલમાં ફરે છે. આ પ્રાણીઓ શરીરે પણ જબરદસ્ત હોય છે; પરંતુ જો ત્યાં એકજ સિંહ આવે તો જુથનાં જુથ તેને દેખતાંવેંતજ ત્યાંથી નાસાનાસ કરી વિખરાઈ જવાનાં; માટે ટોળાં, મંડળો અને સંસ્થાઓ ઉપર તમે કદી આધાર રાખશો નહિ. પ્રત્યેકની ફરજ એ છે કે પોતપોતાની જાતનેજ મજબૂત થવું જોઈએ. આવીજ રીતે વેદાંતને જનસમાજમાં પ્રસારવા માટે કોઈ પણ ઉત્તમ માર્ગ હોય તો તે વેદાંતને પોતાના જીવનમાં ઉતારવું એજ છે. વેદાંતનું જીવન—અહં મમત્વરહિત જીવન ગાળો, એટલે આપણું આસપાસનું વાતાવરણ પણ તેવુંજ થવાને બંધાયલું છે. ચંદ્ર, સૂર્ય, તારાઓ અને બીજાં સર્વે તત્ત્વો પણ તેમ કરવાને બંધાયલાં છે; અને તે આ પ્રમાણે સર્વત્ર ફેલાવુંજ જોઈએ.

ક્રાઈસ્ટે કદી કોઈ મંડળ સ્થાપ્યું હતું ? ના, કદીએ નહિ. તેતો બિચારો એકલોજ રહેતો. શંકરાચાર્યને કદી મંડળની જરૂર પડી છે ? તે પણ એકલાજ રહેતા હતા; માટે દરેક જિજ્ઞાસુએ પોતાની જાતને પ્રથમ ઉન્નત કરવી જોઈએ. પોતામાંજ દિવ્યતાની પ્રતીતિ અને અનુભવ કરવો જોઈએ. જે ક્ષણે તે તમને જણાશે, તે ક્ષણે તેની તમને હૃદયમાં પ્રતીતિ થવા લાગશે. જે ક્ષણે તે પ્રમાણે તમે તમારૂં જીવન ગાળવા લાગશો, તેજ ક્ષણે સૂર્યમાંથી જેવી રીતે પ્રકાશ નીકળી ચારે તરફ બહાર ફેલાય છે, તેવી રીતે વેદાંત તમારદ્વારા ફેલાવા માંડશે.

તમે યાદ રાખો, ધ્યાન આપો કે સુધારાને અર્થે કરાતા પ્રયત્નો, મનુષ્ય જાતિની ઉન્નતિને અર્થે કરાતા પ્રયત્નો કે જે દ્રવ્ય અને બહારની મદદ તથા આશા ઉપરજ અવલંબન રાખે છે અને બીજાના યાચના કરે છે; તેવા પ્રયાસો અને પ્રયત્નો અંતે નિષ્ફળજ નીવડે છે. આ એક કુદરતનો નિયમ છે. તમે તમારી અંદર રહેલા પરમ અનંત સત્ય ઉપરજ આધાર રાખો અને જો કદી બહારની મદદને તમારી જરૂર હોય તો તે ભલે તમે તેને સુખેથી સ્વીકારજો. લોકો તમારા અનુયાયી થવા માગે તો ભલે તેઓનો સ્વીકાર કરજો; પરંતુ જો તમે તેઓના ઉપરજ આધાર રાખશો તો તેઓ તમને ત્યજીને ચાલ્યા જશે. એ આ સૃષ્ટિનો નિયમ છે. પરાવલંબન કદીએ કરશો નહિ. સદા આત્માવલંબનજ રાખજો. તમારી અંદર જે ચૈતન્ય છે તેનોજ કેવળ આશ્રય કરજો. આ મોટાં મોટાં સ્વરૂપો અને આ લાંબી લાંબી પુછડીઓ જેવા લાંબા લાંબા લિસ્ટો; એ બધાં નિષ્ફળ અને નકામાં છે. તેઓ પોતાના નિશાનને ચૂકે છે. તેઓ કોઈને છોડાવી શકતાં નથી, તેઓ કોઈને મુક્ત કરી શકતાં નથી, તેઓ કોઈને સ્વતંત્ર કરી શકતાં નથી, ઉલટું તેઓ દુઃખ અને ત્રાસ લાવે છે.

* સિંહન કે ઝુંડ નહિ, હંસની નહિ પાંત;
લાલકી નહિ બોરીઆં, સંત ન ચલે જમાત.

એક મૃત શરીર લ્યો. આપણે તેને વિદ્યુત-શક્તિથી હલાવી-ચલાવી શકીશું; આપણે તે મૃત શરીર પોતાના હોઠ હલાવી શકે એમ કરીશું; આપણે તેને તેના હાથ ઉંચા નીચા કરાવી શકીશું; પરંતુ એ કંઈ જીવન નજ કહેવાય. આવી રીતે બ્હારથી જે કંઈ મદદ આવે છે; ધન, દોલત અને વસ્ત્રોમાંથી જે કંઇ સામર્થ્ય મળે છે; વર્તમાનપત્રોદ્વારા જે કંઇ વખાણ કરવામાં આવે છે; શિષ્યો અને અનુયાયીઓનું જે ધ્યાન ખેંચવામાં આવે છે; તે બધું મૃત શરીરમાં દાખલ કરેલી વિદ્યુત-શક્તિ જેવુંજ છે; તેથી કંઈ ખરૂં જીવન પ્રાપ્ત થતું નથી કે દુઃખ નાશ પામતું નથી. તે કંઇ આપણને મુક્ત અને સ્વતંત્ર બનાવતું નથી. જીવન તો બીજમાંથીજ વિકાસ પામે છે, તે તો અંદરથીજ આવે છે, બ્હારથી નહિ. સત્ય એ એક જીવન્ત બીજ છે, એક નાનો ગર્ભ છે, તેમાં ચૈતન્ય છે માટે તે અંદરથીજ વિકાસ પામતું જશે. વિકાસને થોડો વખત લાગશે, પણ તે સત્ય જીવનજ થશે. અસત્ય જીવન થશે નહિ.

વિદ્યુત-શક્તિદ્વારા મૃત શરીરના, હાથ, પગ, માથું હોઠ વગેરે હલાવીને અદ્ભુત ક્ષણિક પણ પરિણામ લાવી શકીશું; પરંતુ તેથી કંઈ તેમાં જીવન આવી શકવાનું નથી. આપણને તો જીવન જોઇએ છે, માટે રામનું એમ કહેવું છે કેઃ-"બીજારોપણ થવા દ્યો, સત્યનું શ્રવણ થવા દ્યો, સત્ય શું છે તે તમારા મનમાં ઠસાવા દ્યો. વેદાંતનો પ્રસાર અને ઉપદેશ કરવા માટે તમારે પોતે પણ સત્ય શું છે તે જાણવુંજ જોઇએ, બીજારોપણ થયા પછી તો એના વિકાસ અને વૃદ્ધિ માટે તમારે ચિંતા કરવાની નથી. સત્ય પોતેજ પોતાની મેળે વૃદ્ધિ અને વિકાસ પામશે."

પૂર્વ કાળમાં કોઇ એક સાધુ હતા. તે સાધુનો એક શિષ્ય હતો તે અનન્ય નિષ્ઠાવાળો હતો. આ શિષ્ય દરરોજ તે સાધુનાં દર્શન કરવા જતો, એક પ્રસંગે એવું બન્યું કે એ સાધુ થોડા વખતને માટે બહારગામ ગયા. પાછા તે થોડા વખત પછી પોતાને સ્થાનકે આવ્યા; પરંતુ પેલો શિષ્ય તો જ્યારથી તે સાધુ ગામ ગયા ત્યારથી પાછો તે સાધુના દર્શનાર્થે આવ્યોજ નહિ. આથી બીજા લોકોએ તે સાધુ પાસે આવીને 'તમારો શિષ્ય તમારા ગયા પછી અત્યાર સુધી અહીં એકકે દિવસ આવ્યો નથી,' એમ કહીને તેના સંબંધમાં ટીકા અને ફરિયાદ કરી. સાધુ આ સાંભળીને હસી પડ્યા અને કહ્યું કેઃ-"ભાઇઓ, તમે એના દોષ શામાટે જુઓ છો? એના વિરૂદ્ધ ફરિયાદ શા માટે કરો છો? એને અહીં આવવાની શી જરૂર છે? આ શરીરને એણે શા માટે વળગી રહેવું જોઇએ? હું કંઇ આ શરીર નથી. હું આ જે કંઇ દેખાઉં છું તે નથી. જો તે શિષ્ય, હું આ શરીર છું અથવા હું આ જે કંઇ દેખાઉં છું તે છું, એમ માનતો હોય, તો તે પોતે પોતાનો ઘાતક છે. સત્ય આત્મા કે જે મારૂં સ્વરૂપ છે, દિવ્ય પરમ સામર્થ્ય કે જે હું છું, એ વાત તે શિષ્ય બરાબર જાણે છે. તેને મારા ઉપદેશ ઉપર પૂર્ણ નિષ્ઠા છે, અને તેથી તે મુક્ત બની પરમ સુખી થશે." વળી તે સાધુએ કહ્યુંઃ-"કોઇ એક ઘોડીએ એકવાર ગર્ભ ધારણ કર્યો તોપછી તેને ઘોડા પાસે ફરીથી જવાની જરૂર રહેતી નથી. બીજારોપણ થઇ ચૂક્યું છે તો વખત થતાં તે ઘોડી એક વછેરાને જન્મ આપશેજ. હું એકવાર બીજને રોપું છું, તે પછી તે બીજના પરિણામ માટે ચિંતા કરતો નથી."

તમે સભાઓ મેળવવાની ચાલુ રાખો કે ન રાખો; રામના નામને યાદ કરો કે તેને તમારા પગ તળે કચરો; તેની સ્તુતિ કરો કે નિંદા કરો; તેમાં રામને કંઇ લેવા દેવા નથી.

જે સતત બીજારોપણ કરવામાં આવે છે તેનું અવશ્ય પરિણામ આવશેજ. વળી આ જગત અને એ જગતની અંદર જે કંઇ છે, તેના સંબંધમાં આપણે શામાટે ચિંતા કરવી જોઇએ? જે ક્ષણે આપણે આ જગતના સુધારક તરીકે બહાર પડીશું, તેજ ક્ષણે આપણે આ દુનિયાને બગાડનાર તરીકે થઈશું. હે વૈદ્ય, તમે તમારી જાતનેજ નિરોગી બનાવો.

વેદાંતની દૃષ્ટિએ આખું વિશ્વ એ પ્રભુ રૂપજ છે અને સંપૂર્ણ છે, દિવ્ય સ્વરૂપ છે, મારૂં આત્મ સ્વરૂપ છે, તે एकमेवाद्वितीयम् છે. વસ્તુસ્થિતિ આમ છે છતાં જો હું સંસાર સુધારાની પદ્ધતિ પકડી, 'તમે સર્વે પગતળે કચરાઈ ગએલા છો, તમારી ક્ષુદ્રક ઇચ્છાથી તમે ક્ષુદ્રક અને દુઃખી છો,' એમ જે ક્ષણે માનું તેજ ક્ષણે હું તમને સુધારતો નથી, પણ અધમ બનાવું છું; કારણ કે આવી રીતે હું તમને સર્વેને મારાથી ભિન્ન માનું છું. વેદાંત કહે છે કેઃ-"સુધારાનો ઝુંડો લઇને ફરનારા હે સુધારકો! તમે આ દુનિયાને પાપી માનો છો, તમે આ દુનિયાને અધમ ગણી તેને નિંદો છો, પણ દુનિયા એટલી બધી કંગાલ શામાટે રહેવી જોઇએ કે તેને તમારી મદદ માગવી પડે! જીસસક્રાઈસ્ટે આવી આ દુનિયાને ઉદ્ધારવા અને જાગૃત કરવા પુરતો પ્રયત્ન કર્યો, પરંતુ દુનિયા તો જેની તેજ રહી, તે સુધરી નહિ. કૃષ્ણે આવી આ દુનિયાને માટે પોતાથી બનતું કર્યું. આ દુનિયાને માટે બુદ્ધ આવી ગયો અને બીજા ઘણા તત્ત્વવેત્તાઓ પણ આવી ગયા; પરંતુ દુનિયામાં હજી તેનું તેજ દુઃખ, ત્રાસ અને આપદા કાયમ છે. આપણે દુનિયા તેની તેજ જોઇએ છીએ. કોઈ રીતે હાલની દુનિયા પહેલાંના કરતાં વધારે સુખી છે ખરી? તમારી રેલ્વેગાડીઓ, તમારાં તારનાં યંત્રો, તમારાં વાતચિત કરવાનાં યંત્રો (ટેલીફોન), તમારી મહાન નૌકાઓ વગેરે તમારી સર્વ વૈજ્ઞાનિક શોધોવડે શું લોકો વિશેષ સુખી થયા? એતો એક અપૂર્ણાંક કે જેના અંશ અને છેદમાં વધારો કરવામાં આવ્યો છે તેના જેવું છે. તે અપૂર્ણાંક જૂદી રીતે દેખાય છે, તેમાં ઉમેરો થતો જણાય છે, પરંતુ વાસ્તવિક રીતે તે સરખા પ્રમાણમાં વધેલો તેનો તેજ અપૂર્ણાંક છે. જો તમારી આવક અને મિલકત વધેલી હોય, તો તેનીજ સાથે તમારી ઇચ્છાઓ પણ વધેલીજ હોય છે. આતો એક કૂતરાની પૂંછડી જેવું છે. કોઇ એક કૂતરાની પૂંછડી ઝાલી તેને તમે સીધી કરો પણ તેને જ્યાં સુધી ઝાલી રાખશો ત્યાં સુધીજ સીધી રહેશે; અને છોડી દેશો એટલે પાછી તે જેવી ને તેવીજ વાંકી રહેવાની. આ પ્રમાણે જે લોકો જનસમાજને સુધારવાની ઇચ્છાથી કટિબદ્ધ થાય છે, અને જગતમાં ચારે તરફ તેનો પોકાર કરે છે, તેઓ પણ ખરેખર સ્વકલ્પિત ભ્રાંતિમાંજ પડેલા છે. હે યુવકો! યાદ રાખો કે જગતમાં કોઈ પણ સંસ્થા સ્થાપીને શ્રમ કરો છો એ તમે મોટી ભૂલ કરો છો. તમારૂં ગુરુત્વાકર્ષણનું મધ્યબિન્દુ તમારી બહાર ફેંકો નહિ. તમે તમારા સત્ય ઇશ્વરી સ્વભાવનો અનુભવ કરો. જે ક્ષણે તમે તમારા દિવ્ય સ્વરૂપમાં નિષ્ઠા પામશો, તેજ ક્ષણે જીવન, શક્તિ અને સામર્થ્યનું ઝરણ પોતાની મેળેજ તમારામાંથી વહેવા માંડશે. સત્યનો પ્રચાર કરવાનો આજ સત્ય રસ્તો છે."

આર્કીમીડીસ હંમેશાં એમ કહેતો હતો કે; "જો મને કોઇ બરાબર નિયત મધ્યબિંદુ માલૂમ પડે તો હું આખી પૃથ્વીને પણ ખસેડી શકું;" પરંતુ તે બિચારાને તેવું કોઇ મધ્યબિંદુ જડયું નહિ. આવીજ રીતે તમારી અંદર જે તમારૂં નિયત મધ્યબિંદુ છે; તેને તમે

હાથ કરો, તેનો તમે સ્વાનુભવ કરો. તમે દિવ્ય સ્વરૂપ દેવોના પણ દેવ, ન્યાયાધીશોના પણ ન્યાયાધીશ છો અને સર્વ સૈંદર્ય, સર્વ શક્તિ અને સર્વ સામર્થ્યના મૂળ રૂપ છો; એમ પ્રતીતિ કરો. તમે સમસ્ત વિશ્વના રાજાધિરાજ છો, એવો અનુભવ કરો. આવુંજ તમારૂં સ્વરૂપ છે, અને આ તમારા સત્ય સ્વરૂપનો સાક્ષાત્કાર એ પોતાની મેળેજ અખિલ વિશ્વ ઉપર વિજય મેળવશે, અને જગતને જીવન અર્પી તેને ખરે રસ્તે ચલાવશે.

વેદાંતના સિદ્ધાંત પ્રમાણે સૂર્યજ સર્વ ક્રિયાઓ કરે છે. તેજ અખિલ વિશ્વના સામર્થ્યનું અને જીવનનું મૂળ છે. સૂર્ય એ એક વેદાંતી છે અને રામે જે તમને ઉપદેશ આપ્યો છે તે ઉપદેશ પ્રમાણેજ તે પોતાની જીવનચર્યા ચલાવે છે. અખિલ વિશ્વને તે સર્વ જીવન અને સર્વ શક્તિ અર્પે છે. છતાં કર્ત્તાપણાની વૃત્તિ વિનાજ તે કામ કરે છે. તેની અંદર કોઈ પણ જાતની અહંતા નથી. તેની અંદર કોઈ પણ જાતનો સ્વાર્થીભાવ નથી. તેની અંદર કોઈ પણ જાતની ક્ષુદ્ર આત્મવડાઇ નથી. તે અખૂટ શક્તિથી ભરપૂર છે, સર્વ શક્તિ તે તેજ છે. સર્વ સામર્થ્ય, સર્વ પ્રકાશ અને સ્ફૂર્તિ તે પોતેજ છે.

જ્યારે તમે પ્રાતઃકાળમાં ઉઠો છો, અને સૂર્યનારાયણ ઉદય પામે છે, ત્યારે શું તે પોતાના આગમનના સંબંધમાં કોઇ ખાસ જાહેરાત કરે છે? શું તે તેને માટે કોઇ પણ જાતનું પુસ્તક કે કોઇ પણ જાતનું ચોપાનીયું બહાર પાડે છે? શું તે એવી કોઈ પણ જાતની ધાંધલ કરે છે? ના, જરાએ નહિ; પણ તમે જુઓ છો કે તેથી આ તમારૂં સર્વ જગત્ સચેત બને છે અને આ તમારી દુનિયામાં નવું ચેતન આવે છે. અહા! કેવી ધીમેથી, કેવી ક્રમે ક્રમે, કેવી ધીરે ધીરે પણ નિશ્ચિતપણે કુદરત જાગૃત થાય છે! નદીઓ જાગૃત થાય છે. નદીઓ (શીતપ્રધાન પ્રદેશમાં) રાત્રિએ ઠરી જાય છે; પરંતુ સૂર્ય આવી તેને ઉષ્ણતા-ચૈતન્ય આપે છે, અને તે ખળખળ વહેવા માંડે છે. સરોવર અને ઝરણાંઓને કાંઠે આવેલાં ગુલાબ અને બીજાં પુષ્પો તેનાં રમણીય અને રૂચિર કિરણોવડે વિકાસ પામે છે.

વળી મનુષ્યનાં નેત્રકમળ ઉઘડે છે, અથવા બીજી રીતે કહીએ તો મનુષ્યો જાગૃત થ[ઈ] જીવન અને પ્રવૃત્તિમાં જોડાય છે. પવન પણ જીવન અને પ્રવૃત્તિમય થાય છે. પક્ષીઓ કલરવ કરી ગીત ગાવા લાગે છે. પુષ્પો વિકાસ પામે છે. આ બધું કે જે સૂર્યવડેજ થા[ય] છે તેને માટે તે કોઈપણ જાતનો યશ લેવા માગતો નથી. દુનિયામાં દરેક વસ્તુ તેની દ્વારા બને છે, કારણ કે તે કેવળ પોતાની ઉપરજ આધાર રાખે છે, તે પોતાની અંદર રહેલ જીવન ગાળે છે. આજ સત્ય છે. તમે પણ તમારૂં આંતર જીવન ગાળો. તમારી અંદર જે આત્મા રહેલો છે તેનો અનુભવ કરો. તમે પણ તેજના તેજ, દેવના પણ દેવ, ન્યાયાધીશન[ા] પણ ન્યાયાધીશ છો. ઓજસ, સૌંદર્ય અને બીજું જે કંઈ આ વિશ્વમાં છે તે બધું તમારા વડેજ છે, એમ પ્રતીતિ કરો. આવું ભાન કરો, આવું ભાન કરો, એકવાર આવો આધ્યાત્મિ[ક] અનુભવ કરો, અને પછી જુઓ તેની યથાર્થતા!

લોકો બાળકને આનંદમાં રાખવા માટે શું કરે છે? બધી ભલી માતાઓ અને પિતાઓ, એ બધાં જાણે એ બાળકનાં શિષ્યજ બને છે. દરેકે દરેક જણ તે બાળકના ભણાવ્યા પાઠ ભણે છે. તેઓ બાળકની માફકજ વાતો કરવા લાગે છે, તેઓ બાળકની માફકજ નાચવા લાગે છે, તેઓ તે બાળકની માફક ચેષ્ટાએ કરે છે, તે બાળક તેમના ખંધોલે સ્વાર થાય છે. આ નાનું જુલમગાર (!) બાળક નિર્દોષ જીવન ગાળે છે, સ્વતંત્રતાથી રહે છે અને કોઈથી

પણ બ્હીતું નથી. બચ બચ અવાજ કરતા તેના નાના નાના હોઠ,
અને બડું કરતાં પણ વધારે આજ્ઞાકારક, અસરકારક અને ચલાવનાર છે
પર પડવીજ જોઇએ. આ નાનો સ્વતંત્ર મુખત્યાર કે જેનું શરીર ઘણું
ઘણુંજ કોમળ અને અલ્પ છે, તેને પોતાની અંદર વિશ્વાસ છે, માટે તેની
વીજ જોઇએ. તે તેની દુર્બળતામાં પણ બળવાન છે. તેને પોતાની અંદર
તે કરી નગ્નું આપનો નથી. વૃદ્ધ માબાપ આ સ્વેચ્છાચારી બાળકના હિત
માલમિલકત વગેરે સર્વસ્વનો ભોગ આપી દે છે, અને જે મનુષ્ય તેની આ
નથી તે પોતાનું દુર્ભાગ્ય સમજે છે. બાળકની અંદર રહેલી શક્તિનું રહસ્ય
તેને માટે દુનિયા એ દુનિયા નથી, તેને મન જગતનું ડહાપણ એ ડહાપણ ન
નંદ અને સર્વ શક્તિ સિવાય બીજું કંઇએ નથી. સર્વ શક્તિ આ નિર્દોષ અને
અંદર છે; અને આ બાળકના વિજયનું રહસ્ય તે આજ છે.

આજ પ્રમાણે તમે પણ વેદાંતનું જીવન ગાળો, અને પ્રતીતિ કરો કે તમે
વિશ્વેશ્વર, માલીકના માલીક, દેવના દેવ, આ બ્રહ્માંડમાં રહેલા સર્વ ભૂત-પ્રાણી
અને નિયામક છો. તમે એવું ભાન અને સ્વાનુભવ કરો કે "હું સત્ય સ્વરૂપ
રીતે પ્રતીતિ કરી તે પ્રમાણે તમે તમારૂં જીવન ગાળો, અને પછી જોશો કે
કેટલા બધા શિષ્યો આવે છે! કોઇ પણ જાતની જાહેરખબર આપ્યા વગર, કોઇ
માણસની મહેરબાનીની ઇચ્છા વગર, કે કોઇ પણ વર્તમાનપત્રકારોની કૃપાની વીન
વગર બાળકોને શિષ્યો મળે છે. જે કોઇ બાળકના તરફ જુએ છે તે બધા
શિષ્ય-અનુયાયી બને છે. શું આ સત્ય નથી?

વેદાંતના સિદ્ધાંત અનુસાર જીવન ગાળો એટલે પછી જોઇએ એટલા લોકો તમા
શ્રવણ કરશે. ચંદ્ર ઉદય પામે છે ત્યારે હજારો લોકો ચાંદનીનું સુખ ભોગવવાને
તરફથી નિકળી આવે છે. હિંદુસ્તાનમાં એક બીજને દહાડે બધા લોકો પોતાના ઘરની
આવી ઉદય પામતા નૂતન ચંદ્રનાં દર્શન કરી તેની દિવ્યતાની માનસિક રીતે પૂજા
તે દિવસે લોકો સારૂં સારૂં ખાય છે, પોતાના મિત્રો અને સગાંવહાલાંને મળી
પોતાનો દિવસ નિર્ગમે છે.

તમારા હૃદયમાં આવા ચંદ્રનો ઉદય થાશે, અને Modus operandi (કાર્ય ક
દ્ધતિ) માટે જરી પણ તમે સમ હેશો નહિ. સાધન અને પદ્ધતિ તો ઉલટાં તમને શો
ધતાં આવશે, અને તે તમને અવશ્ય શોધતાં આવવાંજ જોઇએ. જ્યારે કોઇ ગુ
ખીલે છે, ત્યારે મધમાખીઓની જરી પણ ખોટ જણાતી નથી. જ્યાં મધ છે, ત્યાં કીડી
અવશ્ય તેને શોધતી શોધતી આવવીજ જોઇએ. તમારા હૃદયમાં મધ બનાવવાનીજ માત્ર
દરકાર રાખો.

તમારી અંદર જ્ઞાનનાં પ્રફુલ્લ ગુલાબ પુષ્પો ખીલશે. આવું થતાંજ તમે સર્વસંપન્ન થશો
તમને કશાની પણ ન્યૂનતા જણાશે નહિ. તમને કશાની પણ જરૂર હોય, તો તે તમારી
અંદર રહેલી દિવ્યતા અને તે દિવ્યતાના સાક્ષાત્કારની છે. જો તમે એમાં પાછા પડશો તો
દરેકે દરેક વસ્તુ તમારી પ઼ાસેથી જતી રહેશે.

જ્યારે તમે તમારી અંદર રહેલી તમારી દિવ્યતાનો બરાબર કબજો મેળવશો, તેની બરા-
બર પ્રતીતિ કરી તે પ્રમાણે જ્યારે તમે તમારૂં જીવન ગાળશો, ત્યારે આ બાહ્ય-દુનિયા

એક ગેલ કરતા અને પગ ચાટતા કૂતરાની માફક તમારી ખુશામત કરવા લાગશે. તમારે તેની પાછળ જવું પડશે નહિ. સર્વ શક્તિનું રહસ્ય તમારી અંદરજ છે. બીજે કોઈ પણ સ્થળે નથી.

અહીં કેલીફોર્નિઆમાં શાસ્તા નામના ઝરાઓ છે, કે જેનું પાણી ઘણુંજ સરસ હોવાથી દરેક જણ ત્યાં જવા ઇચ્છે છે. એ શાસ્તાના ઝરાઓને પોતાને ત્યાં આવનારાઓ માટે કોઇ પણ જાતનો ઢંઢેરો પીટાવવાની કે જાહેરખબર ફેલાવવાની જરૂર નથી. લોકો પોતાની મેળે તેને શોધી કાઢશેજ.

જે ક્ષણે જ્ઞાન, જીવન, પ્રેમ અને પવિત્રતાનાં નિર્મળ અને નૂતન ઝરણાંઓ તમારા હૃદય-પ્રદેશમાંથી ખળખળાટ વહેવા લાગશે, તેજ ક્ષણે જાણે કે શાસ્તાના ઝરાઓ તમને પ્રાપ્ત થયા હોય તેની માફક પ્રેક્ષકો અને લોકો તમને શોધતા આવશે. આ એક નિત્ય અને અચળ નિયમ છે. માત્ર જરૂરની વસ્તુ એ છે કે તમારી અંદર તે ઝરણાંઓ વહેવાં જોઇએ, આમ થયા પછી જો તમે એકજ સ્થળે રહેશો તોપણ લોકો તમારી પાસે આવશે, અને વિચરતા રહેશો તોપણ શોધતા શોધતા તમારી પાસે આવશે; માત્ર તમારામાં સત્ય અને ધર્મનો પ્રાદુર્ભાવ થએલો હોવો જોઇએ. તે ઝરણાંઓ પ્રાપ્ત કરવાનો સર્વ પ્રયાસ તમારી અંદર નિર્મળ અને નૂતન દિવ્યતાનું સ્ફુરણ કરવા માટેજ છે.

કાન્ટ (Kant) ના સંબંધે એવું કહેવાય છે કે તે જ્યારે જન્મ્યો તે વાત તે પોતે જાણતો નહોતો પણ પૃથ્વીના સર્વ લોકો તેને જાણે છે. માત્ર એકજ સ્થળે રહેવામાંજ કંઈ વિજયનું રહસ્ય રહેલું નથી. બસ એકવાર આધ્યાત્મિક શક્તિ પ્રાપ્ત કરો, પછી તમે મોક્ષ-કોચ ઉપર પણ ઓઢીને સૂઇ શકશો અને દુનિયા જો તમારી પાસેથી સત્ય જાણવા ન આવે તો તે તેનું દુર્ભાગ્ય છે.

જ્યારે મેજીસ્ટ્રેટ કચેરીમા આવી પોતાના આસન ઉપર બેસે છે; ત્યારે વાદી, પ્રતિવાદી, વકીલ ને સાક્ષી, એ બધા પોતાની મેળેજ ત્યાં હાજર થઈ જાય છે. મૅજીસ્ટ્રેટને તેમને બોલાવવા જવાની જરૂર પડતી નથી, કે કચેરીમાં ખુરશીઓ ગોઠવવાની કે કોર્ટમાં પડદા નાખવાની માથાફોડ કરવી પડતી નથી, આ બધું તો બીજા લોકો પોતાની મેળેજ કરી લે છે.

વેદ કહે છે કે તમે આ સ્વર્ગના સામ્યનો કબજો મેળવો, તમે તમારી અંદર રહેલા ઐશ્વર્યસંપન્ન સ્વામિત્વને ઓળખો. હે પરમ ઐશ્વર્ય ! હે પરમ દિવ્યતા ! હે મનુષ્ય ! તું તારા ઐશ્વર્યમાં ચાલ; તું એક રાજા છે, તું તારી પ્રભુતામાં ચાલ; તું તારા ઐશ્વર્યમાં ચાલ; કારણ કે તું ઈશ્વર છે. તારી વ્યાપારી પ્રવૃત્તિ, તારો પોશાક, તારી આગગાડીની મુસાફરી, તારી ખોરાક, તારૂં ઘર વગેરે આ બધી વસ્તુઓ માટે તું જરી પણ માથાફોડ કરીશ નહિ; ને તો બાહ્ય જગતનું કામ છે. તે તો બાહ્ય શક્તિઓનું કામ છે.

આવ, તારા ઐશ્વર્યનું, તારી દિવ્યતાનું ભાન કર. તું સૂર્યનો સૂર્ય છે એમ અનુભવ કર, એટલે ચંદ્ર, તારાઓ અને ગ્રીષ્મઋતુઓ તારી હજુરમાં રહી તારી સર્વ જરૂરીઆતો પૂરી પાડશે, અને તેઓએ તેમ કરવુંજ જોઇએ, કારણ કે એ કુદરતનો નિયમ છે. આ સત્ય છે, અને વેદાન્ત વિશ્વબન્ધુ એક મનુષ્ય તરીકે તેનું પ્રબોધન કરે છે.

જે ક્ષણે તું તારી દિવ્યતામાં નિમગ્ન થાય છે, જે ક્ષણે તું તારા સત્ય સ્વરૂપની પ્રતીતિ કરે છે, જે ક્ષણે તું તારા સત્ય આત્માનું ભાન કરે છે, તેજ ક્ષણે તારી શક્તિ મહાન થાય છે, તેજ ક્ષણે આ દુનિયા તારી કૃપની યાચના કરે છે.

લોકો એમ માને છે કે કૃત્રિમ કાયદા કાનુનો, સર્વશક્તિમાન (!) દ્રવ્ય, સગાંવ્હા નોકરો, મિત્રો અને મદદ ઉપર વિજયનો આધાર રહેલો છે; પરંતુ લોકોની આમાં મોટી છે. અરે આથી તો ઉલટો તેઓ વિનાશનોજ માર્ગ ખુલ્લો કરે છે.

લોકોના આવા પ્રયત્નો તે ચંડોળ પક્ષીને કૃત્રિમતાથી ગીત ગવડાવવા જેવા છે. એ કબુતરનો દાખલો લ્યો, તે કબુતરને હિમાલયમાં આવેલા એક ઉંચા સરૂ નામના ઝાડની ટોચ ઉપર બેઠેલું ધારો. ત્યાં બેસતાં તે કબુતરને પોતાની મેળેજ ગાવાની વૃત્તિ થશે અને તે તરતજ પોતાનો મધુર સ્વર કાઢશે. હિમાલય પર્વતની રમણીય ઉંચી ટેકરીઓ ઉપર આવેલા ગુલાબ ઉપર બેઠેલું ચંડોળ પક્ષી પણ રસિક મધુર સ્વર કાઢે છે. એજ પ્રમાણે રામનું કહેવું પણ એજ છે કે જ્યારે તમે સ્વાનુભવના રમણીય પર્વતો ઉપર બેસશો; જ્યારે તમે તમારી દિવ્યતામાં દૃઢ નિષ્ઠ પામશો; ત્યારે તમારી દિવ્યતામાંથી આપોઆપજ તમારાં સર્વ કાર્યો, તમારૂં ઉન્નત જીવન, તમારૂં પુનીત વર્તન, અને તમારાં ઉમદાં કર્મોનું સ્ફૂરણ થવા લાગશે અને તે પોતાની મેળેજ એક નદીની માફક, સ્ફુરીને, વહીને ચારે તરફ પ્રસરશે. સત્ય અથવા દીવ્યતાના પ્રચારનો આજ ખરો માર્ગ છે.

સુધારકો, કાયદા કાનુનો સ્થાપીને મહાન તેજસ્વી પુરૂષો ઉત્પન્ન કરવા માગે છે; અને પાછા પોતેજ તે લોકોના પરીક્ષક બને છે! આવો પ્રકાર કેવળ અસ્વાભાવિક છે. તે કેવળ અયોગ્ય છે.

લોકો કહે છે, "અરે! પણ અમે તો અનુભવ મેળવવા માગીએ છીએ;" પરંતુ રામ કહે છે કે, "ભાઈ, અનુભવ ક્યાંથી આવવાનો છે!" આમ જુઓ, બાહ્ય ક્રિયાઓથી પ્રાપ્ત કરવાનો આ અનુભવ કૃત્રિમપણે ચંડોળ પક્ષીને ગવડાવવા જેવો છે. ચંડોળ પક્ષીનો કંઠ પકડવાથી કંઈ તેનું મધુર ગીત આપણે સાંભળી શકીએ નહિ, તેને આપણે કહી શકીએ કે, "હે ચંડોળ પક્ષી, અહીં આવ, અને તું તારૂં મધુર ગીત ગા." જે વખતે ચંડોળ પક્ષી અથવા કબુતર છુટાં હોય છે, તેજ વખતે તેઓ ગાવા લાગે છે, અને પોતાનો મધુર ધ્વનિ કાઢવો શરૂ કરે છે. માટે તમે પણ જે પળે તમે તમારા કેંદ્રમાં સ્થિત થએલા હશો, જે પળે તમારી દિવ્યતામાં નિષ્ઠ પામીને રહેલા હશો, જે પળે તમારા ઐશ્વર્યમાં દૃઢતા પામીને રહેલા હશો, જે પળે તમારા સ્વરૂપના સાક્ષાત્કારની ઉંચી ટેકરીઓએ પહોંચશો, તેજ ક્ષણે તમારા ઉમદા અનુભવો, તમારાં પરાક્રમ એ સર્વ ઉંચે ઝાડ ઉપર બેઠેલા ચંડોળ પક્ષીના મધુર ગીતની માફક, પોતાની મેળેજ સ્ફૂરી આવશે, આજ સત્ય માર્ગ છે.

એક લોહચુંબક પત્થરને એક લોખંડનો કકડો લગાડશો એટલે તે કકડો પણ લોહચુંબક થઈ જાય છે, અને લોખંડના બીજા કકડાને આકર્ષી શકે છે; પણ તેને લોહચુંબકથી છુટો કરશો એટલે તેની શક્તિ નાશ પામશે. તેવીજ રીતે આપણે ક્રાઈસ્ટનો દાખલો લઈએ. ઘણોજ પવિત્ર મનુષ્ય હતો, પરંતુ તે પ્રથમ કોણ હતો! જીવનમાં પ્રથમ ત્રીસ વર્ષો તો તે આ લોખંડના સાધારણ નાના કકડા સમાનજ હતો, તેને કોઈ પણ ઓળખતું નહોતું. તે એક સુતારનો છોકરો હતો, તેની બાલ્યાવસ્થામાં તે ઘણોજ ગરીબ હતો. અપ્રસિદ્ધ માતાના આ બાળકને, તે વખતે, કોઈ પણ ગણતું નહિ; પરંતુ તે પછી તે કકડો, તે સત્ય સ્વરૂપ આત્મા કે જે સર્વ આકર્ષણનું મૂળ, સર્વ જીવન અને સર્વ

શક્તિનું કેંદ્ર એવું લોહચુંબક છે, તેની સાથે જોડાગ, તેની સાથે તેણે પોતાનો યોગ કર્યો, ઐશ્વર્ય, સત્ય, સામર્થ્ય અને એ સર્વના પ્રત્યક્ષ સંબંધમાં તે આવ્યો. આથી તે લોહનો કકડો લોહચુંબકજ બની ગયો, તેનામાં લોહચુંબકની શક્તિ આવી અને બીજા લોહના કકડારૂપી લોકો તેની તરફ આકર્ષાયા. શિષ્યો અને બીજા ઘણા લોકો તેની તરફ ખેંચાઈને આવવા લાગ્યા. તેઓ સ્વાભાવિક રીતેજ તેને નમન કરવા લાગ્યા. પોતાના જીવનનો અવસાન કાળ આવતાં એ ક્રાઈસ્ટના દેહનો લોહના કકડાનો-આત્મા સાથેનો-લોહચુંબક સાથેનો-સંબંધ છુટી ગયો. પછી શું થયું? જે લોહના કકડાઓ તેને વળગેલા હતા તે બધા તેનાથી છુટી ગયા, બધા શિષ્યો તેને છોડી જતા રહ્યા. જેરૂસલમના જે લોકો પ્રથમ તેને ચાહતા હતા, અને પૂજતા હતા; જેઓ તેને પ્રથમ રાજાની માફક સન્માન આપતા અને તેના માનમાં પોતાના શહેરને શણગારતા હતા; તેઓ બધાજ તેને તજીને ચાલતા થયા. જેવી રીતે પેલો લોખંડનો કકડો લોહચુંબકથી દૂર ખસે અને તેની શક્તિ નાશ પામે; તેવી રીતે તેની શક્તિ પણ નાશ પામી ગઈ, હવે તેની અંદર લોહચુંબકના ગુણો રહ્યા નહિ. તેના શિષ્યોએ-અગીઆર જણે તેનો ત્યાગ કર્યો, અને લોકો એટલા બધા તેનાથી વિમુખ થયા કે તેઓએ તેના ઉપર વેર લેવાનું ધાર્યું છેવટે તેઓએ તેને ક્રૉસપર-ફાંસીને માચડે ચઢાવ્યો. અંતે ક્રાઈસ્ટના મુખમાંથી નીચે પ્રમાણે શબ્દો નીકળ્યાઃ-"હે પિતા! તેં મને કેમ તજી દીધો છે?" આ બતાવી આપે છે કે આ વખતે તેનો આત્મા સાથેનો સંબંધ છુટી ગયો હતો. ક્રાઈસ્ટનું જીવન આપણને શું શીખવે છે, તે તરફ તમે ધ્યાન આપો. તે આપણને શીખવે છે કે ક્રાઈસ્ટના સર્વ ગુણ અને સર્વ શક્તિ તેના સત્ય આત્મારૂપી લોહચુંબક સાથેના સંબંધમાંજ રહેલાં હતાં. હવે આ ક્રાઈસ્ટે પોતાના મૃત્યુ પહેલાં આત્મા સાથે ફરીથી યોગ સાધ્યો. તમને ખબર છે કે જ્યારે ક્રાઈસ્ટને ફાંસીએ ચઢાવવામાં આવ્યો, ત્યારે તે મરી નથી ગયો. આ સત્ય હકીકત છે, અને તેને સાબીત કરી શકાય એમ છે. તે વખતે તે સમાધિની સ્થિતિમાં હતો. આ સ્થિતિ એવા પ્રકારની છે કે, જે સ્થિતિમાં પ્રાણ વગેરેની સર્વ ક્રિયાઓ બંધ થઈ જાય છે. એ સ્થિતિમાં નાડી ચાલતી નથી, લોહી રક્તવાહિનીમાં વહેતું નથી, પ્રાણ હોવાનું કોઈ પણ ચિહ્ન જણાતું નથી, અને દેહ જાણે Crucified મૃત થઈ ગયો છે એવી અવસ્થા થાય છે. ક્રાઈસ્ટ ત્રણ દિવસ સુધી તેવી સમાધિની અવસ્થામાં હતો, અને ત્યાર પછી પાછો તે યોગીની માફક સજીવન થઈને ત્યાંથી નાસી છુટી કાશ્મીરમાં રહેવા આવ્યો હતો. રામ કાશ્મીરમાં રહેલો છે અને તેણે ક્રાઈસ્ટની ત્યાં રહેવાની ઘણી નિશાનીઓ જોયેલી છે. તે વખત સુધી કાશ્મીરમાં કોઇ પણ ખ્રિસ્તી જાત નહોતી. ત્યાં તેના નામની ઘણી જગ્યાઓ છે કે જ્યાં ખ્રિસ્તી લોકો પહેલાં કદિ આવ્યા નહોતા. ત્યાં જે જે તરફનાં શહેરોમાં તે ગયો છે તે તે શહેરોનાં નામ જેરૂસલમનાં કેટલાંક નામોના જેવાંજ પડયાં છે. ત્યાં એક બેહજાર વર્ષ ઉપરની કબર છે. તે ઘણી પવિત્ર ગણાય છે, અને તે "ઈસાહની કબર" એવા નામથી ઓળખાય છે. ઈસાહ એ નામ હિંદુસ્તાની ભાષામાં ક્રાઈસ્ટનું છે; અને એ ઈસાહનો અર્થ રાજા થાય છે. હિંદુસ્તાન કે જ્યાંથી તેણે પ્રથમ ઉપદેશ લીધો હતો, તેજ હિંદુસ્તાનમાં તે પાછો આવ્યો હતો તે સાબીત કરી આપવા માટે આવા ઘણા મુદ્દાઓ છે.

વળી હિંદુસ્તાનના લોકો પાસે એવો એક ચમત્કારી મલમ છે કે જે મલમ ક્રાઈસ્ટના મલમના નામે ઓળખાય છે; અને જે લોકો આ મલમ બનાવે છે તેઓ એવી વાત કરે

છે કે ક્રાઈસ્ટ ફરીથી જીવતો થયો ત્યાર પછીથી દરેક બનાવ ઘણા ક્રૂસવધને અર્થે તે આજ પ્રથમ વાપર્યો; અને ખરેખર આ પ્રથમ ચમત્કારિક રીતે દરેક બનાવ ઘણા ક્રૂરથી પણ નાખે છે.

તે ત્યાં ગયો હતો. તે બનાવને ઘણાજ પુરાણ છે, પણ અત્યારે રામ તે અવિશ્વાસ કરીએ નહિ. રામ અત્યારે તો તમને એ કહેવા માગે છે કે ક્રાઈસ્ટે જ્યારે પોતાના દેહને દિવ્યના રૂપ-લોહચુંબક સાથે જોડ્યો, ત્યારે આખી દુનિયા તેના તરફ આકર્ષાઈ હતી. એ દિવ્ય સ્વરૂપ સાથેનો તેનો સંબંધ શાથી તૂટ્યો હતો, તેનાં ઘણાં કારણો છે. એક તો બાર-અસર એટલે લોકો સાથે હદ ઉપરાંત સંબંધ રાખવો; અને ઉચ્ચ આધ્યાત્મિક જીવનમાંથી થોડીવાર વિમુખ રહેવું. આ સર્વ બાબતોને લઈને તે ઉચ્ચ સ્થિતિમાંથી આવ્યો. અધઃપતન થાય છે. તમને એ વિદિતજ છે કે ક્રાઈસ્ટ વસ્તીનો ત્યાગ કરીને પર્વતોમાં-અરણ્યમાં ગયો હતો, અને પોતાના એક શિષ્યને તેણે કહ્યું હતું કે; "મારી શક્તિનો નાશ થતો હોય એમ મને લાગે છે, મને કોણ સ્પર્શ કરી ગયું છે ?" લોકોના સંબંધમાં બહુ વખત રહેવાથી અને આધ્યાત્મિક સ્થિતિના શિખરેથી બહુ વાર નીચે રહેવાથી ઉપર જણાવ્યા પ્રમાણે તે આધ્યાત્મિક જીવનથી વિમુખ થઈ ગયો હતો. આ કેવળ માનુષિક અને સ્વાભાવિક છે. ક્રાઈસ્ટના અપરાધો પણ તમને ફાયદો કરે છે. દરેક પુરૂષનું જીવન જો યથાર્થ રીતે વાંચવામાં આવે તો તેથી ઘણો લાભ થાય છે. ક્રાઈસ્ટના જીવનની માફક કોઈનું પણ જીવન યથાર્થ રીતે વાંચવાથી તમને ઘણો લાભ થશે. રામ કહે છે કે જે ક્ષણે તમે આત્માથી વિમુખ થાઓ છો, તેજ ક્ષણે તમે હતા નહોતા થઈ જાઓ છો. તમારા દિવ્ય સ્વરૂપમાં તમે રહો. તમે તમારા દિવ્ય સ્વરૂપ સાથે એકતા પામો. એ ઉચ્ચ સ્થિતિમાંથી તમે નીચે આવશો નહિ. એ સત્યનો તમે સ્વાનુભવ કરો, અને જેવી રીતે પેલો લોખંડનો કકડો લોહચુંબક બને છે, તેવી રીતે તમે પણ લોહચુંબક થશો. જેવી રીતે નાના બાળકના સંબંધમાં બને છે, તેવીજ રીતે તમારૂં શરીર સચેત બને છે. તમારૂં માંસ, તમારાં આંસુ કહો કે અશ્રુપ્રવાહ આ બધુંજ સચેત બને છે.

આવી રીતે જો તમે તમારા દિવ્ય સ્વરૂપ સાથે અભેદભાવ સાધ્યો તો તમે પવિત્ર છો, તમે લોહચુંબકના સંસર્ગથી લોહચુંબક છો. આ પ્રમાણે આપણે સર્વ શક્તિનું સત્ય મૂળ, સત્ય કારણ અને સત્ય રહસ્ય જાણ્યું છે; પરંતુ લોકો તેને કોઈક બીજુજ સમજે છે. બાળકની અંદર તેનું ખરૂં બળ પોતાના સત્ય આત્માની, પોતાના સત્ય સ્વરૂપની પ્રતીતિમાંથી આવે છે; પરંતુ લોકો તેની સર્વ મહત્તા તેના શરીરનેજ લગાડે છે, અને તે બાળકના જીવનમાં તેની શક્તિના ખરા મૂળને ખીલવવાને બદલે તે બાળકના જીવનને કચરી નાખે છે.

ક્રાઈસ્ટનું જીવનચરિત્ર વાંચો, અને ક્રાઈસ્ટે જેવી રીતે પોતાનું જીવન ગાળ્યું તેવી રીતે તમે પણ તમારૂં જીવન ગાળો. તમે ક્રાઈસ્ટના દેહ ઉપર આધાર રાખશો નહિ, પરંતુ ક્રાઈસ્ટનો આત્મા કે જે તમારો પણ આત્મા છે, તેના ઉપરજ આધાર રાખજો. ક્રાઈસ્ટ થવાનો સત્ય માર્ગ આજ છે.

વેદાંત કંઈ ફક્ત હિંદને માટેજ નથી; તે હિંદુઓ માટે તેમજ ખ્રિસ્તિઓ માટે પણ છે. વેદાંતના મત પ્રમાણે ક્રાઈસ્ટના નામે મનુષ્યનો ઉદ્ધાર થતો હોવાના સિદ્ધાંતનો કેવી રીતે ખુલાસો કરવામાં આવે છે ? એક દૃષ્ટાંતદ્વારા આનો ખુલાસો કરી શકાશે. એક અજ્ઞાન માતાએ

પોતાના બાળકને બ્હીક બતાવી એવું ઠસાવ્યું હતું કે, પાસેના ઓરડામાં એક જબરૂં ભયંકર ભૂત રહે છે; તેથી તે બાળક તે ઓરડામાં જતાં બહુજ બ્હીતું અને ગભરાતું હતું. એક દિવસે સાંજરે તે બાળકનો બાપ પોતાની આફિસમાંથી ઘેર આવ્યો અને તે ઓરડામાંથી કંઈક વસ્તુ તેને તે વખતે જોઇતી હતી તે લાવવાને તે બાળકને કહ્યું. તે બાળકની અંધારા ઓરડામાં જતાં હિંમત ચાલી નહિ, અને તેણે કહ્યું કે; "તે ઓરડામાં એક જબરૂં ભૂત છે, તેથી ત્યાં જતાં મને બહુ બ્હીક લાગે છે." બાપે કહ્યું કે; "ના, ના, ભાઈ, ભુતભૂત કંઈએ નથી, તને ત્યાં કોઈ પણ ઈજા કરશે નહિ;" પણ બાળક ત્યાંથી જરી પણ ખસ્યું નહિ. બાપ ઘણો ડાહ્યો હતો, તેથી તેણે બાળકની આ ભ્રાંતિ દૂર કરવાની એક યુક્તિ શોધી કાઢી. તેણે પોતાના ચાકરને બોલાવીને કાનમાં કંઈક કહ્યું. નોકર તે ઓરડાની બહાર જઈને પાછલે બારણેથી તે ભૂતવાળા ઓરડામાં પેઠો, અને એક ઓશીકું લઈ તેના એક ખૂણા ઉપર એક કાળા રૂમાલનો કકડો બાંધ્યો અને પછી તે ઓશીકાના એક ખૂણાને તે ઓરડાની એક બારીના બાકોરામાં દાખલ કર્યો, અને તેને એવા આકારમાં ગોઠવ્યું કે તે ભયંકર દેખાય. તે પછી બાપે તે ઓશીકાનો ખૂણો કે જે બહાર દેખાતો હતો, તે બતાવીને કહ્યું કે આ ભૂતનો કાન છે. બાળકની કલ્પનાશક્તિ ઘણી તેજ હતી, તે એકદમ બૂમ પાડી બોલી ઉઠયો કે; "ખરૂં ખરૂં, એ ભૂતનોજ કાન છે. મેં નહોતું કહ્યું કે આ ઓરડામાં ભૂત રહે છે, અને હવે તે આપને ખરેખાત જણાયું." બાપે કહ્યું; "ભાઈ, તારૂં કહેવું ખરૂં છે, પણ તું બહાદૂર અને મજબુત થા; આ લાકડી તારા હાથમાં લે અને ચાલ તેને મારી કાઢીએ." તમે જાણો છો કે બાળક ઘણાં બહાદૂર હોય છે. તેઓ ઘણા હિંમતબાજ હોય છે. પછી તે બાળકે પોતાના પિતાની એક ફક્કડ લાકડી હાથમાં લીધી અને તેને જોરથી લગાવી. તેનો અવાજ થયો, તેની સાથે એક તીણી બૂમ પણ સંભળાઈ, અને તે નોકરે તે અંધારા ઓરડામાં તે છોકરાએ મારી દીધેલો તે ભૂતના કાન જેવો ભાગ પાછો ખેંચી લીધો. આ જોઈ બાળકને ઘણો આનંદ થયો, અને તે હિંમતથી બોલી ઉઠયો કે; "મેં કેવું તે ભૂતને મારી કાઢયું છે!" બાપે તેને શાબાશ કહી પીઠ ઠોકી. તેને ખુબ વખાણ્યો, ફુલાવ્યો, અને પછી કહ્યું કેઃ-મારા વ્હાલા બાળક, તું ખરોજ બહાદૂર છે; પરંતુ બાપ જ્યાં આ પ્રમાણે બાળકને કહે છે એટલી વારમાં તો વળી તે ઓરડાના બારણાં વચ્ચેની ફાટમાં તે ભૂતના બે કાન દેખાયા. બાળકને ખૂબ જુસ્સો ચઢયો અને તે ભૂત તરફ દોડી જઈને તે માની લીધેલા ભૂતના માથા ઉપર તેણે તે લાકડીના ફટકા ઉપર ફટકા માર્યા, વારંવાર તેણે લાકડી મારવા કરી, અને અંદરથી બૂમ પણ સંભળાતી ગઈ. થોડી વાર પછી બાપે કહ્યું; "ભાઈ હવે રહેવા દે, ભૂત બિચારૂં મારથી બૂમેબૂમ પાડે છે. શાબાશ, તેં ભૂતને મારી કાઢયું છે અને તું જીત્યો છે." છતાં બાળક તો લાકડી ઉપર લાકડી માર્યેજ જતો હતો. પછી તેના બાપે તે ઓશીકું બહાર ખેંચી કાઢયું અને બૂમ પાડી બોલી ઉઠયો; "શાબાશ છે તને, તેં તો ભૂતને મારી મારીને ઓશીકુંજ બનાવી દીધું." બાળકને ખાત્રી થઈ, આનંદ થયો, અને આ ખાલી બીના ખરી છે એમ તેને જણાયું. એ ભૂત અને તેનો વહેમ જતો રહ્યો અને તે બાળક નિર્ભય બન્યો. તે હવેથી ફરવા લાગ્યો, આમતેમ દોડતો, અને આતે જાતે બહાર ગયો; અને પછી તે ભૂતવાળા ઓરડામાંથી બાપ જે જે મંગાવે તે તે લાવી આપતો હતો. શું કોઈ ડહ્યો બાપ આવી જાતનો ઉપાય કોઈ ઉમર લાયક છોકરાને માટે કરશે? ના, કદિએ નહિ. એ ઉપાય તો નાના બાળક માટેજ યોગ્ય છે; તેથી ઉપનિષદોને ફેરવ્યે નથી ચાલતું પણ એ આત્માને વચન મંત્રે તે દરેક બાળકની અંદર જે ભૂતના વિચારો અને વહેમો હોય છે તેને દૂર કરી શકીએ.

હવે તમે બરાબર ધ્યાન આપજો. ઉપર કહેલા પ્રશ્નના સંબંધમાં
કરે છે કે, જેવી રીતે ભૂતવાળા ઓરડાની બાબતમાં બાળકે ઓરીકાને
ખરા ભૂતને કાઢયું નહોતું. ભૂતને હાંકી કાઢવાનો ખરો ઉપાય કંઈ ઓરીકાને
એ નહિ હતો; પણ એ ઓરડામાં ભૂત નથી એવો બાળકના વિશ્વાસમાં ફેરફાર
કને ખાત્રી કરી આપવાની હતી કે ભૂત છેજ નહિ. તે ઓરડામાં ભૂત તો તે
ભરાયું હતું. એમાં માત્ર મિથ્યા કલ્પનાજ કારણભૂત હતી અને એ કારણભૂત
નાશ કરવાની જરૂર હતી; પરંતુ પુખ્ત ઉંમરના લોકોની કલ્પનાનો તો કોઈ બીજ
શકાય. લોકોનું એવું માનવું છે કે અમે અધઃપતન પામ્યા છીએ: અમે
છીએ; અમે ઘોર નરકના દ્વારમાંજ છીએ કે જે અમારા આવવાની રાહ
અમારા પાપનો પોટલો એટલો બધો મોટો છે કે જે અમને કચડી નાખે
પરાધથી અમારો સ્વભાવજ પાપાત્મક થયો છે; અમે સ્વભાવેજ પાપી, સંસા
નિર્બળ પ્રાણી છીએ. (આ માટે સ્પષ્ટ કહેવું પડે છે, તેને વાસ્તે કૃપા કરી
ક્ષમા આપશો.) બાઈબલનો એક ભાગ, 'મનુષ્ય પાપી છે' એવું લોકોને
છે. એ બાઈબલના "જુના કરાર" નામના ભાગેજ (The old Testa
દુનિયામાં બિચારા ખ્રિસ્તીઓના આત્મામાં, તમારાં પ્રકાશિત હૃદયમંદિરોમાં, ત
તમારા અવિનાશી આત્માની ગુહામાં, દુરાત્મા સ્વભાવવાળા, નીચ વૃત્તિવાળા,
પતિત ભૂતને ઘુસાડયું છે. આ દુનિયામાં લોકો દીન પ્રાણી અને કંગાલ જંતુ
તેઓ બિચારા વા, વટાળ અને તોફાનની મહેરબાનીએ જીવે છે; તેઓ આ
કેવળ નિર્બળ છે; આવા આવા વિચારો લોકોના હૃદયમાં ઠસાવી દેવામાં આવ્યા
પણ જગતના જીવોના હૃદયમાં આવું વહેમરૂપી ભૂત ભરાયલુંજ હતું;" અને
ઈબલનો નવો કરાર નામનો (The New Testament) ભાગ અસ્તિત્વમાં
રામ કોઈ પ્રકારના અન્ય દુષ્ટ વિચારોથી આ કહેતો નથી. જુના કરાર (The old Test
રૂપી માતાએ લોકોમાં જે મૂઢ વિશ્વાસ અને વહેમ દાખલ કરી દીધો હતો,
કરવાને નવા કરાર (The New Testament) રૂપી પિતાએ પ્રયત્ન કર્યો. નવા
(The New Testament) પિતા, સેન્ટ પૉલે આવીને જગતના લોકોના હૃદ
આ ભૂત કાઢવા માટે બનતું કર્યું. લોકોને આ ભૂતથી દૂર થવા માટે અને મુક્ત થવ
તેણે યથાશક્તિ પ્રયાસ કર્યો. તેણે તેને માટે શી યુક્તિ યોજી? રામનું એવું કહેવું
આ કાર્ય કાંઈ સેન્ટ પૉલે કર્યું નહોતું; પરંતુ એ કાર્ય સેન્ટ પૉલના શરીરદ્વારા ઈશ્વરે
કર્યું હતું; અને તે કેમ કરવું એ લોકોને તેણે સમજાવ્યું હતું. તે લોકોને એવી
સમજાવવામાં આવ્યું હતું કે આ બધાં પાપ, આ અતિ પાપી સ્વભાવ, આ મનની અધ
આ ઘન અંધકારની અધઃપતન અને આ પાતક અને વિનાશના કારણભૂત ભૂતને બાપ્તી
ામની અમુક એક વિધિવડે કાઢી શકાય છે; એટલે કે દેવળમાં જઈ ખ્રિસ્તી થવું;
સ્વી ને સાંભળવી; ઘુંટણવડ દુસરો ઉપર કૃપા યાચવી; મહાન પાદરીઓ (ધર્મ ગુરૂઓ)
ખવા અને તેમને મદદ કરવી; ક્રૉસનો પોષાક પહેરવો; આ બધી ક્રિયાઓ કરવા
મારો ઉદ્ધાર થઈ શકે છે, તેમજ તમારૂં નામ જીવનનાં ગ્રંથમાં લખાઈ અમર થ
ા. રામ કહે છે કે, જો કોઈ ખરો ખ્રિસ્તી દેવળમાં ખરા અંતઃકરણથી પ્રાર્થના કરી
એમ માને કે મારો ઉદ્ધાર થયો છે, તો ખરેખર તેનો ઉદ્ધાર થવોજ જોઈએ.

જેવી રીતે તે બાળકે ઓશીકાની અંદર રહેલા ભૂતને લાકડીએ મારવાની ક્રિયા કરી અને તે ઓરડામાંથી ભૂતને કાઢી મૂક્યું; તેવીજ રીતે જો તમે ખરા ખ્રીસ્તી હો, અને તમને દૃઢ વિશ્વાસ બેઠો હોય કે અમારો ઉદ્ધાર થયો છે; તો ખરેખર તમારો ઉદ્ધાર થયો છેજ. સ્વતંત્ર વિચારકો અને નાસ્તિકો કે જેઓ એમ માને છે કે હાલના ખ્રીસ્તીઓમાંથી શ્રદ્ધા નાશ પામી છે, તેઓના મત સાથે રામ મળતો આવતો નથી. જેઓ ખ્રીસ્તીઓની શ્રદ્ધાની અવગણના કરે છે તેની સાથે રામ સંમત નથી. તમારી શ્રદ્ધા જો તમને માનસિક ધૈર્ય આપે અને જો તે તમને તમારા વિશ્વાસમાં સુદૃઢ કરે, કે અમારો ઉદ્ધાર થયો છે; તો અવશ્ય તમારો ઉદ્ધાર થાય છેજ. પરંતુ તેની સાથે રામનું એવું પણ કહેવું છે કે આ દુનિયા હવે બાળક નથી, પણ પ્રૌઢ અને પુખ્ત ઉમ્મરે આવી છે. આવી શ્રદ્ધાઓથી અત્યાર સુધી લાખો અને કરોડો લોકોનો ઉદ્ધાર થયો, પણ હવે તો તમારા અંતરરૂપી ઓરડાઓમાંથી ભૂતરૂપી વહેમનેજ કાઢવાનો કાળ આવી લાગ્યો છે. તમે સ્વભાવે પાપી નથી; તમારા ઓરડામાં ભૂત નથી; તમે કોઈ રીતે ક્ષુદ્ર જંતુ કે અવદશા દશાને પામેલા અધમ પ્રાણી નથી; એવો સ્વાનુભવ કરવાથી, તમે તમારા ઓરડાઓમાંથી એ ભૂતને કાઢી શકશો.

વેદાંતના સિદ્ધાંતાનુસાર પ્રતીતિ કરો કે તમે સદા પવિત્ર છો; સદા વિશુદ્ધ છો; સદા પૂર્ણરૂપ છો; સદા પુનીતમાં પુનીત અને દેવના દેવ મહેશ્વર છો. આનો તમે વિચાર કરો, ખાત્રી કરો, સ્વાનુભવ કરો અને એ પ્રમાણે તમે તમારૂં જીવન ગાળો. જો તમે સીધી રીતે તમારા મુખ આગળથીજ તમારૂં નાક પકડી શકો એમ છો, તો પછી માથાની પાછલી બાજુથી હાથ લંબાવી નાક પકડવાની શી જરૂર છે ? કંઈ પણ જરૂર નથી.

વેદાંત કહે છે કે જો તમારી શ્રદ્ધા તમને દૃઢપણે મનાવે કે તમે સદા મુક્તજ છો, તો પછી તમે આ વિશ્વના તારક પણ છોજ. તમે આ દેહ નથી, તમે કદી ગુલામ નથી, એવો જો તમને નિશ્ચય થાય; તમે હવે મૂર્ખ બાળક નથી, પરંતુ પુખ્ત ઉમ્મરના મનુષ્ય છો એવું જો તમે માનો; તમે સદા નિત્યમુક્ત તેમજ અન્યને મુક્ત કરાવનાર એક શક્તિ છો એવું જો તમે અનુભવો; તો તમે આ દુનિયાના એક મહાન ઉદ્ધારકજ છો. હવે તમે **ફોગટ, નિરર્થક અને નકામી ધર્મક્રિયાઓમાં તમે તમારી શક્તિ ગુમાવતા નહિ.** પોતાના ઉદ્ધારને અર્થે ઓશીકાને લાકડીએ મારવાની બાળચેષ્ટા જેવી ધર્મક્રિયાઓમાં હવે તમે તમારી શક્તિઓનો વ્યર્થ વ્યય કરશો નહિ. હવે તમે વધારે વખત બાળક જેવા રહો નહિ. "તમે મુક્તજ છો" એમ તમે સ્વાનુભવ કર્યો એટલે પછી તમે મુક્તજ છો. આવી રીતે બધા ખ્રીસ્તી ધર્મમાં ઉદ્ધારક તત્ત્વ તે આ વેદાંત છે. વેદાંત એ સર્વોત્કૃષ્ટ માર્ગ છે. બધી કર્મકાંડની ધર્મક્રિયાઓ કરી રહ્યા પછી, "અમારો મોક્ષ થયો છે" એવા નિશ્ચયમાં જો તમે સુદૃઢપણે નિષ્ઠા પામો, તોજ તમારો ઉદ્ધાર થાય છે; નહિ તો નહિ. યાદ રાખજો કે તમારા ખ્રીસ્તીધર્મમાં ઓતપ્રોત અને વ્યાપક તત્ત્વ તે વેદાંતજ છે, કે જે તત્ત્વ તમને મોક્ષ આપે છે. બાહ્ય નામ, બાહ્ય રૂપ અને બાહ્ય આચારને અયોગ્ય અગત્ય આપશો નહિ.

ધર્મને અંગે જે જુની યુદ્ધો થયાં હતાં અને જેને લઈને લોહીની નદીઓ ચાલી હતી, તે યુદ્ધના કારણભૂત જાુડીઆના ખ્રીસ્તીઓ હતા. એ યુદ્ધોની એક ઝપાઝપીમાં તે ખ્રીસ્તીઓ હાર્યા અને પાછા હઠયા. એ ખ્રીસ્તી લશ્કરમાં એક ધર્માંધ માણસ હતો કે જેને કીર્તિ મેળવવાની ઘણી ઇચ્છા હતી; તેણે લોકોને એવું જાહેર કર્યું હતું કે એક સ્વપ્નની અંદર એક ફીર-

સ્તાએ પ્રગટ થઈ મને કહ્યું છે કે અમુક એક ભાલો કે જેને એક વખત ક્રાઈસ્ટના શરીરને સ્પર્શ થયો હતો, અને જેને તેના પગ નીચે દાટવામાં આવ્યો હતો, તે ભાલાને તમે શોધી કાઢો; એટલે તેવડે જરૂર ખ્રીસ્તીઓનો વિજય થશે. લોકોએ આ વાત ખરી માની અને આખા લશ્કરમાં તેની ચર્ચા થઈ રહી. લશ્કરના લોકોએ એ વાતના ખરા ખોટા સંબંધી જરા પણ વિચાર કર્યા વગર એ ભાલો પ્રાપ્ત કરવા માટે ચારે તરફ ખોદવા માંડયું અને પરો-ઢીયાથી મોડી રાત્રી સુધી ખોદાખોદ કર્યું, છતાં ભાલાનો પત્તો લાગ્યો નહિ. તે લશ્કરના યોદ્ધાઓ હવે તદ્દ હિંમત થઈને એ ભાલો મેળવવાનું કામ પડતું મૂકવાની તેયારીમાં હતા; એટલામાં પેલો ધર્માંધ માણસ 'મેં ભાલાવાળી જગ્યા શોધી કાઢી છે' એમ કહીને બૂમો પાડવા લાગ્યો. એ લશ્કરના બધા લોકો તે ભાલાવાળી જગ્યાએ ગયા, અને ત્યાં તેઓએ તે ભાલો જોયો. તે ભાલો જુનો અને ખવાઈ ગયેલો હતો. તેને ઉધઈ અને જીવડાં લાગેલાં હતાં. ક્રાઈસ્ટના શરીરને સ્પર્શાયેલો ભાલો આ રહ્યો, એમ કહી તેણે તે ભાલો બધા લોકો જોઈ શકે એમ ઉંચો કર્યો. આ જોઈ ખ્રિસ્તીઓ આનંદ અને ઉલ્લાસમાં આવી કૂદવા લાગ્યા. તેઓની ખુશાલીનો કાંઈ પાર રહ્યો નહિ. એ માટીથી ખરડાયલો ભાલો જડયો તેનાથી પ્રેરિત થઈને જોર અને જુસ્સાથી તેઓએ પોતાના શત્રુઓ ઉપર ફરીથી હુમલો કર્યો અને તેમાં તેઓ વિજયવંત થયા. ત્યાર પછી જ્યારે તે બધા ખ્રીસ્તીઓ પાછા યૂરોપ ગયા, ત્યારે ત્યાંના બધા લોકો એમ માનતા હતા કે આ જે વિજય મળ્યો તે ભાલાના ચમત્કારને લઈ-નેજ મળ્યો છે; પરંતુ આ બનાવ બન્યાને કેટલોક કાળ વીત્યા પછી પેલો ધર્માંધ માણસ કે જેણે ભાલા સંબંધી પ્રથમ વાત ચલાવી હતી; તે જ્યારે ઘણો માંદો થયો અને મરણપથા-ીએ પડયો, ત્યારે પોતાના અંતકાળ વખતે જે ધર્મગુરૂ પોતાને આશીર્વાદ આપવા આવ્યો તો, તે પાદરી પાસે તેણે પોતાનાં બધાં પાપ બાહેર કર્યાં. એમાં તેણે ભાલા સંબંધી વાત ણ જણાવી. તેણે કહ્યું કે; "એ વાત તદ્દન જુઠ્ઠી હતી. ખરી રીતે તો તે ભાલો મારા વાનો હતો કે જે વડવા પ્રથમ લશ્કરમાં હતા. એ વડવા મરી ગયા ત્યારથી તે ભાલાને ડે લપેટીને ઘરમાં રાખી મૂક્યો હતો. એ ભાલો મારા વડવાએ વાપર્યો હતો, એટલુંજ . પણ વડવાના વડવા પણ તેને વાપરતા હતા. જ્યારે ખ્રીસ્તીઓ જેરૂસલમ જતા . ત્યારે મેં તે લુગડામાં વીંટેલો ભાલો મારી સાથે લીધો; પરંતુ યુદ્ધ કરતાં મને યું કે તે ભાલો મને યુદ્ધમાં કામ લાગે એવો નથી. વળી યુદ્ધમાં અમારા બધાની થઈ અને અમે બધા પાછા હઠતા હતા તેવામાં મને વિચાર આવ્યો કે કંઈક કીર્તિ તો મેળવીજ. કંઈક નામ તો કાઢવુંજ. પછી મેં આ ભાલા સંબંધી વાત ગોઠવી અને તેને લોકોમાં ફેલાવી. લોકો જ્યારે આ વાત સાંભળીને એક બાજુ ઉપર હતા તેવામાં મેં તેની સામી બાજુએ એક ખાઇમાં તે ભાલો લુગડામાં જેવો ને ીટીને નાખી દીધો. પછી મેં જ્યારે બૂમ પાડી અને લોકો ત્યાં આવી ખોદવા જતા, ામાં તે ભાલો તેમને ત્યાં નજરે પડયો."

િહાસકારોએ શુભ વાત સાંભળવાની ફરજ બજાવી અને તેનું રહસ્ય લોકોને બાહેર દ્ધમાં વિજય મળ્યો તે કંઈ તે ભાલાના ચમત્કારને લઈને નહિ; પરંતુ તે લોકોની અને ઝનુનને લઈને મળ્યો હતો. લોકોની આંતરશક્તિને લીધેજ તે મળ્યો ોએ શ્રદ્ધાવડે પોતાની અંદર ધાર્મિક જુસ્સો ઉત્પન્ન કર્યો અને વિજય મેળવ્યો. ીતે વેદાંત પણ કહે છે કે:—"હે ખ્રિસ્તીઓ, મુસલમાનો, હિંદુઓ અને

સમસ્ત દુનિયાના સર્વ સંપ્રદાયવાળાઓ, જો તમે એમ માનતા હો કે ક્રાઇસ્ટ બુદ્ધ, કૃષ્ણ કે કોઇ પણ એવા બીજા મહાત્માને લઇને તમારો ઉદ્ધાર થાય છે, તો તમે યાદ રાખો કે તમારા ઉદ્ધારનું ખરૂં કારણ કોઇ પણ મહાત્મા નથી, પરંતુ તમારા પોતાના આત્માજ છે."

મતમતાંતર અને શ્રદ્ધાને વિવેકવડે જૂદાં પાડો. ભાલા સંબંધી વાત તે એક લોકોનો મત હતો, અને લોકોની અંદર જે જુસ્સો અને ઝનુન જણાતું હતું તે તો જેને આપણે લોકોની શ્રદ્ધા કહીએ છીએ તેને લીધેજ હતું. ચૈતન્યવાળી શ્રદ્ધાજ તારી શકે છે, મતમતાંતર તારી શકે નહિ.

વેદાંત કહે છે કે જો આ ચૈતન્યપ્રદ શ્રદ્ધાજ, આ ચૈતન્યપ્રદ શક્તિજ ખ્રીસ્તીઓના વિજયનું કારણ હતું, તો શા માટે તમે પણ તે ચૈતન્યપ્રદ શ્રદ્ધાને સિદ્ધ કરી પોતાના પ્રિય આત્મામાં, પોતાના સ્વરૂપમાં નિયોજતા નથી? શા માટે તમે તમારા અંતરમાં વસેલા સત્ સ્વરૂપ આત્માને તે લાગુ પાડતા નથી? શા માટે તમે એ ચૈતન્યપ્રદ અથવા જડ શ્રદ્ધા ક્રાઇસ્ટ બુદ્ધ, કૃષ્ણ અથવા એવા બીજાઓમાં નિયોજો છો? શા માટે તમે તમારા અંતરમાં વસી રહેલા આત્મામાંજ-તમારા અંતરમાં વસી રહેલા પ્રભુમાંજ તમારી તે શ્રદ્ધાનું નિયોજન કરતા નથી? તમારી જ્વલંત શ્રદ્ધાને ઉપયોગમાં લેવાનો આથી સરલ અને સ્વાભાવિક માર્ગ બીજો કયો છે?

રામને વારંવાર પ્રશ્ન પૂછવામાં આવે છે કે જો વેદાંત આવું ઉત્તમ છે, જો વેદાંતનો સાર આવો છે, અને એ વેદાંતનું મૂળસ્થાન હિંદુસ્તાનજ છે, તો તે હિંદુસ્તાન હાલ શાથી અધમ અને પડતી દશામાં છે? આનો જવાબ એ છે કે **હિંદુસ્તાનની પડતીનું કારણ હિંદુસ્તાનના લોકો હાલ વેદાંતના સિદ્ધાંતને બરાબર પાળતા નથી એજ છે!** અમેરિકાના લોકો હિંદુસ્તાનના લોકો કરતાં વેદાંતના સિદ્ધાંતોને વધારે અનુસરે છે, તેથીજ તેઓ ચડતી દશામાં છે. હિંદની પડતીનું કારણ વેદાંત છે, એમ કહેવાનો જગતને કોઇ પણ પ્રકારનો હક્ક નથી. રામ એક રમુજી વાતના કથનદ્વારા તે સાબીત કરી આપશે.

પૂર્વ હિંદુસ્તાનના એક ગામડામાં એક છોકરો ખૂબ અભ્યાસ કરી બહુ વિદ્વાન થયો. તેણે વિશ્વવિદ્યાલયમાં (યુનિવર્સિટીમાં) અભ્યાસ કર્યો હતો. વિશ્વવિદ્યાલયવાળા શહેરમાં રહીને તેણે અભ્યાસ કરેલો હોવાથી તેના વર્તન અને રીતભાત ઉપર યૂરોપીય વર્તન અને રીતભાતની અસર થઇ હતી. તમે જાણો છો કે હિંદુસ્તાનના લોકો ઘણા જુના વિચારના છે, અને હમણાં હમણાંજ યૂરોપીય રીત રિવાજો તેઓના વર્તનમાં દાખલ થવા પામ્યા છે. રામ એવા ઘણાને ઓળખે છે કે જેઓએ અંગ્રેજી વિદ્યાલયોમાં અભ્યાસ કર્યો છે, છતાં જેઓ અંગ્રેજી વસ્ત્રો ધારણ કરતા નથી, તેમજ જેઓ અંગ્રેજી ભાષા પણ બોલતા નથી; કારણ કે તેમના વડીલો આવી બાબતને અવિનય ગણે છે. વારૂ, ઉપર જણાવેલો વિદ્યાર્થી જે શહેરમાં રહીને અભ્યાસ કરતો હતો ત્યાંથી તેણે એક નાનું, ખીસ્સામાં રાખવાનું ઘડીઆળ વેચાતું લીધું. ત્યાર પછી ઉન્હાળાની ત્રણ મહિનાની રજામાં તે જ્યારે પોતાની દાદીને ત્યાં ગયો ત્યારે આ જુવાન વિદ્યાર્થી પોતાની સાથે અંગ્રેજી વસ્ત્રો કે ખુરશી ટેબલ વગેરે અંગ્રેજી ચીજો લઇ જવાની હિંમત તો કરી શકયો નહિ, કારણ કે જુના વિચારના લોકો આવી વસ્તુઓ ઘરમાં રાખવી એ મહાપાતક સમાન ગણે છે; પરંતુ ગમે તે થાય પણ ઘડીઆળ

તે સાથે લઈ જવું, એમ નિશ્ચય કરીને આદરવૃત્તિથી તે પોતાની સાથે ઘડીઆળ લેતો ગયો હતો. આ ઘડીઆળને માટે આખું કુટુંબ વિરૂદ્ધમાં હતું, તેમાં ખાસ કરીને તેની ઘરડી ડોશી વિરૂદ્ધમાં હતી, તેથી તે બોલી કે; “ રાત ને દિવસ આ તો ટીક ટીક અવાજ કર્યા કરે છે, એને ભાંગીને બહાર ફેંકી દો, તે એક અપશુકનીયું છે, એને ઘરમાં રાખવાથી કોઈ વિપરીત પરિણામ આવશે અને એ કોઈ આફતનું કારણ થઈ પડશે. ” તે વિદ્યાર્થીએ તેણીને બહુએ સમજાવી પરંતુ તેણીનું મન કોઈ રીતે સમાધાન પામ્યું નહિ. ઘરડી તો ના, ના, કહેતી ગઈ, છતાં પણ વિદ્યાર્થીએ તો અભ્યાસને અંગે તે ઘડીઆળ પોતાની પાસેજ રાખ્યું. એક વખત એવું બન્યું કે તેના ઘરમાં ચોર આવીને કેટલુંક ઝવેરાત અને રોકડ રૂપીઆ ચોરી ગયા. ડોશીને આથી પોતાના વ્હેમમાં વિશેષ પુરાવો મળ્યો. તે બોલી ઉઠી કે:–“ મેં નહોતું કહ્યું કે આ ઘડીઆળને ઘરમાં રાખવાથી કોઈ પણ આફત આવશે ! જુઓ ચોર લોકો પણ ઘડીઆળ તો લઈ ગયા નહિજ; કારણ કે તેઓ જાણતા હતા કે ઘડીઆળ ચોરી જઈશું, તો તેથી હાની થશે. અરે ! હજી પણ તમે શા સારૂ આવી ચીજ ઘરમાં રાખી રહ્યા છો ? ” તે છોકરો પહેલેથી માથાનો ફરેલો હતો તેથી ડોશીના કચકાટથી તેને જરી પણ અસર થઈ નહિ. તેણે તો પોતાના અભ્યાસના ઓરડામાં તે ઘડીઆળ રહેવાજ દીધું. થોડા વખત પછી તે છોકરાનો બાપ પણ મરી ગયો. હવે તો તે ડોશીને પછીજ પસ્તી લાગી અને બોલી ઉઠી કે; “ અરે જક્ષી છોકરા ! આ ભયકારક અમંગળ વસ્તુને ઘરમાંથી બહાર ફેંકી દે ! તેને ઘરમાં રહેવા દેવાની તને કેમ હીંમત ચાલે છે ? ” આટલું છતાં એ છોકરાએ તો ઘરમાં ઘડીઆળ રહેવાજ દીધું. થોડા વખત પછી તેની મા પણ મરી ગઈ. હવે તે છોકરાની દાદીના ઉકળાટનો પાર રહ્યો નહિ. હજુ પણ ઘરમાં ઘડીઆળ રહે એ તેણીથી સહન થઈ શક્યું નહિ. કેટલાક લોકોની માફક તે એવું માનતી કે એ ઘડીઆળમાં કોઈ એક જીવડો છે, કારણ કે યંત્રથી ચાલતી કોઈ પણ વસ્તુ તેણીએ કદી પણ જોઈ નહોતી. તે ઘડીઆળ પોતાની મેળે ચાલે છે અને પોતાની મેળેજ ટક ટક એવો અવાજ કરે છે, એવો ખ્યાલ તેણીને આવી શકયોજ નહિ. પોતાના કુટુંબમાં જે કંઈ આફતો આવી તે બધાનું કારણ એ ઘડીઆળજ છે એમ તેણીને લાગતું હતું. છેવટે તેણીએ તે વિદ્યાર્થીના ઓરડામાંથી તે ઘડીઆળને છાનું માનું લઈ લીધું અને પોતાના ઓરડામાં આવી એક ખુણે બેસી તે ઘડીઆળને એક પથ્થર ઉપર મૂક્યું અને એક બીજો પથ્થર હાથમાં લઈ તેનાથી તેને ભાંગીને કકડે કકડા કરી નાખ્યા. આવી રીતે તેણીએ ઘડીઆળ ઉપર પોતાનું વેર વાળ્યું. હવે જરા કૃપા કરી ધ્યાન આપશો ! હિંદુસ્તાનમાં ડોશીઓની આવી સ્થિતિ છે, તે સાંભળીને તમને કદાચ હસવું આવશે; પરંતુ બીજી બાબતોમાં તમે પણ તે ડોશીઓના જેવાજ છો. લોકો આ અને તે, એમ ખીચડો કરે છે અને પછી આ એક વસ્તુ તે બીજી વસ્તુનું કારણ છે, એમ નિશ્ચય ઉપર આવી કુદે છે. યૂરોપીયન લોકોમાં ખાસ કરીને એવા અવળા વિચારો ભરાઈ ગયા છે કે તેથી તેઓ એકદમ એવા નિર્ણય ઉપર આવી જાય છે કે હિંદુસ્તાનની પડતીનું ખરૂં કારણ વેદાંતજ છે. આજ પ્રમાણે દુનિયાની બીજી કેટલીક બાબતોમાં પણ તેઓ અવળા નિર્ણય ઉપર આવી જાય છે.

યૂરોપ અને અમેરિકાની ચડતીનું કારણ કંઈ ક્રાઈસ્ટ નથી; પરંતુ તેનું ખરૂં કારણ તો તેઓ અજાણપણે પણ વેદાંતના સિદ્ધાંતને અનુસરે છે તે છે. હિંદુસ્તાનની પડતીનું ખરૂં કારણ, લોકો વેદાંતના સિદ્ધાંત પ્રમાણે પોતાનું જીવન ગાળતા નથી, એજ છે.

દુનિયાને ઉદ્ધારવામાં માતા કેવો અગત્યનો પાઠ ભજવે છે. તેના સંબંધમાં અત્રે અમને બે શબ્દો કહેવા દો. દુનિયામાં જે જે મહાન વીર પુરુષો થઈ ગયા, તે બધા મહાન વીર્યવતી માતાનાજ પુત્રો હતા.

જગતમાં માતાઓજ એવી છે કે જે આખી દુનિયાને ઉદ્ધારી શકે છે; જે પોતાના દેશની ચડતી કે પડતી કરી શકે છે; અને જે કુદરતના મોજાઓમાં ભરતીઓટ કરી શકે છે. મહાન વીર્યવતી માતાના પુત્રોજ હંમેશાં મહાન પુરુષોજ નીવડે છે. આ બધાં મહાન સત્યોનો બાલ્યાવસ્થામાંથીજ જો બાળકને સંસ્કાર પાડવામાં આવે, આ સત્ય આત્માની પ્રતીતિના સંસ્કારનાં બીજ બાલ્યાવસ્થામાંથીજ જો બાળકમાં નાંખવામાં આવે તો એવાં બાળક ભવિષ્યમાં કૃષ્ણ અને ક્રાઇસ્ટ નીવડે.

માતાજ બાળકોને સ્વભાવિક રીતે અવનત તેમજ ઉન્નત બનાવી શકે છે. તમે એક સ્પાર્ટની માતાના સંબંધમાં સાંભળ્યું હશે કે જેણીએ યુદ્ધને અર્થે જતાં પોતાના છોકરાને એવું કહ્યું હતું કે; “ તું કાંતો તરવાર લઇને અથવા તો તરવાર ખાઇને પાછો આવજે. તું મરેલો કે જીવતો પાછો મારી પાસે આવજે; પરંતુ પરાજય પામીને આવીશજ નહિ. ”

પૂર્વે હિંદુસ્તાનમાં એક રાણીએ પોતાનો પતિ પરાજય પામીને પાછો આવતો હતો તેને શહેરમાં ન આવવા દેવા માટે શહેરના દરવાજા બંધ કરાવ્યા હતા. તેણીએ કહેવડાવ્યું હતું કે; “ હે રાજાધિરાજ, તમે હવે અહીંથી જતા રહો, તમે હવે મારા પતિ નથી; કેમકે તમે તમારી જાતને પરાજય પમાડી છે.”

બીજી વાત પણ હિંદુસ્તાનની એક રાણીની છે, કે જે રાણીએ પોતાનાં બાળકોને સંપૂર્ણ સિદ્ધિવંત બનેલાં જોવા માટે પ્રતિજ્ઞા લીધી હતી અને જેનો ઉદ્દેશ અને હેતુ પોતાનાં બાળકોને જન્મ-મરણના બંધનમાંથી છોડાવવાનો હતો. પોતાના સ્વરૂપનું ભાન કરનાર સંતાનોને પછી જન્મ-મરણ રહેતું નથી. આવા મનુષ્યો સદા ઈશ્વરમાં નિવાસ પામેલા હોય છે.

તેણીને પોતાની સર્વ પ્રજાને દૈવી જીવો બનાવવાની ઇચ્છા થઈ હતી. આ એક માતાની પ્રતિજ્ઞા હતી, અને તે પાર પાડવામાં ફતેહમંદ પણ થઈ હતી. તેણીના બધા છોકરા દૈવી જીવો હતા. તેઓ કૃષ્ણ, બુદ્ધ જેવા તત્ત્વવેત્તા અને ત્યાગી હતા, અને તેઓએ સમસ્ત જનસમાજ ઉપર સામ્રાજ્ય કર્યું હતું. તેણીએ પોતાની સર્વ પ્રજાને જન્મ-મરણના બંધનમાંથી મુક્ત કરી હતી. એક એકેજ આ બધું કર્યું હતું; પરંતુ તેણીએ તેને માટે કઈ પદ્ધતિ સ્વીકારી હતી ? જ્યારે પોતાનાં બાળકો નાના નાનાં હતાં, ત્યારે તેણી તેમને વેદાંતનાં હાલરડાં ગાતી. જ્યારે જ્યારે તેણી પોતાનાં બાળકોને ખોળામાં લઈ રમાડતી હતી, ત્યારે ત્યારે પણ તેણી પોતાનાં બાળકોને વેદાંતનાં ગીત ગાઈ સંભળાવતી હતી. જ્યારે જ્યારે તેણી પોતાનાં બાળકોને ધવરાવવા બેસતી ત્યારે પણ તેણી પોતાના ધાવણની સાથે સાથે દૈવી જ્ઞાનરૂપી ધાવણનું પણ તેમને પાન કરાવતી હતી. જ્યારે જ્યારે તેણી પોતાનાં બાળકોનું પારણું ઝુલાવતી હતી, અને હાલરડાં ગાતી હતી, ત્યારે ત્યારે પણ તેણી વેદાંતનું ઉત્તમ જ્ઞાન તેમને સંભળાવતી હતી.

ઊંઘ, ઊંઘ, ઊંઘ બાળ ! ઉન્મત્ત ઊંઘ,
કારણ શરીર નહિ સ્થૂલ નહિ હજાર. ઉપ.
જન્મ રહિત, જન્મ અભાવ, જન્મ મૃત્યુ કેમ તને,
દેવાંશ તીન નય છે દીપક તને. ઉપ.

સૌંદર્ય ધન અક્ષિસ તણો ઇશ તું સદા,
સર્વમાં વિરાજી રહો, વિમળ તુજ આત્મા. ઉંધ.
સુકોમળ ગુલાબ, રમ્ય રૂપેરી જલકલો,
મધુર મધુ, મધુર વાસ, મધુર શ્રાવ્ય કલરવો. ઉંધ.
મધુર ગીત શીતલ અનિલ, સુખદ જનક ઉત્ફુલતા,
સર્વ રમ્ય દૃશ્ય શ્રાવ્ય, વિશ્વના પદાર્થ આ. ઉંધ.
તુજ દિવ્ય ને સુખ રૂપ ધામમાંથી એ સ્ફુરે,
પુનિત વિમલ રૂપ તું નિર્લેપ ઓંકાર છે. ઉંધ.
શોક મોહ ભીતિ શત્રુ કે કોઇ આપદા,
સ્પર્શી શકે નહિ કદી નિબોધ્ય રૂપ તું સદા. ઉંધ.
શાંત, શીતલ, સૌમ્ય મૃદુલ મિષ્ટ સુખદ ઉંઘમાં,
ગાઢપણે સુપ્ત રહે અચળ તુજ આત્મા. ઉંધ.
તેજ પૂર્ણ ગગન ઘુમટ તારલાથી જડિત જે,
ઉચકી ઉંચુ તુજ કરે તે પ્રિય ઓંકાર હે. ઉંધ.
સૂર્ય અને ચંદ્ર તુજ રમતના દડા ખરે,
મેઘ ધનુષ્યની કમાન ખાસ તુજ દિપવે. ઉંધ.
માર્ગ તુજ રમણકાજ ધવલ સ્વર્ગગંગા,
મેઘ ત્હારૂં સ્નાન કરે માર્ગમાંહી સેરતા. ઉંધ.
ગ્રહ મંડળો તુજ રમકડાંજ ગાય ને ફરે,
ઓં તત્ સત્ કહી કહી તુજ સ્તુતિઓ કરે. ઉંધ.
કમળ અને પુષ્પ વિષે ઝરણું ને સરોવરે,
કેવી ત્હારી સુખદ નિર્મૂલ ક્રાન્તિ ત્યાં સ્ફુરે. ઉંધ.
દેહ કાળ રૂપી સરસ ગરમ કામળા ભલે,
શાંત હસ્ત થકી ત્હારૂં મુખડું લુછે. ઉંધ.
અર્ધ ઝાંખી નજર અને, હાસ્ય ભર્યા નયનથી,
મસ્ત બાળ! નિરખ તું હૃદય ઉલ્લાસથી. ઉંધ.
કોકિલા ટહુકા કરે વીણા કંઇ થકી જે,
તે સિસોટીઓ મુરલી એ તને ગમે છે. ઉંધ.
ચકલીઓ, પવન, અનેક તારણ આ બધા,
તુજ બાળ ક્રીડન કાજ રમ્ય રમકડાં બન્યાં. ઉંધ.
સર્વ વિશ્વ માત્ર લીલાકાજ તુજ સ્વપ્ન છે.
બાહ્ય બાળ નું સ્વરૂપ તેજ તુજ માંહ્ય તે. ઉંધ.
ઉંઘને આગમ તણાં સ્મૃતિ મધ મેહ,
પ્રિય કાન્ત કેશ તણા, બુદ્ધિ તણા સુત હે! ઉંધ.
જીવન અને કર્મ તણા શાંતિસુખ ઝરણું હે!
પરમ નમસ્કાર કર તું શેકાદી તિમિરને. ઉંધ.

સુખદ ગરૂડ રાજ ! રમ્ય વસ્તુઓ જણાય જે,
ફડ ફડતી તુજ પાંખનો અવાજ ક્ષણિક છાંય તે. ઉંઘ.
અર્ધ રમ્ય કાંતિ તણો સર્વ માંહ્ય ભાસ આ,
અર્ધ તો ઢંકાઈ રહી આવરણે તો સદા. ઉંઘ.
આવરણ આ તેજ ધર્યું વિશ્વને રમાડવા,
આત્મ સ્વરૂપ મધુર પ્રણવ ! ઓં તત્ સત્ ઓં સદા. ઉંઘ.

ઉપરનું ગીત, રાણી પોતાના સાત બાળકો માટે જે હાલરડું ગાતી હતી તેનો આપણને ખ્યાલ આપે છે. જ્યારે તે છોકરાઓ પોતાનું ઘરબાર છોડી દેશાંતરે ગયા ત્યારે તેઓ દૈવી સત્તાથી ભરપૂર હતા. તેઓદ્વારા દેશદેશાન્તરમાં વેદાંતનો પ્રસાર થયો હતો. એ રાણીને એક આઠમો છોકરો હતો, તેને તે સાત છોકરાઓની માફક સંસ્કાર પાડવામાં આવ્યા નહોતા; કારણ કે એ છોકરો ગાદી છોડીને ચાલ્યો જાય અને તદ્દન મુક્ત દશાનો પરમ હંસ થઈ જાય તે તેના પિતાને રૂચ્યું નહિ. આથી તે માતા ઉપર પ્રમાણે હાલરડાનું ગીત ગાઈ તેને પોષી શકી નહિ. આમ છતાં તેના જીવનમાં દુઃખ શોકાદિ બાધ કરે નહિ, તેને અર્થે તે માતાને પોતાની પ્રતિજ્ઞા કંઈક અંશે પાળવાની હતી. આ આઠમા છોકરાને ઉછેરવા માટે એક દાસીને સોંપવામાં આવ્યો; પરંતુ જ્યારે તેની માતા મરણપથારીએ પડી, ત્યારે આ બાળકને તેણીની પાસે લાવવામાં આવ્યો. તેણીએ હાલરડાવાળું ગીત એક કાગળમાં લખીને એક રત્નજડિત સોનાના માદળીયામાં નખાવીને તે છોકરાને હાથે બાંધ્યું, અને તેને પવિત્ર રાખવાનું કહ્યું; વળી તેણીએ તેને તે કાગળ વિષે જણાવ્યું કે તેનું મનન, નિદિધ્યાસન કરવાથી હરેક દુઃખ શોકાદિકથી દૂર થઈને તું મુક્ત થઈશ; પરંતુ આપત્તિકાળ સિવાય તારે તે માદળીયું કદિ ઉઘાડવું નહિ. થોડા વખત પછી માતા અને પિતા બન્ને મરણ પામ્યાં; અને તે કુમાર રાજા થયો અને તેણે ઘણાં વર્ષ સુધી રાજ્ય કર્યું.

એક દિવસ તેના મોટા ભાઈઓ પોતાના પિતાની રાજધાનીમાં આવી પહોંચ્યા; અને તેઓએ તે અલર્ક નામના રાજ્યગાદી ઉપર બેઠેલા પોતાના બંધુને સંદેશો મોકલ્યો કે રાજ્યગાદી અમને સોંપી દેવી; કારણ કે તેઓ મોટા ભાઈઓ હોવાથી તેઓજ ગાદીના ખરા હક્કદાર વારસ છે. અલર્કને જ્યારે આવી ખબર અપાઈ ત્યારે તે ઘણો ભયભીત અને આકુળવ્યાકુળ થઈ ગભરાઈ ગયો, તથા શું કરવું તે તેને સુઝયું નહિ. પોતાનો રાજ્યવૈભવ, સત્તા, અને પ્રતાપ એ સર્વ જતું રહેશે, એવા ભયથી તેને રડવું આવ્યું. રાત્રિએ જ્યારે તે પોતાના શયનગૃહમાં સુવા ગયો, ત્યારે તેને પોતાને હાથે માતાએ બાંધેલું માદળીયું નજરે પડયું. તેમજ માતાના છેલ્લી વખતના શબ્દો તેને સ્ફુરી આવ્યા. તેણે તે માદળીયું ઉઘાડયું, અને તેમાં બીડેલો કાગળ આંસુ ભરેલી આંખે વાંચ્યો.

"તું શુદ્ધ છે, તું અવિનાશી છે, તું સર્વ જ્ઞાન રૂપ છે, તું સર્વ શક્તિ રૂપ છે, તું સર્વ શક્તિનો નિયંતા છે, તું સર્વ સૌંદર્યનો દાતા છે, તું આ વિશ્વમાં સકળ આનંદ રૂપ છે. આ શરીર તે તું છે એમ તું માનીશ નહિ, આ જગતની વસ્તુઓ ઉપર તું આધાર રાખીશ નહિ; એ બધાથી તું પર થા, તારા સ્વરૂપનુંજ ધ્યાન કર, તેનોજ વિચાર કર, શત્રુ અને મિત્ર તે તું પોતેજ છે." અલર્કને આનાથી પોતાના સ્વરૂપનું જ્ઞાન થયું. તેની ચિંતા, ઉદ્વેગ અને ભય નાશ પામ્યાં. તેને આનંદ અને ઉલ્લાસ પ્રાપ્ત થયો. તેણે કાગળમાં લખેલું ગીત ફરી ફરીને વાંચ્યું અને વારંવાર ગાયું. તે ગીતના અર્થ અને મહિમાને લીધે તેમજ માતાની

શુભેચ્છાને લીધે, તે જ્ઞાન પામી સ્વસ્વરૂપ પામ્યો. તેનાં ભય શોકાદિક સર્વ જતાં રહ્યાં. દુનિઆની સર્વ ક્ષુદ્રક આશા તૃષ્ણાને તેણે છેક્કી સલામ કરી. તેને એવી તો આત્મ-પ્રતીતિ આત્મ-ભાન થયું, અને તે એવો તો પવિત્રતા અને શક્તિથી ભરપૂર થયો કે એ બધું એના અંદર પૂર્ણ વેગથી પ્રકટ થયું. તે સૂવા જવાનું પણ ભૂલી ગયો, અને એકદમ પોતાનાં બહાર જવાનાં વસ્ત્રો પહેરી પોતાના જ્યેષ્ઠ બંધુઓ ઉતર્યા હતા, તે સ્થળે ગયો. જઈને વીર હાકથી તેણે કહ્યું કે; "બંધુઓ ! આવો, આવો, મને આ ભારમાંથી મુક્ત કરો, આ મસ્તક તપાવનાર મુકુટ-કે જેની અંદર આખા જગતનો ભાર છે, તે તમે લઈ લો, અને મને તેથી મુક્ત કરો. રાજ્યગાદી ઉપર બેસીને મુલક ઉપર રાજ્ય ચલાવવાની કામનાવાળી, તમો સર્વ વ્યક્તિઓ, તે હું પોતેજ છું અને હું તે તમેજ છો, તમે અને હું એકજ છીએ, એમાં કોઈ જાતનો ભેદ નથી, સર્વમાં એક સરખો આત્મદેવ વિલસી રહ્યો છે." અલર્કના વડિલ બંધુઓને આ બધું સાંભળીને અને તેના મુખ ઉપર નિસ્પૃહતા અને પવિત્રતા તરવરતી જોઈને અત્યાનંદ થયો, તેઓએ કહ્યું કે; "ભાઈ ! અમે કંઈ અહીં રાજ્ય લેવા આવ્યા નથી; કારણ કે અમે તો સમસ્ત બ્રહ્માંડ ઉપર રાજ્ય કરીએ છીએ. અમને તો માત્ર તમારો ખરો જન્મહક્ક કે જે તમારી અંદરજ રહેલો છે, તે તમને પ્રાપ્ત થાય એવી ઇચ્છા હતી, અને એજ હેતુથી અમે અહીં આવ્યા હતા."

વળી વિશેષમાં તેઓએ પોતાના બંધુને બોધ આપ્યો કે; "બંધુ, હવે તું આ ઇંદ્રિયોથી હણાય એમ નથી, તું ફક્ત આ પૃથ્વીનોજ રાજા છે એમ નથી; પરંતુ સૂર્ય, ચંદ્ર, ગ્રહો અને સર્વ લોકનો રાજા અને અધીશ છે. તું અનંત અને અવિનાશી આત્મા છે. તું આ બ્રહ્માંડની અંદર રહેલો, અનેક સૂર્યનો પણ સૂર્ય છે અને સર્વ પ્રકાશોનો પણ પ્રકાશ છે." અલર્કને આ સર્વની પ્રતીતિ થઇ અને તેણે પાછું પોતાની રાજ્યગાદીએ જઈ રાજ્ય કર્યું; પરંતુ તે પોતે નાટ્યભૂમિના એક સૂત્રધાર તરીકેજ વર્તતો, અને સૂત્રધારનોજ પાઠ ભજવતો હોય એમ માનતો હતો. આ રાજા જ્ઞાની હતો તેથી તેને શોક મોહાદિ બાધ કરી શકતાં નહિ. તેણે એક મહાન રાજા તરીકે રાજ્ય કર્યું અને તે આખી પૃથ્વીમાં સર્વથી શ્રેષ્ઠ વિજયી રાજા નીવડયો. તે વિજયને શોધવા ગયો નહોતો પણ વિજયેજ તેને શોધી પ્રાપ્ત કર્યો હતો.

નિત્ય આનંદ અને અખંડ શાંતિ તમારીજ છે, એટલુંજ નહિ પણ તે સ્વરૂપજ તમે છો. તમે તમારૂં કેન્દ્ર મધ્યબિંદુ-મૂળનું જ્ઞાન પ્રાપ્ત કરો, તેનો અનુભવ કરો અને સદા સર્વ કાળ તેમાંજ સ્થિત રહો.





५–मोझीसनो दंड.

ઑક ફૅલોઝ હૉલ નામના સ્થળમાં ભાષણ આપ્યા પછી રામને એક પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો, અને તેનો ઉત્તર ઉપનિષદ્‌ના ફકરાઓના વાંચનદ્વારા આપવામાં આવ્યો હતો.

એ પ્રશ્ન એવો હતો કે, તમે ભૌતિક પદાર્થોમાં આસક્તિ નહિ રાખવાનો, સર્વ કામનાનો ત્યાગ કરવાનો અને સંન્યાસ માર્ગ ગ્રહણ કરવાનો શા માટે ઉપદેશ આપો છો? વેદાંત અમને આ સર્વ જગત્ સાથેનો સંબંધ છોડી દેવાનું તેમજ ભૌતિક વસ્તુની વાસનાનું દમન કરવાનું પ્રબોધન કરે છે અને મનુષ્ય જાતિને માટે જે અમારા હૃદયમાં પ્રેમ છે, તેને તે નષ્ટ કરી નાખે છે.

વાંચન પૂર્વની પ્રસ્તાવના.

જ્યારે મનુષ્ય ખરા સુખની પ્રાપ્તિ કરે છે, અથવા જ્યારે પોતાના સત્ય સ્વરૂપની પ્રતીતિ કરે છે, ત્યાર પછી તે પોતાની જે જે ફરજો બજાવે છે, તે તે બધી ફરજો તેને સુખરૂપ થાયછે. સુખ સ્વાભાવિક રીતેજ તેની અંદરથી સ્ફુરે છે, અને તે સ્ફુરવુંજ જોઇએ; કારણ કે સૃષ્ટિનો એવો નિયમ છે કે જે મનુષ્યને સુખની પ્રાપ્તિ નથી; તે મનુષ્ય અન્યને સુખ આપી શકતો નથી. જો તમે જાતેજ ગરીબ છો અને ભૂખે મરો છો, તો તમે બીજા ભૂખથી ટળવળતાં ગરીબોને કેવી રીતે તૃપ્ત કરી શકશો?

શિષ્યઃ—હે ગુરૂ, આ સુખ તે શું છે? તે જાણવાની મને ઇચ્છા છે.

ગુરૂઃ—અપરિમિતપણું એ સુખ છે. કોઈ પણ પરિમિત વસ્તુમાં સુખ નથી. જ્યાં સુધી તમે પરિમિત અને અલ્પ છો, ત્યાં સુધી તમને સુખની પ્રાપ્તિ થવાની નથી. અપરિમિતપણું એજ સુખ છે. અપરિમિતપણું એજ માત્ર સુખ છે.

આ અપરિમિતપણું તે આપણે કેવી રીતે જાણી શકીએ? આના સંબંધમાં કોઈ પણ જાતનું વિવરણ કરવાની જરૂર નથી; પણ રામ કહે છે કે આ શબ્દો ઉપર તમે બરાબર ધ્યાન આપો, તેના ઉપર વારંવાર વિચાર કર્યા કરો અને તે જરા પણ ભૂલ્યા વગર યાદ રાખ્યા કરો અને આશા છે કે એક વખત એવો આવશે કે જ્યારે તમે "અપરિમિતપણું એજ સુખ છે, અને પરિમિતપણામાં સુખ નથી" એવાં વચનોનો ઉદ્‌ગાર કાઢશો. તેથી આ પરિમિતપણું શું છે? તે તમારે બરાબર જાણવું જોઇએ. અંગ્રેજી ભાષામાં Whole (હોલ=આખું; પૂર્ણ) એવો શબ્દ છે. Are you whole? (કેમ, તમે બરાબર-પૂર્ણ-સ્થિતિમાં છો ને?) એટલે તમે બરાબર નિરોગી અને સાજા છો ને? આ શબ્દ ઘણો મજાનો અને અર્થસૂચક છે.

જ્યાંસુધી તમે તમારી જાતને એક સાડાત્રણ હાથની અને ૧૫૦ રતલ વજનવાળી વસ્તુ એટલી અલ્પ ગણશો; જ્યાંસુધી તમે પોતાને હાડ, માંસ અને લોહીના એક ઢેફા જેવાજ માન્યા કરશો; ત્યાંસુધી તમે પરિમિત, પરિચ્છિન્ન, ક્ષય પામતા સ્વભાવવાળા અને એક વિભક્ત

અંશ હોવાજ છો, અખંડ નહિ પણ એક ખંડ હોવાજ ત્યાંસુધી હદવાળા પદાર્થ છો. તમે આખા તેમજ નિરોગી, તન્દુરસ્ત કે સુદૃઢ નથી. જો તમે સમુદ્રમાંથી થોડું પાણી લઈ એક બાટલીમાં ભરી રાખો, તો તે પાણી વહેતું નહિ રહેવાથી અને સ્થિર થઈ રહેવાથી ગંદુ અને ગંધાતું બની જશે. આવી જ રીતે જે કોઈ વ્યક્તિ કે જે એમ માને કે હું પોતે પરિમિત, અલ્પ, દેશકાળની પરિચ્છિન્ન અને એક નાની સરખી હદમાં રહેલો છું તો તે પૂર્ણ તન્દુરસ્ત અને સુખી નથી; તે કોઈ રીતે સુખનો હકદાર નહિ બની શકે. જો હવે તમને તમારી દૃષ્ટિ અમર્યાદિત બને, જો હવે તમે "અમે અલ્પ છીએ" એવી બુદ્ધિનો નાશ કરો; અને અમે સર્વ છીએ, સર્વ વિશ્વરૂપ છીએ, અનાદ્યનંત એકરૂપ છીએ, એવી પ્રતીતિ કરો; ત્યારે તમે અખંડ સર્વરૂપ બનો છો, અને તમારા શારીરિક વ્યાધિ, ઉપાધિ અને ચિંતાનો નાશ થઈ જાય છે.

રોગોપશમન શાસ્ત્ર (Healing), આકર્ષણ શક્તિશાસ્ત્ર (Magnetism), પ્રજ્ઞવિનિમય શાસ્ત્ર (Mesmerism), એ સર્વનું આજ રહસ્ય છે કે તમે અખંડ સ્વરૂપ થાઓ; કારણ કે તમે અખંડ સ્વરૂપજ છો. આ સત્ય છે. આ સત્યમાં તમે નિષ્ઠા પામો અને પ્રતીતિ કરો કે અમે સર્વરૂપ, સર્વ શક્તિમાન અને દિવ્ય સ્વરૂપ છીએ.

શિષ્યઃ—આ પરિમિતપણું તે શું છે?

ગુરૂઃ—પરિમિતપણું ત્રણ પ્રકારનું છે. કાળકૃત પરિમિતપણું, દેશકૃત પરિમિતપણું અને કાર્ય-કારણભાવકૃત પરિમિતપણું. અખંડરૂપ થવું એટલે કે સદા સર્વત્ર આત્મા વ્યાપક છે,–તે દેશ, કાળ અને વસ્તુથી પર છે; એવી પ્રતીતિ કરવી.

જ્યારે આ અખંડ સ્વરૂપની પ્રતીતિ કરનાર મનુષ્ય અખંડ સ્વરૂપ સિવાય બીજું કંઈ પણ જોતો નથી, કંઈ પણ સાંભળતો નથી, અને બીજું કંઈ પણ જાણતો નથી, ત્યારેજ તે અખંડ અને અપરિમિત સ્વરૂપ બને છે. જ્યાં સુધી તમારા મનમાં તમારા સિવાય અન્ય વસ્તુનું પણ અસ્તિત્વ છે, ત્યાં સુધી તમે પરિમિત અને હદવાળાજ રહેવાના.

પોતાના અખંડ સ્વરૂપ સિવાય અન્ય કંઈ પણ સાંભળવું, જોવું અને જાણવું, એજ અલ્પતા અને પરિમિતપણું છે.

વિશ્વદૃષ્ટિ* પામી પ્રેતને જોવું, પ્રેતનું બોલવું સાંભળવું, તે પણ પરિમિતપણુંજ છે. જો કે તમે અખંડ સ્વરૂપની પ્રતીતિ કરવાના માર્ગે છો, તોપણ તમે કંઈ અંતિમ સ્થાનને પહોંચ્યા નથી; કે જ્યાં મનુષ્યને પોતાના અપરિમિતપણા સિવાય અન્ય કંઈ પણ સંભળાતું કે અન્ય કંઈ પણ ભાસતું નથી. એ **અપરિમિતપણું એજ અમરતા છેઃ અને પરિમિતપણું એજ મરણ છે.**

શિષ્યઃ—હે ગુરૂ, એ અપરિમિતપણું ક્યાં રહેલું છે?

ગુરૂઃ—એ અપરિમિતપણું પોતાના મહિમામાં રહેલું છે.

અર્થાત્ એ અપરિમિતપણું દેશ, કાળ અને વસ્તુથી પર છે. હવે જ્યારે એ દેશ-કાળથી પર છે, ત્યારે તમે દેશકાળ અને વસ્તુથી પરિમિત હોઈને એ અપરિમિતપણાને કેવી રીતે અનુભવી શકો? અપરિમિતપણું ક્યાં રહે છે? એવો પ્રશ્ન કરવો એ "એક તોલો સમુદ્રના તરંગો મને આણી આપો" એ કહેવા બરોબર છે. સમુદ્રના તરંગો કાંઈ તોલાથી કે શેરથી

* મેસ્મેરીઝમના પ્રયોગમાં વિષયને પ્રાપ્ત કરવાની એક અવસ્થાનું નામ "વિશ્વદૃષ્ટિ" છે.

મપાયજ નહિ. આવીજ રીતે અપરિમિતપણું એ કેવી રીતે, ક્યારે, અને શા માટે, એ શબ્દોથી માપી-જાણી શકાય નહિ-પરિમિત કરી શકાય નહિ. જો એને માપી શકાય-પરિમિત કરી શકાય, અને સર્વથા જાણી શકાય તો તેને અપરિમિતપણુંજ કહી શકાય નહિ.

રામને જે વારંવાર કહેવામાં આવે છે તે એ છે કે, વેદાંત સર્વ કામનાઓ અને આસક્તિનો ત્યાગ કરવાનો બોધ આપીને, તે જનસમાજમાં ધિક્કારની વૃત્તિ ફેલાવે છે; પરંતુ વાસ્તવિક રીતે તેમ નથી. "પ્રેમ અને આસક્તિનો તમે ત્યાગ કરો" આવા જે વેદાંતના શબ્દો છે, તેને તમે બરાબર વિચારી જુઓ. તમે કહેશો કે "પ્રેમનો ત્યાગ કરીએ તો પ્રેમ એ પ્રભુ છે, તેથી પ્રભુનોજ આપણે ત્યાગ કરીએ છીએ;" પરંતુ હે લોકો, અહીં પ્રેમ એટલે અતિ કામના, અને અતિ કામનાનો અર્થ મૂર્ખતા થાય છે.

લોકો કહે છે કે "તે માણસ તો અમુકના પ્રેમમાં-પ્યારમાં પડયો છે!" પરંતુ ખરી રીતે જોતાં તો તેને પ્રેમ કહેવાયજ નહિ, અતિ નિંદ્ય અને પાપકર્મ ગણાય છે. રામને કોઈ પણ વસ્તુ કરતાં સત્ય તરફ વધારે સન્માન છે. આપણી વિષયાસક્તિજ આપણને તેમજ આપણા પ્રેમના પદાર્થોને પરિમિત કરે છે, અને પછી પ્રેમ કરનાર તેમજ પ્રેમના પદાર્થો, એ બન્નેનું અધઃપતન થાય છે. વેદાંત તમને એવી અતિ કામના, વિષયાસક્તિનોજ ત્યાગ કરવાનો ઉપદેશ આપે છે; તે કંઇ સત્ય અને શુદ્ધ પ્રેમનો ત્યાગ કરવાનો ઉપદેશ આપતું નથી.

આપણે એક બાળકનો દાખલો લ્યો. બાળક એ શું પ્રેમ કરનાર છે? નહિ, નહિ, એ તો પ્રેમસ્વરૂપજ છે. આ હેતુથીજ વેદાંત કહે છે કે તમે પ્રેમ કરનાર થશો નહિ, પરંતુ પ્રેમસ્વરૂપજ થજો. હવે એવું શું છે કે જે બાળકને લોહચુંબક સમાન આકર્ષક બનાવે છે? કારણ એજ કે તે બાળક તે કાંઈ પ્રેમ કરનાર નહિ, પણ પ્રેમસ્વરૂપજ છે. તેને આસક્તિ, સ્વાર્થ કે કોઈ જાતનું મારૂં તારૂં હોતું નથી; તેથીજ વેદાંત કહે છે કે "તમે એકવાર પ્રેમસ્વરૂપ બનો, એટલે પછી તમે લોહચુંબકના જેવા આકર્ષણ શક્તિ સ્વરૂપ અને અખંડ સ્વરૂપ થશો!"

લોકો પોતે નિરોગી થવાની અને બીજાને નિરોગી કરવાની, તેમજ એવીજ બીજી બાબતોના સંબંધમાં ઘણી ઘણી વાતો કર્યા કરે છે; પરંતુ મહેરબાની કરી તમે સ્વાર્થી ઉદ્દેશ અને સ્વાર્થી રીતનો ત્યાગ કરો, કેમકે તેજ તમને પરિમિત બનાવે છે. દરેકે દરેક કામના જે સ્વાર્થી છે, તેજ આસક્તિ છે. તેનો તમે ત્યાગ કરો એટલે તમે વિશુદ્ધ સ્વરૂપ બનશો. એ વિશુદ્ધિ જો તમે પ્રાપ્ત કરી, તો પછી તમારૂં શરીર નિરોગી થવુંજ જોઇએ, તેમજ તમારી બુદ્ધિ પણ પૂર્ણ વિકાસ પામવીજ જોઇએ. જો તમે એ વિશુદ્ધિને, પવિત્રતાને પ્રાપ્ત કરી, તો પછી વેદાંત જેનો વારંવાર ઉપદેશ કરે છે, તે ખરો ત્યાગ પણ તમને પ્રાપ્ત થવાનો, કારણકે **વિશુદ્ધિ એજ ખરો ત્યાગ છે.**

તમે એ વિશુદ્ધિને પ્રાપ્ત કરો. બાળક શું વિશુદ્ધ નથી? તે દરેક વસ્તુ તરફ નિઃસ્પૃહ હોય છે. જુઓ એક નાનું સ્વચ્છંદી બાળક જબ્બરમાં જબ્બર માણસના ખભા ઉપર ચડી બેસી તેને ઘોડો બનાવે છે, અને ભલભલાની દાઢીમાંથી વાળ ખેંચે છે! એનામાં કેટલી બધી આકર્ષણ શક્તિ છે? એટલી બધી આકર્ષણ શક્તિ હોવાનું કારણ શું હશે? એનું કારણ બીજું કંઈ નહિ, પણ તેની વિશુદ્ધિજ છે. તે વિશુદ્ધિજ બાળકમાં આટલી બધી આકર્ષણ શક્તિ લાવે છે. તે વિશુદ્ધિવડેજ બાળક આટલું બધું રમણીય અને મોહક બને છે, અને આ

થીજ વેદાંત એવો ઉપદેશ કરે છે કે, તમે આવા ત્યાગને પ્રાપ્ત કરો, એટલે તમે તાની મેળેજ પ્રેમસ્વરૂપ બની જશો; અને તેની સાથે સાથે કુદરતી રીતેજ તમારીદ્વારા નસમાજના કલ્યાણની વૃત્તિ સ્ફુરણ પામશે. આપણે જનસમાજનું કલ્યાણ કરવા તત્પર થઇએ એ, પણ તે આપણે ત્યારેજ કરી શકીએ છીએ કે જ્યારે પ્રથમ આપણે જાતેજ કલ્યાણ રૂપ થઇએ છીએ.

સર્પ પોતાની ચામડી-કાંચળી ઉતારી નાખી દે છે; કારણ કે તેને પોતાની ચામડી માટે મતા કે આસક્તિ હોતી નથી. આવીજ રીતે જો તમે વેદાંતના સિદ્ધાંતની ભાવના સિદ્ધ રો, અને જાણે આ દેહ કોઇ દિવસ હતોજ નહિ, એ પ્રમાણે તમારા દેહાધ્યાસને કાઢી ખો, અરે "હું દિવ્ય સ્વરૂપ, સર્વમય અને વાસુદેવરૂપ છું" એવી પ્રતીતિ કરો; "ઇન્દ્રિ- અને અહંકાર સાથે મારે કંઇ પણ લેવાદેવા નથી" એવો જો તમે સ્વાનુભવ કરો; તો છી તમે અપરિમિત અને આકર્ષણ સ્વરૂપ બનશો. વેદાંતનો એવો ઉપદેશ છે કે, જો તમે આવો સ્વાનુભવ કરી શકો, જો તમે સંપૂર્ણ રીતે પવિત્ર થઇ શકો, તો તમને મહાન આક- ણ શક્તિ પ્રાપ્ત થશે, અને એ આકર્ષણ શક્તિથી તમે પ્રેમના ઘન સત્વરૂપ બનો છો, અને ક-કલ્યાણની વૃત્તિ, તે તમારામાંથી પોતાની મેળેજ સ્ફૂર્યા કરે છે.

વળી તમારા પ્રત્યેક કાર્યમાં આસક્તિનો અસ્વીકાર કરાય એમ નથી, તમારા સ્નેહ અને લાગણીઓને તમે બરાબર સમજી શકતા નથી, તેથી કહો છો કે અમે પ્રેમમાં-પ્યારમાં પડયા છીએ; પરંતુ વાસ્તવિક રીતે જોતાં તે પ્રેમ નહિ, પણ ધિક્કાર હોય છે. તેથી વેદાંત જ્યારે કહે છે કે તમે રાગ કરશો નહિ, ત્યારે તેનો અર્થ એવો કરવો જોઇએ કે તમે ધિક્કારશો નહિ. જ્યારે જ્યારે તમે કોઇ પણ વસ્તુ તરફ અનુરાગ કરો છો, ત્યારે ત્યારે તમે એકજ વસ્તુમાં દૃઢ આસક્ત થઇ જાઓ છો અને તેની સાથેજ દુનિયાની બીજી બધી વસ્તુઓમાં અનાસક્ત થઇ જાઓ છો. અર્થાત્ એકજ વસ્તુ સાથે સંબંધ થવાથી તમારો સમસ્ત વિશ્વ સાથેનો સંબંધ છુટી જાય છે. શું તમને આવો અનુભવ નથી થયો ? જ્યાં સુધી બાળકને, પ્રેમ શું છે ? તેનું ભાન હોતું નથી, ત્યાં સુધી તે બાળક પ્રેમ સ્વરૂપજ હોય છે. જાણે કે તેનો સર્વ સાથે સંબંધ છે. જ્યારે તે એકાદ માસનું હોય છે, ત્યારે કોઇ પણ માણસ તેને તેડી વાત્સલ્યપૂર્વક રમાડી શકે છે. એ બાળક પરાણે રમાડવાનું મન થાય એવું, અને પ્રેમ-સ્વરૂપ હોય છે; પરંતુ થોડો કાળ વીત્યા પછી જ્યારે બાળકને દુનિયાનો વા લાગે છે, અને મારૂં તારૂં સમજી કોઇ સ્ત્રી સાથે તે પ્યારમાં પડે છે, ત્યારે તેનું શું થાય છે ? તેને માતપિતા ભારરૂપ લાગે છે, તેને પોતાની બ્હેન કે ભાઇઓથી આનંદ થતો નથી, પોતાના જુના મિત્રો સાથેનો સંબંધ રહેતો નથી. આખા વિશ્વ સાથેનો એનો સંબંધ છુટી જાય છે. તે પૈસાને અર્થે દરિયાની મુસાફરી કરે છે, પરંતુ તેનું ત્યાંએ ચિત્ત ચોંટતું નથી, અને એ તે બધું તેને ત્રાસજનક થઇ પડે છે. અમુક મનુષ્ય પ્યારમાં પડયો છે, તેનો અર્થ એજ કે તે મનુષ્ય વાસ્તવિક રીતે જોતાં આખા વિશ્વને ધિક્કારે છે. જ્યારે તમને અમુક પદાર્થ ઉપર અનુરાગ થાય છે, ત્યારે તમે સમસ્ત દુનિયાથી જુદા પડો છો; તેથી વેદાંતના સિદ્ધાંત પ્રમાણે આસક્તિનો અર્થ અસંબંધ જુદાપણું અને વહેંચાવું થાય છે; તેથી તે આપણને ઉપદેશ કરે છે કે, દુનિયાના પદાર્થો ઉપર આસક્ત થઇ કદી તમારો આત્મઘાત કરશો નહિ.

વેદાંત કહે છે કે, જે બાળક એક વખત પ્રેમસ્વરૂપ હતું તેનું તેજ બાળક પાછળથી

વિષયાસક્તિનું એક દૃષ્ટાંત બને છે, વાસ્તે વેદાંત જ્યારે ઉપદેશ કરે છે કે, તમે વિષયાસક્તિ અને કામનાઓથી પર થાઓ, ત્યારે તેનો કહેવાનો ભાવાર્થ એજ હોય છે કે, તમે સમસ્ત ભૂત-પ્રાણીઓ પ્રતિ સુખરૂપ થાઓ. વેદાંત તમારી સર્વ શક્તિઓને સુદૃઢ કરી તમને સર્વ પ્રાણીઓ સાથે એક કરે છે.

કાંઈ પણ આસક્તિ વગર પૂર્વ કાળમાં પરોપકારી સંત પુરૂષો પોતાનું જીવન ગાળતા એ શું સત્ય નથી ? ક્રાઇસ્ટે કદી લગ્ન કર્યું હતું ? ના, કદીએ નહિ. રામ કાંઇ લગ્નની બાબતમાં વિરૂદ્ધ બોલવા માગતો નથી, પરંતુ ઈશ્વર સાથે તમારા મનનું લગ્ન કરો ! તેમજ સમસ્ત વિશ્વ સાથે અભેદ વૃત્તિ કરો ! એજ રામના કહેવાનો ભાવાર્થ છે. કેટલાક મહાત્માઓએ લગ્ન પણ કરેલાં છે, તથાપિ તેઓનો સંબંધ કેવો હતો, તે જુઓ. તેઓનું મન કેવળ અનાસક્ત અને નિર્લેપ હતું. તેઓ ગૃહસ્થ અને કુટુંબી હતા અને તેઓને સંતતિ પણ હતી, તોપણ તેઓ કેવળ પવિત્રપણે પોતાનું જીવન ગાળતા હતા; પરંતુ આપણે તો કંઇક જૂદીજ રીતે જીવન ગાળીએ છીએ. આપણું જ્યાં શરીર હોય છે, ત્યાં આપણે નથી રહેતા, પણ જ્યાં આપણું મન રહે છે ત્યાંજ આપણે રહીએ છીએ; પરંતુ સંત પુરૂષો કે જે સાંસારિક દૃષ્ટિએ લગ્નનું જીવન ગાળે છે, તેઓ સર્વાંશે, આત્મપ્રકાશમાંજ નિષ્ઠા પામેલા હોય છે. તમારી આસક્તિ અને વાસનાનો તમે ક્ષય કરો, એવું વેદાંત તમને પ્રબોધન કરીને સકળ જનસમાજના કલ્યાણ કરનાર બનાવે છે.

અમેરિકાનાં છાપખાનાંઓમાંથી પુસ્તકો, વર્તમાનપત્રો, માસિકો વગેરે જે સાહિત્ય બહાર પડે છે, તે માંહેલું ઘણુંખરૂં સાહિત્ય, પ્રાણવિનિમય વિદ્યા, આકર્ષણ વિદ્યા, અતીન્દ્રિય દર્શન. વિદ્યા, અને એવી એવી ઘણી જાતની વિદ્યાઓના સંબંધમાં મોટી મોટી વાતો કરે છે. આવા સાહિત્ય માંહેલું ઘણુંખરૂં સાહિત્ય શરીર કેવી રીતે સુદૃઢ અને તંદુરસ્ત બનાવવું, અને અનેક જાતના વ્યાધિઓને કેવી રીતે મટાડવા, તેની જૂદી જૂદી જાતની રીતો અને પદ્ધતિઓ પ્રસિદ્ધ કરી જનસમાજને કેળવે છે. એ ઘણું ઉમદા કાર્ય છે, તેમજ તેમનો આશય પણ ઘણો સ્તુત્ય છે; પરંતુ એ સાહિત્યના લેખકો માંહેલા બહુ ભાગે સત્યશી વિરૂદ્ધ સિદ્ધાંતને ચર્ચે છે. એ સિદ્ધાંત સ્વાર્થથી રંગાયલો અને આચ્છાદિત થએલો હોય છે, તેમજ પુસ્તક પ્રસિદ્ધ કરવાનો હઠ, પ્રીતિ સંપાદન કરવાની લાલસા અને આત્મવડાઈથી ભરપૂર હોય છે. જો કે આ લોકો બહુ પરિશ્રમ ઉઠાવે છે, અને ઉમદા કામ કરે છે; તથાપિ તમે જો તેમાં રહેલી નબળાઈ દૂર કરવા માગતા હો, જો તમે તમારા સત્ય સામર્થ્યના માલિક થવા માગતા હો અને જો તમે તમારા કાર્યમાં ફલીભૂત થવા ઈચ્છતા હો; તો તમને જણાશે કે, સત્ય તો એ આ બધાથી કંઇ જૂદુંજ છે અને એમાં કંઈ આપણે ફેરફાર કરી શકીએ એમ નથી. રામ એ સંપૂર્ણ સત્ય તમારી આગળ મૂકે છે, અને તમે તમારા પોતાના અનુભવથી તેની ખાત્રી કરી જોજો, બીજી બધી રીતો અને પદ્ધતિઓનો પણ ભલે અનુભવ કરી લેજો, પરંતુ ત્યાર બાદ રામના શબ્દોને પણ અજમાવી જોજો.

જેઓ જીંદગી પ્રાપ્ત કરવાની ઇચ્છા કરે છે, તેઓ તો ઉલટા જીંદગી ગુમાવે છે. ઘણા લેખકો આ સત્યની વિરૂદ્ધ છે, એ રામની જાણમાં છે. જો તમે તમારા કાર્યમાં ફતેહમંદ થવા માગતા હો, તો તમે લોહચુંબકના જેવા આકર્ષણ શક્તિ સ્વરૂપ બનો; એટલે જેવી રીતે લોહના દરેક પરમાણુઓ ચારે તરફથી લોહચુંબક તરફ આકર્ષાય છે, તેવીજ રીતે દરેક પદાર્થો ચારે તરફથી તમારી તરફ આકર્ષાશે.

જ્યારે મનુષ્ય પોતાની વાસનાઓ ઉપર વિજય મેળવે છે, ત્યારે તે લોહચુંબક સમાન આકર્ષણ સ્વરૂપ હોય છે. જો તમે તેવા થવા માગતા હો, તો તેને માટે તમારે અમુક ક્રિયા કરવી પડશે. અને એ શી ક્રિયા છે?

ધારો કે અહીં એક પદાર્થ છે. તે પદાર્થમાં અનુલોમ અને વિલોમ એવી બે પ્રકારની વિદ્યુત્ (વિજળી) રહેલી છે. જ્યારે કોઈ પણ વસ્તુમાં આ બે જાતની વિદ્યુત્ હોય છે, ત્યારે તેની અંદર આકર્ષણ શક્તિ હોતી નથી. લોહચુંબકની અંદર વિલોમ વિદ્યુત તત્ત્વ સિવાયનું અનુલોમ વિદ્યુત તત્ત્વ હોય છે. અનુલોમ વિદ્યુત્ તત્ત્વ એક છેડા ઉપર એકત્ર થાય છે, અને વિલોમ વિદ્યુત્ તત્ત્વ તેની સામી બાજુના છેડા ઉપર એકત્ર થાય છે.

આવું થતાં તે પદાર્થની શક્તિ મોઝીસના દંડની માફક સંપૂર્ણ થાય છે, કે જે દંડવડે મોઝીસે રાતા સમુદ્રને સ્પર્શ કરી તેના પાણીના વિભાગ કરી નાખ્યા હતા. આ પ્રમાણે અહીં પણ બે વિભાગ છે, અને લોહચુંબકના જેવી આકર્ષણ શક્તિ ઉત્પન્ન કરવાને માટે તેને મુખાભિમુખ કરવા જોઈએ. (અર્થાત્ બે વિભાગને બન્ને છેડે સ્થાપવા જોઈએ.) આવી રીતે તમારે પણ એકંદર મુખાભિમુખ થવાની (તમારા પોતાના કેંદ્રમાં સ્થિત થવાની) જરૂર છે, પછી તમે સહેજે લોહચુંબકની માફક આકર્ષણ સ્વરૂપ બની શકશો. વારૂ, ત્યારે, હવે વેદાંત શું છે? વેદાંત એ કેવળ ત્યાગના સિદ્ધાંતનો ઉપદેશ કરે છે અને તે એક મોઝીસના સુંદર દંડ સમાન છે. તે અનાજમાંથી ફોતરાંને જૂદાં પાડે છે; તે મનુષ્યની દૈવી સંપત્તિથી આસુરી સંપત્તિને અલગ કરે છે; તે સત્ અને અસત્ વસ્તુ વિષે વિવેક કરે છે; તે તમારા ક્ષુદ્ર સ્વભાવથી તમારા દિવ્ય સ્વભાવને જૂદો પાડે છે. પ્રત્યેક આસક્તિ અને વાસના તે તમારી અલ્પતા અને પરિમિત સ્વભાવને લઈને છે. જે અપરિમિત અને સંપૂર્ણ છે, તેને શી ઇચ્છા હોઈ શકે? દરેક જાતની ઇચ્છા પરિમિતપણું અને અલ્પતાનું સૂચન કરે છે. અપરિમિત અને સંપૂર્ણને કોઈ પણ જાતની ઇચ્છા હોઈ શકે નહિ; અપરિમિત અને સંપૂર્ણ વસ્તુમાં બીજો કાંઈપણ ફરક નથી. ત્યારે જે અપરિમિત અને સપૂર્ણ હોય, તે કેવી રીતે ઇચ્છા કરી શકે? માત્ર જે પરિમિત, અલ્પ અને અપૂર્ણ હોય, તેજ ઇચ્છા કરી શકે. તમારી સર્વ ઇચ્છાઓ અને વાસનાઓ, તમારો પરિમિત, અલ્પ અને અપૂર્ણ સ્વભાવ કે જે માયારચિત છે, તેમાંથીજ ઉત્પન્ન થાય છે. તમારી અંદર જે અપરિમિત, સંપૂર્ણ આત્મા રહેલો છે, તે તો સર્વ ઇચ્છાઓથી રહિતજ છે. તમારી અંદર જે ઇચ્છા કરનાર મિથ્યા અહંકાર છે, તે ક્ષુદ્ર અને આસુરી સ્વભાવ છે; અને તમારી અંદર જે ઈશ્વરત્વ અને અપરિમિતપણું રહેલું છે, તે સર્વ કામનાઓથી પર છે. વારૂ, ત્યારે વેદાંતનો શો આશય છે? આ બે જાતના સ્વભાવને તમે જૂદા પાડો, એવો વેદાંતનો આશય છે. આ દુનિયામાં દરેક વસ્તુ સેળભેળ રહેલી છે, અને તમે તમારી જાતને એક અલ્પ, સ્વાર્થનિષ્ઠ અને પરિમિત જીવ કહો છો; અને સત્ય સ્વરૂપ આત્માને કે ઈશ્વરને આ દૃશ્ય, મિથ્યા ભ્રાંતિપ્રદ પરિમિત સ્વભાવવાળી અનાત્મ વસ્તુ સાથે મિશ્ર કરી લો છો.

વેદાંતનો એ ઉપદેશ છે કે જે સીઝરનું હોય, તે સીઝરનેજ આપો; અને જે રામનું અથવા પ્રભુનું હોય, તે રામને અથવા પ્રભુને આપો. આ કામનાઓ અને આ મિથ્યા અનાત્મ વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ શું છે? તે જાણી, તેના મિથ્યાપણાની ખાત્રી કરવી જોઈએ. તમારા દિવ્ય સ્વરૂપનો નિશ્ચય કરો કે હું દેવનો પણ દેવ, ઈશનો પણ ઈશ અને મહેશ એવો અપરિમિત આત્મા છું; તો મને શાની ઇચ્છા હોઈ શકે? કારણ કે હું તો સર્વરૂપ છું!

આવી તમે પ્રતીતિ કરો. જેનું સર્વકાળ અસ્તિત્વ નથી, તેનેજ કામ્ય પદાર્થોની ઈચ્છા હોઈ શકે. સત્ય સ્વરૂપ આત્માને કોઇ પણ જાતની ઈચ્છા નજ હોઈ શકે; કારણ કે સત્ય સ્વરૂપ આત્મા એ સર્વરૂપ છે; આ જે કાંઇ છે, તે સર્વ તમારીજ અંદર છે. ખરે આ વિશ્વના સર્વ પદાર્થો, સર્વ આનંદ, સર્વ સંપત્તિ અને મનુષ્ય જેની જેની ઇચ્છા કરી શકે, તે સર્વ હુંજ છું; એવી તમે પ્રતિતી કરો અને ૐ, ૐ એવો જાપ કરી, એ સર્વ ૐ સ્વરૂપ છે, એવો સાક્ષાત્કાર કરવા પ્રયત્ન કરો. આનો તમારે સ્વાનુભવ કરવોજ જોઈએ. તમારૂં સ્વરૂપ આ શરીર છે, એવું તમે માનતા આવ્યા છો, અને તેથી તમે શરીર સ્વરૂપજ થઈ ગયા છો. તમે તમારા દિવ્ય સ્વરૂપને વિચારો, તે દિવ્ય સ્વરૂપમાં સ્થિત થાઓ, પછી તમને ઈચ્છાનો કોઇ પણ જાતનો અવકાશ ક્યાંથી રહેશે ? આવી રીતે વેદાંત તમને લોહચુંબકની માફક આકર્ષણ સ્વરૂપ બનાવે છે, અને અનુલોમ વિલોમ ધ્રુવને જૂદા પાડી, તમારા શરીરમાં આકર્ષણ શક્તિ પ્રેરે છે.

અહીં ધ્યાનમાં લેવા જોગ એક બાબત અગત્યની છે. અમુક સમર્થ ભાષણકર્ત્તામાં બળવાન આકર્ષણ શક્તિ છે, આવું જે કેટલીક વખત કહેવામાં આવે છે, એ ભૂલભરેલું છે. તમે કંઇ એકલી આકર્ષણ શક્તિજ ઈચ્છતા નથી. એવો એક માણસ છે કે જે વિચારોને આકર્ષવા માટે આકર્ષણ શક્તિની ઈચ્છા કરે છે; બીજો એક એવો માણસ છે કે જે સંપત્તિને પોતાની તરફ આકર્ષવા માટે આકર્ષણ શક્તિ પ્રાપ્ત કરવાની ઈચ્છા કરે છે; ત્રીજો એક એવો માણસ છે કે જે પોતાની અંદર મોહકપણું અને સૌંદર્ય આવે તેને માટે આકર્ષણ શક્તિ પ્રાપ્ત કરવાને મથે છે. આવી રીતે લોકો જૂદી જૂદી જાતની આકર્ષણ શક્તિઓ પ્રાપ્ત કરવાને માટે ઈચ્છા કરી રહેલા છે; પરંતુ આ સર્વ આકર્ષણ શક્તિનું રહસ્ય ત્યાગમાં રહેલું છે. આ શબ્દો ઉપર તમે બરાબર ધ્યાન આપો, તે ત્યાગ તે વિશુદ્ધ ત્યાગ હોવો જોઈએ.

શરીરનું પૂર્ણ આરોગ્ય સાધવાનું શિક્ષણ આપવા માટે પુસ્તકો છપાવી પ્રસિદ્ધ કરવામાં તમારે તમારો વખત ગુમાવવાની જરૂર નથી. તમે જો આ વચનો વારંવાર યાદ કરી, તે પ્રમાણે તમારૂં જીવન ગાળી શકો તો તમે એક મહાન આકર્ષણ શક્તિ સ્વરૂપ બનશો. રામ આ તમને પોતાના જાતિ અનુભવની બાબત કહે છે; અને તમે પણ તે બાબતનો જાતિ અનુભવ કરી શકશો.

વિચારની આકર્ષણ શક્તિ, કે જેનાવડે સર્વ પ્રકારનું જ્ઞાન તમે તમારી તરફ આકર્ષી શકો, તે આકર્ષણ શક્તિ સ્વરૂપને થવાને "હે સર્વ શક્તિમાન પ્રભુ, મને પ્રકાશ આપો. હે સ્વયંપ્રકાશ, મને પ્રકાશ આપો" આવી આવી પ્રભુને પ્રાર્થનાઓ કરવાથી શું તમે તેવા થઈ શકશો ? શું આવી પ્રાર્થનાઓ તમને પ્રકાશ સ્વરૂપ બનાવશે ? ના, કદીએ નહિ. યાદ રાખો કે **જેવો તમે વિચાર કરશો, તેવાજ થશો.** 'મને પ્રકાશ પ્રાપ્ત થાય' આવો વિચાર જો તમને થયા કરશે, તો તેનું શું પરિણામ આવશે ? આવો વિચાર કર્યા કરવાથી અંતે તમને એવી સ્થિતિ પ્રાપ્ત થશે કે જે સ્થિતિથી પ્રકાશ સદા દૂરને દૂર જવાનો 'મને પ્રકાશ આપો' આવા પ્રકાશપ્રાપ્તિને અર્થે કરેલા વિચારો-પ્રકાશને અર્થે પ્રાર્થના અને યાચના કરવાથી તમને પ્રકાશથી છેટે લઈ જાય છે; અને એનું પરિણામ એ આવે છે કે, તમને કદી પ્રકાશ પ્રાપ્ત થવાનો નહિ અને તે સદા તમારાથી દૂરને દૂરજ રહેવાનો.

રામ કહે છે કે શ્રીમંત માબાપને ઘેર જન્મેલા એક મનુષ્યનો દાખલો વિચારો. તમે કહો છો કે તે મનુષ્ય લાખો રૂપીઆનો હક્કદાર છે; પરંતુ તે તેનો હક્ક ક્યારે ફલીભૂત થાય છે ? તેણે લાંબા વખત સુધી તેને માટે થોભવું જોઈએ. તે હંમેશાં પોતાની માના મરણની વાટ

રોયા કરે છે, કારણ કે તેની આ મરે [illegible]
રીતે જ્યારે તમે ઈશ્વરની પ્રાર્થના કરો છો [illegible]
છતાં હું ફરીથી કહું [illegible] નથી; [illegible]
આને માટે તમારે ઈશ્વરના [illegible]
તમે [illegible] પણ નથી; [illegible]
માટે [illegible] નથી પ્રાર્થના કરવાથી [illegible]
[illegible] નથી. [illegible]
સાબીત કરી આપે [illegible]
[illegible]

અલ્પ અને પરિમિતપણાવાળા મનુષ્યને પ્રાપ્ત થવાનો હોય, પરંતુ તમે કાંઇ તેવા નથી, તમે તો ખરેખર સ્વયંપ્રકાશરૂપજ છો. તમારા આવા સ્વરૂપનું તમે મનન અને સ્વાનુભવ કરો એટલે પછી તમે સર્વ કામનાઓથી રહિત થઇ જશો.

હિંદુસ્તાની ભાષામાં એક મનોહર કવિતા છે. તેનો ભાવાર્થ એ છે કે, "તમે મધુરથી મધુર છો, ત્હમે કંઈ ઇચ્છાઓ કે કામનાઓ નથી પરંતુ તમે તો એ બધાથી પર છો."

આ એક જાતિ અનુભવની વાત છે કે જ્યારે જ્યારે રામ કોઈ પણ વિષય વિચારી કાઢવાને પ્રયાસ કરતો, ત્યારે ત્યારે તે માટે પુષ્કળ પ્રયાસ કરતો અને એમાં તે નિષ્ફળ પણ થતો, અને મન કંટાળી પણ જતું; ત્યારે તેને અચાનક સ્ફુરણ થતું કે અરે! તારે પ્રકાશ મેળવવા શા માટે ઇચ્છા કરવી જોઇએ? તારે ઇચ્છાનો ત્યાગ કરવો જોઇએ. તું ઇચ્છા કરીશ નહિ. આ પછી તરતજ હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ થતો.

જ્યારે રામ યુનિવર્સિટિના ઉંચા વર્ગમાં અભ્યાસ કરતો, ત્યારે પ્રતિજ્ઞા કરતો કે મારે મારા અભ્યાસમાં પ્રોફેસરની મદદ લેવી નથી. આ કામ ઘણું દુર્ઘટ થઈ પડતું, ગણિતશાસ્ત્રના ગહન પ્રશ્નોનો ખુલાસો મેળવવા માટે મારી જાતેજ હું આ કામ માથે લેતો અને તે કોઈ પ્રૉફેસરની કે કોઈ માર્ગદર્શક પુસ્તકની મદદ વગરજ કેટલાક પ્રશ્નોમાં રામ ફત્તેહમંદ નીવડતો; પરંતુ ઘણા પ્રશ્નોમાં ફત્તેહ મળતી નહિ. રામ સાંજના પાંચ વાગ્યાથી તે સવારના પાંચ વાગ્યા સુધી ખૂબ મહેનત કરતો, છતાં તે પ્રશ્નોનો કંઇ પણ નિવેડો આવતો નહિ. રામ આખરે કંટાળી જતો અને તાજી હવા લેવાને ઉપર અગાસીમાં હેરાફેરા કરતો. પ્રશ્નની સિદ્ધિ થતી નથી એમ જાણી છેવટે આપઘાત કરવા વાસ્તે ચાકુ લાવવાનો વિચાર કરતો હતો. આવી રીતે જ્યારે શરીર છોડવા સુધીનો પ્રસંગ આવતો, ત્યારે તે ગહન પ્રશ્નોનું સર્વ રીતે સમાધાન સ્ફુરી આવતું.

આ પ્રમાણે જ્યારે આપણે મુશ્કેલી ભરેલી બાબતોમાં લોહચુંબકની પેઠે આકર્ષણ શક્તિ સ્વરૂપ થઇએ છીએ, ત્યારેજ આપણે વિચારથી પર થઇએ છીએ. રામ આવે પ્રસંગે પ્રથમ તો કર્તવ્ય અને કર્ત્તાપણાની બુદ્ધિનો ત્યાગ કરે છે અને કંઇ પણ લખવાની મનસાજ કરતો નથી. હું પ્રકાશ-સ્વરૂપ છું, અને મારા પોતાના મહિમાનો ઉપભોગ કરૂં છું. પોતાના મહિમાનો ઉપભોગ કરવો એજ કાર્યસિદ્ધિનો ખરો વિજય મંત્ર છે. કદી આ દુનિયાની સર્વ સિદ્ધિઓ જાતે મારી પાસે આવે તોપણ હું તેનો ઉપભોગ કરીશ નહિ. મારો પ્રત્યેક આનંદ તે મારૂં દિવ્ય સ્વરૂપ છે. આજ રસ્તો છે. એક વાર તમે તમારા દિવ્ય સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરો, એટલે પછી દરેક વસ્તુ પોતાની મેળેજ તમારી પાસે ચાલી આવશે. તમે તમારા આત્મ સ્વરૂપમાં સ્થિતિ કરો, એટલે પછી આ દુનિયાના સર્વ પદાર્થો તમારી પાસે ચાલ્યા આવશે. "મારે આ કે તે કોઇ પણ વસ્તુ સાથે કંઇ પણ લેવા દેવા નથી, મને કોઈ પણ જાતની જવાબદારી કે ભય નથી, હું કોઈ પણ મનુષ્યનો જવાબદાર નથી, મારે કોઇ પણ મનુષ્યને કંઇ પણ આપવાનું નથી; હું તો આત્મસ્વરૂપ છું, હું તો કેવળ પ્રકાશ સ્વરૂપ છું" આવા વિચારની સ્થિતિ તમે સિદ્ધ કરો.

આ જગત તમને શો આનંદ આપી શકે એમ છે? સર્વે આનંદ અને સુખ તમારી પોતાની અંદરથીજ સ્ફુરે છે. પરમ આનંદ, પરમ સુખ અને પરમ મહિમા એ તો તમારૂં પોતાનુંજ સ્વરૂપ છે. આવી ભાવના અને આવી સ્થિતિમાંજ વિહરયા કરો, અને આ દુનિયાના પદાર્થોની કામનાથી પર રહો. તેનું પરિણામ એ આવવાનું કે તમારૂં મન વિચારોથી ભરપુર

થશે. વિચારો તમને શોધતા શોધતા તમારી પાસે આવશે. આવો વિશ્વનો નિયમ છે. આવી રીતે જો કોઈ પણ મનુષ્યને લોહચુંબકની શક્તિની માફક વિચારની આકર્ષણ શક્તિ સ્વરૂપ બનવું હોય, તો તેણે પ્રકાશ પ્રાપ્ત કરવાની કામનાથી રહિત થવું જોઈએ. આ પ્રમાણે ઇચ્છાથી રહિત થવું, એ વસ્તુની વિલોમવાળી (અભાવવાળી) બાજુ છે, અને ત્યાર પછી " હું પ્રકાશ સ્વરૂપે છું, હું મારા મહિમામાં વિલસી રહ્યો છું " એવી સતત પ્રતીતિ કરવી એ વસ્તુની અનુલોમવાળી (સદ્ભાવવાળી) બાજુ છે.

કોઈ મિત્રની અથવા ધનપ્રાપ્તિની જો તમને ઇચ્છા હોય, તો તમારે શું કરવાનું ? પ્રથમ તો આ ઇચ્છાનોજ તમારે ત્યાગ કરવાનો. આવી રીતે વસ્તુની આ વિલોમ બાજુ સિદ્ધ કર્યા પછી તમારે વસ્તુની અનુલોમ બાજુ સિદ્ધ કરવાની છે કે, " હું દિવ્ય સ્વરૂપ છું, હું માલિકનો પણ માલિક છું, હું પ્રકાશનો પણ પ્રકાશ છું. સર્વ સૌંદર્ય, સર્વ આનંદ અને સર્વ સુખ તે હુંજ છું. સર્વ ભૂત પ્રાણીઓના હૃદયમાં સાક્ષી સ્વરૂપે વસી રહેલો પરમાત્મા તે હુંજ છું, તેમજ આ વિશ્વનો નિયંતા તે પણ હુંજ છું." તમે આવી પ્રતીતિ કરો; તમે દિવ્ય સ્વરૂપ છો એવો વિચાર કર્યા કરો. વસ્તુને પ્રાપ્ત કરવાનો ખ્યાલ તદ્દન છોડી દો, અને જ્યારે વસ્તુ પ્રાપ્ત થાય, ત્યારે પણ તમારે હું કેવળ દિવ્ય સ્વરૂપમાંજ વિલસી રહ્યો છું એવી દૃષ્ટિથીજ તે વસ્તુ તરફ જોવું જોઈએ. આવી સ્થિતિ સિદ્ધ થતાં તમે બીજા લોકોની દૃષ્ટિએ તો ફતેહમંદ થએલા જણાઓછો જ; પરંતુ તમારી પોતાની સત્ય દૃષ્ટિએ તો તમે ફતેહમંદ કરતાં પણ અધિક છો એમ તમને આત્મપ્રતીતિ થશે.

થોડાક દિવસ ઉપર કહેવામાં આવ્યું હતું, કે જ્યારે હવાને પાતળી કરી નાખવાની ક્રિયાથી અમુક જગ્યાએ વાતાવરણમાં નિર્વાત સ્થિતિ (વાયુ વિનાની સ્થિતિ) ઉત્પન્ન કરવામાં આવે છે, ત્યારે તાપથી પાતળી થએલી હવા ઉંચે ચડે છે, અને ત્યાં નિર્વાત સ્થિતિ (વાયુ વિનાની સ્થિતિ) થઈ જાય છે; પરંતુ પછી શું થાય છે ? આસપાસની હવાનો પ્રવાહ તે ખાલી જગ્યા પૂરી નાખવાને ત્યાં ધસી આવે છે. આવીજ રીતે જ્યારે તમે ઇચ્છા રહિત થઈને નિર્વાત સ્થિતિ પ્રાપ્ત કરો છો, ત્યારે તમારૂં અંતઃકરણ નિર્વાત સ્થિતિના જેવું થઈ જાય છે; અને ત્યાર પછી જ્યારે તમે તમારા દિવ્ય સ્વરૂપમાં સ્થિત થાઓ છો, ત્યારે તમારૂં બાહ્ય સ્વરૂપ મૃત થઈ જાય છે; તેણે પોતાની જગ્યા ખાલી કરી નાખી છે, અને પછી શું થાય છે ? આ દુનિયાના તમારી આસપાસના સર્વે પદાર્થો તમારી તરફ ધસી આવે છે.

કેટલાએકના મત પ્રમાણે આકર્ષણશક્તિ એ નિર્વાત સ્થિતિ સિવાય બીજું કંઈ પણ નથી. ઇચ્છાઓ કે જે તમને ગુંગળાવી નાખે છે, તેનો ત્યાગ કરવાથી, તમે નિર્વાત સ્થિતિ પ્રાપ્ત કરી શકશો અને લોહચુંબકની માફક આકર્ષણ સ્વરૂપ બનશો.

પ્રશ્ન:—શું રોગ મટાડવા માટે લૌકિક પદાર્થોનો અસ્વીકાર કરવાની જરૂર છે ?

જવાબ:—રોગ મટાડવા માટે હું અખંડ સુખ સ્વરૂપ છું એવી પ્રતીતિ તમારે કરવી જોઈએ. તમારે સર્વત્ર દિવ્યતાજ જોવી જોઈએ. તમે દિવ્યતાની પ્રતીતિ કરો એટલે તમારો સર્વ વ્યાધિ નાશ પામી જશે; અને આરોગ્ય, બળ, વિચાર વગેરે સર્વે પદાર્થો તમારી તરફ આકર્ષાઈ ચાલ્યા આવશે. ઈશ્વરને પણ જોવાની ઇચ્છા કરશો નહિ, કારણ કે તમે ઈશ્વર સ્વરૂપજ છો. જ્યારે ઈશ્વરનાં દર્શન કરવાની ઇચ્છા કરો છો, ત્યારે તમે ઈશ્વરને તમારાથી બહાર મૂકો છો, તેને તમારાથી અલગ કરો છો.

ન્યુટનની બાબતમાં આપણને જણાશે કે તેણે પોતાને ધ્યાનપરાયણ કરી દીધો હતો અને ધ્યાનપરાયણ થવું એટલે ઇચ્છાથી રહિત થવું એ સિવાય બીજું કાંઈ પણ નથી. તે જે વિષય વિચારી રહ્યો હતો, તે વિષયની અંદર તેનો આત્મા નિમગ્ન થઈ ગયો હતો. તેનું પરિણામ એ આવ્યું કે તે મનુષ્ય જાતિનું હિત કરનાર થઈ ગયો. તેણે કંઈ મનુષ્ય જાતિને ઋણી બનાવવાના ઇરાદાથી પોતાનો પ્રશ્ન સિદ્ધ કર્યો નહોતો. તેને એવો વિચારજ નહોતો. તેણે આ કાર્ય કર્યું તેનું કારણ એજ કે એ કાર્ય તેને આનંદજનક હતું; અને આવી રીતે તે જનસમાજનો હિતકર્તા થઈ ગયો.

લોકો તમારાં વખાણ ન કરે તેની હરકત નથી, તમારૂં નામ ન રહે તેનો વાંધો નથી, કારણ કે દુનિયાની દૃષ્ટિમાં જે ફતેહ જણાય છે તે તો કેવળ ઇંદ્રિયોનો શ્રમ છે. ખરી ફતેહ તો તમને ત્યારેજ મળે છે, કે જ્યારે તમે "હું સર્વરૂપ છું, હું દિવ્ય સ્વરૂપ છું, હું જાતેજ ફતેહ સ્વરૂપ છું," એવી ભાવના કરો છો. શું એ પછી માયાનો અસ્વીકાર કરવાની જરૂર રહે છે? તમે તમારા સ્વરૂપનું સ્મરણ કરો કે હું દિવ્ય સ્વરૂપ છું અને જે ક્ષણે તમને એવી પ્રતીતિ થઈ કે આપોઆપજ તે માયા જતી રહે છે. આ પ્રમાણે માયાનો ઇનકાર અને દિવ્યતાનો દૃઢ નિશ્ચય કરવા માટે કંઈ બે નોખા નોખા માર્ગ નથી, પરંતુ એકજ માર્ગ છે.

આવી રીતે તમારૂં સત્ય સ્વરૂપ તે આ સર્વે પ્રાણીઓ, આ સૂર્યો, આ તારાઓ, આ વૃક્ષો એ સર્વના નિયામક એવા પરમાત્મા છે, એવું તમને જણાશે. જ્યારે રામ માર્ગમાં ચાલે છે ત્યારે તે ચાલતાં ચાલતાં વિચારે છે કે આ સૂર્યજ બધાં વાદળાં અને ઝાકળ બનાવે છે. એ બધું સૂર્યને લઈનેજ છે. કેટલાક કહે છે, કે એ સૂર્યને લઈને નહિ, પરંતુ પૃથ્વી, પાણી વગેરેને લઈને છે; પણ આ કહેવું યથાર્થ નથી. પાણી, વાદળ, ઝાકળ એ સર્વ સૂર્યમાંથીજ ઉત્પન્ન થાય છે. એ બધાંને સૂર્યજ પેદા કરે છે, અને પાછો જ્યારે તેજ સૂર્ય તેમની તરફ પ્રચંડ દૃષ્ટિએ જુએ છે, ત્યારે તે વાદળ અને ઝાકળ વગેરે સર્વ અદૃશ્ય થઈ જાય છે. જેવી રીતે એકજ સૂર્ય પાણી ઝાકળ વગેરે બનાવે છે અને તેજ પાછો એ પાણી ઝાકળ વગેરેનો નાશ કરી નાખે છે, તેવીજ રીતે તમારી આત્મ પ્રતીતિ કે જેની અંદર તમે પરમાત્મા રૂપ છો એવું તમને ભાન થાય છે તેની પણ એકજ સ્થિતિ છે.

લોકો એમ કહે છે કેઃ-"પરમાત્માની પ્રતિમા અનુસાર મને સરજવામાં આવેલો છે;" પરંતુ રામનું એવું કહેવું છે કે ભલે તમે પ્રતિમા બનો પણ તેથી તમે ઘણા દુઃખી થશો. તમે પરમાત્માની પ્રતિમા કે આકૃતિ અનુસાર નથી, પરંતુ તમે તો પરમાત્મા સ્વરૂપજ છો.

પાણીમાં આકૃતિનું પ્રતિબિંબ પડે છે તેનો વિચાર કરીએ, તો તે પ્રતિબિંબ તે પાણી છે, અને તેમાં પરમાત્મા તે સૂર્ય છે. આજ પ્રમાણે મનુષ્ય પ્રથમ સ્થિતિમાં સૂર્યસમાન પોતાના પરમાત્માનો સાક્ષાત્કાર કરે છે.

આંખ ઉઘાડમીંચ કરતાં રામને સર્વદા એવી પ્રતીતિ થાય છે કેઃ-"હુંજ સૂર્ય, ચંદ્ર અને તારાઓને આવરીને રહેલો છું; હુંજ તેઓમાં તેજ, શક્તિ અને જીવન મૂકું છું; હુંજ તેઓનો આધાર અને ટેકો છું; હું તેઓ સર્વની અંદર રહેલો પરમાત્મા છું." આ બીજી આત્મ પ્રતીતિની સ્થિતિ છે. તમે જો એ સ્થિતિને પ્રાપ્ત કરશો તો તમને જણાશે કે ઇચ્છા, દ્વેષ, તિરસ્કાર અને ભય એ સર્વ જતાં રહે છે. તમે જે કંઈ પેદા કરો છો, તેનું

રખેને બીજા લોકો પેદા કરે, અને તેમાંથી તેઓને પૈસા મળે, આવા પ્રકારની દહેશત પછી તમને રહેશે નહિ.

બાળક જ્યારે પોતાની માતા પાસેથી કોઈ એક પુસ્તક ખુંચવી લે છે ત્યારે શું માતાને તેના ઉપર કોઈ પણ જાતનો ઉદ્વેગ થાય છે કે? ના, કદીએ નહિ; કારણ કે એ બાળક તેણીનું છે, અને એ પુસ્તક પણ તેણીનું છે. આજ પ્રમાણે કોઈ પણ માણસ તમારી પાસેથી જો કોઈ પણ ચીજ ચોરી જાય, તો તે ચોરી કરનાર માણસ અને તમે એકજ છો; અને તે માણસ તમારી પાસેથી જે કાંઈ ચોરે છે, તે પણ તમારૂંજ છે; અને તેનું પોતાનું છે, તે પણ તમારૂંજ છે; તો પછી તમને ભય શા માટે હોવો જોઈએ? તમારી સ્નેહ અને આનંદ, લોકો જેને સ્નેહ અને આનંદ કહે છે, તે નથી. તમારૂં અંતિમ લક્ષ્ય તે સત્યજ છે; અને તેથી જો કદી આ દુનિયાના ભૌતિક પદાર્થો તમને પ્રાપ્ત થાય, તો તમારે તેને કહેવું જોઈએ કેઃ-"હે સેતાન! તું મારી પાછળથી ચાલ્યો જા, તારા હાથનું મારે કંઈ પણ જોઈએ નહિ." અહા! આથી તમે કેવા સુખી થાઓ છો! તમે સ્વર્ગ સ્વરૂપજ બનો છો, અને તમે તમારા જીવનને વિજય સ્વરૂપજ બનાવો છો.

પ્રાણાયામ એટલે શું? પ્રાણાયામ કરવાની લોકો ઘણીજ અગત્ય બતાવે છે; પરંતુ રામનું એવું કહેવું છે કે જ્યારે આપણું મન સત્યમાં વિલીન થઈ જાય છે, ત્યારે પ્રાણાયામ પોતાની મેળેજ થાય છે. જે ક્ષણે આપણે એવી પ્રતીતિમાં નિમગ્ન થઈએ છીએ, જે ક્ષણે આપણે એકાગ્રચિત્તે ૐનો જપ કરીએ છીએ, તેજ ક્ષણે ઉત્તમ પ્રકારે પોતાની મેળેજ પ્રાણાયામ સિદ્ધ થઈ જાય છે. પ્રાણ ગુદાદ્વાર, ઉદર, ફેફસાં વગેરે તમારા આખા શરીરમાં પૂર્ણ થાય છે. મુખ્ય વસ્તુ પોતાના સત્ય સ્વરૂપની પ્રતીતિ કરવી એજ છે, અને એ જો સિદ્ધ થઈ તો પછી દરેક વસ્તુ આકર્ષાઈને તમારી પાસે ચાલી આવશે.


આ દેશની અંદર લોકોને સુંદર નયન, સુંદર નાસિકા અને સુંદર હડપચી પોતાને હોય એવી અભિલાષા હોય છે. વળી લોકો આ આધ્યાત્મિક શક્તિથી ધન પ્રાપ્ત કરવા વાંચ્છા કરે છે; પરંતુ જો તમારે સૌંદર્ય, વર્ણ, ધન, આરોગ્ય વગેરે કામનાઓ સિદ્ધ કરવી હોય, તો પણ તમારે વેદાંતનો ત્યાગધર્મ કાંઈક અંશે પાળવોજ પડશે. અને કાંઈક અંશે તમે તે પાળશો તેથી તેનું ફળ પણ તમને કાંઈક અંશેજ મળશે; પરંતુ આવી કાંઈક અંશે થએલી ફળપ્રાપ્તિથી તમારૂં કાંઈ પૂરૂં વળવાનું નથી. જ્યારે આવું છે, ત્યારે શા માટે સર્વ વસ્તુઓના ઉત્પત્તિ સ્થાનને તમે પ્રથમ સિદ્ધ કરતા નથી? તે સિદ્ધ થયા પછીજ તમારે જે જે કામનાઓ કરવી હોય તે ભલે તમે કરજો. જરૂર તે સર્વ પૂરી થશે; એટલુંજ નહિ પણ દરેક વસ્તુ તમને શોધતી શોધતી આવશે; માટે કૃપા કરીને તમે ઈચ્છાના અમુકજ પદાર્થોમાં બંધાઈ રહેશો નહિ, પરંતુ સર્વ કામનાઓ જેથી સિદ્ધ થાય એવો રાજમાર્ગજ પકડજો, પ્રભુ અને આનંદ પ્રાપ્ત કરવાનો રાજમાર્ગ-ટુંકો રસ્તો 'હું પોતેજ સાક્ષાત પ્રભુ અને આનંદ સ્વરૂપ છું' એવી આત્મ પ્રતીતિ કરવી એજ છે.

આત્મ પ્રતીતિ બે રસ્તેથી થઈ શકે છે, કાંતો શ્રદ્ધાથી અને કાંતો જ્ઞાનથી. આવી રીતે વેદાંત શાસ્ત્રનો અભ્યાસ કરવાથી તમે તમારી સર્વ શંકાઓનું સમાધાન કરી શકશો, અને આશા રાખવામાં આવે છે કે ભવિષ્યમાં થોડાજ વખતમાં આ તત્ત્વજ્ઞાનનું સંપૂર્ણ વિવરણ રામ તરફથી બહાર પડશે.

વેદાંતશાસ્ત્ર વાંચવાથી જો તમને આત્મપ્રતીતિ ન થાય તો તમે તેમાં શ્રદ્ધા રાખજો. ખ્રીસ્તી લોકોને આત્મ પ્રતીતિની ઝાંખી થાય છે; પરંતુ ક્રાઇસ્ટને જેવી આત્મપ્રતીતિ થઈ હતી, તેવી તેમને થતી નથી, તેથી તેઓ શ્રદ્ધા રાખે છે. તેટલા માટે તમને ખબર મળે, અને વળી જો તેમાં તમારૂં સંપૂર્ણ હિત છે એમ તમને લાગતું હોય, તો તમે વેદાંતશાસ્ત્ર વાંચજો. અને એમ જો બને તો તમે રામમાં, પ્રભુમાં અને તમારા પોતાના આત્મામાં શ્રદ્ધા રાખજો; જેથી જરૂર તમે મુક્ત થઇ જશો. આ માર્ગથીજ તમારો ઉદ્ધાર છે, તે સિવાય તેને માટે બીજો કોઈ પણ માર્ગ નથી.

'नान्यः पन्था विद्यतेऽयनाय.'

ॐ ॐ





૬–મનની સ્થિરતા*.

થોડા વખત ઉપર એવો પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે, "મનુષ્ય આ જમાનામાં વેદાન્તના સિદ્ધાન્ત પ્રમાણે વર્તી શકે કે?" અને એક માણસ તરફથી એમ પણ પૂછવામાં આવ્યું હતું કે વેદાંતના સિદ્ધાન્તનો અનુભવ કરવા માટે મનુષ્યે સર્વનો પરિત્યાગ કરી અરણ્યમાં જવું જોઇએ? રામનું એવું કહેવું છે કે, "તમારે સર્વથી નિવૃત્ત થઇ અરણ્યમાં જવાની કાંઇ પણ જરૂર નથી."

સાંપ્રત કાળમાં વખતના અવકાશને માટે ફરિયાદ કરવામાં આવે છે. લોકો કહે છે કેઃ– "અમને વખત નથી; અમને ઘણાં ઘણાં કામો કરવાનાં છે; અમારાં સગાંવહાલાં અને મિત્રોમાં બધો વખત ચાલ્યો જાય છે." એક એવી પ્રાર્થના છે કે, "હે ઈશ્વર! તું અમારૂં અમારા દુશ્મનોથી રક્ષણ કરજે" પરન્તુ હાલના જમાનાના લોકોએ તો પ્રાર્થના એવા પ્રકારની કરવી જોઇએ કે, "હે ઈશ્વર! તું અમારૂં અમારા મિત્રોથી પણ રક્ષણ કરજે." કેમકે મિત્રો અમારો બધો વખત લે છે; ચિંતા, ઉદ્વેગ, ત્રાસ એ આપણો વખત હરી લે છે. અમારે અમારાં મીજમાનોને સંભાળવાનાં હોય છે; અમારે કેટલાકને મળવા જવાનું અને કેટલાક અમને મળવા આવે તેમને મળવાનું હોય છે. વળી અમને કેટલુંક વાંચવાનું હોય છે; આથી અમે આધ્યાત્મિક ઉત્કર્ષ કરવાને ક્યાંથી વખત લાવીએ? લોકોને નિરાંતે ખાવાનો પણ વખત મળી શકતો નથી. ફરજને નામે તમારૂં આખું જીવન બંધનથી જકડાતું જાય છે; પરંતુ આ કર્તવ્યો ક્યાંથી આવે છે તેની આપણે તપાસ કરીએ.

આ કર્તવ્યો તમારે માથે કોણે નાખ્યાં છે? બીજા કોઇએ નહિ પણ તે તમેજ નાખ્યાં છે. ખરી રીતે એનાં તમેજ તમારાં કર્તવ્યો ઉભાં કરો છો.. ઑફિસમાં જઈ કામ બજાવવું, એને તમે તમારી ફરજ સમજો છો; પરંતુ એ ઑફિસનું કામ તમારે શિરે કોણે નાખ્યું? એ તમે પોતેજ નાખ્યું છે. આવી રીતે જો તમે તમારા કર્તવ્યના સ્વરૂપને જોશો, તો તમે પોતેજ તમારા માલીક છો, એમ તમને જણાશે. આ બધાં કર્તવ્યો કે જે તમને સંપૂર્ણ રીતે બંધનકર્તા છે, તે તમે પોતેજ ઉત્પન્ન કર્યાં છે. જો આ તમને એક વખત બરાબર સમજાયું તો પછી આ દુનિયામાં એવી કોઇ વસ્તુ નથી કે જે તમને બદ્ધ કરે. દરેક પદાર્થ ભૂમિકાથી તમારામાંથીજ ઉત્પન્ન થાય છે, આ જ્ઞાનથી તમે ઘણા સુખી થશો, અને તમે તમારી સ્થિતિને ઘણીજ સહેલાઇથી વ્યવસ્થિત કરી શકશો.

એક વખત ડૉ. જૉન્સન પાસે એક માણસ આવ્યો અને તેણે કહ્યું કે, "ડૉક્ટર, હું ઘણો દુઃખી છું, કોઈ પણ કામ કરવા માટે હું નાલાયક છું. હું કાંઇ પણ કરી શકવાનો

* તા. ૧૫ ફેબ્રુઆરી ૧૯૦૩ના રોજ હિન્દુ મંદિરના વર્ગમાં આપવામાં આવેલું ભાષણ.

નથી. મનુષ્ય તે આ દુનિયામાં શું કરી શકે એમ છે ?" આ માણસ શાથી આવું કહે છે, તે જાણવાને માટે ડૉકટરને તપાસ કરવાની વૃત્તિ થઈ અને તે માણસને આમ કહેવાનું કારણ પૂછયું. તે માણસે કહ્યું કે, "જુઓ, સાંભળો, મનુષ્ય આ દુનિયામાં વધારેમાં વધારે સો વર્ષ જીવે છે; અને આ વિશ્વની અનંતતામાં એ સો વર્ષ શી ગણત્રીમાં. એ સો વર્ષમાંથી પચ્ચાસ વર્ષ તો ઉંઘવામાં જવાનાં. આપણી બાલ્યાવસ્થાનો વખત પણ એક લાંબી ઉંઘજ છે. આપણી વૃદ્ધાવસ્થાનો સમય પણ અશક્તિ અને લાચારીનો વખત છે, કે જે વખતે આપણે કાંઇ પણ કરી શકતા નથી. યુવાવસ્થાનો સમય પણ દુષ્ટ વિચારો અને સર્વ પ્રકારના મોહમાં વ્યર્થ ચાલ્યો જાય છે. બાકીનું આયુષ્ય રમતગમતમાં અને ખાવાપીવા વગેરે આવશ્યકતાઓ પૂરી પાડવામાં જાય છે, અને તેમાંથીએ જે અવશેષ રહે તે ક્રોધ, ઇર્ષ્યા, ઉદ્વેગ, પરિતાપ અને દુઃખમાં તથા પોતાની સંતતિ, મિત્રો અને સગાંસંબંધીઓ તરફની ફરજો બજાવવામાં ચાલ્યો જાય છે. આપણો સર્વ કાળ આવી રીતે વ્યર્થ ચાલ્યો જવાનો; ત્યારે પછી મનુષ્ય પોતાના ઈશ્વર સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાને ક્યાંથી વખત કાઢી શકે ? નજ કાઢી શકે. દેવાલયો અને ધર્મસ્થાનોમાં જઇ ધર્માચાર્યો અને ઉપદેશકોને કહી દ્યો કે આ દુનિયામાં લોકો ધર્મને માટે વખત કાઢી શકે એમ નથી. તેઓને પોતાના ઈશ્વર સ્વરૂપની પ્રતીતિ કરવાને વખત નથી. આ અમારી સ્થિતિ છે."

ડૉ. જોન્સન આ શબ્દો સાંભળી હસ્યા નહિ; તેમજ આ માણસને ઠપકો પણ દીધો નહિ. તેઓ માત્ર રડવા લાગ્યા અને તે માણસના જેવા દુઃખીઆરા બનીને બોલ્યા કે, "ભાઇ, ખરેખર મનુષ્યે આપઘાત કરવો જોઇએ, કારણ કે તેને પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરવાને પણ વખત નથી. ભાઇ, આ જે તમારી ફરિયાદ છે તેમાં વળી મારી ફરિયાદને ઉમેરવાની છે, તમારી ફરિયાદ કરતાં મારી ફરિયાદ વધારે સખત છે."

પેલા માણસે ડૉ. જોન્સનને પૂછયું કે, "તમારી વળી એવી શી ફરિયાદ છે ?" ડૉ. જોન્સને ખોટું ખોટું રોવા માંડયું અને કહ્યું કે, "આમ જુઓ ! આ પૃથ્વીમાં કયાંએ મારે માટે જગ્યા નથી. આ પૃથ્વીમાં કયાંએ મારે માટે સ્થળ નથી કે જ્યાં મારા પોષણ પુરતું અનાજ પાકી શકે ! હું ખરેખર બહુજ દુઃખી છું." પેલા માણસે કહ્યું, "ડૉકટર ! આમ તે કેમ બને ? તમને દશ માણસ જેટલું ખાવા જોઇએ છીએ, એ હું કબૂલ કરૂં છું; પણ તેમ છતાં તમારૂં પેટ ભરાય એટલું અન્ન પકવવાને તો જોઇએ એટલી જમીન છે. તમારા શરીરનું પોષણ કરવા પુરતું અનાજ અને વનસ્પતિ ઉત્પન્ન કરવાને તો ઘણીએ જમીન છે." ડૉ. જોન્સને જણાવ્યું, "જુઓ, આ તમારી પૃથ્વી તે શું ? એ પૃથ્વી તો કાંઇએ નથી, ખગોળશાસ્ત્રની ગણતરીમાં એ પૃથ્વી તે માત્ર ગણિતના એક મધ્યબિંદુ સમાન છે. જ્યારે તારાઓ અને સૂર્યનું અંતર આપણે માપીએ છીએ ત્યારે આપણે આ પૃથ્વીને એક બિંદુ સમાનજ ગણીએ છીએ. આ બિંદુ કે જે આપણી પૃથ્વી છે, તેનો ત્રણ ચતુર્થાંશ ભાગ તો પાણીથી ભરપુર છે; પછી તેમાંથી બાકી કેટલી રહી ? જે બાકી રહી તેમાં રેતીનાં મોટાં મોટાં મેદાનો આવેલાં છે. તેમાંથી એ બાકી રહી તેમાંના ભાગમાં રૂક્ષ પર્વતો અને પથરાઓ પથરાયલા છે, તે ઉપરાંત જે બાકી રહી તેમાં સરોવરો અને નદીઓ આવેલી છે. તે સિવાયના બાકી રહેલા ઘણા ભાગમાં લંડન જેવાં મોટાં મોટાં શહેરો આવેલાં છે. વળી રસ્તાઓ, પોળો, રેલ્વે માર્ગો, વગેરેથી પૃથ્વીનો કેટલોક ભાગ

રોકાયલો છે. આવી રીતે જ્યારે પૃથ્વી ચારે તરફથી પેસાયલી છે, ત્યારે માણસને માટે તેમાંથી બાકી શું રહી ? ધારો કે કદાચ માણસને માટે થોડી પૃથ્વી અવશેષ રહે છે, પરંતુ આ દુનિયામાં કેટલા બધા જીવતા પ્રાણીઓ છે કે જેમ નહિ જેવી થોડી ઘણી જે પૃથ્વી બાકી રહી છે તેનો લાભ લેવાનો છે. આપણે આ જગતમાં કેટલાં બધાં પક્ષીઓ, કેટલા બધા જંતુઓ, ઘોડાઓ અને હાથી વગેરે પ્રાણીઓ જોઇએ છીએ ! આ બધાં પ્રાણીઓ જે કાંઈ થોડી ઘણી પૃથ્વી અમારા પોષણને માટે અનાજ ઉત્પન્ન કરી શકે એવી બાકી રહી છે તેના ઉપર રહે છે. જેથી મનુષ્યને ભાગે તો નહિ જેવીજ પૃથ્વી અવશેષ રહે છે. હવે એ નહિ જેવા ભાગપર કેટલાં બધાં મનુષ્યોની વસ્તી છે ! લંડન તરફજ નજર નાખો, લાખોને લાખો મનુષ્યોથી તે ભરપુર છે. મોટા બિંદુ સમાન આ પૃથ્વીના બાકી રહેલા નહિ જેવા ભાગ ઉપરજ સર્વને જીવવાનું છે. ત્યારે તમે હવે વિચાર કરો કે પૃથ્વી મારા પેટ પુરતું અનાજ કેવી રીતે ઉત્પન્ન કરી શકે ? આ વિચારથી હું તો તદ્દન નિરાશ થઈ ગયો છું અને મારે મરી જવા સિવાય કોઈ રસ્તો નથી, એવા શોચનીય નિર્ણય ઉપર હું આવ્યો છું; કારણ કે મને ક્યાંએ એવી જમીન નજરે પડતી નથી કે જે મારા પોષણ જોગું અનાજ ઉત્પન્ન કરી શકે."

આ બધું સાંભળી લઇ પેલો માણસ બોલ્યો, " ડાક્ટર સાહેબ, તમારી દલીલ ખરી નથી; તમારા તર્ક તો ખરા જણાય છે, પરંતુ તે ગમે એટલા ખરા હોય તોપણ તમારા પોષણજોગું અનાજ તો આ પૃથ્વી ઉત્પન્ન કરી શકે એમજ છે." આ ઉપરથી ડૉ. જૉન્સને કહ્યું, "સાહેબ ! જો મારી ફરિયાદ બીનપાયાદાર છે; તો આધ્યાત્મિક ખોરાકથી તમારી જાતને પોષવા માટે તમને વખત નથી, એવી જે તમારી ફરિયાદ છે, એ પણ બીનપાયાદાર છે. ભૌતિક ખોરાકથી મારી જાતને પોષવા માટે જો આ પૃથ્વી જોઇએ એટલી પુરતી છે, તો તમારી ધારણા પુરી પાડવા માટે તમને પણ વખત જોઇએ એટલો પુરતો છે, એ તમને આધ્યાત્મિક ખોરાક બરાબર પુરો પાડી શકશે."

આધ્યાત્મિક ખોરાક લેવાને માટે હાલના સુધારાના જમાનામાં અમને વખત મળતો નથી, એવા પ્રશ્નનો ઉત્તર પણ રામ ઉપર પ્રમાણેજ આપે છે. ઘણાં વર્ષો ઉપર એ પ્રશ્નનો જે ઉત્તર ડૉ. જૉન્સને આપ્યો હતો તેવોજ ઉત્તર આ પ્રશ્નનો રામ આપે છે. આવા પ્રવૃત્તિમય જમાનામાં પણ આધ્યાત્મિક રીતે આગળ વધવાને તમને જોઇએ એટલો વખત છે; જો તમે વખતનો સદુપયોગ કરો, તો તમને વખત જોઇએ એટલો છે.

કોઇ એક માણસ ઘોડા ઉપર બેશીને કોઇ દૂરના દેશમાં જતો હતો. રસ્તામાં તેને પાણી કાઢવાની પર્શિઅન ચક્રી (કોસ) આગળ થઇને જવાનું થયું. તમે જાણો છો કે હિંદુસ્તાનમાં એ પર્શિઅન ચક્રીવડે કૂવામાંથી પાણી કાઢવામાં આવે છે. જ્યારે કૂવામાંથી પર્શિઅન ચક્રીવડે પાણી ખેંચવામા આવે છે ત્યારે ત્યાં અવાજ થાય છે. આ કૂવામાંથી જે પાણી વહેતું હતું તેનાંથી પાણી પાવાને માટે તે માણસે પોતાનો ઘોડો તે કૂવા આગળ લીધો; પણ તે ઘોડાએ આવો અવાજ પહેલાં કદી નહિ સાંભળેલો, તેથી તે ભડક્યો અને પાણી પીધું નહિ. ત્યાં જે ખેડુત તે પર્શિઅન ચક્રી ચલાવતો હતો તેને પેલા ઘોડાવાળાએ, તે અવાજ જરા બંધ કરવાને કહ્યું. ખેડુતે પાણીની ચક્રી બંધ કરી એટલે ત્યાં થતો અવાજ બંધ થયો; પણ અવાજ બંધ થતાંની સાથે ત્યાં પાણી આવતું પણ બંધ થઇ ગયું ! આથી ઘોડો પાણીના થાળા આગળ ગયો પણ ત્યાં પાણી મુદ્દલ નહોતું. આ જોઇ ઘોડાવાળાએ કહ્યું કેઃ– " અરે વિચિત્ર ખેડુત ! તમને મેં અવાજ બંધ કરવાને કહ્યું હતું, કાંઇ પાણી બંધ કરવાને

કહ્યું નહોતું. તમે તો કોઈ વિચિત્ર માણસ જણાઓ છો!" ખેડુત બોલ્યોઃ–"સાહેબ અમે અંતઃકરણથી તમારી સેવા અને સત્કાર કરવા, તેમજ તમારા ઘોડાને પાણી પાવા આતુર છીએ; પરંતુ દિલગીરી સાથે જણાવવું પડે છે કે તમારી માગણી અમારી શક્તિની બહાર છે. અમે તમારી માગણી બર લાવી શકીએ તેમ નથી. જો તમારે પાણીની જરૂર હોય, જો તમારે તમારા ઘોડાને ધરાઈને પાણી પાવું હોય, તો અવાજ ચાલુ હોય તેજ વખતે તમારા ઘોડાને થાબડી પંપાળીને તમારે પાણી પાવું જોઈએ; કારણ કે અવાજ બંધ કરવાની સાથે પાણી પણ આવતું બંધ થઈ જશે. હમ્મેશાં આવા અવાજની સાથેજ પાણી આવે છે."

રામનું પણ એજ કહેવાનું છે કે જો તમારે વેદાંતની પ્રતીતિ કરવી હોય, તો દરેક પ્રકારના અવાજ અને ઘોંઘાટ વચ્ચેજ નહિ, પણ ગમે તેવી આપત્તિઓની વચ્ચેજ, તમારે વેદાંતની પ્રતીતિ કરવી જોઈએ. આ દુનિયામાં તમે તમારી જાતને એવા કોઈ પણ સ્થળમાં નહિ લઈ જઈ શકશો કે જ્યાં બહારનો અવાજ અને ધાંધલ હોય નહિ. તમે ભલે હિમાલયના શિખર ઉપર જઈને વસો, તો ત્યાં પણ આસપાસની ઉપાધિ અને ધાંધલ તો હશેજ. તમે જંગલમાં રહી જીવન ગાળો, તો ત્યાં પણ તમને ઉપાધિ નડવાનીજ. જ્યાં જવું હોય ત્યાં જાઓ, પરંતુ એ ઉપાધિ અને ધાંધલ કદી તમને છોડશેજ નહિ. એ તો સદા તમારી સાથે રહેવાનાંજ.

માટે જો વેદાંતનો સ્વાનુભવ કરવો હોય તો જ્યારે તમારી આસપાસ પાણી કાઢવાની ચક્કીનો (કોસનો) અવાજ થતો હોય ત્યારેજ કરવો જોઈએ. **વિપરીત ઉપાધિ અને પરિસ્થિતિમાંથીજ અનેક મહાન પુરૂષો થયા છે.** જેમ જેમ આ પરિસ્થિતિ વધારે ને વધારે પ્રતિકુળ હોય છે, જેમ જેમ આસપાસની ઉપાધિ વધારે ને વધારે કસોટી કાઢનાર હોય છે, તેમ તેમ આ પરિસ્થિતિ અને ઉપાધિમાંથી પસાર થનાર મનુષ્યો વધારે ને વધારે મજબૂત થતા જાય છે. વાસ્તે આ બાહ્યઉપાધિ, અનેક જાતનો ત્રાસ અને અનેક જાતના ઉદ્વેગને તમે વધાવી લ્યો. આની આજ પરિસ્થિતિમાં તમે વેદાંતી જીવન ગાળો. જ્યારે તમે એવું વેદાંતી જીવન ગાળશો, ત્યારે આ આસપાસની સર્વ પરિસ્થિતિ અને ઉપાધિ તમારે તાબે થશે. એ સર્વ તમારાં દાસ બનશે અને તમે તેમના સ્વામી થશો.

શું આ સમાજ તે તમારૂં અધઃપતન કરે છે? શું આ જગત તમારી અવગતિ કરે છે? ના! તમે કાંઈ આ જગતમાં રહેતા નથી; પરંતુ દરેક જણ પોતે પોતાનાજ સર્જેલા નાના જગતમાં રહે છે. આ ઈશ્વરરચિત જગતમાં તો બહુ થોડાજ મનુષ્યો રહે છે. તમે પોતેજ તમારી આસપાસના જગતને નાનું સરખું અને પરિમિત બનાવો છો. એવા કેટલાએ મનુષ્યો છે કે જેઓ પોતાના ગૃહસંસાર રૂપ નાના જગતની બહાર શું છે, તે કશુંજ જાણતા નથી. એવા કેટલાએ મનુષ્યો છે કે જેઓ પોતાની ન્યાત કે ગામરૂપી નાની દુનિયાની બહાર શું છે, તે જરા પણ જાણતા નથી. એવા અનેક લોકો છે કે જેઓ સ્ત્રી, પુરૂષ અને સંતતિની બનેલી પોતાની નાની દુનિયાની પેલી પાર શું છે, તે જાણતાજ નથી. બંધુઓ! તમે આ વિશાળ (ઈશ્વર કૃત) દુનિયામાં રહો, અને તમારી નાની નાની પરિમિત દુનિયાઓથી પર થાઓ. જે તમારૂં અધઃપતન કરે છે, તે કાંઇ આ ઈશ્વરકૃત વિસ્તારવાળી દુનિયા નથી; પરંતુ તમારી પોતાની સર્જેલી નાની નાની દુનિયાઓજ છે. જો તમે તમારી પરિમિત દુનિયાથી પર થશો તો આ સમસ્ત વિશ્વ તમારે તાબે થશે.

[illegible]

... પ્રતિક્રિયા (Reflex action) ... પ્રતિક્રિયા ... ક્રિયા ... નહિ ... પ્રતિક્રિયામાં ... અસ્તિત્વ ...

હવે રામ માત્ર એટલુંજ પૂછે છે કે ચોવીશ કલાકની અંદર તમે કેટલું કામ કરો છો? તમે ખાઓ છો તેને તમે કામ કહી શકશો? તમે બીજાં કેટલાંક કામો કરો છો તેને તમે માનસશાસ્ત્રના મત પ્રમાણે કામ કહી શકશો? તમે ચાલો છો તેને કામ કહી શકાય? તમે એવાં બીજાં પણ ઘણાંએ કામ કરો છો, તેને તમે કામ કહી શકશો કે? ના, કદી પણ નહિ; કારણ કે તમારું મન, ધ્યાન ત્યાં હતું નહિ. તમે જે કામ કરતા હો, તેમાં તમારું મન અથવા ધ્યાન ન હોય તો તેને કામ કોઈ રીતે કહી શકાય નહિ. કેટલાંક કામોમાં તમારું મન પૂરેપૂરું રોકાયેલું હોય છે, અને કેટલાંક કામોમાં તમારું મન અડધું રોકાયલું હોય છે. જે કામમાં તમારું મન અડધું રોકાયલું હોય છે, તે કામ તમે અડધું કર્યું કહેવાય; અને બાકી રહેલા મનનો, ધ્યાનનો તમે ધારો તો ઉપયોગ કરી શકો. તેમજ તમારું મન જ્યારે તદ્દન ભમતું રહે ત્યારે પણ તમે તેનો પૂરતી રીતે ઉપયોગ કરી શકો. આ પ્રમાણે તમે તમારા મનનો ઉપયોગ કરવાથીજ તમારા જીવનમાં વૃદ્ધિ કરી શકો એમ છે. તમે તમારું લક્ષ ન આપો તેના કરતાં લક્ષ આપો તો એક દિવસમાં અધિક કામ કરી શકશો. આ બાબત આપણે એક બીજા દૃષ્ટાંતથી સ્પષ્ટ કરીશું.

એક ગલીમાંથી બે છોકરાઓ પસાર થતા હતા, તેઓ ત્યાં એક બીજાને મળ્યા. તેઓ મિત્ર હતા. તે માંહેલા એક જણે પોતાની સાથે દેવળ (Church)માં આવવાને બીજાને આગ્રહ કર્યો, કે જ્યાં ઉપદેશ, સંગીત અથવા એવુંજ કાંઇ સાંભળવાનું મળે. ત્યારે બીજાએ રમવા જવાને માટે આગ્રહ કર્યો અને વધુમાં જણાવ્યું કે, દેવળમાં જવું અને રોજ ને રોજ એકનો એક ઉપદેશ સાંભળવામાં વખત ગુમાવવો એથી આપણને લાભ શો? તેના કરતાં તો રમવા જઈએ તો ઘણું સારું! આવી રીતે તેઓ એકમત થયા નહિ અને તેમાંથી એક જણ દેવળમાં ગયો અને બીજો ક્યાંક રમવાને માટે ગયો. જે છોકરો દેવળમાં ગયો હતો તે બરાબર ઉપદેશકની નજીકમાંજ બેઠો હતો, પણ ઉપદેશકનો ઉપદેશ તે સમજી શક્યો નહિ, એક અક્ષર તેને સમજાયું નહિ, તેથી તે ઘણો દિલગીર થઈ ગયો અને દેવળમાં આવવા માટે પશ્ચાત્તાપ કરવા લાગ્યો. ત્યાર પછી તે રમવાની જગ્યાનું ચિંતન કરવા લાગ્યો. તેણે પોતાનો મિત્ર કે જે બીજા છોકરાઓ સાથે મળીને રમતો હતો તેના સંબંધમાં વિચાર કરવા માંડ્યો. બરોબર બે કલાક સુધી તે છોકરો એ દેવળમાં બેઠો, પણ તે દરમિયાન તે છોકરાનું મન રમતમાંજ રોકાયલું હતું. પેલો બીજો છોકરો કે જે રમવાને માટે ગયો હતો, તેને પણ એની બરોબર રમી શકે એવો કોઇ છોકરો જડ્યો નહિ. આવી રીતે તે પણ એકલો પડી ગયો અને તદ્દન ઉદાસ થઇ ગયો. દેવળમાં જવાનો તેણે પણ વિચાર કર્યો પણ ઘણુંજ મોડું થઈ જવાથી તે ત્યાં પણ જઈ શક્યો નહિ. તે જોકે ત્યાં રમવાના મેદાનમાંજ હતો તો પણ તેનું મન તો દેવળમાંજ ગયું હતું, એટલે બધો વખત તે દેવળમાંજ હતો. બે કલાક પછી તે બન્ને છોકરાઓ એની એજ ગલીમાં પાછા મળ્યા. એકે દેવળમાં ન જવાયું તેને માટે દિલગીરી બતાવી અને બીજાએ રમવા ન જવાયું તેને માટે દિલગીરી બતાવી.

છોકરાંઓમાં ઘણું ભાગે આવુંજ બને છે. જ્યાં તમારું શરીર રહેલ છે ત્યાં તમારું મન રહેતું નથી. આપણું પ્રત્યક્ષ અનુભવ જાણે છે એવા કેટલા બધાં છે? ઘણું ખરું તમારું મન આ દેહમાં રહી શકે નહિ છે, કારણ કે ઘણાઓનાં મન બહાર ફરતાં હોય; કેટલાકનું મન તો કેવળ પુસ્તકો અને મિત્રોમાં ભમતું હોય! મન એક જગ્યાએથી બીજી જગ્યાએ

અને એક વિષયમાંથી બીજા વિષયમાં ભમે છે. માનસશાસ્ત્ર પ્રમાણે જ્યારે મન કામમાં હોય ત્યારેજ તમે કામ કરો છો એમ કહી શકાય.

કેટલીક વખત તમારૂં શરીર કામ કરે છે, પણ તે કામ કહી શકાય નહિ. તમે દેવળમાં જઈ પ્રાર્થના કરતા હો, છતાં તમે તે કરતા હોતા નથી. તમે કોઈક ભાષણ સાંભળવા ગયા હો છતાં તમે ભાષણ સાંભળતા નથી. કેટલીક વખત તમે પોળમાં હો છો કે બહાર ફરતા હો છો તે વખતે પણ તમારૂં મન ખરેખરૂં ઈશ્વરમાં હોય છે. ઘણી વખત જે લોકોને ગુન્હા માટે અપરાધી ગણવામાં આવે છે, તે લોકો વાસ્તવિક રીતે પવિત્ર અને ઈશ્વરી જન હોય છે; કેમકે તેઓનું ચિત્ત ઈશ્વરમાં હોય છે. કેટલીક વખત જેમને પવિત્ર અને સાધુ પુરૂષ ગણવામાં આવે છે, તેઓનાં મન ખરી રીતે નીચ અને અધમ હોય છે.

હવે તમને હિંદુસ્તાનના એક પ્રખ્યાત ચોરે કહેલી એક વાત રામ કહેશે. રામ નાની ઉમરનો હતો તે વખતે એ પ્રખ્યાત ચોર પોતાની ચોરીની કથા પોતાના એક મિત્રને કહેતો હતો, તે વાત સાંભળવાની રામને તક મળી હતી. રામને એક ગામડાની નજીકના જંગલમાં જવાનો પ્રસંગ આવ્યો હતો. આ વખતે રામની બાલ્યાવસ્થા હતી. રામ બાળક હોવાથી કાંઈ પણ સમજતો નહિ હોય એમ વિચારી તે ચોરે પોતાની સર્વ ગુપ્ત વાત પોતાના મિત્રને છુટથી કહેવા માંડી. તે ચોરે એક ધનાઢયના ઘરમાં પોતે કેવી રીતે પેઠો અને તેના ઘરમાંથી પોતે કેવી રીતે જવાહીર ચોરી લાવ્યો તે બધી વાત કહી સંભળાવી. તેણે કહ્યું:–" એક ધનાઢયના ઘરમાં થોડા વખત ઉપરજ જવાહિર આવ્યું છે, એવું મારા જાણવામાં આવ્યું. આથી હું ત્યાં ચોરી કરવા ગયો, પણ તે ઘરમાં પેસવાનો મને કોઈ પણ જાતનો લાગ જણાયો નહિ. બહુ વાર વિચાર કરીને મેં એક યુક્તિ શોધી કાઢી. તે પૈસાદારના ઘર આગળ જબરદસ્ત ઉંચું ઝાડ મારી નજરે પડયું. તે ઝાડ તે ઘરના ત્રીજા માળની બારીમાં જઈ શકાય એટલું ઉંચું હતું, તેથી મેં તે ઝાડ ઉપર ચડી ઉંચી ડાળી ઉપર બે દોરડાં બાંધી એક લાંબો હિંચકો બનાવ્યો. આ હિંચકા ઉપર ચડી મેં હિંચકા ખાવા માંડયા, ખુબ મોટા મોટા હિંચકા ખાવા માંડયા. તે વખતે ઉન્હાળો હોવાથી તે ઘરનાં બધાં માણસો એ ઘરના ત્રીજે માળ નહિ પણ પાંચમે માળ સુતાં છે, એમ મને ખબર મળી હતી. હિંચકો જ્યારે ખૂબ ઉંચો ગયો ત્યારે મેં ત્રીજા માળની એક બારી ઉઘડી જાય તેટલા માટે જોરથી એક લાત મારી, પણ તે બારી ઉઘડી નહિ, આવી રીતે મે છ સાત વખત લાત મારી પણ તે બારી ઉઘડી નહિ. આખરે આઠમી વખતના પ્રયત્નમાં હું ફાવ્યો અને બારીનું ચોકડું ઉખડી પડયું. તે બારીએ થઈને હું તે ઘરમાં દાખલ થયો; ત્યાંથી કેટલાંક દોરડાં મેં નીચે નાખ્યાં કે જે દોરડાંને ઝાલીને બીજા મારા કેટલાક સંગાથીઓ ઉપર ચડી આવ્યા. ત્યારપછી મેં મારા મનમાં વિચાર કરવા માંડયો કે જવાહિર કયે ઠેકાણે હોવું જોઈએ. મેં એકાગ્રચિત્તે ખૂબ ખૂબ વિચાર કર્યો, છેવટે મને સમજાયું કે ચોરને જડે તેવી જગ્યાએ લોક દ્રવ્ય રાખે નહિ. લોકો એવી જગ્યાએ ધન રાખે છે કે જે જગ્યા ચોરના કદી ધારવામાં પણ ન આવે, પછી મેં એવી જગ્યાએ ખોદવા માંડયું કે જ્યાં જવાહિર દાટેલું છે એમ કદી પણ ન ધારી શકાય; છેવટે જવાહીર તેજ જમીનમાંથી અમને મળી આવ્યું. "

" અમે જમીનમાંથી જવાહિર શોધી તો કાઢયું; પણ તરતજ ઉપરને મજલે ખડખડાટ થએલો અમારે કાને પડયો. "

આ ખડખડાટ સાંભળી તે ચોરના મનની જે સ્થિતિ થઇ હતી તેનું જે વર્ણન તેણે કર્યું હતું તે રામ ભૂલી જાય એમ નથી. તેણે કહ્યું કે; "અમે જ્યાં જવાહિર લઇ લીધું કે તરતજ અમે કાંઇ ખડખડાટ સાંભળ્યો અને આખા શરીરમાં થરથરાટ છુટયો. અમારા બધાના શરીરમાં નખથી તે શિખા પર્યંત કંપ અને ધ્રુજારી વ્યાપી ગઇ. અમે બધા પીપળાનાં પાંદડાંની માફક કંપવા લાગ્યા. અમને લાગ્યું કે ખરેખર મોતજ આવ્યું છે. આ વખતે એક નાનો ઉંદર પણ આવીને અમને મારી નાખી શકે, પણ ખરેખર થોડીવાર પછી અમને જણાયું કે આ જે ખડખડાટ થયો હતો તે ખડખડાટ તો ઉંદરનોજ હતો."

આથી તે ચોરને ઘણો ખેદ થયો અને તેણે મહાન પ્રભુની સ્તુતિ કરી. પ્રભુના ચરણમાં નમ્ર ભાવે ઢળી પડયો. તેણે પોતાનો દેહ પણ પ્રભુને સમર્પણ કર્યો, અને વારંવાર પ્રભુની ક્ષમા માગવા માંડી. ખરેખર કોઇ યોગી સમાધિમાં હોય એવી આ સમયે તેની સ્થિતિ થઇ ગઇ, કે જે સ્થિતિમાં મન એ મન નથી રહેતું અને બધાં સ્વાર્થી વિચારો નાશ પામી જાય છે. આ વખતે તેની અને તેના સાથીના મનની સ્થિતિ ઘણી વિલક્ષણ હતી. તે વખતે તે ચોરે જે પ્રાર્થના કરી હતી તે આ પ્રમાણે હતીઃ-"હે પ્રભુ ! મને ક્ષમા આપી મારૂં રક્ષણ કરો. હું હવેથી આ સંસારનો ત્યાગ કરી સાધુ થઇશ. હું સંન્યાસી થઇશ. હવે પછી હું તમારી સેવામાંજ મ્હારા દેહનું સમર્પણ કરીશ. હે ઈશ્વર ! મારૂં રક્ષણ કરો, મારૂં રક્ષણ કરો." તેણે ઈશ્વરની પ્રાર્થના બહુજ આર્તપણે, પીગળતા હૃદયે કરી હતી. તેની સ્તુતિ શુદ્ધ ભાવની અને અંતઃકરણના ઉંડાણમાંથી નીકળેલી હતી. તેની પ્રાર્થનાનો ધ્વનિ તેના આખા શરીરના આંતર ભાગમાં વ્યાપી ગયો હતો. તે વખતે તે કેવળ ઇશ્વરમાંજ નિમગ્ન થઈ ગયો હતો. આનું પરિણામ શું આવ્યું ? પેલો ખડખડાટ વગેરે બધું શાંત થઇ ગયું અને તે ચોર અને તેના બધા સંગાથીઓ સહિસલામત બહાર નીકળી ગયા.

આ ઉપરથી તમે જરા વિચાર કરી જોજો, અને બહારનાં કૃત્ય ઉપરથી કદી વસ્તુની તુલના કરશો નહિ; મનુષ્યનાં જે બહારનાં કૃત્યો છે તે કાંઇ મનુષ્ય નથી, પણ મનુષ્યના જે આંતર વિચારો છે તેજ મનુષ્ય છે. કોઇ માણસ, લોકોમાં જેની અપકીર્તિ હોય તેના ઘરમાં રહેતો હોય, છતાં તે સંત પુરૂષ પણ હોઈ શકે. આપણે જાણીએ છીએ કે ભગવાન બુદ્ધ એક વેશ્યાના ઘરમાં રહેતા હતા, છતાં તેઓ પવિત્રજ હતા. આપણે જાણીએ છીએ કે જીસસ ક્રાઇસ્ટ, મેરી મેગ્ડેલેનીના ઘરમાં રહેતા હતા કે જે સ્ત્રીને લોકો મારી નાખવા ચ્હાતા હતા, પરંતુ ક્રાઇસ્ટ તો મહાત્માજ હતા. હિંદુસ્તાનમાં પણ ક્રાઇસ્ટના જેવા જગદુદ્ધારક અવતારી પુરૂષો થઇ ગયા છે. આ અવતારી પુરૂષો પણ અપકીર્તિવાળા લોકોના સંગમાં રહેતા હતા, છતાં વસ્તુતઃ તેઓ ઈશ્વરરૂપ હતા. મનુષ્યની તુલના સંગતિ અને કૃત્ય ઉપરથી કરશો નહિ. મનુષ્યના જે વિચારો છે તેજ તે મનુષ્ય છે. જેલમાં રહેનારા કેટલાક લોકો ઘણી વખત સ્વર્ગમાં રહે છે. 'બુનીઅને' જેલમાંજ પોતાનો "જાત્રાળુઓની જાત્રા" ("Pilgrims Progress") નામનો ગ્રંથ લખ્યો હતો. મીલ્ટનનું ઉત્તમમાં ઉત્તમ પુસ્તક, જ્યારે તે આંખે અંધ અને વળી જેલમાં હતો તેવામાંજ લખાયું છે. ડેનીઅલ ડી ફો જ્યારે જેલમાં હતો ત્યારે તેણે 'રોબીન્સન ક્રુઝો' નામનો ગ્રંથ લખ્યો હતો. સર વૉલ્ટર રાલ્ફે પોતે જેલમાં હતો, ત્યારેજ "જગતનો ઇતિહાસ" ("History of the world") નામનો

ગ્રંથ લખ્યો હતો.* આપણે ઈચ્છીએ છીએ ખરા કે આપણી આસપાસની પરિસ્થિતિ આવી જોઈએ અને તેવી જોઈએ, છતાં જ્યાં આપણા વિચારો હોય છે ત્યાંજ આપણે રહીએ છીએ. આ ઉપરથી હવે તમને જીવન-મૃત્યુ, તે શું છે તે બરાબર સમજાશે. રામનું કહેવાનું એ છે કે કાર્યસિદ્ધિની પ્રાપ્તિ, સર્વેશ્વરની સાથે એકતા પામવાના પરિણામ તરીકે થાય છે. હમેશાં કાર્યસિદ્ધિ અને ઉત્કર્ષ, એ તમારી અંદર જે સારાપણું છે તેનુંજ પરિણામ છે. દિવ્યતામાં વિલીન થવાના અને નિમગ્ન થવાના પરિણામરૂપેજ તે હોય છે. તે ચોર પણ એજ રીતે ફતેહ પામ્યો. તમે સર્વે પણ આવી રીતેજ ફતેહ પામશો. તે ચોરની કાર્યસિદ્ધિ, તે નિખાલસ, ખરેખરી અને ઉંડા જીગરની પ્રાર્થનાના ફળરૂપે હતી. તેણે જવાહિર ક્યાં છે તે ખુબ ઉગ્ર વિચાર કરવાથી, સર્વાત્મામાં લીન થવાથી શોધી કાઢ્યું. તે ફતેહમંદ નીવડ્યો અને તે ફતેહ વેદાંતના સિદ્ધાંતને અમલમાં મૂકવાના ફળરૂપે હતી. દરેકની ફતેહ એવી રીતેજ થાય છે.

વળી બીજી દૃષ્ટિએ જોઈએ તો તે એક ચોરજ હતો, તેણે ચોરી કરી હતી, એ દુષ્કૃત્ય હતું. બીજાનો ધનમાલ હરી લેવો એ પાપ છે; અને તે બદલ તેને સજા થવીજ જોઈએ. તેણે જવાહિર ચોર્યું, તેણે ગુન્હો કર્યો, તેણે ઇશ્વરી વ્યવસ્થાનો ભંગ કર્યો; આ બધાથી જરૂર તે આપત્તિમાં આવી પડવાનો. છતાં ચોરી કરવામાં તે ફતેહમંદ થયો તેનું કારણ એ કે તે પરમાત્મામાં લીન થઈ ગયો હતો, તેની સર્વાત્મા સાથે એકતા થઈ હતી, તેણે દેહભાનનો ત્યાગ કર્યો હતો, તે એટલી ક્ષણ દેહથી પર થયો હતો, તેણે દેહાધ્યાસ અને અહંકૃતિનો નાશ કર્યો હતો.

જ્યારે કોઈ એક માણસના સંબંધમાં આપણે ખરાબ અભિપ્રાય બાંધીએ છીએ ત્યારે આપણે ભૂલ કરીએ છીએ. ચોર જેવા માણસમાં પણ પ્રાર્થના કરવાની વૃત્તિ અને દૈવી સંપત્તિ હોય છે; અને મીશનરીઓ, સ્વામીઓ તથા ઉપદેશકો જેવામાં પણ આસુરી સંપત્તિ હોય છે. દરેક માણસની અંદર તરેહવાર ગુણોનું મિશ્રણ હોય છે. જ્યારે આપણે કોઈ પણ મનુષ્યને પૂજીએ છીએ ત્યારે તેની અંદર સારા ગુણોની સાથે જે ખરાબ ગુણો હોય છે તેને આપણે ધ્યાનમાં નથી લેતા, એજ રીતે તમે અસત્યમાંથી પણ સત્ય તારવી કાઢવાનો હમેશાં પ્રયત્ન કરો. અશુભમાં પણ શુભ રહેલું હોય છે તેને જોતા રહો.

મનુષ્ય હાલની પ્રવૃત્તિમય પરિસ્થિતિમાં કેવી રીતે આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકે? આ પ્રશ્નનો ઉત્તર દરેક માણસના સ્વભાવ ઉપર આધાર રાખે છે. આ દુનિયામાં મનુષ્ય માત્રને ત્રણ પ્રકારના સ્વભાવવાળા-ત્રણ પ્રકારના મનવાળા, મનુષ્યના વર્ગમાં વ્હેંચી શકાય. કેટલાક મનુષ્યો એવા હોય છે કે જેમનાં મન કેવળ અસ્થિર હોય છે. કેટલાક મનુષ્યો એવા હોય છે કે જેમનાં મન સ્થિર અને એકાગ્ર કરી શકાય છે; અને કેટલાક મનુષ્યો એવા હોય છે કે જેમનાં મન સ્વાભાવિક રીતેજ સ્થિર અને સમતોલ હોય છે. અસ્થિરતા-અસમતોલપણું તે શું છે? તમારી હથેળીમાં એક સીસાપેન ઉભી રાખો, પણ તે ઉભી રહી શકશે નહિ. (આ વખતે સ્વામીજીએ પોતાની હથેળીમાં એક સીસાપેન ઉભી રાખી હતી.) એકાદ સેકંડ સુધી અથવા એથી કાંઈક વધારે વાર સુધી તે સીસાપેન કદાચ સ્થિર રહેશે, પણ એક સાધારણ ફૂંક મારવાથી અથવા સહજ પવન આવવાથી તે પડી જશે. આ અસ્થિરતા અને અસમતોલપણાનો દાખલો છે. તે સીસાપેનને પાછી આવી રીતે પકડો, (આ વખતે સ્વામીજીએ સીસાપેનને બે આંગળીઓ વચ્ચે ઝાલી ઘડિઆળના લોલકની માફક લટકતી રાખી) તે સ્થિર છે, પણ

---

* લોકમાન્ય તિલક મહારાજે પણ ગીતા રહસ્ય ઇત્યાદિ જગવિખ્યાત ગ્રંથો જેલમાંજ લખ્યાં હતાં.

ઘડીઆળના લોલકની માફક હોવાથી તે થોડોક વખત આમતેમ ઝોલા ખાશે અને વળી સ્થિર થશે. તેની સ્થિરતામાં-સમતોલપણામાં થોડીકવાર ક્ષોભ થશે, પણ પાછી તે મૂળ સ્થિતિમાં આવશે. આ રીતે સીસાપેન કદાચ સ્થિરતાની સ્થિતિમાં નજ આવે. પણ એક ત્રીજી જાતની સ્થિરતા છે. આ પ્રમાણે સીસાપેન રાખો, (આ વખતે સ્વામીજીએ સીસાપેનને ટેબલ ઉપર આડી મૂકી હતી) તે સીસાપેન હવે સ્થિર છે. આવી રીતે સીસાપેન ગમે ત્યાં મૂકો તો તે સ્થિરજ રહેશે. આવીજ રીતે એવા કેટલાએક મનુષ્યો છે કે જેઓનાં મન સદા વ્યગ્ર રહે છે, અસ્થિર રહે છે. બાહ્ય પરિસ્થિતિથી કેટલીક વખત એમનાં મન સ્થિર થાય છે, પણ પાછાં તે વ્યગ્ર અને અસ્થિરજ થાય છે. બીજી જાતના એવા કેટલાએક મનુષ્યો છે કે જેઓનાં મન ઘણે ભાગે શાંત, સ્થિર અને એકાગ્ર હોય છે, પણ એક વખત જો તેમાં વિક્ષેપ થયો તો તે લાંબા વખત સુધી ચલિત, અસ્થિર અને વ્યગ્રજ રહ્યા કરે છે. આ જગતમાં બહુ ભાગે મનુષ્યો આવીજ પ્રકૃતિના હોય છે. તમે કોઇ એક શેરીમાં થઇને પસાર થાઓ છો, તેવામાં કોઇ એક માણસ ત્યાં આવી તમને સલામ કરી તમને ખોટું લાગે એવી કેટલીક ટીકા કરે છે. તે એવું કેટલુંક કહ્યાજ કરે છે. અંતે એને જે ટીકા કરવાની હતી તે કરીને તે તો ચાલ્યો જાય છે, પણ તે માણસના કહેવાને લીધે મનનો જે ક્ષોભ થયો છે તેની અસર કદાચ કેટલા કલાકો સુધી અને કેટલીક વખત તો દિવસોના દિવસો સુધી, અઠવાડીઆંના અઠવાડીઆં સુધી, મહિનાઓના મહિનાઓ સુધી ને વર્ષોનાં વર્ષો સુધી કાયમજ રહે છે. તે ટીકાની અસર રહે છે અને તેથી મનની વ્યગ્રતા અને અસ્થિરતા રહ્યાજ કરે છે. આ પ્રમાણે એક વખત મનની સ્થિરતામાં વિક્ષેપ થતાં તે અસ્થિર ને અસ્થિરજ રહ્યા કરે છે. મનની અસ્થિર સ્થિતિ રહેવાથી તમારા જીવનને હાનિ પહોંચે છે; એ તમારૂં આયુષ્ય ખરાબ કરે છે. ખરી રીતે જોતાં પેલા માણસે જે કંઈ ટીકા કરી અથવા તે ટીકા કરવાની જે કંઈ ક્રિયા થઇ, તે ક્રિયા કરવામાં કાંઇ ઘણો વખત ગયો નથી. એ ક્રિયા તો માત્ર એક આઘાતજ હતો, પરંતુ તેને લઇને તેના પછીની જે અસર થાય છે-મનની જે વ્યગ્રતા અને પરિતાપ થાય છે, તેજ તમારા આયુષ્યનું હરણ કરે છે. જો તમે તમારા મનની અમુક પ્રકારની અસ્થિરતાને દૂર કરી શકો; જો તમે તમારા આંતર પરિતાપને શમાવી શકો; જો તમારા ચિત્તની સ્ખલનવાળી અને ચલિત સ્થિતિ તેમજ વ્યગ્રતા અને વ્યાકુળતાવાળી સ્થિતિનો તમે સંયમ કરી શકો તો તમારૂં જીવન, એ લાખો મનુષ્યોનું જીવન થઇ પડશે; અને આવા સંયમવાળા તમારા જીવનનાં માત્ર ત્રીસ વર્ષ હજારો વર્ષની બરાબરી કરશે. તમારા મનનો વ્યાધિ કે જેનો પરિતાપ તમે ભોગવો છો તેનો તમે ખ્યાલ કરો. એ વ્યાધિને જાણો અને એને નિર્મૂળ કરો. તમારા મનનો રોગ એજ મનની અસ્થિરતા છે. જ્યારે મનપર કોઇ પણ જાતનો આઘાત થાય છે ત્યારે મન એક કે વર્ષમાં ઝુલ્યાં કરે છે. આવી જાતના મનુષ્યો ઘડીઆળના લોલક જેવી સ્થિતિવાળા છે.

હવે ત્રીજી જાતના જે મનુષ્યો છે તે વીર પુરૂષો છે, તે મહાત્માઓ છે. આ એવા મનુષ્યો છે કે જેમના મનમાં કોઇ પણ જાતની પરિસ્થિતિથી ક્ષોભ થઇ શકતો નથી. ભલે ગમે તે સ્થિતિ આવે, પણ તેની તેમને કોઇ પણ જાતની અસર થતી નથી. તેઓ સદા અનુદ્વિગ્ન, શાંત અને સ્વસ્થ રહે છે. એ મહાત્માઓને તમે તોફાની મહાસાગરના ઉછળતા મોજામાં વચ્ચે મૂકો તો પણ તેઓ જેવાને તેવાજ રહેવાના. એમને તુમુલ યુદ્ધમાં ઉભા કરો તો ત્યાંએ તેઓ જેવા તેવા રહેવાના. તેમની તમારે જે જે ટીકા કરવી હોય તે કર્યા કરો,

છતાં તેઓ કાંઈ પણ કહેશે નહિ. તમે તેમના મિત્રના મિત્રજ રહી શકશો. તેમનું મન સદા અકલુષિત અને નિર્મળજ રહેવાનું. તમે એવા મુક્ત પુરૂષોની સાથે હજારો વર્ષ રહો અને પછી તેમને છોડી એકાએક ભલે બીજે સ્થળે ચાલ્યા જાઓ; છતાં તમારા જવાના વિયોગથી તેમને કોઈ પણ જાતનો ઉદ્વેગ થવાનો નથી.

દર્પણ તમને તમારૂં મુખ બતાવે છે ખરૂં; પરંતુ તમે જાણો છો કે દર્પણમાં આપણું મુખ જેવું હોય છે તેવું ને તેવું યથાર્થ જણાવાનું નથી. ડાબા કાનનું આભૂષણ દર્પણમાં તમને જમણા કાનમાં જણાશે; અને આવી રીતે બધુંજ જમણું ને ડાબું અને ડાબું તે જમણું થઈ જશે. તમે દર્પણની પાસે વર્ષોનાં વર્ષો સુધી રહો, અને દર્પણમાં તમારી આકૃતિ વર્ષોનાં વર્ષો સુધી જણાયા કરશે; પરંતુ પછી આખરે એને છોડીને બાજુએ જશો એટલે તે દર્પણ તમારી આકૃતિ વગરનું જેવું ને તેવુંજ હશે. આજ પ્રમાણે મુક્તાત્માઓ અને જ્ઞાની પુરૂષોના સંબંધમાં છે. તેઓ એવા છે કે તેમના ઉપર બાહ્ય જગતની કોઈ પણ જાતની અસર થઈ શકતી નથી; તેમને બાહ્ય ઉપાધિ દૂષિત કરી શકે એમ નથી; તેઓ તો સદા મુક્ત અને વિશુદ્ધજ રહેવાના. નિત્ય નિરંતર ભલે તમે તેમની પાસે જઈ તેમની પ્રશંસા કર્યા કરો, પણ તમે તેમની પાસેથી ચાલ્યા ગયા એટલે જેમ સામાન્ય મનુષ્યોમાં બને છે તેમ તેઓ તમારી કરેલી પ્રશંસા અને વખાણનો જરી પણ વિચાર કરશે નહિ. વળી બીજે પ્રસંગે એમની પાસે જઈ ભલે નિંદા કરજો, એમને જે કડવા શબ્દો તમારે સંભળાવવા હોય તે ભલે સંભળાવજો, પણ એથી એમના મન ઉપર જરા પણ અસર થશે નહિ—એના સંબંધમાં એમને વિચારજ આવશે નહિ. તેઓ સદા સ્વતંત્ર અને મુક્તજ છે. તેઓ પોતાનું સ્વરૂપ દિવ્ય છે, એમજ માને છે.

રામ હવે તમને એ કહે છે કે જો તમે વેદાંતનો યથાર્થ અભ્યાસ કરો અને પછી તેના ઉપદેશને જો તમે નિરંતર લક્ષમાં રાખ્યા કરો, તથા પ્રણવનો જપ કરવાથી તમને જે આત્મસૂચન થાય તે પ્રમાણે અથવા કોઈના કરેલા સ્પષ્ટીકરણ પ્રમાણે અથવા પોતાને જે યોગ્ય લાગે તેવી કોઈ સત્ય સમજણ પ્રમાણે, જો તમે ઈશ્વરનું સ્મરણ કર્યા કરો; અને જે સત્ય છે તેનેજ સદા સર્વદા તમારી સમક્ષને સમક્ષ રાખ્યા કરો; તો તમારૂં મન અસ્થિર અને અસમતોલ મટી જઈને સ્થિર અને સમતોલજ થશે; અને જો પ્રથમથીજ તે સ્થિર અને સમતોલ હશે તો તે ક્રમે ક્રમે કદિ પણ ન ચલિત થાય એવું સ્થિર અને સમતોલ થશે. પરંતુ તમારે વેદાંત અને તેના સત્યને નિત્ય નિરંતર સ્મર્યા કરવાનું છે. રામ હવે તમને સદા એજ સ્થિતિમાં રહેવાને માટે કેટલીક બાહ્ય મદદ અને સાધનના સંબંધમાં કહેશે. તેનો તમે અનુભવ કરવા પ્રયાસ કરી જોજો અને તમને ખાત્રી થશે. જો કે આ બાબતનો લોકો કદી ઉપદેશ આપતા નથી તથાપિ તે એક અદ્ભુત સલાહ છે.

કેટલીક વખત રામની પાસે કેટલાક મનુષ્યો આવે છે અને કેટલીક સખ્ત ટીકા કરે છે. આવે વખતે રામ પોતાને કેવી રીતે તેનાથી નિર્લેપ રાખતો હશે તે તમને ખબર છે? એને માટે જુદા જુદા માર્ગ છે. તે માંહેલો એક આ છે: તમારી સન્મુખ એક પુસ્તક પડેલું છે, તે તમે જુઓ છો. એ એક અદ્ભુત પુસ્તક છે. એ પુસ્તક એક એવા પુરૂષને હાથે લખાયલું છે કે જેનો જોટો ક્યાંય જણાતો નથી. આ મનુષ્ય પ્રસિદ્ધ નથી. તે હિંદુસ્તાનમાં પૂજાતો નથી. એ પુસ્તક ભગવદ્ગીતા માફક લોકોમાં ખ્યાતિ પામેલું નથી. એ પુસ્તક શ્રીકૃષ્ણે લખેલું નથી. એ પુસ્તક એક એવા પુરૂષને હાથે લખાયલું છે કે જે પુરૂષનું નામ અને કીર્તિ કેવળ

અપ્રસિદ્ધ છે. તે એવા પ્રકારનો મનુષ્ય છે કે જે તમને અનેક ક્રાઇસ્ટો, અનેક બુદ્ધો અને અનેક કૃષ્ણો આપે છે. રામ એ પુસ્તક પોતાના હાથમાં લે છે, તે સંસ્કૃતમાં લખાયલું છે. એ પુસ્તકમાંથી રામ જ્યારે એકાદો શ્લોક વાંચે છે ત્યારે તે જન્મોજન્મની અપવિત્રતા ધોવાને માટે બસ થઇ પડે છે, અને તેથી રામ તત્કાળ અત્યાનંદની સ્થિતિમાં નિમગ્ન થઇ જાય છે. આ ન્હાના સરખા પુસ્તકનો એકાદ શ્લોક પણ હૃદયને અસર કરે છે, ઉન્નત કરે છે, અને પુનઃ રામની અંદર ઈશ્વરને સ્થાપિત કરે છે. તે આપણા આસુરી સ્વભાવનો નાશ કરી તત્ક્ષણ માયાના આવરણને ભેદી નાખે છે. રામ તમને કહે છે કે તમે પણ તમારી પાસે એવું એકાદ પુસ્તક રાખો. તમે એવાં કેટલાંક સ્તોત્રોનો સંગ્રહ કરો કે જે તમારા જીવનને ઉન્નત બનાવે-તમારા હૃદયમાં અંતઃસ્ફુરણા કરે. અથવા તમે એવાં કેટલાંક ગીતોનો સંગ્રહ કરી રાખો કે જે તમારા જીવનમાં તત્કાળ ઉચ્ચ ભાવનાની પ્રેરણા કરે; અથવા તમે એવાં કેટલાંએક ઉચ્ચ પ્રકારનાં કાવ્યોનો સંગ્રહ કરો કે જે તમારામાં ઉચ્ચ વિચારોને ઉત્પન્ન કરી શકે; અથવા તમે બાઇબલ કે પર્વત ઉપરના ધર્મોપદેશને તમારી પાસે રાખો; અથવા તમને જે જે ગ્રંથકારો ઉત્તમ લાગ્યા હોય તેમના ગ્રંથના જે જે ઉત્તમ ફકરાઓ હોય કે જે ફકરાઓ વાંચવાથી તમારા હૃદયમાં સ્ફુરણા થાય તે અથવા એવું બીજું જે કંઇ લખાણ હોય તેના ઉપર તમે નિશાની કરી રાખો; અથવા તમે તમારી પાસે એક ન્હાની સરખી નોટબૂક રાખી તેની અંદર તમને જે જે ઉત્તમ ફકરાઓ અને ઉત્તમ કાવ્યો લાગે તેને ઉતારી લ્યો. આ મારી પાસે જે પુસ્તક છે તેના અંત ભાગમાં 'આહા ! મારો આનંદનો પ્યાલો છલકાઈ રહ્યો છે !' એ કાવ્ય અથવા એવા બીજા કોઇ પણ ફકરાઓ કે જે તમારા હૃદયમાં દિવ્યતા, ઉત્સાહ, આનંદ અને ઉન્નત ભાવ પ્રેરે, તેને તમે તમારી નોટબૂકમાં ઉતારી લ્યો. આવી નોટબૂક તમે સદા તમારી પાસે ને પાસે રાખો. તમારા કોઈ મિત્રની સાથે અથવા કોઈ પણ પ્રતિકૂળ સ્વભાવવાળા માણસની સાથે વાતચિત કરવાનો પ્રસંગ આવ્યા પછી તમારા મનને તે વાતચિતના વિચારોમાં જવા ન દેતાં તરતજ પેલી નોટબૂક લઈ તેની અંદરના ઉત્તમ ફકરાઓ તમારે વાંચવા અને મનને સ્થિર કરવું.

આ પ્રમાણે રામે તમને માનસિક રોગ યાને જીવાત્માનો સામાન્ય વ્યાધિ વિદિત કરી દીધો છે. આ સામાન્ય વ્યાધિ તે મનનો અસ્થિરતાવાળો સ્વભાવ છે. તેને દૂર કરી મનને કેવી રીતે સ્થિર કરવું તે પણ રામે તમને જણાવી દીધું છે.

આપણે આનો આ વિષય બીજી વખત પણ ચર્ચીશું.



૭–वेदान्त.*



આજ અત્યારે અહીં આવતાં થોડું મોડું થયું તેનું કારણ એ છે કે રામ સાનફ્રાન્સિસ્કો શહેરનું કારાગૃહ જોવા ગયો હતો. માર્ગમાં પાછા ફરતાં કોઈએ રામને પ્રશ્ન કર્યો કે, "કેમ! આપને એ કેવું લાગ્યું?" રામે ઉત્તર આપ્યો કે, "વાહ! બહુ આનંદ થયો." કારાગૃહ જોઈને આનંદ આપે એ ઉત્તર જરા વિસ્મય પમાડે તેવો છે, પણ રામને તો પ્રત્યેક સ્થળ અને પદાર્થ આનંદજ આપે છે. જગતમાં કોઈ પણ વસ્તુ એવી નથી કે જેનાથી રામને આનંદ વિના અન્ય સ્થિતિનું ભાન થતું હોય. મોઝીસના ગ્રંથમાં આપણે વાંચીએ છીએ કે ઈશ્વરે જગતને ઉત્પન્ન કર્યા પછી તેણે પોતાની એ કૃતિ નિહાળી, તો અહા! તે તેને બહુજ અદ્ભુત અને રમણીય લાગી. જિનિસીઝના ગ્રંથમાં પણ આપણે એવીજ હકીકત વાંચીએ છીએ કે, "હે પ્રભુ! તારી ઈચ્છા બળવાન છે." "તારી મરજી પ્રમાણે સૌ કાંઈ થાય." એવી પ્રાર્થનામય મનોવૃત્તિમાં વેદાન્ત અદ્ભુત સામર્થ્ય પ્રેરે છે. વેદાન્તી એ પ્રાર્થનાને આવી રીતે બોલે છે કે, "સર્વ કાંઈ મારી ઈચ્છા પ્રમાણેજ બને છે."

પત્ની જ્યારે પોતાના પતિની ઈચ્છા સાથે તાદાત્મ્ય અનુભવે છે, ત્યારે તે પ્રફુલ્લિત મને કહે છે કે, "સૌ કાંઈ મારી ઈચ્છા પ્રમાણેજ બને છે." તેની દ્વૈતભાવના શમી ગઈ હોય છે, તેથી તેને હવે "તારી ઈચ્છા પ્રમાણે બનો" એમ પ્રાર્થના કરવાની આવશ્યકતા રહેતી નથી. પ્રારંભમાં તો પોતાના પતિની ઈચ્છાને પોતાની ઈચ્છા બનાવવાનો ભગીરથ પ્રયાસ તેને કરવો પડયો હતો, પણ એવા અતત પ્રયાસથી જ્યારે તેણે ભેદભાવના ટાળી દીધી છે, તથા ભેદદૃષ્ટિપર વિજય મેળવ્યો છે, ત્યારે હવે તે પોતાના પતિના કાર્યમાં પોતાના કાર્યનોજ આનંદ અનુભવે છે.

વેદાન્ત પણ જગતના સર્વ વ્યવહારમાં એવીજ રીતે એવાજ પ્રકારનો આનંદ અનુભવે છે. જ્ઞાની મનુષ્યની સ્થિતિ આવા પ્રકારની છેઃ–

પથ્થરની ભીંત તે તેને કારાગૃહ થતું નથી;
લોઢાના સળીઆ તેને પાંજરૂં બનતું નથી.
શાન્ત, ગંભીર, નિષ્પાપ મનોવ્યાપાર જેહના;
પાંજરૂં, કેદખાનું, ને, સમાન સ્થાન તેહનાં.

અજ્ઞાની લોકો સત્ય સ્વરૂપને જાણ્યા વિના દેહાધ્યાસ અને સ્વાર્થમાંજ રચીપચી રહેલા હોવાથી, પોતાનાં સ્વર્ગ ભવનો અને કિલ્લાઓને, કારાગૃહ, સ્મશાન ને ઘોર નરકસ્થાન બનાવી મૂકે છે. નીચ વાસનાઓ, ક્ષુદ્ર ચિન્તાઓ, કાલ્પનિક ભય અને સંશય વૃત્તિઓની સાંકળથી તેઓ પોતાને બંદીવાન બનાવે છે. વેદાન્ત તો તમને એમ શીખવે છે કે તમારૂં

* હર્મિટ બંગલામાં તા. ૨૪-૧૨-૧૯૦૨ ના રોજ આપેલું ભાષણ.

સુખ તમારા પોતાના આત્મામાંજ છે, તે તમારી પોતાનીજ કૃતિ છે, અને એ પ્રાપ્ત કરવું તે તમારુંજ કર્તવ્ય છે. સાંસારિક વાસનાઓથી તે સુખમાં શા માટે અંતરાય પડવા દેવો જોઇએ? સત્યનો અનુભવ કરો-સાક્ષાત્કાર કરો, એટલે તેજ ક્ષણે તમે મુક્ત-સુખી બનશો.

વેદાન્તનો અનુભવ કરવો એ દુર્લભ પણ છે; વિશેષતઃ અમેરિકા અને યુરોપના લોકો જે એમ માને છે કે તેમને પોતાને ઇશ્વર બનવાનું છે-પોતાનામાં ઈશ્વરત્વ ઉત્પન્ન કરવાનું છે, તેમને માટે તો તે દુર્લભજ કહી શકાય. પરન્તુ વેદાન્તના નિયમાનુસાર તો સ્વતઃસિદ્ધ સત્યજ એ છે કે તમે પોતેજ ઇશ્વર છો; ઈશ્વર સિવાય અન્ય કાંઇ છેજ નહિ. તમારે ઈશ્વરત્વ ઉત્પન્ન કરવાનું નથી, પરંતુ તે ઈશ્વરત્વને જાણી, ઓળખી, અનુભવીને વ્યવહારમાં મૂકવાનું છે, તેને આચરણમાં લાવવાનું છે, એટલે કે તમારે તેનો ઉપયોગ કરવાનો છે.

હવે આપણે થોડાં દૃષ્ટાંત લઇએ. એક એવો મનુષ્ય છે કે જેણે પુષ્કળ દ્રવ્ય પોતાના ઘરમાં દાટેલું છે પણ તેનું તેને હમણાં વિસ્મરણ થયું છે. બીજો એક એવો પુરૂષ છે કે જેની પાસે દમડી પણ નથી. આ બન્ને પુરૂષો પોતાના ઘરમાં ખોદવા માંડે તો પરિણામ શું આવશે? જે મનુષ્યે પોતાનો ખજાનો દાટેલો છે તેને તો તે હાથ લાગશે; પણ જેની પાસે દમડી સરખી પણ નથી તેને તો કશુએ મળશે નહિ.

વેદાન્ત તમને કહે છે કે તમારામાં ખજાનો ભરેલો છે; માટે કંજુસ અને દરિદ્રી ન રહેતાં તેનો છુટે હાથે ઉપયોગ કરો. તમારે એ ભંડારમાં દ્રવ્ય નાખવાનું નથી, પણ છે તેનો માત્ર ઉપયોગજ કરવાનો છે. તમારો આત્મા સ્વતઃ શુદ્ધ અને નિષ્કલંક છે; પાપથી તે અધોગત અને કલંકિત થયો છે અને પુણ્યથી તેનો ઉદ્ધાર થશે, એવું કશુંએ વેદાન્તમાં નથી.

આ એક કાચું પાટીઉં છે. તે કઠિન ઘન પદાર્થ છે. તમે તેને ઘસી ઘસીને પારદર્શક ને પ્રકાશિત બનાવી શકશો? કદી નહિ. પણ એક દર્પણ લ્યો. તે ગમે તેટલું મેલું ધુળવાળું કે ગંદું હશે પણ થોડા પ્રયાસથીજ સાફ થશે, ને પારદર્શક તેમજ પ્રકાશિત બનશે. વસ્તુતઃ તમારે તેને પારદર્શક બનાવવામાં કાંઈ નવીનતા નથી કરવી પડી; પણ વસ્તુને તેની મૂળ પ્રકાશમય સ્થિતિમાં લાવ્યા છો. તેનું પારદર્શકપણું વ્યક્ત થયું છે. પાટીઆમાં પારદર્શકપણાનો ગુણ નહોતો તેથી કોઇ પણ પ્રયાસથી તે પ્રકાશિત ન થઇ શક્યું. મોક્ષપ્રાપ્તિના સંભવ માટે પ્રત્યેક મનુષ્યમાં છુપી રહેલી સ્વાભાવિક શ્રદ્ધાજ આત્માની નિર્લેપતા અને નિષ્કલંકતા સિદ્ધ કરે છે. આત્મા બાહ્ય ઉપાધિને લીધેજ મલિન ભાસે છે. પાટીઆની પેઠે આત્મા કદી પણ પારદર્શક અને પવિત્ર નહિ થાય—એતો સ્વભાવતઃ અપવિત્ર છે; એવો નિર્ણય કરી લેવાની જે સામાજિક ભાવના થઇ ગઇ છે તે અવાસ્તવિક છે; અને સમાજમાં અસત્યનીજ પ્રેરણા કરનારી છે. મનુષ્ય તો સ્વભાવતઃજ ઈશ્વર છે. ઈશ્વર મનુષ્યનો આત્મા ન હોત તો સમયે સમયે અવતીર્ણ થતા પેગંબરો (ખાસ દૂત-Prophets) ની વિભૂતિનું જગતને કદીયે દર્શન ન થાત. રામ કહે છે કે " ડરો નહિ, ભય ન પામો; રણક્ષેત્રમાં બહાર પડો; તમારી સર્વ શક્તિ અને ઉત્સાહને એકત્ર કરો અને પૂર્ણ નિર્ભયપણે " અહં બ્રહ્માસ્મિ " ભાવ કે જે તમારી જન્મસત્તા છે તેને સિદ્ધ કરો. કશોજ ભય નથી; જરાએ ગભરાઓ નહિ. "

મોઝીસ એકવાર સીનાઇ પર્વતપર ફરતો હતો; ત્યાં તેણે થોડે દૂર એક છોડમાંથી અગ્નિની જ્વાલા નીકળતી દીઠી, જેથી તેને આશ્ચર્ય થયું. તેણે પ્રશ્ન કર્યો કે, " અરે કોણ છે એ ? " એમાં વિશેષ આશ્ચર્ય તો એ હતું કે જ્વાલા નીકળતી હતી પણ છોડ બળતો ન હતો. એ છોડે તેને ઉત્તર આપ્યો કે, " હું " " તે હુંજ છું. " આમ આ પવિત્ર " હુંજ " તમારો આત્મા છે.

આત્માનું સત્ય સ્વરૂપ પ્રકાશમાન મણિ જેવું-દેદીપ્યમાન હીરા જેવું છે. જેમ સ્ફટિક મણિની પાસે રક્તવર્ણ પદાર્થ રાખીશું તો સ્ફટિકમાં રતાશ દેખાશે અને કોઈ શ્યામવર્ણ વસ્તુ મૂકીશું તો શ્યામ રંગ પ્રતીત થશે. એવી રીતે સમીપસ્થ વસ્તુના રંગ પ્રમાણે એ સ્ફટિક પોતાનો રંગ બદલશે; છતાં વસ્તુતઃ નિર્મળ સ્ફટિક પોતે તો વર્ણહીનજ છે; તે તો વર્ણાતીતજ છે. કોઈ પણ પ્રકારની રતાશ કે કાળાશ તેનામાં નથીજ. એતો જે છે તેજ છે. એવીજ રીતે તમારો આત્મા-તમારૂં યથાર્થ સ્વરૂપ તો જે છે તેજ છે. એ વર્ણરહિત છે; અવર્ણનીય છે; શુદ્ધવિશુદ્ધ " અહં બ્રહ્માસ્મિ " છે.

એ આત્માની સમીપમાં પણ જેવો પદાર્થ રાખીએ તેવો તે દેખાય છે. હિંદુસ્તાનનો હિંદુ-તે શ્યામવર્ણ મનુષ્ય-તે આત્મામાં શ્યામવર્ણ હિંદુ કહેવાય છે. એ સ્થિતિમાં આત્માને હિંદુનો વર્ણ ચડયો છે, એમજ આપણે કહેવું પડશે. એ સ્થિતિમાં તે પવિત્ર અહમ્ " હું હિંદુ છું " એમ કહે છે. એજ પ્રમાણે તે આત્મા દેદીપ્યમાન સ્ફટિકમણિ-વર્ણહીન આત્મ જે નામરૂપથી પર છે તેની પાસે પીતવર્ણનું વસ્ત્ર એટલે અમેરિકાનો યાંકી (yankee રાખીએ, તો તે નિર્વિકારી " અહમ્ " ને " હું અમેરિકન છું " નો રંગ ચડશે. વળી નિત્ય શુદ્ધ આત્માની પાસે સ્ત્રી આવે તો તે નિર્વિકારી " અહમ્ " " હું સ્ત્રી છું " એ દેખાશે. એ આત્માની પાસે કોઈ અન્ય પુરૂષને રાખીએ તો તેને " હું એમ. એ. છું એવો રંગ ચડે છે. એવીજ રીતે " હું ક્રિશ્ચિયન છું " " હું હિંદુ છું " " હું યાંકી છું " હું જેનબુલ છું " " હું બાળક છું " " હું સ્ત્રી છું " " હું સિંહ છું " " હું વ્યાઘ્ર છુ એવાં નાનાવિધ વર્ણ રૂપ દેખાશે; પરંતુ પવિત્ર, સત્ય, શુદ્ધ, દેદીપ્યમાન, નિષ્કલંક, અવિક નામરૂપાતીત-વર્ણહીન આત્મા-અહમ્-ૐ તો સર્વમાં સમાન, એક અને અદ્વિતીયજ છે. સત તેનામાં કોઇ રંગ નથી. તમારા અજ્ઞાનમય અધ્યારોપથીજ તમે તેને રંગમય બનાવો પ્રકાશમાન સ્ફટિકની પાસે કોઈ રંગીન વસ્તુ રાખીએ તો તેને તેનો રંગ લાગતો નથી- તેમાં પ્રવેશ પામતો નથી, પણ માત્ર પ્રતિબિંબિત થાય છે. તેનો તેને સ્પર્શ થતો નથી રંગનું તેમાં પરાવર્તન જ થાય છે અને સ્ફટિક તો સદા સર્વદા પ્રકાશમાન ને ળજ હોય છે.

એ સર્વવ્યાપક, સચરાચર " અહમ્ " સર્વત્ર વિદ્યમાન છે. સિંહ કે વ્યાઘ્ર એજ " અહમ્ " ની ભાવના પ્રદર્શિત કરે છે, અને એજ નિર્મળ " અહમ્ " તમે એ વિશુદ્ધ નિર્લેપ આત્મા અમુક સમયે અન્યરૂપમાં વ્યક્ત હતો તેથી અત્યારે પણ વર્તમાન રૂપમાં તેને શ્વેત, શ્યામ કે રક્તવર્ણની ઉપમા આપવાનો તમોને કાંઈ પણ હક્ક પૂર્વે એજ " અહમ્-આત્મા " કોઇ બીજા શરીરમાં નિવાસ કરી રહ્યો હતો. પૂર્વ એવો સમય પણ હતો કે જ્યારે તમે " હું સિંહ છું " " હું બાળક છું " એમ હતા. જે અહમ્-જે આત્મા સદા સર્વદા અબાધિત છે તેનો અનુભવ કરવાથીજ તમે ર અને મુક્તિ મેળવી શકશો. તે " અહમ્ " ત્રિકાળાતીત છે, કારણ કે પૂર્વે પણ તે " જ હતું. એને કાળનો બાધ પહોંચતો નથી, કારણકે સર્વ શરીરોમાં અને જન્મોની પ એ " અહમ્ " એકજ છે. સર્વ કાળ તેને માટે વર્તમાનકાળજ છે અને સર્વ સ્થા ત્ર જ છે. એ પવિત્ર " અહમ્ બ્રહ્માસ્મિ " શાશ્વત સત્તા-સનાતન સત્ય છે. એ નેજ "ૐ" કારની સંજ્ઞા આપી છે. " હું તે છું " એ ભાવાર્થ " ૐ " માં વ્યક્ત

ફારસી ભાષામાં "ૐ" ઓમનો અર્થ "ઓ-હમ્" એટલે "હું તે છું" એમ થાય છે; અ "હું તે છું" એટલે "હું બ્રહ્મ છું" છે. આ પ્રમાણે "ૐ" અહં બ્રહ્માસ્મિની વિશુ સનાતન ભાવના સિદ્ધ કરે છે.

સર્વ વ્યાપી ઈશ્વર.

શિખરિણી.

સહસ્ત્રો રૂપોમાં ચકિત કરવા યત્ન કર તું!
પરન્તુ તેમાંએ પ્રિયતમ! તને ઓળખી શકું.
રમી માયા જાદુ વિવિધ રૂપ તેમાં તું બદલે,
પરન્તુ વિશ્વાત્મા! તહિં પણ તને કોણ ન કળે? ૧

વહે પ્રાતર્વાયુ કુસુમકલિ ધીમેથી વિકસે,
ભરે તું વધિષ્ણો! રસ-રૂપ તહિં શોભન! સખે!
છુપી તારી શક્તિ વિમલ જલમાં ને પ્રતિકણે
મનોહારી! એવું કયું હૃદય કે એ અવગણે? ૨

ફૂવારામાં ઉંચે ઉછળી ઉછળીને જળ રમે,
કળા લીલા તારાં રમણ! સુખ ચિત્તે અભિરમે.
ઘનાકારે ઘુમે ગગન મહીં અંબુજ રૂપમાં,
અહો લીલાવર્ત્તી! જલદધર ત્યાં આપું ઉપમા. ૩

ખીલી પુષ્પો કુણી વનસ્થલી મહીં મોહિની ભરે,
અહો! એ રત્નોમાં પ્રભુ! નયન શાન્તિમય ઠરે;
ઉગીને વિસ્તારે તરૂ વિવિધ શાખા અહીં તહીં,
તહીં લીલા તારી વિકસિત થતી આ ઉરમહીં. ૪

ઉષાનાં સોનેરી કિરણ શિખરે ભર્ગ ભરતાં,
વરેણ્યમ્ એ પૂજું દિનકર પ્રભો ધ્યાન ધરતાં,
દિશાઓના ખરે ઝૂકી રહ્યું નભોમંડળ શિરે,
પ્રભો! શ્વાસોચ્છ્વાસે અદ્ભૂત કૃતિ સૌ ગતિ ભરે. ૫

દશે ઇંદ્રિયોમાં પ્રતીત થઇ જે ગ્રાહ્ય બનતું,
મનોબુદ્ધિદ્વારા ચિતમહીં વળી ચિંત્વન થતું;
સહુ તે દૃશ્યોમાં ગુરૂ! તુજ અભિજ્ઞાન મળતું,
નિયંતા ઓ સ્વામી! અખિલ જગ તાદાત્મ્ય થતું. ૬

ફરે લાખો માળા કરમહીં અને નામ હૃદયે,
પ્રતિનામે ઉંડી પ્રતિધ્વનિ ઉરે ગર્જિત રહે;
દીઠાં દૃશ્યો, લીધી સ્મરણી કરમાં નામ ઉરથી,
પ્રભો! પ્રાણાધાર! અકલિત નથી કાંઈ તુજથી. ૭

રામ હવે મોઝીસના સંબંધમાં થોડું કહેવા ધારે છે.

એક સમયે મોઝીસે એક વૃક્ષની નીચે અવાજ સાંભળ્યો, તેણે ત્યાં જોયું તો સુસવાટ

મારતો ભયંકર સર્પ દીઠો. એ સર્પના ફુંફવાડાથી તે ભડકયો. તેનું હૃદય કંપવા લાગ્યું, ગાત્ર શિથિલ બની ગયાં અને મૃત્યુ સમીપ આવ્યું હોય તથા નાડીઓ જાણે તુટતી હોય, તેમજ રક્ત શીતલ થતું જતું હોય એવો ગભરાટ તેને છુટયો. પણ એટલામાં તેણે કોઈ મનુષ્યના જેવો અદૃષ્ય અવાજ સાંભળ્યો. એ ગેબી અવાજે તેને કહ્યું:—"મોઝીસ! ડર નહિ. એ સર્પને હિમ્મતથી મજબૂત પકડીને હાથમાં લે." છતાં મોઝીસ તો ડરતોજ હતો; તેને એ દૈવી વાણીપર વિશ્વાસ ન બેઠો. ત્યારે પુનઃ એ ગર્જના જાગ્રત થઈ: "મોઝીસ! ડરે છે શું? બહાર આવ ને આ સર્પને પકડી લે." સદ્ભાગ્યે તેનામાં હવે ધૈર્ય આવ્યું. તે સંતાઇ ગયો હતો ત્યાંથી બહાર નીકળ્યો અને સર્પને બે હાથથી મજબૂત પકડયો. પણ અહા! શું ચમત્કાર! તે સર્પ હતોજ નહિ. પકડતાં વેંતજ એ સર્પના સ્વરૂપમાં સુસવાટા મારતો પદાર્થ એક સુંદર દંડરૂપે માલુમ પડયો. આ વાતોનું રહસ્ય શું છે તે હવે આપણે જોઇએ.

સત્યને અહીં સર્પનું રૂપક બનાવ્યું છે. પૂર્વના દેશોમાં, વિશેષતઃ હિંદુઓમાં સનાતન સત્યની સંજ્ઞા સર્પ-શેષની આકૃતિથી પ્રદર્શિત કરેલી છે. સર્પ હમેશાં ચક્રાકાર સ્થિતિમાં ગુંચળું વળીને પોતાની પૂંછડીને મોઢામાં પકડીને પડયો રહે છે. એવીજ રીતે આ જગતમાં પણ દરેક પ્રસંગનું પુનરાવર્તન થતું જાય છે. ચક્રમાળાની પેઠે સર્વ ક્રમ ચાલ્યો જાય છે. ચરાચર જગતમાં વ્યાપેલો આ સર્વવ્યાપક વિશ્વનિયમ છે. એ સર્પને પકડવાનો અર્થ એ છે કે તમારે એ દૈવી નિયમના સત્તાધીશ થવાનું છે; સમસ્ત વિશ્વના નિયંતા બનવાનું છે.

તમે એ સ્થિતિનો અનુભવ કરો. હિમ્મતથી એ દિવ્યતા સાથે ઐકય અનુભવતાં શીખો. મોઝીસને પણ પ્રથમ તો એ સર્પને પકડતાં ડર લાગ્યો હતો, તેને પણ પહેલાં એ અપરિચિત નવીનતા હતી. મોઝીસ એક દાસત્વ અનુભવતી પ્રજામાંનો મનુષ્ય હતો. યાહુદી લોકોની તે જમાનામાં અત્યંત માઠી દશા હતી. તેમને પોતાના દેશમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા અને અહીં તહીં ભટકતા મુસાફરોના કાફલાની જીંદગી તેઓ ગુજારતા હતા. તેમનાપર અનેક પ્રકારનો અત્યાચાર કરવામાં આવ્યો હતો. આવી પરિસ્થિતિમાં તેઓ તેમના ઈશ્વરને અનાચારી સત્તાધીશ કે અનેક સેવકોપર સામ્રાજ્ય ભોગવતા ધનાઢય હોવાની કલ્પના કરે એ તદ્દન સ્વાભાવિક છે. બગાદની સભા ભરાય તો તેમાં ઈશ્વરની કેવા પ્રકારની કલ્પના થાય? હરકોઈ બગાદને મારીને હઠાવે એવો અતિ બળવાન બગાદજ તેમનો ઈશ્વર બને. સિંહની સભામાં ઈશ્વરની કલ્પના અતિશય વિકાળ સિંહનીજ થાય. એવીજ રીતે તમે પણ તમારી શક્તિ બહારની કલ્પના કરી શકતા નથી; તમે જરા પણ દીર્ઘદૃષ્ટિ વાપરી શકતા નથી. સિંહની સભા જેવી રીતે પોતાના ઈશ્વરને સિંહનું સ્વરૂપ આપે, તેવીજ રીતે ભયવ્યાકુલ લોકોની સભા ભરાય અને તેમને ઈશ્વર વિષે ચર્ચા કરવાનું કાર્ય સોંપવામાં આવે તો તેઓ પણ તેને અનેક સેવકોપર સત્તા ભોગવતા આજ્ઞાકારી ધનાઢયની અથવા કોઇ અત્યાચારી નરાધિપનીજ ઉપમા આપશે. આવીજ રીતે યાહુદી લોકોએ ઈશ્વરને ભવ્ય શક્તિમાન રાજ્યકર્તા માની લીધો છે

પૂર્વની ઘણીખરી ભાષાઓમાં અને મુખ્યત્વે કરીને સેમેટિક ભાષામાં ઈશ્વરને "અલ્લા"ના નામથી ઓળખવામાં આવે છે. આ શબ્દની ઉત્પત્તિ વિષે થોડું બોલવું અસ્થાને ન ગણાય. યાહુદીઓમાં અનેક જાતિઓ હતી; અને પ્રત્યેક જાતિએ પોતપોતાનો સ્વતંત્ર ઈ... બનાવી રાખ્યો હતો. તેમાં ઇજરાઇલ લોકો પોતાના ઈશ્વરને "મોલોક" કહેતા. તેમના પરસ્પરના વિગ્રહને અંતે ઇજરાઇલ જાતિએ અન્ય સર્વ જાતિઓપર વિજય મેળવ્યો અને ત્યા...

તેમનો "મૉલૉક-ઈશ્વર," સર્વ ઈશ્વરોનો એટલે યાહુદી પ્રજાનો ઈશ્વર બન્યો. આવી રીતે તેમણે "મૉલૉક ઈશ્વર"ની સત્તા અને સામર્થ્ય, સર્વ ઈશ્વર કરતાં વિશેષ માની લીધાં. સેમેટિક લોકોમાં એકેશ્વરવાદ કેવી રીતે સ્થાપિત થયો અને "માલિક" નામ ઈશ્વરને કેવી રીતે આપવામાં આવ્યું તેનો યથાર્થ ઇતિહાસ એ પ્રમાણે છે.

તે જમાનાનો આવા પ્રકારનો એકેશ્વરવાદ પણ તેમના શાસ્ત્રીય સંશોધનનું પરિણામ હતું. તે એ સમયના સમાજની બુદ્ધિની પરાકાષ્ઠા હતી. તે માન્યતા તેમને મુક્તિદાતા હતી. અજ્ઞાત તત્ત્વમાં સંશોધન કરવું, એ તેમનો તે સમયમાં પણ પ્રયાસ હતો. આવા પ્રકારની શોધ તેમને અનુકૂળ નીવડી હતી; પણ હવે વસ્તુસ્થિતિ બદલાતી જાય છે. ઘણા લોકોને અત્યારે રાજસત્તાક શાસન નથી રૂચતું; તેઓને સ્વરાજ્ય જોઇએ છીએ. અમેરિકા, ઈંગ્લંડ તેમજ પ્રત્યેક ખંડ અને પ્રદેશમાં મુક્તિ-મુક્તિ-અને સ્વતંત્રતાની ઘોષણા ગાજી રહી છે. વિજ્ઞાન શાસ્ત્રમાં અદ્દભુત શોધો વધતી જાય છે. વિદ્યાકળા વૃદ્ધિગંત થયાં છે. પ્રત્યેક વસ્તુ પ્રગતિક્રમમાં છે. ઈશ્વર સંબંધી ભાવનાને પણ શાસ્ત્રીય પટ ચડવો જોઇએ; અત્યાચારી, ઉદ્ધત ઈશ્વરની જુની પુરાણી કલ્પનાની પણ આ જગતના પ્રગતિક્રમ સાથે પ્રગતિ થવીજ જોઇએ; "હું ઈશ્વર છું" એવું વેદાન્તનું સ્વતંત્ર, પ્રોત્સાહક અને મુક્તિપ્રેરક રહસ્ય સ્વીકારવું જોઇએ. ઈંગ્લંડમાં એક કાળ એવો હતો કે જ્યારે રાજસત્તાક નિયંત્રણા હતી, પણ શનૈઃ શનૈઃ જેમ એ રાજસત્તાક શાસનમાં પરિવર્તન થયું છે તેજ પ્રમાણે અત્યાચારી ઈશ્વરના હાથમાંથી પણ સત્તા છીનવી લેવી જોઇએ અને ધાર્મિક મોક્ષ યાને સ્વાતંત્ર્ય સૌએ પ્રાપ્ત કરવું જોઇએ.

યાહુદી લોકોપર તે સમયે જુલ્મ ગુજરતો હતો, તે પ્રજા દાસત્વ ભોગવતી હતી; તેથી તેમણે પોતાના ઈશ્વરને પોતાથી ભિન્ન કલ્પી લીધો હતો. પણ તમે તો રાજકીય તેમજ સામાજિક સ્વાતંત્ર્ય અનુભવો છે, તેથી તમારો ઈશ્વર તે તમારો પોતાનો આત્માજ છે. આ એવા દિવસો છે કે જેમાં મનુષ્યો દાસત્વ નથી ઇચ્છતા. બંધન અને દાસત્વ હવે અસ્ત થતું જાય છે; પ્રગતિ ત્વરિત વધતી જાય છે; અને પ્રત્યેક વસ્તુએ આગળ અને આગળ તેની સાથે વધવુંજ જોઇએ. શું તમારો એકેશ્વરવાદ હવે શાંત સ્થિર બેસી રહેશે? ના ન્હાટે બેસે! નહિજ બેસે. એક સમય એવો હતો કે જ્યારે સેતાન ઈશ્વરનો પ્રતિસ્પર્ધી હતો, તેમજ દેવદૂત અને સ્વર્ગસેવકોના આધિપત્યથી તેની શક્તિની પણ મર્યાદા બાંધી લીધેલી હતી. તેણે જગતને સાત દિવસમાં ઉત્પન્ન કર્યું; ઇત્યાદિ અનેક કલ્પનાઓ તમે કરી હતી. તે બધું શું શીખવે છે? મોઝીસે પોતાના ગ્રંથો એ જમાનામાંજ લખ્યા હતા. મોઝીસ થઇ ગયાને આજે હજારો વર્ષ વીતી ગયાં છે. જગતમાં ત્યાર પછી અનેક સમય ઉત્કાન્તિ થઇ ચુકી છે. તો પછી તે ઈશ્વરની તમારી કેવાક પ્રકારની કલ્પના છે કે જેમાં ઉત્ક્રાન્તિજ ન થાય! પ્રત્યેક વસ્તુએ આગળ વધવુંજ જોઇએ; ઉન્નતિક્રમ વધારતાં શીખવુંજ જોઇએ. હવે તો તમારા ઈશ્વરને સેતાન જેવો કોઈ પ્રતિસ્પર્ધી નજ હોવો જોઇએ અને તેની શક્તિની મર્યાદા નજ બંધાવી જોઇએ. સૃષ્ટિ બનાવવા જેવા કાંડયાકામના ધંધામાંથી તેને હવે મુક્ત કરવો જોઇએ. વેદાન્તનું રહસ્ય સ્વીકારવાનો સમય હવે નજદીક આવ્યો છે. સમસ્ત વિશ્વને હવે હિમ્મતથી મુસવાટા મારતાં સત્યરૂપી સર્પને સજડ પકડવાનો સમય સમીપ આવ્યો છે. હવે તે ઉત્કૃષ્ટ સત્ય તમારી પાસે આવીને પુકારે છે કે તમેજ ઈશ્વર છો. એ કહે છે કે ઈશ્વર તમારાથી ભિન્ન નથી. ઇશ્વર સ્વર્ગમાં-આકાશમાં કે પેલી ટેકરીમાં નહિ, પણ તમારામાંજ, તમારા આત્મા રૂપજ છે. આ સિદ્ધાંતનો સ્વીકાર કરી અનુભવ કરવાથીજ તમને સાક્ષાત્ મુક્તિ અને સ્વાતંત્ર્ય પ્રાપ્ત થશે.

ભયવ્યાકુળ બની વ્યર્થ કાં શિર ફોડો છો ? અન્યની પાસે યાચના કરવામાં તમારી શક્તિઓનો વ્યર્થ કાં વ્યય કરો છો ? તમારા નૈસર્ગિક સામર્થ્યને દાબી ન રાખો. સનાતન સત્યને છુંદી નાંખો નહિ. હિમ્મતથી બ્હાર પડો. " હું ઈશ્વર છું–હું ઈશ્વર છું " એમ નિર્ભયતાથી ગર્જના કરો અને તમારી જન્મસત્તા સિદ્ધ કરવા પ્રયત્ન કરો. સાધારણ લોકો તો મોઝીસે સર્પનો અવાજ સાંભળ્યો ત્યારે જેવી તેની ભયભીત અવસ્થા થઈ હતી તેવીજ સ્થિતિમાં છે.

જ્યારે તેઓ " અહં બ્રહ્માસ્મિ " ની પવિત્ર ગર્જના, એ નિર્મળ જ્ઞાન–એ વિશુદ્ધ સત્ય છે સાંભળે છે ત્યારે કંપે છે અને એ શુદ્ધ સત્યનો સ્વીકાર કરવામાં ધૈર્ય દાખવી શકતા નથી. નીચેના શબ્દો તેઓને સર્પના સુસવાટા જેવા સંભળાય છે.

" તમે પોતેજ શાશ્વત પ્રભુતા–વિશુદ્ધત્તમ વિશુદ્ધિ છો. જગત છેજ નહિ. તમે પોતેજ સર્વત્ર વિરાજમાન છો. અવર્ણનીય સર્વશક્તિમાન પ્રભુ તમે પોતેજ છો. શરીર તે તમે નથી; મન તે તમે નથી; તમે તો પોતે " અહમ્ બ્રહ્માસ્મિ " છો. પવિત્ર પ્રભુ છો. એ પ્રકાશમાન સ્ફટિકની પાસેથી નાનકડો પીળો, રાતો કે કાળો કાગળનો કકડો ફેંકી દો અને એ સત્ય સ્વરૂપને તમારા અંતરમાં જાગ્રત કરો. "હું તે છું" " હું સર્વ શક્તિમાન છું " એનો અનુભવ કરો. લોકો તેનો તિરસ્કાર કરે છે; દેખાવ માત્રના સર્પથી તેઓ ભય પામે છે; પણ અરે ! એ સર્પને પકડશો એટલે અત્યંત વિસ્મય પામશો. એ સર્પ તો તમારા કરમાં રાજદંડ તરિકે શોભા આપશે. એ સુસવાટા મારતો સર્પ તમારી સર્વ ભૂખ ભાગશે; તમારી સર્વ તૃષા છીપાવશે અને તમારા માર્ગમાંથી પ્રત્યેક પ્રકારનાં વિઘ્ન તથા સંકટો દૂર કરશે. અરણ્યમાં મોઝીસે જ્યારે એ દંડવડે એક ખડકને સ્પર્શ કર્યો ત્યારે તેમાંથી ખળખળાટ નિર્મળ જળનું ઝરણુ વહેવા માંડ્યું. ઈઝરાઈલ જ્યારે સંકટમાં હતા ને બચાવ માટે નાસતા ફરતા હતા ત્યારે તેમને એક વાર રાતો સમુદ્ર ઓળંગવાનો વખત આવ્યો હતો. એ ઘુઘવતો ભયંકર સમુદ્ર તેમને તો એમના એમ ગળી જવાને તૈયાર હતો; પણ મોઝીસે એ રાજદંડ તેના જળમાં બોળ્યો તેથી સમુદ્રના બે ભાગ પડી ગયા. તે સૂકી જમીનનો રસ્તો બની ગયો ને ઈઝરાઈલ લોકો સહીસલામત પાર ઉતરી શક્યા.

આ સુસવાટા મારતો સર્પ–આ સનાતન સત્ય તમને ભય પમાડે છે; પણ તમારે તેને પકડ્યા સિવાય છુટકોજ નથી. તમારે તેને મજબૂત પકડવો પડશે અને પકડશો ત્યારે આશ્ચર્ય પામશો કે તમે સમસ્ત વિશ્વના નિયંતા બન્યા છો ! પ્રત્યેક પરમાણુપર તમે સામ્રાજ્ય ભોગવશો. પ્રત્યેક ગ્રહમંડળ તથા તારામંડળના તમે શાસનકર્ત્તા બનશો અને આ ગગનમંડળપર તમારીજ સત્તા પ્રવર્તમાન થશે. ટુંકામાં તમે તમારી જાતિને સર્વ શક્તિમાન સચ્ચિદાનન્દ સ્વરૂપ અનુભવશો.

આ દિવ્ય સિદ્ધાંતનો સ્વીકાર કરવામાં અને એ સનાતન સત્યનો અનુભવ કરવામાં સાધારણ રીતે લોકો ભીરૂતા દર્શાવે છે; પણ ડરો નહિ; ભીરૂ ન બનો; બ્હાર પડો; નિર્ભયતાથી એ સત્યનો સ્વીકાર કરો. એ સત્યરૂપી સર્પને હૃદય સાથ આલિંગન આપો. અરે ! તેની સાથે તાદાત્મ્ય અનુભવો. એ સત્યનો સાક્ષાત્કાર કરશો એટલે એ સત્ય તમને મુક્ત–સ્વતંત્ર બનાવશે. " હું ઈશ્વર છું " એમ ન કહેવું તેજ પાપ છે. આત્માને છુપાવવો એજ મહા ભયંકર ચોરી છે. " હું સ્ત્રી છું " " હું પુરૂષ છું " કે " હું અધમ પ્રાણી છું " એમ કહેવું એ અસત્ય ભાષણ અને ઘેર નાસ્તિકતા છે. એવો દરિદ્રી કે લોભીનો પાઠ ન ભજવો. લોભીના ઘરમાં કરોડો રૂપિયા ભરેલા હોય છે છતાં તે એક દમડી પણ પોતાથી અળગી કરી શકતો નથી.

તમારામાં તો સમસ્ત વિશ્વ છે. આ સમસ્ત વિશ્વપર તમારી સત્તા છે. એ સત્તા શા માટે સંતાડી રાખો છો ? તેનો ઉપયોગ શા માટે નથી કરતા ? આચરણમાં મૂકો, આત્મ ભવરૂપી અમૃતનું પાન કરો. છતે રાજ્યે ભિખારી બનીને કાં ભમો છો ?

આત્મ સાક્ષાત્કાર-સચ્ચિદાનન્દનો સાક્ષાત્કાર થવો એટલે ગળામાં પહેરેલા હારના વિસ્મરણનું ભાન થવા બરોબર છે, એમ હિંદુ લોકો કહે છે. એક મનુષ્યે પોતાના ગળામાં અતિ મૂલ્યવાન હીરાનો હાર પહેર્યો હતો. કાંઈ કામ કરતાં તે હાર તેની ગરદનની પાછળ ભાગમાં સરી ગયો ને તેથી તેને તેની વિસ્મૃતિ થઈ. પોતાની છાતીપર પહેલાંની પેઠે હાર ઝુલતો ન દેખીને તે તેને શોધવા લાગ્યો. બહાર બહુએ ફાંફાં માર્યા, પણ પરિશ્રમ વ્યર્થ ગયો. રડતે મ્હોંએ આંસુ પાડયાં, ને એવા કિંમતી હાર માટે તેને બહુ શોક થયો. તેણે બીજા કોઈ માણસને તે હાર મળી શકે તો શોધવા વિનતિ કરી. તે માણસે કહ્યું કે,-" વારૂ ! હું તને તે શોધી આપું તો મને શું આપે ?" પેલાએ કહ્યું:-"તું માગે તે આપીશ; પણ મને તે જરૂર શોધી આપ." પેલા માણસે તેની ગરદનપર હાથ નાખીને, હાર આગળ લાવીને તેને કહ્યું કે, " આ રહ્યો હાર. તે ગુમ નહોતો થયો, પણ છાતીને બદલે ગરદનપર લટકતો હતો. એ હાર તો ગળામાંજ હતો." અહા ! આ કેવું સુંદર આશ્ચર્ય છે ! આવીજ રીતે તમારી પ્રભુતા તમારી બહાર નથી. તે તમારામાંજ છે.-તમારા આત્મામાંજ છે. તમે પોતેજ પ્રભુ છો.

તમને તમારા આત્મસ્વરૂપનું-તમારા ઈશ્વરત્વનું વિસ્મરણ થયું છે, એ એક પ્રકારનું ચમત્કારિક વિસ્મરણ છે. એ અજ્ઞાન દૂર કરો અને અંધકારને કાઢી નાંખો, એટલે તમારૂં ઈશ્વરત્વ પ્રકાશમાન થશે. તમે સ્વભાવતઃ પૂર્ણપણે મુક્ત છો; પણ તમે વિસ્મરણમાં દાસત્વ સ્વીકારી લીધું છે. કોઈ રાજ્યકર્ત્તાને નિદ્રાવશ થતાં સ્વપ્ન આવે કે તે ભિક્ષુક બની ગયો છે, પણ તેથી કાંઈ તેના ઐશ્વર્યમાં ભંગ પડતો નથી.

એ રાજાધિરાજ ! સર્વ શરીરોમાં કેન્દ્રસ્થ સુજ આત્મદેવ ! સચ્ચિદાનંદ સમ્રાટ્ ! અનંત સત્તાધીશ ! આશીર્વાદાત્મક તત્ત્વરૂપ ! એ પ્રિયતમ ! અજ્ઞાનાવરણના સ્વપ્નમાં દાસત્વ ન સ્વીકારો ! ઉઠો, જાગૃત થાઓ અને તમારી પરમ સત્તા અનુભવો. તમે ઈશ્વર છો, તમે ઈશ્વર છો, અન્ય કાંઇ નથી. આંતરિક ઉત્સાહવડે-બહારનાં બંધનો, આવરણો, ભીરૂતા, નિર્બળતા, અને લજ્જાને હાંકી કાઢો-તોડી પાડો. અતિ વિશુદ્ધ " અહમ્-આત્મા "ના અમૃતોદધિમાં કૂદી પડો. તમે ઈશ્વરજ છો. " તે અને હું એકજ છીએ. " કેવો શાંતિદાયક વિચાર ! કેવો સુંદર-સુખકર આદર્શ ! તે વિચાર સર્વ દુઃખ દૂર કરે છે; આપણા સંસાર-ભાર હલકા કરે છે. આત્મકેન્દ્રનું વિસ્મરણ કરી બહાર ભ્રમણ ન કરો, આત્માનેજ કેન્દ્ર બનાવો. આર્કિમીડીઝ નામના એક ગ્રીક તત્ત્વવેત્તાએ કહ્યું હતું કે "જો મને સ્થિર ઉભા રહેવાનું સ્થાન મળે તો હું સમસ્ત જગતને હલમલાવી શકું છું." પણ ગરીબ બિચારાને તેવું સ્થાન મળ્યુંજ નહિ; એ ધ્રુવબિંદુને શોધીજ શકયો નહિ.

વેદાન્ત કહે છે કે એ ધ્રુવબિંદુ તમારા પોતાનામાંજ છે-તે તમારો આત્માજ છે. તેનો અનુભવ કરશો એટલે સમસ્ત વિશ્વને હલમલાવવાનું સામર્થ્ય તમને પ્રાપ્ત થશે.

ૐ ! ૐ ! ! ૐ ! ! !

८—हुं प्रकाश स्वरुप छुं.*

તમારામાં ખરો આત્મા તે શું છે? શરીર તે ખરો આત્મા નથી; મન પણ ખરો આત્મા નથી; તેમ આ જીવન પણ ખરો આત્મા નથી. આ વચનની પ્રતીતિ તમને શાથી થાય છે? તમારો અનુભવ તમને એમ કહે છે માટે. તમારો અનુભવ ત્રણ પ્રકારની સ્થિતિ બતાવે છેઃ (૧) જાગૃત અવસ્થા. (૨) સ્વપ્ન અવસ્થા અને (૩) સુષુપ્તિ અવસ્થા. ઉષ્ણતામાપક અને વાયુમાપક યંત્રની પેઠે તમારો અનુભવ જગતના સંબંધીનું અનુમાન આપે છે.

જાગૃત અવસ્થામાં જે અનુભવ પ્રકાશન કરે છે કે આ જગત સ્થૂલ અને નિયમની સંકલનાને આધીન છે. સ્વપ્નાવસ્થામાં આપણને કોઈ અન્ય અનુભવ થાય છે; પણ સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાઓ પણ જાગૃત જેટલીજ મહત્તા ધરાવે છે. વળી આપણે એ પણ જોઈએ છીએ કે જાગૃત અવસ્થાના જેટલોજ સમય નિદ્રાવસ્થામાં પણ વ્યતીત થાય છે. તમારા જીવનમાં તમે જેટલું જાગો છો તેટલીજ નિદ્રા પણ લો છો. વળી બાળક તો ઘણું ખરૂં નિદ્રાવસ્થામાંજ રહે છે એમ કહીએ તો ખોટું નથી. આ સમસ્ત જગત એજ પ્રકારનો અનુભવ ક્રમશઃ કર્યો કરે છે. આપણા જાગૃત અવસ્થાના અનુભવમાં અને સ્વપ્નાવસ્થા કે સુષુપ્તિ અવસ્થાના અનુભવમાં વિરોધાભાસ હોય છે.

પણ એ સર્વ અનુભવમાં જે સદા સર્વદા વ્યાપક અને અવિકારી છે તેજ સનાતન સાધન છે. સત્યનું આ લક્ષણ તો કોઈ કબૂલ કરે છે, કે જે સર્વાતીત રહે છે—જે શાશ્વત રહી રહે છે, તેજ સત્ય છે—નિત્ય છે. દષ્ટા તરીકે આપણે જોઈએ તો આ અનુભવની ત્રણ અવસ્થાઓ બદલાય છે. જાગૃતાવસ્થામાં તમે તમારા આ શરીરનો અનુભવ કરી તેની સાથે એકતા અનુભવો છો; અને જ્યારે તમે હું—મારૂં કહો છો ત્યારે આ શરીરને ઓળખાવી—તે વખતનો અનુભવ સત્ય છે, એમ સિદ્ધ કરો છો. પણ સ્વપ્નાવસ્થામાં એ અનુભવ તદ્દન જુદાજ પ્રકારનું રૂપ ધારણ કરે છે. તે વખતે તમારૂં રૂપાન્તર થઈ જાય છે. સ્વપ્નદ્રષ્ટા તે જાગૃતદ્રષ્ટા હોતો નથી. ધનિક હોવા છતાં પણ સ્વપ્નાવસ્થામાં તમે પોતે ઘણીવાર દરિદ્ર બની જાઓ છો. તમારાપર શત્રુઓએ ઘેરો ઘાલ્યો હોય છે, ઘણીવાર ઘરમાં આગ લાગી હોય છે, અને તમે મુશ્કેલીથી જીવતા નીકળી જવા પામો છો. સ્વપ્નમાં તમારી પાસે પાણીનાં સરોવર ભર્યાં હોય છે; પણ જાગૃત થતાં તમે તરસ્યા માલુમ પડો છો. આ ઉપરથી એ સિદ્ધ થાય છે કે જાગૃત અને સ્વપ્નમાં અનુભવ ભિન્ન ભિન્ન અને વિરૂદ્ધ રૂપો ધારણ કરે છે, અને એજ અનુભવ સુષુપ્તિ અવસ્થામાં વળી કોઈ ત્રીજુંજ સ્વરૂપ ધારણ કરે છે. સુષુપ્તિ અવસ્થામાં જ્યાં ગાઢ નિદ્રા હોય છે ને કશું ભાન હોતું નથી ત્યાં અનુભવનું અસ્તિત્વ હોતું નથી; એટલે કે શૂન્યત્વ હોય છે. તમે ઘણીવાર કહો છો કે મને ગાઢ નિદ્રા આવી. એ સુષુપ્તિ અવસ્થા પણ એક પ્રકારનું એવું અસ્તિત્વ ધરાવે છે કે જે નિરંતર જાગૃત

* કાલિફોર્નિઆમાં ડેન્વેર શહેરમાં તારીખ ૧૩—૧—૧૯૦૪ ને રોજ આપેલું ભાષણ.

રહે છે ને જરાએ નિદ્રા હોતું નથી. એ અસ્તિત્વજ તમારો સત્ય સ્વરૂપ આત્મા છે. એ દૃશ્ય થતા પદાર્થોના અનુભવથી જે તટસ્થ રહે છે તે જ નિર્મળ અનુભવ છે; તેજ વિશુદ્ધ જ્ઞાન છે અને એ જ તમારો આત્મા છે.

એક મનુષ્ય આવીને કહે છે કે “ રાતના બાર વાગ્યે હું અમુક સ્થળે હતો, પણ એ વખતે ત્યાં કોઇ પણ મનુષ્ય દૃષ્ટિગોચર નહોતું થતું. ” હવે આપણે એને પ્રશ્ન પૂછશું કે “ તમે પોતે તો કોઇ પણ છો કે નહિ ? તમે પોતે જો કોઇ પણ નથી તો એ તમારી સાક્ષી તમારાથી વિરૂદ્ધ જાય છે, અને તમે પોતે કોઇ પણ છો તો પછી, તમે ત્યાં કોઇને નહોતું દીઠું તે કેમ સંભવે ? ” ગાઢ નિદ્રામાંથી મનુષ્ય જાગૃત થાય છે ત્યારે તે કહે છે કે તેને કોઈ પણ જાતનું સ્વપ્ન નહોતું આવ્યું. આપણે તેને કહીશું કે બન્યું ! તમે કહો છો કે ત્યાં કોઈ નહોતું, એ જો સત્ય હોય અને તે જો તમારે સાબીત કરવું હોય તો, તમારે પોતાને સાક્ષી બનવું પડશે. જો ત્યાં કોઇ નહોતું તો તમે આ પ્રમાણ ક્યાંથી આપો છો કે ત્યાં કશુંએ ન દીઠું ? આથી સિદ્ધ થાય છે કે તમારામાં એવું કાંઇ છે કે જે તમારી ગાઢ નિદ્રામાં પણ જાગૃત રહે છે. એજ તમારો સત્ય સનાતન આત્મા છે. એજ સ્વતઃસિદ્ધ કેવળ જ્ઞાનરૂપ-અનુભવ પ્રકાશ પરમાત્મા છે.

એમાંથી સકળ વિશ્વનો કેવી રીતે વિસ્તાર થાય છે તે હવે જુઓ. નદીની પણ જોશો તો ત્રણ અવસ્થા હોય છે. પહેલી-બરફના પહાડ રૂપે-હિમગિરિરૂપે. બીજી ઝરણ કે નાળાંરૂપે. હિમ પીગળતાંજ નદી રમતી, ગેલ કરતી, ઉછળતી, નાજુક બાળાની પેઠે ધીમી ધીમી વ્હેવા માંડે છે. ત્રીજી અવસ્થામાં નદી પર્વતનો પ્રદેશ છોડી સપાટ પ્રદેશમાં જાય છે અને ત્યાં ધૂળ-કાદવમાં રોળાતી મલિન જળવાળી બને છે. નદીની આ ત્રણ અવસ્થા છે. પ્રથમ અવસ્થામાં પર્વત પ્રદેશના બરફમાં સૂર્યની મૂર્તિ પ્રતિબિંબિત થતી નહોતી. બીજી અને ત્રીજી અવસ્થામાં સૂર્યનાં કિરણો નદીના જળમાં પ્રતિબિંબિત થતાં આપણે જોઇએ છીએ. બીજી અવસ્થામાં વ્હાણો ચાલી શકે કે ન્હેરો કાઢી શકાય એવી તે વિશાળ નહોતી, પણ નાજુક અને રમણીય હતી. ત્રીજી અવસ્થામાં તેમાં વ્હાણો ચાલી શકે છે. ખેતરો અને મેદાનોને તેના જળથી પોષણ મળે છે. આ સ્થિતિમાં આપણી પાસે બે વસ્તુ હાજર છે; એક સૂર્ય અને બીજી નદી.

એક તો સર્વ સૂર્યોનો સૂર્ય જે આત્મા તમારામાં છે તે ઈશ્વર તમારી સુષુપ્તિ અવસ્થામાં એટલે કે ગાઢ નિદ્રામાં પણ જાગૃત છે. એ સૂર્યોનો સૂર્ય ઘન બરફરૂપ તમારી ગાઢ નિદ્રા પર પ્રકાશ પાડે છે. એ અવ્યક્ત, અચલ પરમાત્મા સૂર્યની માફક ત્યાં સાક્ષિભૂત છે. ગાઢ નિદ્રાવસ્થામાં જ્યારે તમારામાં થોડો કાળ શૂન્યત્વનો આભાસ રહે છે, ત્યારે પણ એ સૂર્ય પોતે પ્રકાશિત રહી, તમારા કારણ શરીરરૂપી બરફને ઉષ્ણતા આપી, એ શૂન્યત્વમાંથી તમને સ્વપ્નાવસ્થારૂપી નદીમાં બદલે છે. “ ઈશ્વરે શૂન્યમાંથી જગત ઉત્પન્ન કર્યું ” એવું વાક્ય બાઈબલમાં છે; તેનો ભાવાર્થ આવાજ પ્રકારનો છે. સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાં ઈશ્વરનું અસ્તિત્વ હતું અને ઈશ્વરે શૂન્યમાંથી જગત રચ્યું. જેવી રીતે સૂર્યની ઉષ્ણતાથી બરફ પીગળે છે ને નદી વહેવા માંડે છે, તેવીજ રીતે એ રવિરાજ-તમારો આત્મા, એ આભાસરૂપી શૂન્યત્વ કે જેને હિંદુઓ માયા કહે છે-તેના પર પ્રકાશ પાડે છે ત્યારે તેમાંથી દૃષ્ટા અને દૃશ્ય-એવી દ્વૈત ભાવના ઉત્પન્ન થાય છે. કર્ત્તા દૃષ્ટા બને છે; અને કર્મ તે દૃશ્ય કહેવાય છે.

એક નાની નદી અથવા ઝરણનો મોટી નદી સાથે જે પ્રકારનો સંબંધ હોય છે, તેવીજ

રીતનો સંબંધ સ્વપ્નાવસ્થાનો જાગૃત અવસ્થા સાથે હોય છે. ગાઢ સુષુપ્તિ અવસ્થામાં અહંકાર અદૃશ્ય થઈ જાય છે, ત્યારે સ્વપ્નાવસ્થા ને જાગૃત અવસ્થામાં તે કાયમ રહે છે. સ્વપ્નાવસ્થા અને જાગૃત અવસ્થામાં તમારા અંતઃકરણમાં તમારા આત્માનું-ઈશ્વરનું પ્રતિબિંબ પડે છે. તે સત્ય સ્વરૂપ તમારો આત્મા તેજ પરમાત્મા છે, એ પ્રતિબિંબ એટલે પ્રતિકૃતિ કંઈ તમારો આત્મા નથી. સ્વપ્નમાં તમે અનેક પ્રકારના પદાર્થ જુઓ છો, પરંતુ એ પદાર્થો જોવા માટે તમે પ્રકાશ ક્યાંથી લાવો છો ? શું ત્યાં ચંદ્રનો કે સૂર્યનો પ્રકાશ પહોંચે છે ? નહિજ. તે પ્રકાશ તમારા અંતરાત્માનો છે. પ્રત્યેક પદાર્થને જે આત્મા દૃશ્યરૂપે બનાવે છે તેજ આત્મા ત્યાં પ્રકાશ પૂરે છે. સ્વપ્નાવસ્થામાં પ્રકાશ આપનારો તેનો તેજ આત્મ-રવિ ઘોર નિદ્રામાં અવ્યક્ત રૂપે રહે છે. આ પ્રમાણે ગાઢ નિદ્રામાં તેમજ સ્વપ્નાવસ્થામાં એ જ્ઞાન-રવિ-અંતરાત્મા વિરાજમાનજ રહે છે. સ્વપ્નમાં તમે ચંદ્ર અને તેનો પ્રકાશ જુઓ છો તે તમારા આત્મરવિનોજ પ્રકાશ છે.

આપણે આજ સિદ્ધ કર્યું છે કે તમે પૂર્ણ પ્રકાશરૂપ છો. તેજોમંડળનું તેજ પણ તમેજ છો. નદીના મુખ આગળ, ને આગળ વહેતી નદીમાં પ્રતિબિંબ થતો સૂર્ય જેમ એકજ છે, તેમ તમારી ગાઢ નિદ્રા, સ્વપ્ન અને જાગૃત એ ત્રણે અવસ્થાઓમાં પ્રકાશ આપતો રવિરાજ-આત્મસૂર્ય પણ એક અદ્વિતીયજ છે અને તે તમે પોતેજ છો-"તત્ત્વમસિ" એ અંતરસ્થ સત્ય સાથે તાદાત્મ્ય અને ઐક્ય અનુભવો એટલે તમે મહા સમર્થ બનશો. વિકારી ક્ષુદ્ર વસ્તુઓ સાથે તમે તમારી જાતને સરખાવશો તો નદીમાં રડવડતા ગોળ પથ્થર જેવી તમારી સ્થિતિ થશે; તમારો આત્મસૂર્ય માત્ર એકજ નદીના મૂળ, મધ્ય ને અંત ભાગમાં પ્રકાશમાન નથી, પણ સર્વ નદીઓમાં તે એકસરખો પ્રતિબિંબિત છે.

એ સૂર્યોનો સૂર્ય-રશ્મિ ભંડાર-પરમ સત્ય-આત્મરવિ જગતના સર્વ લોકોની ગાઢ નિદ્રા-સ્વપ્ન અને જાગૃત અવસ્થામાં વિરાજમાન છે. જે પદાર્થપર એ પ્રકાશ પડે છે તે પદાર્થો પણ તેનાથી ભિન્ન નથી. તમેજ તે પ્રકાશમાન પરમાત્મા છો. તમેજ રશ્મિભંડાર આત્મરવિ છો. એ વિચારનું કાયમ સેવન કરો કે "હું એ પ્રકાશ સ્વરૂપ છું" "હું સર્વ રશ્મિભંડારનું તેજ છું." તમારા એ પ્રકાશ સ્વરૂપની ઉપમા તમે ધારણ કરો. ચિંતા, ભય, શોક, ગ્લાનિનું અસ્તિત્વ તમારે માટે જગતમાં છેજ નહિ. સર્વત્ર પ્રકાશ અને પ્રકાશજ છે. એ પ્રકાશોનો પ્રકાશ, નિત્ય, અચલ અને ત્રિકાલાતીત છે. "અહં બ્રહ્માસ્મિ." હુંજ એ સર્વ પ્રકાશિત પદાર્થોનો પ્રકાશદાતા છું; આ સમસ્ત જગત મને સમુદ્રના ભરતીઓટ જેવુંજ ભાસમાન થાય છે; સમુદ્રના તરંગો અને વમળ સિવાય એ કશું છેજ નહિ; હુંજ એ પરમ પ્રકાશ છું. આ સૌ હું આત્મનિધિનાં મોજાં માત્રજ છે.

આત્મપ્રકાશપર પડેલા અવાસ્તવિક માયારૂપી ભ્રમપટને દૂર કરવા માટે નીચે જણાવેલી વિધિ અતિ ઉપયોગી અને હિતકારક થઈ પડશે.

લોકો કહે છે કે જ્યારે ફરવા જવું ત્યારે વાર્તાનંદ લેવા માટે સાથે કોઈ સ્નેહીને લઈ જવો, પણ નીચલાં કારણો જોતાં તે તદ્દન ભ્રમ લાગે છે.

પહેલું કારણ એ છે કે જ્યારે આપણે ચાલીએ છીએ ત્યારે શ્વાસોચ્છ્વાસ તેની નૈસર્ગિક ગતિમાં વહેવા માંડે છે; તે વખતે પ્રાણાયામ તાલબદ્ધ અને આરોગ્યવર્ધક સ્થિતિમાં રહે છે. આ કારણથીજ જર્મન તત્ત્વવેત્તા કેન્ટ તેના જીવનના અંતિમ ભાગમાં જ્યારે જ્યારે

ફરવા જતો ત્યારે ત્યારે પ્રાણ નિયમિત ગતિમાં ચાલે તે માટે એકલો જ ચાલતો; અને તેણે બહુ લાંબુ આયુષ્ય ભોગવ્યું હતું. આપણે ચાલીએ છીએ ત્યારે શ્વાસોચ્છ્વાસ નાકદ્વારા લઈએ છીએ; પણ ચાલતાં વાતો કરવાની હોય તો મુખદ્વારા શ્વાસ લેવાની ફરજ પડે છે. નાકદ્વારા શ્વાસ લેવાની ક્રિયા શક્તિદાયક છે, અને તે ફેફસાંને મજબૂત કરે છે. "ઈશ્વરે મનુષ્યને નાકદ્વારા શ્વાસ આપ્યો પણ મુખમાં નહિ"-એવું બાઇબલમાં પણ કહ્યું છે. શ્વાસ લેવાની ક્રિયા તો નાકદ્વારાજ કરવી જોઇએ; બહાર કાઢવાની ક્રિયા મુખદ્વારા થાય તો હરકત નથી. ફેફસામાં નાકદ્વારા જતી હવા નાકના અંદરના વાળમાં સાફ થઈને જાય છે, તેથી કોઈ પણ અશુદ્ધ જંતુ અંદર જવા પામતું નથી.

બીજું કારણ:—ચાલતાં ચાલતાં આપણે અત્યુત્તમ વિચારમાળામાં મગ્ન થઈ જઈએ છીએ અને તે સમયે ઉત્તમ વિચારો આપણને શોધતા આવે છે એમ કહેવું ખોટું નથી. લૉર્ડ કલાઇવને આ રહસ્ય સમજાયું હતું, તેથી જ્યારે જ્યારે હિંદુસ્તાનના કોઈ ગહન રાજનીતિના પ્રશ્નનો તેને વિચાર કરવો હોય, ત્યારે ત્યારે તે એકલો પોતાના મહેલમાં આમતેમ ફરતો. આવી રીતે બુદ્ધિવિકાસ માટે પણ એકલા ફરવું એ અત્યંત હિતકારક છે.

જ્યારે આપણી સાથે બીજું કોઈ ફરતું હોય છે અને આપણી સાથે વાતો કરીને પોતાના વિચાર આપણા મગજમાં ઠસાવવા પ્રયત્ન કરતું હોય છે, તે સમયે જે ઉત્તમ વિચારો પ્રાપ્ત કરવાનો ઉત્તમ પ્રસંગ એકલા ફરવાથી મળવાનો હોય છે, તે શુભ તક આપણે ગુમાવીએ છીએ.

ત્રીજું કારણ:—આધ્યાત્મિક દૃષ્ટિબિન્દુથી તપાસવાનું છે. આપણે જ્યારે એકલા ચાલીએ છીએ ત્યારે મન પોતાનું વિચ્છિન્ન બળ એકત્ર કરી પરસ્પર વિરોધી તત્ત્વોનો સંહાર કરી કલ્પનાશક્તિમાં સ્થિર થાય છે, અને એ કલ્પનાશક્તિ કે જે આત્માને વિશ્રાંતિ રૂપ છે તેનો આનંદ અનુભવવા તેને તે સમયે સ્વાભાવિક લાભ મળે છે. આવી રીતે એકંદરે પ્રત્યેક ક્રિયા વ્યવસ્થિત કામ કરી ઉત્સાહ અને ચૈતન્ય મેળવે છે.

"તમે પોતે મૂર્તિમંત સચ્ચિદાનંદ છો." એવો અભ્યાસ કરતા રહો. "હું પ્રકાશોનો પણ પ્રકાશ છું." એ વિચારને જ આપણી ઉચ્ચ શક્તિઓને કેળવવા માટે પ્રધાનભૂત બનાવવો જોઇએ. ચંદ્રના અજવાળામાં કે પરોઢીયે ફરવા જવું, એ તેથી પણ વિશેષ હિતકારક છે. ઉગતા કે આથમતા સૂર્યની સાથે, નદીને કિનારે કિનારે, કે શાંત શીતળ મંદ વાયુલહરીનો આનંદ લેતાં લેતાં ફરવાથી તમે પ્રકૃતિ સાથે-સકળ વિશ્વ સાથે-તાદાત્મ્યમાં એકતા અનુભવશો.

ૐ! ૐ!! ૐ!!!





૯—आत्मकेन्द्रमां स्थिरता.*

ભોજન કરતાં કરતાં તમારા લોક અનેક પ્રકારનાં ગપ્પાં મારે છે, પણ હિન્દુસ્તાનમાં તેથી તદ્દન ભિન્ન રિવાજ છે. ત્યાં તમે જમતા હો ત્યારે કાંઈ પણ બોલાય જ નહિ. ત્યાં જમતાં જમતાં શાંત રહેવું, એ રિવાજને ધર્મદૃષ્ટિથી તમારે માન આપવું જોઈએ. પ્રત્યેક ગ્રાસ મુખમાં મૂકતી વખતે તે ગ્રાસ બહારની સૃષ્ટિનું સ્વરૂપ છે અને એ ગ્રાસનું જેમ મારા શરીરમાં મિશ્રણ થાય છે તેમ સકળ વિશ્વનું હું મારા આત્મામાં સંમેલન–એકીકરણ કરૂં છું; એમ અભ્યાસ કરવો જોઈએ. જમતાં જમતાં તેઓ આ કલ્પના પોતાના મનમાં લાવે છે; અને ૐ નો જપ કરતાં કરતાં "આ સકલ વિશ્વ મારામાં એકરૂપ થાઓ" એવી ભાવનાને દૃઢ કરતા જાય છે. "ૐ ૐ ૐ" "આ વિશ્વ મારામાં જ છે" "આ જગત તે મારૂં શરીર છે." આવી કલ્પના કરવાથી તેઓ પ્રત્યેક ગ્રાસે અધિકાધિક નવીન સામર્થ્ય પ્રાપ્ત કરતા જાય છે, અને પોતાની આધ્યાત્મિક ઉન્નતિ સાધે છે. "આ સકલ વિશ્વ હું છું; સકલ વિશ્વમાં મારૂંજ રક્તમાંસ છે. આ આહાર સમસ્ત જગત રૂપ છે અને એ જગત મારૂં જ રક્ત માંસ છે." આવી રીતે સર્વમાં એકતા હોવાની ભાવના હિંદુ લોકોમાં એટલી તો દૃઢ રીતે મનોગત થએલી હોય છે કે જ્યારે જ્યારે તેઓ ભોજન લેવા બેસે છે ત્યારે ત્યારે આ કલ્પના તેમના મનમાં સ્વભાવતઃ સ્ફુરી આવે છે, અને એથી તેમની મનોવૃત્તિ, અંતઃકરણની ભાવના અને ઇચ્છાશક્તિ એટલાં તો ઉત્તેજિત થાય છે કે તેના પરિણામે તેઓને આત્મસાક્ષાત્કાર થાય છે; અને એ રીતે ખાવાપીવાની આ સ્થૂલ ક્રિયા પણ આત્માનુભવનો એક વિધિ બને છે.

સ્નાન સમયે પણ પ્રણવોચ્ચાર કરવો જોઈએ. જળને ૐ ની સંજ્ઞા અપાય છે અને જળ તે જડસૃષ્ટિનો સમુદ્ર છે. સ્નાન કરતી વખતે કપડાંનો સંગ છોડીને શરીરને જળનો સંગ કરવાનો છે. પ્રત્યેક રોમરન્ધ્રદ્વારા શરીરમાં જળ ઉતરે છે, તે સમયે સમુદ્રમાં સ્નાન કરતા હોઈએ તેમ આ વિશ્વોદધિમાં સ્નાન કરવાની ભાવના કરવી જોઈએ. સમુદ્રમાં સ્નાન કરતા માછલી સાથે જેમ એકતા અનુભવીએ છીએ, તેમ આ વિશ્વોદધિમાં સ્નાન કરતાં સર્વત્ર એકતા અનુભવવી જોઈએ. જળ જેવી રીતે શરીરનો મેલ ધોઈ નાંખે છે તેવીજ રીતે આત્માનું અજ્ઞાનરૂપી આવરણ આ પવિત્ર ભાવથી દૂર થવું જોઈએ. આ સકલ વિશ્વ મારૂં ભોજન છે; અને આ વાયુદ્વારા-પ્રાણદ્વારા હું તેનો આહાર કરૂં છું. એવી ભાવના કરવી જોઈએ. આવી જ રીતે વેદાન્ત દૃષ્ટિથી સ્નાન, ભોજન આદિ જીવનના પ્રત્યેક વ્યવહાર ધાર્મિક રીતેજ કરવા જોઈએ. આવી રીતે રોગને પણ હિંદુઓએ દેવતાની ઉપમા આપી છે.

હિંદુસ્તાનમાં કોઈના ઘરમાં બાળકને શીતળા નીકળે છે, ત્યારે ઘરના લોકો હાય હાય કરી મચાવતા નથી, પણ સહજ ન ગભરાતાં "દેવી પધાર્યાં" એમ માની ઉત્સવ માને છે. શું એ આશ્ચર્યજનક નથી! તે સમયે તેઓ ધર્મક્રિયાઓ કરે છે, કીર્તન ને પાઠપૂજા કરે છે,

* હૈદરાબાદમાં તારીખ ૬ જુન ૧૯૦૪ ને રોજ આપેલું ભાષણ.

અને બાળકને આરામ થાય ત્યારે શીતલાદેવીની પૂજા કરે છે; દ્રવ્યાદિ અનેક પ્રકારનાં દાન કરે છે; ભજન, કીર્તન ને ઢોલ શરણાઈ વગેરે વાજીંત્ર વગાડી હર્ષ પ્રદર્શિત કરે છે; દેવીનો અત્યંત આભાર માને છે ને તેના પ્રતિ-એ પ્રભુતા પ્રતિ અપ્રતિમ ભક્તિ અને શ્રદ્ધા દાખવે છે. છતાં અત્યારે તો ત્યાં પણ આ ભાવના લોકોમાં નષ્ટ પામી છે. તેઓને એ સ્મરણમાં હોય કે ન હોય, પણ રામ તો તેનું ઉત્તમ રહસ્ય સમજે છે ને સર્વને સમજાવે છે.

રામ તમને દરેકને એક અત્યંત ઉપયોગી સૂચના કરે છે કે પ્રાતઃકાળે જ્યારે તમે પથારીમાંથી ઉઠો અથવા જ્યારે ફરતા હો કે કાંઈ કાર્યમાં મશગૂલ હો; તે સમયે તમારા વિચારોને ભ્રમણામાં ન રાખો. નિરંતર આત્મકેન્દ્રમાં સ્થિર રહો. જેવી રીતે માછલી સમુદ્ર જળમાં કે નદીમાં રહે છે, ને પક્ષી જેમ વાયુરૂપી સમુદ્રમાં ઉડે છે, તેમ તમે પણ પ્રકાશના પરમોદધિમાં રહો છો. પ્રકાશમાં તમે જીવો છો, પ્રકાશમાંજ હરો ફરો છો, અને તમારી સર્વ કૃતિ પણ પ્રકાશમયજ છે. વિજ્ઞાનશાસ્ત્રના નિયમ પ્રમાણે અંધકાર પણ પ્રકાશ જ છે. અંતરસ્થ જ્યોતિ સદા સર્વદા વિરાજમાન છે. ગાઢ નિદ્રામાં પણ એ પ્રકાશ તો નિત્ય-શાશ્વત છે. ચિત્તની એકાગ્રતા પ્રાપ્ત કરવા માટે-કહો કે સમાધિ અવસ્થાએ પહોંચવા માટે, ઈશ્વર સાક્ષાત્કાર કરવા ઈચ્છતા જિજ્ઞાસુઓને માટે "હું કેવળ પ્રકાશમય છું; આ સર્વ વ્યવહાર પ્રકાશમય છે." એ ભાવના અત્યંત ઉપકારક હોઈ આવશ્યક છે.

રોમન કેથોલિક સંપ્રદાયના લોકો જેમ મૂર્તિપૂજા કરે છે તેમ અમે પ્રકાશને મૂર્તિનું રૂપક આપતા નથી. "આ સમસ્ત પ્રકાશમય જગત હું જ છું" એવી દૃઢ ભાવનાનું નિરન્તર મનન કરવાનું હિંદુશાસ્ત્રોમાં અનેકવાર લખેલું છે. આત્મસાક્ષાત્કારની પ્રાપ્તિ માટે આ એક સંદિગ્ધ સાધન માની લીધેલું છે. જ્યારે તમે ॐ નો જપ કરતા હો ત્યારે "હું પ્રકાશ છું-હું ઓજસ્ છું" એવી ભાવના કર્યા કરો. હિંદુશાસ્ત્રોના આ શાસ્ત્રીય સિદ્ધાંતનું બીજા પ્રત્યેક ધર્મના આદિ ગુરૂઓએ અજ્ઞાનતઃ પણ અનુકરણ કર્યું છે. ઇસુ ખ્રિસ્તે કહ્યું છે કે, "હું વિશ્વનો પ્રકાશ છું." મહમ્મદ અને અન્ય સર્વ મહાન ધર્મપ્રવર્તકોએ પણ એવીજ વાણી ઉચ્ચારી છે. પ્રકાશની પેઠે જ તમે સર્વ પદાર્થોમાં અંતર્ગત છો. આ વિચાર હરહમ્મેશ તમારા મનમાં રમી રહેવો જોઇએ. એ વિચારથી તમે નિરંતર પ્રભુતામાં ઉન્મત્ત રહેશો. આવી રીતે હિંદુઓ પ્રત્યેક ક્રિયા ધાર્મિક દૃષ્ટિબિન્દુથી કરે છે અને એમ કરવાથી તેઓ સર્વદા આત્મા-પ્રભુમાં એકતા અનુભવે છે.

તમારી ઇચ્છા હશે કે નહિ હોય તોપણ પ્રકૃતિનો એ નિયમ છે કે તમારે આત્મ-સાક્ષાત્કાર કરવોજ પડશે. પ્રકૃતિનાં તત્ત્વો તમને અનિચ્છામાં પણ પ્રેરણા કરશે. અનુકૂળ કે પ્રતિકૂળ વસ્તુસ્થિતિનો એમાં જરાએ પ્રશ્ન નથી. ચાલતાં ચાલતાં જેમ આપણે એક પગ ઉપાડી ઉંચો કરીએ છીએ ત્યારે બીજો નીચે રહે છે; તેમ વિશ્વમાં પણ સુખદુઃખની ઘટમાળ એમજ ચાલ્યા કરે છે. સાંસારિક ઉપાધિ અને સુખદુઃખથી જે પર રહી શકે છે તેજ સાચો સુખી છે. તેમાંજ સાચા સુખનું રહસ્ય સમાયેલું છે. બન્ને સમાન આવકારદાયક છે. જે મનુષ્ય એ દ્વંદ્વથી પર હોય છે અને સુખ કે દુઃખ બન્નેની પ્રાપ્તિમાં એક સરખોજ બેદરકાર રહે છે, તેને એનો આભાસ માત્ર પણ થતો નથી. સુખના ગર્ભમાં દુઃખનો નિવાસ છે, અને દુઃખના ગર્ભમાં સુખ રહેલું છે. આમ સુખ અને દુઃખ બન્ને ઓતપ્રોત છે. જે સુખનો સ્વીકાર કરે છે તેને દુઃખના ભોગ પણ થવુંજ જોઇએ; કેમકે એ બન્ને અવિભાજ્ય છે. સત્ય સુખપ્રાપ્તિનો

સરળ માર્ગ તો દ્વંદ્વાતીત થવામાંજ છે. નિત્ય નિરંતર આત્મસુખમાં ઉન્મત્ત રહો. સુખ દુઃખમાં સમાન રહી શકે છે તેજ મનુષ્ય મુક્ત છે. આત્માનુભવમાં નિમગ્ન રહેશો એટલે કોઈ પણ પદાર્થ તમારા સુખમાં વિક્ષેપ પાડી શકશે નહિ. પ્રકૃતિ મુક્ત પુરૂષની દાસી બનીને રહે છે અને સકલ વિશ્વ તેને સાષ્ટાંગ પ્રણામ કરે છે. "અહં બ્રહ્માસ્મિ" મહાવાક્યમાં જ મોક્ષ છે. આજે એટલે કે અત્યારે એનો સ્વીકાર થાય કે નહિ પણ એ પરમ સત્ય સદા નિર્વિકારી સાશ્વત છે, અને વ્હેલું મોડું પણ જગતને તે સ્વીકારવુંજ પડશે. "સોऽहम्" કે "ૐ" નો ઉચ્ચાર એ પરમ સત્યના અનુભવની સાધના માટેજ છે. કારણ સત્તાને સત્ય બનાવવામાંજ તમે અધોગત થાઓ છો. મનુષ્ય જે વખતે જગતના દૃશ્ય પદાર્થોમાં કાર્ય કારણ સત્તાનો વિશ્વાસ રાખી તેને સત્ય માનવા માંડે છે, તેજ પળે તેની અધોગતિ થાય છે બાળક એ કાર્ય કારણથી અતીત છે-પર છે, અને તેથી એ કારણની લેશ માત્ર પણ પર્વા રાખ્યા વિના સર્વ પદાર્થમાં-દૃશ્યમાં અભેદાનંદ અનુભવે છે. તેથી તે હમ્મેશાં સુખી, સંતોષી અને આનંદી રહે છે. આવી કારણ સત્તાની દૃષ્ટિથી તે નિર્લિપ્ત છે. એ દૃશ્ય પદાર્થોમાં વિશ્વાસ રાખી મોહમાં ન ફસાતાં તમારે તો પ્રભુતામાં પ્રવેશ કરવો જોઈએ. "હું તો દૃષ્ટા માત્ર છું, માટે એ દૃશ્ય પદાર્થોમાં શા માટે મોહ પામું? હું તેનાથી પર છું, હું ત્રિગુણાતીત છું; આ દૃશ્ય કારણો તો નાદબ્રહ્મનાં આંદોલનો છે; આ વિશ્વ ઘટમાળનાં ઉંચાં નીચાં ચક્ર છે; માયાજાળના આમ તેમ વિખરાયેલાં તંતુઓ છે." એ દૃશ્ય કારણો તમને ઉન્નત દશામાં લઈ જવા સાધન માત્ર છે; અધોગતિ પ્રતિ પ્રેરણા કરતા મોહક પદાર્થો નથી. કાર્ય કારણની જાળમાંથી પર થવા-માયાતીત થવા માટે સતત પ્રયાસની આવશ્યકતા છે. પરમાત્મામાં-પરમ પ્રભુમાં નિવાસ કરો, એટલે મુક્ત પુરૂષ બનશો; તમે પોતે જ તમારા અધિષ્ઠાતા દેખાશો; આ વિશ્વના નિયંતા થઈ જશો.

ૐ ૐ ૐ



૧૦—सोऽहम्.*



'सोऽहम्' એ એવો શ્રેયસ્કર મંત્ર છે કે તેનો સર્વને પરિચય હોવો જોઇએ. એનું રહસ્ય સર્વએ જાણવું જોઇએ. અંગ્રેજી ભાષામાં "સો" "so" નો અર્થ 'એમ કે' એવો થાય છે, પણ સંસ્કૃતમાં 'સો"-"सः" નો અર્થ "તે" થાય છે; અને સામાન્ય રીતે ઈશ્વરને-આત્માને "તે" થી ઓળખવામાં આવે છે. હિંદુસ્તાનમાં પત્ની પોતાના પતિને કદી નામ લઈને બોલાવતી નથી. સકલ જગતમાં તેને મન તો એકજ પુરૂષ છે, અને તે તેનો પતિ છે. સમસ્ત વિશ્વમાં જાણે કોઇ અન્ય પુરૂષ વિદ્યમાનજ ન હોય તેમ એ, તેને "તે" કહીને ઓળખાવે છે. વસ્તુતઃ તે તેનો પરમેશ્વર છે, અને એવી રીતે તેના અંતઃકરણમાં હમ્મેશાં ઈશ્વરની ભાવના જ રમી રહે છે. આવી રીતે વેદાન્તી પણ "તે" ના સંબોધનથી ઈશ્વરને ઓળખે છે. "સકલ વિશ્વમાં માત્ર એક ઈશ્વર—આત્માજ વિદ્યમાન છે; એનુંજ માત્ર અસ્તિત્વ છે." એ વિચાર નિત્ય હૃદયમાં રમી રહેવો જોઇએ.

. "अहम्" નો અર્થ હું થાય છે. આવી રીતે "सोऽहम्" એટલે "તે હું છું" "એ પરમાત્મા હું છું" "અહં બ્રહ્માસ્મિ" એમ અર્થ થાય છે. "सोहम्" માં 'ॐ' "ઓમ્" નો પણ સમાવેશ થઈ જાય છે. "સોહમ્" માંથી स અને ह કાઢી નાખો એટલે "ઓમ્" રહેશે. શ્વાસોચ્છ્વાસ લેતી વખતે બહાર નીકળતો અવાજ તે सोहम् જ છે. પ્રત્યેક ક્ષણે આપણા મનમાં એ જ શબ્દનો પૂર્ણ ધ્વનિ ગાજી રહેવો જોઇએ. શ્વાસોચ્છ્વાસની ક્રિયાને બારીકીથી તપાસો અને "सोहम्" મંત્રનો ઉચ્ચાર એ ક્રિયાની સાથે તાલમાં મેળવી દ્યો. એ ક્રિયા એક પ્રકારનો માનસિક, શારીરિક, આધ્યાત્મિક વ્યાયામ છે. શ્વાસ લેતાં પૂરક અને રેચક એવાં બે પ્રકારની ક્રિયા થાય છે. શ્વાસ અંદર લેવાની ક્રિયા જેને પૂરક કહેવામાં આવે છે તે વખતે સ્વાભાવિક રીતે "सो" એમ ધ્વનિ થાય છે. બહાર નીકળતી વખતે એટલે રેચક કરતાં "हम्" એવો અવાજ થાય છે. પ્રારંભમાં જિજ્ઞાસુ કોટિના સાધકો માટે "ॐ" કરતાં "सोऽहम्" નો જપ વિશેષ હિતકારક અને અનુકૂળ થઇ પડે છે. "सोऽहम्" માં "ॐ" નો ભાવ અંતર્ગત છે. તેનો જપ ન કરતા હો તે સમયે નૈસર્ગિક શ્વાસ લેતાં જતાં તેના ભાવાર્થનું અંતઃકરણમાં મનન કર્યા કરો. આ એક અતિ ઉત્તમ સ્વાધ્યાય છે; અને તે મનુષ્યને ઈંદ્રિય સુખની ગોલ્ડક ભ્રમણામાંથી દૂર કરી પ્રભુતામાં પ્રેરે છે. "सोऽहम्"— "अहंब्रह्मास्मि"—"હું ઇશ્વર છું" સકલ વિશ્વમાં એજ નાદબ્રહ્મની લય મચી રહી છે. સંસ્કૃતમાં એનો સૂર્ય એવો પણ અર્થ થાય છે. "હું સૂર્ય છું. હું પ્રકાશદાતા છું. હું કાંઈ ગ્રહણ કરતો નથી, પણ સૌને સર્વ કાંઇ આપું છું. હું ગ્રાહક નથી પણ દાતા છું."

"આપણે તો સૌનાં મેણાંજ સાંભળવાનાં છે; આપણી સૌ નિંદા કરે છે." શું આ આવા પ્રકારની ચિન્તાજ કરવાની છે? નહિ. તમે તમારા આત્મામાં—ઈશ્વરમાં

* તારીખ ૧૦ જુન ૧૯૦૩ ને રોજ આપેલું વ્યાખ્યાન.

અવિક્ષિપ્ત ચિત્તથી આનંદ અનુભવો. તમને નુકસાન કરવા જેવો ઇરાદો રાખતા હોય તેમના પ્રત્યે પણ મમતા અને પ્રેમભરી લાગણી દર્શાવો. તેઓ તમારોજ આત્મા છે. તમારા આત્માનું તમે અહિત ઇચ્છો એ સંભવિત નથી. હું સૂર્યોનો પણ સૂર્ય છું; હું પ્રકાશ છું; સર્વ વિજયશ્રી હું છું, સર્વ ઐશ્વર્ય હું છું. મને કોણ ઇજા કરી શકનાર છે ? મારો આત્મા મારા આત્માને નુકસાન કરે એ અસંભવિત છે. બીજાઓના અવાસ્તવિક અભિપ્રાયનો વિચાર ન કરતાં કાયમ પરમેશ્વર સંબંધીજ વિચાર કરો. પ્રભુતામાં વિરામ પામો, હું સૂર્ય છું, હું જગતનો પ્રકાશદાતા છું, એવી ભાવના દૃઢ કરો.

પૂર્ણ ઐશ્વર્ય અનુભવો. આ બધી ઉપાધિયો દેહાધ્યાસમાંથી ઉદ્ભવ પામી છે. "હું શરીર છુ" એ વિચાર જ આપણને નિર્બળ બનાવે છે; એજ આપણી આત્મહત્યા કરે છે. આ ઉપાધિને દૂર કરવા માટે દરેક મનુષ્યે સ્વાભાવિક રીતેજ કોઈ એકાન્ત સ્થળમાં બેસીને, એ રોગ દૂર થાય એવા પૂર્ણ સંકલ્પપૂર્વક પશ્ચાત્તાપ કરતાં કરતાં–"હે રાક્ષસ ! તું મારા હૃદયમાંથી નીકળી જા; દૂર જા."—એવો અભ્યાસ કરવો જોઇએ.

તમે એ શરીર નથી; એ શરીરનો જન્મ જ થયો નથી; તમે તો પ્રભુ છો; સાક્ષાત્ ઈશ્વર છો; એવો જ વિચાર કરો. સ્થળ કાળથી બાધિત જેવા આ શરીરમાં મમતા રાખી એને જ આત્મા માનશો, એટલે લોકોના અભિપ્રાય અને વિચારોનો ઉપદ્રવ તમને જરૂર થવાનો જ. માટે તેમ ન કરો. આ શરીર તો માયા–મોહ માત્ર છે એમ સમજો. તમે તો સાક્ષાત્ ઈશ્વર છો. અસત્ય આરોપણને બદલે આ સત્યાભાસમાં વિશેષ વિશ્વાસ રાખો. એ પ્રભુતામાં દુષ્ટ વિચારો કે લાલચ-પ્રલોભનોને પ્રવેશ પામવાનો કશોએ અધિકાર નથી. તમે પરમ પવિત્ર છો. અતિ વિશુદ્ધ અવિકારી છો. તમારામાં વિકાર શેનો ? કોઇ પણ આશાપાસમાં બદ્ધ ન થાઓ; ચિન્તા, ભય, ઉપાધિથી દૂર રહો. તમારે માથે કશી પણ જવાબદારી નથી. રાજા યા તો ધનાઢ્યની સ્થિતિ અનુભવો, એટલે દરેક કામ રમતની પેઠે થવા માંડશે. પ્રત્યેક કાર્ય આનંદથી–સ્વતંત્રતાથી–મુક્તિ અનુભવતાં કરતાં શીખો.

વ્યાધિ બે પ્રકારના છે. એક આધ્યાત્મિક એટલે અંદરનો અને બીજો આધિભૌતિક એટલે બહારનો. અંતરમાં ઉત્પન્ન થતી વિષયભોગની લાલસાઓ તથા આસક્તિ, તેને આધ્યાત્મિક અથવા સ્ત્રીવ્યાધિ કહે છે. બહારના એટલે અન્યના સંસર્ગ વા કૃત્યથી જે આપત્તિ ઉત્પન્ન થાય તેને આધિભૌતિક કે રાક્ષસી વ્યાધિ કહે છે. હવે આ વ્યાધિઓમાંથી કેવી રીતે મુક્ત થવાય તે આપણે તપાસીએ.

જ્ઞાની લોકો કહે છે કે રાક્ષસી વ્યાધિ એટલે આધિભૌતિક વ્યાધિ માટે જરાએ ચિન્તા ન કરો. આંતરવ્યાધિરૂપી નિર્બળતાને દૂર કરશો એટલે બહારના વ્યાધિ તો એની મેળે જ દૂર થશે. છતાં જગતના લોકો મહાન ભૂલ કરે છે, તેઓ જે ઉપાય તેમના હાથમાં છે તે અજમાવતા નથી. પોતાની વાસનાઓથી જેણે મુશ્કેલીઓ અને વ્યાધિ ઉત્પન્ન કર્યા છે, તેને દૂર કરવાનું તેઓ લક્ષમાં જ લેતા નથી. તેઓ પહેલાં બહારથી આવતા ભયને દૂર કરવાનો પ્રયાસ કરે છે, તેઓ પહેલાં બહારની વસ્તુસ્થિતિને જ બદલવા ઇચ્છે છે, અને એમ કરતાં અવળે માર્ગે ચડી જાય છે. બહારના વ્યાધિને આપણે પુરૂષ વ્યાધિની ઉપમા આપીશું. વેદાન્ત કહે છે કે તમારી વાસનાઓ એ તમારી નિર્બળતા છે. એ વાસનાઓ સ્ત્રી વ્યાધિ છે; અને જ્યાંસુધી એ સ્ત્રીવ્યાધિ તમારામાં છે ત્યાંસુધી એ સ્ત્રી વ્યાધિના મોહમાં પુરૂષ

બહારના રોગ-આપત્તિ જરૂર ખેંચાઈ આવવાના. એક કૂતરાના મ્હોંમાં રોટલીનો ટુકડો હોય તો બીજા કૂતરા તે લેવાને સહેજે તેના ભણી દોડયા આવશે. તેવી જ રીતે જ્યાંસુધી તમારા આધ્યાત્મિક વ્યાધિ દૂર થયા નથી ત્યાંસુધી આધિભૌતિક વ્યાધિ-બહારની ઉપાધિયો તમારો કેડો છોડશેજ નહિ. એટલા માટે પહેલાં એ આધ્યાધિઓને નિર્મૂળ કરવા જોઇએ. જે મનુષ્ય સંપૂર્ણ પવિત્ર છે; પ્રલોભનથી પર રહી શકે છે; અને આત્માનંદમાં ઉન્મત્ત રહી-પ્રભુતામાં પરિપૂર્ણ રહી એ રાક્ષસી વ્યાધિને આમ કહી શકે છે કે “ અરે રાક્ષસ, દૂર રહે મારાથી; અહીં તારૂં કાંઇ કામ નથી.” તેને આ જગતની કોઈ પણ વાસનાઓ મોહ પમાડી શકતી નથી; કોઈના વિચારોથી તેના આનંદમાં અંતરાય પડતો નથી; આ જગતનો કોઈ પણ મનુષ્ય તેને લોભ મોહમાં ફસાવી દુઃખ દઇ શકતો નથી. રામ કહે છે કે જગતની કોઇપણ શક્તિ તેને ત્રાસ આપી શકશે નહિ કે અધોગત કરી શકશે નહિ, કારણ કે એ સર્વ પ્રશસ્ત શત્રુમી વ્યાધિને તેણે ક્યારનાએ હાંકી કાઢયા છે. જ્યારે જ્યારે નિર્બળતાને અંતઃકરણમાં સ્થાન આપીએ છીએ અથવા વિષયસુખની વાસનામાં ફસીએ છીએ, ત્યારે ત્યારે જ દુષ્ટ વિચારરૂપી દુશ્મનો નાના પ્રકારનાં મોહક સ્વરૂપ ધારણ કરી મોહજાળમાં ફસાવે છે. જો તમારે શાન્તિ અને આત્યંતિક સુખ ભોગવવાની ઇચ્છા હોય, જો તમારામાં આત્મસાક્ષાત્કાર પામવાની જિજ્ઞાસા હોય તો એ નીચ વૃત્તિઓને નિર્મૂળ કરવી જોઇએ-મારી નાંખવી જોઇએ. એ વૃત્તિઓના મૃત્યુમાંજ તમારૂં સાચું જીવન છે, એટલે કે એનું મૃત્યુ એજ તમારૂં જીવન છે. હવે અહીંજ એ આત્મસાક્ષાત્કાર-ઈશ્વરાનુભવ કરો. હિંદુસ્તાનમાં જન્મ લેવાની રાહ ન જુઓ. મુક્તિ સાધો; અને એ સાધના માટે સ્થિર ચિત્ત, શાંત બુદ્ધિ અને નિર્ભય અંતઃકરણથી પ્રયત્ન કરો.

એક ગરેડી છે. તેનાપર એક પાતળી રેશમની દોરી નાખેલી છે. જેના ક અને ગ બન્ને છેડા છે, અને બન્ને છેડે વજન લટકાવેલાં છે. ક છેડે દશ શેરનું ને ગ છેડે છ શેરનું વજન લટકાવેલું છે. હવે જો ગ છેડે બીજા ચાર શેરનું વજન ઉમેરીએ તો ત્યાં પણ દશ શેર થાય અને એમ બન્ને છેડે સરખો ભાર થયો કહેવાય. આમ બન્ને છેડે દશ શેરનું વજન થવાથી બન્ને છેડા સ્થિર રહેશે, પણ જો ગ છેડેથી પાછળથી ઉમેરેલું ચાર શેર વજન લઈ લઇએ તો ગ છેડો ઉંચે જશે ને ક ભારે હોવાથી નીચે ઉતરશે. વળી થોડીવારે ક છેડેથી લઇ લીધેલું એ ચાર શેર વજન પાછું મૂકીશું તો શું પરિણામ આવશે તે તમને માલૂમ છે? અલબત્ત, વજન તો હવે બન્ને બાજુ સરખુંજ છે; પણ પરિણામ શું આવશે? આપને એમજ લાગશે કે બન્ને પુનઃ સ્થિર થશે. રામ જ્યારે કોલેજમાં આ વિષય શીખતો હતો ત્યારે વિદ્યાર્થીઓએ પણ તેમજ કહ્યું હતું, પણ જ્યારે તેમની પાસે પ્રયોગ કરી બતાવ્યો ત્યારે તેમને માલૂમ પડ્યું કે બન્ને છેડા ફરી સ્થિર ન થાય. ક છેડો જેના પર દશ શેરનું વજન પહેલેથી મૂકેલું છે, ને ચાર શેરનું વજન લઇ લેવાથી જે એકવાર નીચે ઉતર્યો હતો તે એ વજન બીજી વાર ઉમેરતાં છતાં પણ નીચેજ ઉતરતો જશે.

¹ આનું કારણ એ છેવું કે પ્રારંભમાં બે વજન સરખું હતું હોય ને, બન્ને છેડા સ્થિર રહે છે, અને એ સ્થિરતા એમની એમ ટકી રહે છે, પણ જો એક બાજુનું વજન એનું બીજી બાજુને વધેલી મૂકીએ તો તે ગતિ પછી અટકતી નથી. સામેની બાજુએ વધારે વજન ઉમેર્યાં છતાં પણ એ ગતિમાં તો વૃદ્ધિ થતી જાય છે. આથી [illegible]

ક તરફ દશ શેર ને બીજી તરફ ૭ શેર એમ બે ક્ષણ જ રાખીએ અને ત્યારપછી ચાર શેર રીએ તો પણ દશ શેરવાળું વજન ૨ ફૂટ નીચેજ જતો જશે. ચાર શેરનું વજન ઉપાડી ર પછી એક ક્ષણે આપણે તપાસીએ છીએ તો દશ શેરનો ૨ ફૂટ ચાર ફીટ નીચે ઉતરે ; બે ક્ષણ પછી આઠ ફીટ અને ત્રણ ક્ષણ પછી ૧૨ ફીટ એમ દરેક ક્ષણે ચાર ચાર ફીટ ચે ઉતરતો જાય છે. આ નીચે ઉતરતી સ્થિતિને આપણે ગતિવૃદ્ધિ એવું નામ આપીશું. એ તિ એક વાર શરૂ થયા પછી બીજી બાજૂ વજન સરખું કરીએ તોપણ ગતિવૃદ્ધિ થયા કરે છે.

આપણે અહીં એક બીજું પણ તપાસવાનું છે. શરૂઆતમાં જ્યારે બન્ને બાજૂ સરખું જન હોય છે ત્યારે એકે બાજૂ ગતિ હોતી નથી, અને ગતિના અભાવમાં સ્થિરતાજ રહે છે. પણ જ્યારે એમાં ફરક પડે છે ત્યારે એકવાર મળેલી ગતિ અટકતી નથી.

આ દૃષ્ટાંતને આપણે આત્મસાક્ષાત્કારમાં લાગુ પાડવાનું છે. ઈશ્વર સાક્ષાત્કાર એટલે બન્ને બાજૂ વજનની સમાનતા. ઈશ્વર સાક્ષાત્કાર માટે તમારા અંદરની સમવિષમતા દૂર કરીને સમાનતા લાવવાની છે. તે બહારની વસ્તુ સ્થિતિનાં બંધનોમાંથી તમને મુક્ત કરે છે; જગતનાં ઉપાધિમય વાવાઝોડાં ને તોફાનમાંથી તમને સહીસલામત રાખે છે. બહારના પ્રત્યાઘાતમાંથી તે તમને બચાવે છે; અને તમને તમારા આત્મબળઉપર ઉભા રહેતાં શીખવે છે. આવું થવાથી ગતિવૃદ્ધિ એટલે નવું કર્મ બંધન અટકે છે, પણ તે પહેલાની મેળવેલી ગતિ એટલે પ્રારબ્ધ તો બાકીજ રહે છે. એ પ્રારબ્ધને સ્થિતિ સાતત્ય (enertia) અથવા પૂર્વ અભ્યાસ પણ કહે છે. એ અભ્યાસ એનું કામ કરેજ જાય છે. કેટલાક મનુષ્યોમાં આપણે જોઈએ છીએ કે તેઓએ ઈશ્વર સાક્ષાત્કાર તો કર્યો હોય છે, પણ પહેલાંની મેળવેલી ગતિ-પ્રારબ્ધ બહુ નજીવું હોય છે અને તેથી તેમના દેહદ્વારા મહાન કાર્ય થતાં નથી. વળી કેટલાક સાક્ષાત્કાર પામેલા પુરૂષોનું પ્રારબ્ધ બળ અતિ સમર્થ હોય છે અને તેથી તેઓ અતિ અદ્ભુત અને આશ્ચર્યકારક કાર્ય કરે છે. તેઓ પોતે જીવન્મુક્ત હોય છે છતાં તેઓનાં શરીર સતત ગતિમાં પ્રવૃત્ત રહે છે અને અતિ અલૌકિક કાર્ય કરે છે. આવી રીતે કાર્ય-કર્તવ્ય એ ઈશ્વર સાક્ષાત્કારનું રૂપાન્તરનું નામ છે. "સુખો કર્તવ્યનું સ્વરૂપ ધારણ કરીને આવે છે" એમ પ્રો. એન્ધનીનું કહેવું છે. માટે એ પ્રભુતાનો સાક્ષાત્કાર કરો અને એમાંજ સઘળાનો સમાવેશ થઈ જશે.

ૐ ૐ ૐ



૧૧—वेदान्त अने समितिवाद.

(Socialism)

પહેલાં તો જેને સમિતિવાદ એવું નામ આપેલું છે તેને રામ વ્યક્તિવાદ કહેવાનું વિશેષ પસંદ કરે છે. "સમિતિવાદ" શબ્દથી સમાજ વ્યવસ્થાના વિચારનું પ્રાધાન્ય સમજાય છે, પણ રામ કહે છે કે સમસ્ત વિશ્વની ઉપર એક વ્યક્તિનું પ્રાધાન્ય પ્રતિપાદન કરવું એજ પરમ સત્યનો વાસ્તવિક ઉદ્દેશ છે. લોકો એને "સમિતિવાદ" નામ આપતા હોય તો ભલે; પણ ક્લેશ, ખેદ અને ચિન્તામાંથી મુક્ત જીવનને રામ વ્યક્તિવાદ એવુંજ નામ આપે છે.

સમિતિવાદનો મુખ્ય ઉદ્દેશ વ્યક્તિપ્રાધાન્ય (Capitalism) નો ઉચ્છેદ કરવાનો હોય છે. વેદાન્તનો મુખ્ય ઉદ્દેશ પણ તમને તમારી માલમત્તા ને ધનદોલતની મમતા મૂકાવવાનો છે, અને આવી રીતે સ્વાર્થનો અંશ દૂર થતાં સમાજમાં સમાનતા ફેલાય છે. આમ સમિતિવાદ અને વેદાન્તના વ્યક્તિવાદનો એક જ અર્થ છે.

વેદાન્ત સમાનભાવનો ઉપદેશ કરે છે અને સમિતિવાદમાં પણ અંતે તો એજ રહસ્ય નીકળે છે કે કોઈના બહારના દોરદમામ માટે અપેક્ષા કે અતિશય આદરસત્કાર ન કરવો. આ પ્રકારની વ્યાખ્યા જન ચમકાવે તેવી તેમજ વિચિત્ર અને સખત લાગશે, પણ જ્યાંસુધી મનુષ્ય દુનિયાની માલમિલકત, ધનદોલતના મોહમાંથી મુક્ત નથી થતો; ત્યાંસુધી તેને માટે ત્રિભુવનમાં સુખની આશા ક્યાંય પણ નથી. સમિતિવાદ માત્ર મનુષ્ય આ બધાનો ત્યાગ કરે એમ ઇચ્છે છે, ત્યારે વેદાન્ત એવા ત્યાગનાં પ્રમાણ અને વાસ્તવિક કારણ બતાવે છે. સમિતિવાદનું એ ક્ષેત્ર માત્ર વસ્તુસ્થિતિના ઉપરચોટીયા અભ્યાસમાંથી બાંધી લીધેલું છે; અને તે એવો નિયમ નિર્દિષ્ટ કરે છે કે મનુષ્યજાતિએ સમાનતા, બન્ધુતા અને પ્રેમના નિયમાનુસાર જીવન ગાળવું જોઈએ. વેદાન્તની દૃષ્ટિએ તો વ્યક્તિગત સત્તા કે અધિકારને પોતાનો માનવો એને આત્મહત્યા સમાન મહા પાપ ગણ્યું છે. વેદાન્તના ઉદ્દેશ પ્રમાણે મનુષ્યને લેવાનો નહિ, પણ આપવાનો—ત્યાગ કરવાનોજ અધિકાર છે. તમારી પાસે કાંઈ પણ આપવાનું ન હોય તો તમારું શરીર [illegible]ને અર્પણ કરો. તમે જ્યારે કાંઈ પણ ન ધરાવતા હો ત્યારે જ તમે ધનિક છો. તમે જે દાન કરોછો તેટલા પ્રમાણમાંજ તમે ધનવાન છો. પ્રત્યેક મનુષ્ય લેવાને માટે નહિ, પણ દાન કરવાને માટે જ કાર્ય કરી રહ્યું છે. જગતમાં મહાન ભૂલ તો એજ થાય છે કે લોકો લેવામાં—ગ્રહણ કરવામાં સુખ માને છે. વેદાન્ત તમને એ સત્યનું રહસ્ય સમજાવવા ઇચ્છે છે કે, લેવામાં નહિ, પણ દાન કરવામાં—ત્યાગ કરવામાં જ સર્વ સુખ સમાયેલું છે. જો તમે વાસના [illegible] કે અર્થના ઉત્પાદનો ભાવ તમારા અંતઃકરણમાં રાખો છો તેજ ઘડીએ તમારી શક્તિને [illegible] છો; તમારું—આત્મબળ [illegible] થાય છે, ને તમે તમારા સ્વરૂપથી વિમુખ થાઓ છો. જ્યારે તમારે કોઈ કાંઈ કરવાનું હોય ત્યારે વાચક કે [illegible] ન કરતાં [illegible] કરો, કે જેથી તમારું કાર્ય સમગ્ર વિશ્વનું કાર્ય [illegible] અને એમાં [illegible] ન રહે.

હિંદુસ્તાનમાં વેદાન્તમતના ખરા સાધુઓ આજ પણ હિમાલયમાં આવા પ્રકારનું-સમિતિવાદનું-જીવન વ્યતીત કરે છે. ત્યાં એ પ્રણાલી પ્રાચીન સમયથી ચાલી આવે છે. તેઓ અત્યંત ઉદ્યોગી છે; તેઓ આળસુ નથી; તેમજ વિલાસ કે વિશ્રામનો ભોગ થઈ પડેલા નથી. હિંદુસ્તાનનું જે જે ઉત્તમ સાહિત્ય બહાર આવેલું છે તે આ તેમનાજ પરિશ્રમનું ફળ છે. એ સાધુઓ જ મહાન કવિઓ, નાટકકારો, વિજ્ઞાનશાસ્ત્રીઓ, તત્ત્વજ્ઞાનીઓ, મહાન વૈયાકરણીઓ, ગણિતશાસ્ત્રીઓ, જ્યોતિષીઓ, રસાયનશાસ્ત્રીઓ, અને વૈદ્યશાસ્ત્રીઓ તરિકે બહાર આવ્યા છે. તેમાંના કેટલાએક એવા છે કે દ્રવ્યનો સ્પર્શ પણ કરતા નથી. આ પુરૂષોએજ અતિ ઉદ્યમી અને તપસ્વી જીવન ગાળ્યું છે. સમિતિવાદથી લોકો આળસુ, નિરૂદ્યમી અને પરાધીન બની જાય છે એવો જે ભ્રમ છે તે આ દૃષ્ટાંતથી દૂર થાય છે. જે પોતાને મુક્ત અને સ્વતંત્ર કરે છે તે જ મહાન કાર્ય કરી શકે છે.

વેદાન્ત અથવા સમિતિવાદના નિયમાનુસાર તમને તમારાં સ્ત્રી-બાળકો કે ઘરબાર-મકાનપર અધિકાર ભોગવવાની સત્તા નથી. આ સુધરેલી પ્રજામાં એ એક મહાન કલંક છે કે તેઓ સ્ત્રીને એક વ્યાપારની વસ્તુ માને છે અને ધન, ગૃહ કે વૃક્ષની પેઠે એને પણ પોતાની મિલ્કત સમજે છે. આવી રીતે જ્યારે સુધરેલી પ્રજામાં સ્ત્રીને એક નિર્જીવ પદાર્થની ઉપમા આપી છે, ત્યારે પુરૂષ હરેક પ્રકારે મુક્ત અને સ્વતંત્ર રહે છે. સ્ત્રીના તો હાથ-પગ બાંધી રાખેલા છે. તે પ્રથમ એક પુરૂષની ને પછી બીજા પુરૂષની મિલ્કત બને છે. તમને એ આશ્ચર્યજનક લાગશે પણ વેદાન્ત અને સમિતિવાદની દૃષ્ટિમાં તો સ્ત્રીને પણ પુરૂષના જેટલુંજ સ્વાતંત્ર્ય હોવું જોઇએ. પુરૂષના જેટલી જ તે પણ મુક્ત અને સ્વતંત્ર છે. આવી રીતે જેમ પુરૂષની કોઈ ચીજપર સત્તા નથી તેમ સ્ત્રીની પણ નથી જ. અહીં સમિતિવાદની સામે એક પ્રબળ વિરોધી કારણ ઉભું થાય છે. સમિતિવાદના નિયમ પ્રમાણે જો સ્ત્રી અને પુરૂષ બન્નેને સમાન સ્વતંત્રતા આપીએ તો સમાજનો વ્યવહાર પાશવ આચાર જેવો થઈ જશે અને જગતમાં ભ્રષ્ટાચાર વ્યાપી રહેશે. રામ કહે છે કે સ્ત્રી અને પુરૂષોને માટે જાતિભેદની દૃષ્ટિથી જોતાં પણ આના જેવો બીજો ઉત્તમ માર્ગ કોઈ નથી. ગાય, ભેંસ, જેવાં પશુઓ અત્યંત નિયમિત રીતે, સમયોચિત અને યથાયોગ્ય સમાગમ સેવે છે. મનુષ્યો પણ તેવીજ રીતે પોતાનું વર્તન રાખે તો સુધરેલા સમાજની વિષયવાસના અને કામવિવશતાનો સહજે અંત આવે.

આવી રીતે જ્યારે પશુઓ મનુષ્યો કરતાં થોડાં વ્યભિચારી છે, ત્યારે એક વ્યભિચારી મનુષ્યને પશુ કહેવો એ કેવી મહાન ભૂલ છે! પશુઓમાં અવિચારી કામવૃત્તિનો જરા પણ અંશ માલૂમ પડતો નથી. પ્રજોત્પત્તિના ઉદ્દેશ સિવાય તેઓ સમાગમ સેવતાં નથી. પણ સાધારણ મનુષ્યનું આચરણ એવું માલૂમ પડતું નથી. વ્યભિચારી મનુષ્ય કરતાં એક સંયમી અને શાંત પ્રકૃતિનો મનુષ્યજ પશુઓનું નૈસર્ગિક જીવન ગાળે છે, એમ કહેવું પડશે. વ્યભિચારી મનુષ્ય પશુ નથી પણ સુધારક છે. આવા પ્રકારની વર્તણુક સુધારાના સંસ્કારને લીધે છે; નહિ કે સમાજની જંગલી અસભ્ય સ્થિતિને લીધે. એ અસભ્ય કહેવાતી સ્થિતિમાં તેઓ સર્વ પ્રકારે વિચારશીલ, નૈસર્ગિક અને પ્રત્યેક કાર્યોમાં સમયોચિત વર્તનવાળા હતા. વેદાન્ત અને સમિતિવાદના નિયમ પ્રમાણે જેટલો વધારે સંયમી, શાંત અને ધીર સ્વભાવ મનુષ્ય ધારણ કરશે, તેટલા પ્રમાણમાં આવા પ્રકારનો આ ચેપી કામવિકાર અને પતિ પત્ની કે પિતા પુત્રના ભાવની અધિકારમય મમતાનો અંશ ઓછો થતો જશે.

મારે આ બાળક કે સ્ત્રી કે બ્હેનનું ભરણ પોષણ કરવાનું છે, એ ચિન્તાનો હૃદયપર રહેતો સતત ભાર મનુષ્યને પોતાના અભ્યાસમાં વિઘ્ન નાંખે છે; અને ઈશ્વરસાક્ષાત્કારના માર્ગમાં વિરોધ પાડી વિમુખ રાખે છે. પણ વેદાન્ત કે સમિતિવાદ તમારા હૃદયમાંથી આ ભાર-ચિન્તાને દૂર કરી તમને મુક્ત અને સ્વતંત્ર કરવા ઇચ્છે છે. તમે કોઈ મહાન અન્વેષણ (investigation=શોધ) કરવામાં તલ્લીન થઈ જાઓ છો અને તેમાંથી વિજય મેળવી ઉલ્લાસ પૂર્ણ હૃદયે બહાર આવો છો, તેનું કારણ એ હોય છે કે ત્યારે તમે સ્વતંત્રતાથી મુક્તપણે, કોઈ પણ જાતના બંધન, ચિન્તા, કલેશ કે શોક વિના કામ કરતા હો છો. એવી રીતે હરેક વખતે તમે પોતે મુક્ત છો એમ સમજશો એટલે સકળ વિશ્વ તમારૂં ગૃહ બની જશે.

આપણે માત્ર કરવાનું એટલુંજ છે કે તમામ પ્રકારના આવા વ્યાધિ દૂર કરવાનું ઔષધ "સ્વાધીનતા" ના અધિકારની ઉપેક્ષા કરવી એજ છે, એમ લોકોને શીખવવાનું છે. જનસમાજ એકજ વાર માત્ર આ વિચારનો અનુભવાનંદ લેશે કે પછીથી અખિલ જગતમાં દાવાનળના અગ્નિની પેઠે સમિતિવાદ પ્રસરી જશે. વેદાંત-સમિતિવાદજ માત્ર તેમના સૌ અનિષ્ટનું નિવારણ છે.

આવા સમિતિવાદમાં કોઈ પણ રાજ્યકર્ત્તા કે સમાજનો પ્રમુખ અથવા આચાર્ય કે લશ્કરની જરૂર નથી. વિશ્વવિદ્યાલયની પણ આવશ્યક્તા નથી. કારણ કે દરેક મનુષ્ય પોતેજ પોતાનો અધ્યાપક બનશે. પુસ્તકશાળાઓ રહેશે કે જ્યાં હરકોઈ આવે તે વાંચી શકશે. માત્ર પ્રાથમિકશિક્ષણ માટેજ અધ્યાપકો રાખવામાં આવશે. કોઈ વૈદ્યની પણ આવશ્યક્તા નથી રહેવાની. કારણ કે વેદાન્તના ઉપદેશ પ્રમાણે તમે સૌ નૈસર્ગિક જીવન ગાળશો એટલે કદી બિમાર નહિ થાઓ, અને તમારે વૈદ્યની જરૂરજ નહિ રહે. એકમેકથી અત્યારે જેમ લોકો ડરીને ચાલે છે તેમ ન થતાં તેઓ સ્વતંત્ર અને નિર્ભય રીતે પોતાની ઇચ્છા થાય ત્યાં અખિલ જગતમાં વિચરી શકશે એવા વ્યવહારમાં તેઓ પોતાનો સમય જનકલ્યાણ કરવામાં, અન્ય કોઈ લોકોપકારક અધ્યયન કરવામાં, તત્ત્વજ્ઞાન અને આધ્યાત્મિક વિદ્યાની શોધો કરવામાં અને દૈવીજીવન ગાળી આખરે ઈશ્વરસાક્ષાત્કાર પામવામાંજ પોતાનો સમય વ્યતીત કરશે. હિંદુસ્તાનનો આ અતિ પ્રાચીન ઉપદેશ છે.

ૐ ૐ ૐ






૧૨—आत्म विकास.*

બાનુઓ અને ગૃહસ્થોરૂપે વિરાજતો નિજાત્મા !

આ સત્રે આપણે ' આત્મવિકાસ ' એ વિષય ઉપર બે શબ્દો સાંભળવા અહીં એકઠા થયા છીએ. આજના વિષયને જીવનનાં જુદાં જુદાં પગથીઆં, આધ્યાત્મિક ઉન્નતિની ભૂમિકાઓ, અથવા સ્વાર્થને વિશુદ્ધ અને ઉજ્જ્વળ કરનારો ક્રમ, કહીએ તો ચાલે; કદાચ આજનો સિદ્ધાંત કોઈને વિચિત્ર લાગશે.



ઉપલી આકૃતિમાં એક સીધી લીટી અને કેટલાંક વર્તુલો છે. તમે એમ પૂછશો કે એનો શો અર્થ છે ? આત્માના વિકાસને આ વર્તુલો સાથે શો સંબંધ છે ? આ વર્તુલો કે જે ઉપરોક્ત આકૃતિ જેવાં કાગળમાં આવ્યાં છે, તે વર્તુલો જીવનની જુદીજુદી સ્થિતિઓ બતાવવાને અર્થે છે. આ આકૃતિ હેતુ પુરઃસર કાગળમાં આવી છે, આ વર્તુલો કે જે વાંકાંચૂકાં છે, તેનો શો અર્થ છે તે યથાર્થ રીતે સૂચવે છે. જીવન એ શું છે, અને જીવનની સ્થિતિઓ તે શું છે, એનું વિવેચન કરતાં પહેલાં આ વર્તુલો સંબંધે બે શબ્દો હું તમને કહીશ.

આ આકૃતિમાં એક સૌથી નાનું વર્તુલ છે, તે એક નાના બિંદુ જેવું છે. તે આનાથી પણ વધું નાનું હોઈએ; પરંતુ તે આપને બરાબર દેખાશે નહિ. એમ ધારી બિંદુ કાગળમાં

* આ ભાષણ અમેરિકામાં ' એકેડેમી ઓફ મ્યુઝિક હોલ ' માં આપ્યું હતું.

આવ્યું છે. એ વર્તુલની આસપાસ બીજું એક વર્તુલ છે, તે પહેલા કરતાં વધારે મોટું છે. તેની આસપાસ ત્રીજું વર્તુલ છે અને ત્રીજાની આસપાસ ચોથું વર્તુલ છે. આ વર્તુલોની વિશેષતા એ છે કે જેમ જેમ વર્તુલો વિસ્તાર પામતાં અને મોટાં થતાં જાય છે, તેમ તેમ તે વર્તુલોનું મધ્યબિંદુ સર્વ વર્તુલોની સાધારણ સ્પર્શરેખા ઉપર જે શરૂઆતનું अ બિંદુ છે તે બિંદુથી દૂર ને દૂર જાય છે. મધ્યબિંદુ દૂરને દૂર જતું જાય છે, ત્રિજ્યા વધતી જાય છે અને વર્તુલો મોટાં થતાં જાય છે. જો વર્તુલનું મધ્યબિંદુ શરૂઆતના બિંદુ अ ની નજીકમાં કાઢીએ, અને તે એટલા સુધી નજીકમાં કાઢીએ કે તે મૂળ બિંદુ अ માં મળી જાય, તો તે વર્તુલ તે મધ્યબિંદુ રૂપજ બની જાય છે. આ પ્રમાણે કોઈ પણ વર્તુલનું મધ્યબિંદુ જ્યારે મૂળ બિંદુની છેક પાસે આવે છે ત્યારે તેની અંતિમ સ્થિતિ એ બિંદુજ થાય છે; અને જ્યારે મૂળબિંદુથી દૂરને દૂર જાય છે ત્યારે ત્રિજ્યા વધતી વધતી છેવટે અપરિમિત બને છે, મધ્યબિંદુ અનંતતાને પામે છે, અને વર્તુલ તે સીધી લીટી જ બને છે. આ પ્રમાણે જે વર્તુલનું મધ્યબિંદુ અનંત અંતરે જાય છે અને ત્રિજ્યા પણ અપરિમિત થઈ જાય છે, તે વર્તુલની અંતિમ સ્થિતિ તે સીધી લીટી છે.

એની અંદર બીજી વિશેષતા એ જોવામાં આવે છે કે વર્તુલ જેમ મોટું, તેમ તે સ્પર્શરેખાની પાસે વધારે આવે છે. તે જેમ જેમ મોટું થતું જાય છે, તેમ તેમ તેની વક્રતા ઓછી થતી જાય છે. આ પ્રમાણે આપણે જોઇએ છીએ કે क મધ્યબિંદુવાળા અંદરના વર્તુલ કરતાં ड મધ્ય બિંદુવાળું મોટું બહારનું વર્તુલ अ બિંદુની પાસે ઘણું વધારે સીધી લીટી જેવું દેખાય છે; તેમજ क મધ્યબિંદુવાળું વર્તુલ તેની અંદરના य મધ્ય બિંદુવાળા વર્તુલ કરતાં વધારે સીધી લીટી જેવું જણાય છે. આ રીતેજ પૃથ્વી ગોળ હોવા છતાં જ્યારે આપણે તેના કોઇ પણ ભાગ તરફ જોઇએ છીએ ત્યારે તે આપણને સપાટ જણાય છે; કારણ કે પૃથ્વીના પરિઘનો તેટલો ભાગ પણ આપણી દૃષ્ટિ મર્યાદાના કરતાં બેહદ મોટો છે. વર્તુલો શું છે, તે સમજવા માટે આટલું વિવેચન બસ થશે.

માનવ જીવન.

જીવનનું મુખ્ય લક્ષણ શું છે ? સજીવતા અને નિર્જીવતામાં શો ફેર છે ? એવાં કયાં લક્ષણો છે કે જેથી સજીવ અને નિર્જીવ પદાર્થોને જુદા પાડી ઓળખી શકાય ? એ લક્ષણો તે ગતિ શક્તિ અને ક્રિયા છે. સજીવ ને નિર્જીવ વસ્તુનો ભેદ એથીજ સમજાય છે. સામાન્ય રીતે લોકોની સજીવતાની આ વ્યાખ્યા છે. વિજ્ઞાનશાસ્ત્રે (Science) કરેલી વ્યાખ્યાનો પણ આજ વ્યાખ્યામાં સમાવેશ થઈ શકે છે. સજીવ મનુષ્ય હાલવું, ચાલવું વગેરે સર્વ પ્રકારની ક્રિયા કરી શકે છે. મૃત *મમી એ સર્વ ક્રિયાઓ કરી શકતું નથી. મુએલું પ્રાણી બીલકુલ હાલી ચાલી શકતું નથી. મરી ગએલો છોડ વધી શકતો નથી; તેમાં ગતિ અને શક્તિનો કેવળ અભાવ હોય છે. સજીવ છોડજ વૃદ્ધિ પામે છે, અને પોતાની ગતિ બતાવી આપે છે.

વળી આપણે જોઇએ છીએ કે સજીવ પ્રાણી પદાર્થોના સામાન્ય રીતે ચાર વર્ગ કરવામાં આવ્યા છે. બીજી રીતે કહીએ તો આખી દુનિયાને ખનીજ, ઉદ્‌ભિજ, પ્રાણીજ અને મનુષ્ય, એમ મુખ્ય ચાર વર્ગમાં વહેંચવામાં આવી છે. આની અંદર આપણે જોઇએ

* ઇજીપ્તમાં ફેરાઉનને અટકાવે એવો મસાલો ભરીને રાખી મૂકેલા પ્રેતને "મમી" કહેવામાં આવે છે.

છીએ કે પશુ વગેરે પ્રાણીઓ કરતાં મનુષ્ય જાતિમાં અધિક શક્તિ, અધિક ગતિ અને ઉંચા પ્રકારનું હલન ચલન હોય છે. અન્ય પ્રાણીઓ ફક્ત અહીં તહીં ફરેહરે છે, દોડે છે, પર્વતો ઉપર અને ડુંગરાઓ ઉપર ચઢે છે, પણ મનુષ્ય તો આ સર્વ કરવા ઉપરાંત બીજું ઘણું કરી શકે છે. તેની અંદર ગતિ અને શક્તિનો ઘણીજ ઉચ્ચ રીતે આવિર્ભાવ થએલો હોય છે. મનુષ્ય સૂક્ષ્મદર્શકયંત્ર દ્વારા તારાઓ સુધી પહોંચી શકે છે. એ પશુ વગેરે પ્રાણીઓ કરી શકે એમ નથી. તે પશુ વગેરે પ્રાણીઓને અંકુશમાં રાખી શકે છે, તે વરાળ અને વિજળીના બળદ્વારા દેશ અને કાળનો નાશ કરે છે, તે અન્ય પ્રાણીઓને અપ્રાપ્ત એવી ગતિ પ્રાપ્ત કરી શકે છે, તે પૃથ્વીના કોઇ પણ ભાગમાં ક્ષણ માત્રમાં સંદેશા મોકલી શકે છે, તે આકાશમાં મુસાફરી કરી શકે છે. જગતમાં મનુષ્યની શક્તિ અને સામર્થ્ય આ છે. આવી શક્તિ, આવું સામર્થ્ય અન્ય પ્રાણીઓમાં ન હોવાથીજ મનુષ્ય એ સર્વમાં શ્રેષ્ઠ ગણાય છે, અને પશુ વગેરે પ્રાણીઓ મનુષ્ય જાતિ કરતાં ઘણાં નીચાં ગણાય છે.

હવે આપણે ઉદ્‌ભિજ વર્ગને, પ્રાણી વર્ગ સાથે સરખાવી જોઇએ. ઉદ્‌ભિજ-વનસ્પતિ પણ વૃદ્ધિ પામે છે. તેમને ગતિ છે, પણ તેમની ગતિ એકજ દિશામાં હોય છે. છોડ, વૃક્ષ વગેરે એકજ લાઇનમાં ગતિ કરે છે. તે એક જગ્યાએથી બીજી જગ્યાએ જઇ શકશે નહિ. તેઓ એકજ સ્થળે સ્થિત થઇ રહે છે. તેઓ પોતાની શાખાઓને આજુબાજુ બધે પ્રસારે છે, તેમજ જમીનમાં પોતાનાં મૂળીઆં ખૂબ ઉંડાં નાંખે છે; પરંતુ તેમની શક્તિનો આવિર્ભાવ પ્રાણી વર્ગ કરતાં ઘણોજ ઓછો હોય છે. આવી રીતે આપણે જોઇએ છીએ કે વનસ્પતિ-વર્ગ પ્રાણી-વર્ગ કરતાં ઘણોજ ઉતરતો છે. ખનીજ પદાર્થો તો પ્રાણી-શાસ્ત્રવેત્તાઓના મત પ્રમાણે તદ્દન નિર્જીવજ છે; પરંતુ આ વિશ્વમાં શક્તિનો જે આવિર્ભાવ દીઠામાં આવે છે તે દ્વારા જો આપણે જીવનનો ભિન્ન ભિન્ન ક્રમ તપાસીએ તો આપણે કહી શકીશું કે ખનીજ પદાર્થોમાં પણ એક જાતની શક્તિ રહેલી છે; તેમની અંદર પણ ફેરફાર થાય છે. તે ફેરફાર તેમને ઘણો જ આવશ્યક છે. તેમની અંદર પણ જીવનનો કંઇક અંશ છે એ સિદ્ધ થાય છે, પરંતુ તેમનું જીવન છેક જીવનક્રમની શરૂઆતમાં હોવાથી નહિ જેવું અને ઘણુંજ સૂક્ષ્મ દીઠામાં આવે છે, કારણ કે તેઓ દ્વારા પ્રકટતી શક્તિ ન કળાય એવી અને ઘણીજ સૂક્ષ્મ હોય છે.* આ પ્રમાણે સ્પષ્ટ થાય છે કે ગતિદ્વારા ઓળખાતા જીવનના "ગતિ અને શક્તિ"ના ભિન્નભિન્ન ક્રમ અનુસાર વર્ગ પાડવામાં આવ્યા છે.

કુદરતની યોજના એ છે કે આ વિશ્વમાં કંઇ પણ નવું ન હોવું જોઇએ. આપણે જોઇએ છીએ કે આ બહારની દેખાતી વિવિધતા છતાં-આ બાહ્ય અનેક રૂપો છતાં કુદરત તો એવી ને એવીજ કંગાલ છે. પ્રેમીના નેત્રોમાંથી અશ્રુ સરે છે તેમાં જે નિયમ (પ્રેમાકર્ષણનો) પ્રવર્ત્તી રહ્યો છે, તેનો તેજ નિયમ સૂર્ય અને તારાઓ જે ભ્રમણ કરી રહ્યા છે, તેમાં પણ પ્રવર્ત્તી રહ્યો છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ અણુઓથી માંડીને દૂરમાં દૂર રહેલા તારાઓ સુધીના સર્વ પદાર્થોને નિયમમાં રાખનાર તેના તેજ નિયમો પ્રવર્ત્તી રહેલા છે. કુદરતની વારંવાર પુનરાવૃત્તિ થયા કરે છે. આ દુનિયાની રજ્જુ સાથે અથવા શંખ સાથે સરખામણી કરી શકાય, કે જેના વળ બધા એકસરખાજ હોય છે. આજ કારણથી આ દુનિયાને પ્યાજના જેવી પણ કહી શકાય. પ્યાજનું એક પડ કાઢો તો તેવું ને તેવુંજ બીજું પડ જણાશે, તેને પણ કાઢો તો ત્રીજું,

* વનસ્પતિ અને ધાતુઓમાં પણ લાગણી વગેરે રહેલું છે; એ વાત હવે તો પ્રખ્યાત હિંદી શોધક ડૉક્ટર બોઝે પોતાનાં બનાવેલાં અદ્ભુત યંત્રોદ્વારા સિદ્ધ પણ કરી બતાવી છે.

અને તે પડને પણ કાઢી લ્યો તો ચોથું પડ પણ તેવું નેતેવુંજ નજરે પડશે. આપણે જે કંઈ એક વર્ષમાં અનુભવીએ છીએ તેનું તેજ સૂક્ષ્મ રૂપમાં દરેક ચોવીસ કલાકમાં પણ અનુભવીએ છીએ. પ્રાતઃકાળનો સમય એ વસંતઋતુ, મધ્યાન્હકાળને ગ્રીષ્મઋતુ, બપોર પછીનો તે સાયંકાળનો સમય તે વર્ષાઋતુ અને રાત્રિને શીઆળાની ઋતુ સાથે સરખાવી શકાય. આવી રીતે દરેક ચોવીસ કલાકમાં પણ આખા વર્ષની સૂક્ષ્મ રૂપમાં પુનરાવૃત્તિ થયા કરે છે. જીવનું માનવ સ્વરૂપ બનવા પહેલાં તેણે જે જે શરીરો ધારણ કરેલાં છે તેની પણ તે કંઈ માનવ જન્મમાં અજબ ત્વરાથી પુનરાવૃત્તિ કરે છે. ગર્ભાશયમાં ગર્ભને માનવી સ્વરૂપ ધારણ કરવા પહેલાં મત્સ્ય, શ્વાન, વાનર વગેરે સર્વ સ્વરૂપો ધારણ કરવાં પડે છે. ઉત્ક્રાંતિની ઘટના પ્રમાણે, આ અખિલ વિશ્વના એક સર્વ સામાન્ય, નિયામક નિયમ પ્રમાણે મનુષ્ય દેહમાં ખનીજ, વનસ્પતિજ, પ્રાણિજ, ઈત્યાદિ વર્ગ છે કે નહિ તે આપણે તપાસીએ. મનુષ્ય દેહ છતાં ખનીજ પદાર્થોના જેવુંજ જીવન ગાળનારા મનુષ્યો પણ શું આપણે નથી જોતા ? મનુષ્યદેહ છતાં, વનસ્પતિ વર્ગના જેવું જીવન ગાળનારા મનુષ્યો પણ શું આપણી નજરે નથી આવતા ? શું એવા મનુષ્યો આપણે નથી જોતા કે જે પશુના જેવુંજ જીવન ગાળે છે ?

વળી મનુષ્યના ખરા સ્વરૂપમાં હોય એવા તેમજ મનુષ્ય છતાં દેવસ્વરૂપ હોય એવા મનુષ્યો પણ આપણે જોઇએ છીએજ.

પહેલું વર્તુલ-ખનીજ મનુષ્યો.

પ્રથમ આપણે જે નૈતિક અને ધાર્મિક ખનીજ વર્ગ છે તે લઈશું. ખનીજ પદાર્થોમાં બહારથી કોઈ પણ જાતની ગતિ જણાતી નથી, તેમજ તેમાં બાહ્ય દ્રષ્ટિએ કોઈ પણ પ્રકારની શક્તિ પણ નજરે પડતી નથી. તેમ છતાં ખનીજ પદાર્થોમાં કોઇ એક પ્રકારની શક્તિ, કોઇ એક પ્રકારની ગતિ અને કોઇ એક પ્રકારની ક્રિયા રહે છેજ. કારણ કે આપણે જોઇએ છીએ કે ખનીજ પદાર્થોમાં ફેરફારો થયા કરે છે. તે પદાર્થોમાં ક્ષય અને વૃદ્ધિ થાય છે. તે ઝીણા ઝીણા અણુઓ તેમજ મોટા મોટા પર્વતોનું સ્વરૂપ ધારણ કરે છે. સમુદ્રની સાથે સરખાવતાં પૃથ્વી કે જે આપણને સ્થિર અને ઘનરૂપ ભાસે છે તે ઉંચી થાય છે, નીચી થાય છે, તેમાં આંદોલન અને વિકૃતિ થાય છે. આ પ્રમાણે બાહ્ય દ્રષ્ટિએ કોઇ પણ પ્રકારની ગતિ જણાતી નથી છતાં ખનીજ પદાર્થોમા પણ ગતિ રહેલી છે.

હવે મનુષ્ય જાતિની અંદર ખનીજ પદાર્થો જેવા જીવનવાળા મનુષ્ય કોણ છે તે આપણે જોઇએ. બીજા શબ્દોમાં કહીએ તો ભમરડાની ગતિ જેવા જીવનવાળા કયા મનુષ્યો છે તે આપણે જોઇએ. ભમરડો ખૂબ ફરે છે, અને તે એટલો કે જાણે તે ફરતોજ નથી, એવો -સ્થિર જેવો-દેખાય છે. આ ભમરડાને જોઇને છોકરાઓ ખુબ આનંદમાં આવી જાય છે તાળીઓ ઉપર તાળીઓ પાડે છે. અને કહે છે કે ભમરડો સ્થિર થઈગયો છે; અને જરીએ હાલતો ચાલતો નથી. આ ગતિ તે પોતાના મધ્યબિંદુમાં ફરનારી ગતિ છે. એમાં ગતિ હોય છે, પણ તેના ભ્રમણનું મધ્યબિંદુ પોતાનામાંજ હોવાથી તે ગતિ ગમે તેટલી વેગવાળી હોવા છતાં બહારથી તે જણાતી નથી. ખનીજ પદાર્થોના જીવનની ગતિ એ ભમરડાની ગતિ જેવીજ હોય છે, અને તે આપણી કાઢેલી આકૃતિમાં જે છેક બિંદુ જેવું સૌથી નાનું વર્તુલ છે તે એ છે.

આ વિશ્વમાં દરેક ગતિ વર્તુલાકારમાં (ગોળાકારમાં) હોય છે, સીધી લીટીમાં હોતી સર્વ વિજ્ઞાનશાસ્ત્રો (Sciences) આ સિદ્ધ કરે છે. આજ કારણથી આપણે ગતિનું

સ્વરૂપ બતાવવા માટે વર્તુલનો ઉપયોગ કરીશું. ગણિતશાસ્ત્રમાં રેખાઓવડે ગતિ બતાવવામાં આવે છે, અને અહીં આપણો વિષય પ્રતિપાદન કરવામાં પણ ગોળ રેખાઓ (વર્તુલો) જ અનુકૂળ પડશે.

આથી આપણા ખનીજ પદાર્થોની ગતિ જેવા જીવનને ભમરડાની ગતિ જોડે સરખાવવામાં આવ્યું છે. આપણી સન્મુખ આ જે આકૃતિ કાઢવામાં આવી છે તેની અંદર સૂક્ષ્મબિંદુના જેવું જે સૂક્ષ્મ વર્તુલ છે તે ખનીજ પદાર્થોનું જીવન બરાબર બતાવે એમ છે. જેમની ગતિ ભમરડાના જેવી છે, જેમની પ્રવૃત્તિનો માર્ગ તે માત્ર એક સૂક્ષ્મબિંદુ જેવા સૂક્ષ્મ વર્તુલ સમાન છે; અર્થાત્ જેમનું જીવન ખનીજ પદાર્થોના જીવન સમાન છે; તેવા મનુષ્યો તે કયા છે ? થોડો વિચાર કરો એટલે તે તમને સમજાશે. તે એ મનુષ્યો છે કે જેઓની સર્વ પ્રવૃત્તિ એક સૂક્ષ્મબિંદુમાં, આત્મામાં, ત્રણ હાથની મર્યાદાવાળા દેહરૂપી એક નાના કર્મ-ક્ષેત્રાદિમાં એકત્ર થાય છે. આ લોકો આ વિશ્વની અધમમાં અધમ સ્થિતિના લોકો છે. આ લોકો કેવળ વિષયસુખનો ભોગ કરવાનેજ પ્રવૃત્તિ કરી રહેલા હોય છે. આ લોકોની પ્રવૃત્તિ જો કે ભિન્ન ભિન્ન હોય છે; તેઓ જો કે ભિન્ન ભિન્ન માર્ગે પોતાનું જીવન ગાળે છે; તથાપિ એ સર્વેનો આ દુનિયાના સુખનો ઉપભોગ કરવાનોજ માત્ર ઉદ્દેશ હોય છે. આ એવા પ્રકારના લોકો છે કે જેઓનાં સ્ત્રીપુત્રાદિક ભૂખે મરે તોપણ જેમને જરાએ કાળજી હોતી નથી. તેઓ એવા પ્રકારના હોય છે કે જેઓના આડોશીપડોશી મરે કે જીવે, ગમે તે થાય, તોપણ તેમની એમને જરા પણ લાગણી હોતી નથી. બીજાનું ગમે તેમ થાય પરંતુ તેમને ખાવા પીવા જોઈએજ, તેમને મોજમજા મારવા જોઈએજ. તેઓએ પોતાની ક્ષુદ્ર વૃત્તિઓને તાબે થવુંજ જોઈએ, તેમની અધર્મ્ય વાસનાઓ પૂરી થવીજ જોઈએ. પછી તે ઇચ્છાઓ પૂરી કરવા માટે પોતાના કુટુંબના હિતનો અને પોતાની આખી જાતિના હિતનો ભોગ આપવો પડે તેની જરાએ તેમને લાગણી હોતી નથી. તેમની સર્વ પ્રવૃત્તિઓનું કેન્દ્ર, તેમનું મધ્યબિંદુ કે જેની આસપાસ તેઓ ફરે છે; તેમનો સૂર્ય કે જેની આસપાસ ચક્રાકારમાં તેઓ ભ્રમણ કરે છે; તેમની કક્ષાનું કેન્દ્ર તે માત્ર તેમનો ક્ષુદ્ર દેહજ હોય છે. તેમની પ્રવૃત્તિ અથવા ગતિ તે ખરા મૃત ગતિજ છે. મનુષ્ય જીવનમાં ખનીજ જીવન તે આ છે. જગતના ઇતિહાસમાં મનુષ્યના સ્વરૂપમાં રહેલા આવા ઘણા સુંદર ખનીજ પદાર્થો આપણને મળી આવે છે. તમે જાણો છો કે હીરા, માણેક, મોતી વગેરે સર્વ પ્રકારનાં કિંમતી જવાહિરનો ખનીજ પદાર્થવર્ગમાં સમાવેશ થય છે.

રોમના ઇતિહાસમાં એક સમય એવો હતો કે જ્યારે નીરો, ટિબેરીઅસ અને બીજા સીઝરો રાજ્ય કરતા હતા. આ પુરુષોનાં નામ લેવાં એ પણ તમારા કાનને અપવિત્ર કરવા સમાન છે. આ મોટા મોટા રાજાઓ અને શહેનશાહો કિંમતી ખનીજ પદાર્થો ખરા, પણ તે કેવળ ખનીજજ, મનુષ્ય નહિ. આ રાજાઓ અને બાદશાહો તેમના વખતમાં જાણીતી સર્વ પૃથ્વી ઉપર સાર્વભૌમ રાજ્ય કરતા હતા, છતાં પોતાની પ્રજાના હિતનો તેઓ લવલેશ પણ કાળજી રાખતા નહિ; એટલુંજ નહિ પણ તેમને પોતાના મિત્રો અને સંબંધીઓને માટે પણ વિચાર આવતો નહિ. પોતાની સ્ત્રી, પોતાની બહેનો, પોતાનાં સગાંવહાલાં, પોતાના મિત્રો, વગેરેનું ગમે તે થાય તેની તેમને પરવા નહોતી. માત્ર તેમને પોતાની પ્રચંડ ભોગ કામનાઓ તૃપ્ત કરવાનીજ હતી. આવા રાજાઓ અને બાદશાહોને ઇતિહાસમાં તમે શું કહેશો ? તેઓ કેવા હતા, તેમનાં આચરણો ઉપરથી કહો કે તેઓ [illegible] હતા. તેમનો એક

તો આખો દિવસ સ્વાદિષ્ટ પકવાનો ખાયા કરવાની વૃત્તિનોજ ભોગ થઈ પડયો હતો. જ્યારે તે સ્વાદિષ્ટ પકવાન ખાવા બેસતો ત્યારે છેક ઓકારી આવે ત્યાં સુધી તે ખાયા કરતો અને પછી ઔષધની મદદથી તે સર્વે ઓકી કાઢતો. વળી આવી રીતે તેનું પેટ જ્યાં ખાલી થયું કે તરતજ તે પાછો તેનો તે પદાર્થ ખાવા બેસી જતો. દિવસમાં આવી રીતે અનેકવાર કરવામાં આવતું. તેમાંનો વળી એક તો એવી રાક્ષસી પ્રકૃતિનો રાજા હતો કે જેણે માત્ર પ્રલયાગ્નિ સમાન મોટી આગ જોવાને ખાતર તેના વખતની સર્વ પૃથ્વીની રાજ્યધાનીને બાળીને ખાખ કરી નાખી હતી! આને તમે શું કહેશો? આ બધાં કીમતી હીરા માણેક વગેરે જવાહિર ખરાં, પરંતુ તેઓ મનુષ્ય તો નહિજ.

બીજું વર્તુલ-કુટુંબસ્વાર્થી-વનસ્પતિ મનુષ્યો.

હવે આપણે મનુષ્ય વર્ગમાં જે વનસ્પતિ વર્ગનું જીવન ગાળે છે તેમના તરફ આવીએ. ખનીજ પદાર્થના જેવું જીવન ગાળનારા મનુષ્યોના તદ્દન સ્વાર્થપરાયણ સૂક્ષ્મ વર્તુલ કરતાં આ વર્તુલ કંઈક મોટું છે. આ વર્તુલના લોકો ખનીજ મનુષ્યો કરતાં ચઢીઆતા છે, તેમની પ્રવૃત્તિને સરતના ઘોડાની ગતિ સાથે સરખાવી શકાય. સરતના ઘોડાનું વર્તુલ ભમરડાના વર્તુલ કરતાં મોટું હોય છે. આ કાઢેલી આકૃતિમાં જે મધ્યબિંદુવાળું જે બીજું વર્તુલ છે, તે તેમનું જ વર્તુલ છે. આ મનુષ્યો તે કયા? આ મનુષ્યો સૌના હિતના ભોગે પોતાનીજ લાલસા તૃપ્ત કરવાને ખાતર જીવન ગાળતા નથી; પરંતુ પોતાની આસપાસનાં સંબંધીના સુખને પણ ધ્યાનમાં લે છે. આ પુરૂષો પોતાનાં સ્ત્રી પુત્રાદિકમાં જ આસક્ત રહે છે. તેઓ પોતાના કુટુંબરૂપી વર્તુલનીજ આસપાસ ફર્યા કરે છે. તેઓ ખનીજવર્ગના કેવળ સ્વાર્થપરાયણ મનુષ્યો કરતાં ચઢીઆતા છે, કારણ કે તેઓ માત્ર પોતાની જાતના સુખનેજ સાધે છે એમ નથી; પરંતુ પોતાના કુટુંબના સુખને પણ સાધે છે. આ બીજા વર્તુલની અંદર જેમ બીજાં અનેક નાનાં વર્તુલો સમાઈ શકે છે તેમ આવા મનુષ્યો પોતાની જાત સિવાય બીજા પણ ઘણાઓનું હિત કરી શકે છે. પણ તેથી શું તેમને આપણે નિઃસ્વાર્થી કહી શકીશું? ના, ના, કદિ નહિ. આ વર્ગના મનુષ્યોના સંબંધમાં માત્ર એટલુંજ કહી શકાય છે કે તેમનો આત્મા જરા વધારે વિકાસ પામેલો છે. ખનીજ મનુષ્યોનો આત્મા માત્ર પોતાના નાના સરખા દેહની અંદરજ મર્યાદિત થએલો હોય છે; જ્યારે આ મનુષ્યોનો આત્મા સ્ત્રી પુત્રાદિક કૌટુંબિક વર્તુલમાં વિસ્તાર પામેલો હોય છે. ખરૂં જોતાં આ પણ એક જાતનો સ્વાર્થજ છે, પરંતુ આ સ્વાર્થ કાંઈક ઉચ્ચ પ્રકારનો છે. તેઓ પહેલા વર્ગનાં મનુષ્યો કરતાં ઘણાં સારાં મનુષ્યો હોય છે. હવે આ બીજા વર્ગનાં મનુષ્યોને બતાવનાર વર્તુલ તરફ આપણે જોઈએ. આ વર્તુલ પોતાની અંદરના સર્વ સાથે અંતર્ગોળ (Concave) હોય છે. એ અંતર્ગોળપણું તે શું? એ અંતર્ગોળપણું તે પ્રેમના હસ્તોથી આલિંગન પામવું તે છે. આપણે આપણા હાથ લાંબા કરીને એક વર્તુલ બનાવીએ. આ વર્તુલ તે અંતર્ગોળપણું છે. આ વર્તુલ તેની અંદર રહેતા સર્વે બિંદુઓ અર્થાત્ કુટુંબના સર્વ મનુષ્યોપ્રતિ વળેલું હોય છે; પરંતુ તે સિવાયનું તેની બહારનું જે સમસ્ત વિશ્વ છે, તેના પ્રતિ તો તેને વિરોધજ હોય છે. એક કુટુંબનું હિત બીજા કુટુંબના હિત સાથે ઘર્ષણ પામતાં તરતજ બીજા વર્તુલની અંદરના વનસ્પતિ વર્ગના મનુષ્યોની સ્વાર્થી વૃત્તિ જણાઈ આવે છે, અને તેથી બન્ને કુટુંબોનાં માણસો વચ્ચે વિરોધ અને ક્લેશ થાય છે.

ત્રીજું વર્તુલ-જાતિસ્વાર્થી મનુષ્યો.

હવે આપણે ત્રીજું વર્તુલ લઈએ. આ વર્ગના મનુષ્યો મનુષ્ય રૂપમાં પશુઓ છે. મધ્ય બિંદુવાળું આ ત્રીજું વર્તુલ, પહેલાં બે વર્તુલો કરતાં મોટું છે. આ વર્તુલને ચોમાસાના પવન સાથે-ઈશાન કોણના વાયુ સાથે સરખાવી શકાય. આ વર્તુલ એ બતાવે છે કે આ વર્ગના લોકોને પોતાના દેહ અને કુટુંબ કરતાં કોઈ ઉચ્ચ વસ્તુમાં મમત્વ બંધાયલું હોય છે. આ લોકોનો આત્મા પોતાની ન્યાત, જાત અને પોતાના રાજ્ય સુધી વિકાસ પામેલો હોય છે; તેના મમત્વની મર્યાદા ત્યાં સુધી વિસ્તાર પામેલી હોય છે. આ વર્ગના મનુષ્યો ઘણા સારા, ઉપયોગી અને વનસ્પતિ વર્ગના મનુષ્યો કરતાં ઘણાજ કામના હોય છે. તેઓનું મધ્યબિંદુ આ નાના સરખા દેહની પેલીપાર અને વનસ્પતિ વર્ગનાં મનુષ્યો કરતાં ઘણાજ ઉચ્ચ તેમજ વિશાળ વિસ્તારમાં આવેલું હોય છે. તેઓના પરિભ્રમણનો ઘેરાવો ઘણો વિસ્તારવાળો હોય છે. આ વર્ગના મનુષ્યોની ઘણી જરૂર છે, કારણ કે તેઓ અનેક કુટુંબો અને અનેક જનોને ઉપયોગી થઈ પડે છે. જેમને તેઓ પોતાના પ્રેમના હસ્તોથી આલિંગે છે તેમને તેઓ ઘણા ઉપયોગી થાય છે. જે લોકોની તરફ તેમનું વર્તન અંતર્ગોળ વર્તુલના જેવું હોય છે તે લોકોને તેઓ ઘણાજ કામના હોય છે. આ લોકો કેવળ પોતાના અલ્પ દેહનું અથવા કુટુંબનુંજ હિત સાધતા નથી, પરંતુ જેમને તેમણે પોતાના માન્યા હોય છે તે આખી ન્યાત, જાત અને શહેરનું પણ તેઓ હિત સાધે છે. આ પ્રમાણે તેઓ ઘણા ઉપયોગી છતાં તેમને પણ સ્વાર્થી કહી શકાય કે? હા, તેઓ પણ સ્વાર્થીજ છે. અન્ય ન્યાત, જાત અને સ્થળને ભોગે જે ન્યાત, જાત અને સ્થળને તેમણે પોતાનું માની લીધેલું હોય છે તેઓનું તેઓ કલ્યાણ સાધનારા હોય છે. તેઓમાં શો દોષ છે એ જો તમારે જાણવાની ઈચ્છા હોય તો તેઓના વર્તુલની બહારના મનુષ્યો તરફ તેઓની કેવી વર્તણુક છે તે તમારે જોવાની જરૂર છે. પોતાના વર્તુલની બહારના લોકો તરફ તેઓ સદા દુર્લક્ષ કરે છે. તેઓનું ન્યાત, જાત વગેરેનું અભિમાન બરાબર દૃઢ થતાં તેઓ એવા તો સંકુચિત દૃષ્ટિના થઈ જાય છે કે તેઓના સિદ્ધાંતવિરૂદ્ધ જો કોઈ પણ બોલ્યું તો તેના ભોગજ મળ્યા. આવા બે પક્ષો કદાચ એકઠા થયા તો તેઓ બન્ને જૂદા જૂદા વર્તુલના હોવાથી તેમના વચ્ચે જોવા જેવી જામે છે. મતલબ કે તેઓ કેટલાકનું કલ્યાણ કરે છે ખરા, પરંતુ અન્ય પક્ષો સાથે વિરોધ કરીને તેઓ તેમનું વધારે નહિ તો તેટલુંજ નુકસાન પણ કરે છે. આ પ્રમાણે લોકો સામસામા પક્ષોમાં ભળી કલેશ અને કલહ કરે તો તેનાથી જનસમાજમાં કેટલો બધો અસંતોષ ફેલાય! તે છતાં આ લોકો વનસ્પતિ વર્ગના લોકો કરતાં ઘણાજ પસંદ કરવા લાયક છે.

સૃષ્ટિનો નિયમજ એવો છે કે તમે એકજ સ્થિતિમાં સ્થિર રહી શકશો નહિ. તમારે ચાલવુંજ જોઈએ. આગળને આગળ તમારે વધવુંજ જોઈએ. તમે જડતાને,-સ્થિરતાને અવકાશ આપશો જ નહિ. ફેરફાર અને પ્રગતિના પ્રયત્ન કરવાને તમે કંટાળશો નહિ. હાલમાં જે મનુષ્યો ખનીજ વર્ગની સ્થિતિમાં છે તેઓ ત્યાર પછીની વનસ્પતિ વર્ગની સ્થિતિ ધારણ કરવાના, અને જે મનુષ્યો વનસ્પતિ વર્ગના છે તેઓ ત્યાર પછીની પ્રાણીવર્ગની સ્થિતિ ધારણ કરવાના. આ પ્રમાણે મનુષ્ય જો આગળ ને આગળ વૃદ્ધિ કરે અને પ્રગતિ કરી પ્રાણીવર્ગમાંથી પસાર થઈ જાય તો તો કાંઈ હરકત નથી; સૃષ્ટિ નિયમાનુસાર પ્રાણી વર્ગની સ્થિતિમાંથી પસાર થવામાં કોઈ જાતની હાનિ કે નુકસાન નથી; પરંતુ જ્યારે આપણે એકજ ધર્મ, સં-

પ્રદાય અથવા પંથમાં બંધાઈ જઈ, આપણી સ્વતંત્રતાનો નાશ કરી, આગળ ગતિ ન કરતાં એકજ સ્થળમાં સ્થિર થઈ જઈએ છીએ ત્યારે વસ્તુસ્થિતિ પલટાઈ જઈ મોટામાં મોટી ભૂલ અને ગોટાળો થાય છે. **એકની એક સ્થિતિ સદા રહે એવો પ્રયત્ન કરવો, એ નુકસાનકારક અને દુઃખકારક છે.** મનુષ્ય જ્યારે અમુકજ નામ કે કામનો દાસ બને છે ત્યારે તેનું અધઃપતન થવા લાગે છે. એવી એક વાત છે કે દુરાચારી સોડોમ અને ગોમોરાના શહેરને બાળીને ખાખ કરવા પહેલાં પ્રભુએ તે શહેરમાં રહેતા પોતાના ભક્ત લૉટને તેના પરિવારસહ શહેરમાંથી નીકળી જવાનું કહ્યું હતું. વિશેષમાં તેમને ખાસ જણાવ્યું હતું કે તમારે શહેર છોડીને નીકળ્યા પછી પાછું વાળીને શહેર તરફ જરા પણ જોવું નહિ. લૉટની સ્ત્રી પણ પોતાના પતિ અને કુટુંબ સાથે શહેરની બહાર નીકળી તો ખરી; પરંતુ તેણીનું મન તેણીના ઘરમાં અને શહેરમાં ભરાઈ રહ્યું હતું, તે તેણીને પાછું ખેંચતું હતું. તેણીને તો શહેરમાં અને ઘરમાંજ રહેવાની તીવ્ર ઇચ્છા હતી, તેથી તેણીનાથી શહેર તરફ પાછું વાળીને જોયા સિવાય રહી શકાયું નહિ. પણ તેમ કરવાથી તેણી તેની તેજ જગ્યાએ એક મીઠાનો થાંભલો બની ગઈ! જે લોકો પ્રગતિના માર્ગમાં હોવા છતાં જૂનું છોડી આગળ વધવા ઇચ્છતા નથી તેમની પણ એવી દશા થાય છે. એકની એક સ્થિતિમાં રહેવું એ તેમને માટે કદાચ સારૂં હશે; પરંતુ જે ક્ષણે લોકોનો પાછા હઠવાની વૃત્તિ થાય છે અને આગળ પ્રગતિ કરતા અટકે છે, તેમજ જે ક્ષણે પોતાની જાતને નામ અને રૂપને વેચે છે, તેજ ક્ષણે તેઓ મીઠાના થાંભલા બની જાય છે. સ્થિરતા (પ્રગતિનો અભાવ) અથવા ધર્માંધપણું (Fanaticism) એ અનેક દુઃખો અને આપત્તિનું કારણ છે. માટે આ પ્રાણીવર્ગના લોકોએ એકને એક સ્થળે સ્થિર ન રહેતાં સદા આગળને આગળજ વધવું જોઈએ.

ચોથું વર્તુલ–સ્વદેશસ્વાર્થી મનુષ્યો.

હવે આપણે ૪ મધ્ય બિંદુવાળું ચોથું વર્તુલ લઈએ. આ વર્તુલમાં મનુષ્ય એ મનુષ્યસ્વરૂપમાંજ છે; પોતાની યથાર્થ સ્થિતિમાંજ છે. આ વર્તુલને ચંદ્રના વર્તુલ સાથે સરખાવી શકાય છે—જો કે નહિ પણ આકૃતિ સમાન લંબગોળ છે. આ વર્તુલના મનુષ્ય કેવા હોય છે! આ વર્તુલનો પરિઘ ઘણોજ મોટો છે. આ વર્તુલની અંદરના મનુષ્યો કવચિત સુખી પણ હોય છે આ વર્ગના મનુષ્યો સમસ્ત રાષ્ટ્રને પોતાનુંજ માને છે. એમનો આત્મા સમસ્ત રાષ્ટ્રમાં વિસ્તાર પામેલો હોય છે. આ વર્ગના મનુષ્યોને તમે સ્વદેશાભિમાની મનુષ્યો કહી શકશો. તેનું વર્તુલ ઘણું વિશાળ હોય છે. જે સ્વદેશબંધુઓને માટે તેઓ કામ કરે છે તેનાં ધર્મ, જાતિ, વર્ણ, એવા કશા ભેદો તરફ તેઓ ધ્યાન આપતા નથી. દેશની અંદર રહેનારા સર્વે બાંધવોનું હિત કરવાને તેઓ મહા યત્ન કર્યા કરે છે. આ વર્ગના મનુષ્યોને ઘણા લાભ [illegible] તેઓ સન્માનને પાત્ર છે. આવા મનુષ્યોની સર્વ સ્થળે ઘણી જરૂર છે. છતાં તે માત્ર [illegible] છે. તમે જાણો છો કે ચંદ્રને લઈને સમુદ્રમાં ફેરફારો થાય છે, તેને લઈને [illegible] ભરતી અને ઓટ થયા કરે છે, તે ઉપરાંત તમને ખબર હશે કે ચંદ્ર મનુષ્ય ઉપર

[illegible] થાય છે. [illegible] લોકો આ [illegible] પરંતુ જ્યારે આ લોકો પોતાની

[illegible] [illegible] ની એક સ્થિતિનેજ વળગી

[illegible] [illegible] અર્થ દેશાભિમાન મનુષ્યો.)

[illegible] [illegible] થવું સારું અનર્થ થાય છે.

માં જ્યાં ત્યાં ઉન્માદ ફેલાય છે. એનાથી રાષ્ટ્ર રાષ્ટ્રમાં વિરોધ થાય છે. જ્યાં ત્યાં યુદ્ધ
ી રક્તપાત થાય છે. હજારો તો શું પણ લાખો મનુષ્યોની કતલ થઈ જ્યાં ત્યાં લોહીની
ઓ વહે છે અને આ સુંદર પૃથ્વીનું રમણીય વદન રક્તમય બની જાય છે. જેઓને તેઓ
તાના વર્તુલમાં ગણે છે, અર્થાત્ જેઓને તેઓ સ્વદેશાભિમાનથી પોતાના માને છે તેઓને
ટે તો તેઓ ઘણાજ સારા છે; પરંતુ જેઓને તેઓ પોતાના વર્તુલમાં ગણતા નથી, તેઓ
તે તેઓનું કેવું વર્તન હોય છે તે તમે જુઓ. અમેરિકાના વતનીઓ માટે વૉશિંગ્ટન ઘણો
રો છે, પરંતુ તેને માટે અંગ્રેજોનો અભિપ્રાય પૂછો. એજ પ્રમાણે ઈંગ્લાંડના સ્વદેશાભિમાની
રૂષો પોતાની માતૃભૂમિ માટે ઘણા સારા છે, પરંતુ તેમના દેશાભિમાનથી જેનાં રક્ત
ડાયાં છે, તેમનો તેમને માટે શો અભિપ્રાય છે તે જુઓ.

પાંચમું વર્તુલ—આત્મપ્રાપ્ત દેવમનુષ્યો.

હવે છેલ્લે આપણે પાંચમું વર્તુલ લઈએ. આ વર્તુલનું મધ્યબિંદુ અનંત અંતરે પહોં-
ચેલું છે. તેની ત્રિજ્યા (વર્તુલના મધ્યબિંદુથી તે વર્તુલના ઘેરાવા સુધી કાઢેલી રેખા)
અનંત થઈ ગઈ છે. તેનું વર્તુલ કેવું છે ? જ્યારે વર્તુલની ત્રિજ્યા અનંત થાય છે, ત્યારે
તેનું વર્તુલ સીધી લીટીજ થઈ જતી જોઈએ; તેની વક્રતા જતી રહે છે. તે સીધી લીટી એક
સરખી રીતે બરાબર સીધી ને સીધીજ ચાલી જાય છે. એ કોઈ પણ ભાગમાં અંતર્વૃત્ત કે
બહિર્વૃત હોતી નથી, કારણ કે તેમાં ક્યાંએ વાંક હોતો નથી. આ વર્તુલ તે વર્તુલ નહિ પણ
સીધી લીટીજ બની જાય છે. આની અંદર રહેલા લોક તે દેવલોક છે. આ વર્તુલને સૂર્યના
વર્તુલ સાથે સરખાવી શકાય. સૂર્ય સીધી લીટીમાંજ ગતિ કરે છે અને તેના વર્તુલની
ત્રિજ્યા અનંત છે તે તમે જાણો છો. આ એવું એક વર્તુલ છે કે જેનું મધ્યબિંદુ સર્વત્ર છે,
પરંતુ જેનો ઘેરાવો (પરિધ) ક્યાંએ નથી. આ દેવવર્ગનું વર્તુલ છે, અને એની અંદર રહેલા
લોકો તે મુક્ત પુરૂષો છે. સર્વ પ્રકારના શોક, ભય, દુઃખ, વાસના અને સ્વાર્થ એ બધાથી
તેઓ મુક્ત થઈ જાય છે. આ સીધી લીટીમાં ક્યાંએ આપણને સ્વાર્થ નહિ જણાય. સીધી
લીટી એ સીધી લીટીજ છે, તેમાં ક્યાંએ બદ્ધ કરે એવું, દાસ બનાવે એવું મધ્યબિંદુ હોતુંજ નથી. તે
લીટી એક સરખી રીતે બરાબર સીધી ને સીધીજ ચાલી જાય છે. તેની અંદર કોઈ પણ સ્વાર્થી ક્ષુદ્ર
મધ્યબિંદુ હોતું નથી કે જેની આસપાસ તે વર્તુલના રૂપમાં ફરી વળે. ત્યાં વર્તુલ થવા જેવું
કશુંજ હોતું નથી. અહીં સંકુચિત વૃત્તિ અને સ્વાર્થનો નાશ થઈ ગએલો હોય છે, અથવા બીજા
શબ્દોમાં કહીએ તો અહીં પોતાના સત્ય સ્વરૂપ આત્માની પ્રાપ્તિ થઈ ગએલી હોય છે. હવે
તમે જુઓ કે પ્રથમ એક નાનું સૂક્ષ્મબિંદુ સમાન વર્તુલ, કેવળ નિજ ઉદરભરી—સ્વાર્થીપણું
હતું, તે વર્તુલ ક્રમે ક્રમે વધતું વધતું, વિસ્તાર અને વિકાસ પામતું પામતું અંતે એક
સીધી લીટી થઈ જાય છે. આ સીધી લીટીની દશામાં આવેલાં મનુષ્યો તે ઈશ્વરસ્વરૂપ મનુષ્યો
છે. આ મનુષ્યો એવી કોટીનાં હોય છે કે જેઓને ન્યાત, જાત, વર્ણ, પંથ, ધર્મ કે દેશના
ભેદ, એ કશું હોતું નથી. તેઓને મન અખિલ વિશ્વ પોતાનું ઘર બને છે. તમે ભલે
અંગ્રેજ હો, અમેરિકન હો, મુસલમાન હો, બૌદ્ધ હો, કે હિંદુ હો, ગમે તે હો, તોપણ તમે
બધા 'રામ'ના આત્માજ છો. તમે બધા 'રામ'ને પરમાત્મારૂપ છો. અહીં આત્માનું સંકુચિત-
પણું અદ્ભુત રીતે વિકાસ પામે છે. આ એક વિલક્ષણ પ્રકારનો સ્વાર્થ છે. આ વિશાળ વિશ્વ તે

મારૂં નિજ શરીર છે. આ આખું વિશ્વ, તેની અંદરનાં ક્ષુદ્ર જંતુઓ, ખનીજ પદાર્થ, વનસ્પતિ પદાર્થ વગેરે સર્વનો આત્મા તે આ મનુષ્યનો આત્મા છે.

પરમમુક્ત દશાને પામેલા આવા એક મહાત્મા હતા. કોઈ એક પુરૂષ તે મહાત્માનો શિષ્ય થઈને તેમના ચરણકમળમાં એકાદું વર્ષ રહ્યો. ત્યાર પછી જ્યારે તે શિષ્ય ત્યાંથી વિદાય થવાને માટે પોતાના ગુરૂની આજ્ઞા લેવા ગયો, ત્યારે તે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી પોતાના ગુરૂના ચરણકમળને વળગી પડયો. ગુરૂએ મંદ મંદ હાસ્ય કરતાં શિષ્યને ઉઠાડીને કહ્યું કે, "પ્રિય વત્સ ! તારે જે શીખવું જોઈએ તે તું હજી શીખ્યો નથી. હજુ તારે શીખવાનું ઘણું બાકી છે તેથી તું અહીં થોડો વધારે વખત રહે." ગુરૂની આજ્ઞા માની તે શિષ્ય બીજા કેટલાક દિવસ પોતાના ગુરૂના સહવાસમાં રહ્યો; અને દિનપ્રતિદિન તેને આત્મસ્ફુરણ થતું ગયું. તેનું હૃદય પરમાત્મામાં મગ્ન થતું ગયું. તે પૂર્ણપણે પવિત્રાત્મા થઈ ગયો. ગુરૂ અને શિષ્ય એવું ભેદનું ભાન જ્યારે તેને ન રહ્યું તે અરસામાં તેણે પોતાના ગુરૂનો વાસ છોડી આગળ વિચરવા માંડયું. આ સમસ્ત વિશ્વ પોતાનો આત્મા છે એવો સાક્ષાત્કાર કરતો તે ત્યાંથી ચાલી નીકળ્યો; અને આખું વિશ્વ એ એનો પોતાનો આત્મા હોવાથી તેને-આત્માને કયાં જવાનું હોઈ શકે ? જ્યારે આત્મા દરેક અણુ પરમાણુમાં વ્યાપ્ત અને ભરપૂર છે ત્યારે તેને કયાં લઈ જવા લાવવાનું હોઇ શકે ? તેને મન જવા આવવાનો ખ્યાલ એ કેવળ અર્થવગરનો થઇ જાય છે. જે સ્થળે જવાની તમારી ઈચ્છા છે, તે સ્થળે તમે જો ન હો, તોજ તમારે તે સ્થળે જવાનું હોઈ શકે; પરંતુ તેણે તો પોતાને સર્વત્ર જોયો છે, તેણે પોતાના સત્ય સ્વરૂપનું, અંતરાત્મા-પ્રભુનું, સર્વવ્યાપક પ્રભુનું, સર્વત્ર દર્શન કરેલું છે, તો પછી તેને જવાનો કે આવવાનો વિચારજ કયાંથી આવી શકે ? તે આત્મા સાક્ષાત્કારની સ્થિતિમાં હતો. શરીરની ગતિ એ એને એક જાતની પ્રતિક્રિયા હતી. તે પોતે પોતાનામાં હતો; તેને માટે જવું, આવવું, એ કાંઇએ નહોતું. શિષ્યને આવી સ્થિતિ પ્રાપ્ત થતાં તેના ગુરૂને સંતોષ થયો. ગુરૂએ પોતાના શિષ્યની પરિક્ષા કરી અને શિષ્ય ગુરૂની પરિક્ષામાં ફતેહમંદ થઇ પાર ઉતર્યો. આવી પરમ સ્થિતિ પ્રાપ્ત થઇ. તોએ શિષ્યે પોતાના ગુરૂનો ઉપકાર માન્યો નહિ, તેમજ કોઈ જાતની તેમના તરફ પૂજ્યબુદ્ધિ બતાવી નહિ. તે એવો તો એકતાની સ્થિતિમાં સ્થિત થયો કે તે કોઇ પણ જાતની આભારની વૃત્તિથી પર થઇ ગયો. શિષ્યની આવી પરમ સ્થિતિ જોઈ ગુરૂને ખાત્રી થઈ કે શિષ્ય પોતાના ઉપદેશનો બરાબર લક્ષ્યાર્થ સમજ્યો છે. આ પરમ સ્થિતિ છે. આવી પરમ સ્થિતિમાં જો તમે ગુરૂને માન આપો તો તે તમને કહેશે કે, "તમે મને અલ્પ બનાવો છો, મર્યાદિત કરો છો, હું કાંઇ આ શરીરમાં પુરાયલો નથી, હું આ નાનું સરખું શરીરજ નથી; પણ હું આ સમસ્ત વિશ્વરૂપ છું. તમે તે પણ હું છું અને તમેજ તમારા સ્વરૂપમાં મને માન આપો છો." મનુષ્યની આ એક એવી સ્થિતિ છે કે જ્યાં કોઈ માણસ કોઈને કાંઇ સ્થુલ ભાવો આપતો નથી. મનુષ્યની આ એક એવી સ્થિતિ છે કે જ્યાં શરીરને અર્થે માન અને અપમાન કેવળ નિરર્થક છે. જ્યાં કીર્તિ અને અપકીર્તિ, એ કાંઇએ નથી.

હિંદુસ્તાનમાં કોઈ એક મહાત્મા સાધુ પુરૂષની પાસે કોઈ એક રાજા એક દિવસ દર્શનાર્થે આવ્યો, અને તે તેના ચરણકમળમાં દંડવત્ પ્રણામ કરી ઉભો રહ્યો. તે સંતે તે રાજાને આવી રીતે પૂજ્યભાવ બતાવવાનું કારણ પૂછયું. રાજાએ તેના કારણમાં ઉત્તર આપ્યો:-" હે ગુરૂ ! હે પવિત્ર પુરૂષ! આપ સંત પુરૂષ છો, તેમજ આપ એક વખત રાજા હોઈ

...જ્ય કરતા હતા, તે રાજ્યપાટ સર્વ ત્યાગ કરી આપે આ સ્થિતિ સ્વીકારી છે. આપ પરમ ત્યાગી પુરૂષ છો, તેથી હું આપને ઈશ્વર સમાન માનું છું અને આપ પ્રતિ પૂજ્યભાવ બતાવું છું." તમે જાણો છો કે હિંદુસ્તાનમાં લોકો ત્યાગી પુરૂષને જેટલું માન આપે છે તેટલું ધન ધનવાન પુરૂષને પણ આપતા નથી. હિંદુસ્તાનમાં મનુષ્યમાં જેટલા પ્રમાણમાં ત્યાગ હોય છે તેટલા પ્રમાણમાં તેને માન આપવામાં આવે છે. આ સિદ્ધાંત અહીંના અમેરિકાના માન આપવાના સિદ્ધાંતથી તદ્દન જુદી જાતનો છે. ત્યાં દ્રવ્ય કરતાં સર્વ શક્તિમાન પ્રભુમાં વિશેષ વિશ્વાસ રાખવામાં આવે છે. આ રાજા ત્યાગી પુરૂષને માન આપતો હતો. એ સંત પુરૂષે પાછું રાજાને કહ્યું:–"તમે મને માન આપો છો તેનું કારણ જો આજ હોય, તો મારે તમારા ચરણ દઈ તમારા ચરણકમળમાં નમવું જોઈએ; કારણ કે હે રાજન્! દુનિયાના સર્વ ત્યાગી પુરૂષો કરતાં પણ તમે ચઢી જાઓ એમ છે." રાજાએ કહ્યું:–આ પણ આશ્ચર્યકારક છે. આ કેવી રીતે બની શકે? આનો ખુલાસો તે મહાત્માએ આપવા માંડ્યો: "ધારો કે અહીં એક માણસ છે, તેની પાસે એક ભવ્ય મહેલ છે. એ માણસ તે મહેલમાંથી માત્ર ધૂળ અને કચરોજ બહાર ફેંકી દે છે; ધૂળ અને કચરાનોજ તે માત્ર ત્યાગ કરે છે. આ માણસને ત્યાગ કરનારો કહી શકાય ખરો?" રાજાએ જવાબ આપ્યો:–"ના, કદિ નહિ." પાછું તે સંત પુરૂષે પોતાનું કહેવું આગળ ચલાવ્યું. "અહીં એક બીજો એવો માણસ છે કે જે કચરો ધૂળ વગેરે પોતા પાસે ભેગું થવા દે છે અને આખી પોતાની રહેવાની ઉત્તમ હવેલીજ બીજાને આપી દે છે. આ માણસને તમે કેવો કહેશો?" રાજાએ કહ્યું:–"જે માણસ ધૂળ અને કચરો રહેવા દઈને ઘર બીજાને અર્પણ કરી દે છે, તેજ માણસ ખરો ત્યાગી પુરૂષ છે." પાછા સંત પુરૂષ બોલ્યા:–"હે રાજન્! ત્યારે આવી રીતે તો તમેજ ખરેખરા ત્યાગી પુરૂષ છો, કારણ કે સત્ય સ્વરૂપ આત્મા–ઈશ્વર કે જે મહાન મહેલ, આપણું સાચું ઘર, નંદનવન અને સ્વર્ગનું પણ સ્વર્ગ છે, તેનો તો તમે ત્યાગ કર્યો છે, અને માત્ર એ મહાન મહેલનો ધૂળ અને કચરો કે જે તમારૂં શરીર અને તમારો અલ્પ સ્વાર્થ છે. તેને તો તમે જેમનો તેમ રહેવા દીધો છે. મેં તો કશાનો પણ ત્યાગ કર્યો નથી અને હું તો દેવોનો પણ દેવ અને અખિલ બ્રહ્માંડનો માલિક છું."

કેટલીક વખત લોકો જીવનક્રમમાં આવા પરમપદને પામેલા જીવન્મુક્ત મહાત્માઓની અવગણના કરે છે, અને તેઓ તેમને દિવાના કહે છે; પરંતુ એ મહાત્માઓને તમે પૂછી જુઓ કે "આ વિશ્વની સર્વ રિદ્ધિ, સિદ્ધિ અને સંપત્તિ તમને આપીએ અને તેના બદલામાં આત્માના દિવ્ય નિશામાંથી મળતું દિવ્ય સુખ અને પરમ આનંદ તમે અમને આપશો ખરા"? 'કદિ નહિ, કદિ નહિ.' ઉલટી આ મહાત્માઓને આ દુનિયાના કહેવાતા ધનાઢ્યો કે જે વિષય સુખને અર્થે આ દુનિયામાં ઘેરઘેર માગતા ફરે છે; તેમની માગણવૃત્તિનીજ દયા આવે છે. ખરૂં સુખ તો તમારી અંદરજ છે. અને જો તેમજ છે તો શા માટે તમે માગણનો પાઠ ભજવો છો અને કંગાળ તથા શોચનીય સ્થિતિમાં ઘેરઘેર ભટકો છો? તેમજ એક દયાપાત્ર જંતુ સમાન થઈ વર્તો છો? આવો, તમે તમારો સત્ય સ્વરૂપનો–સર્વ શક્તિ માન ઈશ્વરનો સાક્ષાત્કાર કરો અને આનંદના ઉછાળામાં તમારા હૃદયમાં નીચેનું ગીત રોમેરોમ સ્ફુરવા દો.

રવિ-બિંબમાં પ્રભા રૂપે ને ચંડ રવિ થઈ હું તપું,
ઝીણો ધ્વનિ હું પવનનો, તોફાની દરિયો થઈ કુદું;

મારૂં નિજ શરીર છે. આ આખું વિશ્વ, તેની અંદરનાં ક્ષુદ્ર જંતુઓ, ખનીજ પદાર્થ, વનસ્પતિ પદાર્થ વગેરે સર્વનો આત્મા તે આ મનુષ્યનો આત્મા છે.

પરમમુક્ત દશાને પામેલા આવા એક મહાત્મા હતા. કોઈ એક પુરૂષ તે મહાત્માનો શિષ્ય થઈને તેમના ચરણકમળમાં એકાદું વર્ષ રહ્યો. ત્યાર પછી જ્યારે તે શિષ્ય ત્યાંથી વિદાય થવાને માટે પોતાના ગુરૂની આજ્ઞા લેવા ગયો, ત્યારે તે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી પોતાના ગુરૂના ચરણકમળને વળગી પડયો. ગુરૂએ મંદ મંદ હાસ્ય કરતાં શિષ્યને ઉઠાડીને કહ્યું કે, "પ્રિય વત્સ ! તારે જે શીખવું જોઈએ તે તું હજી શીખ્યો નથી. હજુ તારે શીખવાનું ઘણું બાકી છે તેથી તું અહીં થોડો વધારે વખત રહે." ગુરૂની આજ્ઞા માની તે શિષ્ય બીજા કેટલાક દિવસ પોતાના ગુરૂના સહવાસમાં રહ્યો; અને દિનપ્રતિદિન તેને આત્મસ્ફુરણ થતું ગયું. તેનું હૃદય પરમાત્મામાં મગ્ન થતું ગયું. તે પૂર્ણપણે પવિત્રાત્મા થઈ ગયો. ગુરૂ અને શિષ્ય એવું બેવડું ભાન જ્યારે તેને ન રહ્યું તે અરસામાં તેણે પોતાના ગુરૂનો વાસ છોડી આગળ વિચરવા માંડયું. આ સમસ્ત વિશ્વ પોતાનો આત્મા છે એવો સાક્ષાત્કાર કરતો તે ત્યાંથી ચાલી નીકળ્યો; અને આખું વિશ્વ એ એનો પોતાનો આત્મા હોવાથી તેને-આત્માને ક્યાં જવાનું હોઈ શકે ? જ્યારે આત્મા હરેક અણુ પરમાણુમાં વ્યાપ્ત અને ભરપૂર છે ત્યારે તેને ક્યાં લઈ જવા આવવાનું હોઇ શકે ? તેને મન જવા આવવાનો ખ્યાલ એ કેવળ અર્થવગરનો થઈ જાય છે. જે સ્થળે જવાની તમારી ઈચ્છા છે, તે સ્થળે તમે જો ન હો, તોજ તમારે તે સ્થળે જવાનું હોઇ શકે; પરંતુ તેણે તો પોતાને સર્વત્ર જોયો છે, તેણે પોતાના સત્ય સ્વરૂપનું, અંતરાત્મા-પણાનું, સર્વવ્યાપક પણાનું, સર્વત્ર દર્શન કરેલું છે, તો પછી તેને જવાનો કે આવવાનો વિચારજ ક્યાંથી આવી શકે ? તે આત્મા સાક્ષાત્કારની સ્થિતિમાં હતો શરીરની ગતિ તો એને એક જાતની પ્રતિક્રિયા હતી. તે પોતે પોતાનામાં હતો; તેને મારે જવું, આવવું, એ કાંઇએ નહોતું. શિષ્યને આવી સ્થિતિ પ્રાપ્ત થતાં તેના ગુરૂને સંતોષ થયો. ગુરૂએ પોતાના શિષ્યની પરીક્ષા કરી અને શિષ્ય ગુરૂની પરીક્ષામાં ફતેહમંદ થઈ પાર ઉતર્યો. આવી પરમ સ્થિતિ પ્રાપ્ત થઇ. તોએ શિષ્યે પોતાના ગુરૂનો ઉપકાર માન્યો નહિ, તેમજ કોઈ જાતની તેમના તરફ પૂજ્યબુદ્ધિ બતાવી નહિ. તે એવો તો એકતાની સ્થિતિમાં સ્થિત થયો કે તે કોઈ પણ જાતની વિભાગની વૃત્તિથી પર થઇ ગયો. શિષ્યની આવી પરમ સ્થિતિ જોઈ ગુરૂને ખાત્રી થઈ કે શિષ્ય પોતાના ઉપદેશનો બરાબર તત્ત્વાર્થ સમજ્યો છે. આ પરમ સ્થિતિ છે. આવી પરમ સ્થિતિમાં એ તમે ગુરૂને માન આપો તો તે તમને કહેશે કે, "તમે મને આદર આપો છો, વંદન કરો છો, હું કાંઇ આ શરીરમાં પુરાયલો નથી, હું આ નાનું સરખું શરીર નથી; પણ હું આ સમસ્ત વિશ્વરૂપ છું. તમે તે પણ હું છું અને તમેજ તમારા સ્વરૂપમાં મને માન આપો છો." મનુષ્યની આ એક એવી સ્થિતિ છે કે જ્યાં કોઈ આભાર કોઈને કોઈ સ્તુતિ કોઈ અર્પતો નથી. મનુષ્યની આ એક એવી સ્થિતિ છે કે જ્યાં સ્તુતિને માટે માન અને અપમાન કેવળ નિરર્થક છે. જ્યાં કીર્તિ અને અપકીર્તિ, એ કાંઇએ નથી

હિંદુસ્તાનમાં કોઈ એક મહાત્મા સાધુ પુરૂષની પાસે કોઈ એક રાજા એક દિવસ દર્શને આવ્યો, અને તે તેના ચરણકમળમાં દંડવત્ પ્રણામ કરી ઉઠ્યો. રાજા તે મહાત્માને [illegible] પુછ્યું. મહાત્માએ તેના જવાબમાં ઉત્તર આપ્યો કે રાજા! હે પવિત્ર પુરૂષ! આપ [illegible] પુરૂષ છો, તેમજ આપ એક [illegible]

રાજ્ય કરતા હતા, તે રાજ્યપાટ સર્વ ત્યાગ કરી આપે આ સ્થિતિ સ્વીકારી છે. આપ પરમ ત્યાગી પુરૂષ છો, તેથી હું આપને ઈશ્વર સમાન માનું છું અને આપ પ્રતિ પૂજ્યભાવ બતાવું છું." તમે જાણો છો કે હિંદુસ્તાનમાં લોકો ત્યાગી પુરૂષને જેટલું માન આપે છે તેટલું માન ધનવાન પુરૂષને પણ આપતા નથી. હિંદુસ્તાનમાં મનુષ્યમાં જેટલા પ્રમાણમાં ત્યાગ હોય છે તેટલા પ્રમાણમાં તેને માન આપવામાં આવે છે. આ સિદ્ધાંત અહીંના અમેરિકાના માન આપવાના સિદ્ધાંતથી તદ્દન જુદી જાતનો છે. ત્યાં દ્રવ્ય કરતાં સર્વ શક્તિમાન પ્રભુમાં વિશેષ વિશ્વાસ રાખવામાં આવે છે. આ રાજા ત્યાગી પુરૂષને માન આપતો હતો. એ સંત પુરૂષે પાછું રાજાને કહ્યું:–"તમે મને માન આપો છો તેનું કારણ જો આજ હોય, તો મારે તમારા ચરણ ધોઈ તમારા ચરણકમળમાં નમવું જોઇએ; કારણ કે હે રાજન! દુનિયાના સર્વ ત્યાગી પુરૂષો કરતાં પણ તમે ચઢી જાઓ એમ છે." રાજાએ કહ્યું:–આ ઘણું આશ્ચર્યકારક છે. આ કેવી રીતે બની શકે? આનો ખુલાસો તે મહાત્માએ આપવા માંડયો: "ધારો કે અહીં એક માણસ છે, તેની પાસે એક ભવ્ય મહેલ છે. એ માણસ તે મહેલમાંથી માત્ર ધૂળ અને કચરોજ બહાર ફેંકી દે છે; ધૂળ અને કચરાનોજ તે માત્ર ત્યાગ કરે છે. આ માણસને ત્યાગ કરનારો કહી શકાય ખરો?" રાજાએ જવાબ આપ્યો:–"ના, કદિ નહિ." પાછું તે સંત પુરૂષે પોતાનું કહેવું આગળ ચલાવ્યું. "અહીં એક બીજો એવો માણસ છે કે જે કચરો ધૂળ વગેરે પોતા પાસે ભેગું થવા દે છે અને આખી પોતાની રહેવાની ઉત્તમ હવેલીજ બીજાને આપી દે છે. આ માણસને તમે કેવો કહેશો?" રાજાએ કહ્યું:–"જે માણસ ધૂળ અને કચરો રહેવા દઇને ઘર બીજાને અર્પણ કરી દે છે, તેજ માણસ ખરો ત્યાગી પુરૂષ છે." પાછા સંત પુરૂષ બોલ્યા:–"હે રાજન્! ત્યારે આવી રીતે તો તમેજ ખરેખરા ત્યાગી પુરૂષ છો, કારણ કે સત્ય સ્વરૂપ આત્મા–ઈશ્વર કે જે મહાન મહેલ, આપણું સાચું ઘર, નંદનવન અને સ્વર્ગનું પણ સ્વર્ગ છે, તેનો તો તમે ત્યાગ કર્યો છે, અને માત્ર એ મહાન મહેલનો ધૂળ અને કચરો કે જે તમારૂં શરીર અને તમારો અલ્પ સ્વાર્થ છે, તેને તો તમે જેમનો તેમ રહેવા દીધો છે. મેં તો કશાનો પણ ત્યાગ કર્યો નથી અને હું તો દેવોનો પણ દેવ અને અખિલ બ્રહ્માંડનો માલિક છું."

કેટલીક વખત લોકો જીવનક્રમમાં આવા પરમપદને પામેલા જીવન્મુક્ત મહાત્માઓની અવગણના કરે છે, અને તેઓ તેમને દિવાના કહે છે; પરંતુ એ મહાત્માઓને તમે પૂછી જુઓ કે "આ વિશ્વની સર્વ ઋદ્ધિ, સિદ્ધિ અને સંપત્તિ તમને આપીએ અને તેના બદલામાં આત્માના દિવ્ય નિધાનમાંથી મળતું દિવ્ય સુખ અને પરમ આનંદ તમે અમને આપશો ખરા"? 'કદિ નહિ, કદિ નહિ.' ઉલટી આ મહાત્માઓને આ દુનિયાના કહેવાતા ધનાઢયો કે જે વિષય સુખને અર્થે આ દુનિયામાં ઘેરઘેર માગતા ફરે છે; તેમની માગણવૃત્તિનીજ દયા આવે છે. ખરૂં સુખ તો તમારી અંદરજ છે. અને જો તેમજ છે તો શા માટે તમે માગણનો પાઠ ભજવો છો અને કંગાળ તથા શોચનીય સ્થિતિમાં ઘેરઘેર ભટકો છો? તેમજ એક દયાપાત્ર જંતુ સમાન થઈ વર્તો છો? આવો, તમે તમારો સત્ય સ્વરૂપનો–સર્વ શક્તિ માન ઈશ્વરનો સાક્ષાત્કાર કરો અને આનંદના ઉછાળામાં તમારા હૃદયમાં નીચેનું ગીત હમેશાં સ્ફુરવા દો.

રવિ–બિંબમાં છાયા રૂપે ને ચંદ રવિ થઇ હું તપું,
ઝીણો ધ્વનિ હું પવનનો, ભોકાની દરિયે મોજ ફરૂં;

'વિરમો અહીં' પરમાણુઓને હું કહું છું કર્ણમાં,
ફરમાવું હું ગોળા તમોને વિચરતા રહો ગગનમાં.
લાલી હું પ્રાતઃકાળની વાયુ-લહર હું સાંજની,
આશકની ઇશ્કી અર્જ હું ક્ષીતિજ હું માશુકની;
યોદ્ધો હું ને તરવાર હું જેથી થતો ઘાએલ હું,
યોદ્ધાની જનનીના હૃદયમાં ભય સ્ફુરતો તેય હું.
ગુલાબ, ને તેનો કવિ બુલબુલ, તેનું ગાન હું,
ચકમક સ્ફુલિંગો, જ્યોતિ હું, ઉડતા પતંગો તેય હું;
નીશોય હું, મદિરાય હું, આ દ્રાક્ષ ને ભઠ્ઠીજ હું,
યજમાન, અતિથિ, ને મુસાફિર, પ્યાલો મઝાનો હુંજ હું.

અહો! તમારા આત્માનો મહિમા અને પ્રતાપ આ ભૂમંડળના રાજાઓના દમામને હસી કાઢે છે.

આવું અદ્‌ભૂત સ્વર્ગ તમે છો, સત્, ચિત્ અને આનંદ સ્વરૂપ તમે છો.

ૐ ૐ ૐ



१३—अद्वैत अने द्वैतनुं सम्मिलन.*

દ્વૈત અને અદ્વૈત રૂપ સત્તારીઓ અને સદ્‌ગૃહસ્થો !

આજના વિવેચનનો વિષય ઘણો ગહન અને અઘરો છે. જેઓ તત્ત્વજ્ઞાનથી કાંઈક અંશે પણ પરિચિત હશે તેઓજ આ વિષય સમજી શકશે. છતાં તે ન સમજાયાથી તમે બધાંએ શ્રમિત થઈ કંટાળીને ચાલ્યાં જાઓ અથવા તો આખું જગત તે સાંભળીને સમજે તેનો 'રામ'ને હર્ષ કે શોક નથી. "સત્ય" લોકપ્રિયતાની તમામ તૃષ્ણાઓથી પર છે. વિજ્ઞાનશાસ્ત્રના નિયમોને લોકો સમજે અગર ન સમજે, અથવા તો તે લોકપ્રિય થાય કે ન થાય; તોપણ તે નિયમો આખી સૃષ્ટિનું તંત્ર ચલાવતા હતા, ચલાવે છે અને ચલાવ્યા કરશેજ. ગુરૂત્વાકર્ષણનો નિયમ સર આઈઝેક ન્યૂટને શોધી કહાડયો તે પહેલાં પણ તે નિયમ તેવોજ હતો, હજી તેવોજ છે ને ભવિષ્યમાં પણ તેવોજ રહેશે. આ પ્રમાણે વિશ્વમાં કેટલાક એવા મહાન અને અચળ નિયમો છે કે જેને લોકો શોધી કે સમજી શકે નહિ, તોપણ જગતનું તંત્ર તે નિયમો પ્રમાણેજ ચાલતું આવ્યું છે અને ચાલ્યા કરવાનું. એકાદ પ્રકાશમાન હીરો ખાણમાં પડી રહેલો હોય ત્યાં જઈને કોઈ માણસ તેને લે નહિ તોપણ તે હીરો તો તેવો ને તેવોજ પોતાના પ્રકાશથી પ્રકાસ્યા કરવાનો. લોકો તેને લઈને પોતાના શિર ઉપર મૂકે અથવા તો તેના ઉપર જરાએ ધ્યાન ન આપે તેથી હીરામાં તો કશોજ ફેર પડનાર નથી.

આ વિષય ઘણો કઠિન છે. તમે એક ચિત્તથી અને ધ્યાનપૂર્વક લક્ષ આપશો તોજ તેને સમજી શકશો. "આવા ગૂઢ, માનસિક અને તાત્વિક વિષય ઉપર વિવેચન કરવાથી શો ફાયદો છે ? અમારે તેની જરૂર નથી. અમારે તો રોકડ નાણાંની જરૂર છે, અમારે તો કાંઈક વ્યાવહારિક પદાર્થો જોઈએ છે." એમ કહેવાની તમારે જરૂર નથી. રામ વ્યાવહારિક વિષયો ઉપર વિવેચન કરે છે, પણ તેની સાથે તાત્વિક અને માનસિક વિષયોની પણ જરૂર છે. સિદ્ધાન્તની મદદ વગર કોઈ પણ સત્ય સમજાવી શકાય નહિ. તમે જાણો છો કે તમારો બધો વ્યવહાર પણ માત્ર તમારા સ્વીકારેલા સિદ્ધાન્તોનું, ક્રિયામાં રૂપાન્તર હોય સિવાય બીજું કશુંજ નથી. તમારે કાંઈ લખવાનું હોય છે ત્યારે તમારી કલમ તે કાર્ય શરૂ કરે તે પહેલાં તમારા મનમાં તે આખો વિષય સિદ્ધાન્ત રૂપે ખડો થએલો હોવો જોઈએ. હમેશાં સિદ્ધાન્ત ક્રિયાથી પહેલાં જણાય છે. જ્યારે તમારે કોઈ જગ્યાએ જવું હોય ત્યારે ચાલવાની ક્રિયાની તમને ગમે તેટલી ટેવ પડી ગએલી હોવા છતાં તમારા મનમાં તમારા સ્નાયુ અને ગતિ ઉપર સત્તા ચલાવવાનો વિચાર આવ્યા સિવાય એક પગલું પણ તમારાથી આગળ ભરી શકાશે નહિ. કોઈ પણ વિદ્યાર્થીના મનમાં પ્રથમ પાઠશાળાનો ખ્યાલ આવ્યા સિવાય અને ત્યાં તેને જે વિષયનું શિક્ષણ પ્રાપ્ત કરવાનું છે તેનું જ્ઞાન મેળવ્યા સિવાય

* તારીખ ૧૩ જાન્યુઆરી ૧૯૦૩ ના રોજ ગોલ્ડન ગેટ હૉલમાં આપેલું ભાષણ.

તે પાદશાહામાં જતો નથી. ચોર જ્યારે પોતાના અમુક પડોશીની સંપત્તિ અને ધન વિષે વારંવાર સાંભળે છે અને તે સંબંધી વારંવાર ખબરો મેળવે છે ત્યારેજ તેના હંમેશના વિચારોથી ટેવાઈને તેનું મન ક્રિયામાં બદલાય છે; અને તે ધનવાન પાડોશીના ઘરમાં ચોરી કરવાની તે ચોરના મનમાં હિમ્મત આવે છે. અર્થાત જે કામ કરવાનું હોય તે કરવા પહેલાં તે સંબંધી જ્ઞાન અને માનસિક ક્રિયા થયા સિવાય તે થઈ શકતું નથી.

ઉપલા દેખીતા વ્યાવહારિક નિયમને અનુસરીનેજ 'રામ' તમારા પોતાના ઈશ્વરત્વનો તમારા કાનમાં દુંદુભિનાદ કરવા અને તે નાદને શ્રોતાઓનાં હૃદયમાં ઉતારવા પ્રયત્ન કરે છે. દિનપ્રતિદિન તે નાદને તમારા હૃદયમાં ઉંડો ઉતરવા દો. કદાકે કદાકે તે નાદને તમારા હૃદયમાં પ્રવેશવા દો. શાસ્ત્રનિયમાનુસાર આ ક્રિયા કે જે હાલ તુર્ત તમને મિથ્યા કલ્પના જેવી લાગે છે, તેજ કલ્પનાને ઉપલા તમારાજ વ્યાવહારિક નિયમને અનુસરીને ઘણીજ ઉમદા ક્રિયારૂપે પરિણામ પામેલી તમે જોશો. અર્થાત્ આ જ્ઞાનનેજ તમારા સુખ અને શાન્તિના રૂપમાં ફેરવાઈ ગએલું તમે જોશો.

"વેદાન્તની દૃષ્ટિથી અદ્વૈત અને દ્વૈતનું સમ્મિલન" એ આજનો વિષય છે. બીજા શબ્દોમાં કહીએ તો એનું નામ "વેદાન્તનો જ્ઞાનશક્તિનો સિદ્ધાંત વાદ" એવું છે. આ વિષય તત્ત્વજ્ઞાનીઓ માટે ઘણો મહત્વનો છે. ટુંકામાં દ્વૈત એટલે આ જગત આપણને માત્ર દેખાવ રૂપે જેવું જણાય છે તે ખરેખર તેવુંજ હોવાની માન્યતા અગર સિદ્ધાંત, અને અદ્વૈત એટલે જગત આપણને જેવું જણાય છે તેવું તે નથી એવી માન્યતા. અદ્વૈતમત પ્રમાણે જગત આપણને જેવું દેખાય છે તેવું નથી; અને દ્વૈત મત પ્રમાણે જે વસ્તુઓ આપણને જેવી જણાય છે તે તેમના ખરા સ્વરૂપમાં તેવીજ છે. અદ્વૈતની ઘણી શાખાઓ છે. માનસિક અદ્વૈત તે બર્કલી અને ફીશ્ટેનું અદ્વૈત; ઇંદ્રિયગોચર અદ્વૈત તે પ્લેટો અને કાન્ટનું અદ્વૈત; કૈવલ્ય અદ્વૈત તે હેગલ અને શેલીનું અદ્વૈત; અને આવી બીજી ઘણી શાખાઓ છે. દ્વૈતને ઘણુ તત્ત્વવેત્તાઓએ-બેઇન અને મિલ જેવાઓએ-પુષ્ટિ આપેલી છે. અદ્વૈત અને દ્વૈતની આ જુદી જુદી શાખાઓનું આપણે વર્ણન કરીશું નહિ. આજના વિવેચનમાં બર્કલીના માનસિક અદ્વૈત, અથવા પ્લેટો અને કાન્ટના ઇંદ્રિયગોચર અદ્વૈત, અગર હેગલ અને શેલીના કૈવલ્ય અદ્વૈત ઉપર આપણે ટીકા કરીશું નહિ. આ વિષયને આપણે એવી રીતે ચર્ચીશું કે જેથી આ વિષયનો વેદાન્તનો સિદ્ધાંત દરેક મનુષ્યથી અને બધાથી સહેલાઈથી સમજી શકાય.

વિષયની શરૂઆત કરતાં પહેલાં "જ્ઞાતા" અને "જ્ઞેય" એ બે શબ્દો સમજવાની જરૂર છે. તમે જાણો છો કે તત્ત્વજ્ઞાનની ભાષામાં આ શબ્દોનો ખાસ અર્થ છે. તત્ત્વજ્ઞાનની ભાષામાં "જ્ઞાતા" શબ્દનો અર્થ જાણનાર થાય છે અને "જ્ઞેય" શબ્દનો અર્થ જાણવાની વસ્તુ થાય છે. તમે જ્યારે આ પેન્સિલ જુઓ છો ત્યારે પેન્સિલ તો "જ્ઞેય" છે અને પેન્સિલને જોનાર તમે "જ્ઞાતા" છો. જોનાર "જ્ઞાતા" કહેવાય છે અને જોવાની વસ્તુ "જ્ઞેય" કહેવાય છે [illegible] મત [illegible] જ્ઞાતા અથવા જાણનાર નહી [illegible] છે [illegible] "જ્ઞાતા" [illegible]
[illegible] છે તમે [illegible]
[illegible] હોય છે [illegible]
[illegible] વિચાર, દર્શન અને નિશ્ચય કરી શકે.

છે, અને તેથી કરીને બુદ્ધિ એ તો માત્ર જાણવાની ક્રિયા અથવા સાધનજ છે. એ કાંઈ "જ્ઞાતા" અથવા જાણનાર પોતે નથી. ખરા "જ્ઞાતા" ની તો ધારણ પણ થઈ શકે નહિ; ખરો જ્ઞાતા તો વિચારમાં પણ આવી શકે નહિ. જાણનારાને શી રીતે જાણી શકાય? તમે માનો છો કે ખરો "જ્ઞાતા" કાંતો જાણનારો અથવા તો જણાયલો હોવો જોઈએ; પરંતુ જે પળે તે જણાયલો થાય છે કે તરતજ તે "જ્ઞાન" અર્થાત્ જાણવાની ક્રિયા બની જાય છે. તે વધારે વખત "જ્ઞાતા" રહેતો નથી. જો કે સામાન્ય વાતચીતમાં "જ્ઞાતા" નો સમાવેશ મન, બુદ્ધિ અથવા અંતઃકરણ એવો થાય છે, પરંતુ વેદાંન્ત પ્રમાણે તો ખરો "જ્ઞાતા" અગર ખરો જાણનાર સત્ય આત્માજ છે, કે જે અમાપ અને અનંત હોઈ સર્વ પ્રાણી પદાર્થોમાં એક રૂપેજ પ્રકાશે છે. આ સંબંધમાં એક સંસ્કૃત શબ્દ યાદ રાખવાની તમે મહેરબાની કરશો. સંસ્કૃતમાં 'જ્ઞાતા' શબ્દને 'દ્રષ્ટા' કહે છે અને જોવા-જાણવાની વસ્તુને 'દૃશ્ય' કહે છે. સંસ્કૃતમાં ખરો જ્ઞાતા બ્રહ્મ અથવા આત્મા છે. આત્મા શબ્દનો અર્થ અંગ્રેજીમાં શોપનહોરની ઈચ્છાશક્તિ (Will) અથવા હેગલની કઠિન ચિત-શક્તિ અથવા કેવલ્ય ચેતનાશક્તિ થાય છે. તમે જાણો છો કે હેગલ અને શોપનહોર એક બીજાના પ્રતિસ્પર્ધી છે, તેઓ હમેશાં એક બીજા સામે દુશ્મનાવટ બતાવે છે, પણ વેદાન્ત તેમને એકત્ર કરે છે. વેદાન્ત કહે છે કે શોપનહોરની કૈવલ્ય ઈચ્છાશક્તિ (Will) ખરી રીતે હેગલની કૈવલ્ય ચિતશક્તિજ છે, અને તેથી આ કૈવલ્ય સ્વરૂપ માટે બ્રહ્મ શબ્દ છે. જેનો અર્થ કૈવલ્ય ઈચ્છાશક્તિ, કૈવલ્ય ચિત્ શક્તિ, કૈવલ્ય અસ્તિત્વ અને કૈવલ્ય આનન્દ થાય છે.

એ પ્રમાણે ખરો જ્ઞાતા તો સત્ય આત્માજ છે, અને વ્યાવહારિક જ્ઞાતા, કર્ત્તા અને ભોક્તા તે બુદ્ધિ એટલે અંતઃકરણમાં પ્રકાશતો આત્મા છે.

આ વિષયમાં દ્વૈતવાદીઓ પોતાના તરફથી કંઈ દલીલો રજુ કરે છે અને અદ્વૈતવાદીઓ કંઈ મુખ્ય દલીલો આગળ કરે છે, એ ઘણો લાંબો વિષય છે, પણ આપણે ટુંકાણમાં તેનું વિવેચન કરીશું. તમારા બર્કલી ઉપર ટીકા કરવાનો આપણને વખત નથી. બર્કલી એ અદ્વૈતવાદીઓમાંનો એક મુખ્ય છે. અરે, કેવી ચપળતાથી તે પોતાનું તત્વજ્ઞાન શરૂ કરે છે; અને જ્યાં સુધી વેદાન્ત ફિલસુફી સાથે એકત્ર રહે છે ત્યાં સુધી તે કેવો ઉંચો ઉડે છે! પણ જે સમયે તે વેદાન્ત ફિલસુફીથી જુદો પડે છે તે પળથીજ તે ગુંચવણવાળા અને વાંકાચુકા રસ્તામાં પડી જાય છે. ખરેખર આ એક ઘણોજ ચિત્તાકર્ષક વિષય છે. જો 'રામ' ને મહા-વિદ્યાલયના વિદ્યાર્થીઓ અગર અધ્યાપકો આગળ ભાષણ કરવાની તક મળે તો તે વિષય ચર્ચાવો જોઈએ. તેની ફિલસુફીનો છેવટનો ભાગ, તેની ફિલસુફીના મૂળ ભાગથી કેટલો વિરૂદ્ધ છે! તેને ઘણા જીવ માનવાની અને આ જગતને નિયમમાં રાખવાને માટે મૂર્તિમાન ઈશ્વર માનવાની ફરજ પડી છે. તેની ફિલસુફી પ્રમાણે આ દુનિયામાં જીવ (Spirit) સિવાય કોઈ જ્ઞાતા હયાતીમાં નથી; અને તેથી કરીને કેવી વિચિત્રતા તેને દાખલ કરવી પડી છે! વારૂ, એ વિષય આજ આપણે ચર્ચીશું નહિ. અદ્વૈતવાદીઓએ ઘણી દલીલો આગળ ધરી છે, તેમાંની નીચે પ્રમાણે બે ત્રણ મહત્વની છે. પ્રથમ એ છે કે કોઈ પણ વસ્તુ તમે તમારી પોતાની ક્રિયાશક્તિ અર્થાત્ જ્ઞાનશક્તિ સિવાય જોઈ શકશો નહિ. માત્ર જ્ઞાતાની ક્રિયાશક્તિથીજ તમે આ દુનિયામાં હરકોઈ વસ્તુ અથવા બનાવ જોઈ શકો છો અને જાણી શકો છો. ધારો કે તમે કાંઈક લખો છો, તમારૂં મન કલમમાં છે, અને તેજ સમયે તમારી પાસે થઈને એક

સર્પ જાય છે. એ સર્પને તમે જ્યાં સુધી જોતા નથી ત્યાં સુધી તમારી માનસિક સૃષ્ટિમાં એ સર્પ તમારે માટે સર્પ નથી. આ દૃષ્ટાંતને અનુસરીને અદ્વૈતવાદીઓ કહે છે કે જો તમારામાં મનની અગર જ્ઞાતા-દ્રષ્ટાની દેખવાપણારૂપી ક્રિયાશક્તિ નથી હોતી ત્યાં સુધી કશીજ વસ્તુ દેખાતી કે જાણમાં આવતી નથી. જ્યારે તમે ઉંઘી ગયા હો છો ત્યારે જ્ઞાતા જ્ઞાનમાં અથવા કર્ત્તા ક્રિયામાં હોતો નથી, જેથી તમારી આસપાસ જે અવાજો કરવામાં આવે છે તે તમે સાંભળતા નથી. કેટલાકો એવા છે કે ઉંઘમાં પણ તેમની આંખો ઉઘાડી રહે છે. હવે તેઓની આંખો આગળ બધા પદાર્થો હોય છે અને બધા પદાર્થોનું તેમની કીકી ઉપર પ્રતિબિંબ પણ પડે છે, તે છતાં તે પદાર્થોને તેઓ જોઈ કે જાણી શકતા નથી. અદ્વૈતવાદીઓ કહે છે કે એ સમયે તમારૂં મન ક્રિયા વગરનું છે. જ્ઞાતાનું જ્ઞાન-કર્ત્તાની ક્રિયા ચાલુ નહિ હોવાથી તમે તે પદાર્થો જોઇ શકતા નથી. આ દુનિયામાં કોઈ પણ પદાર્થ માનસિક ક્રિયા વગર તમે જોઈ શકો છો? નહિજ. મનની ક્રિયા વગર આ ટેબલને અગર પેટી ભીંતને હમણાં જોવાનો પ્રયત્ન કરો. 'રામ'ના શબ્દો સાંભળવાનો પ્રયત્ન કરો. કોઇ પણ પદાર્થ જોવાનો પ્રયત્ન કરો. તમે તેમ કરી શકશો? તમારા મનના ઉપયોગ અગર તમારા વિચાર વગર કોઈ પણ વસ્તુ તમે જોઇ શકશો નહિ. આ ઉપરથી અદ્વૈતવાદીઓ કહે છે કે આ જગત વિચાર વગર બીજું કાંઈજ નથી. આ બધું જગત માત્ર તમારા વિચારમાંથી સ્ફૂરેલો આકારજ છે. જગત અસ્તિત્વમાં છે એજ તમે શી રીતે જાણો છો? તમારી ઇન્દ્રિયોથી. પણ ઇન્દ્રિયો પોતે તો એકલી જોઈ શકતીજ નથી. જ્યારે મન ઇન્દ્રિયો સાથે જોડાય છે ત્યારેજ ઇન્દ્રિયો તેને જોઈ શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો ઇન્દ્રિયો જોઈ શકતી નથી પણ ઇન્દ્રિયોદ્વારા મનજ જુએ છે. માટે મન અથવા બુદ્ધિજ કર્ત્તા છે એ ખૂબ યાદ રાખવું. મનની ક્રિયા વગર તમે કાંઈજ સાંભળી શકતા નથી, કાંઈજ જોઇ શકતા નથી, કાંઇજ કહી શકતા નથી અને કાંઇજ જાણી કે સમજી શકતા નથી. તેથી અદ્વૈતવાદીઓ કહે છે કે, હે લોકો! તમે કે જેઓ તમારા મનથી આ જગતને ખરૂં, અને આ પદાર્થોને ખરા પદાર્થો માનો છો, તેઓ અરે! તમે પોતાનેજ ભૂલી ન જાઓ. તમે કદિ પણ ભૂલો નહિ કે આ બધા પદાર્થો તમારાજ વિચારમાંથી ઉદ્ભવેલા છે; એટલે કે તમેજ આ પદાર્થોને બનાવનારા છો. અદ્વૈતવાદીઓ આવું કહે છે અને તે ઉપરથી અદ્વૈતવાદીઓ કાંઈક વેદાન્તી જેવા જણાય છે. પણ 'રામ' તમને કહે છે કે આ બધા અદ્વૈતવાદીઓ બર્કલી, પ્લેટો, હેગલ, કાન્ટ, ફીચે, શેલી અને શોપનહોરમાં વેદાન્તનાં મૂળ-તત્ત્વો છે ખરાં, પણ વેદાન્તનો જ્ઞાનશક્તિનો સિદ્ધાન્ત તો આ બધાનીએ પેલે પાર આગળ વધે છે. આ લોકોને એક બીજાની સાથે લડાઇ છે, તેઓ વાક્ચાતુરી અને તકરાર કરે છે; પણ વેદાન્ત-ફિલસુફી આ દરેકનું અને બધાનું સમ્મિલન કરે છે. આ લોકો પોતાના અહંભાવને-હુંપદને મોટાઈ આપે છે અને તે વિષે ઘણું કહે છે; પણ વેદાન્ત તેને દેવ તરીકે ગણતું નથી અને મહાનપદ આપતું નથી. આપણે તો સત્યને તેની પોતાની ખાતરજ સ્વીકારવાનું છે.

અદ્વૈતવાદીઓ બીજી દલીલ એ કરે છે કે આ દુનિયા જેને લોકો સાધારણ રીતે ખરી કહે છે તેને તેવી ગણવી જોઈએ નહિ; કારણ કે દુનિયા માત્ર ઇન્દ્રિયોથીજ દેખાય છે અને તે આપણને જે રૂપે દેખાય છે તે રૂપે તેને ખરી કહેવામાં આવશે, ઇન્દ્રિયો ઉપરજ આધાર રાખવો પડે છે. હવે ઇન્દ્રિયો એ કાંઇ ભરોસાપાત્ર પુરાવો નથી, તેમ તે કાંઇ વિશ્વાસપાત્ર સાક્ષીઓ

તરીકે પણ નથી. આંખનોજ દાખલો દૃષ્ટાન્ત તરીકે લ્યો. કીડીની આંખો મનુષ્યની આંખો
કરતાં જૂદીજ રીતે જુએ છે. વળી મનુષ્યની આંખે જે દેખાય છે તેના કરતાં હાથીની
આંખે પદાર્થ ઘણો મોટો દેખાય છે. દેડકાની આંખે પાણીમાં વસ્તુઓ સાફ દેખાય છે અને
હવામાંની આ બધી વસ્તુઓ અસ્પષ્ટ, ઝાંખી અને એક જાતના ધૂમસથી ઢંકાયલી જણાય છે.
હવે કોની આંખો ઉપર આપણે ભરોસો રાખવો ? મનુષ્યની આંખ ઉપર કે કીડીની આંખ
ઉપર ? જો બહુ મત પ્રમાણે નિર્ણય કરવામાં આવે તો કીડીઓ પણ કાંઈ થોડી સંખ્યામાં
નથી; તેઓની સંખ્યા વધારે છે. વળી જો તમારી આંખોને સૂક્ષ્મદર્શક યંત્રના ધોરણ ઉપર
બનાવવામાં આવે અને જો આંખની કીકીમાં પુતળીઓ જૂદી રીતે ગોઠવવામાં આવે તો
તમને પણ આ દુનિયા છેક જૂદીજ દેખાય. જો આંખની કીકીઓ દૂરબીનના ધોરણ ઉપર
ગોઠવવામાં આવે તોપણ બધી દુનિયા તદ્દન બદલાઈ જાય. 'લુક ઍન્ડ લાફ' અથવા
"હાસ્યજનક કાચ" નામનું રમકડું કે જે બાહ્ય ગોળ કાચના બે કડકાનું બનેલું હોય છે
તે તમે જોયુંજ હશે. જો તમે તેમાંથી જુઓ તો આ દુનિયાના બધા પદાર્થો રમુજી અને
હાસ્યાસ્પદ દેખાશે. ઘણો સુન્દર ચ્હેરો પણ એ હાસ્યજનક કાચમાંથી જોયો હોય તો એટલો
તો લાંબો થઈ ગએલો જણાશે કે હડપચી જમીનને અડકે અને માથું શનિના ગ્રહને અડકે!
જો તમે બીજી રીતે એમાંથી જુઓ તો ચ્હેરાની લંબાઈ તેની તેજ રહેશે, પણ એક કાન
ઈસ્ટ ઈન્ડિયા તરફ અને બીજો ચીન તરફ દેખાશે. હવે આ ધોરણ પ્રમાણે જો આંખો
ગોઠવાયલી હોય તો દુનિયા હાલના કરતાં કેટલી બધી જૂદા પ્રકારની દેખાય ? અને એજ
પ્રમાણે કાન અને બીજી ઈન્દ્રિયોનો દાખલો પણ છે. જો જ્ઞાનતંતુઓ અને સ્નાયુ બીજી રીતે
ગોઠવાયલાં હોય તો આખી દુનિયા જૂદી અને બદલાયલી દેખાશે. કદાચ તમે કહેશો કે
જ્ઞાનતંતુઓ અને બીજી ઈન્દ્રિયોના ફેરફારથી દેખાવમાં ભલે ફેર પડે, પણ દુનિયા પોતે તો
જેવી છે તેવીજ રહેવાની ને ? પણ તેમ નથી. વિકાસનો નિયમ કહે છે કે તેમાં ફેરફાર
થયાંજ કરે છે. જેથી અદ્વૈતવાદીઓ કહે છે કે દુનિયા અત્યારે આપણને દેખાય છે તેવી
નથી. તેઓ કહે છે કે એ દુનિયા આપણને દેખાય છે તે ખોટી છે; મિથ્યા છે, ભ્રમણા છે,
મૃગજળ જેવી છે. પોતાની તરફેણમાં તેઓની પાસે બીજી પણ ઘણી દલીલો છે, પણ જો
આપણે તેની વિગતમાં ઉતરીએ તો ફક્ત અદ્વૈતવાદજ ઘણી રાત્રિઓ લે.

હવે આપણે દ્વૈતવાદ તરફ વળીશું. દ્વૈતવાદીઓ કહે છે કે અરે અદ્વૈતવાદીઓ ! તમે
તદ્દન ખોટા છો. જો તમારૂં કહેવું ખરૂં હોય કે દરેક વસ્તુ જે આપણે જોઈએ છીએ, તે
માત્ર આપણી પોતાની ધારણા-કલ્પનાજ હોય તો મહેરબાની કરીને જ્યાં ભીંત છે ત્યાં એ
કલ્પનાવડે ઘોડો ઉત્પન્ન કરો; પેલી ભીંતને ઘોડોજ બનવા દો ! અરે અદ્વૈતવાદીઓ ! જો
આ આખી દુનિયા માત્ર આ નાના સરખા કર્તાની મનોકલ્પના રૂપજ હોય તો આ રૂમા-
લનો સિંહ બનાવી દો ! અગર આ પેન્સિલનું મોટું ઘર બનાવી દો !! તેઓ કહે છે કે
અરે અદ્વૈતવાદીઓ ! તમે કદિ ખરા થઈ શકશોજ નહિ. આ દુનિયા સત્યજ છે. ભીંત એ
ભીંતજ છે, અને તેથીજ તમારી ઈન્દ્રિયો ઉપર હમેશાં ભીંતના સંસ્કાર પડે છે. ભીંતને
બદલે આવતી કાલે તમને ઘોડો કદિ પણ દેખાશે નહિ.

દ્વૈતવાદીઓની આ દલીલોનો જવાબ અદ્વૈતવાદીઓએ આપેલો છે. તેઓ કહે છે કે તમે
તમારી કલ્પનાથી ગમે તે વસ્તુ બનાવી શકો છો. જ્યારે જીવ (Spirit) સંબંધી તમે
વિચાર કરો છો, ત્યારે આપણને જીવજ દેખાય છે. જ્યારે આપણે કાંઈ ધારવું શરૂ કરીએ

છીએ ત્યારે તે ધારણા પાર પડે છે. શું આપણે સ્વપ્નામાં વસ્તુઓ નથી બનાવતા ? તે અવસ્થામાં આપણી ધારણા એ વસ્તુઓને ખરીજ ગણે છે. આ વિષય ઉપર દ્વૈતવાદીએ તરફના જવાબો પણ છે, પરન્તુ આપણે આ સવાલ-જવાબની વિગતમાં ઉંડા ઉતરીશું નહિ

વેદાન્ત જગતને આ પ્રમાણે જ્યારે પોતાની કલ્પના અથવા પોતાની રચના ગણે છે ત્યારે તમે વેદાન્તને અદ્વૈતવાદ કહી શકતા નથી. ' રામ ' ના મુખમાંથી નીકળતા આ શબ્દે તમને ઘણા અજાયબ જેવા લાગશે, છતાં સમજાવવાને ખાતર એજ શબ્દો ફરી ફરીથી કહેવાશે. યૂરોપ અને અમેરિકામાં લોકો ધારે છે કે વેદાન્ત એ એક જાતનો અદ્વૈતવાદ છે યૂરોપીઅનોના હાથે લખાએલા લગભગ તમામ ગ્રંથો જે ' રામ ' ના વાંચવામાં આવ્યા છે તે બધા વેદાન્તને અદ્વૈતવાદ તરીકેજ બતાવે છે; પણ ' રામ ' તમને કહે છે કે આ લોકે વેદાન્તને બરાબર સમજ્યાજ નથી. બર્કલી અને પ્લેટોના અદ્વૈતવાદના જેવો વેદાન્તનો અદ્વૈતવાદ નથી, પણ તે ઘણા ઉંચા પ્રકારનો અને શ્રેષ્ઠ છે.

અદ્વૈતવાદીઓ આવા મોટા જગતને નાના સરખા જીવરૂપ દ્રષ્ટા અથવા જ્ઞાતા ઉપર અથવા તો તે જીવની નાની સરખી જ્ઞાનશક્તિ કે દર્શનશક્તિના આધાર ઉપર રાખે છે; પણ વેદાન્તી જ્યારે એમ કહે છે કે " આ જગત માત્ર મારીજ કલ્પના છે, " ત્યારે તેનો અર્થ એમ નથી કે " જગત " એ નાના સરખા જીવ અથવા તેના નાના સરખા મનની કલ્પના છે. બર્કલીએ સ્વપ્ન નાના કર્તાનું બનાવેલું છે એમ કહેવામાં ઘણી મોટી ભૂલ કરી છે. એ ભૂલ તે એ કે **સ્વપ્નના કર્તા અથવા જ્ઞાતાને** જાગૃતના કર્તા સાથે એકજ ગણ્યો. જ્યારે ખરૂં જોતાં સ્વપ્નનો કર્તા તે જાગૃતના કર્તા કરતાં જુદોજ છે. સ્વપ્નનો કર્તા સ્વપ્નની કલ્પના અથવા ક્રિયાશક્તિ જેવો છે અને જાગૃતનો કર્તા જાગૃતની કલ્પના અથવા ક્રિયાશક્તિ જેવો છે. જેથી બર્કલીએ જાગૃતાવસ્થાના કર્તાને સ્વપ્નાવસ્થાના કર્તા જેવો ગણ્યો એ ભૂલ કરી છે. ખરી વાત એ છે કે જગત જાગૃતાવસ્થાના અથવા સ્વપ્નાવસ્થાના કર્તાનું બનાવેલું નથી, પણ એ તો મારૂં પોતાનું-સાચા ઈશ્વરનું-સાચા આત્માનું બનાવેલું છે.

હવે આપણે વેદાન્ત પ્રમાણેના જ્ઞાનશક્તિના સિદ્ધાન્ત ઉપર આવીએ છીએ.

વેદાન્ત અદ્વૈતવાદીઓને કહે છે કે "અરે અદ્વૈતવાદીઓ ! આ જગતનાં બધાં નામ અને રૂપ, જગતના પદાર્થોની આ બધી ઉપાધિઓ અને ગુણો, કર્તાની ક્રિયા વિના થઇ શકે નહિ, એમ કહેવામાં તમે ખરા છો. " હું અહીં ફરીથી પણ કહીશ કે આ વિષય ઘણો ગહન છે, અને તમારે બારિકાઇથી તેને સમજવો જોઇએ. વેદાન્ત અદ્વૈતવાદીઓને કહે છે કે, " કર્તાની કૃતિ વગર આ દુનિયાનાં નામ અને રૂપો થતાં નથી, એમ કહેવામાં તમે ખરા છો." પદાર્થોના ગુણ, ઉપાધિ અને પ્રકૃતિ એ બધું કર્તાની ક્રિયાશક્તિ અથવા મન અને બુદ્ધિ ઉપરજ આધાર રાખે છે, એટલા સુધી તમે ખરા છો; પણ આ નાના કર્તાની બહાર-આ નાના મનની બહાર-તેનાથી પર બીજું કાંઇ નથી, એમ કહેવામાં તમે ખરા નથી. દ્વૈતવાદીઓને વેદાન્ત કહે છે કે કોઇ પણ બહારના સત્યની ક્રિયા દ્રષ્ટિથી આ દ્રશ્ય-જગત દેખાતું નથી; એમ કહેવામાં તમે ખરાજ છો.

દ્વૈતવાદીઓ કહે છે કે " આ દ્રશ્ય જગત આપણી ઇન્દ્રિઓ ઉપર કોઇ બહારની ક્રિયા થવાને લીધે દેખાય છે, અને એ દેખાતા **પદાર્થો** ઇન્દ્રિયો ઉપર સત્તા ચલાવે છે, તેથીજ આપણે તે પદાર્થો જોઇએ છીએ. " વેદાન્ત કહે છે કે ખરેખર બહારની કોઇ પણ ક્રિયા વિના આપણે કોઇ વસ્તુ જોઇ શકતા નથી, એટલે સુધી દ્વૈતવાદ ખરો છે; પણ જ્યારે

વેદાન્ત એમ કહે છે કે આપણને દેખાતા સર્વ પદાર્થો કર્તાની માત્ર બહારનીજ ક્રિયા દેખાય છે, ત્યારે વેદાન્ત પ્રમાણે દ્વૈતવાદ ખોટો છે. હવે એ વિષયનું વધારે સ્પષ્ટીકર ઠરાય છે. આ દુનિયામાંનો કોઈ પણ કર્તા અગર કાર્ય લ્યો; આ પેન્સિલ લ્યો: આ પેન્સિલને રંગ શાથી છે? તમે કહેશો કે તે કર્તાની ક્રિયા સાથે બહારની પ્રતિક્રિયા મળીને થયો છે જો તમારી આંખો રંગ દેખાય તેવી નહિ હશે તો પેન્સિલનો આ રંગ તમે જોઈ શકશો નહિ પેન્સિલનો રંગ એ તેની ઉપરનો ગુણ અથવા ઉપાધિ છે, અને તે બદલાઇ શકે તેવો છે. વળી પેન્સિલના વજનની બાબત લેશો તો તે પણ બદલાઈ શકે તેવું છે. જો આપણી આંખોમાં કમળો થયો હોય તો પેન્સિલનો રંગ આપણે જુદો દેખીએ છીએ; તેમજ જો આપણે પેન્સિલને અહીં ન જોખીએ, પણ આકાશમાં વધારે ઉંચાઈ ઉપર લઈ જઈને અથવા ચંદ્રની સમીપમાં કે કાંતો ઘણી નીચાઈએ લઈ જઈને જોખીએ, તો તેનું વજન જુદુંજ માલુમ પડશે. તમે જાણો છો કે હવાફેરને લીધે ઘણી વસ્તુઓના વજનમાં લંડન કરતાં હિન્દુસ્તાનમાં કેટલોક ફેર પડી જાય છે. આ પ્રમાણે વજન તેમ જ રંગ બન્ને બદલાય તેવાં છે.

તમે જાણો છો કે એનું એજ પાણી જ્યારે તમે શિયાળામાં તેને અડકો છો ત્યારે ગરમ જણાય છે, અને તેજ ઝરાનું તેજ પાણી ઉન્હાળામાં ટંડુ જણાય છે. એમ શા માટે થાય છે? અવલોકન કરનાર અથવા જોનારના શરીરની ઉષ્ણતાનું પ્રમાણ (temperature) એ બન્ને સમયે જુદું હોય છે. આ પ્રમાણે પાણીની ગરમી બન્ને સમયે એક સરખીજ હોય છે, છતાં આપણા હાથની ઉષ્ણતાના તફાવતને લીધેજ પાણીની ગરમીમાં ફેરફાર જણાય છે. એ પ્રમાણેજ જાણનારના પોતાના ગુણોમાં ફેરફાર થવાથી જાણવાની વસ્તુઓ-જ્ઞેય પદાર્થોના-ગુણોમાં ફેરફાર થયો હોય તેમ ભાસે છે.

હવે આ પેન્સિલ શાની બનેલી છે? બર્કલી અને બીજાઓના મત પ્રમાણે આ પેન્સિલ ઘણી ઉપાધિઓ અને ગુણોના સમૂહ સિવાય બીજું કશું નથી. આ ગુણો તેમાંથી લઈ લ્યો એટલે કશુંજ બાકી રહેશે નહિ. કાન્ટના મત પ્રમાણે વસ્તુ પોતેજ પોતાની પાછળ રહેલી છે. પ્લેટોના મત પ્રમાણે જોવાની વસ્તુ એ જોનારના પોતાના વિચારરૂપજ છે. અને વસ્તુ અથવા વિચાર જોનારમાં પોતાનામાંજ રહે છે, અને જાણનારને પોતાના અંતઃકરણમાં રહેલી જાણવાની ક્રિયારૂપ વૃત્તિને લીધેજ પદાર્થોના ગુણો જણાય છે.

પરંતુ અમે કહીએ છીએ કે જાણનારની વૃત્તિરૂપ પ્રતિક્રિયાથી આ જે ગુણો પદાર્થમાં આરોપાયા તે પહેલાં પણ કંઇક સત્યતત્ત્વ તે પદાર્થમાં-જાણવાની વસ્તુમાં-હતું જ. હવે આ બાબત વધારે સ્પષ્ટ કરવામાં આવશે અને જો 'રામ'ને તમે ફરીથી પૂછશો તો તે ફરીથી પણ કહેશે. વેદાન્ત કહે છે કે આ બધા ગુણો પેન્સિલમાં તેના જાણનારની જાણવાની ક્રિયા અથવા વૃત્તિને લીધે જ છે એ ખરું છે, પણ એ ક્રિયા અથવા વૃત્તિ શાથી ગતિમાં મૂકાઈ? જ્ઞાતાની જાણવાની ક્રિયાને-વૃત્તિને કોણે ગતિમાં મૂકી? આ એક સવાલ છે. જેનો ઉત્તર એ જ હોઈ શકે કે, એ ક્રિયાને ગતિ આપનારૂં બીજું કંઇક સત્યતત્ત્વ હોવું જ જોઈએ, કે જે તત્ત્વને લીધે જ્ઞાતા ઉપર અસર થઈ અને જ્ઞાતાની પ્રતિક્રિયા અથવા જાણવાની ક્રિયા ગતિમાં મૂકાઈ તથા એ પ્રમાણે જ્ઞાતાની જાણવાની ક્રિયા જ્યારે ગતિમાન થઈ ત્યારેજ આ ગુણો. કે જે જાણનારમાં પ્રથમથીજ સૂક્ષ્મરૂપે એકત્ર રહેલા હતા તે ઉદ્ભવ્યા. આપણે એમ તો નજ કહી શકીએ કે જાણનારે જાણવાની ક્રિયા કરી તે પહેલાં આ ગુણો પોતેજ ...ન ઉપર અસર કરતા હતા અને તેથી અંતઃકરણની વૃત્તિરૂપ ક્રિયા અથવા પ્રતિક્રિયાને

અતિ મળી. આપણે એમ કહી શકીએ નહિ કે આ ગુણો મનની ક્રિયા અથવા પ્રતિક્રિયા પછી દેખાયા.

આ પ્રમાણે જોતાં બહાર કાંઈક પદાર્થ હોવોજ જોઇયે. પેન્સિલમાં કાંઈક સત્ય વસ્તુ હોવીજ જોઇએ કે જેની અસર આપણી આંખને થઇ; જ્યારે અવાજ સંભળાયો ત્યારે તે વસ્તુની અસર આપણા કાનને થઇ; જ્યારે આપણી જીભને એ વસ્તુ અડી ત્યારે સ્વાદેંદ્રિય ઉપર અસર થઇ; અને જ્યારે તે વસ્તુ ત્વચાને અડી ત્યારે તેની અસર સ્પર્શેન્દ્રિયને થઇ. આ પ્રમાણે બહાર કાંઇક પદાર્થ હોવોજ જોઇએ કે જેની અસર આપણી આંખો, કાન અને નાક ઉપર થાય છે. આ પેન્સિલ તમે ખાશો તો તેથી તમારી તન્દુરસ્તી બગડશેજ, અને તેમ છે તો પછી તમે શી રીતે કહી શકો કે બહાર કાંઈજ સત્ય નથી? કાંઈક સત્ય બહાર પણ છે, અને જ્યારે આ સત્ય માણસની ઈંદ્રિયો ઉપર અસર કરે છે ત્યારે માણસના અંતઃકરણને ઈંદ્રિયો ખબર આપે છે, અને તેથી અંતઃકરણ પ્રતિક્રિયા કરે છે ત્યારે વસ્તુની ઉપાધિ અને ગુણો ઉદ્ભવીને દેખાય છે. એનું દૃષ્ટાંત આ પ્રમાણે છેઃ આ એક હાથ છે અને આ બીજો હાથ છે. આ એક હાથ એકલો (તાળીઓ વગાડી) અવાજ કરી શકતો નથી. અવાજ તો બે હાથવડે થાય તોજ સંભળાય છે. અહીં એક બાજુ ક્રિયા હતી અને બીજી બાજુ પ્રતિક્રિયા હતી અને તેનું પરિણામ અવાજ હતો. આ સારંગીનો તાર છે. તેને તમે આંગળીથી અડકો તો તેમાંથી સૂર નિકળશે. તમારી આંગળીએ ક્રિયા કરી અને તેથી કરીને તારમાંથી પ્રતિક્રિયા થઇ; અથવા તો તમે એમ કહેશો કે પ્રથમ તારમાંથી ક્રિયા થઈ અને પછી તમારી આંગળીએ પ્રતિક્રિયા કરી અને ત્યારેજ સૂર સંભળાયો. જળાશયમાં એક મોજું એક બાજુથી આવ્યું અને બીજું મોજું બીજી બાજુથી આવ્યું; એ બન્ને મોજાં અથડાયાં. આ બન્ને મોજાંના અથડાવાથી ફીણ ઉત્પન્ન થયું. બન્નેની ક્રિયા અને પ્રતિક્રિયાએ મળીને ફીણને ઉત્પન્ન કર્યું. આ દીવાસળી છે અને આ તેને ઘસવાનો રેતીવાળો કાગળ છે. એ રેતીવાળા કાગળ ઉપર દીવાસળી ઘસો, અર્થાત્ બન્ને બાજુથી ક્રિયા અને પ્રતિક્રિયા થવા દો એટલે જ્યોતિ પ્રકટશે. આ વિજળીનો પૉઝિટિવ પોલ છે અને આ બીજો નેગેટિવ પોલ છે. એ બન્ને એકઠા થાય તો વિજળીના તણખા ઉડતા આપણે જોઇએ છીએ. બન્ને બાજુની ક્રિયા અને પ્રતિક્રિયાથીજ દેખાવ નજરે પડે છે.

તેથી વેદાન્ત પ્રમાણે તમારી બુદ્ધિમાં એક સ્વતઃસિદ્ધ વસ્તુ રહેલી છે, જેને આપણે આત્મા અથવા હુંપણું-પોતાપણું કહેવું જોઇએ. આ ખરૂં હુંપણું તમારી બુદ્ધિમાં રહેલું છે. જગતના દરેક પ્રાણી પદાર્થમાં પણ વસ્તુતઃ તેના પોતાપણારૂપી સત્ય રહેલું છે. આ પેન્સિલમાં એ સત્ય વસ્તુ તેના પોતાપણારૂપે રહેલી છે; બધા ગુણ અથવા ઉપાધિઓથી પર એવી તે વસ્તુ-તે સત્ય દરેક પદાર્થમાં તેના પોતાપણારૂપે વ્યાપી રહેલું છે, અને તેજ સત્ય તમારી બુદ્ધિમાં પણ વ્યાપી રહેલું છે. પેન્સિલમાં રહેલું એ સત્ય અને જાણનાર "જ્ઞાતા" ની બુદ્ધિમાં રહેલું સત્ય, એ બન્ને સત્યો, એ બીજું કશુંજ નહિ પણ એકજ સર્વ વ્યાપક સત્યના બે હાથ જેવાજ છે. બે હાથની પેઠે એમાંનું જે પણ એક સત્ય પ્રથમ પ્રતિઘાત થાય છે તે બીજાની સાથે અથડાતાં પ્રત્યાઘાત થાય છે, અને તે વખતે પેન્સિલના સંસ્કાર અંતઃકરણમાં દૃઢ થઈ રહેલા હોવાથી જેમ સામાસામી બે મોજાં અથડાઈને ફીણ ઉત્પન્ન કરે છે તે પ્રમાણે પદાર્થો દેખાય છે, અને તેના ગુણ ઉત્પન્ન થાય છે. તમે એમ

પૉઝિટિવ પોલ બુદ્ધિદ્વારા અને નેગેટિવ પોલ પેન્સિલદ્વારા એક બીજાની પાસે રૂપ ઉત્પન્ન થાય છે; તેજ પ્રમાણે આ જગતના દેખાવ, ઉપાધિ અને ગુણ આપણે એ. વેદાન્તની ભાષામાં દ્રષ્ટા અને દૃશ્ય જે પળે ભેગાં થાય છે તેજ પળે પદાર્થને ઈએ છીએ. જેથી ખરૂં જોતાં પદાર્થોની પ્રતીતિ થવી એ માત્ર બે મોજાંના ઉપજેલા ફીણ જેવી હોઈ વસ્તુતઃ સત્ય તો, એ દ્રષ્ટા અને દૃશ્યરૂપે એક અભિન્ન ર તત્વજ છે. જેમ પેન્સિલમાં આત્મા અથવા સત્ય પોતાપણું છે તેમ બુદ્ધિમાં ા અથવા સત્ય પોતાપણું રહેલું છે, અને પ્રતીત થતું જગત અથવા તેના પદાર્થો ં કહેવા માત્રનાં જૂદાં પોતાપણાંઓ વચ્ચેની ક્રિયા અને પ્રતિક્રિયાવડે ઉત્પન્ન થતાં ાનાં રૂપોજ છે, જેમ ફીણ પણ માત્ર પાણીજ છે તેમ એ રૂપો પણ સત્ય છે.

વાદીઓ જે કહે છે કે કર્ત્તાની ક્રિયા વગર કોઇ વસ્તુ દેખાતી નથી, એ વાત ઉપર તાં ખરી છે; પરંતુ માત્ર "કર્ત્તાની ક્રિયા પોતેજ રૂપને ઉત્પન્ન કરે છે" એમ કહે- તેઓ ખોટા છે; કારણ કે તેમ કહેવામાં તેઓ વિજ્ઞાનશાસ્ત્રના એક ઘણા ગહન નિ- ગ કરે છે. વિજ્ઞાનશાસ્ત્રનો નિયમ એવો છે કે દરેક ક્રિયાને અથવા આઘાતને ના જેટલીજ પ્રતિક્રિયા અથવા પ્રત્યાઘાત હોવાં જોઈએ. કોઇ પણ કર્મ અને ક્રિયા લીજ પ્રતિક્રિયા વગર થઇ શકે નહિ. જ્યારે અદ્વૈતવાદીઓ કહે છે કે કર્ત્તાની ક્રિ- માત્ર આ બધું જગત ઉત્પન્ન થયું છે ત્યારે તેઓ એ સત્યની અવગણના કરે છે કે ટલીજ પ્રતિક્રિયા કોઈ જગ્યાએ થયા વગર કર્મ બની શકેજ નહિ. દ્વૈતવાદીઓ કહે ણ ખરી વાત છે કે આ જગતમાં પોતામાંજ સત્યતા રહેલી છે. છતાં આ જગત ને આધારેજ છે એમ કહેવું જોઇએ નહિ. "આ જગતમાં પોતામાં કાંઇ સત્યતા છે," ધીજ દ્વૈતવાદીઓ ખરા છે, પણ જ્યારે તેઓ કહે છે કે જગતના દેખાવો પોતે પોતા- તઃ સિદ્ધ સત્ય છે, અને તેનો આધાર (અધિષ્ઠાન) બીજું કંઇ નથી પણ તે પોતેજ આધારરૂપ છે, ત્યારે તેઓ ખોટા છે. કારણ કે જગતનું રૂપ, જગતની વિચિત્રતા તતા પદાર્થોના ગુણ એ સર્વ, કર્ત્તામાં રહેલા સત્ય ચૈતન્યની ક્રિયા ઉપર તેમજ પદાર્થમાં સત્ય ચૈતન્યની પ્રતિક્રિયા ઉપર-બંને ઉપર એક સરખો આધાર રાખે છે.

ડી એક મોટો વાંધો આવે છે. તમે ક્રિયા અને પ્રતિક્રિયાની વાત કરો છો પણ અ- ાં ક્રિયા અને પ્રતિક્રિયા શી રીતે થઈ શકે? વારૂ, માત્ર એ ક્રિયા અને પ્રતિક્રિયાને વાદ હેતુથી જેમ બીજાઓ ભાષાનો ઉપયોગ કરે છે તેમ આપણે પણ કરીએ. બુદ્ધિ ઓતપ્રોત રહેલી તેમજ પદાર્થ સાથે ઓતપ્રોત રહેલી કૈવલ્ય ઇચ્છાશક્તિ અથવા શક્તિ વિષે જ્યારે આપણે વિવેચન કરીએ છીએ ત્યારે એ ક્રિયા અને પ્રતિક્રિયાનીજ વાત કરીએ છીએ એમ સમજવાનું છે. તે કૈવલ્ય અસ્તિત્વ આ પદાર્થમાં ઓતપ્રોત છે. તે કૈવલ્ય અસ્તિત્વજ જ્ઞાતામાં રહેલા કૈવલ્ય અસ્તિત્વ સાથે ક્રિયા અગર પ્રતિક્રિ- આવે છે, અને શિર, મગજ તથા બુદ્ધિનું અનુયોગી-અર્થાત્ તે સર્વને સત્તાસ્ફુર્તિ આ- થાય છે. આ બાબત નીચના દૃષ્ટાંતથી સમજાશે.

આ વાસણમાં આકાશ છે અને બીજા વાસણમાં પણ આકાશ છે. ખરી રીતે બન્નેમાં પ તો એકજ છે, પણ તમે તે વાસણમાં દેખાતા અને બીજા વાસણમાં દેખાતા

આકાશને જુદું જુદુંજ કહેશો. છતાં પણ ખરી રીતે તો એ આકાશના ભાગ કે કકડા થયેલા હોતા નથીજ. એ આકાશ અવિભક્તજ રહે છે. આકાશ કંઇ એવી વસ્તુ નથી કે તમે આ રૂમાલ સાથે વર્તો છો તેમ તેની સાથે વર્તી શકો. આકાશ તો એક અવિભક્તજ વસ્તુ છે. એ આકાશમાં ભાગ પાડવાનો તર્ક પણ થઈ શકે એમ નથી. કૅન્ટના કહેવા પ્રમાણે આકાશ કર્ત્તા અને કર્મવાચું છે એટલે તેને ભાગી શકાય અથવા કાપી શકાય તેમ નથી. તેજ પ્રમાણે એ સત્ય આત્મા, સત્યતત્ત્વ અથવા કૈવલ્યઅનંતતત્ત્વના પણ ભાગ પડી શકતા નથી કે તેને કાપી શકાતું નથી. જ્યારે એ તત્ત્વને આ જગતમાં પદાર્થોની સાથે સંબંધવાળું ગણીએ ત્યારે બુદ્ધિ સાથે અથવા પદાર્થ સાથે તેનું સંમ્મિલન થએલું કહેવામાં પણ આપણે ખરાજ છીએ. હવે ક્રિયા અને પ્રતિક્રિયા તરીકે તેજ સત્યતત્ત્વ બુદ્ધિ અને પદાર્થ સાથે સમ્મિલિત થએલું છે. દાખલા તરીકે આ હાથને પેલી ખુરશીની સાથે સંબંધમાં લાવીએ તો હાથનું આકાશ તે એ વસ્તુના આકાશની પાસે આવે છે અને બન્ને આકાશ એકત્ર થઈ જાય છે. હવે હાથમાંનું આકાશ તે એ વસ્તુના આકાશના જેવુંજ થાય છે; જો કે મૂળમાં પણ તે એકજ હતું પણ હવે તમારી આંખવડે પણ હાથનું આકાશ વસ્તુના આકાશ જેવુંજ દેખાય છે.

આ પ્રમાણે વેદાન્ત કહે છે કે કૈવલ્ય સત્યતા કર્ત્તામાં રહેલી છે, અને જ્યારે તે કાર્યમાં રહેલી સત્યતાની સાથે એક થઈ જાય છે ત્યારે કર્ત્તા અને કાર્ય એકત્ર થાય છે.

એ ક્રિયા અને પ્રતિક્રિયા ખરૂં કહેતાં તો આત્મામાં થતી નથી, પણ જ્યારે મર્યાદિત રીતે કહીએ તો તે આત્મામાં થાય છે. જુઓ, એક બાજુથી પાણીનું એક મોજું આવે છે અને બીજી બાજુથી બીજું આવે છે. જેમ એક મોજું પાણીરૂપ છે તેવુંજ બીજું મોજું પણ પાણીરૂપજ છે અને વળી જ્યારે એ મોજાં અથડાય છે ત્યારે પણ તે પાણીરૂપજ રહે છે. તેમાં કાંઇ ફેરફાર થતો નથી, અને તોપણ મોજાં વચ્ચે ક્રિયા અને પ્રતિક્રિયા થાય છે. અહીં મોજાં તરીકે મર્યાદિત ગણેલું પાણી બીજા મોજાં તરીકે મર્યાદિત ગણેલા પાણી સાથે સંબંધમાં આવે છે અને અથડાય છે. આ અથડાવાથી ફીણરૂપ દેખાવ થાય છે. તેજ પ્રમાણે બુદ્ધિથી મર્યાદિત કરેલી કૈવલ્ય સત્યતા જ્યારે પદાર્થોથી મર્યાદિત કરેલી કૈવલ્ય સત્યતા સાથે અથડાય છે ત્યારે આ જગતની ઉપાધિ, પ્રકૃતિ અને ગુણના દેખાવ દેખાય છે. જે પ્રમાણે એક હાથ કે જેનામાં બીજા હાથ જેટલીજ શક્તિ છે તે બીજા હાથ જોડે અથડાય છે ત્યારેજ અવાજ ઉત્પન્ન થઇ સંભળાય છે, તેજ પ્રમાણે આ જગતરૂપી દૃશ્ય ઉત્પન્ન થઇ સંભળાય છે.

કૈવલ્ય સત્તા તો જ્ઞાતાની બુદ્ધિમાં તેમજ જગતના પદાર્થમાં એકજ છે; પણ જ્યારે બુદ્ધિ અથવા કર્ત્તા, કાર્ય સાથે સંબંધમાં આવે છે, ત્યારે આત્મા કે જે તે બન્નેના અધિષ્ઠાન-આધારરૂપે રહેલો છે તે બન્નેમાં જુદા જેવો દેખાય છે. એ બન્ને વસ્તુઓ દરેક મનુષ્યથી જોઇ શકાય તેવી અને પારદર્શક નથી; નહિ તો તરતજ સમજી શકાય કે આ જગતના બધા પદાર્થોની પાછળ—તેના આધારરૂપ એકજ અદ્વૈત શક્તિ રહેલી છે. આ કટમ છે: આ કટમ ઉપાધિ, ગુણ અને તેના આધારરૂપ અદ્વૈત શક્તિની બનેલી છે. તમે જાણો છો કે આ અન્દર રહેલી અદ્વૈત શક્તિની હયાતી માનવાને ઘણાં સારાં કારણો છે. કારણ કે બુદ્ધિ ઉપર ક્રિયા થઈ ને તેમાંથી પછી પ્રતિક્રિયા થઇ ગુણ ઉત્પન્ન થયા સિવાય આ બુદ્ધિ પોતાની મેળે ઉત્પન્ન થઈ શકતી નથી. આ એક કટમ છે. તે અમુક ગુણની બનેલી છે. એને આપણે મ

(Q) કહીશું અને તેનામાં રહેલી સત્યતાને આપણે ઍકસ (X) કહીશું. એ કલમ જે ગુણોની બનેલી છે તે ગુણોની બરાબરજ છે. પેલું એક ટેબલ છે. ટેબલને બનાવવાને જે ગુણોની જરૂર છે તેની બરાબરજ એ ટેબલ છે. ક્યૂ ટીન+ઍકસ, કૈવલ્ય અદ્વૈત શક્તિ. અહીં તમે સવાલ કરશો કે પ્રથમ ઍકસના જેવોજ આ ઍકસને કેમ ધારો છો? સવાલ ઉત્પન્ન થાય છે કે આ કલમની અંદર રહેલા ગુણો ટેબલની અંદર રહેલા ગુણોથી કાંઈક જુદા હશે. તમે જાણો છો કે સવાલ આવો છે કે કલમના ગુણો ઉદ્ભવ્યા તે પહેલાં કાંઈક સત્યતાએ આપણી ઈન્દ્રિયો ઉપર અસર કરી હશે; અને આ ટેબલ જેથી બન્યું છે તે ગુણો આપણા કર્તાપણાથી ઉદ્ભવ્યા હશે. બીજી કોઈ સત્યતાએ આપણી ઈન્દ્રિયો ઉપર અસર કરી હશે જેને આપણે ઍકસ કહીશું. તમે જાણો છો કે આ ઍકસને બીજા ઍકસ જેવો ગણવાનો આપણને હક્ક નથી. આ પીઆનો નામનું વાજું છે. જેને પ્રથમના બધા એકસથી જુદું ઓળખવાને આપણે ઍકસ ડૅશ (x') કહીશું. ટેબલમાં અગર કલમની અંદર જે વસ્તુ રહેલી હતી તેનાથી આ જુદું હશે. અહીં એક માણસ છે જેને આપણે ઍકસ ટૂ ડૅશ (x'') કહીશું.

પ્લેટોએ જે ભૂલ કરી છે તે હવે ધ્યાનમાં રાખવાની છે. તે આ અંદર રહેલી સત્યતાને જૂદી ગણે છે. તે જૂદી ગણે છે અને તમારામાંના ઘણાઓએ પણ તેને જૂદી ગણી છે; પણ રૂપાન્તરની પદ્ધતિ પ્રમાણે આ દલીલમાં ભ્રમ છે. આપણે બતાવી શકીશું કે આ માન્યતા ખોટી છે. કલમની ઉપાધિ, રંગ, વજન, નરમાશ અને સર્વે ગુણો તમારી બુદ્ધિ અથવા મનની પ્રતિક્રિયાનાં પરિણામ છે. આ બધી ઉપાધિ અથવા ગુણો પ્રતિક્રિયાને અનુસરે છે. આપણે ધારેલું છે કે આ પેન્સિલની સત્યતા આ ગુણોની ઉપાધિ ઉદ્ભવ્યા પહેલાંની હતી. આ પ્રમાણે કૈવલ્ય સત્યતા સર્વ ઉપાધિ, સર્વ પ્રકૃતિ અથવા સર્વ ગુણોની પેલે પાર જાય છે. આ ઍકસ ડૅશ (x') પણ બધી ઉપાધિ અથવા ગુણની પેલે પાર જાય છે. ઍકસ ટૂ ડૅશ (x'') પણ બધી ઉપાધિ અને ગુણની પેલે પાર જાય છે. વગેરે.

ત્યારે એક બીજી વસ્તુઓ વચ્ચે તફાવત શાથી પડે છે? મહેરબાની કરીને જરા વિચાર કરો. આ દુનિયામાં બધા તફાવત ફક્ત ગુણને લીધેજ છે. તમે આ ચાકનો કકડો અને પેલી પેન્સિલ એ બે વચ્ચે તેના ગુણોની સરખામણી કર્યા સિવાય તફાવત પાડી શકશો? તમે શી રીતે જાણો છો કે આ ચાકનો કકડો પેલી પેન્સિલથી જૂદો છે? ફક્ત ગુણથીજ. તે ધોળો છે તે પણ ગુણ છે. આ ચાક ભાગી જાય તેવો છે એ પણ ગુણ છે. એ પ્રમાણે બધા તફાવતો ગુણને લીધેજ છે. તમે જો આ ઍકસને પહેલા ઍકસથી જૂદો કરો તો તમે ભેદ ઉત્પન્ન કરો છો, તમે જૂદાપણું ઉત્પન્ન કરો છો. બીજા શબ્દોમાં તમે કૈવલ્ય સત્યતાને ગુણ ઉપર આધાર રાખતી કરો છો. ભેદભાવ અને એક બીજાથી જૂદાપણાની માન્યતાને લીધે તમે તે બધાને ગુણો ઉપર આધાર રાખતા જુઓ છો. ત્યાંજ ભૂલ થાય છે. તમે તેમને ગુણોથી પર ગણીનેજ શરૂઆત કરી અને તેમને ગુણો સાથે ગણીનેજ તેનું છેવટ પણ લાવો છો; પરંતુ જો તમે તેમને જૂદા ગણશો અને એકબીજાથી જૂદા પાડશો તો તમે ભૂલ કરશો. ગુણોનું અતિક્રમણ કરવા તમે તેમને ગુણોથી પર ગણી શરૂઆત કરી અને ગુણો અને ઉપાધિની હદમાં તેમને લાવીને તમેજ તમારા સિદ્ધાન્તની વિરૂદ્ધમાં છેરો લાવો છો. એમાં એજ ભૂલ થઈ છે.

આ પેન્સિલમાં રહેલી સત્યતા, આ ચાકના કકડામાં રહેલી સત્યતા કરતાં જૂદી છે, એમ કહેવાનો તમને હક્ક નથી. મન, કર્ત્તા અથવા બુદ્ધિમાં રહેલી સત્યતા તે બળદ અથવા ગાયમાં રહેલી સત્યતા કરતાં જૂદી છે, એમ કહેવાનો તમને હક્ક નથી. જે આત્મા આ ટેબલની અંદર રહેલો છે, તે પેલા ટેબલના આત્માથી જૂદો છે, એમ કહેવાનો તમને હક્ક નથી. તે અદ્વિતિય છે-એકજ છે. તેજ અનન્ત શક્તિ છે; તેજ કૈવલ્ય છે; તેજ બદલાય નહિ તેવું ત્રિકાલાબાધ્ય સત્યતત્ત્વ છે.

દૃષ્ટાન્તથી એ વાત વધારે સ્પષ્ટ થશે. આ એક સુન્દર સફેદ ભીંત છે. તમે બધા અહીં બેઠા છો. તમારામાંનો એક મનુષ્ય ભીંત ઉપર સુન્દર આકૃતિઓ, ભૂમિતિના ત્રિકોણો, વર્તુળો, અંડાકૃતિઓ વગેરે સહિત ધારો કે એક મહાન લડાઇનું ચિત્ર કહાડે છે. તેજ ભીંત ઉપર બીજો માણસ પોતાની સ્ત્રી, મિત્ર અને સગાંનાં ચિત્રો આલેખે છે. ત્રીજો વળી અન્ય પ્રકારનાં ચિત્રો આલેખે છે. આ બધાં ચિત્રોની પાછળ આધારરૂપ એકજ સત્ય વસ્તુ (ખરી ભીંતજ) રહેલી છે. તેજ પ્રમાણે આ જગતમાં પણ જે જે પદાર્થો તમે જુઓ છો તેની પાછળ તેના ખરા આધાર સ્વરૂપ એકજ સત્યતત્ત્વ રહેલું છે. ધારો કે અહીં તમે એક ઘોડો જુઓ છો, ત્યાં એક ગાય જુઓ છો, અહીં કૂતરો, બીજે હાથી અને ત્યાં માણસ જુઓ છો; આ બધાં ચિત્રો એકજ કૈવલ્ય એક્સ (x) ઉપર-એકજ સફેદ ભીંત ઉપર આલેખાયલાં છે. એ પ્રમાણે એજ આત્મા, એક અનંત 'રામ' દરેક વસ્તુની અંદર છે; તેજ છે; તેજ છે; તેજ છે. તમારા સ્વપ્નમાં તમે બળદ, કૂતરો, માણસ અને પછી સ્ત્રી જુઓ છો, પણ તમે સમજો છો કે સ્વપ્નામાં એ બધી વસ્તુઓ એકજ કૈવલ્ય સત્યતત્ત્વ કે જે તમારો ખરો આત્મા છે તેના ઉપરજ આલેખાયલાં ચિત્રો છે. જ્યારે તમે જાગો છો ત્યારે ઘોડો, પર્વત અગર નદી જે તમે સ્વપ્નમાં જોયાં હતાં તે કોઇ પણ ઠેકાણે હોતાં નથી.

આપણને પ્રતીત થતું આ જગત જે જે ગુણોનું બનેલું છે, તે બધા ગુણો તે કૈવલ્યસત્યતત્ત્વનેજ આધારે ઉપજેલા છે અને રહેલા છે. આ એક માર્મિક વાત છે. તરતમાં તમે એ સમજી શકશો નહિ, માટે હમણાં તો તમે તે સાંભળો એજ વધારે સારૂં છે. આ પછીનાં બીજાં વ્યાખ્યાનોમાં તમે પરિપૂર્ણ રીતે સમજશો. આ બધા ગુણોની ઉત્પત્તિ અને સ્થિતિનો માત્ર એ કૈવલ્યસત્ય ઉપરજ આધાર હોવાથી એમ ઠરશે કે એવો આધાર આપવાનો ગુણ એ કૈવલ્ય સત્યમાં પણ રહેલો છે. અને તેવો એકાદ ગુણ પણ તેમનામાં રહેલો છે ત્યાં સુધી તેને કૈવલ્ય-અર્થાત્ નિર્ગુણતત્ત્વ કહેવાયજ નહિ. તે છતાં પણ આપણે એવું શા માટે કહીએ છીએ કે "કૈવલ્ય સત્ય તત્ત્વ તે કૈવલ્યજ છે?" જે પ્રમાણે તમે તમારા જાતિ અનુભવને આધારે "આ દુનિયા ખરી છે" એમ કહો છો, તેજ પ્રમાણે તમારાથી ઉંચા દરજ્જાના અને તેમનાથી પણ શ્રેષ્ઠ મનુષ્યોના જાતિ અનુભવને આધારે આપણે કહીએ છીએ કે જ્યારે કૈવલ્યસત્યતત્ત્વનો સાક્ષાત્કાર થાય છે ત્યારે આ બધા ગુણો અને દેશ તથા કાળ નાશ પામે છે. આ પ્રમાણે કૈવલ્યસત્યતત્ત્વના લક્ષ્યબિન્દુથી જોતાં તો આ ગુણો વસ્તે કાળમાં છેજ નહિ; માત્ર ગુણોના લક્ષ્યબિન્દુને લઇનેજ એ ગુણો અધિષ્ઠાન એટલે કે કૈવલ્ય સત્ય ઉપર આધાર રાખે છે. ઉપર કહેલા વિરોધાભાસનો ખુલાસો એ પ્રમાણે છે. એ માત્ર ખુલાસોજ નથી પણ એક મહાન સિદ્ધાંત છે. કૈવલ્યસત્યતત્ત્વ એ તો કૈવલ્યજ છે, અને બધા ગુણોથી પર છે. આ ગુણો તો માત્ર પોતાના લક્ષ્યબિન્દુથીજ કૈવલ્ય સત્યની ઉપર

આધાર રાખનારો છે, વિશ્વના ઉત્પત્તિબિંદુથી તે એ જુદો કે તેને આધાર આપવાપણું, એમાંનું કાંઈજ નથી. આ એક મુખ્ય સિદ્ધાન્ત છે કે જેનો ખુલાસો આ જગતમાં બધી મુશ્કેલીઓને દૂર કરે છે.

આ કાંઈ માત્ર કલ્પનાનાજ વિષયો કે માત્ર વાતોજ કરવાની બાબતો નથી. યુરોપના ફિલસુફો આ વિષયોને કલ્પનાના વિષયો ગણે છે પણ હિન્દુ ફિલસુફો એમ ગણતા નથી. તેઓ તો કોઈ પણ સિદ્ધાંત તર્કથી સાબીત કરેલો હોય છતાં જે તે સિદ્ધાન્તને અન્દરમાં મુકીને અજમાવી જોયો ન હોય અર્થાત્ તે સિદ્ધાંતનો અનુભવ લઇ સાક્ષાત્કાર કર્યો ન હોય તો તે સિદ્ધાંતને માત્ર અર્ધો સિદ્ધ થએલો સિદ્ધાન્તજ ગણે છે. જ્યારે બુદ્ધિદ્વારા આપણે આ વિષયમાં પ્રવેશ કરીએ છીએ ત્યારે તે ઘણોજ મધુર લાગે છે, પરંતુ અહાઃ જ્યારે એકવાર પણ આપણે તેનો સાક્ષાત્કાર કરીએ છીએ ત્યારે તો તે મધુરાનન્દ પણ અલ્પરૂપ અને અનુપમ પરમ આનન્દમયજ જણાય છે. તેનો સાક્ષાત્કાર કરવો એ બહુજ જરૂરનું છે. જ્યારે તમે આ સિદ્ધાંતનું મનન અને ધ્યાન કરો કે, તમે એક એવા અનંત તત્ત્વરૂપ છો કે જે તત્ત્વ આ જગતના તમામ પદાર્થોની અંદર રહેલું છે. જે તમે તે કેવલ સત્ય તત્ત્વ સ્વરૂપ છો તો પછી તમે શરીરથી ભિન્ન છો, મનથી પર છો. આ શરીર એ કંઈ કર્તા નથી પણ એ તો માત્ર કાર્યજ છે, અને તેની હયાતી "પાણીનું એક મોજું બીજા મોજા સાથે અથડાવાથી ફીણ ઉત્પન્ન થાય" તેની પેઠેજ પ્રતીત થાય છે. એ ફીણરૂપી શરીર તે કાંઇ તમે નથી પણ તમે તો. તે કેવલઅનંતસત્યસ્વરૂપ છો કે જે સત્યરૂપી મહાસાગરમાં આ આખું વિશ્વ-આ વિશ્વનાં તમામ રૂપો માત્ર મોજાં, તરંગ અને ફીણરૂપજ છે. આવું મનન અને ધ્યાન કરીને તમે એ મહાસત્યનો સાક્ષાત્કાર-અનુભવ કરો અને આ શરીરાદિમાં અહંમમત્વ પરતંત્રરૂપ દુઃખદાયક બંધનોથી મુક્ત થાઓ. કૈવલ્ય સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરો. તમે તે સત્યસ્વરૂપજ-સત્યકૈવલ્યજ છો અને તે છતાં તેનો સાક્ષાત્કાર કરતા નથી તો શું સર્વ કૌતુકોમાંનું એક મોટું કૌતુક નથી ? અરે, તેમ કરો ! તેમ થાઓ ! અહાઃ કેવા શુભ સમાચાર ! કેવું સુખદાયી ધર્મશાસ્ત્ર ! તમે તે કેવલ સત્યરૂપજ છો. તે સત્ય ૐસ (X) તમેજ છો. તેનો સાક્ષાત્કાર કરો અને મુક્ત થાઓ.



१४–वेदान्तना केटलाक प्रश्नोना उत्तर.*

આજે કોઈ ખાસ વિષય ઉપર વિવેચન થશે નહિ, પરંતુ ઘણા લોકો 'રામ'ની પા વિવિધ પ્રકારના પ્રશ્નો પૂછવા આવે છે, અને કેટલીક વખતે તે પ્રશ્નો વિલક્ષણ હો છે, તેવા પ્રશ્નોમાંથી આજે કેટલાક ચર્ચવામાં આવશે; અને સંક્ષિપ્ત રીતે તેનો ઉત્તર આપવા આવશે. જો તમારામાંના કોઈને અથવા અમેરિકાના કોઈ વિભાગના કોઈ મનુષ્યને આ વિષ ઉપર કાંઈ પ્રશ્નો પૂછવા હોય તો તેણે પોતાના પ્રશ્નો કાગળ ઉપર લખીને 'રામ' પહોંચાડવા. જેથી આ હૉલમાં અગર કોઈ અન્ય સ્થળે કે જ્યાં 'રામ'ને બોલવાનો પ્રસં પ્રાપ્ત થશે ત્યાં એ પ્રશ્નોનું સવિસ્તર સમાધાન અપાશે.

આ પ્રશ્નોની શરૂઆત કરવા પહેલાં મનુષ્યના મનમાં ઉદ્ભવી શકતા સર્વ પ્રકારના પ્રશ્નો સંબંધી સ્પષ્ટીકરણ—સાર્વત્રિક સ્પષ્ટીકરણ કરવાની જરૂર છે. તમે જાણો છો કે યૂરોપના અથવ અમેરિકાના તત્ત્વજ્ઞાનીઓ કરતાં હિન્દુસ્તાનના તત્ત્વજ્ઞાનીઓની રીત તદ્દન જુદી છે. જ્યારે હિન્દુ તત્ત્વજ્ઞાનીઓ અમુક વિષય હાથ ઉપર લે છે ત્યારે તેઓ પ્રથમ એ વિષયનું વિવરણ કરે છે; અને પછી કલ્પી શકાય તેમજ પૂછી શકાય તેવા હરેક પ્રકારના પ્રશ્નો તેઓ ચર્ચે છે. 'રામ'ને પોતાને આ બધી દશાઓનો અનુભવ છે. અન્ય કોઈ મનુષ્યને ઉદ્ભવી શકે તેવા તમામ પ્રશ્નો 'રામ'ને પણ ઉપસ્થિત થયા હતા. આ પ્રશ્નો અને વિવાદો એક મહાસાગરરૂપ છે. એમાંના કેટલાક પ્રશ્નો તો 'રામ' જ્યારે પાંચ વર્ષનો હતો ત્યારે તેના પોતાનાજ હતા. જે પ્રશ્નો તમે હાલ રજુ કરો છો તે 'રામ' જ્યારે ૧૫ વર્ષની વયનો હતો ત્યારે તેને પણ ગુંચવતા હતા, અને બીજા પ્રશ્નો 'રામ' જ્યારે ૨૫ વર્ષની વયનો હતો ત્યારે તેનું ચિત્ત રોકતા હતા.

બીજી વાત એ છે કે આમાંના કેટલાક પ્રશ્નો તાત્વિક ઉન્નતિની ઘણીજ પ્રાથમિક દશા સંબંધી છે, કેટલાક ધાર્મિક ઉન્નતિની માધ્યમિક દશા સંબંધી છે, અને કેટલાક બીજી દશાઓ સંબંધી છે. એક મનુષ્ય તમારી પાસે આવે છે અને તમારી પાસેથી ભૂમિતિના પ્રથમ સ્કંધનો ૪૭ મો સિદ્ધાન્ત સમજવા ઇચ્છે છે. જો તમે આ સિદ્ધાન્ત તેને એકદમ સમજાવવા માંડો અને જો તે માણસને ૪૬, ૪૫ અગર ૧ લો સિદ્ધાન્ત પણ આવડતો ન હોય અને ભૂમિતિના સ્વીકૃતપક્ષ (Postulates) અથવા પ્રત્યક્ષપ્રમાણો (axioms) પણ તે જાણતો ન હોય તો, તમે તેને ૪૭ મો સિદ્ધાન્ત, તેને સંતોષ થાય તેવી રીતે સમજાવી શકશો કે? જો તમે તે કામ માથે લ્યો અને તેને સમજાવવું શરૂ કરો તો શરૂઆતમાંજ તમારે ૪૬ મો સિદ્ધાન્ત લાગુ કરવો પડશે. તમારે ચોરસ આકાર દોરવો પડશે, પણ તે

* તારીખ ૨૭ મી ડિસેમ્બર ૧૯૦૨ ના રોજ વિજ્ઞાનશાસ્ત્ર વિદ્યાલયમાં આપેલું ભાષણ.

મનુષ્ય એ સમજતો નથી. ત્યારે તમારે ૩૨ મો સિદ્ધાન્ત લાગુ કરવો પડશે, પરંતુ તે મનુષ્ય એ પણ સમજતો નથી. હવે તમારે ૪૬ મો અને ૩૨ મો સિદ્ધાન્ત સમજાવવાનું શરૂ કરવું પડે છે. આ સિદ્ધ કરવા માટે પણ તમારે પાછા ૧૬ મા, ૨૨ મા તેમજ બીજા સિદ્ધાન્તો ઉપર પાછા જવું પડશે. એમ કરતાં કરતાં છેવટ તમને તે ૧ લા સિદ્ધાન્ત ઉપરજ પાછા લઈ જશે. આ પ્રમાણે સ્વીકૃતપક્ષ અને પ્રત્યક્ષ પ્રમાણ ઉપર પણ તમારે જવું પડશે, જો તેમ ન કરો તો સર્વ બાબતો ગુંચવણમાં પડે છે અને કશુંજ સાબીત થતું નથી.

વિજ્ઞાનની ચર્ચા ગુંચવણવાળી સ્થિતિમાં થવી જોઇએ નહિ. તેની ચર્ચા પદ્ધતિપુરઃસર, નિયમપૂર્વક, અને ક્રમપૂર્વક થવી જોઇએ. આ વેદાન્ત તત્ત્વજ્ઞાન એ ધર્મ તેમજ વિજ્ઞાન બને છે. યૂરોપમાં ધર્મ અને તત્ત્વજ્ઞાન વચ્ચે ભેદ હોય છે, પણ 'રામ' જે શિક્ષણ તમારી આગળ રજુ કરે છે તે તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન અને ધર્મને એકત્ર કરે છે.

આ તત્ત્વજ્ઞાન એ વિજ્ઞાનનું પણ વિજ્ઞાન હોવાથી તેની પદ્ધતિપુરઃસર, નિયમપૂર્વક અને ક્રમપૂર્વક ચર્ચા થવી જોઇએ. જે થોડાં ભાષણો તમે સાંભળ્યાં છે તેમાં આ તત્ત્વજ્ઞાન સંબંધી ઇસારો પણ નહોતો. આવી રીતે વેદાન્ત તત્ત્વજ્ઞાન ઉપર એક પણ વ્યાખ્યાન અપાયું નથી. અત્યાર સુધીમાં તો માત્ર ઉપલક દલીલોજ વિચારી છે; અને પ્રાસ્તાવિક અથવા પ્રાવેશિક વ્યાખ્યાનોજ અપાયાં છે. જો 'રામ'ને આ અદ્ભુત વિજ્ઞાન અને ધર્મનું સ્પષ્ટીકરણ કરવાનો અવકાશ મળશે તો તમારી સઘળી શંકાઓ અને પ્રશ્નો પોતાની મેળેજ શમી જશે.

કેટલાક લોકો પોતાના પ્રશ્નોના ઉત્તર સત્વર મેળવવા ચાહે છે, જેથી ભલે તેવાઓનાજ કેટલાક વિલક્ષણ પ્રશ્નો આપણે ચર્ચીશું.

ગઈ રાત્રે અગર ગઈ રાત્રિની આગલી રાત્રે એક મનુષ્ય આ સવાલ પૂછવા આવ્યો: "સાહેબ! તમે શું શિખવો છો? તમારે આત્મા છે? તમે આત્માનું અસ્તિત્વ શિખવો છો? તમે આત્માને માનો છો?" રામે કહ્યું: "ના મારે આત્મા નથી." તેને આથી નવાઇ લાગી અને તે આશ્ચર્યચકિત થયો કે આ તો શેતાનનો ધર્મ છે! આને તો આત્માજ નથી!

હવે 'રામ' ના જવાબનો શો અર્થ છે તે જોઇએ. "મારે આત્મા નથી?" ધ્યાન આપો. અમેરિકા અને યૂરોપમાં ધર્મ શું છે? તે દિવાનખાનામાં શણગારની વસ્તુ છે; તે દિવાનખાનાં અલંકૃત કરવાની વસ્તુ છે. આ મારી સ્ત્રી છે, આ મારાં છોકરાં છે, આ ભવ્ય અને વિશાળ મહેલ છે, આ મારી મિલ્કત છે, અને આટલા કરોડ ડાલર બેંકમાં જમે છે. મારે આ સર્વ છે, પણ તે છતાં અરે! હું કાંઇક વધારે ઇચ્છું છું. હું કાંઇક વધારે ઇચ્છું છું. સંચય કરવાની આ વૃત્તિથી ઉત્કેરાઇને સંપાદન કરવાના અને એકત્ર કરવાના વિચારથી દોરવાઇને તેઓ બીજી એક વધારે વસ્તુ સંચય કરવા અને સંપાદન કરવા ઇચ્છે છે. જેવી રીતે દિવાનખાનું સંબંધીઓની છબીઓ સિવાય ઉત્તમ રીતે અલંકૃત થતું નથી; તેવી રીતે થોડાક પણ ધર્મ સિવાય હું દ્રવ્યવાન મનુષ્ય તરીકે સંતુષ્ટ થઇ શકું નહિ. બીજી વસ્તુ સાથે ધર્મ પણ મારે પ્રાપ્ત કરવો જોઇએ: પણ બીજી વસ્તુઓ પહેલી પ્રાપ્ત થવી જોઇએ અને આ (ધર્મ) છેલ્લો છેલ્લે.

ઉપર પ્રમાણે કેટલાકને રૂચે નહિ તેવા શબ્દો 'રામ' ના મ્હોંમાંથી નીકળે તો તે માટે 'રામ'ને ક્ષમા કરશો. મનુષ્યો કરતાં સત્યને 'રામ' વધારે માન આપે છે અને સત્યને

આપતાં તે તમનેજ ખરું માન આપે છે, કારણ કે 'રામ' ની માન્યતા પ્રમાણે તમે સત્ય સ્વરૂપજ છો અને નહિ કે આ મિથ્યા હુંપદ અથવા શરીરરૂપ છો. સત્ય આ પ્રમાણે કહેવાની 'રામ'ને ફરજ પાડે છે. આ દેશમાં (અમેરિકામાં) સાધારણ પ્રાર્થનામાં પરમેશ્વરનો શો ઉપયોગ થાય છે ? લોકો પરમેશ્વરની કેવી રીતે પ્રાર્થના કરે છે ? જ્યારે છોકરૂં માંદુ પડે છે; જ્યારે મિલકતને કાંઇ નુકસાન થવાનું હોય છે; જ્યારે શરીરમાં કોઇ વ્યાધિ થાય છે; ત્યારે તેઓ પરમેશ્વરને યાદ કરે છે. તેઓ આંખો ફેરવે છે, હાથ ઉંચા કરે છે, અને "હે પરમેશ્વર! તું સ્વર્ગમાં છે, હે પરમેશ્વર! તું આકાશમાં છે," એમ પ્રાર્થના કરે છે! પરમેશ્વર ઉપર પણ દયા લાવતા નથી કે જો તે વાદળાંની ઉપર રહેતો હોય તો તેને શરદી થાય. "ત્યાં છે તે હે પરમેશ્વર! મારા ઉપર દયા કરો અને મારી મિલકત બચાવો. મારા શરીરને આરોગ્ય કરો અને મારા છોકરાને તન્દુરસ્ત કરો." અરે! એ ધર્મ છે? એ ધર્મ છે? અહીં પરમેશ્વરને માત્ર પોતાના સ્વાર્થને માટેજ માનવામાં આવ્યો છે. જ્યારે ઘરમાં કાંઇ અવ્યવસ્થા થાય, જ્યારે ઘરમાં કચરો થાય, જ્યારે ઘર દુરસ્ત થઇ શકે તેવું ન રહે ત્યારે તે બિચારો નીચે આવે છે અને તમારા ઘરમાં ઝાડુ વાળે છે! શું પરમેશ્વરનો આવો ઉપયોગ નથી થતો! અહીં ધર્મ માત્ર એવા હેતુ માટેજ રાખેલો નથી? શું તે ધર્મ છે? અહીં પ્રધાન વસ્તુમાં શરીર, અહંભાવ, સ્ત્રી અને છોકરાં છે; જ્યારે પરમેશ્વરને તો માત્ર તેમની સેવા માટે-ઓરડાઓ વાળવા ઝૂડવા માટેજ રાખ્યો છે. શું ખરેખર આમ નથી?

હું કહીશ કે આ શિક્ષણ વેદાન્તના પ્રકાશવડે જોતાં જૂદું છે. ક્રાઇસ્ટનું આ શિક્ષણ કે જેના ઉપર લોકો પાકુંજ ધ્યાન આપે છે તે એ છે કે "સ્વર્ગનું રાજ્ય શોધો; એટલે બીજું બધું તમને આવી મળશે." આ શિક્ષણ ઘણા આગ્રહથી અને દઢ રીતે ઠસાવાય છે. આ શિક્ષણનો અર્થ એ છે કે શરીર, મન, સંબંધીઓ, મીલ્કત અને સંસાર, આ સર્વ વસ્તુઓ એક પ્રિયતમ પ્રભુના ચરણમાં અર્પણ કરી દેવી. આવા ત્યાગીને માટે સમગ્ર વિશ્વ તેનું ગૃહ અને શુભ કરવાની વૃત્તિ તેનો ધર્મ થાય છે. અહીં એક આવશ્યક વસ્તુ-એક અગત્યની વસ્તુ અહંતા અને મમતા અર્પણ કરવામાં આવે છે, અને બીજી સર્વ વસ્તુઓને ભ્રમમૂલક તથા વિજાતીય પ્રદેશની ગણવામાં આવે છે. એવા મનુષ્યોને ગૃહમાંજ પ્રભુનો સાક્ષાત્કાર થાય છે. તેમનું આ બહારનું ગૃહ તો તેમને મન ધર્મશાળા અથવા વીશી જેવુંજ હોય છે. આ લોકોને પણ પોતાનાં સ્ત્રી અને બાળકોની જરૂરીઆતો પૂરી પાડવી પડે છે; છતાં તે કાર્ય પણ તેઓ પોતાની દૈવીભાવના પ્રમાણેજ કરે છે.

હવે "તમારે આત્મા છે?" એ સવાલનો જવાબ જુઓઃ આ એક પ્રાસંગિક પ્રશ્ન છે. મારે તો શરીર છે તે છતાં તે પૂછે છે કે "તમારે આત્મા છે?" રામ કહે છે કે "આત્મા તો હું પોતેજ છું. હું તેજ છું." "તમારે આત્મા છે?" એ કહેવું મૂર્ખાઇ ભરેલું છે; જાણે હું શરીર હોઉં અને આત્મા મારી મિલ્કત હોય નહિ! પણ હું તો આત્માજ છું. મારે શરીર છે, અને મારે આખું વિશ્વ છે.

બીજા એક માણસે 'રામ'ને એવો સવાલ પૂછયો હતો કે "તમે પરમેશ્વરને માનો છો?" 'રામ' કહે છે કે "હું પરમેશ્વરને ઓળખું છું! હું પરમેશ્વરને ઓળખું છું!" જે વસ્તુ આપણે જાણતા નથી તેનેજ આપણે માનીએ છીએ; જે વસ્તુ આપણા ઉપર પરાણે ઠસાવવામાં આવી હોય તેનેજ માની લેવાની આપણને જરૂર પડે છે; જે હોવા છતાં આપણને

જણાયું ન હોય તેનેજ આપણે માનીએ છીએ. ત્યારે પરમેશ્વરને વિષે તમે શું જાણો છો? "હું પરમેશ્વરને ઓળખું છું. હું તે છું, હું તેજ છું." તે પૂછે છે કે "પરમેશ્વર તમારામાં છે? પરમેશ્વર તમારામાં છે?" 'રામ' કહે છે કે "શરીર અને સંસાર તેનામાં છે. હું પરમેશ્વર છું." આથીજ બધો ભેદ જણાય છે. આ દેશ (અમેરિકા)ના લોકો મનુષ્ય મરી જાય છે ત્યારે કહે છે કે તેણે આત્મા તજી દીધો, ત્યારે હિંદુઓ કહે છે કે તેણે (આત્માએ) શરીર ત્યજી દીધું. આ બંને દૃષ્ટિએ બે ભિન્ન ભિન્ન લક્ષ્યબિન્દુ બતાવે છે. તેણે આત્મા ત્યજી દીધો એનો અર્થ તો એજ થયો કે જાણે તેનું સત્ય સ્વરૂપ એ શરીરજ હોય અને આત્મા અગર જીવ એ તો તેને વળગેલી બહારની વસ્તુ હોય! જાણે શરીર એજ તેનું સ્વરૂપ હોય અને જીવ અગર આત્મા તો બીજો કોઈ વિજાતીય પદાર્થજ હોય! હિંદુઓ કહે છે કે 'હું તે છું અને મેં શરીર તજી દીધું.' જેવી રીતે હું કપડાં બદલું છું તેવી રીતે હું દેહ છોડી દઉં છું.

એક બીજો પ્રશ્ન છેઃ "જો પરમેશ્વર સર્વ શક્તિમાન હોય તો આ દુનિયામાં આટલો બધો કલેશ અને દુઃખ શા માટે હોવાં જોઈએ?" તમે જાણો છો કે વેદાન્ત કહે છે કે પરમેશ્વર સર્વસ્વ છે, પરમેશ્વર સર્વ શક્તિમાન છે, તમે એ પરમેશ્વર છો અને હું એ પરમેશ્વર છું. લોકો કહે છે કે તમે પરમેશ્વરના એક ભાગ છો? ના, ના. પરમેશ્વરના ભાગ પડી શકતાજ નથી. પરમેશ્વરને છેદી શકાતોજ નથી. પરમેશ્વરનો કકડો પણ થતો નથી. પરમેશ્વરને કાતરી શકાતો નથી. તમે પરમેશ્વરના ભાગ નથી. જો પરમેશ્વર અનન્ત છે, તો પછી તમે તેના ભાગરૂપે નહિ પણ આખાજ પરમેશ્વર હોવા જોઈએ. તમે પરમેશ્વરનો ભાગ હોઈ શકો નહિ. પરમેશ્વરના ભાગ પડી શકતા નથી.

હવે પ્રશ્ન એવો છે કે જો પરમેશ્વર સર્વ શક્તિમાન હોય તો તેણે પોતાને એક શરીરમાં સુખી સ્થિતિમાં અને બીજા શરીરમાં કંગાલ સ્થિતિમાં શા માટે મુકવો જોઈએ? તેણે હિંદુસ્તાનમાં બ્યુબૉનિક પ્લેગ અને ગરીબાઈ તથા અમેરિકામાં આરોગ્ય અને રાજકિય સ્વાતંત્ર્ય શા માટે લાવવાં જોઈએ? પરમેશ્વરે એક મનુષ્યને ચાર પાંચ અબજ રૂપિયાનો માલિક અને બીજાને નિર્ધન-ભૂખે મરતી સ્થિતિનો શા માટે કરવો જોઈએ? તેણે આમ શા માટે કરવું જોઈએ? તે કેવો અન્યાયી છે!

આ પ્રશ્નનું સમાધાન કરવાનો આ દેશમાં તેમજ હિંદુસ્તાનમાં પ્રયત્ન કરવામાં આવે છે, અને ઘણા લોકો કર્મના સંપ્રદાયને કાર્ય કારણનો સિદ્ધાન્ત આગળ ધરે છે. એવા સિદ્ધાન્તનો આશય લેવાય છે કે "દરેક મનુષ્ય પોતાનાં આચરણ અને પરિસ્થતિ પોતાની ઈચ્છાથી ઉત્પન્ન કરે છે; અને તેથી પરમેશ્વર ન્યાયી છે. લોકો પોતેજ પોતાનું પ્રારબ્ધ રચે છે, પોતાનું નસીબ ઉત્પન્ન કરે છે. રામને કર્મના સિદ્ધાન્તમાં પ્રવેશવાની આવશ્યકતા નથી. કાર્ય-કારણનો સિદ્ધાન્ત હિંદુસ્તાનમાંથી આવે છે, અને વેદાન્ત તેનું સમર્થન કરે છે; પણ તે માત્ર સાંકેતિક વિષયને લાગુ પડે છે, તે માત્ર રૂપનેજ લાગુ પડે છે. તે પ્રશ્નના મૂળ સુધી પહોંચતું નથી. આ કર્મનો સિદ્ધાન્ત કે જે પુનર્જન્મનો અને તે સંબંધી સર્વ પ્રશ્નોનો ખુલાસો કરે છે તે સિદ્ધાન્ત પ્રમાણે તમે હાલ જે સ્થિતિમાં છો તે સ્થિતિ તમારીજ પૂર્વની વાંચ્છનાઓ અને કર્મનું પરિણામ છે. ગમે તેવી સ્થિતિ, ગમે તેવી પરિસ્થિતિ કે ગમે તેવા સંયોગોમાં હો તે સર્વ તમારી પૂર્વની વાંચ્છનાઓ, ઈચ્છાઓ, તૃષ્ણાઓ અને પૂર્વનાં કર્મોનું ફળ છે. જો તમે ધ્યાનપૂર્વક જોશો તો તમને સમજાશે કે આ સિદ્ધાન્ત તો માત્ર તમારી

મુશ્કેલીઓજ દૂર ખસેડે છે; પણ તે આ પ્રશ્નોનો સંપૂર્ણ ખુલાસો આપતો નથી. રામ આ સિદ્ધાન્તનો અસ્વીકાર કે ઉચ્છેદ કરવા ઇચ્છતો નથી, રામ તેને માન્ય કરે છે અને સમર્થન આપે છે, પણ તે આ પ્રશ્નની બીજી બાજુ અગર તેનું બીજું સ્વરૂપ બતાવવા ચાહે છે કે જે સ્વરૂપનો અમેરિકાના ઘણા લોકોએ અસ્વીકાર કર્યો છે, અથવા તદ્દન અસ્વીકાર કર્યો નથી તે તેને વિસારે નાખ્યું છે.

આ સિદ્ધાન્ત પ્રમાણે પૂર્વનાં કર્મોએજ તમારી હાલની એક બીજાની સ્થિતિમાં ભેદ કર્યો છે. ત્યારે આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે તમારા પૂર્વજન્મમાં તમારાં કર્મ તૃષ્ણા, ઇચ્છા અને તરંગોમાં ભેદ હતો. કેટલાંક માંદા હતા, કેટલાક નિર્ધન હતા અને કેટલાક ધનવાન હતા. હવે પ્રશ્ન એ છે કે તમારા પૂર્વજન્મમાં એવા ભેદ શા કારણને લીધે હતા? જવાબ એ છે કે તમારી પૂર્વજન્મની સ્થિતિના ભેદ તે તેની અગાઉના પૂર્વજન્મના આવાજ ભેદોને પરિણામે હતા. હવે ત્રીજા જન્મમાં ભેદ હોવાનું શું કારણ હતું? એમ પૂછે તો તેનીએ પૂર્વના જન્મના ભેદોથી તે હતા એમ કહેવું પડશે. આ પ્રમાણે આ સિદ્ધાન્ત ઉલટો કરોડોગણો ગુંચવાડો ઉત્પન્ન કરે છે, કારણ કે આ સિદ્ધાન્તાનુસાર આપણે જોઇએ છીએ કે તમારા બધા પૂર્વના જન્મો, અનન્તતા સુધીના પણ અને જો આદિ હોય તો આદિ સુધીના પણ, તેની પૂર્વના જન્મોના ભેદના પરિણામ રૂપે હતા. આ પ્રમાણે ઠેઠ સુધી ભિન્નતા અને વિરોધ છે. આમ પ્રશ્નનો ઉત્તર તો અપાયો નહિ ને ઉલટો તે વધારે ગુંચવણવાળો, અનેકગણો બળવાળો થયો. ફરીથી યાદ કરી જતાં એ પ્રશ્ન આવો છે કે પરમેશ્વરે આદિથી આ ભેદ શા માટે રાખ્યો હશે? પરમેશ્વરે એક ઠેકાણે પોતાને ધનવાન અને બીજે ઠેકાણે નિર્ધન શા માટે બનાવ્યો હશે? તેણે એક ઠેકાણે પોતાને રોગી અને બીજે ઠેકાણે સંપૂર્ણ તન્દુરસ્ત શા માટે રાખ્યો હશે? આ કેટલું અવિચારી છે? આ ભેદ વાજબી છે એમ શી રીતે બતાવાય છે? વેદાન્ત કહે છે કે આ પ્રશ્ન તો વેદાન્તે ઉલટો તમને કરવાનો છે; વેદાન્તને તમારે કરવાનો નથી. આ પ્રશ્નનો જવાબ તો તમારે આપવાનો હતો; તેની જવાબદારી વેદાન્ત ઉપર નથી. વેદાન્ત તો ઐક્ય અને અભેદ સ્વીકારે છે, અને તેની સાથેજ આ ભેદનો-આ દેખીતી ભિન્નતાનો ખુલાસો આપે છે લક્ષ આપો.

ધારો કે એક જુલ્મી માણસ છે, અને તેની પાસે પાંચ બીજા માણસો છે. આ માણસો તેનાથી જુદા હોય, અર્થાત્ તે મનુષ્ય પરમેશ્વરની સ્થિતિમાં હોય અને આ બીજા માણસો તેના બનાવેલા પ્રાણી, નોકર અને ગુલામ હોય. જો આ મનુષ્ય પોતાના એક નોકર અગર પ્રાણીને કારાગૃહમાં નાંખે, બીજા નોકરને સુન્દર ઉપવનમાં રાખે, બીજા નોકરને સુન્દર મહેલમાં રાખે, બીજાને શણગાર સજવાના ઓરડામાં રાખે અને વળી બીજાના ઉપર આખો વખત ભારે દુઃખનો બોજો અને મહાન હિમાલયને તેની છાતી ઉપર સઘળો વખત રાખી મૂકે; તો આવા શેઠ વિષે તમે શું ધારશો? ઘાતકી! અન્યાયી સ્વામી! અન્યાયી સ્વામી! જો પરમેશ્વર પોતાનાં બનાવેલાં પ્રાણીઓથી ભિન્ન હોય અને એક પ્રજાને ઘણી સુખદ અને બીજી પ્રજાને ઘણી દુઃખદ સ્થિતિમાં મૂકે; જો તે એક મનુષ્યને ઘણો ધનવાન અને બીજાને ઘણો નિર્ધન બનાવે; તો આવા સ્વામી વિષે તમે શું ધારશો? ઘાતકી! ઘાતકી! અન્યાયી! અન્યાયી! દયા વગરનો! દયા વગરનો! અને ન્યાયની છાંટ પણ વિનાનો! જે લોકો પરમેશ્વરને મનુષ્યથી ભિન્ન ગણે છે તેમણેજ આ પ્રશ્નનો પ્રત્યુત્તર આપવાનો છે. વેદાન્ત તો પરમેશ્વર દૂર હોય એમ માનતુંજ નથી. મનુષ્યે પોતાની અન્તરજ પરમેશ્વરને જોવાનો છે.

હવે લક્ષ આપો: એક શેઠ એક વખતે ઉપવનમાં જાય છે, બીજી વખતે મહેલમાં જાય છે; બીજી વખતે કારાગૃહમાં જાય છે; બીજી વખતે શણગાર સજવાના ઓરડામાં જાય છે, વળી રસોડામાં પણ જાય છે, અને પોતાની ઈચ્છાથી બોજા નીચે પણ કચરાય છે. તમે તેને માટે શું કહેશો? તે અન્યાયી છે? ના, ના, જે મનુષ્યોને તે કારાગૃહમાં, ઉપવનમાં, મહેલમાં અથવા પોશાક બદલવાના ઓરડામાં રાખે છે તેમનાથી તે ભિન્ન હોય તોજ તે અન્યાયી ગણાય; પણ જે પોશાક બદલવાના ઓરડામાં જાય છે અને બીજાં સ્થળોમાં પણ જાય છે તે જો એ પોતેજ હોય, જો આ બધી ક્રિયાઓ કરે છે તે એ પોતેજ હોય, તો તે અન્યાયી નથી, તે સઘળા દોષથી મુક્ત છે.

આ ઉપરથી વેદાન્ત કહે છે કે જે લોકો દુઃખ સહન કરે છે અને જે લોકો ધનવાન અને નિર્ધન છે તેમનાથી જો પરમેશ્વર જુદો હોય તોજ આ મિથ્યાભિન્નતા, આ મિથ્યા વિરોધ, વગેરે પ્રભુના નામને કલંકીત કરે; પરન્તુ તે પ્રભુનું પોતાનુંજ સ્વરૂપ છે; તે રામનું પોતાનુંજ સ્વરૂપ છે. હું પોતેજ ધનવાન છું, હું પોતેજ કારાગૃહમાં છું, હું પોતેજ સુન્દર છું, અને હું પોતેજ વિકૃત છું. તમે હવે કોને ઠપકો આપશો? અરે, ઠપકો આપનાર પણ હું પોતેજ છું.

આની સાથે એક બીજી પણ વાત કહેવાની છે: આ દેશમાં જ્યાં "હું" શબ્દને શરીર અગર મનના અર્થમાં વાપરવામાં આવે છે ત્યાં વેદાન્તનો ઉપદેશ કરવો એ ઘણું મુશ્કેલ છે. આ દેશમાં લોકોને એવું કહેવાની ટેવ પડી ગઇ છે કે હું આત્મા છું; પણ "હું" શબ્દથી તેઓ શરીર, મન, બુદ્ધિ, જન્મેલો જીવ, અથવા પુનર્જનિત જીવનેજ સમજે છે; જ્યારે વેદાન્તનો સાક્ષાત્કાર કરેલો મનુષ્ય "હું" શબ્દથી શરીર, મન, અગર પુનર્જનિત આત્માને કદાપિ સમજતો નથી. હું પણ કાંઇ એવો 'હું' નથી. જો હું કાંઇ પણ હોઉં તો પરમેશ્વરજ છું.

હું નૃપ છું, અશ્વાધિપતિ છું, સ્વામી છું, અમેરિકન છું, હિંદુ છું, એવી એક ઉક્તિ છે. આ કથન હું પરમેશ્વર છું, એ કથનથી જુદા પ્રકારનું છે. એ ભેદ તમે ધ્યાનમાં રાખો. 'હું નૃપ છું', એ ઉક્તિમાં 'નૃપ' શબ્દ ઉપાધિ જેવો છે. 'હું અશ્વાધિપતિ છું,' માં 'અશ્વાધિપતિ' ની ઉપાધિ ધારણ કરેલા ઝબ્બા જેવી છે. જ્યારે આપણે 'હું નિર્ધન છું' એમ કહીએ છીએ ત્યારે નિર્ધનતા એ એક વસ્તુ છે અને હું પોતે કોઇ બીજી વસ્તુ છું; નિર્ધનતા ધારણ કરેલા ઝબ્બા જેવી છે. હિન્દુઓ 'હું પરમેશ્વર છું' એમ કહે છે, તે વખતે ખાસ ધ્યાનમાં રાખો કે 'પરમેશ્વર' એ કાંઇ ઉપાધિ કે ગુણના અર્થમાં કહેવાતો નથી, અથવા તમારૂં મિથ્યા હુદ્દો તેવું ને તેવુંજ કાયમ રાખીને એકાદ ઝબ્બાની માફક તેને પહેરી શકો એવા ઝબ્બારૂપે તે નથી. એક જ્ઞાની હિંદુ જ્યારે "અહંબ્રહ્માસ્મિ"—હું બ્રહ્મ છું, એમ કહે છે ત્યારે જેમ કોઇ કદપીન સર્પથી બીધેલાને કહે કે "આ સર્પ તો રજ્જુ છે," એના જેવુંજ તેનું કહેવું છે. એક માણસ જમીન ઉપર ગુંચળું વળેલું દોરડું પડ્યું હતું તેને સર્પ ધારીને બીન્યો અને પડી ગયો. ત્યાં કોઇ આવીને તેને કહે છે: "બન્ધુ, બન્ધુ, આ તમારો સર્પ તો રજ્જુ છે! એ સર્પ તો રજ્જુ છે!" તેના આવા કહેવાનો અર્થ એજ કે જેને તમે ભૂલથી સર્પ ધાર્યો હતો તે ખરી રીતે સર્પ નથી, તેતો રજ્જુ છે. ધ્યાન આપો કે તમારો સર્પ રજ્જુ છે એ ઉક્તિ કાંઇ "હું નૃપ છું" અથવા "હું શર્દનશાહ છું" એમ વિશેષણ દર્શાવનારી નથી. અહીં 'સર્પ'

શબ્દ એ કંઈ રજ્જુ શબ્દના વિશેષણ તરીકે નથી કે 'રજ્જુ' શબ્દ એ કંઈ સર્પ શબ્દના વિશેષણ રૂપે નથી. હા, જો " આ સર્પ કાળો છે " એમ કહ્યું હોત તો ત્યાં " કાળો " શબ્દ " સર્પ " શબ્દનું વિશેષણ થાત; પણ જ્યારે તમે "સર્પ એ રજ્જુ છે" એમ કહો છો ત્યારે "રજ્જુ" એ કંઈ વિશેષણ નથી. મહેરબાની કરીને લક્ષમાં રાખો: આ સમજવું જરા મુશ્કેલ છે, પણ એક વખત સમજો, એટલે પછી તમને સંશય ઉઠશે નહિ.

આ વાત બરાબર લક્ષમાં રાખો કે " સર્પ કાળો છે " એ એક પ્રકારની ઉક્તિ છે, અને " સર્પ રજ્જુ છે " એ તદ્દન જુદા પ્રકારની ઉક્તિ છે. તેજ પ્રમાણે જ્યારે લોકો કહે છે કે " હું દેવ છું, " " હું ખ્રિસ્તી છું " એ એક પ્રકારની ઉક્તિ છે; અને જ્યારે હિન્દુઓ કહે છે કે "હું બ્રહ્મ છું" ત્યારે તે બીજા પ્રકારની ઉક્તિ છે. જ્યારે તે " હું બ્રહ્મ છું " એમ કહે છે ત્યારે તેનો અર્થ એ છે કે તમે મને જે શરીર સમજો છો તે શરીર હું નથી, તમે ભૂલથી મને રુધિર, સ્નાયુઓ અને હાડ સમજો છો, પણ તેમ નથી. હું સાડાત્રણ હાથનું પુતળું નથી. હું મન કે બુદ્ધિ પણ નથી; પણ હું તો અધિકારણ છું. હું સત્યશક્તિ છું; હું અનન્ત પરમ સત્ય સ્વરૂપ છું; સત્ય પરમેશ્વર, સત્ય શક્તિ, એજ માત્ર હું છું.

વળી જેને પોતાના ન્યાયાસન આગળ લાવી શકાય, ઠપકો આપી શકાય, પોતા આગળ ઊભો કરી શકાય અને ઝિડકી શકાય. એવા એકાદ પ્રાણીની પેઠે લોકો પરમેશ્વરને " આમ કર ને તેમ કર, " એમ કહેવા ઇચ્છે છે. જાણે કે તે માત્ર એકાદ સામાન્ય મનુષ્ય હોયને! આ બાબત એક દૃષ્ટાન્તથી ઠીક સમજાવી શકાશે.

હિન્દુસ્તાનમાં એક ગાંધી રહેતો હતો, તેણે પોતાને ત્યાં એક સુંદર પોપટ પાળ્યો હતો. એક દિવસ આ ગાંધી કોઈ કારણસર પોતાની દુકાન છોડીને બહાર ગયો. તેનો નોકર પણ એ વખતે ગેરહાજર થયો હતો. પોપટ દુકાનમાં હતો. ગાંધીની ગેરહાજરીમાં એક મોટી બિલાડી આવી. બિલાડીને જોઈ પોપટ જોકે પાંજરામાં હતો તોપણ બીન્યો અને કૂદવા લાગ્યો. પોતાની રક્ષા કરવાની આશાએ કૂદવા લાગ્યો તેથી ભીંત ઉપર લટકતું પાંજરૂં ગરી પડ્યું અને મણ કિંમતી તેલની બરણી ઉપર પડ્યું. બરણી ભાંગી ગઈ અને બધું તેલ ઢળી ગયું. થોડીવાર પછી ગાંધી આવ્યો. તે ઘણો ગુસ્સે થયો. અને પોતાનું કિંમતી તેલ ઢોળાયલું જોઈ તેનો મિજાજ રહ્યો નહિ. તેને એટલો ગુસ્સો ચડ્યો અને તે કાબુમાં રાખી શક્યો નહિ. તેના સમજવામાં આવ્યું કે પોપટે પાંજરૂં બરણી ઉપર પાડી નાંખ્યું હતું અને આશરે રૂ૦ રૂપિયાનું નુકશાન કર્યું હતું. તેણે પાંજરાનું બારણું ઉઘાડ્યું અને પોપટના માથા ઉપરનાં બધાં પીંછાં પીંખી નાખ્યાં. પોપટને ટાલવાળો કરી નાંખ્યો અને તેના માથા ઉપર એક પણ પીંછું રાખ્યું નહિ. પોપટના માથામાંથી લોહી નીકળવા લાગ્યું અને તે બે અઠવાડીઆં સુધી બોલ્યો નહિ. પોપટે [illegible] સ્વાગત કર્યું નહિ. ગાંધીને પોતાના કૃત્ય માટે ઘણો દિલગીર થયો. બે અઠવાડીઆં પછી ગાંધીની દુકાને એક ગ્રાહક આવ્યો. આ ગ્રાહક ઉઘાડે માથે હતો અને વળી તે ટાલવાળો પણ હતો. પોપટ તેને જોઈને ખુબ હસ્યો; અને પોતાનો બોલ આપી [illegible] ખુશી થઈ. [illegible] પોપટને આ રીતે બોલતો જોઈ [illegible] આનંદ થવાનું કારણ પૂછ્યું ત્યારે પોપટે કહ્યું કે, " અરે! હું [illegible] કે હું એકલોજ ગાંધીનો નોકર નથી, [illegible] ગાંધીનો નોકર [illegible] કે તે ગાંધીનો નોકર ન હોત તો [illegible] નહિ અને ટાલવાળો થયો હોત નહિ."

કેટલાક લોકો બરાબર આવીજ ભૂલ ભરેલી સમજણ ધરાવે છે. તેઓ પોતે જે કાંઈ કરે છે તે કાંઈ પણ સ્વાર્થ, યોજના અથવા એવા કોઈ પણ હેતુસરજ કરે છે, અને તેથી ઈશ્વર પણ તેમજ કરતો હશે, એમ માની લઈને તેઓ કહે છે કે પરમેશ્વરે જગત બનાવ્યું તે પણ કોઈક હેતુપૂર્વક બનાવ્યું હશે. કાંઈક તૃષ્ણા, પૂર્વની યોજના અગર તેવા બીજા હેતુસરજ બનાવ્યું હોવું જોઈએ. ખરેખર વિચાર કરવાની આ ભૂલ ભરેલીજ રીત છે આથી પરમેશ્વરને મર્યાદિત કરાય છે. એક વાર તમે તેને અનન્ત શક્તિવાળો કહો છો અને વળી તેને સામાન્ય મનુષ્યની સ્થિતિમાં મૂકવા ઈચ્છો છો. પણ તે ચાલશે નહિ—તેમ બની શકશે નહિ.

બીજા એક માણસે 'રામ'ને એક બીજો પ્રશ્ન કર્યો હતો. કે જો હું સર્વસ્વ છું તો મારે દુઃખ શા માટે સહન કરવું જોઈએ? 'રામ' તમને માત્ર એટલુંજ પૂછે છે કે. "તમારા સ્વપ્નમાં તમારી આસપાસ જે વસ્તુઓ છે તે શું તમારાથી ભિન્ન છે? એ વસ્તુઓ તે શું તમે પોતેજ નથી?" તે સર્વ તમેજ છો. તમારા સ્વપ્નમાં દેખાતા પર્વતો, જંગલો, નદીઓ અને રેતીનાં રણો એ સર્વ તમારીજ કૃતિ છે. એ સર્વ તમારૂં પોતાનુંજ બનાવેલું—તમારા પોતામાંથીજ બનાવેલું-ઉપજાવેલું અને તમારી પોતાનીજ કારીગરી છે; અને તોપણ તમારા સ્વપ્નમાં એક સિંહ આવીને તમને ખાઈ જવા માંડે છે, કે સર્પ આવીને તમને કરડે છે, કે કાંઈક હાઉ જેવું આવે છે, અને તમને બીવરાવે છે, એ ખરૂં કે નહિ? અને તે છતાં પણ એ હાઉ, એ સિંહ, એ વરૂ અને એ સર્પ તમેજ છો કે નહિ?

એક બીજો પ્રશ્ન પૂછવામાં આવ્યો છે. તમે જાણો છો કે 'રામ' તમને ઉપદેશ કરે છે કે તમે પરમેશ્વર, પરમેશ્વર, પરમેશ્વર છો. આથી કોઈ પૂછે છે કે, "જો હું પરમેશ્વર છું તો હું સર્વજ્ઞ કેમ નથી?" 'રામ' પૂછે છે કે બન્ધુ! "તમે પરમેશ્વર નથી ત્યારે શું છો તે મને જણાવો." તે કહે છે કે: "હું આ શરીર છું." હવે 'રામ' પૂછે છે કે, તમે આ શરીરજ છો; તો તમારા માથા ઉપર કેટલા વાળ છે તે મને કહો. શું માથું કાંઈ તમારૂં નથી? તેણે કહ્યું: "છે." જો માથું તમારૂં છે તો કૃપા કરીને તમારા માથા ઉપર કેટલા વાળ છે તેની સંખ્યા મને કહો. (જો માણસ શરીરશાસ્ત્ર ન જાણતો હોય તો) વારૂ, તમારા શરીરમાં કેટલાં હાડકાં છે તે મને કહો. તમારે કેટલા સ્નાયુ છે? આજ સવારે તમે ભોજન કર્યું હતુંજ, ત્યારે મને કહો કે તે ખોરાક હવે ક્યાં છે? આંતરડામાં છે, પેટમાં છે, હોજરીમાં છે કે ફેફસામાં છે? તે માણસ જવાબ આપી શકતો નથી; ત્યારે 'રામ' કહે છે કે તમે તમારા માથાના વાળ ગણી શકતા નથી તોપણ વાળ તમારાજ છે; તમારાં હાડકાં અને સ્નાયુની સંખ્યા તમે કહી શકો નહિ તોપણ તે તમારાંજ છે; જમ્યા હતા તે ખોરાક ક્યાં છે તે કહી શકો નહિ તોપણ શરીર તમારૂંજ છે; તેજ પ્રમાણે આકાશમાં કેટલા તારા છે તે તમારી બુદ્ધિ કહી શકે નહિ તોપણ એ બધા તારા તમારાજ છે. તમારી બુદ્ધિ આ વખતે ઈંગ્લેંડમાં શું થાય છે તે કહી શકે કે ન કહી શકે તોપણ ઈંગ્લેંડ તમારૂંજ છે. બુધના ગ્રહમાં આ વખતે શું થાય છે તે તમે કહી શકો કે ન કહી શકો તોપણ બુધનો ગ્રહ તમારોજ છે. તમે આ વસ્તુઓ કહી શકો નહિ તેથી કાંઈ એમ સિદ્ધ થતું નથી કે તે વસ્તુઓ તમારી નથી. આ વસ્તુઓનું વર્ણન કરવું એ અનન્ત શક્તિ-વાળાનું કામ છે. (ભીંત ઉપરની છબિ બતાવીને) તમે આ છબી કોની છે તે કહી શકશો, કારણ કે તમે જાણો છો કે તે અમુકની છે. હવે "તમે" એ શબ્દને જો તેની મિથ્યા

ભાવનામાં લઇએ તો તમે પોતે કંઈ તે છબી નથી. કર્ત્તા અને કર્મ જૂદાં છે તેમ તે છબી તમારાથી જૂદી છે. પણ જો તમે તે છબી હો, જો તમે સર્વસ્વ હો, જો તમારા સિવાય બીજું કાંઈ ન હોય, જો તમે અનન્ત હો, જો તમને મર્યાદિત કરે તેવું કાંઈ ન હોય, તો તમે કોણ છો એ કોણ કહેશે? આ પ્રમાણે મૂળ સત્ય ઉપર આવતાં વર્ણન અને દર્શન અટકે છે. તે ત્યાં પહોંચી શકતાંજ નથી. વાણી અને મનની ત્યાં ગતિજ નથી.

બીજા એક માણસે એવો પ્રશ્ન પૂછયો હતો કે, "તમે કયા પંથના છો? શું તમે હિન્દુ છો? બ્રાહ્મણ છો?" મેં કહ્યું: "ના." "તમે ક્રિશ્ચિયન છો? યાહુદી છો? અથવા શું છો? કયા ધર્મના અને કઇ શાખાના છો?" એનું સમાધાન એ છે કે જો કોઈ પણ વસ્તુ કોઈની હોય તો તે તેની મિલ્કત છે. નિર્જીવ વસ્તુઓ અને એવા બીજા પદાર્થો કોઇ માણસની મિલ્કત હોય છે; પણ 'રામ' કાંઈ એવી જડ વસ્તુ નથી. 'રામ' કાંઇ એવી મિલ્કત નથી કે તે કોઈની માલિકીના હોઇ શકે. તે કોઇની માલકીનો શા માટે હોય? આ જગત, આ વિશાળ વિશ્વ 'રામ'નું છે. અમેરિકા 'રામ'નું છે. 'રામ' તમારૂં પોતાનું સ્વરૂપ છે. અમેરિકા મારો છે. એડવર્ડ રાજા મારો છે. તમે બધા મારા છો. હિન્દુસ્તાન પણ મારો છે. ખ્રીસ્ત ધર્મ, મુસલમાની ધર્મ, યાહુદી ધર્મ, હિંદુ ધર્મ, વેદાન્ત એ બધા મારાજ છે; અને ચરાચર વિશ્વ તેમજ બીજું કાંઇ પણ હોય તો તે સર્વ મારૂંજ છે.

અજ્ઞાની જીવો પોતાનું સ્વાતંત્ર્ય વેચે એ જૂદી વાત છે, પણ તમારે તે કદાપિ વેચવું જોઇએ નહિ.

આ દેશમાં–અમેરિકામાં લોકો કહે છે કે તેઓ સ્વતંત્ર છે. રાજકીય સ્વાતંત્ર્ય તેમને હશે, પણ અરે! ધર્મની પરતંત્રતા, સામાજિક પરતંત્રતાની તો હદજ છે!! 'રામ' તમને વિચાર સ્વાતંત્ર્ય અને આચાર સ્વાતંત્ર્ય આપે છે. જે ધર્મ 'રામ' ઉપદેશે છે તેને કેટલાક વેદાન્ત એવું નામ આપે છે. પણ અરે! તેને કશુંજ નામ આપવાની જરૂર નથી. સત્ય વેદાન્ત માત્ર વેદમાંજ રહેલું નથી, તે તમારા હૃદયમાં પણ છે. 'રામ' હમેશને માટે તમને જણાવવા ચાહે છે કે 'રામ' માત્ર હિંદુજ નથી; 'રામ' અમેરિકન અને ક્રિશ્ચિયન પણ છે. 'રામ'ને અમુક પંથ કે શાખાનો ગુલામ ન ગણશો. 'રામ' તમારૂં પોતાનું સ્વરૂપ, સ્વતંત્રતા પોતેજ છે.

બીજા એક માણસે કહ્યું: "તમે પરમેશ્વર જેવા હો–તમે ક્રાઇસ્ટ જેવા હો તો ક્રાઇસ્ટે તો અમુક અમુક ચમત્કાર કર્યા છે. કૃપા કરીને એવા ચમત્કાર અમારે માટે તમે પણ કરો, એટલે અમે તમને માનીશું." 'રામ' કહે છે કે, "બન્ધુ, બન્ધુ! ક્રાઇસ્ટે ચમત્કાર કર્યા તોપણ તમે તેને ક્યારે માન્યો છે? ક્રાઇસ્ટે ચમત્કાર કર્યા છે તોપણ તેનામાં તમને આસ્થા ઉત્પન્ન થઈ નથી. તેને તો ઉલટો ત્રાસ આપવામાં આવ્યો હતો. તેને વધસ્તંભ ઉપર ખીલાથી જડયો હતો. કહો ત્યારે શું ચમત્કાર તમારામાં શ્રદ્ધા લાવશે? બિલકુલ નહિ."

વળી ચમત્કાર એટલે શું? એ બધું શું છે? જો આ શરીર દુનિયાના બધાય ચમત્કાર કરે તોપણ તેથી મારા ઈશ્વરત્વમાં એક બિન્દુ પણ ઉમેરાઇ શકશે નહિ. હું આ શરીર નથી, હું તમારૂં પોતાનું સ્વરૂપ છું. જો આ શરીર ચમત્કાર કરે તો તેથીએ શું? શરીર ચમત્કાર કરતું નથી તોપણ તે હુંજ છું. તે હુંજ છું. જો આ શરીર ચમત્કાર કરે ને એને તમે પરમેશ્વર માનો તો એ તો ઉલટું વધારે ખરાબ. ચમત્કારથી તમે આ શરીરને પરમેશ્વર

માનો ખરા, પણ તમારે એમ કરવું જોઇએ નહિ. 'રામ' તો તમને પોતાનેજ પરમેશ્વર બનાવવા ઇચ્છે છે; આ શરીરને નહિ. 'રામ' ચમત્કાર કરીને તમારૂં સ્વાતંત્ર્ય લઇ લેવા અને આ અમુક વ્યક્તિત્વનું ઉપરીપણું તમારા ઉપર ઠસાવવા ઇચ્છતો નથી. આગળના પેગમ્બરોએ કર્યું છે તેમ 'રામ' તમને પરતંત્ર કરવા અને તમારૂં સ્વાતંત્ર્ય લઈ લેવા ઇચ્છતો નથી.

તમે આ શરીર ચમત્કાર કરે એમ ઇચ્છો છો પણ એ શરીર હું નથી. જે પરમેશ્વરે આ જગતરૂપી અનુપમ મહા ચમત્કાર કર્યો છે તે પરમેશ્વરજ હું છું. હું તેજ છું. આ વિશાળ વિશ્વજ મારો ચમત્કાર છે. આ આખું વિશ્વ જેની કારીગરીનો નમુનો છે તે કારીગરજ હું છું.

હિન્દુસ્તાનમાં જે ઘરમાં આ શરીર રહેતું હતું તે ઘરમાં એક છોકરો નોકરી કરતો હતો. તે છોકરો બધો વખત 'રામ'ના સહવાસમાં રહેતો હતો. એક દિવસ તે છોકરો એ ઉંચા મહેલના શિખર ઉપર ચાલતો હતો અને મોટેથી બૂમ પાડતો હતો કે, "હું પરમેશ્વર છું! હું પરમેશ્વર છું! હું પરમેશ્વર છું!" જે ઘરની ટોચ ઉપરથી તે છોકરો બૂમ પાડતો હતો તે ઘરની જોડેના ઘરોમાં બીજા લોકો હતા. તે લોકોએ તેને કહ્યું: "તું શું લવરી કરે છે? તું શું બકે છે? શું તું પરમેશ્વર છે એમ તું કહે છે? જો તું પરમેશ્વર હોય તો છાપરા ઉપરથી ભૂસકો માર; પછી અમે જોઈએ છીએ કે તને વાગે છે કે નહિ! જો તને નહિ વાગે તો અમે તને પરમેશ્વર માનીશું; જો તને વાગશે તો અમે તને મારી નાખીશું. અમે તને ત્રાસ આપીશું. તું એમ શા માટે બોલે છે? આવી નાસ્તિક ભાષા બોલવાનો તને હક્ક નથી."

છોકરો દૈવી ઉન્મત્તતાથી ભરપૂર હતો. તે બોલ્યો: હે મારાં સ્વરૂપો! હું કુદવાને માટે તૈયાર છું; તમે બતાવો તે હરકોઇ ઉંડી ખીણમાં કે હરકોઈ સમુદ્રમાં કૂદી પડવા તૈયાર છું. પણ અરે! કૃપા કરીને મને એવી એક પણ જગ્યા બતાવો કે જ્યાં હું ન હોઉં? કારણ કે કૂદી પડવા માટે કૂદી પડવાની કોઇ પણ જગ્યા તો જોઇએજ. મારા સિવાયની એક પણ જગ્યા તો બતાવો કે જ્યાં મારી હાજરી ન હોય? હું ઈશ્વરનો પણ ઈશ્વર છું. મને એક પણ એવી જગ્યા બતાવો કે જ્યાં હું ન હોઉં એટલે ત્યાં કૂદવા હું તૈયાર છું. જે સર્વમાં વ્યાપ્ત છે તે શી રીતે કૂદી શકે? જે મર્યાદિત હોય, જે અહીં હોય અને ત્યાં ન હોય તેજ માત્ર કૂદી શકે. તેનેજ કૂદવાનું રહે છે.

જે સદ્‌ગૃહસ્થે તેને કૂદવાનું કહ્યું હતું તે બોલ્યો: "અરે તું તે પરમેશ્વર છો કે તું તે શરીર છો?" છોકરાએ કહ્યું: "આ શરીર તમારી પોતાની ધારણાથી બનેલું છે, હું આ શરીર નથી. તમારા પ્રશ્નો અને વાંધા મને પહોંચી શકતા નથી. તે માત્ર તમારી ધારણામાંજ રહે છે. તેજ પ્રમાણે જે સર્વવ્યાપી છે તે કેવી રીતે કૂદી શકે? એવી એક પણ જગ્યા નથી કે જ્યાં તે કદિ પણ ન હોય. તેજ હું છું. તેજ હું છું. માત્ર આ શરીરમાંજ હું હોઉં અને પેલા શરીરમાં ન હોઉં તો અલબત્ત આ શરીરદ્વારા ઈશ્વરત્વનો દાવો દૃઢ કરવાને માટે મારે ચમત્કાર કરવાજ જોઈએ; પણ આ તો બધાંજ શરીર મારાં છે-મારા પોતાનામાંથીજ ઉત્પન્ન થએલાં છે. મારે માત્ર તેમનું સ્વામિત્વ લેવાનું છે. મારે કાંઇજ કરવાનું નથી. બધું મેંજ કરેલું છે.

અન્ય એક માણસે સવાલ પૂછ્યો છે કે, "વેદ તરફ તમારૂં કેવું વલણ છે? વેદ

વિષે તમે શું ધારો છો?" 'રામ' કહે છે કે "જે પ્રમાણે આપણે વિજ્ઞાનશાસ્ત્રને અનુભવી શકીએ છીએ, તે પ્રમાણે આપણે વેદને પણ અનુભવી શકીએ છીએ." પ્રશ્ન—વેદને તમે માનો છો? 'રામ' કહે છે કે "વેદને હું જાણું છું. હું વેદની તમને ભલામણ કરૂં છું." પ્રશ્ન—જે પ્રમાણે આપણે બાઈબલને સ્વીકારીએ છીએ તેજ પ્રમાણે વેદોને સ્વીકારીશું? 'રામ' કહે છે કે: "તમે બાઈબલનો ઉંધો અર્થ કરો છો, તેવો વેદનો અર્થ કરશો નહિ. ખગોળશાસ્ત્ર અથવા રસાયનશાસ્ત્રનો જેમ અભ્યાસ કરો છો તેજ પ્રમાણે વેદનો પણ અભ્યાસ કરો. જે પ્રમાણે કેટલાક હિંદુઓ વેદને માને છે, તે પ્રમાણે અન્ધશ્રદ્ધાથી કે ભોળપણથી કોઈ પણ વસ્તુને સ્વીકારશો નહિ. જે પ્રમાણે તમે રસાયનશાસ્ત્રનો એક ગ્રંથ હાથમાં લ્યો અને તેમાં જણાવેલા સિદ્ધાંતો અમુક વિદ્વાને લખેલા હોય તેને ખાતરજ કશું સમજ્યા વિના એમને એમ તેને તમે સ્વીકારવાના નથી; તેજ પ્રમાણે આ વિષયમાં પણ માત્ર નામ ઉપરથીજ વગર સમજે કશું સ્વીકારશો નહિ. એવી શ્રદ્ધા એ શ્રદ્ધાજ નથી. પ્રયોગો તમે જાતેજ અનુભવ સિદ્ધ કરો, તમે જાતેજ તેનું સત્ય શોધો અને સાચા વિજ્ઞાનશાસ્ત્ર પ્રમાણે તમારી સ્વતંત્રતા ન બેસતાં તમારૂં સ્વાતંત્ર્ય સાચવીનેજ તેનો અભ્યાસ કરો; તેજ તમે વેદના સ્વરૂપમાં પ્રવેશી શકશો. તેમ નહિ કરો તો હમેશાં ભૂલજ કરશો. વેદના શિક્ષણને કોઈની ટીકાની બ્હીક નથી. તેને કોઈ પણ શંકા અથવા પ્રશ્નોની બ્હીક નથી. તમારાં પશ્ચિમનાં બધાં શસ્ત્રથી તેને તપાસો; તમારા પાશ્ચાત્યજ્ઞાનના પ્રકાશ (ધ્યાનમાં રાખો કે પ્રકાશ હમેશાં પૂર્વમાંથીજ આવે છે, પણ ધારો કે પશ્ચિમનો પ્રકાશ) નાં પ્રકાશમાન કિરણોથી આ જ્ઞાનનું મૂર્તિનું સુન્દર મુખ-બિંબ જુઓ. શ્રુતિના સુન્દર મુખારવિન્દ ઉપર એક પણ કાળો ડાઘ કે ડાઘ કહીએ દેખાવાનોજ નથી. વેદો વિજ્ઞાનશાસ્ત્રથી પ્રતિકુળ નથી. તમારી અર્વાચીન શોધખોળો તો માત્ર એ શ્રુતિ મહાદેવીનું પાદપ્રક્ષાલનજ છે. તે શોધખોળો તો ઉલટી વેદાન્તની વધારે ને વધારે સેવાજ કરતી જાય છે.

જે લોકોએ વેદોનો નિસ્પૃહ રીતે અભ્યાસ કર્યો છે તેમણે તેને ધન્યવાદજ આપ્યો છે. શોપનહૉર, જેને કોઈ પણ તત્વજ્ઞાનનું વખાણ કરવાનું મન થયું નથી અને જેણે પોતાના સિવાય બીજા બધા તત્વજ્ઞાન ઉપર ગાળોનો વરસાદ વરસાવ્યો છે, તે પણ વેદ સંબંધી ઉલટી વખાણે કહે છે કે, "ઉપનિષદ (વેદો)ના અભ્યાસ જેવો ઉત્કર્ષક અને હિતાવહ બીજો કોઈ અભ્યાસ આખા જગતમાં નથી, ને મારા જીવનનું પણ આશ્વાસન નિવડ્યું છે અને મારા મૃત્યુનું પણ આશ્વાસન નિવડશે."

શોપનહૉરના આ કથન ઉપર ટીકા કરતાં મૅક્સમુલર કહે છે કે, "આવા સ્વતંત્ર તત્વચિન્તકના શબ્દોને જો કાંઈ અનુમોદનની અપેક્ષા હોય તો યુરોપના અને આખા જગતના [illegible] ધર્મના તત્વજ્ઞાનની સર્વે રીતોના મારા જીંદગીપર્યંતના અભ્યાસથી શોપનહૉરના અનુભવને નિરભિમાનપણે અનુમોદન આપવાને હું તૈયાર છું."

"જો તત્વજ્ઞાન મુખદાયી મૃત્યુની તૈયારી માટે હોય તો વેદાન્ત તત્વજ્ઞાન કરતાં બીજી એક પણ સારી તૈયારી હું જાણતો નથી."

બીજા એક મનુષ્યે એક પ્રશ્ન પૂછ્યો છે કે "તમારૂં વેદાન્ત હિન્દુસ્તાનની મર્યાદાની [illegible] કેમ [illegible] છે?" જે પ્રશ્ન હવે મળ્યો છે ને ઘણું આનન્દ અને [illegible] છે તે કહે છે કે, "હિમાલય [illegible] ઉપર ઘનઘોર છે, માટે તમારૂં

વેદાન્ત તો માત્ર હિન્દુસ્તાનની મર્યાદાવાળી હદમાંજ પ્રસરેલું છે ! વળી તે માત્ર કેળવાયલા વર્ગનોજ ધર્મ છે, સર્વ સામાન્ય જનસમુદાયનો નથી." 'રામ' કહે છે કે, " ક્રિશ્ચિયાનિટી એ પ્રજા ઉપર ખરેખરૂં રાજ્ય ચલાવતી હોત તો ઘણું વધારે સારૂં થાત. જો ખરી ક્રિશ્ચિયાનિટી યૂરોપમાં પ્રવર્તતી હોત તો તે 'રામ'ને માટે ઘણાજ આનન્દની વાત હતી. પરંતુ યૂરોપ કે અમેરિકામાં ક્રિશ્ચિયાનિટી પ્રવર્તતી નથી, પણ ચર્ચાનિટીજ પ્રવર્તે છે. તે ક્રિશ્ચિયાનિટી નથી પણ ચર્ચાનિટીજ છે."

જો તમે ધારતા હો કે ખરી ક્રિશ્ચિયાનિટી જનસમુદાયમાં પ્રસરેલી છે તો બન્ધુ ! એવી ભૂલ કરશો નહિ. જનસમુદાયમાં ક્રિશ્ચિયાનિટી કરતાં શેતાનના ધર્મને અનુસરનારા લોકોજ વધારે છે. તમે જાણો છો કે દુર્ગુણ, જૂઠી તૃષ્ણાઓ, વૈમનસ્ય, ધિક્કાર, મનોવિકાર અને વિષયાસક્તિ એ શેતાનનો જ ધર્મ છે; અને એવો શેતાનનો ધર્મજ ક્રિશ્ચિયાનિટી કરતાં લોકોમાં વધારે પ્રવર્તે છે.

પાર્લામેન્ટની સભાના એક મહાન વક્તાને લંડનની પાર્લામેન્ટની સભામાંથી ધુતકારી કહાડવામાં આવ્યો હતો. તે પછી તે શા શબ્દો બોલ્યો હતો તે તમે જાણો છો ? તેણે કહ્યું: "તમારા પક્ષમાં અધિક મત હોય તોપણ શું થયું ?" સામા પક્ષકારોને તેણે કહ્યું કે, " અભિ**પ્રાયની તો તુલના કરવી જોઇએ: તેની કાંઇ ગણત્રી કરવી જોઇએ નહિ." મતની અધિકતા એ કાંઇ સત્યની સાબીતી નથી.**

એક વખત એવો પણ હતો કે જ્યારે ગેલીલીઓએ કોપરનિકસના સિદ્ધાન્તો રદ કર્યો અને કહ્યું કે પૃથ્વી પરિભ્રમણ કરે છે, નહિ કે સૂર્ય. તેના પક્ષમાં મતની ઘણીજ ન્યૂનતા હતી. તે એકલોજ હતો અને આખું જગત તેની વિરૂદ્ધ હતું, મતની અધિકતા તેની વિરૂદ્ધ હતી, પણ સત્ય શું છે ? સત્ય શું કાંઇ મતની ન્યૂનતા કે અધિકતામાંજ રહેલું છે ? એવી અધિકતા કે ન્યૂનતા એ કાંઇજ નથી. એક વખત એવો હતો કે જ્યારે રોમન કેથોલિક મતની અધિકતા હતી. પછી વળી એવો વખત આવ્યો કે એ અધિકતા બીજી તરફ ઢળી પડી. એક વખત એવો પણ હતો કે જ્યારે ક્રિશ્ચિયાનિટી માત્ર અગીઆર શિષ્યોની ન્યૂન સંખ્યામાંજ પ્રવર્તતી હતી. પછી વળી એવો પણ વખત આવ્યો કે જ્યારે આ ક્રિશ્ચિયાનિટી કે ચર્ચાનિટીની તરફેણમાં મતની અધિકતા આવી. માટે ખરી રીતે મતની અધિકતા અને ન્યૂનતા એ કાંઇજ નથી. આપણે સત્યના ખડક ઉપર ઉભા હોઇએ તો સત્ય બહાર આવવુંજ જોઇએ.

બીજા એક માણસે પૂછયું છે કે, " જગતમાંની બધી પ્રજાઓમા માત્ર ક્રિશ્ચિયન પ્રજાઓજ સુધારામાં અને પ્રગતિમાં શામાટે આગળ છે ?" રામ કહે છે કે " બન્ધુ ! યૂરોપ અને અમેરિકા, હિન્દુસ્તાન, ચીન અને જાપાન કરતાં રાજકીય અને સામાજિક વિષયોમાં આગળ પડતાં હોય તો તે ક્રિશ્ચિયાનિટીને લીધે નથી. વૃથા એવો ઉંધો વિચાર ન બાંધો. જો વિજ્ઞાનની તમામ ઉન્નતિ અને સુધારો ક્રિશ્ચિયાનિટીનેજ પ્રતાપે થયો હોય તો મહેરબાની કરીને કહો કે આ ગેલીલીઓએ જ્યારે પેલી નાની શોધ કરી હતી ત્યારે ક્રિશ્ચિયનો તેની તરફ શી રીતે વર્ત્યા હતા અને તેની કેવી દશા કરી હતી ? બ્રુનોને બાળી મૂક્યો હતો, તે કોણે બાળ્યો હતો ? ક્રિશ્ચિયાનિટીએજ. હકસ્લી, સ્પેન્સર અને ડાર્વિનની શોધો તથા પ્રગતિ અને જુસ્સાનું સ્વાતંત્ર્ય, એ કાંઇ ક્રિશ્ચિયાનિટીથી ઉદ્ભવેલાં અને પોષાયલાં નથી. ક્રિશ્ચિયાનિટીની દરેક રીતે દાબી દે એવી સત્તા છતાં પણ તેઓ ટકી રહ્યા છે. શોપનહોરની કેટ

દશા હતી ? તેને કેવી રીતે જીવન ગાળવું પડતું હતું તે તમે જાણો છો ? શૉપનહૉરને પણ ક્રાઈસ્ટના જેટલોજ મહાન ભોગ આપવો પડયો હતો. ક્રાઈસ્ટને પોતાના સિદ્ધાન્તો માટે મરવું પડયું હતું, જ્યારે શૉપનહારને પોતાના સિદ્ધાન્તો માટે જીવવું પડયું હતું. તમે જાણો છો કે **પોતાના સિદ્ધાન્તોને માટે જીવવા કરતાં મરવું એ વધારે સહેલું છે.** શૉપનહૉરના સ્વતંત્ર મનોવેગને કોણે દાબ્યો તે તમે જાણો છો ? તેના શરૂઆતના લખાણમાં જે જુસ્સો અને શક્તિની છોળ ઉડતી હતી તે તેના પાછળના ગ્રંથોમાં તેણે ગુમાવ્યાં હતાં. હેગલ અને કાન્ટના તત્ત્વજ્ઞાનમાં જે દુર્બળતા અને નબળાઈ હતી તે ક્રિશ્ચિયાનિટીની અસરને લીધેજ હતી. ફીએને પોતાનું અધ્યાપકપણું કેમ છોડવું પડયું હતું અને પોતાના દેશમાંથી તેને શામાટે કહાડી મુકયો હતો તે તમે જાણો છો ? તે ક્રિશ્ચિયાનિટીને લીધેજ હતું. ઘણું કરીને તમામ પ્રગતિ ક્રિશ્ચિયાનિટીને લીધે નહિ પણ તેના વિરોધ વચ્ચેજ થએલી છે. વસ્તુસ્થિતિનો ઉંધો અર્થ ન કરો.

હિંદુસ્તાનનો એક ઍંગ્લો ઇન્ડિયન જે કેટલોક વખત હિંદુસ્તાનમાં રહ્યો હતો તે જ્યારે ઇંગ્લંડ પાછો ગયો ત્યારે પોતાની બહાદુરી, બળ અને હિમ્મત માટે પોતાની સ્ત્રી આગળ બડાશ મારતો હતો. તેઓ પોતાના ગામડાના ઘરમાં રહેતાં હતાં, ત્યાં એક વખત રીંછ આવ્યું ત્યારે તે કૂદીને પાસેના ઝાડની ડાળી ઉપર જતો રહ્યો અને તેની સ્ત્રીએ હથિયાર પકડીને રીંછને માર્યું ત્યારેજ તે નીચે ઉતર્યો. એટલામાં ત્યાં કેટલાક લોક આવ્યા અને પૂછયું કે, " રીંછ કોણે માર્યું ? " તેણે કહ્યુંઃ " મેં અને મારી સ્ત્રીએ રીંછને માર્યું. " તેજ પ્રમાણે જ્યારે કાંઇ કામ થયું હોય ત્યારે તે મેં કર્યું છે, તે કરવામાં હું પણ હતો, એમ કહી મિથ્યા બડાઇ હાંકવી એના જેવુંજ ક્રિશ્ચિયાનિટીથી ઉન્નતિ થયાનું કથન સમજવું.

યુરોપ અને અમેરિકામાં વિજ્ઞાનની અને તત્ત્વજ્ઞાનની તમામ પ્રગતિ અને આ સર્વ શોધખોળો ખરા વેદાન્તને આચારમાં મૂકવાથીજ થઇ છે. વેદાન્ત એટલે સ્વાતંત્ર્ય-સ્વાશ્રય છે; અને તે સ્વાશ્રય તથા સ્વતંત્રતા સ્થૂલ હાજતોથી પર રહેવાના આવેશને લીધેજ ઉપજે છે. આ બધી પ્રગતિ તેને લીધેજ છે, અને તે વેદાન્તને અજાણપણે આચારમાં મૂકવાથીજ છે. તમે ખરા વેદાન્તને ખરી ક્રિશ્ચિયાનિટી પણ કહી શકો. ખરી ક્રિશ્ચિયાનિટીને જો તમે બરાબર સમજો તો તે વેદાન્તથી જૂદી નથી. તેઓ કહે છે કે પૃથ્વીની સપાટી ઉપરથી ગુલામગીરી અમે કહાડી નાંખી અને ઘણા સુધારા કર્યા છે; પણ 'રામ' કહે છે કે " બન્ધુઓ ! શું ગુલામગીરી રદ કરી છે ? અરે ! ગુલામગીરી કહાડી નંખાય એવું 'રામ' કેટલું બધું ઇચ્છે છે ! ધારો કે ગુલામગીરી કહાડી નાંખી છે એવું આપણે માન્ય કરીએ, તોપણ તે કંઈ ક્રિશ્ચિયાનિટીને લીધે થએલું નથી. જો ક્રિશ્ચિયાનિટીમાં ગુલામગીરી દૂર થાય એવું કાંઇ હોય તો ક્રિશ્ચિયાનિટીએ ઠેઠ ૧૭૦૦ વર્ષ સુધી ગુલામગીરી શા માટે રદ ન કરી ? પણ તેને રદ કરવાનું કારણ તો કંઈક બીજુંજ હતું, એ સમયે લોકો અમેરિકામાં વસવા હતા, યુરોપીઅન પ્રજાઓ એક સ્થળેથી બીજે સ્થળે જતી હતી ને બીજી પ્રજાઓના સહવાસમાં આવતી હતી–ત્યાં તે ટેવાયલી હોતી હતી અને ઉદાર મનની થતી હતી. અને એમ થયું એનું નામજ આચારમાં મૂકેલું વેદાન્ત છે. આ પ્રમાણે ગુલામગીરી રદ કરવાનું કારણ એ વેદાન્તજ હતું નહિ કે ક્રિશ્ચિયનિટી. મજહબ અને સામાજિક સંયોગોએજ લોકોનાં હૃદય અને આત્માને ઉદાર કર્યાં. જો આ શુભ બનાવો ક્રિશ્ચિયનિટીને લીધેજ બનેલા હોય તો પછી દાક્તરોને બાળી નાખવી, ગલન મારચન્ડ સંસ્થા અને " ધર્મ વિચારણી સભા " એ સર્વ શાને લીધે

હતાં ? તમે જાણો છો કે એ ધર્મ વિચારિણી સભાનો એક સમયે સાનફ્રાન્સિસ્કોમાં પુરહિમાયતી હતો-અરે ! ભયંકર ! ભયંકર કૃત્યો ! છાતીમાંથી હોદી કઢાડવું ઇ૦ તેનાં કૃત્યો હતાં ! 'રામ' બીજી બધી બાબતોમાં ઉંડો ઉતરતો નથી. આ બધું શાને લીધે હતું ?

"રામ" ઘણા પ્રશ્નો અને પ્રત્યુત્તરો મુકી દે છે. આપણે તે બીજે પ્રસંગે જોઇશું.

કેટલાકો તરફથી એક વિશેષ પ્રશ્ન એવો કરવામાં આવે છે કે, "હિંદુસ્તાન રાજકીય સ્થિતિમાં આવું ઉતરતું કેમ છે ?" તેઓ કહે છે કે હિન્દુસ્તાનની આ અધમ સ્થિતિનું કારણ વેદાન્ત છે; પણ ખરી વાત કે જે તેથી તદ્દન ઉલટી છે, તે એ છે કે-હિન્દુસ્તાનની અધોગતિનું કારણ વેદાન્તનો અભાવ જ છે. તમે જાણો છો કે 'રામે' તમને કહ્યું હતું કે તે દરેક દેશનો છે. 'રામ' કાંઇ હિન્દુસ્તાનનો સ્વદેશી, હિન્દુ અને વેદાન્તી તરીકેજ અહીં આવતો નથી, પણ તે તો 'રામ' અને 'રામ' એટલે સર્વવ્યાપક તરીકે આવે છે. 'રામ' તમારાં અગર હિન્દુઓનાં વખાણ કરવા ઇચ્છતો નથી. 'રામ' હિન્દુસ્તાન, અમેરિકા અગર બીજા કોઈ દેશ ઉપર આધાર રાખતો નથી. 'રામ' સત્ય, તદ્દન સત્ય અને સત્ય સિવાય બીજા કશાજ ઉપર આધાર રાખતો નથી, અને એ લક્ષ્યબિન્દુથીજ જે કહેવાનું હોય છે તે તે કહે છે. તે સત્ય એ છે કે જ્યાં સુધી હિન્દુસ્તાનના જનસમુદાયમાં વેદાન્ત પ્રવર્તમાન હતું; ત્યાં સુધી હિન્દુસ્તાન તેની કીર્તિના ઉચ્ચ શિખરેજ વિરાજમાન હતું, સર્વોપરિપણું ભોગવતું હતું, અને આબાદ હતું. પણ તે પછી એક એવો સમય આવ્યો કે જ્યારે આ વેદાન્ત અમુક પ્રકારના લોકનાજ હાથમાં રહ્યું અને હિન્દુસ્તાનના સામાન્ય જનસમુદાયના હાથમાં તે જવા ન પામ્યું. ત્યારથીજ હિન્દુસ્તાનનો અસ્તકાળ શરૂ થયો. સત્ય વેદાન્ત અને જનસમુદાયને છેટું પડ્યું ત્યારથી જ હિન્દુસ્તાનનો જનસમુદાય, હે પરમેશ્વર ! હું દાસ છું, હું તારો ગુલામ છું, એવો ધર્મ માનવા લાગ્યો. આ ધર્મ યૂરોપમાંથી જ હિંદુસ્તાનમાં આવ્યો. આ કથન હાલના કહેવાતા ઇતિહાસકારો અને ફિલસુફોને કદાચ અચંબો પમાડશે, અને યૂરોપીઅન લોકોને પણ અચંબો પમાડશે; પણ 'રામ' આ કથન વગર વિચાર્યે કહેતો નથી. તે કથન ગણિતશાસ્ત્ર પ્રમાણે સિદ્ધ કરી શકાશે. જે ધર્મ પોતાની જાતને હલકી જોવાને, ધિક્કારવાને તથા પોતાને કીડા, જંતુઓ, નીચ, ગુલામ અને પાપી મનાવે છે; તે ધર્મ હિંદુસ્તાનમાં બહારથી જ દાખલ થયો અને તે ત્યાંના જનસમુદાયનો ધર્મ થયો. જ્યારથી જનસમુદાયે તેને સ્વીકાર્યો ત્યારથી જ હિંદુસ્તાનનો અસ્ત શરૂ થયો. પરંતુ કોઈ કહેશે કે એવી માન્યતાથીજ એમ બનતું હોય તો યૂરોપીઅનો પણ ગુલામગીરીની માન્યતા સ્વીકારે છેજ કે, "હે પરમેશ્વર ! અમે તારા ગુલામ છીએ." તો પછી રાજકીય અને સામાજિક સ્થિતિમાં હિંદુસ્તાનના લોકોએ જે અધમતા સહન કરી તેવીજ અધમતા તેમણે શા માટે ન અનુભવી ? એક દૃષ્ટાન્ત કે જે સ્વભાવવાદીઓ અને વિકાસવાદીઓ ઘણીવાર આપે છે તે આ ઠેકાણે આપવાથી આ બાબત સારી રીતે સમજાશે. તેઓ કહે છે કે "કેટલીક વખતે નબળાપણું એજ જીવવાનું કારણ થાય છે ! કેટલીક વખત જેઓ જીવે છે તેઓ મરનારના જેટલા લાયક હોતા નથી !" ૐ આ બાબતની સ્પષ્ટતા માટે નીચલું દૃષ્ટાન્ત બસ થશે.

એક સમયે તીડની મોટી સંખ્યા અમુક દિશામાં ઉડતી હતી. તેમાંનાં કેટલાંક તીડની પાંખો ખરી પડી અને તે નીચે પડી ગયાં. બાકીનાં તન્દુરસ્ત તીડ આગળ વધ્યાં; પણ જ્યારે તેઓ એક ડુંગર ઉપર પહોંચ્યાં ત્યારે તે ડુંગર ઉપર દવ બળતો હતો તેથી

તેના ધૂમાડાથી મુંઝાઈ દવમાં પડીને તે બધાં નાશ પામ્યાં. જૂઓ, અહીં નબળાં જીવ્યાં અ સબળ મરી ગયાં!

હિંદુસ્તાનના લોકો ધર્મને પોતાનું સર્વસ્વ ગણે છે; અને તેથી જ્યારે તેઓ "હે પરં શ્વર! હું તારો અધમ દાસ છું, હે પરમેશ્વર હું પાપી છું," એમ પ્રાર્થના કરે છે ત્યા જેવા તેઓ બહાર હોય છે તેવાજ અન્દર હોય છે. જ્યારે હિંદુસ્તાનના લોકો આ પ્રમા પ્રાર્થના કરતા ત્યારે તેઓ તે અંતઃકરણપૂર્વકજ કરતા હતા, અને તેથી કર્મના સિદ્ધા પ્રમાણે તેઓને પોતાની તે ભાવનાઓ ફળીભૂત થવીજ જોઇતી હતી. પરિણામે તેમ થયું. પરિણામે તેઓ ગુલામજ થયા. તમે કહેશો કે શું તેઓ પરમેશ્વરના ગુલામ થયા સમાધાન એ છે કે પરમેશ્વરને કાંઈ આકાર કે રૂપ નથી કે જે રૂપવડે તે આવીને તેમન ઉપર રાજ્ય કરી શકે; પણ તે છતાં એ પરમેશ્વર આવ્યો તો ખરોજ. તમે પૂછશો કે તે કયે પરમેશ્વર અને તે કેવે પ્રકારે આવ્યો? ઉત્તર એ કે તે શ્વેત પરમેશ્વર, અને તે અગ્રેજોન શ્વેત ત્વચામાં આવ્યો અને તેમને પોતાના આધીન બનાવ્યા! આ પ્રમાણે તેઓ પરાધીન-દાસ થયા. આ પ્રમાણે ભૂલભરેલી ક્રિશ્ચિયાનિટીએ અગર ભૂલભરેલી ચર્ચાનિટીએજ હિંદુસ્તાનને આધીન સ્થિતિમાં આણ્યું.

ત્યાં જાઓ અને હિન્દુસ્તાનની સ્થિતિ જુઓ તો 'રામ' ના કહેવાની યથાર્થતા તમને સમજાશે. હિન્દુસ્તાનના બીજા સ્વામીઓ અથવા સાધુઓ તમને જે કંઇ કહે તે જે માનશો તે તમે ભૂલ કરશો. હિન્દુસ્તાનની અધોગતિનું કારણ વેદાન્તનો અભાવ છે.

હવે આ ગુલામગીરીની ભાવનાએ યૂરોપમાં ગુલામગીરી કેમ ન આણી! એનું સમાધાન એ છે કે યૂરોપીઅન લોકો ધર્મ કરતાં ધનને વધારે ચાહે છે. તેઓ પોતાની પ્રાર્થનામાં અને પોતાની ધાર્મિક બાબતોમાં આગળ તમને કહ્યું હતું તેમ પરમેશ્વરને વધારાનો માને છે. તેના પરમેશ્વરને તેમના ઓરડાઓ વાળવા ઝાડવાનુંજ કામ છે. ધર્મને તો તેઓએ માત્ર ઓરડા શણગારવા માટેની પ્રતિમાઓ અને ચિત્રો જેવોજ ગણેલો છે. તેમના હૃદયમાંથી-તેમના ખરા આત્મામાંથી જે પ્રાર્થના નીકળી તે કાંઈ ગુલામગીરી માટેની નહોતી; પણ ધન, આબાદી અને દુનિયાના લાભો મેળવવા માટેનીજ હતી. અને તે પ્રમાણે તેમની ઉન્નતિ પણ થઈ છેજ. આ પ્રમાણે આ સર્વ કર્મના નિયમ પ્રમાણેજ બન્યું છે. ઇતિહાસથી જણાય છે કે જ્યાં સુધી વેદાન્ત હિન્દુસ્તાનમાં જનસમુદાયમાં પ્રચલિત હતું ત્યાં સુધી હિન્દુસ્તાન પણ સમૃદ્ધ હતો.

ફીનીશીઅન લોક એકવાર ઘણી સત્તાવાળા હતા, છતાં પણ તેઓ હિન્દુસ્તાન ઉપર ચઢી આવી તેને જીતી શક્યા નહિ. ઇજીપ્શીઅન લોક પણ એક સમયે ઘણા શ્રેષ્ઠ હતા, છતાં તેઓ પણ હિન્દુસ્તાનમાં રાજ્ય ચલાવી શક્યા નહિ. ઈરાનનું રાજ્ય એક સમયે સર્વોપરિ સત્તાવાળું હતું છતાં તે પણ હિંદુસ્તાન સામે નેત્રનો કટાક્ષ નાંખવા પણ શક્તિમાન થયું નહિ. રોમન લોક કે જેમનો ગરૂડ આખી દુનિયા ઉપર ઉડી રહ્યો હતો અને તે વખતે જણાએલી લગભગ બધી દુનિયા જેમના અમલ નીચે હતી ત્યાંના બાદશાહો પણ હિન્દુસ્તાનને પોતાને સ્વાધીન કરવાની હિમ્મત ધરી શકયા નહોતા. ગ્રીકલોક સત્તાધારી થયા ત્યારે પણ શતકો ને શતકો સુધી તેઓ હિંદ સામે વાંકી દૃષ્ટિથી જોઈ શક્યા નહિ. ઍલેકઝૅન્ડર કરીને એક

...તુષ્ય કે જેને ભૂલથી લોકો મહાન સીકંદર કહેતા તે હિંદુસ્તાનમાં આવ્યો તે વખતે પણ વેદાન્તનો જુસ્સો જનસમુદાયમાં પ્રચલિત હતો. હિંદુસ્તાન પહોંચી જવા પહેલાં સીકંદરે તે વખતની જાણીતી તમામ દુનિયા જીતી લીધેલી હતી. મહાન સીકંદરની મદદમાં ઇરાનનું અને ઇજીપ્તનું પુંજ લશ્કર હતું, તોપણ સીકંદરને હિંદુસ્તાનના નાના રાજા પોરસે ધ્રુજાવ્યો હતો અને હરાવ્યો હતો. હિંદુસ્તાનના નાના રાજાએ મહાન સીકંદરને નીચો નમાવ્યો હતો. સીકંદરને તેના બધા લશ્કર સાથે નાસી જવું પડયું હતું; તેનું બધું લશ્કર ખરાબખસ્ત થઈ જઈ તેને પાછા ફરવાની ફરજ પડી હતી. આનું કારણ શું હતું ? આ દિવસોમાં હિન્દુસ્તાનના જનસમુદાયમાં વેદાન્ત પ્રવર્તતું હતું અને જનસમુદાય વેદાન્તી હતો. આ બાબતની સાબીતીની તમારે જરૂર છે ? આની સાબીતી માટે તે વખતના ગ્રીક લોકોએ હિન્દુસ્તાનનો જે ઇતિહાસ લખ્યો છે તે વાંચો. તે વખતના ગ્રીક લોકોએ અને સીકંદરના સોબતીઓએ હિન્દુસ્તાન માટે શું લખ્યું છે તે વાંચો.

તમે જોશો કે એ સમય સુધી આચારમાં મુકેલું વેદાન્ત, હિંદના જનસમુદાયમાં પ્રવર્તતું હતું અને લોકો બળવાન હતા, જેથી મહાન સીકંદરને પાછું ફરવું પડયું હતું.

પણ પછી એવો સમય આવ્યો કે મહમ્મદ ગઝનવી કરીને એક સાધારણ સરદારે સત્તર-વાર હિન્દુસ્તાન લૂટયું અને સત્તરવાર હાથમાં આવ્યું તેટલું ધન તે હિન્દુસ્તાનમાંથી લઈ ગયો ! તે સમયનો ઇતિહાસ વાંચો અને તમે જોશો કે તે સમયે જનસમુદાયનો ધર્મ વેદાન્તથી તદ્દન ઉતરી ગઈ ગએલો હતો, વેદાન્ત પ્રવર્તમાન હતું પણ તે અમુક ગણ્યા ગાંઠયા મનુષ્યોમાંજ હતું. સામાન્ય જનસમુદાયે તેને ત્યજી દીધું હતું અને તેથી હિન્દુસ્તાન અધમ સ્થિતિમાં આવ્યું.

તેઓ કહે છે કે તમે વૈરાગ્યનો બોધ કરો છો, અને વૈરાગ્યથી આપણે નિર્ધન થઇશું ટીકા. પણ અરે ભાઈ ! એમ નથી. સત્ય છે કે વેદાન્ત શિખવાને માટે તમારે હિમાલયના જંગલના ઘાડા પ્રદેશમાં જઈને એકાન્ત રહેવું પડે છે; પણ વેદાન્ત એમ કદાપિ કહેતું નથી, કે તમારે સદા ત્યાગીનુંજ જીવન ગાળવું જોઇએ. કદાપિ નહિ ! કદાપિ નહિ ! જંગલમાં એકાન્ત રહેવું તે તો માત્ર વિદ્યાર્થીને પાઠશાળામાં જવા જેવું છે. કોઈ પણ લૌકિક જ્ઞાન, વિજ્ઞાન અથવા તો તત્વજ્ઞાન શિખવા માટે તમારે એકાન્તમાં રહેવું જોઇએ; તમારી આસપાસ વિક્ષેપકારક સંયોગો ન હોય તેવે સ્થળે જ રહેવું જોઇએ. આ શું ખરૂં નથી ? જ્યાં તમારો અભ્યાસ તમે શાન્તિથી અને ઉપાધિ-રહિત રીતે કરી શકો એવી જગ્યાએજ તમારે રહેવું જોઇએ. આ પ્રમાણે જો કોઈ હિંદુ જંગલમાં એકાન્તમાં રહેવા જાય તો તે વિજ્ઞાનના પણ વિજ્ઞાનનો પૂર્ણ રીતે અભ્યાસ કરવા સારૂ અને વેદાન્તના સત્ય સિદ્ધાન્તોનો પરિપૂર્ણ રીતે સાક્ષાત્કાર કરવા સારૂજ જાય છે. તમે જાણો છો કે વેદાન્ત એ રસાયનશાસ્ત્રની પેઠે અનુભવનું શાસ્ત્ર છે. જેમ રસાયનશાસ્ત્રમાં પ્રયોગો કર્યા વગર તમે આગળ વધી શકતા નથી તેજ પ્રમાણે જે મનુષ્ય તેને જે માનસિક કેળવણી મળે છે, તેનદ્વારા આધ્યાત્મિક પ્રયોગો કરતો નથી તે વેદાન્તને શી રીતે સમજી શકે ? આ પ્રમાણે આધ્યાત્મિક પ્રયોગો કરીને માનસિક જ્ઞાન મેળવવા સારૂજ લોકોને જંગલમાં જવું પડે છે. જંગલ એ તો માત્ર વિશ્વવિદ્યાલયો અને પાઠશાળાઓ જેવુંજ છે. જ્ઞાન સંપાદન કર્યા પછી તે પાછા લોકોમાં આવે છે, ઉપદેશ આપે છે, અને દરરોજના જીવનમાં તેને અજમાવે છે, તથા તત્વજ્ઞાનને કેવી રીતે આચારમાં મુકવું તે લોકોને

સમજાવે છે. તેઓ શિખવવા માટેજ નીચે આવે છે. તમે જાણો છો કે દરેક બ્રાહ્મણ અગર હિન્દુને જીવનની શરૂઆતમાંજ-બ્રહ્મચર્ય અવસ્થામાંજ કેટલાંક વર્ષ જંગલમાં જઇને આ જ્ઞાન સંપાદન કરવું પડતું અને સંપાદન કર્યા પછી જગતમાં આવીને આચારમાં મૂકવું પડતું; એટલુંજ નહિ પણ તેમાંના કેટલાકોને સામાન્ય વ્યવહારનાં કામ પણ કરવાં પડતાં. જ્ઞાન સંપાદન કરીને દરેકને કાંઈ ત્યાગી થવું પડતું નથી. જે પ્રમાણે કેટલાક વિદ્યાર્થી એમ. એ. થયા પછી અને કેટલાક ડૉક્ટર થયા પછી તેઓ બધાજ કાંઈ પ્રૉફેસર થતા નથી, પણ તેમાંના કેટલાક મૅજીસ્ટ્રેટ થાય છે, કેટલાક મોટા વ્હેપારી થાય છે અને કેટલાક પ્રૉફેસર પણ થાય છે, તેના જેવુંજ એમાં પણ છે.

તેજ પ્રમાણે વેદાન્તનું જ્ઞાન સંપાદન કરવાથી અને તેનો સપ્રયોગ સંપૂર્ણ સાક્ષાત્કાર કરવાથી તમે એવી સ્થિતિમાં આવશો કે જ્યાંથી તમને આખું જગત સ્વર્ગવાટિકા સમાન જણાશે; જ્યાંથી આખું વિશ્વ સ્વર્ગતુલ્ય દેખાશે અને જીંદગી જીવવા જેવી લાગશે. જે લોકો એમ કહે છે કે વેદાન્ત દરેક માણસને ત્યાગી થવાનું કહે છે; તેઓ વેદાન્તને છે તેથી ઉલટુંજ સમજાવે છે. ના, ના, ત્યાગીની બાહ્ય પ્રણાલિકા તો વિજ્ઞાનની પરીક્ષામાં ડૉક્ટર થયા પછી પ્રૉફેસરનો ધંધો કરવા જેવીજ છે.

આપણે જોઈએ છીએ કે સંસારી જીવનમાં મચી રહેલા લોકોએ પણ વેદાન્તનો ઉપદેશ કર્યો છે. વેદાન્ત એ કાંઈ નિર્વેદવાદ નથી. બંધુઓ ! આ ધર્મ નિર્વેદવાદ છે એમ જેઓ સમજાવે છે તેઓ તેનો ઉલટોજ અર્થ કરે છે. ખરી વાત એમ નથી. વેદાન્ત તો અનિર્વેદવાદનું જ ઉચ્ચતમ શિખર છે.

વેદાન્ત તમને કહે છે કે તમારૂં જીવનરૂપી નાવ જો સંસાર સમુદ્રમાં સુકાન વગર, ધ્રુવ-યંત્ર વગર, અને હલેસાં, શઢ, વરાળ કે વિજળી વગરજ ઓકાવશો તો જરૂરજ તે નાવ ભડક દઈનેજ અથડાશે. તમે તમારી જાતને દરેક જાતના પવન અને તોફાનને આધીન કરશો. વેદાન્ત કહે છે કે અજ્ઞાનતાને લીધેજ આ દુનિયા દુઃખ અને કલેશથી ભરેલી છે. અજ્ઞાન એજ પાપ છે. તમારા બધા કલેશનું મૂળ એ અજ્ઞાનજ છે. જ્યાં સુધી તમે અજ્ઞાની છો ત્યાં સુધીજ તમે દુઃખી છો. વેદાન્ત કહે છે કે જો તમે આ અજ્ઞાનને દૂર કરી સંપૂર્ણ જ્ઞાન મેળવો, અને સત્ય આત્માને ઓળખો તો તમારે માટે બધાંય કામગીરો સ્વર્ગરૂપ બની જશે; જીન્દગી જીવવા જેવી લાગશે; ઉપાધિ કાંઈજ તમને જણાશે નહિ તમારી સમ-બુદ્ધિનો નાશ થશે નહિ; સંયોગોને આધિન થઇને તમે બુદ્ધિને ગુમાવશો નહિ અને નિરાશ થઈ ગમગીન ચ્હેરો રાખશો નહિ. શું એ ઇચ્છવા જેવું નથી? વેદાન્ત કહે છે ! **"હે વિશ્વના લોકો ! તમેજ સંસારને ખરેખરૂં નરક બનાવો છો. જ્ઞાન સંપાદન કરો. જ્ઞાન સંપાદન કરો."** વેદાન્તની એ સ્થિતિ છે. નિર્વેદ-વૈરાગ્ય-વાદ એમાં જરાએ નથી

તમે જાણો છો કે જે લોકો દુનિયામાં રહેનાર છે તેમણેજ આ વેદાન્તનો ઉપદેશ કર્યો છે અને તેમજ તેઓ ત્યાગીજ હતા.

હિન્દુસ્તાનને. એક મહાન રાજા સંસારની સર્વ ફરજો તજી દઈ જંગલમાં એકાન્તમાં ત્યાગી તરીકે રહેતો હતો, તે સમયે તેનો ગુરૂ કે જે આ શરીરનો પૂર્વજ થાય છે તેણે તેને ખરેખર વેદાન્તનો ઉપદેશ કર્યો અને તેથી તે વેદાન્તનું ખરૂં રહસ્ય સમજીને પાછો ત્યાગી બનવા છતાં એક મહાન રાજ્યકર્તા તરીકે જગતમાં રહેતો હતો.*

* આ તત્ત્વજ્ઞ અને મહાન રાજર્ષિ જનક હતા.

મહાન યોદ્ધો અર્જુન કે જે કુરુક્ષેત્રની લડાઈમાં મહારથી હતો, અને જે પોતાની ફરજ શુદ્ધ કરવાની હોવા છતાં દુનિયાનાં કર્મ છોડી દઈ એકાન્તમાં રહી ત્યાગી થવાની ઇચ્છા કરતો હતો, તેને શ્રીકૃષ્ણે યથાર્થ વેદાન્તનો ઉપદેશ કર્યો, અને આ વેદાન્ત ખરેખરું સમજાયા પછી તેનામાં હિમ્મત, જુસ્સો અને શક્તિનો આવિર્ભાવ થઈને મહાન સિંહની પેઠે તે ઉઠ્યો અને મહારથી થયો.

વેદાન્તથી તમારામાં જુસ્સો અને બળ આવે છે પણ નિર્બળતા આવતી નથી. વેદાન્તમાં એક વાક્ય એવું છે કે "नाऽयमात्मा बलहीनेन लभ्यः" "આ આત્માને-આ સત્યને, નિર્બળ મનુષ્ય પ્રાપ્ત કરી શકતો નથી." અર્થાત્ તે નિર્બળ માટે નથી. મંદ હૃદયવાળો, નિર્બળ શરીરવાળો, તથા નિર્માલ્ય જુસ્સાવાળો તેને કદાપિ પ્રાપ્ત કરી શકતો નથી.

એક મોટો રાજા પોતાનું રાજ્ય તજી દઈ જંગલમાં-એકાન્તમાં ગયો. તેણે જંગલમાં સત્ય જ્ઞાન પ્રાપ્ત કર્યું અને પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી પાછો આવી પોતાની ગાદી સંભાળી લીધી. આ પ્રમાણે પરિપૂર્ણ જ્ઞાન સંપાદન કર્યા પછી તેની ગાદી તેની હાજરીથી દેદીપ્યમાન થઈ, તે પહેલાં તેવી નહોતી.


ત્યારે વૈરાગ્યનો અર્થ જો "ત્યાગ" એવો ન હોય તો પછી તેનો શો અર્થ છે? આ ઘણો ગૂઢ પ્રશ્ન છે. તે બીજી વખતે ચર્ચવામાં આવશે.

કેટલાક લોકો કહે છે કે હિંદુઓ માંસ ખાતા નથી, કારણ કે તેઓ એમ માને છે કે પરમેશ્વર દરેક જગ્યાએ છે. હિંદુઓ માંસ ખાતા નથી, વેદાન્તીઓ માંસ ખાતા નથી, એ સત્ય છે, પણ તેનું કારણ એ નથી. તેનું કારણ કાંઈ બીજુંજ છે. તેમાં પ્રવેશવાને આપણને હાલ વખત નથી. અન્ય વખતે થઈ રહેશે.





१५–माया अथवा जगत क्यारे अने शा माटे?*



ૐ

માયાના શાસક, અધિષ્ઠાતા, નિયામકના રૂપમાં વિરાજમાન સન્નારીઓ અને સદ્ગૃહસ્

આજ રાત્રિના વિવેચનનો વિષય માયા છે. આ વિષયને ઉપલક દૃષ્ટિના વિચે
વેદાન્ત-ફિલસુફીમાંનો સૌથી નબળો વિષય ગણ્યો છે. આજે આપણે તેમનો માનેલો આ સૈ
નબળો વિષયજ ચર્ચીશું. જેમણે વેદાન્ત ફિલસુફીનો અભ્યાસ કર્યો છે, તે બધા ફિલ
અને વિચારકો એક મતે કહે છે કે જો આ માયાને રદ કરવામાં આવે તો વેદાન્તમાંનું બ
બધુંજ ગ્રહણ કરવા યોગ્ય છે; કારણ કે વેદાન્તની બીજી બધી બાબતો ઘણીજ સુંદ
સરળ, સ્પષ્ટ, લાભદાયક અને ઉપયોગી છે. વેદાન્તના અભ્યાસકોના રસ્તામાં આ એક ગ
ઠોકર ખવરાવનારો પથ્થર અને વિઘ્ન છે. આ ઘણો મોટો વિષય છે. આ વિષયને પરિ
રીતે ચર્ચવાને માટે ફક્ત માયાના વિષય ઉપરજ આશરે દશ ભાષણો આપવાં જોઈ
અને તોજ આ વિષયને એટલો સ્પષ્ટ અને શુદ્ધ સિદ્ધાન્તવાળો કરી શકાય કે જે
તેનાવડે સમાધાન ન થઈ શકે એવો એક પણ પ્રશ્ન આ પૃથ્વીના તળ ઉપર કે ર
મંડળમાં પણ હોઇ શકે નહિ. તેનાવડે બધુંજ સ્પષ્ટ કરી શકાય, પણ તેમાટે સમ
જરૂર છે. ઉતાવળીઆ શ્રોતાઓ તેને પરિપૂર્ણ રીતે સમજી શકે એવી આશા ર
શકાય નહિ.

સવાલ એ છે કે 'આ જગત શા માટે અને ક્યાંથી થયું'?' અગર વેદાન
ભાષામાં પૂછીએ તો 'વિશ્વમાં આ અજ્ઞાન શા માટે?' તમે જાણો છો કે વેદાન્ત ઉપ
કરે છે કે આ જગત મિથ્યા છે, ફક્ત દેખાવરૂપ છે. અજ્ઞાન અનન્ત નથી. આ બધાં
પણ સાચાં અને અનન્ત નથી. તો સવાલ એ થાય છે કે આ માયા અથવા અજ્ઞાન કે જે
દ્રશ્ય જગતનું અથવા માયાનું મૂળ કારણ છે અને આ બધું 'મારૂં તારૂં'' આ બધા ભેદ ર
મતભેદનું મૂળ છે; તે અજ્ઞાન, મનુષ્યના સત્યસ્વરૂપ આત્માને કેમ કરીને હડાવી દે છે
આ માયા અગર અજ્ઞાન આત્મા અને પરમેશ્વર કરતાં શા માટે વધારે શક્તિવાળું હોવું જોઈએ

સાધારણ ભાષામાં, બીજા ફિલસુફો અને બ્રહ્મજ્ઞાનીઓની ભાષામાં કહીએ તો આ સવ
એવો છે કે, "આ વિશ્વજ શા માટે અસ્તિત્વમાં છે? પરમેશ્વરે જગતને શા મ
બનાવ્યું હશે?"

વેદાન્ત કહે છે કે "નહિ, બન્ધુ નહિ! તે સવાલ પૂછવાનો તમને હક્કજ નથી.
વેદાન્ત ખુલ્લી રીતે કહે છે કે આ સવાલનો જવાબજ નથી; અને અમે પ્રયોગથી તે નિર્ણ
કરી તમને બતાવી શકીશું કે જ્યારે તમે સત્યના સાક્ષાત્કારમાં ઉંચ ભૂમિકા ઉપર પહોંચ

* ૧૯૦૩ ના જાન્યુઆરીમાં સૅનફ્રાન્સીસ્કોમાંના ગોલ્ડન ગેટ હૉલમાં આપેલ ભાષણ.

ત્યારે આ જગત તમારે માટે અદૃશ્ય થશે. આમ હોવાથી આ જગત શા માટે અસ્તિત્વમાં છે? એ સવાલનો જવાબ આપવો અમે છોડી દઈએ છીએ. જેમ એ સવાલ પૂછવાનો તમને હક્ક નથી તેમ એ સવાલનો જવાબ આપવાની પોતાનામાં શક્તિ નથી એ વાત વેદાન્ત ખુલ્લી રીતે કબૂલ કરે છે. આ સ્થળે બીજા બધા બ્રહ્મજ્ઞાનીઓ તથા સ્વમતાગ્રહીઓ અને બધા ઉપલકીઆ ફિલ્સુફો આગળ પડીને કહે છે કે "અરે! અરે! વેદાન્ત ફિલ્સુફી અપૂર્ણ છે, અપૂર્ણ છે, અપૂર્ણ છે. જગત શા માટે અને ક્યાંથી થયું તેનો ખુલાસો તો તે આપી શકતું નથી!" પણ વેદાન્ત તેમને કહે છે કે "બન્ધુ, આ સવાલના જે જવાબો તમે પોતે આપો તે બધા તમારી મેળેજ વળી કાળજીપૂર્વક તપાસો. તેમ કરવાથી તમને જણાશે કે તમારા જવાબો એ બિલકુલ જવાબોજ નથી. તે સવાલ ઉપર વિચાર કરવો એ ફોગટ વખત અને મહેનતનો દુરૂપયોગજ કરવા જેવું છે. એક ઝાડીમાં બીજાં બે પક્ષી શોધવા જવાને ખાતર હાથમાંના એક પક્ષીને છોડી દેવા જેવુંજ તે છે. પરિણામે પેલા બે પક્ષીઓ પાસે પહોંચો તે પહેલાં તેઓ પણ ઉડી જશે અને તમારા હાથમાંનું પક્ષી પણ તમે ખોશો. વેદાન્ત કહે છે કે બધી ફિલ્સુફીઓએ અને બધાં વિજ્ઞાનોએ અનુભવથી અનુભવમાં આગળ વધવું જોઈએ. ઘોડાની આગલી બાજુએ ગાડીને રાખશો નહિ. બિનઅનુભવેલી વાતોથી શરૂઆત કરીને અનુભવેલી વાત ઉપર આવી શકશો નહિ.

એક વહેતી નદીના કિનારા ઉપર કેટલાક લોકો ઉભા હતા; અને નદીના મૂળ સંબંધી તર્ક કરતા હતા. તેમાંના એકે કહ્યું: "ડુંગરના પથ્થરોમાંથી પ્રવાહના રૂપમાં પાણી વહે છે અને તેજ આ નદીનું કારણ છે." બીજા માણસે કહ્યું: "અરે નહિ, એ વાત અસંભવિત છે. પથ્થર તો બહુ સખ્ત ને મજબૂત વસ્તુ છે અને પાણી તો પ્રવાહી ને નિર્મળ છે. સખત પથ્થરમાંથી તે નિર્મળ પાણી શી રીતે વહે? જો પથ્થરમાંથી પાણી નીકળતુંજ હોય તો આ પથ્થરનો કકડો લઈને તેને નીચોવવા દો. આમાંથી પાણી વહેતું નથી. તે જોતાં આ નદી પેલા પર્વતમાંથી વહે છે એમ કહેવું એ વિચિત્રજ છે. સાંભળો, એના સમાધાનમાં મારી પાસે ઘણી સારી કલ્પના છે; અને તે એ કે કોઈ મોટા રાક્ષસના પરસેવામાંથી આ નદી વહે છે! એ બાબતનું પ્રમાણ જોઈતું હોય તો આપણે દરરોજ જોઈએ છીએ કે જ્યારે મનુષ્યને પરસેવો થાય છે ત્યારે તેના શરીરમાંથી પાણી છુટે છે. માટે અહીં જે આ પાણી વહે છે તે કોઈ પણ શરીર જેને પરસેવો થતો હોય તેમાંથી વહેતું હોવું જોઈએ. જુઓ, આ પ્રમાણ કેવું બંધબેસતું છે! આપણી બુદ્ધિ એ પ્રમાણને ગ્રહણ કરી શકે છે. તે પ્રશંસનીય લાગે છે, અને તે તદ્દન ખરૂં છે."

એટલામાં વળી ત્રીજા માણસે કહ્યું કે "નહિ, નહિ, કોઈ માણસ કોઈ ઠેકાણે ઉભો રહેલો છે અને તે થુંકે છે તેનું આ થુંક છે!" બીજા એક માણસે કહ્યું કે "નહિ, નહિ, કોઈ માણસ ત્યાં પેશાબ કરે છે અને તેજ આ નદીનું કારણ છે!"

હવે એ લોકો કે જેમણે પોતાની એવી કલ્પનાઓનેજ વાસ્તવિક અને વ્યવહારૂ માની લીધી હોય છે તેમના આગળ ડુંગરના પથ્થરોમાંથી નદી નીકળતી હોવાની વાત કહેવામાં આવે તો તે વાત અમે તેટલી સત્ય હોવા છતાં એવા સાધારણ બુદ્ધિના મનુષ્યો કે જેઓ કદિપણ ડુંગરપર આવેલા નદીના મૂળ સુધી ગયા નથી અને પથ્થરમાંથી પાણી નીકળતું સાક્ષાત જોયું નથી, તેઓ કદિ પણ કબૂલ કરશે નહિ. અસ્તુ. તેઓ તે વાત કબૂલ કરે કે ન કરે, પરંતુ તેથી કરીને ડુંગરમાંથી નદી નીકળે છે, એ સત્ય ઘટનામાં કશોજ ફેર પડતો નથી. તેમના નાકબૂલ કરવાથી

કાંઈ તે સત્ય ઘટના બનવી બંધ પડી જતી નથી. તેતો ત્રણે કાળમાં એકસરખી રીતે ચા
રહે છે.

તેજ પ્રમાણે આ જગતના પ્રવાહનું મૂળ અને આ જીંદગીની નદીનું મૂળ ક્યાં
શા માટે છે તે પ્રકરણ જૂદા જૂદા લોકોએ જૂદી જૂદી રીતે વર્ણવેલું છે. નદીનું મૂળ,થું
કે પરસેવાથી છે એમ માનનારની પેઠે તેઓ પોતાની આસપાસ હમ્મેશાં જેવું જૂએ છે
જેવુંજ જગતનું મૂળ પણ ધારી લે છે. તેઓ કહે છે કે " એક માણસ બૂટ બનાવે છે
કાંઈ કલ્પના અથવા નમુના સિવાય તે બૂટ બનાવી શકાય નહિ. એક માણસ ઘડિયાળ બ
છે, પણ તે ઘડિયાળ બનાવવાની ધારણા, આકૃતિ અગર નમુના સિવાય બની શકે નહિ.
ઘર, ઘર વિષેની કલ્પના અથવા નમુના સિવાય બની શકેજ નહિ. તેઓ હમેશાં સે
જૂએ છે તેથી કહે છે કે, આ જગત પણ બૂટ બનાવનાર કે ઘર બાંધનારના જેવા
માણસ વગર થાય નહિ; જગત બનાવનાર તેવો કોઈ હોવોજ જોઇએ. અને આ ઉપ
તેઓ કહે છે કે આકાશમાં વાદળાં ઉપર તેવો મૂર્તિમાન ઈશ્વર છે." તેઓ એ બિચારાની એ
પણ દયા આણતા નથી કે વાદળાંપર તેને સ્થાન આપવાથી શરદી થઈ જશે !

વેદાન્ત આ પ્રકારની કોઇ પણ કલ્પના રજુ કરતું નથી. તેતો એમજ કહે છે કે
કહેલું સાંભળો; તે પ્રમાણે અવલોકન કરો; પ્રયોગ કરો અને સાક્ષાત્કાર કરો; એટલે ત
તરતજ સમજાશે કે જેમ નદીનું મૂળ પરસેવાથી કે થુંકથી માનનારાની કલ્પનાઓ મિ
હતી તેજ પ્રમાણે આ જગતનું મૂળ તમે જેવું ધારો છો તેવું નથી. વેદાન્ત કહે છે
શબ્દોથી તો હું તમને એટલુંજ કહી શકીશ કે પથ્થરમાંથી પાણી નીકળે છે. પથ્થરમાંથી પા
કેવી રીતે નીકળે છે તે હું તમને કહી શકું અથવા ન પણ કહી શકું, પણ હું જાણું
કે પથ્થરમાંથીજ પાણી નીકળે છે. પાકી ખાત્રી કરવાને માટે તે મૂળની જગ્યા સુધી મા
પાછળ આવો એટલે તમે પથ્થરમાંથી પાણી નીકળતું સાક્ષાત્ જોશો. પથ્થરમાંથી પાણી
નીકળે છે તે હું તમને કહી ન શકું તો તે માટે તમે મને ઠપકો આપશો નહિ. ઠપકો આપ
હોય તો પાણીને આપો કારણ કે પથ્થરમાંથી તેજ પાણી નીકળે છે. અર્થાત્ પથ્થરમાં
પાણી કેમ નીકળે છે તે તમને કહેવાને હું અશક્ત છું, પણ તે એક પૂર્ણ સત્ય હકીકત
અને તમે જાતે તેની ખાત્રી કરી શકો તેમ છો.

એજ દૃષ્ટાંત પ્રમાણે સિદ્ધાંતમાં વેદાન્ત કહે છે કે, માયા અગર અજ્ઞાન શા માટે છે અ
શા માટે થયું તે કહેવાને હું શક્તિમાન નથી. વેદાંતનું વલણ ફક્ત પ્રયોગ ઉપર છે, તેની રી
વૈજ્ઞાનિક છે. તે કોઇ સિદ્ધાન્ત સ્થાપિત કરતું નથી, તે કોઇ શાસ્ત્રનું પ્રમાણ આગળ કર
નથી, તે દુનિયાના મૂળનો ખુલાસો આપવાની શક્તિનો હક્ક પણ ધરાવતું નથી, કેમકે બુ
અગર સમજ શક્તિની મર્યાદા બહારની એ બાબત છે. વેદાન્તની આ સ્થિતિ છે. જગત
માટે દેખાય છે? વેદાન્ત કહે છે કે તમે જુઓ છો તેથી. શા માટે દુનિયા છે? વેદાન્ત માત્ર એ
કહે છે કે તમે જૂઓ છો તેથી. જો તમે ન જાઓ તો દુનિયા નથી. તમારી આંખો બંધ કરો એટલે
દુનિયાનો એક પંચમાંશ ભાગ જે તમે આંખોવડે જૂઓ છો તે હવે દેખાતો નથી. તમારા કા
બંધ કરો એટલે પાછો બીજો પંચમાંશ ભાગ ગુમ થયો. તમારૂં નાક બંધ કરો એટલે વ
એક પંચમાંશ ભાગ ગુમ થયો. તમારી ઇન્દ્રિયોના એક પણ ભાગને ગતિમાં ન મૂકો તે
દુનિયા નથી. તમેજ દુનિયાને જુઓ છો અને તેથી દુનિયા શા માટે છે તે તમારેજ સમજાવવુ

જોઈએ. તમે જ તેને બનાવો છો, એટલે તમારે જ તમારી જાતને જવાબ આપવો જોઈએ. મને શા માટે પૂછો છો ? દુનિયા બનાવો છો તો તમેજ !

એક છોકરૂં હતું. તે નાના છોકરાએ એક નાના છોકરાની આકૃતિ-પોતાનું જ પ્રતિબિંબ દર્પણમાં જોયું. પ્રથમ કોઈ બહારના માણસે તેને કહ્યું કે, "જો, જો, આ દર્પણમાં કોઈ એક રૂપાળું અને પ્યારૂં નાનું બાળક છે." બાળકે એ ઉપરથી દર્પણમાં જોયું તો તેમાં એક પ્યારૂં નાનું છોકરૂં તેને જણાયું. એ બિચારાને તો ખ્યાલ પણ ક્યાંથી આવે કે દર્પણમાં તો તેનું પોતાનું જ પ્રતિબિમ્બ દેખાય છે ! તે બાળકે તો "દર્પણમાં બહારનું કોઈ અજાણ્યું છોકરૂં છે" એમજ માની લીધું. એ પછી તે છોકરાની મા તેને ઘણુંએ સમજાવવા લાગી કે "દર્પણમાંનો છોકરો એતો તારૂં જ પ્રતિબિમ્બ છે, તે કાંઈ બીજું ખરૂં છોકરૂં નથી," પણ છોકરો તે સત્ય વાત સમજી શક્યો નહિ. પછી તેની માએ એક બીજું છેટેનું દર્પણ બતાવીને કહ્યું કે, "જો, ભાઈ અહીં આ દર્પણ છે તેમાં કોઈ છોકરૂં નથી." ત્યારે તે છોકરાએ ખાત્રી કરવા માટે તે દર્પણની પાસે આવીને જોયું અને તરતજ તેણે કહ્યું કે, "મા, મા, જો અહીં પણ છોકરૂં છે !" આ પ્રમાણે જ્યારે પણ બાળક દર્પણ પાસે જઈને ખાત્રી કરવા માગતું કે તરતજ બોલી ઉઠતું કે 'છોકરૂં અહીં છે !' ખાત્રી કરવાને માટે દર્પણ પાસે જતાંની સાથેજ આ પ્રમાણે દર્પણમાં તે પોતાનું પ્રતિબિમ્બ નાખતું હતું. એની તે બિચારા અજ્ઞાન બચ્ચાને શી ખબર હોય ! તેની માએ દર્પણમાં ખરૂં છોકરૂં નથી એમ સમજાવવાને ઘણીએ માથાફોડ કરી; પણ દર વખતે છોકરાએ તે વાત દર્પણમાં જાતે જોઈનેજ ખાત્રી કરવા માગી અને એવી ખાત્રી કરવાની ક્રિયામાંજ છોકરો પેલા છોકરાને (પોતાના પ્રતિબિમ્બનેજ) દર્પણમાં જોતો હતો.

તેજ પ્રમાણે તમે કહો છો કે આ દુનિયા શા માટે, ક્યાંથી અને કેવી રીતે છે ? જે પળે દુનિયાનું મૂળ અને શા માટે તથા ક્યાંથી ! એ તમે શરૂ કરો છો તેજ પળે તમે દુનિયાને ત્યાં મૂકો છો. ત્યાંજ તમે દુનિયા ઉત્પન્ન કરો છો. તેથી દુનિયાનું મૂળ અને તે ક્યાંથી ! એ તમે શી રીતે જાણી શકશો ? આપણે તેનું મૂળ શી રીતે જાણી શકીશું ? આપણે દુનિયાથી પર એવા તેના મૂળને કેવી રીતે જાણી શકીશું ? આપણે દુનિયાની પેલે પાર કેવી રીતે જઈ શકીશું ? કેટલાક કહે છે કે આ જગતના પરમેશ્વરે દુનિયા બનાવી અને તે કર્ત્તા બીજે કોઈ ઠેકાણે છે. તેઓ પોતાનું ઘર જૂએ છે તો જેમ સમજી જાય છે કે તેને કોઈએ બનાવ્યું હતું, તે જ પ્રમાણે તેઓ કહે છે કે આ જગત પણ કોઈએ બનાવ્યું છે. હવે સવાલ એ રહે છે કે આ કર્ત્તા દુનિયા બનાવવા માટે કોઈ ઠેકાણે ઉભો રહેલો હોવો જોઈએ. તે ક્યાં ઉભો રહ્યો હશે ? જો તે કોઈ પણ ઠેકાણે ઉભો રહ્યો હોય તો, જો તેને ઉભા રહેવાની જગ્યા હોય તો, પછી તે ઠેકાણે જગત હોવુંજ જોઈએ, અને તે જોતાં તો તેણે જગત બનાવ્યું તે પહેલાં પણ તે ક્યારનુંએ હતું જ, કારણ કે તે ઉભા રહેવાની જગ્યા પણ જગતમાંજ કોઈ ઠેકાણે હોવી જોઈએ. તમે જાણો છો કે જ્યારે તેણે જગત બનાવ્યું ત્યારે તે કોઈ ઠેકાણે ઉભો હતો; અને જ્યાં તે ઉભો રહે છે એ આરામની જગ્યા તે પણ જગત અથવા જગતનોજ ભાગ છે; અને તેથી જગતને તેણે બનાવ્યું તે પહેલાં પણ તે અસ્તિત્વમાં તો હતુંજ. જગત ક્યારથી શરૂં થયું એ તપાસવાનું તમે શરૂ કરો છો ત્યારે, ક્યારે, ક્યાંથી અને શા માટેનો વિચાર એક બાજુએ, અને બીજી બાજુએ જગત હોવાનો વિચાર, એ પ્રમાણે

એ વિચાર જૂદા પાડવાની ઇચ્છા કરો છો. તો શા માટે, ક્યાંથી અને ક્યારે એ શબ્દો અને કાળ, દેશ, કારણનો વિચાર, એ બધું પણ શું જગતનોજ એક ભાગ નથી ? શું તે વસ્તુએ પણ જગતમાંનીજ નથી ? ખરેખર તે જગતમાંનીજ છે. હવે ધ્યાન આપો કે આખું જગત શાથી અને ક્યાંથી ઉત્પન્ન થયું એ વાત જાણવાની તમારી મરજી છે. શાથી, ક્યારે અને ક્યાંથી, એ આ સવાલનું મધ્યબિંદુ છે. તે વાત પણ ધ્યાનમાં રાખો. આ કાળ, સ્થિતિ અને કારણ એ બધા જ આ જગતમાંનાંજ છે. તમે જાણો છો કે તે કાંઇ આ જગતની બહારની વસ્તુએ નથી. જે પળે જગત ક્યારે શરૂ થયું તે પૂછવાનું તમે શરૂ કરો છો તે જ પળે એક બાજુએ જગતનો અને બીજી બાજુએ ક્યારેનો વિચાર ખડો થાય છે. ત્યાં તમે જગતને જગત જ પકે લાંથી રાખો છો, આ સમજવાનું ઘણું ગુઢ અને અઘરૂં છે જેથી તમે કૃપા કરી લક્ષપૂર્વક ઘણી જ બારિકીથી ધ્યાન આપજો.

જગત ક્યારે શરૂ થયું ? એ પ્રશ્ન કરીને તમે જગતને જગતથી લઇ લેવા માગો છો. ક્યારે શરૂ થયું ? એ વિચાર પણ જગતમાંની જ એક વસ્તુ હોવા છતાં તેને તમે જગતથી જૂદી પાડવા માગો છો. ક્યારે અને શા માટે, એ પ્રશ્નવડે તમે જગતનો અંદાજ કહાડવા માગો છો. પણ તમે જાણો છો કે, " ક્યારે અને શા માટે " એ શબ્દો જાતે જ જગત છે. એ પ્રશ્નવડે તમે જે વખતે જગતની પેલે પાર કૂદી જવા ઇચ્છો છો તેજ વખતે તમે જગતને મૂકો છો.

દૃષ્ટાંત તરીકે એક પરીક્ષક નિશાળમાં આવ્યો, અને તેણે છોકરાંઓને એવો સવાલ પૂછ્યો કે " જો એક ચાકના કડકાને હવામાં પડવા દેવામાં આવે તો તે પૃથ્વી ઉપર ક્યારે પહોંચશે ?" એક છોકરે જવાબ આપ્યો: " આટલી સેકન્ડમાં." " જો એક પત્થરના કડકાને અમુક ઉંચાઇથી પડવા દેવામા આવે તો તે કેટલા વખતમાં નીચે પડશે ?" છોકરે જવાબ દીધો: "આટલા વખતમાં." પછી પરિક્ષકે એક આંટીવાળો સવાલ પૂછ્યો કે " જો આ જગત પડે તો કેટલા વખતમાં પડશે ? તેને પડતાં કેટલી વાર લાગશે ?" બધા છોકરા આ પ્રશ્નથી ગુંચવાયા. અંતે એક ચાલાક છોકરે જવાબ આપ્યો કે " જગત ક્યાં પડશે ? પહેલાં મને એ બતાવો કે જગત ક્યાં પડશે ? "

તેજ પ્રમાણે આપણે પણ સવાલ પૂછીએ કે "આ દીવો ક્યારે સળગાવ્યો હતો ? ઘર ક્યારે બાંધ્યું હતું ? આ બાગ ક્યારે જડયો હતો ?" વગેરે. પણ જ્યારે આપણે એવો સવાલ પૂછીએ કે "જગત ક્યારે બનાવ્યું હતું ? સૃષ્ટિ ક્યારે બનાવી હતી ?" ત્યારે "જગત ક્યારે પડશે ?" એના જેવોજ આંટીવાળો એ સવાલ બને છે. શા માટે, ક્યારે અને ક્યાંથી એ સવાલો પોતેજ આ જગતના ભાગ છે; અને જ્યારે પણ આપણે જગત શા માટે, ક્યાંથી અને ક્યારે, એ વિષે બોલીએ છીએ, ત્યારે તર્કાભાસ અને કુંડાળા જેવીજ દલીલ કરીએ છીએ. તમે તમારા પોતાનામાંથી બહાર કૂદી પડી શકશો ? ના. તેજ પ્રમાણે શા માટે, ક્યાં અને ક્યાંથી, એ શબ્દો પણ આ જગત અથવા જગતનો ભાગ જ હોવાથી તેનાવડે જગતનો અથવા વિશ્વનો ખુલાસો કદિ પણ થઇ શકશે નહિ. વેદાન્ત પણ તેમ કહે છે.

હવે એ વાત બીજી રીતે સમજાવશું.

અહીં એક મનુષ્ય ઉંઘેલો છે, અને ઉંઘમાં બધી જાતના પદાર્થ જુએ છે. જો કે એમાં સ્વપ્નનો કર્તા,–મને કહેવા દો. કે સ્વપ્નનો ભ્રમિત કર્તા અને જંગલો, નદીઓ, પર્વતો તેમજ સ્વપ્નની બીજી વસ્તુએ.ઉપર હાથ નહિ સવે તમને સમજાવ્યું હતું તે પ્રમાણે તે પોતેજ છે.

ર્પણમાં દેખાતા પેલા બાળકની પેઠે કર્ત્તા અને કાર્ય બન્ને એકી સમયેજ દેખાવ આપે છે. હવે એ સ્વપ્નનો કર્ત્તા-સ્વપ્નમાં મુસાફરી કરનાર મનુષ્ય કહી શકશે કે આ નદીઓ, પર્વતો સરોવરો અને બીજા દેખાતા દેખાવો ક્યારે અસ્તિત્વમાં આવ્યા ? જ્યાં સુધી તમે સ્વપ્નમાં છો ત્યાં સુધી તમે કહી શકશો કે આ પદાર્થો ક્યારે થયા ! નહિ, કદાપિ નહિ. નદીઓ, ખીણો, પર્વતો અને જમીનના બીજા દેખાવો જ્યાં સુધી તમે સ્વપ્નમાં છો ત્યાં સુધી કાયમના કાયમ જ દેખાશે. આ બધું તમને કુદરતીજ હોય, જાણે તે આદિથીજ અસ્તિત્વમાં હોય એમજ જણાશે. સ્વપ્નના કર્ત્તા પોતેજ હોવા છતાં તમે કદિ પણ કલ્પી નહિ શકો કે અમુક વખતે અને અમુક સ્થળેજ તમે સ્વપ્ન શરૂ કર્યું હતું. તમે તેને ખરૂંજ જાણશો, અને આ બધી ખીણો નદીઓ, જમીનના દેખાવો, અનાદિ કાળથી છે એમજ તમને જણાશે. તેનું ખરૂં મૂળ સ્વપ્નની જ અવસ્થામાં રહીને શોધવાથી તમે કદી જાણી શકશો નહિ. જ્યાં સુધી તમે સ્વપ્નાવસ્થામાં છો ત્યાં સુધી સ્વપ્ન શા માટે, ક્યારે અને ક્યાંથી થયું એ કદિ પણ જાણી શકશો નહિ. પણ હા, એ જાણવાનો ઉપાય-ખરામાં ખરો, એકનો એક ઉપાય છે ખરો, અને તે એ જ કે સ્વપ્નમાંથી જાગૃત થવું. તમે જાગૃત થશો કે એ બધુંજ જતું રહેશે-બધુંજ નાશ પામશે. સ્વપ્નનું કાર્ય, કર્ત્તા, કે ક્યાંથી, ક્યારે ને કેમ, એ પ્રશ્નોમાંનું કશુંજ રહેશે નહિ.

એ સ્વપ્નનીજ પેઠે આ જગતના સર્વ પદાર્થ તમે જુઓ છો, જે તમને ખરા જણાય છે અને સ્વપ્નમાં જેમ અંત જણાતો નથી તેમ આનો પણ તમને અંત નહિ જણાય. એ જગત-રૂપ સ્વપ્ન ક્યારે શરૂ થયું તે તમે જાણી શકશો નહિ. નહિ અને નહિજ. શું તમે કહી શકશો કે કાળ ક્યારે શરૂ થયો ? આ પરસ્પર વિરોધ કાન્ટે પણ બતાવ્યો છે. જ્યારે તમે અમુક વખતે કાળ શરૂ થયો એમ કહો છો તે જ વખતે કાળ શરૂ થયો. તે જ વખતે તમે કાળ મૂકો છો. આ સવાલ જ અશક્ય-નિરર્થક છે. આકાશ કયે ઠેકાણેથી શરૂ થયું ? એ સવાલ પણ એવો જ અશક્ય છે. જે જગ્યાથી આકાશ શરૂ થયું તમે કલ્પશો તેની પેલેપાર પણ તમે આકાશ હોવાનું માનશો તો જ તમે એવી કલ્પના મનમાં આણી શકશો. અમુક ઠેકાણે આકાશ નહોતું ત્યાંથી તેની શરૂઆત થઈ એમ વિચારવા જતાં જ એ નહિ હોવાના ઠેકાણાને તમે આકાશ બનાવી દો છો. ઠેકાણું પોતે પણ આકાશમાંજ હોઈ શકે-આકાશ પોતે જ છે એ તમે જાણો છો. માટે આ સવાલ જ અસંભવિત છે. એજ પ્રમાણે કારણની સંકલના ક્યાંથી-શું કારણથી શરૂ થઈ ? એ સવાલ પણ અસંભવિત છે. અરે ! જો તમે કારણની સંકલનાની કોઈ શરૂઆત બતાવશો તો તેમાં પણ તમે જોશો કે શા માટેનો વિચાર પોતે જ કારણરૂપ છે, તે તમારી પેલે પાર જાય છે, અને તેથી જવાબ ન આપી શકાય તેવોજ એ સવાલ પણ છે. આ બાજુ કે પેલી બાજુના કોઈ પણ સમયે કાળનો અંત-છેડોજ નથી; આ કે પેલી બાજુએ કોઈ પણ સ્થળે આકાશનો પણ છેડો જ નથી; અને આ કે પેલી બાજુના કોઈ પણ કારણસર કારણનો પણ અંત નથી. શૉપનહોર આ વાત સિદ્ધ કરે છે. હર્બર્ટ આ વાત સિદ્ધ કરે છે. દરેક વિચાર તમને એજ વાત કહી શકશે કે એનો અન્ત નથી ! અન્ત નથી ! અન્ત નથી ! જ્યાં સુધી તમે સ્વપ્નમાં પડ્યા પડ્યા જુઓ છો ત્યાં સુધી સ્વપ્નની શરૂઆત, અંત, સ્થળ કે કારણનો-એજ અવસ્થામાં-કદિ પણ છેડોજ નથી.

એજ પ્રમાણે જાગૃતાવસ્થામાં પણ છે. જે લોકો આ સવાલનો જવાબ ઉપલક રીતે આપે છે તેઓ પોતાનો માર્ગ ભૂલે છે. તેઓ પોતે છેડા વિનાના ગોળ કુંડાળામાં હોવા છતાં એ કુંડા-

ળામાંથીજ કુંડાળાનો છેડો શોધવા મથે છે અને પછી તે બિચારાઓ પોતાની મેળેજ ગુંચવાઇ પડેછે ! ! આ પ્રમાણે આવા પ્રશ્નોના બીજા જે કંઇ ઉત્તરો અપાતા હોય તે બધા પણ પેલા નદીનું મૂળ, થુંક અને પરસેવામાંથી બતાવનારા મહા બુદ્ધિશાળી (!) ફિલસુફોના ઉત્તરો જેવાજ અશક્ય અને અસત્ય છે. બસ માત્ર જ્યારે એ સ્વપ્નાવસ્થાનો કર્ત્તા પોતે જાગે છે ત્યારેજ ખરો સિદ્ધાન્ત સિદ્ધ થાય છે. સ્વપ્નાવસ્થાનો કર્ત્તા ત્યારે કહે છે કે 'અરે, આ સ્વપ્ન કે તેમાંનો દેશકાળ કે પદાર્થ એમાંનું કશુંજ નહોતું ! અત્યાર સુધી તે બધું સાચું લાગતું હતું એ સાચું લાગવાપણુંજ મિથ્યા–ખોટું જ હતું ! એજ પ્રમાણે વેદાન્ત પણ દરેકને કહે છે કે તે પરિપૂર્ણ મોક્ષની સ્થિતિ પ્રાપ્ત કર્યા પછી–તે સત્યના સાક્ષાત્કારરૂપી જાગૃતિમાં આવ્યા પછીજ તમે જોશો કે આ બધું જગત માત્ર ફારસ-ભ્રમણાજ હતી. બીજું કાંઇજ નહોતું.

માયાનો આ સવાલ આ પ્રમાણે પણ મૂકાય છેઃ " જો માણસ પરમેશ્વર હોય તો તે પોતાનો ખરો–મૂળ સ્વભાવ શા માટે ભૂલી ગએલો હોવો જોઇએ ? " વેદાન્ત એનો જવાબ દે છે કે " તમારામાંનો સત્ય ઈશ્વર તેનું ખરૂં સ્વરૂપ કદિ પણ ભૂલ્યોજ નથી. જો તમારામાંનો સત્ય ઈશ્વર તેનો ખરો સ્વભાવ ભૂલી ગયો હોત તો તે આટલા વખત સુધી આ વિશ્વને નિયમમાં રાખતો નહોત, તેનાપર સત્તા ચલાવતો–રાજ્ય કરતો ન જ હોત. સત્ય ઈશ્વર પોતાને કદિ પણ, જરા પણ ભૂલી ગયો નથી. હજુએ તે આ વિશ્વ ઉપર સત્તા ચલાવે છે, તેને નિયમમાં રાખે છે અને તેનાપર રાજ્ય કરે છે. પણ ત્યારે પૂછવામાં આવશે કે કોણ ભૂલી ગયું છે ? ઉત્તર એજ કે કોઇ નહિ. કોઇએ ભૂલી ગયું નથી. બધું સ્વપ્ન જેવુંજ છે. સ્વપ્નમાં જ્યારે તમે જૂદી જૂદી જાતના પદાર્થો જૂઓ છો ત્યારે ખરૂં જોતાં તે પદાર્થો તમે જોતાજ નથી. એ પદાર્થોના જોનાર તમે પોતે નહિ પણ સ્વપ્નાવસ્થાનો કર્ત્તાજ તેને જુએ છે. એ કર્ત્તા પોતે પણ સ્વપ્નાવસ્થાના બીજા પદાર્થોની સાથેજ ઉત્પન્ન થએલો છે, અને તેનેજ એ બધું જણાય છે ! તેનેજ આ બધા દેખાવો દેખાય છે ! સ્વપ્નની એ ખીણો, એ પર્વતો અને એ નદીઓમાં એ સ્વપ્નવાળો કર્ત્તાજ રહે છે, જાગૃતવાળો નહિજ. એ પ્રમાણે ખરૂં સ્વરૂપ, ખરો આત્મા, ખરો પરમેશ્વર કદિએ કશું પણ ભૂલ્યોજ નથી. મિથ્યા સ્વપણુ (ego) નો વિચાર એ તો માત્ર માયાનીજ બનાવટ છે; અને સ્વપ્નના મિથ્યા પદાર્થો અને તેના મિથ્યા જોનારની પેઠેજ આ જાગૃતાવસ્થાનું જગત અને તેનો જોનાર, એ બધું આ એક જાતની ભ્રમણાજ છે. ખરૂં સ્વરૂપ તો પોતાને ભૂલ્યુંજ નથી. તમે કહો છો કે " શા માટે, પરમેશ્વર પોતે પોતાના સ્વરૂપને મનુષ્યના રૂપમાં, નાના અભિમાની જીવના સ્વરૂપમાં ભૂલ્યો ? " ત્યારે વેદાન્ત કહે છે કે જેમ તર્કવાદીઓ કુંડાળામાંથી તેનો છેડો મેળવવાની બાબતને વિરોધાભાસ (circulus in Probando) કહે છે, અશક્ય કહે છે, મૂર્ખતાભરી કહે છે તેવોજ આ તમારો સવાલ છે. ભલા એટલું તો કહો કે આ સવાલ તમે કોને પૂછો છો ? તમે આ સવાલ સ્વપ્નાવસ્થાના કર્ત્તાને કે જાગૃતાવસ્થાના કર્ત્તાને પૂછો છો ? સ્વપ્નાવસ્થાના કર્ત્તાને તો તમારે આ સવાલ પૂછવોજ ન જોઇએ; કારણ કે સ્વપ્નાવસ્થાનો કર્ત્તા પણ ભૂલ્યો નથી. તે તો બિચારો સ્વપ્નના પદાર્થોની પેઠેજ, તે પદાર્થોની સાથેજ ઉત્પન્ન થએલો હોઇ તે પદાર્થોના જેવોજ–તે પદાર્થોરૂપજ છે ! એજ પ્રમાણે જાગૃતાવસ્થાના ખરા કર્ત્તાને પણ એ સવાલ તમે પૂછી શકો નહિ. હવે સવાલ પૂછશે કોણ ? તમે જાણો છો કે સ્વપ્નાવસ્થામાં સવાલ પૂછનાર પણ સ્વપ્નમાંનોજ હોવો જોઈએ. જ્યારે સ્વપ્નાવસ્થાનો કર્ત્તા ખસી ગયો ત્યારે પછી એ સવાલ કોણ

અને કોને પૂછશે ? સવાલ અને જવાબરૂપી દ્વૈતનો વ્યવહાર તો એ માયીક સ્વપ્ન જ્યાં સુધી પહોંચે છે ત્યાં સુધીજ શકય છે; અને તેથી ફક્ત સ્વપ્નાવસ્થાના કર્ત્તાનેજ તમે આ સવાલ પૂછી શકો. જાગૃતાવસ્થાનો કર્ત્તા તેને માટે જવાબદાર હસ્તો નથી. સ્વપ્નાવસ્થાના કર્ત્તાને દૂર કરવા દો, અને બધો દેખાવ-હું કહું છું કે 'આખું સ્વપ્ન જગત નાશ પામશે' અને સવાલ પૂછનાર પણ કોઈ રહેશે નહિ. પછી કોણ કોને અને શું પૂછશે ?

નદીમાં એક માણસ હોડી હાંકી રહ્યો છે એવું આ એક ચિત્ર છે તે તમે જુઓ. હવે એ ચિત્રમાં આલેખેલી હોડીને જ્યાં સુધી ખરી માનવામાં આવે ત્યાં સુધીજ એ હોડીનો હાંકનાર માણસ ખરો કહી શકાશે. હોડી જે ભાવમાં હોડી છે તેજ ભાવમાં તેનો માલિક એ માલિક છે. પણ ખરૂં જોતાં તો એ સ્થળે હોડી પણ ખરી નથી ને તેનો માલિક પણ ખરો નથી. બન્નેજ મિથ્યા છે. જ્યારે આપણે બાળકને બતાવીએ છીએ કે " અહીં આવ, અહીં આવ, જો આ હોડીનો માલિક કેવો સુંદર છે." ત્યારે હોડી કરતાં હોડીનો માલિક વધારે સાચો છે એમ કહેવાનો આપણને હક્ક નથી. બન્ને એક સરખાજ છે.

એવીજ રીતે વેદાન્ત પ્રમાણે હોડીરૂપી આ જગત અને તેનો કર્ત્તા તથા નિયમમાં રાખનાર પરમેશ્વર, એ બન્ને વચ્ચેનો સંબંધ છે; અર્થાત્ હોડી અને હોડીના હાંકનાર વચ્ચે જેવો સંબંધ અને સમાનતા છે તેવોજ સંબંધ અને સમાનતા આ વિશ્વ અને તેના સ્વામી ઈશ્વર વચ્ચે છે. જ્યાં સુધી હોડી છે ત્યાં સુધીજ હોડી હાંકનાર પણ છે. જે સમયે હોડીના મિથ્યાપણાનો તમે સાક્ષાત્કાર કરો છો, તેજ સમયે હોડીવાળો પણ મિથ્યા બને છે.

એજ પ્રમાણે આ જગતને નિયમમાં રાખનાર અને બનાવનારની કલ્પના પણ જ્યાં સુધી જગત તમને ખરૂં દેખાય છે ત્યાં સુધીજ ખરી છે. જગતનો વિચાર જવા દેશો તો તેની સાથે તેના કર્ત્તાની કલ્પના પણ નાશ પામશે. પેદા કરનારનો વિચારજ શા માટે, ક્યારે અને ક્યાંથી, એ પ્રશ્નોની ઉત્પત્તિ કરે છે. ધ્યાનમાં રાખો કે જગત શા માટે ક્યારે અને ક્યાંથી થયું ? એ સવાલ પણ હોડી અને હોડી હાંકનારના જેવોજ મિથ્યા છે. હોડી, તેનો હાંકનાર અને તે હોડીની રચનાનું કારણ તથા સમય જાણવા ઈચ્છનારો સવાલ એ સર્વ એકજ પ્રકારનાં અને એકજ કિંમતનાં છે. એ સર્વ ભ્રમણાજ છે. શા માટે, ક્યારે અને ક્યાંથી, એ સવાલજ આ જગત પોતે છે; અને જગતરૂપ હોડીનો હાંકનાર પણ તે સવાલજ છે. જ્યારે તમે આ જાગૃતરૂપી દીર્ઘ સ્વપ્નમાંથી તમારા આત્મસ્વરૂપની સત્ય અવસ્થામાં જાગૃત થાઓ છો; જ્યારે તમને એ અવસ્થાનો સાક્ષાત્કાર થાય છે; ત્યારે આ આખું જગત પડદા ઉપરના હોડીના ચિત્ર જેવુંજ જણાય છે; અને શા માટે, ક્યારે અને ક્યાંથી ? એ સવાલ કે જે સવાલ પોતેજ હોડીનો હાંકનાર અથવા હોડીવાળો હતો; તે પણ નાશ પામે છે. ખરી રીતે તો હોડી કે હાંકનાર કશુંજ નહિ હોવાથી તે શા માટે, ક્યારે અને ક્યાંથી, એ સવાલ પણ ઉઠે નહિ. વસ્તુતઃ જે કંઈ છે તે તો આ કાળ, આકાશ અને કારણની પેલે પારજ છે. લોકો કહે છે કે જગત એક મૂર્તિમાન કર્ત્તાને આધારે છે. વેદાન્ત કહે છે કે નેતિ, નેતિ. આ સવાલજ અશક્ય છે અને તેથી આ સવાલનો જવાબજ નથી.

બીજો એક માણસ કહે છે કે "પરમેશ્વરે પોતે પોતાના મોહમાં પડીને દર્પણના ઘર જેવું આ જગત બનાવ્યું; અને આ બધાં રૂપોમાં તેણે પોતાનું સ્વરૂપ જોવા ઇચ્છયું તેથી તેણે આ જગત બનાવ્યું." વેદાન્ત કહે છે કે 'નેતિ'. આવો સિદ્ધાન્ત અહીં મૂકવાનો તમને હક્ક નથી.

બીજો એક માણસ આવે છે અને કહે છે કે "જગત આટલાં વર્ષો ઉપર બનાવ્યું હતું." વેદાન્ત કહે છે કે 'નેતિ'. 'માયા'નો ખરો અર્થજ એ છે કે 'મા' એટલે 'નહિ' અને 'યા' એટલે 'જે' અર્થાત્ જે વસ્તુ ખરી રીતે હોય નહિ તે છતાં હોય એમ ભાસે એનું નામજ 'માયા' છે. એ એક એવી બાબત છે કે જેનું તમે વર્ણનજ કરી શકો નહિ. હવે સવાલ એ છે કે જગત ખરૂં છે ? વેદાન્ત કહે છે નેતિ. માયા. તમે તેને ખરૂં કહી શકશો નહિ કારણ કે જે વધ્યા ઘટ્યા વિના ભૂતકાળમાં, વર્તમાનકાળમાં અને ભવિષ્યકાળમાં એકરસ રહે છે તેનુંજ નામ "સત્ય" છે. જગત શું સર્વ કાળમાં એકરસ રહે છે ? નહિ જ; અને તેથી તે સત્યની વ્યાખ્યામાં આવતું નથી. સુષુપ્તિ અવસ્થામાં તે દેખાતું નથી; તેમ તમારી સાક્ષાત્કારની સ્થિતિમાં, પરિપૂર્ણ સ્થિતિમાં અથવા મોક્ષમાં પણ તે દેખાતું નથી અને તેથી તે સર્વકાળમાં નથી; અને તેથી તે સત્ય છે એમ કહેવાનો તમને હક્ક નથી. પણ હવે પાછો પ્રશ્ન થશે કે શું ત્યારે આ જગત અસત્ય છે ? વેદાન્ત કહે છે કે નેતિ. માયા. અહીં પણ તમને એમજ લાગશે કે આ કહેવું તો બહુજ વિચિત્ર છે ! શું આ જગત અસત્ય પણ નથી ? વેદાન્ત કહે છે કે "ના, તે અસત્ય પણ નથી." કારણ કે "અસત્ય એટલે જે કોઇ પણ કાળમાં ન હોય તે." દાખલા તરીકે "મનુષ્યશૃંગ" અથવા "વંધ્યાપુત્ર." શું તમે માણસને કદિ પશુના જેવાં શિંગડાં જોયાં છે ? અથવા શું પુત્રવાળી વંધ્યા સ્ત્રી હોઈ શકે ? કદિજ નહિ. આ પ્રમાણે જે વસ્તુ કોઈ પણ સમયે દેખાય નહિ તેનેજ વેદાન્તમાં "અસત્ય" કહે છે. તે નિયમ પ્રમાણે જગત અસત્ય નથી, કેમકે તે તમને હાલ જણાય છે, તેથી તેને અસત્ય કહેવાનો તમને હક્ક નથી. ત્યારે જગત થોડું સત્ય છે અને થોડું અસત્ય છે ? વેદાન્ત કહે છે માયા, નેતિ. તેમ પણ નહિ. અસત્ય અને સત્ય ભેગાં રહી શકેજ નહિ. આ સવાલો અને જવાબોને "વેદાન્તનો માયાવાદ" કહે છે. એ વાદને "અનિર્વચનીયવાદ" અને "મિથ્યાવાદ" એ નામથી પણ કહે છે. એ શબ્દો તમારા 'Mythology' શબ્દના જેવા છે. તેનો અર્થ જેને આપણે સત્ય પણ ન કહી શકીએ અને અસત્ય પણ ન કહી શકીએ એવું 'કંઇક' એવો છે.

નાસ્તિકો કહે છે કે પરમેશ્વર છેજ નહિ. વેદાન્ત કહે છે કે નેતિ, માયા, તમે ખોટા છો. પરમેશ્વર નથી એમ કહેવાને પણ તમારી પાસે દલીલ નથી.

કેટલાકો કહે છે કે મુર્તિમાન પરમેશ્વર છે. વેદાન્ત કહે છે નેતિ, તેમ પણ નહિ. વેદાન્ત કહે છે કે આ એક એવો પ્રદેશ છે જેમાં તમારે પેસવું જોઈએ નહિ. આ એક એવો પ્રદેશ છે કે જેમાં તમે તમારી બુદ્ધિ ચલાવી શકો નહિ. તમારી બુદ્ધિને આ જગતમાં બીજું પુષ્કળ કામ કરવાનું છે, તેને ત્યાંજ કામ કરવા દો. "સીઝરને કરવા યોગ્ય હોય તે સીઝરને સોંપો અને પરમેશ્વરને કરવા યોગ્ય હોય તે પરમેશ્વરને સોંપો." સ્થૂલ દુનિયા, પ્રત્યક્ષ દુનિયામાં તમારી બુદ્ધિને માટે પુરતું કામ છે. આધ્યાત્મિક જગતમાં તો તમારે એક [illegible] એકજ રસ્તે થઈને આવવાનું છે. તે રસ્તો સાક્ષાત્કારનો છે. તે રસ્તો કંઈ [illegible], [illegible] કે [illegible] નહિ પણ સાક્ષાત જ્ઞાનનો છે. એ [illegible] જ્ઞાનરૂપી-એ વિચિત્ર [illegible] જ્ઞાનરૂપી [illegible] ત્યારે [illegible] આ પ્રદેશમાં પ્રવેશો [illegible] બંધ થાય છે; ભેદ છિન્ન ભિન્ન થાય છે. આ મંતવ્ય [illegible] ઉપનિષદમાં એક શ્લોક છે એનો અર્થ આ પ્રમાણે છે—

કે અમેરિકામાં કે જ્યાં પણ શોધાય, ત્યાં એકજ નિર્ણય ઉપર આવે છે. મનુષ્ય કોઈ પણ સ્થળે ઉભો રહીને સૂર્ય સામું જુએ છે ત્યાંથી તેને તે તેજસ્વી અને પ્રકાશમાનજ દેખાય છે. એજ પ્રમાણે જે કોઈ મનુષ્ય પોતાના વહેમરૂપી પડદાઓને દૂર મૂકી સ્વતંત્રપણે તેના તરફ જોશે તે ગમે તે દેશ કે જાતિનો હોવા છતાં એકસરખોજ તેનો પ્રકાશ મેળવીને તેના નિર્ણયો સાથે મળતો આવશે. જો તમે બધી શંકાઓ, અનુરાગો અને અગમચેતીઓ દૂર કરી સ્વતંત્રરીતે અને ખુલ્લીરીતે આ સવાલને તપાસો તો આ સર્વ નિર્ણયો-વેદાન્તના આ સર્વ સિદ્ધાંતો, દલીલો અને પરિણામો એ સર્વ તમારાં પોતાનાંજ બનશે. પોતાનાંજ છે એમ અનુભવાશે.

હવે 'રામ' હિંદુઓની રીત પ્રમાણે માયાનો સિદ્ધાંત તમને સમજાવશે. હિંદુઓએ તેનું કેવી રીતે વર્ણન કરેલું છે ? હિંદુઓનાં પ્રાચીન શાસ્ત્રોમાં તેનો કેવી રીતે ખુલાસો કરેલો છે ? તેઓ તેનો ખુલાસો અનુભવથી અને પ્રયોગથી કરે છે. તેઓ આ માયાને **અનિર્વચનીય** કહે છે. જેનો મર્યાદિત અર્થ " ભ્રાન્તિ " છે. જેને સત્ય પણ કહી શકાય નહિ, તેમ અસત્ય પણ કહી શકાય નહિ; તેમ જે સત્ય અને અસત્યના મિશ્રણરૂપ પણ નથી; એવી એ માયા અગર ભ્રાન્તિ છે. આ ભ્રાન્તિ બે પ્રકારની છે. આપણે તેને " બાહ્ય ભ્રાન્તિ " અને " આન્તર ભ્રાંતિ " કહીશું.

ધારો કે તમે અંધારામાં એક સાપ જૂઓ છો. તમને તેનો મરણતુલ્ય ભય લાગે છે, અને તેથી નાસવા જતાં ભાન ન રહેવાથી તમે પડી જાઓ છો, તમારા હોશ ઉડી જાય છે; તમને વાગે છે અને પીડા પણ થાય છે. પાછળથી તમને ખરી હકીકત માલૂમ પડે છે કે ત્યાં સાપ નથી, પણ તે તો એક દોરડીનું ગુંછળુંજ પડેલું હતું. હવે જે સાપથી તમને આટલી પીડા થઈ તે સાપ શું તે સમયે અસત્ય હતો ? વેદાન્ત કહે છે. 'ના, ના.' સાપને અસત્ય કહેવાનો તમને હક્ક નથી. જો સાપ ખોટો હોત તો તમને જે ઇજા થઈ તે થાત નહિ. સાપ એ માયા-ભ્રાન્તિ છે; અને એ ભ્રાન્તિ જેમ સત્ય નથી તેમ તે અસત્ય પણ નથી; કારણ કે જે અસત્ય વસ્તુ હોય તે કદાપિ હયાતીમાં હોતી નથી. સૂક્ષ્મ બિંદુરૂપે ઉડતા જળના એકાદ ફૂવારા પાસે ઉભા રહેવાથી તમે રંગબેરંગી મેઘધનુષ્ય જુઓ છો, તે મેઘધનુષ્ય સાચું છે ? નહિજ. કારણ કે તે જે સ્થળે પ્રતીત થાય છે ત્યાંથી સમીપ જઈને જોઈએ છીએ ત્યારે તે જણાતું નથી. જો આપણે દિશા ફેરવીએ છીએ તો એ મેઘધનુષ્યની દિશા પણ ફરેલી જણાય છે. ત્યારે શું તે ખોટું છે ? ના, કારણ કે ત્યાં તે હોય એમજ જણાય છે; અને તેની કાંઈક અસર આપણા ઉપર થાય છે. જેથી તે અસત્ય પણ નથી. તે માત્ર એક ભ્રાન્તિજ છે-ભ્રમ છે.

તમે દર્પણમાં તમારી છબિ જુઓ છો, તે ખોટી છે ? વેદાન્ત કહે છે કે ના, તે ખોટી નથી. કારણ કે તેનાથી તમારા ઉપર અસર થાય છે. ત્યારે તે સાચી છે ? ના, તે સાચી પણ નથી. કેમકે તમે તમારું મ્હોં બીજી બાજુ ફેરવો છો કે તરતજ તે નાશ પામે છે. માટે તે ભ્રાન્તિ છે.

હવે આ ભ્રાન્તિ ઉપર જણાવ્યું તેમ બે પ્રકારની છે. આન્તર ભ્રાન્તિ અને બાહ્ય ભ્રાંતિ. રજ્જુમાં દેખાતા સર્પની બાબતમાં આન્તર ભ્રાન્તિ છે. તેની વિચિત્રતા એ છે કે જ્યારે ભ્રાન્તિવાળો પદાર્થ દેખાતો હોય ત્યારે ખરો પદાર્થ દેખાતો નથી, અને ખરો પદાર્થ દેખાય છે

ત્યારે ભ્રાંતિવાળો પદાર્થ દેખાતો નથી. જો સાપ હોય તો રજ્જુ હોતું નથી અને રજ્જુ હોય તો સાપ હોતો નથી. બાહ્ય ભ્રમણામાં બન્ને સાથે રહે છે. ખરી વસ્તુ તેમજ ભ્રમણાવાળી વસ્તુ બન્ને દર્પણમાં સાથે દેખાય છે. દર્પણમાં પ્રતીત થતી આકૃતિ અથવા પ્રતિબિંબ એ અસત્ય છે. અથવા વેદાન્તિકોના શબ્દોમાં કહીએ તો તે પ્રતિબિંબ એ સર્વ વ્યાપક, અસત્ય અને ભ્રાન્તિમય આકૃતિ છે; અને મૂળ આકૃતિ એ સત્ય પદાર્થ છે. વળી બાહ્ય ભ્રાન્તિમાં આપણે એક બીજી વસ્તુ પણ જોઈએ છીએ, એને આપણે દ્વાર અગર સાધન કહીએ છીએ. આ સાધન તે દર્પણ છે. ભ્રમણામાં દેખાતી વસ્તુ એ પ્રતિબિંબ છે; અને ખરો મૂળ પદાર્થ બિંબ છે. બાહ્ય ભ્રમણામાં એ ત્રણે વસ્તુઓ દેખાય છે; અને તેમાંની એકજ વસ્તુ ભ્રમણારૂપ હોય છે

વેદાન્તીઓના પ્રયોગો અભેદ અને આખા વિશ્વના એકતા સિદ્ધ કરે છે. તે જે પ્રકારના છે તે તમને બતાવવામાં આવશે. તેઓના પ્રયોગો, અનુભવો, ધર્મ સંબંધી કેળવણી અને સત્યનો સાક્ષાત્કાર એવું સિદ્ધ કરે છે કે આ વિશ્વ 'બાહ્ય' અને 'આન્તર' બન્ને પ્રકારની ભ્રમણાઓનું બનેલું છે જ્યારે મનુષ્ય પોતાનામાં પ્રભુતાનો સાક્ષાત્કાર કરે છે ત્યારે તે ફક્ત બહારની ભ્રમણા ઉપર જ વિજય મેળવે છે. આ વિશ્વ ઉપર પ્રવર્તતા તમામ ધર્મો, ક્રિશ્ચિયાનિટી, મુસલમાની ધર્મ, બૌદ્ધ ધર્મ, ઝોરોસ્ટ્રીઅન ધર્મ, આ બધા ધર્મોએ-એક વેદાન્ત સિવાય આ બધા ધર્મોએ-માત્ર બહારની ભ્રમણા ઉપરજ વિજય મેળવવાને ઘણુંજ કર્યું છે; અને એ પ્રકારે બહારની ભ્રમણાઓ ઉપર તેમણે જેટલે અંશે વિજય મેળવ્યો છે તેટલે અંશે તેઓ ખરા છે એમજ વેદાન્ત કહે છે. પણ તે પછી વેદાન્ત એક પગલું આગળ વધીને આન્તર ભ્રમણા ઉપર પણ વિજય મેળવે છે; જ્યારે બીજા ધર્મો એ વિષયમાં અટકી પડે છે. તેઓ કહે છે કે વેદાન્ત અમારાથી પ્રતિકૂળ છે. પણ ના, તે પ્રતિકૂળ નથી, તેતો ફક્ત જે તેઓએ શરૂ કર્યું છે તેનો છેડો લાવે છે, અને તેમાં ઉમેરો કરે છે. તે તેમની વિરૂદ્ધ નથી.

હવે જે ઘણું ગૂઢ છે તે તમને કહેવામાં આવે છે. તેના ઉપર તમે બહુ એકાગ્રતાથી લક્ષ આપો. રજ્જુમાં જે સાપ દેખાયો તે કઈ જાતની ભ્રમણાને લીધે દેખાયો ? આન્તર ભ્રમણાને લીધેજ. તમે જાણો છો કે જો ત્યાં સાપ હોય છે તો રજ્જુ હોતું નથી અને જો રજ્જુ હોય છે તો સાપ હોતો નથી. જે તે એકજ વસ્તુ એકજ સમયમાં દેખાય છે. ફરીથી ધ્યાન આપો. નાગ અગર સાપ જે ભ્રમણાવાળા પદાર્થમાં દેખાયો તેનું અસ્તિત્વ આન્તર ભ્રમણાને લીધેજ જુઓ છો. બિંબનું પ્રતિબિંબ જણાવામાં જેમ દર્પણ એ સાધનરૂપ છે તેજ પ્રમાણે દોરડું એ સાપ જણાવામાં સાધનરૂપ છે. આ સાધનોદ્વારાજ ભ્રાન્તિજન્ય પ્રતિબિંબ અને સર્પ આપણને જણાય છે.

એક છોકરો તમારી પાસે આવે છે અને કહે છે કે "બાપા ! બાપા ! હું બ્હીઉં છું ! પણે સાપ છે." આપણે છોકરાને પૂછીએ છીએ કે સાપ કેટલો લાંબો હતો ? છોકરો કહે છે કે આશરે બે વાર. વારૂ તે કેટલો જાડો હતો ? છોકરો કહે છે કે ઘણો જાડો હતો. સૅન્ફ્રાન્સીસ્કો જતા વહાણમાં તે દિવસે મ્હેં એક દોરડું જોયું હતું તેવો તે જાડો હતો. આપણે પૂછીએ: વારૂ, સાપ શું કરતો હતો ? તેણે કહ્યું: સાપ ગુંચળું વાળી ગોળ પડેલો હતો. પાછળથી તેના કહેવામાં વહેમ પડયો અને પરિણામે તમે જાણો છો કે ત્યાં સાપ નથી. સાપ ખોટો હતો. ફક્ત દોરડુંજ ત્યાં પડેલું હતું. એ સૅન્ફ્રાન્સીસ્કો જતા વહાણનું દોરડું કે જે લાંબું

અને જાડું હતું; તે દોરડાની જાડાઈ, લંબાઈ અને અસ્તિત્વના ગુણજ ભ્રમણામાં દેખાતા સાપમાં દર્પણની પેઠે આરોપાયલા હતા. સાપ ત્યાં નહોતો પણ ફક્ત દોરડામાંજ સાપ આરોપાયલો હતો તેથી મૂળમાં-આંતર ભ્રમણામાં પરિણામે સાપ હતો; અને પછી તરતજ સાપમ બીજી જાતની ભ્રમણા ઉત્પન્ન થઇ, જેને આપણે બાહ્ય ભ્રમણા કહીએ છીએ.

આ ભ્રમણાઓ દૂર કરવા માટે કઇ પદ્ધતિ અનુસરવાની છે ? આપણે પ્રથમ એક ભ્રમણા દૂર કરીશું અને પછી બીજી. બહારની ભ્રમણા પ્રથમ દૂર કરવી પડશે અને પછી આન્તર ભ્રમણા.

વેદાન્ત મત પ્રમાણે આ આખું વિશ્વ, આ આખું જગત ખરી રીતે એક નહિ જાણી શકાય તેવા અને વર્ણન ન કરી શકાય તેવા સત્ય સિવાય બીજું કાંઇજ નથી, કે જે સત્ય મનથી, વાણીથી તથા કાળ, આકાશ, કારણ અને દરેક વસ્તુથી પર છે. આ ખરા દોરડામાં, અંદર રહેલા પડમાં, પદાર્થમાં અથવા તમારી મરજીમાં આવે તે કહો તેમાં જે નામ, રૂપ અને ભેદ અથવા તો શક્તિ, ક્રિયા, આન્દોલન દેખાય છે, તે આ સાપના જેવાંજ છે. તેમાં આપણે જોઇએ છીએ કે પ્રથમ આન્તર ભ્રમણા થયા પછી બહારની ભ્રમણા થાય છે અને એ બહારની ભ્રમણાને લીધે આ નામ અને રૂપમાં-આ વ્યક્તિ અને વ્યષ્ટિપણામાં જાણે ખરૂં સત્ય હોય અને તે પોતાને આધારે પોતાની મેળેજ રહેલું હોય અને જાણે તે પોતેજ સત્ય હોય તેમ દેખાય છે.

હવે જગતના ધર્મોએ શું કર્યું છે ? વ્હાલી ક્રિશ્ચિયાનિટી, વ્હાલો મુસલમાની ધર્મ, બધા ધર્મની મર્યાદાને ખાતર આપણે કહીશું કે તેઓએ બાહ્ય ભ્રમણા દૂર કરવામાં ઘણુંજ કર્યું છે. તેઓએ મનુષ્ય જાતને બતાવ્યું છે કે જો તેઓ પવિત્ર જીવન ગાળે, જો આશા, શ્રદ્ધા અને પરોપકારમય જીવન ગાળે, તો તેને પરિણામે તેને બધી દિશાઓમાં આનન્દનો બોધ, દિવ્યતા અને દરેક વસ્તુમાં પરમેશ્વર જણાશે. હવે ધ્યાન આપો. સાચો સંત અગર મહાત્મા, ખ્રિસ્તના નામમાં પણ ઈશ્વર સમજે છે. તે દુશ્મનને ધિક્કારતો નથી, પણ ચાહે છે. " અરે, તમે તમારા દુશ્મનને તમારી પેઠે ચાહો. " જીસસનું આ સુબોધપૂર્ણ વચન છે. પુષ્પોમાં પણ તે તેજ પરમેશ્વરને જુએ છે. તમે તે સ્થિતિનો કદિ સાક્ષાત્કાર કર્યો છે ? ખરા ધર્મનિષ્ઠ લોકોએ તે કરેલો છે. પુષ્પો તેમની સાથે વાત કરે છે, પથ્થરમાં પણ તેમને ઉપદેશ જણાય છે, વહેતા ઝરાઓમાં તેમને ગ્રન્થો જણાય છે, તારાઓ તેમની સાથે વાતો કરે છે. મનુષ્યના મુખારવિન્દદ્વારા પ્રભુતા તેના સામું જાએ છે. આ પ્રભુતા માટે બુદ્ધિને સમજાય તેવી સાબીતીની તેને જરૂર નથી. તેની સાબીતી તેની પોતાની સાથેજ હોય છે. તે એવી સાબીતી ઉપર આધાર રાખે છે કે જે આખી દુનિયાના તર્ક અને પદાર્થજ્ઞાનથી પર છે. તે મનુષ્ય દરેક સ્થળે પરમેશ્વર જુએ છે, તેમાંજ રહે છે, તેમાંજ હરે ફરે છે અને પોતાનું અસ્તિત્વ તેમાંજ ગણે છે. આવા પ્રકારનું ધાર્મિક જીવન અભ્યાસ અને પ્રયોગદ્વારા બાહ્ય ભ્રમણાને જીતે છે.

તમે કહો છો કે પરમેશ્વર આ સર્વ રૂપો અને ભેદોમાં રહેલો છે; પણ એ કહેવું દોરડીમાં સર્પ જાણવા જેવું છે. જ્યારે તમે દરેક વસ્તુની પાછળ ઈશ્વરને જુઓ છો અને ખરા ધાર્મિક જીવનનો સાક્ષાત્કાર કરો છો ત્યારે તમે દોસ્ત અગર દુશ્મનમાં હેતુઓ આરોપણ કરતા નથી, પણ તેમનામાં ઈશ્વરત્વ જુઓ છો. તમે તેમની પાછળ પરમેશ્વરનીજ કૃતિ જુઓ છો; અને તમે કહો છો કે એક સર્વવ્યાપક ઈશ્વરજ બધું કરી રહેલો છે. આ પ્રમાણે બાહ્ય

કામનું ઈશ્વર નહિ, વિકાસ ક્રમે છે. કે વિકાસ તથા સ્થિતિ એક પ્રકારનું અજ્ઞાન અથવા અજ્ઞાન છે. પણ ચૈતન્ય તેથી પણ આગળ વધે છે, અને તમને કહે છે કે અનુભવ, નહિ કરે. છે કે આપણામાંજ પરમેશ્વર છે તે અન્ય નથી. તેની પેઠે જ્ઞાન શક્તિ—તેની પેઠે જ્ઞાન આવે. આ બધાં રૂપ અને ભેદ, આ બધી જુદી જુદી વસ્તુઓ, અને દુનિયામાં દેખાતા સર્વ ભેદભાવ ચૈતન્ય છે તેથી જ બને, અને તેને આ આખા વિશ્વ તથા ઈશ્વરોથી પર એવી જે અનુપમ સ્થિતિ છે ત્યાં પહોંચે. હવે નહિ જોઈએ કે ચૈતન્ય આપણે પોતાને પરિપૂર્ણ કરનાર છે. આ દુનિયામાં કોઈ પણ વસ્તુ તે કરિ શકે નહિ.

આ દુનિયા આ પ્રકારે પેલ કોઈ પરમેશ્વરે બનાવેલી દેખાતી [illegible] જરૂર નથી, એ હવે બતાવું છું.

આ બે ત્રિકોણ અને એક કાટખૂણ ચોખૂણ છે

આ બંને ત્રિકોણની ઉપરથી તથા નીચેથી બંને બાજુએ કાપ્યો છે. એ બંને બાજુઓને ૨ નું ચિહ્ન કર્યું છે અને ત્રીજી લાંબી બાજુ ઉપર ૫ નું નિશાન કર્યું છે. ધારો કે આ આકારો કાગળમાંથી અગર બીજા પૂઠામાંથી કાપી કાઢ્યા છે. તેને તમે એવી રીતે ગોઠવો કે તેનો એકજ આકાર બને અથવા ત્રિકોણનો પાયો કાટખૂણ ચોખૂણની બાજુ સાથે બંધબેસતો આવે. આમ કરવાથી આપણે એક ૬ બાજુવાળી આકૃતિ બનેલી જોઈશું કે જેની બધી બાજુઓ ૩ નિશાનવાળી બાજુના માપની આવશે. તમે જાણો છો કે આમ કરવાથી ૫ નિશાનવાળી બાજુઓ આ નવી આકૃતિની અંદર જતી રહી છે. અને હવે તે બાજુઓ તરીકે પણ ગણાતી નથી. ઉપર તેનો આકાર પણ આપેલો છે તે જોવાથી સમજાશે. આ ૬ બાજુવાળી આકૃતિ શી રીતે બની? ત્રિકોણ અને કાટખૂણ ચોખૂણની જુદી રીતની ગોઠવણીથી અથવા જુદી સ્થિતિથી આ આકાર બન્યો. આ જુદી જુદી આકૃતિઓના ગુણ નવી બનેલી આકૃતિના ગુણ કરતા તદ્દન જુદા છે. નાની આકૃતિઓના ખૂણા કાટખૂણાથી નાના હતા, પણ નવી બનાવેલી આકૃતિમાં એકે ખૂણો કાટખૂણાથી નાનો નથી. ચોખૂણ આકૃતિમાં કાટખૂણા છે, પણ નવી બનાવેલી આકૃતિમાં એકે કાટખૂણો નથી. પ્રથમની બધી આકૃતિઓ લંબાઈમાં ૫ નિશાનની બાજુ બરાબર હતી પણ નવી બનાવેલી આકૃતિને આટલી લંબાઈની એકે બાજુ નથી. પ્રથમની આકૃતિઓમાંની એક પણ આકૃતિ સમબાજુ નહોતી પણ નવી બનાવેલી આકૃતિ સમબાજુ છે. નવી બનાવેલી આકૃતિના બધા ખૂણા વિષમ છે પણ પ્રથમની કોઈ પણ આકૃતિના ખૂણા વિષમ નહોતા. અહીં આપણે એક એવી બનાવટ જોઈએ છીએ કે જેમાં દેખાતા ગુણો પહેલાંની આકૃતિઓમાં બિલકુલ હતા નહિ. હવે આ તદ્દન નવા ગુણો ક્યાંથી આવ્યા? હવે ધ્યાન આપો. આ તદ્દન નવા ગુણો કોઈ કર્તાએ બનાવેલા નથી તે વાત પણ ધ્યાનમાં રાખો. આ તદ્દન નવા ગુણો નવી આકૃતિનુંજ પરિણામ છે. તે નવી સ્થિતિનુંજ પરિણામ છે. તે વેદાન્ત જેને માયા કહે છે તેનુંજ પરિણામ છે. માયા એટલે નામ અને રૂપ. તે ગુણો નામ અને રૂપનુંજ પરિણામ છે.

ફરીથી જુઓ. આ ત્રિકોણને h એટલે હાઈડ્રોજન કહો. આ ચોખૂણને ૨ એટલે ઑક્સીજન આનું પરિણામ h+૨=ઓ એટલે કે પાણી (નવી આકૃતિમાં) આવે છે. આ મૂળતત્ત્વો હા ડ્રોજન અને ઑક્સિજનને પોતપોતાના ગુણ હતા અને તેની મેળવણીના પરિણામે નવું (પાણી) ઉત્પન્ન થઈ છે. આ પ્રમાણે હાઈડ્રોજન અને ઑક્સિજન મળીને આપણને પાણી છે. એમાં હાઈડ્રોજન બળી શકે એવો પદાર્થ છે, પણ પાણી તેવું નથી. પાણીમાં હાઈ કરતાં વિલક્ષણજ ગુણ છે. ઑક્સિજન બાળવામાં મદદ કરે છે પણ પાણી કરતું નથી પોતાનો નવોજ ગુણ છે. વળી હાઈડ્રોજન ઘણો હલકો છે પણ ઑક્સિજન તેટલો નથી. હાઈડ્રોજન બલૂનમાં ભરાય છે અને તે ઉંચે આકાશમાં લઈ જાય છે, પણ પાણી કરતું નથી. પાણીમિશ્રિત હાઈડ્રોજનનું પરિણામ એમ કરતું નથી. આ પ્રમાણે (પદાર્થોના ગુણો પરિણામિક પદાર્થના ગુણોથી તદ્દન જૂદા છે. પરિણામિક પદાર્થમાં આ ગુણ ક્યાંથી આવ્યા ? પોતાના કર્ત્તામાંથી તેણે આ ગુણો મેળવ્યા અથવા જે (તત્ત્વોનું તે બનેલું છે તેમાંથી લીધા ? ના, આ ગુણો નવી આકૃતિ, નવી સ્થિતિમ આવ્યા છે. વેદાન્ત પણ કહે છે કે દુનિયામાં જે તમે જૂઓ છો તે માત્ર નામ અને જ પરિણામ છે. તમારે આ અને તે વસ્તુને માટે કર્ત્તાનું અસ્તિત્વ મૂકવાની જરૂર નથી માત્ર નામ અને રૂપનુંજ પરિણામ છે.

અહીં તમારી પાસે એક કોયલાનો કકડો છે અને પણે એક તેજસ્વી-આંખને નાખે તેવો હીરો છે. આ હીરામાં કોયલાના કકડા કરતાં તદ્દન નવા ગુણ છે. હીરો સખત છે કે લોઢાને પણ કાપી શકે છે, અને કોયલો એવો નરમ છે કે કાગળના ઉપર પણ ઘસાય છે. હીરો ઘણો તેજસ્વી અને કિમ્મતી છે, અને કોયલો ઘ કાળો, સોંઘો અને બેડોળ છે. બન્નેનો વિરોધ આવો મોટો છે, અને તોપણ તેઓ રીતે એકજ વસ્તુ છે. વિજ્ઞાન તે વાત સાબીત કરે છે. કદાચ તમે કહેશો કે મારી તે વાત ગ્રહણ કરતી નથી. પરંતુ તમે ગ્રહણ કરો કે ન કરો પણ આ એક સત્યજ છે. તેજ પ્રમાણે વેદાન્ત તમને કહે છે કે અહીં તમે જેને ખરાબ વસ્તુ અને જેને સારી કહો છો; જેને તમે દોસ્તો કહો છો તે અને તમે જેને દુશ્મન કહો છો તે સર્વમાં કોયલા અને હીરામાં કાર્બન રહેલો છે તેમ એકજ ખરી વસ્તુ રહેલીછે. વૈજ્ઞાનિકો (કહે છે કે કોયલામાં જે કાર્બનનાં પરમાણુઓ છે તેજ પરમાણુઓ હીરામાં પણ છે. માત્ર તે જૂદી રીતે ગોઠવાયલાં છે એજ ફરક છે. હીરા અને કોયલામાં ભેદ માત્ર તેના નામ રૂપને લીધેજ છે.

તેજ પ્રમાણે સારા અને નઠારા વચ્ચેનો ભેદ માત્ર માયાને લીધે એટલે કે નામ અને લીધેજ છે, કે જે નામ અને રૂપ બંને મિથ્યા છે. કારણ કે એક વખત આપણે તે જેવાં જોઈએ છીએ તેવાં તે સદાકાળ રહી શકતાં નથી. આ જગતનો ભાસ એ નામ રૂપ સિવાય બીજું કાંઈજ નથી. જૂદાં જૂદાં નામ, રચના અને દેખાવોના સમ્મેલન સિ બીજું કાંઈજ નથી. આ જૂદી જૂદી ભિન્નતા અને સમ્મેલન શાને લીધે છે ? તે અ ભ્રમણાને લીધે છે. પરંતુ આ નામ અને રૂપ જે આંતર ભ્રમણાને લીધે છે તેમાં પણ દિવ્યતા ઝળહળી રહી છે. આ નામ અને રૂપમાં પણ પરમેશ્વર પોતેજ પ્રકાશી રહ્યા છે. નામ અને રૂપની ભ્રમણાને વટાવી પેલે પાર જાઓ, એટલે તમેજ સર્વસ્વ છો. આ પ્ર જે બધામાં સમભાવે જૂએ છે તેજ ખરેખર જૂએ છે, જે બધામાં એક સરખી રીતે પ્ર જૂએ છે તેજ ચક્ષુવાળો છે.

હવે સંસ્કૃત ગ્રંથના ભાષાન્તરની થોડીક પંક્તિઓ તમને વાંચી સંભળાવાશેઃ—

"હું અગ્નિ છું, હું યજ્ઞ છું, આ અનંત બ્રહ્માંડનો પિતા, માતા, પૂર્વજ અને પ્રભુ હું છું. જ્ઞાનનો અંત હું છું. તેજોમય જળનું શુદ્ધ સત્ત્વ હું છું. હું ૐ છું. હું ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદ છું. માર્ગ, પોષણકર્ત્તા, પ્રભુ, ન્યાયાધીશ, સાક્ષી, રહેવાનું સ્થળ, વિશ્રામસ્થાન, મિત્રો, જીવનનો નિર્ઝર અને સમુદ્ર, જેમાંથી બી અને બી વાવનાર ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે, જ્યાંથી અનંત પદાર્થો ઉત્પન્ન થાય છે તે હું છું. સૂર્યની ઉષ્મા મારી છે. સ્વર્ગીય વૃષ્ટિ વરસાવવી અને બંધ રાખવી એ મારા હાથમાં છે. હું મૃત્યુ છું; અને અમરત્વ પણ હું છું."

ગંગાનું મધુર સંગીત, હાલતાં વૃક્ષોનું મધુર ગાન, સમુદ્રના નાદનો પડઘો, ગાયોનું આરેડવું, ઓસનાં પ્રવાહી ટીપાં, ગર્જતાં વાદળાંનો ગંભીર નાદ, નાજુક પગનો ખડખડાટ, જનસમુદાયનું હાસ્ય, સૂર્યનાં સુવર્ણ રશ્મિ, શાન્ત તારાનો ચળકાટ, રૂપેરી ચંદ્રનો દૂર અને નજીક પ્રસરતો આછો પ્રકાશ, ચમકતી તરવારનો ચળકાટ, તેજસ્વી જવાહીરનું તેજ, અંધારી અને ધૂમ્મસવાળી રાત્રિમાં દીવાદાંડીના દીવાનો પ્રકાશ, ગુપ્ત ધન સંચય કરનારી પૃથ્વી અને સ્વર્ગનો અખૂટ ભંડાર, અનહદ નાદ, અનાદિ પ્રકાશ, અનાદિ અંધકાર, અનાદિ ગતિ, માનસ સૃષ્ટિથી પર વિચાર, આન્તર દૃષ્ટિ, મનોમય વૈખરી, ઇન્દ્રિયથી પર સબળ ગ્રહણ શક્તિ, એ બધું હું છું, હું છું, હું જ છું.

ૐ ૐ ૐ





१६—आत्मसाक्षात्कार संबंधी सूचना.

१

ઈશ્વરનું આપણે હવે એક બીજું વર્ણનાત્મક સ્વરૂપ જોઈએ. પુરાણનું આ એક સું વર્ણન છે. દૂધના એક અતિ વિશાળ મહાસાગરમાં—એ ક્ષીરસાગરની મધ્યમાં એક અ સુંદર રમણીય ચક્રાકાર સર્પની—શેષનાગની શય્યા બનેલી છે. છત્ર માટે એ શેષનાગની સહ ફેણ છે. આવા ક્ષીરસાગરમાં ઈશ્વરની એક સહચારિણી રમણી—લક્ષ્મીદેવીનો નિવાસ તેનું શરીર અતિ સુંદર, સુકુમાર અને દેદીપ્યમાન છે. અર્ધમિલિત નેત્રોથી તે તેના વિભુપ્ર નિરખે છે. તેના હોઠમાં મંદ મંદ હાસ્ય સ્ફૂરી રહ્યું છે. એ લક્ષ્મીદેવી વિષ્ણુ ભગવાન ચરણકમળ તળાંસી રહી છે. એ રમણીય મૂર્ત્તિ એક સુકોમળ વિશાળ કમળની પાંખડી વિરાજમાન છે. ત્યાં વિરાજતી એ પોતાના વલ્લભ વિષ્ણુ ભગવાનના ચરણની સેવા કરે પરસ્પર નેત્રવિહારમાં અન્યોન્ય દૃષ્ટિ સમ્મેલનની ક્રિડા જામી રહી છે.

આ દેવીનું ચિત્ર શું પ્રતિપાદન કરે છે ? એ દેવી—લક્ષ્મીજી સચ્ચિદાનંદની સંજ્ઞા મા છે. એ પ્રભુતા છે, જ્ઞાન છે, સુખ છે, આનંદ છે. એ સચ્ચિદાનંદ સ્વરૂપની શોભા છે વિજયશ્રી છે. એનો ભાવાર્થ એવો થાય છે કે મુક્ત પુરૂષ સાક્ષાત વિષ્ણુ નિરન્તર પોતાન વિજયશ્રી—શોભા—આત્માનંદ—લક્ષ્મીદેવી પ્રતિ અનિમિષ નિરખી રહ્યા છે. જગતનો તેમની દૃષ્ટિમ પ્રલય થયો હોય છે અને તેને તે પોતાનુંજ અસ્તિત્વ—છાયા માની નિજાનંદ અનુભવે છે મુક્ત અવસ્થાની એ પરાકાષ્ટા છે. સર્વ સંબંધ, સંસર્ગથી વિમુખ અને પર એ મુક્ત પુરૂષ આ જગતના વ્યવહાર કે વ્યાપાર સાથે કાંઇજ સંબંધ નથી.

સાગરની સંજ્ઞા અનન્તતા સૂચવે છે. વળી એ સાગરને ક્ષીરસાગર નામ એટલા માટે આપેલું છે કે દૂધમાં ત્રણ ગુણ રહેલા છે. (૧) પ્રકાશ, (૨) શ્વેતવર્ણ એટલે આનંદ અને (૩) બળવર્ધક પૌષ્ટિક ગુણ એટલે શક્તિ. આવી રીતે ક્ષીરસાગરની સંજ્ઞાથી પરમ પ્રકાશ અથવા જ્ઞાન, પરમાનંદ અને પરમશક્તિ, એમ સૂચન થાય છે. એ ક્ષીરસાગરમાં એ બન્નેનો નિવાસ છે. શેષનાગની સંજ્ઞા લેવાનું કારણ એ છે કે પ્રત્યેક પ્રાણીનું આયુષ્ય અતિ દીર્ઘ હોય છે. પ્રાણીના દેહનો નાશ થતાં એ આયુષરૂપી સર્પજ પાછળ અવશેષ રહે છે. શેષ એટલે અવશેષ રહેનાર તત્ત્વ; અને તેથીજ તે શેષનાગ કહેવાય છે. સર્પિણી સેંકડો ઈંડાં મૂકે છે અને એ સર્વને એક પછી એક ખાતી જાય છે; છતાં પણ તેમાંથી કોઇ કોઈ ઈંડું અવશ્ય બચી જાય છે. આવી રીતે અનન્તતાની સંજ્ઞાદર્શક "શેષ"ની શય્યાપર સચ્ચિદાનન્દરૂપી ક્ષીરસાગરમાં એ અજરામર પરમાત્માનો નિવાસ છે. બન્ને પોતાના આત્માનંદમાં સંપૂર્ણ નિમગ્ન અને સુખી છે. શાંત અને પરમ ગંભીર છે. ૐ.

'રામ' હવે એ અગત્યના વિષયપર તમારૂં ધ્યાન ખેંચે છે.

૧—ક્ષુદ્ર અહંકારનો ત્યાગ.
૨—આત્મભાવનાનો નિશ્ચય.

પહેલું:—વેદાન્તના દૃષ્ટિબિંદુથી જોતાં તો સંપૂર્ણ વિશ્રાંતિ, મુક્તિ, વિરામ અને સંન્યાસનેજ ક્ષુદ્ર અહંકારનો ત્યાગ કરે છે. જ્યારે જ્યારે તમને અવકાશ મળે ત્યારે ત્યારે ખુરશી પર કે અન્ય કોઈ આસનપર સ્થિર ચિત્તથી એવી શરીર છેજ નહિ અને એનો ભાર કે વેઠ તમારે ઉપાડવાનીજ નથી એવી ભાવના દૃઢ કરો. જગતના બીજા પદાર્થોની પેઠે એ પણ એક ભિન્ન પદાર્થ છે અને અન્ય પદાર્થોની પેઠે એ પણ તમારાથી દૂર છે એમ માનો. થોડીવાર શરીરને શબવત્ રાખી મૂકો. એ સમયે શરીર સંબંધી કોઈ પણ વિચાર મનમાં ન લાવો. શારીરિક મોહ અને દેહવાસનાનો ત્યાગ કરો. દેહ સંબંધી તમામ પ્રકારની ચિંતા અને આકાંક્ષાને દૂર કરો. આશા, લોભ કે મોહ વગેરેને નિર્મૂળ કરો. આવા પ્રકારની દૃઢ ભાવનાથી અવશ્યાનુ નામજ અહંકારનો ત્યાગ અને પૂર્ણ વિશ્રાંતિ છે.

બીજું:—ઈશ્વરત્વ. ઈશ્વરની ઈચ્છા એજ તમારી ઈચ્છા છે એમ માનો. સુખ-દુઃખના પ્રસંગોમાં પણ ઈશ્વરના હેતુનેજ તમારો હેતુ બનાવો. શરીર અને તેના સંબંધો, મન અને તેની વૃત્તિઓ, તેમજ લાભાલાભ કે જયાજયની શંકાથી પર રહો. તમે પોતેજ સર્વવ્યાપક સત્તા છો એમ અનુભવો. તમે સ્વયંપ્રકાશ સૂર્ય, કાર્યકારણથી રહિત, માયાથી પર, આ સમસ્ત ચમત્કારિક વિશ્વમંડળમાં એકમેવાદ્વિતીય, સચ્ચિદાનંદ સ્વરૂપ, મુક્ત 'રામ' છો. સ્વાભાવિક રીતે જે કોઈ ધ્વનિથી ગાઈ શકો એ ધ્વનિથી પ્રણવમંત્રની ધુન મચાવો. તમે પોતેજ સચ્ચિદાનંદ, આત્યંતિક સુખ છો એમ ભાવના કરો. આમ કરવાથી આધિવ્યાધિનાં કારણો સ્વતઃજ નિર્મૂળ થશે.

આ દૃશ્યમાન થતું જગત અને તેમાં આવી મળતા વસ્તુસ્થિતિના પ્રસંગો એ સર્વ તમારી ભાવનાને લીધેજ ઉત્પન્ન થએલા છે. માટે એ જગતનો ભાર હૃદયપરથી ઉતારી નાખો. જગત, સમાજ, સમાજના અભિપ્રાય અને મતમતાંતર એ સર્વ તમારા માની લીધેલા વિચાર કે કલ્પનામાત્રજ છે; એ પરમ સત્યનું મનન કર્યા કરો. તમેજ તે પરમશક્તિ છો. આ જગત તે. તમારો નિશ્વાસ માત્ર છે-માત્ર તમારો પડછાયો છે; છતા તમે તમારા સમીપસ્થ અંતરાત્માપર શ્રદ્ધા ન રાખતા બહારના એ અસ્થિર ચિત્તવાળા જનસમૂહના અભિપ્રાયપર વિશ્વાસ રાખો છો; એ સમાજથી ભય પામી, તેમના ઉતાવળીઆ ન્યાયપર નમ્રતા અને વિવેક દર્શાવી તેને માન આપી, તમારૂં જીવન એવું તો કંગાલ બનાવો છો કે જેથી તમારા જીવનનો પરમ ઉદ્દેશ તમે પાર પાડી શકતા નથી! 'રામ' કહે છે કે જગતના અભિપ્રાયપર લક્ષ ન આપતાં તમે તમારી સ્વમતિ અનુસાર વર્તન રાખો; સ્વતંત્ર બનો; એ એકમેવાદ્વિતીય, પરમપ્રિયતમ, સચ્ચિદાનંદ, અંતર્યામી, વિભુ, આત્મદેવનેજ સંતોષવા પ્રયત્ન કરો. આ અનેક મનુષ્યોને, અને નાનાવિધ મતિના જનસમૂહને તમે કોઇ પણ રીતે સંતોષ આપી શકશો નહિ. એ વિલક્ષણ વૃત્તિવાળા સમાજના તમે કોઇ પણ રીતે જરાએ ઋણમાં નથી. તમારે અને સમાજને શું લેવાદેવા છે? તમારે તેમનું કયું દેવું પતાવવાનું છે? કંઈ નહિ; જરાએ નહિ.

તમે પોતેજ તમારા પ્રારબ્ધને ઉત્પન્ન કરનાર છો, તમામ આનંદના તમે પોતેજ ભોક્તા છો, એવા ભાવપૂર્વક પ્રણવધ્વનિ વખતે તમારી આસપાસ બીજું કોઇ છેજ નહિ એમ મનોવૃત્તિ દૃઢ કરો. જ્યારે એ આનંદથી તમે પોતે એટલે તમારો પોતાનો આત્મા

સંતુષ્ટ-તૃપ્ત થશો, ત્યારે સમાજ અને સમસ્ત જગત પણ અવશ્યજ સંતોષ પામશે. એ એક મહા નિયમ છે. બીજાઓને માટેજ તમારે અમાનુષી જીવન જીવવાની શું આવશ્યકતા છે ?

એક રાજકુમાર બીજાં છોકરાંઓની સાથે સંતાકુકડીની રમત રમતો હતો, સંતાએલાં છોકરાંને શોધી કાઢવામાં તેને બહુ મહેનત અને દોડધામ કરવી પડતી હતી. એ જોઈને એ રમત જોનારાએ કહ્યું: " અરે ! તું તો રાજકુમાર છે. કેવળ હુકમથીજ તું ધારે તો સૌ છોકરાંને એકઠાં કરી શકે તેમ છે, તોપછી આમ દોડી દોડીને હેરાન શા માટે થાય છે ! " એ પ્રશ્નનો ઉત્તર અહીં એટલોજ આપી શકાય કે એમ કરવાથી રમતમાં જરાએ મઝા રહે નહિ, રમવામાં કશીએ ગમ્મત પડે નહિ. 'રામ'ની દૃષ્ટિમાં તમે પણ એવીજ રીતે પરમસત્તાધીશ, સર્વવ્યાપક અને સર્વજ્ઞ છો. પરન્તુ તમે આ અનેક પ્રકારની વિચારરૂપી રમત માંડી છે; અને તાનમય વિષયોની જંજાળ ફેલાવી છે. તમે આ જગતરૂપી જંજાળને સંતાકુકડીની રમત બનાવી છે તેથીજ એ વિવિધ વિચારમાળાનો ત્યાગ કરીને એ સર્વ રમતને બંધ કરવાનું તમને ગમતું નથી. પરંતુ હે શાણા સજ્જનો ! જે દશાને પ્રાપ્ત કરવાથી આ વિશ્વમંડળ ભૂત, ભવિષ્ય અને વર્તમાન તમારું બને છે; આ સૂર્યમાળા ને તારકગણ તમારુંજ આત્મરૂપ પ્રતીત થાય છે; અને સર્વ દૃશ્ય પદાર્થો આત્મોદધિના ભરતીઓટ સમાનજ માલૂમ પડે છે; તો પછી તમારે કાયદાની પરીક્ષા પાસ કરવાની કે સાંસારિક ઉન્નતિની શી પરવા છે ? જો તમારે દિવ્ય દશા જોઈતી હોય તો ઇંદ્રિયોમાં જે સુખ શોધો છો તે સુખની વાસનાથી તમારે પર થવું જોઈએ.

એક ઠેકાણે માછલીઓ પકડવાને માટે એક જણે જાળ નાંખી હતી તેમાં એક એવી તો જબરજસ્ત માછલી આવી કે જે એ જાળનેજ ખેંચીને લઈ ગઈ. ઈશ્વરે કેમ વર્તન રાખવું જોઈએ એવો ઉપદેશ આપવાની આવશ્યકતા નથી. એ તમારું કામજ નથી. ક્ષુદ્ર અહંકારનો ત્યાગ કરી મિથ્યા વાસનાઓના ટુકડા કરી સર્વ એ પ્રભુનેજ અર્પણ કરો, પરમાત્મામાં સ્વાર્પણ કરો. આમ કરવાથીજ મન અને શરીર જ્ઞાનમય પ્રકાશથી તેજોમય તથા પરમ પ્રભુની દીપ્તિમાન મૂર્તિ બનશે.

પ્રત્યેક પ્રકારનું જ્ઞાન અને કેળવણી અંતરમાં ઉદ્ભવે છે. માત્ર બાહ્ય સાધનોથી કશુંજ પ્રાપ્ત થતું નથી. જગતના બુદ્ધિમાન પુરુષો, અદ્ભુત શોધકો અને નિપુણ તત્ત્વવેત્તાઓ પણ જ્યારે સ્વાર્થ દૃષ્ટિમાંથી મુક્ત થઈ વ્યક્તિગત અને મનોગત ભાવનામાંથી વિમુખ રહી, ઇંદ્રિય સુખની આશા તૃષ્ણાઓને દૂર ફેંકી વિચાર સૃષ્ટિમાં ઓતપ્રોત થયા હતા ત્યારેજ તેઓ અદ્ભુત શોધોનો ભંડાર પામી શક્યા હતા. માત્ર હૃદયરૂપ ઝરણામાંથીજ તેઓને અતિ અલૌકિક રીતે જ્ઞાન પ્રકાશ મળ્યો. પુસ્તકો અને પુસ્તકશાળાઓમાં તેઓ જ્ઞાન શોધતા; તેમ નથી જ્ઞાનપુંજનો ભંડાર પુરતો હતો. પુસ્તકો કે પુસ્તકશાળાઓમાંથી તેમને કશુંએ મળ્યું નહોતું. આનું નામ તે કાર્ય કહેવાય. એજ પરમ ધર્મરૂપી કર્મ કહેવાય. 'રામ' કહે છે કે વૉ કલેશી મજૂરીનું નામ કર્મ નથી. એ તો મિથ્યા મહેનત છે.

વિદ્યાર્થીની સાથે એકાન્તમાં રહેવું અને અનન્ત વિશ્વની સાથે એકરૂપ અનુભવથી એનેજ વેદાન્તમાં કર્મ કહે છે. વેદાન્તની દૃષ્ટિમાં તો પરમ તત્ત્વ સાથે નિઃસ્વાર્થ અને અનુભવે [illegible] પરમ કર્મ છે [illegible] તેનાજ મૂર્ત છે. એ મહાન [illegible] કરીને [illegible] કે વિશ્વ [illegible] " [illegible] " એ આત્માનંદ [illegible]

ભ્યાસ કરો. વળી વેદાન્ત પ્રમાણે જગતનું કોઇ પણ કાર્ય વેઠ કે ભારરૂપ નથી. એક દૃષ્ટિ-બિન્દુથી જેને અતિ ઉચ્ચતમ કાર્ય કહીએ છીએ એનેજ વેદાન્તની દૃષ્ટિમાં નિષ્ક્રિયતા ગણ-માં આવે છે.

હિંદુઓનાં પુરાણોમાં એટલે કે કથાવિભાગમાં ઈશ્વરનાં બે સ્વરૂપો પ્રસિદ્ધ છે. દરેક ર્મમાં મુખ્યત્વે ત્રણ વિભાગ હોય છે. જ્ઞાન વિભાગ, કર્મ વિભાગ અને પુરાણ એટલે કથા વિભાગ. તત્વજ્ઞાન ઉચ્ચ કોટિના મનુષ્યોને માટે છે; કર્મકાંડ સાધારણ સમાજને માટે છે; અને મધ્યકોટિ, બાળકો અથવા અન્ય અધિકારીઓ માટે પુરાણ વિભાગ છે. એ ત્રણે વિભાગ અન્યોન્ય સંકલિત હોઇને એનો પરસ્પર સંબંધ અત્યંત આવશ્યક છે. ધર્મમાં એ ત્રણમાંના એકમાં પણ ન્યૂનતા રહે તે ધર્મ સંપૂર્ણ અને સંસ્કૃત કહેવાય હિ. એ ત્રણે વિભાગની એકતા અને સમાનતાને લીધેજ હિંદુધર્મ સનાતન ધર્મ કહેવાય , અને ૨૦ કરોડ લોકો એ ધર્મના અનુયાયી છે. જે ધર્મમાં આમાંનો એક પણ વિભાગ ન હોય તે ધર્મ ધર્મજ કહેવાય નહિ. હિંદુ ધર્મના પુરાણ-શાસ્ત્રમાંથી ' રામ ' તમને પ્રભુતાના સ્વરૂપનું એકજ વર્ણન કરી બતાવશે. એ વર્ણન નિરંતર મનમાં ચિરસ્થાયી રાખવાનું છે.

હિંદુ શાસ્ત્રોમાં ઈશ્વરનાં બે સ્વરૂપોનું વર્ણન કરેલું છે. તેમાંનું એક હિમાલયનાં ઉન્નત, રમણિય શિખરોપર, ધવલ, ગંભીર, ભવ્ય, સુંદર, ધુવામસ્ત, વિજયશાલી, ધ્યાનસ્થ, બહારના વિશ્વથી વિરક્ત, એવા અજ્ઞાનના સંહારક શિવનું મંગલ સ્વરૂપ છે. એ સમાધિનુંજ સ્વરૂપ છે. સર્વ પ્રકારની ચિન્તા અને ઉપાધિથી અતીત અવસ્થામાં એ ઉન્મત્ત રહે છે. એમની દૃષ્ટિમાં જગતનું અસ્તિત્વજ હોતું નથી. ઈશ્વરનું આ એક મૂર્તિમાન સ્વરૂપ છે, એ મૂર્ત્તિમાન સ્વરૂપ ધ્યાનની પ્રતિમા છે. એ મુક્ત-શાંત પ્રભુ છે. ધવલ વર્ણ એ હિમાલયની સંજ્ઞા છે; અને ત્યાં મન નિરન્તર અનંત શાન્તિમાં નિમગ્ન રહે છે.

એ પ્રભુમૂર્ત્તિના સામીપ્યમાં એની દિવ્ય સહચારિણી, સર્વાંગે સુવર્ણમય કાંતિમતી, પાર્વતી બિરાજે છે. એ પાર્વતી શિવજીના વામ ઉરૂસ્તંભપર બેઠાં બેઠાં અનેક લતાઓનો રસ કહાડીને પ્રિયતમ પરમાત્માને તેનું પાન કરાવી ઉન્મત્ત રાખે છે. શિવજીની આંખ ઉઘડતાંજ પાર્વતી, તૈયાર રાખેલું માદક રસનું પાત્ર તેમના મુખ આગળ ધરે છે; અને એવી જાગ્રત થએલી સ્થિતિમાંથી પાછા પુનઃ એ સચ્ચિદાનંદ, જ્ઞાનમય આત્માનંદનો ઉન્માદ ભોગવવા સમાધિ-ગ્રસ્ત થાય છે. કોઇ કોઇવાર એ ઉન્મત્ત સ્થિતિમાં ધર્મના નાનાવિધ પ્રશ્નો તે તેને પૂછે છે; અને એ પ્રશ્નોનાં ગૂઢ રહસ્યો, સમસ્ત વિશ્વના કલ્યાણ માટે શિવજી તેને સમજાવે છે. પુરાણોનો ઘણો ખરો કથા વિભાગ આમ બનેલો કહેવાય છે.

પાર્વતી એ એક મહાન રાજાધિરાજની પુત્રી છે, છતાં પતિની સાથે અભેદાનંદ અનુભવવા તેણે પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું છે. એ ઈશ્વર તે મંગલમય, અજ્ઞાનતિમિરના સંહારકર શિવજી છે, અને દેવી તે ગિરિજા છે.

ꣻ ꣻ ꣻ

(૨)

તમારી શારીરિક અને માનસિક શક્તિઓને તમારા જીવનની આવશ્યકતાઓ હમેશાં

ખેંચતાણમાં અને પરિશ્રમમાં રાખે છે, પરંતુ તમારી પરિસ્થિતિની અસર તમારા ઉ આમ નિત્ય નિરંતર પડવા દેશો તો તમે પોતેજ તમારે માટે કબર બનાવશો. મતલબ મૃત્યુનેજ આવાહન કરો છો.

તેને દૂર કરવા માટે અથવા તો એમાંથી વિશ્રાંતિ લેવા માટે કાર્યમાંથી વિમુખ રહેવું તેનો ત્યાગ કરવાની ભલામણ 'રામ' તમને કરતો નથી. 'રામ' એવી સલાહ કદિ ન નહિ. પરંતુ એ અવિરત-દુઃસહ પરિશ્રમમાંથી મુક્ત અને વિશ્રાંત રહી શકવાના સ્વસ્થ અભ્યાસ પાડવાની અતિ ઉપયોગી સૂચના 'રામ' તમને શીખવે છે. એ સૂચના તે વે વિધાનો **સંન્યાસ** છે. તમારે અહર્નિશ સંન્યાસની ભાવનામાં નિમગ્ન રહેતાં શીખવું જો એ ઉત્કૃષ્ટ ભાવનામાં દઢતાપૂર્વક નિમગ્ન રહેવાથી અને તમારા સન્મુખ જે નિયત કર્મ પડે તેમાં સંપૂર્ણપણે એકતા અનુભવી દેહાધ્યાસને ભૂલી જવાથી, તમને કદિ કોઈ પણ જ પરિશ્રમ લાગશે જ નહિ. તમે પોતેજ એ કાર્યરૂપ બની જશો.

જરા વધારે વિવેચન કરીએ. તમે જ્યારે કામમાં હો અને તેમાંથી ક્ષણ બે ક્ષણનો અવકાશ મળતો હોય તે સમયે શરીર છે જ નહિ અને છે તોપણ તમારે તેની સાથે લે માત્ર પણ સંબંધ નથી એવી ભાવના અંતરમાં દૃઢ કરતા રહો. તમે તો સાક્ષી માત્ર કાર્યના ફળ સાથે કે પરિસ્થિતિ સાથે તમારે જરાએ લેવાદેવા નથી. આ ભાવનાનું મનન કરતાં તે સમયે નેત્રોને બંધ રાખજો; અવયવોને પૂર્ણ શિથિલ કરજો; શરીરનું અસ્તિત્વજ નથી એ માનજો; કોઈ પણ જાતના વિચારને મનમાં સ્થાન ન આપતાં શરીર અને મનને સંપૂર્ણ સ્વસ્થ રાખજો. શિરપરથી કામનો ભાર જેટલા પ્રમાણમાં ઓછો માનવામાં તમે વિજયી થ જશો તેટલા પ્રમાણમાં તમે અધિકાધિક શક્તિ અનુભવતા જશો.

શરીરની શક્તિને મજ્જાતંતુથી પોષણ મળે છે અને વિચારને પણ એ મજ્જાતંતુઓનું અવલંબન છે. વળી પચનક્રિયા, રક્તવહન ક્રિયા, કેશવર્ધન ક્રિયા અને સર્વ પ્રકારની શારીરિક ક્રિયાઓનો આધાર પણ મજ્જાતંતુઓપરજ રહેલો છે. જ્યારે તમારા વિચારમાં ભ્રમણા માલૂમ પડે અને એવા ભ્રમિત વિચારોથી જ્યારે ચિત્તમાં વિક્ષેપ ઉત્પન્ન થાય ત્યારે પરિણામે મજ્જાતંતુ અતિશય ભ્રમિત બની જાય છે. આવી રીતે અવિરત વિચારભ્રમણાના રૂપમાં મજ્જાતંતુનું કાર્ય જેટલું લાભકારક છે તેટલુંજ હાનિકારક છે; અને તેથીજ શરીરના મર્મભાગો નિર્બળ બની જાય છે. એક ઘોડાપર બે મોટાં ભારનાં પોટલાં લટકાવ્યા જેવું તે છે. એક પોટલામાં ભાર વધારે હોય તો બીજા પોટલામાંથી પણ વજન ઓછું કરવુંજ પડશે; અને તેમ કર્યું એટલે પછી ઘોડો માલને નુકસાન કર્યા વિના પૂરવેગમાં ચાલવા માંડશે. એજ પ્રમાણે જો તમે પણ તમારી શક્તિ નિભાવી રાખવા ધારતા હો, તમારૂં આરોગ્ય સંભાળી રાખવા ઇચ્છતા હો અને મજ્જાતંતુરૂપી અશ્વપર લાદેલો જીવનભાર હલકો કરવા ધારતા હો; તો વિચારભ્રમણાનો ભાર તમારે ઓછો કરવોજ જોઇએ. **ભ્રાંતિજનક વિચારો અને કલેશોત્પાદક તરંગોને તમારો જીવનરસ ચૂસી જવા દેશો નહિ.** મનને અહર્નિશ વિશુદ્ધ રાખવું, આનંદમાં નિમગ્ન રહેવું, ચિત્તમાં સ્થિરતા અને શાન્તિ અનુભવવાં તથા કોઇ પણ પ્રકારની ચિન્તા કે ઉપાધિને અંતઃકરણમાં સ્થાન ન આપવું, એજ સંપૂર્ણ આરોગ્ય અને સોત્સાહ કર્મપરાયણતા ભોગવવાનું પરમ ગૂઢ રહસ્ય છે:

આવી રીતે આત્મામાં-ઈશ્વરમાં નિરંતર નિમગ્ન રહી, ઈશ્વરી ભાવનાને મનમાં દૃઢ રાખી સર્વ પ્રકારની આધિ, ઉપાધિ, ચિન્તા, ક્લેશ, ચપળતા અને વિક્ષેપ દૂર કરવાં એજ વેદાન્તનો સંન્યાસ અને ત્યાગ છે. તમારા શિરપર કોઈ પણ જાતનું કર્ત્તવ્ય-ફરજ નથી; તમે કોઈના જવાબદાર નથી. તમારે કોઈના ઋણમાંથી મુક્ત થવાનું નથી. સમસ્ત વિશ્વમાં માત્ર તમે એકજ વ્યક્તિરૂપે જીવંત છો એમ પ્રતિપાદન કર્યા કરો. વેદાન્તનું એજ શિક્ષણ છે. સમાજ, આચાર, વિચાર, સ્મૃતિ અને તેનો નિયમધર્મ, જગતના લોકોની ટીકા, સમાજના અભિપ્રાય કે મતમતાંતર તમારા સચ્ચિદાનંદ સ્વરૂપને લેશ માત્ર પણ બાધ કે સ્પર્શ કરી શકનાર નથી. આ ભાવના દૃઢ કરો; ચિન્તાને દૂર કરો; ત્યાગ-સંન્યાસ વૃત્તિમાં ઉન્મત્ત બનો; પ્રણવના ઉચ્ચારમાં-ૐ ના ધ્વનિમાં એનું રહસ્ય ઉતારો અને વિશ્રાંતિ લેતા હો તે સમયે પ્રણવજપ કર્યા કરો.

ૐ ૐ ૐ





१७–गृहस्थाश्रम अने आत्मसाक्षात्कार.*

વેદાન્તના શિક્ષણ સંબંધે 'રામ'ની પાસે કેટલાએક આક્ષેપ આવેલા છે. એક તો કોઇએ એમ કહ્યું કે હિંદુઓનું આવું તત્ત્વજ્ઞાનજ હિંદુસ્તાનની રાજકીય અધો[illegible] મૂળ કારણ હોવું જોઇએ. વળી બીજા કોઇએ એવી શંકા કરી છે કે જો હિંદુસ્તાનનું [illegible] જ્ઞાન, ધર્મરહસ્ય અને વેદાન્ત સમસ્ત જગતના ધર્મો કરતાં ઉચ્ચગ્રાહી અને ઉન્નત છે તો [illegible] ખુદ હિંદુસ્તાનમાંજ આટલો બધો અંધકાર અને અજ્ઞાન શા માટે છે? વળી બીજી [illegible] ધર્મ માનતી પ્રજાઓ પ્રગતિમાં શા માટે છે?

અત્યારે એ પ્રશ્નોને હાથમાં લઇએ તો ધારેલો વિષય રહી જાય. એ પ્રશ્નોનો વિચાર [illegible] પ્રસંગે કરવામાં આવશે. જ્યારે એ પ્રશ્નોનું સમાધાન થશે ત્યારે જે લોકો વેદાન્તને [illegible] સ્તાનની અધોગતિનું કારણ સમજે છે તેઓ ખરેખર વિસ્મય પામશે. જે કોઇએ વેદા[illegible] શિક્ષણ લીધું છે તેઓને અધીરા બની ઉતાવળીઆ અભિપ્રાય ન બાંધવાની અને ધૈર્ય [illegible] વ્યાખ્યાનને અંત સુધી સાંભળવાની 'રામ' પ્રાર્થના કરે છે.

મુસલમાન લોકોના ધર્મપુસ્તક કુરાનમાં એક ફકરો છે કે, **"અસત્ય વદો, દુ[illegible] આચરો, મદ્યપાન કરો, વ્યભિચારી બનો; એટલે તમે પોતેજ તમારો વિના[illegible] કરશો, તમેજ તમારા સંહારક બનશો."**

એક મુસલમાન ગૃહસ્થ અત્યંત મદ્યપાન કરતો હતો તેમજ વિષયભોગમાં અંધ બની [illegible]તર શારીરિક સુખના મોહમાંજ આનંદ માનતો હતો. એક ફકીરે તેને કહ્યું કે "ભાઈ! આ [illegible] શું કરે છે? આથી તો તું પેગમ્બર સાહેબનું ફરમાન તોડે છે." પણ એ દારૂડીએ તો એ ફકર[illegible] અર્ધો ભાગ એકદમ કહી સંભળાવ્યો. તેણે કહ્યું: કુરાનેશરીફમાં લખેલું છે કે "મદ્ય પીઓ[illegible] વ્યભિચાર કરો. ઇત્યાદિ." તેણે કહ્યું કે "આપણા કુરાનેશરીફનાજ આ શબ્દો છે; [illegible] પછી તેમાં પાપ શાનું?"

ત્યારે ફકીરે કહ્યું: "ભાઇ, તું આ શું જુલમ કરે છે? તું એના પછીનો ભાગ તો વાંચી જો[illegible] આગળ તો એમ લખેલું છે કે "એમ કરશો તો તમેજ તમારા સંહારક બનશો." દારૂડીઆએ ક[illegible] "એનું વાંચવાની શી આવશ્યકતા છે?" કુરાનેશરીફનો અમારે આધાર સમજીને તે પ્રમાણે વર્ત[illegible] હમે એટલે તો દુનિઆમાં કોઇ પણ માણસ છેજ નહિ. માટે મારે તો અર્ધું વાંચવુંજ બસ છે. આખું [illegible] કોણ વાંચવાને સમજવા જાય? અર્ધો ભાગ એક માણસ સમજે તો અર્ધો ભાગ વળી બીજો [illegible] સમજે ને પાળે.

---

* [illegible] ૨૮–૧૨–૧૯૦૨ને રોજ આપેલું વ્યાખ્યાન. આ વિષયનું મથાળું અંગ્રેજીમાં–Problem of [illegible]. [illegible] ઘણી નોંધ લેવું છે [illegible] વ્યાખ્યાનનો વિષય [illegible], [illegible] [illegible] [illegible] હોવું [illegible] છે; [illegible] [illegible] [illegible].

[illegible]

'રામ' પણ તમને એમજ કહે છે કે એ દારૂડીઆ મુસલમાનની તર્કશક્તિ અથવા તત્ત્વજ્ઞાનનો ઉપયોગ તમે કરશો નહિ. આખું વાક્ય વાંચવું જોઇએ. બન્ને બાજુ તપાસવી જોઇએ. એમ કર્યા પછીજ આપણે આખરના નિર્ણયપર આવી શકીએ. તે વિના સાચો અભિપ્રાય બાંધી શકાયજ નહિ.

'રામ' ની પાસે એકવાર એક સુવર્ણનું ઘડીઆળ હતું. એ ઘડીઆળના છેડાએ એક ધ્રુવ કાંટો લટકાવેલો હતો. ખરૂં જોતાં તો એ નાનું નકલી ઘડીઆળજ હતું. તે ચાલતું નહોતું પણ તેના કાંટા અમુક રીતે રાખવાથી તેમાં હમેશાં એક વાગતો હતો. કદિ બે ત્રણ કે ચાર વાગતાજ નહોતા. તમે પણ તેવાજ એક અદ્વિતીય-આબાધિત છો. સ્થળ, કાળ અને કારણથી અતીત-પર રહો. તે તમારાપર સામ્રાજ્ય કર્તા નથી પણ તમેજ તેનાપર શાસન ચલાવનારા હો. તે સર્વ તમારા મનોભાવના સેવક છે. બે, ત્રણ કે ચાર એ સર્વ અસત્ય છે, અને એ એક અદ્વૈત તો સ્થળ-કાળથી મુક્ત છે.

પ્રશ્ન:—ગૃહસ્થાશ્રમમાં આત્મસાક્ષાત્કાર થઇ શકે?

ઉત્તર:—આ પ્રશ્નનો ઉત્તર હમણાં ન આપતાં હાથમાં લીધેલો વિષય પૂરો કરવાની સૂચનાના ઉત્તરમાં એટલુંજ કહેવાનું છે કે પ્રત્યેક વિષય 'રામ'ને તો સમાન છે. આ વિષયને પણ જો પૂરેપૂરી રીતે તપાસીએ તો તે પણ તમને અત્યંત લાભકારકજ નિવડશે. ઉત્તર સાંભળતાં તમે અત્યંત વિસ્મય પામશો. માટે તમારે તે સાંભળવોજ જોઇએ. કદાચિત્ આ દેશના વિચારો તેની વિરૂદ્ધમાં જશે, છતાં 'રામ'ને તેની પરવા નથી. 'રામ' તો તમને-તમારા મૂળ સ્વરૂપનેજ માન આપે છે.

આ પ્રશ્નનો ઉત્તર વેદાન્ત એમ આપે છે કે, "હા, ખરેખર ઔષધી આજારીનેજ આપવામાં આવે છે; નિરોગીને નહિ." જેઓ સંસારમાં આસક્ત છે અને ત્રિવિધ તાપથી પીડિત થએલા છે, તેઓને એ શિક્ષણની વિશેષ આવશ્યકતા છે. સદ્ધર્મથી આચરણ કરનાર ગૃહસ્થને જેટલી સુગમતાથી આત્મસાક્ષાત્કાર થઈ શકે છે; તેટલી સુગમતાથી અવિવાહિત પુરૂષને થઇ શકતો નથી. પણ વિવાહિત પુરૂષે સદાચારપૂર્વક ગૃહસ્થાશ્રમ ચલાવવો જોઇએ. અનાચારથી રહેતાં ઈશ્વરદર્શનની વાત તો બાજુપર રહી, પણ ઉલટી અધોગતિજ થાય છે. પતિ-પત્નીના વાસ્તવિક સંબંધના અજ્ઞાનને લીધેજ ગૃહસ્થાશ્રમમાં દુઃખ અને ઉપાધિ આવી પડે છે. આવા અતિ ઉપયોગી અને નિકટવર્તી વિષયને શા માટે છોડી દેવો જોઇએ? આ પ્રશ્નના લગ્નવિષયક વિભાગને આપણે અત્યારે નહિ છેડીએ. એ મહાન વિષય છે તેથી કોઇ અન્ય સમયે તેનાપર વ્યાખ્યાન અપાશે.

'રામ' પોતાના લગ્ન પછી બે વર્ષ સુધી બ્રહ્મચારી રહ્યો હતો. આ કંઈ કહેવા માત્ર નથી, પણ ખરી બનેલી બીના છે.

લગ્ન જરાએ હાનિકારક નથી, પણ વિવાહિત અવસ્થામાં જે કેટલાંએક દૂષણોને સ્થાન આપવામાં આવે છે એજ નુકસાનકારક છે. ચિન્તા, સાંસારિક પદાર્થોમાં આસક્તિ, નામરૂપમાં મોહ, "હું આ શરીર છું, તે મારૂં સહચારી પાત્ર પણ દેહમાત્ર છે." એ વિચારનું દૃઢીકરણ, માલમિલ્કત સંબંધી આશાતૃષ્ણા, એ સર્વ કારણોજ અધોગતિનાં મૂળતત્ત્વો છે. જો લગ્ન સંબંધ અને ગૃહસ્થાશ્રમનું આવા પ્રકારનું પાલન થતું હોય તો વિવાહિત મનુષ્ય એવી સ્થિતિમાં કદિ પણ આત્મસાક્ષાત્કાર કરી શકે નહિ.

*પેનીલોપી એટલે કે વીંટીને પાછું ઉકેલતા રહેવાનું કામ કેવી રીતે પૂરૂં થાય? જે માણસ -કરેલા ધર્મનો અધર્માચરણથી વિનાશ કરે એની પ્રગતિ કેવી રીતે થાય ? વેદાંત નિર્ભય કહે છે કે અતિ અધમ અને પાપમિશ્રિત અર્થમાં મોહરૂપે વપરાતા પ્રેમની ભાવના તેમજ દેહાધ્યાસથી પર બનીને અતિ ઉન્નત અને વિશુદ્ધ પ્રેમમાં પ્રજ્વલિત બનવું જોઇ અદ્ભુત શક્તિથી પ્રોત્સાહિત બનવું જોઇએ. એનું નામજ કાંતવું કહેવાય. સ્ત્રી કે પુરૂષમાં સ્વરૂપનું દર્શન કરવાર્થીજ અધોગતિ થાય છે. લગ્નની ભાવના તો કાંઈ જૂદીજ છે. વેદાન્ત શિક્ષણ એટલા માટેજ આવશ્યક છે. તમારે એ શિક્ષણનું રહસ્ય સમજવું જોઇએ. એ સમજ લગ્નને પણ તમે તમારી ઉન્નતિનું સાધન બનાવી શકશો. તે તમને એક અદ્વિતિય-મહ સહાયરૂપ થઇ પડશે. જે અત્યારે સ્ખલનનું કારણ છે તેજ ઉન્નતિનું સાધન બની જશે. પ જો એ લગ્નવડે કામવિકારનું દાસત્વજ સ્વીકારતા જતા હો અને કામવાસનામાંજ સંતોષ તૃપ્તિ અનુભવતા હો, તો માનજો કે એ દાસત્વ-ગુલામગિરીના તમે વધુ ને વધુ ગુલામ બન જાઓ છો અને નીચે અને નીચે પડતા જાઓ છો.

સ્ત્રી તો નરકનું દ્વાર છે એમ કહીને જેઓ સર્વાંશે તેની વિરૂદ્ધ બોલે છે તેમાં 'રામ' સંમ નથી. માર્ગમાં ચાલતા એક મનુષ્યે પોતાના ગજવામાંથી દારૂની શીશી બહાર કહાડી કે સાધુને પૂછ્યું કે "કેદખાનાનો રસ્તો કઈ તરફ છે? મારે ત્યાં જવું છે." સાધુએ પોતા હાથની લાકડીવતી એ શીશી બતાવીને કહ્યું: "ભાઈ એજ; આ દારૂજ ત્યાં જવાનો ટૂં માર્ગ છે."

સ્ત્રીના સંબંધમાં પણ મહાત્માઓએ આવુંજ કહ્યું છે. અલબત્ત, અર્વાચીન લગ્નવ્યવસ્થ અને ગૃહસ્થાશ્રમ તો કારાગૃહજ છે-નરકનુંજ દ્વારજ છે. પુરૂષ અને સ્ત્રી ખરેખર જો અન્યોન્ ન્યની અધોગતિનાંજ કારણ હોય તો જે ઈશ્વરે બાયબલ લખ્યું તેજ ઈશ્વર પુરૂષમાં સ્ત્રી સહ વાસની અને સ્ત્રીમાં પુરૂષ સહવાસની ઇચ્છાજ શા માટે ઉત્પન્ન કરે? આ એક વિરોધાભાસ છે પરન્તુ આમાં ગૂઢ રહસ્ય સમાએલું છે. માત્ર **અજ્ઞાનને લીધેજ એ ગૃહસ્થાશ્રમ નરક નિવાસ બને છે. ગૃહસ્થાશ્રમ કે લગ્ન નહિ કિન્તુ એ અજ્ઞાનજ નિન્દનીય છે.** એ અજ્ઞાન કેમ દૂર કરવું એજ માત્ર પ્રશ્ન છે. દૃષ્ટાંત તરિકે આ એક મીંડું છે. તેને જો દર્શાંશ ચિહ્નની જમણી બાજુએ મૂકીએ તો કિંમત ઘટે છે અને ડાબી બાજુએ મૂકીએ તો વધે છે. આમાં એ મીંડાની તો જરાએ કિંમત નથી, પણ તેને ડાબા જમણા મૂકવામાં એટલે કે તેની સ્થિતિ અને સંબંધ ગોઠવણમાં તેની કિંમત રહેલી છે. એવીજ રીતે અહીં પણ તમારી સ્થિતિમાં થીજ તમારા સંબંધનો નિર્ણય કરી શકાય છે; માત્ર તમારૂં વલણ અને વૃત્તિજ તપાસવાં જોઇએ.

પુરૂષને પોતાને સ્ત્રી સહવાસમાં કેમ આનંદ પ્રાપ્ત થાય છે? આ પ્રશ્નનું સમાધાન કરવું જોઇએ. નહિ તો શંકાઓ અને મુશ્કેલીઓ દૂર નહિ થાય. એ સહવાસમાં જે આનંદ મળે છે

* ગ્રીક કવિ હોમરના "ઓડેસી" નામના ગ્રંથમાંના વીરનર યુલીસીઝની એ પત્ની હતી. પોતાના પતિની લાંબા સમયની ગેરહાજરીમાં બીજા અનેક આશકો તેના હાથની માગણી કરી તેને તંગ કરતા હતા. આ એ ચતુર સ્ત્રી તે સર્વેને અતિ અદ્ભુત રીતે છેતરી પતિવ્રતા રહી હતી. પોતાના સસરાની [illegible] માટે તેણે એક મોટું બનાવવાનું સૂતર કાંતવું શરૂ કર્યું હતું. પોતાના દરેક આશકને તે કહેતી હતી કે આ કાપડ પૂરું થશે કે હું તમારી સાથે પરણીશ. પરંતુ એમાં યુક્તિ એ હતી કે દિવસે કાંતેલા સૂતરનું કોકડું તે રાત્રિએ ઉકેલી નાંખતી; અને એવી રીતે પતિની લાંબા સમયની ગેરહાજરીમાં આશકોની [illegible] ને [illegible] રહી હતી.

તેજ પુરૂષોને ગુલામ બનાવે છે. ટ્રોયનું યુદ્ધ તેનું પ્રત્યક્ષ દૃષ્ટાંત છે. એક કન્યા વીરાંગના બને છે અને બીજી નથી બનતી તેનું એજ કારણ છે. સ્ત્રીમાંથી એટલે કે સ્ત્રીના શરીરમાંથી જે આનંદ પ્રાપ્ત થાય છે એમ કહેવું તે તદ્દન અવાસ્તવિક છે. આ ભ્રમણાનો આપણે નિશ્ચર કરવો જોઇએ. સ્ત્રીમાં કે સ્ત્રીના શરીરમાં જરાએ આનંદ નથી.

પ્રેમપાત્રમાં-પદાર્થમાં કોઈ પણ જાતનો આનંદ નથી. જ્યારે પ્રેમપાત્રમાં આનંદ નથી તો પછી પતિ કે પત્ની આપોઆપ અંત સુધી સુખનું સાધન કેવી રીતે બની રહેશે ? એમ સમજ્યા પછી તમારી કેવા પ્રકારની સ્થિતિ થાય છે ? જ્યાએ આનંદ કે સુખ રહેતાં જ નથી. વળી તમે કદાપિ નપુંસક હો તો સ્ત્રી શું સુખદાતા છે ? વળી જ્યારે તમારી સહચારિણી રોગગ્રસ્ત કે વિશ્વાસઘાતી નીવડે છે અથવા તો તમે પોતેજ વ્યાધિગ્રસ્ત બનો છો ત્યારે પણ તેનામાં કશું સુખ રહેતું નથી. અહીંજ એ નિરાશા સર્વેનો આભાસ થાય છે અને એજ દ્વૈતાભાસ છે. જ્યારે એ દ્વૈતભાવના નિર્મૂળ થાય છે ત્યારે માત્ર શરીરની તો શું પણ મન અને આત્માની પણ એ દશા અનુભવાય છે. એ સમયે એવી અવસ્થા પ્રાપ્ત થાય છે કે જેનું વર્ણન કરવું અશક્ય થઈ પડે છે. શરીર રહેતું નથી; જગત રહેતું નથી; કેવળ અભેદ-અદ્વૈત-સ્વર્ગ-મુક્તિ-નિર્ભયપદની પ્રાપ્તિ થાય છે ત્યાં દ્વૈતાભાસ કે સત્તા માત્ર રહેતાં નથી. સંસાર અને શરીરની સત્તાનો સંપૂર્ણપણે નાશ થાય છે. આપણો પડદો ઉંચો થાય છે. હું કે મારી સ્ત્રી શરીર માત્ર નથી, એવી ભાવનામાં-શરીર, મન, સંસાર, એ સર્વથી પર-સ્વર્ગની પુનઃ પ્રાપ્તિ થાય છે. (Paradise regained) ઉદ્દેશ પાર પડે છે અને સ્થિતિ માત્રનો અભાવ થઈ જાય છે. આ ઉપરથી એમ ફલિતાર્થ સિદ્ધ થાય છે કે કોઈ અમુક પદાર્થ સનાતન અસ્તિત્વ ભોગવે છે. વેદાન્ત કહે છે કે તમને તે સ્થિતિમાં પૂર્ણ સત્તા અને સુખ છે; તમે સચ્ચિદાનન્દરૂપ છો. તમારો આત્મા તે તેજ છે; તત્ત્વમસિ-તમે તે છો. આ અતિ આશ્ચર્યકારક સત્ય છે. (વિજળીમાં) ધનધ્રુવ અને ઋણધ્રુવના સમ્મેલનથી વર્તુલ પૂરો થાય છે. વિજળીના દીપકની પેઠે અંતર પ્રકાશ ઉત્પન્ન થાય છે; અને જ્યારે તમારા શરીરમાં એ વિદ્યુતયંત્ર અતિમાન થાય છે-એ બન્ને ધ્રુવનું જ્યારે સમ્મેલન થાય છે ત્યારે જ નિયમિત મૂળ સ્થિતિની પુનઃ પ્રાપ્તિ થાય છે. એ જ આદિભૂત આત્મા છે; અને એ સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે જ આપણે એમ કહી શકીએ કે "આ મનુષ્ય પ્રભુનો પુત્ર છે." ત્યારે પુરૂષ અને સ્ત્રીની વ્યક્તિભાવનાનો મૂળ તત્ત્વમાં લય થાય છે; ત્યારે દ્વૈતભાવના ગળી જાય છે; ત્યારે આભાસ માત્ર નાશ પામે છે, તથા વર્ણ ભેદ, જ્ઞાતિ ભેદ, આશ્રમ ભેદ, વ્યક્તિ ભેદ, જાતિ ભેદ ઇત્યાદિ સર્વ ભેદ ભાવનાનો અંત આવે છે અને મૃત્યુ પણ આનંદદાયક બને છે. આત્મા આ સર્વ ભેદનો સંહાર કરે છે. કારણ એજ માત્ર સનાતન શેષ છે.

વળી વેદાન્ત પ્રમાણે આપણે એમ પણ જોઇએ છીએ કે અજ્ઞાની મનુષ્યો માત્ર બાહ્ય રૂપમાં એટલે કે અસત્ય પદાર્થો સાથેજ પ્રેમ કરે છે; અને એ બહારના મોહમાં ફસીનેજ પોતાના આત્માની અવગણના કરે છે.

જંગલમાં રહેતા કોઈ મનુષ્યે પહેલાં જમીનપર પડેલું એક પુસ્તક જોયું. તે પછી વિજળીનો પ્રકાશ દીઠો. એ બે પદાર્થ સિવાય ત્રીજું કાંઈ પણ ત્યાં તેના જોવામાં ન આવ્યું, ત્યારે તેણે કલ્પના કરી કે એ વિજળીનો પ્રકાશ પુસ્તકમાંથી ઉત્પન્ન થયો. તેને ગમે તેવી રીતે સમજાવીએ પણ-એના મનમાં એ વાત એવી સજ્જડ બેસી ગઈ હોય છે કે તે

માનતોજ નથી. તેવીજ રીતે મનુષ્ય પણ એ સુખ-સંભોગનો આનંદ સ્ત્રીના શરીરમાંથી પ્રાપ્ત થાય છે એમ માને છે; પણ વાસ્તવિક રીતે એ આનંદનું મૂળ કારણ તો ઈશ્વર આત્માજ છે.

તાત્પર્ય એ છે કે જ્યારે તમે જડ વસ્તુ અને કામવાસનામાંથી મનને મુક્ત કરો અને પરમસુખ કે જે પરમ શક્તિમય સચ્ચિદાનન્દ આત્માજ છે તેનું ચિન્તન કરો ત્યારે અવનત સ્થિતિમાં ઉતરવાની આવશ્યકતા રહેતી નથી. જો દિવ્ય સત્તાજ સૂર્ય-ચંદ્ર, અનંત શક્તિ દિક્કાલાતીત આત્મા છે. મહાન મહાસાગરમાં આ સર્વ પ લહરિ કે મોજાં માત્રજ છે; એક મૂળતત્ત્વનાં રૂપાન્તરજ માત્ર છે. મોજાંરૂપે એ પ્રકારે ભાસે છે પણ વસ્તુતઃ એ જળજ છે. બાહ્ય પદાર્થ માત્રમાં ભાસતું સુખ એ વાસ્ત દૃષ્ટિએ આત્માનુંજ સુખ છે.

નદીને કિનારે બેઠેલા એક બાળકે એક પુરૂષને કહ્યું: "ભાઇ, જો કેવડી મોટી (મોજું) આવે છે." વસ્તુતઃ અહીં પાણીજ છે, પણ લાટને-દૃશ્ય પદાર્થને પ્રધા આપવામાં આવ્યું છે. તેની દૃષ્ટિ લાટમાં છે, પાણીમાં નથી; અને તેથીજ તે તેને નહિ પણ લાટ દેખાડું છું એમ કહે છે. એવીજ રીતે એમાં પણ એકજ અદ્વિતીય છે. સૂર્ય, ચંદ્ર, તારા આદિ પદાર્થો એ અમારા માનસ સમુદ્રની લહરિઓ છે. " તારૂં" રૂપી દ્વૈતભાવના એ ભ્રમણા માત્ર છે. એ સર્વ દ્વૈતાભાસજ છે. પદાર્થો શરીરોનોજ સંયોગ વિયોગ થાય છે; લહરિઓજ એક બીજા સાથે અફળાય છે. સુખ પદાર્થ સંયોગમાંથી આવે છે એમ માનવું ભૂલ ભરેલું છે. સુખ તો આત્મામાંથીજ ઉદ્ભવે પદાર્થો તો માત્ર સમુદ્રનાં મોજાંની પેઠે માયાની ભ્રમણા છે. બાળકને 'સોનું' કેવું છે સમજાવવા માટે એક વીંટી લઇને વેદાન્તી કહેશે કે "આ સોનું છે." બાળક પ્રશ્ન કરશે "શું ગોળ વીંટી તે સોનું છે?" વળી સમજાવવું પડશે કે "ના." ફરી બાળક પૂછશે "ત્યારે શું આ પીળો રંગ એ સોનું છે?" "નહિ." "શું આ વજન એ સોનું છે "નહિ." "આ ચળકાટ એ સોનું છે?" "નહિ" ત્યારે સોનું શું છે તે કેવી સમજાવવું? સોનાનો એક બીજો પદાર્થ લાવીને દેખાડશો એટલે તરતજ તેની બુદ્ધિ કરી શકશે કે સોનું શું છે. એવીજ રીતે પદાર્થના ગુણ-ધર્મ સમજીને આચરણમાં મૂકો.

એક વાર બાદશાહે બીરબલને પૂછયું કે દુનિયામાં આંધળા માણસોની સંખ્યા વધ છે કે દેખતાની? બન્ને વચ્ચે વાદવિવાદ થયા પછી પ્રત્યક્ષ દૃષ્ટાંતથી સિદ્ધ કરવાનું થયું. બીરબલે એક કપડું લાવી પોતાના શિરપર વીંટાળીને લોકોને પૂછયું કે "આ શું લોકોએ ઉત્તર આપ્યો કે "પાઘડી." પછી તેણે તેજ લુગડાને હાથપર વીંટાળીને પૂછ કે "આ શું છે?" લોકોએ જવાબ આપ્યો કે "શાલ." વળી તેણે તેને કમ્મરપર બાંધી પૂછયું ત્યારે જવાબ મળ્યો કે "કમ્મરબંધી." ત્યારે તેણે કહ્યું કે "તમે બધા આંધ છો. એ તો કપડું છે. માત્ર ઉપયોગ ઉપરથી તમે તેને પાઘડી, શાલ વગેરે કહ્યું."

આત્માનો સાક્ષાત્કાર કરો. સોનું જોવાને માટે તમારે આભુષણને તોડવાની જરૂર નથ જ્યારે તમે પુરૂષ, સ્ત્રી, લહરિ, લાટ, કપડું કે સોનું વગેરેનો વિચાર કરો છો, ત્યારે વસ્તુગત રહેલી આત્મસત્તાની વિસ્મૃતિજ કરો છો.

ગૃહસ્થાશ્રમ-લગ્ન એ ધર્મથી વિરૂદ્ધ છે એમ ન માનો. સત્ય સુખ શેમાંથી મળે છે પોતાનો સત્ય આત્મા શું છે, એનો વિચાર કરો. જિજ્ઞાસુએ તો સચ્ચિદાનંદ સ્વરૂપનું

ધ્યાન ધરવું જોઈએ. એ પરમ સત્યનુંજ લક્ષ્ય રાખવું જોઈએ. જ્યારે તમે આત્મતત્ત્વનું વિસ્મરણ કરો છો ત્યારે જગતના પદાર્થો સ્ત્રી, પુરૂષ, શાક, પાથરી, સોનું ઇત્યાદિરૂપે પ્રતીત થાય છે; માટે એ બંધનરૂપ દ્વૈતભાવને દૂર કરી આત્મનિધિમાં ડૂબકી મારો.

હું "ૐ" પ્રણવ છું એવું ધ્યાન-મનન કરો. "મારૂં ખરૂં સ્વરૂપ શું પ્રણવજ છે?-શું હું એ આત્મસત્તાજ છું?" એવા પ્રશ્નો તો શંકા માત્ર છે. હું પ્રણવ ૐ છું ને આ જગત તો મારી લહરિ માત્ર છે. શા માટે હું માયાની જાળમાં ફસું ને ભ્રમમાં ભટકું? દેહાત્મભાવના, કામવાસના, ઇચ્છા-સંશય-વિપર્યય એ સઘળું આત્મદૃષ્ટિની ભાવનાથીજ વિલોકો અને આત્મસત્તાનેજ ચક્રમાળનું આધારભૂત કેન્દ્ર સમજો. આત્મભાવનાની ઇચ્છા શક્તિનો વેગ પ્રબળ થશે એટલે આત્મજ્યોતિનો જ્વલંત પ્રદીપ પ્રકટતાં એ અજ્ઞાન દૂર થશે. વાસનાનો સ્વતઃ ક્ષય થશે. આમ ક્રમશઃ સાધના કરતાં કરતાં સર્વ તિમિરાભાસ અને દુઃખ માત્ર વિનાશ પામશે. કારણ કે પ્રકાશિત સૂર્યરશ્મિમાં વિદ્યુતનો જરા પણ આભાસ થતો નથી. માત્ર અંધારામાંજ એ વિદ્યુત્ પ્રકાશ આપે છે. એવીજ રીતે આત્મસૂર્યનો પ્રકાશ પડવા માંડશે એટલે એ અજ્ઞાન-તિમિર-દુઃખ-પાપ સૌ દૂર થશે. કામવાસનાનું અંધારૂં નિર્મૂળ થશે. સંસાર, વિવાહ કે ગૃહસ્થાશ્રમ, ધર્મસાધનામાં બાધક છે એમ કહેવું એ અવાસ્તવિક છે. તેનાથી તમારે પર થવાની આવશ્યકતા છે. એનો ત્યાગ કે નિન્દા કરવાની નથી. એ સૌ સાધન માત્ર છે. માટે બન્ધુ! એનો સાધન તરીકે ઉપયોગ કરી, એ સર્વ દ્વૈતાભાસથી પર એવા સચ્ચિદાનંદમાં પહોંચો.

જગત એ એક મહાન ચમત્કાર છે; ત્યાં અન્ય કયા ચમત્કારની જરૂર રહે છે? આત્માનો સાક્ષાત્કાર કરી, સર્વ પાપનું મૂળ અજ્ઞાન છે તેનાથી દૂર રહો અને ભીતિ-વ્યર્થ ભયનો એ જ્ઞાનાસ્ત્રથી સંહાર કરો.

આવે ન આવ કયમ કે મુજમાં રહે તું,
પાસે રહે, દૂર રહે, ભમતો ફરે તું;
'હું' માં વસે 'તું' મુજમાં "તું" વિહાર પામે;
રે! 'હું' 'તું' 'છે' સુખ સમુદ્રમાં વીચિ વિરામે.
સ્વામી થા અર્પવા સૌને, ના દાસ કશું યાચવા;
ભોગી થા આત્મસત્તાનો, સુખી થા અતિ સર્વથા.

હિંદુસ્તાનમાં શાસ્ત્રીય, સ્વાભાવિક અને ધર્મ પુરઃસર ગૃહસ્થાશ્રમ [illegible] પત્ની સહચારિણી છે; પતિના ધર્મપંથમાં વિઘ્નકર્ત્તા નથી. પરસ્પર બન્ને [illegible] સાહાય્યકારક પાત્રો છે.

આત્માનુભવ થયા પછી પણ 'રામ' પૂરાં બે વર્ષ સુધી [illegible] અને ધર્મપત્નીને વેદાન્તનું શિક્ષણ આપ્યું હતું. તે કૂટો લખતી [illegible] નિમગ્ન રહેતી. પૂજા-પ્રાર્થના સમાપ્ત કરીને તે 'રામ'ના [illegible] બેસતી; અને એવી રીતે ૐ નો ધ્વનિ કરતાં કરતાં [illegible] આત્મામાંજ 'રામ'નો-ઈશ્વરનો અનુભવ કરતી [illegible] ઉભય એક બીજામાં આત્મદર્શન પામતાં; અને [illegible] આત્મસાક્ષાત્કાર થતો. 'રામે' તેને [illegible]

સ્થિતિ ચાલુ રહી. મહિનાઓ વિતી ગયા, કામવાસના અને અધમ વિચારો કે દેહ વિસ્મૃતિ થઇ ગઇ; અને અમે બન્ને મુક્ત બન્યાં. પતિ પત્નીના સંબંધનો વિચાર નહોતો રહ્યો; ત્યાં તે બંધનનો તો આભાસ પણ ક્યાંથી થાય ? તે 'રામ'ને પોત નહોતી સમજતી, તેમ 'રામ' તેને પોતાની પત્ની નહોતો ધારતો. જ્યારે દેહાધ્ય દેહાત્મભાવના હોય છે ત્યારેજ બંધન પ્રતીત થાય છે.

ક્ષુદ્ર અને સ્વાર્થી વિચારોને લીધેજ ગૃહકલહો ઉત્પન્ન થાય છે; અને તેમાંથી સાધનમાં વિરોધ ઉત્પન્ન થઇને આખરે વિવાહ બંધનરૂપ બને છે. માટે વેદાન્ત સંપૂર્ણ રી અને મુક્ત બનો. બંધનરૂપે પ્રતીત થતાં કારણો તો નામ માત્ર છે, સત્ય નથી; માટે તે શકાય તેમ છે; અને તેથી તે ટાળીને પ્રત્યેકે મુક્ત થવું જોઇએ. તમારાં બાળકો વતંત્ર-મુક્ત થવા દો; એનાથી મનુષ્ય કદિ પણ ખરાબ થતો નથી. આ સમસ્ત વિશ્વ । અને ઈશ્વર કદિ પણ છેતર્યો છેતરાશે નહિ.

ॐ ॐ ॐ





૧૮—તમારાં કુટુમ્બ શી રીતે સુખી કરવાં ?*

મારા પોતાના આત્માસ્વરૂપ સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો !

આજે આપણી પાસે આટલા બધા કાગળો છે. જ્યારે એક વકીલ કોર્ટમાં આવે છે ત્યારે તે ઘણું કરીને પોતાની સાથે આટલી સંખ્યામાં કાગળો લાવે છે. પરન્તુ એ બધાની સુનાવણી થતી નથી. આ કાગળો પૈકીની મોટી સંખ્યા આજે સુનાવણી થયા વિના જ પડી રહેશે. આ કાગળોમાંના ઘણાખરા આપણે શા માટે ચર્ચીશું નહિ તેનું એક બીજું પણ કારણ છે. તેમાંના ઘણાખરા આધ્યાત્મિક સૃષ્ટિના સંબંધમાં છે. હાલ તમે આ સૃષ્ટિમાં છો અને તેથી જે વિષય સાથે તમને હમણાં સંબંધ ન હોય તે વિષયને ચર્ચવા કરતાં જે વિષય તમારા ઉદ્યોગને અને તમારા મનને વધારે રૂચે એવો હોય તે વિષયપરજ થોડી વાત કરવી એ વધારે ઉચિત છે.

ગઈ રાત્રે ચર્ચેલો વિષયજ આપણે શરૂ રાખીશું. તે ઘણા મહત્વનો છે. "લગ્ન કરેલો મનુષ્ય વાસ્તવિક રીતે સાક્ષાત્કાર કરવાની અભિલાષા રાખી શકે ?" આ વિષય ઘણો લાંબો છે અને આજ રાત્રિના વ્યાખ્યાનમાં તે સમાપ્ત થઈ શકે તેમ નથી. આજ રાત્રે આપણે આ વિષય વિષે કેટલું જાણી શકીએ છીએ તે આપણે જોઈએ.

એક ઘણો ક્રૂર અને ગમ્મતી શેઠ હતો. તે તેના નોકરને ઘણી રમુજી રીતે દુઃખ દેતો હતો. એક વખતે નોકરે તેના શેઠ માટે ઘણું સ્વાદિષ્ટ પકવાન બનાવ્યું. નોકર આ પકવાનમાં ભાગ પડાવે એ શેઠને ગમ્યું નહિ. તે પકવાન રાત્રે બનાવ્યું હતું. શેઠે કહ્યું: "હમણાં આપણે ઉંઘી લઈએ અને સવારમાં આપણે તે ખાઈશું." રાત્રે કાંઈ પણ ન ખાવાથી કકડીને ભૂખ લાગે અને તેથી સવારમાં તે પોતે બધુંજ ખાઈ શકે અને નોકરને માટે કાંઈ પણ બચે નહિ, એવો એ શેઠનો વિચાર હતો. નોકરે તો રોટલાના ટુકડાજ ખાવા જોઈએ એમ તેની મરજી હતી, પણ તેનો વિચાર તે ખુલ્લી રીતે નોકરને કહી શકતો નહિ, તેથી તેણે નોકરને એ પ્રમાણે કહ્યું હતું. વળી વિશેષમાં કહ્યું કે "રાત્રે આપણા બેમાંથી જેને સૌથી મધુર અને સુંદર સ્વપ્ન આવશે તે પકવાન ખાશે અને બીજાએ રોટલાના ટુકડાઓ ઉપર સંતોષ માનવો પડશે."

હવે સવાર થયું અને શેઠ તથા નોકર એક બીજાની સામા બેઠા. શેઠે નોકરને તેનું સ્વપ્ન કહી સંભળાવવા ફરમાવ્યું. ત્યારે નોકરે કહ્યું: "સાહેબ, આપ શેઠ છો અને આપનો પ્રથમ હક હોવો જોઈએ. આપનું સ્વપ્ન આપે પહેલું કહી સંભળાવવું જોઈએ અને પછી હું મારૂં કહીશ." શેઠે પોતાના મનમાં ધાર્યું કે આ પામર અજ્ઞાન નોકર ઘણું સરસ સ્વપ્ન ઉપજાવી શકશે નહિ. તેણે કહેવા માંડયું: "મારા સ્વપ્નમાં હું હિન્દુસ્તાનનો શહેનશાહ હતો.

---

* ૧૯૦૨ ના ડિસેમ્બરની ૩૦ મી તારીખે "એકેડેમી ઓફ સાયન્સીઝ" માં આપેલું ભાષણ.

મારા સ્વપ્નમાં મેં જોયું કે યૂરોપ અને અમેરિકાનાં બધાં રાજ્યો હિન્દુસ્તાનના આવ્યાં હતાં, અને તેથી હિન્દુસ્તાનના શહેનશાહ તરીકે હું બધી દુનિયા ઉપર હતો." અહીં યાદ રાખવાનું છે કે એક ક્રૂર શેઠનુંજ આ સ્વપ્ન હતું. કાંઈ ખરા માંસના પૂતળારૂપી રાજાઓને લક્ષ્યરૂપે રાખીને તેમને પૂજવાની બાળકોની રીત પ નથી. વારૂ, તેણે પોતાને હિન્દુસ્તાનની ગાદી ઉપર બેઠેલો અને આખી દુનિયાનું ચલાવતો માન્યો અને ત્યાં તેણે બધા દેશોના રાજાઓને પોતાની આગળ ઉભેલા કરતા જોયા. આ ઉપરાન્ત તેના સ્વપ્નમાં તેણે બધા દેવો અને ઋષિઓને પણ પે બારમાં આવેલા અને પોતાની આસપાસ બેઠેલા જોયા. એ રીતે પોતાનું સ્વપ્ન કહી પછી તેણે નોકરને તેનું સ્વપ્ન કહી સંભળાવવાનું કહ્યું

ગરીબ બિચારા નોકરે પગથી માથા સુધી ધ્રૂજતાં ધ્રૂજતાં કહ્યું: "આપને આવ્યું તેવું કોઈ સ્વપ્ન મને આવ્યું નથી." શેઠ આ સાંભળી ઘણો ફૂલાઇ ગયો થયો. તેણે ધાર્યું કે સર્વ સ્વાદિષ્ટ પકવાન હવે પોતાનાજ ભાગમાં આવશે. પણ નો માંડયું કે "પોતાના સ્વપ્નમાં તેણે એક મોટો રાક્ષસ-ઘણો વિરૂપ ભયંકર દેર ચકચકતી તલવાર લઇને તેના તરફ આવતો જોયો. તે રાક્ષસ મારી પાછળ દોડયો મારી નાખવાની તૈયારીમાં હતો." શેઠ હરખ્યો કે તે આશાજનક ચિહ્ન હતું. "તેણે નાખવા માંડયો-તે મને કાપી નાખવા લાગ્યો." શેઠે કહ્યું: "અને તેં શું કર્યું? નાંખવામાં તેનો શો હેતુ હતો?" નોકરે કહ્યું: "સાહેબ, તેની ઇચ્છા મને પેલું સ્વ વાન ખવડાવવાની અથવા તો જીવથી મારી નાંખવાની હતી." અર્થાત્ તે પકવાન કે સમયે ન ખાઈ જાઉં તો મને જીવથી મારી નાખવાનું તેણે કહ્યું: "ત્યારે તેં શું ક કહ્યું: "પછી હું માત્ર રસોડામા ગયો અને બધું ખાઇ ગયો." શેઠે કહ્યું: "તેં મને કેમ નહિ?" નોકરે જવાબ આપ્યો: "સાહેબ, આપ બધી દુનિયાના શહેનશ આપના દરબારમાં મહાન ભવ્ય સભા મળી હતી અને ત્યાં ઉઘાડી તલવારે માણસો તથા તોપો ફરાવી રહી હતી. જો મેં આપ નામદારની પાસે આવવાનો પ્રયત્ન તો ચોકીદારો તરતજ મને મારી નાંખત. જેથી હું કેવી ભયંકર દુર્દશામાં હતો પાસે આવીને જગાવી શકયો નહિ, અને તેથી તે મિષ્ટ પકવાન ખાઇ જવાની પોને એકલાનેજ તેનો ઉપભોગ કરવાની મને ફરજ પડી."

'રામ' કહે છે કે તમને ભવિષ્યના કૈલાસ, ભવિષ્યના સ્વર્ગ અથવા આવવાની દુનિયાનાં સ્વપ્ન આવે છે. આ મિષ્ટ અને મધુર સ્વપ્નાં છે. આ સ્વપ્ને હવામાં કિલ્લા બાંધો છો અને ધારો છો કે તમારે આ કરવું જોઈએ અને જોઇએ. તમારે શૈતાન અને પ્રભુ બન્નેથી બ્હીવું જોઇએ. નહિ તો ફરાક્રો દેવદૂત નિવારવાની જગ્યામાંથી સ્વર્ગમાં જવા દેશે નહિ. તમને આ વિષેનાં સ્વપ્ન આવે 'રામ' તમને કહે છે કે જે નોકર રાક્ષસથી બ્હીન્યો હતો અને સ્વાદિષ્ટ પકવાન પ હતો તેવા થવું તે પસન્દ કરવા જેવું છે. કેમકે તેજ ચાલતા કામને અનુસરવું આપણા હૃદયમાં તરતજ સ્ફુરે, જે તમારા ધંધા અને મન સાથે સંબંધ ધરાવ તેનેજ અનુસરવું એ વધારે સલાહ ભરેલું છે. બીજી યુક્તિ પોતાની મંઝાળ પોતેજ દાન ઘરથીજ શરૂ થાય છે. પોતાના ઘરથીજ પ્રથમ શરૂઆત કરો.

હવે જે વિષય સાથે તમો સર્વને હાલ સંબંધ રહેલો છે તે વિષય ઉપર 'રા

છે. તે વિષય એ છે કે, " લગ્ન થયેલાં દંપતીએ પોતાનું લગ્ન કલેશ, ચિન્તા, દુઃખ અને શોકમાં પરિણમે નહિ તે માટે કેવી રીતે જીવન ગાળવું જોઇએ ? " તેઓ કહે છે કે " હે પ્રભુ ! અમારાં દુઃખો દૂર કર. હે ક્રાઇસ્ટ ! મારાં દુઃખ દૂર કર. હે કૃષ્ણ અને બુદ્ધ ! મારાં દુઃખ દૂર કરો. " રામ તમને કહે છે કે મૃત્યુ પછી તેઓ તમારાં દુઃખનું નિવારણ કરે કે કદાચ ન પણ કરે; પણ આ જીન્દગીમાં પતિએજ પોતાની પત્નીના તારક (ક્રાઇસ્ટ) થવું જોઈએ, અને પત્નીએ પોતાના પતિના તારક (ક્રાઇસ્ટ) થવું જોઈએ. પણ તેને બદલે હમણાં જે સ્થિતિ છે તે પ્રમાણે તો ઉલટી દરેક પત્ની પોતાના પતિની જ્યુડાસ ઈસ્કૅારિયોટ (Judas Iscoriot) છે અને દરેક પતિ પોતાની પત્નીનો જ્યુડાસ ઈસ્કૅરિયોટ (Judas Iscariot) છે. આનો ઉપાય શું ? ઉપાય એજ છે કે પ્રત્યેક પત્ની અને પતિએ ત્યાગ ગ્રહણ કરવો પડશે. તમે જાણો છો કે ક્રિશ્ચિયન ધર્મ પ્રમાણે ક્રાઇસ્ટ ત્યાગનીજ સાક્ષાત મૂર્તિ છે, અને તેજ પ્રમાણે જો પ્રત્યેક પત્ની ત્યાગની મૂર્તિ થાય તોજ તે પોતાના પતિને ઉદ્ધારી શકે. ત્યાગ શબ્દ દરેકને કડવો લાગે છે– દરેકના મનને ધ્રુજાવે અને કંપાવે છે. છતાં એ ત્યાગ સિવાય તમારા કુટુમ્બમાં લગારે સ્વર્ગીયતા આવવાનો સંભવ નથી. ત્યાગ શબ્દ સમજવામાં મોટી ગેરસમજ થાય છે. આ શબ્દ આગળના વ્યાખ્યાનોમાં એટલી બધી વાર વપરાયો છે કે તેનો ખરો મર્મ સમજાવવો એ પિષ્ટપેષણ કરવા જેવું છે. ત્યાગ તમને હિમાલયના અરણ્યમાં નિવાસ કરવાની ફરજ પાડતો નથી. ત્યાગ તમને તમારાં સર્વ વસ્તુઓથી વિયોગ કરાવતો નથી. ત્યાગ તમને ઉઘાડે પગે અને ઉઘાડે માથે ફરવાની ફરજ પાડતો નથી. તે ત્યાગ નથી. જો ત્યાગનો એજ અર્થ હોય તો લગ્ન કરેલું યુગલ ત્યાગીજ શી રીતે થઈ શકે ? તેઓ પતિ પત્ની તરીકે રહે છે, તેઓને ઘરબાર હોય છે, તેઓને સંપત્તિ હોય છે. તેઓ ત્યાગી શી રીતે થઈ શકે ? હિન્દુ શાસ્ત્રમાં પોતાની આસપાસ પોતાના કુટુંબ સાથે બેઠેલા પ્રભુ શિવ અને દેવી પાર્વતીને ત્યાગની મૂર્તિ ગણેલાં છે. પતિ પત્ની પોતાના કુટુંબ સાથે, પોતાનાં કર્તવ્યો બજાવતાં સાથેજ રહે છે, છતાં પણ હિન્દુ ધર્મશાસ્ત્રમાં તેમને ત્યાગની મૂર્તિજ ગણેલાં છે. લોકો એમ સમજે છે કે હિન્દુઓ ત્યાગ શબ્દથી અરણ્યમાં નિવાસ કરવાનું, સમાજનો ત્યાગ કરવાનું, દરેક વસ્તુ તજી દેવાનું અને સર્વ વસ્તુઓને ધિક્કારવાનું માને છે. હિન્દુઓની માન્યતા પ્રમાણે ત્યાગ શબ્દનો આ અર્થ નથી. હિન્દુઓને તેમના સંસારી જીવનમાં પણ ત્યાગનું પાલન કરવુંજ પડે છે. જો આ વેદાન્ત, જો આ તત્ત્વજ્ઞાન અથવા સત્ય જે થોડા લોકો અરણ્યમાં નિવાસ કરે તે નાની સંખ્યાને માટેજ માત્ર હોય તો તેની શી અગત્ય છે ? આપણે તેની જરૂર નથી. તેને ગંગામાં પધરાવી દો. આ ત્યાગ કે જેનો હિન્દુઓ ઉપદેશ કરે છે તેની તો દરેકને જરૂર છે. હિન્દુઓનો ઉપદેશેલો આ પ્રકારનો ત્યાગ એજ વિજયની ગુપ્ત કુંચી છે. કોઇ પણ વીર પુરૂષ જો તે ત્યાગી ન હોય તો પ્રખ્યાત થઈ શકે નહિ. કોઇ પણ કવિ જો તે ત્યાગી ન હોય તો તમને એક પણ કાવ્ય આપી શકે નહિ. તમે બાયરન કે જેને, તે અનીતિમાન હતો એમ માનીને ઈંગ્લંડમાંથી કહાડી મૂકયો હતો તેનો દાખલો આપશો; પણ વેદાન્ત કહે છે કે બાયરન પણ તેની બુદ્ધિ માટે ત્યાગનેજ આભારી છે. રામ જે તમને સમજાવવા ઈચ્છે છે તે ત્યાગની ભાવનાં બહુ વિરૂદ્ધ છે. વૉશિંગ્ટન ત્યાગી પુરૂષ હતો. જો

તે ત્યાગી ન હોત તો લડાઇમાં વિજયી થાત નહિ. આ બહુ વિચિત્ર વ
તમે જોતા નથી કે પ્રત્યેક વીર પુરૂષ, નેપોલિયન બોનાપાર્ટ, વૉશિંગ્ટન, વેલિ
ઍલેક્ઝાન્ડર, સીઝર અગર હરકોઇ યોદ્ધાને વિજયી થવાને, પ્રજાઓના સ્વામી
અને સર્વ લશ્કરોને નિયમમાં રાખવાને માટે પોતાની જાતે દુનિયાથી અને સર્વ
પરજ રહેવું પડે છે? તેનું મન અવિકળ શાન્ત અને સ્વસ્થ રહેવુંજ જોઇએ અને
કેન્દ્રમાં તેની સર્વ શક્તિઓનું એકીકરણ થવુંજ જોઇએ. બીજા સંયોગોથી તેને ક્ષોભ
જોઇએ નહિજ. અને એનો અર્થ શો? એનો અર્થ **બીજા સર્વ પદાર્થોનો ત્ય
એજ છે. મનુષ્યમાં જેટલી ત્યાગવૃત્તિ વધારે હોય તેટલોજ તે ઉત્તમ**
નેપોલિયન સમરાંગણમાં આવે છે અને "હૉલ્ટ" (થોભો) એટલા એક શબ્દથી
જીતવા આવેલા હજારો માણસોને અટકાવે છે. આ શી રીતે થાય છે? આ બધી શ
ક્યાંથી આવે છે? આ શક્તિ **નેપોલિયનને** તેના પોતાનામાં રહેલા સત્ય દિવ્ય આત્મા
નિમગ્ન થવાથીજ પ્રાપ્ત થાય છે. આ શક્તિ ક્યાંથી આવે છે તેની તેને પોતાને ખબર હો
અથવા ન હોય, પરંતુ તે શક્તિનું સ્થળ શરીર, મન અને સર્વ વસ્તુઓથી પર હોય છે; અ
એ સ્થળમાં જગત એ જગતરૂપે રહી શકતું નથી.

એજ પ્રમાણે સર આઇઝૅક ન્યુટન જેવા મહાન બુદ્ધિમાન પુરૂષોને પણ દુનિયા
પોતાના તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનથી સમૃદ્ધ કરવા માટે આ ત્યાગનોજ પ્રત્યક્ષ સાક્ષાત્કાર કરવો
પડયો છે. જે મનુષ્ય શરીરથી, મનથી અને પદાર્થથી પર થાય છે, તે ઘરમાં બેઠો હોય
છે તોપણ ઘર એ તેના મનથી ઘર નથી. મિત્રો તેના મનથી મિત્રો નથી. વિર
ક્તિની આ કેવી સ્થિતિ! લોકો કહે છે કે તે કશું કરતો નથી; પણ જ્યારે તમે કહો છો કે
તે કશું કરતો નથી ત્યારેજ તે તેના સર્વોત્તમ સ્વરૂપમાં હોય છે. જો કે દેખીતી રીતે તે
શાન્ત હોય છે; તેણે સર્વનો ત્યાગ કર્યો છે; પણ તે તેના સર્વોત્તમ સ્વરૂપમાંજ હોય છે. આ
લોકો, આ વીર પુરૂષો, આ મહાન બુદ્ધિમાન પુરૂષો અજાણતાં પણ ત્યાગ સાથે જોડાય છે,
અને એ સત્ય ત્યાગને તેઓ અજાણતાં પણ આચારમાં મૂકે છે, તેથીજ તેમની ઉન્નતિ અને
પ્રખ્યાતી થાય છે. તે ત્યાગનું સ્વરૂપ પદ્ધતિપૂર્વક તમારી આગળ રજુ કરવાનો હિન્દુ
તત્ત્વજ્ઞાનનો હેતુ છે. હિન્દુ તત્ત્વજ્ઞાનનો હેતુ બરાબર રીતે તમને ત્યાં લઇ જવાનો, તેનું
શાસ્ત્ર બતાવવાનો અને જે નિયમો, સિદ્ધાન્તો અને માર્ગો તમને ત્યાં લઇ જાય છે તે
સર્વ સમજાવવાનો છે.

આ ત્યાગને હિન્દુઓએ જ્ઞાન તરીકે વર્ણવ્યો છે; એટલે કે ત્યાગ અને જ્ઞાન એ એકજ વસ્તુ છે. પણ આ પ્રતિપાદિત જ્ઞાન, સ્થૂલ પદાર્થોનું જ્ઞાન નથી. હા, એ જ્ઞાન પણ તમને મદદ કરવા ઘણું કરે છે, છતાં પણ એ કાંઈ ખરૂં જ્ઞાન નથી. એ જ્ઞાન તમને કદાપિ શાન્તિ આપી શકે નહિ. જે જ્ઞાન ત્યાગનો પર્યાય શબ્દ છે તે જ્ઞાન તો સત્યનું જ્ઞાન છે, સત્ય આત્માનું જ્ઞાન છે, તમે જે વસ્તુરૂપ છો તે વસ્તુનું જ્ઞાન છે. હવે તમે જે છો તેનું જ્ઞાન તમને બુદ્ધિથી આપી શકાય એ પુરતું થશે? કેટલેક અંશે થશે ખરૂં, પણ સંપૂર્ણ અંશે તો નહિજ. તમારે જ્ઞાની થવા માટે, ઉદ્ધાર થવા માટે, તમે આ જીંદગીમાં હો ત્યારે પણ આ વિશાળ જગત તમારે માટે સ્વર્ગરૂપ થાય તેટલા માટે, તમારે આ જ્ઞાન-"તમે પોતે પ્રભુ છો, તમે પોતે દૈવી તત્ત્વ, અવ્યક્ત એક સત્તા અથવા બળ કે જે નામ આપવું તમને પસન્દ પડે તે તમે પોતેજ છો."

આ શ્રેષ્ઠ સત્યનો તમારે સાક્ષાત્કાર કરવો પડશે. આ સાક્ષાત્કાર એટલે કાંઈ માત્ર બુદ્ધિદ્વારા સંપાદન કરેલું જ્ઞાન નહિ પણ આ જ્ઞાન તમારા આચારમાં મૂકાયલું હોવું જોઇએ. તમારા લોહીમાં-તમારી નસોમાં તે વ્હેતું હોવું જોઇએ. તમારી નાડીઓમાં ધડકતું હોવું જોઇએ અને તમારા અણુએ અણુમાં આવિર્ભુત થયેલું અને રમી રહેલું હોવું જોઈએ. આવું જ્ઞાનજ જીવન્મુક્ત કરે છે. આ જ્ઞાનનું નામજ ત્યાગ છે. **આ જ્ઞાન પ્રાપ્ત કરો એટલે તમે ત્યાગી થશો.**

" અરણ્યનિવાસ " એ તો માત્ર લક્ષ્યને સિદ્ધ કરવાનું સાધનજ છે, એ તો માત્ર વિશ્વવિદ્યાલયમાં શીખવાને જવા જેવુંજ છે. વિશ્વવિદ્યાલયમાં આપણે જ્ઞાન સંપાદન કરીએ છીએ એ ઉપરથી એમ કદાપિ માનવામાં આવતું નથી કે આપણે હમ્મેશને માટે ત્યાંજ રહેવું જોઇએ. તેજ પ્રમાણે આ જ્ઞાન સંપાદન કરવા માટે પણ થોડા સમય માટે તમે સુખેથી અરણ્યવાસ કરો, પણ વેદાન્ત તત્ત્વજ્ઞાન એમ તો કદાપિ શીખવતું નથી કે સદાનો અરણ્યવાસ એજ ત્યાગ છે. ખરેખરા ત્યાગને તમારા સ્થળ, સ્થિતિ અથવા શરીરના કામ સાથે કશોજ સંબંધ નથી. આ ખરો ત્યાગ તો તમને ઉલટો શ્રેષ્ઠ સ્થિતિમાં મૂકે છે, તમને શ્રેષ્ઠ પદમાં સ્થિત કરે છે. આ ત્યાગ તો તમારામાં બીજરૂપે રહેલા બળને બહાર લાવે છે; શક્તિઓને ગુણે છે; ગતિને દ્દઢ કરે છે; તમારો સઘળો શોક દૂર કરે છે; તમારી સર્વ ચિન્તાઓ અને બ્હીક દૂર કરે છે; તમને નિર્ભય અને સુખી અવસ્થામાં રાખે છે અને તમને ઈશ્વરસ્વરૂપ બનાવે છે.

લગ્ન કરેલા મનુષ્યો આ ત્યાગનો સાક્ષાત્કાર શી રીતે કરી શકે ? જો પતિપત્ની એક બીજાને સુખી કરવા સમ્મત થાય તો એ વાતનો આજેજ નિર્ણય થઈ જાય. જ્યાં સુધી પતિ પત્ની એક બીજાનાં તારક અથવા ક્રાઇસ્ટ થાય નહિ ત્યાં સુધી બધાં ધર્મશાસ્ત્રો બહુજ થોડું હિત સાધી શકે તેમ છે. લક્ષ આપો. જ્યારે લોકો ધાર્મિક વ્યાખ્યાનો સાંભળવા આવે છે ત્યારે તેમને સર્વનો ત્યાગ કરવાનું, તેમની સંપત્તિ અને શરીર પ્રભુનાં ગણવાનું અને તેઓ પોતે આ શરીર નહિ પણ દિવ્યતત્ત્વ રૂપે છે એમ સ્વીકારવાનું કહેવામાં આવે છે. તેમને આવો ઉપદેશ આપવામાં આવે છે અને અહીં તેઓ થોડું જ્ઞાન મેળવે છે; પણ તેઓ ઘેર જાય છે ત્યારે શું બને છે ? તેની પત્ની આવે છે અને કહે છેઃ " મી. ફલાણા ફલાણા, મારે એક ભારે સાડી જોઇએ છે, " અને પેલો કહે છે કે મારી પાસે નાણાં નથી. એનો શો અર્થ ? તેનું બાળક આવે છે અને કહે છેઃ " બાપા ! ઓ વ્હાલા બાપા ! અંદર આવો." તેના ઉત્તરમાં મારા પુત્ર, મારી પત્ની, મારી પુત્રી, એ પ્રમાણે આ માણસ તેમને સંબોધે છે.

આનાં આજ પુત્રી, ભગિની, સંપત્તિ, ગૃહ અને કુટુંબ, કે જે સર્વને દેવળની અંદર પ્રભુને સમર્પણ કરેલાં હતાં, તે જ્યાં ઘેર પહોંચ્યા કે તરતજ પ્રભુ પાસેથી અકબંધ પાછાં લેવાય છે ! હવે તે સર્વને " મારૂં " " મારાં " બનાવી દેવાય છે ! હવે તે પ્રભુનાં મનાતાં નથી ! " હે પ્રભુ, હું તારો છું, હું તારો છું. સર્વસ્વ તારૂં છે. હું તને સમર્પણ કરૂં છું." આવી ક્ષણિક લાગણીથી દેવળમાં જે મન વ્યાપ્ત થયું હતું તે લાગણીઓ ઘેર આવીને પત્ની અને બાળકોનાં મુખ જોતાંનીવારમાંજ ક્ષણમાત્રમાં વિલુપ્ત થઈ જાય છે ! આ ઉપરથી તમે જોઇ શકો છો કે આધ્યાત્મિક જીવન અને કૌટુંબિક જીવન એક બીજાથી વિરૂદ્ધ જાય છે-એક બીજાથી પ્રતિકૂલ છે. જે કાર્ય દેવળમાં કરવામાં આવે છે તેને ઘરમાં આવીને રદ્દ કરવામાં આવે છે. કદાચ રદ્દ કરવાથી પણ વધારે ખોટું થાય છે, કેમકે સમય વૃથા

તે ત્યાગી ન હોત તો લડાઇમાં વિજયી થાત નહિ. આ બહુ વિચિત્ર વા તમે જોતા નથી કે પ્રત્યેક વીર પુરૂષ, **નેપોલિયન** બોનાપાર્ટ, વૉશિંગ્ટન, વેલિં ઍલેકઝાન્ડર, સીઝર અગર હરકોઇ યોદ્ધાને વિજયી થવાને, પ્રજાઓના સ્વામી થ અને સર્વ લશ્કરોને નિયમમાં રાખવાને માટે પોતાની જાતે દુનિયાથી અને સર્વ મો પરજ રહેવું પડે છે? તેનું મન અવિકળ શાન્ત અને સ્વસ્થ રહેવુંજ જોઇએ અને કેન્દ્રમાં તેની સર્વ શક્તિઓનું એકીકરણ થવુંજ જોઇએ. બીજા સંયોગોથી તેને ક્ષોભ થ જોઇએ નહિજ. અને એનો અર્થ શો? એનો અર્થ **બીજા સર્વ પદાર્થોનો ત્યા એજ છે. મનુષ્યમાં જેટલી ત્યાગવૃત્તિ વધારે હોય તેટલોજ તે ઉત્તમ નેપોલિયન** સમરાંગણમાં આવે છે અને "હૉલ્ટ" (થોભો) એટલા એક શબ્દથી તે જીતવા આવેલા હજારો માણસોને અટકાવે છે. આ શી રીતે થાય છે? આ બધી શક્ કયાંથી આવે છે? આ શક્તિ **નેપોલિયનને** તેના પોતાનામાં રહેલા સત્ય દિવ્ય આત્મા નિમગ્ન થવાથીજ પ્રાપ્ત થાય છે. આ શક્તિ કયાંથી આવે છે તેની તેને પોતાને ખબર હો અથવા ન હોય, પરંતુ તે શક્તિનું સ્થળ શરીર, મન અને સર્વ વસ્તુઓથી પર હોય છે; અ એ સ્થળમાં જગત એ જગતરૂપે રહી શકતું નથી.

એજ પ્રમાણે સર આઈઝૅક ન્યુટન જેવા મહાન બુદ્ધિમાન પુરૂષોને પણ દુનિયાને પોતાના તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનથી સમૃદ્ધ કરવા માટે આ ત્યાગનોજ પ્રત્યક્ષ સાક્ષાત્કાર કરવો પડયો છે. જે મનુષ્ય શરીરથી, મનથી અને પદાર્થથી પર થાય છે, તે ઘરમાં બેઠો હોય **છે તોપણ ઘર એ તેના મનથી ઘર નથી.** મિત્રો તેના મનથી મિત્રો નથી. વિર-ક્તિની આ કેવી સ્થિતિ! લોકો કહે છે કે તે કશું કરતો નથી; પણ જ્યારે તમે કહો છો કે તે કશું કરતો નથી ત્યારેજ તે તેના સર્વોત્તમ સ્વરૂપમાં હોય છે. જો કે દેખીતી રીતે તે શાન્ત હોય છે; તેણે સર્વનો ત્યાગ કર્યો છે; પણ તે તેના સર્વોત્તમ સ્વરૂપમાંજ હોય છે. આ લોકો, આ વીર પુરૂષો, આ મહાન બુદ્ધિમાન પુરૂષો અજાણતાં પણ ત્યાગ સાથે જોડાય છે, અને એ સત્ય ત્યાગને તેઓ અજાણતાં પણ આચારમાં મૂકે છે, તેથીજ તેમની ઉન્નતિ અને પ્રખ્યાતી થાય છે. તે ત્યાગનું સ્વરૂપ પદ્ધતિપૂર્વક તમારી આગળ રજુ કરવાનો હિન્દુ તત્ત્વજ્ઞાનનો હેતુ છે. હિન્દુ તત્ત્વજ્ઞાનનો હેતુ બરાબર રીતે તમને ત્યાં લઇ જવાનો, તેનું શાસ્ત્ર બતાવવાનો અને જે નિયમો, સિદ્ધાન્તો અને માર્ગો તમને ત્યાં લઈ જાય છે તે સર્વ સમજાવવાનો છે.

આ ત્યાગને હિન્દુઓએ જ્ઞાન તરીકે વર્ણવ્યો છે; એટલે કે ત્યાગ અને જ્ઞાન એ એકજ વસ્તુ છે. પણ આ પ્રતિપાદિત જ્ઞાન, સ્થૂલ પદાર્થોનું જ્ઞાન નથી. હા, એ જ્ઞાન પણ તમને મદદ કરવા ઘણું કરે છે, છતાં પણ એ કાંઈ ખરૂં જ્ઞાન નથી. એ જ્ઞાન તમને કદાપિ શાન્તિ આપી શકે નહિ. જે જ્ઞાન ત્યાગનો પર્યાય શબ્દ છે તે જ્ઞાન તો સત્યનું જ્ઞાન છે, સત્ય આત્માનું જ્ઞાન છે, તમે જે વસ્તુરૂપ છો તે વસ્તુનું જ્ઞાન છે. હવે તમે જે છો તેનું જ્ઞાન તમને બુદ્ધિથી આપી શકાય એ પુરતું થશે? કેટલેક અંશે થશે ખરૂં, પણ સંપૂર્ણ અંશે તો નહિજ. તમારે જ્ઞાની થવા માટે, ઉદાર થવા માટે, તમે આ જીંદગીમાં હો ત્યારે પણ આ વિશાળ જગત તમારે માટે સ્વર્ગરૂપ થાય તેટલા માટે, તમારે આ જ્ઞાન–" તમે પોતે પ્રભુ છો, તમે પોતે દૈવી તત્ત્વ, અવ્યક્ત શ્રેષ્ઠ સત્તા અથવા બળ કે જે નામ આપવું તમને પસન્દ પડે તે તમે પોતેજ છો."

આ શ્રેષ્ઠ સત્યનો તમારે સાક્ષાત્કાર કરવો પડશે. આ સાક્ષાત્કાર એટલે કાંઈ માત્ર બુદ્ધિદ્વારા સંપાદન કરેલું જ્ઞાન નહિ પણ આ જ્ઞાન તમારા આચારમાં મૂકાયલું હોવું જોઈએ. તમારા લોહીમાં–તમારી નસોમાં તે વ્હેતું હોવું જોઈએ. તમારી નાડીઓમાં ધડકતું હોવું જોઈએ અને તમારા અણુએ અણુમાં આવિર્ભુત થયેલું અને રમી રહેલું હોવું જોઈએ. આવું જ્ઞાનજ જીવન્મુક્ત કરે છે. આ જ્ઞાનનું નામજ ત્યાગ છે. આ જ્ઞાન પ્રાપ્ત કરો એટલે તમે ત્યાગી થશો.

"અરણ્યનિવાસ" એ તો માત્ર લક્ષ્યને સિદ્ધ કરવાનું સાધનજ છે, એ તો માત્ર વિશ્વવિદ્યાલયમાં શીખવાને જવા જેવુંજ છે. વિશ્વવિદ્યાલયમાં આપણે જ્ઞાન સંપાદન કરીએ છીએ એ ઉપરથી એમ કદાપિ માનવામાં આવતું નથી કે આપણે હંમેશને માટે ત્યાંજ રહેવું જોઈએ. તેજ પ્રમાણે આ જ્ઞાન સંપાદન કરવા માટે પણ થોડા સમય માટે તમે સુખેથી અરણ્યવાસ કરો, પણ વેદાન્ત તત્ત્વજ્ઞાન એમ તો કદાપિ શીખવતું નથી કે સદાનો અરણ્યવાસ એજ ત્યાગ છે. ખરેખરા ત્યાગને તમારા સ્થળ, સ્થિતિ અથવા શરીરના કામ સાથે કશોજ સંબંધ નથી. આ ખરો ત્યાગ તો તમને ઉત્કૃષ્ટ શ્રેષ્ઠ સ્થિતિમાં મૂકે છે, તમને શ્રેષ્ઠ પદમાં સ્થિત કરે છે. આ ત્યાગ તો તમારામાં બીજરૂપે રહેલા બળને બહાર લાવે છે; શક્તિઓને ગુણે છે; ગતિને દૃઢ કરે છે; તમારો સઘળો શોક દૂર કરે છે; તમારી સર્વ ચિન્તાઓ અને બ્હીક દૂર કરે છે; તમને નિર્ભય અને સુખી અવસ્થામાં રાખે છે અને તમને ઈશ્વરસ્વરૂપ બનાવે છે.

લગ્ન કરેલા મનુષ્યો આ ત્યાગનો સાક્ષાત્કાર શી રીતે કરી શકે? જો પતિપત્ની એક બીજાને સુખી કરવા સમ્મત થાય તો એ વાતનો આજેજ નિર્ણય થઈ જાય. જ્યાં સુધી પતિ પત્ની એક બીજાનાં તારક અથવા ક્રોઈસ્ટ થાય નહિ ત્યાં સુધી બધાં ધર્મશાસ્ત્રો બહુજ થોડું હિત સાધી શકે તેમ છે. લક્ષ આપો. જ્યારે લોકો ધાર્મિક વ્યાખ્યાનો સાંભળવા આવે છે ત્યારે તેમને સર્વનો ત્યાગ કરવાનું, તેમની સંપત્તિ અને શરીર પ્રભુનાં ગણવાનું અને તેઓ પોતે આ શરીર નહિ પણ દિવ્યતત્ત્વ રૂપે છે એમ સ્વીકારવાનું કહેવામાં આવે છે. તેમને આવો ઉપદેશ આપવામાં આવે છે અને અહીં તેઓ થોડું જ્ઞાન મેળવે છે; પણ તેઓ ઘેર જાય છે ત્યારે શું બને છે? તેની પત્ની આવે છે અને કહે છે: "મી. ફલાણા ફલાણા, મારે એક મારે સાડી જોઈએ છે," અને પેલો કહે છે કે મારી પાસે નાણાં નથી. એનો શો અર્થ? તેનું બાળક આવે છે અને કહે છે: "બાપા! ઓ વ્હાલા બાપા! અંદર આવો." તેના ઉત્તરમાં મારા પુત્ર, મારી પત્ની, મારી પુત્રી, એ પ્રમાણે આ માણસ તેમને સંબોધે છે.

આનાં આજ પુત્રી, ભગિની, સંપત્તિ, ગૃહ અને કુટુંબ, કે જે સર્વને દેવળની અંદર પ્રભુને સમર્પણ કરેલાં હતાં, તે જ્યાં ઘેર પહોંચ્યા કે તરતજ પ્રભુ પાસેથી અકસ્માત પાછાં લેવાય છે! હવે તે સર્વને "મારૂં" "મારાં" બનાવી દેવાય છે! હવે તે પ્રભુનાં મનાતાં નથી! "હે પ્રભુ, હું તારો છું, હું તારો છું. સર્વસ્વ તારૂં છે. હું તને સમર્પણ કરૂં છું." આવી ક્ષણિક લાગણીથી દેવળમાં જે મન વ્યાપ્ત થયું હતું તે લાગણીઓ ઘેર આવીને પત્ની અને બાળકોનાં મુખ જોતાંનીવારમાંજ ક્ષણમાત્રમાં વિલુપ્ત થઈ જાય છે! આ ઉપરથી તમે જોઈ શકો છો કે આધ્યાત્મિક જીવન અને કૌટુંબિક જીવન એક બીજાથી વિરૂદ્ધ જાય છે–એક બીજાથી પ્રતિકૂળ છે. જે કાર્ય દેવળમાં કરવામાં આવે છે તેને ઘરમાં આવીને રદ્દ કરવામાં આવે છે. કદાચ રદ્દ કરવાથી પણ વધારે ખોટું થાય છે, કેમકે સમય વૃથા

થાય છે. પેલી 'પેનીલોપીસ' ના જેવું થાય છે. તે આખો દિવસ ફરકી ઉપર સુતર વીંટ્યા કરતી હતી; પરન્તુ રાત્રિ પડતી એટલે પાછું વીંટેલું હોય તેટલું ઉકેલી નાખતી. તમે બધા પણ એવુંજ કરો છો. દેવળમાં જઇને તમારી આધ્યાત્મિક ઉન્નતિને પ્રાર્થનાઓ અને સ્તોત્રોમાં વીંટાળો છો, પણ ઘેર આવીને પાછું બધુંજ ઉકેલી નાંખો છો-રદ્દ કરો છો! અને એમ બેઉ પ્રકારે વૃથા સમય ખુઓ છો. જો વસ્તુસ્થિતિ આ પ્રમાણેજ ચાલ્યા કરશે તો તમારે માટે બિલકુલ આશા નથી. **જો તમારે પરમેશ્વરની મશ્કરી કરવી ન હોય અને જો તમારે તમારી પ્રાર્થનાઓ હાસ્યાસ્પદ ન કરવી હોય તો આ વિષયનો તમારે વાસ્તવિક રીતે અમલ કરવો પડશે.** તમારી આધ્યાત્મિક ઉન્નતિની આડે જે કારણ આવે છે તે તમારે દૂર કરવું પડશે. પ્રત્યેક **પત્નીને તેના પતિના તારક થવું પડશે અને પ્રત્યેક પતિને પોતાની પત્નીના તારક થવું પડશે.**

સ્ત્રીપુરૂષ પરસ્પર કહે છે કે "અરે હું તમને ચાહું છું. હું તમને ચાહું છું." આ કેવો ઢોંગ! જો તમે તમારી પત્ની અથવા પતિને ખરી રીતે વ્હાલા હો તો તમારે તેને માટે કાંઈ પણ ભોગ આપવોજ જોઇએ. જો તમે ખરી રીતે તેને વ્હાલા હો તો તમારે તેને માટે કાંઈ પણ ત્યાગ વેઠવોજ જોઈએ. પણ તમે તેમ કરો છો? ના, ના. સ્ત્રી પોતાના પતિને વશ રાખવા ઇચ્છે છે અને પતિ તેની પત્નીને જાણે તે એક તેની માલિકીનો જડ પદાર્થ હોય એમ સમજે છે. એક બીજાને પોતાનાં આશ્રિત કરવા ઇચ્છે છે. જો તમે ખરી રીતે પરસ્પર વ્હાલાં હો તો પ્રત્યેકના હિતની ઉન્નતિ કરવા તમારે પ્રયત્ન કરવોજ જોઇએ. શું ખરી રીતે તમે એ પ્રમાણે કરો છો? તમે એમ માનતા હશો કે તમે તેમ કરો છો, પણ તમારી એ પ્રકારની માન્યતામાં તમે ભૂલ ખાઓ છો. બન્ધુ! પત્ની અથવા પતિની કામવાસના પૂર્ણ કરવી એ કાંઈ તેને ખરા સુખનો અનુભવ કરાવવા જેવું નથી, બિલકુલ નહિ. જો સુખ પ્રાપ્ત કરવાનો એજ માર્ગ હોય તો સર્વ કુટુંબો સુખીજ બની ચૂક્યાં હોત; પણ શું એમ બન્યું છે? કુટુંબો સુખી છે? હજારોમાં એક પણ નહિ. તેઓ શા માટે સુખી થતાં નથી? કારણ કે એક બીજાના સુખની શી રીતે વૃદ્ધિ કરવી અને એક બીજાનું હિત શી રીતે વધારવું તેની તેમને ખબરજ નથી. તેઓ એ બાબત જાણતાંજ નથી. તેઓ એટલુંજ સમજ્યાં હોય છે કે માત્ર પશુવૃત્તિને તૃપ્ત કરવી એનું નામજ સુખપ્રાપ્તિ છે. પણ એમ એક બીજાના વિકારોનું ક્ષણિક પોષણ કરવું એ કાંઈ ખરું હિત કરવા જેવું નથી. કોઇએ કહ્યું છે કેઃ "સ્નેહજ દુઃખનું મૂળ છે." અને ઘણાખરા નવલકથાકારો, ઇતિહાસકારો તથા આ દુનિયાના લોકોનો એવોજ અનુભવ છે કે "સ્નેહ એજ દુઃખનું મૂળ છે." પણ એમ શાથી બનવું જોઇએ? શું સ્નેહમાં કોઈ પ્રકારની ભૂલ થાય છે કે જેથી પરિણામે શોક થાય છે? ના એમ નથી. તમે **સ્નેહનો જે ઉપયોગ કરો છો તેમાંજ** કાંઇક **ભૂલ હોય છે કે જેથી કરીને શોકનાં ગાડેગાડાં તમને પ્રાપ્ત થાય છે.**

હિન્દુસ્તાનના એક શાસ્ત્રમાં એક એવી કથા છે કે હિન્દુસ્તાનના પ્રસિદ્ધ તારક પ્રભુ-હિન્દુસ્તાનના ક્રાઇસ્ટ શ્રીકૃષ્ણને એક રાક્ષસ ગળી જવાની તૈયારીમાં હતો. તેમણે પોતાના હાથમાં કટાર લીધી. તેમનો કોળીઓ કરી ગળી જવામાં આવ્યા. રાક્ષસના પેટમાં ગયા પછી ...ે રાક્ષસનું પેટ વિંધી નાખ્યું. તેનું પેટ ચીરાઈ ગયું, લોહી વહ્યું અને પ્રભુ શ્રીકૃષ્ણ ...ર નિકળ્યા. આ દૃષ્ટાન્ત આબેહુબ છે! સ્નેહ શું છે? સ્નેહ એ કૃષ્ણસ્વરૂપ છે; એટલે સ્નેહ એ પ્રભુ છે. તેનો હૃદયમાં પ્રવેશ થાય છે તે. કામાસક્તિવાળા મનુષ્યના

હૃદયના આન્તરમાં પ્રવેશ કરે છે. અને જ્યારે તેને હૃદયના મર્મ ભાગમાં સ્થાન પ્રાપ્ત થાય છે ત્યારે તે ઘા કરે છે. અને પરિણામ શું આવે છે? હૃદય તૂટે છે-હૃદય ભગ્ન થાય છે. દુઃખ અને શોક એ તેનાં પરિણામ આવે છે. જગતના સર્વ સ્નેહોમાંથી જુદાઈ, નાશ, દુઃખ અને દ્વેષરૂપીજ પરિણામો આવે છે? આ પ્રકારે આ સ્નેહથી જે કાંઈ બને છે તે આ પ્રમાણે છે.

આ એક નિયમજ છે કે હરકોઈ સંસારના પદાર્થ ઉપર સ્નેહ લગાડો, હરકોઈ સંસારના પદાર્થને તેની પોતાની ખાતર ચ્હાવાનું શરૂ કરો, એટલે પ્રભુ શ્રીકૃષ્ણ તમારી અન્દર પ્રવેશે છે અને તમને જખમ કરે છે. હૃદય ચિરાઈ જાય છે. તમે શોકાન્વિત થાઓ છો અને તમે બબડો છો. તમે બૂમ મારો છો કે "અરે! આ સ્નેહ ઘણો નિર્દય છે, તેણે મને બહુ દુઃખી કરી નાખ્યો છે."

આ એક દૃઢ નિયમજ છે કે **હરકોઈ મનુષ્ય આ સંસારમાંની અમુક વ્યક્તિ અથવા અન્ય પદાર્થ ઉપર મોહ રાખે છે તો પરિણામે તેને દુઃખ થશેજ.** કાં તો તે મિત્ર અથવા પદાર્થ તેની પાસેથી લઈ લેવામાં આવશે, અથવા તો તે બેમાંથી એક મૃત્યુવશ થશે કે તે બન્નેની વચ્ચે અણબનાવ થશે. આ એક અનિવાર્ય નિયમ છે. બરાબર લક્ષ રાખી શ્રવણ કરો અને આ દૃઢ નિયમને તમારા હૃદયમાં ઉંડો ઉતરવા દો. તેને તમારા મનમાં પ્રવેશવા દો. પુનઃ શ્રવણ કરો કે જ્યારે મનુષ્ય સંસારના પદાર્થો ઉપર મોહ રાખે છે, જ્યારે તે અમુક પદાર્થને તેની પોતાની ખાતર ચ્હાવું શરૂ કરે છે, જ્યારે **મનુષ્ય તે બાહ્ય પદાર્થમાંથી સુખ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે ત્યારે તે છેતરાશેજ.** તે માત્ર ઇંદ્રિયોમાં પોતાને અન્ધ થયેલો જોશે. **સંસારના પદાર્થો ઉપર મોહ રાખીને તમે સુખ પ્રાપ્ત કરી શકો નહિ.** આ એક નિયમ છે. **તમારા સંસારના હરકોઈ મોહનું પરિણામ હૃદય ભગ્ન થવામાંજ આવશે.** બીજું કાંઈ નથી. **કરોડાધિપતિમાં શ્રદ્ધા રાખશો નહિ, પ્રભુમાંજ આસ્થા રાખો.** આ અને પેલા પદાર્થમાં શ્રદ્ધા રાખશો નહિ; પ્રભુમાંજ-તમારા નિજાત્મામાંજ-સ્વસ્વરૂપમાંજ શ્રદ્ધા રાખો. **સંસારના મોહરૂપી એન્જીનની પાછળ દુઃખનાં ગાડેગાડાં સંકળાયલાં છે.** જ્યાં એ મોહને પ્રવેશવા દીધો કે એ બધાંજ વેગનો તે ઠેકાણે ઠલવાઈ પડશે. **દુનિયાનો મોહ એ મૂર્તિપૂજા છે.** જેમ ધાતુ ઈત્યાદિની સુંદર મૂર્તિઓ, ચિત્રો વગેરે હોય છે તેમ આ શરીરો પણ ચિત્રો અને મૂર્તિઓજ છે. તમે અમુક ચિત્રને તેની પોતાની ખાતર ચ્હાવાનું શિખો છો ખરા, પણ જેનું તે ચિત્ર છે તેની તો અવગણના કરો છો? ત્યારે કહો કે તમે માત્ર મૂર્તિનીજ પૂજા કરતા નથી?

ધારો કે તમારી પાસે તમારા એક મિત્રની છબિ છે. તમે તે છબિને તમારી પાસે રાખો છો, તમે તે ચિત્રને ચાહો છો, લાડનો વર્ષાદ વર્ષાવો છો, તેની ઉપર સર્વ પ્રેમ અર્પણ કરો છો, અને એટલો બધો પ્રેમ કરો છો તોપણ જ્યારે તે જેની છબિ છે તે મનુષ્યજ ખુદ તમારે ત્યાં આવે છે ત્યારે તો તમે તેની કશીજ પર્વા કરતા નથી! અરે! ઉલટા તમે તેનું અપમાન કરો છો! શું એ વાસ્તવિક છે? શું એ મિત્ર પોતાની છબિ તમારી પાસે રહેવા દેશે? ના, ના, તમે તેનું સ્મરણ કરો તે માટેજ તેણે તો પોતાની છબિ તમને આપી હતી. તમને તેનું વિસ્મરણ થાય અને ખુદ તેની પોતાની અવગણના કરો તે માટે તેણે પોતાની છબિ તમને આપી ન હતી. ખુદ તેની પોતાની અવગણના થઈને

તેની છબિ માત્રનીજ પૂજા થવી જોઇએ નહિ. છબિને માત્ર છબિને ખાતરજ ચ્હાવી એનું નામ મૂર્તિપૂજા છે. તમારે તો પ્રભુને, તે છબિના સ્વામીનેજ-માલીકનેજ ચ્હાવાનું હતું અને તેજ પ્રમાણે આ દુનિયાના સર્વ પદાર્થો, એ બીજું કશુંજ નહિ પણ એ પ્રભુનાંજ ચિત્રો અને ચિહ્નો છે. પતિ અને પત્નીઓ આ ચિત્રોનાંજ ભોગ થાય છે. તેઓ મૂર્તિપૂજાનાંજ ગુલામ થઈ જાય છે. તમારૂં બાઈબલ (ધર્મશાસ્ત્ર) કહે છે કે તમારે પ્રભુની પ્રતિમા અથવા છબિને સ્વીકારવી જોઇએ નહિ. તમારે મૂર્તિપૂજા કરવી જોઇએ નહિ. 'મૂર્તિપૂજા' ના આ નિષેધથી એમ કહેવામાં આવ્યું નહોતું કે તમારે આ મૂર્તિઓની પૂજા કરવી નહિ, પણ તેનો અર્થ એ હતો કે આ સ્થૂલ મૂર્તિઓ પોતેજ મૂળ વસ્તુ છે એમ સમજી લઈ તેને પૂજવી નહિ.

હિન્દુસ્તાનમાં એક કબ્રસ્તાનમાં રામે એક કબર ઉપર નીચેનો સ્મરણોલ્લેખ વાંચ્યોઃ—

"અહીં એક બાળક કે જે મારા હૃદયની મૂર્તિ હતું તે સૂતું છે. જો વિવેકી પ્રભુએ આ ન્યાયપૂર્વક કર્યું છે તો અમારે વિખુટાં થવું એ આવશ્યકજ હતું."

આ એક સ્ત્રીએ લખ્યું હતું. તે સ્ત્રી આ બાળકની મૂર્તિપૂજાજ કરતી હતી. કેમકે બાળકનું જે મૂળ સત્ય સ્વરૂપ હતું તેના કરતાં તે બાળકનું શરીર કે જે ખરી રીતે તેનું ચિત્રજ હતું તેને વધારે અગત્ય આપતી હતી. તે બાળક લઈ લેવાવું જોઇએ, એ નિયમજ છે-એ કાયદો છે. જો તમે એવાં ચિત્રોનો ખરો ઉપયોગ કરશો તોજ તે તમારી પાસે રહેશે; અને તેનો દુરૂપયોગ કરશો તો કલેશ, શોક, ચિન્તા અને ત્રાસજ થશે. જો આપણે મૂળ સ્વરૂપને તેની છબિ કરતાં વધારે ચાહીએ તોજ આપણે તેની છબિને આપણી પાસે રાખી શકીએ અને નહિ તો કદાપિ નહિ. એ ઇશ્વરી નિયમ છે.

દરેક કુટુંબમાં ત્યાગનો અનુભવ કરવાનો આજ માર્ગ છે.

હવે એ વધારે વિસ્તારથી સમજાવાશે. ધારો કે તમે એક મનુષ્ય, સ્ત્રી, ગૃહસ્થ અથવા સન્નારી, દેવ અથવા દેવી છો, અને તમારા સ્નેહનું એક પાત્ર છે. તમને તે પાત્ર તરફ શા વસ્તુથી મોહ, લાલચ અને આકર્ષણ થાય છે ? તે આકર્ષણ તેનું શરીર, તેની ત્વચા, તેનાં નેત્રો, નાસિકા, કર્ણ વગેરે પ્રત્યે છે ? ના, ના, બિલકુલ નહિ. એવી નશ્વર સ્થૂલ વસ્તુનાં ગુણ ગાયા કરવાનું પેલા કવિઓ પાસેજ રહેવા દઇ તેમના કરતાં તમે જરા વધુ વિવેકી અને સમજુ થાઓ. તમે એ બાહ્ય અંગોથી આકર્ષાતા નહિ. જો સ્નેહનો વિષય એજ હોય ને એ અંગોમાંજ ખરી મોહકતા હોય, તો જ્યારે શરીર પ્રાણરહિત થાય છે ત્યારે પણ તેઓ આકર્ષક રહેવાંજ જોઇએ; અને એ સ્થિતિમાં પણ તમે તેના તરફ આકર્ષાવા જોઇએ પણ તેમ બનતું જણાતું નથી. ત્યારે હવે એ મોહકતા શામાં છે ? આ મોહ અને આકર્ષણ શાથી થયું ? એનું કારણ એ શરીરમાં રહેલો તે જીવ, તે આન્તર જીવન, તે આન્તર શક્તિ અથવા તે અન્તરાત્માજ છે, બીજું કાંઇ નથી. દરેકનાં નેત્રોદ્વારા તમારી સાથે જે વાત કરે છે તે એ અન્તરાત્માજ છે. એ **અન્તરાત્માની પ્રતિમા, ચિત્ર અને પોશાક દાખલાજ આ સ્થૂલ શરીર છે.** તે પોશાકને જે પહેરે છે તે પહેરનાર અન્દર રહેલા સત્ય આત્મા કરતાં તે પોશાકને વધારે ચ્હાશે નહિ. હવે મનન કરો એટલે તમે સમજશો.

કેટલાક લોકો બીજાઓ કરતાં વધારે આકર્ષક હોય છે અને તેમનામાં વધારે પ્રતિભા શક્તિ હોય છે. જે વિષય વિષે વાત કરવાની રીતિ નથી તે વિષયને 'રામ' ચર્ચે તો તેને

ક્ષમા કરશો. જે વિષય આપણા હૃદયના પણ હૃદયમાં હોય છે અને જે આપણને અત્યંત રસિક લાગે છે તે પ્રત્યે તો આપણે લક્ષજ આપતા નથી. એ નવાઈ જેવું છે. આ વિષય રહસ્યોજ અગત્યનો અને ખરી રીતે તમારી સાથે સંબંધવાળો છે તેથી, તેમજ બીજા લોકો એ વિષયને ચર્ચતા નથી તેથીજ 'રામ' તેની ચર્ચા કરે છે.

વારૂ, એ પ્રતિભાશક્તિ ક્યાંથી આવે છે ? એ પ્રતિભા, એ મનોવૃત્તિ અને એ ચંચલતા તે શું છે ? શાથી છે ? શું તે નેત્ર, કર્ણ કે નાસિકાથી છે ? ના, નેત્ર કર્ણ વગેરેમાં તો તે માત્ર દૃશ્ય થાય છે એટલુંજ. ક્લીઓપેટ્રા, પેલી ઇજીપ્તની છોકરી ક્લીઓપેટ્રા, પેલી આફ્રીકાની હબસી છોકરી કે જેણે પેલા શહેનશાહ માર્ક ઍન્ટોનીને લલચાવીને મોહવશ કર્યો હતો, તે એ પ્રતિભાને લીધેજ હતું. એ પ્રતિભા તમારી અન્દર રહેલી દિવ્યતામાંથીજ આવે છે. બીજા કશામાંથી આવતી નથી. તે સ્ફૂર્તિ, બળ અથવા ગતિ શાથી છે ? લક્ષ આપો. તમે ડુંગર ઉપર ચઢી શકો છો, તમે ઉંચા પર્વતો ઉપર ચઢી શકો છો, તમે એક સ્થળેથી બીજા સ્થળે જ્યાં ઈચ્છો ત્યાં જઈ શકો છો, પણ જ્યારે શરીર મૃત્યુ પામે છે ત્યારે તેનું શું થાય છે ? ત્યારે તે ગતિ, તમારો તે અન્તરાત્મા કે જે તમને આટલી ઉંચાઈએ લઈ જતો હતો તે હવે તે પ્રથમની પેઠે તેમ કરતો નથી. જે સ્નાયુઓને ગતિ આપે છે, વાળ ઉગાડે છે અને તમારી રક્તવાહીની નસોમાં લોહી વહાવે છે એવું આ શરીરમાં કોણ છે ? શરીરના અવયવોને સ્ફૂર્તિ, ગતિ અને બળ આપે છે તે શું છે ? તે એક સર્વવ્યાપક શક્તિ, એક સર્વવ્યાપક દિવ્યતા અથવા સર્વવ્યાપક પ્રભુજ છે, અને તે તમે પોતેજ છો. વસ્તુતઃ તમેજ તે સર્વવ્યાપક શક્તિ, સર્વવ્યાપક પ્રભુતા અને તે આત્મા છો. જ્યારે કોઈ મનુષ્ય મરી જાય છે ત્યારે કેટલાક માણસોને તેને સ્મશાનમાં અથવા કબ્રસ્તાનમાં ઉંચકી લઈ જવો પડે છે; પણ જ્યારે તે જીવતો હતો ત્યારે ઘણા પોંડનું તેનું ભારે શરીર ઘણે ઉંચે, ઉંચા પર્વતો ઉપર કોણ લઈ જતું હતું ? એ જે કોઈ અદૃશ્ય અને અવર્ણનીય વસ્તુ છે તે તમારી અન્દર રહેલી દિવ્યતાજ છે, તેજ સર્વમાં રહેલો પ્રભુ છે. સર્વ વસ્તુઓને ગતિ અને શક્તિ તેજ આપે છે. તે પ્રભુને લીધેજ પ્રત્યેક મનુષ્યની ગતિમાં પ્રતિભાશક્તિ હોય છે. જ્યારે એક મનુષ્ય નિદ્રાવશ હોય ત્યારે તેના નેત્ર જોતાં નથી અને કર્ણ સાંભળતાં નથી. એમ શા માટે ? કારણ કે તે દિવ્યતા અથવા અન્તર જેવી રીતે પ્રથમ સત્તાસ્ફૂર્તિ આપતો હતો તે પ્રમાણે હવે આપતો નથી. નેત્રદ્વારા જે જુએ છે તે એ અન્તરાત્માજ છે. જેનાવડે શ્રોત્ર સાંભળે છે તે એ અન્તરાત્માજ છે. જેનાવડે નાસિકા વાસ લે છે તે એ અન્તરાત્માજ છે; અને સ્નાયુઓને જે બળ આપે છે તે પણ એ અન્તરાત્માજ છે. સર્વ હૃદય પ્રતિભાઓનો સાર અથવા રહસ્ય એ અન્તરાત્માજ છે. એ સ્મરણમાં રાખો. એ લક્ષમાં રાખો. જ્યારે તમે કોઈ મનુષ્યના સામું જુઓ છો ત્યારે તે પણ તમારા સામું જુએ છે. એ કોણ છે ? તે અન્તરાત્માજ છે. બહારનાં નેત્રો, ત્વચા, કર્ણ વગેરે તો માત્ર તેનાં આચ્છાદનજ છે, એ તો માત્ર તેનો બહારનો પોષાકજ છે. બીજું કાંઈજ નથી.

હવે જ્યારે આ જગતના લોકો પદાર્થોની તૃષ્ણા અને સ્નેહ કરે છે ત્યારે તેઓ ખરો અન્તરાત્મા કે જે શરીરરૂપી પોષાક અને આચ્છાદનદ્વારા પ્રકાશે છે તેના કરતાં પોષાક અથવા આચ્છાદનનેજ વધારે ચ્હાય છે. આ પ્રમાણે તેઓ અન્દરના સત્ય સ્વરૂપ રૂપી વસ્તુ કરતાં તેની મૂર્તિ અથવા આચ્છાદનનીજ વધારે પૂજા કરે છે તેથીજ તે લોકો આ જગતનું પાલક

પરિણામ ભોગવે છે. આ પ્રમાણે હોવાથી એ મૂર્તિ-આચ્છાદનથી પર થાઓ, તેથી પર થઓ અને પ્રત્યેક પતિ પત્ની એક બીજામાં પ્રભુતા અનુભવવાનો પ્રયત્ન કરો. એક બીજામાં રહેલ એ અન્તરાત્માને જુઓ અને એ અન્તરાત્માનીજ પૂજા કરો.

આમ કરવાથી પ્રત્યેક વસ્તુ તમને દૈવીજ લાગવી જોઇએ. પત્ની નરકના દ્વારને બદલે પતિને પ્રભુનો સાક્ષાત્કાર કરવાના દર્પણરૂપજ થઇ પડવી જોઇએ. પતિ પણ નરકના દ્વારને બદલે પત્નીને પરમાત્મદર્શન કરવાના દર્પણરૂપજ થઇ પડવો જોઇએ.

પરંતુ આ પતિ અથવા પત્ની પોતાના સાથીને આ સાક્ષાત્કાર-આ દિવ્યતા શી રીતે પ્રાપ્ત કરાવી શકે ?

જો સ્ત્રીને પોતાના પતિના તારક થવું હોય તો પહેલાં તેણે તેને સર્વ પ્રલોભનોમાંથી ઉદ્ધારવો જોઇએ. જો તેનું લગ્ન થયું ન હોય તો દરેક પ્રકારનાં પ્રલોભનોનું બલિદાન થવાને તે પાત્ર હોય છે. સુકાન વિનાના મછવાને જેમ પવન અને તોફાન ગમે તે દિશામાં ખેંચી જાય છે તેમ જ્યાં સુધી મનુષ્ય કુંવારો હોય છે ત્યાં સુધી તે અસ્થિર હોઇ દરેક જાતનાં કષ્ટો તેને સહન કરવાં પડે છે. સૌથી પ્રથમ તેની સ્ત્રીજ બધાં પ્રલોભનોમાંથી તેને બચાવે તેમ હોય છે; પણ સામાન્ય સ્ત્રીઓ પોતાના પતિને આવાં પ્રલોભનોમાંથી બચાવવાને બદલે ઉલટી તેઓ પોતેજ પ્રલોભન કરાવનારી થઇ પડે છે. કોઇ એક મનુષ્ય પોતાનું બધું દ્રવ્ય આપી દઇને તે બધા દ્રવ્યની એક નોટ ખરીદે તેના જેવુંજ આ પણ છે, કેમકે આવો મનુષ્ય બીજાં પ્રલોભનોમાંથી મુક્ત થાય છે; પણ હવે આ એક પરતંત્રતા તો આગળની બીજી બધીજ નામોશીઓ કરતાં વધારે હોય છે. પહેલાંનાં અનેક પ્રલોભનોનો તે ભોગ થતો નથી, પણ આ એક પ્રલોભન અથવા નામોશીજ તેને માટે ભારે થઈ પડે છે.

આ તો એક ઘોડો એક મનુષ્ય પાસે પોતાનું રક્ષણ કરાવવા આવ્યો હતો તેના જેવું છે. તમે જાણો છો કે પ્રથમ એક સમય એવો હતો કે મનુષ્યો પણ અરણ્યમાં વસતાં હતાં અને ઘોડા પણ અરણ્યમાં વસતા હતા. જેમ હાલ રહે છે તે પ્રમાણે સાબરો અને હરણો પણ જંગલમાંજ વસતાં હતાં. એક વખતે એક સાબરની સાથે લડાઇમાં એક ઘોડો હાર્યો. સાબરે તેના સાબરશિંગાવડે તેને જખમી કર્યો. ઘોડો મનુષ્ય પાસે મદદ માગવા આવ્યો. મનુષ્યે કહ્યું: “ ઠીક છે, હું તમને મદદ કરીશ, મારા હાથમાં બાણ છે. તમે મને તમારી પીઠ ઉપર લઇ જાઓ, એટલે હું તમારી સાથે આવીશ અને તમારા દુશ્મનનો નાશ કરીશ.” પછી તે મનુષ્ય ઘોડાની પીઠ ઉપર સ્વારી કરીને અરણ્યમાં ગયો અને સાબરને મારી નાંખ્યું. તેઓ વિજયી થઇને ઘેર આવ્યા. હવે ઘોડાને જવાની ઇચ્છા થઇ. ઘોડાએ મનુષ્યનો ઉપકાર માન્યો અને કહ્યું: “ વ્હાલા સાહેબ ! હું તમારો ઉપકાર માનું છું. હવે મારે તમને છોડવા પડશે. ” મનુષ્ય તેની નજીક ગયો અને કહ્યું: “ અરે ઘોડા, ઘોડા, તમારે ક્યાં જવું છે ? તમે કેટલા ઉપયોગી છો તે હવેજ મને સમજાયું છે, અને તેથી હવે હું તમને જવા દઇશ નહિ. તમારે મારા નોકર-મારા ગુલામ થવું પડશે. ” ઘોડો આ પ્રમાણે હરણ, સાબર અને જંગલનાં બીજાં પ્રાણીઓથી રક્ષિત થયો ખરો, પણ તેણે પોતાની સ્વતન્ત્રતા તો ગુમાવીજ. જે ગુલામી તેના વિજયના પરિણામ તરીકે મળી તે તેને થયેલા લાભ કરતાં વધુ નુકસાનકારકજ થઇ પડી.

પરણેલા મનુષ્યનું પણ આજ પ્રમાણે થાય છે. લગ્ન પછી જો કે ઘણાં પ્રલોભનોમાંથી તે બચે છે, પણ પોતાની સ્ત્રી તરફથી જે ગુલામી અથવા પરતન્ત્રતા તેને પ્રાપ્ત થાય છે તેનું

પ્રત્યેક જણ પોતે મનુષ્યે પેદા કરેલ. સ્વાતંત્ર્ય જેવુંજ લિખે છે.

હવે સ્ત્રી મનુષ્યની ગુલામ શી રીતે થઈ શકે? તે વિષયમાં આપણે જોઈએ. જે કેટલીક ભાવનાઓ તેને જણાવે છે કે સ્વદેશ સુધી તે ખરું સ્વાતંત્ર્ય છે. પણ બીજી વાત એ છે કે તેણે મનુષ્યને ગુલામ બનાવવો જોઈએ નહિ. (જ્યોર્જ કહે છે કે જે કેદીને પીંજરામાં પૂર્યું છે, પણ જો તેણે બંધન નહિ કરે તો તેનો ગુલામ બનશે) આમ શી રીતે બને? પત્નીએ પોતાના પતિને ગુલામ બનાવવો જોઈએ નહિ અને તેના પતિએ તેને આશ્રિત બનાવવી જોઈએ નહિ. હવે આ બાબતું ખરેખર છે. જો આ પ્રમાણે બને તેજ સર્વ પ્રકારની આઝાદી, કલ્યાણ છે અને નહિ તો કોઈ આશા નથી. આ વાત તમારા હૃદયમાં આવેલ દાખલામાં આવવી જોઈએ. કદાપિ વ્યવહારમાં આવતી નથી, પણ તે સત્ય છે. તમે જાણો છો કે ક્રાઇસ્ટને મનુષ્ય જાતનો ત્રાતા ઓગણીસમાં આવ્યો હતો અને એમ મનાતું હતું કે તે આખા વિશ્વને તારશે, તે બધાં પાપ પોતે માથે લઈને પૂર્ણ ઉપર ચઢેલું કહ્યો. પણ તમારા બધાં અન્યત્ર અને વેદ, છતાં પણ જગત પ્રમાણ જેવુંજ અપાર અવસ્થામાં છે. આનું શું કારણ? કારણ એજ કે હજી આત્માનું કારણ જાણ પડેલું નથી. ત્યાં આ પ્રમાણે નાસ્તિ ક્રિયામાત્ર છે. જ્યા સુધી પત્ની પતિનું ખરું રાજ ઈચ્છતું અને પતિ પત્નીનું રાજ ઈચ્છતું માને તે નહિ ત્યાં સુધી ધર્મની ઉન્નતિ કદાપિ થઈ શકે નહિ.

તમે જાણો છો કે આ જમાનો જ્ઞાન અને વિજ્ઞાનનો છે. કોઈ પણ ધર્મનો ઉપદેશ હવે સાધારણ પીરસી આપીને વિજ્ઞાન થવું જોઈએ. અરે ક્રિશ્ચિયનો! અરે હિન્દુઓ! અરે મુસલમાનો! જો તમે જગતનું કલ્યાણ ખરેખર કરવાને ઈચ્છતા હો, જો તમે મનુષ્ય જાતના દુઃખોનું નિવારણ કરવા ઈચ્છતા હો તો તમારે આ બાબત ઉપર ધ્યાન આપવું જોઈએ. તમારે લગ્ન સંબંધીનું રહસ્ય બરાબર રીતે પ્રતિપાદન કરવું જોઈએ. તમારે પ્રત્યેક ભગતો અને સાગુરુના મનમાં અવશ્ય ઉતારવું જોઈએ કે "પોતાના પતિ અથવા પત્નીના તારક થવાનું મુખ્ય કર્તવ્ય તેઓ દરેકને શિર રહેલું છે. આ કર્તવ્ય બજાવવાને દરેક સ્ત્રી પુરુષ બંધાયેલા છે." આ આપણું અનિવાર્ય કર્તવ્ય છે. આ કાર્ય કેવી રીતે થઈ શકે? જો સ્ત્રી પોતાના પતિને ગુલામ બનાવવા ન ચ્હાય અને પતિ પોતાની સ્ત્રીને તાબેદાર કરવા ન ચ્હાય તોજ એ શક્ય બની શકે. તમે સર્વ રીતે સ્વતંત્ર થાઓ, એટલે તમે મુક્ત થાઓ. આ નિયમ છે. "આઘાત અને પ્રત્યાઘાત સરખા અને સામસામા હોય છે." તેને (સ્ત્રીને) તમારે આધીન કરો, તમારી ગુલામ કરો અને તેમ કરવા જતાં તમે પણ તેના ગુલામ બનશોજ. અરે! આ ઘણું કડવું વ્યાખ્યાન છે. આ વાત હમેશાં અરુચિકર અને ત્રાસદાયક જ લાગે છે. ક્રાઇસ્ટે આ ત્રાસદાયક સત્યનો ઉપદેશ કર્યો તેથી તેને દુઃખ દેવામાં આવ્યું હતું અને તેને વધસ્તંભ ઉપર ચઢાવ્યો હતો. સૉક્રેટીસ બહાર આવ્યો અને તેને પણ ઝેર આપવામાં આવ્યું. લોકોએ સત્યનો કદાપિ આનન્દથી સત્કાર કર્યોજ નથી. આ ઉચિત દુઃખદાયક લાગે છે પણ ખરી રીતે એમજ છે. એ બરાબર લક્ષમાં રાખો.

એક મનુષ્યના હાથમાં બાજની ડોકે બાંધેલા દોરડાનો છેડો છે. તે એમ માને છે કે બાજ તેનો નોકર-ગુલામ છે; પણ જેટલા અંશે તે બાજ તેનો ગુલામ છે તેટલેજ તે મનુષ્ય પણ બાજનો ગુલામજ છે. તે બાજનો માલીક છે એમ કહેવાનો તેને શો હક છે? એજ કે બાજ તેની પાસેથી જઈ શકતો નથી. હવે જરા ધ્યાન આપો. બાજ તેની પાસેથી જઈ

શકતો નથી એજ કારણ એમ માનવામાં હોય તો, અમે કહીએ છીએ કે તે મનુષ્ય પણ બળદને મૂકીને જઇ શકતો નથી! બળદ તેની પાસેથી જતો નથી તેનું કારણ એજ કે તે બળદને તજતો નથી. જો તે પોતે છૂટો હોત તો તે બળદ પણ તેનો ગુલામ ન થાત! આ નિયમ છે.

તમે જુઓ છો કે યૂરોપ, અમેરિકા, જાપાન, હિન્દુસ્તાન અથવા બીજા દેશોમાં ઘણું ખરૂં બધાંજ કુટુમ્બો દુઃખી છે. શું એ સાચું નથી? તેઓ કહે છે ખરા કે "સુખી કુટુમ્બ! સુખી કુટુમ્બ!" પરંતુ કેવો ઢોંગ! તેમનું એ સુખ તે માત્ર નામનું, કહેવાનું અને સ્વપ્ન જેવુંજ છે. આ લોકો અને કુટુમ્બો શાથી દુઃખી છે? શું આ કુટુંબો સુખી થાય એવું તમે તમારા અંતઃકરણપૂર્વક ઇચ્છતા નથી? જો તમે સુખની આશા રાખતા હો તો તે માટે તમારે ઉત્સુક પણ થવું જોઇએ. તમારા ગૃહને એક મોટા ફારસરૂપ બનવા દો નહિ. કારણ શોધી કહાડવા પ્રયત્ન કરો. તીવ્ર અને સાચી ઉત્સુકતા રાખો, કારણની તપાસ કરો. નિરીક્ષણ કરો એટલે તમને જણાશે કે કુટુમ્બના કલેશનું અને ઐક્યની ખામીનું કારણ માત્ર એકજ છે. તે એજ કે "કુદરતના નિયમોનું અજ્ઞાન." મનુષ્યો અજ્ઞાનરૂપી અસુરથી ઘેરાયેલા છે. કુદરતની શી સંકલના છે અને વિકાસની ગતિ કઇ દિશાએ જાય છે તે તેઓ જાણતા નથી. તેની તેમને ખબર નથી. 'રામ' તમને કહે છે કે વિકાસની ગતિ અને કુદરતનું કામ એ છે કે સર્વ મનુષ્યોએ પગથીએ પગથીએ ધીમે ધીમે ઉપર ચડવું જોઇએ, અને અન્તરાત્માના સાક્ષાત્કારની નજીક પહોંચવું જોઇએ. જગતની બધી દેખાતી વસ્તુઓ ગતિમાન છે. તેમનો માર્ગ-તેમની ગતિ તે તરફજ છે. પ્રત્યેક મનુષ્યે પોતાના અંતરાત્માનો સાક્ષાત્કાર કરવો જોઇએ, અને સાક્ષાત્કાર કરીને પૂર્ણાત્મારૂપ-પૂર્ણ અનન્તતારૂપ બનવું જોઇએ. લોકો આનો સાક્ષાત્કાર કરતા નથી તેથીજ અસ્તિત્વ (જીવન) માટે આ બધાં તરફડીયાં તેમને મારવાં પડે છે અને સુખીને બદલે દુઃખી જીવન તેમને ગાળવું પડે છે.

તમારા પતિ અથવા પત્નીની સાથે તમારો સંબંધ એવો રાખો કે તમારી ઉન્નતિ તે સત્યના માર્ગ તરફ થાય અને તમે કુદરતના ધોરણ સાથે અનુકૂળ રહી શકો. કુદરતનું ધોરણ અને પરિણામ માત્ર મુક્તિ, મુક્તિ અને મુક્તિજ છે. તમારી પત્નીને તમારી તાબેદારીમાંથી સ્વતંત્ર બનાવો અને તમે પોતે પણ સ્વતંત્ર થશો. પણ ત્યારે શું એનો અર્થ એ છે કે બધા સંબંધો એકદમ તોડી નાખવા જોઇએ, અને પ્રત્યેક સ્ત્રી પુરૂષે એક બીજાથી જુદા પડી જઇ સ્વતંત્ર થવું જોઇએ? ના, એમ બિલકુલ નથી. એ રીતે સ્વતંત્રતા મળી શકતી નથી. એમ કરવું એ તે ઉલટું બંધનરૂપ છે. તમારા સાથીને "મુક્ત" કરવાનો અર્થ એજ છે કે તમારે તેને તમારા શરીર પ્રત્યે આધાર અને આસ્થા રાખવાને બદલે, તેના અંતરથી અંતરના પ્રદેશમાં રહેલા અન્તરાત્મા ઉપર આધાર અને આસ્થા રાખતાં શિખવવું જોઇએ. જ્યારે તમે તેને અથવા એ તમને ચહાય છે ત્યારે તે અથવા તમે પરસ્પરમાં રહેલા તે અન્તરાત્માનેજ ચાહો છો; એવી સમજણપૂર્વકજ તે આનન્દ રહેવી જોઇએ. સર્વ કહે છે કે તેઓ જીસસ ક્રાઈસ્ટને અથવા શિવ, વિષ્ણુ, મહમદ કે જરથોસ્તને માને છે, પણ 'રામ' કહે છે કે તમારે તમારી પત્નીને અને પત્નીએ પતિને માનવાં જોઇએ. 'રામ' કહે છે કે તમારા સાથીના એ માંસના દેહમાં શ્રદ્ધા રાખો નહિ, પણ તેની અંદરના અન્તરાત્મામાં શ્રદ્ધા રાખો. તમારે આ બાહ્ય માંસ અને ચામડીને તો પડદા તરીકે માનવે જોઇએ કે જે પડદો કંઇક પવિત્ર છે, જેમાંથી તે દૈવત તેના અંતર

પ્રદેશમાં રહેતા અંતરાત્માને આ બહારની ખુબસુરતી અને પ્રતિરૂપે તમે
મોહિત થાવો છો.

તમારા મનને કલ્પના કરવા દો કે એકાદ પક્ષી એક ઝુડની ડાળ ઉપર
તે નમી જતી-ડોલતી ડાળી અનુભવે છે, છતાં પણ જરાએ ભય આપ્યા સિવ
કલ્લોલ કર્યા કરે છે. એ શાથી ? તે સમજે છે કે તેની પાસે ઉડવાની પાંખો
તેથીજ ડાળી આમ તેમ ઝુલવા કરવા છતાં પણ તે પક્ષી બીતું નથી. બહાર
ડાળ ઉપર બેઠેલું હોય છે અને જણાય છે ખરૂં, પણ તેના મનથી-ખરી રીતે
પાંખ ઉપરજ બેઠેલું હોય છે. તેનો આધાર-તેની શ્રદ્ધા તે ડાળ ઉપર નહિ,
પાંખો ઉપરજ છે.

એજ પ્રમાણે જ્યાં તમે હો ત્યાં તમારાં સ્ત્રી પુત્રાદિ ઉપર તમને ગમે તે
હોય તોપણ તેમનાં શરીરોપર આધાર રાખશો નહિ. તમારાં હૃદય ત્યાંજ
નહિ. તમારૂં હૃદય તેમના અન્તરાત્મા ઉપરજ રહે તેટલા માટે તેને તે અ
ખુમાંજ પરોવો. તમે પોતે આ પ્રમાણે વર્તો અને તમારાં સ્ત્રી પુત્રાદિ
જ પ્રમાણે વર્તાવો. આમ કરવાથીજ તેઓ તમારાથી સ્વતંત્ર થશે
મનાથી સ્વતંત્ર થશો. આમાં કોઈને પરાધીનતા રહેતી નથી. દરેકને પૂર્ણ
મુક્તિ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે પ્રત્યેક અમેરિકન અથવા હરકોઈ મનુષ્ય
થઈ તેમ છે.

વ્યાખ્યાનનો ખરો રસવાળો ભાગ હવેજ આવે છે. એક સ્થળે એક ઘણી સુંદ
રેખામાં આવી. તે છબિ અગર પ્રતિકૃતિમાં એક સુંદર કોચ હતો અને તે કોચ ઉપર
પાસેની ગાદી તકીઆ પડેલા હતા. તે કોચ ઉપર એક સુંદર મનોહર રાણી સુતેલી
બાજુની એક બાજુએ બાળકો બેઠાં હતાં અને રાજા ખુરસીપર બેઠેલો હતો. આ એક
સુંદર, આકર્ષક અને ભવ્ય ચિત્ર હતું. રાણી ઘણી માંદી-મરણ પથારીએ હતી. તેનો
મુખ પર આંસુ ટપકાવતો હતો અને તેનાં પુત્ર પુત્રી સર્વે રોદન કરતાં હતાં. આવું સુંદર
તે રાખવાની તમને ઇચ્છા થાય છે ? અરે ! ખરેખર તમારામાંના દરેકને ઇચ્છા થાય તે
હતું. તે જોવું તો મઝાનું હતું-એમાં એવી તો ખુબી હતી કે તેને જોયું હોય તો
હોય. હવે આ પ્રમાણે તે ચિત્રને ખરીદવાનું તમને બહુજ ગમશે ખરૂં. પણ તેમાં ચિત
રાણીની મૃત્યુ પામતી રાણી થવાની તમને ઇચ્છા થશે ?-જવાબ આપો. કે તે રાણી થવા
ગમશે ? તે રાણી બહુજ ધનવાન અને ઉત્તમ વસ્ત્રાભૂષણો તથા અમૂલ્ય પલંગ
ધરાવતી હતી ખરી, પણ તે અસાધ્ય વ્યાધિને વશ હતી. વળી તમને પેલો રોદ
રાજા અથવા આક્રન્દ કરતાં બાળકો થવું પણ ગમશે ખરૂં ? નહિજ, જરાએ નહિ.
બેસવાનું તમને બહુ ગમશે, પણ એમાંના કોઈ પણ દુઃખી પાત્ર જેવા બને
જરાએ નહિજ ગમે.

જ પ્રમાણે વેદાન્ત પણ તમને તમારા કુટુંબમાં-તમારા ઘરમાં પ્રભુની પેઠે સાક્ષી
રહેવાનું-અથવા પ્રભુની પેઠે મોહરહિત અને કોઈ પણ પ્રકારની આસક્તિ અથવા
ચિન્તા થઈને રહેવાનું કહે છે. તમારા મનને હમેશાં શાન્ત અને આસક્તિરહિત
મારાં હૃદય અને બુદ્ધિને હમેશાં અન્તરાત્મામાં સ્થિર કરો અને એ ચિત્રને જેવું

શકતો નથી એજ કારણ એમ માનવામાં હોય તો, અમે કહીએ છીએ કે તે મનુષ્ય પણ બળદને મૂકીને જઇ શકતો નથી! બળદ તેની પાસેથી જતો નથી તેનું કારણ એજ કે તે બળદને તજતો નથી. જો તે પોતે છૂટો હોત તો તે બળદ પણ તેનો ગુલામ ન થા આ નિયમ છે.

તમે જુઓ છો કે યૂરોપ, અમેરિકા, જાપાન, હિન્દુસ્તાન અથવા બીજા દેશોમાં ખરૂં બધાંજ કુટુમ્બો દુઃખી છે. શું એ સાચું નથી? તેઓ કહે છે ખરા કે "સુ કુટુમ્બ! સુખી કુટુમ્બ!" પરંતુ કેવો ઢોંગ! તેમનું એ સુખ તે માત્ર નામનું, કહેવાનું સ્વપ્ન જેવુંજ છે. આ લોકો અને કુટુમ્બો શાથી દુઃખી છે? શું આ કુટુંબો સુખી થાય તમે તમારા અંતઃકરણપૂર્વક ઇચ્છતા નથી? જો તમે સુખની આશા રાખતા હો તો તે તમારે ઉત્સુક પણ થવું જોઇએ. તમારા ગૃહને એક મોટા ફારસરૂપ બનવા દો નહિ. કાર શોધી કહાડવા પ્રયત્ન કરો. તીવ્ર અને સાચી ઉત્સુકતા રાખો, કારણની તપાસ કરો. નિરીક્ષ કરો એટલે તમને જણાશે કે કુટુમ્બના કલેશનું અને ઐક્યની ખામીનું કારણ માત્ર એજ તે એજ કે "કુદરતના નિયમોનું અજ્ઞાન." મનુષ્યો અજ્ઞાનરૂપી અસુરથી ઘેરાયેલા છે. કુદ તની શી સંકલના છે અને વિકાસની ગતિ કઇ દિશાએ જાય છે તે તેઓ જાણતા નથી. તે તેમને ખબર નથી. 'રામ' તમને કહે છે કે વિકાસની ગતિ અને કુદરતનું કામ એ છે સર્વ મનુષ્યોએ પગથીએ પગથીએ ધીમે ધીમે ઉપર ચડવું જોઇએ, અને અન્તરાત્માના સાક્ષા ત્કારની નજીક પહોંચવું જોઇએ. જગતની બધી દેખાતી વસ્તુઓ ગતિમાન છે. તેમ માર્ગ-તેમની ગતિ તે તરફજ છે. પ્રત્યેક મનુષ્યે પોતાના અંતરાત્માનો સાક્ષાત્કાર કરવો જોઇ અને સાક્ષાત્કાર કરીને પૂર્ણાત્મારૂપ-પૂર્ણ અનન્તતારૂપ બનવું જોઇએ. લોકો આનો સાક્ષાત્ક કરતા નથી તેથીજ અસ્તિત્વ (જીવન) માટે આ બધાં તરફડીયાં તેમને મારવાં પડે છે સુખીને બદલે દુઃખી જીવન તેમને ગાળવું પડે છે.

તમારા પતિ અથવા પત્નીની સાથે તમારો સંબંધ એવો રાખો કે તમારી ઉન્નતિ સત્યના માર્ગ તરફ થાય અને તમે કુદરતના ધોરણ સાથે અનુકૂળ રહી શકો. કુદરતનું ધોર અને પરિણામ માત્ર મુક્તિ, મુક્તિ અને મુક્તિજ છે. તમારી પત્નીને તમારી તાબેદારીમાંથી સ્વત બનાવો અને તમે પોતે પણ સ્વતંત્ર થશો. પણ ત્યારે શું એનો અર્થ એ છે કે બધા સંબંધો દૂર તોડી નાખવા જોઇએ, અને પ્રત્યેક સ્ત્રી પુરૂષે એક બીજાથી જુદા પડી જઇ સ્વતંત્ર થ જોઇએ? ના, એમ બિલકુલ નથી. એ રીતે સ્વતંત્રતા મળી શકતી નથી. એમ કરવું એ તે ઉલટું બંધનરૂપ છે. તમારા સાથીને "મુક્ત" કરવાનો અર્થ એજ છે કે તમારે તેને તમારા શરીર પ્રત્યે આધાર અને આસ્થા રાખવાને બદલે, તેના અંતરથી અંતરના પ્રદેશમાં રહેલ અન્તરાત્મા ઉપર આધાર અને આસ્થા રાખતાં શિખવવું જોઇએ. જ્યારે તમે તેને અથવા તે તમને ચ્હાય છે ત્યારે તે અથવા તમે પરસ્પરમાં રહેલા તે અન્તરાત્માનેજ ચાહો છો; એ સમજણપૂર્વકજ તે આદરવા દેવી જોઇએ. સર્વ કહે છે કે તેઓ ઇશ્વર ક્રાઇસ્ટને અથવા શિવ, વિષ્ણુ, મહમ્મદ કે જરથોસ્તને માને છે, પણ 'રામ' કહે છે કે તમારે તમારી પત્નીને અને પત્નીએ પતિને માનવાં જોઇએ. 'રામ' કહે છે કે તમારા સાથીના એ માંસના દેહમાં શ્રદ્ધા રાખો નહિ, પણ તેની અંદરના અન્તરાત્મામાં શ્રદ્ધા રાખો. તમારે આ આખા માંસ અને લોહીને તે માત્ર પડદા તરીકે માનવો જોઇએ કે જે પડદો કોઇક પરદેશીના હાથથી તે દાટ તેના અંત

પ્રદેશમાં રહેલા અંતરાત્માને આ બહારની ખુબસુરતી અને પ્રતિભારૂપે તમે જુઓ છો અને મોહિત થાઓ છો.

તમારા મનને કલ્પના કરવા દો કે એકાદ પક્ષી એક ઝુલતી ડાળ ઉપર બેસે છે તે ડાળીને તે નમી જતી-ઝોલા ખાતી અનુભવે છે, છતાં પણ જરાએ ભય આણ્યા સિવાય તે આનંદથી કલ્લોલ કર્યા કરે છે. એ શાથી? તે સમજે છે કે તેની પાસે ઉડવાની પાંખો તૈયારજ છે; અને તેથીજ ડાળી આમ તેમ ઝુલ્યા કરવા છતાં પણ તે પક્ષી બીતું નથી. બહારથી જો કે તે ડાળ ઉપર બેઠેલું હોય છે અને જણાય છે ખરૂં, પણ તેના મનથી–ખરી રીતે તો તે પોતાની પાંખ ઉપરજ બેઠેલું હોય છે. તેનો આધાર-તેની શ્રદ્ધા તે ડાળ ઉપર નહિ, પણ પોતાની પાંખો ઉપરજ છે.

એજ પ્રમાણે જ્યાં તમે હો ત્યાં તમારાં સ્ત્રી પુત્રાદિ ઉપર તમને ગમે તેટલો સ્નેહ હોય તોપણ તેમનાં શરીરોપર આધાર રાખશો નહિ. તમારાં હૃદય ત્યાંજ ચોંટાડશો નહિ. તમારૂં હૃદય તેમના અન્તરાત્મા ઉપરજ રહે તેટલા માટે તેને તે આત્મામાં-પ્રભુમાંજ પરોવો. તમે પોતે આ પ્રમાણે વર્તો અને તમારાં સ્ત્રી પુત્રાદિને પણ એજ પ્રમાણે વર્તાવો. આમ કરવાથીજ તેઓ તમારાથી સ્વતંત્ર થશે અને તમે તેમનાથી સ્વતંત્ર થશો. આમાં કોઇને પરાધીનતા રહેતી નથી. દરેકને પૂર્ણ સ્વતંત્રતા-મુક્તિ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે પ્રત્યેક અમેરિકન અથવા હરકોઇ મનુષ્ય મુક્ત થઇ શકે તેમ છે.

વ્યાખ્યાનનો ખરો રસવાળો ભાગ હવેજ આવે છે. એક સ્થળે એક ઘણી સુંદર છબિ જોવામાં આવી. તે છબિ અગર પ્રતિકૃતિમાં એક સુંદર કૉચ હતો અને તે કૉચ ઉપર ભવ્ય બાદશાહી ગાદી તકીઆ પડેલા હતા. તે કૉચ ઉપર એક સુંદર મનોહર રાણી સૂતેલી હતી. કૉચની એક બાજુએ બાળકો બેઠાં હતાં અને રાજા ખુરસીપર બેઠેલો હતો. આ એક ઘણુંજ સુંદર, આકર્ષક અને ભવ્ય ચિત્ર હતું. રાણી ઘણી માંદી-મરણ પથારીએ હતી. તેનો પતિ-રાજા અશ્રુ ટપકાવતો હતો અને તેનાં પુત્ર પુત્રી સર્વે રોદન કરતાં હતાં. આવું સુંદર ચિત્ર પાસે રાખવાની તમને ઇચ્છા થાય છે? અરે! ખરેખર તમારામાંના દરેકને ઇચ્છા થાય તેવુંજ તે હતું. તે એવું તો મઝાનું હતું-એમાં એવી તો ખુબી હતી કે તેને જોયું હોય તો તમે ખરીદોજ. હવે આ પ્રમાણે તે ચિત્રને ખરીદવાનું તમને બહુજ ગમશે ખરૂં, પણ તેમાં ચિતર્યા પ્રમાણેની મૃત્યુ પામતી રાણી થવાની તમને ઇચ્છા થશે?-જવાબ આપો કે તે રાણી થવાનું તમને ગમશે? તે રાણી બહુજ ધનવાન અને ઉત્તમ વસ્ત્રાભૂષણો તથા અમૂલ્ય પલંગ અને મહેલો ધરાવતી હતી ખરી, પણ તે આખરના વ્યાધિને વશ હતી. વળી તમને પેલો રોદન કરતો રાજા અથવા આક્રન્દ કરતાં બાળકો થવું પણ ગમશે ખરૂં! નહિજ, જરાએ નહિ. એ ચિત્રને મેળવવાનું તમને બહુ ગમશે, પણ એમાંના કોઇ પણ દુઃખી પાત્રના જેવા જાતે બનવાનું જરાએ નહિજ ગમે.

એજ પ્રમાણે વેદાન્ત પણ તમને તમારા કુટુમ્બમાં-તમારા ગૃહમાં પ્રભુની પેઠે સાક્ષી તરીકેજ રહેવાનું-અભ્યાસ પ્રભુની પેઠે મોહરહિત અને કોઇ પણ પ્રકારની આસક્તિ અથવા સુકવણુ વિનાના થઇને રહેવાનું કહે છે. તમારા મનને હમ્મેશાં શાન્ત અને આસક્તિરહિત રાખો, તમારાં હૃદય અને બુદ્ધિને હમ્મેશાં આત્મારામાં સ્થિર કરો અને એ ચિત્રને જેવું

શકતો નથી એજ કારણ એમ માનવામાં હોય તો, અમે કહીએ છીએ કે તે મનુષ્ય પણ બળદને મૂકીને જઇ શકતો નથી ! બળદ તેની પાસેથી જતો નથી તેનું કારણ એજ કે તે બળદને તજતો નથી. જો તે પોતે છૂટો હોત તો તે બળદ પણ તેનો ગુલામ ન થાત! આ નિયમ છે.

તમે જુઓ છો કે યૂરોપ, અમેરિકા, જાપાન, હિન્દુસ્તાન અથવા બીજા દેશોમાં ઘણું ખરૂં બધાંજ કુટુમ્બો દુઃખી છે. શું એ સાચું નથી ? તેઓ કહે છે ખરા કે "સુખી કુટુમ્બ ! સુખી કુટુમ્બ !" પરંતુ કેવો ઢોંગ ! તેમનું એ સુખ તે માત્ર નામનું, કહેવાનું અને સ્વપ્ન જેવુંજ છે. આ લોકો અને કુટુમ્બો શાથી દુઃખી છે ? શું આ કુટુંબો સુખી થાય એવું તમે તમારા અંતઃકરણપૂર્વક ઇચ્છતા નથી ? જો તમે સુખની આશા રાખતા હો તો તે માટે તમારે ઉત્સુક પણ થવું જોઇએ. તમારા ગૃહને એક મોટા ફારસરૂપ બનવા દો નહિ. કારણ શોધી કહાડવા પ્રયત્ન કરો. તીવ્ર અને સાચી ઉત્સુકતા રાખો, કારણની તપાસ કરો. નિરીક્ષણ કરો એટલે તમને જણાશે કે કુટુમ્બના કલેશનું અને ઐક્યની ખામીનું કારણ માત્ર એજ છે. તે એજ કે "કુદરતના નિયમોનું અજ્ઞાન." મનુષ્યો અજ્ઞાનરૂપી અસુરથી ઘેરાયેલા છે. કુદરતની શી સંકલના છે અને વિકાસની ગતિ કઇ દિશાએ જાય છે તે તેઓ જાણતા નથી. તેની તેમને ખબર નથી. 'રામ' તમને કહે છે કે વિકાસની ગતિ અને કુદરતનું કામ એ છે કે સર્વ મનુષ્યોએ પગથીએ પગથીએ ધીમે ધીમે ઉપર ચડવું જોઇએ, અને અન્તરાત્માના સાક્ષાત્કારની નજીક પહોંચવું જોઇએ. જગતની બધી દેખાતી વસ્તુઓ ગતિમાન છે. તેમનો માર્ગ-તેમની ગતિ તે તરફજ છે. પ્રત્યેક મનુષ્યે પોતાના અંતરાત્માનો સાક્ષાત્કાર કરવો જોઇએ અને સાક્ષાત્કાર કરીને પૂર્ણાત્મારૂપ-પૂર્ણ અનન્તતારૂપ બનવું જોઇએ. લોકો આનો સાક્ષાત્કાર કરતા નથી તેથીજ અસ્તિત્વ (જીવન) માટે આ બધાં તરફડીયાં તેમને મારવાં પડે છે અને સુખીને બદલે દુઃખી જીવન તેમને ગાળવું પડે છે.

તમારા પતિ અથવા પત્નીની સાથે તમારો સંબંધ એવો રાખો કે તમારી ઉન્નતિ તે સત્યના માર્ગ તરફ થાય અને તમે કુદરતના ધોરણ સાથે અનુકૂળ રહી શકો. કુદરતનું ધોરણ અને પરિણામ માત્ર મુક્તિ, મુક્તિ અને મુક્તિજ છે. તમારી પત્નીને તમારી તાબેદારીમાંથી સ્વતંત્ર બનાવો અને તમે પોતે પણ સ્વતંત્ર થશો. પણ ત્યારે શું એનો અર્થ એ છે કે બધા સંબંધો એકદમ તોડી નાખવા જોઇએ, અને પ્રત્યેક સ્ત્રી પુરૂષે એક બીજાથી છુટા પડી જઇ સ્વતંત્ર થવું જોઇએ ? ના, એમ બિલકુલ નથી. એ રીતે સ્વતંત્રતા મળી શકતી નથી. એમ કરવું એ તો ઉલટું બંધનરૂપ છે. તમારા સાથીને "મુક્ત" કરવાનો અર્થ એજ છે કે તમારે તેને તમારા શરીર પ્રત્યે આધાર અને આસ્થા રાખવાને બદલે, તેના અંતરથી અંતરના પ્રદેશમાં રહેલ અન્તરાત્મા ઉપર આધાર અને આસ્થા રાખતાં શિખવવું જોઇએ. જ્યારે તમે તેને અથવા એ તમને ચ્હાય છે ત્યારે તે અથવા તમે પરસ્પરમાં રહેલા તે અન્તરાત્માનેજ ચાહો છો; એવી સમજણપૂર્વકજ તે ચાહના હોવી જોઇએ. સર્વ કહે છે કે તેઓ જીસસ ક્રાઇસ્ટને અથવા શિવ, વિષ્ણુ, મહમ્મદ કે જરથોસ્તને માને છે, પણ 'રામ' કહે છે કે તમારે તમારી પત્નીને અને પત્નીએ પતિને માનવાં જોઇએ. 'રામ' કહે છે કે તમારા સાથીના એ માંસના દેહમાં શ્રદ્ધા રાખો નહિ, પણ તેની અંદરના અન્તરાત્મામાં શ્રદ્ધા રાખો. તમારે આ બાહ્ય માંસ અને ત્વચાને તો માત્ર પડદા તરીકે માનવો જોઇએ કે જે પડદો કંઇક પારદર્શક હોવાથી તે દ્વારા તેના અંદર

પ્રદેશમાં રહેલા અંતરાત્માને આ બહારની ખુબસુરતી અને પ્રતિભારૂપે તમે જુઓ છો અને મોહિત થાઓ છો.

તમારા મનને કલ્પના કરવા દો કે એકાદ પક્ષી એક ઝૂલતી ડાળ ઉપર બેસે છે તે હાલીને તે નમી જતી-ઝોલા ખાતી અનુભવે છે, છતાં પણ જરાએ ભય આણ્યા સિવાય તે આનંદથી કલ્લોલ કર્યા કરે છે. એ શાથી ? તે સમજે છે કે તેની પાસે ઉડવાની પાંખો તૈયારજ છે; અને તેથીજ ડાળી આમ તેમ ઝૂલ્યા કરવા છતાં પણ તે પક્ષી બીતું નથી. બહારથી જો કે તે ડાળ ઉપર બેઠેલું હોય છે અને જણાય છે ખરૂં, પણ તેના મનથી-ખરી રીતે તો તે પોતાની પાંખ ઉપરજ બેઠેલું હોય છે. તેનો આધાર-તેની શ્રદ્ધા તે ડાળ ઉપર નહિ, પણ પોતાની પાંખો ઉપરજ છે.

એજ પ્રમાણે જ્યાં તમે હો ત્યાં તમારાં સ્ત્રી પુત્રાદિ ઉપર તમને ગમે તેટલો સ્નેહ હોય તોપણ તેમનાં શરીરોપર આધાર રાખશો નહિ. તમારાં હૃદય ત્યાંજ ચોંટાડશો નહિ. તમારૂં હૃદય તેમના અન્તરાત્મા ઉપરજ રહે તેટલા માટે તેને તે આત્મામાં-પ્રભુમાંજ પરોવો. તમે પોતે આ પ્રમાણે વર્તો અને તમારાં સ્ત્રી પુત્રાદિને પણ એજ પ્રમાણે વર્તાવો. આમ કરવાથીજ તેઓ તમારાથી સ્વતંત્ર થશે અને તમે તેમનાથી સ્વતંત્ર થશો. આમાં કોઇને પરાધીનતા રહેતી નથી. દરેકને પૂર્ણ સ્વતંત્રતા-મુક્તિ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે પ્રત્યેક અમેરિકન અથવા હરકોઇ મનુષ્ય મુક્ત થઇ શકે તેમ છે.

વ્યાખ્યાનનો ખરો રસવાળો ભાગ હવેજ આવે છે. એક સ્થળે એક ઘણી સુંદર છબિ જોવામાં આવી. તે છબિ અગર પ્રતિકૃતિમાં એક સુંદર કૉચ હતો અને તે કૉચ ઉપર ભવ્ય બાદશાહી ગાદી તકીઆ પડેલા હતા. તે કૉચ ઉપર એક સુંદર મનોહર રાણી સુતેલી હતી. કૉચની એક બાજુએ બાળકો બેઠાં હતાં અને રાજા ખુરસીપર બેઠેલો હતો. આ એક ઘણુંજ સુંદર, આકર્ષક અને ભવ્ય ચિત્ર હતું. રાણી ઘણી માંદી-મરણ પથારીએ હતી. તેનો પતિ-રાજા અશ્રુ ટપકાવતો હતો અને તેનાં પુત્ર પુત્રી સર્વે રોદન કરતાં હતાં. આવું સુંદર ચિત્ર પાસે રાખવાની તમને ઇચ્છા થાય છે ? અરે ! ખરેખર તમારામાંના દરેકને ઇચ્છા થાય તેવુંજ તે હતું. તે એવું તો મઝાનું હતું-એમાં એવી તો ખુબી હતી કે તેને જોયું હોય તો તમે ખરીદોજ. હવે આ પ્રમાણે તે ચિત્રને ખરીદવાનું તમને બહુજ ગમશે ખરૂં, પણ તેમાં ચિતર્યા પ્રમાણેની મૃત્યુ પામતી રાણી થવાની તમને ઇચ્છા થશે ?-જવાબ આપો કે તે રાણી થવાનું તમને ગમશે ? તે રાણી બહુજ ધનવાન અને ઉત્તમ વસ્ત્રાભૂષણો તથા અમૂલ્ય પલંગ અને મહેલો ધરાવતી હતી ખરી, પણ તે આખરના વ્યાધિને વશ હતી. વળી તમને પેલો રોદન કરતો રાજા અથવા આક્રન્દ કરતાં બાળકો થવું પણ ગમશે ખરૂં ? નહિજ, જરાએ નહિ. એ ચિત્રને મેળવવાનું તમને બહુ ગમશે, પણ એમાંના કોઇ પણ દુઃખી પાત્રના જેવા જાતે બનવાનું જરાએ નહિજ ગમે.

એજ પ્રમાણે વેદાન્ત પણ તમને તમારા કુટુમ્બમાં-તમારા ગૃહમાં પ્રભુની પેઠે સાક્ષી તરીકેજ રહેવાનું-અવ્યક્ત પ્રભુની પેઠે મોહરહિત અને કોઇ પણ પ્રકારની આસક્તિ અથવા મુઝવણ વિનાના થઇને રહેવાનું કહે છે. તમારા મનને હમ્મેશાં શાન્ત અને આસક્તિરહિત રાખો, તમારાં હૃદય અને બુદ્ધિને હમ્મેશાં અન્તરાત્મામાં સ્થિર કરો અને એ ચિત્રને જેવું

માનતા હતા તેજ પ્રમાણે તમારા કુટુમ્બની દરેક બાબતોને માનો. તમે જાણો છો કે જ્યારે **તમે પોતાને અને દરેક વસ્તુને સાક્ષીરૂપે જુઓ છો ત્યારે એથી તમને આનંદજ થાય છે; અને જ્યારે તમે તેમાં આસક્ત થાઓ છો ત્યારે તે દુઃખનુંજ કારણ થાય છે.** જો આપણે આ જગતના કોઈ પણ પદાર્થના બાહ્ય રૂપમાં લપટાય એ આપણી દુર્દશાજ છે. પણ જો આપણે તેને અવ્યક્ત લક્ષ્ય-સાક્ષી તરીકે જોઈએ તો તેમાં આનંદ આવે છે અને તે રમણીય લાગે છે. માટે એ પ્રમાણે અન્તરાત્માનો સાક્ષાત્કાર કરો. 'રામ'નાં બધાં વ્યાખ્યાનો સાંભળો અને તેથી ક્રમશઃ ઉન્નતિ થવાનીજ; એવી તમારી ખાત્રી **થશે. 'રામ' ગેરન્ટી-જામિનગીરી આપે છે કે આ દુનિયામાં જે કોઇ 'રામ'નાં સર્વ વ્યાખ્યાનો સાંભળશે તેની સર્વ શંકાઓ દૂર થશે; અને તે પોતાના પરમાત્મ સ્વરૂપનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર અનુભવશે.**

પ્રથમ તો તમે તમારી દિવ્યતા અથવા પ્રભુતામાં દૃઢ શ્રદ્ધા રાખો. તેને પ્રાપ્ત કરો અને તમને જે ક્રિયા કરવાનું બતાવવામાં આવે અને તે જે રીતે કરવાનું તમને કહેવામાં આવે તે પ્રમાણે વર્તીને **તે અનન્તતામાં સ્થિત થાઓ. તે ઈશ્વરનો તમે સાક્ષાત્કાર કરો, અમર થાઓ અને સર્વ શક્તિવાન થાઓ.** તદેવાઽહમ્ **"તેજ હું છું, તેજ હું છું."** આ મહા સિદ્ધાન્ત-આ મહા વાક્યનો સાક્ષાત્કાર કરો, અને તમારા કુટુમ્બના બધા સંબંધો અને બીજી બાબતો એ સર્વ જાણે કે પેલા ચિત્રરૂપ હોય અને જાણે તમે બિલકુલ તેની સાથે સંબંધરહિત હો એજ પ્રમાણે વર્તો.

આમ કરવું-આવા બનવું એ તમને વિરોધાભાસ જેવું જણાય છે. લોકો કહે છે કે જો તેઓ આ જગતના પદાર્થોમાં હાલની પેઠે આસ્થા રાખીને તેની પ્રાપ્તિ અને રક્ષા કરવા પાછળ ગુંથાય નહિ તો તેઓ ઉન્નત થઈ શકે નહિ. અરે લોકો ! તમે ખોટા છો. જે ક્ષણે તમે તેમાં ગુંચવાયા કે તેજ ક્ષણે તમે આગળ વધતા બંધ થયા. જ્યારે તમે લખતા હો છો ત્યારે લખવાની ક્રિયા સ્વાભાવિક રીતેજ થાય છે. તે વખતે તમારૂં અહં-તમારૂં નાનું સ્વરૂપ-તમારૂં ખોટું જીવ સ્વરૂપ બિલકુલ હોતું નથી. કાર્ય પોતે પોતાની મેળેજ એક સ્વાધીન યંત્રની પેઠે થયાં કરે છે. તે એક પ્રકારની પ્રતિક્રિયાજ છે. હાથ પોતાની મેળે લખ્યે જાય છે. શા માટે ? કારણ કે તમે એ સમયે તે કાર્યમાં તમારૂં પોતાનું નાનું સ્વરૂપ-તમારૂં સ્વાર્થી અહં તેમાં દાખલ કરતા નથી. જે ક્ષણે તમારામાં વિચાર આવ્યો કે "અરે ! મેં ઘણુંજ લખ્યું, મેં ઘણું આશ્ચર્યભરેલું કાર્ય કર્યું." તેજ ક્ષણે તમે ભૂલ કરશો.

આ પ્રમાણે આપણે જોઈએ છીએ કે માત્ર આપણા સ્વાર્થી અલ્પ અહંને દૂર કરવાથીજ કામ થાય છે, અને જે ક્ષણે સ્વાર્થી અહંને દાખલ કરીએ છીએ તે ક્ષણે કામ બગડે છે. જગતમાંનાં સર્વ મહાન કાર્યો અવ્યક્ત અહંભાવરહિત સ્થિતિવડેજ થએલાં હોય છે.

ત્યાગનો અર્થ પણ એજ છે કે પોતાનું અલ્પ-સ્થૂલ-સ્વાર્થી અહંસ્વરૂપ દૂર કરવું અર્થાત્ સ્વરૂપની ખોટી કલ્પનાને દૂર કરવી. સૂર્ય પ્રકાશે છે ખરો, પણ તેને વિચાર આવતો નથી કે હું પ્રકાશું છું. આ પ્રમાણે સૂર્ય કર્તૃત્વભાવથી રહિત છે તેટલોજ તે મોહક, આકર્ષક અને ઉપકારક છે. નદીના વહનમાં અલ્પ અહંભાવ-વ્યક્તપણું નથી છતાં પણ કાર્ય થયાં જાય છે. દીવો બળે છે પણ તેનામાં વ્યક્ત અહંભાવ નથી. "હું મહાન છું, હું બળું છું, હું પ્રકાશ આપું છું." એવો ભાવ નથી; અને તેથી તે પ્રકાશે છે.

પુષ્પો ખીલે છે અને દરેક દિશામાં મધુર સુવાસ પ્રસરાવે છે, પણ તે ઘણાં મધુર છે, તે ઘણાં ઉત્તમ ને આનંદપ્રદ છે, એવી એમને કલ્પના પણ નથી.

તેજ પ્રમાણે તમારૂં કામ પણ અવ્યક્ત સ્થિતિપૂર્વકજ થવા દો, તમારૂં કામ તુચ્છ સ્વાર્થી અહંભાવના કલંકથી રહિત થવા દો, તમારૂં કામ તારાઓ અને સૂર્યની પેઠેજ થવા દો, તમારૂં કામ ચંદ્રની પેઠેજ થવા દો. ત્યારેજ તમારૂં કાર્ય સફળ થશે. ત્યારેજ ખરી રીતે તમે આ દુનિયામાં કંઈક અસામાન્ય અને આશ્ચર્યકારક કાર્ય કરી શકશો. બધાજ વીર પુરૂષોનું અને બધાજ બુદ્ધિમાન પુરૂષોનું ગુપ્તમાં ગુપ્ત રહસ્ય-રહસ્યોનું રહસ્ય આજ હતું. તેઓ પોતે સ્વરૂપ અહંભાવથી-ઉપાધિભાવથી રહિત થતા તેથીજ તેમનાં કાર્યો આવાં સફળ થતાં. આ એક મહાન નિયમ છે. **“ તમે અમુક વિષયમાં આસક્ત થાઓ નહિ ત્યાં સુધી તમે સફળ થશો નહિ. ” એ ભ્રમાત્મક વિચારને દૂર કરો. એમાં તમારી ભૂલ છે.**

નિયમ એવો છે કે મનુષ્યે પોતે સ્વસ્થ, શાન્ત, અક્ષુબ્ધ રહેવું જોઈએ અને તેનું શરીર હમેશાં ગતિમાન રહેવું જોઈએ. મને સ્થિતિશાસ્ત્રના નિયમને અને શરીરે ગતિશાસ્ત્રના નિયમને અનુસરવું જોઈએ. **શરીર હમેશાં કામમાં અને અન્તરાત્મા હમેશાં સ્વસ્થ રહેવો જોઈએ.** આ નિયમ છે. તેને અનુસરો અને મુક્ત થાઓ.

જેવી રીતે દૃષ્ટિ સમીપનો એકાદ સુંદર પ્રદેશ નેત્રોવડે સ્પષ્ટ અને સંપૂર્ણ રીતે જોવામાં આવે છે, છતાં તે જોવાની ક્રિયા નેત્રને બોજારૂપ કે દુઃખરૂપ ન થઈ પડતાં ઉલટી આનંદદાયક જ થઈ પડે છે, અને નેત્ર સ્વતંત્ર તથા ઉપાધિરહિતજ રહે છે, તેજ પ્રમાણે તમારા ગૃહનાં કાર્યોમાં અને તમારી વ્યાવહારિક જીંદગીમાં પણ તમારી સ્થિતિ થવા દો. તમે એવીજ રીતે સંસારમાંનાં આ બધાં રૂપોને આસક્તિ રહિત, સ્વતંત્રપણે જુઓ અને તેનાથી મુક્ત-નિર્લેપ રહો. આ મુક્તિ-આ પૂર્ણ સત્યનો સાક્ષાત્કાર, વેદાન્તદ્વારા સત્ય આત્માના જ્ઞાનવડેજ પ્રાપ્ત કરી શકાય છે. **આ સત્ય અનંત તત્ત્વનો સાક્ષાત્કાર કરો અને બધાજ તારા અને ગ્રહો તમારી આજ્ઞામાં રહેશે.**

સૂર્ય ચંદ્ર ને ગ્રહગણ સર્વે, ક્રમણ કાર્યમાં રમણ કરો.
પરમ જ્યોતિ હો અદ્ભુત જ્યોતિ! અલ્પ દિસે ગ્રહગણ પ્રકાશે;
સૂર્ય તણા હો ગર્વ રમણ કરો મુજ હૃદયે, રમણ કરીને ક્રમણ કરો—સૂર્ય ચંદ્ર૦
ગ્રહગણ સર્વે કોણ વિશાળ, ગંભીર પુરવની સમુદ્ર હેલો સાથ;
સહે નદીઓ, ફુરો, ક્રમણ કરો ને રમણ કરો—સૂર્ય ચંદ્ર ને ગ્રહગણ સર્વે.
ગ્રહગણને જગાડો સર્વે, ક્રમણથી દિશાની રેલ દેખાડો;
જીવન જ્યોત મહીં નાચી રહો, સૂર્ય ચંદ્ર ને ગ્રહગણ સર્વે.
સૂર્ય ચંદ્ર વા પૃથ્વી સઘળો, જીવતાં કરો મુજ સ્વપ્ન સ્વરૂપે,
જન્મ મરણના ફેરા ફરતાં, માનવ જન્મતાં ને જતાં.
કાર્ય ને કારણ હું છું સર્વે, નહીં નિવૃત્તિ પ્રવૃત્તિ કદિ હું;
વાસ્ત વિશ્વે મુજ સ્વરૂપ જાતાં, સૂર્ય ચંદ્ર સહુ રમણ કરો.

ચમક ચમક ઓ નાજુક તારા, ચમકી, ઠમકી મુજને બોલાવો;
તારક વ્હાલા પ્રશ્ન તણો ઉત્તર દીયો, સૂર્ય ચંદ્ર સાથે રમણ કરો.
દેશ દીયે મુજને બોલાવો, હું જ્યોતિ તુજ આંખલડીનો;
જીવન જેહ રહ્યું તુજ માંહી, પ્રભાવ તે સઉ મુજ મોટો.

આ તમારૂં સત્યસ્વરૂપ છે. તમે જે છો તે આ છે. તેનો સાક્ષાત્કાર કરો અને મુક્ત થાઓ. તેનો સાક્ષાત્કાર કરો અને તમે વિશ્વના માલીક છો. તેનો સાક્ષાત્કાર કરો અને તમને જણાશે કે તમારાં બધાં કામો પોતાની મેળેજ-સ્વતઃજ-ઘણીજ ઇચ્છવા જેવી રીતે થશે. તમને જણાશે કે અન્તરાત્માનો આ સાક્ષાત્કાર સર્વ વિશ્વને તમારૂં દાસ બનાવે છે, દુનિયાના દરેક પદાર્થને તમારે આધીન કરે છે. તમને જણાશે કે વિજય અને સંપત્તિ તમારી શોધ કરે છે અને તમારે તેમને શોધવાં પડશે નહિ.

"જો મહમ્મદ પાસે પર્વત આવશે નહિ તો મહમ્મદ પર્વતની પાસે જશે." જે ક્ષણે તમે દુનિયાના પદાર્થોની તૃષ્ણા કરતા બંધ થઇ તેમાંથી મુક્ત થશો અને તમારી અંતરની દિવ્યતાનો સાક્ષાત્કાર કરશો તેજ ક્ષણે તમારે મહમ્મદ પાસે જવાની આવશ્યકતા રહેતી નથી; મહમ્મદજ તમારી પાસે આવશે. આ અબાધિત નિયમ છે. વિશ્વપર પોતાની મહાન સત્તા ચલાવનારૂં આ ગુહ્ય સત્ય છે. તમેજ તે નિયમ છો. તમે તેનો સાક્ષાત્કાર કરો અને તમારાં સ્ત્રી બાળકોને તેનો સાક્ષાત્કાર કરાવો. તમે પોતે મુક્ત થાઓ અને તેમને મુક્ત કરો. એ પ્રમાણે તમે ઘોર નરકને બદલીને સ્વર્ગ બનાવો છો; તમારા ગૃહમાંજ તમે સ્વર્ગ રચો છો; તમે તમારાં અતિશય ક્લેશયુક્ત ગૃહોને સુખી બનાવો છો. આમ કરવાનો બીજો માર્ગજ નથી; ઉપલા માર્ગ સિવાય આ અનિવાર્ય કઠોર નિયમમાંથી છૂટવાની બારીજ નથી. આ એકજ માર્ગ છે, આ એકજ તાવિજ છે, દુનિયાના બધા ખજાનાઓ ઉઘાડવાની **આ એકજ બંધબેસ્તી કુંચી છે.** તમે તમારા અંતરમાં રહેલી દિવ્યતાનો સાક્ષાત્કાર કરીને મુક્ત બનો અને બીજાઓને તેવો સાક્ષાત્કાર કરવામાં સહાય કરો.

ૐ ૐ ૐ





१९–वैवाहिक जीवन अने मोक्ष.*

શું એક વૈવાહિક પુરુષ આત્મસાક્ષાત્કાર કરી શકે ખરો કે? એવો એક પ્રશ્ન થોડા સમય પહેલાં 'રામ'ને પૂછવામાં આવ્યો હતો, અને એનો ઉત્તર પણ તેજ સમયે બહુ ખુલાસાથી અપાયો હતો.

એ ઉત્તરમાં વાસનાઓના પ્રકાર સંબંધે વિવેચન થયું હતું. વાસના એ શું છે, મનુષ્યની પ્રકૃતિમાં વિચારોની શું અસર થાય છે, અને વાસનાઓ તૃપ્ત થવાથી કેવી રીતે સુખનો આભાસ થાય છે, એ વિષયની તે સમયે ચર્ચા થઇ હતી. આ બહુ મહાન અને ગહન પ્રશ્ન છે, અને વળી એવો પ્રશ્ન છે કે જેના ઉપર 'રામે' બહુ સૂક્ષ્મ વિચાર કર્યો છે; 'રામ'નાં એ શોધનોને "dynamics of mind" "માનસિક વિકાસજ્ઞાન" નામના પુસ્તકના આકારમાં બહાર પાડવામાં આવશે.

અત્યારે તો નીચે પ્રમાણે પ્રશ્ન આપણી સન્મુખ છે કે પોતાનાં પુત્ર કલત્ર અને સ્નેહી સંબંધીઓની વચમાં રહેનારો એટલે કે સંસારનો એક સાધારણ મનુષ્ય સત્યનો–સચ્ચિદાનન્દ આત્માનો સાક્ષાત્કાર કરી શકે ખરો?

આપણે પહેલાં આ પ્રશ્નની એકજ બાજુ તપાસીએ. વેદાન્ત તો માત્ર આટલુંજ પૂછે છે કે "શું તલવાર તમારા શત્રુઓને મારી શકશે?" આ પ્રશ્નનો આપણે હકારમાં ઉત્તર આપી શકીએ તો પછી એક સંસારી મનુષ્ય સત્યનો સંપૂર્ણ સાક્ષાત્કાર કરી શકશે કે નહિ એનો પણ હકારમાં "ઉત્તર આપી શકાય એમ છે." તલવારનો અને કુટુમ્બનાં બંધનોનો આપણે **કેવી રીતે ઉપયોગ કરીએ છીએ એના ઉપરજ એનો બધો આધાર રહેલો છે.** તલવારથી આપણે આપણા પોતાનો વધ પણ કરી શકીએ છીએ અને શત્રુઓના હુમલામાંથી પોતાનું રક્ષણ પણ કરી શકીએ છીએ. એવીજ રીતે કુટુમ્બનાં બંધનો અને સંબંધોનો દુરુપયોગ કરવાથી મનુષ્ય પોતાનો વિનાશ કરે છે, અથવા પોતાના ઉન્નતિના વિકાસક્રમમાં અવરોધ નાખે છે, અને જો એજ **બંધનોનો સદુપયોગ કરે તો તેવડે તે પોતાની ઉન્નતિ સાધે છે,** અને અન્તરમાં આત્માનો સાક્ષાત્કાર કરી શકે છે. આ પ્રમાણે સાક્ષાત્કારનો પ્રશ્ન પણ તલવારના પ્રશ્ન જેવોજ છે, અને ઉત્તર પણ તેના સમાનજ છે.

એવીજ રીતે આપણા નિત્યના આહાર-વિહાર અને કાર્યક્રમનો પણ જો આપણે યોગ્ય ઉપયોગ કરીએ તો તે સર્વ આપણે માટે આરોગ્ય અને સુખના સાધનરૂપ થઈ પડે છે, અને જો તેનો દુરુપયોગ કરીએ તો એજ આહાર-વિહારથી પરિશ્રમ, ઉપાધિ તથા વ્યાધિ ઉત્પન્ન થાય છે.

એજ પ્રમાણે કુટુમ્બના સંબંધો પણ આપણને ઉન્નતિના તેમજ અધોગતિના પણ સાધનરૂપ થઈ પડે છે.

---

* તારીખ ૧-૨-૧૯૦૩ રવિવારના મધ્યાહ્ન વખતે આપેલું વ્યાખ્યાન.

એક ભલા માણસને ત્યાં એક બહુ લુચ્ચો અને દુષ્ટ નોકર હતો. એ નોકર બધાં કામ અવળી રીતેજ કરતો. પોતાના શેઠની આજ્ઞાનો તે બહુ અન્યથાચારીતે અમલ કરતો. એની કામકાજ કરવાની રીતભાત એવી હતી કે ગંભીરમાં ગંભીર માણસને પણ ક્રોધ આવ્યા વિના રહે નહિ. આ ભલા શેઠને તો એના કામથી કદી પણ ગુસ્સો નહોતો ચઢતો; ઉલટો એ તો એ નોકરની સાથે બહુ સભ્યતાભરી વર્તણુક રાખતો હતો.

એ શેઠને ત્યાં એક વાર એક મહેમાન આવ્યો. એક દિવસે એ અતિથિને એના કામકાજથી બહુ કંટાળો આવ્યો અને તેથી નારાજ થઇને એણે શેઠને તેને બરતરફ કરવાની સલાહ આપી. પણ પેલા શેઠે ઉત્તર આપ્યો:—“ હું સમજું છું કે આપ મારૂં હિત ચાહો છો; છતાં પણ મારે કહેવું જોઇએ કે હું એ વિષયમાં વધારે સમજું છું. મારૂં કામકાજ ખરાબ થાય છે, અને મારા વેપારમાં નુકસાન પહોંચે છે એ બધું સારી પેઠે મારા ધ્યાનમાં છે; પણ એ પાપી, દુષ્ટ અને નિમકહરામ છે એટલા માટેજ એનાપર મને પ્રીતિ ઉત્પન્ન થાય છે.” શેઠે વળી એમ પણ કહ્યું કે “ મારા સહવાસમાં આવેલા મનુષ્યોમાંથી આ એકજ મનુષ્ય એવો છે કે જે મારી આજ્ઞાનું પાલન નથી કરતો, બધાં કામકાજ અધૂરાં મૂકે છે, અને બહુજ હલકી તથા નુકસાનકારક રીતે બજાવે છે. બાકી જે બીજાં બધાંની સાથે હું પરિચયમાં આવું છું તેઓ એટલાં બધાં ભલાં અને પ્રેમી છે કે મને કદી પણ ગુસ્સે કરી શકતાં નથી. આ માણસ મારા આધ્યાત્મિક વિકાસનું એક ઉત્તમ સાધન છે. જેવી રીતે ઘણા લોકો પોતાનું શારીરિક બળ વધારવાને માટે મુગદળ, પાવડી વગેરે સાધનોનો ઉપયોગ કરે છે, તેવીજ રીતે આ મનુષ્ય મારે માટે મુગદળનું કામ કરે છે, અને એનાથી મારૂં આધ્યાત્મિક શરીર પ્રબળ થાય છે. એ નોકરદ્વારા હું આધ્યાત્મિક બળ પ્રાપ્ત કરૂં છું. આ નોકર સાથે એક પ્રકારની મારે કુસ્તી ખેલવી પડે છે અને એનાથી મને શક્તિ મળે છે. આધ્યાત્મવિદ્યાના ઉચ્ચ ગુણો મારામાં કેટલા ખીલ્યા ને કેટલા અધૂરા છે, તેનું ભાન એનાવડે કરવાનું બની શકે છે, અને એ ભાનને લીધે એ ન્યૂનતા પૂરવાની મને ચાનક રહ્યા કરે છે. ”

‘રામ’ તમારૂં એ વિષયપર ધ્યાન ખેંચે છે કે તમને તમારાં કુટુંબનાં બંધનો અવરોધરૂપ લાગે તો પણ જો એ રસ્તે તમારે મોક્ષ મેળવવોજ હોય તો એનાથી કંટાળી જઇ ગુસ્સે ન થશો; પણ પેલા ભલા શેઠના દૃષ્ટાંતનું અનુકરણ કરજો. બંધનો અને ઉપાધિઓનો **માનસિક શક્તિ અને સત્તા ખીલવવાનાં સાધનોમાં ઉમેરો કરી લેજો.**

ગ્રીસ દેશમાં સોક્રેટીસ નામનો એક મહાન તત્ત્વવેત્તા થઇ ગયો છે. એને એની સ્ત્રી અત્યંત ત્રાસરૂપ હતી. એક દિવસે એ કાંઇ તત્ત્વચિન્તન કરતો હતો, ત્યારે તેની હંમેશની ટેવ પ્રમાણે એ આવી અને બહુજ અઘટિત શબ્દોમાં મરજીમાં આવે તેમ બોલવા લાગી તે ગુસ્સે થઇ ગાળો ભાંડવા માંડી અને આમ કરો ને તેમ કરો કહીને બહુજ પજવવા માંડી ‘મારૂં કહેવું તો સાંભળતા નથી,’ ઇત્યાદિ કહીને બિચારા એ તત્ત્વજ્ઞાનીને તેણે ખુબ પજવ્યો; પણ સોક્રેટીસ તો પોતાના ચિન્તવનમાંજ ગરત બેસી રહ્યો. કોઇ પણ પ્રશ્નનું જ્યાંસુધી નિરાકરણ ન થયું હોય ત્યાંસુધી તેને છોડી દેવો નહિ એ એનો સિદ્ધાંત હતો. તેની સ્ત્રીએ તો બરાડા પાડવા માંડયા ને તોફાન મચાવ્યું; પણ પેલા ભાઇ સાંભળેજ શા માટે ? છેવટે એ સ્ત્રીએ એક મેલા પાણીનું વાસણ લાવીને એના માથા ઉપર ઉંધું વાળ્યું ! પણ સોક્રેટિસને શું આથી ક્રોધ આવ્યો હશે કે ? નહિ; જરાએ નહિ. એણે તો ખડખડાટ હસીને ઉત્તર આપ્યો: ‘ વાહ ! વાહ ! આટલો બધો ગડગડાટ થયો ત્યારે વરસાદ પણ જરૂર થવોજ જોઇએ.”

એ સ્રીનો વાણીરૂપી ગડગડાટ તો નિત્ય થતો હતો, પણ આજે તો એમાંથી વરસાદ પણ વરસ્યો; આવા મેણાના શબ્દો સંભળાવી સોક્રેટિસે તો પાછું પોતાનું તત્ત્વચિન્તવન ચાલું કર્યું.

આ ઉદાહરણમાંથી એ ઉપદેશ લેવાનો છે કે લોકોએ પોતાના સ્વભાવપર કાબુ મેળવવાની શક્તિ વિષે નિરાશ ન થવું જોઈએ. સોક્રેટિસ જેવા એક મનુષ્યે એ શક્તિ પ્રાપ્ત કરી તો પછી બીજા મનુષ્યો પણ એ શક્તિ પ્રાપ્ત કરી શકે. શું આજકાલ પણ એવા મનુષ્યો નથી કે જેઓનો પોતાના સ્વભાવ અને ટેવોપર સંપૂર્ણ સંયમ હોય ? અલબત્ત, એવા ઘણા મનુષ્યો છે, અને તમે પણ અભ્યાસ તથા પ્રયત્નથી એવા થઇ શકશો. છેટે ક્યાં જવાનું છે ? વ્યાવહારિક બાબતોમાં અત્યંત સહનશીલ એવા કંઇએક માણસો જગતમાં પડેલા છે. પણ ત્યાં આગળ ખામી એટલીજ છે કે સમજણની ન્યૂનતાને લીધે તેમની આસક્તિ બાહ્યપદાર્થોમાંજ દૃઢ થઇ ગયેલી હોય છે અને તેથી સત્યોન્નતિ તેઓ મેળવી શકતા નથી. સદ્‌ગુણરૂપી રૂપીઆ આપીને આધ્યાત્મિક સત્યોન્નતિરૂપી હીરો મળે છે તે લેવાને બદલે અજ્ઞાનને લીધે એ બિચારાઓ કાચના ટુકડા મેળવવામાંજ મચી રહ્યા છે !

જો તમે પણ ધારો તો તમારા કુટુંબનાં બન્ધનોની સાહાય્યથી સત્યનો સાક્ષાત્કાર કરવાનો, પરમાત્માની સાથે એકતા અનુભવવાનો, સર્વની સાથે ઐક્ય માણવાનો, સમસ્ત જગત સાથે અભેદાનંદ ભોગવવાનો અને આત્માનો દૈવી સાક્ષાત્કાર કરવાનો માર્ગ વિશેષ સરલ કરી શકો તેમ છો.

જગતનાં પ્રત્યેક સ્રી પુરુષના જીવનનો મુખ્ય ઉદ્દેશ-વિકાસક્રમનો અંતિમ હેતુ એજ છે કે અંતર્યામીનો સાક્ષાત્કાર અનુભવવો. ઈશ્વર સાથે અભેદ અનુભવવો. પ્રભુમાં પૂર્ણ તન્મય થવું. આત્મસાક્ષાત્કાર કરવો.

સામાન્ય મનુષ્યોને પોતાનાં પુત્ર કલત્ર વિઘ્નરૂપ થઈ પડતાં હશે, પણ 'રામ' કહે છે કે તમને તો તે સહાયરૂપ થવાં જોઈએ.

પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે. એ પૃથ્વીએ એમ ફરવુંજ જોઇએ. ચંદ્ર એ આ પૃથ્વીનો ઉપગ્રહ છે તેથી એણે પૃથ્વીને વળગી રહેવું જોઇએ; પણ પૃથ્વી તો ચંદ્રને અને બીજા ઉપગ્રહોને સાથે લઇને સૂર્યની આસપાસ પ્રદક્ષિણા કર્યાજ કરે છે.

સજ્જનો અને સન્નારીઓ ! જો તમે પણ સૂર્યોના સૂર્ય-જ્યોતિના જ્યોતિપ્રતિ જવાનો માર્ગ ગ્રહણ કર્યો હોય તો જેવી રીતે પૃથ્વી પોતાના ઉપગ્રહને સાથે રાખે છે તેવી રીતે તમારા ચંદ્રસમા સહચારીને સાથે રાખી શકો. આ તમારા એકજ શરીરને પરમાત્મ સૂર્યના પ્રકાશ, પ્રભાવ અને જ્ઞાનનો લાભ આપવા કરતાં તમારા સહચારીને પણ તેનો લાભ લેવા દેજો. એમ કરવાથી બન્ને આત્માની ઉન્નતિના તમે સાધનરૂપ થઇ પડો છો. એક શરીરદ્વારા કામ કરવા કરતાં અનેક શરીરદ્વારા કામ કરવામાં તમને સરલતા મળશે. જેમ તમારૂં શરીર ઈશ્વરનું છે તેમ એ બધાં શરીર પણ ઈશ્વરનાંજ છે. જ્યારે કોઇ મનુષ્ય કોઇ ઠેકાણે જાય છે ત્યારે પોતાના હાથ, પગ, માથું, આંખ, કાન કે નાકને કાંઈ પાછળ નથી મૂકી જતો. એવીજ રીતે વેદાન્તનો એ ઉપદેશ છે કે જ્યારે તમે સર્વોચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરવા જાઓ છો ત્યારે માત્ર તમારા શરીરનેજ એ સર્વોચ્ચ જ્ઞાનનો લાભ મળે તેવું ન કરતાં તમારાં પુત્રકલત્રને પણ તમારાં શિર, હાથ, પગ ને આંખ કાનની પેઠે સાથે લઇજ જવાં જોઇએ. તે પરમાત્મા સાથે એકતા અને અભેદનો સાક્ષાત્કાર કરતાં પહેલાં, તમારાં પત્ની અને ગૃહસંસારનાં મનુષ્યો સાથે એકતા અનુભવતાં શ...

જે મનુષ્યે પોતાનાં પુત્રકલત્ર સાથે અભેદાનંદ નથી માણ્યો તે સર્વની સાથે-"વસુધૈવ કુટુમ્બકમ્" નો આનંદ કેવી રીતે અનુભવી શકે ?*

વેદાન્તના દૃષ્ટિબિન્દુથી સ્વાભાવિક અને સરલ માર્ગ તો એજ છે કે જેઓની સાથે તમારો સંબંધ જોડાયો છે તેઓની સાથેજ એકતા અનુભવવાનો તમારે પ્રારંભ કરવો જોઇએ. તમારાં જે નજદીકનાં સંબંધી અને હૃદયનાં પ્રિયતમ હોય એમાંજ તમારા આત્માનો એકાકાર કરો. તમારા સ્વાર્થોનો એમના સ્વાર્થમાં સમાવેશ કરો. સર્વનો એકજ પ્રવાહ થાય અને એકજ પ્રકારનો આનંદ અનુભવાય એમ કરો અને એવી રીતે ક્રમશઃ ઉન્નતિ પામતાં સર્વ કુટુંબને તમારાં શરીર અને કુટુંબનો પેઠેજ સમજી લ્યો. જ્યારે તમે સર્વ શરીરોને તમારાં પોતાનાંજ અનુભવશો ત્યારે તમે તેઓ સર્વને તમારી સાથે ઉન્નત કરી શકશો.

ખ્રિસ્તી લોકોના ધર્મપુસ્તક બાયબલમાં આપણે એવું વાંચીએ છીએ કે ઈસુખ્રિસ્ત પોતાના જોન નામના શિષ્યને બહુ ચ્હાતો હતો. ઈસુ તો સમસ્ત જગતને ચ્હાતો હતો, માટે એ વાકયને આપણે જરા સામાન્ય અર્થસૂચક રીતિમાં ગોઠવીએ તો અર્થ એવો થશે કે શિષ્ય જોનની ઈસુ પ્રતિ અત્યંત ભક્તિ હતી. ઈસુદ્વારા મળતા મોક્ષમાર્ગના રહસ્યનું ગૌર આથીજ ઠીક સમજી શકાય છે. ક્રિયા, પ્રતિક્રિયા, આઘાત અને પ્રત્યાઘાત એ સદા સમાન અં વિરુદ્ધ હોય છે. જોનની જો ઈસુ તરફ ભક્તિ ન હોત તો ઇસુનો એના પ્રતિ પ્રેમ પ નહોત. ઈસુ સાક્ષાત્કાર પામેલ મનુષ્ય હતો અને પિતા એટલે સર્વ સાથે એ અભેદ પા ચૂક્યો હતો. એ એક એવી વ્યક્તિ હતી કે જેનાં મન, બુદ્ધિ, અહંકાર અને સ્વાર્થનો પ આત્મામાં લય-સન્યાસ થઈ ગયો હતો.

જોન, પિટર, પોલ અથવા બીજો હરકોઈ શિષ્ય કે જેનું જીવન ઈસુના જીવન સાં ઈસુપ્રતિની ભક્તિદ્વારા સંકલિત થયું છે એને ઈસુની પ્રભુતાનો આનંદ અનુભવવાનો સ્વાભાવિ કજ લાભ પ્રાપ્ત થયો છે. કારણ કે પ્રેમ કે સ્નેહ વિના સંબંધ થતોજ નથી.

---

* રામસ્વામીના પોતાના સ્ત્રી, પુત્ર, ધનાદિનો ત્યાગ અને એકાંતપ્રિયજીવન સાથે સરખાવતાં તેમનું આ કથન ઉલટા પ્રકારનું લાગે તેમ છે. છતાં સાધારણરીતે દરેક માણસ પોતે જ્યાં ઉભો હોય ત્યાંથીજ સીધો ઉંચે ચડવાનું વધારે પસંદ કરતો હોવાથી તેને તેવોજ સીધેસીધો માર્ગ દર્શાવવો, એ વધુ ઠીક હોવાથી અને આ વ્યાખ્યાનના શ્રોતાઓ ગૃહસ્થાશ્રમીઓજ હોવાથી તેમને માટે આ ઉદ્દેશ યોગ્યજ છે. બુદ્ધ અને રામતીર્થ ઇત્યાદિ જેવા દિવ્ય કોટીવાળાઓ તો જગતમાં અપવાદરૂપ જ હોઇને તેવાઓનો ત્યાગ કેવી અસામાન્ય યોગ્યતા અને હેતુ તથા સિદ્ધાંતો ઉપર યોજાયેલો હોય છે, તે વાત તેમના જેટલી યોગ્યતાએ પહોંચ્યા વિના અન્ય માણસોથી સમજી શકાવી અશક્ય છે. એટલું જ નહિ પણ જે ગૃહસ્થકોટીવાળાઓને રામે ઉપલો ઉપદેશ આપ્યો છે, તે કોટિવાળાઓ તો ઘણી વાર તેમના એ ત્યાગ કાર્યને તત્કાળમાં 'ભૂખના' કે 'હાવરના' ગણવા જેટલીજ યોગ્યતા ધરાવતા હોય છે. હાલ કરીને તેમના ત્યાગનાં અસામાન્ય પરિણામો જણાતાં એજ વર્ગ પાછો તેના પગની ધૂળ માથે ચડાવી તેના નામપર આફરીન પણ થઇ જાય છે. તેટલા માટેજ સામાન્ય જનસમાજની એ સ્તુતિ અને નિંદાને સ્તુતિ નિંદા જગતકી દોનોંકે સિર ધુળ એવી ઉપમા તેઓએ આપેલી છે. એવો દિવ્ય કોટિવાળો માણસ પોતાના અતિ ઉચ્ચ સિદ્ધાંતો અને આચરણપૂર્વક પોતાના કુટુંબીઓ વચ્ચે રહે તો તેની પોતાની જાત ઉપરાંત વ્યવહારપ્રિય કુટુંબીજનો માટે પણ બોજારૂપ અને દુઃખદાયક થઇ પડે એમ હોય છે, અને તેથી એટલી હદ સુધીનો અનુભવ કરવા-કરાવવાની જરૂર તેની દીર્ઘદ્રષ્ટિએ હોતી નથી.

ધારો કે અહીં એક એવો પદાર્થ પડ્યો છે કે જેમાં વિજળીની અસર છે. હવે એની પાસે કોઈ બીજો પદાર્થ રાખીશું તો તે એ વિજળીવાળા પદાર્થમાંથી વિજળીની અસર એ નવા પદાર્થમાં સહજ ઉતરી પડશે. એવીજ રીતે એ સમયના ક્રાઈસ્ટના શિષ્યોને ક્રાઈસ્ટ તરફના પ્રેમને લીધે ક્રાઈસ્ટની પ્રકૃતિનો લાભ મળેલો હોવોજ જોઈએ અને ક્રાઈસ્ટે પોતાનો ઉદ્ધાર કર્યો છે તો આવી રીતે બીજાઓનો એના પ્રતિના પ્રેમને લીધે ઉદ્ધાર થવોજ જોઈએ.

વેદાન્તના નિયમ પ્રમાણે તો જ્યાં સુધી જીવભાવ નથી શમી જતો—ત્યાં સુધી વિશ્વવ્યાપી પ્રેમ સ્વરૂપ નથી બની જવાતું, ત્યાં સુધી સાક્ષાત્કાર થઈજ શકતો નથી. એણે સમસ્ત વિશ્વને પોતાનોજ દેહ સમજવો જોઈએ. સત્ય અથવા આત્માનો સાક્ષાત્કાર કરવાનો આ પ્રથમ પાયરી છે. એનો અર્થ એ છે કે આપણે સમસ્ત વિશ્વ બનવાનું છે. એનાથી પર થવું એ ત્યાર પછીની બીજી પાયરી છે.

તમને યાદ હશે કે એક દિવસના વ્યાખ્યાનમાં બે પ્રકારના ભ્રમનું વર્ણન કર્યું હતું: એક અંતર્ગત અને બીજો બાહ્ય. અંતર્ગત ભ્રમને લીધે મનુષ્યમાં નાનાવિધ વ્યક્તિ ભેદની ભાવના અને પ્રત્યેક વ્યક્તિમાં ઈશ્વરનું દર્શન ન કરી શકવાની અશક્તતા ઉત્પન્ન થાય છે. આ માનસિક વ્યાધિને લીધે આપણે વિશ્વના સમસ્ત પદાર્થો અને વ્યક્તિઓ સાથે એકતાનો સાક્ષાત્કાર કરી શકતા નથી. બાહ્યભ્રમ એટલે બહારની ભિન્નતા અથવા નામ રૂપનો ભેદભાવ.

સંસારી મનુષ્યના આ બન્ને પ્રકારના ભ્રમ દૂર થવા જોઈએ. પ્રથમ પગથીયું એ છે કે સર્વ શરીરોમાં એકતા અનુભવતાં શીખવું જોઈએ. જે મનુષ્યને આ બન્ને પ્રકારના ભેદભ્રમ ભાગી પાડવા છે તેને પહેલાં તો પ્રત્યેકના આત્મા બની સમસ્ત વિશ્વ સાથે અભેદ અનુભવવો પડે છે. સમસ્ત જગતના પ્રાણી પદાર્થ, મનુષ્યવર્ગ, કીટક અને પર્વત કે સરિતા કે સમુદ્રના આત્મારૂપે એણે પોતાના આત્માનો અનુભવ કરવો જોઈએ. જેણે પોતાનાં પુત્ર કલત્ર સાથે એકતા અનુભવી છે અને એમાંથી જે સાહાય્ય મેળવી શક્યો છે તે પ્રથમ ભૂમિકામાં પહોંચી ગયો છે. જ્યારે સર્વ બાહ્ય નામરૂપનો નાશ થાય છે, જ્યારે આ માયાનો નિતાન્ત અભાવ થાય છે, અને આ આ સમસ્ત જગત કે જેને પોતાના શરીરરૂપે માનતો હતો એનો નામરૂપાત્મક ભાવ નિર્મૂળ થાય છે, ત્યારે એ નિજાત્મામાં સ્થિત થાય છે. આ બીજી ભૂમિકા છે.

પહેલાં આપણે સમસ્ત જગતનો પોતાના શરીર સાથે અભેદ અનુભવવાનો છે; ત્યાર પછી એ એક શરીરના રૂપનો—સમસ્ત જગતનો સહજે અભાવ થાય છે; સત્યમાં—પરમાત્મામાં—નિજાત્મામાં તેનો વિન્યાસ થાય છે.

સાક્ષાત્કાર પામનાર મનુષ્ય પહેલાં સમસ્ત જગત બને છે; અને પછી એ જગતનો ઉદ્ધાર રે છે. આવી રીતે એ સમસ્ત વિશ્વનો ઉદ્ધારક બને છે. તમે પોતેજ તમારા ઉદ્ધારક છો મ વેદાન્ત કહે છે.

"ઈસુદ્વારા અમે ઈશ્વરનો સાક્ષાત્કાર કરીએ છીએ." એ વાક્યનો અર્થ એવો થાય છે કે વી સર્વની સાથે અભેદ અનુભવવાની ક્રાઈસ્ટની સ્થિતિદ્વારાજ મોક્ષ મેળવો. એ અક્ષર, અવ- નીય, અગોચર આત્મનિધિમાં તમે ક્રાઈસ્ટની સમાધિસ્થ સ્થિતિદ્વારાજ મુક્તિ પામો છો. આવી ને સત્યનો સાક્ષાત્કાર કર્યો પહેલાં, એ અક્ષર આત્માનો અભેદ અનુભવવા પહેલાં, કે જે અનુ- વથી એ અનિર્વચનીય—અવર્ણનીય, વાણી અને શબ્દોથી પર સ્થિતિ કે જ્યાં નામરૂપના ભેદો મી જાય છે તે સ્થિતિએ પહોંચ્યા પહેલાં તમારે એક એવી સ્થિતિએ પહોંચવું જોઈએ કે

જ્યારે તમે તમારા આત્માને સર્વ નામરૂપ પદાર્થોમાં વ્યાપ્ત હોવાનું અનુભવતાં શીખો. આવી રીતે ઇસુની દ્વારા તમે પરમાત્મા પાસે પહોંચો છો, અને એની સાથે સર્વને ક્રમશઃ એક્ય અનુભવતાં અનુભવતાં એ પરમ અવસ્થા પ્રાપ્ત થાય છે.

આ વિચારને આચારમાં મૂકવાના જે પ્રાથમિક બોધ પાઠો છે તેની શરૂઆત આવી રીતે થાય છે કે પહેલાં તમારે તમારાં માતા, પિતા, પત્ની, બાળકો અને સ્નેહીઓ સાથે અભેદ અનુભવવો જોઇએ; ત્યાર પછી ધીમે ધીમે તમારે સમગ્ર દેશ સાથે ને ત્યાર પછી સમસ્ત જગત અને વિશ્વ સાથે ઉત્તરોત્તર એકતા અનુભવતાં શીખવી જોઇએ. આ કદાચિત મુશ્કેલ લાગતું હશે, પણ તે તમે ધારો છો એટલું મુશ્કેલ નથી. કદાપિ પ્રારંભ કરવો એ મુશ્કેલ લાગશે, પણ પાછળથી તો અભ્યાસ બહુ વેગભર થવા માંડશે. જ્યારે એક માણસ માત્ર એકજવાર કોઈ બીજા પુરુષ સાથે અભેદ અનુભવે છે, અને પોતાના દેહને ભૂલી જઈ અન્યમાં વિન્યાસ પામે છે, ત્યારે તે સહજ સર્વની સાથે એકતા અનુભવી શકે છે.

અનુભવી મહાત્માઓનાં કથન છે કે પ્રકૃતિના અટલ નિયમાનુસાર જગતપરનો સર્વ પ્રકારનો પ્રેમ આપણને એક એવી સ્થિતિએ પહોંચાડે છે કે જે સમયે આપણું પ્રેમપાત્ર બાહ્ય જગતમાંથી લોપ પામે છે; જ્યારે એ પાત્રનાં રૂપ, વર્ણ, આકૃતિ કે ચિહ્ન પણ ન રહેતાં, સર્વના આધારભૂત પરમ સત્તામાં અંતઃકરણ વિશેષ અને વિશેષ લીન થાય છે.

આ વિધાનની સત્યતાના વિષયમાં સર્વનો અનુભવ સાક્ષી પૂરશે. જ્યારે આપણે વયોવૃદ્ધ થઇએ છીએ ત્યારે આપણને અનુભવ થાય છે કે આપણું પ્રેમપાત્ર-આપણા પ્રેમનું કેન્દ્ર ઉત્તરોત્તર વિશેષ સરલ, સૂક્ષ્મ અને શુદ્ધ થતું જાય છે.

સર્વ મનુષ્યોને થોડા કે વધારે પ્રમાણમાં આ રહસ્યનો અનુભવ થયોજ હશે. એમ થતાં થતાં એક સમય એવો આવે છે કે જ્યારે આપણા પ્રેમપાત્રમાં ચ્હેરાની કુરૂપતા, ચાઠાં, ચામડી વગેરે બહારનાં ચિહ્નો પ્રતિ જરાએ આપણું લક્ષ્ય રહેતું નથી. આપણે તો માત્ર તેના અન્તર્ગત આત્માને-પ્રેમને-હૃદયને-અંતરની પવિત્રતાનેજ ચાહીએ છીએ. શું બધાંને એવો અનુભવ નથી થયો કે આપણે આપણાં પ્રેમપાત્રોના બાહ્ય દોષો કે શરીરની ખોડ-ખાંપણનો વિચાર નહિ કરતાં માત્ર સૌંદર્યજ નિહાળીએ છીએ. જો એ વ્યક્તિમાં-એ પ્રેમપાત્રમાં જો સહૃદય પ્રેમ હશે તો આપણું હૃદય સ્વાભાવિકજ દ્રવવા માંડશે. આમ હૃદય હૃદયને આકર્ષવા લાગે છે. ત્યાર પછી એક સમય એવો આવે છે કે જ્યારે આપણા પ્રેમનું કેન્દ્ર વિશેષ સૂક્ષ્મ એટલે કે સ્થૂલ નામ, વર્ણ અને આકાર કરતાં અધિકતર વિશુદ્ધ બની જાય છે. વળી એના કરતાં પણ એક પાયરી જરા આગળ પહોંચવાનું છે. તે સમયે તમે બાહ્ય સ્થૂલ જગતમાંથી વિશુદ્ધ વૃત્તિના પ્રદેશમાં પહોંચી જાઓ છો.

ત્યાર પછી એના કરતાં પણ ઉચ્ચતમ સ્થિતિ એવી છે કે જેમાં આપણો પ્રેમ, લાગણી વૃત્તિ, મનની પવિત્રતા એ સર્વ માત્ર પ્રેમપાત્રના દર્શનમાંજ ન રહેતાં, આપણે પરમાત્મામાં-આંતર પ્રભુત્વમાં એ પ્રેમ દર્શન પામીએ છીએ, અંતરાત્માનું દર્શન કરતાં શીખીએ છીએ.

જ્યારે એ સ્થિતિ પ્રાપ્ત થાય છે; જ્યારે જગતના પદાર્થોનો માત્ર ચિત્રરૂપેજ આભાસ થાય છે; જ્યારે વસ્તુમાંથી વસ્તુની ભાવના શમી જઈ આપણે અક્ષર આત્માને એ સર્વ વસ્તુમાં જોઇ શકીએ છીએ; જ્યારે એક પદાર્થપરથી બીજા પદાર્થપર મોહિત થવાની ટેવવાળાં આપણાં નેત્રો એ બધા પદાર્થોમાંથી વસ્તુપણાની ભાવના ભૂલી જઇને આપણાં હૃદયોને સર્વ પદાર્થોની

પાછળ અદૃશ્ય રહેલી પ્રભુતાનું દર્શન કરાવી ઉન્નત બનાવે છે ત્યારે સમસ્ત વિશ્વ સાથે અભેદ અનુભવવો બહુ સહજ થઈ પડે છે. એજ હંસની સ્થિતિ છે. આ હંસની ભૂમિકામાં થોડો સમય રહ્યા પછી એક એવી ઉત્તમ સ્થિતિ આવશે કે જ્યારે તમે પ્રભુતામાં પરિપૂર્ણ લીન થઈ જશો. આ દૈવી સ્થિતિમાં આપણું પરમાત્માની સાથે પૂર્ણ ઐક્ય-તાદાત્મ્ય થઈ જાય છે. આ સ્થિતિને નિર્વાણ તથા સમાધિની સ્થિતિ કહે છે. આ સ્થિતિમાં અંતઃકરણમાં કોઈ પણ જાતનો માનસિક વિરોધ કે વિરૂપતા રહેતાંજ નથી.

એ સ્થિતિ ઉત્તરોત્તર પ્રાપ્ત કરવામાં આપણે આપણાં કુટુંબજનો અને સાંસારિક સંબંધીઓની સહાય્ય કેવી રીતે પ્રાપ્ત કરી શકીએ એનો વિચાર હવે કરીએ.

જેવી રીતે રોમન કેથોલિક ઈશ્વરની પૂજા કરે છે તેવીજ રીતે હિંદુસ્તાનમાં પણ અનેક સંપ્રદાયના લોકો ઈશ્વરની પ્રતિમા પૂજે છે. રામ અને કૃષ્ણની પ્રતિમાનું વિશેષતઃ પૂજન કરાય છે. રામ અને કૃષ્ણ હિંદુસ્તાનના ઈસુખ્રિસ્ત છે.

એકવાર એક વૃદ્ધ સ્ત્રીએ એક સાધુ પાસે જઈને પૂછ્યું કે "હું મારા ગૃહસંસારનો ત્યાગ કરીને શ્રીકૃષ્ણની જન્મભૂમિ વૃંદાવનમાં જઈને નિવાસ કરૂં તો યોગ્ય ગણાય કે નહિ?" પોતાનાં સર્વ કુટુંબબંધનો તોડી નાખી, સર્વની સાથેના વ્યવહારનો અંત લાવી, હિંદુસ્તાનના જેરૂસેલમ-વૃન્દાવનમાં જઈને બાવા બનવું એ શું ઉચિત હતું?

એ સ્ત્રીની સાથે એ વખતે એનો એક બાળક પૌત્ર હતો. સાધુએ પ્રશ્ન પૂછ્યો:—"માતા, જુઓ તો, આ નાના બાળકના નેત્રોમાં તમને શું જણાય છે? આ બાળકના દેહના પ્રત્યેક અવયવમાંથી તમારા પ્રતિ કેટલી શક્તિ, કેટલું ચૈતન્ય, કેવી પ્રભુતા ઝરે છે? એ શું હશે?"

સ્ત્રીએ ઉત્તર આપ્યો:—"એ પ્રભુજ હોવા જોઈએ. આ વ્હાલા નાના બાળકના ચિત્તમાં મોહ કે વિકારનો તો લેશ માત્ર અંશ નથી. આ બાળક તો નિર્દોષ અને પવિત્ર છે. તે રડે છે ત્યારે પણ એના રોદન અને વિલાપમાં પ્રભુના સ્વર સિવાય અન્ય સંભળાતું નથી."

વળી પાછું સાધુએ પૂછ્યું:—"તમે જ્યારે વૃન્દાવન જશો ત્યારે તમારે કૃષ્ણની એકાદ મૂર્તિ સાથે સંબંધ રાખવો પડશે. તમારે મૂર્તિમાં પણ પ્રભુતાનુંજ પૂજન કરવું પડશે. શું વૃન્દાવનમાં તમે જે કૃષ્ણની પ્રતિમાની પૂજા કરશો તે પ્રતિમાના જેવીજ આ બાળકના દેહની પ્રતિમા મનોહર, રમણીય અને વિશુદ્ધ નથી?"

સ્ત્રીને આથી બહુ આશ્ચર્ય થયું અને ઘણો વિચાર તથા મનન કર્યાં પછી, તે એવા નિશ્ચય પર આવી કે તે હવે આ બાળકનેજ કૃષ્ણનો અવતાર માનીને, એના શરીરને કૃષ્ણનું શરીર-પ્રતિમા સમજીને પૂજન કરશે, કારણ કે ઈશ્વરજ એ બાળકને શક્તિ અને સામર્થ્ય આપનાર છે. ઈશ્વરજ એ બાળકના કર્ણદ્વારા શ્રવણ કરે છે; એ પરમાત્માજ એ બાળકના અંગની વૃદ્ધિ કરે છે; ઈશ્વરજ એના પ્રત્યેક અવયવદ્વારા વ્યાપાર કરે છે.

એ મહાત્માના ઉપદેશ પ્રમાણે એણે એ બાળકને પૌત્ર નહિ સમજતાં ઈશ્વરજ સમજવો જોઈએ. એણે તેની સાથેના સર્વ પ્રાકૃત શારીરિક સંબંધનું વિસ્મરણ કરવું જોઈએ, તેમજ સંસારનો સર્વ સંબંધ છૂટી જવો જોઈએ, અને તેની સાથે જે શાશ્વત બંધન હોય તે કેવળ ઈશ્વરત્વનુંજ હોવું જોઈએ. આજ વાસ્તવિક ત્યાગનું સ્વરૂપ અને માર્ગ છે.

ત્યાગનો અર્થ સંન્યાસ નથી થતો. ત્યાગ એટલે વસ્તુમાત્રને પવિત્ર બનાવવી. બાળકનો ત્યાગ કરવો એટલે એમ નહિ કે એની સાથેનો સર્વ સંબંધ તોડી નાખવો; પરંતુ એ બાળકને ઈશ્વરજ માનવો એ ત્યાગ છે. સર્વમાંથી જગત્‌રૂપ જોવાપણું ત્યજી દઈને પ્રભુતાનો

સાક્ષાત્કાર કરવો એજ વેદાન્ત દૃષ્ટિએ તો ત્યાગ છે. વેદાન્ત તમને તમારાં પત્ની, પતિ અને બીજા સંબંધોનો ત્યાગ એવી રીતેજ કરવાનો ઉપદેશ કરે છે. વેદાન્ત એવું સમજાવે છે કે તમે તમારી પત્નીમાંથી પત્નીભાવ કાઢી નાખો; શત્રુમાં શત્રુતાનો ભાવ ન રાખો; મિત્રને મિત્રની દૃષ્ટિથી ન જુઓ; પણ એ બધાંમાં પરમાત્માનાં અલૌકિક દિવ્ય દર્શન પામો. સ્વાર્થી અંગતબંધનોનો ત્યાગ કરો; પ્રત્યેક પ્રાણી પદાર્થમાં પ્રભુને અનુભવો. પ્રત્યેક રીતીને હિંદુશાસ્ત્રોની આજ સર્વોત્તમ આજ્ઞા છે. ધર્મશાસ્ત્રોના એ અલૌકિક નિયમોને રામે પોતાના ગૃહસ્થાશ્રમમાં આચારમાં મૂકયા હતા. પત્ની નિત્ય પ્રાતઃકાળ પહેલાં જાગ્રત થતી. જ્યારે 'રામ' સમાધિસ્થ હોય-પ્રભુતામાં લીન થઈ ગયો હોય-ઇશ્વરમાં તન્મયતા પામી રહ્યો હોય; જ્યારે એ અમૃતનો આસ્વાદ અનુભવતો હોય ત્યારે એ ધીમે ધીમે તેની સમીપ આવતી અને પોતાના દેહની વિસ્મૃતિ કરી એ 'રામ'ની સાથે એકતા અનુભવવા સ્થિર ચિત્તથી સંમુખ બેસી જતી. એ સમયે 'રામ'ને તો શરીરની વિસ્મૃતિજ હોઇને પોતે ઈશ્વરમાં તાદાત્મ્ય અનુભવતો હતો, એટલે પત્નીને પણ 'રામ'ના શરીરમાં ઈશ્વરદર્શનજ થતું.

'રામ'ના કપાળ તરફ દૃષ્ટિ ટકાવી એ થોડે દૂર બેસી રહેતી. જો કે એ વિશેષ સંસ્કારી નહોતી તેથી અધિક ઉત્તમ પાયરીની સાધના તો ન કરી શકે; પણ તે પ્રણવનો જપ કરતી અને એવી રીતે તેના અંતઃકરણમાં રામની પ્રતિમાને પધરાવી એટલી તો ધ્યાનસ્થ થઈ જતી કે એના અન્ય સર્વ વિચારો નિર્મૂળ થતા. ઘણી વાર તો એ પોતાના દેહનું ભાન પણ ભૂલી જતી. એના શરીરનો રામના શરીરમાં સમાવેશ થઇ જાય છે તેવો એ અનુભવ કરતી. એ સમયે તેને એવો સાક્ષાત્કાર થતો કે રામનો આત્મા એજ તેનો આત્મા છે. એ એમ અનુભવતી કે 'રામ' સમાધિસ્થ નથી પણ હુંજ ઈશ્વર સાક્ષાત્કારમાં નિમગ્ન બેઠી છું. 'રામ'નું ધ્યાન એજ એનું ધ્યાન હતું. આવી રીતે એ સમસ્ત વિશ્વ સાથે તાદાત્મ્ય અનુભવતી અને સમસ્ત જગતમાં એકત્વ નિહાળવાનાં શક્તિ અને સાધન પ્રાપ્ત કરી લેતી. એ વિધિથી 'રામ'ને તે સહાયક નિવડી હતી; અને 'રામ' તેનો સહાયક હતો. પત્ની પતિને કેવી રીતે સાહાય્ય કરી શકે ? જ્યારે પત્ની પોતાના પતિને ઈશ્વરજ સમજે છે અને આવા પ્રકારના વિચારો અને આંદોલનોથી એને પોતાના પતિમાં ઈશ્વરત્વનું દર્શન થતું હોય છે; તો પછી શું એની માનસિક શક્તિથી-પતિ સાક્ષાત પરમેશ્વર શા માટે ન થઇ જાય ? શું પતિને પણ આવા પ્રકારનો ગૃહસ્થાશ્રમ સહાયક નથી નિવડતો ? અલબત્ત આ પ્રકારનાં પતિપત્ની પરસ્પર સહાયકજ છે.

એક સ્ત્રી પોતાના પતિને પરમેશ્વરજ સમજે છે ત્યારે તે વિચાર-એ આંદોલન પતિને સાક્ષાત્કાર કરવામાં સાહાયક થઈ પડે છે; અને જ્યારે પતિ ઈશ્વરનો સાક્ષાત્કાર કરે છે ત્યારે પત્નિને પણ સાહાય્યજ મળે છે. અહા ! આ કેવું આધ્યાત્મિક લગ્ન છે ! આ કેવું મહાન સંસાર છે ! બન્ને એક બીજાને સાહાય્ય કરે છે અને સાહાય્ય પામે છે.

આવા આધ્યાત્મિક અભેદ દર્શનપર આધાર રાખતું લગ્ન અને એવો પ્રેમજ જગતમાં સૌથી વધુ સુખી છે. ચ્હેરાનો રમણીયતા કે શારીરિક મોહના પ્રભાવને લીધે થએલા સ્નેહમાંથી ઉદ્‌ભવેલાં લગ્નો અને સંબંધો પરિણામે વિનાશકારકજ નિવડે છે. તેવા સંબંધો અત્યંત દુઃખકર હોય છે. આવાં લગ્નોમાંથી હૃદયની નિરાશા, ચિન્તા અને વ્યર્થ ઉપાધિજ ઉત્પન્ન થાય છે.

જે લગ્નમાં મુખાકૃતિ કે શરીરના વર્ણનું સૌંદર્ય લક્ષમાં ન લેતાં કેવળ આંતર્ગત પ્રભુ દર્શન પ્રધાન છે, એ લગ્નજ આધ્યાત્મિક લગ્ન છે. એ લગ્નજ સત્ય એકીકરણ કરનારૂં છે. એ લગ્નથીજ આનંદ અને સુખ મળી શકે છે.

એક વાર એક સ્ત્રીએ એક મહાત્મા પાસે આવીને પ્રશ્ન પૂછ્યો કે "મારા પતિ થોડા મહીના પહેલાં વિદેહ થયા છે, માટે એના નિમિત્તે શું કરવું જોઈએ?" એક બીજા સજ્જને આવીને કહ્યું કે "મારૂં એકનું એક બાળક મરણ પામ્યું છે અને મારાથી વિરહદુઃખ સહી શકાતું નથી તેથી હું આપઘાત કરવા જાઉં છું." વળી એક ત્રીજા પુરુષે કહ્યું કે "મારી સ્ત્રી મરણ પામી છે તેથી હવે જીવવું નકામું છે."

સ્ત્રીને પોતાના પતિના બહુ વિચાર આવ્યા કરતા હતા; તેથી સાધુએ તેને ઉત્તર આપ્યો:-

"હા, તમારે તમારા પતિને માટે કાંઈક તો કરવું જોઈએ. તમારે નિરાશ ન થતાં મારા ઉપદેશ પ્રમાણે વર્તવું. જ્યારે જ્યારે તમે નિરાશ થઈ જતાં હો અથવા જ્યારે તમારા અંતઃકરણમાં તમારા પતિસંબંધી વિચારો આવવા માંડે, તેજ વખતે તમારે એકાંતમાં બેસી નેત્રો બંધ કરવાં; અને અંતઃકરણ સંમુખ તમારા પતિના શરીરની આકૃતિની કલ્પના લાવવી. મનુષ્ય પોતાના પ્રેમપાત્રની કલ્પના બહુ જલદી કરી શકે છે. જ્યારે એ મૂર્તિનો તમારા અંતઃકરણમાં બહુ સારી રીતે આભાસ થવા માંડે ત્યારે જરાએ ચિન્તા કે શોકગ્રસ્ત ન થશો કે રડશો કકળશો નહિ. રોદન કરીને આંસુ ખેરવવાથી તો તમે તમારા પતિને આ જગતપર પાછો ખેંચી લાવો છો. તમે આ પૃથ્વી સાથે એનો સંબંધ જોડો છો અને એમ કરીને એને અધોગત બનાવો છો. વળી તમારી તેને મદદ કરવાની ધારણા પણ નિષ્ફળ થાય છે. નેત્રો બંધ કરીને બેસવાથી જે મૂર્તિનો આભાસ થાય એ આ જગતની પાર્થિવ મૂર્તિ નથી એમ તો તમે સહજ સમજી શકશો. એ મૂર્તિને ચૈતન્યમય માની લઈને ઈશ્વરજ સમજી લેવી. તેની સાથે વાર્તાલાપ કરો; તેને કંઇ ઉપદેશ આપો; અને એને એવાજ વિચારોની સદ્બોધમાળા અર્પો કે તમે ઈશ્વર છો; તમેજ પ્રભુ છો; આ તમારા શરીરરૂપે જે તમે મારી પાસે ઉપસ્થિત થયા છો તે પરમાત્મા પોતેજ છો."

"જ્યારે આપણે ટેલીફોનના યંત્ર આગળ જઈને કાન દઈએ છીએ ત્યારે કાંઈ સાંભળીએ છીએ, પરન્તુ આપણે સારી પેઠે સમજીએ છીએ કે તેમાંથી આવતો ધ્વની એ યંત્રનો નથી પણ આપણા કોઈ સ્નેહી સંબંધીએ મોકલેલો છે. એવીજ રીતે જ્યારે તમારા પતિનું ચિત્ર જુઓ ત્યારે તમારે સમજવું જોઈએ કે એ ચિત્રમાં અંતર્ગત પ્રભુજ ભરેલો છે, અને તેથી એજ સમયે એને પણ એ સંબોધન કરવું જોઈએ કે 'તમે પ્રભુ છો; પરમેશ્વર છો.' તમારા સદ્ગત પતિને સહાય્ય કરવાનો આજ ઉત્તમ માર્ગ છે."

આવી રીતે જો આપણે આપણાં મરણ પામેલાં સંબંધીઓનો પણ ઉદ્ધાર કરી શકીએ છીએ, તો પછી આ જીવતાં સંબંધીઓમાં આપણે પરસ્પર સહાયક થઈએ એમાં જરાએ શક નથી.

જ્યારે પતિ અને પત્ની આવા પ્રકારનું ઉચ્ચ જીવન ગાળે છે ત્યારે એ લગ્ન આધ્યાત્મિક ઉન્નતિની સાધનારૂપ અને પરસ્પર સુખરૂપજ નિવડે છે. તમો કહો છો કે સર્વ સ્થલે પતિ પોતાની પત્નીના સુખની વૃદ્ધિ કરવાની ઈચ્છા રાખતો હોય છે, અને એ હરકોઈ પ્રકારે સુખી રહે એવા ઉપાયો યોજ્યા કરે છે. અજ્ઞાનને લીધે લોકો માની લે છે કે તેઓએ યોજેલો માર્ગ વિહિત છે. તેઓ માત્ર એવુંજ સમજે છે કે પરસ્પરની ઈચ્છાઓ પૂરી પાડીને રાજી થવું એજ ઉત્તમ માર્ગ છે. પણ આ તેમની ભૂલ છે. એમ કરવાથી તો તમે તમારી જાતને તેમ બીજાને પણ અધોગત બનાવો છો. પ્રકૃતિનો એ નિયમ છે કે જે ધોરણ એકને સુખી બનાવે છે તો તે ધોરણે તમને સર્વને પણ સુખ આવવુંજ જોઈએ. જે એકને માટે ઈષ્ટ છે તે તમારે માટે પણ ઈષ્ટ હોવુંજ જોઈએ. વળી જો હું આગળ વધેલો હોઉં છું તો તમે પણ આગળજ

નધો છો. મારી પ્રગતિ સાથે તમારી પણ પ્રગતિજ થાય છે. આ જગત માંદું ન પડે ત્યાં સુધી હું પણ માંદો થઈજ શકતો નથી; અને મારૂં શરીર નિરોગ રાખવાથી હું સમસ્ત વિશ્વને નિરોગ રાખી શકું છું. આઘાત અને પ્રત્યાઘાત સમાન અને પરસ્પર વિરૂદ્ધ છે.

જો હું તમને ખરેખર સુખી કરતો હોઉં તો હું પણ સુખીજ છું. એક બીજાની ઇચ્છાઓ અને વાસનાઓ તૃપ્ત કરવાથી પરસ્પર વ્યક્તિને સુખ પ્રાપ્ત થાય છે એવી જે લોકોની માન્યતા છે તે તદ્દન અવાસ્તવિક છે. એથી તો તિરસ્કાર અને હૃદયભંગજ નિવડે છે.

આવાં કાર્યોથી પતિ અને પત્ની બન્ને દુઃખી થાય છે. બન્નેને એમ લાગે છે કે અમે દુઃખી છીએ અને અમારા હૃદયમાં નિરાશા ભરી છે. એમનાં હૃદય ચિન્તા અને ભયથીજ ભરેલાં રહે છે.

પરસ્પરને સુખી કરવાના આ અજ્ઞાનભર્યા માર્ગને લીધેજ ભય, વિઘ્નો અને ચિન્તાઓ ઉત્પન્ન થાય છે. જો તમારે ખરેખર સુખી થવું હોય તો સ્વાર્થી જીવને ઉન્નત બનાવવો જોઈએ. તમારે તમારા મિત્રના સત્ય સ્વરૂપનો સાક્ષાત્કાર કરવો જોઇએ. અપ્રતિમ શક્તિ તમારે તમારી પત્નીને અર્પવી જોઇએ. અદ્ભુત બળનું એમાં પ્રતિબિંબ પાડવું જોઇએ. પરસ્પર જ્ઞાનનો વિનમય કરવો જોઇએ. જો તમે અન્યોન્યનાં શુભેચ્છક હો તો તમારે એકબીજાને સુખનાં સાધન આપવાં જોઇએ. એ સાધનો તે જ્ઞાન અને આધ્યાત્મિક સ્વતંત્રતા છે. તમારાં સહચારીઓને એ ઉત્તમ સાધનોજ આપજો.

પ્રત્યેકનો એ ધર્મ છે કે એણે પોતાની પત્નિને ધર્મશિક્ષણ આપવું. જે પુરૂષ પોતાની સ્ત્રીનો અધ્યાપક કે આચાર્ય નથી અથવા જે સ્ત્રીદ્વારા એનો પતિ ઉચ્ચ શિક્ષણ પામી ઉન્નત નથી બનતો, તે દમ્પતી જીવનમાં સુખી થતાં નથી. એથી વિરુદ્ધ વર્તન કરનારી સ્ત્રી પાપી છે. જે પુરૂષ પોતાની સ્ત્રીને માટે પોતાના ગૃહને વિશ્વવિદ્યાલય નથી બનાવતો તે પણ પાપીજ છે. એક બીજાને સુખી કરવાનો આજ સત્યમાર્ગ છે.

ઈસુખ્રિસ્તના અપૌરુષેય જન્મવિષે 'રામ'નું વિવેચન આવું છેઃ-ઈસુની માતા મેરી બહુ શુદ્ધ, પવિત્ર અને ઈશ્વરભક્ત હતી. એ એક એવી સ્ત્રી હતી કે જે ઈશ્વરદર્શનની-સાક્ષાત્કારની અમુક ભૂમિકાએ પહોંચી ચુકી હતી. પ્રભુત્વ સાથે એ એકમેક હતી. ઇસુનો પિતા જોસફ પણ બહુજ પવિત્ર પુરુષ હતો; તેણે પણ થોડે અંશે ઈશ્વર સાક્ષાત્કાર કર્યો હતો. બન્ને યુવાન છતાં પ્રૌઢ હતાં. વસ્તુતઃ એવું બન્યું છે કે એક સમયે જ્યારે બન્ને આત્મનિમગ્ન થયાં હતાં ત્યારે એ પ્રસંગે મેરીને ગર્ભાધાન થયું અને એણે ગર્ભ ધારણ કર્યો હતો તે વાત પાછળથી તદ્દન વિસારે પડી.

આપણે ઘણી વાર એવું જોઇએ છીએ કે બાળકને રાત્રે જગાડીને દૂધ અથવા સાકર ખાવાને માટે આપીએ છીએ તો તે ખાઈ લે છે, પણ જ્યારે બીજે દિવસે સવારે પૂછીએ છીએ ત્યારે કહે છે કે, "વાહ, દૂધ સાકર કેવાં ? કોણે ખાધાંજ છે ? તમે મને તો આપ્યાંજ નથી. બ્હેનને આપ્યાં હશે." બાળકે દૂધ સાકર ખાધાં છે એ તો વાત સાચીજ છે, પણ તે બીજે દિવસે સવારે તદ્દન ભૂલી ગયો છે. વસ્તુતઃ વાત એવી હોય છે કે જ્યારે રાત્રિએ બાળક તે ખાય છે તે વખતે બાળકને દેહનું ભાન હોતું નથી. જેવી રીતે ઉંઘમાં ચાલનારાઓ ઉઠીઉઠીને ચાલતા ફરે છે, અનેક પ્રકારનાં કામ કરે છે, પણ જ્યારે સવારે જાગે છે ત્યારે તેમને તેમાંની કશી પણ ખબર હોતી નથી. એવીજ રીતે "રામ" નું કહેવું એમ છે કે જ્યારે જોસેફ અને મેરી બન્ને તુર્યાવસ્થામાં-દિવ્ય આત્મસત્તામાં નિમગ્ન હતાં, ત્યારેજ મેરીને ગર્ભ ધારણ થયો હતો. એ ઉત્તમ આત્મનિમગ્ન અવસ્થા એવી હોય છે કે જે વખતે શરીરનું જરાએ ભાન નથી રહેતું. પરમાત્મા સાથે તે વખતે તેમનું તાદાત્મ્ય હતું. એવીજ સ્થિતિમાં મેરીને ગર્ભ રહ્યો હતો અને જ્યારે

એ દેહસ્થાનમાં આવી ત્યારે કારણ પૂછતાં કશુંએ નહોતી કહી શકી. ખ્રિસ્તીઓ એમ કહે છે કે એનામાં પવિત્ર આત્માએ ગર્ભધારણ કર્યો છે; એટલે કે ઇશ્વરજ્ઞાનથી એ એટલી તો પરિપૂર્ણ થઈ હતી કે એ જ્ઞાનેજ એના ગર્ભમાં નિવાસ કર્યો. આવી રીતે ઇશુ પવિત્ર આત્મા–પરમાત્માને પુત્ર હતો. પ્રકૃતિના નિયમો તો જેવા અત્યારે છે તેવાજ તે સમયે હતા; છતાં પણ આવી રીતે આપણે કહીએ છીએ કે ઇશુ પવિત્ર આત્માને પુત્ર હતો.

આ ઉપરથી 'રામ' કહે છે કે દરેકે એવું આચરણ કરવું જોઇએ કે જેથી પ્રત્યેક વ્યક્તિ ઇશુખ્રિસ્ત બની જાય. તમારાં અંતઃકરણને શુદ્ધ કરો. જો તમે તમારી પ્રજામાં મિલ્ટન, શેક્સપિયર, ખ્રિસ્ત જેવા મહાન્ પુરુષો ઉત્પન્ન કરવા ચાહતા હો, જો તમે તમારી પ્રજાને તમારા કુટુંબની અને તમારા દેશની ઉદ્ધારક બનાવવા ઇચ્છતા હો તો તેમને અધોગત ન બનાવો. 'રામ' કહે છે કે તમે તમારાં પુત્રકલત્ર સાથે એવા પ્રકારનું જીવન ગાળો કે જેથી તમે આ ક્ષુદ્ર સ્વાર્થી ભાવનાઓથી પર એવું જીવન ગાળી શકો, અને જે જીવન હમેશાં તમને ઇશ્વરમાં મગ્ન રાખે, પ્રભુમાં તન્મય કરે. પરમાત્મામાં લીન કરે તેજ જીવન ખરૂં છે. પત્ની અને પતિ બન્ને જો પવિત્ર વિચારોનું, ઉત્તમ શક્તિ અને ઉદાર વૃત્તિઓનું સેવન કરે તો આવાં માતા–પિતાનાં સંતાનો ખ્રિસ્તજ બને. તમે ધારો તો અત્યારના જમાનામાં પણ ખ્રિસ્ત પેદા કરી શકશો.

તમારૂં ગૃહકુટુંબ સ્નેહની પરિમિત સ્થિતિથી મર્યાદિત ન થતાં સર્વત્ર વ્યાપક પ્રેમનું કેન્દ્ર બનવું જોઇએ. લોકો ગૃહને મર્યાદિત સ્નેહસંબંધોમાંજ રાખે છે તેથીજ તે સ્નેહ કે પ્રેમ બહાર વિસ્તરી શકતો નથી. ગૃહ અને પુત્રકલત્રદ્વારા પ્રેમપ્રકાશનાં કિરણો સર્વ દિશામાં વિસ્તાર પામે તે સારૂ તમારો પ્રેમ ત્યાંજ સંકુચિત ન થવો જોઇએ. તમારા પ્રેમ અને સ્નેહની સીમા તમારી પત્ની સુધીજ ન રહેવી જોઇએ. તમારા સ્વાર્થી વિચારોથી તમે તે પત્નીને પણ નીચે ઉતારી પાડો છો; અને તમે પણ સાથેજ અધોગત થઇ બન્નેનો વિનાશ કરો છો. પત્ની તમને પ્રેમ કરતાં શીખવે છે, અને તમારે એ પ્રેમને વિશુદ્ધ બનાવીને સમસ્ત જગતનું સ્વરૂપ આપવું જોઇએ. નામરૂપ અને વર્ણભેદમાંથી એ પ્રેમને ઉંચે, ઉન્નત અને વિશુદ્ધ બનાવી તેને પરાત્પર પરમાત્મા પ્રત્યેના પ્રેમનું સ્વરૂપ આપવું જોઇએ. પછી જ્યારે તમે જેને જેને એ પ્રેમભર્યા હૃદયે મળશો ત્યાં પ્રેમનુંજ દર્શન થશે, અને એજ મુખાકૃતિમાંથી ઘાસ, પુષ્પ, નદી, શંખ, પર્વતો અને ગુહાઓમાં પ્રેમદર્શન થશે એટલે સમસ્ત જગત સાથે અભેદ પામશો.

પત્ની તમને સમસ્ત જગત સાથે એકતા કેમ અનુભવવી એ શીખવશે. પત્ની જગતની સાથેનો તાર તોડી પાડવા માટે નથી, પણ પ્રેમ સંબંધથી જગતસાથે સંયુક્ત થવાનું સાધન છે.

ગાડી હાંકનારને જો રસ્તાની માહિતી ન હોય તો રસ્તામાં ખાડાખડિયામાં ગાડી અથડાય કુટાય છે, પણ જો તેને રસ્તાની ખબર હોય તો સાવધાન રહીને ગાડી ચલાવે છે. તેવીજ રીતે તમારા સાંસારિક વ્યવહારમાં વિઘ્નો આવે છે; સંકટ, દુઃખ, અપયશ, અપઘાત પણ જરૂર આવે છે; પણ જો તમને તે સંબંધે સૂચના આપી હોય તો તમે સાવધ રહી શકો છે. ત્યારે હવે આ નિરાશા, પરાજય, આપત્તિ અને નિઃશ્વાસ ક્યારે ઉત્પન્ન થાય છે? 'રામ' તમને તે સમજાવશે એટલે તમારો ગભરાટ દૂર થશે. ઉપાય બહુ સરલ છે અને તમે તેનો સહજ રીતેજ ઉપયોગ કરી શકશો. ગણિતશાસ્ત્રના સિદ્ધાંત જેવોજ એ નિયમ પણ શાસ્ત્રીય છે. જ્યારે કોઇ પણ સ્ત્રી કે પુરુષ બાહ્ય આકાર, પદાર્થ કે જડ વસ્તુપર પ્રેમ રાખવા માંડે છે ત્યારે એને આધ્યાત્મિક નિયમ પહેલાં તો એમ કરવા દેવાની છુટ આપે છે; થોડા સમય સુધી એ જડ પદાર્થનો ઉપભોગ તે સહેલાઇથી કરી શકે છે; પણ જેવી તે જડ વસ્તુ તેના અંતઃકરણમાં

સ્થાન ભોગવવા માંડે છે-જ્યારે એ તેમાં તન્મય થઇ જાય છે, કે તરતજ એ વસ્તુ એની પાસેથી ખેંચી લેવામાં આવે છે. આ એક અચલ નિયમ છે અને એનાથી કોઇ બચવા પામતું નથી. એ વિજયી નિયમની સત્તા આગળ બીજી કોઇ પણ શક્તિ કે સત્તા નકામાં છે. અત્યંત પ્રાચીન સમયથી આજ પર્યંત આ નિયમના બંધારણ અને આચારમાં એક પણ અપવાદ થયોજ નથી.

કોઇ પણ બાહ્ય વસ્તુપર આસક્તિ રાખો; કોઇ નામ કે વ્યક્તિને વળગી રહો; કોઇ મહાન પુરુષનોજ આશ્રય રાખીને બેસી રહો; એનાપરજ તમારો બધો ભાર મૂકી રાખો; એટલે ઉપર્યુક્ત નિયમાનુસાર તમારો આધાર પાડી નાંખવામાં આવશે અને તમને અત્યંત દુઃખ થશે. તમે કોઇ એક ટેબલને અઢેલીને બેઠા હો ત્યારે ટેબલ ખસેડી લઇએ એટલે તમે પડી જશો. આ ઉપરથી આપણને એ બોધ મળે છે કે આપણે આ જડ પદાર્થોપર આસક્તિ રાખવાની નથી. આ જડ પદાર્થોજ આપણાં પ્રેમપાત્રો ન હોવાં જોઇએ. છતાં શરૂમાં આપણે આ જડ પદાર્થો વિના આપણા અંતઃકરણના પ્રેમને પોષણ આપી શકતા નથી; આ જડ પદાર્થદ્વારાજ આપણે પ્રેમ કરતાં શીખીએ છીએ; પણ જ્યારે આપણે એક વાર એ પ્રેમનો પાઠ ભણી લીધો એટલે પછી તો પ્રકૃતિ આપણને ઉપદેશ આપે છે કે એ પ્રેમને એ જડ પદાર્થપરજ ન રાખવો જોઇએ. એ પ્રેમને વિશુદ્ધ બનાવીને, પ્રબળ બનાવીને વસ્તુની અંતર્ગત રહેલા પ્રભુત્વપર પહોંચાડવો જોઇએ. **પત્નીની પાસેથી શીખેલા પ્રેમને જે પત્નીની અંદર રહેલા આત્મામાં નથી સમર્પતો તે મનુષ્યને ધિક્કાર છે.** એમ નહિ કરો તો તમે દુઃખી થશો. પતિ અને પત્ની બન્નેએ સાથેજ ઉન્નત થવું જોઇએ અને જ્યારે પત્ની આપણને પ્રેમ કરતાં શીખવે છે ત્યારે એ પ્રેમને પદાર્થમાંજ-શરીરમાંજ ન સમજી લેતાં સમસ્ત વિશ્વ-પ્રત્યેક પ્રાણી પદાર્થમાં એનું દર્શન પામતાં શીખવું જોઇએ.

પાર્થિવ ઉપભોગમાં વાવેલા પ્રેમબીજમાંથી આધ્યાત્મિક ઉન્નતિ થતી નથી; પતિ અથવા પત્નીના શરીરમાં આરોપિત પ્રેમનો તો ખારી જમીનમાં વાવેલા બીજની પેઠે વિનાશ થાય છે. જેવી રીતે બીજનું વૃક્ષ બનીને ફળ આપે છે તેવી રીતે એ પ્રેમબીજના અંકુરમાંથી ફળ ઉત્પન્ન થાય ત્યારેજ એ પ્રેમનું સાફલ્ય થયું ગણાય છે. તમે પણ એવીજ રીતે પતિ અથવા પત્નીમાં પ્રેમનું બીજ વાવો; પણ એ પતિ, પત્ની કે કોઈ જડ પદાર્થમાં વાવેલા પ્રેમબીજમાંથી ફળ અવશ્યમેવ મળવું જોઇએ. જ્યાંસુધી સંસારના પદાર્થોમાં મોહ હશે ત્યાંસુધી હંમેશાં નિરાશાજ પ્રાપ્ત થવાની. પ્રકૃતિના નિયમાનુસાર પાર્થિવપ્રેમમાંથી ઇશ્વરપ્રેમ ઉત્પન્ન થવાને થોડો સમય લાગે છે; પણ જે માણસનો કોઈ પણ વ્યક્તિ પ્રતિ પ્રેમ નથી તે ઈશ્વર પ્રતિ પણ કદી પ્રેમ કરી શકશેજ નહિ.

સામાન્ય રીતે કહેવામાં આવે છે કે ધર્મને પાર્થિવપ્રેમ સાથે કશું લેવા દેવા નથી; પણ 'રામ' તો કહે છે કે એ બન્નેને બહુ સારો સંબંધ છે. પાર્થિવપ્રેમનો સદુપયોગ કરવાથી ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે અને એનો ઐહિક સુખમાં દુરુપયોગ કરીએ તો તેમાંથી દુઃખ ઉત્પન્ન થાય છે. વસ્તુતઃ શુદ્ધ પ્રેમથીજ ઇશ્વરનો સાક્ષાત્કાર થાય છે. શુદ્ધ પવિત્ર પ્રેમ એ ઇશ્વરનુંજ નામ છે; ઇશ્વરનું સ્વરૂપજ છે.

પતિનો ઉદ્દેશ દ્રવ્ય કમાવાનો કે કુટુંબના સંબંધીઓનો દુરુપયોગ કરવાનો નહિ, પણ લગ્નસંબંધને ઉન્નત કરવાનો હોવો જોઇએ અને નહિ તો જે પદાર્થો પહેલાં ઐહિક સુખનાં સાધનરૂપ હતાં તેજ પદાર્થો અંતે દુઃખના મૂળરૂપ થઇ પડે છે. માટે એ પદાર્થોનેજ-સાધનોનેજ

સાધ્ય ન બનાવો. દ્રવ્ય તો માત્ર શીતોષ્ણથી બચવાનું, ક્ષુધાતૃષ્ણાને તૃપ્ત કરવાનું અને નિર્વિઘ્ન રહી શકાય એવું એકાન્ત સ્થળ પ્રાપ્ત કરવાનું સાધનજ છે. હવે તમે તપાસી જુઓ કે શરીરનું રક્ષણ કરવા માટે ખાવા-પીવામાં અને પહેરવા-ઓઢવામાં આપણને કેટલા દ્રવ્યની આવશ્યકતા છે?

લોકો કહે છે કે અમને શરદી લાગી, પણ વસ્તુતઃ શરદી અમને નથી લાગતી પણ અમે શરદીને લાગીએ છીએ. રોગ તમને નથી વળગતો પણ તમે રોગને શોધી શોધી નિમંત્રણ કરીને પકડી પાડો છો. શરદી-ગરમીમાંથી બચવા માટે તમારે કપડાં પહેરવાં જોઇએ; પણ સ્મરણમાં રાખજો કે એ કપડાં શરદી-ગરમીમાંથી શરીરના રક્ષણ માટે છે. એ કપડાં સસ્તાં, જાડાં અને ટકાઉ હોવાં જોઇએ. બહુ કીમતી કપડાં પહેરવાં જોઇએ નહિ. વિલાસમય બંગલાઓને બદલે આપણે નાનાં નાનાં સુઘડ ઘરોમાં રહી શકીએ તેમ છીએ. અન્યલોકોની ઉપાધિ અને જંગલી પ્રાણીઓના હુમલામાંથી બચવા માટે અલબત્ત આપણે માટે મકાન તો જોઇએ; પણ આવાં મોહક સુંદર ભવનોની આપણને જરાએ આવશ્યકતા નથી.

મનુષ્યોએ તો પોતાનાં મકાનોની ભવ્યતા અને રમણીયતા એજ એક જીવનનો આદર્શ માની લીધો છે. પહેરવા-ઓઢવાનાં કપડાંનો પણ એવોજ હેતુ માન્યો છે. આહાર અને ખાનપાનના વિષયમાં પણ એવોજ મુખ્ય આશય સમજી બેઠાં છે. પણ વસ્તુતઃ તેમ નથી. આ બધા પદાર્થો ઇતિકર્તવ્ય કે ઇષ્ટ પદાર્થો નથી; પણ સાધ્ય પ્રાપ્ત કરવાનાં સાધનજ માત્ર છે. જગતના ઇતિહાસ તરફ દૃષ્ટિ નાખતાં જણાય છે કે કેટલાક લોકો નાનાં ઝુંપડાંમાં ને મકાનોમાંજ રહેતા હતા. સાદાં લુગડાં પહેરતા અને સાદો ખોરાક ખાતા. છતાં આવા લોકો જગતમાં મહાન પુરૂષો નિવડ્યા છે. તમે પ્લેટોના વિષે તો કદાચિત્ જાણતા હશો. "પ્લેટો" શબ્દનો અર્થ પીપ અથવા પેટી એવો થાય છે. પ્લેટોનું ઘર પણ પીપ અથવા પેટી જેવુંજ હતું. અદ્ભુત રહસ્યોનું ચિન્તવન કરવા માટે તે એ મકાનમાંજ બેસતો. મહાન પુરૂષો આવાં નાનાં મકાનોમાંજ રહેતા હતા.

એવન નદીપર સ્ટ્રેટફર્ડ ગામમાં આવેલું શેક્સપિયરનું મકાન જરાએ ભવ્ય નથી. એની શરૂઆતનાં જીવનમાં એ બહુજ ગરીબ હતો અને પાછલા ભાગમાં દ્રવ્યવાન થયો હતો. શરૂઆતમાં તો નાટક જોવા આવતા પ્રેક્ષકોનો સત્કાર કરીને તે દ્રવ્ય કમાતો; પણ પાછળથી એ પોતેજ મહાન નાટકકાર બન્યો હતો.

ન્યૂટન પણ બહુજ ગરીબ માણસ હતો. પુસ્તક ખરીદવા માટે કે કોઇ ગરીબને દાન આપવા માટે જ્યારે તેની પાસે દ્રવ્ય નહોતું ત્યારે એ બહુજ દિલગીર થતો ખરો, પરંતુ પોતાની નિર્ધન અવસ્થા માટે તે કદીએ શોક કે ખેદ કરતો નહિ. તમે આ ઉપરથી જોઇ શકશો કે ગરીબાઇમાં ઉછરેલા મનુષ્યો જગતમાં કેવા મહાન નિવડ્યા છે. હિંદુસ્તાનના આર્ય-ઋષિઓ માત્ર ફલાહાર કરીનેજ રહેતા હતા. એ ઋષિઓએજ જગતને આવું ઉત્તમ તત્ત્વજ્ઞાન-વેદાન્ત, મોક્ષ અને પ્રેમનું જ્ઞાન આપ્યું છે.

તમે પણ ભલા અને મહાન થવાનો પ્રયત્ન કરો; ભવ્ય રમણીય પ્રાસાદો બાંધવામાં તમારી શક્તિઓનો દુરૂપયોગ ન કરશો. તમારાં ઘણાં મકાનો ભવ્ય અને સુંદર છે; પણ તેમાં વસનારાં મનુષ્યો મનુષ્ય તરીકે પામર અને નાનાં છે. હિંદુસ્તાનમાં ઘણીએ મોટી કબરો છે, પણ એથી શું થયું? એમાં તો સડી ગયેલાં મુડદાં, કીડા અને સાપજ ભમતા હોય છે.

મોટાં મોટાં ભવ્ય મકાનો બાંધીને અને તેમાં ઉત્તમ ઉત્તમ ફરનીચર વસાવીનેજ તમારી

કે તમારાં પત્નીની મહત્તા દેખાડવાનો પ્રયત્ન ન કરશો. તમે આ સંબંધે વિચાર કરજો. એનો વાસ્તવિક અર્થ સમજજો અને માનીજ લેજો કે જીવનનાં આદર્શ અને ઉદ્દેશ, દ્રવ્ય સંચય કરવામાં શક્તિનો દુરુપયોગ કરવો એ નહિ પણ આંતરિક શક્તિઓનો વિકાસ કરવો અને આત્મસાક્ષાત્કાર કરી મોક્ષ મેળવવો એજ છે. તમે એ સત્ય સમજીને એ દિશામાંજ તમારી શક્તિઓનો સદુપયોગ કરશો એટલે કુટુંબનાં બંધન કોઇ પણ રીતે તમને વિઘ્નરૂપ નહિ થાય.

કેટલાએક લોકો એમ બ્હાનાં કાઢે છે કે, " અમે પોતે તો સાદાઇથી રહી શકીએ, પણ અમારે ત્યાં મ્હેમાન આવે તેનું શું? અમારી સાદી રીતભાત, સાદું ભોજન અને જાડાં કપડાં જોઇને તેઓ શું સમજશે? "

'રામ' આવા આક્ષેપોનો ઉત્તર આપે છે કે અરે વ્હાલાંઓ! તમે તમારે માટે જીવો છો કે અન્યને માટે? તમારા પોતાને માટેજ જીવતાં શીખો. તમારાં જીવનની રહેણી-કરણીમાં માથું મારવાનો એમને કે બીજાંઓને કશોએ હક્ક નથી. તમારા શરીરને માટે ખોરાક તમે પોતે ખાઓ છો કે તેઓ ખાય છે? વળી એ ખોરાકને તમે પચાવો છો કે તેઓ પચાવવા આવે છે? તમે તે તમારાં નેત્રોથી જુઓ છો કે તેમનાં નેત્રોથી? તમે પોતેજ તમારૂં પોતાનું આધારકેન્દ્ર-ગુરુત્વ મધ્યબિન્દુ બનો, સ્વાશ્રયી બનો, સ્વમાન રાખતાં શીખો. **તમારા મોજશોખના ચાહનારા અતિથિઓના અભિપ્રાયની જરાએ પરવા ન કરો.**

ભપકાદાર મોટાં મકાન અને સ્વાદિષ્ટ મિષ્ટાન્ન તથા નરમ નરમ પલંગ બિછાનાંનેજ તમારાં સ્વાગતનાં સાધન ન બનાવો. લોકો એમ ડરે છે કે અમે જો અમારા અતિથિઓને સ્વાદિષ્ટ પકવાન્ન અને સુંદર પલંગ નહિ આપીએ તો અમારૂં ખોટું કહેવાશે. આથી કરીને ઘરનો માલીક પણ ઘરનું એક ઉપાંગ-સાધનજ બને છે. કૃપા કરીને આવી રીતે તમે તમારી મિલ્કતના ગુલામ ન બનો, પણ મિલ્કતને તમારે અધીન સમજી રાખો. તમારી શક્તિનો સાક્ષાત્કાર કરો.

તમારો અતિથિ આવીને પાછો જાય, ત્યારે તે તમારે ઘેરથી સુશીલ, સુસંસ્કૃત અને ઉન્નત થઇને જાય એમ કરો. એ આવ્યો હોય તેના કરતાં જાય ત્યારે વિશેષ ડાહ્યો બનીને જાય એવી યોજના કરો. તમારાં સ્વજનો પ્રતિ તમારો આજ ધર્મ છે. તમારો ગૃહસંસાર સુખી કરવાનો આજ માર્ગ છે. આવી રીતે ગૃહસંસારને સુખી બનાવવાથી કોઈ પણ ગૃહસ્થને પોતાના કુટુંબમાં વિઘ્ન આવશેજ નહિ. તમારો અતિથિ શાણો બનીને જતો હોય તો ભોજન શયન સંબંધી પરવા ન કરશો. ખાવા-પીવાના પદાર્થો કરતાં તેને કંઇ ઉચ્ચ વસ્તુઓ પ્રાપ્ત કરાવો. એને જ્ઞાન અને ડહાપણ આપો. એને તમારા પ્રેમનો આસ્વાદ લેવા દેજો. યાદ રાખજો કે હું તમને એક દમડી પણ આપતો નથી; તમારા શરીરની જરાએ સેવા કરી શકતો નથી; છતાં મારૂં એક સહૃદય, સપ્રેમ, સોત્સાહ સ્મિત તમને ઉન્નત અને ઉત્સાહી બનાવે છે. આજ ઉત્તમ પ્રકારની સેવા છે. મનુષ્યની દ્રવ્યથી સેવા કરવી એતો નજીવી સેવા છે. એ તો પત્નીને દ્રવ્ય આપીને તેની સાથે છૂટાછેડા કરવા જેવું છે. પણ પત્નીને દ્રવ્ય નહિ પણ પ્રેમની આવશ્યકતા છે. એક મનુષ્યને દ્રવ્યનીજ સાહાય્ય આપવી એ તો પાપી બનવા જેવું છે; એમ કરીને તમે તેની સાથે કપટભાવ રમો છો. તેને પ્રેમ અને જ્ઞાન આપો; તેને પ્રકાશમાં લાવો; તેને ઉન્નત કરો; આજ મહાન તથા ઉત્તમ સ્વાગત છે અને એજ તમારે કરવું જોઇએ. તમારાં પુત્રકલત્રમાં તમારે આવાજ પ્રેમનું પોષણ કરવું જોઇએ.



૨૦–आरण्यक.

૧–ચીસેલ્ડાની વાર્તા.

એક તરુણ, વિદ્વાન અને ઉદાર રાજપુત્ર એક દેશમાં તાજેજ ગાદીનશીન થયો હતો. ઘણાં વર્ષો ચાલ્યાં ગયાં, પણ તેણે લગ્ન ન કર્યું. ગાદીનો કોઈ પણ વારસ નહોતો તેથી તે લગ્ન કરે એવી પ્રજાની પ્રબળ ઇચ્છા હતી. પ્રજાએ જ્યારે અત્યંત આગ્રહ કર્યો ત્યારે તેણે લગ્ન કરવાનું કબૂલ કર્યું. પણ કન્યાની પસંદગી પોતે જાતેજ કરવાનું રાખ્યું. એ દેશમાં પ્રેમ અને લગ્નના વિષયમાં કોઈને સ્વતંત્રતા નહોતી મળતી, રૂઢિને લીધે સ્વયંવરની કે ઇચ્છાલગ્નની ભાવના લોકોમાં સમજાય તેવી નહોતી, છતાં રાજાની તો સ્વતંત્ર લગ્ન કરવાની ઇચ્છા હતી. "આપણે જો હઠ કરીને રાજાને ઇચ્છાલગ્ન નહિ કરવા દઈએ તો તે પોતાનું આયુષ્ય બ્રહ્મચર્યમાં ગાળશે" એવા ડરથી પ્રજાએ તેને તેની ઇચ્છા પ્રમાણે લગ્ન કરવાની રજા આપી. રાજાએ પોતાના અમલદારોને એક મહાન લગ્નપ્રસંગ માટે તૈયારી કરવાની આજ્ઞા આપી. ઠરાવેલ દિવસે સૈન્ય પણ તૈયાર થયું. મોટા મોટા જાગીરદાર અને અમીર ઉમરાવો પણ બહુ ઠાઠમાઠથી સાથે થયા. કીમતી પોશાકો પહેરીને રાજગાડી અને રથનાં વાહનમાં સ્વારી ઉપડી. રાજા હાથીપર બેઠો હતો. સૈન્ય અર્ધું એક તરફ અને અર્ધું બીજી તરફ એમ વહેંચાઈ ગયું હતું. જે રસ્તે રાજા લઈ જાય તે રસ્તે એના હુકમ પ્રમાણે સર્વેએ ચાલવા માંડ્યું. અતિ ઘોર અઘોચર અરણ્યનો રાજાએ રસ્તો લીધો. "આ રાજા સરોવર, વૃક્ષ કે પહાડ સાથે લગ્ન કરશે કે શું?" એમ લોકો અંદર અંદર હસતા હતા. એટલામાં તેઓ અરણ્યના એક એવા પ્રદેશમાં આવ્યા કે જ્યાં એક નાની ઝુંપડી હતી અને તેની પાસે એક સ્ફટિકમણિ જેવું નિર્મળ જળનું સુંદર સરોવર હતું. એના કાંઠાપર નૈસર્ગિક ઉપવન હતું અને એક વૃક્ષની શાખાપર લટકતા હીંચકા ઉપર એક વૃદ્ધ વિશ્રાંતિ લેતો હતો. "આ વૃદ્ધની સાથે રાજા લગ્ન કરશે કે શું?" એવી પણ કોઈને ટીકા કરવાની ઇચ્છા થઈ આવી. એ ઝુંપડી પાસે હાથી પહોંચ્યો એટલે રાજાએ ત્યાંજ ઉભા રહેવાની આજ્ઞા કરી. એટલામાંજ એક સુંદર તરુણ કુમારિકાએ આવીને વિશ્રાંતિ લેતા વૃદ્ધ મનુષ્યના હીંચકાને હીંચકા મારવા માંડ્યા.

ગાદીનશીન થવા પહેલાં રાજા આ અરણ્યમાં અનેકવાર આવી ગયો હતો અને આ કુમારિકા પોતાના કાર્યમાં અતિ કુશળ અને દક્ષ છે તેમ તે જોઈ ગયો હતો. પોતાના પિતાની તે અત્યંત કાળજીપૂર્વક સેવા કરતી હતી. પછી લાવીને તેને સ્નાન કરાવતી ને રાંધીને પ્રીતિપૂર્વક જમાડતી. ઝુંપડીને વાળીઝુડીને અને વાસણને માંજીને સાફસુફ રાખવાનું કામ એ પોતે બહુ સહાયથી કરતી હતી. ઉપરાંત કામ કરતી હોય ને ત્યારે મધુર સ્વરથી ગાતાં ગુણગુણની પેઠે સદાય આનંદી-હસમુખી અને તેજસ્વી જણાતી હતી. તેના આ આનંદી સ્વભાવની રાજાના મનપર એટલી પ્રબળ અસર થઈ હતી કે લગ્ન કરવાં તો આ કન્યા સાથેજ કરવાં એમ તેણે

સંકલ્પ કરી રાખ્યો હતો. આ પ્રચંડ સેનાને જોઇને એ કુમારિકાને અતિ આશ્ચર્ય થયું. અને વાર ઝુંપડી પાસેથી ઘોડાપર બેસીને નીકળતો મનુષ્ય તેજ આ રાજા હશે, એ કલ્પના એન મનમાં નહોતી ઉતરતી. આ ધાંધલ શું છે એમ તેણે પોતાના પિતાને પૂછતાં તેણે કહ્યું:- "લગ્ન માટે રાજકુમારી શોધવા સારૂ એક રાજા પરદેશમાં પોતાની સવારી સહિત જાય છે." એટલામાં તો એ રાજા હાથી ઉપરથી ઉતરીને પેલા વૃદ્ધપુરુષ પાસે આવ્યો, અને શિષ્યા પ્રમાણે પ્રણામ કર્યા. વૃદ્ધ પુરુષે પૂછ્યું: "બેટા, તારે શું જોઇએ છીએ?" રાજાનો ચ્હેરો આ પ્રશ્ન સાંભળીને પ્રફુલ્લિત થયો અને તે બોલી ઉઠયોઃ-" આપ મને આપનો જમાઇ કરો એવી મારી ઈચ્છા છે."

વૃદ્ધના આનંદની તો સીમાજ ન રહી. તેણે કહ્યું:-" રાજા, તું ભૂલ કરે છે; મારા જેવા એક ગરીબ-ભિખારીની કન્યાને રાણી બનાવવાની તું શા માટે ઈચ્છા કરે છે? અમે તો અત્યંત ગરીબ અને અત્યંત દરિદ્ર છઇએ."

રાજાએ ઉત્તર વાળ્યોઃ—" આ કુમારિકાપર મારો જેટલો પ્રેમ છે તેટલો અન્ય કોઇના પર નથી."

" એમજ હોય તો પછી કન્યા તમારીજ છે." વૃદ્ધે સંતોષ દર્શાવ્યો.

આ વૃદ્ધ મનુષ્ય એક ઉત્તમ વેદાન્તી હતો, અને તેણે પોતાની પુત્રીને ઉત્તમ જ્ઞાન આપ્યું હતું. તેણે રાજાને કહ્યું:-" આ કન્યાને આપવાની પહેરામણીમાં મારી પાસે કશુંએ નથી; હું તો માત્ર આશીર્વાદ આપીનેજ રાજી થઈશ."

રાજાએ પોતાની સ્ત્રીને અનેક પ્રકારનાં વસ્ત્રાભૂષણ આપ્યાં, અને એ બધાંને અંગ ઉપર ધારણ કરવા કહ્યું. પિતાએ પહેરામણી ન આપી તોપણ તે કન્યા તે રાજાની સાથે ખાલી હાથે ગઇ ન હતી. તેણે પોતાની સાથે શું પહેરામણી લીધી હશે તેની તમને કલ્પના થાય છે! રત્નાલંકાર રાખવાની જે પેટી રાજાએ તેને આપી હતી તે પેટીમાં તેણે પોતાના પિતાના ઘરમાં પહેરવાના જુનાં ફાટેલાં કપડાં નાખી લીધાં અને એ પેટી પોતાની સાથે લઇ લીધી. રાજા પોતાની રાણીને લઇને ચાલી નીકળ્યો. વૃદ્ધ પુરુષ અરણ્યમાં એકલો રહ્યો, એની સેવા કરવા માટે રાજાએ ત્યાં એક નોકર રાખી આપ્યો. એ સિવાય એને રાજાની પાસેથી અન્ય કંઇ પણ લેવાની અપેક્ષા નહોતી. રાજાએ પોતાની સ્ત્રીને રાજ્યમહેલમાં આણી. તે કન્યા ગરીબકુળની હતી તેથી અધિકારી વર્ગને આ વાત ન ગમી. રાજાએ તો રાજાઓની કન્યાઓનેજ પરણવી જોઇએ એમ તેઓ સમજતા હતા. છતાં આમ ગરીબ ઘરની કન્યા રાણી બની બેઠી એટલે તેઓ તેની બહુજ ઇર્ષ્યા કરવા લાગ્યા. આવી ગરીબ કન્યાને આપણે નમન કેવી રીતે કરવું એવા વિચારો એમને આવવા માંડયા. પણ રાણીએ પોતાના મધુર સ્વભાવ, નમ્ર રહેણીકરણી અને પ્રેમાળ વર્તનવડે તે સર્વને એવા મોહિત કરી નાખ્યા કે ધીમે ધીમે એ બધા દરબારીઓની એના પ્રતિ પ્રીતિ વધતી ગઈ. ગમે તેવી પરિસ્થિતિ હોય તો પણ રાણી નિરંતર શાંત અને ગંભીર રહેતી. કોઇ પણ પ્રસંગે પોતાના મનની સમતા તે ગુમાવતી નહોતી.

થોડા વર્ષ પછી રાણીને એક પુત્રી અવતરી. રાજા અને રાણીને આ સુંદર કોમળ બાળા જોઇને અત્યંત આનંદ થયો. કન્યા સુમારે ત્રણ ચાર વર્ષની થઇ એટલે રાજા રાણી પાસે આવ્યો અને કહ્યું-"રાજ્યમાં બંડ ઉઠું થાય તેમ છે અને એ બંડ અત્યંત અનિષ્ટકારક છે."

રાણીને એનું કારણ પૂછ્યું એટલે રાજાએ કહ્યું:-"મેં જ્યારે તમારી સાથે લગ્ન કર્યું ત્યારે અમલદાર અને અમીર-ઉમરાવના મનમાં એમ લાગ્યું હતું કે હવે આ ગરીબકુળની કન્યાની કુખે ઉત્પન્ન થનાર પુત્રને રાજગાદી મળશે. આ વિચાર તેમને બહુ દુઃખી કરતો હતો. રાજ્યપદ તો ઉત્તમ કુળમાં જન્મ પામેલનેજ મળવું જોઈએ; અને એટલા માટે હું મુખ્ય પ્રધાનના પુત્રને દત્તક લઉં એવી તેમની ઈચ્છા હતી. આપણી કન્યા મોટી થાય અને તેની સાથે સર્વના આગ્રહ પ્રમાણે આપણે તેમના પુત્રને દત્તક લેવો પડે તો પરસ્પર ઈર્ષ્યાનું બીજ રોપાય. એ ઈર્ષ્યાના કારણને કેવી રીતે દૂર કરવું, એનો જ્યારે બહુ બહુ વિચાર કર્યો ત્યારે અંતે એજ નિર્ણયપર આવી શકેલ છું કે આ કન્યાને મારી નાખ્યા વિના બીજો ઉપાય નથી." ગ્રીસેલ્ડા રાણીએ જવાબ આપ્યો: "આપના સહવાસમાં રાજ્યપદનો ઉપભોગ ભોગવવો એવી મારી પહેલેથીજ ઈચ્છા નહોતી. મારી ઈચ્છાને મેં આપનીજ બનાવી રાખી છે. મારૂં વ્યક્તિત્વ-મારાપણું એ આપનામાં પીગળી ગયું છે, અને જે થોડું ઘણું હુંપણું અવશેષ રહ્યું છે તે પણ આપની ઈચ્છા વિરુદ્ધ વર્તન કરે તેવું નથી; એને આપની સેવા માટેજ રાખી મૂક્યું છે. કન્યાને મારી નાખવાની આપની ઈચ્છા હોય તો તે કન્યા આપનીજ છે, આપ ચાહે તે કરો. સાચું કહેવરાવતા હો તો કન્યા મારી છે એવો વિચારજ કરી મેં મારા અંતઃકરણમાં દાખલ નથી થવા દીધો."

પોતાના પતિ તરફ રાણીની કેટલી ભક્તિ હતી અને પોતે કેવી કર્તવ્યપરાયણ હતી તે તેનો ઉત્તરજ સાક્ષી પૂરે છે.

બીજે દિવસે મધ્યરાત્રિએ કન્યાને ઉપાડી ગયા અને મારાને હવાલે સોંપી દીધી. રાજાએ એ સમાચાર રાણીને કહી સંભળાવ્યા; પણ રાણી હમેશાંની પેઠે તદન શાંત, આનંદી, ઉલ્લાસિત હતી; અને કશુંએ બન્યુંજ નથી એમ સુખીજ ભાસતી હતી. ગમે તેવી પરિસ્થિતિથી તે ચળવિચળ થઈ જતી ન હતી. આનું નામ વેદાન્ત.

રાજાને એમ લાગ્યું કે હવે પ્રત્યેક જણ ખુશી થશે. પછી એક બે વર્ષ પછી રાજાને ત્યાં એક પુત્રનો જન્મ થયો. એ પુત્ર પ્રતિ તો સર્વનો પ્રેમ હતો. પણ એ પાંચ છ વર્ષનો થયો એટલે વળી પાછી રાજ્યમાં ગરબડ શરૂ થઈ.

રાજાએ રાણી પાસે આવીને કહ્યું: "અત્યારે પણ પરિસ્થિતિ પહેલાંના જેવીજ છે. પુત્ર જીવતો રહેશે તો રાજ્યમાં મોટું યુદ્ધ થશે. સુલેહ સાચવી રાખવા માટે આ પુત્રને પણ મારી નાખવો પડશે."

રાણીએ પોતાના હંમેશના આનંદી ચ્હેરે હસીને ઉત્તર દીધો:-"મારૂં પોતાનું કશુંએ છેજ નહિ. સૂર્યની પેઠે હું તો હમેશાં દાતાજ બનવાને ઈચ્છું છું. સૂર્યની પેઠે હું કશું લેતી નથી પણ આપ્યાજ કરૂં છું." જ્યારે આપણામાં કાંઈ પણ ઈચ્છા ન હોય, કોઈ પણ પદાર્થની આસક્તિ ન હોય, તો પછી આપણા આનંદમાં શાની ખોટ રહે? સૂર્યની પેઠે આપણે તો કેવળ દાતા અને પ્રકાશિત છીએ. તે પુત્રને પણ લઈ જવામાં આવ્યો. થોડાં વર્ષ પછી રાણીને ત્રીજું બાળક ઉત્પન્ન થયું. તે બે ત્રણ વર્ષનું થયું એટલે એની પણ એજ ગતિ થઈ.

રાણી પોતાની આનંદિત સ્થિતિ કેવી રીતે ટકાવી રાખતી હતી? રાજ દરબારમાં આવી ત્યારથી જે ઓરડામાં પોતાનાં જૂનાં ફાટેલાં કપડાંની પેટી રાખી મૂકી હતી ત્યાં નિત્ય પ્રતિ

તે જતી અને એ કપડાં પહેરી એકાન્તમાં બેસી હું પોતે કોણ છું એનો વિચાર કર્યા કરતી હતી. તે આધ્યાત્મિક દૃષ્ટિએ એ આત્મ નિરિક્ષણ કરતી અને મૂળ સ્થિતિનો સાક્ષાત્કાર અનુભવતી. શેકસપિયર કહે છે કે "uneasy lies the head that wears a crown" "મુકુટધારી મસ્તક ચિન્તાગ્રસ્તજ રહે છે." સરોવર તટપર ગાન વિહાર કરનાર પક્ષીના જેવી પોતે તે અરણ્ય કન્યા છે એનું તે વિસ્મરણ ન થવા દેતી. રાજ દરબારના ભવ્ય મહેલમાં તેને ગોંધાઈ રહેવું પડયું હતું, અને તેની સ્વતંત્રતા હણાઈ ગઈ હતી, છતાં એ પરિસ્થિતિની એના મનપર જરાએ માઠી અસર નહોતી થઈ; આ વ્યવહારો તેના હૃદયને જરા પણ બંધનકર્તા નહોતા થઈ પડયા. કોઈ પણ વસ્તુમાં તેણે આસક્તિ નહોતી રાખી. પોતાના સ્વતઃસિદ્ધ આત્માને આસપાસના સંયોગોમાં તેણે અલિપ્ત રાખ્યો હતો. ઇશ્વર ચિંતનમાં તે સદૈવ નિમગ્ન રહેતી હતી. એવી રીતે સર્વ વાસના–આસક્તિને દૂર રાખીને તેણે પોતાની આત્મોન્નતિ સાધી હતી. કર્તવ્ય જેવું એને કશુંએ હતું નહિ. ઋણનાં બંધનોમાંથી તે સર્વથા મુક્ત થઈ હતી.

ઉદાસીન કે ખિન્ન થવાનો જ્યારે તમારાપર પ્રસંગ આવી પડે ત્યારે સર્વ આસક્તિ, સંબંધ, ઇચ્છા, ગરજને દૂર ફેંકી દેજો. એથીજ તમે મુક્ત થઇ શકશો. આવીજ રીતે એ રાણી રાજાના ભવ્ય પ્રાસાદમાં રહ્યા છતાં પણ નિત્ય ઉલ્લાસિત વૃત્તિ રાખી શકી હતી.

એક રાત્રિએ રાજાએ તેની પાસે આવીને કહ્યું, કે "આપણે આમ સંતતિને માટે ઝાંખ્યાજ કરવું તે કેમ ચાલશે? વળી દત્તક લેવાનો વિચાર પણ મને પસંદ નથી. મેં બહુ બહુ વિચાર કરી જોયા. છેવટે મારે બીજું લગ્ન કર્યા વિના છૂટકોજ નથી અને તે વિના શાંતિ નહિ થાય એમ નિર્ણય કરવો પડયો છે."

રાણીએ એ વાતમાં બહુ ખુશીથી સંમતિ આપી; કારણ કે તેનું સુખ રાજાપર અવલંબિત નહોતું પણ તે હંમેશાં આત્મામાંથી સુખ પ્રાપ્ત કરતી હતી. પતિ, પિતા, માતા એવાં બહારનાં સંબંધીઓમાંથી સુખ નથી મળતું એમ તે સમજતી હતી; અને તેથી પોતાના અંતર્યામી–આત્માનેજ સુખનું મૂળ સમજતી હતી. એની આવી સમાધાનવૃત્તિ જોઈને રાજાને બહુ આશ્ચર્ય ઉત્પન્ન થયું. તેણે રાણીને પૂછયું: "પછી તું શું કરીશ?"

રાણીએ ઉત્તર આપ્યો: "આપની ઇચ્છા તેજ મારી ઇચ્છા."

રાજાએ કહ્યું: "તું અહીં રહીશ તો વળી કુટુંબમાં કલહ થશે, એના કરતાં તો તું અરણ્યમાંજ પાછી ચાલી જાય તો ઠીક થઇ પડશે."

તરતજ તેણે પોતાનાં કીમતી વસ્ત્રાલંકારો કાઢી નાખ્યા, અને પોતાનાં ગરીબીનાં જૂનાં ફાટેલાં વસ્ત્ર પહેરી લઇને અરણ્યનો રસ્તો લીધો. અત્યંત આનંદથી અને ઉત્સાહ સાથે તે પોતાના પિતાને ઘેર ગઈ. પિતા પણ તેના બેટલોજ પહેલાંના પ્રમાણે આનંદિત હતો. તે ત્યાં ગઇ એટલે રાજાએ તેને માટે જે નોકર રાખ્યો હતો તે પાછો ગયો.

ફરતાં ફરતાં રાજા એક દિવસે તે ઝુંપડી પાસેથી નીકળ્યો. એ વખતે તેના મનમાં એવી ઇચ્છા ઉત્પન્ન થઇ કે એ ગરીબ સ્ત્રીને જઇને થોડું સાંત્વન આપું. એમ વિચાર કરી તે ત્યાં ગયો અને જુએ છે તો સ્ત્રી તો આનંદમાં હસતી બેઠી હતી. તેને તો કોઇ પણ સાંત્વનની આવશ્યકતાજ નહોતી. "રાજદરબારમાં આવીને નવીન રાજપત્નીને તમે સ્વાગત

આપશો ?" આવો જ્યારે રાજાએ પ્રશ્ન કર્યો, ત્યારે તેણે ખુશીથી તે માગણીનો સ્વીકાર કર્યો. બીજા લગ્નની સર્વ વ્યવસ્થા એનેજ સુપ્રત કરવામાં આવી અને તે એણે એટલી તો સુઘટ અને ઉત્તમ રીતે કરી કે સર્વ પ્રજાવર્ગ તેનાથી બહુજ પ્રસન્ન થયો. નવીન પત્ની પહેરામણીમાં અત્યંત દ્રવ્ય અને રત્નાલંકાર લઈને આવનાર હતી. અત્યંત વૈભવપૂર્વક વાજતે ગાજતે તે રાણી આવી અને ગ્રીસેલ્ડા તથા અન્ય સ્ત્રીવર્ગે તેનું અતિ પ્રેમપૂર્વક સ્વાગત કર્યું. ગ્રીસેલ્ડા અને નવી રાજપત્નીનું જ્યારે સંમેલન થયું ત્યારે ગ્રીસેલ્ડાએ એક માતાની પેઠે તેને ચુંબન કર્યું, અને આલિંગન કરી પોતાની કન્યા પ્રમાણે તેનાપર પ્રેમ પ્રદર્શિત કર્યો. ભાવી રાણીનું સૌંદર્ય જોઈને સર્વ સ્ત્રીઓ મોહિત થઈ ગઈ; પણ જૂની રાણીનું નૈતિક સૌન્દર્ય, મનની સમતા આદિ જોઈને તો સર્વને અત્યંત આશ્ચર્ય થયું. નવીન રાણી પોતાની સાથે પોતાના બે ભાઈને લેતી આવી હતી. એ દેશની રુઢિ પ્રમાણે લગ્નપ્રીતિને માટે સર્વ લોકોને એક મોટી મીજબાની આપવાની હતી. ગ્રીસેલ્ડાએ એ મીજબાનીની સર્વ વ્યવસ્થા કરી હતી. ગ્રીસેલ્ડાનો શાંત, ઉદાસિન ચ્હેરો જોઈને સર્વનાં અંતઃકરણ દ્રવીભૂત થયાં, અને સર્વનાં નેત્રોમાંથી અશ્રુધારા વહેવા લાગી. લગ્ન સમારંભ પૂરો થયા પછી એને પાછું અરણ્યમાં જવાનું હતું; એ કલ્પના લોકોના મનમાં અસહ્ય થઈ પડી. જેમ જેમ લોકમંડળી ભોજન કરવા માંડી તેમ તેમ ગ્રીસેલ્ડા સંબંધી વિચારો વિશેષ શાંત થવા લાગ્યા; પણ મીજબાની પૂરી થયા પછી ગ્રીસેલ્ડાનો જ્યારે વિયોગ થવાનો સમય આવ્યો, અને જ્યારે તેણે રાજા પાસે જવાની આજ્ઞા માગીને કહ્યું કે "ભવિષ્યમાં પણ કદી જરૂર જણાય ત્યારે હું અત્યંત ખુશીથી આવીશ અને આપની આજ્ઞા પાળીશ." ત્યારે સર્વ સ્ત્રીઓનાં હૃદય વિદીર્ણ થઈ ગયાં, અને નેત્રોમાંથી દડદડ આંસુ ગળવા માંડયાં. તેઓને પોતાના નિષ્ઠુરપણા માટે હવે પશ્ચાત્તાપ થવા લાગ્યો. સ્ત્રીવર્ગે ગદગદિત કંઠે કહ્યું:—"માતા ! તમે કોઈ ભિખારીની કન્યા નથી પણ દેવકન્યા છો." પછી તેઓએ આ જૂનાં રાણીએ રાજ્યની શાંતિ સાચવી રાખવા માટે પોતાની સંતતિને મારી નાખવાની કેવી પરવાનગી રાજા આપી હતી તે વાત કહી સંભળાવી, એટલે નવી રાણીને પણ રડવું આવ્યું. નવી રાણીએ કહ્યું: "તમારાં પુત્રી અને પુત્રોને મારી નાખવામાં આવ્યાં છે, અને મને તો હોડીની નદીમાં થઈને અહીં લાવવામાં આવી છે." ત્યાર પછી બધાં રાજાને ઠપકો આપવા લાગ્યાં. રાજાએ ઉભા થઈને કહ્યું: "કુલીન સ્ત્રીઓ, અમલદારો અને રાજ્યાધિકારીઓ ! ગ્રીસેલ્ડા સિવાય તમો બધાં અહીં રડવા માંડયાં છો. દુઃખની લાગણીઓથી તમને રડવું આવે છે. પ્રજાજનો ! પણ તમને દોષ નથી દેતો. તમે મારાં બાળકો છો. હું કહું છું કે મારાં નેત્રો પણ અશ્રુથી ભરાઈ ગયાં છે; પણ એ અશ્રુ શોકનાં નહિ પણ પ્રેમ અને હર્ષનાં છે. તમારાં અશ્રુને પણ એવાંજ થવા દો."

ત્યાર પછી ગ્રીસેલ્ડા તરફ વળીને તેણે કહ્યું: "સર્વ રાજ્યમાં માત્ર તું એકલીજ સુખી છે. તું તેવીજ સુખી અને આનંદી રહેજે."

હવે લોકોને બધી વાતનો ખુલાસો કરવામાં આવ્યો. નવી રાણી તેના એક નજીકના ભાયાત રાજાની દત્તક લીધેલી કન્યા હતી. ગ્રીસેલ્ડાનાં બાળકોને હત્યા માટે મારાના હાથમાં સોંપવામાં આવ્યાં હતાં, પણ તેઓનું સૌંદર્ય અને તેજ જોઈને મારાઓ તેને મારી શક્યા નહોતા. તેઓએ એ બાળકોને નજીકના બીજા રાજાને સોંપી દીધાં હતાં એ રાજાને સંતતિ નહોતી તેથી આવાં સુંદર બાળકો સાંપડ્યાં એટલે તેને અતિ આનંદની પોતાનાં સમજીને

પાળી-પોષી મોટાં કર્યાં. એમાં જે એક કન્યા હતી તેજ ઉપલા રાજાને બીજીવારના લગ્નમાં પરણાવવામાં આવી હતી. મતલબકે એ કન્યા એ રાજાની અને ગ્રીસેલ્ડાની પોતાનીજ પુત્રી હતી. બધાંને આ ખુલાસો સાંભળી બહુ આનંદ થયો. પોતાની કન્યા પોતેજ પરણે એવું તો ફરી બનીજ શકે નહિ, તેથી છેવટે ગ્રીસેલ્ડાજ રાણી રહિ અને તેના બાળક-પુત્રનેજ રાજ્ય પ્રાપ્ત થયું. આ ઉદાહરણથી તમે જોઈ શકશો કે ઈશ્વર હમેશાં ઉદાર છે અને તે પોતાનું ઋણ (નિષ્કામ કર્મ) ને વ્યાજ સાથે પાછું આપે છે.

આ પ્રમાણે પ્રત્યેક વિવાહિત સ્ત્રીએ અને પુરૂષે પ્રેમ કરવા સમયે સર્વ સંગનો પરિત્યાગ કરવો જોઇએ. એનેજ પતિવ્રત અથવા પત્નીવ્રત કહેવાય છે. એનો અર્થ એ છે કે પત્નીએ પતિમાં અને પતિએ પત્નીમાંજ નિવાસ કરવો-જીવન જીવવું. સ્ત્રીએ પોતાના પતિને ઈશ્વર માનવો અને પોતાનો દેહ તથા મન પતિને સમર્પણ કરવાં; અને પતિએ પત્નીમાં નિવાસિત ઈશ્વરનું દર્શન કરવું. આમાં કશુંએ સ્વાર્થી કે વ્યક્તિવિષયક નથી. હિંદુસ્તાનમાં લગ્ન-સમારંભની યોજનાઓ અનેક પ્રદેશમાં તો નદીતટપર ખુલ્લા મેદાનમાં કરવામાં આવે છે. રમ્ય વાયુલહરિ વાય છે, અને પ્રકાશિત સૂર્ય શિરપરથી પ્રકાશ રેડે છે. પાણિગ્રહણમાં મુખ્ય કલ્પના એ છે કે પત્ની જ્યારે પોતાનો હાથ પતિના હાથમાં મૂકે છે, ત્યારે પતિ બન્ને હાથ પરમેશ્વરને અર્પણ કરે છે. ગ્રીસેલ્ડાની પેઠે સ્ત્રીઓએ અસંગ-નિરાસક્ત રહીને પોતાની જાતને ઈશ્વરને-આત્માને અર્પણ કરવી જોઇએ.

પુરૂષોએ પણ તેમજ કરવું જોઇએ. પતિ પત્નીમાં અને પત્ની પતિમાં એમ બન્ને પરસ્પર લીન થઇ જાય-પૂર્ણપણે મિશ્રિત રહે; તો વૈવાહિક સ્થિતિમાં સુખ પ્રાપ્ત થયા વિના રહેજ નહિ. પ્રેમ અને સુખાવહ આયુષ્યનું ગુહ્ય રહસ્ય એજ છે કે પોતાનું વ્યક્તિત્વ વિસરી જવું અને તાદાત્મ્ય અનુભવવું.

૨-રામ આનંદમય.

આત્માને જન્મ નથી; સૂક્ષ્મ શરીરનોજ જન્મ થાય છે. પરમેશ્વર જન્માતીત છે. વિશ્વ મારો દેહ છે; સર્વ વાયુઓ મારા શ્વાસ છે; વૃક્ષો મારા કેશ છે; નદીઓ મારી ધમનીઓ છે; પર્વતો મારાં અસ્થિ છે.

કોઇ કોઈ સ્થળે સંધ્યાકાળની લાલી લાંબો સમય રહે છે તો કોઇ સ્થળે સૂર્ય બહુ જલદી આવી ચઢે છે. તમે પણ તમારી મરજીમાં આવે તે પ્રમાણે મધ્ય સ્થળે રહો કે ગમે ત્યાં વિચરો. ઇચ્છા એક શક્તિ છે. પ્રકાશ, ઉષ્ણતા, વિદ્યુત અને ધ્વનિ એ શક્તિનાં ભિન્ન ભિન્નરૂપ છે. જડ વસ્તુ પણ ચૈતન્યજ છે. લાયબનિઝ કહે છે કે પરમાણુઓ શક્તિનાં કેન્દ્ર છે. જડ પદાર્થ મારી ઇચ્છાશક્તિ છે. હિમ પણ જળ છે અને જળ પણ જળ છે; તે પ્રમાણે હુંજ આકાર છું, અને આકારમાં રહેનાર પણ હુંજ છું. તમે જ સર્વસ્વ છો. એવી ભાવના જાગ્રત કરો. યોગ અને જ્ઞાન તમને શોધતું આવવું જોઇએ. પ્રત્યેક વસ્તુએ તમારી પાસે આવવું જોઇએ. લોકોની મુમુક્ષુ વૃત્તિના સંબંધમાં બહુ ગેરસમજણ છે. મુખ્ય માર્ગ છોડીને તેઓ માર્ગે અટક્યા જાય છે. અંગ્રેજી આઠના આંકડાને 8 એકની ઉપર બીજો એમ ગોઠવે

તો શીર્ષાસન યોગથી એ માર્ગ તૈયાર થશે. આ માર્ગ ઉપરથી ઈડા અને પિંગળા એ બન્ને નાડીઓની કલ્પના સહજ થઈ શકે તેમ છે. આ નાડીઓને કેવી રીતે ઉઘાડવી એના વિષયમાં ગ્રંથોમાં પુષ્કળ વિવેચન કરવામાં આવ્યું છે. આ વિષયમાં બાર વર્ષ સુધી યોગનો અભ્યાસ કરેલા એક પુરુષને 'રામે' એનું રહસ્ય સમજાવ્યું; ત્યારે બીજેજ દિવસે તેણે આવીને કહ્યું કે "આટલા થોડા સમયમાં મને બહુ સાધ્ય થયું; અને પહેલાંના કરતાં ધ્યેયની સમીપ હું વિશેષ પહોંચી ગયો છું." સુષુમ્ણા નાડી કેમ ઉઘાડવી એવા વિચારોમાં જે લોક પોતાનો કાલક્ષેપ કરે છે તેઓ આડે માર્ગેજ ચાલ્યા જાય છે. અન્ન ઉદરમાં જાય છે; પ્રાણવાયુ અને જઠરરસનો સંયોગ થાય છે, અને છેવટે અન્ન માર્ગમાં જઈને સર્વ શરીરનું પોષણ કરે છે. આ સર્વ ક્રિયા કેવી રીતે થાય છે એ સમજવાની આવશ્યકતા નથી. અન્ન જેવી રીતે પોતેજ પોતાના કાર્યની સંભાળ રાખે છે, અને જેમ પાચનક્રિયામાં અમારે કોઈ જાતની ફિકર કરવા જેવું કે સંભાળ અને ખટપટ કરવા જેવું નથી હોતું; તેવીજ રીતે જ્યારે સાક્ષાત્કારની તીવ્ર ઇચ્છા થાય છે, ત્યારે હઠયોગમાંથી તમને કાંઈ પણ લાભ થવાનો નથી. તમે યોગ્ય દિશામાં પ્રયત્ન કરો; એટલે સર્વ માર્ગ ખુલ્લા-સ્પષ્ટ થઈ જશે. શ્વાસના નિરોધ જેવા નિરર્થક વિષયમાં સમય ન ગાળો. આવો વિધિ આવશ્યક નથી. પ્રાણનો નિરોધ થયો એટલે મનનો સંયમ થયો એમ નથી. એકલો એજ માર્ગ ગ્રહણ કરીને કોઈએ પોતાનું મન એકાગ્ર કર્યું નથી. માત્ર શ્વાસનોજ નિરોધ કરવાથી મન તાબે થશે એમ સમજવું એ ભૂલ છે;-એ ખોટું તર્કશાસ્ત્ર (Logic) છે. માત્ર શ્વાસનો-પ્રાણનો નિરોધ કરવાથીજ મનનો નિરોધ થાય છે એમ માનીને તે પ્રમાણે કરવા ઘણાએ પ્રયત્ન કરે છે, પરંતુ પહેલાં મનનો નિરોધ કરો એટલે પ્રાણનો નિરોધ આપોઆપજ થઈ જશે.

'રામે' તો બીજી રીતેજ શરૂઆત કરી હતી. લોકોની સૂચનાને ન ગણકારતાં લોકવિરુદ્ધ માર્ગે તેણે પ્રયત્ન કર્યો હતો. તેણે આ વિષયનો અભ્યાસ પ્રચલિત પ્રણાલિકા પ્રમાણે નથી કર્યો. પહેલાં તેણે મનનો નિરોધ કર્યો એટલે પ્રાણનો નિરોધ એની મેળેજ થઈ ગયો. 'રામે' એક દહાડે એક તળાવમાં ન્હાતાં ન્હાતાં ડૂબકી મારી. બીજા મિત્રોએ પણ તેમજ કર્યું. થોડી વારમાં તે બધા બહાર નીકળી આવ્યા અને જુએ છે તો 'રામ' મળે નહિ. તેઓને લાગ્યું કે 'રામ' ડુબી ગયો હશે અથવા તો તેને કોઈ મગર ગળી ગયો હશે. તેઓ બહુ ભયભીત થઈ ગયા. પણ થોડીવારમાં 'રામ' પાણીની સપાટી ઉપર આવ્યો અને ઇચ્છાશક્તિ પ્રમાણે શ્વાસનો નિરોધ કરી શકાય છે એમ સિદ્ધ કરી આપ્યું. અંતઃકરણની એકાગ્રતાવડેજ સાક્ષાત્કાર કરવાનો-ઈશ્વરનું તાદાત્મ્ય સાધ્ય કરવાનો પ્રયત્ન કરો. શ્વાસ અથવા પ્રાણ તો તમારો નોકર છે. સમસ્ત વિશ્વના પ્રાણ તમારી અધીનતા ભોગવે છે. "મારો દીકો" "મારો બચુ" એમ કહીને મા બાપ પોતાના બાળકને નાનું બાળકજ બનાવી (દેહાત્મભાવનામાં) રાખે છે, પણ તમે એવા સ્વપ્ન-ભ્રમમાંથી જાગ્રત થાઓ.

હું ઈશ્વર છું, એ ભાવના જાગૃત કરો. વિશ્વના સ્વામી! બ્રહ્માંડના નાયક! એ મુખ્ય સત્યનોજ તમારે અનુભવ કરવો જોઈએ. સૂર્યોનો સૂર્ય, પ્રકાશોનો પ્રકાશ; તેજ હું છું; એ સત્યને અનુભવો. શું તમે નરનારી કે રાયરંક કે શ્રીમંત કે ગરીબ છો કાં? તમારી એવી ભાવના થઈ એટલેજ તમે તેવા બન્યા છો અને "હું ઈશ્વર છું" એવી ભાવના કરો એટલે ઈશ્વરજ થઈ જશો. મકાનને ચણવામાં બહુ વાર લાગે છે પણ તોડી પાડવામાં તો થોડોજ સમય લાગે

છે. દેહભાવરૂપી તુરંગ બાંધવામાં તમે બહુજ વખત લીધો છે, પણ હવે એને તોડી ફોડો. તમે તો દેવોના દેવ છો. ખરા દેવનો-આત્માનો-તમારા સ્વરૂપનો હવે અનુભવ કરો. પ્રકાશોના પ્રકાશરૂપ તમારા સ્વરૂપને અનુભવો. જુઓ તમારી સમક્ષ અનેક બ્રહ્માંડો પાથરી મૂક્યાં છે. ઉગતો સૂર્ય ક્ષિતિજપર આવ્યો હોય તે પહેલાં પર્વતનો દેખાવ મનને બહુજ પ્રસન્ન અને ઉન્નત કરે તેવો હોય છે. એટલે મન ત્યાં ચડયા પછી એ આનંદગિરિના ઉચ્ચ શિખરપરથી નીચે ઉતરશેજ નહિ. ગિલ્લીને જેમ આપણે ડંડાવતી એકવાર ઉછાળીએ છીએ, અને પછી નીચે આવવા માંડતાં બીજો ઘા મારીને ઉંચે પાછી ઉછાળી દઈએ છીએ; તેવીજ રીતે મનને થોડું ઉન્નત કરીને આધ્યાત્મિક વાતાવરણમાં ફેંકી દો; એટલે તે ઈશ્વર પાસેજ પહોંચી જશે. પક્ષીઓનું મંજુલ સંગીત, વાયુની શીતલલહરિ, ઉલ્લાસકારક હવા, ઝરણનું ખળખળ વહેવું એની સાહાય્યથી મન સ્વાભાવિકપણેજ ઉન્નત થઈને પ્રસન્નતા પામે છે. એ પ્રસન્નતાની ઉન્નતિ પામ્યા પછી અંતઃકરણપૂર્વક પ્રણવમંત્રના ઉચ્ચારણથી-એ ગાનથી મનને એ પ્રસન્ન વાતાવરણમાં-ઈશ્વરમાં-આત્મામાં પહોંચાડી દો.

આયનામાં-આત્મરતિમાં દ્વૈતદૃષ્ટિથી નહિ પણ પૂર્ણ અદ્વૈત દૃષ્ટિથી જુઓ કે હુંજ પરમાત્મા છું; આત્માજ પરમાત્મા છે; હું તેજ છું. હિંદુસ્તાનના અમુક પ્રદેશમાં સ્ત્રીઓ પોતાના અંગુઠામાં નાનીશી આરસી રાખે છે અને જ્યારે મોટો આયનો પાસે નથી હોતો ત્યારે ઘડીઘડી એ નાની અંગુઠી-આરસીમાં પોતાનું મુખકમળ જુએ છે. પોતાનો ચ્હેરો તો પોતામાંજ છે અને બહાર આરસીમાં જુએ છે તે પણ પોતાનોજ ચ્હેરો છે, અને તે પોતાનો ચ્હેરો પોતાની પાસેજ છે એમ યાદ રાખે છે. તેવીજ રીતે સૂર્ય આપણો આત્મા છે; હું સૂર્યોનો સૂર્ય છું. સૂર્ય મારો આત્મા છે; સૂર્ય મારી છાયા છે; હુંજ પ્રણવનો અર્થ છું. વાણી, લોક, આંખ, કાન એ બધાં આરસીની પેઠે સાધન હોઈ આપણા નિજસ્વરૂપનેજ દર્શાવે છે.

“ બેટા, અહીં આવ ” તમારા આવા સાદા શબ્દોમાં તો શક્તિજ નથી; પણ મોટો કાળ દૂર રહેલું અને જેને મળવાને તમે આતુર થઈ રહ્યા હો એવું બાળક તમારી દૃષ્ટિએ પડતાં તે “ અરે બેટા, અહીં આવ ” આવા શબ્દો તમારી નસેનસમાંથી, રોમેરોમમાંથી નીકળી પડે છે. તમે દોડીને તેની પાસે જાઓ છો; અને પકડીને ભેટી પડો છો. આજ તમારા અંતઃકરણની ભાવનાની ચાવી છે; ખરું ઓળખાણ આમાંથી જોઈ શકાય છે. શરીરના રોમેરોમમાં ૐનું ગાન કરો. પ્રથમ આલાપવા શરૂ કરો. પહેલાં ધ્વનિ કંઠમાંથી ઉત્પન્ન થાય છે; પછી હૃદયમાંથી અને ધીમે ધીમે કરતાં મેરૂદંડનાં મૂળ ભાગમાંથી ઉચ્ચારણ કરવા માંડો. પછી ત્યાં વિદ્યુત્ શક્તિનો આઘાત થવાથી સુષુમ્ણા (?) એની મેળેજ જાગૃત થઈ જશે. અલૌકિક તાદાત્મ્ય થઈ જાય છે અને રોગનાં બીજ ભસ્મીભૂત થાય છે. ચંદ્રનો જેવો સૂર્યની સાથે સંબંધ છે, તેવોજ સૂર્યનો તમારી સાથે-આત્મા સાથે સંબંધ છે, એમ વેદાન્ત કહે છે. ચંદ્ર તરફ જોતાં બાહ્યદૃષ્ટિએ તેનો પોતાનો પ્રકાશ જણાય છે; પણ વસ્તુતઃ ચંદ્રનો પ્રકાશ સૂર્યમાંથીજ આવે છે. તેવીજ રીતે સૂર્યમાં પણ તેનો પોતાનો પ્રકાશ જણાય છે; પરન્તુ તે પ્રકાશ અને તેજ એ સર્વ તમારા પોતામાંથીજ તેનામાં આવે છે.

સ્વપ્નમાં તમે અનેક પદાર્થો જુઓ છો. હવે સાધારણ રીતે પ્રકાશવિના કશુંજ દેખાતું નથી; અને સ્વપ્નમાં કોઈ પણ જાતનો પ્રકાશ નથી; ત્યારે સ્વપ્નમાં તીરો દેખાડનાર પ્રકાશ ક્યાંથી આવે છે? તે પ્રકાશ કોનો?-એજ આત્માનો પ્રકાશ. સ્વપ્નમાં દેખાતો સૂર્યનો પ્રકાશ જેમ

તમારો છે, તેમ તમારા પ્રકાશવડેજ સૂર્યનો પ્રકાશ દ્રષ્ટિગોચર થાય છે. આ પ્રમાણે વેદાન્તની ભાવના છે. આ જડ સૃષ્ટિમાં સૂર્ય પ્રકાશનો-જ્ઞાનનો ઘોતક છે. એટલે કે સૂર્યપ્રતિ દૃષ્ટિ કરવાથી, હું-પ્રકાશોનો-જ્ઞાનનો પ્રકાશ છું; એમ લાગે છે. સૂર્ય શક્તિનો પણ ઘોતક છે. તે સર્વ ગ્રહોને પોતાની આસપાસ ફેરવે છે અને સર્વને જીવન આપે છે.

પ્રણવનો સાક્ષાત્કાર કરવાની બીજી રીત.

ૐ { अ = નિત્ય, ત્રિકાલાબાધ્ય સત્તા (સત)
　 उ = પ્રકાશ, જ્ઞાન, ચૈતન્ય (ચિત)
　 म् = આનંદ, સુખ (આનંદ) } સચ્ચિદાનંદ.

એ સંકેતલિપિ પ્રમાણે જોઇએ તો પ્રણવ (ૐ) સૂર્યમાં સુવર્ણ અક્ષરે લખેલ છે. આ પ્રણવ (ૐ) અને સૂર્ય એ જડ ઘોતકરૂપે લખેલા અક્ષરની પેઠે મારી પ્રતિમા છે.

સૂર્ય સૌંદર્યનો પણ ઘોતક છે; સર્વ ગ્રહોને તે પોતાના ભણી આકર્ષે છે. તે કેવો તેજઃપુંજ અને પ્રકાશમાન છે! એ આનંદનો પણ ઘોતક છે.

હું સત્ય, વૈભવ, આનંદ છું; એનો અનુભવ કરો. સર્વ ગુણ ધર્મ મારામાંજ છે. તે હુંજ છું; સચ્ચિદાનંદ હુંજ છું; સૂર્ય તો મારી વાંકી ચૂંકી પ્રતિમા છે. હું પ્રણવની ઉપાસના નથી કરતો; પ્રણવજ મારૂં ભજન કરે છે. હું તો કુટસ્થ અને સનાતન છું, પોતાના સર્વ ભાગ વિભાગ દેખાડવા માટે અને પોતાનું સર્વસ્વ અર્પણ કરવા માટે આ સમસ્ત વિશ્વ મારી આસપાસ ફર્યા કરે છે. સૂર્ય મારા માટેજ મારી સમક્ષ પ્રકાશે છે. ખ્રિસ્તનું અંતઃકરણ, શેક્સપિયરનું ભેજું અને પ્લેટોનું મન એ સર્વ મારા વૈભવમાંથીજ પોષણ મેળવે છે અને મારા પ્રકાશનુંજ પ્રાશન કરે છે. લોકો એમ સમજે છે કે સૂર્યને લીધે સર્વ સ્નાયુ હાલે ચાલે છે અને સર્વ કાર્ય થાય છે, પણ એ સૂર્ય તમારી દિવ્ય સત્તામાંથીજ બધું બળ મેળવે છે.

સૂર્યોના સૂર્ય-પ્રકાશોનો પ્રકાશ આત્મામાંજ નિવાસ કરો. મારા સત્તાસાગરમાંથીજ સર્વ લહરિઓ ઉત્પન્ન થાય છે. હું બાદશાહોનો બાદશાહ-શહેનશાહ છું. સર્વ ભૂપાલોના રૂપમાં, પુષ્પોના રૂપમાં હુંજ પ્રકટ થાઉં છું. સૂર્યકિરણમાં હુંજ સ્મિત કરૂં છું, વીરોના સ્નાયુમાં હુંજ વ્યાપાર કરૂં છું. સર્વત્ર મારી ઈચ્છાજ પરિપૂર્ણ થાય છે. મારા સામ્રાજ્ય અને વૈભવમાંથીજ પ્રત્યેક પ્રાણીને અન્ન મળે છે, અને પૃથ્વી પણ તેવડેજ સૂર્યની આસપાસ ફરે છે.


કુવિચાર અને ઐહિક વાસનાને મારી પાસે આવવાનો કશો હક્ક નથી. ક્રોધ, લોભ ઇત્યાદિ ક્ષુદ્ર મનોવિકારને મારા પવિત્ર સાન્નિધ્યમાં આવવાનો અધિકારજ નથી. ઉચ્ચ અને નીચ સર્વમાં હું વ્યાપ્ત છું. પ્રેક્ષક, નટ તેમજ સૂત્રધાર હુંજ છું. ઈસુમાં હુંજ છું. અત્યંત નીચમાં પણ હુંજ છું. હું સર્વસ્વ છું. તમારો વાસના વિષય પણ હુંજ છું. ઘનગર્જનામાં પણ હુંજ ધ્વનિ કરૂં છું. સમુદ્રમાં હુંજ તાંડવ કરૂં છું. ફ્રાંકિલન, ન્યૂટન, કેલ્વરીન, ઇત્યાદિ પ્રેષિતપ્રાણીનાં હૃદયો હુંજ છું. ઉપવન અને દરયોનું ઉદ્દગમસ્થાન મારા સિવાય બીજું કોઈ નથી. આવા પ્રકારની ભાવનાથી ૐકારનો-પ્રણવનો-અર્થ ઉપર પ્રમાણે સમજી લેજો. ક્રમ સાદોજ છે. પ્રણવનું ગાન કરો; અર્થને આચરણમાં મૂકો અને ઈશ્વર પ્રમાણે વર્તન કરો. ક્ષુદ્ર વાસનાને આધીન થઈ જવું એતો શૂન્યતાની નિશાની છે. આત્મવૈભવ અને વિજયશ્રીમાં આવો.

ઐહિક વાસનાને લીધે જ્યારે તમે ક્ષુદ્ર અને નાશ થઈ જાઓ છો ત્યારે પ્રભુગમન નથી થઈ શકતું એ નક્કી છે.

સુષુમ્ણા, સહસ્રદલ કમળ ઉઘાડવું, ઇત્યાદિ વાતોમાં સમય ન ગુમાવશો. તમને સર્વ પ્રાપ્ત થશે. તમારી પ્રગતિ બહુ વિલક્ષણ થશે. ચિંતા, ભય, અને અસ્વસ્થતાથી પર પહોંચશો. સર્વ જ્ઞાન તમને પ્રાપ્ત થશે. સર્વ સિદ્ધિ તમારી પાસે સ્વતઃ આવવા માંડશે. પ્રત્યેક પદાર્થ તમારે શરણે આવશે. વાંકાચૂકા અને આડાઅવળા માર્ગને ગ્રહણ ન કરશો; તેમ કરવાથી તમને પશ્ચાત્તાપ થશે.

ॐ ॐ ॐ





૨૧–જગતનો પ્રારંભકાળ કયો ?*

સત્‌ચિદ્‌રૂપ અને આનંદરૂપ એ પ્રેમ સ્વરૂપ પરમેશ્વર !

ઘણી વખતે 'જગતનો પ્રારંભકાળ કયો ?' એવો પ્રશ્ન વિચારવામાં આવે છે. આ પ્રશ્નનો ખુલ્લો અર્થ એજ છે કે જગતની શરૂઆત કયે વખતે થઈ ? સૂક્ષ્મ વિચાર કરતાં તો આ પ્રશ્ન પોતેજ હાસ્યાસ્પદ ઠરે છે. જગત ક્યારથી પેદા થયું ? આકાશની-દિશાઓની-શરૂઆત ક્યાંથી થઈ ? આ પ્રશ્નોના ઉત્તર આપવાનો યત્ન કરશે. હોય તો ભલે બીજા ચતુર મનુષ્યો કરે અને તેજ પ્રમાણે જગત કેવી રીતે નિર્માણ થયું એ પ્રશ્નનો નિર્ણય કરવાની જેને જરૂર હોય તે ભલે કરે. મારે તો એવા સવાલ જવાબ માટે કાંઈ કરવાનું છેજ નહિ. હું તેના વિચારોની મથામણ કરવા એમનો નથી. ઘણાએ ઠેઠ એવા પ્રશ્નોની મારામારી કરવામાં વખત આપે છે, પણ તેમાંથી ફળ શું મળ્યું ? વિચારનાં વિચારનાં જે પ્રશ્નો સુધી પહોંચ્યા એટલે એવી શંકાઓ અને પ્રશ્નોના પૂછનારની અવસ્થા, જાણે કે દુર્ભેદ્ય પત્થરની દિવાલ પોતાની સામે આવીને ઉભી હોય અને અટકી જવું પડે, તેવીજ થાય છે.

ધારો કે આપના હાથમાં આ એક ચીપીઓ છે. એ ચીપીઓ વડે કે પેટી ચીજ પકડી શકાય છે, પણ તે ચીપીઓ પોતાને પોતાના હાથની તરફ વાળીને તે હાથને પકડી શકે એમ તો નથી જ. એવી રીતે કાળ, દેશ અને નિમિત્ત એ ત્રણે, પદાર્થવડે આ નામ-રૂપાત્મક જગતના પદાર્થો પકડી શકાય છે, પરંતુ જગતથી પર એવો જે આત્મા છે તે તો નામ અને રૂપથી રહિત હોવાથી એ સાધનોવડે પકડી શકાય તેમ નથી.+

અતીન્દ્રિય જ્ઞાન જ્ઞાનેન્દ્રિયોને શી રીતે થાય ?

એક વખતે એક હૌસ્પિટલમાં ચાર મનુષ્ય આવ્યાં. તેમની આંખમાં જન્મથીજ મોતીઆ પડ્યા હતા. ડાક્ટરોએ તેઓને તે કઢાવવા કહ્યું. તેઓને બિલકુલ સૂઝતું નહોતું. તેઓને નસીબે માત્ર આંખની ચાર ઇંદ્રિયોથીજ સર્વ કામકાજ કરવાનું રહ્યું હતું. એક સમયે તે મનુષ્યો વચ્ચે આંખના કાચના રંગ બાબત તકરાર પડી. એક કહે મારો દીકરો કોલેજમાં શીખે છે, તે અહીંઆં આવ્યો હતો, તે આ કાચનો રંગ પીળો કહેતો હતો, તેથી હું કહું છું કે એ કાચનો રંગ પીળોજ હોવો જોઈએ. બીજો બોલ્યો: [illegible] શહેર સુધરાઈ ખાતાના મનુષ્ય છે, તેઓ પરમ દિવસે મારે ત્યાં આવ્યા હતા. એમણે આંખના કાચને લાલ રંગનો કહ્યો હતો. તેઓ પણ ડાહ્યા અને અક્કલવાળા છે. ત્રીજો બોલ્યો: મારો ભત્રીજો કોલેજમાં અભ્યાસનું કામ કરે છે, તે મને મળવા આવ્યો ત્યારે એ કાચને લીલા રંગનો કહેતો હતો. [illegible] પોતાના કોઈ એક [illegible] કાચને જાંબુડીઆ રંગનો કહ્યો. આ પ્રમાણે [illegible] તે કાચના રંગની તપાસ તે આંધળાઓએ બુદ્ધિ અનુમાનથી કરવા માંડી.

---

* જુલાઈ, તારીખ ૬ ઠ્ઠી [illegible] ૧૯૦૪ [illegible]

+ "[illegible]" [illegible]

પ્રથમ તો તેઓએ એ કાચને જીભથી ચાટી જોયો, પણ જીભે તો સ્વાદ જણાય, કાંઈ રંગ જોવાય નહિ. પછી તેઓએ એ કાચને ખખડાવી જોયો, પરંતુ ખખડાવાથી તો કાનને અવાજ જણાય; કાંઈ રંગ જોઈ શકાય નહિ. તે પછી તેઓએ તે કાચને સુંઘ્યો; પણ નાકથી તો ગંધ માલૂમ પડે, રંગ જોવાય નહિ. રંગ તો ચક્ષુવડેજ દેખાય, પણ એકે જણને ચક્ષુ હતું નહિ, એટલે જીભ, નાક, કાન અને ચામડી, આ ચાર જ્ઞાનેન્દ્રિયોથી કાચનો રંગ શી રીતે પરખી શકાય? ઇંદ્રિયોવડે આ જગતના કારણરૂપ બ્રહ્મને જાણવાનો આપણો યત્ન પણ એવીજ જાતનો છે. ઇંદ્રિયોવડે સર્વ વ્યાપક અને અનન્ત બ્રહ્મનું જ્ઞાન મેળવવું એ કેટલું અસંભવિત છે? તેમ થાય તો બ્રહ્મને પોતાનું અનંતપણું છોડી દઇ જ્ઞાનેન્દ્રિયોનો વિષય થવું પડે પણ એમ થવું એ ત્રણે કાળમાં અસંભવિત જ છે. અદ્વૈત આત્મજ્ઞાન એટલે કે પરમાત્મ સાક્ષાત્કાર થયા સિવાય બ્રહ્મના અનંતપણાનું જ્ઞાન થઇ શકતુંજ નથી.

જુઓ, આ મારા હાથમાં એક દીવાસળી લઉં. હાથ સાથે સરખાવતાં તે બહુજ નાની અને જડ છે; અને તેથી તે પોતાને પકડનાર હાથને જાણી શકશે નહિ. એજ પ્રમાણે જગતથી પર અને અમાપ એવું જે પરમાત્મતત્ત્વ કે જે ઇંદ્રિયોનો વિષય નથી–જે ઇંદ્રિયોથી પર છે, તેને ઇંદ્રિયો કદિ પહોંચી શકનાર નથી. ઉપરના દૃષ્ટાન્તમાં વિના ચક્ષુએ કાચનો રંગ જોવાના યત્ન જેવોજ ઇંદ્રિયોવડે આત્માને જાણવાનો પ્રયત્ન છે. એ આંધળાઓની પાસે રંગ જોવાનું સાધન જે આંખો જોઇએ તે તો હતી જ નહિ, એટલે દરેક જણ ગમે તેનું પ્રમાણ આપી પોતાનું મત મજબૂત કરતો હતો.

“ બે ભાગ હાઇડ્રોજન વાયુ સાથે એક ભાગ પ્રાણવાયુના સંયોગથી પાણી તૈયાર થાય છે ” આ વાત મને કહેવામાં આવી, તેથી મેં તે જાણી. પણ અમુક વાત સાંભળવા માત્રથી જ તે વાતનું ખરૂં-અનુભવસિદ્ધ જ્ઞાન થયું એમ શી રીતે કહી શકાય? બધા રસાયનશાસ્ત્ર જાણનારાઓ એ વાત કહે છે, પણ મારી જાતે પ્રયોગશાળામાં જઇ પ્રત્યક્ષ પ્રયોગ કરી જોઉં નહિ ત્યાં સુધી મને એ સિદ્ધાન્ત ઉપયોગમાં આવે નહિ. બધી બાબતોમાં આપણો જાતિ અનુભવ એ જ ખરૂં પ્રમાણ છે. શ્રીકૃષ્ણ, ઇસુ કે બુદ્ધના આપ્તવાક્યમાં માત્ર અંધશ્રદ્ધા રાખવાથી જ મારૂં કામ થનાર નથી. મોટા પુરૂષોનાં વચન પ્રમાણે અનુભવ ન કરી જોતાં માત્ર તેને ખરાં માનીનેજ બેસી રહેવાથી કાંઈ અમારા મનનું સમાધાન થનાર નથી. “ જાતિઅનુભવ ” એજ સત્યની ખરી કસોટી છે. એક માણસ કહેતો હતો કે તેના બાપનો જઠરાગ્નિ બહુ તેજ છે, અને મારૂં ખાધેલું અન્ન તે પચવી આપશે; પણ એમ તો થતુંજ નથી. દીકરાનું અન્ન દીકરે જાતેજ પચવવું જોઈએ. જગતમાં અવતરેલા મોટી મોટી વિભૂતિવાળા મહાત્માઓને મારા નમસ્કાર છે, પણ મારૂં અન્ન જેમ તેઓ મને પચવી આપી શકનાર નથી; તેવી રીતે ઈશ્વરની સાથે મારી એકરૂપતા મારા યત્ન વિના તેઓથી કરાવી આપી શકાશે નહિ. એ એકરૂપતા તો મારે જાતેજ સાધ્ય કરવી જોઈએ આ વિષયનું વધારે વિવેચન આગળ ઉપર કરાશે.

નાસ્તિક અને પ્રત્યક્ષવાદીઓ કહે છે કે, ‘જગતના તાત્પર્યની–ગૂઢ તત્ત્વની ચોકસી અમે અમારી જાતેજ કરી લઇશું ’ પણ તેમની નજર કેટલે સુધી પહોંચી શકે છે, તે આપણે તપાસીએ. તેમને આપણે દીવાસળી આપીએ અને કહીએ કે તે દીવાસળીમાં અગ્નિ છે; પણ તેને દીવાસળીમાં અગ્નિનો પ્રકાશ દેખાતો નથી. તેને કયાં શોધવો? પછી તે દીવાસળીના

નાના નાના ટુકડા કરી નાંખે છે અને તપાસે છે, પણ પ્રકાશનો પત્તો મળતો નથી. વળી તે સળીનો ચીતો ભૂકો કરી તપાસે તોપણ અગ્નિ-પ્રકાશ જડતો નથી. આવીજ રીતે આત્માને શોધવાને માટે કોઇ શરીરના ટુકડે ટુકડા કરીને તપાસે તોપણ ચૈતન્યનો પત્તો લાગશે નહિ. હાડકાંનો બારિક ભૂકો કરી જુઓ, પણ જીવનનું મૂળતત્ત્વ તેમાંથી જડી શકશે નહિ. આટલી મહેનત કર્યા પછી તે સ્વાભાવિકજ બોલી ઉઠે છે કે, "હુંપણું" અર્થાત્ આત્મ તત્ત્વ-રૂપી સદ્‌વસ્તુ હોવી તો જોઇએજ, પણ તે વસ્તુ જાણી શકાય એવી નથી. નાસ્તિકવાદીનું આ વચન તેની દૃષ્ટિથી બરોબરજ છે. તેની બુદ્ધિના પ્રમાણમાં તે બરોબરજ છે. તેને વ્યષ્ટિજ્ઞાન-વ્યાવહારિક જ્ઞાન ઉત્પન્ન થએલું છે ખરૂં, પણ વ્યાપક સમષ્ટિજ્ઞાન-બ્રહ્મજ્ઞાન થએલું નથી. પોતાની અહંવૃત્તિના વ્યષ્ટિજ્ઞાનવડેજ જગતમાં વ્યાપેલું અવિનાશી અનંત તત્ત્વ કેવું છે તે સમજવાને તે પ્રયત્ન કરે છે; પણ એ તો ખુલ્લુંજ છે કે તે તેનાથી જાણી શકાવાનું નથી. વ્યાવહારિક સારાસાર વિચારશક્તિની એવીજ સ્થિતિ થાય છે. આ જગતમાં વ્યાપ્ત એવું કોઈ અવ્યય અને અવિનાશી તત્ત્વ છે, એટલુંજ માત્ર એ વિચારશક્તિથી સમજાય છે; પણ તે તત્ત્વ પોતે શું છે એ વાત વ્યાવહારિક વિચારબળથી સમજી શકાતી નથી. જેમ કોઇ પાછળથી આવી મારી આંખે પાટો બાંધે તો હું જાણું કે તે કોઇ માણસજ હશે અને તે સ્નેહીજ હોવો જોઇએ, કારણ કે કોઇ અજાણ્યું-પરજન આવી ચેષ્ટા કરી શકે નહિ. અનુમાનથી તો માત્ર એટલુંજ જ્ઞાન થઇ શકે, પણ તે કોણ હશે અને કેવું હશે? તેનું પ્રત્યક્ષ જ્ઞાન થાય નહિ. જેમ કોઇ માણસ ભીંતમાં દોડી મારે તો તે ભીંતમાં પેસીને તેની પાર જઇ શકતો નથી, પણ અફળાઇને પાછોજ પડે છે એવીજ ગતિ વ્યાવહારિક વિચારશક્તિની થાય છે. બરાબર એવીજ સ્થિતિ વિચારશક્તિની થાય છે. આપણી મર્યાદિત-સંકુચિત વિચારશક્તિ અનંત બ્રહ્મમાં પ્રવેશ કરવાને અસમર્થ થાય છે. એ અસમર્થપણું તેજ સર્વથા યથાર્થ છે, કારણ કે જો બ્રહ્મનું જ્ઞાન આપણને થઇ શકે તો તેનું 'एकमेवाद्वितीयम्' એવું જે વર્ણન છે તેને બાધ આવે, અને બ્રહ્મ અને તેને જાણનાર આપણે બન્ને જુદા નહિ એમ ઠરે, તથા અદ્વૈતભાવ ટળી તત્કાળજ દ્વૈતભાવ થાય. કેવળ સર્વાત્મજ્ઞાનથીજ વ્યાપક અનંત બ્રહ્મ સિદ્ધ થઇ શકે છે.

સત્સંગનો મહિમા.

હવે ઇશ્વરનો સાક્ષાત્કાર-આત્માનુભવ શી રીતે થાય છે તેનો આપણે વિચાર કરીએ. એ વિચારતાં પહેલાં એકાદ નાના બાળક વિષે થોડો વિચાર કરી લઇએ. નાના બાળકને 'હું' 'મારૂં' 'તારૂં' કે આ જગત એવી કશી વૃત્તિ થતી નથી, તેમ તેનું ભાન પણ તેને હોતું નથી. તેને પોતાના વિષેનું-વ્યષ્ટિ જ્ઞાનજ નથી, તો સમષ્ટિ જ્ઞાનની તો વાતજ શી? ધારો કે આપણી પાસે એવું કોઇ એક બાળક છે. હવે "એ બાળકને સમજણ નથી તે આવવા દો, પછીજ હું તેની સાથે બોલચાલ કરીશ," એવો વિચાર આપણે કરીશું ખરા? નહિજ. તેને પોતાની આજુબાજુની વસ્તુઓનાં નામ આવડે, તેનું ઓળખાણ થાય, તે પછીજ આપણે તે વસ્તુઓની સમજણ તેને પાડીશું, એવી ધારણા આપણે કરીએ છીએ? નહિજ. બાળક નાનું હોય છે ત્યારથીજ આપણે તેનું નામ પાડીએ છીએ. તેને 'ગોવિંદ' 'રમેશ' આદિ નામથી બોલાવીએ છીએ. ઘરનાં મોટેરાં પણ તેને તેજ નામથી બોલાવે છે, ઓળખે છે, અને તેની સાથે જુદી જુદી ચીજો અને નવાં નવાં માણસોની વાતચીતો કરે છે. આ ચીજ સારી છે અને આ વસ્તુ મીઠી છે એમ તેને કહે છે. આમારૂં બાળક કેવું હોંશીઆર, ચાલાક

આવરતવાળું અને સમજણું છે? આવું આવું કહીને તેને બોલ બોલા, 'મા' 'બાપા' એવું એમ બોલીને આપણે તેને બોલતાં શીખવાડીએ છીએ. થોડોક વખત જતાં બાળક મોટું થતું જાય છે; અને તેને તોતડું, કાલું, કાલું બોલતાં આવડે છે. આમ તેમ રમતાં ફરતાં તેને આવડે છે. 'મા' 'બાપા' શબ્દો તેને કાને વારંવાર પડતા હોવાથી, તે શબ્દોનું અનુકરણ કરી તે બોલવા યત્ન કરે છે. દીકરો 'બાપા' બોલવા લાગે છે. એટલે બાપ દીકરાને 'અહીં આવ' કહે છે. આ બાપનું 'અહીં આવ' બોલેલું બાળક થોડું સમજે છે? પણ બાપ પોતાના હાથ લાંબા કરી હસતે મ્હોંએ, મોટા ઉમંગે તે બાળક તરફ જોતો હોય છે. તે જોઈને બાપા પોતાને બોલાવે છે, એવું તે બાળકને સમજાય છે; અને તેથી તે તેની પાસે જાય છે. એ પ્રમાણે જેમનામાં વ્યષ્ટિજ્ઞાન જાગૃત થયું છે એવા વડીલોના સહવાસ-પરિચયથી બાળકનું સામાન્ય વ્યવહારજ્ઞાન વિકાસ પામતું આપણા જોવામાં આવે છે. એજ ન્યાયે વિશ્વમાં જે સર્વ ભૂત માત્રને આત્મામાં જુએ છે યાને જેમને આત્મસાક્ષાત્કાર થયો છે, એવા સત્પુરૂષોના સહવાસથીજ આત્માના સત્ય વ્યાપક સ્વરૂપનો સાક્ષાત્કાર-અનુભવ થઈ શકે છે.* સહવાસ વા સંગનું કેવું બળવાન પરિણામ આવે છે એ તો આપણા અનુભવની વાત છે. કોઈ ક્લેશી અને દુઃખીની સોબતમાં રહેવાથી આપણને પણ ઉદ્વેગજ થાય છે અને કોઈ ગમ્મતી, ઉલ્લાસીના સહવાસ અને સંગથી આપણને પણ ઉલ્લાસ અને આનંદ થાય છે. એજ પ્રમાણે સત્સંગનું ફળ પણ સમજવું. કોઈ તત્ત્વદર્શી મહાનુભાવના ગ્રંથો વાંચવાથી, તેમની સાથેની પ્રત્યક્ષ વાતચીતથી, કિંવા વિશ્વની અલૌકિકતા તથા સૃષ્ટિસૌન્દર્ય જોવાથી પણ આત્માનુભવ જાગ્રત થાય છે. બાપ દીકરાને 'ગોવિંદ' 'ગોવિંદ' કે 'રમેશ' કહી બોલાવે છે. અને તે ગોવિંદ વા રમેશ થાય છે. તેને 'રામ' કહી બોલાવીએ તો તે રામ થાય છે. શું એમ થતું નથી? તેજ મુજબ ઓરડામાં છોકરાં જ્યાં ઉંઘી ગયાં હોય ત્યાં જઈ, 'ગોવિંદ' કહી હાંક મારીએ તો ગોવિંદજ જાગીને જવાબ આપે છે. 'રામ' જવાબ આપતો નથી. 'રામ' તો ઉંઘ્યાજ કરે છે.

ચમત્કારમાં શું આવી ગયું?

આત્મજ્ઞાનીને અથવા સમ્યગજ્ઞાનીને કેટલીક વખતે એમ કહેવામાં આવે છે કે "અરે મહાત્મન્! આપને ઈશ્વરસાક્ષાત્કાર થયાનું આપ કહો છો ત્યારે તો આપ અમોને કાંઈ ચમત્કાર કરી બતાવો. આ આખું વિશ્વ ઈશ્વરે સર્જ્યું, પણ તમારાથી તો એક તરણાંએ પેદા થઈ નથી. આપને જ્યારે ઈશ્વરપણાનું અભિમાન છે ત્યારે આપનામાં તેવી કોઈ આવડત વા દિવ્ય શક્તિ હોય તો તે પ્રત્યક્ષ કરી બતાવો." પણ આવું કહેવું એ મૂર્ખાઈભરેલું છે. ઈસુ ખ્રિસ્તને પણ આમ લાલચમાં લપેટવાનો પ્રયત્ન નહોતો કરવામાં આવ્યો? સેતાને તેમને પર્વત ઉપરથી પડતું મૂકવાનાં વચનો કહીને શું લલચાવ્યા નહિ હતા? ઈસુએ તેનાં મેંણાં ટોણાંની પરવા નહિ કરતાં એટલોજ ઉત્તર આપ્યો હતો કે, 'જા અહીંથી, તુંજ પડતું મૂક'. ઈસુ પોતે શક્તિમાન હતા, પણ તે શક્તિ શું એક શ્રદ્ધા વિનાના નાસ્તિક આગળ નિષ્ફળ વાપરી નાખે એવા હતા? નાસ્તિકો આગળ ગમે તેટલા ચમત્કારો કરી બતાવો, પણ તેઓ થોડાજ પલળવાના કે વળવાના? તેમને પોતાને આત્મસાક્ષાત્કાર થયા વિના સર્વ ફોકટજ છે. આપણે કદિ

* तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत् । समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम् ॥ मुण्डकोपनिषद् खं. १-१२

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया । उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥ भ. गी. अ. ४-३४

કે ' હું ઈશ્વર છું ' પણ આનો અર્થ શું? શું આ જડ શરીર ઈશ્વર છે? નહિજ. ત્યારે આ મન ઈશ્વર છે? તે પણ નહિ. મન ઈશ્વર શી રીતે થાય? આનો આશય નીચે મુજબ છે.

કલ્પના કરો કે, કોઈ એક મનુષ્ય એમ. એ. ની પદ્દી ધરાવે છે અને કોઈ એક માણસ રાજા છે તેને રાજાની પદ્દી મળેલી છે. આ બંને દાખલામાં એમ. એ. અને રાજાની પદ્દીઓ તો તેમનામાં માત્ર આરોપ પદ્દીજ હોઈને તે માત્ર બહારની વ્યાવહારિક કે સાંસારિક ઉપાધિઓ જ છે. તેજ પ્રમાણે " આ સાપ કાળો છે." આમ હું બોલું, તેમાં કાળાપણું એ તો માત્ર સાપના શરીરનોજ રંગ છે. એમાં કાળાપણાના રંગનું સાપમાં આરોપણજ કર્યું કહેવાય. પણ હું જ્યારે સાપને રજ્જુ (દોરડું) કહું ત્યારે તો ' સાપ ' અને ' દોરડા 'નો સંબંધ, 'કાળાપણું ' અને ' સાપ ' ના સંબંધના કરતાં જુદીજ તરેહનો થયો. " હું રાજા છું " એમાં "રાજા" એ તો માત્ર ઇલકાબ અને અધિકારનુંજ નામ છે, એ રાજા તો માત્ર પદવીનુંજ નામ છે, પણ ' હું ઈશ્વર છું ' એનો અર્થ કંઈ આ મારો ક્ષુદ્ર દેહ, મન કે અહંકાર એજ ઈશ્વર, એવો થતો નથી. જેમ દોરડામાં સાપની તો માત્ર ભ્રમણા અથવા ભાસજ છે, અને ખરેખર તો તે દોરડુંજ છે; તેમ આ શરીર, મન, અને અન્ય ભાસમાન થતા નશ્વર પદાર્થોમાં જીવે કલ્પી લીધેલી અહંતા અને મમતા પણ અસત્ય જ છે. અવિદ્યાથી થએલો ભાસ યાને ભ્રમણાજ છે, જંજાળ છે, મૃગજળ છે. માત્ર ઈશ્વરજ સત્ય છે. હું કેવળ તેજ ઈશ્વર છું. કેવળ ઈશ્વર, અનન્ત, સચ્ચિદાનંદ एकमेवाद्वितीयम् સદા જ ખરેખર છું.

આ સિદ્ધાન્તને વધારે ખુલાસા સાથે સમજાવવા માટે આપણે સમુદ્રના બે મોજાંનો દાખલો લઈએ. આ બે મોજાંનાં પાણી શું જુદાં જુદાં છે? બંને મોજાંમાં અને આખા સમુદ્રમાં પાણી તો એકજ છે. મોજાંમાં જે જુદાપણું જણાય છે તે તો માત્ર આકારનુંજ જુદાપણું છે. તેમજ આ શરીરમાં, પેલા શરીરમાં અને સર્વ શરીરોમાં એકજ આત્મા રમી રહ્યો છે. સર્વ શરીરો અને આકારો તે એકજ આત્માના છે કે જે આત્મા एकमेवाद्वितीयम् છે. તેમ હોવાથી એ સર્વ શરીરો મારાંજ છે. કારણકે હું આત્મા છું. ભેદ છેજ નહિ. જુદી જુદી ભાષામાં અજવાળાના જુદાં જુદાં નામ હોય છે. અંગ્રેજીમાં અજવાળાને 'લાઈટ' કહે છે અને જર્મન ભાષામાં તેને 'લિખ્ટ ' કહે છે. તેને ગમે તે નામથી ઓળખાવો, પણ અજવાળું તો ઈંગ્લાંડ અને જર્મની તેમ બધા દેશોમાં એકજ છે. એવીજ રીતે વસ્તુઓનાં જૂદાં જૂદાં નામ અને રૂપ અસત્ય હોઈ માત્ર ઈશ્વરજ સત્ય છે. નામ જુદાં હોવા છતાં આત્મામાં જુદાપણું છેજ નહિ; કારણકે આત્મા સર્વવ્યાપી છે, નિત્ય છે, શુદ્ધ છે, શાશ્વત છે.

હું પોતે સર્વવ્યાપી થાઉં.

આપણા આ શરીરના બધા અવયવો એક બીજા ઉપર આધાર રાખી રહેલા છે, અને છતાં હાથ કહે કે આખા શરીરનું પોષણ હું કરૂં છું અને બીજા અવયવો શાનું ખાય? આવા વિચારથી જો મોંઢું અન્ન ચાવવાનું, પેટ તેને પચાવવાનું અને પચવવાથી થએલું પોષક દ્રવ્ય બીજા અવયવોને વહેંચી આપવાનું બંધ કરે અને આપણે તે અન્નને શસ્ત્રક્રિયાથી હાથમાં ઘલાવીએ તો તે રીત હસવા જેવી થયા વિના રહેશે? સર્વ અવયવો મળીનેજ એક શરીરરૂપી યંત્ર થયું છે. હાથ પણ એ અવયવોમાંનોજ એક અવયવ હોઈને પેટ અન્ન પાચન કરે છે ત્યારેજ એને એના ભાગનું પોષણ મળે છે. નહિ તો એની શી વલે થાય? આવી દૃષ્ટિથી

વિચારતાં એમ નિષ્પન્ન થાય છે કે સમષ્ટિથી વ્યક્તિ-વ્યષ્ટિ અલગ થઇ શકે નહિ. સંકુચિત અહંતા-મમતા છોડીને એકરસ, અભેદ, સ્વરૂપાનુભવ મેળવ્યા સિવાય આપણાં દુઃખોનું નિવારણ છેજ નહિ. તે સિવાય બીજી ગતિજ નથી. જ્યારે એ પરમાત્મસ્વરૂપ વિલસે છે, અને સાક્ષાત્કાર થાય છે, એકરૂપતા અનુભવાય છે, વૃત્તિ બ્રહ્માકાર થઇ જાય છે, ત્યારેજ શોક સર્વથા અભાવનો આપણને નિશ્ચય થાય છે.

એક સમયે એક સંન્યાસીએ એક સોનીને ત્યાં જઇને કહ્યું કે, 'તમારી પાસેની વીંટીઓ માંથી સરસમાં સરસ વીંટી લાવી પ્રભુની આંગળીએ પહેરાવો.' પછી તે સંન્યાસી મોચી ત્યાં ગયો અને કહ્યું કે "સારામાં સારા જોડા લાવી પ્રભુને પગે પહેરાવો." પછી તેણે દરજી ત્યાં જઇને કહ્યું કે 'સીવીને તૈયાર કરેલો ઉંચામાં ઉંચો પોષાક પ્રભુના શરીરને પહેરાવો 'પ્રભુના અંગ ઉપર' આ શબ્દો બોલવામાં સંન્યાસીનો આશય 'તેના પોતાના અંગ ઉપ એવો હતો. તેથી લોકોએ જ્યારે આ બધી વાતો સાંભળી ત્યારે તેમને નિશ્ચય થયો આ કોઈ ધુતારો અને ઢોંગી છે. લોકોએ તેને વગર ભાડાની કોટડીમાં મોકલવાનો ઠર કર્યો. 'ભલે મને વગર ભાડાની કોટડીમાં લઇ જાઓ, પણ તે પહેલાં મારી હકી સાંભળો' એમ સંન્યાસીએ વિનંતિ કરી. લોકોને પૂછ્યું કે આ જગતનું નિર્માણ કે કર્યું? લોકોએ કહ્યું: 'ઈશ્વરે.' આકાશમાંના સૂર્ય અને તારા કોણે સરજ્યા? 'ઈશ્વરે.' આ ખેત અને તેમાંનું ધાન્ય કોણે બનાવ્યું? 'પ્રભુએ.' સઘળા પ્રશ્નોના ઉત્તરમાં 'ઈશ્વરે' 'પ્રભુએ' એટલોજ ખુલાસો મળ્યો. ઠીક ત્યારે તમારી આ શ્રદ્ધા અડગ-અવિચલ છે? લોકોએ કહ્યું 'હા, છેજ. એમાં સંશય શાનો?' તે પછી સંન્યાસી બોલ્યા: આ મારો દેહ કોનો છે તેઓએ કહ્યું: 'ઈશ્વરનો.' આ પગ, આ હાથ કોના? આ બધા પ્રશ્નોનો એકજ ઉત્તર 'ઈશ્વરનો' એવો મળ્યો. એ રીતે આ બધી માયા ઈશ્વરનીજ છે. આ પ્રમાણે તેમને પોતા મ્હોંએથીજ વિવેક કરાવી-નિકાલ આણી પોતાના સિદ્ધાન્તની સત્યતા તેમને તે સંન્યાસીએ સમજાવી. કારણકે લોકો અજ્ઞાન હતા અને સંન્યાસી તો ઉંચ જ્ઞાનવાળા હતા.

હિન્દુસ્તાનમાં કોઈ માણસનું મરણ થાય છે ત્યારે તેણે પોતાનો દેહ છોડયો એમ બોલવાનો રિવાજ છે. તમારામાં તેણે પોતાનો આત્મા આપ્યો તેવું કહેવાનો રિવાજ છે. મરણની કલ્પના જણાવવાની તમારી આ પદ્ધતિ કરતાં હિન્દુસ્તાનની પદ્ધતિ વધારે સયુક્તિક છે. આત્મા અને શરીર જુદાંજ છે, આ તત્ત્વ-આ અર્થ હિંદુસ્તાનની પદ્ધતિએ વધારે સ્પષ્ટ રીતે બતાવી શકાય છે. મરણની કલ્પના જણાવવા સારૂ હિન્દુસ્તાનમાં "તેના શરીરમાંથી પ્રાણ ગયા" એમ બોલવાની રૂઢી છે.

એક વખતે એમ બન્યું કે, ત્રણ જણા એક ઠેકાણે બેસી મનમાનતો દારૂ પીતા હતા. તેઓ નિશાના ખૂબ પૂરમાં ચડયા, એટલે તેમનામાંથી એક જણ બોલ્યો કે આપણે હવે નાસ્તો કરીએ. આમ બોલીને એક જણને તેણે નાસ્તાની ચીજો લેવાને મોકલ્યો. થોડી વાર પછી એકે બીજાને કહ્યું: 'ભાઈ, પ્રાણ નીકળી જાય છે, સુંધારો થાય છે, કાંઇક થઈ આવ્યું.' આ શબ્દો સાંભળી બીજા જણે તેનું નાક બંધ કરી રાખ્યું. એટલે પેલો બોલ્યો: અરે, અરે, આમ કાંઇ નીકળી જતા પ્રાણ રોકાતા હશે? આ પ્રમાણે નાક દાબી દેવાનું પરિણામ તો ઉલટું પ્રાણ જવામાંજ આવે.

એક વેળા અમેરિકામાં શ્રીમંતો અમીર, ઉમરાવ અને બીજા મોટા મોટા લોકને નિમંત્ર

કર્યું, પણ પોતાની પ્રિયતમા રાધાને તેડયાં નહોતાં. મુખ્ય પ્રધાને રાધાને તેડાવવાનો પુષ્કળ આગ્રહ કર્યો, પણ તેના બોલવા ઉપર શ્રીકૃષ્ણ ભગવાને લક્ષજ આપ્યું નહિ. આથી પ્રધાને રાધા પાસે જઈ બધી હકિકત નિવેદન કરી. ત્યારે રાધાએ એટલોજ ઉત્તર આપ્યો કે, આપણે ઘેર જ્યારે કોઈ ઉત્સવ વા ઉજાણી હોય છે ત્યારે આપણે આપણાં ઈષ્ટમિત્રો, સ્નેહીઓ, સોબતીઓને તેડીએ છીએ; પણ આપણને પોતાને તેડું કરવાનો રિવાજ ક્યાં હોય છે? ઉજાણી છે તે હું પૂર્વેથીજ જાણું છું, કારણ કે શ્રી કૃષ્ણ અને હું એકજરૂપ છીએ.

એક વખતે મજનૂની *પ્રિયાનું ચિત્ત કોઈ કારણથી અસ્વસ્થ થયું. ગમે તેટલા અને ગમે તેવા ઈલાજ કરવા છતાં પણ તેને કરાર થયો નહિ. છેવટે વૈદ્યને તેડી આણ્યા. વૈદ્યે લૈલીના હાથમાંથી લોહી કહાડવા પ્રયત્ન કર્યો, પણ લોહીનું એક ટીપું સરખુંએ નીકળ્યું નહિ; અને મજનૂના હાથમાંથી લોહીની ધાર નીકળી. આ મોટા ચમત્કારની વાત થઈ. તે બંનેનો પ્રેમ એટલો બધો અભેદમય હતો.

* 'રૂહલે અસાહિબા' નામના એક ફારસી ગ્રંથમાં એમ લખેલું છે કે લયલી અને મજનૂન અરબસ્તાનના નેજદ શહેરમાં બે કુલીન કુટુંબોમાં જન્મ્યાં હતાં. તેમનાં ઘર એક એક બીજાની પાડોશમાં હતાં. બાળપણમાં તેમનામાં એકમેક વચ્ચે ગાઢ પ્રેમ થયો. પણ લયલીનાં માબાપને એ પસંદ નહિ આવવાથી તેમણે તેનો લગ્ન સંબંધ બીજા કોઈ એક શખ્સ સાથે કર્યો. આ જાણી મજનૂન કેવળ દીવાનો થઈ ગયો. લયલીને પણ આ ગમ્યું નહિ, તેથી તે નિરાશ થઈ દિલગીરીમાંજ મરણ પામી. લયલીના દેહોત્સર્ગની વાત સાંભળતાંજ ગાઢ પ્રેમના પરિણામે મજનૂનને તરત મૂર્છા આવી. તે અચેત થઈ ધરતી પર ઢળ્યો અને ફરી ઉઠેલ નહિ. લયલી અને મજનૂનની મહોબ્બતના અનેક કિસ્સા મશહૂર છે. મજનૂનનું મૂળ નામ કૈસ હતું, પણ લયલીના પ્યારમાં દીવાનો થઈ જવાથી તેનું નામ મજનૂન એટલે દીવાનો પડ્યું હતું. 'મજનૂ' શબ્દની વ્યુત્પત્તિ 'જુનૂન' (ગાંડપણ) શબ્દમાંથી થએલી છે.

૨૨–પ્રશ્નોત્તર.*

પ્રશ્ન:—" આપણે મુક્ત થઇશું " એવા તમારા કહેવાનો શો અર્થ છે?

ઉત્તર:—"આપણે મુક્ત થઇશું" એ વાક્ય એક રીતે કહેતાં ખરેખર ભુલભરેલું છે. આપણે મુક્ત થવાનું નથી; કારણ કે આપણે આ પળેજ મુક્ત છીએ; શરૂઆતથીજ મુક્ત છીએ; આપણે કદી પણ ગુલામી કે દાસત્વમાં નહોતા; માટે "આપણે મુક્ત થઇશું" એ બોલવુંજ ભૂલભરેલું છે. એમ છતાં સામાન્ય વાતચીતમાં આનો અર્થ "જ્ઞાન સંપાદન કરવું" એમ દર્શાવવાનો છે. જેવી રીતે કેટલાકો જગતમાં પરતંત્ર હોય છે તેવી પરતંત્રતા કાંઈ આમાં નથી. આ તો માત્ર અજ્ઞાન અને ઉંધા આચારવિચારનુંજ પરિણામ છે. ખરેખરી ગુલામગીરી કે દાસત્વ આમાં છેજ નહિ. સત્ય જ્ઞાનની પ્રાપ્તિ યાને સત્ય સ્વરૂપનો સાક્ષાત્કાર તમને એકદમ મુક્ત–સદાકાળને માટે મુક્ત કરે છે. આ મુક્તતા ખરી રીતે ગુમાવેલી હોતીજ નથી, તેથી આ મુક્તિ પણ ભવિષ્યમાં પ્રાપ્ત થશે એમ તમારે ધારવાનું નથી. એ તો હમ્મેશાં તમારીજ છે. એ મુક્તિ તો તમારો પોતાનો સ્વભાવજ છે.

એક મનુષ્યના ગળામાં એક લાંબી કિંમતી માળા હતી. એક સમયે આ માળા ડોકની પાછલી બાજુ તરફ લટકી પડી, તેથી પોતાની છાતીપર તેને ન જોવાથી તેને ખોવાઇ ગઈ માનીને તે મનુષ્ય ઘણો દિલગીર થયો. તે તેની શોધ કરવા લાગ્યો; પણ તેને તે જડી નહિ. એવામાં એક જણે તેને કહ્યું કે તે માળા તેના ગળામાંજ પીઠ તરફ લટકી રહેલી છે. જે જાણીને તે ઘણો સુખી થયો. હવે શબ્દના બરાબર અર્થમાં જોઇએ તો માળા કાંઇ જડી નથી, કારણ કે ખરી રીતે બધોજ વખત તે ત્યાંની ત્યાંજ હતી, તે ખોવાઈ નહોતી, પણ તેનું વિસ્મરણજ થયું હતું. તેજ પ્રમાણે તમારો ખરો આત્મા, " अहं " તે કાલે, આજે અને હમ્મેશાં તેનો તેજ છે; માત્ર તેના વિષે મન અને બુદ્ધિમાં રહેલું અજ્ઞાનજ જીતવાનું છે. મન જેમ માને છે કે કિંમતી માળા જડી છે, તેજ અર્થમાં આપણે કહીએ છીએ કે આપણે મુક્તિ મેળવીએ છીએ. ખરી રીતે તમારી મનહર માળા કદિ પણ ગુમજ થઇ નહોતી કે જેથી તે તમને પ્રાપ્ત થાય; અને તેજ પ્રમાણે મુક્તિ પણ ટળી ગઇ નહોતી કે જેથી તે નવેસરથી મેળવવાની હોય.

પ્રશ્ન:—આપણું વ્યક્તિત્વ આપણે ચાલુ રાખી શકીએ છીએ ?

ઉત્તર:—આનો પ્રત્યુતર " જીવ " શબ્દના અર્થ ઉપર આધાર રાખશે. " જીવ " ને આત્માના અર્થમાં લેતાં તો તે કદાપિ જન્મ્યો પણ નથી અને મરતો પણ નથી. તેને જન્મ કે મરણ છેજ નહિ. જો તમે " જીવ " નો અર્થ જન્મ–મરણ પામતું શરીર સમજો તો તો જીવન અને મરણ તેને છેજ.

---

* ગોલ્ડન ગેઇટ હૉલમાં ગુરૂવાર તારીખ ૧૨–૨–૧૯૦૩ ના બપોરે આપેલું ભાષણ.

મહર્ષિ યાજ્ઞવલ્ક્યને બે સ્ત્રીઓ હતી. મૈત્રેયી અને કાત્યાયની. તેઓ ઘણા ધનવાન હતા. તેઓ હિંદુસ્તાનના એક અત્યંત શ્રીમાન રાજાના ગુરૂ હતા. એક વખતે પોતાની બે સ્ત્રીઓ વચ્ચે પોતપોતાની મિલકત વહેંચીને અરણ્યમાં એકાન્ત જીવન ગાળવાની તેમની વૃત્તિ થઈ. મૈત્રેયીએ પોતાનો ભાગ લેવાની ના પાડી, તે એવું વિચારીને કે જો એથી અમરત્વ પ્રાપ્ત થતું હોત તો તેનો પતિ પોતેજ એનો ત્યાગ કરત નહિ.

આ સમયે મૈત્રેયીના હૃદયમાં એવો વિચાર ઉદ્‌ભવ્યો હતો કે પોતાનો પ્રિય પતિ કે જે આખા હિંદુસ્તાનમાં વધારે ધનવાન હતો તે પોતેજ પોતાની બધી દોલત તજી દેવાને અને એક બીજાજ પ્રકારનું જીવન ધારણ કરવાને શામાટે તત્પર થયો હતો? જુના જીવન કરતાં નવા જીવનમાં વધારે આનન્દ અને સુખ ન હોય તો કોઇ પણ મનુષ્ય એક પ્રકારનું જીવન તજી દઈ બીજા પ્રકારનું જીવન ધારણ કરતો નથી. તેને લાગ્યું કે તેનો પતિ જે પ્રકારનું જીવન તે વખતે ગાળતો હતો તેના કરતાં તે ધારણ કરવા ઇચ્છતો હતો તે જીવન વધારે આનન્દજનક અને સુખપ્રદ હોવું જોઇએ. આમ વિચાર કરીને તેણે પોતાના પતિને પૂછયું:—

"આધ્યાત્મિક સંપત્તિમાં સાંસારિક સંપત્તિ કરતાં વધારે સુખ છે કે ઓછું?"

યાજ્ઞવલ્કયે જવાબ આપ્યોઃ "ધનવાન મનુષ્યોના જેવુંજ મારૂં સાંસારિક જીવન છે; પરંતુ આવા જીવનમાં ખરો આનન્દ, ખરૂં સુખ અને ખરી સ્વતંત્રતા નથી."

મૈત્રેયીએ કહ્યું: "એના કરતાં એવું કયું ઉચ્ચ જીવન છે કે જેની પ્રાપ્તિ તમને વિશેષ મુક્ત કરે અને જે તમને સાંસારિક મોહ અને તૃષ્ણાથી મુક્ત કરે? મને તે સમજાવો, મારે પણ તેજ જોઇએ છે."

એ પછી યાજ્ઞવલ્કયની સર્વ બહારની દોલત કાત્યાયનીને આપી દેવામાં આવી અને આ પત્ની-મૈત્રેયીને તેની આધ્યાત્મિક સંપત્તિ મળી. આ આધ્યાત્મિક સંપત્તિ શું હતી?

न वा अरे पत्युः कामाय पतिः प्रियो भवत्यात्मनस्तु कामाय पतिः प्रियो भवति।
न वा अरे जायायै कामाय जाया प्रिया भवत्यात्मनस्तु कामाय जाया प्रिया भवति॥*

આ શ્લોકના ઘણા અર્થ છે. મેકસમૂલરે એક રીતે તેનો અર્થ કર્યો છે; અને ઘણા હિંદુઓએ બીજી રીતે કર્યો છે. બન્ને અર્થ યથાર્થ છે.

એક અર્થ પ્રમાણે "પતિ વહાલો હોવાનું કારણ તેનામાં કાંઇ સારા ગુણ છે અથવા તેનામાં કાંઈ ખાસ વહાલ ઉત્પન્ન કરે તેવું છે એમ નથી, પણ તે એટલા માટે વહાલો છે કે તે સ્ત્રીને દર્પણ જેવો છે. જે પ્રમાણે આપણે પોતાનું સ્વરૂપ દર્પણમાં પ્રતિબિંબિત થએલું જોઇએ છીએ તેજ પ્રમાણે પોતાના પતિરૂપી દર્પણમાં સ્ત્રી પોતાનું સ્વરૂપ જુએ છે, અને તેથીજ પોતાના પતિને તે ચાહે છે. તેનો પતિ શા માટે તેને વહાલો છે તેનું કારણ એજ છે."

બીજો અર્થ એવો છે કે "સ્ત્રી પોતાના પતિને પતિ હોવા માટે ચહાતી નથી, પણ તેણે પોતાના પતિમાં શાશ્વતતા, પ્રભુતા અને દિવ્યતા માની લીધી છે તેટલા માટે ચહાય છે."

* આ અને તેના પછીના મંત્રો 'બૃહદારણ્યક-ઉપનિષદ્' ના ચોથા અધ્યાયના પાંચમા બ્રાહ્મણમાં આવેલા યાજ્ઞવલ્ક્ય-મૈત્રેયી 'સંવાદ'માંના છે.

આ વાતો પૂર્ણ સત્યજ છે કે પરસ્પર માટે સુખબુદ્ધિ ન હોય તો કોઇ કોઇને ચાહે નહિ. આ ઉપરથી જણાય છે કે આપણે બીજામાં પ્રતિબિંબિત થએલા આપણા સ્વરૂપનેજ ચાહીએ છીએ. આપણે સુખના રૂપમાં પોતાના સત્યસ્વરૂપને, અન્તરાત્માને જોવો છે તેથીજ દરેક વસ્તુને ચાહીએ છીએ. આપણે કોઈ પણ વસ્તુને તે વસ્તુની ખાતર ચહાતા નથી.

આ કલ્પનાને તપાસો-બારિકીથી અવલોકો અને તમને સમજાશે કે બહારની વસ્તુઓ વહાલી લાગવાનું કારણ માત્ર તે સત્ય આત્માજ છે. બધી મીઠાશ તમારી અંદર રહેલા સત્ય આત્મામાંજ છે. આ લાગણીઓનો ખોટો ઉપયોગ કરશો નહિ. જે નિસરણી તમારી ઉન્નતિ માટે નિર્માયલી છે તેને તમારી અવનતિનું અથવા અજ્ઞાન અને દુઃખનું કારણ થવા દેશો નહિ. આનું અવલોકન કરો અને ખરી મીઠાશ-ખરો આનન્દ-ખરૂં સુખ ક્યાં છે તે તમને યથાર્થ રૂપમાં જણાશે. તમને જણાશે કે તે સુખ તમારા પોતાના સ્વરૂપમાં-સત્ય આત્મામાંજ છે. તે સુખને તમે પ્રાપ્ત કરો અને સંસારની સર્વ તૃષ્ણાઓથી પર થાઓ. આ ક્ષુદ્ર તૃષ્ણાઓથી તમારી જાતને ઉન્નત કરો. દિવ્યતા સાથે એક થાઓ.

न वा अरे पुत्राणां कामाय पुत्राः प्रिया भवन्त्यात्मनस्तु कामाय पुत्राः प्रिया भवन्ति।

"ખરી રીતે પુત્રો પુત્ર હોવાના કારણથી વહાલાં નથી, પણ આત્માને લીધેજ પુત્રો વહાલા છે."

"પુત્રો સત્ય સ્વરૂપ-સુખ સ્વરૂપ-સત્ય આત્માને લીધેજ વ્હાલા છે." જ્યારે તમારા પુત્રો તમારા સામા થાય છે ત્યારે તમને દુઃખ થાય છે, તમે તેમને તમારાથી દૂર કરો છો. એપરથીજ તમે સમજી શકો તેમ છો કે પુત્રો શા માટે વ્હાલા છે?

દાખલા તરીકે તમારે તમારા પુત્ર માટે થોડાં કપડાં જોઇએ છીએ. તે કપડાં તમને ઘણાં વહાલાં છે, પણ તે કપડાં કપડાંની પોતાની ખાતર નહિ પણ માત્ર પુત્રની ખાતરજ વ્હાલાં છે, કપડાં કરતાં એ પુત્રજ વધારે વ્હાલો છે; અને એજ પ્રમાણે આપણે સમજી શકીએ તેમ છીએ કે પુત્ર તેના અન્ય સ્વરૂપ આત્માને લીધેજ વ્હાલો લાગે છે. આમ હોવાથી આપણ આત્મામાં-સત્ય સ્વરૂપમાં પુત્ર કરતાં વધારે સુખ અને શાન્તિ હોવાં જોઇએ.

न वा अरे वित्तस्य कामाय वित्तं प्रियं भवत्यात्मनस्तु कामाय वित्तं प्रियं भवति॥

"ખરી રીતે મિલકત મિલકતની પોતાની ખાતર વ્હાલી નથી, પણ મિલકત સ્વસ્વરૂપને લીધેજ વ્હાલી છે."

તમે આ દેવની અને પેલા દેવની પ્રાર્થના કરો છો, અને કહો છો કે, "હે પ્રભુ! તું એવો આનન્દસ્વરૂપ, તું એવો સ્નેહસ્વરૂપ અને કૃપાળુ તથા સ્નેહાળ છે કે તુંજ દરેક કાર્ય કરે છે. વગેરે." તમે આમ શા માટે કહો છો? કારણકે પરમેશ્વર તમારી જરૂરીઆતોની સંભાળ રાખે છે; તમારા સ્વરૂપની-તમારી અન્દર રહેલા સત્ય સ્વરૂપની સેવા કરે છે. તમારા સત્ય સ્વરૂપને લીધેજ પરમેશ્વર તમને વ્હાલો છે; તેની પોતાની ખાતર નહિ? આ વાત તમે સંપૂર્ણ લક્ષમાં રાખો. સત્ય સ્વરૂપ એજ સર્વ સુખ અને શાન્તિનો ઝરો છે. એ ઝરામાંથીજ સર્વ સુખોની ઉત્પત્તિ છે; માટે તેનો સાક્ષાત્કાર કરો-તેનું જ્ઞાન પ્રાપ્ત કરો.

હિન્દુસ્તાનમાં દેખાડાતા પુતળાંના નાચમાં એક માણસ પડદા પાછળ ઉભો રહે છે; અને પુતળાંનાં સ્થૂલ શરીર સાથે સંધાએલા ઝીણા તાર પોતાના હાથમાં રાખે છે. પુતળાંનો નાચ જોવા આવનાર લોકો આ ઝીણા તારને અને પડદા પાછળ ઉભેલા આ તાર ખેંચનારને જોઈ શકતા નથી, પણ માત્ર પુતળાંઓના નાચનેજ જોઈ શકે છે. તેજ પ્રમાણે આ દુનિયામાં આ બધાં સ્થૂલ શરીરો સ્થૂલ પૂતળાં જેવાં છે. સામાન્ય લોકો અજાણપણાને લીધે આ સ્થૂલ શરીરોનેજ ખરેખરાં કાર્ય કરનાર, સ્વતંત્ર કાર્ય કરનાર અને શક્તિવાન કર્તા ગણે છે. સ્વરૂપની તેમાં રહેલી પૂર્ણ સત્તાસ્ફૂર્તિની ખબર ન હોવાથીજ તેઓ શરીરને સ્વતંત્ર ક્રિયા શક્તિ તરીકે ગણે છે. જો તેમના સગા અથવા મિત્રો તેમની સારી રીતે સેવા કરે છે તો તેઓ તેમનાપર પ્રસન્ન થાય છે; અને જો તેઓ પ્રતિકુળ વર્તન કરે તો દુઃખ, ધિક્કાર અને નિરાશા ઉદ્ભવે છે. આથી ઉંચી પંક્તિના લોકો ઝીણા તારને-દોરાનેજ કાર્ય કરતા તરીકે સમજી લઈને વધારે મહત્વ આપે છે. આ લોકો પ્રથમના લોકો કરતાં વધારે બુદ્ધિમાન, વધારે તાત્વિક અને વધારે આધ્યાત્મિક હોય છે. તેઓ સત્ય કારણને એ દોરા તરીકે આકૃતિરહિત જુદું દ્રવ્ય અથવા ચેતન ગણે છે, અને તે ચેતનને સ્થૂલ દેહ સાથે સંબંધ ધરાવનું ચેતન સમજે છે.

અહીં સુધી આ લોકો ખરા છે. તેઓ કારણ અને કાર્યને જોઈ શકે છે. તેઓ ઝીણા તારને અને તેની સ્થૂલ શરીર ઉપર થતી અસરને જુએ છે; પણ આપણે જોઈએ છીએ છે કે મનુષ્યની અંતરમાં રહેલી શક્તિ અથવા પડદા પાછળ રહેલું સત્ય તત્વજ, આ ઝીણા તાર અથવા દોરાને ખેંચે છે. તે મૂળ શક્તિ કે જે ખરી રીતે કારણ, દેશ અને કાળથી મર્યાદિત થતી નથી-તે અનિર્વચનીય શક્તિરૂપ આત્મા કે જેનાથી શક્તિ અનુભવનારાં બધાંજ રૂપો નિયમમાં રખાય છે, તે આત્માજ ખરૂં અમરપણું-ખરૂં સુખ-ખરા આનન્દરૂપ છે. તેજ સર્વ છે.

લોકોના આ સાંસારિક સ્નેહ અને સંબન્ધ મનુષ્ય જાતને શિક્ષણરૂપ છે. તે જનસમુદાયને માટે એક પ્રકારની કેળવણી છે. બીજી એક મોટી ઉત્તમ ભૂમિકા કે જે તરફ તમારા દુનિયાના સ્નેહ અને સંબંધ તમને હલચાવીને લઈ જાય છે તે ભૂમિકાનું દર્શન-અનુભવ થવો એજ જો સત્ય સ્વરૂપનો સાક્ષાત્કાર છે. અને તે ભૂમિકા એજ તાર ખેંચનાર, રંગભૂમિની પાછળ રહેલો તમારો દરેકનો આત્મા છે. આ બધા પ્રકારના જગતના સંબંધો અને અંતરો દૂરથી આંગળી કરીને તમને બતાવે છે કે તમારે આત્મસાક્ષાત્કાર કરવો જોઈએ. તમારે તે સત્ય સ્વરૂપનું અસ્તિત્વ જાણવું જોઈએ કે જે બધાની અન્દર વ્યાપી રહેલું છે અને જે મનુષ્યના મન અને શરીરને નિયમમાં રાખે છે તથા ચલાવે છે. લોકોનાં મન અને શરીર, આ ઉત્તમ શક્તિરૂપી સત્ય સ્નેહ અને એક સત્યનાજ આધારે અને તેમનાજ નિયમનમાં રહેલાં છે.

આ પ્રમાણે જ્યારે તમે મિત્રને જુઓ છો ત્યારે તમે તેની અન્દર રહેલા સ્વરૂપનેજ જુઓ છો એમ તમારે જાણવું જોઈએ. જ્યારે તમે તેને વાત કરતાં સાંભળો છો, ત્યારે આ [illegible] પણું અન્દર રહેલા તે સત્ય સ્વરૂપથીજ નિયમમાં રહે છે. જ્યારે તમે મિત્રની [illegible] આપો છો ત્યારે અન્દર રહેલી અનન્ત શક્તિ ઉપરજ ધ્યાન આપો છો. [illegible] નિમગ્ન રહો છો ત્યારેજ તમે ઉદાસ નથી, દુઃખી થતા નથી અને [illegible]

જ્યારે લોકો પૂતળાંને ચલાવનાર અને દોરીને પણ [illegible] જુએ છે ત્યારેજ ખરૂં રહસ્ય સમજે છે. તે પ્રમાણે જેઓ [illegible] સમજે છે કે સત્ય સ્વરૂપ જ બધાની પાછળ રહેલી શક્તિ છે.

હે સજ્જનો! કર્મની અન્દર રહેલી એ શક્તિનું મૂળ જુઓ; તેનો સાક્ષાત્કાર કરો અને તમે તેજ છો એમ જાણો.

ब्रह्म तं परादाद् योऽन्यत्रात्मनो ब्रह्म वेद ।
क्षत्रं तं परादाद् योऽन्यत्रात्मनः क्षत्रं वेद ।
लोकास्तं परादुर्योऽन्यत्रात्मनो लोकान् वेद ।
देवास्तं परादुर्योऽन्यत्रात्मनो देवान् वेद ।
भूतानि तं परादुर्योऽन्यत्रात्मनो भूतानि वेद ।
सर्वं तं परादाद् योऽन्यत्रात्मनः सर्वं वेद ।
इदं ब्रह्म इदं क्षत्र इमे लोका इमे देवा ।
इमानि भूतानि इदं सर्व्वं यदेयमात्मा ॥ ७ ॥

"જેણે સ્વરૂપ સિવાય બીજામાં બ્રહ્મને શોધ્યો તે બ્રહ્મથી તજી દેવાયો. જેણે સ્વરૂપ સિવાય બીજામાં ક્ષત્રને શોધ્યો તે ક્ષત્રથી તજાયો. જેણે સ્વરૂપ સિવાય બીજામાં જગતને શોધ્યું તે જગતથી તજાયો. જેણે સ્વરૂપ સિવાય બીજામાં દેવને શોધ્યો તે દેવથી તજાયો. જેણે સ્વરૂપ સિવાય બીજામાં પ્રાણીઓને શોધ્યાં તે પ્રાણીઓથી તજાયો. જેણે સ્વરૂપ સિવાય બીજામાં કોઈ પણ વસ્તુ શોધી તે સર્વ વસ્તુઓથી તજાયો. આ બ્રહ્મ, ક્ષત્ર, જગત, દેવ, પ્રાણીઓ અને આ બધીજ વસ્તુઓ આ સર્વ સ્વરૂપ છે."

અહીં અનન્ત શક્તિને સ્પષ્ટ અને તાદૃશ્ય ભાષામાં સમજાવી છે.

એ સમજણને તમારા હૃદયમાં ઉતરવા દો અને તમને સાક્ષાત્કાર થશે કે તમે મુક્ત છો. તમે તમારો જન્મ સિદ્ધ હક્ક પ્રાપ્ત કરશો.

"આ બ્રહ્મ, વેદ, સર્વ સ્વરૂપ છે."

આ દેવી સૂત્ર છે. જો તમે સ્થૂલ પદાર્થ માટે સ્થૂલ પદાર્થ ઉપર વિશ્વાસ અથવા આધાર રાખશો તો સૂત્ર અને વેદ કહે છે કે તમારે નિષ્ફળ થવું જોઇએ. સર્વ વિષયોની તૃષ્ણાથી તમારે પર થવું જોઇએ. આ એક નિયમ છે. જ્યારે તમે કોઇ મહાન પુરૂષ અથવા મહાન રાજ્યક[illegible] પાસે જાઓ છો અને જ્યારે તમે તેના સ્થૂલ શરીરપર–વ્યક્તિત્વ ઉપર આધાર રાખવાનું [illegible] કરો છો; ત્યારે વેદ કહે છે કે તમે ઘણા કાચા મલોખડાનો ટેકો લ્યો છો અને તેથી ત[illegible] જરૂર ત્યાંથી પડશો. તમે આવી રીતે તેના સ્થૂલ શરીરને તેના સત્ય સ્વરૂપ અથવા અન[illegible] શક્તિ કરતાં વધારે મહત્વ આપો છો તે પાપ જ કરો છો. તમે સત્યને બદલે અસત્ય રૂ[illegible] અને મંડળોનું સ્થાપન કરો છો અને અન્દર રહેલી અનંત શક્તિને ઉથાપો છો, સત્યને જુ[illegible] પણું આપો છો અને માત્ર શરીરના આકારને પૂજો છો. અર્થાત્ તમારી પૂજા એ મૂર્તિપૂજા છે, તે કાંઈ અનન્ત શક્તિ અથવા પરમેશ્વરની પૂજા નથી. અને તેથી તેનું સ્વાભાવિક પ[illegible] ણામ પણ એજ આવે છે કે તમારે દુઃખ અને સંકટ વેઠવાંજ જોઇએ; એમ થવું એ એ[illegible] નિયમરૂપજ છે. વેદાંત કહે છે કે જ્યારે તમે તમારાં સંસારનાં કાર્યો કરો ત્યારે પણ અન[illegible] રહેલી અનન્ત શક્તિ અને આત્માને જુઓ. સંસારનાં કાર્યોને ગૌણ અને સ્વપ્નવત્ ગણવાં જોઇએ અને અન્દર રહેલા સત્ય સ્વરૂપ જેટલું મહત્વ તેને આપવું જોઇએ નહિ. વ્યક્તિત્વ

કરતાં સ્વરૂપ વધારે છે એમ તમે અનુભવો. મિત્રની છબિને આપણે કિંમતી અથવા પ્રિય ગણીએ છીએ તેનું કારણ તે છબિ નથી, પણ તે જેની છબિ છે તે મિત્રજ તેનું કારણ છે. પ્રતિકૃતિ કરતાં મિત્રજ વધારે વ્હાલો છે. વસ્તુ કરતાં તેની અંદર રહેલા સ્વરૂપનેજ વધારે પ્રેમ અને પરિચય કરવો જોઇએ. ત્યારેજ સંસારનો સ્નેહ અને જગતનાં કાર્યો, શુદ્ધ સરળ તથા વિઘ્ન વગરનાં થશે. બીજી રીતે કરવાથી તે વાંકાં, કલેશમય અને વિઘ્નવાળાંજ થશે. એ પણ એક નિયમજ છે.

આ સંબંધમાં એક વાત કહીશું. એક ગામડામાં એક અનાથ સ્ત્રી રહેતી હતી. તેની પાસે એક કૂકડો હતો. ગામના લોકો તે સ્ત્રીને ચીડવતા હતા; તેનાં નામ પાડતા હતા અને તેને ઘણો કલેશ તથા ઉદ્વેગ કરાવતા હતા. જેથી તે સ્ત્રીએ તે ગામના લોકોને કહ્યું કે "તમે મને ચીડવો છો અને કંટાળો આપો છો, માટે હવે યાદ રાખજો કે હું પણ તેનું વેર લઇશ." આ કહેવાની લોકોએ કાંઇ દરકાર કરી નહિ. તેથી ફરી તેણે કહ્યું: "જાગૃત થાઓ, હે ગામડીઆઓ! જાગૃત થાઓ, હું તમારા તરફ ઘણી સખત થઇશ." લોકોએ પૂછયું: તું શું કરીશ? તેણે કહ્યું: "હું આ ગામડામાં સૂર્યને ઉગવા નહિ દઉં." તેઓએ તે સ્ત્રી સૂર્યને શી રીતે ઉગવા દેશે નહિ એમ પૂછયું ત્યારે તેણે કહ્યું: "જ્યારે મારો કૂકડો કૂકડેકૂક કરે છે ત્યારેજ સૂર્ય ઉગે છે ને? જો તમે મને આ પ્રમાણે દુ:ખ આપ્યા કરશો તો હું મારો કૂકડો લઇને બીજે ગામ ચાલી જઇશ અને આ ગામમાં સૂર્ય ઉગશેજ નહિ."

એ ખરૂં છે કે જ્યારે કૂકડો, કૂકડેકૂક કરતો તે વખતે સૂર્ય પણ ઉગતો, પણ તેથી કાંઇ કૂકડાનું કૂકડેકૂક કરવું, એજ સૂર્ય ઉગવાનું કારણ નહતું. પછી એ બીજે ગામ ગઈ, અને ત્યાં કૂકડે અવાજ કર્યો અને સૂર્ય ઉગ્યો. છતાં જે ગામ તેણે તજી દીધું હતું ત્યાં પણ સૂર્ય તો ઉગ્યોજ હતો! તમારી તૃષ્ણાઓ એ "કૂકડાના કૂકડેકૂક" જેવી છે અને તૃષ્ણાવાળા પદાર્થની પ્રાપ્તિ થવી તે એ સૂર્યના ઉગવા જેવી છે. પદાર્થની અભિલાષા અને ઉત્કંઠાઓ તમારૂં સ્વસ્વરૂપ કે જે અનન્ત શક્તિવાન છે તેનાથીજ વ્યવસ્થામાં અને નિયમમાં રખાય છે અને ભળીભુત કરાય છે. વ્યવસ્થા કરનાર સત્યસ્વરૂપરૂપી સૂર્ય રાત્રિ દિવસ તે કાર્ય કર્યાજ કરે છે. સંસારનાં સર્વ વ્યાવહારિક કાર્યોની વ્યવસ્થા અને મર્યાદા સત્યસ્વરૂપ અનન્તશક્તિજ રાખે છે. તે શક્તિજ ઈન્દ્રિયોમાં આરપાર ઉતરી જાય છે. તાર ખેંચનારરૂપે તે આત્માજ—તે સૂર્યનો સૂર્યજ—તે પ્રકાશનો પ્રકાશજ સર્વ વ્યવસ્થા રાખે છે. એ સ્મરણમાં રાખો.

લોકો હંમેશાં ક્ષુદ્ર અભિલાષા તૃષ્ણાવાળા અને સ્વાર્થી એવા બાહ્ય સ્વરૂપનેજ સર્વ અર્પણ કરે છે. તમે આ ભૂલ કરશો નહિ. તેમાંથી મુક્ત થાઓ. જરા અવલોકન કરો. જે સૂર્યથી પ્રભાત થાય છે તેજ કૂકડાની આંખોમાં પ્રવેશી તેના ગળાને ઉઘાડે છે, અને કૂકડેકૂક બોલાવે છે. કૂકડાનું કૂકડેકૂક બોલવું અને પ્રભાતનું થવું, એ સર્વ સૂર્યનીજ સત્ય ઉષ્માને લીધે અને શક્તિને લીધે નિયમિતપણે થાય છે. એક તરફ આ સજીવ પદાર્થો અને બીજી તરફ તમારા પોતાના વિચારો આ સર્વ સૂર્યના પ્રકાશના પ્રકાશ—સત્યસ્વરૂપ આત્માથીજ મર્યાદામાં અને નિયમમાં રખાય છે. તે જાણો અને મુક્ત થાઓ. એકનું બીજામાં મિથ્યા આરોપણ કરશો નહિ, ઉંધો અર્થ કરશો નહિ. પદાર્થોને ખરા તરીકે જુઓ નહિ, પદાર્થોને આપણે ખરા તરીકે માનીએ છીએ એ માન્યતાજ ખોટી છે. એ માન્યતાજ સર્વ દુ:ખ અને કલેશનું કારણ છે. આ સત્ય તમે સમજો, અનુભવો. અને સર્વ વસ્તુઓને એક મોટા પ્રહસનરૂપ અગર એક મહાન નાટકના

ખેલ તરીકે જુઓ. એક જણ મૅકબેથ અથવા ડસ્ડીમોનાનો વેશ ભજવે છે, પણ તે કાંઈ ખરી રીતે તે આપઘાત કે ખૂન કરતો નથી. તે કાંઈ ખરેખરો રાજા કે રાણી પણ નથી. તે તો માત્ર નાટકનું એક પાત્રજ છે, અને ખરેખર તો અમુક સદ્ગૃહસ્થજ છે. તેજ પ્રમાણે તમે પણ કામ કરો, પરંતુ ભૂલશો નહિ કે ખરેખર તો તમે સત્યસ્વરૂપ છો. ખરી રીતે તમે અવિકૃત, આનન્દસ્વરૂપ, સુખસ્વરૂપ છો, આ વાત કદિએ ભૂલશો નહિ. તમારા એ સ્વરૂપનો સાક્ષાત્કાર કરો અને મુક્ત થાઓ.

स यथा दुन्दुभेर्हन्यमानस्य न बाह्याञ् शब्दाञ् शक्नुयाद् ग्रहणाय,
दुन्दुभेस्तु ग्रहणेन दुन्दुभ्याघातस्य वा शब्दो गृहीतः ॥ ८ ॥

ભાવાર્થ—જેમ ઢોલ વગાડવામાં આવ્યા પછી બહારથી તેના અવાજને પકડી કે અટકાવી શકાતો નથી, પણ જ્યારે તે ઢોલને અથવા ઢોલના વગાડનારને પકડવામાં આવે છે ત્યારેજ તે અવાજને અટકાવી શકાય છે; તેમ તૃષ્ણાના વિચારો અને પદાર્થો તે જ્યાંથી ઉદ્ભવે છે અને જેને લીધે ઉદ્ભવે છે તે મૂળ ઠેકાણાને શોધીને અટકાવાય ત્યારેજ તે અટકે છે.

स यथा शंखस्य ध्मायमानस्य न बाह्याञ् शब्दाञ् शक्नुयाद् ग्रहणाय,
शंखस्य तु ग्रहणेन शंखध्मस्य वा शब्दो गृहीतः ॥ ९ ॥

ભાવાર્થ—શંખનો નાદ વગાડવામાં આવે છે ત્યારે બહારથી તેને કાંઈ પકડી શકાતો નથી, પણ જ્યારે શંખ અથવા શંખ ફૂંકનારને પકડવામાં આવે છે ત્યારેજ તે પકડાય છે. એજ પ્રમાણે જે બ્રહ્મ સાથે એક થાય છે તેનીજ બધી તૃષ્ણાઓ પૂર્ણ થાય છે. કોઈ પણ તેની કદાપિ વંચના કરી શકતું નથી. દુઃખ અથવા કલેશ તેને કદાપિ થતો નથી.

स यथा सर्वासामपां समुद्र एकायनमेवं सर्वेषाम् स्पर्शानां त्वगेकायनम्, एवं सर्वेषां रसानां जिह्वैकायनम् एवं सर्वेषां रुपाणां चक्षुरेकायनम्, एवं सर्वेषां शब्दानां श्रोत्रमेकायनम्, एवं सर्वेषां सङ्कल्पानां मन एकायनम्, एवं सर्वासां विद्यानां हृदयमेकायनम्, एवं सर्वेषां कर्मणां हस्तावेकायनम्, एवं सर्वेषामानन्दानामुपस्थ एकायनम्, एवं सर्वेषां विसर्गाणां पायुरेकायनम्, एवं सर्वेषामध्वनां पादावेकायनम्, एवं सर्वेषां वेदानां वागेकायनम् ॥११॥

ભાવાર્થ—જે પ્રમાણે સર્વ પ્રાણીનું મધ્યબિન્દુ મૂળસ્થાન સમુદ્રમાં છે, સર્વ સ્પર્શનું મધ્યબિન્દુ ત્વચામાં છે, સર્વ રસનું રસનામાં છે, સર્વ સુગન્ધનું નાસિકામાં છે, સર્વ રૂપનું નેત્રમાં છે, સર્વ નાદનું શ્રોત્રમાં છે, સર્વ સંકલ્પનું મનમાં છે, સર્વ જ્ઞાનનું હૃદયમાં છે, સર્વ કર્મનું હસ્તમાં છે, સર્વ ગતિનું પાદમાં છે અને સર્વ વેદનું વાણીમાં છે; તે પ્રમાણે સર્વ જગત અને જગતના સર્વ પદાર્થોનું મધ્યબિન્દુ પોતાના સ્વરૂપમાં-સત્ય આત્મામાંજ છે. સર્વ નાદનું પોતાનું મધ્યબિન્દુ સ્વસ્વરૂપ અથવા આત્મામાંજ છે. સર્વ રંગનું મધ્યબિન્દુ પણ તેમાંજ છે. સર્વ નાદ, રંગ, સ્વાદ અને ઇન્દ્રિયોનું ચલનવલન એ સર્વનું મધ્યબિન્દુ પણ એક આત્મા અથવા સ્વસ્વરૂપમાંજ છે. તેમાંથીજ સર્વ ઉદ્ભવે છે.

स यथा सैन्धवघनोऽनन्तरोऽबाह्यः कृत्स्नो रसघन एवैवं वा अरेऽयमात्माऽनन्तरोऽबाह्यः कृत्स्नः प्रज्ञानघन इव एतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्यवानुविनश्यति न प्रेत्य संज्ञाऽस्तीत्यरे ब्रवीमिति होवा च याज्ञवल्क्यः ॥ १३ ॥

ભાવાર્થ—જેમ મીઠાનો ગાંગડો સમુદ્રમાં નાખવામાં આવતાં તે ઓગળી જાય છે અને ફરીથી હાથમાં આવી શકતો નથી પણ તે પાણી ચાખવામાં આવે છે ત્યારે ખારૂં લાગે છે; તેજ પ્રમાણે હે મૈત્રેયી ! આ મહાન જગતનું અસ્તિત્વ પણ અન્ત વગરનું–મર્યાદા વગરનું છે અને જગતમાં પણ તે આત્મસ્વરૂપ વિના બીજું કાંઇજ નથી. આ સર્વ તત્વો તેમાંથીજ ઉત્પન્ન થાય છે અને ફરી તેમાંજ નાશ પામે છે. હે મૈત્રેયી ! જ્યારે તે તત્વોમાંથી સ્વરૂપ જૂદું પડે છે ત્યારે વિશેષ ચૈતન્ય તેમાં રહેતું નથી એમ હું કહું છું. આ પ્રમાણે યાજ્ઞવલ્ક્ય બોલ્યા.

મનુષ્ય જ્યારે આ સત્યનો સાક્ષાત્કાર કરે છે ત્યારે તેની સાથે એકરૂપ થાય છે અને નામ તથા રૂપથી જૂદો પડે છે.

स होवाच मैत्रेयी अत्रैव मा भगवान् मूमुहत् न प्रेत्य संज्ञास्ति इति ।

ત્યારે મૈત્રેયીએ કહ્યું: "જ્યારે તમે એમ કહ્યું કે સ્થૂલ તત્વોથી તે જૂદો પડે છે ત્યારે તેમાં વિશેષ ચૈતન્ય રહેતું નથી, એ વાક્યથી હે ભગવાન! તમે મને સંશયમાં નાંખી."

મૈત્રેયીના મનમાં શંકા ઉત્પન્ન થઈ કે દરેક પ્રકારનાં દુઃખ પણ એ આત્મસ્વરૂપમાંથીજ ઉત્પન્ન થતાં હશે. જો તેમ હોય તો આત્મસ્વરૂપજ દુઃખો અને અંતરાયોનું કારણ પણ બને. વળી જો આત્મસાક્ષાત્કારથી મનનું વિશેષ ચૈતન્ય ન રહે તો આપણો નાશજ થઈ જાયકેઆપણા વ્યક્તિત્વનો લોપજ થાય. તેવું સમજીને તે કહે છે કે "મારે નાશ જોઈતો નથી." એવું નાશકારક સ્વરૂપ મારે જોઈતું નથી. જો તેની પ્રાપ્તિથી મારે સર્વસ્વ ખોવાનું છે, તો પછી તેની મને ઇચ્છા નથી.

स होवाच न वा अरेऽहं मोहं ब्रवीम्यलं वा अर इदं विज्ञानाय ॥ १४ ॥

यत्र हि द्वैतमिव भवति, तदितर इतरं जिघ्रति, तदितर इतरं पश्यति, तदितर इतरं शृणोति, तदितर इतरमभिवदति, तदितर इतरं मनुते, तदितर इतरं विजानाति; यत्र त्वस्य सर्वमात्मैवाभूत, तत्केन कं जिघ्रेत्, तत् केन कं पश्येत्, तत्केन कं शृणुयात्, तत् केन कमभिवदेत्, तत् केन कं मन्वीत, तत् केन कं विजानीयात् ? येनेदं सर्वं विजानाति तं केन विजानीयात् ? विज्ञातारमरे केन विजानीयात् ? ॥ १५ ॥

ભાવાર્થ—યાજ્ઞવલ્કયે જવાબ આપ્યો કે "હે મૈત્રેયી ! હું તને જે કહું છું તે શંકા કરવા જેવું નથી. હે પ્રિયે ! જડ ચેતન્યના વિવેક માટે તે કહેવું ઠીક છે."

"કારણ કે જ્યારે દ્વૈત જેવો ભાવ હોય છે ત્યારે એક બીજાને જુએ છે, સુંઘે છે, સાંભળે છે, નમન કરે છે, નિહાળે છે અને ઓળખે છે; પણ જ્યારે માત્ર સ્વરૂપજ આ બધું છે એવું અદ્વૈતદર્શન થાય ત્યારે કોણ કોને સુંઘી, સાંભળી, નમન કરી, નિહાળી અને ઓળખી શકે ? જેને લીધેજ આ બધું જાણી શકાય છે તેને તે શી રીતે જાણી શકાય ? હે પ્રિયે ! જ્ઞાતા પોતાને તે કેવી રીતે જાણે ?"

ન સાંભળવાનાં બે કારણો હોઈ શકે. એક તો તે બહેરો અને મુંગો હોય અને બીજું પોતાની બહાર કાંઇ પણ નાદજ હોય નહિ. ન જોવાનાં પણ બે કારણ છે. કાંતો આંધળો હોય અને કાંતો બહાર કાંઈ જોવાનુંજ ન હોય. વાસ નહિ લેવાનાં પણ બે કારણ છે. કાંતો પ્રાણશકિત ન હોય અને કાંતો પોતાની બહાર બીજું કાંઇ સુંઘવાનું ન હોય. મૈત્રેયીની

શંકા એજ હતી કે જો સ્વરૂપ-સત્ય સ્વરૂપવડેજ આપણે બહારનું સાંભળવાનું, જોવાનું, સુંઘવાનું અને સ્વાદ લેવાનું છે, તો શું તેથી રહિત થતાં આપણે ખરી રીતે બહેરાં, મુંગાં કે આંધળાં બનતાં નથી? આ શંકાનો જવાબ એવો અપાય છે કે સત્ય સ્વરૂપનો સાક્ષાત્કાર થવાને લીધે આમ થતું નથી, પણ "અંત વગરના સ્વરૂપ સિવાય બીજું કાંઈ છેજ નહિ" એવા અનુભવને લીધેજ તેમ બને છે. શ્રવણશક્તિ નાશ પામવાથી સંભળાતું નથી એમ નથી, પણ સાંભળવાની બીજી વસ્તુજ નથી તેથી સંભળાતું નથી. સ્વસ્વરૂપમાં દ્વંદ્વભાવ નથી, દ્વૈત નથી અને કોઇ પણ દ્રશ્ય પદાર્થ નથી કે જેને તમે જુઓ. તમારી વિચારશક્તિ નાશ પામી છે તેથી તમારે કાંઈ વિચારવાનું નથી એમ નથી, પણ આત્મા સિવાય બીજો કોઇ પદાર્થ નથી. તેથીજ એમ છે. દ્રષ્ટિમાં તેમજ બહારના પદાર્થોમાં પણ એ અનન્ત સ્વરૂપ સિવાય બીજું કાંઈજ નથી. તે અનન્તસ્વરૂપજ નાકને સુંઘવાનું અને કાનને સાંભળવાનું કારણ છે. સ્વરૂપની સત્તા-સ્ફૂર્તિથીજ નેત્ર જોઇ શકે છે. બધી ઇન્દ્રિયો અને તેવડે જણાતા પદાર્થોનું અસ્તિત્વ અને ભાસવાપણું તથા એક બીજા પ્રત્યેનું આકર્ષણ, એ બધું એક એ સત્ય સ્વરૂપનેજ આભારી છે.

જ્યારે મન આ અનિર્વચનીય વિશ્વના વિચારમાં રમતું હોય છે ત્યારે તે આત્માને સાક્ષાત્કાર કરી શકતું નથી. જે સ્વરૂપ વિચાર ઉપર આધિપત્ય ભોગવે છે તે સ્વરૂપને વિચાર શી રીતે કળી શકે?

ધારો કે આપણી પાસે એક ચીપીઓ છે. આ ચીપીઓ તમારી આંગળીઓના કબજામાં છે. તમારી આંગળીઓ આ ચીપીઆ ઉપર ચપસીને બેઠેલી છે, અને આ ચીપીઆથી તમારી મરજીમાં આવે તે વસ્તુ તમે પકડી શકો છો; પણ આ ચીપીઆને જેણે પકડેલો છે તે આંગળીઓને પાછા ફરીને પકડવાની તે ચીપીઆમાં શક્તિ છે? નહિજ.

તેજ પ્રમાણે તમારૂં વિજ્ઞાન, બુદ્ધિ, મન કે મગજ ચીપીઆ જેવું છે. આ ચીપીઓ વિચિત્ર પ્રકારનો છે. સામાન્ય રીતે ચીપીઆને બે પાંખાં હોય છે પણ આ ચીપીઆને ત્રણ પાંખાં અથવા પકડ છે. એક પકડ 'શા માટે' ની અથવા કારણની છે. બીજી 'ક્યારે' ની અથવા કાળની અને ત્રીજી 'ક્યાં' ની અથવા દેશની છે. એમ કારણ, કાળ અને દેશરૂપી ત્રણ પાંખડાંવાળી આ સાણસી છે.

હવે એક વસ્તુને પૂરેપૂરી સમજવી એટલે શું?

"વસ્તુને સંપૂર્ણ સમજવી" એટલે આ પકડ અથવા પાંખીઆંથી તેને મજબૂત પકડવી એ છે. જ્યારે તમે અમૂક વસ્તુનું "શા માટે, ક્યારે અને ક્યાં" સમજો છો ત્યારેજ તે વસ્તુ બરાબર સમજાય છે, અને લક્ષમાં આવે છે. એટલે કે તે 'છે', એમ તમારી બુદ્ધિ પ્રમાણે ત્યારેજ ઠરે છે. તમારી બુદ્ધિ તેમાં અને તે તમારી બુદ્ધિમાં ત્યારેજ રહે છે.

એ પ્રમાણે જો કે એ ત્રણ પાંખાંવાળા વિચિત્ર ચીપીઆરૂપી બુદ્ધિવડેજ આ જગતમાંની સર્વ વસ્તુઓ સમજી શકાય છે; પણ આ બુદ્ધિ અને મન, ચીપીઆનાં પાંખાંની પેઠે, સ્થિતિના વિચિત્ર નિયામકરૂપી આત્માના કબજામાંજ રહેલાં હોય છે. આ વિચિત્ર શક્તિથીજ સમજશક્તિને ચલાવાય અને દોરવાય છે.

તમારી બુદ્ધિ-મન સ્વતંત્ર છે? જો તેમ હોય તો આળસની સ્થિતિમાં અગર ઉંઘની સ્થિતિમાં પણ તેઓ શા માટે તેજ રૂપમાં હોતાં નથી? જો તે સ્વતન્ત્ર હોત તો દરેક અ-

રથામાં તેઓ સરખાંજ રહેત. પણ તે સ્વતન્ત્ર નથી; મન-બુદ્ધિ કોઈ મહાન શક્તિના હાથમાં છે. બુદ્ધિમાં પાછું ફરીને તે અનન્તશક્તિને-તે સત્ય સ્વરૂપને કે જેના કબજામાં તે છે તેને પકડવાની શક્તિ નથી. બુદ્ધિ સત્ય સ્વરૂપને-સત્ય આત્માને સવાલ પૂછી શકતી નથી; બુદ્ધિ આત્માને સમજી શકતી નથી; તેમજ ગ્રહણ પણ કરી શકતી નથી. કેમકે આત્મા તેનાથી પર છે અને પરથી પણ પર છે.

બુદ્ધિ આત્માને પકડી શકતી નથી. કેમકે જેવી રીતે સમુદ્રમાં પરપોટો લીન થઈ જાય છે તેવી રીતે આત્મામાં તે મળી જાય છે. પરપોટો સમુદ્રથી બહાર નીકળી શકતો નથી પણ તેમાંજ ફૂટી જઈને એકરૂપ થાય છે, તે પ્રમાણે બુદ્ધિ આત્માને સમજી શકતી નથી પણ તે આત્મામાં એકરૂપ થઈ જાય છે. ખરી રીતે આજ માયાનો ટૂંકામાં સાર છે. બુદ્ધિ આત્માને અથવા પરમેશ્વરને "આ જગત શા માટે, ક્યારે અને ક્યાં ઉત્પન્ન કર્યું?" એ સવાલ પૂછી શકતી નથી.

આ આત્માને-આ સત્યના સત્યરૂપી મહાન સમુદ્રને-આ નિયન્તા કરનાર અને નિયામક સ્વરૂપને તેની સાથે એકરૂપ થવા માટે જાણવો અને અનુભવવો જોઈએ. આ સત્ય સ્વરૂપ અથવા આત્મા સોહં છે. આ સત્ય સ્વરૂપ-આ પરિપૂર્ણ સોહં તે દેશ, કાળ અને કારણથી પર છે. આ સંપૂર્ણ સત્ય સ્વરૂપને ૐ થી દર્શાવાય છે. આ "ૐ" એટલે સોહં ની ધૂન ગજાવતી વખતે તમારે બીજા કોઈને સંભળાવવાનું નથી. ૐ ની પ્રણવ-ધૂન ગજાવતી વખતે તમારી પોતાની બહાર બીજું કોઈ છે અને તેને બોલાવો છો એમ માનશો નહિ. ૐ ની ધૂન ગજાવતી વખતે આ સત્ય સોહં સાથે તમારી અભિન્નતાનો અનુભવ તમારે કરવો જોઈએ. આ ઉત્કટ લાગણીથી મન સત્ય સાથે મળી જાય છે. આ દૃઢ માન્યતાથી-આ અનન્ય આ પ્રત્યક્ષ જ્ઞાનથી મન એક પરપોટા જેવું થાય છે કે જે પરપોટો સત્યના મહાન સમુદ્રમાં ફૂટે છે. આજ સાક્ષાત્કારનો માર્ગ છે. તમારી જાતને મુક્ત કરવાને અને સત્ય સ્વરૂપને પ્રાપ્ત કરવાને તથા તમારા મિથ્યા સ્વરૂપના મોહનો નાશ કરવાને માટે તમારા મનમાં આ પ્રત્યક્ષ જ્ઞાનને દૃઢ કરવું, એજ એક માત્ર ખરો રસ્તો છે.

એ આત્મસ્વરૂપ-એ સત્ય સોહંજ આ શરીર અને બધાં શરીરમાં ખરા આધારરૂપે દેખાય છે. એ સત્ય સોહંજ નિયામક, શાસક, વ્યવસ્થાપક અને અનન્ત સ્વરૂપે આ નાના અણુથી લઈને મહાન સમુદ્ર સુધીમાં એકરસ વ્યાપી રહેલું છે. દેશ, કાળ અને કારણ સર્વમાં એ એકજ આત્મસ્વરૂપ રહેલું છે. સમજો! તેનો અનુભવ કરો. તમે તેજ સત્ય સોહં છો એમ સાક્ષાત્કાર કરો. તમે તે અનન્ત-અનિર્વચનીય સ્વરૂપ છો એમ અનુભવો અને પછી તમારી સ્થિતિમાં કેવો મોટો ફેર અને રૂપાન્તર થાય છે તે જુઓ. તમે બધા દેશમાં પ્રવેશી રહ્યા છો; તમે બધા કાળમાં છો; જે બધા દેશ ધારણ કરે છે તે સ્વરૂપ તમે છો; આ અનન્ત દેશ તમારાજ આધારથી છે-તમારામાંજ છે. અનન્ત દેશ, અનન્ત કાળ, અનન્ત કારણ, અનન્ત બળ, અનન્ત શક્તિ-સત્તાઓ એ સર્વ તમેજ છો. હમેશાં તેજ તમારું સ્વરૂપ છે. આનો અભ્યાસ કરો અને તમે ઉન્નત થશો. તમે સર્વ સ્વાર્થની વૃત્તિઓથી મુક્ત થશો એમાં આશ્ચર્ય શું? એટલે તે સર્વ દુઃખ અને ચિન્તાઓ દૂર કરશે. સર્વ દ્વેષ, કંકાસ, ક્લેશ, ઉદ્વેગથી તમે પર થશો. તમે તે સોહં છો એમ અનુભવો. તમે તેજ છો.

તમારી બુદ્ધિને તેનું કારણ પૂછવાનો અને કારણ સાથે એકરૂપ થવાનો અધિકાર-શક્તિ નથી.

આ એક રેશમી કપડાનો કકડો લ્યો. તે બીજી કોઈ વસ્તુ સાથે મળતો આવે છે! તે માત્ર રેશમ સાથેજ મળતો આવવો જોઈએ કે જેનો તે બનેલો છે. રેશમને તે મળતો આવે છે ખરો, પણ તેને તેની લંબાઈ, પહોળાઈ અને જાડાઈ સાથે એકતા બનાવવાનો હક્ક નથી; તેજ પ્રમાણે બુદ્ધિ જ્યારે કોઇ વસ્તુ સાથે એકરૂપ થાય છે ત્યારે તે તે પદાર્થ અગર તેના સત્ય સ્વભાવનીજ સાથે એક થવી જોઈએ. તે પરપોટારૂપે થવી જોઇએ અને અહં રૂપી આત્માના મહાન સમુદ્રમાં એકરૂપ થવા માટે ફૂટી જવી જોઇએ. શરીર સાથે તેની એકતા થવી જોઇએ નહિ. શરીર એ તો ફક્ત પરિણામ અથવા ઉપરનું કપડુંજ છે અને તેથી બુદ્ધિને ક્ષુદ્ર શરીર સાથે એક થવાનો યોગ નથી.

અરે! સત્ય ઐશ્વર્યરૂપે, સત્ય આત્મરૂપ આ શ્રેષ્ઠ શક્તિને દુનિયાના સંબન્ધો અને કર્મો સાથે એકરૂપ ગણવાનો કોઇને કશોજ હક્ક નથી. તમેજ તે શ્રેષ્ઠ ઐશ્વર્યન્તે સત્ય સ્વરૂપ છો! બસ, તેનેજ જાણો, તેનોજ વિચાર કરો, તેનોજ અનુભવ કરો અને સર્વ શોક દુઃખથી પર થાઓ.

ૐ ૐ ૐ



૨૩—પ્રાણાયામ.*

જેઓએ 'રામ'નાં આજ સુધીનાં વ્યાખ્યાનો સાંભળ્યાં છે તેઓને આજના વ્યાખ્યાનથી બહુ લાભ થશે. આપણે પ્રથમ પ્રાણાયામનો વિષય લઈશું. 'પ્રાણાયામ' શબ્દનો અક્ષરાર્થ પ્રાણ અથવા શ્વાસનો નિરોધ અથવા પ્રાણનું નિયમન[1] એવો છે. યમ, નિયમાદિ[2] યોગનાં આઠ અંગ છે, અને તેનું વર્ણન યોગશાસ્ત્રના ગ્રંથમાં કરેલું છે. આજે આ સર્વ અંગોનું વર્ણન કરવાનું કારણ નથી. એ આઠ અંગો પૈકી 'પ્રાણાયામ' એક અંગ છે, આ અંગ ઘણુંજ અગત્યનું છે. એથી આજ 'રામ' તમો સમક્ષ એ અંગ ઉપર વ્યાખ્યાન આપશે.

પ્રાણાયામ કરવાથી લાભ શું? આ પ્રશ્ન તમો કરશો. 'રામ' આ પ્રશ્નનો એટલોજ ઉત્તર આપી શકે છે કે તમે પ્રાણાયામ કરવાની રીત શીખો અને તે રીતે જાતોજાત પ્રાણાયામનો અભ્યાસ કરી જુઓ; એટલે તે કેટલો ઉપકારક અને લાભકર્તા છે એ તમે તમારી પોતેજ અનુભવથી જાણી શકશો. માથું ભમતું હોય, ચકરી આવતી હોય, મનમાં બેચેની જણાતી હોય, ઉદાસી કે ખેદ[3] થતો હોય, આશા ભંગ થઈ હોય, કલેશ થયો હોય, ત્યારે બતાવેલી રીતિ મુજબ પ્રાણાયામ કરવાથી તમારા મનને તેજ સમયે શાંતિ મળશે;[4] અને પ્રાણાયામની આ રીતિનો ઉપયોગ તમારા સમજવામાં આવશે. જ્યારે તમારે કોઈ વિષય ઉપર નિબંધ લખવાનો કે વિચાર કરવાનો હોય અને તેમાં વ્યવસ્થાસર વિચાર ન આવતા હોય-મનની એકાગ્રતા થઈ શકતી ન હોય ત્યારે પ્રાણાયામ કરો અને પછી જુઓ કે કેવો ચમત્કાર થાય છે! જે વિષયનો નિબંધ તમે લખતા હશો તે વિષયમાં તમે એવા તો તલ્લીન, તદ્રૂપ, તદાકાર થઈ જશો અને વિચારો એવા તો સંકલનામાં બરાબર ગોઠવાયલા, સુસંબદ્ધ આવશે કે તે લેખને તમોને મોટો અચંબો લાગશે. પેટની પીડ, માથાનું કળતર, ફેફસાં અને હૃદયના રોગ તેમજ તેવાજ બીજા રોગો પણ પ્રાણાયામના અભ્યાસથી મટી જાય છે. હવે આપણે પ્રાણાયામના અભ્યાસની રીતિની તપાસ કરીશું. અમેરિકામાં પ્રાણાયામ કરવાની જૂદી જૂદી રીતો અને પદ્ધતિઓ ચાલે છે; પણ જે રીતિ અને પદ્ધતિનું વર્ણન આજે

* તારીખ ૮ માર્ચ સને ૧૯૦૩ ને રોજ આપેલું વ્યાખ્યાન.

૧ प्राणः स्वदेहजो वायुरायामस्तन्निरोधनम् ।

૨ યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા, સમાધિ.

૩ જ્યારે ચિત્ત ચંચળ થાય અથવા વિશેષ ક્રોધ થાય ત્યારે પ્રાણાયામ કરવો નહિ......અને વળી ચિત્તશાંતિ પ્રાણાયામ કરવાથીજ થાય છે, એવો સિદ્ધાન્ત છે. આ પરસ્પર વિરુદ્ધ વચનોમાં સંશય ઉપજશે; પણ આ બન્ને વાત ખરી છે; તે એવી રીતે કે જ્યારે બેચેની કે ક્રોધ થાય ત્યારે ચિત્તશાંતિ કે ક્રોધશાંતિ માટે પ્રાણાયામ કરવો, પણ યોગનું ફળ ભોગવવાનો પ્રાણાયામ તે વખતે કરવો નહિ.

(યોગ સોપાન—પૂર્વ ચતુષ્ક)

૪ चले वाते चलं चित्तं निश्चले निश्चलं भवेत् । योगी स्थाणुत्वमाप्नोति ततो वायुं निरोधयेत् ॥

'**રામ**' તમો આગળ કરનાર છે તે રીતિ અને તે પદ્ધતિ અનેક વર્ષોની કસોટીએ ચઢીને ઉત્તમ ઠરેલી છે. અમારા આર્યાવર્તના પ્રાચીન ઋષિ મહર્ષિઓ એજ રીતિ અને એજ પદ્ધતિથી પ્રાણાયામ કરતા હતા; અને આજે પણ આર્યાવર્તમાં એજ રીતિ અને પદ્ધતિથી પ્રાણાયામ કરવામાં આવે છે. જેમણે પ્રાણાયામનો અભ્યાસ એ રીતિ અને પદ્ધતિથી કર્યો છે તેમને બહુ લાભ મળ્યો છે.

પૂરક, કુંભક અને રેચક.

પ્રાણાયામનો અભ્યાસ કરવા બેસવું હોય ત્યારે તમારે સુખરુપ સહજ અને સ્થિર આસનથી તથા એકાગ્ર મને બેસવું જોઇએ. જમણા પગને ડાબા પગની સાથળ ઉપર અને ડાબા પગને જમણા પગની સાથળ ઉપર–એમ ઉલટ સુલટ પગ ચઢાવીને બેસવું. આ આસન પ્રાણાયામના અભ્યાસકને બહુ સુખકારક છે. પણ એમ આસન વાળીને બેસવું તમોને તો પાકરે નહિ–કઠિન લાગે; એથી તમે લોક (પાટલુન પહેરવાની અને ખુરશીએ બેસવાની ટેવવાળાઓ) આરામ ખુરસી ઉપર બેસસો તોપણ ચાલશે. શરીર, મસ્તક અને ડોકને નિશ્ચળ અને સીધાં રાખી, સ્થિર થઇ, આડું અવળું જોયા વિના ટટાર પોતાની નાસિકા સન્મુખ દૃષ્ટિ કરી દિશાઓ તરફ નજર નહિ કરતાં પ્રસન્ન ચિત્તથી આસનવાળી બેસવું જોઇએ.[1] આ રીને તૈયાર થઈ પછી જમણા હાથના અંગુઠાવડે જમણું નસકોરૂં દાબીને બંધ કરવું; અને ડાબે નસકોરેથી શ્વાસને ધીરે ધીરે અંદર લેવો. આ શ્વાસ અંદર લેવાની ક્રિયાને પૂરક કહે છે. આ પૂરકની ક્રિયા મન શાંત અને સ્વસ્થ થાય ત્યાં લગી કર્યા જવી. આ ક્રિયા વખતે મનને શૂન્ય કે નકામુ રાખવું નહિ. આ પૂરક ક્રિયા ચાલતી હોય ત્યારે ચિત્તને એકાગ્ર કરવું અને ચિન્તન કરવું કે સર્વજ્ઞ, સર્વ શક્તિમાન અને સર્વવ્યાપી બ્રહ્મતત્ત્વ કે જે આ ચરાચર જગતમાં વ્યાપી રહેલુ છે તે સત્ તત્ત્વને હું મારા શરીરમાં લઉં છું–પૂરૂં છું. હું સમગ્ર વિશ્વ અને બ્રહ્માણ્ડરૂપ દિવ્ય જ્યોતિમય આદિકારણ અમૃતત્વનું પાન કરૂં છું. શ્વાસ પૂરેપૂરો માંહે લઇ રહ્યા એમ તમોને જણાય એટલે તમારે કનિષ્ઠિકા અને અનામિકા આંગળીઓવડે ડાબું નસકોરૂં દાબીને બંધ કરી લેવું.[2] આ પ્રમાણે શ્વાસ લઇને બંધ કર્યા પછી ચ્હોંશી તેને નીકળવા દેવો નહિ. આને કુંભક ક્રિયા કહે છે. આમ માંહે લઇ બંધ કરેલા વાયુને ફેફસાં, પેટ અને હોજરી વગેરેમાં ભરી દેવો. શરીરની અંદરની સઘળી ખાલી જગ્યાઓ આ વાયુથી ભરી નાખવી. તે વખતે મનને પણ નકામું રહેવા દેવું નહિ, પણ 'હું બ્રહ્મ છું;' જે સર્વ શક્તિમાન પરમેશ્વર આ જગતના દરેક અણુ અણુમાં વ્યાપી રહ્યા છે–રમી રહ્યા છે, જે અખિલેશ્વર બ્રહ્મથી આ વિશ્વ આખું છવાઇ રહ્યું છે, તેજ હું છું; એવી ભાવનાનું એકાગ્ર મને ધ્યાન ધરવું. તમારી સર્વ શક્તિઓ અને તમારૂં સઘળું મનોબળ વાપરીને આ ભાવનાના ધ્યાનને સજ્જડ, મજબૂત અને અચળ કરવું. તમે સત્ છો; તમે દિવ્ય અલૌકિક તે સત્તા છો કે જેથી આ સમગ્ર વિશ્વ ભરપૂર છે; આવું પરમેશ્વરનું ધ્યાન તમારે ચાલુ રાખ્યા કરવું. પછી તમોને જણાય કે વાયુ–શ્વાસ બહુ વખત સુધી માંહે રાખી શકાય એમ નથી, એટલે ડાબું નસકોરૂં બંધ રાખી જમણું નસકોરૂં ઉઘાડી નાંખવું અને તે વાટે શ્વાસ હળવે હળવે બહાર કાઢવો. આને રેચક ક્રિયા કહે છે. આ રેચક ક્રિયા કરતી વેળાએ મનની વૃત્તિને બ્રહ્માકાર કરી નાંખવી.

---

[1] समं कायशिरोग्रीवं धारयन्नचलं स्थिरः । गीता अ. ६,१३.

[2] पूरकांते कुंभकांते धार्यं नासापुटद्वयम् । कनिष्ठानामिकांगुष्ठैस्तर्जनीमध्यमांविना ।

અને દૃઢ ભાવના કરવી કે આ બહાર જતા વાયુ સાથેજ મારા મનનો મેલ, સઘળી અશુદ્ધિઓ, કુવિચારો, અજ્ઞાનતા, દુષ્પણું અને પાપરૂપી મળ નીકળી જાય છે-ધોવાઈ જાય છે. એ બહાર જતા વાયુ સાથે નબળાઈ અને દુબળાઈ ચાલી જાય છે. એ પછી દુર્બળતા કે અજ્ઞાનતા રહેતી નથી, ભય કે કલેશ પણ રહેતા નથી, ખેદ, ઉદ્વેગ, ઉદાસી વગેરે પાપો પણ રહી શકતાં નથી. ઉપાધિ માત્ર-તાપ માત્ર નાશ થઈ જાય છે. માંહે પૂરીને બાંધ કરેલો વાયુ આમ નીકળી જાય એટલે બંને નસકોરાં ઉઘાડાં કરી દેવાં, પણ વાયુને-શ્વાસને અંદર લેવો નહિ. નાક ઉપરથી હાથ ઉઠાવી લેવો. તમારાથી બનતા બધા યત્નોથી વાયુને અંદર આવવા દેવો નહિ. શ્વાસને બહાર રાખવાની અને અંદર નહિ આવવા દેવાની આ ક્રિયા જ્યારે ચાલતી હોય ત્યારે પણ મનને નકામું રહેવા દેવું નહિ. એકાગ્રચિત્તથી. સંપૂર્ણ મનોબળ વાપરીને ' આ ઉપાધિરહિત કેવળ પ્રકાશસ્વરૂપ હું પોતે છું.' એવા અવિચળ ધ્યાનમાં મગ્ન રહેવું. દેશ કાળનો મને બાધ નથી; મારું આત્મસ્વરૂપ દેશ, કાળ, કારણ અને પ્રકૃતિથી પર છે; જગતની કોઈ પણ ઉપાધિ અથવા જગતનું કોઈ પણ બંધન મને નડતર કરી શકે એમ છે નહિ; હું કેવળ સ્વતંત્ર છું; મને-પ્રકાશસ્વરૂપને કાળ, માયા, પ્રકૃતિ કે જગતનો કોઈ પણ વ્યવહાર બાધ કરી શકતો નથી; કલ્પના અને વિચારથી પર, દિવ્ય તેજોમય, અવિનાશી, સર્વવ્યાપી, સર્વસાક્ષિભૂત, કુટસ્થ, પરાત્પર એવું જે પરમાત્મસ્વરૂપતત્ત્વ તે હું પોતે છું. આવા ધ્યાનમાં મગ્ન રહ્યા કરવું.

પ્રાણાયામની શારીરિક અને માનસિક ક્રિયા.

અહીં સુધી વર્ણવેલી પ્રાણાયામ પદ્ધતિના ચાર ભાગ પાડેલા છે અને તે હરેક ભાગમાં શારીરિક અને માનસિક, એવા બે ભેદ છે, આ વાત તમારા લક્ષમાં આવીજ હશે. હવે નસકોરેથી પ્રાણને માંહે ખેંચી પૂરવો-પૂરક[1] કરવો એ પ્રાણાયામનો પ્રથમ ભાગ છે. આ ભાગમાં શ્વાસને માંહે લેવાની ક્રિયા તે શારીરિક ક્રિયા અને સોઽહં ઈશ્વર ઈશ્વર કહે છે તે હું પોતે, 'अहं ब्रह्मास्मि' એ મનોભાવને ધ્યાનમાં શ્વાસક્રિયા સાથે સ્થિર કરવો તે માનસિક ક્રિયા થઈ. તે પછી માંહે ખેંચીને ભરેલા વાયુને કેટલાક વખત સુધી અંદર રાખી મૂકવાની અને તે ફેફસાં, પેટ, હોજરી આદિ કોઠામાં પૂરવાની ક્રિયાને કુંભક[2] કહે છે. આ કુંભક કરવામાં પણ શારીરિક અને માનસિક બંને પ્રકારની ક્રિયાઓ કરવી પડે છે. શ્વાસને પૂરી મૂકવો-શ્વાસનો નિરોધ કરવો એ બીજા ભાગનો શારીરિક ક્રિયાભેદ થયો અને એ વખતે " સર્વ ચરાચરમાં હું વ્યાપી રહેલો છું, આ અખિલ વિશ્વ હું છું, " એવી સુદૃઢ મનોભાવનાનો નિદિધ્યાસ કરવો એ માનસિક ક્રિયા થઈ. જમણે નસકોરેથી શ્વાસને છોડી દેવાની ક્રિયાને રેચક[3] ક્રિયા કહે છે. આ ત્રીજા ભાગની શારીરિક ક્રિયા તે રેચક ક્રિયા થઈ અને શ્વાસ સાથે સર્વ દુર્બળતાને અંતઃકરણમાંથી હાંકી મૂકવાની ભાવના કરવી તથા સ્વરૂપમાં સ્થિર થવાનો અચળ અને અટળ નિશ્ચય કરવો; કુવાસના, કુતર્ક, કુશંકા અને એવી બીજી નબળાઈઓને નજીક ફરકવા પણ દેવી નહિ અને મોહનો નાશ કરવો; એ માનસિક ક્રિયા કહેવાય છે. શ્વાસને માંહે આવતો અટકાવી બહારનો બહાર રહેવા દેવાની ક્રિયા પ્રાણાયામના ચોથા ભાગમાં આવે છે. ચોથા ભાગની આ ક્રિયા સિદ્ધ થઈ જાય એટલે પ્રાણાયામનો અર્ધો ક્રમ થયો

१ बाह्यादापूरणं वायोरुदरे पूरको हि सः ।
२ संपूर्णकुंभवद्वायोर्धारणं कुंभको भवेत् ।
३ बहिर्यद्रेचनं वायोरुदराद्रेचकः स्मृतः ।

સમજવો. આ સ્થળે જરૂર જણાય તો થોડીક વાર થોભવું, થોડીએક વિશ્રાન્તિ લેવી. આ વિશ્રાંતિ લેતી વખતે શ્વાસોચ્છ્વાસ સ્વાભાવિક ગતિથી ચલાવવા. ઝડપથી લાંબી મજલ ચાલીને આવીએ છીએ તે સમયે જેમ ઉંડાણથી શ્વાસ ચાલે છે તેમજ શ્વાસને ચલાવવો. આમ જોરથી ને ઉંડાણથી ચાલતી શ્વાસની ક્રિયા પણ પ્રાણાયામ કહેવાય છે, સ્વાભાવિક પ્રાણાયામ તે એનુંજ નામ છે.* આ રીતે થોડો વખત વિશ્રાન્તિ લીધા પછી અર્થાત્ શ્વાસને સ્વાભાવિક રીતે ચાલવા દીધા પછી પાછી શાસ્ત્રોક્ત પ્રાણાયામની શરૂઆત કરવી જોઈએ. હવે ડાબાને બદલે જમણું નસકોરૂં લેઇને, માનસિક ક્રિયા પણ પહેલાંની પેઠે કરવી. એ નસકોરેથી પૂરક કરવો. આ શારીરિક ક્રિયા ચાલતી હોય ત્યારે હું અમૃતત્વ-ઈશ્વરત્વ પૂરૂં છું, એવી દૃઢ મનોભાવના કરવી. શરીરમાં માઇ રહે તેટલો વાયુ લીધા પછી તેને શરીરમાં ધારણ કરી રાખવો એટલે કે કુંભક કરવો અને આ સચરાચર વ્યાપેલું ચૈતન્યબ્રહ્મ હું છું, સકલ વિશ્વનું પ્રાણત્વ હું છું, સર્વ જગતને પ્રકાશનાર તેજો-રાશિ હું છું, જગતનાં પ્રાણ અને ચૈતન્ય મારાં પોતાનાં છે, એવી દિવ્ય કલ્પનાનું મનમાં ધ્યાન કરવું. પછી ડાબે નસકોરેથી શ્વાસને બહાર કાઢવો. આ શ્વાસ બહાર કાઢવાની-એટલે રેચક-ક્રિયા ચાલતી હોય ત્યારે હું મનની નબળાઇઓ અને અવિદ્યા-અજ્ઞાનને બહાર ફેંકી દેઉં છું, સૂરજ ઉગતાંજ જેમ ઝાકળ ઠંડી, ધૂમસ, અંધકાર વગેરે જતાં રહે છે તેમ 'अहं ब्रह्मास्मि' હું બ્રહ્મ છું. એવા જ્ઞાનનો-જ્ઞાનસૂર્યનો અન્તઃકરણ દેશમાં ઉદય થવાથી માયા અને મોહથી થએલી સઘળી મિથ્યા ભ્રમણાનો અન્ધકાર આપોઆપ નષ્ટ થઈ જાય છે, એવી મનની મજબૂત ભાવના કરો. પછી બહારના વાયુને માંહે પેસવા દેવો નહિ, અર્થાત્ બાહ્ય કુંભક કરવો. આવી રીતે પ્રાણાયામના એકંદરે આઠ ભાગ થાય છે. પહેલી ચાર ક્રિયામાં પ્રાણાયામનો અધો ક્રમ થાય છે, અને છેવટની ચાર ક્રિયામાં પ્રાણાયામનો વિ[illegible] પરિપૂર્ણ થાય છે. દરેક ક્રિયાના અભ્યાસમાં વખતને હળવે હળવે વધારતા જવું; ઉતાવળ કરવી નહિ. પૂરક, કુંભક અને રેચકના વખતને ધીરે ધીરે અને ક્રમથી વધારવો. આમાંની દરેક ક્રિયા પ્રમાણ સહિત અને યથાયોગ્ય રીતિથી કરવી જોઇએ. શ્વાસને સારી પેઠે માંહે ખેંચ્યા પછી એકદમ છોડી દેવો નહિ જોઇએ. દરેકે દરેક કામ તાલબદ્ધ-નિયમબદ્ધ કરવું જોઇએ. ઘડીઆળનું લોલક જેમ ઠરાવેલી-નક્કી કરેલી ગતિ પ્રમાણે આમથી તેમ અને તેમથી આમ હાલચાલ કરે છે તેમ આપણા શ્વાસ પણ નિયમબદ્ધ-નક્કી કરેલાં તાલ માપથી ચાલવા જોઇએ. આ પદ્ધતિ પ્રમાણે તમે જો પ્રાણાયામ શીખશો અને પ્રાણાયામનો અભ્યાસ કરશો તો તમારામાં અપૂર્વ બલ આવશે, તમારા રોગ માત્ર દૂર થશે. લોહી બિગડવાથી થતાં સર્વ દર્દો તેમ રોગ માત્રનો રાજા ક્ષયરોગ પણ પ્રાણાયામના અભ્યાસથી નષ્ટ થઈ જશે.+

પ્રાણાયામનો અભ્યાસ કરનાર કેટલાકોને મંદવાડ થાય છે એ 'રામ'ના જોવામાં આવ્યું છે.× આ મંદવાડ થવાનું કારણ એટલુંજ જણાય છે કે અભ્યાસમાં તેઓ કુદરતનો નિયમ જાળવતા નથી; એકદમજ આટલી પળોમાં શ્વાસ લેવો અને આટલી પળોમાં શ્વાસને છોડવો જોઇએ, એવી તેઓની ખોટી હઠથી મંદવાડ થાય છે. પ્રાણાયામની હરેક ક્રિયામાં કુદરતના નિયમને સંભાળથી પાળવો જોઇએ. દરેક ક્રિયા, દરેક ભાગ અને દરેક ભેદના વખતને વધારવાને

* ભસ્ત્રા એનેજ કહે છે. યોગશાસ્ત્રમાં એનું નામ કપાલભાતિ છે. ભસ્ત્રિકા વિધિ તેજ છે.

+ प्राणायामेन युक्तेन सर्वरोगक्षयो भवेत् ।

× अयुक्ताभ्यासयोगेन सर्वरोगसमुद्भवः ॥'

અવશ્ય યત્ન કરવો; પણ થાક લાગે અને કંટાળો ઉપજે એવું તો કદી કરવુંજ નહિ. એકદમ શ્વાસને ખેંચવાનો અથવા તેને માંહે ગોંધી રાખવાનો યત્ન કરવો નહિ. એમ કરવાથી તમોને થાક લાગી જશે. ધીરે ધીરે સ્વાભાવિક રીતેજ અભ્યાસ વધારવો.+ શ્વાસને માંહે લેવાની અને તેને ધારણ કરી રાખવાની—એ બે ક્રિયા કરવાથીજ તમોને થાક લાગેલો જણાય અને કંટાળો આવે તો તેજ વખતે તમારે આરામ લેવો. એકજ દિવસમાં આઠે ક્રિયા શીખી લેવાય અને આઠે અંગોનો અભ્યાસ કરી તેમને સાધી લેવાય એવી કાંઈ તમારામાં શક્તિ નથી. એ ક્રિયા કરવાથી જો પ્રથમ દિવસે થાકી જવાય તો બીજે દિવસે પહેલાંના કરતાં વધારે હોંશીઆરી અને સાવધાની રાખવી. પહેલી બે ક્રિયા તમારે એવી ત્રેવડથી કરવી કે પાછળની બે ક્રિયા કરવાનો તમારામાં ઉત્સાહ રહે. બધી ક્રિયા યોગ્યવિધિથી અને પ્રમાણસરજ કરવી જોઇએ.*

પ્રાણાયામમાં કાંઈ ગૂઢ નથી.

પ્રાણાયામ કરવાની આ પદ્ધતિ બહુ ઉપકારક છે. પ્રાણનો આયામ એટલે પ્રાણાયામ. પ્રાણની કસરત અથવા પ્રાણનો નિરોધ આ રીતે કરવાથી ઘણોજ લાભ થાય છે. શરીરશક્તિ વધારવાની એક જાતની પ્રાણની કસરતનું નામ પ્રાણાયામ છે. પ્રાણાયામમાં કોઈ ગુપ્ત રહસ્ય કે ભેદ કે કોઈ જાતની અજાયબી છે, એમ જો કોઈનું માનવું કે સમજવું હોય તો તે બહુ ભૂલભરેલું છે. પ્રાણાયામનો અર્થ બ્રહ્મજ્ઞાન કે ઈશ્વર સંબંધી જ્ઞાન એવો થતો નથી. પ્રાણાયામથી અધિક કલ્યાણકારક કશું છેજ નહિ અને આત્માનુભવનું શિખર પ્રાણાયામજ છે, એવી માન્યતા હોય તો તે તદ્દન ખોટી અને ભૂલભરેલી છે. આ તો જેવી શરીરની કસરત હોય છે તેવીજ પ્રાણની કસરત છે. આપણે મેદાનની ખુલ્લી હવામાં જઈને અંગો કેળવવાને અને મજબૂત કરવાને જેમ જુદી જુદી જાતની કસરતો કરીએ છીએ, તેવીજ રીતે ફેફસાં અને હૃદયને સારૂં તેમજ મજબૂત રાખવાને તથા મનને સ્થિર કરવાને પ્રાણાયામ એ પણ પ્રાણની કસરતજ છે. પ્રાણાયામ એ આત્મજ્ઞાન પણ નથી. આત્મજ્ઞાન પામવામાં તે એક સહાયક સાધનજ છે. 'રામ' તમોને આ વારંવાર ટેક કરીને કહે છે.

પ્રાણાયામમાં એક વાત બહુજ ધ્યાનમાં રાખી મૂકવા જેવી છે કે જ્યારે તમે શ્વાસને બહાર કાઢો ત્યારે પેટને સંકોચી નાખો. આનાથી તમોને બહુ લાભ થશે. તેમજ વાયુ અંદર લેતી વખતે આખા પેટને તેનાથી ભરી નાંખવાનું ભૂલવું નહિ. પ્રાણવાયુ માત્ર છાતી સુધીજ

+ પૂરક, કુંભક અને રેચક આ ત્રણ ભાગ જુદા જુદા [illegible] છે. પરંતુ પ્રાચીન લેખકો [illegible] કુંભકને અને [illegible] વખત રેચકને એ સંકેતથી [illegible] છે.

* 'युक्तं युक्तं त्यजेद्वायुं युक्तं युक्तं च पूरयेत् । युक्तं युक्तं च बध्नीयादेवं सिद्धिमवाप्नुयात्'॥

સૂચના—[illegible]

[illegible]

અંગ્રે. ક્ર. કા.

જઇને અટકી જાય નહિ, પણ છેક પેટના તળીઆ સુધી તે પહોંચી જાય તેમ કરવું જોઇએ. પેટનો સર્વ ભાગ વાયુથી ભરી નાંખવા જોઇએ. અહીં સુધીમાં પ્રાણાયામનો વિચાર સમાપ્ત થયો. કેવળ પ્રાણાયામનાજ અભ્યાસથી અનેક લાભ થાય છે. જેમને આધ્યાત્મિક કલ્યાણની ઇચ્છા છે, જેમને પરાત્પર પરમાત્માના ધ્યાનમાં મગ્ન રહેવાનો અભિલાષ છે, તેમને ધ્યાન ધારણાદિ અભ્યાસમાં પ્રાણાયામ ઘણું હિતકર છે.

ચિત્તની એકાગ્રતા.

હવે 'રામ' તમને મનને એકાગ્ર કરવાની એક પદ્ધતિનું વર્ણન કરી બતાવશે. તમારે 'બ્રહ્મજ્ઞાનનો માર્ગ' એ વિષયનો અભ્યાસ કરવાની હાલ જરૂર નથી. મનની એકાગ્રતાનો કેવી રીતે અભ્યાસ કરવો તેજ તમોને 'રામ' આજે શિખવશે. જેઓએ 'રામ'નાં આ પહેલાંનાં વ્યાખ્યાન સાંભળ્યાં હશે તેમને વાસ્તેજ આ વિષય છે. આજસુધીનાં 'રામ'નાં વ્યાખ્યાન નહિ સાંભળનારને આ વિષયમાં રસ પડશે નહિ, છતાં પણ આવી પદ્ધતિ ધ્યાનપૂર્વક સાંભળીને જે કોઇ સમજી લેશે તેમને કાંઇ ને કાંઈ લાભ તો અવશ્ય થશેજ. એ પદ્ધતિને તેઓ પોતાની પ્રાર્થનામાં યોજી-વાપરી શકશે. આ નિબંધને ઘેર લઈ જઇ કોરાણે નાંખી મૂકશો નહિ, પણ તેમાં યોજેલી પદ્ધતિને ધ્યાનમાં લઈ તમારી પ્રાર્થનામાં તેનો અમલ કરજો. આ નિબંધ છપાઇને તૈયાર થએલો છે, છપાઇને હજુ બહાર પાડવામાં આવ્યો નથી. આ નિબંધ તમોને ઉપયોગી જણાતો હોય તો તમો પૈકી કોઇ એક એને છપાવી કાઢજો.* આ નિબંધ પણ એક જાતની પ્રાર્થનાજ છે. પ્રાર્થના શબ્દનો જે અર્થ તમે સમજો છો, એવા અર્થવાળી પ્રાર્થનાનો આ નિબંધ નથી. આ પ્રાર્થનામાં કાંઇ "ઓ પ્રભુ! મને સ્ત્રી આપો, પુત્ર આપો, આ આપો, પૈસું આપો," એવી સાંકડી ભીખ નથી; પણ આપણને પરમાત્મા સાથે એકરૂપ, એકાકાર થવાનું શિખવનારી અને આપણને અપરોક્ષ અનુભવ કરાવનારી અથવા આપણને આત્મસ્વરૂપ સમજવાને શક્તિવાન કરનારી પ્રાર્થના છે. રામનું લખેલું 'આત્મસાક્ષાત્કાર'નું નાનું સરખું પુસ્તક તમારા પૈકી ઘણાએ જોયું હશે. આ નિબંધ પણ તેજ મુદ્દામાં લખેલો છે. આ નિબંધને છેડે 'સોઽહં' મથાળાવાળો એક લેખ છે, તે તમારે તમારા ખીસ્સામાં રાખી મૂકવો અને જ્યારે જ્યારે તમે દુઃખી પ્રસંગોમાં ઘેરાઈ જાઓ, તમને અકળામણ જેવું કષ્ટ થાય, જીંદગી આકરી લાગે, શોક થઇ જવાય, ખેદ, ઉદ્વેગ અને સંતાપ થાય, ત્યારે ત્યારે એકાંતમાં બેસીને 'રામ'ની આજે બતાવેલી પદ્ધતિ પ્રમાણે 'સોઽહં' મંત્રનો અભ્યાસ કરજો, એટલે તમારી હૃદયદાહ કપાઈ જશે, ઉદ્વેગ અને ઉદાસી શુભ થઇ જશે અને તમારી વૃત્તિ આનંદ આનંદરૂપ થઇ રહેશે.

'एकं सत्.'

'સોઽહં' મંત્રનો પાઠ કરતી વખતે શુભ ઉપજે એવું આસન લગાવીને તમારે [illegible] [illegible]માં આનંદનો જે નિયમ છે તેજ નિયમ 'સોઽહં'ના પાઠમાં પણ સમજવો. [illegible] તમારી વૃત્તિ હોય છે તેજ જાતની વૃત્તિ રાખીને, ભક્તિપૂર્ણ [illegible], આંખ બંધ કરીને અંદર [illegible] ખેંચી લઇને, એક એક વચનનો ઉચ્ચાર [illegible] [illegible] "[illegible] એકજ છે, ૐ! ૐ!! ૐ!!!" [illegible] વચનનો ઉચ્ચાર [illegible]

* [illegible]

મંત્રી સ. [illegible]

ઢગળને કોરાણે મૂકવો, અને ફરી 'જગતમાં સદ્વસ્તુ એકજ છે' એવું વચન ઉચ્ચારવું. 'રામ'નાં વ્યાખ્યાનો જેમણે પ્રેમપૂર્વક સાંભળ્યાં છે તેમને તો આ વચનની સત્યતા જણાવામાંજ છે. જેમને નિશ્ચય થયો નહિ હોય તેમણે આ ભાવનાને દૃઢાવવાનો અભ્યાસ કરવો. "જગતમાં સદ્વસ્તુ એકજ છે" આ ભાવનામાં તદ્રૂપ, તન્મય, એકરસ થઇ જાઓ. "જગતમાં સદ્વસ્તુ એકજ છે." આ વચન પછી ૐ ! ૐ !! ૐ !!! એવું ત્રણ વખત લખેલું છે. આ ૐ નો એવો અર્થ છે કે 'જગતમાં સદ્વસ્તુ એકજ છે' એ ભાવના તમારા અન્તરમાં જડાઈ ગઇ, એ ભાવનાના રંગથી તમારૂં દિલ રંગાઇ ગયું, તમારૂં આખું અન્તઃકરણ એ ભાવનાથી રસબસ તરબોળ થઈ ગયું, તમારાં રોમેરોમ એ ભાવના ગાજી રહી, 'एकं सत्' આ ભાવનામય તમે થઇ ગયા, એની તમોને લહે લાગી ગઇ. આમ થતાં 'પછી જગતમાં સદ્વસ્તુ એકજ છે,' એવું લાંબુ લચરક વચન ઉચ્ચારવાની તમોને જરૂર રહેતી નથી. કેવળ ૐ પ્રણવ મંત્રોચ્ચારથીજ તમારા મનના મનોરથો ફળશે. ૐ માં એ આખી ભાવનાનો સમાવેશ થએલો છે. બીજગણિતમાં જેમ क ख अ ब ઈત્યાદિ સંકેત અક્ષરોથી મોટી મોટી સંખ્યાઓ બતાવાય છે, તેમ વેદાન્તના બીજગણિતનો સંકેતાક્ષર કે સંજ્ઞા ૐ છે. વેદાન્તના સિદ્ધાન્ત માત્રનો સમાવેશ ૐ એવા એક અક્ષરમાંજ થઇ રહે છે. ૐ એ બહુજ પવિત્ર બીજ છે—અક્ષર છે. પરમેશ્વરના સકલ ગુણને બતાવનાર મહામંત્ર તે પ્રણવમંત્ર ૐ છે. 'एकं सत्' એ તત્ત્વે ધ્યાન બાંધીને આ અતિ પવિત્ર ૐકારનો ઉચ્ચાર કરો. આ પ્રણવ મંત્રનો ઉચ્ચાર ચલાવતાં 'જગતમાં સદ્વસ્તુ એકજ છે,' એવા સિદ્ધાન્ત-શિરોમણિનો અનુભવ કરી લ્યો. 'સદ્વસ્તુ એકજ છે,' આ શબ્દો સાંભળવા માત્રથી કાંઈ બોધ થનાર નથી, એ તો શબ્દજાળ છે એમ 'રામ'ને ખબરજ છે; પણ 'રામ'નાં પ્રથમનાં વ્યાખ્યાનો સાંભળીને જેઓએ તે ઉપર પાકો વિચાર કર્યો હશે, તેમને તો 'एकं सत्' આ સિદ્ધાન્તના ખરાપણાની ખાત્રી થઇ ગઇ હશેજ. 'સદ્વસ્તુ એકજ છે,' એનો અર્થ એટલોજ કે આ બાહ્ય વિશ્વ-ઇંદ્રિયગોચર જગત્-પદે પદે ઉત્સાહભંગ કરનાર, ક્લેશ, ખેદ અને ઉદ્વેગ ઉપજાવનાર અતિ વિષમ પ્રપંચજાળ—એ માત્ર નામ રૂપાત્મક છે, મિથ્યા છે, ભ્રમ છે. 'જગતમાં સદ્વસ્તુ એકજ છે.' આ પરિસ્થિતિઓ, આ અનુકૂલ અને પ્રતિકૂલ ફેરફારોવાળી પરિસ્થિતિઓ, એવું આ જગતની અસર વ્યવહારની ભાષામાં બોલાય છે; પણ વસ્તુતઃ એ બધી શબ્દજાળ છે, ભ્રમ છે, ભાસમાત્રજ છે; અજ્ઞાનને લીધેજ એમની હયાતી આપણા માનવામાં આવે છે; પણ ખરૂં જોતાં તો જગત ક્યાંએ નથી. 'જગતમાં સદ્વસ્તુ એકજ છે, અને તેજ પરાત્પર પરમાત્મા.' જેમણે આ દિવ્ય સિદ્ધાન્તનો અનુભવ લીધો નથી, જેઓ આ દિવ્ય સિદ્ધાંતનો સ્વીકાર કરતાં અચકાય છે—બીહે છે—શંકા કરે છે, જેઓ આ દિવ્ય તત્ત્વનો અનુભવ કરવાનું મૂકીને, સંસારની મિથ્યા લાલચમાં પોતાની શક્તિનો વ્યય કરી નાંખે છે, તેઓનેજ આ તત્ત્વ સમજાનું નથી. એવા મૂર્ખ-મુગ્ધમતિ જગતનું મિથ્યાત્વ કબૂલ કરતા નથી; પણ ब्रह्म सत्यं जगन्मिथ्या નો આ સિદ્ધાન્ત અનુભવથી ખરો ઠરેલો છે—રસાયનશાસ્ત્રના સિદ્ધાન્તોની પેઠે અન્તરની પ્રયોગશાળામાં પ્રયોગ કરી ચોકસી કરતાં પ્રત્યક્ષ અનુભવથી ખરો ઠરેલો છે. 'एकं सत्' આ ત્રણે કાળમાં અબાધિત અને દિવ્ય સિદ્ધાન્ત છે. એકવાર આ સિદ્ધાન્ત તમારા સમજવામાં આવ્યો—તમે તેનો અનુભવ કર્યો કે તમારો ક્ષુદ્ર અહંકાર ગયો, તમારી અહંતા મમતા ચાલી ગઇ અને તમે પરમતત્ત્વમાં એકરૂપ—એકરસ—એકાકાર થઈ ગયા. આમ એક વખત આ ભાવનામાં સ્થિર થયાથી કેવું ..

મંગળમય પરિણામ નિપજી આવે છે? તમારી આત્મશ્રદ્ધા-આત્મવિશ્વાસ-આત્મનિષ્ઠા વધવા માંડશે.

શ્રદ્ધા તથા ભાવનાનું બલ અને મહત્તા કેટલી છે, એ વિષે ઈસુખ્રિસ્તે એક ઠેકાણે કહ્યું છે, કે 'જો તમારામાં રાઈના એક દાણા જેટલી પણ શ્રદ્ધા હશે અને તમે પર્વતને કુદીને સમુદ્રમાં પડવાની આજ્ઞા કરશો તો તે પર્વત તમારી આજ્ઞાનું ઉલ્લંઘન કદી કરી શકનાર નથી. તેને તે આજ્ઞા પાળવીજ પડશે.* ઈસુના આ શબ્દો ઉપર ધ્યાન રાખો. 'બ્રહ્મ સત્યં જગન્મિથ્યા' આ સત્ય-આ તત્ત્વ એક વખત તમારી બુદ્ધિમાં આવશે અને મન, વચન અને કાયાથી તમે એ તત્ત્વને કામકાજમાં ઉતારવા લાગશો-વ્યવહારમાં વણી લેવા માંડશો-તમારાં દરરોજનાં હરેક કામમાં આ તત્ત્વનું તેજ ઝળકવા માંડશે, એટલે તમોને આખું જગત પલટાઈ ગએલું લાગશે. તૂટી પડવાને ઝઝુમી રહેલા તમારાં સંકટો, સર્વ જાતના તમારા સન્તાપો, ચિન્તા અને દુઃખો પલાયન કરી જશે. અલોપ થઈ જશે. પહેલાંની વિષમ પરિસ્થિતિ પલટાઈ ગએલી તમારા જોવામાં આવશે; જગજ્જંજાલ-ભ્રમણા માત્ર ભાંગી જશે. આપણને જુદી જુદી જાતના સન્તાપ, ત્રાસ, ચિન્તા થયાજ કરે છે; શરીર અને મનના અનેક કલેશ આપણને સહન કરવા પડે છે; આપણે ત્રિવિધ તાપમાં બળીને ખાખ થઈ જઈએ છીએ; આ બધાનું એકજ કારણ છે કે પરમેશ્વર-પરમપુરૂષના કરતાં વધારે પ્રીતિ, વધારે આસક્તિ, વધારે વિશ્વાસ અને વધારે શ્રદ્ધા આપણે આ નામ રૂપાત્મક મિથ્યા માયિક જંજાળમાં રાખીએ છીએ. ખરેખર મિથ્યા એવા આ જગતને પરમેશ્વર કરતાં પણ અધિક ખરૂં માની બેસીએ છીએ. સર્વત્ર ચૈતન્ય વ્યાપી રહેલું છતાં આપણા અજ્ઞાનથી આપણે તેને જડ બનાવીએ છીએ. બાહ્ય વિશ્વ હોવાનો આપણને દૃઢ મોહ થયો છે. એજ ભ્રમ છે-આપત્તિ માત્રનું મૂળ છે. જ્યારે જ્યારે તમોને મનમાં ખેદ-કલેશ થાય, તમે ઉદાસ થાઓ કે તમોને ઉદ્વેગ થાય, ત્યારે ખીસ્સામાંથી આ કાગળ કહાડી 'જગતમાં સદ્વસ્તુ એકજ છે' એ વચનને અનુભવવા યત્ન કરજો. તમારી ઇંદ્રિયોએ તમારા મનમાં-તમારા અન્તઃકરણમાં ઠસાવેલી બધી વસ્તુઓમાં માત્ર 'एकं सत्' એ એકજ સત્ય છે-એ એકજ વસ્તુ બહુ મૂલ્યવાન્ અને કલ્યાણ કરનાર છે, એમ જાણજો. ઇંદ્રિયોએ જે વાત ખરી કહીને તમારા મનમાં ઘાલી છે અને જેના ખરાપણા વિષે તમારા અન્તઃકરણમાં મજબૂત વિશ્વાસ બેસાડયો છે તે સર્વ ઇંદ્રિયગોચર વસ્તુઓ ખરૂં જોતાં વસ્તુ નથી, પણ અવસ્તુ છે; કેવળ ઇંદ્રિયોથી ઉપજેલો ભ્રમ માત્ર છે. અજ્ઞાનના આવરણથી વસ્તુપણાનું આપણને તેમાં ભાન થાય છે એટલુંજ. માટે ઇંદ્રિયોમાં ફસી જાઓ નહિ. કોઈ તમારાં નામ પાડે, કોઈ તમારી ટીકા કરે, કોઈ તમોને ગાળ દે અથવા વખાણી વખાણીને છાપરે ચઢાવે કે વખોડીને હેઠે પાડે, તોએ તમે એમાંના કોઇ પણ ફિસાદોમાં ફસાશો નહિ. એ સ્તુતિ અને નિંદાઓ વગેરે સર્વ મિથ્યા છે, ભ્રમ છે. ઇંદ્રિયોથી ઉપજતો આવો ભ્રમ તત્ત્વ સમજાય નહિ ત્યાં સુધીજ રહે છે, પરમ તત્ત્વનો અનુભવ થતાં તે ભ્રમ નિર્મૂલ થઈ જાય છે. આ વાતને ખૂબ હૃદયમાં રાખો. સત્તત્ત્વ એકજ છે-સદ્વસ્તુ એકજ છે. આ વાતને દિલમાં ઉતારો. આ દિવ્ય જ્ઞાનનો અનુભવ કરો. ધોરેથી ૐ કારનો અજપા જાપ જપી જપીને બાહ્ય વસ્તુઓપર ચોંટેલ તમારો મોહ અન્તઃકરણમાંથી ઉખેડીને ફેંકી દ્યો. તેની ઉપરની શ્રદ્ધાનાં મૂળ ઉખેડી નાંખો, અને તે સર્વ અવસ્તુજ છે એવો સજ્જડ સંકલ્પ કરીને 'સદ્વસ્તુ એકજ છે,' એવ

* મેથ્યુ કૃત (બાઈબલ) અ. ૨૧. ક. ૨૧.

નિશ્ચયમાં આરૂઢ થાઓ–એવી શ્રદ્ધા અચલ કરો. ‘ સદ્વસ્તુ એકજ છે,’ એવી કલ્પના તમારા રોમેરોમમાં ગળાવી મૂકો. દિવ્ય અને ત્રણે કાળમાં સત્ય એવા આ સિદ્ધાન્તનો અનુભવ લેવામાંજ તમારી સર્વ શક્તિ અને બુદ્ધિનો ઉપયોગ કરો. एकमेवाद्वितीयम् ब्रह्म ૐ! ૐ!! ૐ!!! આ સત્ય તત્ત્વને પરિપૂર્ણ રીતે મનમાં ઠસાવો. ‘ સોઽહમ્ ’ ભાગનો પાઠ કરવાથી સદ્વસ્તુ એકજ છે,’ આ સૂત્રનો અનુભવ તમોને સમ્પૂર્ણ થશે. એટલાજ વચનના–સૂત્રના ઉચ્ચારથી તમારી ચિત્તવૃત્તિ પ્રસન્ન થશે. તમારૂં અન્તઃકરણ ઉલ્લસિત અને ઉમંગથી પરિપૂર્ણ થશે; તમે મોહજન્ય શોક દુઃખ તરી જશો; કેવલ સુખરૂપ–આનન્દરૂપ થઈ જશો; એટલાથીજ તમે સિદ્ધાર્થ થશો. પાછળના વચનનો ઉચ્ચાર કરવાની ઈચ્છા થાય તો ભલે કરજો; નહિ તો આ પ્રથમ વચનના યથાર્થ ઉચ્ચાર અને અનુભવથી પણ તમારૂં કામ સિદ્ધ થશે; તમે કૃતકૃત્ય થશો. એટલેથી તમારૂં સમ્પૂર્ણ સમાધાન થાય નહિ તો ‘ સદ્વસ્તુ હું છું,’ એ પાછળના વચનનો ઉચ્ચાર કરજો. ‘ સદ્વસ્તુ એકજ છે,’ આ કલ્પના જોડે ‘ તે સદ્વસ્તુ હું પોતેજ છું ’ ની કલ્પના સરખાવતાં ‘ સદ્વસ્તુ હું પોતે છું ’ એ કલ્પના વધારે ઉંચા દરજ્જાની છે; તમોને સ્વરૂપાનુભવની છેક સમીપમાં લઈ જઈને મૂકનારી એ કલ્પના છે. અહો ! મારો પાડોશી–મારો ભાઈ પણ મારાથી જૂદો નથી. તેનામાં સાક્ષીરૂપે જે આત્મા રહેલો છે ‘ તે હુંજ છું; સર્વ હુંજ છું; સદ્વસ્તુ તે હુંજ ’! આ વચનનો એવો અર્થ છે.

ખુલ્લા હાથ રાખી પ્રણવમંત્રનો જાપ જપાય નહિ, પણ બદ્ધાંજલિથી પ્રણવોચ્ચાર કરવો; એવું ઘણાકનું કહેવું છે; પણ ‘રામ’ને એવું બંધન પાળવાનું કાંઈ કારણ જણાતું નથી. કેવળ ‘ સદ્વસ્તુ તે હુંજ,’ એજ કલ્પનાનું ચિન્તન અને એજ કલ્પનાનો નિદિધ્યાસ કરવાને ‘રામ’ કહે છે. ‘ अहं ब्रह्मास्मि ’ આ એકજ ભાવના સાથે લક્ષ્ય સાંધી રાખવા માટે ‘રામ’નું કહેવું છે. આ ચિન્તન કરતી વખતે કેમ બેસવું, આસન કયું અને કેમ રાખવું, વગેરે શરીરસ્થિતિ ઉપર લક્ષ આપવાનું કાંઈ કારણ ‘રામ’ને જણાતું નથી. એવી શરીરની બાબતોમાં કાંઈ ચોક્કસ બંધન છેજ નહિ. પ્રાણાયામમાં અંગવિન્યાસ આમ અને તેમ કરવા જોઈએ એમ લોકો જે કહે છે તે ઉપર પણ ધ્યાન આપશો નહિ.* કેવળ ‘ સદ્વસ્તુ તે હુંજ ’ એજ ચિન્તન અને એજ ધ્યાન કર્યા કરો. પછી એ મનન, એ ચિન્તન, એ નિદિધ્યાસન દિલ ચાહે તો તાલી બજાવીને કરો, કિંવા તાલ મંજીરા વગાડીને કરો, નાચીને કરો કે કૂદીને કરો, લહેર આવે તો સૂતાં સૂતાં અને લહેર આવે તો બેઠાં બેઠાં કરો, એમાં કોઈ જાતના નિયમ કે બંધનની જરૂર નથી. પથારીમાં પડયે પડયે પ્રણવજપ કરવો પસંદ પડે તો તેમ કરો. માત્ર ‘ સદ્વસ્તુ તે હુંજ છું ’ એ ભાવનાને ચોક્કસ રીતે અનુભવમાં ઉતારો. બેસવાનો, ઉઠવાનો કે એવો કોઈ બીજો નિયમ કે બંધન એ બાબતમાં નથી. કેવળ ‘ સદ્વસ્તુ તે હું છું ’ એ ભાવનામાં તન્મય, તદ્રૂપ, તદાકાર–લીન થઈ જાઓ. ‘હું સર્વ શક્તિમાન છું,’ એ ભાવના તે પછી આવે છે. એ ભાવનાનું પાછું પૂર્વવત્ શ્રવણ, મનન, નિદિધ્યાસન અને અન્યોન્યમાં વાતચિત પણ કરવા મંડો; મતલબ કે તમે મૂર્તિમાન્ એ ભાવનારૂપજ થઈ જાઓ. જે શ્રોતાઓએ રામનાં પૂર્વનાં વ્યાખ્યાન સાંભળ્યાં હશે તેમને તો નિશ્ચય થયોજ હશે કે ખરો દેહી, ખરો આત્મા તો સર્વ શક્તિમાન્ પ્રભુ જ છે, તેની સત્તાના પ્રભાવથીજ જગતનો સમગ્ર વ્યવહાર ચાલે છે.

* રામસ્વામીનું આ કહેવું વેદાન્તના વિવેકાદિ સાધનસંપન્ન ઉચ્ચ અધિકારી પરત્વેજ સમજવું અન્ય માટેના વિધિનો એથી નિષેધ માનવાનો નથી. મંત્રી સ. સા.

ભૂતલ ઉપર જેમ સૂરજની સત્તાથી વરસાદ વરસે છે, વાયુ વાય છે, ઘાસ ઉગે છે, ગુલાબ ખીલે છે, નદીઓ વહે છે, પ્રાણીઓ જાગીને પોતપોતાની નિયત પ્રવૃતિ કરે છે, તેજ પ્રમાણે વિશ્વનો વ્યવહાર માત્ર એક સર્વ શક્તિમાન પરાત્પર પરમાત્માનીજ સત્તાસ્ફુર્તિથી ચાલે છે. એ પરમાત્મા સર્વશક્તિમાન છે. ૐ ! ૐ !! ૐ !!! 'પરમાત્મા સર્વ શક્તિમાન છે' આવો તમારો સુદૃઢ સંકલ્પ થયો અને પછી 'હું પોતે સર્વ શક્તિમાન છું' એવી ભાવનાને તમે પ્રાપ્ત કરી; એટલે તમને આશાભંગ કરી છોડી દેનારી સર્વ શંકાઓ, તમને ભ્રમણાના ચક્રમાં ભમાવનારી સઘળી મિથ્યા ભ્રાંતિઓ, તમારી ગેરસમજુતીઓ, તમારાં સ્વાભાવિક બલવીર્યાદિને હરી લેનારી કુશંકાઓ, રાંકડા અને દુર્બલપણાના સઘળા વિચારો, એ બધાં તમોને જોઇને નાશી જશે-પાસેજ આવી શકશે નહિ. તમારા અન્તઃકરણમાં જ્ઞાનરૂપી સૂર્ય ઉદય થયા પછી તેવા વિચારનો તમોને સ્પર્શ પણ થવાનો નહિ. મનુષ્ય જેવી ભાવના કરે છે તેવું તે પોતે થાય છે. જેવી જેને ભાવના તેવી તેને સિદ્ધ થાય છે. તમે પોતે પાપી છે એવી ભાવના કરશો તો પાપીજ થવાના. હું મૂર્ખ છું એવું સમજશો તો અવસ્ય મૂર્ખ થશો. હું દુર્બલ અને રાંક છું એવો વિચાર તમે કરશો તો આ જગતમાં એવી કોઈ પણ શક્તિ નથી કે જે તમોને શક્તિમાન્, બલવાન અને સંપત્તિમાન્ કરવાને સમર્થ થઈ શકે. 'પરમાત્મા સર્વશક્તિમાન્ છે' અને એ 'સર્વશક્તિમાન્ પરમાત્મા હું છું' એવો સુદૃઢ સંકલ્પ-એ દૃઢભાવના કરવાથી તમોને સ્વરૂપલાભ થશે-તમે સર્વ શક્તિમાન્ પરમાત્મસ્વરૂપજ થઈ રહેશે

પરમાત્મા સર્વજ્ઞ છે.

લક્ષ્ય સાધવાની આ ભાવના વિસ્તારને પામતાં પામતાં સદ્દવસ્તુના-પરમાત્માના સર્વજ્ઞપણાની ભાવનારૂપે પરિણામ પામે છે. 'પરમાત્મા સર્વજ્ઞ છે' એ ભાવનાનું મનન, ચિન્તન અને નિદિધ્યાસન, ૐ પ્રણવમંત્રના જપ સાથે કરવું. ૐ પ્રણવમંત્રમાં પરમાત્માના સર્વજ્ઞપણાની ભાવનાનો સમાવેશ થએલો છે. વિમૂઢ અને મૂર્ખ બનાવનારી તમારી સર્વ કુકંજાલને કાપી નાખો. મનને શાંત અને વિમલ કરો. પરમેશ્વરને પામવાનો સરલ અને સીધે આ એકજ માર્ગ છે. 'સદ્દવસ્તુ એકજ છે,' 'તે સદ્દવસ્તુ હું પોતેજ છું' 'હું સર્વશક્તિમાન છું, હું સર્વજ્ઞ છું' આ ભાવનાઓને ક્રમેક્રમે અન્તઃકરણમાં સજ્જડ જડી દયો. તેજ પ્રમાણે આત્માના સર્વવ્યાપીપણાનું મનન, ચિન્તન અને નિદિધ્યાસન કરવાનું શીખો. આત્મા ઘટઘટમાં વ્યાપી રહેલો છે-સચરાચરમાં આત્મારામ રમી રહ્યો છે-સર્વત્ર ભરપૂર છે, આવી કલ્પનાનો દૃઢ અભ્યાસ કરો. આત્મા વિનાનો ઠામ ઠાલો નથી. "સર્વ પરમાત્મમય છે, હું પરમાત્મા છું, હું અવિનાશી છું, હું અપરિછિન્ન છું, અનાદિ અનન્ત છું, અજરામર છું, આ ક્ષુદ્ર શરીર "હું" નથી, જેને અજ્ઞાનથી-અવિદ્યાથી હું હું કહેવામાં આવે છે તે દેહ પણ હું નથી, આ અહંકાર-આ તુચ્છ જીવ તે પણ હું નથી; પણ હું તો જે હરેક અણુ-પરમાણુમાં જે સતતત્ત્વ વ્યાપી રહેલું છે તે છું. હું સર્વવ્યાપી વિભુ છું." આ સંકલ્પમાં આ ભાવનામાં સુસ્થિર-અચલ થઇ જાઓ. સ્થાવર જંગમમાં વ્યાપેલો હું આત્મારામ છું, સર્વ આકાર અને સર્વ શરીરો મારાંજ રૂપ છે, એવો અનુભવ કરતા રહો. ૐ ! ૐ !! ૐ !!!

આ નિબંધનાં બાકીનાં વચનો ઉપર વિશેષ વિવેચન કરવા જેવું 'રામ'ને જણાતું નથી તે વાંચી જણાવ્યાં એટલે થયું. અત્યાર સુધીમાં કહેલી પદ્ધતિ પ્રમાણે ચિત્તની એકાગ્રતા કરવાનો અભ્યાસ કરો અને એક અઠવાડીઆમાં જો તમોને આત્માનુભવ થાય નહિ તથા સદ્દવસ્તુ સાંપડે નહિ તો 'રામ'ને જૂઠો કહેજો.

દીનતા અને દુર્બલતાનો ત્યાગ કરો.

'પૂર્ણ આરોગ્યતા તે હુંજ' એ પહેલું વચન છે. જે શરીરને તમે મારૂં મારૂં માની બેઠા છો તે શરીરને જ્યારે રોગ કે મંદવાડ થાય ત્યારે તે રોગ કે શરીરનો સંકલ્પજ ઉઠવા દેશો નહિ. 'મૂર્તિમાન આરોગ્ય હું છું, હું આરોગ્યની મૂર્તિ છું,' એવી દૃઢભાવના કરીને તેમાં સુદૃઢ શ્રદ્ધા રાખવી; એટલે આપોઆપજ તમારૂં શરીર નિરોગી થઈ જશે. માત્ર તમારી તે ભાવના સતત, દૃઢ અને એકાગ્રતા તથા શ્રદ્ધાયુક્ત હોવી જોઈએ. 'જેવી ભાવના તેવું ફલ' એટલીજ આની મતલબ છે. 'અનામય તે હુંજ' આ ભાવનાનો પ્રત્યક્ષ અભ્યાસ કરીને જુઓ, એટલે આ ઉપદેશનું ખરાપણું તમારા અનુભવમાં સહેજે આવી જશે. આરોગ્યજ હું છું એવી તમારી દૃઢ, સતત ભાવના થઈ, એટલે કદીએ ઔષધી વિનાજ, અને 'હે દેવ! મારો રોગ મટાડો, મને આરામ કરો,' એવી એવી પ્રાર્થનાઓ કર્યા સિવાયજ તમે નિરોગી-નિરામય થઈ જવાના. "नायमात्मा बलहीनेन लभ्यः" એટલે બળ વિનાનાને આત્માનુભવ પ્રાપ્ત થઈ શકતો નથી, એવું મુંડકોપનિષદનું વચન છે. વ્યવહારમાં પણ આવો ન્યાય પ્રવર્તતો આપણે નજરે નથી જોતા શું? તમારે અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનના પ્રેસીડેન્ટની મુલાકાતે જવું હોય અને તમે ભીખારીના ચીંથરીયા હાલમાં જાઓ તો દરવાન બારણામાંથીજ તમોને હાંકી મુકવા સિવાય રહેશે ખરો? એજ ન્યાયે તમારે પરમેશ્વરના મંદિરમાં-દરબારમાં પરમેશ્વરના દર્શને જવું હોય તો શંકાશીલતા છોડી, દુબળાપણાનો ભિખારીનો ચીંથરીઓ પોષાક ફેંકી દઈને આત્મશ્રદ્ધાનો-નિર્ભયતાનો દિવ્ય મૂલ્યવાન પોષાક ધારણ કરીનેજ જવું જોઈએ. ભિખારી અને રાંક ભાવે જશો તો તમોને ધક્કા મારી હાંકી કહાડવામાં આવશે. આ વાત ખૂબ લક્ષમાં રાખો. 'હું આરોગ્ય-મૂર્તિ છું' એવી દૃઢ ભાવના કરો, એટલે તમે એકદમ તંદુરસ્ત થશો. 'જેવી ભાવના તેવું ફળ,' આ તત્વ વિસારશો નહિ, અને કોઈ વાતની ભીખ માગી રાંકડવેશ કરવાને માટે દેવ આગળ જઈ તેને નાહક તસ્દી આપશો નહિ.

'સર્વ શક્તિ હુંજ છું' એ ભાવના તે પછી અભ્યાસ કરવાની આવે છે. આ ભાવનાનું મનમાં ચિન્તન કરવાથી અને મોટેથી ૐ! ૐ!! ૐ!!! એવા પ્રણવ મંત્રનો જપ કરવાથી તમે સર્વશક્તિમાન થશો. આ સર્વ વિશ્વ તે મારી કલ્પના છે; કેવળ મારી ઈચ્છાએ કરીનેજ મને પ્રતીત થતું આ વિશ્વ પેદા થયું છે; આ વાત મનમાં [illegible] એ ભાવના છે. આ ભાવનામાં અવિચલ નિશ્ચય રાખજો. આ [illegible] વાંચતી વખતે આ [illegible] છે, અને જે જે પ્રસંગો કે પુરૂષો આવે છે, તે તે [illegible] અને તે તે પ્રસંગો કે પુરૂષોનું મનન કરવું એ વેદાન્તમાં તમારો અભ્યાસ હોય નહિ, એ વેદાન્તના વિષયમાં તમારૂં [illegible] હોય નહિ, એ વિષય વિષે કંઈ વાચનમાં આવ્યું હોય નહિ અથવા એ વિષય ઉપર તમે કોઈ પણ [illegible] હોય નહિ, તો [illegible] છે, તે કેવળ [illegible] છે, એ [illegible] એટલે આ [illegible] 'સત્ય' [illegible] નીચે લખેલો [illegible] તે ઉપર વિચાર કરો, તેનું મનન કરવું અને તે તે [illegible] અનુભવ કરી લેવો.

હું સર્વ આનન્દ છું. ૐ! ૐ!! ૐ!!!
હું સર્વ જ્ઞાન છું. ૐ! ૐ!! ૐ!!!
હું સર્વ સત્ય છું. ૐ! ૐ!! ૐ!!!
હું સર્વ પ્રકાશ છું. ૐ! ૐ!! ૐ!!!
મને કોઈ ઠેકાણે ભય નથી—હું નિર્ભય છું. ૐ! ૐ!! ૐ!!!
હું રાગ દ્વેષથી રહિત છું—રાગ દ્વેષથી અતીત હું છું. ૐ! ૐ!! ૐ!!!
હું અવાપ્ત કામ છું—હું સમ્પૂર્ણ પરિતૃપ્ત છું. ૐ! ૐ!! ૐ!!!
હું પરમાત્મા છું. ૐ! ૐ!! ૐ!!!
સર્વનાં નેત્ર તે મારાંજ નેત્ર છે. ૐ! ૐ!! ૐ!!!
સર્વના કાન તે મારાજ કાન છે. ૐ! ૐ!! ૐ!!!
સર્વનું મન તે મારૂંજ મન છે. ૐ! ૐ!! ૐ!!!
સર્વ મુનિ જે તત્ત્વ જાણવાની ઇચ્છા કરે છે તે તત્ત્વ હુંજ છું. ૐ! ૐ!! ૐ!!!
ચંદ્ર સૂર્યમાં જે તેજ—ચૈતન્ય છે તે હુંજ છું. ૐ! ૐ!! ૐ!!!

અહીંઆં 'સોહમ્' ભાગ સમ્પૂર્ણ થાય છે.

જેવી ભાવના તેવું ફળ.

હવે 'રામ' તમો સમસ્ત હિંદુ લોકના પુરાણમાંની એક વાત કહી બતાવશે. એ વાતથી અત્યાર સુધીમાં કરેલા વિવેચનનો વધારે ખુલાસો થશે અને આ વિષય ઉપર વધારે અજવાળું પડશે. એક વખતે કોઇ એક પંડિત કેટલાક લોકો પાસે પુરાણ—કથા વાંચતા હતા. વેદાન્તના કોઈ એક સિદ્ધાન્તનું વિવેચન ચાલતું હતું. કેટલીક ગોવાલણીઓ—મહીઆરીઓ તે વખતે દૂધ વેચવા જતી હતી. તેમના કાને શાસ્ત્રી મહારાજના મુખનાં પાછલાં વચન પડયાં કે "આ અપાર સંસાર સમુદ્ર તરવાને પરમેશ્વરનું નામસ્મરણ એજ મુખ્ય વહાણ છે, પરમેશ્વરના નામસ્મરણ માત્રથીજ આ પ્રપંચરૂપી મહાસાગર સહેજે તરીને પાર ઉતરાય છે, તો પછી નદીઓ તરી પાર ઉતરી જવાનો તો હિસાબજ શો?" તે વિદ્વાન પુરાણીબાવાના મુખનાં આવાં વચન તે મહીઆરીઓએ સાંભળ્યાં અને તેમને તે અક્ષરે અક્ષર સાચાં લાગ્યાં. પુરાણી મહારાજનાં વચનોમાં તેમની શ્રદ્ધા ચોંટી. તેઓ નદી ઉતરીને સામે તીર રોજ દૂધ વેચવા જતી હતી અને તેમને જતાં આવતાં મળીને બબ્બે પૈસા હંમેશ ખર્ચ કરવો પડતો હતો. શાસ્ત્રીબાવાનાં વચનો તેમના મનમાં ઘોળાયા કરતાં હતાં અને તેમાંથી તેમણે એવો વિચાર નિર્ણય કર્યો કે એવા પ્રતિષ્ઠિત પંડિતનાં શાસ્ત્ર પ્રમાણે કહેલાં વચનો કદી અન્યથા થાય નહિ. એ તો સાચાંજ પડવાનાં. નદી પાર જતાં અને આ તરફ આવતાં હર વખતે આપણને બે પૈસાનો ખર્ચ થાય છે, તો શા માટે આ વિદ્વાન પંડિતજીના ઉપદેશનો આપણે લાભ નહિ લેવો! પરમેશ્વરનું નામસ્મરણ કરીને આપણે પણ રોજ નદી ઉતરી સામે તીર જઇ પાછાં ફરીશું. આવી રીતે નદી ઉતરવાના ખર્ચનો બચાવ શા માટે ન કરીએ! પુરાણીબાવાનાં વચનોમાં તે મહીઆરીઓની અવિચલ શ્રદ્ધા થઈ ગઇ હતી. બીજેજ દિવસે તે ઉપદેશનો અમલ કરવાનો તેમણે નિશ્ચય કર્યો. દેવનું નામ સ્મરણ કરીને અને અક્ષર પ્રણવનો મંત્ર જપતી જપતી તેઓ નદી ઉતરી ખુશ ખુશાલ સ્હામે તીર ગઇ. પછી તેઓએ રોજ રોજ દેવનું નામ સ્મરણ કરીને નદી ઉતરીને સામે તીર જવાનું અને પાછું આ તીર

ઉતરી આવવાનું ચાલુ રાખ્યું. હોડીનો રોજનો ખર્ચ બચવા માંડયો. જે પુરાણી મહારાજનાં ઉપદેશ વચનોથી આ પ્રમાણે રોજ તેમના ખર્ચનો બચાવ થવા લાગ્યો તે પુરાણી મહારાજ ઉપર તેમના મનમાં અપૂર્વ કૃતજ્ઞ બુદ્ધિ થવાથી ભક્તિભાવ ઉત્પન્ન થયો. તેઓએ શાસ્ત્રીજીને ઘેર તેડી તેમનો યથાશક્તિ આદરસત્કાર કરીને ઉપકાર જણાવવાનો નિર્ણય કર્યો. મહીઆરીઓની અલૌકિક શ્રદ્ધા જોઇને પંડિતજીએ તેમનો આદરસત્કાર સ્વીકારવાની હા પાડી. ઠરાવેલે દિવસે તે મહીઆરીઓમાંથી એક બાઈ પંડિતજીને તેડું કરવા આવી. એટલે તત્કાલ પુરાણી બાવા પોતાના મિત્ર પરિવારસહિત તેમને ગામ જવાને તૈયાર થયા. પેલી મહીઆરી પુરાણી બાવા મિત્રમંડળ સહિત આવે છે, એવી ખબર સહીઅર મહીઆરીઓને આપવાને આગળ ચાલતી થઈ, અને પુરાણી બાવા પાછળ ધીરે ધીરે મંડળી સાથે આવવા લાગ્યા. નદી નજીક આવતાં, મુખેથી રામસ્મરણ કરીને, ૐકાર મંત્રનો જપ જપતી જપતી તે એક ક્ષણમાં નદી ઉતરી સામે તીર જઈ ઉભી. આ બાજુ પુરાણી બાવા નદી કાંઠે આવીને અટકી પડયા અને સામે તીર જવા માટે નાવડાની વાટ જોવા લાગ્યા. થોડા વખત પછી ગોવાળણીએ જોયું તો શાસ્ત્રી મહારાજ તો સામે તીરેજ બેઠેલા હતા. આમ થવાનું કારણ શું ? પુરાણીને આવતાં આટલી વાર શાથી લાગી ? વગેરે બાબત તે મહીઆરીને મોટો અચંબો લાગ્યો. પુરાણીને શું થયું, તે જોવાને તત્કાળ તે મહીઆરી પાછી ફરી, અને નદી ઉતરીને આવતાં શાથી વાર થઈ, એમ તેણે પૂછયું. વાર થઈ એટલે ? હું ક્યારનોએ અહીંઆં હોડીની વાટ જોઇને બેસી રહ્યો છું; પણ હોડીનો પત્તો નથી ! હવે સામે તીર શી રીતે આવી શકાય ! તેમને તે મહીઆરીએ હાથ જોડીને કહેવા માંડયું: "પુરાણી મહારાજ ! ખરેખર આપનો અમારી ઉપર મોટો ઉપકાર થએલો છે, આપના અમે ઓશીંગણ છીએ, આપનાજ ઉપદેશથી અમારો જન્મ સફળ થયો છે; અમારૂં કલ્યાણ થઈ ગયું છે; અમારા હોડી ખર્ચના પૈસા બચે છે. આપના ઉપદેશથી જ્યારે નદી ઉતરતાં અમો સરખાંને હરકત પડતી નથી ત્યારે આપની તો વાતજ શી ? આપ જ્ઞાની છો અને જોતજોતામાં હોડી વિના નદી ઉતરી સામે તીર જઈ શકો એમ છો, એ શું અમે જાણતા નથી ? તેથીજ હું આપને પાછળ મૂકી નદીની સામે તીર ગઈ. હવે આપ પાછળ કેમ બેસી રહ્યા અને આપને આવતાં શાથી વાર થઈ; તેનો તપાસ કરવા હું પાછી આવી છું." ગોવાળણીના આ શબ્દો સાંભળી શાસ્ત્રી બાવા તો દંગજ થઇ ગયા ! તે બોલ્યા: "મેં તમોને એવો તે કયો ઉપદેશ કર્યો હતો કે જેના યોગે તમો હોડી વિના નદી ઉતરી શકો છો ?" તેના જવાબમાં તે મહીઆરી બોલી: "મહારાજ, આ શું ? આપ શું અમારી આમ પરીક્ષા કરી જુઓ છો ? આ ભવસાગર તરવાને ભગવાનના નામની નૌકા છે એવું આપે એક વખતે કથા કરતાં નહોતું કહ્યું ?" આ શબ્દો સાંભળતાંજ પુરાણીજીના મનમાં અનેક શુભ ભાવનાઓનો પ્રકાશ પડયો; જ્ઞાન થઇ આવ્યું. તે મહીઆરીની આવી અપૂર્વ શ્રદ્ધા જોઈ પુરાણી મહારાજે પણ પોતાનાં ઉપદેશ વચન પ્રમાણે ચાલવાનો નિર્ણય કર્યો. પુરાણી બાવાએ એક લાંબુ દોરડું મંગાવ્યું અને તેને પોતાની કેડે બાંધીને તેનો છેડો પોતાના સોબતીઓના હાથમાં આપીને કહ્યું કે દેવનું નામ સ્મરણ કરીને હું પણ નદી ઉતરૂં છું, પણ જો હું બૂડવા માંડું તો દોરડું ખેંચી મને બહાર તાણી કહાડજો. આ પ્રમાણે ચલિત નિશ્ચય અને લથડતે પગે પુરાણી બાવાએ જેમ તેમ બળાત્કારે મનને ઠેકાણે રાખી નદીમાં ઝંપલાવ્યું. પણ પાંચ દશ કદમ જતાં જતાં તો તેઓ ગભરાઇ જવા લાગ્યા ! પાણી જ્યાં જરા વિશેષ આવ્યું ત્યાં તો ડૂબવા પણ લાગ્યા ! તેજ સમયે તેમના

પેલા મિત્રોએ દોરડું ખેંચી તેમને કિનારાપર આણ્યા. આવી રડતી શ્રદ્ધા કાંઈ કામમાં આ નથી. આ વાતમાંના પુરાણી બાવા જેવી ડગમગતી શ્રદ્ધા આત્માના અનુભવમાં કાંઇ પણ ઉ યોગની નથી. કાચો વિશ્વાસ-વહેમીપણું એ અન્તઃકરણના દોષો છે, અવગુણ છે, દુર્ગ છે, અને એજ આમણા વિનાશનું-પડતીનું-અધોગતિનું કારણ છે.*

પ્રણવમંમ ૐકારનો જપ કરતી વખતે 'હું પોતે તંદુરસ્ત છું, આરોગ્યની મૂર્તિ હું પે છું, હું નિરામય છું.' આ કલ્પનાનું-ભાવનાનું ધ્યાન ધરતાં જો લેશ પણ શંકા તમારા મન રહેશે તો બધુંએ પાણીમાં જશે! "જો" અને "તો" તમારા મનમાં રહેશે-હું બૂડું તો તાણી કાઢજો, એવી જાતનું ડગુમગુપણું જો તમારા મનમાં-અન્તઃકરણમાં રહી જશે, તો એ ભાવનાથી કે પ્રાણાયામથી તમને કશોજ લાભ થવાનો નથી. અવિચળ શ્રદ્ધાની-અડગ વિશ્વાસ આ કામમાં ઘણીજ જરૂર છે. વિશ્વાસ વિના એકલા સંકલ્પથી કે કલ્પનાથી ફળ પ્રાપ્તિ થ નથી, એ વાત બહુ ધ્યાનમાં રાખવી જોઇએ. આ આખું વિશ્વ આપણી કલ્પનાનોજ ખેલ છે. સર્વ અને અભેદ, બધી પરિસ્થિતિઓ, જૂદા જુદા પ્રસંગો અને બનાવો આપણાજ છે-આપણી જાતે નિર્માણ કરેલા છે; એમાં લેશ પણ શંકા નથી. તમે પ્રત્યક્ષ ઈશ્વર છો, દેવના દેવ છો, એવી ભાવ શ્રદ્ધાપૂર્વક સ્થિર કરો, એટલે તમને તેવો અનુભવ થશે. આ દેહેજ અને બને તો આને ક્ષણેજ આ વાતની સત્યતાનો અનુભવ કરી લ્યો. માત્ર આ વચનોમાં સુદૃઢ શ્રદ્ધા રાખવી જોઇ અચલ શ્રદ્ધા થવાંની સાથેજ અનુભવ મળી ચૂકે છે. આજે કહેલી પદ્ધતિ પ્રમાણે આ નિબંધની સુ કલ્પનાનો અભ્યાસ કરો, એટલે તમારામાં નબળાઇ લાવનાર, તમારા વિચારબળને સૂકવી નાં નાર, તમારા પગને ઢીલા કરી નાંખનાર તમારી શંકા, કુશંકા અને તમારા અજ્ઞાનથી-અ ધાથી ઉપજેલ 'જો' 'તો' નિર્મૂળ થઇ જશે. 'હું પરમેશ્વર છું,' આ ભાવનામાં તદાકાર થ જાઓ, આ ભાવનાથી તમારા અન્તઃકરણને રંગી કાઢો, આ ભાવનામય તમારૂં અન્તર ક નાંખો, એટલે અશ્રદ્ધાથી નિપજનાર 'જો' અને 'તો' અર્થાત્ આપણા આધ્યાત્મિક ઈશ્વરપ સંબંધીની ભૂલભરેલી ભ્રમણાઓ તત્કાળ ટળી જશે. આ નિબંધના સિદ્ધાન્તનું રોજ પાંચ મનન કરવું; તેટલી વાર ન બને તો નિદાન બે વાર તો કરવુંજ; જેથી તમારા સંદેહ મ ટળી જશે અને હું ઈશ્વર છું એવી ભાવના તમારા અન્તઃકરણમાં સજ્જડ-મજબૂત ચોંટી જશે

હવે ત્રણવાર ૐકાર પ્રણવનો ઉચ્ચાર કરી 'રામ' આજનું વ્યાખ્યાન સમાપ્ત કરે છે. કોઇને આ અથવા બીજા વિષય બાબત પ્રશ્ન પૂછવા ઈચ્છા હોય તેમણે 'રામ'ના વ્યાખ્યા પીઠ ઉપરથી ઉઠ્યા બાદ બેલાશક આનંદપૂર્વક પૂછવા.

આજ સુધી થએલાં વ્યાખ્યાનો જેઓએ સાંભળ્યાં નહિ હોય તેમને આજના વ્યાખ્યા નનો યથાર્થ બોધ થશે નહિ, તેવાઓને સગવડ કરી આપવા ખાતર વેદાન્તના સિદ્ધાન્તે પદ્ધતિ પુરઃસર ગોઠવીને એક ગ્રંથ લખવાનો 'રામ'નો વિચાર છે. એ ગ્રંથથી વેદાન્તનું-તત્ત્વ જ્ઞાન અહીંના લોકને ઘણું સુલભ થઇ શકશે. જેમના મનમાં વેદાન્ત સંબંધી જૂદી જૂદી શંકાઓ ઉપજતી હોય, તેમણે ધ્યાનમાં રાખવું કે તેવી શંકાઓ 'રામ'ને પોતાને પણ ઘણાં વર્ષો ઉપ થતી હતી. જે સંદેહ આજે તેમના મનમાં થાય છે તેજ સંદેહ 'રામ'ના મનમાં પણ થતા હતા. તમોને જે જાતનો વ્યામોહ થાય છે તેજ જાતનો વ્યામોહ 'રામ'ને પણ થતો હતો. પણ આ સઘળા સંદેહ, શંકા અને કુતર્કોદિ મોહજાળને તોડીફાડી 'રામ' પોતે મુક્ત થયો અને

* अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति गीता। अ. ४. ४०

પોતાનું કલ્યાણ સાધી લીધું. વ્હેમ, મોહ અને અવિશ્વાસ એ અજ્ઞાનથી થએલી વિપરીત કલ્પનાઓનું પરિણામ છે. આ વાત બરાબર લક્ષમાં રાખવી. ખરેખરૂં જ્ઞાન થતાંની સાથેજ સંશય માત્ર ટળી જાય છે, સંદેહ લોપ થઈ જાય છે અને મનની ગાંઠ છુટી જાય છે. નિમિષ માત્રમાં શંકા માત્રનું સમાધાન થઈ જાય છે. હજુ પણ કોઈને કાંઈ શંકા રહી જતી હોય અને પૂછવાની ઇચ્છા થતી હોય તો 'રામ' તૈયાર છે. તેને માટે 'રામ' અહીં થોડેક વખત રોકાનાર છે.

વેદાન્ત તમારૂં છે.

બીજી એક વાત ધ્યાનમાં રાખવા જોગ છે. તે એ કે જો દુઃખ માત્રથી-ઉપાધિ માત્રથી છુટવાની, મુક્ત થવાની, ઇશ્વરનો સાક્ષાત્કાર કરવાની તમારી મરજી હોય તો વેદાન્તનો અભ્યાસ કરો. વેદાન્તના સિદ્ધાન્તોને તમારા નિત્યના વ્યવહારમાં વણી લો. તમારાં સર્વ કામકાજ વેદાન્ત પ્રમાણે કરો. જીવનું કલ્યાણ કરવાનો આ એકજ માર્ગ છે. વેદાન્ત સિવાય તારણનો બીજો માર્ગ નથી, એ 'રામ' ફરી ફરીને દાંડી પીટીને, ઘંટ ઘોષ કરીને કહે છે. સર્વ જાતના ધર્મ પંથ, સર્વ જાતના મત મતાંતરો, સર્વ જાતના અનુભવો, સારાંશ કે રહસ્ય માત્ર તમને વેદાન્તમાંજ મળી આવશે. અમેરિકામાં નવા નવા નીકળીને ચાલુ થએલા ધર્મ-પંથો વેદાન્તના સિદ્ધાન્તોનો અનુવાદ કરે છે, વેદાન્તને પોતાનું કરી લે છે, વેદાન્તનેજ પ્રતિપાદન કરે છે. આ બહુ મંગલકારક ચિહ્ન છે. વેદાન્તના તેઓ આભારી છે, એમ જણાવવાની જરૂર નથી. ખ્રિસ્ત ચિકિત્સા,* નવવિચાર પંથ,+ સંસ્કારવાદ— ઇત્યાદિ શાસ્ત્રો અથવા

* ખ્રિસ્ત ચિકિત્સા (ક્રિશ્ચન સાયન્સ)—આસ્થાથી રોગ મટાડવાની પદ્ધતિ,—મેરી બેકર એડિ નામની એક અમેરિકાની વિદુષી બાઇએ સને ૧૮૬૬ ના સુમારમાં આ પદ્ધતિનો પ્રચાર કરવાની શરૂઆત કરી. ઔષધ વિના કેવળ ઇશુ ખ્રિસ્તની પ્રાર્થના કરીને તેજ કહાવડે મોટા મોટા રોગ મટાડવાનું કામ આ ચિકિત્સા પદ્ધતિમાં વિશેષ છે.

+ નવવિચાર પંથ (ન્યુ થૉટ)—આ પંથનો મુખ્ય પ્રવર્તક અમેરિકામાં એમર્સન નામનો તત્ત્વજ્ઞાની થયો. ખ્રિસ્તિ ધર્મના પરંપરાના આચારવિચારને વળગી નહિ રહેતાં સ્વતંત્ર બુદ્ધિથી તેમની ચોકસી કરીને, જે બુદ્ધિ કબુલ કરે નહિ તેનો નિષેધ કરવો, એવું આ પંથનું મુખ્ય તત્ત્વ છે. સને ૧૮૩૦ થી તે સને ૧૮૫૦ સુધી આનું અમેરિકામાં વિશેષ જોર હતું. [illegible] ... ખ્રિસ્ત [illegible]

+ સંસ્કારવાદ ([illegible])—[illegible]

નવાં શાસ્ત્રોનો પ્રચાર કરવામાં અમેરિકામાં નવી નવી સંસ્થાઓ વેદાન્તનોજ અપ્રત્યક્ષ રી અનુવાદ કરે છે-સત્યનુંજ પ્રતિપાદન કરે છે. અમેરિકાના લોકોના ભાગ્યોદયનું આ ચિહ્ન છે. અમેરિકામાં રોજ નીકળતા નવા નવા ધર્મો, પંથો અને મતો અથવા શાસ્ત્રો કિ કરનાર છે, પણ જો તમારે સત્યને તેના સમ્પૂર્ણ તેજોમય ઐશ્વર્ય સહિત અનુભવવું હોય, સત્ય તત્ત્વનું સર્વાંગ સુન્દર અને સમ્પૂર્ણ સ્વરૂપ જાણવાની તમારી મનીષા હોય, તો માટે તો આર્યોનું વેદાન્તજ છે. વેદાન્તને તમે ગમે તે બીજું નામ આપો, પણ જો કોઈ ઠેકાણે સત્યને તેના સમ્પૂર્ણ નિશ્ચિત સ્વરૂપમાં-ખુલ્લે ખુલ્લી ભાષામાં જણાવેલું-પ્રતિપાદન કે હોય તો તે હિંદુઓના વેદાન્તમાંજ પ્રતિપાદન કરેલું છે. ' तत्त्वमसि ' આ દિવ્ય સિદ્ધાન્ત અનુભવ કરી લ્યો, એટલે તમારી ઉપાધિ માત્ર ટળી જશે. પછી તમને ઉપદ્રવ કે હાનિ કરવા કોઈનું સામર્થ્ય ચાલશે નહિ. તમે સર્વેશ્વર થશો. હું દેવનો દેવ છું; આ ચરાચર જ મારોજ નિશ્વાસ છે; મારીજ કલ્પનાનો-મારાજ સંકલ્પનો આ સર્વ ખેલ છે; આ સર્વ અનુભવ કરી લ્યો. વેદાન્તની વિચારસરણીનો સહજ પણ પરિચય નહિ હોવાના કાર આવી જાતનાં વચનો તમોને કઠિન-કઠણ લાગશે; પણ તેથી ગભરાશો નહિ. તમારા પૂ ઓને આ વેદાન્તના સિદ્ધાન્તોનું જ્ઞાન નહોતું તેમાં થઇ શું ગયું? વેદાન્તના સિદ્ધાન્ત માહિતી તે વખતે તેઓને થઇ શકે એમ નહોતું; પણ તે પરિસ્થિતિ આજે રહી ન વેદાન્ત તમોને ઘેર બેઠે ગંગાની પેઠે મળ્યું છે તો તેનો ઉપયોગ કરી તમારે પોત કલ્યાણ સાધી લેવું જોઇએ. તમારા જીવનનું કલ્યાણ તમારે જાતેજ કરવાનું છે. આ કા કંઈ તમારાં ઘરડાંઓનું નથી. તમારાં ઘરડાંઓએ તેમના પોતાના દેશ કાળમાં જે કંઈ શક્યું તે કર્યું છે. તેમને વેદાન્તની ખબર નહોતી તેમાં તેઓનો શો વાંક! તો વેદાન્તને પારકું કે વિદેશી સમજશો નહિ. વેદાંત તમારૂં છે; હરેકનું છે; અને હરેકને સહેજે મળી શકે છે. શું તમારો જીવ પારકો છે? ના તે પારકો નથી અને તેજ પ્રમા વેદાન્ત પણ તમારાથી પારકું નથી. તે તમારૂં પોતાનુંજ છે. વેદાન્ત એટલે શું વેદાન્ત એટલે આત્મા વિષેનું જ્ઞાન-આત્મજ્ઞાન. તમારો આત્મા જો પારકો ગણાય છે તો વેદાન્ત તમોને પારકું લાગે. એ વેદાન્તનો અનુભવ કરી લેશો-આત્મજ્ઞાન સંપાદન કરે એટલે તમારાં દુઃખ માત્ર ટળી જશે. ત્રિવિધ તાપથી તમે છૂટશો. વેદાન્તનો અનુભવ લે હેવો એ કાંઈ એટલું બધું કઠિન નથી. આજે કહી બતાવેલી પદ્ધતિનો જો તમે શ્રદ્ધા અ પ્રીતિપૂર્વક અભ્યાસ કરશો તો સહેજે તમોને આત્માનો અનુભવ કરતાં આવડશે.

ॐ ॐ ॐ



૨૪–દુઃખમાંથી ઈશ્વરમાં.*

લોકો દુઃખી શા માટે થાય છે–જગતમાં દુઃખ શા માટે છે, એ પ્રશ્નનું આજે નિરાકરણ કરીશું.

ઇતિહાસની દૃષ્ટિથી અથવા તો ઇતિહાસ અને પુરાણના ગ્રંથોમાં જે વાંચેલું છે તે ઉપરથી મહાત્માઓના અનુભવનાં પ્રમાણો અને બુદ્ધિમાનોના અભિપ્રાય આપીને આપણે એનું વિવેચન નહિ કરીએ. એ તો સાચુંજ છે કે એ બધા વિદ્વાન લેખકો, મહાન વિચારકો અને ગ્રંથકર્તાઓએ સત્યજ જાહેર કર્યું છે. પરમ સત્યરૂપે જે તેઓના અનુભવમાં આવેલું તેજ તેઓ બોલ્યા છે. છતાં જ્યાં સુધી એ બધાં પ્રમાણો કે ઉપદેશોની તમે પોતે પરીક્ષા કરીને તમારા પોતાના અનુભવથી તેને ન તપાસી જુઓ ત્યાં સુધી જગતના એ બધા લેખકોના લેખ તમારે કામના નથી. 'રામ'ને જે પોતાને અનુભવથી સમજાયું છે, અને બધા સજ્જનો જેને પોતાના અનુભવથી સમજી શકે એવું છે, તેજ 'રામ' તમને કહી સંભળાવશે.

પ્રમાણો આપવાની એટલે કે કોઇ મહાન પુરુષો, ઇતિહાસકાર, વિજ્ઞાનશાસ્ત્રી અને અદ્ભુત પ્રતિભાશાળી પુરુષોનાં નામ ગણાવી જઈ તેઓના વચનો વાપરવાની આજકાલના લોકોને બહુ ટેવ પડી ગઈ છે; અને એવા પુરુષની પ્રશંસા પણ થાય છે. પણ એ તો આત્મહત્યા કરવા જેવી ટેવ છે. 'રામ' તમને પોતાના અનુભવની વાતોજ કહેશે અને તે પણ એવી કે જેને તમે તમારા અનુભવમાં ઉતારી શકો.

જગતમાં પ્રતીત થતા દુઃખનું એક મુખ્ય કારણ તો એ છે કે આપણે આંતરવલોકન નથી કરતા; આપણે આપણો પોતાનો અભિપ્રાય નથી બાંધતા, પણ પારકાપરજ આધાર રાખીએ છીએ; આપણું પોતાનું બુદ્ધિ કાર્ય કરવામાં–આપણે પોતાને માટે વિચાર કરવામાં આપણે બહારનાં પ્રમાણોનો–બાહ્ય શક્તિઓનો આધાર લઇએ છીએ.

આપણે આપણી પોતાની દૃષ્ટિથી ન જોતાં અન્યની દૃષ્ટિથી જોઇએ છીએ. મહમ્મદ, બુદ્ધ અને કૃષ્ણ જેવામાં શ્રદ્ધા રાખવા ઉપરાંત આપણે બીજા પણ અનેક નવીન દેવતાઓ ઉત્પન્ન કર્યા હોય છે. કોઈ બાળક આપણી વર્તણુકની સહજ ટીકા કરે છે એટલે આપણા મનનું સમતોલપણું જતું રહે છે અને દુઃખ થાય છે. આ પ્રમાણે આપણે બીજાના અભિપ્રાય અને ટીકાને બહુ વજન આપીએ છીએ; અને તેમની કૃપા સંપાદન કરવામાં વ્યર્થ સમય ગુમાવીએ છીએ. પોતાના પોતેજ નિરીક્ષક ન બનતાં બીજાના અભિપ્રાય પ્રમાણે પોતાની જાતનું કે પોતાના કામનું અવલોકન કરવાની ટેવજ સર્વ દુઃખનું કારણ છે.

આવી પારકા અભિપ્રાયની ચર્ચા કરવાની ટેવ એ એક જાતની નબળાઈ અને આત્મઘાતજ છે. આપણે બીજાની દૃષ્ટિમાં બહુ સારા દેખાવાની ઇચ્છા રાખીએ છીએ તેજ મોટું સામાજિક દૂષણ અને ધર્મના નાશનું કારણ છે.

* તારીખ ૮–૨–૧૯૦૩ ના રવિવારે મધ્યાહ્ન પછી અપાયેલું વ્યાખ્યાન.

હિંદુસ્તાનના એક ગામડામાં એક બહુજ ભોળો માણસ રહેતો હતો. અમેરિકા વગેરે દેશોમાં જેમ એપ્રિલ મહિનામાં બીજાઓને મૂર્ખ બનાવવાનો રિવાજ છે, તેવા હિંદુસ્તાનમાં હુતાશનીના દિવસો કહેવાય છે. તેના એક દિવસે ગામડાના આનંદી જુવાન માણસોને આ ભલા માણસની મજાક કરવાનું ઠીક લાગ્યું. પહેલાં તો તેઓએ એને દારુ પાઇને ગાંડો બનાવી દીધો, અને પછી તેને તેના એક અત્યંત વિશ્વાસુ મિત્ર પાસે મોકલ્યો. જ્યારે એ મૂર્ખ પેલા સહૃદય મિત્ર પાસે પહોંચ્યો ત્યારે પેલા મિત્રે પોકેપોક રડવા માંડયું. તેણે ઘણાં રડારોળ કરીને પેલા મૂર્ખને કહ્યું કે, "ભાઇ, હું હમણાંજ તારે ઘેરથી આવ્યો અને મેં ત્યાં તારી સ્ત્રી તો વિધવા થઇ બેઠી છે." એ સાંભળી પેલો મૂર્ખ માણસ પણ રડવા લાગ્યો. પોતાની પત્નીના વિધવાપણાને માટે બહુજ વિલાપ કરવા માંડયો.

એ કોલાહલ સાંભળીને થોડી વારે બહારના લોકો આવ્યા ને પૂછવા લાગ્યાઃ "તમે શા માટે રડો છો ?" મૂર્ખ માણસે જવાબ આપ્યોઃ "મારી સ્ત્રી વિધવા થઇ ગઇ છે, માટે હું રડું છું." લોકો કહેવા લાગ્યાઃ "અરે, એવું તે કેમ બને ? તમે કહો છો કે તમારી સ્ત્રી વિધવા થઈ ગઇ છે, પણ તમે તેના પતિ તો જીવતા બેઠા છો ! અરે, તમે જીવો છો છતાં તે વિધવા કેવી રીતે બને ?"

પેલા મૂર્ખદાસ તો સમજેજ શેના ? તેણે કહ્યું: "જતા રહો અહીંથી, તમે કંઇ સમજતા નથી; આ મારો અત્યંત સહૃદય વિશ્વાસપાત્ર મિત્ર છે; એ હમણાંજ મારે ઘેરથી આવીને વિધવા જોઇને આવ્યો છે. એ કહે તે ખોટું હોયજ નહિ."

લોકોએ હસીને કહ્યું: "જુઓ તો, કેવી અત્યંત અસંભવિત વાત છે !"

આપણે પણ આ મૂર્ખની વાર્તા સાંભળીને હસી પડીશું. તેને ગમે તેટલું સમજાવવા છતાં પણ તે સમજતોજ નહોતો. તે જ્યાં સુધી જીવતો હોય ત્યાં સુધી તેની પત્ની વિધવા ન થાય એવી નાથાક્કોડ તેની મગજે બેસતી નહતી.

જગતના તમામ બ્રાહ્મણો, નાનકડાઓ અને દંભી, અભિમાની તેમજ વ્યાવહારિક લોકો તરફથી પણ આવી અસંભવિત મૂર્ખતાજ કરવામા આવે છે. તેઓ પોતાની આંખે જોતા નથી, વિચાર કરવામાં પોતાની બુદ્ધિનો ઉપયોગ કરતા નથી.

તમારામાં તમારો સ્વાત્મા-તમારૂં સચ્ચિદાનંદ સ્વરૂપ-સર્વ જ્યોતિઓની જ્યોતિ-નિર્મળ અવર્ણનીય સ્વર્ગોનું સ્વર્ગ વિરાજમાન છે. તમારો આત્મા સર્વદા સજીવન, અગ્નિવાળો, અજર, અમર છે, અને તે છતાં તમે રડી કૂટ કરી મૂકીને પોકારો છો કે "અહા ! અમને ક્યારે સુખ મળશે ?" આમ વિલાપ કરીને તમારાં દુઃખ નિવારણ કરવા માટે બહારનાં દેવી-દેવતાને જે પ્રાર્થના કરો છો, તેથી તમે કેટલીએક વખતે દેવોને આધીન થઇ જાઓ છો; અને પોતાની જાતને ભારી લોકો ઉપરની આશા જેવું કરો છો. પેલો દારૂ પીધેલો માણસ પોતાનાજ અસ્તિત્વને ભૂલી જઇને પોતાની પત્નીની વાસ્તવિક સ્થિતિનું અસ્તિત્વ ભૂલી ગયો હતો તેવુંજ તમે પણ કરો છો.

કેઇ અજ્ઞાન લોકો કે કોઇ લોકો પોતે પોતાને પાપી કહે અને તમને મરેલા જાણે તમને કહ્યા; તે માટે તમો પણ તેમજ કરો છો, અને પોતાની જાતને અધમ, નિર્બળ સમજવામાંજ તમારી મુક્તિ માની બેઠા છો ! લોકો આમજ કર્યા કરે છે, પણ તેથી કંઇ વળવાનું નથી.

તમારા આત્માનો સાક્ષાત્કાર કરવાનું શરૂ કરો; તમે પોતેજ જે વિશુદ્ધ આત્મસ્વરૂપ છો એવો અનુભવ કરવા માટે. તમને નિર્બળ બાયલા બનાવનારી આ આવની પદ્ધતિનો સત્વર ત્યાગ કરો. તમારા પોતાના આત્મબળપરજ અવલંબન કરતાં શીખો. તમે બહારથી બહુ ઉચ્ચ સ્થિતિમાં હો કે અધમ સ્થિતિમાં હો તેની તિલમાત્ર પણ પરવા ન કરો. તમારાજ અંતરમાં રહેલી તમારી પોતાનીજ મહિમાની અનુપમ પ્રભુતાનો-પ્રભુનો સાક્ષાત્કાર કરો. સર્વ વસ્તુમાં આત્મદર્શન પામો. અમારાથી નહિ, તમારી જાતનું અન્યની દૃષ્ટિથી અવલોકન ન કરતાં તમે પોતેજ તમારૂં નિરીક્ષણ કરો. તમારો પોતાનો આત્મા તમને હંમેશાં એજ ઉપદેશ કરશે કે "સમસ્ત જગતમાં તમે સર્વથી મહાન્ આત્મા છો." તમે પાપી છો એમ ઉપદેશક ભલે સમજાવે છે, પણ 'રામ' કહે છે કે તમારૂં અંતર્યામી સ્વર્ગ તમને નપાક્, અધમ કે બાયલા બનાવું કદી પણ કહેતુંજ નથી. એ અંતરમાં રહેલા સ્વર્ગનો-આત્માનો-પ્રભુતાનો સાક્ષાત્કાર કરો.

એક વાર પર્વત અને ખિસકોલી વચ્ચે વાદવિવાદ થયો. પર્વતે ખિસકોલીને કહ્યું: "તું કેવું તુચ્છ પ્રાણી છે!"

ખિસકોલીએ ઉત્તર આપ્યો: "પર્વતરાજ! અલબત્ત બહારથી તમે બહુ મોટા દેખાઓ છો, પણ જરી ભાળજો. પૂર્ણ વિચાર કરો એટલે અને તેમ કરી એનાં મારા શરીરના નાનાપણા માટે મને જરાએ હલકું લાગતું નથી. જેમ હું તમારા જેવી બહારથી મોટી પણ નથી, તેમ તમે મારા જેટલા ચૈતન્યવાળા પણ નથી. હું તમારા માથાપર ચઢીને નાચી શકું છું, તમે મારાપર આવવાની તાકાત ધરાવતા નથી ત્યારે મારી પીઠપર એકાદ નાના જંતુને પણ હું સહન કરી નથી ત્યારે તમારી પીઠપર તો હજારો નાના મોટા જંતુ દોડતા ફરે છે! અલબત્ત હું મારી પીઠપર મોટાં ઝાડવાં ધારણ કરી શકતી નથી, તેમ તમે એક દાણો પણ તોડી શકતા નથી!"

આજ રીતે કદાચિત તમે પેલી નાની ખિસકોલી જેટલા નાના હો અને તમારી પાસે કોઈ એક પર્વત જેવડો મોટો જડ પદાર્થ ઊભો પડ્યો હોય; છતાં તેથી જરાએ એમ ન સમજશો કે તમે કનિષ્ઠ છો. પેલી નાની ખિસકોલી જેટલા પણ કદ કરીને એટલું યાદ રાખજો કે તમારૂં શરીર ભલે તેટલું નાનું હશે તોપણ એમાં ચૈતન્યરૂપે રહેલા એવા તમે પોતે જે નાના શરીરદ્વારા પણ એવું મહાનકાર્ય કરી શકો તેમ છો કે જેની સાથે કોઈ પણ મોટું શરીર કે જડ વસ્તુનો હરીફાઈ કરી શકનાર નથી; અને આમ છે તે પછી તમે પોતે તમને શા માટે નાના-નજીવા-તુચ્છ સમજો છો? આનંદી, ઉત્સાહી અને સુખી બનો.

એક સજ્જને 'રામ' પાસે આવીને કહ્યું કે તેના ઉપરીએ તેની સાથે તોછડાઈ ભરી વર્તણુંક ચલાવી એને એનો ઉત્તર આપવામાં આવે છે કે તમે પોતેજ તમારી જાતને ઉતરતી કરી નાખી છે. તેથીજ તમારો ઉપરી તમને ઉતારી પાડે છે. જે આપણે આપણું સન્માન સાચવીએ તે પ્રત્યેક મનુષ્ય આપણો સત્કાર કરે છે. જો દુકાનદાર જે એક વસ્તુની કિંમત ઘણી ઘટે તે કોઈ એક પૈ આપે નહિ, પણ જે એક રૂપિયો ઓછો ઘટે તે એક રૂપિયો આપતાં જરા તે તેને પોતાની મનવાટને વિચાર મૂકી દેશે.

હિંદુસ્તાનના એક ગામડામાં એક બહુજ ભોળો માણસ રહેતો હતો. અમેરિકા [illegible] દેશોમાં જેમ એપ્રિલ મહિનામાં બીજાઓને મૂર્ખ બનાવવાનો રિવાજ છે, તેવા હિંદુસ્[illegible] હુતાશનીના દિવસો કહેવાય છે. તેવા એક દિવસે ગામડાના આનંદી જુવાન માણસોને ભલા માણસની મજાક કરવાનું ઠીક લાગ્યું. પહેલાં તો તેઓએ એને દારુ પાઈને ગાંડો [illegible] દીધો, અને પછી તેને તેના એક અત્યંત વિશ્વાસુ મિત્ર પાસે મોકલ્યો. જ્યારે એ [illegible] પેલા સહૃદય મિત્ર પાસે પહોંચ્યો ત્યારે પેલા મિત્રે પોકેપોક રડવા માંડ્યું. તેણે [illegible] રડારોળ કરીને પેલા મૂર્ખને કહ્યું કે, "ભાઈ, હું હમણાંજ તારે ઘેરથી આવ્યો છું, ત્યાં તારી સ્ત્રી તો વિધવા થઈ બેઠી છે." એ સાંભળી પેલો મૂર્ખ માણસ પણ રડવા [illegible] પોતાની પત્નીના વિધવાપણાને માટે બહુજ વિલાપ કરવા માંડ્યો.

એ કોલાહલ સાંભળીને થોડી વારે બહારના લોકો આવ્યા ને પૂછવા લાગ્યાઃ "શા માટે રડો છો?" મૂર્ખ માણસે જવાબ આપ્યોઃ "મારી સ્ત્રી વિધવા થઈ ગઈ છે, [illegible] હું રડું છું." લોકો કહેવા લાગ્યાઃ "અરે, એવું તે કેમ બને? તમે કહો છો કે ત[illegible] સ્ત્રી વિધવા થઈ ગઈ છે, પણ તમે તેના પતિ તો જીવતા બેઠા છો! અરે, તમે જીવે [illegible] છતાં તે વિધવા કેવી રીતે બને?"

પેલા મૂર્ખરામ તો સમજેજ શેના? તેણે કહ્યું: "જતા રહો અહીંથી, તમે [illegible] સમજતા નથી; આ મારો અત્યંત સહૃદય વિશ્વાસપાત્ર મિત્ર છે; એ હમણાંજ મારે ઘેરથી [illegible] સ્ત્રીને વિધવા જોઈને આવ્યો છે. એ કહે તે ખોટું હોયજ નહિ."

લોકોએ હસીને કહ્યું: "જુઓ તો, કેવી અત્યંત અસંભવિત વાત છે!"

આપણે પણ આ મૂર્ખની વાર્તા સાંભળીને હસી પડીશું. તેને ગમે તેટલું સમજાવ[illegible] પણ તે સમજતોજ નહોતો. તે જ્યાં સુધી જીવતો હોય ત્યાં સુધી તેની પત્ની વિધવા ન [illegible] એવી સાધારણ તેની સાદી બાબત હતી.

જગતના તમામ બાવાધર્મી, જ્ઞાનીઓ અને દંભી, અભિમાની તેમજ વ્યાવહારિક [illegible] તરફથી પણ આવી અસંભવિત મૂર્ખતાજ કરવામાં આવે છે. તેઓ પોતાની આંખે જોઈ [illegible] વિચાર કરવામાં પોતાની બુદ્ધિનો ઉપયોગ કરતા નથી.

તમારામાં તમારો સ્વાત્મા-તમારું સચ્ચિદાનંદ સ્વરૂપ-સર્વ જ્યોતિઓ[illegible] જ્યોતિ-નિર્મળ અવર્ણનીય સ્વર્ગનું સ્વર્ગ વિરાજમાન છે. તમારો આ[illegible] સર્વદા સજીવન, અસ્તિત્વવાળો, અજર, અમર છે. અને તે છતાં તમે [illegible] દૂર કરી મૂકીને પોકારો છો કે "અરે! અમને ક્યારે સુખ મળશે?" આવા [illegible] કરીને તમારાં દુઃખ નિવારણ કરવા માટે બહારના દેવી-દેવતાને જે પ્રાર્થના કરો છો, [illegible] તમે કેટલીએક વખતે કેટલેક આધીન થઈ જાઓ છો; અને પોતાની જાતને [illegible] [illegible] જેવું કરો છો. પેલો દારૂ પીધેલો માણસ પોતાનાજ અસ્તિત્વને [illegible] પોતાની સ્ત્રીની વખતે એવું અસ્તિત્વ સ્વીકારતો હતો તેવુંજ તમે પણ કરો છો.

કોઈ અજ્ઞાન લોકો કે ઉપદેશકો પોતે પોતાને પાપી કહે અને તમને [illegible] [illegible] કહ્યા; તે માટે તમે પણ તેમજ કરો છો, અને પોતાની જાતને આમ, [illegible] [illegible] તમારી મુક્તિ ક્યાંથી થાય છે! લોકો આમજ કહ્યાં કરે છે, પણ તેઓ [illegible] [illegible] નથી.

એવીજ રીતે તમારી જાતની તમે જેટલી કિંમત આંકશો એટલીજ કિંમત બીજા પ[ણ] તેની ગણશે. તમે પોતે તમારી ઉત્તમતા સિદ્ધ કરો-સ્વમાન સાચવો-પ્રભુતાનો અનુભવ કરો-ઈશ્વરતાનો સાક્ષાત્કાર કરો-એટલે દરેક જણ તમને એટલુંજ સન્માન આપશે.

લોકો કહે છે કે શ્રદ્ધાથી મનુષ્ય તરી જાય છે; પણ **બાહ્ય વસ્તુઓમાં શ્રદ્ધા રાખવાથી તમે નહિજ તરો. તમારા પોતાના આત્મતત્ત્વમાં શ્રદ્ધા રાખવાથીજ તમારો ઉદ્ધાર થશે.**

જે સદ્ગૃહસ્થે પોતાના ઉપરી વિષે ફરિયાદ કરી હતી તે 'રામ'ના ઉપદેશ પ્રમાણે પોતાનો સમય ઈશ્વરનો સાક્ષાત્કાર કરવામાં ગાળવા લાગ્યો. તેણે નિયમિત પ્રાર્થના કરવી શરૂ કરી. પ્રાર્થના એટલે કંઇ એકના એક શબ્દોનું વારંવાર બોલી જવું એમ નથી. પ્રાર્થના એટલે તો સહૃદય ભાવથી ઈશ્વરનો સાક્ષાત્કાર કરવો. એણે એ પ્રકારની પ્રાર્થના શરૂ કરી હતી. પરિણામે તેને અનુભવ થયો કે તેના ઉપરીને તેને સન્માન આપવુ પડતું હતું અને તેના પ્રતિ તેની વર્તણુક પણ સભ્યતાભરીજ થતી હતી. એક દિવસે એનો ઉપરી તેની પાસે બહુ ચિડાઈ જઈને આવ્યો, પણ એ માણસે એને બહુજ આનંદિત ચ્હેરે ઉત્તર આપ્યો. તેણે ઉત્સાહભર્યા શબ્દોમાં કહ્યું:-

"સાહેબ, અલબત્ત આપ મારા કરતાં બહુ મોટો પગાર મેળવો છો, હું જાણું છું કે આપ મારાથી ન બને એવા જુદા પ્રકારનું કામ કરો છો અને મારે આપની આવશ્યકતા છે, પણ તેની સાથે આ પણ ધ્યાનમાં રાખવા જેવું છે કે આપને પણ મારી જરૂર છે, આપને પણ મારી ગેરહાજરીમાં માણસ વિના ચાલવાનું નથી. આ રીતે હું આપની નોકરી નથી કરતો; પણ મારી આવશ્યકતાઓનોજ નોકર છું. હું આપનો નહિ પણ મારો પોતાનોજ નોકર છું."

વસ્તુતઃ હકીકત આવી હોવાથી ખરું જોતા તમે જગતમાં કોઇને પણ અધીન નથી. જે **મનુષ્ય પોતાની વાસનાઓને અધીન ન હોય તો તે કોઇનો અધીન નથી બાહ્ય સ્વતંત્રતા તો માત્ર માયિક-ભ્રમણાજ છે.** સાચી સ્વતંત્રતા તો તમારું પોતાનું **સ્વરૂપજ છે. તમારી એ સ્વતંત્રતાનો અનુભવ કરો-સાક્ષાત્કાર કરો.**

તમે પોતાને ઈશ્વરને આધીન પણ શા માટે સમજો છો ? ઇશુ, મહંમદ, બુદ્ધ, કૃષ્ણ કે જગતના એવા કોઈ ધર્મના ગુલામ શા માટે સમજો છો ?* **ઓ માનવીઓ ! સ્વતંત્ર થાઓ! મુક્ત બનો!** કે જે મુક્તિનો વિચારમાત્ર કરવાથી પણ ગુલામી ચાલી જાય છે.

ઇરાનીઓમાં એક રાજા એવો હતો કે એને જો કોઈ સલામ ન કરે તો મહા ગુસ્સે થઈ

* [illegible]

મંત્રી. સ. સા.

જતો. એકવાર એક નિસ્પૃહ સાધુએ તેને સલામ ન કરી તેથી તેણે એ સાધુને કેદ કરીને કહ્યું: "તને ખબર નથી કે હું કેટલો મહાન્ સત્તાધીશ રાજા છું ? તું આવો અભિમાની છે તેથી હું તને મારી નાખીશ એ તું નથી જાણતો ?"

સાધુએ તેની પરવા કર્યા વિના એવી તો નિર્મળ દૃષ્ટિ કરીને ઉત્તર આપ્યો કે રાજા વિશેષ ગુસ્સે થયો. સાધુએ કહ્યું: "અરે ઓ મૂર્ખ પૂતળા ! મને મારી નાખવાની તારામાં શી સત્તા છે ? હું મારો પોતાનો અધિષ્ઠાતા છું. તારા મુખપર થૂંકવાની અને તારૂં અપમાન કરવાની મારામાં પણ શક્તિ છે પણ તારા કે મારા આ સ્થૂલ શરીરને અને તે શરીરવડે એક બીજા પ્રત્યે કરાતા માનાપમાનરૂપ વ્યવહારને એટલી બધી અગત્ય આપવાની જરૂર હું જોતો નથી. તું ખરેખરા તારાપણાને અને મારાપણાને ઓળખતો નહિ હોવાથીજ તારા એ મિથ્યા તારાપણારૂપી શરીરવડે આ શરીરને નિર્જીવ કરવાનો વિચાર અને અભિમાન કરે છે. મને એ શરીરમાં અહંતા મમતા નથી. એ જડ વસ્તુ સજીવ રહે તેનો મને જેમ હર્ષ થતો નથી, તેમ તેનો નાશ થવાની વાતથી મને ભય પણ લાગતો નથી. કોઈ એક માટીના ટીંબાને તું ખોદી નાખે તેમાં મને ભય કે લેવાદેવા હોય તો આ શરીરના નાશને માટે પણ હોય."

બધુઓ ! તમે પણ એવીજ રીતે તમારા પોતાના અધિષ્ઠાતા છો એમ અનુભવો; એ સત્તાનો સાક્ષાત્કાર કરો. તમારૂં અને બીજી વસ્તુઓનું અવલોકન બીજાઓની દૃષ્ટિથી નહિ પણ પોતાનીજ દૃષ્ટિથી કરતાં શીખો. **તમારી પોતાની સ્વતંત્રતા અને મહત્તાને સમજો-અનુભવો. તમે પોતેજ દેવોના દેવ-ઈન્દ્રિયોના ઈશ્વર-પરમાત્મા છો એમ સાક્ષાત્કાર કરો.**

લોકો દુઃખી શા માટે થાય છે ? પોતાના આત્માને ન ઓળખવાથી–ન જાણવાથીજ દુઃખી થાય છે; એ અજ્ઞાનને લીધેજ તેઓ પોતાના સત્ય સ્વરૂપને ભૂલી જાય છે, અને એને લીધેજ પોતાને માટે બીજાઓ જે અભિપ્રાય બાંધે છે તેને સાચા સમજી લે છે.* જ્યાં સુધી મનુષ્યમાં આ અજ્ઞાન ભરેલું છે, અને જ્યાં સુધી મનુષ્ય આત્માનો–પ્રભુનો સાક્ષાત્કાર નથી કરી લેતો ત્યાં સુધી એને દુઃખ તો હંમેશાં રહેવાનુંજ.

અજ્ઞાન એ અંધકારરૂપ છે. કોઈ અંધારા ઓરડામાં તમે જશો તો ત્યાં તમે ખચીત ...ત સાથે અફળાશોજ; કોઈ પણ પદાર્થ સાથે તમારૂં માથું અફળાશેજ અથવા તો બીજી ...ઈ રીતે તમને કાંઈ બીજું વાગશે. જ્યાં સુધી એમાં અંધારૂં છે ત્યાં સુધી તમે એ ...થી બચી શકશો નહિ.

સંસારમાં પણ એમજ છે. તમારાં દુઃખોનો ઉપાય થઈ શકે એટલા માટે તમારે તમારાં ...વાસીઓ, મતમતાંતરો અથવા તમારા જીવનની સામાજિક સ્થિતિપર ભરોસો ન રાખતાં ...શ પ્રકાશસ્વરૂપ અંતર્યામીનોજ તમારે આશ્રય લેવાનો છે. **અંધારા ઓરડામાંનું**

* મતવિશેષ દોષરહિત સદ્‌ગુણી મનુષ્યો કે જે સામાન્ય જનસમાજ કરતાં ઉન્નતિમાં આગળ વધી ...લા હોય છે અને માત્ર ભેદજ્ઞાનરૂપ આવરણજ છેદાવું જેમને બાકી હોય છે તેમને માટેજ 'રામ' સ્વા- ...-શુદ્ધ વેદાન્તનો આ ઉપદેશ છે. વિચાર અને વાસનાઓના જોર તો બહારના અભિપ્રાયના ભયથીજ ...ક અંકુશમાં રહે છે. આવા મનુષ્યો આ રહસ્ય સમજ્યા વિનાજ ઉપલા બોધને પકડી લે તો ભ્રષ્ટ- ...ી જાય ઉલટા વિકારોની અધિક અધમતામાં ફસાઈ પડે એ સ્વાભાવિક છે.

ફરનીચર આમથી તેમ મૂકવાથી જેમ તે અંધારૂં મટી જતું નથી, તેવી રીતે સંસારના પદાર્થોને આમથી તેમ ફેરવવાથી, એટલે કે દ્રવ્ય એકઠું કરવા મોટા મોટા મહેલો બાંધવાથી, અને બીજાની માલમિલ્કત પચાવી પાડવા અજ્ઞાનનો નાશ થતો નથી. તેમ છતાં પણ લોકો સામાન્યતઃ દુઃખ દૂર કરવા માટે તેવા નકામા ઉપાયજ શોધે છે ને કરે છે. બાહ્ય સ્થિતિમાં એવા ફેરફાર કર્યા કરવા અહીંથી તહીં સ્થળ બદલવાથી, દ્રવ્ય આદિ મિલ્કતરૂપી ફરનીચરને આ અંધકારમય સંસારમાં આમતેમ ફેરવવાથી દુઃખનો જરા પણ વિનાશ થતો નથી; પણ એથી તો ઉલટું દુઃખ વધવાનો અને અજ્ઞાનરૂપી અંધકારમાં ઉલટું વધુજ અફળાવાનું અને વધુ દુઃખી થવાનું. તેલથી ચીકટાયલી આંગળીને સાફ કરવા સારૂ ઉકળતા તેલમાં બોળવાથી ઉલટું દુઃખ વધે છે. ખરો ઉપાય કરીનેજ એ દુઃખ દૂર કરવું જોઇએ. જેમ અંધારી ઓરડીમાંથી અંધારું દૂર કરવાને દીપકનીજ જરૂર પડે છે તેમ દુઃખદાયક અંતઃકરણરૂપી ઘરમાંથી અજ્ઞાનતિમિર દૂર કરવાને માટે જ્ઞાનરૂપી પ્રકાશજ લાવવો જોઇએ. એ અજ્ઞાનતિમિર જશે એટલે કોઈ પણ પ્રકારનું દુઃખ નહિ રહે.

હિમાલયના એક પ્રદેશમાં એવા જંગલી લોકો રહેતા હતા કે જેઓએ કદી દીવો નહોતો દીઠો–તેમને અગ્નિનું ભાનજ નહોતું. સૂકી માછલી અને સૂર્યના તાપે પાકેલા સર્વ અનાજનો ખોરાક ખાઇને તેઓ પોતાનો નિર્વાહ કરતા હતા. સાંજ પડયા પહેલાં તેઓ સૂઈ જતા અને સૂર્ય ઉગ્યા પછી ઉઠતા, તેથી તેઓને અંધારા સંબંધી વિશેષ વિચાર કરવાનો પ્રસંગ પણ નહોતો પ્રાપ્ત થતો. તેમના નિવાસસ્થાનની સમીપમાં એક મોટી ગુફા હતી. એ જંગલી લોકો એવું સમજતા હતા કે તેઓના મહાન્ પૂજ્ય પૂર્વજ એમાં રહેતા હતા. વસ્તુતઃ વાત એવી હતી કે તેમના કોઈ બાપદાદા એ ગુફામાં ગયેલા અને ત્યાં કાદવ કીચડમાં ખૂંચી જઇને અથવા ગુફાની ભીંતોમાં અથડાઇને મરી ગયેલા; એટલા માટે એ જંગલીઓ તે ગુફાને બહુ પવિત્ર અને પૂજ્ય માનતા હતા. એ બિચારાઓને અંધારૂં શું છે એની ખબર નહિ હોવાથી એ અંધારૂં એમને મન કોઇ મોટો રાક્ષસ હતો. એ રાક્ષસને હાંકી કાઢવાની તેમની બહુ ઇચ્છા હતી. હવે એ અંધારૂં કેમ દૂર થાય તે સંબંધે એ જૂદી જૂદી કલ્પનાઓ કરતા હતા. એકે એમ કહ્યું કે જો આપણે તે અંધારાની પૂજા કરીએ તો અંધારૂં ગુફાનો ત્યાગ કરી જાય. તેથી તેઓ ત્યાં ગયા અને દંડવત્ પ્રણામ કરી કરીને ગુફામાંના અંધકારને નમસ્કાર કર્યો; પણ અંધારૂં તો નીકળ્યુંજ નહિ. પછી બીજાએ જ્યારે એવી સલાહ આપી કે આપણે એની સાથે યુદ્ધ કરીને તેને હાંકી કાઢીએ; ત્યારે તેઓ પોતાનાં તીરકામઠાં તથા લાકડી ભાલા વગેરે લઇને આવ્યા અને તીર અને ભાલાં ફેંકવા માંડ્યાં! પણ અંધારૂં એમ દૂરજ શાનું થાય? કોઇએ વળી ઉપવાસ કરવાની સૂચના આપી, તો કોઇએ દાન આપવાનો વિચાર દર્શાવ્યો. આમ તેઓએ અનેક ઉપાયો કર્યા પણ ગરીબ બિચારા જંગલીઓના પ્રકાશ વિનાના અજ્ઞાનને લીધે એ અંધારૂં દૂરજ થયું નહિ.

છેવટે એક બુદ્ધિશાળી મનુષ્ય નીકળી આવ્યો. તેણે તેમની પાસે એક લાંબી લાકડી થોડું ઘાસ અને તેલ મંગાવી તેને સળગાવ્યાં. પછી તો જોઇ લ્યો મઝા! ગરીબ જંગલીઓ કે જેઓએ કદી અગ્નિજ દીઠો નહોતો એઓને આ નવીન પદાર્થ જોઈ બહુજ આશ્ચર્ય થયું. પેલા માણસે હવે તેમને આ લાકડી લઇને ગુફામાં જઇ, રાક્ષસને કાન પકડીને બહાર

એટલે બધો અનુભવ કરવો કે જેથી સર્વ મિથ્યા બાહ્ય પદાર્થોનાં મિથ્યા નામ રૂપનો વૃત્તિમાંથી શમી જાય; એટલે કે અંતર બાહ્ય બધે અંતરસ્થ ઈશ્વરત્વનુંજ દર્શન થાય.

સત્યના-પ્રકાશના પ્રત્યક્ષ અનુભવથી આ બાહ્યવસ્તુઓ પારદર્શક બની જાય છે; સર્વ નામ શમી જાય છે. જ્ઞાની કે અનુભવી પુરુષની સામે ગમે તે વસ્તુ આવે તોપણ એ તો આત્મદર્શનજ પામે છે. એની દૃષ્ટિમાં નામ રૂપાકાર વ્યક્તિ કે આકૃતિ તો માત્ર માયા ભ્રમણા છે. એ માયા અથવા ભ્રમણાજ અંધકાર છે; એજ અજ્ઞાન છે; એજ દુઃખનું છે; અને સત્ય આત્મા અથવા ઈશ્વરનુંજ કેવલ સર્વત્ર દર્શન પામવું એનું નામજ જ્ઞાન ય અજ્ઞાનનું નિર્મૂળ થવું-સર્વ પ્રકારની ચિન્તા અને ભીતિમાંથી મુક્ત થવું.

અહા ! પ્રિય ઈશ્વર મૂર્તિ નિજાત્મ રૂપો ! ઓ મારાં વ્હાલાં પ્રિયતમો ! અન્યની દૃષ્ટિ દેખાતા શત્રુઓ પણ મારા આત્માનાંજ સ્વરૂપો છે, અને મિત્ર કે સ્નેહી સંબંધીરૂપે ભાસ વ્યક્તિઓ પણ મારાં આત્મરૂપોજ છે. માત્ર ક્ષુદ્ર જીવ કે અહંભાવની ઉપાધિવાળા શરી ન જોતાં જે પ્રકાશ તમારા પોતામાં રહેલો છે તેની સહાયતાથી અન્ય શરીરોમાં પ્રકાશ-જ્ઞાન-આત્મદર્શન કરતાં શીખો. મારા સચ્ચિદાનંદ સ્વરૂપ આત્માનું બીજું નામ પરં ઈશ્વર-પ્રભુ છે. એ “ હું ” શિવોઽહમ્ સર્વત્ર સર્વકાલ છું. એ શિવોઽહમ્‌નો સાક્ષાત્કાર એટલે સઘળા ભેદભાવ, મતમતાંતર, નાનાત્વ, દુઃખ તથા વિઘ્નોના સમુહ નાશ પામશે. કેવું અદ્‌ભુત દર્શન થાય છે! કેવું સુંદર સત્ય ! એ અવર્ણનીય છે! અનિર્વચનીય છે! તો અનુભવનીજ વાતો છે. જો તમને કેવળ એજ પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય-ઉત્કટ જિજ્ઞાસા ઉદ્‌ભવે તો તમે પણ જરૂર જરૂર તેને પ્રાપ્ત કરી શકશો. અહા કેવું સૌભાગ્ય !

ખગોળવિદ્યાનો અભ્યાસ કરતાં જ્યારે પરસ્પર ગ્રહ કે તારામંડળનું અંતર માપીએ છીએ ત્યારે આપણને માલુમ પડે છે કે આ પૃથ્વી તો માત્ર અતિ સ્વલ્પબિન્દુજ છે. એવીજ રીતે જ્યારે સત્યનો સાક્ષાત્કાર થાય છે, જ્ઞાનના જ્ઞાનનું સ્વરૂપ સમજાય છે, સૂર્યોના સૂર્ય-દેવોના દેવ નિજાનંદ આત્માનો અનુભવ થાય છે; ત્યારે આ જ્યોતિષીઓનાં તારામંડળ અને ગ્રહો, આ ભવ્ય ભાસતી આકાશગંગા, એ બધું શૂન્યવત્ ભાસે છે. જ્યારે એ સત્યનો અનુભવ કરવો છો ત્યારે આ ઘોંઘાટ જેવા જગતની જંજાળનાં દુઃખોનો તો ભાસ માત્ર પણ શાનો થાય!

જેમ મહાન તારામંડળની પાસે આ પૃથ્વી બિચારી કાંઈ વિસાતમાં નથી; તેમજ આ સૂર્યોના સૂર્ય-પ્રકાશોના પ્રકાશ-મારા સત્ય સ્વરૂપ આત્માની પાસે આ બિચારી સાંસારિક ઉપાધિઓ, દુઃખો અને ચિન્તાઓ કશીજ વિસાતમાં નથી. સૂર્ય સમીપ અંધકારને અવકાશજ નથી, તેના આગળ તેનું અસ્તિત્વજ નથી.

સત્યનો સાક્ષાત્કાર કરો-અનુભવ કરો. એ પ્રમાણે સર્વાંગ સુખમય જીવન જીવો. જ્યારે એ પરિપૂર્ણ આનંદ પ્રાપ્ત થશે ત્યારે તમને કોઈ ચલાયમાન કરી શકશે નહિ. ભલે લાખો સૂર્યોનો પ્રલય થઈ જાય, ભલે કરોડો ચંદ્રમા ઓગળી જાય, પણ અનુભવીની-સ્થિતપ્રજ્ઞની વૃત્તિમાં-અચલ શાંતિમાં કોઈ પણ ભંગ પાડી શકશે નહિ. એને કોણ હાનિ પહોંચાડે ? એને કયો પદાર્થ દુઃખ ઉત્પન્ન કરાવે ?

અહા ! પણ અદ્‌ભુત આશ્ચર્ય છે કે આવા દેદીપ્યમાન-મહાન અનંત, નિશ્ચયથી શું આત્મા તરફ લોકો અજ્ઞાનને લીધેજ દુર્લક્ષ્ય કરે છે ! એ અનન્ત સૂર્ય માત્ર તમારાં નેત્રને અજ્ઞાનમય આવરણને લીધેજ ઢંકાઈ રહેલો છે ! આવો અદ્‌ભુત સત્ય સ્વરૂપ આત્મા માત્ર

જે મનુષ્ય સતત ઈશ્વર સાક્ષાત્કારમાં નિમગ્ન રહે છે અને જે સર્વની સાથે એકતા અનુભવે છે તેજ સુખી છે.

એક સંસ્કૃત શ્લોકનો ભાવાર્થ એવો છે કે ગુફામાં સેંકડો વર્ષોથી રહેલા અંધારું જેમ પ્રકાશ આવતાં નીકળી જતાં વાર લાગતી નથી; તેવીજ રીતે મનુષ્યને જ્ઞાન પ્રાપ્ત થતું એનું જન્માંતર્ગત અજ્ઞાન રહેતું નથી. એના હૃદયમંદિરમાં જ્ઞાનનો પ્રકાશ પડતાં એ સં અજ્ઞાન નિર્મૂળ થાય છે.

આ વિષયમાં 'રામ'નો સ્વતઃ અનુભવ છે કે જ્યારે તેને મળનારા મનુષ્યમાં 'રામ' પ્રભુતાનું દર્શન કરે છે એટલે કે જ્યારે તે મનુષ્યના શરીરને પ્રભુનું શરીર માની લે છે ત્યારે એ જરાએ દુઃખ પામતો નથી; પણ જ્યારે માત્ર તેઓને શરીરરૂપેજ જુએ છે, અને ત્યારે એના વ્યક્તિત્વ પ્રતિજ દૃષ્ટિ રાખે છે, ત્યારે 'રામ' પણ સંકટથી ઘેરાઈ જાય છે. આવી રીતે અનેક ઠોકર ખાઇને અને અનુભવ મેળવીને 'રામ' હવે એટલો તો પ્રજ્ઞ થયો છે કે સ્વપ્નમાં પણ તે કોઇ વ્યક્તિમાં વ્યક્તિ ન દેખતાં માત્ર ઇશ્વરનુંજ દર્શન પામે છે. "આ સર્વ તે મારાજ છે-તમારામાં પણ તે મારો આત્માજ-ઇશ્વરજ વિરાજમાન છે" એવું 'રામ' સમજે છે અને તમારે પણ તેમજ સમજવું જોઇએ.

મજનૂ કરીને એક પ્રેમઘેલો મનુષ્ય હતો. ફારસી કવિઓ તેને આશકજાદાની ઉપમા આપે છે. જો કે એના જેટલો કોઇનામાં પ્રેમ નહોતો, છતાં એ પ્રેમ વ્યક્તિ પરત્વે-એની માશુક માટેજ હતો અને, તેથીજ એ એનું દર્શન ન કરી શકયો.

'રામ' કહે છે કે જો તમે તમારી ઇચ્છાઓને તૃપ્ત કરવા ધારતા હો તો તમારે ઈશ્વર પર થવું જોઇએ. આ ભલા આશકને આ ગુહ્ય ભેદ માલૂમ નહોતો, છતાં પણ જગત્ પ્રેમીઓને માટે તો તે આદર્શરૂપ પ્રેમી હતો એમ કહેવાય છે. એ ગાંડો બની ગયો હતો અને નિરાશામાં ને નિરાશામાં એ ગરીબ આશકજાદો પોતાના માબાપનું મકાન છોડી દઈ અરણ્યમાં ભટકયા કરતો હતો. ખીલતા ફૂલને, વહેતી વાયુની લહરીને, દોડતા કૂદતા હરણને કે અરણ્યના વૃક્ષને, એમ એને જે જે દૃષ્ટિગોચર થતું તે સર્વેને એ માશુક કહીને સંબોધતો; એ બધામાં એને માશુકનુંજ દર્શન થતું. એની વૃત્તિ એવી આર્દ્ર પ્રેમમય થઈ ગઈ હતી કે સર્વત્ર પોતાની માશુકનું દર્શન પામીને એણે પદાર્થમાત્રને પોતાની માશુકજ બનાવી દીધા હતા. છતાં પણ એનું પ્રેમપાત્ર પાર્થિવ હતું તેથી તેને ઘણું સહન કરવું પડયું હતું.

'રામ' કહે છે કે તેના પ્રેમનું સામર્થ્યજ તમારે લેવાનું છે. તમે પ્રેમપાત્ર કોઇ પાર્થિવ-ઐહિક ન રાખતાં, ઈશ્વર-આત્માનેજ તમારી માશુક બનાવજો. શું સમસ્ત જગત સુખની પાછળ ગાંડું બનીને તડફડીયાં નથી મારતું ? અને સુખ એ ઈશ્વરનોજ રૂપાન્તર છે નથી ? એ બિચારા મજનૂને ખબર નહોતી કે ઈશ્વરને એટલે કે સુખને કયાં શોધવું ? પણ જે મજનૂની પેઠે જે મનુષ્ય વૃક્ષ, લતા, પુષ્પ, પ્રાણી, પદાર્થમાં પોતાની માશુકનાં-ઇશ્વરનાં દર્શન પામે છે એને ધન્ય છે ! આખરે એક દહાડો તે અરણ્યમાં મૂર્છિત થઇને પડયો હતો ત્યાં તેની શોધમાં નીકળેલો તેનો પિતા આવી પહોંચ્યો. ધૂળમાં રગદોળાયેલા મજનૂના શરીરપરથી એણે ધૂળ ખંખેરી નાખી અને વિખરાઈ ગયેલા વાળને ઠીક કરીને તેને બેઠો કર્યો. દુઃખી પિતાએ ધીમે સ્વરે તેને પૂછયું: "વ્હાલા બેટા, તું મને ઓળખે છે ? હું તારો પિતા છું."

એવા એકતાલમાં રહેતાં-એ શાંત ગંભીર સ્થિતિનો અનુભવ કરતાં તમને અનુભવ થશે કે તમને આનંદિત કરવા તમારો કોઈ સ્નેહી કે પ્રેમી ઉપસ્થિત થવાનોજ. આવી સ્થિતિમાં કોઈ સામાન્ય પુરુષ અભિમાનમાં આવી જઈને કાંઇ સાધારણ વસ્તુની ઈચ્છા કરે તો તે પણ તેને આવી મળે છે. પણ જો તે એ ઐહિક પદાર્થની વાસના હૃદયમાં દૃઢીભૂત કરે છે, અને એમાં આસક્ત થઇ જાય છે, તો નિઃસંદેહ એ વસ્તુમાં કાંઈ પરિવર્તન થઇ જશે અથવા તો કાંઈ અદ્ભૂત અન્ય બીનાજ બની જશે. પ્રકૃતિના આવા શિક્ષાસ્પદ નિયમનું કોઇ પણ ઉલ્લંઘન કરી શકતું નથી.

ગ્રંથોમાં કે શાસ્ત્રોમાં કદાપિ એનું વર્ણન ન હોય તેથી શું થયું; એ નિયમ તો નિયમરૂપે સર્વદા વર્ત્તમાન છે. આવી રીતે જ્યારે તમે કોઇ વસ્તુમાં આસક્તિ રાખો છો-એ પદાર્થમાં મોહ રાખી બેસો છો ત્યારે કોઇ અદ્ભુત પ્રસંગદ્વારા, તમારી મોહની વસ્તુનો લોપ થઈ જાય છે અને તેને બદલે તમારા ભાગ્યમાં શોક, ખેદ અને અધોગતિજ રહી જાય છે! આમ આ નિયમમાં બન્ને અનુભવ થાય છે. આવી અધોગત-દુઃખી સ્થિતિ પ્રાપ્ત થાય છે એટલે કેટલાક લોક પોતાની પરિસ્થિતિનો દોષ કાઢવા મંડી પડે છે. એવા લોકોને દુઃખમાં ઉત્તરોત્તર વૃદ્ધિજ થતી જાય છે; અને આખરે રડીને એવુંજ બોલવું પડે છે કે “ અરે દુઃખનો તો વરસાદજ વરસે છે! ”

એકવારના દુઃખના અનુભવથી જે લોકો પોતાના ચિત્તની સમાનતા પાછી નથી મેળવી લેતા, અને અન્યના કે વસ્તુસ્થિતિના દોષ કાઢી નિન્દા અને ટીકા કર્યો કરે છે, તેમજ તર્ક ખલાં તોડયા કરે છે તેમને માટે તો અલબત્ત આવી રીતે દોષના ફળમાં દુઃખોનો વરસાદજ વરસે છે; પણ જેઓ એકાદ દુઃખના અનુભવથી થોડા સમયમાંજ પોતાનો દોષ સુધારી લે છે, તેઓના મનની સ્થિતિ એવી ઉચ્ચ થાય છે કે તેઓ બહુ અલ્પ સમયમાં વિશેષ બળ પ્રાપ્ત કરી લે છે.

ત્યાર પછી શાન્તિની સ્થિતિ, ઈશ્વિર શરણાગતિ, નિષ્કામભાવના અને ચિત્તની સમતા પ્રાપ્ત થાય છે; અને દુઃખનાં વાદળ દૂર થઇ શાંતિનો સમીર વાય છે. પણ વળી પાછા તેઓ વિપથ જાય છે અને દુઃખનો વરસાદ વરસે છે. આમ દુઃખનો અનુભવ લેતાં લેતાં તેમનામાં ધર્મભાવના જાગૃત થતી જાય છે. આ પ્રમાણે **ધર્મની ભાવનાની જાગૃતિ આપત્તિમાંથીજ થાય છે તે વાસ્તવિક સત્ય છે.**

આમ તમારા આયુષ્યમાં દિવસ પછી રાત્રિ અને રાત્રિ પછી દિવસ આવ્યાજ કરે છે. દુઃખની રાત્રિ વીત્યા પછી સુખનું પ્રભાત અને સુખના પ્રભાત પછી દુઃખની રાત્રિ, એ અનુભવની માળા ચાલુજ રહે છે. **જ્યાં સુધી તમે બાહ્ય આકૃતિમાં કે વસ્તુ સ્થિતિમાં આસક્તિ રાખતા હશો ત્યાં સુધી આવી સુખ-દુઃખની ઘટમાળ ચાલ્યાંજ કરવાની.** આવી આન્તર ઘટમાળની યોજનાનું રહસ્ય તમે સમજો છો? એનો મુખ્ય ઉદ્દેશ તમને તમારા અંતર્યામી સૂર્યનારાયણ-આત્માનો સાક્ષાત્કાર કરાવવાનોજ છે.

પૃથ્વીપર દિવસ અને રાત્રિ છે પણ સૂર્યમાં તો તેનો અભાવજ છે. સૂર્યની આસપાસ ફરતી પૃથ્વીની પ્રદક્ષિણાને લીધેજ દિવસ અને રાત્રિ બને છે, પણ સૂર્યમાં પોતામાં તો આવાં રાત્રિ કે દિવસ કશુંએ નથી. ત્યાં તો સર્વદા પ્રભુપ્રકાશ-આત્મરવિ-પ્રકાશિતજ છે.

આપણા અંતર્યામી આત્મરવિનો સાક્ષાત્કાર કરાવવો એજ આપત્તિ, ચિન્તા

એ સ્વાનુભવનાં વર્ણનો વાણી કદી ન વદી શકી.
અહિં, ત્યાં, બધે, પણ ક્યાં ? અરે જ્યાં "ક્યાં" જ છે ઉડી ગયું !
હમણાં, સદા, કદી, કોઈ દી, ક્યારે અહા જ્યારે શમ્યું.
આ, તે, અને શું, કોણ, એવા ભેદ ક્યાંય શમી ગયા;
પહેલું, પછી, વચમાં, ઉંચે, સઉ ભેદ પાર ગયે ટળ્યા.
કદી એક, પાંચ, પચીસ, સો, સૌ એમ સંખ્યા શી ગણું ?
જે કર્મ, કર્ત્તા, જ્ઞાન, જ્ઞાતા, જ્ઞેય, એ શું વર્ણવું ?
છે ને હતું, ને કૈં થશે, એ રૂપ એકજ શબ્દનાં;
આનંદઘન આત્મા "હું" "તું" "તે" ભેદ હાવાં ના કશા.

એજ સચ્ચિદાનન્દ આત્મા અને એમ છતાં એ અવર્ણનીય, એ તમેજ છો-તત્ત્વમસિ। એ સત્યનો અનુભવ કરો.

લોકો આવીને 'રામ'ના શરીરની પૂજા કરે છે ત્યારે 'રામ'ને બહુ લાગી આવે છે. દ્રવ્ય ખુશામતથી પ્રાપ્ત થતા આનંદ કરતાં અંતર્યામીથી ઉત્પન્ન થતા નિર્વાણથી આનંદનો 'રામ'માં ભંડાર ભર્યો છે.

મારૂં સુખ અવર્ણનીય અને અનવધિ છે. અંતરનાં દિવ્ય નિર્ઝરના આનંદનો પ્રવાહ એટલો અખૂટ છે કે, 'રામ'ને તમારાં નામરૂપ, કીર્તિ કે દ્રવ્યના આનંદમાંથી સુખ મેળવવાની જરૂર નથી. મારો આન્તર આનન્દ પરિપૂર્ણ અપરિમિત છે.

હિંદુસ્તાનમાં એક બાઈને નવ પુત્રો હતા. એક વાર એક ભિક્ષુક એને ત્યાં ભિક્ષા લેવા આવ્યો. ભિક્ષા મળ્યા પછી એણે એ બાઈને આશીર્વાદ આપ્યો કે "માતા તું આઠ છોકરાની મા થજે." સાધુએ એ માતાને આઠ છોકરાની મા થવાનો આશીર્વાદ આપ્યો એટલે એ બાઈને તો બહુજ માઠું લાગ્યું. તે બિચારી એ સાધુને પગે પડી અને કહ્યું કે મારે નવ છોકરાં તો છે; માટે આપનો આવો આશીર્વાદ નથી જોઈતો. પણ મહાત્માએ વળી આશીર્વાદ આપ્યો કે આઠ છોકરાંની માતા થજે. આસપાસના લોકો પેલી બાઈને ગભરાઈ ગયેલી જોઈને દોડી આવ્યા ને કારણ પૂછ્યું તો જણાયું કે બાઈને વિશેષ પ્રજા માટે આશીર્વાદ મળ્યો હતો તે તેને નહોતું ગમતું. લોકોને પણ લાગ્યું કે એ આશીર્વાદ નહિ પણ એક જાતનો શાપજ હતો. આવીજ રીતે 'રામ'ની અન્દર અવર્ણનીય આનન્દ ભર્યો છે. તમે પણ એ આનન્દનો અનુભવ કરો. એથી મોક્ષ મળે છે અને એથી જગતની પાર્થિવ વસ્તુપરની આસક્તિમાંથી મુક્ત થવાય છે.

હિમાલયના કમળની પેઠે દેહને અકલિત, અદૃષ્ટ એકાંતમાં રહેવા દો. એ દેહનો ભલે નાશ થઈ જાય; ભલે એને કોઈ કેદમાં નાખે, શૂળીપર ચઢાવે કે આફ્રિકાના મેદાનમાં ફેંકી દે, પણ એ આનંદનો તો જરાએ ભંગ થતોજ નથી. એ સુખનો-એ પરાત્પર અંતરસુખનો અનુભવ કરીને, આ જગતમાં દંભ, મૂર્ખતા, મોહ અને આલસ્યથી પર પહોંચો. ઈશ્વરોના ઈશ્વર-દેવોના દેવ બનો. તત્ત્વમસિ ।

ૐ ૐ ૐ

२५–मूर्छनाशास्त्र अने वेदान्त.

(૧) અમેરિકન તત્વવેત્તા એમર્સન કહે છે કે "કોઈને ચોર કહીને બોલાવશો એટલે તે ચોરી કરશે." સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો માણસના મનપર જે પ્રકારના સંસ્કાર પડે છે તેવાજ પ્રકારની તેની રહેણીકરણી બંધાય છે. આ હકીકત ઘણે અંશે વાજબી છે, પણ સર્વથા તો નહિજ. કોઈ વખતે સંસ્કારસૂચનથી બહુ સીધી અસર થઈ જાય છે ખરી, પણ અનેક વેળા તેથી વિરુદ્ધ અસર પડવાનો પણ સંભવ હોય છે. કોઈને મૂર્છિત કર્યા પછી તેના મન-પર પાડેલા સંસ્કારસૂચનનું પરિણામ સત્વર આવવુંજ જોઈએ, એમ કહેનારા એ વિષયનું અપૂર્ણજ સત્ય જાણતા હોય એમ લાગે છે. વેદાન્તની દૃષ્ટિએ વિચારતાં વિદ્યુતશક્તિની પેઠે સંસ્કાર પણ બે પ્રકારની અસર ઉત્પન્ન કરે છે; એક પ્રવર્તન અને બીજું વહન. મૂર્છના પ્રયોગમાં જે મનુષ્યપર સંસ્કાર વા સૂચનો કરવાનાં હોય તેને પ્રયોજ્ય કહેવાય છે. પ્રયોજ્ય ઉપર જ્યારે સંસ્કારો સીધાજ પહોંચે છે ત્યારે એ સંસ્કારોનું સાક્ષાત્ અને સજાતીય પરિણામ નીપજે છે. આ પ્રયોગને પ્રવર્તન પદ્ધતિનો પ્રયોગ કહેવામાં આવે છે. જે પ્રયોગમાં સંસ્કારોનું સૂચન પ્રયોજ્ય ઉપર પ્રત્યક્ષ નથી પહોંચી શકતું એટલે કે જ્યાં પ્રયોજ્યની મનની સ્થિતિ પ્રયોગકર્તાની સ્થિતિ કરતાં વિરુદ્ધ હોય છે ત્યાં પ્રયોજકનો હેતુ નિષ્ફળ જાય છે, અને ધાર્યા કરતાં વિપરીત પરિણામ થયેલું જોવામાં આવે છે, તેને મૂર્છનાશાસ્ત્રના પ્રયોગમાં વહનપદ્ધતિ એવું નામ અપાય છે.

(૨) કારણ શરીર એ મનુષ્યની ગુપ્તશક્તિનો અને સર્વ સંસ્કારોનો એક ભંડાર છે. આ ભંડારમાં અવ્યક્તરૂપે જે સંસ્કાર રહેલા છે તેના ઉપર માણસનાં કાર્ય, વ્યાપાર, વર્તણુક અને પરિસ્થિતિ સર્વ અવલંબી રહેલાં છે. એ સંસ્કારો કોઈ પણ રીતે પ્રત્યક્ષ કર્મોમાં ઉતરવા જોઈએ એ પણ નિશ્ચય છે. "કારણ શરીર" એ મનુષ્યનું હાર્દ છે—હૃદગત છે—એજ સાચું કેન્દ્ર છે. માણસના હૃદયપર વિરાજમાન થયેલ તત્ત્વ પણ તેજ છે, અને તેનેજ એનો દૃઢ અથવા "અહંકારયુક્ત મન" પણ કહેવામાં આવે છે.

ग स क

ग= કારણ શરીર.

स=સૂક્ષ્મ શરીર અથવા લિંગ શરીર (મન અને બુદ્ધિનો પ્રદેશ)

क=સ્થૂલ શરીર.

સ્થૂલ શરીર કોઈ પણ કાર્ય કરે તે રૂપાન્તર પામીને ચિત્તમાં થઈ મનોભૂમિકામાં સંસ્કારરૂપે ધીરે ધીરે જમા રહે છે. ઉપરના આકારમાં स અક્ષરે આ મનોભૂમિકાનું સૂક્ષ્મ શરીર દર્શાવ્યું છે. ત્યાર પછી એ સંસ્કારો કારણ શરીરમાં પ્રવેશ કરે છે. ઉપરના આકારમાં જે કેન્દ્રમાં ग નિશાની છે તેનાથી કારણ શરીરનો ઠરાવ બતાવેલો છે. આપણા મનઃક્ષેત્રમાં સ્વાભાવિક રીતે વિચારોના જે જે તરંગો ઉઠે છે તે આધિભૌતિક જગત સાથે કોઈ -

જાતનો તાત્કાલિક સંબંધ થયા વિનાજ ઉત્પન્ન થાય છે, પરંતુ કારણ શરીરમાં પૂર્વાપર સંચિત થયેલા ગૂઢ સંસ્કારોનુંજ તે પરિણામ હોય છે. આવી રીતે વિચાર કરવાથીજ સહજ જણાઈ આવે છે કે કારણ શરીર, સૂક્ષ્મ શરીર અને સ્થૂલ શરીરનો પરસ્પર બહુ નિકટનો સંબંધ છે. હવા, પાણી અને વરાળ; અથવા તો બરફ, પર્વતપરથી વહેતો ઝરો અને ખુલ્લા પ્રદેશમાં વહેનારી નદી; એ બન્ને ત્રિપુટીઓમાં જેમ પહેલા પદાર્થનું બીજામાં અને બીજાનું ત્રીજામાં વ્યક્ત-સ્પષ્ટ-દર્શન થાય છે તેવીજ રીતે કારણ, સૂક્ષ્મ અને સ્થૂલ શરીરોનો પણ પરસ્પર પરંપરાનો સંબંધ છે.

ધારો કે કોઇ બેહોશ માંદો માણસ રસ્તાપર પડેલો છે. આપણને તેને જોઇને અનુકંપા આવી ને તેની સારવાર કરવાનો વિચાર પણ સ્ફુરી આવ્યો. જે વખતે આપણે એની ઔષધોપચારથી સેવા કરીએ છીએ ત્યારે આપણે એક મહાન્ પુણ્યકાર્ય કરીએ છીએ એવો બીલકુલ ખ્યાલ રહેતો નથી; પરંતુ કોઈપણ ઉપાયથી તે બિચારા બિમારની વેદના જેટલે અંશે ઓછી થાય તેટલે અંશે ઓછી કરવાનોજ કેવળ નિરપેક્ષ બુદ્ધિથી પ્રયાસ કર્યા કરીએ છીએ. આવી સ્થિતિમાં તે માંદા માણસની સેવા કરતાં કરતાં આપણે થાકી જઇએ તોપણ એ થાકની લેશમાત્ર પણ અસર કે ભાન આપણને રહેતું નથી. આ પ્રમાણે બની શકે તેટલી સર્વ સહાય્ય કર્યા પછી વિશ્રાંતિ લેવા માટે થોડીવારે સ્વસ્થ બેસીએ છીએ તે સમયેજ આપણને સમજાય છે કે આપણે પરોપકારનું કાર્ય કર્યું. શરીરને અત્યાર સુધી જે પરિશ્રમ કરવો પડ્યો હતો અને શક્તિઓનો જે સદુપયોગ થયો હતો એ બધાંનું રૂપાન્તર થઇ વિચારરૂપે તેના સંસ્કારો (ઉપર વર્ણવેલી મનોભૂમિપર અથવા કારણ શરીરપર) અવશ્ય પડી ચૂકેલા. ત્યારે આમ બનવાનું કારણ શું ? એ પ્રશ્ન સહજ ઉદ્ભવે છે. ઉત્તર એવો આપી શકાય છે કે સ્વસ્થ બેસ પછી આપણને પુણ્ય કિંવા પરોપકાર કર્યાનું મનમાં સમાધાન થાય છે. આપણે કોઈ સત્કર્મ કે મહાન કાર્ય કર્યું છે, એવા વિચારોથી જે આનંદ અને ઉલ્લાસ મનમાં ઉપજે છે, તેથી એટલું સાબીત થાય છે કે આપણે આપણી શક્તિઓનો દુરુપયોગ કર્યો નથી. એ નિરાધાર બિમારની સેવા કરીને આપણે પુણ્ય ઉપાર્જન કરી શકયા છીએ એટલે કે પરોપકારને અર્થે વાપરેલી શક્તિઓને કારણ શરીરમાં સંચય કરી શકયા છીએ. આવા વિચારોમાં થોડો સમય સુખમાં ગાળ્યા પછી પાછું આપણું વિચારવમળ લોપ થયેલું આપણે અનુભવીએ છીએ. આ પ્રમાણે વિચાર અને શક્તિ અદષ્ટ થઇ ગયેલાં જણાય છે તેથી શું એમ સમજવું કે તેનો કાયમને માટે વિનાશ થઈ ગયો ? નહિજ-વિનાશ થાયજ નહિ. આ સૃષ્ટિની કોઇ પણ વસ્તુનો કાયમનો વિનાશ થવો શકયજ નથી. વેદાન્ત એમ કહે છે કે તે શક્તિઓ અદૃશ્ય થઈ ખરી, પણ તેનો સમૂળ વિનાશ નથી થયો. એ શક્તિઓ કારણદેહમાં સંચિત થયેલી છે તેથી આપણને તેનું જ્ઞાન થતું નથી. એ બધા સંસ્કારો આપણી સંવેદન શક્તિની પાર પહોંચી ગયા હોય છે અને મનોભૂમિકાના નીચેના તલ કે પટપર ગોઠવાઇ જાય છે. અંતઃકરણના પ્રકૃતિ, વૃત્તિ, ભાવ અને શ્રદ્ધા ઉત્પન્ન કરવાના કાર્યમાં એ સર્વ સંસ્કારોનું સમૂહ કારણભૂત થાય છે. આપણા અંતઃકરણની પ્રવૃત્તિ-આપણી મનોભાવના કેવી રીતે ઘડાય છે, એનું વેદાન્ત આમ સયુક્તિક સમાધાન કરે છે.

પ્રત્યક્ષ પ્રયોગ વા પ્રમાણ.

કોઈ બનાવ કે મૂર્છનાશાસ્ત્રના પ્રયોગથી મૂર્છિત કરી નાખેલા મનુષ્યના કારણ શરીરપર પરોક્ષ કે અપરોક્ષ, જેવા સંસ્કારો ઉત્પન્ન કરશો, તે સંસ્કારને અનુસરી ઉચિત સમયે

ભાસજ છે. કારણ શરીરના ઉદરમાં નિગિષ્ટ ગુણગુપ્ત એવું જે તત્ત્વ (કુટસ્થ ચૈતન્ય) વ્યાપી રહ્યું છે તે જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ એ ત્રણે અવસ્થામાં અબાધિત હોઇને એજ સત્ય સંવિત અથવા સદ્વસ્તુ છે. તેના વિનાનો આ દશ્યભાસ તો સર્વ મિથ્યા ભ્રમ-જંજાળ છે. આત્મસાક્ષાત્કાર એટલે આ ભ્રાન્તિ માત્રનો-આ મૂર્છાનો કેવળ અભાવ થઇ જવો અને સર્વ નામરૂપાત્મક માયાજાળના પ્રસારણનું સત્તત્ત્વમાં લય થઇ જવું-નામ શેષ થવું; એમ [illegible] છે. આ જે મૂર્છારૂપી ગાઢ નિદ્રા આપણામાં ઘર કરી બેઠી છે; આપણા ઉપર કાબૂ [illegible] બેઠી છે; નામરૂપાત્મક જગત કેવળ માયિક અને અસત્ય હોવા છતાં એ આપણને સત્ય લાગે છે; તેનું કારણ બાળપણમાં આપણા ઉપર માતાપિતાદિ વડીલોએ પાડેલા સંસ્કારો [illegible] સૂચનોજ છે, અને આપણી ઇંદ્રિયોએ ઉભો કરેલો ભ્રમજ છે. આથી ઉલટ સંસ્કાર [illegible] ઉલટ સૂચનોથી આપણી ભ્રમણા ભાગી જાય છે; આપણી મૂર્છના સ્થિતિ [illegible] આપણી નિદ્રા જતી રહે છે અને જાગ્રતિ પ્રાપ્ત થાય છે. એ નિઃસંશય અને નિર્વિવાદ છે.

કોઇને એવી શંકા થશે કે આત્મામાં આવી ભ્રાન્તિ ક્યાંથી આવી ? એનું એજ સમાધાન છે કે શાથી અને શા હેતુથી એ ભ્રાન્તિ ઉત્પન્ન થઇ એવી શંકાઓ પણ મૂર્છના વા ભ્રમમાંજ થાય છે; એટલે ભ્રાન્તિનું કારણ ભ્રાન્તિ-અજ્ઞાન-મૂર્છના વા મોહજાળ છે. અજ્ઞાનના આવરણ-અંધારામાં હોઇએ ત્યાંસુધીજ આવા પ્રશ્નો ઉત્પન્ન થાય છે. આવી શંકાઓ કરવી અને એવા વિચાર ચલાવવા એટલે માયાના કાર્યે પોતાના કારણ ઉપર-મગજ ઉપર સત્તા ચલાવવાની આશા કરવી અથવા પિતાના પહેલાં પુત્રની હયાતી માનવી, અથવા ઘડાની પહેલાં માટી જોવા જેવું છે. આવા 'કેમ' અને 'શાથી' પ્રશ્નોનો વિચાર એ પ્રપંચ મૂર્છના-ભ્રાન્તિના નાટક માંહેનોજ એક પ્રવેશ છે. ભ્રાન્તિ ટળ્યા પછી આવા પેદા-નાશ પ્રશ્નોનો સંભવજ રહેતો નથી. તત્ત્વતઃ આત્મદૃષ્ટિ થયા પછી આવા કોઇપણ પ્રશ્નોને અવકાશજ હોતો નથી. પરમાર્થ દૃષ્ટિમાં શંકામાત્રનો લય થઇ ગયેલો હોય છે. આત્મા સર્વાંગ [illegible] તેમજ નિત્ય સનાતન છે. તેમાં વસ્તુતઃ કોઈ પણ વખતે વિકારનો સંભવજ નથી. [illegible] કોઇનો આકાર (ઉપર વર્ણ્યા શરીરોની વિવિધ આકૃતિ) કાગળના આશ્રયે અવલંબીને રહી રહેલો છે અને તેનાં બધાં કુંડળાં એ કાગળને છોડતા નથી તેવીજ રીતે સ્વવસ્તુ-બ્રહ્મ-આ જગતની સર્વ કાર્યકારણપરંપરાનું મૂળ અધિષ્ઠાન છે. એ સર્વ પરંપરાથી અલિપ્ત-સ્વરૂપ છે અને "આત્મામાં અનાત્મ વિશ્વનો ભાસ શા માટે થાય છે?" આવા પ્રશ્ને વાસ્તવિક અવકાશ નથી એનું કારણ એ મોહ-માયા-ભ્રમજાળજ છે. આ આકૃતિ [illegible] એમ બધી [illegible] કાગળજ છે-વસ્તુતઃ તો એ કાગળજ [illegible] છે. નિજ પ્રમાણે [illegible] માં ભાસ કેમ અને શાથી થાય છે; એ પ્રશ્નોની વિવક્ષા પણ કેવળ અજ્ઞાનજ સૂચવે છે.

[illegible]

ૐ ૐ ૐ

કલ્પનાવાદનો પક્ષ કરનારા એમ કહે છે કે કલ્પનાવાદજ ખરો છે. પોતાના પક્ષના સ ર્થન માટે તેઓ પ્રમાણો આપે છે. ઉદાહરણ તરિકે આપણે એક ફૂલ લઈએ. ફૂલનું આ ણને જ્ઞાન છે એ વાત ખરી, પણ કલ્પનાવાદી કહે છે કે ફૂલ સાચું નથી. ફૂલ તો કે આપણી કલ્પના છે. આપણી કલ્પનાથીજ આપણે એને ઉત્પન્ન કરીએ છીએ. મૂર્છાની સ્થિ તિમાં મનુષ્યને એ ફૂલ ન લાગતાં બીજુંજ કાંઈ લાગે છે. મારી પ્રબળ ઈચ્છાશક્તિથી હું બીજા મનુષ્યપર મૂર્છાશક્તિનો પ્રયોગ કરૂં અને પછી તેને એમ કહું કે "આ જમીન નથી પણ તળાવ છે" તો તે માણસ તરતજ તેમાં માછલાં મારવા (માંસાહારી હશે તો) દોડશે. પરંતુ પ્રત્યક્ષવાદી કહે છે કે ફૂલ સાચું છે-પ્રત્યક્ષ છે. ફૂલ એ માત્ર આપણી કલ્પનાનો ખેલ છે એમ કહી શકાયજ નહિ. આંખે એ પ્રત્યક્ષ દેખાય છે અને વાસ પણ આવે છે, એટલે કોઈ પણ કહેશે કે ફૂલ કલ્પના નથી પણ એક સાચેસાચી વસ્તુ છે. 'રામ'નું તો એમ કહેવું છે કે વસ્તુનું જ્ઞાન થવા માટે વસ્તુ પણ જોઇએ અને કલ્પના પણ જોઇએ; અર્થાત્ દ્રષ્ટા અને દૃશ્ય એ બન્ને પદાર્થની આવશ્યક્તા છે. મૂર્છાવસ્થામાં મનુષ્યને એ ફૂલ છે એમ ન લાગતાં બીજુંજ કાંઈ દેખાય છે, પણ ત્યાંએ એને કહેવા માટે કોઇ બીજી વસ્તુની જરૂર તે પડશેજ. પછી તે વસ્તુ ઘોડો હોય, કે સરોવર હોય, કે બીજું કાંઇ હોય. સારાંશ કે દ્રષ્ટા અને દૃશ્ય બન્ને જોઇએ છીએ.

એકવાર હિંદુસ્તાનમાં બે માણસો લડતા હતા. એકનું નામ લાકડીરામ અને બીજાનું નાથ કુહાડીરામ હતું. કુહાડીરામ ખુબ ગરમ થઈ ગયા અને લાકડીરામને કહ્યું: "સંભ ળજે, તારા ટૂકડે ટૂકડા કરી નાખીશ." લાકડીરામે ઉત્તર આપ્યો: "પણ મહેરબાન, હું તમારી પાછળ હઇશ-મારો હાથ હશે ત્યારેજ તમે કાંઈ પણ કરી શકશો. એ વિના તમારૂં અભિમાન વ્યર્થ છે." કુહાડીનો હાથો લાકડાનો બનેલો હોય છે એ તો સૌ જાણે છે. કલ્પનાવાદ અને પ્રત્યક્ષવાદની પણ આવીજ સ્થિતિ છે. એક વિના બીજાને ચાલતુંજ ન રેતીવાળા કાગળપર હું દીવાસળી ઘસું છું એટલે અગ્નિ થાય છે. આ અગ્નિ જેમ એક દીવાસળીમાં નથી તેમ એકલો રેતીવાળા કાગળમાં પણ નથી; પરંતુ એ બન્નેના સં ગથીજ ઉત્પન્ન થાય છે. એક હાથપર બીજો હાથ થાબડીએ ત્યારે અવાજ થાય છે. એ અવા કંઈ એકલા ડાબા કે જમણા હાથનો એકલાનોજ નથી, પણ બન્ને હાથ એકઠા કર્યાનું પરિણામ છે. અલબત્ત બન્ને હાથમાં આત્મા તો એકજ છે. એવું કહેવાય છે કે કાગડ આંખો બે હોય છે, પણ બન્ને ડોળાને માટે કીકી તો એકજ હોય છે. જમણી તરફ હોય ત્યારે એ કીકીને તે જમણી આંખમાં લાવે છે અને ડાબી તરફ જોવું હોય ત્યારે ડા આંખમાં લાવે છે. કીકી તો એકની એકજ; પણ બન્ને જુદી જુદી જગ્યાએ ફરે છે. પાણી મોટાં મોજાં સામસામાં જૂદી જૂદી દિશામાંથી આવીને અથડાવાથી ત્યાં ફીણ ઉત્પન્ન થ છે. એમાં એ બન્ને મોજાં પાણીરૂપજ હોવા છતાં એક એકની સાથે અથડાય છે ત્યારેજ ફી ઉત્પન્ન થાય છે. એકલી માતા કે એકલા પિતામાંથી કાંઇ બાળક ઉત્પન્ન થતું નથી; પરં માતા અને પિતા બન્નેની આવશ્યક્તા છે.


હવે આપણે જોનારાને દ્રષ્ટા અને જોવાની વસ્તુને દૃશ્ય કહીએ. આપણને જે જે દેખ છે તે આ બેમાંથી દ્રશ્યજ હોય છે; પરંતુ દ્રષ્ટા અને દ્રશ્ય બંને એક બીજાપર આ લંબન રાખે છે. એ બન્ને એકત્ર થાય એટલેજ આપણને દૃશ્યનું જ્ઞાન થાય છે. કોઇ એક ાંથી કશું ઉત્પન્ન થતું નથી; અને તેથી એકલો કલ્પનાવાદ કે એકલો પ્રત્યક્ષવાદ ન

મેજ એટલે મેજનો ગુણ તથા અજ્ઞેય તત્વ.

ફળ એટલે ફળનો ગુણ તથા અજ્ઞેય તત્વ.

ફૂલ એટલે ફૂલનો ગુણ તથા અજ્ઞેય તત્વ.

એ અજ્ઞેય તત્વ એજ બ્રહ્મ. ગુલાબનું ફૂલ ગુલાબી રંગનું હોય છે તથા તેને પાંખડી હોય છે, એ બધા ગુણ તથા અજ્ઞેય તત્વ મળીને ગુલાબ બને છે. એ બધામાં અજ્ઞેય ત એકજ છે. એજ બ્રહ્મ છે અને એજ સત્ય છે; એટલુંજ નહિ પણ સર્વ પદાર્થ તેજ સત્ય છે.



અહીં આપણી પાસે બે સમદ્વિભુજ ત્રિકોણ અને એક સમકોણ ચતુષ્કોણ એવી ત્ર આકૃતિઓ છે. ત્રિકોણની ૩, ૩, ૫ એવી ત્રણ બાજુ છે અને ચતુષ્કોણની ૩, ૫ બાજુ છે અર્થાત્ ત્રિકોણની ૩, ૩, બાજુ ચતુષ્કોણની ૩, ૩, બાજુની બરાબર છે અને ત્રિકોણની ૫ બાજુ ચતુષ્કોણની ૫, ૫, બાજુઓની બરાબર છે. હવે એ ત્રિકોણોને ચતુષ્કોણની બને બાજુએ એવી રીતે જોડી દો કે ત્રિકોણની ૫ બાજુ ચતુષ્કોણની ૫ બાજુ સાથે જોડાઈ જાય એમ કરતાં આ ત્રણ આકૃતિમાંથી એક ષટ્કોણ આકૃતિ તૈયાર થશે. આ ષટ્કોણ આકૃતિ સંબંધમાં વિશેષ ધ્યાનમાં રાખવા જેવી હકીકત તો એ છે કે ઘટક આકૃતિ કરતાં ષટ્કોણને ધર્મ કેવળ ભિન્ન છે.

ઘટક દ્રવ્યો કરતાં ઘટિત દ્રવ્યના ધર્મ સર્વતોપરિ ભિન્ન હોઇ શકે છે એનું આપણે બીજું દૃષ્ટાંત જોઇએ. પાણી રસાયન દૃષ્ટિએ ઉજ્જ અને પ્રાણ (Hydrogen and Oxyge એ બે વાયુના રાસાયનિક સંયોગનું પરિણામ છે; પણ તે વાયુના ગુણ-ધર્મ પાણી કર ભિન્ન છે, એ પણ રસાયનશાસ્ત્રમાંથી સિદ્ધ થાય છે.

આપણને આ નામરૂપ જગતનો જે દેખાવ દૃષ્ટિએ પડે છે તે વાસ્તવિક સત્ય નહીં કેવળ ભાસજ છે; એમ વેદાન્ત પ્રતિપાદન કરે છે. જેનાં આપણે દૃષ્ટા અને દૃશ્ય એ નામ લઇએ છીએ એના સંયોગનુંજ આ પરિણામ છે, અને એ બન્ને તત્વદૃષ્ટિએ ખ સત્તા નહોતાં ભાસ માત્રજ છે. આત્મસ્વરૂપની દૃષ્ટિએ, દૃષ્ટા અને દૃશ્ય એનું "સ્વ કલ્પના" કરતાં કાંઇ વિશેષ મહત્વ નથી. તેથી+વેદાન્ત કહે છે કે શબ્દજાળમાં ન ફ જાઓ. શાબ્દિક વાદનો શો અર્થ ? તત્વાનુભવ કરવાનો પ્રયત્ન કરો. જગત સત્ય છે એમ અજ્ઞાનને લીધેજ આપણને લાગે છે. પારમાર્થિક દૃષ્ટિએ એમાં સત્યતા નથી. જેને આપણે સત્તત્વ કહી દઇએ તે તો "एकमेवाऽद्वितीय" હોઇને તેજ આપણું વાસ્તવિ

+ આ બન્ને વાદની વેદાન્ત એકવાક્યતા કરે છે. વેદાન્ત એમ કહે છે કે બન્ને વાદ પોતપોતાની સ્થિતિમાં સાચા છે. વિશ્વના જ્ઞાનને માટે વસ્તુ અને મન-કલ્પના એ બન્નેની આવશ્યકતા છે; પરન્તુ મન અને વસ્તુ એ બન્ને પરમાર્થતઃ ખોટાં છે. મન કિંવા કલ્પના પણ વેદાન્તની દૃષ્ટિએ બાહ્ય વસ્તુની ?? મિથ્યાજ છે.

૨૭–વર્ગમાં પ્રશ્નોત્તર.*

સ્ત્રીપુરુષાદિ અનિત્ય સ્વરૂપોમાં વિલસતા હે નિત્ય સ્વરૂપ પરમાત્મન્ !

પ્રશ્નઃ—બાળકો નાનપણમાંજ શા માટે મરી જાય છે?

ઉત્તરઃ—સમાધાનને માટે આવેલા સર્વ પ્રશ્નોનો વિચાર કરવાનો 'રામ'ને અવકાશ ન એટલે પ્રત્યેક પ્રશ્નનું અત્યારે તે બહુ થોડુંજ વિવેચન કરશે.

અંગ્રેજી ભાષામાં લખેલું એક પુસ્તક આ મેજપર પડેલું છે. એ પુસ્તકનો વિષય પ્ર પાદન કરવા માટે એમાં થોડા સંસ્કૃત ગ્રંથોના ઉતારા તથા વચનો આપેલાં છે. એ ઉત તથા ટાંચણ દેવનાગરી લિપિમાં લખેલાં છે. દેવનાગરી લિપિ લખવાનો મરોડ જૂદો હોવા તે અક્ષરો લખવાને માટે જૂદી કલમ જોઇએ. અંગ્રેજી લખવાની કલમથી સંસ્કૃત લ ફાવતું નથી એ તો તમે જાણો છો. એટલે ગ્રંથ લખનારને અંગ્રેજી અને સંસ્કૃત બે ભિ ભિન્ન ભાષામાં પુસ્તક લખવા માટે બે કલમો જોઇએ. આ પ્રમાણે જેમ જૂદી જૂદી લિ લખવામાં આપણે જૂદી જૂદી કલમોનો ઉપયોગ કરીએ છીએ, એવીજ રીતે જીવદશા હોઇએ ત્યારે જૂદા જૂદા હેતુની સાધના અને જૂદાં જૂદાં કાર્ય કરવા માટે ભિન્ન ભિ શરીરોનો આપણને આશ્રય લેવો પડે છે. આપણાં કાર્ય સિદ્ધ થાય ત્યાં સુધી આપણે શરીરોને વળગી રહીએ છીએ–કાર્ય સિદ્ધિપર્યંતજ આ શરીરોનું અસ્તિત્વ સાચવી રખાય અને જ્યારે આપણા ઉદ્દિષ્ટ હેતુમાં તેનો ઉપયોગ નથી થતો અને તે જીર્ણ તથા રોગગ્ર થઈ પડે છે, ત્યારે તેનો ત્યાગ કરીને આપણે નવુંજ શરીર ધારણ કરીએ છીએ. પહેરવ કપડાં જુનાં થાય કે ફાટી જાય ત્યારે જેમ તેને ફેંકી દઇને નવાં પહેરીએ છીએ, એ જેવુંજ તે પણ છે. એમાં ભયંકર કે અસ્વાભાવિક એવું કશુંએ નથી.

બાળકો નાનપણમાંજ શા માટે મરી જાય છે? એવો અહીં પ્રશ્ન છે. કલ્પના કરો અહીં એક મનુષ્ય છે; અને એનામાં ભિન્ન ભિન્ન વાસનાઓ છે. થોડા કાળમાં એ વાસના એની મટીને બીજાની બની જાય છે. ઉદાહરણ તરીકે એમ સમજો કે એક મનુષ્ય અમેરિક વતની છે. પાછળથી તે ધીમે ધીમે ઉત્તમ પ્રકારનું સાહિત્ય વાંચે છે, અને ત્યાર પછી વે ન્ત વાંચે છે. એનું પરિણામ એ આવે છે કે એના વિચારોમાં ફેરફાર થાય છે. તેની પૂર્વ વાસનાઓ નાશ પામીને હવે તદ્દન જૂદાજ પ્રકારની વાસનાઓ ઉત્પન્ન થાય છે. તેની વૃ ઓ બદલાઈ જાય છે અને મનથી તે પૂર્વસ્થ-હિંદુ-બને છે. આવી સ્થિતિમાં તે પોતા વ્યવસાય પશ્ચિમના વતની-અમેરિકન-પ્રમાણેજ થોડા દિવસ સુધી તો કર્યા કરે છે; પર સમય જતાં એવી પણ વેળા આવે છે કે જ્યારે એના વ્યવસાય અને અંતર્યામીની ઇચ્ વચ્ચે ભયંકર વિરોધ ઉત્પન્ન થાય છે. એમાં એકતાન તથા એક સંવાદિત્વ રહેતું નથી. અંત કરવાથી તે હિંદુ બને છે અને તેની એ વખતની તદ્દેશીય પરિસ્થિતિ એને પ્રતિકૂળ થ

* ગોલ્ડન ગેટ હૉલ, રવિવાર તારીખ ૨૫-૧-૧૯૦૩.

જગતપર પોતાનું વર્ચસ્વ ગજાવી રહ્યા છે. મનુષ્યોમાં મનુષ્યપણું હોય તો તેઓએ સ્થિતિસાતત્યને-પૂર્વજન્માર્જિત પશુવૃત્તિને પગતળે દબાવી દઈ પોતાની ઉન્નતિ કરવીજ જોઇએ. આત્મોન્નતિનું ધ્યેય તેઓએ પોતાની સામે રાખતાં શીખવુંજ જોઇએ.

નવીન પ્રેરણા થઇ એટલે ગતિની આગલી રેખા-દિશા-બદલાઈ ગઇ એમ સમજવું. જ્યાં સુધી તેમ ન થયું હોય અને ગતિની પૂર્વની રેખાજ કાયમ હોય ત્યાં સુધી નવીન પ્રેરણા ઉત્પન્નજ થતી નથી. પશુકોટિમાંથી મનુષ્યકોટિમાં આવેલા લોકોએ પોતાને જીવંત પ્રાણી-જીવંત મનુષ્યો કહેવરાવવું હોય તો તેઓએ પોતાનામાં ચૈતન્ય-ઈશ્વરત્વ પ્રકટ કરવુંજ જોઇએ. આધ્યાત્મિક પ્રેરણાના યોગથી-નવીન સદ્વાસનાના યોગથી પૂર્વના સ્થિતિસાતત્યને નહિ જેવાં બનાવીને-જન્માંતરાગત પશુવૃત્તિઓને નિર્મૂળ કરીને-સ્વાભાવિક વૃત્તિઓને નિયમિત બનાવીને પોતાની સર્વ તરફથી ઉન્નતિ કરવી જોઇએ. ' સ્વાભાવિક પ્રવૃત્તિઓ ' આ શબ્દ આવતાં સ્વાભાવિક શબ્દનું અહીં થોડું સ્પષ્ટીકરણ કરવાનું ઉચિત લાગે છે. આ શબ્દનો ખરો અર્થ ન સમજવાથી હજારો લોકો તેનો ભળતો અર્થ કરી નાખે છે. સ્વાભાવિક શબ્દનો આશ્રય લઇને લોકો સર્વ પ્રકારના દુર્ગુણોનું-દુર્વ્યસનોનું સમર્થન કરે છે, એટલુંજ નહિ પણ દુષ્કૃત્યોને ઉત્તેજન આપે છે.

મનુષ્યના મનમાં ઉદ્‌ભવતા કામ ક્રોધાદિ વિકારો, તેમજ મનુષ્યને નીચે ઉતારી પાડનારી સર્વ પશુવૃત્તિઓને ઘણા લોકો " સ્વાભાવિક " કહે છે. તેઓ આ પશુવૃત્તિઓને પણ મનુષ્યનો તે સ્વભાવ છે-અમારૂં એવું પ્રારબ્ધ છે એમ સમજે છે. તેમની વિચારસરણી એવી હોય છે કે " અમારા મનોવિકારો સ્વછંદપણે દોડવા દો; ઇન્દ્રિયોરૂપી અમારા અશ્વોની લગામ ખેંચી રાખવી, મનોવિકારનું નિયમન કરવું, એતો આપણા સાચા સ્વભાવને-આપણા સાચા સ્વરૂપને ફેંકી દેવા જેવું છે; આચારવિચારમાં આપણને પૂર્ણ સ્વાતંત્ર્ય જોઇએ; *મનઃપૂતં સમાચરેત્* એજ ધોરણ આપણા સ્વભાવમાં ધારણ કરવું જોઇએ. "

પરંતુ આ પ્રકારની વિચારસરણીને આગળ ધરનારા લોકો ભૂલી જાય છે કે આચાર સ્વાતંત્ર્યનો અર્થ સ્વછંદપણું કે ખ્યાલી ખુશાલી નથી. સ્વછંદપણું એ કાંઈ મનુષ્યના જીવિતનું ખાસ ધ્યેય નથી. પશુવૃત્તિમાંજ રહેવા માટે મનુષ્ય જન્મેલો નથી.

દૃષ્ટાંત તરીકે આપણે એક બાળકની કળવાળી દોડતી ગાડી લઇએ. તેને એક વાર કૂંચી દઇએ એટલે તે બહુ દૂર સુધી દોડી જશે. એ દોડવાની ગતિ ગાડીની પોતાનીજ છે એમ જોનારને તો લાગશે, કારણ કે તે દોડયેજ જાય છે. તેનામાં એવા પ્રકારનો વેગ ઉત્પન્ન થયેલો હોવાથી કાંઈ " દોડયાં જવું " એ એનામાં સ્વાભાવિક ગુણ હતો એમ ઠરતું નથી. આપણે એક પત્થર ફેંકીએ તો તે પણ બહુ દૂર ચાલ્યો જાય છે. પરંતુ એ દૂર જવાનો ધર્મ એ પત્થરમાં ક્યાંથી આવ્યો ? સ્થિતિસાતત્યમાંથી. સ્થિતિસાતત્યના નિયમને લીધેજ દૂર ચાલ્યા જવું એ પત્થરનો ધર્મ બની ગયો હતો. બાળકોને રમવાના ભમરડાને એકવાર ગતિ આપીએ એટલે તે એક સરખાં ચક્કર માર્યાજ કરે છે એનું કારણ પણ સ્થિતિસાતત્ય છે. વર્તુલાકાર ગતિ આપવાથીજ એ ફર્યા કરે છે અને થોડા કાળ સુધી એ એનો સ્વભાવ બની રહે છે.

ઉપરનાં દૃષ્ટાંતોમાં કૂંચીવાળી ગાડી પ્રમાણે કે ભમરડાની પેઠે અમુક પશુયોનિમાં હોઇએ ત્યારે આપણને અમુક વિશિષ્ટ પ્રકારની ગતિ મળેલી હોય છે. તે સમયે એ દિશામાંજ

આપણો સર્વ વ્યાપાર-વ્યવહાર થતો હોય છે; એટલે એમ કરવું એ, તે સ્થિતિમાં સ્વાભાવિક હતું. પશુદેહમાં હતા ત્યારે વિષયવાસનાની તૃપ્તિની દિશામાં આપણે દોડતા એ સમયે એવીજ ગતિ મળેલી હોવાથી એ દેહમાં વિષયભોગેચ્છા તદ્દન સ્વાભાવિક હતી. દેહમાં એ વૃત્તિ આપણને ભુષણરૂપ હતી અને એ વ્યવહારમાં-એ કોટિમાં રહેવું એમ આપણી ઉન્નતિ હતી. એ યોનિમાં કામવાસના અને ભોગેચ્છા એજ આપણે માટે સદ્ગુ હતા, એમાંજ આપણી પ્રગતિ થતી હતી અને જ્ઞાનપ્રાપ્તિના માર્ગમાં આપણને આગ આગળ આવવાના ધક્કા મળતા હતા.

કૂતરો કૂતરાના જેવા ચાળા કરે તેમાં તેનો તિરસ્કાર કરવાનું કે તેને દોષ દેવાનું પ્રયોજન છે? એવીજ રીતે ભુંડ ભુંડની પેઠે વર્તે એમાં ભુંડનો શો દોષ? જેની જે યોગ્યતા લાગે એજ એની પ્રકૃતિ છે. એજ એનો સ્વભાવ છે. એ માટે તેને હસી કાઢવાં મૂર્ખતા છે. જીવ જ્યારે પશુકોટિમાંથી મનુષ્યકોટિમાં આવે છે તે વખતે પૂર્વજન્મની હાક પેસી ગયેલી પશુવૃત્તિ એટલે કે વિષયસુખ-લાલસાદિ ધર્મ આપણી સમક્ષ આવીને ઉભા છે. જીવ જ્યારે પ્રથમજ મનુષ્યદેહમાં આવે છે ત્યારે વિષયસુખ-લાલસાદિ પશુવૃત્તિ સ્વાભાવિક હોય છે. સ્થિતિસાતત્યના નિયમ પ્રમાણે એ અપરિહાર્ય હોય છે. સારાંશ એ સ્વાભાવિક એ શબ્દનો અર્થ સ્થિતિસાતત્ય પ્રમાણે આવો થાય છે. પણ આ સ્થિતિસાતત્ય પ્રારબ્ધનો અર્થ કાંઈ "વાસ્તવિક સ્વભાવ"-વાસ્તવિક સ્વરૂપ એવો નથી, એ લક્ષમાં રાખ આ સ્થિતિસાતત્ય અથવા તો ભૂલથી આપણે જેને સ્વરૂપ કહીએ છીએ તે તો માત્ર જન્મ જન્માંતરગત સંસ્કારો સિવાય બીજું કશુંએ નથી. સ્થિતિસાતત્ય-પ્રારબ્ધ એ તો આપણ માયાનો આવિષ્કૃત અંશ છે, પણ માયાનો અંશ એટલે આપણું સાચું સ્વરૂપ નહિ. ઈશ્વર એજ આપણું સાચું સ્વરૂપ છે. એજ આપણો સાચો સ્વભાવ છે. સ્થિતિસાતત્ય કાંઈ આપ દિવ્ય સ્વરૂપ-આપણું ઈશ્વરત્વ પ્રકટ કરી શકતું નથી. એ વાત લક્ષમાં રાખજો. મનુષ્ય ને કાંઈ સાચું કર્તવ્ય હોય તો તે પોતાનું સાચું સ્વરૂપ પ્રકટ કરવું; સ્થિતિસાતત્યને ઉ લઈ પશુવૃત્તિને દબાવવી; વાસનાઓને નિર્મૂળ કરી પોતાનું ઈશ્વરત્વ ઓળખવું. એજ યોગ્ય છે. **અન્તઃકરણમાંથી જે મનુષ્ય પશુવૃત્તિનું ઉચ્છેદન કરે છે તેજ સાચે મનુષ્ય છે.** પશુવૃત્તિ પશુઓમાં અથવા તો હમણાંજ મનુષ્યકોટિમાં આવેલાં મનુષ્યો થોડા કાળ સુધી તો રહેવાનીજ; પરંતુ ત્યાર પછી તો તેમણે એ પશુવૃત્તિઓને ફેંકીજ દે જોઈએ. વિષયવાસનાનું અંતઃકરણમાંથી ઉચ્છેદન કરીને તેઓએ અનાત્મ વસ્તુની પાર પહોંચ જોઈએ. પોતાના દિવ્ય સ્વરૂપને-પોતાના ઈશ્વરત્વને ઓળખવું જોઈએ.

પ્રતિપાદિત વિષયપર પ્રકાશ પાડનારી એક વાર્તા હવે તમને 'રામ' કહેશે. હિંદુસ્તા નમાં તુલસીદાસ નામના એક મોટા સતપુરુષ થઈ ગયા છે. જે ગોસ્વામી કુલમાં જન્મ લઈને ભક્તશિરોમણિ તુલસીદાસે એ કુળની કીર્તિ અજરામર કરી છે તે કુલમાંજ આ દેહનો (સ્વામી રામતીર્થનો) પણ જન્મ થયો છે. મહાત્મા તુલસીદાસનો પોતાની પત્ની પર બહુ ગાઢ પ્રેમ હતો. એકવાર એમની પત્ની પિયર ગઈ તેનો વિયોગ એમને અસહ્ય થ પડયો. વિવેકવડે પોતાના મનનું આવરણ તોડવા પ્રયત્ન કર્યો; પણ કેમે કરીને મન શાંત પ્રેમાતિશયમાં વિયોગનો વિચારજ સહન ન થઈ શકયો. છેવટે પ્રિયાને મળવા માટે ઝૂરે જવાનો નિશ્ચય કર્યો. સાસરૂં પોતાના ગામથી ત્રણ ગાઉ દૂર હતું. બન્ને ગામની

આ લોક છોડીને પરલોકમાં જશો. એજ દેહ કાલે કદાચિત્ રોગગ્રસ્ત થાય તો તે વખતે પણ એમાં મોહકપણું રહેશે કે ? હવે આપજ વિચાર કરો કે મારા ગાલમાં લાલી ક્યાંથી આવી ? મારાં નેત્રોમાં આ તેજ ક્યાંથી આવ્યું ? મારા શરીરમાં આ ઐશ્વર્ય-આ દિવ્યત્વ ક્યાંથી પ્રાપ્ત થયું ? મારાં નેત્રદ્વારમાં આ કોનું તેજ ચળકે છે ? મારા આ કેશનો કાળો રંગ કેવી રીતે પ્રાપ્ત થયો ? મારી આ બાહ્ય અને આંતરેંદ્રિયોમાં ચેતના અને ચલન ક્યાંથી આવ્યું ? આ શરીરમાં સર્વ સામર્થ્ય કેવી રીતે આવ્યું ? જેણે આપના ચિત્તને આકર્ષણ કર્યું છે તે આ શરીરની ત્વચા નથી, બાહ્ય શરીર નથી: આપને મોહ ઠસાવનાર-આપનું ચિત્ત હરનાર બીજું કોઈ નથી પણ આત્માજ છે. મારામાં રહેલ ચિદાત્મા-અંશજ આપને મારી પાસે ખેંચી લાવે છે. હૃદયસ્થ પરમાત્માજ આપના ચિત્તને મારી પાસે ખેંચી લાવ્યા છે. પરમાત્મા સિવાય બીજી કોઈ પણ મોહિની આ શરીરમાં હોવી સંભવિત નથી. મારામાં રહેલો ઈશ્વરાંશ મારા હૃદયમાં વાસ કરનાર હરિજ આપને મુગ્ધ પાડે છે. પરમેશ્વર સર્વ ચરાચરમાં વ્યાપી રહ્યા છે. જે પરમેશ્વર મારા હૃદયમાં છે તેજ આપનામાં છે; તેજ તારામંડળમાં છે; તેજ સૂર્ય-ચંદ્રમાં છે; આકાશમાં ઉદિત થયેલા આ ચંદ્રના રૂપમાં આપ તેને પ્રત્યક્ષ નથી જોઈ શકતા ? આપ પરમેશ્વર ભરેલા છો, એવો અનુભવ કરી જુઓ."

પત્નીનાં આ વચન સાંભળીને તુલસીદાસના હૃદયમાં સત્ય જ્ઞાનનો પ્રકાશ પડ્યો. તેજ સૂર્યનાં પ્રખર કિરણોથી તેમની વિષયવાસના તદ્દન ભસ્મીભૂત થઈ ગઈ. વિષયવાસના અને વિષયાસક્તિની પાર તે પહોંચી ગયા. વિષયી પ્રેમનું-સાંસારિક આસક્તિનું હવે તેમના હૃદયમાં નામનિશાન ન રહ્યું. સર્વત્ર ઈશ્વરની ભાવના અંતઃકરણમાં કબુલ થઈ. પરમાત્માનો ભાવ ઉત્પન્ન થવાથી એ મહાપુરુષને પત્ની પણ ઈશ્વરસ્વરૂપજ દેખાવા લાગી. પત્નીપર તેમનો નિરતિશય પ્રેમ હતો ત્યારે તેમને ચરાચર સર્વ વસ્તુ પત્નીમયજ લાગતી હતી. એજ ભાવ હવે અત્યંત તીવ્ર અને ઉત્કટ થઈ. એકવાર એક જગ્યાએ તેઓ ગયા ત્યાં પોતાના હાથમાં એક કુહાડી લઈને એક સુંદર દેવદારુ વૃક્ષને તોડી પાડવા તૈયાર થઈ રહેલો એક મનુષ્ય દૃષ્ટિએ પડ્યો. એ મનુષ્ય કુહાડી ઉંચી કરીને વૃક્ષને મારવા તૈયાર થાય છે ત્યાં તો તુલસીદાસને અત્યંત દુઃખ થયું. એ મનુષ્ય પાસે જઈને તેઓ દીન વચને બોલ્યા. "ભાઈ, તારો આ ઘા તો મારા કાળજાના ટુકડા કરી નાખે છે, મારા મર્મસ્થળમાંજ તે વાગે છે; માટે કૃપા કરી આ સુંદર વૃક્ષને ન તોડી નાખીશ." પેલા મનુષ્યે કહ્યું: "મહારાજ, આપ શું કહો છો તે નથી સમજાતું. આ વૃક્ષ કાપું છું એમાં આપને શા માટે દુઃખ થાય છે ?" સર્વ વસ્તુમાં ચિદાત્મની [illegible] વૃત્તિ [illegible] એ તુલસીદાસે કહ્યું: "અરે ભોળા ભાઈ, આ સુંદર [illegible] વૃક્ષ મને નિર્જીવ નથી લાગતું; એમાં તો મને મારા ચિદાત્મની લાવણ્યમયી મૂર્તિ નજરે પડે છે. એમાં મને મારું સ્વરૂપ-ઈશ્વરત્વ પ્રતીત થાય છે."

આ વખતે તુલસીદાસની ચિત્તવૃત્તિ ઈશ્વરમય થઈ ગઈ હતી. તે તદ્દાકાર બની ગઈ હતી. [illegible] [illegible], [illegible], [illegible]-[illegible] પ્રત્યેક પ્રાણી માત્રમાં [illegible] તેમને ઈશ્વરત્વ પ્રતીત થતું હતું. [illegible], [illegible], [illegible], [illegible], સર્વત્ર તેમને ઈશ્વરનું દર્શન થતું હતું. [illegible] તેમનું ઈશ્વરદર્શન [illegible] થયું હતું, અને તેઓ [illegible] દેવદારુ વૃક્ષને કાપી નાંખનાર મનુષ્યને [illegible] "ભાઈ, [illegible] તો તને આ વૃક્ષ નિર્જીવ લાગતું હશે, [illegible] પરમાત્મા દેખાય છે." [illegible] પરમાત્મામાં [illegible]

ગયા ત્યારે એકવાર એવો પ્રસંગ આવ્યો કે એક મનુષ્ય હરિણનો વધ કરવા તૈયાર થઈ રહ્યો હતો, તેનાપર તુલસીદાસની દૃષ્ટિ પડી. એ જોતાંજ એ સત્પુરૂષનું હૃદય દ્રવી ઉઠ્યું અને તે મનુષ્યને સાષ્ટાંગ નમસ્કાર કર્યો. સાધુના આવા વિલક્ષણ વર્ત્તનથી આશ્ચર્ય પામીને એ મનુષ્ય બોલ્યોઃ "બાવાજી, આ શું ? આનો શો અર્થ ?" તુલસીદાસે જવાબ દીધોઃ "ભલા આદમી, કૃપા કરીને એ હરિણના પ્રાણ ન લઈશ. એ હરિણનાં નેત્રોમાં મને પરમાત્માની મૂર્તિ દેખાય છે. તારે જોઈએ તો મારા આ દેહનો વધ કર. ઈશ્વરને સંતુષ્ટ કરવા માટે મારા દેહનો યજ્ઞ કર. આ દેહનો બલિ દે. પરંતુ કૃપા કરીને આ હરિણનો–મારા પરમેશ્વરનો–વધ ન કરીશ."

જગતનું સર્વ આકર્ષકપણું, મોહકપણું એ ઈશ્વરત્વ સિવાય બીજું કશુંએ નથી. તમારી પ્રિયતમાની મોહકતાના રૂપમાં જે ચૈતન્ય, જે ચિત્કલા, જે ઈશ્વરાંશ તમને દૃષ્ટિગોચર થાય છે તેજ ચિદંશ, વૃક્ષોમાં, પર્વતોમાં અને ટેકરીઓનાં રૂપોમાં આવિર્ભૂત હોય છે. એજ ચૈતન્ય ભિન્ન ભિન્ન રૂપમાં ભિન્ન ભિન્ન રુચિર વેષોમાં વિલસી રહ્યું છે. 'સર્વત્ર ઈશ્વર' એ સિદ્ધાંતનો અનુભવ કરી લ્યો, એટલે તમે ભોગેચ્છા અને વિષયવાસનાની પાર પહોંચી શકશો. વિષયવાસનાની શૃંખલામાં પછી તમે બદ્ધ નહિ થઈ શકો. વિષયવાસના મનુષ્ય સ્વભાવમાં સહજ છે, પરંતુ એનો સાચો ઉપયોગ કરવો એટલે કે ઈશ્વર પ્રાપ્તિ અર્થે તેનો ઉપયોગ કરવો જોઈએ. સર્વત્ર ઈશ્વરનું અસ્તિત્વ અનુભવો, એટલે વિષયવાસના સિલકમાં રહેશેજ નહિ. પછી તો વિષય વિષરૂપ બનશેજ નહિ. વિષયવાસનાજ એ ભક્તશિરોમણિ તુલસીદાસને નિર્વાસનાની, નિવૃત્તિની, વૈરાગ્યની, પારમાર્થિક કલ્યાણની કારણભૂત થઈ. વૈષયિક વાસનાનો પ્રત્યેક મનુષ્યે આમ સદુપયોગ કરતાં શીખવો જોઇએ. વિષયોપભોગથી વિષયવાસના કદી તૃપ્ત થનાર નથી, એ લક્ષમાં રાખજો. વિષયભોગ તો વિષયવાસનાને ઉલટી ઉદ્દીપ્ત કરે છે. વિષયવાસનાનો હેતુ મનને ધીમે ધીમે નિર્વાસન કરવાનો છે. પરંતુ એ વાતની તમને ખબર નથી તેથી પરમાર્થદૃષ્ટિથી પોતાના જીવનને પોતેજ નરક બનાવો છો–પોતાની જીવનયાત્રા પાપમય અને કષ્ટમય બનાવો છો. વિષયવાસનાનું ઉદાત્ત અને શ્રેયસ્કર વલણ લેવું એજ વિષયવાસનાનો સદુપયોગ અને એ સદુપયોગ તેજ પુણ્ય.

પ્રશ્નઃ—જીવ અપૂર્ણ અવસ્થામાંથી પૂર્ણાવસ્થાપ્રતિ જાય છે એમ ઉત્ક્રાન્તિવાદ પ્રતિપાદન કરે છે. આમાં ઉત્ક્રાન્તિવાદ પુનર્જન્મના સિદ્ધાન્તનો અનુવાદ નથી કરતો ?

ઉત્તરઃ—"ઉત્ક્રાન્તિવાદ" એટલે એક દૃષ્ટિએ "પુનર્જન્મવાદ" એમ કહીએ તો કાંઈ ખોટું નથી. માત્ર એક વાત લક્ષમાં રાખવી જોઈએ, તે એ કે જીવ એ ઉત્ક્રાન્તિના માર્ગમાં આગળને આગળજ વધે છે. એની પ્રવૃત્તિ ધીમે ધીમે પણ ઉન્નતિ તરફજ થાય છે, એમાં જરાએ સન્દેહ નથી. વાસના પ્રમાણે જીવોને ગતિ પ્રાપ્ત થાય છે અને તે તે યોનિમાં તે જન્મ લે છે, એ સાચી વાત છે; પણ એનો એમ અર્થ નથી થતો કે જીવ એકવાર મનુષ્યયોનિમાં આવીને અશુભ વાસના કરે તો કૂતરા કે ભૂંડની યોનિમાં કાયમને માટે જઈ પડે છે. જીવની કાયમની અધોગતિ હોવી સંભવિતજ નથી. તેઓએ ઉન્નતિ પ્રતિ જવુંજ જોઈએ. પ્રગતિ એજ જીવની વાસ્તવિક ગતિ છે; એનો પ્રવૃત્તિનો પ્રવાહ પ્રગતિની દિશામાંજ વહે છે.

મનુષ્યને ઉન્નતિમાર્ગમાં ચલવનાર એકલી વાસનાજ નથી; બીજી પણ અનેક વાતો છે. કુવાસનાને લીધે મનુષ્ય અધોગતિ પ્રતિ જાય છે; કૂતરા કે ડુક્કરની યોનિમાં જન્મ લે છે; એવું જે કાલના વ્યાખ્યાનમાં કહેવામાં આવ્યું છે તે એકપક્ષી છે. સિદ્ધાન્ત મસ્તિષ્કમાં પૂરો ઠસી જાય એટલા માટે એ સમયે એ દૃષ્ટિથી વિચાર કરવામાં આવ્યો હતો, પરંતુ વસ્તુતઃ

એમ નથી થતું. તે સમગે પુનર્જન્મના સિદ્ધાન્તની ફક્ત એકજ બાજુનો વાસનાની દ્રષ્ટિ વિચાર કરવામાં આવ્યો હતો; પરંતુ પુનર્જન્મના પ્રશ્નની બીજી બાજુ પણ છે. એ બાજુ સર્વ બાજુ જેવા મહત્વના પ્રશ્નોનું વિવેચન કરવું જોઇએ.

શિક્ષક જ્યારે વિદ્યાર્થીને ગતિશાસ્ત્ર (Dynamics) શીખવવાની શરૂઆત કરે છે, ત પ્રથમ તો આઘાત અને પ્રત્યાઘાતનોજ નિયમ શીખવે છે; (જાણે ગતિશાસ્ત્રના બીજા નિયમોજ ન હોય તેમ) પરંતુ આઘાત અને પ્રત્યાઘાતનો નિયમ એકવાર વિદ્યાર્થીના મન ઠસી ગયો એટલે બીજા નિયમોપણ ક્રમવાર શીખવતો ચાલે છે. અને આવી રીતે જ્યારે નિયમો શીખવવામાં આવે છે ત્યારેજ વિદ્યાર્થીને એ શાસ્ત્રની સાંગોપાંગ માહિતી મ " પ્રારબ્ધ નહિ પણ પુરુષાર્થ " એ વ્યાખ્યાનમાં પુનર્જન્મના પ્રશ્નની ફક્ત એક બાજુનો દ્રષ્ટિથી વિચાર કરવામાં આવ્યો હતો; સમય થોડો હતો તેથી તે વ્યાખ્યાનમાં બીજી બાજુ વિચાર કરવામાં આવ્યો નહોતો; પરંતુ તેથી પુનર્જન્મના પ્રશ્નની બીજી બાજુ નથી, ન સમજવું.

કલ્પના કરો કે એક મનુષ્ય પુનઃ પશુકોટિમાં જવાનો મનપૂર્વક પ્રયત્ન કરે છે; સર્વ રની ઉચ્ચ ભાવનાને અન્તઃકરણમાંથી તે કાઢી નાંખે છે; સારાંશ કે તે પોતે પોતાનાં કર્મ પશુ બનવાનું ઇચ્છે છે. આવી સ્થિતિમાં તેની વાસના પ્રમાણે તેને આગળ ભૂંડનો કે જન્મ મળે એ સંભવિત છે; પરંતુ પશુ બનવાનો મનુષ્યનો પ્રયત્ન હંમેશાં સફળજ થાય છે નથી. તેનું ભવિતવ્ય-આગળનો જન્મ નિયત કરવા માટે વાસનાશક્તિ સિવાય એક બી પણ શક્તિ-પ્રેરણા છે. એ પ્રેરણા તેની દુષ્ટ વાસનાને દબાવી દઇને તેને કાયમનો પશુ દેતી નથી. ત્યારે હવે એ બળવત્તર પ્રેરણા કઇ? " જગતના ત્રિવિધ તાપ " એજ આ પ્રે છે-એજ આ શક્તિ છે. એ તાપજ મનુષ્યનું અધઃપતન થવા દેતી નથી. એ ત્રિવિધ તા જગતની ઉત્ક્રાન્તિના આધીન છે, અને ઉત્ક્રાન્તિ એટલેજ ઉન્નતિ-પ્રગતિ; અને તેથી પ્ર કહેવું જોઇએ.

એટલે વાસના સાથે યુદ્ધ કરીને, તેને પગ તળે દબાવી દઇને જીવે પોતાની ઉન્નતિ [illegible] લેવી જોઇએ, આંતરિક દુઃખથી મનુષ્ય જ્યારે થાકી જાય છે-ભિન્ન ભિન્ન પરસ્પર વિરોધી વાસનાઓ, જ્યારે અંતઃકરણમાં ધંધયુદ્ધ શરૂ કરે છે ત્યારે એના અંતઃકરણમાં [illegible] ઉત્પન્ન થાય છે. અશુભ વાસના ક્ષીણ થઇને નવવાસનાનો ઉદય થાય છે અને આવી [illegible] તેની ઉન્નતિનો માર્ગ નિશ્ચિત થાય છે. એની વિપરીત ભાવનાઓનું વાજુ ભરાઇ જઇને ધીમે ધીમે તે પ્રવૃત્તિમાંથી નિવૃત્તિમાં આવતો જાય છે. " પ્રારબ્ધ નહિ પણ પુરુષાર્થ " એ વ્યાખ્યાન "[illegible]" એ વાત સિદ્ધ કરી આપી છે કે પરસ્પર વિરોધી એવી શુભ અને અશુભ વાસનાં યુદ્ધ અને [illegible] અંતઃકરણમાં [illegible] ધંધયુદ્ધ ચાલે છે. એ [illegible] એ વાસના ત્રિવિધ તાપમાંથી [illegible] છે, અને એ ત્રિવિધ તાપજ મનુષ્યની ઉન્નતિનું [illegible] છે કે [illegible] વાસના યુદ્ધમાં જીવને અવનતિ તરફ જવા દેતા નથી.

સુખ અને દુઃખ, એ બન્ને સાપેક્ષ છે. જે સ્થિતિ એકની દ્રષ્ટિએ સુખી હોય તે [illegible] બીજાની દ્રષ્ટિએ દુઃખી હોય છે. [illegible] કે એને [illegible] દુઃખિત [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને જ્યારે [illegible] [illegible] દુઃખિત [illegible] [illegible] એ સ્થિતિ એને દુઃખદ લાગે કે નહિ? પરંતુ [illegible] [illegible] દુઃખિત [illegible] [illegible] [illegible] નથી [illegible] [illegible] દુઃખિત [illegible]

તમે પણ એ ઉચ્ચ કોટિએ, એ સ્પૃહણીય અને ઉન્નત સ્થિતિએ નિઃસંશય જઇ પહોંચશો. આવી રીતે પુનર્જન્મના પ્રશ્નનો જૂદી જૂદી રીતે વિચાર કરીને, મલિન અને શુદ્ધવાસનાની ઉત્પત્તિ કરીને, વેદાન્ત પુનર્જન્મ સંબંધી શંકાઓનું નિરાકરણ કરે છે. ઉત્ક્રાન્તિતત્ત્વની પુનર્જન્મના સિદ્ધાન્ત સાથે એકવાક્યતા છે.

પ્રશ્નઃ—શોકતૃત્વના નિયમ (Law of pain) પ્રમાણે મનુષ્યે પોતાની ઉન્નતિ કરવીજ જોઇએ અને જ્યારે તે પ્રાપ્ત પણ થાય છેજ ત્યારે પછી આનુવંશિકતા (Law of Heredity) ના તત્ત્વનો શું અર્થ થાય છે? માતાપિતાને લાગુ પડેલા રોગનું પરિણામ બાળકોને પણ ભોગવવું પડે છે એમ આપણે જોઇએ છીએ; આવી સ્થિતિમાં શોકતૃત્વ અને આનુવંશિકતાના તત્ત્વનું પરસ્પર સમાધાન કેવી રીતે કરવું?

ઉત્તરઃ—"પ્રારબ્ધ નહિ પણ પુરુષાર્થ" એ ભાષણમાં 'રામે' એ વાત સિદ્ધ કરી આપી છે કે આપણાં માતપિતાની પસંદગી આપણેજ કરીએ છીએ; કેવાં માતપિતાને પેટે જન્મ લેવો એ આપણાં કર્મથીજ નિશ્ચિત થાય છે. કલ્પના કરો કે એક ગૃહસ્થને એક અત્યંત નિંદ્ય રોગ વળગેલો છે. વાસ્તવિક જોઇએ તો કોઇને માટે નિંદ્ય શબ્દ વાપરવો એ ભૂલજ છે. નિંદ્ય એ શબ્દ સાપેક્ષ અને તુલનાદર્શક હોવાથી કેવળ નિશ્ચિતાર્થ-બોધક નથી. સર્વત્ર નિંદ્ય હોય એવું જગતમાં કાંઇજ નથી. જગતની પ્રત્યેક વસ્તુ વસ્તુતઃ ઈશ્વરજ છે.

સમજો કે આ ગૃહસ્થ ફિરંગ રોગથી પીડાય છે. એની એકંદર વાસના અને પ્રવૃત્તિ વિષયસુખ પ્રાપ્ત કરવામાંજ ગઈ છે. વિષયોપભોગ કરવામાંજ તેનો બધો વ્યવહાર ચાલુ છે. હવે આ મનુષ્ય મૃત્યુ પામશે એટલે એવીજ પરિસ્થિતિમાં, એવાંજ માતાપિતાને પેટે જન્મ લેશે કે જે સ્થળે વિષયોપભોગની તેની અતૃપ્ત રહેલી વાસના તૃપ્ત થઈ શકે. ફિરંગ રોગવાળાં માતાપિતાને પેટે તે પોતે પણ તેવાજ રોગવાળો હોવાથી જન્મ લેશે; કારણ કે પોતાના પૂર્વજન્મની વાસના પરિપૂર્ણ કરવા માટે આવાંજ રોગગ્રસ્ત માતાપિતાની-એવાજ ક્ષેત્રની તેને અપેક્ષા હતી. અશુદ્ધ વાસનાનું ફળ પણ અશુભ, એ સિદ્ધાન્ત છે.

આધ્યાત્મિક સંસક્ત્યાકર્ષણ (Law of spiritual Affinity). ના નિયમ પ્રમાણે વિષયોપભોગ સંબંધમાં જેની વાસના અતૃપ્ત રહી હશે, એ જીવ (અશાસ્ત્રીય વિષયોપભોગમાંથી ઉત્પન્ન થનારા) રોગગ્રસ્ત માતપિતાને ત્યાં આકર્ષિત થાય છે અને તેને પેટે જન્મ લે છે. એની જન્માંતરની વાસના તૃપ્ત થવા માટે વિશિષ્ટ પ્રકારની શરીર યોજનાની અને વિશિષ્ટ પ્રકારના સંયોગની આવશ્યકતા હોય છે. જે ઠેકાણે આ બધું પ્રાપ્ત થાય તેજ ઠેકાણે-એવાંજ માતપિતાના ઉદરે તે જન્મ લે છે. એમાં આનુવંશિકતાના તત્ત્વમાં જરાએ બાધ પડતો નથી, કારણ કે એ તત્ત્વ પ્રમાણે જીવની વાસના તૃપ્ત થાય એવા પ્રકારની શરીરરચના અને સંયોગ તેને પ્રાપ્ત થાય છે. વિષયોપભોગની વાસના તૃપ્ત થવાને માટે અનુકુળ દેહ તેને પ્રાપ્ત થાય છે, અને એ દેહદ્વારા પોતાની પૂર્વની ઇચ્છા પ્રમાણે, પ્રારબ્ધ કર્માનુસાર તે વિષયોપભોગ કરે છે. ઉદાહરણ તરિકે એમ સમજો કે એક પુસ્તક છપાવીને પ્રસિદ્ધ કરાવવાની કલ્પના એક મનુષ્યના મનમાં આવી. હવે એ કલ્પના ફળદ્રૂપ કરવા માટે કોઇ મુદ્રણાલયના અધ્યક્ષ પાસે જવાની તેને આવશ્યકતા સૂઝશે, કારણ કે ગ્રંથપ્રકાશન માટે સર્વ પ્રકારની યાંત્રિક સહાયતા યંત્રાલયમાંથીજ મળશે. મુદ્રણાલય જેવી રીતે ગ્રંથ પ્રકાશનનું સાધન કિંવા ઉપકરણ છે, તે પ્રમાણે આનુવંશિકતાનું તત્ત્વ પણ જીવની વાસનાતૃપ્તિનું એક સાધન છે. આપણાં

માતાપિતા તો એમાં આપણી વાસના પરિપૂર્ણ કરવાનાં કેવળ સાધનજ છે. હજુ પણ આપણે એક ઉદાહરણ લઈએ, એટલે આ કલ્પના અધિક સ્પષ્ટ થશે. કોઈનું ખૂન કરવાની એક મનુષ્યને ઈચ્છા થઈ. ખૂન કરવાની તલવાર એણે એક હથિયાર બનાવનારને ત્યાંથી વેચાતી લીધી અને પોતાના સંકલ્પ પ્રમાણે પેલા માણસનું ખૂન કર્યું. આમાં જે હથિયાર બનાવનારને ત્યાંથી પેલા મનુષ્યે તલવાર ખરીદી તે હથિયાર બનાવનાર આમાં અપરાધી કહેવાશે નહિ. ખૂનનો આરોપ તો તલવાર મારનારપરજ સાબીત થશે. તલવાર બનાવનાર તો ખૂની મનુષ્યની ખૂનની વાસના તૃપ્ત થવામાં એક નિર્જીવ સાધન માત્ર છે.

આમાંથી એ વાત આપણા લક્ષમાં બેઠી કે ફિરંગ રોગવાળાં માતાપિતાને પેટે જન્મ લેવાનાં આપણાં કર્મજ હશે; આપણા પૂર્વ જન્મની વાસના તૃપ્ત કરવા માટે એવા પ્રકારના દેહની આવશ્યકતા હતી; એટલા માટેજ તેવો દેહ-તેવાં માતાપિતા આપણને મળ્યાં છે. એમાંથી એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે આપણી વાસના તૃપ્ત થવી જોઈએ એ સત્ય છે, પરંતુ તે માટે આપણે રોગગ્રસ્ત જન્મ લેવો જોઈએ-રોગી શરીરની આપણને પ્રાપ્તિ થાય એ આવશ્યક નથી. એનું સમાધાન એ છે કે જેવી રીતે આપણી વાસના તૃપ્ત થવી જોઈએ, તેવી રીતે ક્ષીણ પણ થવી જોઈએ; એનો પૂર્ણ ક્ષય થવો જોઈએ; એ સિદ્ધાન્ત છે. આ વાસના તૃપ્ત થતાં તેને પરિણામે આપણે દુઃખ ભોગવવાં પડે છે, અને તેને પરિણામે આપણી પ્રગતિ થાય છે. શરીર રોગગ્રસ્ત ન હોય તો દુઃખ કેમ પ્રાપ્ત થાય ? અર્થાત્ દુઃખના યોગમાં પ્રગતિ થવા માટે રોગગ્રસ્ત શરીરોનીજ આવશ્યકતા છે.

આ રીતે મનુષ્ય પોતેજ પોતાના પ્રારબ્ધનો રચનાર છે. અશુદ્ધવાસના ફેંકી દઈને શુદ્ધવાસના કરવી કે ન કરવી, એ આપણી મરજીની વાત છે. આપણે એ બાબતમાં પૂર્ણ મુખત્યાર છીએ. દુઃખ અને કલેશને આપણું સ્વાતંત્ર્ય હરી લેવાનો કશોએ અધિકાર નથી. પ્રારબ્ધના સંબંધમાં આપણે બંધાઈ ગયા છીએ પણ ક્રિયમાણના વિષયમાં આપણે સ્વતંત્ર છીએ. આપણું સ્વાતંત્ર્ય વધારવા માટે-ધીમે ધીમે સ્વાતંત્ર્યના માર્ગમાં જીવને લઈ જવા માટેજ દુઃખ અને કલેશની યોજના છે. નવી વાસના કરવા સંબંધે આપણે બહુજ સાવચેતી રાખવી જોઈએ. અશુદ્ધવાસનાને ફેંકી દેવી જોઈએ અને શુદ્ધ વાસનાનો સ્વીકાર કરવો જોઈએ. તાત્પર્ય કે દુઃખ અને કલેશ એ આપણી ઉપર સત્તાની નથી ચલાવતાં, પણ નવી વાસના કરવાના વિષયમાં અને નવા ક્રિયમાણ કરવાના વિષયમાં આપણને સ્વાતંત્ર્ય આપે છે. ધારો કે એક મનુષ્યમાં વિષયવાસના અત્યંત પ્રબળ છે. હવે કર્મતત્ત્વ પ્રમાણે તેની આ વાસના જેમ જરૂર તૃપ્ત થવી જોઈએ તેમ એ અશુદ્ધ વાસનાનો ક્ષય થવો એ પણ આધ્યાત્મિક ઉન્નતિની દૃષ્ટિએ આવશ્યકજ છે. મનુષ્ય ખરી રીતે ઈશ્વર છે, એટલે તેણે પોતાના મૂળસ્વરૂપમાં ભળવુંજ જોઈએ. વળી તમેજ વાસ્તવિક ઈશ્વર છો એટલે પછી તમારી વાસના પણ તૃપ્ત થવીજ જોઈએ. પરંતુ તે પરિપૂર્ણ થાય એટલામાં તો પાછા તમને નાના પ્રકારના કલેશ ભોગવવા પડે છે, અને એ કલેશજ તમારી કુવાસનાનો-વિષયવાસનાનો ક્ષય કરે છે, એ કલેશજ તમને ઉન્નતિમાં, તમને પોતાના મૂળસ્વરૂપનું સ્મરણ કરાવવામાં કારણભૂત થાય છે. એ કલેશને લીધે કલેશને ઉત્પન્ન કરનારી પરિસ્થિતિ ઉપર એને ધિક્કાર આવે છે; અને દુઃખદાયક વિષયવાસનાને બદલે હળવે હળવે વૈરાગ્ય ઉત્પન્ન થવા માંડે છે. આવી રીતે ક્રમે ક્રમે એની કુવાસનાનો ક્ષય થતાં થતાં તે ઉન્નતિના માર્ગપ્રતિ આવે છે.

પ્રશ્ન:—વિષયવાસના અને સામાન્યતઃ જેને આનુવંશિક (વંશપરંપરાનો) રોગ એમ

કહીએ છીએ એનો કાર્ય કારણ ભાવ સંબંધથી જે ખુલાસો કર્યો તે સહજ સમજાઈ શકે છે; પરંતુ કેટલાક રોગોમાં તે રોગ આપણીજ ઇચ્છાનું પરિણામ છે એમ કહી શકાય તેવું નથી. ઉદાહરણ તરીકે આપણે ક્ષયરોગ લઇએ. આપણી વાસનાથી આ રોગ આપણને લાગે છે એવું આપણે કદી કહી શકીશું નહિ.

ઉત્તરઃ—શુદ્ધવાસના અને અશુદ્ધવાસના, ઉચ્ચવાસના અને નીચવાસના, અથવા પુણ્ય અને પાપ એ પ્રશ્નોનો સર્વ બાજુથી સ્પષ્ટ ખુલાસો થવો શક્ય નથી; કારણ કે વ્યવહારમાં સારૂં કે ખરાબ, પાપ અને પુણ્ય, ઉચ્ચ અને નીચ, એવા જે ભેદ આપણે કહીએ છીએ, તે ભેદ વેદાન્તદૃષ્ટિએ જરાએ વાસ્તવિક નથી. સારૂં કે નઠારૂં, એની વ્યાખ્યા કે મર્યાદા વેદાન્તદૃષ્ટિએ લૌકિકદૃષ્ટિ કરતાં તદ્દન ભિન્ન છે. ઉદાહરણ તરીકે જુઓ કે વ્યભિચાર એ સામાન્યતઃ મહાપાપ મનાય છે, પરંતુ એ વિષયમાં વેદાન્તની દૃષ્ટિ તદ્દન જુદીજ છે. વેદાન્ત એનાથી એક પાયરી આગળ જાય છે, અને કાર્યની સાથે કારણનો પણ વિચાર કરે છે. પુષ્કળ અજીર્ણ થાય એવાં જડ અન્ન ખાવાં, શરીરમાં મળ ઉત્પન્ન કરનારા-તમોગુણ વધારનારા પદાર્થોનું સેવન કરવું, એજ વેદાન્તદૃષ્ટિએ પાપનું મૂળ છે. ખાવા પીવાની બાબતમાં દુર્લક્ષ રાખીએ, ભક્ષ્યાભક્ષ્યનો વિધિનિષેધ ન રાખીએ, તો તેમાંથી અનેક પાપ ઉત્પન્ન થાય છે. અજીર્ણને લીધે આપણો મિજાજ ઠેકાણે રહેતો નથી, અને પછી સર્વ પ્રકારનાં પાતક કરવા આપણે તૈયાર થઇ જઇએ છીએ; તમારા અત્યાનંદ સુખની પ્રાપ્તિમાં વિરોધ કરનારી પ્રત્યેક બાબત એ પાપ છે એમ વેદાન્ત પ્રતિપાદન કરે છે, અને ખાવા પીવાના વિષયમાં અનિયમ એ પણ તમારાં અનેક પાપના કારણભૂત છે. ઇતર ધર્મ પ્રવર્તક આ મુદ્દાપર એટલું જોર નથી આપતા, એટલા જોરથી તેઓ આ વાતને લોકો પાસે નથી મૂકતા, પરંતુ 'રામ' આ તમને ઠોક બજાવીને કહે છે. 'રામ' આ માત્ર પોતાના અનુભવપરથીજ નહિ પણ પોતાના અંગત મિત્રોના અનુભવપરથી પણ કહે છે. આપણું ઉદર ઠીક હોય, અર્થાત્ કોઠો ભરેલું ન હોય, આપણી પ્રકૃતિ ઠીક હોય, ત્યારેજ મિજાજ ઠીક રહે છે, આપણા મનોવિકાર કાબૂમાં રહે છે, અને આપણી વાસનાઓ આપણને દાબી દેતી નથી.

ધારો કે એક મનુષ્ય અત્યંત પવિત્ર છે, એનાં આચરણ આદર્શભૂત છે. હજારો લોકને જીતીને અને દુષ્ટ વાસનાને તાબે કરીને આજ સુધી તેણે પોતાનું આયુષ્ય અત્યંત પવિત્રતાથી ગાળ્યું છે. એનું ચારિત્ર અત્યંત નિર્દોષ, શુદ્ધ અને નિષ્કલંક છે. તેના આજ પર્યંતના વર્તનક્રમપરથી એના સંબંધમાં લોક એવાજ ઉદ્ગાર કાઢશે કે "અહાહા ! આ કેવા સાધુ પુરુષ છે." પરંતુ આજે આપણે જે માણસને દેવ કલ્પીએ છીએ, તેજ આવતી કાલે અત્યંત નિંદ્ય મનોવિકારનો ભોગ થઇ પડે અને એના હાથથી અત્યંત નિંદ્ય અને નિરાશ્રયીય કૃત્ય થાય એ સંભવિત છે. ઇતિહાસમાંથી આવાં અનેક ઉદાહરણો આપણને મળે છે. તેથી 'રામ' કહે છે કે કોઇના સંબંધમાં એકદમ હમેશ માટેનો સિદ્ધાન્ત બાંધી ન બેસો. આજ જેને પાપી અને ચાંડાલ કહીએ છીએ તેજ કાલે પૂજ્ય અને વંદનીય મનુષ્યરૂપ બની જાય એવું પણ બને છે.

પ્રખ્યાત અંગ્રેજ નવલકથાકાર ચાર્લ્સ ડિકન્સની "બે શહેરોની વાતો" એ નામની એક નવલકથા છે. એ નવલકથામાં "સિડનીકાર્ટન" એ નામનું પાત્ર આવે છે. દુર્જનની નિંદ્ય તેના હાથથી કંઇ અનુચિત થાય એ શક્ય હોય તેવુંજ નથી; પરંતુ તેના અનુભવનો ઉપાય

આયુષ્યક્રમમાં ક્ષણે ક્ષણે પોતાના દેશને લાગેલ કલંકને ધોઈ નાખ્યું હતું-પોતાના પાપનું તે પરિમાર્જન કરી શક્યો હતો. એટલા માટે વેદાન્ત પ્રતિપાદન કરે છે કે પોતાનું આધ્યાત્મિક ઐશ્વર્ય, પોતાનું ઇશ્વરત્વ, પોતાનું આત્મત્વ અનુભવો. એનાપર નિદાન વિશ્વાસ રાખો અને લોકના અભિપ્રાયપર ભરોંસો ન રાખો. લોકના અભિપ્રાય આપણને બદલી શકતાં આવે છે, એ અભિપ્રાયને પગતળે કચરી નાખીને આપણને શ્રેષ્ઠ સ્થિતિએ જઇ પહોંચતાં આવે છે. આધ્યાત્મિક ઐશ્વર્ય પ્રાપ્ત કરીને બેસી ગયા એટલે સર્વ આવડી ગયું-પરિપૂર્ણતાનો સમાવેશ થયો. એ આધ્યાત્મિક ઐશ્વર્ય પ્રત્યેકને પ્રાપ્ત થઈ શકે તેવું છે. માટે કોઇનાપર ટીકા ન કરશો; કોઇની પણ નિન્દા ન કરશો.

વેદાન્તધર્મ વિના અન્ય ધર્મમાં નીતિની કે પાપ પુણ્યની યથાર્થ સાચી કલ્પનાજ નથી. સર્વ પાપનું મૂળ શું, દુષ્ટ વાસનાનો ઉદ્‌ભવ ક્યાં છે, એનું સમાધાન બીજે નથીજ મળતું. જે મનુષ્ય આજ સંયમી તરીકે વખણાય છે તેજ કાલે ખૂની અને ઘાતકી બની જાય છે. આવું કેમ થાય છે એનું ઇતર ધર્મો યથાસ્થિત નિરાકરણ નથી કરી શકતા. કર્મતત્ત્વની દ્રષ્ટિથી વેદાન્ત આ વિકટ પ્રશ્નની ઉપપત્તિ લાવી શકે છે. વળી કર્મતત્ત્વને જરા બાજુપર રાખીએ અને કેવળ શરીરદ્રષ્ટિથી આ વિરોધનો વિચાર કરીએ તોપણ એમ માલૂમ પડે છે કે જે સમયે આપણી પ્રકૃતિ નિરોગી હોય છે, જ્યારે આપણા શરીરમાં પાચનની ક્રિયા યોગ્ય રીતે ચાલતી હોય છે, ત્યારે આપણું આચરણ યોગ્ય હોય છે, અને મોહાદિ વિકારોને આપણે દાબી શકીએ છીએ; પરંતુ આપણું શારીરિક સ્વાસ્થ્ય બગડ્યું, શરીરમાં અન્નપચનની ક્રિયા બગડી જઇ અગ્નિમાંદ્ય થયું, એટલે પછી હરકોઇ વાતમાં આપણને ઉપાધિજ લાગવાની. આપણું માથું ઠેકાણે રહેતું નથી, નાની જેવી બાબતમાં પણ આપણું ચિત્ત ક્ષુબ્ધ-અશાંત થઇ જાય છે. શારીરિક સ્વાસ્થ્ય બગડ્યું એટલે મનઃશાન્તિનો અંતજ આવ્યો એ અનુભવ છે; અને એ સિદ્ધાંન્ત છે. ઇતર ધર્મ પ્રવર્તકોને આ ખાવા પીવાનો વિષય મહત્ત્વનો નથી લાગતો એ આશ્ચર્ય છે. આપણે કેવા પ્રકારના અન્નનું સેવન કરીએ છીએ તે પ્રતિ લક્ષ રાખવું, ભક્ષ્યાભક્ષ્યનો વિચાર કરવો, એટલે દેવ શમી જશે. ગળા સૂધી પેટ ભરવું, અભક્ષ્ય અન્નનું સેવન કરવું, એ બધું પાપનું મૂળ છે. ભક્ષ્યાભક્ષ્યની બાબતમાં જે પાપ કરે છે; જેને અજીર્ણ થાય છે; તે વેદાન્તદ્રષ્ટિએ ધર્મશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે *પંચ મહાપાતકનો ભોગી થાય છે. આ જીહ્વાલૌલ્ય-ખાવા પીવાની વાસના જ્યાં તૃપ્ત કરવામાં આવે છે એવી પરિસ્થિતિમાં, એવીજ યોનિમાં, એવાંજ માતા પિતાને પેટે આપણો જન્મ થાય છે. તે વાસના તૃપ્ત કરવામાં આપણને જે યાતના તથા દુઃખો ભોગવવાં પડે છે તે દુઃખોજ આપણને સન્માર્ગપ્રતિ-ઈશ્વરપ્રાપ્તિનાં માર્ગપ્રતિ લઇ જાય છે.

પ્રશ્નઃ—સમજો કે એક કુટુંબમાં છ બાળકો છે. એ છ બાળકોમાં એક ભગવદ્‌ભક્ત થાય છે; બીજો હરામખોર બને છે; એક અશક્તશરીરનો તો બીજો નિરોગી અલમસ્ત મજબૂત બાંધાનો હોય છે. એમ થવાનું કારણ શું? એકજ માતાપિતાના પેટે જન્મ લેનારાં ભાઈભાંડુઓમાં આવો પ્રકૃતિ ભેદ શા માટે ઉપજે છે?

ઉત્તરઃ—રૂચી અરૂચીમાં પણ અનેક ભેદ હોય છે, છતાં એક વાતમાં તો સર્વનો અભેદ-એકભાવ હોય છે. માતાપિતાપ્રતિનો પ્રેમ, પિતૃભક્તિ, એ ધર્મ સર્વનો સાધારણ છે. કલ્પના

* ब्रह्महत्या सुरापानं स्तेयं गुर्वंगनागमः । महान्ति पातकान्याहुः संसर्गश्चापि तैःसह ॥

પર તેઓ કેવી રીતે તરી શકે છે એની શાસ્ત્રીય માહિતી નથી હોતી. તેવીજ રીતે ઘણ લોકો હવામાં વિમાન ચલાવી શકે છે, પરંતુ તેને વાયુસ્થિતિશાસ્ત્રનું જરાએ જ્ઞાન હોતું નથી. અનેક લોકો ઔષધિ તૈયાર કરીને વેચે છે, પરંતુ રસાયનશાસ્ત્રની એમનામાં ગંધ પણ હોતી નથી. આવા લોકોને શાસ્ત્રીય જ્ઞાન નથી હોતું છતાં તેઓનો પણ ઉપયોગ છે. હાથદ્વારા જ્ઞાન સંપાદન કરનારા, કળાકૌશલ્યમાં નિપુણ લોક પણ સમાજને જોઈએ છીએજ. વળી જે લોક અંતઃકરણવડે અભ્યાસ કરીને જ્ઞાન સંપાદન કરે છે તેઓ પણ ધન્ય પુરુષ છે. તેઓને દિવ્યદ્રષ્ટિ પ્રાપ્ત થઈ હોય છે. એમના અંતરમાં સર્વ ચરાચરનું જ્ઞાન સંકલિત થાય છે. પરન્તુ જો માત્ર અંતઃકરણના દ્વારથીજ એ જ્ઞાન સંપાદન કર્યું હશે તો એમના જ્ઞાનનો સમાજથી વિશેષ ઉપયોગ થઈ શકવાનો નથી. અંતઃકરણમાં ઉત્કટ ભાવના પણ હોવી જોઇએ. આત્મજ્ઞાન સાથે પ્રબોધ શક્તિનો સમાગમ ન હોય તો એ જ્ઞાન સમાજના તાદૃશ ઉપયોગમાં આવી શકતું નથી. **જેમણે હાથ, મસ્તિષ્ક અને અંતઃકરણ એ ત્રણે દ્વારવડે જ્ઞાન સંપાદન કર્યું હશે એમનામાંજ ક્રિયાત્મક, બૌદ્ધિક અને આધ્યાત્મિક એવાં ત્રણ પ્રકારના જ્ઞાનનો ત્રિવેણી સંગમ થાય છે. એજ સાચા ભણેલા છે; તેજ ઉચ્ચ શિક્ષણ મેળવેલા છે; અને આવા લોકોનોજ જગતને અત્યંત ઉપયોગ છે.**

હાથ, મસ્તિષ્ક, અંતઃકરણ, સારાંશ કે શરીરનાં પ્રત્યેક અવયવદ્વાર તમે વેદાન્તનો અભ્યાસ કરો. વેદાન્તના સિદ્ધાન્તને હાથવડે કાગળપર લખી રાખો; જીભવડે એનો ઉચ્ચાર કરો; મનવડે એનું મનન કરો; અંતઃકરણવડે એનો અનુભવ કરો; એમ 'રામ'નું આગ્રહપૂર્વક કહેવું છે. તમારી સર્વ રક્તવાહિનીઓમાં વેદાન્તના સિદ્ધાન્તનું એક સરખું અભિસરણ થવા દો. વેદાન્તના જ્ઞાનવડે તમારૂં અંતઃકરણ ભરાઈ જવા દો. વેદાન્તવિચારમાં તમારૂં મસ્તિષ્ક ગર્ક થઈ જવા દો. તમારા પંચપ્રાણ વેદાન્તતત્ત્વમાં લય થવા દો. તમારી બુદ્ધિમાં વેદાન્તરહસ્યનું તાદાત્મ્ય થવા દો. એવી સ્થિતિ થશે એટલે તમારી ઉન્નતિ થશે. પછી ગમે તે દૃષ્ટિએ વિચાર કરશો તોપણ તમે સર્વ વિષયમાં પરિપૂર્ણ-સ્વતંત્ર છો એમ લાગશે. તમારા વાસ્તવિક સ્વરૂપનું તમને યથાર્થ જ્ઞાન થશે. તમારૂં દિવ્યત્વ-તમારૂં ઈશ્વરત્વ તમારા અનુભવમાં આવશે. ત્યારે કે સર્વ વિષયમાં તમે સ્વતંત્ર થશો.

કોઇ પણ મનુષ્યમાં તમને દોષ માલૂમ પડે, તે ઉપદેશ કરતો હોય તેવું એનું આચરણ ન હોય, એના બોલવામાં અને આચરણમાં તમને વિરોધ લાગતો હોય તો તેના આચરણ તરફ તમે લક્ષ ન આપશો, એમ 'રામ'નું કહેવું છે. ઉપદેશકની કહેલી વાતમાંજ લક્ષ રાખો, ઉપદેશનોજ મનમાં વિચાર કરો અને અંતઃકરણમાં અનુભવ લ્યો. એનો ઉપદેશ કાયા-વાચા મનવડે કરીને આચરણમાં લાવવાનો પ્રયત્ન કરો. એમ કરશો એટલે તમારી દિવસે દિવસે અધિકાધિક ઉન્નતિ થતી જશે.

વેદાન્તના સિદ્ધાન્તનો પૂર્ણ વિચાર કરીને એને કૃત્યમાં ઉતારવાનો, એની સાથે તદ્રૂપ થઇ જવાનો તમે પ્રયત્ન કરો; એવી 'રામ'ની ઈચ્છા છે. કલ્પના કરો, કે આ દેહમાં હજારો દોષ છે; આ દેહમાં હજારો પ્રમાદ છે; પણ એ દોષ સાથે તમારે શું કામ છે! એ દોષને માટે તો 'રામ'જ જવાબદાર છે. 'રામ' તમને તો દિવ્યસિદ્ધાન્ત કહે છે. એ સિદ્ધાન્ત પ્રમાણે તમે તમારૂં આચરણ કરો, એટલે તમને પરમ સુખની પ્રાપ્તિ થશે. સર્વ સંદેહ અને સર્વ પ્રકારના વ્યામોહ, એનાથી તમે પાર પહોંચી જશો

હિંદુસ્તાનમાં બળદની મદદથી પાણી ખેંચી કાઢવામાં આવે છે. કૂવામાં ઘડાની એક માળ ફરતી રાખેલી હોય છે, એ ઘડાઓમાંથી થાળામાં પાણી આવે છે અને ત્યાંથી પછી ધોરીઆમાં થઈને વાડીમાં કે બગીચામાં પાણી પહોંચાડવામાં આવે છે. આવી રીતે ઝાડને અને વેલીઓને પાણી પહોંચે છે અને જમીન ફળદ્રુપ થાય છે; પણ કોઈ પાણીના થાળામાં કે કૂવામાં તે વનસ્પતિઓ હોતી નથી; અને તેથી કરીને આપણે એમ ન કહી શકીએ કે કૂવામાં તથા વનસ્પતિમાં તો માત્ર પાણીજ છે અને ત્યાં વનસ્પતિ નથી તેથી એ પાણીથી જમીનમાં પણ વનસ્પતિ નહિજ ઉગી શકે ! એ દલીલ તદ્દન નકામી ને મૂર્ખાઇ ભરેલીજ છે. એજ પ્રકાર પ્રમાણે 'રામ' તમને કહે છે કે જે પણ સમયે જ્ઞાન તમારી પાસે ચાલી આવે તે સમયે તેને ગ્રહણ કરો. પછી તે ગમે તેના દ્વારા મળી આવે. એ જ્ઞાન જો હિંદુસ્તાનમાંથી મળે તેમ હોય તો "હિંદુ લોકો આટલા બધા અધોગત કેમ છે ? એમની રાજકીય સ્થિતિ કેમ સારી નથી ?" એમ કહીને એ જ્ઞાનનો તમે અનાદર ન કરશો. વેદાન્તના જ્ઞાનની સ્થિતિને હિંદુસ્તાનની રાજકીય સ્થિતિ સાથે જરાએ સંબંધ નથી. એ બેનો સંયોગ ન કરશો. વેદાન્તની અંદરના સિદ્ધાંતોનો ફક્ત સત્યાન્વેષણ દૃષ્ટિએ વિચાર કરો. સત્યનું સત્યદૃષ્ટિથી સંશોધન કરવું એ એકજ પરમાનંદપ્રાપ્તિનો-ઈશ્વરપ્રાપ્તિનો માર્ગ છે. એવી રીતે સત્યાન્વેષણ દૃષ્ટિથી તમે વેદાન્તના સિદ્ધાન્તનું નિરીક્ષણ કરવા માંડશો એટલે તમારી સર્વ ચિન્તાઓ દૂર થશે; રોક-ટોકથી તમે અતીત થશો. વેદાન્તનું સત્યાન્વેષણ-બુદ્ધિથી અધ્યયન એ આત્મોન્નતિનો એકજ ઉપાય છે.

તેવીજ રીતે ખ્રિસ્તનું ચરિત્ર અત્યંત પવિત્ર અને ઉદાત્ત હતું, એટલાપરથીજ એના સર્વ સિદ્ધાન્ત સર્વાંશે સત્ય છે એમ અનુમાન ન કરશો. ખ્રિસ્તનું પાવિત્ર્ય અને એના ઉપદેશની સત્યતાનો સંબંધ ન જોડશો. કેટલીકવાર આપણે એમ જોઈએ છીએ કે કેટલાંએક પુરુષ સ્ત્રી-પુરુષો બહારથી બહુ ઉમદા દેખાવના હોય છે, પરન્તુ તેઓના અંતઃકરણમાંથી ઘણી વાર કનિષ્ઠ વિચાર બહાર પડે છે. એનાં કૃત્યોનો એ બાહ્યકૃતિ સાથે વિરોધ હોય છે. કોઈ મનુષ્યનો ઉપદેશ સારો હોય, એનો ગ્રંથ ઉદાત્ત વિચારોથી ભરેલો હોય, પરંતુ એ ઉપરથી એનું આચરણ સારુંજ હોય એમ કહી શકાય નહિ. વિચાર ગૌરવની સાથે શરીરસૌંદર્ય ન હોય એવી રીતે કે મહાત્મા હોય છતાં વિરુદ્ધ હોય એ સંભવિત છે. 'રામ'ને પુનઃ પુનઃ એજ કહેવું છે. [illegible] વાંચતાં એમાંનો પ્રત્યેક વિચાર ખ્રિસ્તનોજ છે, એમ ન સમજશો. ખ્રિસ્ત પૂર્ણ છે, નિર્દોષ છે; એનો ઉપદેશ પણ પૂર્ણ અને નિર્દોષ છે, તથાપિ એના ગુણધર્મને બીજાના ઉપદેશની [illegible] ન કરો. ન્યૂટનના "પ્રિન્સિપિયા" [illegible] નામના ગ્રંથમાં ભૂલ ભરેલાં વિધાન છે, એ હવે તો નાનો બાળક પણ સમજી શકે તેમ છે; પરંતુ એવી ભૂલ [illegible] એ ભૂલ [illegible] કેવી વિલક્ષણ હતી ? એના [illegible] એજ [illegible] કહે; એટલે તે ઉપરથી એનાં સર્વ વિધાન [illegible] પણ [illegible] એમ સમજવું જરૂરી છે કે ? એના ગ્રંથમાં સત્યનો જેટલો અંશ [illegible] [illegible] [illegible] [illegible] એ ગ્રંથની [illegible] [illegible] [illegible] [illegible] 'રામ' કહે છે કે 'રામ'ના [illegible] [illegible] [illegible] નહિ. [illegible] જે ઉપદેશ [illegible] છે તેને [illegible] જોતા શીખો. [illegible] [illegible] [illegible] કરવું છે [illegible] ઉન્નતિ કરવું છે. વેદાન્તના સિદ્ધાન્ત એ 'રામ'ના [illegible] સિદ્ધાન્ત નથી, તે એમ 'રામ'ના છે તેવીજ [illegible] છે, માટે એને ગ્રહણ કરો.

અન્ય ધર્મની પેઠે અમુક આજ્ઞાને શિરસાવંદ્ય માનો, અમુક વચનનેજ પ્રમાણ સમજો,એમ વેદાન્તનો આગ્રહ નથી. બુદ્ધધર્મીઓએ બુદ્ધે કહેલી પ્રત્યેક વાત શિરસાવંદ્ય કરવી જોઇએ; મહંમદીઓએ મહંમદે કહેલી દરેક આજ્ઞાપર શ્રદ્ધા રાખવી જોઈએ; તેવીજ રીતે આલ્બર્ટના અનુયાયીઓપર તેનાં વચનોને પ્રમાણ માનવાની ફરજ છે; પરંતુ વેદાન્ત એ અપૌરુષેય જ્ઞાન છે, તેથી આજ્ઞા પળાવવા માટે એની કશીએ હઠ નથી. વેદાન્ત એટલે સત્ય, અને સત્યનો દરેકે અનુભવ કરી લેવો જોઇએ. તેવીજ રીતે વેદાન્ત કોઈ પણ એક વ્યક્તિનું નથી. સૂર્યપ્રકાશ જેવી રીતે સર્વનો છે તે પ્રમાણે વેદાન્ત પણ સર્વનું છે. આપણને પ્રકાશ આપ્યો . તે માટે જેવી રીતે આપણે સૂર્યનો આભાર માનવાની આવશ્યકતા નથી,તેવી રીતે અમેરિકામાં જ્ઞાનનો પ્રકાશ પડવા માટે વેદાન્તનો આભાર માનવાનું પણ કારણ નથી. વેદાન્ત રવિના બાળકિરણમાં વિહરવાનો જેવો 'રામ'ને અધિકાર છે તેવોજ તમને પણ છે; વેદાન્ત જેટલું 'રામ'નું છે તેટલુંજ તમારૂં છે. વેદાન્ત એટલે સત્ય, અને એ સત્યપર હિંદુસ્તાનમાંના લોકોનો જેટલો હક્ક છે તેટલોજ તમારો પણ છે. વેદાન્ત સર્વ જગતનું છે; અને સર્વનું કલ્યાણ કરનારૂં છે. વેદાન્તના સિદ્ધાન્તને અનુભવની કસોટીમાં મૂકી જુઓ. અમુક માણસે કહ્યા છે માટેજ તેનો સ્વીકાર ન કરો. તમને એ અનુકૂળ લાગે તોજ તેનો અંગીકાર કરજો; નહિ તો વેદાન્તને અમેરિકામાંથી એકદમ હાંકી કાઢજો. અન્ય ધર્મનો પ્રચાર જે રીતે કરવામાં આવે છે તે રીત પકડવાની વેદાન્તને ગરજ નથી. વેદાન્તનો પ્રચાર સ્વાર્થ માટે કરવામાં આવતો નથી. વેદાન્તનો પ્રચાર તરવારની ધારથી કરવાનો નથી. વળી વેદાન્ત હિંદુલોકોનુંજ નથી, પણ એ તમારૂં પણ છે; તેથી એને ગ્રહણ કરો અને એ પ્રમાણે આચરણ કરો. કોઈ માણસને પ્રાતઃકાળનું કોમળ સૂર્યકિરણ સેવવાની મરજી ન થાય તો તેથી કાંઈ તમે સૂર્યપ્રકાશમાં ન બેસો—એનો લાભ તમે ન લ્યો, એ સંભવિત છે ? વેદાન્તની સ્થિતિ પણ આવીજ છે. વેદાન્તના સિદ્ધાન્તને સ્વતઃ સમજી લ્યો; બુદ્ધિવડે એનું મનન કરો; અંતઃકરણમાં એનો અનુભવ કરો; અને તેને પોતાના આચરણમાં લાવો. "આ સિદ્ધાન્ત તો બુદ્ધનો કહેલો છે; આ સત્ય મહંમદે પ્રતિપાદન કર્યું છે; આ સિદ્ધાન્ત ઇસુનો છે; અને આ સિદ્ધાન્ત 'રામ'નો છે;" એવો વ્યક્તિવિષયક મોહ કે ભેદ કાઢી નાંખો. વ્યક્તિપરત્વેના અભિમાનની પાર પહોંચો. 'રામ'નું તમને એમ કહેવું છે કે દેહાભિમાન ગાળી નાખો; 'આ શરીર હું નથી' એનો અનુભવ કરો; પોતાના યથાર્થ સ્વરૂપને ઓળખો; એટલે હું અને તું એ ભેદજ નહિ રહે. પોતેજ ઈશ્વરત્વનો અનુભવ કરો અને જન્મ-મરણની પરંપરામાંથી મુક્ત થાઓ.' ખ્રિસ્તનો ખ્રિસ્ત તે હુંજ'' સર્વ જગતને પ્રકાશિત કરનારૂં સત્તત્ત્વ તે હુંજ' એનો અનુભવ કરો. આથી તમે સર્વ દુઃખથી અતીત બનશો. વેદાન્તનો અભ્યાસકરીને સર્વ સંદેહ નિર્મૂળ કરી નાખો અને આત્માનુભવપર આરૂઢ થઈને સર્વ-ખ્રિસ્ત, મહંમદ વગેરે-વ્યક્તિની પાર પહોંચી જાઓ. વ્યક્તિ નાશવંત છે એ ધ્યાનમાં રાખજો. સદ્વસ્તુનો અનુભવ કરી લેશો એટલે તમે મુક્ત થશો.

પ્રશ્નઃ—મૃત મનુષ્યોને આધ્યાત્મિક ઉન્નતિમાં આપણે સાહાય્ય કરી શકીએ ખરા ?

ઉત્તરઃ—હા, કરી શકાય છે. મરી ગયેલાના ફોટોગ્રાફ આપણી પાસે રાખવા; એની મૂર્તિને મનમાં લાવવી; એના સંબંધના સારા સારા વિચાર મનમાં કરવા; તેઓ અતિ ઉત્તમ, યોગ્ય, પૂજ્ય અને પવિત્ર છે-પ્રત્યક્ષ ઈશ્વરજ. છે, એવી ભાવના કરો; એવા વિચારમાં લીન થઈ જાઓ; એટલે મૃતની ઉન્નતિમાં તમે મદદ કરી શકશો; એટલુંજ નહિ પણ એથી તમારી પોતાની પણ ઉન્નતિ થશે.

પ્રશ્નઃ—મરી ગયેલો આપ્તવર્ગ અમારા નિત્યના વ્યવહારમાં અમોને સહાય આપી શકે ખરો?

ઉત્તરઃ—'રામ'ના અભિપ્રાય પ્રમાણે તો આ પ્રશ્નજ વ્યર્થ છે. આ જગતમાં જીવંત આપ્તવર્ગ પણ આપણને સહાય કરી શકતો નથી તો પછી મૃતની તો વાતજ કેવી? જીવંતને કે મૃતને મદદ કરવાવડે આપણે આપણનેજ મદદ કરીએ છીએ. વેદાન્ત પ્રતિપાદન કરે છે કે બહારના કોઇ પણ સ્થળેથી આપણને મદદ મળવાની નથી. બહારની મદદની અપેક્ષા ન કરો. સર્વ સામર્થ્યનો ઉગમ તમારી અંદરજ છે-તમારા અંતઃકરણમાં છે, એ લક્ષમાં રાખએ આત્મકેંદ્રમાં સ્થિર રહો અને બીજાઓની સહાયની યાચના ન કરો. તમારા પોતાનામાં યોગ્યતા લાવો એટલે બીજાની મદદની અપેક્ષા રાખવાની તમને જરૂરજ નહિ રહે. ઇચ્છેલા પદાર્થો આપોઆપજ તમારી પાસે આવવા માંડશે. તમારા પોતાનામાં પાત્રતા આવી એટલે જરૂર જેટલી મદદ તમારી પાસે ખેંચાઇ આવશેજ. આજે વિચારક પહેલા પ્રશ્નના ઉત્તરમાં અમેરિકન મનુષ્યનું જે દૃષ્ટાન્ત લીધું હતું એનો વિચાર કરશો એટલે આ પ્રશ્નનું વિવેચન તમારા લક્ષમાં ઠીક ઠીક આવી જશે. એ અમેરિકન ગૃહસ્થની સર્વ પરિસ્થિતિ હિંદુસ્તાનમય થઇ હતી; હિંદુસ્તાનના સાહિત્યનું એણે અધ્યયન કર્યું હતું. વેદાન્ત વિદ્યામાં પારંગત થયેલા મહાત્માઓ સાથે એને પરિચય હતો, એમના વિચારની એના અનુ ધ્યક્રમપર અસર થઇ હતી. એના સર્વ વિચારો હિંદુસ્તાન સંબંધીજ થતા હતા. એવી સ્થિતિમાં એનું હિંદુસ્તાનમાં જન્મ લેવું, એની વાસનાનું એને હિંદુ બનાવવું, એ શું સ્વાભાવિક નથી લાગતું? અર્થાત્ આ અમેરિકન પોતાના પ્રયત્નથીજ શું હિંદુ નથી થયો? હિંદુ થવાની એને વાસના થઇ આવી, એ વાસના એના અંતઃકરણમાં દૃઢ થતી ગઇ, એટલે એ વાસના પરિપૂર્ણ થવા માટે બાહ્યપરિસ્થિતિ-બહારની મદદ પોતાની મેળેજ ઉત્પન્ન થાય છે. સારાંશ એ છે કે આપણને બીજા કોઇ સાહાય્ય નથી કરતાં; આપણેજ આપણને સાહાય્ય કરીએ છીએ. મનુષ્યો સ્વપ્રયત્નોજ આપણી પોતાની ઉન્નતિ કરી લે છે.

પ્રશ્નઃ—મનુષ્યો પુનઃ કૂતરાં બિલાડાંના જન્મમાં જાય છે?

ઉત્તરઃ—કૂતરાં બિલાડાં કે અન્ય નીચ યોનિમાં જન્મ લેવો એ એની પરિસ્થિતિપર આધાર રાખે છે. જે પરિસ્થિતિમાં તે હોય છે તે પરિસ્થિતિ અનુસાર-એ પરિસ્થિતિમાં એના મનમાં ઉત્પન્ન થનારી વાસના અને ક્રિયમાણાનુસાર એને પછીનો જન્મ પ્રાપ્ત થાય છે. વર્તમાન પરિસ્થિતિ પ્રમાણે એ ભવિષ્યમાં ઉચ્ચ કિંવા નીચ કોટિમાં જન્મ લેશે.

એક દૃષ્ટાન્તથી એ વાત તમારા લક્ષમાં ઠીક ઉતરશે. હિંદુસ્તાનમાં એકવાર બે માણસો એક સાધુ પાસે ગયા. આ બન્નેમાં એકનો સ્વભાવ બિલાડા જેવો હતો અને બીજાનો કૂતરા જેવો હતો. અથવા એમ કલ્પના કરો કે એક બિલાડો અને એક કૂતરો એમ બન્ને એ સત્પુરૂષ પાસે ગયા. કૂતરાએ એ મહાત્માને એવો પ્રશ્ન પૂછ્યોઃ "મહારાજ, જુઓ આ બિલાડો; એ બહુ ખરાબ છે. અત્યંત લબાડી અને દુષ્ટ છે. આગળના જન્મમાં તે શું હશે?" તરતજ તે બિલાડાએ એ મહાત્માને પ્રશ્ન કર્યોઃ-"દયાનિધિ! આ કૂતરાભણી તો જુઓ; એ અત્યંત દુષ્ટ છે, ગમે તેની ભણી ભસ્યાજ કરે છે; એને આવતો કેવો જન્મ પ્રાપ્ત થશે?" એ મહાપુરુષે બેમાંથી કોઇના પ્રશ્નનો ઉત્તરજ આપ્યો નહિ. પણ તેઓએ તો એનો એજ પ્રશ્ન ફરી ફરી પૂછીને એ સાધુને થકવી નાખ્યા, ત્યારે સાધુએ કહ્યું "ભાઇઓ! એવા પ્રશ્નનો વિચારજ ન કરવો એ ઠીક છે; એ તમારા દુઃખનું કારણ થઈ

પડશે. સાધુએ આવી રીતે તેઓને સમજાવવાનો ઘણો પ્રયત્ન કર્યો; છતાં તેઓએ તો પોતાની હઠ નજ છોડી. તેઓ તો "અમારા પ્રશ્નના ઉત્તર આપો" એવોજ આગ્રહ કરવા લાગ્યા. ત્યારે કુતરાને ઉદ્દેશીને સાધુએ કહ્યું: " ભાઇ, આ બિલાડી તારા સહવાસમાંજ છે, એ તારા ગુણ દોષ ગ્રહણ કરતો રહીને કુતરો બનતો જાય છે. એવી સ્થિતિમાં તે ભવિષ્યમાં કુતરાનો જન્મ લે એ ખુલ્લુંજ છે." પછી બિલાડી ભણી ફરીને મહાત્માએ કહ્યું: " ભાઇ, આ કુતરો હમેશાં તારી સાથે રહે છે અને તારા ગુણ દોષની એનાપર અસર થાય છે; તેથી એ બિલાડાના વિના બીજો કયો અવતાર લે વારૂ ? " માણસોએ કુતરાનો કે બિલાડાનો અવતાર લેવો એ એમના પોતાનાજ હાથમાં છે. તેઓ કુતરાં બિલાડાં પાળે, એના સહવાસમાંજ બધો સમય ગુમાવે, એને જ ન્હવરાવે પીવરાવે અને રમાડયા કરે તો પછી તે કુતરાં બિલાડાંનો જન્મ પામે એ ખુલ્લુંજ છે. આ સંબંધમાં અત્યારે વિશેષ વિવેચન કરવાની આવશ્યકતા નથી.

પ્રશ્નઃ—મનુષ્યને મૃત્યુ પછી ફરી જન્મ લેવામાં કેટલો સમય લાગે છે ?

ઉત્તરઃ—સમજો કે એક મનુષ્ય આખો દિવસ જુદાં જુદાં કામકાજ કરે છે. દિવસનાં સર્વ-કામ આટોપીને રાત્રે તે સૂઈ જાય છે; અને ફરી સવારે ઉઠીને પોતાનાં બધાં કામકાજ કરવા લાગે છે. આ દૃષ્ટાંતમાં મનુષ્યનો સૂઇ જવાનો સમય એજ મૃત્યુ છે; અને તેનો સવારે જાગૃત થવાનો સમય એ પુનર્જન્મનો સમય છે. સૂઈ જવું એ મરણના જેવું હોય, પુનઃ જાગી ઉઠવું એ પુનર્જન્મ જેવું છે. હવે મનુષ્ય સૂઈ ગયો તે ક્ષણથી જાગ્રત થાય તે ક્ષણ સુધીમાં જેટલો સમય જાય છે તેટલોજ સમય મૃત્યુ અને પુનર્જન્મની વચમાં જાય છે. મૃત્યુ અને પુનર્જન્મ એ સુષુપ્તિ અને જાગૃતિના જેવાં છે; અને એ દરમ્યાનનો સમય સ્વર્ગ લોકાદિ સુખ અથવા નરકયાતના ભોગવવામાં જાય છે. એ તો તમે બધાએ જોયું હશે કે કોઇ કોઇને ચારપાંચ કલાકજ ઉંઘ આવે છે, તો કેટલાએકને પૂરા આઠ કલાક જોઇએ છે; નાનાં બાળકો પંદર પંદર કલાક સુધી સૂઈ રહે છે, તો ઘરડાં માણસોને થોડી નિદ્રાજ પૂરતી થઈ પડે છે, અને તરૂણ માણસને સાધારણ ઉંઘ આવે છે. તાત્પર્ય એ કે વય પ્રમાણે કિંવા પ્રકૃતિ પ્રમાણે જેવી રીતે માણસોમાં નિદ્રાના કલાકોનું પ્રમાણ ઓછું વધારે છે તેવીજ રીતે મૃત્યુરૂપી દીર્ઘનિદ્રા અને પુનર્જન્મરૂપી જાગૃતિ એની વચ્ચેના સમયનું પ્રમાણ પણ જીવની આધ્યાત્મિક પ્રગતિ પ્રમાણે થોડું કે વધારે હોય છે. વૃદ્ધના નિદ્રાના કલાક જેમ થોડા હોય છે તેવીજ રીતે જ્ઞાનવૃદ્ધના-અધ્યાત્મદૃષ્ટિએ ઉન્નતદશાએ પહોંચી ગયેલાના દીર્ઘનિ-દ્રાવસ્થાના કલાક પણ થોડા હોય છે. મૃત્યુ પછી તે બહુ સત્વર નવો દેહ ધારણ કરે છે. જેવી રીતે તમને આ લોકના જીવનના કાલની ખબર નથી, કોઇ તરૂણાવસ્થામાં મૃત્યુમુખ જઇ પડે છે તો કેટલાએક સો સો વર્ષનું પણ આયુષ્ય ભોગવે છે; તેમ એમાં પણ એવુંજ છે. સૌ સૌના અધિકાર પ્રમાણે સૌને નવો જન્મ જલદી કે મોડેથી પ્રાપ્ત થાય છે. વચ્ચેના કાલની મર્યાદા નિશ્ચિત થઈ શકતી નથી.

પ્રશ્નઃ—વેદાન્ત તત્ત્વજ્ઞાનનો અનુભવ કરવા માટે એકાન્તવાસ કરવો-અરણ્યમાં જઇને રહેવું આવશ્યક છે ? આ વીસમી સદીમાં, આ નવીન સંસ્કારવાળા જમાનામાં, અમારી આધુનિક પરિસ્થિતિમાં ઘેરને ઘેરજ અમને વેદાન્તના ગૂઢતત્ત્વોનો અનુભવ ન થઈ શકે ? આત્મનુભવમાટે હિમાલયમાંજ જઇને રહેવું જોઇએ એવું કોઇએ કહ્યું છે ?

ઉત્તરઃ—વેદાન્તનો અભ્યાસ કરવા માટે અરણ્યમાં જવાની જરૂર નથી. લોકો કહે છે કે " વેદાન્તનો અભ્યાસ કરવા અમને અમારા વ્યવસાયમાંથી અવકાશજ મળતો નથી અને જે

કાંઇ થોડો સમય મળે છે તે સ્નેહી સંબંધીને મળવા હળવામાં જાય છે." જો આમજ છે પછી તમે જે "હે પરમેશ્વર, મારા શત્રુઓથી મારૂં રક્ષણ કરો" એવી પ્રાર્થના કરો છો, બદલે તમારે વાસ્તવિક રીતે "હે પ્રભુ, મને મારા મિત્રોથી બચાવ" એજ પ્રકારની પ્ર કરવી ઉચિત અને આવશ્યક છે. રોજનું કામકાજ કરીને મિત્રમંડળમાં ગપ્પાં ન મ તેમજ અન્ય ક્ષુદ્ર વિષયમાં સમય ન ગુમાવતાં વેદાન્તનો અભ્યાસ કરો તો પછી જનસમુ રહીને પણ આત્માનુભવ કરી શકો. સ્નેહીઓ અને સંબંધીઓ તમારો સમય લૂંટી લ અને એમાંથીજ તમને ચિંતા તથા ઉપાધિ વળગે છે.

ૐ ૐ ૐ



૨૮–રામનો સંદેશ*

એકતા, એકતા, સર્વને એકતાની આવશ્યકતા પ્રતીત થાય છે; પરંતુ આ દેશની ભિન્ન શક્તિઓ એક બીજાનું અહિત કરી રહી છે, અને એમાંથી કોઈ ફળ પ્રાપ્ત કરી શકે એવી શક્તિ ઉત્પન્ન નથી થતી! કરોડો મસ્તિષ્ક કામે લાગ્યાં છે, કરોડો હાથ શ્રમ કરે છે, પરંતુ નથી માલૂમ પડતું કે એ બધાં ક્યાં ચાલ્યાં જાય છે! હજારો સંપ્રદાયો અને સમાજો પોતાની ઇચ્છાનુસાર આ શક્તિઓને ચલાવવાનો પ્રયત્ન કરે છે, પણ નિયમાનુસાર કાર્ય નથી થતું! મિત્રો! હરેકને જ્યાં હોય ત્યાંજ રહેવા દો; પોતાનું સ્થાન ન ત્યાગો; પોતાને સ્થળેથી જરા પણ ચ્યુત ન થાઓ; પરંતુ એકજ દિશામાં હંકારતા ચાલ્યા જાઓ. આવી એકતા—એટલે ભિન્નતા હોવાં છતાં એકતા—સચવાઈ રહેવાથી પ્રગતિ થાય છે. આવી રીતે પોત-પોતાના સ્થાન પરત્વે કાર્ય કરતા રહો અને પ્રહાર ખાતા રહો, પણ આગળ વધો. રાષ્ટ્રહિત તમારી ધ્યેયથી એવું બને છે. સમષ્ટિના હિતમાંજ વ્યષ્ટિનું હિત સમાયેલું છે.

આવી રીતે વર્તન કરવું તો બહુ સ્હેલું છે, પણ ભારતવર્ષમાં પ્રેમ અને એકતાનો આટલો બધો દીર્ઘ સમયથી અભાવ શા માટે છે? મુખ્ય કારણો આવાં છે.

(૧) વ્યાવહારિક જ્ઞાનનું દારિદ્રય.

(૨) મનુષ્ય સંખ્યાની અધિકતા.

આ બન્ને કારણોમાંથી આપણે વ્યાવહારિક જ્ઞાનની ઓછપનો પહેલાં વિચાર કરીએ.

મુસલમાન રાજ્ય થયું તે પહેલાં ખુરાસાનના અલબેરૂની નામના એક મનુષ્યે આ સમગ્ર દેશની યાત્રા કરી હતી. તે તત્ત્વજ્ઞાની અને મહાન પંડિત હતો. તેણે સંસ્કૃત ભાષાનો અભ્યાસ કર્યો હતો. જે રીતે હાલ જે ઇંગ્લિશ રીડરો અને એન્સાઇક્લોપીડિઆ ગ્રંથો તેણે વાંચ્યા હતા તેમ રીતે આપણાં ધર્મશાસ્ત્રોનું તેણે અધ્યયન કર્યું હતું. જેવો તેને એ સમયે હિંદુસ્તાન દેખાયો તેવું તેણે આ દેશનું સવિસ્તર વર્ણન કર્યું છે. હિંદુ તત્ત્વજ્ઞાન, ધર્મ અને ન્યાયરીતિની તેણે અનંત પ્રશંસા કરી છે, અને જે પંડિતોની સાથે એની મુલાકાત થઈ હતી તે બધાની વિદ્વત્તાની એણે તારીફ કરી છે; પરંતુ લોકો અને સામાન્ય જનસમૂહની શારીરિક અને માનસિક સ્થિતિ માટે તો એણે બહુ ખેદ પ્રદર્શિત કર્યો છે. તેણે લખ્યું છે કે "નૈતિક અને ધાર્મિક સ્થિતિમાં લોકો મહા પતિત અને અલ્પ છે; અને સામાજિક, ધાર્મિક તથા રાજકીય સ્થિતિઓમાં વહેંચાઈ ગયેલ છે. મનમાં જરાયે દમ નથી; શરીરમાં જરાએ હિંમત નથી; અને મતમતાંતરોને કરીને દીપે અંદરો અંદર લડેલ છે. બુદ્ધિપુરઃસર વિચાર કરી શકતા નથી; અને એવી દુર્બળ સ્થિતિમાં મુસલમાનોના હુમલા થાય કે એમા મહમદ ગિઝની દેશ પર સતત હલ્લો કરે તેમાં આશ્ચર્ય તેમજ લૂંટફાટથી ખાલીને રીતે તેણે ધૂળની પેઠે ઉડાવ્યાં સોરઠનું કેટલું નિર્ધન થઈ ગયા હતા." ત્યાર પછી બાબર હિંદુસ્તાનના વિષયમાં લખે છે કે "અહીંના લોકોના

* આ લેખ ૧૯૨૮ ની ફેબ્રુઆરીમાં ... ... બહાર પડેલો છે.

પ્રત્યેક કાર્યમાં ચાતુર્ય, પ્રવીણતા અને નવીનતાની ખામી નથી, પરન્તુ એમની પાસે ઉદ્યોગ સંબંધી ગ્રંથજ નથી. શિલ્પનું એમને જ્ઞાન નથી. એઓના દેશમાં નથી બાગ બગીચા કે નથી નહેર. વળી દારૂગોળાનું તો કોઈ નામજ જાણતું નથી. આ લોકો સ્વતંત્રપૂર્વક એક બીજાની સાથે મળવા હળવા માટે અયોગ્ય છે." અમે કદી ઉપરના વર્ણનમાંથી વ્યક્તિગત દ્વેષભાવને દૂર કરી નાખીએ અને જે કાંઈ અતિશયોક્તિ થઇ છે એને કાઢી નાખીએ, તે પણ અમારે શોકપૂર્વક કહેવું પડે છે કે એમાં ઘણુંએ સત્ય છે. વ્યાવહારિક જ્ઞાનની દરિદ્રતાથીજ આપણા દેશનું અધઃપતન થયું છે, અને એજ આપણી અવનતિનું કારણ છે.

જો તદ્દન શાસ્ત્રાર્થ કરવાનીજ વાત હોય તો રામ પણ બીજાઓની પેઠે એ વિદેશી ઇતિહાસકારોના આક્ષેપો બહુ સુગમતાપૂર્વક ઉડાવી શકે તેમ છે; પરંતુ વ્હાલાંઓ ! એઓએ એવી તો સત્ય અને વાસ્તવિક હકીકત લખી છે કે જે સ્વતઃસિદ્ધ છે. હું એમાં કેવી રીતે ના કહી શકું ? તમામ સામાજિક અનિષ્ટોનું મૂળ વ્યાવહારિક જ્ઞાનની ન્યૂનતા છે. શારીરિક શ્રમનો તિરસ્કાર, જાતિ અને પંથના પ્રકૃતિવિરૂદ્ધ ભેદ અને મતભેદ, દેશાટન કરવાની મનાઈ, બાળ વિવાહ, સ્ત્રીઓપર લધાયેલો માનસિક અને શારીરિક અંધકાર, ઇત્યાદિ સર્વ દોષ આ વ્યાવહારિક જ્ઞાનની ન્યૂનતામાં સામિલ છે. આ સામાજિક અવનતિને દૂર કરવી એ મહા દુષ્કર કાર્ય છે. બર્ક સાહેબે એક બહુ સુન્દર વાક્ય લખ્યું છે કે " સુધારણા એક એવી વસ્તુ છે કે જેમાંથી સંતોષ પામવાને માટે તેને દૂરજ રાખવી જોઇએ." રૂઢિઓના બંધનમાંથી છુટકારો પામવો એ બહુ વિકટ કાર્ય છે; કારણ કે કર્તવ્યશીલ પુરૂષ, સમાજ અને સમાજના નેતાઓના દોષ સર્વને દેખાડે છે તથા આવશ્યકતા લાગે તો એની નિન્દા પણ કરે છે, તેથી લોકો એના સાથે દ્વેષભાવ રાખે છે. તે બિચારો કાંઇ ઠીક કહેતો હોય તો પણ લોકો તેના વાક્યનો ઉલટોજ અર્થ સમજી બેસે છે આવી પંચાતીથી બચવા માટે જેવી સ્થિતિ છે તેવીજ રહ્યા કરે એ ઉચિત ભાસે છે. પરંતુ એમ "यद्भावि तद्भवतु" કહીને શું સ્વાર્થસાધનનાં કાર્યમાંજ રહ્યા કરવું વાજબી છે ? શું એ સંભવિત છે કે તમે તમારી ઉન્નતિની ચિન્તામાં વળગી રહો અને સમાજનું ગમે તે થાય તે થવા દઇને તેનો વિચાર પણ ન કરો ! નહીં માનજો કે ડુબતો સમાજ તમને એકલાને કદી નહિ તરી જવા દે. જો સમાજ ડુબતો હશે તો તમારે પણ તેની સાથે ડુબવુંજ પડશે. જો સમાજ પોતાની ઉન્નતિ કરતો હશે તોજ તમારી ઉન્નતિ થઇ શકશે. સમાજથી દૂર રહીને કોઇની પ્રગતિ થાય; એ તો હાથને શરીરથી અલગ રાખીને શક્તિ પ્રાપ્ત કરવાની વાત જેવું છે.

વેદાન્તવિરૂદ્ધનો આ વિચાર હિંદુસ્તાનમાં બહુ કાળથી ઉત્પન્ન થયો છે તેથી સમાજનું અંગ ભંગ થઇ ગયું છે અને શોચનીય અવસ્થા આવી પડી છે. ઓ ભારતના ભવિષ્યના નવ યુવકો ! હિંદુસ્તાનનો ભવિષ્યકાળ એ તમારોજ ભવિષ્યકાળ છે, અને તમેજ તેને માટે જવાબદાર છો. બહુ જાતના જાદુમાં બાયલા લોકોજ ફસી પડે છે; સત્યથી ભરેલ ચૈતન્યવાન મનુષ્ય તો લોકોના વિચાર અને અંતઃકરણપર સામ્રાજ્ય ભોગવે છે. ભલે પછી નામમાત્રનો બાહ્ય રાજા ગમે તે હોય. બી. એ. કે એમ. એ. ની પદવી તમને વિશ્વ વિદ્યાલયમાંથી મળે છે, પણ કાપુરૂષ કે વીરનરની પદવી તો તમારે પોતેજ પસંદ કરી લેવી રહી, તમને કઇ પદવી પસંદ છે ? જીવનના નીચ દાસત્વની કે જીવનના સુખરાજ્યની ? . અને શુદ્ધ ચારિત્રજ સમાજની ઉન્નતિનું શુદ્ધ સાધન છે. ન્યૂટને ગતિશાસ્ત્રના બીજા

સિદ્ધાન્ત પ્રમાણે તારવી કાઢયું છે કે શક્તિનો પ્રભાવ બીજા પદાર્થપર એ નવો થાય છે કે એની ગતિમાં કાંઇ વિકાર ઉત્પન્ન થાય છે. સેંકડો વર્ષથી આ દેશમાં અવાસ્તવિક દ્વેષભાવ અને શૂન્ય ભાવને લીધે બહુ અનિષ્ટ થાય છે; અને તેનું મુખ્ય કારણ રૂઢિનાં બંધનો, બાધાઓ અને બ્હેમોજ છે. હે વિચારશીલ અને સુચરિત્રવાન યુવકો ! ચૈતન્યમય શક્તિ બનીને હાનિકારક રીત રિવાજોને દૂર કરવાનું કાર્ય તમારૂં છે. આ પુરાણી તામસિક ગતિને હઠાવીને તમારી શક્તિને એ તરફ વ્હેવરાવો કે જ્યાં એની સંપૂર્ણ આવશ્યકતા હોય. જ્યાં જ્યાં તેનો પ્રવાહ વધારવા જેવું લાગે ત્યાં ત્યાં તે વધારે જાઓ. ઉદ્યોગ કર્યો કરો; કાર્ય કરતા રહો. નિર્લેપતાથી પોતાના પવિત્ર અને બલિષ્ટ વર્તમાનને ભવિષ્યકાળની સાથેની દોડધામની સરતમાં સામિલ કરી દો. પૂર્વજો પાસેથી જે કાંઇ રૂડું પ્રાપ્ત થયું છે તેનો આપણે ત્યાગ નહિ કરી શકીએ; કારણ કે જો સમાજ પોતાના પૂર્વજો પાસેથી મેળવેલી વસ્તુનો ત્યાગ કરી દે તો કોઈ બાહ્યશક્તિ સમાજનો નાશ કરી નાખે છે. પરંતુ એ સાથે એ પણ લક્ષમાં રાખવું જોઇએ કે પૂર્વજો પાસેથી જે મળ્યું હોય તેનો આડંબર પણ ન કરવો જોઇએ. જે સમાજ એવો આડંબર કરે છે તેનો અંદરથીજ નાશ થઈ જાય છે. શું તમારાં શુદ્ધ આચરણને લીધે સમાજમાં કલહ અને દ્વેષ ઉત્પન્ન થવો સંભવિત છે ? તમે એકલા હો તો પણ ધૈર્યથી ઉભા રહો; પાછા કદી પણ ન હઠો. એનું નામજ પુરુષાર્થ છે. પ્રવાહ તમને અનુકુળ છે. પુરાણવાદીઓને પોતાનો ભૂતકાળ લઇને બેસી રહેવા દો. શું અસત્યથી તમે રાષ્ટ્રનો ઉદ્ધાર કરી શકશો ? શું લોકોને અંધકારમાં રાખીને તમે તેમનામાં એકતા ઉત્પન્ન કરી શકો તેમ છો ? શું ભૂલ અને ખોટા વિશ્વાસથી રાષ્ટ્રીય એકતા ઉત્પન્ન થઇ શકશે ? કદાચિત્ એમ પણ સમજી લ્યો કે સર્વ ખલાસીઓ એકજ દિશામાં નૌકાને હાંકી જાય છે; પણ એ દિશા ઉલટી, વિકાસવિરુદ્ધ અને સત્યથી વિમુખ હોય તો પછી એજ દિશામાં ચાલ્યા જવું ઉચિત છે ? એવી નૌકા તો અવશ્યમેવ કોઇ ખડકમાં અથડાઈ પડશે અને ચૂરેચૂરા થઇ જશે. આ કામ જેટલું સત્વર બને એટલું સારૂં. સત્ય અને પવિત્રતાથી જે એકતા સંભવિત છે તેજ વાસ્તવિક નભી શકે છે. હે રાષ્ટ્રની એકતાની આકાંક્ષા રાખનારાઓ ! તમારૂં પ્રથમ કર્તવ્ય એ છે કે રાષ્ટ્રમાં જે અસંખ્ય અમાનુષિક પ્રથાઓ છે તેને દૂર કરો. જો મનુષ્યજાતિને માટે અને એની ઉન્નતિને માટે લોકોને કષ્ટ સહન કરવું પડતું હોય અથવા તો કાર્ય કર્તાઓને દંડ કે શિક્ષા સહન કરવી પડતી હોય તો તેથી એ સિદ્ધાન્ત નીકળી આવે છે કે દેશમાં આત્મિકજીવન ઉપસ્થિત છે; અને એના સ્વાસ્થ્યને માટે બહુ સારી રીતે શ્વાસોચ્છ્વાસ લેવાય છે.

આદર્શજીવનમાં દુઃખનું નામ માત્ર પણ હોતું નથી. ત્યાં પ્રેમ અને શાન્તિ દેખાવની શાન્તિજ શાન્તિ હોય છે. વારૂ, જે સમાજમાં જ્ઞાનનો પ્રકાશ ત્રાસદાયક લાગે છે તેમાં દુઃખરહિત શાન્તિ અને ઉદ્યોન્મુખ પ્રકાશ એક સાથે કેવી રીતે નભી શકવાનાં ? તમારી પ્રકૃતિજ કદાચિત એવી થઈ ગઈ હોય કે તમે આદર્શજીવન નથી ગાળી શકતા, તોપછી તમારૂં ચારિત્ર તદ્દન સરલ અને સત્ય બનાવો; કારણકે એની પણ આજકાલ બહુ આવશ્યકતા છે. ન્હાના વિચારવાળા મોટા માણસોથી નહિ પણ મહાન વિચાર વાળા ન્હાના પુરુષોથીજ દેશનું કલ્યાણ સધાય છે. શાન્તિ ! પશુઓના જેવું જડેરીપણું શું તમને શાન્તિમય માલુમ પડે છે ? એમ તો સ્મશાન ભૂમિ પણ શાન્તિકારક જણાય છે ! આપણે તો જાગતી શાન્તિ જોઇએ છે, મરેલી નહિ. જ્યારે લોકોમાં

અન્ધકાર ફેલાયલો હોય અને લોકો અંધારામાં ઠોકર ખાતા હોય ત્યારે આપણી પ્ર પ્રકાશને એક પત્થરની નીચે છુપાવી રાખવો એ મહાપાપ છે. તમારી પાસે પ્રકાશ ન તો એટલું પાપ ન ગણાત. જે પોતાનાં વાક્યોથી બીજાને સહાય કરી શકતો હો પણ કાર્યને સમયે ચૂપ રહેતો હોય, તે મનુષ્ય રણસંગ્રામમાંથી નાશી જ ભાગેલા સિપાહીના જેટલોજ પાપી છે.

(૨) હવે આપણે મનુષ્ય સંખ્યાનો પ્રશ્ન ઉપાડીએ.

માલ્થસ અને એવાજ બીજા અર્થશાસ્ત્રીઓએ આ વિષયમાં જે કાંઇ કહ્યું છે વર્ણન કરવાની અહીં કાંઇ આવશ્યક્તા નથી, માલ્થસ તો કેવળ જંતુવિજ્ઞાનશા સિદ્ધાન્તોનોજ પુનરુદ્ધાર કરે છે, પણ પ્રાણીશાસ્ત્રીઓ-(પ્રકૃતિશાસ્ત્રવેત્તાઓ-Naturalists) એ વિષયમાં શું કહ્યુ છે તે આપણે જોઇએ. હકસલીએ એક દેશ અથવા સમાજને અલ એક ઉપવનની ઉપમા આપી છે. સામાજિક વિકાસનો ક્રમ (અથવા જેને એ નૈતિકક્રમ છે) તે ઉપવનના ક્રમની સાથે બહુ મળતો આવે છે. પરંતુ એ બન્ને ક્રમ સ્વેચ્છાચારી સૃષ્ટિક્રમથી વિરૂદ્ધ છે. આ સૃષ્ટિક્રમમાં અતિ ઘોર અને તીવ્ર જીવનસંગ્રામ થતા રહે છે; ઉપવનક્રમ અને નૈતિકક્રમમાં આવો સંગ્રામ થતો નથી-એ સંગ્રામમાં તો મૂળ કારણજ જાય છે. આ બધા ક્રમોની અભિન્નતા સિદ્ધ કરવાની હેત્રિ ક્રમણ્ટે બહુ માથાકુટ કરી તે તે ડારવિન અને હકસલીના સિદ્ધાંતથી એક રતિભાર પણ આગળ નથી વધી શકયો. બગી માળી બગીચાને સાફ કરીને, નકામા ઘાસને ખેંચી કાઢીને, બગીચાની ખીલવણી ન થ તો થોડાજ સમયમાં એ બાગમાં સ્વેચ્છાચારી સૃષ્ટિક્રમ શરૂ થઈ જશે, અને ઘનઘોર સં અને કલહ ઉત્પન્ન થશે; એ બગીચામાંથી શાન્તિ અને આનંદનું સામ્રાજ્ય ઉડી જશે; કારણ નકામું જંગલી ઘાસ સઘળે સ્થળે ઉગીને બાગની શોભા બગાડી નાખશે.

આવીજ રીતે જ્યારે કોઇ સમાજમાં લોકસંખ્યાની વૃદ્ધિની આવશ્યક સીમા આવી હોય અને સંખ્યાની અધિકતાને ઠેકાણે પાડવાના ઉપાય લેવામાં આવતા ન હોય તો સમાજમાં અવશ્યમેવ ઘોરસંગ્રામ જાગીને તેની શાન્તિને નષ્ટ કરી નાખશે; નૈતિક ક્રમને દેશે; નૈતિક તત્વોનો વિનાશ થશે, અને ઇશ્વરીય આજ્ઞાનો તિરસ્કાર થવા માંડશે. નિ એવા સમયથીજ રાષ્ટ્રોની અવનતિ અને અધોગતિનો પ્રારંભ થયો છે. રોમ, ગ્રીસ અન્ય દેશોની અવનતિ અને નાશનું મૂળકારણ આ લોકસંખ્યાનો પ્રશ્નજ છે. હિંદુસ્તાનપર લોકસંખ્યાની વૃદ્ધિનો પ્રશ્ન પહેલાં પણ આવી ચૂકયો હતો, પરન્તુ આપણે હજુ સુધી મૂળવિકારને દૂર કરવાનો પ્રયત્ન કે ઉપાય નથી કર્યો. તમામ પૃથ્વીપર હિંદુસ્તાનના દરિદ્ર અને ભરપૂર લોકસંખ્યા કોઇ પણ દેશમાં નથી. હિંદુસ્તાનનું એક સાધારણ કુ સંપૂર્ણ રાષ્ટ્રની સ્થિતિનું સૂચક ચિહ્ન છે. ત્યાં જોશો તો પ્રાપ્તિ બહુજ થોડી અને પ્રતિવર્ષે ખાનાર સંખ્યાની વૃદ્ધિ, ઉપરાંત નિરર્થક અને નિર્દય પ્રથાઓમાં દ્રવ્યનો અનુચિત વ્યર્થ વ્યય. એક તબેલામાં ઘણાં જાનવર હોય અને એક કે બે જાનવરને પૂરતું ઘાસ હોય; તો એ જાનવરો એક બીજા સાથે અવશ્ય લડી મરશે. લડાઇની જડને દૂર કરવી અને લોકોને શાન્તિનો ઉપદેશ દેવો એ કેવળ ઢોંગ છે. મારા દેશ બંધુ અંતઃકરણથી નમ્ર અને શાન્તિપ્રિય છે, નિશ્ચયપૂર્વક તેઓ નમ્રતા અને શાન્તિને ચ , પરંતુ ભુખ અને શારીરિક દુર્બળતાને લીધે તેઓ ઇર્ષ્યા અને સ્વાર્થના દાસ બની જાય

આમાં એ બિચારાઓનો શું દોષ ? એમનો શું અપરાધ ? જ્યાં સુધી લોકસંખ્યાના પ્રશ્નનો નિવેડો લાવવામાં નહિ આવે ત્યાંસુધી રાષ્ટ્રીય ઐક્ય અને પરસ્પર પ્રેમભાવની વાત હવાઈ કિલ્લા જેવી છે. આપણે એ ભયંકર પ્રશ્નનો નિવેડો લાવવો જોઈએ, નહિ તો જરૂર મરી જઈશું. વિજ્ઞાનશાસ્ત્રના તત્ત્વો અનુસાર આવી સામાજિક અવસ્થામાં આપણા સાથીઓને માટે આપણને હરઘડી દુઃખ ભોગવવું પડે છે, ત્યાં સહાનુભુતિ અને નિઃસ્વાર્થની વૃદ્ધિ હોવી અસંભવિત છે. હો ભારતવાસીઓ ! તમે લોકસંખ્યાની અધિકતાને લીધે આટલા ગરીબ તો બની ગયા છો, અને વળી આશા રાખો છો કે પ્રેમ અને સહાનુભુતિની વૃદ્ધિ થાય ! તમારી આ આશા વૃથા છે. પદાર્થવિદ્યાનો અભ્યાસ કરનારા જાણે છે કે હરકોઈ જાતના પદાર્થની આંતરિક સ્થિરતા ત્યારે નષ્ટ રહે છે કે જ્યારે એનાં પરમાણુ એકબીજાથી એટલાજ ફાસલા-પર રહે કે જેમાં નાનાં પરમાણુઓને પણ પોતાની નિયમિત પરિક્રમા કરવામાં કાંઈ પણ હરકત ન પહોંચે. હવે એ જોવું જોઈએ કે ભારતના રાષ્ટ્રની શું સ્થિતિ છે ? શું એની વ્યક્તિઓ એકબીજાની સાથે અથડાયા વિના પોતાની નિયમિત ચાલ પરિક્રમા પ્રમાણે ચાલી શકે છે—વર્તન રાખી શકે છે ? શું તે પોતાની નૈસર્ગિક ગતિને સ્વતંત્રતાપૂર્વક ચલાવી શકે છે ? જ્યાં એકનું પેટ ભરવા માટે દશને ભુખે મરવું પડે તેવું છે, તેવી સ્થિતિમાં રાષ્ટ્રીય સ્થિરતા ટકાવી રાખવા માટે આપણે સત્વર ઉપાય યોજવા જોઈએ. જો આપણે એમ નહિ કરીએ તો પ્રકૃતિ પોતાના નિયમ પ્રમાણે આપણી સાથે વ્યવહાર કરશે. આપણી આવી અવસ્થાને માટે મહર્ષિ વસિષ્ઠે પ્રકૃતિનો નિયમ વર્ણવ્યો છે તેમ પ્લેગ, દુષ્કાળ, નાશકારક યુદ્ધ અને ધરતીકંપનો જરૂર ઉદ્ભવ થવાનો. હવે એ વિચારવું જોઈએ કે આનો ઉપાય શું છે ? ઉપાય ઘણા છે.

અ. હિંદુસ્તાનની બહાર પગ મુકીએ એટલે સ્વર્ગનું દ્વાર બંધ થઈ જાય છે, એ દુષ્ટ કલ્પના આ દેશમાંથી દેશપાર થવી જોઈએ અને તેની સાથે જે લોકોનો આ દેશમાં ઉદર નિર્વાહ ન થતો હોય તેઓએ સત્વર બહાર ચાલ્યા જવું જોઈએ. મિત્રો ! ચાલો, અન્ય દેશ દેશાન્તરોમાં નિવાસ કરો. ખાબોચીઆના દેડકા બનવામાં તે શું આનંદ રહ્યો છે ? શું તમારા મનમાં એવો વિચાર નથી આવતો કે તમારા અહીં રહેવાથી આ રમ્ય ભારત અંધાર કોટડી જેવું બની ગયું છે અને તેથી તમારો શ્વાસ બંધ થઈ જવા આવ્યો છે ?

બ. એક સમયે ભારતના આર્ય નિવાસીઓને માટે એ મહા સૌભાગ્યની વાત હતી કે એઓને અધિક સંતાન થાય. પણ હવે તો એ સમય ચાલ્યો ગયો છે; સ્થિતિ બદલાઈ ગઇ છે. લોકસંખ્યાની અધિકતાનો વિચાર કરીએ છીએ ત્યારે માલુમ પડે છે કે આજકાલ તો મોટું કુટુમ્બ પ્રાપ્ત થાય એ મહા દુર્ભાગ્યનીજ વાત છે. જે વિચારશુન્ય મનુષ્યો એમ કહે છે કે મરણોત્તર સ્વર્ગપ્રાપ્તિ પુત્રોત્પત્તિપર અવલંબન રાખે છે, તેઓને કહેજો કે જરા પોતાની આંખો ઉઘાડીને જુએ કે મરતાં પહેલાંજ સંસારવૃદ્ધિને લીધે તમે તમારા ઘરને એટલે કે ભારતવર્ષને સાક્ષાત્ નરક બનાવી મુક્યું છે કે નહિ ! જે લોકો ભોગવિલાસને માટેજ સ્વર્ગ ચાહે છે તેઓને ભગવાન શ્રીકૃષ્ણજીએ ભગવદ્ગીતાના બીજા અધ્યાયના ૪૨ થી ૪૫ શ્લોકમાં ખુબ ચાબખા લગાવ્યા છે. 'अपुत्रस्य गतिर्नास्ति' એ વિચાર ભગવાન શ્રીકૃષ્ણની આંખોની સામે પણ હતોજ. એ શ્લોકો વાંચીને સ્વતંત્રતાના વિચારો ગ્રહણ કરવા એજ યોગ્ય છે. સંતતિ વધારો, અજ્ઞાનમય જીવન વ્યતીત કરો અને દાસત્વમાં મરી જાઓ" આ હાનિકારક તત્ત્વ કે જે આજકાલ અમારૂં

અમંગળ કર્યા કરે છે તેને સત્વર દેશની બહાર મોકલી દેવું જોઇએ. કોઈ કોઈ આપણે આપણી અધોગતિને માટે મુસલમાનોને દોષ દઇએ છીએ, અને કોઈ વાર સરકારને અને કદી કદી આપણે હિંદુસ્તાનના ધર્મોને માથે બધો દોષ ઢોળી પાડીએ છી વળી કોઇ વાર તો એમજ કહીએ છીએ કે સર્વ અપરાધ પ્રચલિત શિક્ષા પ્રણાલીને આ સમાલોચનામાં કેટલીક સત્યતા તો છેજ; પરંતુ મુખ્ય દોષ તો વિવાહ સંબં અપવિત્રતાનો છે કે જેની સાથે સમસ્ત સંસારનો સંબંધ છે; જેનાથી સંપૂર્ણ ઉત્પન્ન થાય છે અને જે એની વર્તમાન સ્થિતિનું કારણ છે. આ અતિશય મહત્ત્વપૂર્ણ પરમ પવિત્ર સંસ્થાની સાથે આપણે મહાન ઉપેક્ષાથી, અશાસ્ત્રીય રીતે અને લજ્જાહીનપણે વર્ત છીએ. ગમે તેટલી જન્મપત્રિકાઓ મેળવો, ગમે તેટલા જ્યોતિષના હિસાબ મેળવો, ગમે તે મુહૂર્ત શોધો, ગમે તેટલાં સ્તોત્ર ગાઓ અને ગમે તેટલા પવિત્ર સંસ્કાર કરો, તો **હિંદુસ્તાનમાં જેટલા વિવાહ થાય છે તે લગભગ બધાજ અસામયિક, અમાંગ અને અપવિત્ર છે.**

આકાશનો કોઇ પણ ગ્રહ જ્યારે એમ જોશે કે કોમળ અને અપરિપક્વ બાળિકાઓનો વિવાહ તેમના (ગ્રહોના) અનુકૂળ હોવાના આધારપર કરવામાં આવે ત્યારે તે ગ્રહ મંગળ (શુભ) સ્થાનપર કદી પણ નહિ રહે. આવા અમાનુષિક પશુઓને પણ નીચ લાગે એવા પ્રસંગો જોઇને તો ઉલટા સર્વ ગ્રહો કંપી ઉઠે છે, સ્વસ્થાનથી ચ્યુત થઇ જાય છે. જે **વરકન્યા પોતાનો વિવાહ પોતાની મેળે ન કરી શકતાં એવા અપવિત્ર વિવાહને વેદમંત્રો પવિત્ર કરે એ તો બાજુ રહ્યું, પણ એથી તો વેદમંત્ર ઉલટા પોતાનું મહત્વ પણ ગુમાવે છે અને** ભવિષ્યમાં એનો કશોએ પ્રભાવ રહેતો નથી. દેશમાં અયોગ્ય, કર્ત્તવ્યહીન, નિરુપ અને પરોપજીવી પ્રાણી ઉત્પન્ન કરવા માટે જે **નિર્ધનોનો નિર્વાહ કરવામાં આવે તેના અધાર્મિક સંસ્કારોની દુર્ગંધ સામે કોઇ પણ પુષ્પ પોતાનું માધુર્ય ટકાવી રાખે તેમ નથી.**

હે તરુણ જનો! બંધ કરો, બંધ કરો; હે ભારતના ભવિષ્યના ઉત્તરદા યુવકો! આ બંધ કરો: નૈતિક વિચાર કરીને કે ભારતવર્ષનો વિચાર કરીને અથ સ્વતઃ તમારે માટે કે તમારા વંશજોને માટે કૃપા કરીને **આ અસામયિક અને અ કારયુક્ત વિવાહપ્રણાલી બંધ કરો.**

એમ કરવાથી લોકો પવિત્ર થશે અને થોડે ઘણે અંશે મનુષ્ય સંખ્યાના પ્રશ્નનો નિવેડો આવી જશે. શું તમને એમ લાગે છે કે આ સૂચના સૃષ્ટિક્રમથી વિરુદ્ધ છે? વાતનું તમારે અવશ્ય પ્રતિપાલન કરવું પડશે. નહિ તો જરજરિત કરી નાખનાર દુ અને રીબાવી રીબાવીને મારનાર મૃત્યુ તમને આ શિક્ષાને વ્યવહારમાં મૂકવા માટે પાડશે. એમાં શંકા નથી. શું બાળલગ્ન અને બાળવૈધવ્ય સંસારમાં સર્વથી વિશેષ સૃષ્ટિ વિરુદ્ધનું કાર્ય નથી? પૃથ્વીપરના કોઈ પણ સુધરેલા સમાજને પૂછી જુઓ. તમારામાં પણ મનુષ્યત્વ રહ્યું હોય તો અમાનુષિક સૃષ્ટિક્રમ વિરુદ્ધ સંસ્થાઓ-રીતિ રિવાજોને વિના કેવી રીતે સ્વસ્થપણે બેસી શકો છો? વિધવા અબળાઓ સહાયતાને માટે પોતા ...હાથ તમારી પાસે ધરે છે! તમારી આંખો સામે પ્રત્યક્ષ રૂઢિરૂપી ચિતાઓ

જીવન્ત સતીઓ ક્રમશઃ બળી મરે છે ! એનાં નિષ્પાપ અશ્રુપૂર્ણ નેત્રમાં દર્દભરી તેજ છે ! સહાયતાની આશા રાખીને તમારા તરફ એ નેત્રો ટગટગી રહ્યાં છે ! આ કરતી ભવાનીથી ક્યાં સુધી નાશ આમ કરશો ? હજુ પણ તમે એની વાત પર લક્ષ આપો તો પછી એ ભવાની, રક્તભક્ષિણી ઉગ્ર ચંડિકાનું એવું ક્રૂર રૂપ ધારણ કરશે કે સામે પૃથ્વી ડોલતી ડોલતી કંપવા લાગશે. લોકો શાન્તિ શાન્તિનો પોકાર કરી રહ્યા પરંતુ જ્યાં સુધી પોતેજ આમંત્રણ કરી રાખેલી ચંડિકા બિરાજમાન છે ત્યાં સુધી દે શાન્તિ કેવી રીતે આવી શકે વારૂ ? યૂરોપમાં લોક જેટલી નીચી પાયરીનાં હોય એટલાંજ જલદી તેઓ વિવાહ કરી લે છે, પણ જેટલાં જલદી હિંદુસ્તાનના લોક ક એટલાં તો ત્યાંનો અધમ નીચ પુરુષ પણ નથી કરતો. ત્યાંના ઉચ્ચશ્રેણીના લોક બહુધા વર્ષની પહેલાં વિવાહ નથી કરતા અને એનું મુખ્ય તાત્પર્ય એ છે કે સંતતિ પણ સારી થાય.

હર્બર્ટ સ્પેન્સરે પોતાના જંતુવિજ્ઞાનશાસ્ત્રનાં તત્ત્વોમાં લખ્યું છે કે માનસિકશક્તિ જે વધતી જાય છે તેટલી પ્રજોત્પત્તિની શક્તિ ઘટતી જાય છે. પશુઓની પ્રજોત્પત્તિની શક્તિ પ્રશંસા કર્યા કરવાની અધમ સ્થિતિમાં આપણે ક્યાં સુધી રહેવું ? બ્રહ્મચર્યના મહ સર્વદા સ્તુતિ કરનારાં આપણાં શાસ્ત્રો કહે છે કે આધ્યાત્મિક અને શારીરિક બળ પવિત્રતામાંજ હોય છે. માનવશક્તિનો મુખ્ય અંશ કે જેને આપણે વિષયવાસના વિષયભોગમાં બરબાદ નાખીએ છીએ તેને રોકી રાખીએ તો બહુ સુગમતાથી તે ઓજ અર્થાત્ અક્ષય આધ્યાત્મિકશક્તિનું રૂપ ધારણ કરી શકે.

તમારે હવે કામવાસનાપર કાબૂ મેળવવો જોઇએ. જે મૂર્ખ મનુષ્ય પોતાની પશુ નથી દબાવી શકતો અને પ્રકૃતિના અતિ ગંભીર સંબંધને લગ્ન સંબંધના અર્થમાં લઇ છે તે બિચારો નથી જાણતો કે એ મારૂંજ રક્ત-વીર્ય કે જે મારા પ્રાણનો આધાર છે હુંજ વહેવરાવી દઉં છું. આ દિવ્યશક્તિનો દુરુપયોગ કરવો એજ સર્વ પાપોનું કારણ છે. કહ્યું છે કે અનાવશ્યક સ્થાનમાં પડેલી સંપત્તિ ધૂળ સમાન છે તેવુંજ આ છે. કામવાસનામાં પાશવ શક્તિની ઉપાધિ હોવાથી એની અધમતા બહુજ વધી પણ પોતાના અસંખ્ય પ્રજોત્પાદન કાર્યમાં નકામા મૂળ અને નીચ છે. એની ઉત્પ અધિકારજ એના કારણ સહિતનું મુખ્ય લક્ષણ છે અને તેને લીધેજ એ બદનામ છે. પશુઓ કદી પણ માત્ર સુખલાલસાથી વિષયસેવન નથી કરતાં. મનુષ્ય પશુઓથી શ્રેષ્ઠ છે, કારણ કે એની વાસનાઓ એના વિવેકને અધીન હોય છે, એમ છતાં પણ અસંખ્ય પ્રજોત્પાદનમાં પશુઓની સરખામણી કરે અને અનાવશ્યક તેમજ નિકૃષ્ટ વિષ પશુઓના કરતા પણ અધિક લુબ્ધ થઈ જાય તો પછી મનુષ્યની અવસ્થા અત્યંત નીચ પતિત થાય છે અને પછી એવી કઈ આપત્તિ છે કે જે એને નહિ ભોગવવી પડે ?

પવિત્રતા ! પવિત્રતા ! તત્કાલ હે પ્રાણિ તમારે પવિત્રતા પ્રાપ્ત કરવી પડશે. પવિત્રતા નહિ મેળવો તો ક્રૂર વિનાશક-દુઃખદાયક તમારો સંહાર કરી નાંખશે. અ તમારી આશા કેવળ પવિત્રતાપરજ આધાર રાખે છે. કોઈ રીતે વિનાશને અત્યંત સમીપસ્થ સંબંધમાં પવિત્ર ભાવ ઉત્પન્ન કરી આપવો છે તેટલેજ રીતે એ આત્મત્યાગી તમારે જો જીવન્ત રહેવું હોય તો તમારે તમારું આચરણ અને મન શુ

અને યોજનાઓ તમારા કાનમાં ભરવામાં આવે છે તે બધાં તમારા જીવનનાં બહિરંગ છે. શરીર ચૈતન્યવિના ટકી શકતું નથી. જેટલાં આન્દોલનોની સફળતા પ્રાપ્ત થઈ છે એનું ચેતનતા કેવળ જીવિત શ્રદ્ધા અને દિવ્યજ્ઞાનપર નિર્ભર છે. જડવાદ, સંશયવાદ, નિરીશ્વરવાદ, નાસ્તિકવાદ અને અજ્ઞેયવાદ ઇત્યાદિ મતના ધુરન્ધરોને જે યશ અને સફળતા પ્રાપ્ત **થયાં છે તેનું મૂળકારણ ધાર્મિક વૃત્તિજ માલૂમ પડે છે.** કિન્તુ એ ધુરન્ધરોને કેટલીક વખત એનું વાસ્તવિક જ્ઞાન નથી હોતું. કોઇ કોઈ વાતોમાં એ લોક નામમાત્ર ધર્માભિમાની લોકોના કરતાં પોતાના આચરણમાં ધર્મનો અધિક વ્યવહાર કરે છે. ઉદાહરણ તરીકે એક રબરનું કારખાનું લઇએ. એમાં હજારો નિરાધાર લોકને રોજી મળે છે, સર્વત્ર વ્યાપાર થાય છે, દેશના ધનની વૃદ્ધિ થાય છે, ગરીબ મજુરોને ઉત્તેજન મળે છે, અને આગબોટવાળાઓને, રેલ્વેના અધિકારીઓને તથા ટપાલખાતાને એનાવડે ભરપૂર કામ અને પગાર મળે છે; પરંતુ જો આ કાર્યને રસાયનિક રુચીકરણ (Chemical eqnation) કે અદૃશ્ય આન્તરિક પ્રત્યાઘાત (Invisible inner reaction) ની સહાયતા મળી નહોત તો તે કાર્યજ કયાં સંભવિત હતું ? એવીજ રીતે જ્યાંસુધી તમે તમારો આન્તરિક પ્રત્યાઘાત, હૃદય રૂપાન્તર, માનસિક સુધારણા અથવા તો પોતાના આત્મામાં પરમાત્માનું જ્યોતિ સ્વરૂપ ન ઝીલો ત્યાં સુધી તમારાં બધાં વ્યક્તિ વિષયક, કૌટુંબિક, સામાજિક અને રાજકીય કાર્ય સ્વતંત્રતાથી કદી પણ ફળીભૂત થતાં નથી.

કાર્લાઇલ કહે છે કે "શ્રદ્ધા બલવતી અને ચૈતન્યદાયિની છે." કોઇ પણ રાષ્ટ્રની જેટલી અધિક શ્રદ્ધા હોય, તેટલો એ દેશનો ઇતિહાસ સફળ અને ઉન્નતિકારક નિવડે છે. જરા પેલા અરબ લોકો તરફ જુઓ. હજરત મહંમદ સાહેબનું સ્મરણ કરી જુઓ. એ શતાબ્દિનો વિચાર કરશો તો પ્રતીત થશે કે ભૂમંડળના એ વાલુકામય (રેતાળ) પ્રદેશમાં એમનાવડે શ્રદ્ધાનો તણખો પડયો હતો, પરંતુ તેટલાવડે કેટલો મહાન ચમત્કાર થયો ! એ વાલુકા તે તણખાના પ્રતાપે તો અગ્નિવાહક દારૂ બની ગઈ ! દિલ્હી અને ગ્રેનેડા સુધી એની ગગનચુંબિત જ્વાળા ભડકી ઉઠી, કે અલ્લાહો-અકબર ! ઈશ્વર વિના અન્ય કોઈ મહાન છેજ નહિ.

જે કાંઇ વાસ્તવિક ઉન્નતિ છે તે આપણા અનિર્વચનીય અંતઃકરણમાંથી ફૂટી નીકળે છે. જે મનુષ્ય અશાંતિમાં રહ્યા કરીને પૂર્ણરૂપમાં રહેવા પ્રયત્ન પણ નથી કરતો તે મનુષ્ય ગમે ત્યાં હોય, ગમે તેવું ઐશ્વર્ય ભોગવતો હોય, પણ મૃત-શબના જેવોજ છે.

હર્બર્ટ સ્પેન્સરે પોતાના એક ગ્રંથમાં કે જે ગ્રંથને રાજહંસનું અંતિમ ગીત કહી શકાય એમાં હક્સલિના એક પ્રયોગ ઉપર ઉલ્લેખ કરતાં કહ્યું છે કે મનોવૃત્તિ આપણી વિચારસંજ્ઞાનો બાહ્ય આકાર છે. મનનો વિચાર કરતાં આપણે બહુધા મનના મુખ્ય અંગને વિસારી મૂકીએ છીએ. એ મુખ્ય અંગ તે મનોવૃત્તિ-લાગણી છે. હૃદયવૃત્તિ એ સ્વામિની છે અને બુદ્ધિ તેની દાસી છે. તે હૃદયવૃત્તિજ શ્રદ્ધા અને ધૈર્યનું નિવાસસ્થાન છે. હૃદયવૃત્તિને લીધેજ સર્વ કાર્યની પ્રવૃત્તિ થાય છે, એનાથીજ સર્વ કાર્ય કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે. સ્પેન્સર વળી આગળ ચાલતાં કહે છે કે **એ હૃદયની સુધારણા નથી થતી ત્યાં સુધી એકલી બુદ્ધિદાસીને સુધારવાથી કાંઇ પણ ફળ મળતું નથી.** આ ધુરંધર અજ્ઞેયવાદીનો આ સિદ્ધાન્ત વર્તમાનકાળના સર્વોપરિ મનશાસ્ત્રી જેમ્સના સિદ્ધાંત સાથે કેટલો

મળતો આવે છે ? પ્રો. જેમ્સ કહે છે કે ધાર્મિક અનુભવ પ્રત્યક્ષ ઇંદ્રિયજન્ય જ્ઞાન જેટલોજ વિશ્વસનીય છે, અને તર્કશાસ્ત્રવડે સંસ્થાપિત કરેલા સિદ્ધાન્તો કરતાં તો તે અધિકતર વિશ્વસનીય છે. આપણી પ્રકૃતિની ક્ષણિક સ્થિતિ કરતાં ગુરુતર સ્થિતિમાં આપણે નિવાસ કરવો જોઇએ. આપણી સત્તાની ગહનતામાં ખબર કરવી જોઇએ. આપણી વાસ્તવિક સ્થિતિનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ, એટલુંજ નહિ પણ તે સ્થિતિને પોતે પ્રાપ્ત પણ કરવી જોઇએ; કારણ કે એ વસ્તુ તમારામાં છે તેજ વિશ્વંભર છે. "તત્ત્વમસિ" ની જીવન્ત મૂર્તિ બની જવું જોઇએ.

આ આજ જીવન આજ અમૃત તત્ત્વ નિત્ય વિરાજતું;
આ એજ શક્તિ પરમ સત્તા જીવન અદ્ભુત સર્વનું.
જ્ઞાતા અને જ્ઞાનાનન્દ ભ્રમપટ બધા દૂર થઇ રહે;
જે વાણી અનુભવી ભાખતા મન બુદ્ધિથી પર એ કહે.

ॐ

ॐ

ॐ



२९–आर्यावर्त्तनी प्राचीन दिव्यद्रष्टि.*

કુલીન સ્ત્રીઓ અને સભ્ય ગૃહસ્થોના રૂપમાં વિરાજમાન પ્રિયકર પરમેશ્વર !

અમેરિકામાં હું પહેલ વહેલો આવ્યો ત્યારે સિયાટલમાં ઉતર્યો હતો. ત્યાંના સ્પિ લિસ્ટ લોકોએ મારૂં પ્રથમ સ્વાગત કર્યું છે. સિયાટલના અનેક સ્પિરિચ્યુલિસ્ટ લોકો વ્હાલા મિત્રો છે. પોર્ટલેંટ–ઓરગન–માં તેઓએ મારા વ્યાખ્યાનની સર્વ વ્યવસ્થા કરી એ સિવાય દક્ષિણ અમેરિકામાં પણ મને ઘણા સારા સ્પિરિચ્યુલિસ્ટ મળ્યા. એકંદરે રિકાના સ્પિરિચ્યુલિસ્ટ લોકો અતિ ઉદાર, વિશાળ મનવાળા, બહુ લાગણીવાળા અને ખ્રિસ્તીઓ છે, એવો મારો અભિપ્રાય છે. હું અમેરિકા છોડવાની અણી ઉપર છું; અં દેશના જે લોકોએ મારૂં પ્રથમ સ્વાગત કર્યું છે તેઓનેજ આજ સંબોધન કરવાનો મને પ્રસંગ મળ્યો છે. મારા એ પ્રિયજનોની સમક્ષ પુનઃ એકવાર ઉભો રહેતાં મને અ આનંદ થાય છે.

બન્ધુઓ ! આજે આપણે તદ્દન નભોમંડળની નીચે, વૃક્ષોના ગીચ મેઘ મંડપમાં ભાવથી એકઠા થયા છીએ. આજે "આર્યાવર્ત્તની પ્રાચીન દિવ્યદૃષ્ટિ" એ વિષયપર વિવેચન કરીને પછી બીજા વિષય તરફ વળીશું.

આર્યાવર્ત્તની પ્રાચીન દિવ્યદૃષ્ટિ તે આ દેશના સ્પિરિચ્યુલિસ્ટ લોકની પ્રવૃત્તિપુર સંસ્થા જેવી નથી; છતાં પણ આપણને આર્યાવર્ત્તનાં પ્રાચીન ધર્મશાસ્ત્રોમાં દિવ્યદૃષ્ટિનો સ્થળે ઉલ્લેખ નજરે પડે છે. હું પણ દિવ્યદૃષ્ટિ અનુસારજ લખું છું, બોલું છું અને કરૂં છું. ભગવદ્‌ગીતાના સંબંધમાં તમે બધાએ ઘણુંએ સાંભળ્યું છે. એ ભગવદ્‌ગીતા કુરુક્ષે ભારતીય યુદ્ધના આરંભમાં શ્રીકૃષ્ણે અર્જુનને કહી છે. કુરુક્ષેત્રથી સુમારે બસો માઈલ રહેલા સંજયે કુરુક્ષેત્રમાં બનેલું સર્વ અથેતિ વર્ણન શ્રીકૃષ્ણે અર્જુનને કહેલી ગ પણ–ધૃતરાષ્ટ્રને કહી છે. સંજયે એ કેવી રીતે કર્યું હશે ? વ્યાસ ગુરુના અનુગ્રહને એને એ દિવ્યદૃષ્ટિ મળી હતી. એ દિવ્યદૃષ્ટિનું પરિશીલન કરવાથી પરમાત્માનું તાદાત્મ્ય (ઐક્ય પ્રાપ્ત થયા વિના રહેતુંજ નથી.

"યોગવાસિષ્ઠ" નામનો વેદાન્તનો એક અતિ અદ્‌ભુત ગ્રંથ છે. મારા મત પ્ર એ અતિચમત્કારિક, અદ્વિતીય, ધુરંધર પુસ્તક છે; અને હું એમજ સમજું છું કે ગ્રંથનો વાંચનાર અવશ્યમેવ પરમાત્મા સાથે તાદાત્મ્ય અનુભવતો બને છે. એ ગ્રંથ પણ દિવ્યદૃષ્ટિનુંજ ફળ છે. બીજું એક હિંદુસ્તાનનું મહાકાવ્ય "વાલ્મીકિ રામાયણ" એના વાસ્તવિક પ્રસંગો બન્યા પહેલાં સેંકડો વર્ષ પૂર્વે લખાયેલું હતું. હિંદુસ્તાનના મહ ગ્રંથોમાંના અનેક ગ્રંથોનું આવું ચમત્કારિક વર્ણન છે.

પૃથ્વીપરના મહાન કાવ્યપુરાણ મહાભારતમાં બાણાસુર રાજાની કન્યા ઉષાની એક ક છે. એ ઉષાએ સ્વપ્નમાં એક દિવ્યપુરુષને જોયો અને સ્વપ્નમાંજ એની સાથે પ્રેમપાશમાં પ

* તા. ૨૮ જુલાઈ ૧૯૦૪ ના રોજ આપેલું વ્યાખ્યાન.

સ્વપ્ન વીતી ગયા પછી તેની અત્યંત પ્રેમાસક્તિને લીધે વિરહ દુઃખે તે માંદી પડી. તેના પિતાએ અનેક વૈદરાજને બોલાવ્યા પણ સર્વ ઉપાયો નિષ્ફળ ગયા. રાજકન્યાની ચિત્રલેખા નામની એક અતિ ચતુર દાસી હતી. તેણે રાજકન્યાના હૃદયનો મર્મ જાણી લીધો. એને કામવિકાર ઉત્પન્ન થયો છે અને તેનું ચિત્ત કોઈ પુરુષમાં લાગેલું છે, એવી તેને ખાત્રી થઈ ગઈ. એ દાસી ચિત્રકળામાં બહુ કુશળ હતી. એ સમયે તેણે જગતના મનુષ્યોનાં અને દેવદાનવોનાં ચિત્ર કાઢવાની શરૂઆત કરી. એ સમયમાં હિંદુસ્તાનની સ્ત્રીઓ કળાકૌશલ્યમાં કેટલી પ્રવીણ હતી એનો પણ તમને આથી કંઈક ખ્યાલ આવશે. ચિત્રલેખાએ અનેક ચિત્રો કાઢયાં પણ તેની કાંઈ અસર થઈ નહિ. આખરે તેણે શ્રીકૃષ્ણનું ચિત્ર આલેખ્યું. એ જોઈ ઉષાની નાડી ધડકવા લાગી. આથી શ્રીકૃષ્ણ એનું પ્રેમપાત્ર હશે એમ ચિત્રલેખાને શંકા થઈ; પણ તેથી જોઈએ તેવી અસર ન થઈ. ચિત્રલેખાએ શ્રીકૃષ્ણના પુત્ર મદનનું ચિત્ર કાઢ્યું એટલે તો નાડીના ધબકારા વધવા લાગ્યા. પછી મદનના પુત્ર અનિરુદ્ધનું ચિત્ર કાઢતાં તો અંતઃકરણ ઉછળવા લાગ્યું અને ઉન્માદ દૂર થઈ ગઈ. આવી રીતે રાજકન્યા ઉષાના રોગનું સાચું કારણ સમજાઈ આવ્યું અને કેટલાક બનાવો બન્યા પછી એનો અનિરુદ્ધ સાથે વિવાહ થયો. આ ઐતિહાસિક વાર્તા છે અને સંપૂર્ણ સત્ય છે.

અહીં એ પ્રશ્ન ઉદ્ભવે છે કે ચિત્રલેખાએ સર્વ દેવદાનવ અને રાજા મહારાજાઓને જોયા હશે? જોયા વિના એ બધાંનાં ચિત્ર કેવી રીતે આલેખી શકી હશે? નહિ, તેને દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી; પરમાત્માનું એ તાદાત્મ્ય પામી ચૂકી હતી; પ્રકૃતિનો પટાન્તર તેને માટે બાધ ન રહેતાં સ્પષ્ટ થઈ ગયો હતો. આ પ્રમાણે તમને જોઈએ તેટલાં ઉદાહરણ આપી શકાય તેમ છે; પણ તેની આવશ્યકતા નથી. જગતમાં સર્વ જ્ઞાન પ્રાપ્ત કરી આપનારી વસ્તુ કે શક્તિ—એ આંતરદૃષ્ટિ કે દિવ્યદૃષ્ટિ છે, એટલું કહેવુંજ માત્ર પૂરતું છે.

વેદાન્તશાસ્ત્ર આવાં અનેક સુંદર દૃષ્ટાંતોથી ભરપૂર છે અને વિખ્યાત છે. ગ્રંથોમાંથી અને વિશ્વવિદ્યાલયમાં અધ્યાપકો પાસેથી મેળવાતા જ્ઞાન કરતાં આ આન્તરદૃષ્ટિએ પ્રાપ્ત થતું આધ્યાત્મજ્ઞાન કેવા ભિન્ન પ્રકારનું છે તેનું એક ઉદાહરણ હું આપું છું.

એક વાર એક રાજાને પોતાના મહેલની દિવાલોમાં અતિ અદ્ભુત રંગ પૂરવી ચિત્રો આલેખવાનાં હતાં. એ કાર્ય માટે અનેક દેશના ચિતારા આવ્યા હતા. તેમાંથી બે ચિતારાને છેવટે પસંદ કર્યા અને તેઓના કાર્યની પરીક્ષાને માટે દરેકને સામ સામેની બે દિવાલોપર ચિત્ર કાઢવાનું કહ્યું. એક બીજાનું કરેલું કામ ન જોઈ શકે તે માટે બન્ને ભીંતોની વચમાં પડદા નાખવામાં આવ્યા હતા. કામ પૂરું કરવા માટે તેઓને એક પખવાડિયું આપવામાં આવ્યું હતું. એક ચિતારાએ મહાભારતના મહાન સુંદર દેખાવોનાં ચિત્રોથી ભીંત રંગવાનું શરૂ કર્યું. બીજા ચિતારાએ શું કર્યું તે સંબંધે હું તમને પાછળથી જણાવીશ. પખવાડિયું પૂરું થયું એટલે રાજા પોતાના પરિવાર સહિત એ ચિત્રો જોવા માટે આવ્યો. પહેલા ચિતારાએ પોતાની દિવાલ પાસેનો પડદો દૂર કર્યો એટલે અનેક સુંદર ચિત્રો જણાયાં અને એ જોઈને સર્વ આશ્ચર્યચકિત થઈ કહેવા લાગ્યા કે "કેટલું સુંદર કાર્ય છે! આનેજ ઉત્તમ માનવું જોઈએ." બધા પ્રેક્ષકો એમજ બોલી ઉઠ્યા કે "આના જેવું આલીશાન કાર્ય કોઈ કરી શકેજ નહિ, પરીક્ષામાં આજ ફતેહમંદ નિવડે છે, માટે આનેજ બીજું જે કાંઈ કાર્ય કરવું હોય તે કરવાનો હુકમ આપવો જોઈએ."

ત્યાર પછી બીજા ચિતારા પાસે રાજા પોતાની સવારી સાથે ગયો અને એને પડદો ઉંચકવાની આજ્ઞા કરી. પડદો ઉપડતાંજ પ્રેક્ષકો પત્થરની મૂર્તિ જેવા સ્તબ્ધ થઈ ત્યાં તો અદ્ભુત ચમત્કારજ થયો! પ્રેક્ષકોનાં મુખમાંથી શબ્દજ ન નીકળી શક્યો બીજા ચિતારાએ એવાં તે શાં અદ્ભુત ચિત્રો ચિતર્યાં હશે વારૂ! પહેલા ચિતારાએ સર્વ ચિત્રો આ બીજી ભીંતપર આબેહૂબ દેખાતાં હતાં અને તફાવત એટલોજ હતો કે ચિતારાનાં ચિત્ર જરા સાફ અને ચકચકિત નહોતાં લાગતાં ત્યારે બીજા ચિતારાનાં એટલાં તો સુપટ, લીસાં અને પ્રકાશિત માલૂમ પડતાં હતાં કે એક ન્હાનીશી માખી બેઠી તો તે પણ લપસી પડે! વળી અદ્ભુત આશ્ચર્યકારક સૌંદર્ય તો એ હતું કે બીજા ચિત ચિત્ર દિવાલમાં ત્રણેક વાર ઉંડાં ચિતર્યાં હોય એવાં જણાતાં હતાં. બીજા ચિતારાનું ચોકખું કામ શાથી થયું હતું? તેણે દિવાલને પંદર દિવસ સુધી ઘસ્યાજ કરી હતી. કરવાથી તે એટલી તો પારદર્શક અરીસા જેવી થઈ ગઈ હતી કે પડદો ખસેડતાંજ દિવાલપરનાં બધાં ચિત્રો એમાં પ્રતિબિંબિત થઈ ગયાં હતાં.

આવી રીતે જ્ઞાન પ્રાપ્ત કરવાના બે માર્ગ છે. તેમાંનો એક તો ઉપરની વ વર્ણવ્યા પ્રમાણે પહેલી ભીંતપર ચિત્ર કાઢવા જેવો છે; અર્થાત્ ભૂગોળશાસ્ત્ર, જ્યોતિ ધર્મશાસ્ત્ર વગેરે અન્ય શાસ્ત્રોનાં ચિત્રો એટલે કે જ્ઞાનભંડાર આપણા મસ્તિષ્કમાં જ્ઞાન પ્રાપ્ત કરવાના આ માર્ગથી તમને અવશ્યમેવ જ્ઞાન પ્રાપ્ત થશે, પહેલા ચિતારાની તમે એ જ્ઞાનરૂપી રંગો તમારા હૃદયપર ચિતરી શકશો; છતાં પણ પ્રિય બાંધવો! જગતનું પ્રાપ્ત કરવાનો એક બીજો પણ માર્ગ છે. એ માર્ગ વિચારોને અંતરમાં ઠસાવવાનો-ભરી વાનો નહિ પણ અંતઃકરણના મળને દૂર કરી ઉપયોગી વિચારોનું સાધન કરવાને અંતઃકરણને સ્વચ્છ અને પવિત્ર કરવાનો તે માર્ગ છે. પરમાત્મામાં અંતઃકરણને લીન કર એ ક્રિયા છે. એમર્સન કહે છે કે પ્રકૃતિના અંતર સાથે તારા અંતરનો તાર દે, એટલે સર્વ ભેદ તારી પાસે સ્ફુટ થઇ જશે. સર્વેશ્વરની સાથે તાદાત્મ્ય અનુ વાનો માર્ગ આજ છે. વૉલ્ટ વ્હિટમેન કહે છે કેઃ-"સર્વની સાથે એકતા અનુભવ્યા સર્વ જાણી શકાતું નથી." સર્વ જાણવું એટલે સર્વની સાથે ઐક્ય અનુભવવું.

જગતના સર્વ મહાન આદ્ય લેખકો અને બુદ્ધિમાન પુરુષોને ક્યાંથી જ્ઞાન પ્રાપ્ત હતું? આ દેશમાં અનેક પ્રોફેસર, ધર્મશાસ્ત્રીઓ, "ડૉક્ટર ઑફ ડિવિનિટિ" અને એવી પદવી મેળવેલા મહાન પંડિતો છે; અને તેમણે પોતાનું આયુષ્ય મહાન ગ્રંથોના અભ્યાસ વિતાવ્યું છે; પરંતુ ખ્રિસ્તના જેવો સુંદર અને અપૂર્વ ઉપદેશ એમાંના કેટલાંએ આપેલો તે કહો જોઇએ? અમેરિકામાં આટ આટલા લેખકો અને વક્તાઓ થઈ ગયા છે, પણ સર્વ વ્યાખ્યાનો અને ભાષણોમાં ખ્રિસ્તના સુવાક્યોના ભાગનું જેટલું અસર કોઈનું પણ થયું નથી. એ ગિરિ પ્રવચનના વ્યાખ્યાનની તમને સર્વેને ખબર છે. " સ્વાતંત્ર્ય આપો અથવા તો મૃત્યુ આપો." એજ તે વાક્ય છે. ગણિતના તત્ત્વજ્ઞાનના કેટલા બધા પ્રોફેસર થઈ ગયા, પણ તે બધામાંથી કેટલાએ ન્યૂટનના "પ્રિ પિયા" જેવો સુંદર ગ્રંથ જેવો બીજો એક પણ ગ્રંથ લખી આપ્યો છે? એ બધું એને ક્યાંથી મળ્યું હતું? ગણિતના ગ્રંથોમાંથી જે જ્ઞાન એને મળ્યું હતું એની તુલના એ જ્ઞાનજ તેને આપ્યું એની સાથે સરખામણી કદીજ ગણત્રીમાં નથી. એ જ્ઞાન એણે કોઈ ઉપ અને પ્રાપ્ત કર્યું હતું. શેક્સપિયરનાં નાટકો આજે પણ વિશ્વવિદ્યાલયના એમ. એ. ના

'રામ' અત્યારે સિદ્ધ કરશે. ૐ શબ્દ કોઈ અમુક ભાષાનોજ શબ્દ નથી. હિંદુઓએ
સ્વીકાર કર્યો, એનો અર્થ એમ થતો નથી કે એ શબ્દ સંસ્કૃત ભાષાનોજ છે. ૐ
સ્વાભાવિક શબ્દ છે, કુદરતી મંત્ર છે, અને એ સ્વતઃસિદ્ધ શબ્દ છે. આ સંસ્કૃત ભા
હિંદુ લોકોનો શબ્દ છે માટે તેનો ત્યાગ કરવો એટલે તો 'પારકું એટલું પાખંડી' મ
સદ્‌વસ્તુનો ત્યાગ કરવા જેવું છે. હિંદુ લોકોનો એ શબ્દ છે અને સંસ્કૃત ભાષાનો છે એ
માટે તેને ફેંકી ન દેશો. સંસ્કૃત ભાષાના વ્યાકરણમાં અન્ય શબ્દની પેઠે આ ૐ શબ્દને
કે વિભક્તિના પ્રત્યયો નથી લાગતા. એટલે એવી રીતે પણ એ સંસ્કૃત શબ્દ નથી. એ
શક્તિવાળો નૈસર્ગિક શબ્દ છે. તેથીજ હિંદુઓએ એનો સત્કાર કરી લીધો છે. પ્રત્યેક
એજ ધ્વનિ સાથે જન્મે છે. જન્મીને બાળક પ્રથમ કયો શબ્દ ઉચ્ચારે છે? અં, ઉં,
અથવા મં, મં, ઉં, અં એ ત્રણે શબ્દો-ત્રણે ધ્વનિનો ૐકારમાં અંતર્ભાવ થાય છે.
ભાષામાં 'અ'ની સાથે 'ઉ' આવે તો સંધિ થાય છે, સંસ્કૃતમાં પણ એજ નિયમ છે. આવી
પ્રાણી પરલોકમાંથીજ ૐ એ શબ્દ લઈને જન્મ લે છે. વળી માંદા માણસને પણ કયો શબ્દ બોલ
આરામ થાય છે? અહ્-અંહ્ એવો શબ્દ બોલવાથી રોગીને થોડી વિશ્રાન્તી મળે છે. અતિ
વેદના થતી હોય ત્યારે એ ૐ શબ્દથી દુઃખ કમી થાય છે. બાળકોને જ્યારે બહુ આનંદ થા
ત્યારે પણ ઓ, ઓ, એવાજ ઉચ્ચારો કરીને કૂદે છે. ઉત્તરમાં પાઘડી કે ટોપીથી ઢાંકેલું
દક્ષિણે બુટ તથા જોડા, પૂર્વ પશ્ચિમે એક એક બાહુ, આ પ્રમાણે પાંચ છ ફીટમાં બ
ગએલી દેહભાવનામાંથી બહાર પડીને અહંકાર વિરહિત થયા એટલે તમને અવર્ણનીય
પ્રાપ્ત થાય છે. એ સ્થિતિ ૐ શબ્દથી બહુ સારી રીતે દર્શાવાય છે અને એ સ્થિ
એજ શબ્દ મુખથી બહાર પડે છે. એ શબ્દનું સર્વ ભાષામાં પ્રમુખસ્થાન છે. તમારી ભા
Omni-present, Omnicient, Omnipotent ' સર્વવિભુ, સર્વજ્ઞ, સર્વશક્તિમાન્ ઇત્યાદિ
આત્માનાં જે મધુર નામો છે, એનો આરંભ Om ૐ શબ્દથીજ થાય છે. તેવીજ રીતે ત
પ્રાર્થનામાં ભાષણ પૂરૂં થાય છે એટલે તમે Amen-'આમેન' એમ બોલો છો. પયિગ
અરબી લોક 'અમિન' એમ કહે છે. 'આમેન' 'અમિન' શબ્દ તમોને મૌનવૃત્તિ-ધ્યાનમાં
પરમાત્માની સમીપ લઈ જઈને મૂકે છે. આ સ્થિતિનું વર્ણન હિંદુ લોકોએ આમ કર્યું છે

यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह।

અહીં મન સાથે વાણી નિરાશ થઈને પાછાં વળે છે.

આમેન, આમીન એ આ ૐ શબ્દનોજ અપભ્રંશ છે, અને તેથી એ પરમેશ્વરનું
સ્વાભાવિક નામ છે એમ સિદ્ધ થાય છે.

હવે એક બીજી વાત લો. તમારી શ્વસનક્રિયામાંથી કેવો અવાજ થાય છે એ તમે
તપાસી જોયું છે? ન જોયું હોય તો આપણે હવે જોઈએ. એકાન્તમાં બેસી નિરાંતે
શ્વસનક્રિયા કરો. શ્વાસ અંદર લેતાં "सो" એવો અવાજ થાય છે, અને શ્વાસ બહાર
"हम" એવો થાય છે નહિ વારૂ? એટલે કે તમારી શ્વસન ક્રિયાના જોડેજ सोऽहम्
ધ્વનિ ઉત્પન્ન થાય છે. सोऽहम् એનો સંસ્કૃતમાં અર્થ છે; અને એ અર્થનો અંગ્રેજી
સ્વીકાર કરવો જોઈએ. ઈંગ્લિશ, ફ્રેન્ચ, સ્કેન્ડિનેવિયન, રશિયન, ગ્રીક અને ફારસી ભાષાઓ સં
ભાષામાંથી ઉત્પન્ન થએલી છે. સંસ્કૃત ભાષાની આ ભાષાઓ પુત્રીઓ છે, એમ ભાષાશાસ્ત્ર-શબ્દ
(Philology)થી સિદ્ધ થાય છે. તે પછી માતાનું ધન પુત્રીએ શા માટે ન લેવું જોઈએ?
એટલે તે અને हम् એટલે હું; એટલે सोऽहम् એટલે "તે હું છું"—अहं ब्रह्मास्मि. ?

શબ્દમાં સ અને હ એ બે વ્યંજનો છે, અને બાકીના સ્વર છે. સ્વરનો ધ્વનિ મુખ્ય સ્વતંત્ર હોય છે, અને વ્યંજનનો ઉચ્ચાર સ્વરનાં અવલંબન વિના થતો નથી. સોઽહમ્ શબ્દમાંથી પરતંત્ર અથવા પરાધીન વ્યંજનો સ અને હ ને કાઢી નાખીએ એટલે ૐ શબ્દજ આપણી પાસે રહે છે; અને શ્વસનક્રિયામાં એ શબ્દજ મુખ્ય છે. આ ઉપરથી એ સિદ્ધ થાય છે કે તમારા અંદરનું જીવન એટલે કે તમારો અંતરાત્મા અથવા તો સર્વને જીવન આપનાર પરમાત્મા, એનું અત્યંત સ્વાભાવિક નામ ૐ છે.

પ્રણવના ગાનમાંથી ઉચ્ચ સૂક્ષ્મ લહરિ કેવી રીતે ઉત્પન્ન થાય છે, અને આપણી પણ કેવી રીતે ઉન્નતિ થાય છે એનો હવે શાસ્ત્રીય દૃષ્ટિથી વિચાર કરીએ.

ધ્વનિ બે પ્રકારના છે. વ્યાકરણમાં આ બે પ્રકારના ધ્વનિનાં સ્પષ્ટ કિંવા વ્યક્ત ધ્વનિ–વર્ણાત્મક ધ્વનિ અને અસ્પષ્ટ કિંવા અવ્યક્ત ધ્વનિ–ધ્યાનાત્મક ધ્વનિ એવાં નામ છે. વર્ણાત્મક ધ્વનિ વર્ણમાળાના અક્ષરોવડે સ્પષ્ટપણે ઉચ્ચારી શકાય છે. ધ્યાનાત્મક ધ્વનિ એવી રીતે બોલી શકાતો નથી. વર્ણાત્મક ધ્વનિનો મસ્તિષ્ક સાથે–મસ્તિષ્કના જ્ઞાન સંબંધી વિષય સાથે સંબંધ છે; અને ધ્યાનાત્મક ધ્વનિનો અંતઃકરણની વૃત્તિ સાથે સંબંધ છે. વર્ણાત્મક ધ્વનિનું ક્ષેત્ર અતિ સંકુચિત છે. ઉદાહરણ તરીકે હું આપની સાથે અંગ્રેજી ભાષા બોલું છું, પણ જેને અંગ્રેજી સારૂં આવડતું હશે એનેજ મારા ભાષણની સમજ પડશે; બીજાને નહિ પડે. બીજો એક માણસ તમારી પાસે આવીને ફારસી અથવા સંસ્કૃત ભાષા બોલવા માંડશે, એટલે એ શું કહે છે એની તમને સમજ નહિજ પડે; પણ ધારો કે એજ મનુષ્ય રડવા માંડે, એટલે એને કોઈ પણ વસ્તુની જરૂરત છે કે કાંઈ દુઃખ છે, એમ તમે સમજી લેશોજ. કોઈ પણ મનુષ્ય તમારી પાસે આવીને સંસ્કૃત કે ફારસી અથવા જાપાની ભાષામાં બોલવા માંડે તો તેનું હૃદ્ગત તમારાથી સમજી શકાશે નહિ, પણ તે મનુષ્ય હસવા માંડશે એટલે તરતજ સમજાશે. એક મનુષ્યનું હાસ્ય કે રૂદન એ અક્ષરોનું ન હોતાં ધ્યાનાત્મક ધ્વનિનું છે; અને તે ધ્વનિ આપણું હૃદ્ગત બીજાને સમજાવે છે અને આપણું કાર્ય પાર પડે છે. નાના બાળકને કોઈ પણ ભાષા બોલતાં આવડતી નથી; પણ એની પ્રેમની ભાષા બધા સમજે છે. ધારો કે અહીં એક બિલાડી આવી છે. "અહીંથી ચાલી જા." એમ એને ફારસી, સંસ્કૃત, અરબી કે અંગ્રેજી ભાષામા કહેશો તેમા એને કંઇ સમજણ નહિ પડે; પણ હાથની એક તાળી વગાડતાંજ તે પલાયન કરી જશે. વર્ણાત્મક ધ્વનિ કરતાં ધ્યાનાત્મક ધ્વનિથી વધારે કંઈ કાર્ય સત્વર સિદ્ધ થાય છે. ધ્યાનાત્મક ધ્વનિની ભાષા સાર્વત્રિક છે; અને એની સીમા કે સ્થાન મસ્તિષ્કથી નીચે છે. સત્તરમા અને અઢારમા શતકના પાશ્ચાત્ય તત્ત્વજ્ઞો, મનુષ્યમાં નિશ્ચયાત્મક શક્તિ (લિંગનું કેન્દ્ર) મસ્તિષ્કમા કોઈ સ્થળે રહેલી સમજે છે, પણ હવે તેઓની ભૂલ સ્પષ્ટ સમજાઈ ગઈ છે.


લિંગનું કેન્દ્ર (આત્મા) હૃદયના નાડીચક્રમાં છે, એમ આધુનિક તત્ત્વજ્ઞોની નજરમાં આવી ગયું છે; એટલે કે ધ્યાનાત્મક ધ્વનિની લહર મસ્તિષ્કમાંથી નીકળીને હૃદયમાં આવી છે અને તે અનેકને સમજાય છે એમ અમે કહીએ છીએ. એક સ્ત્રીને એમ કહેતાં મેં સાંભળી છે કે 'તમે મને ચર્ચોમાં–દેવળમા ઉપદેશ નહિ સંભળાવી શકો, પણ સંગીત સંભળાવી શકશો." ચર્ચોમાં લોકોને ઉપદેશ કરતાં સંગીત વિશેષ પ્રિય થઈ પડે છે એનો દાખલો સર્વેને પણ અનુભવ છે. એમ થવાનું કારણ શું? ચર્ચોના ઉપદેશ (વર્ણાત્મક ધ્વનિ)

મસ્તિષ્કમાંથી નીકળે છે ત્યારે સંગીત (ધ્યાનાત્મક ધ્વનિ) તેની નીચે હૃદયમાંથી નીકળે છે અને તમારાં દુઃખ હરી લઈને તમને તત્કાલ શાન્તિ અર્પે છે. ઇસ્ટ ઓરેંજમાં મારે એક મિત્ર છે, એના કારખાનામાં જ્યારે મજુરોમાં કલહ ઉત્પન્ન થાય છે ત્યારે તે કામને થોભાવીને તરતજ પિયાનો વગડાવે છે. એનાથી જ્યારે અર્ધા કલાકમાં શાન્તિ ફેલાઈ જાય છે એટલે પછી પહેલાંની પેઠેજ કામ શરૂ થાય છે. સંગીતની-રણવાદ્યની-રણભૂમિપર કેવી અસર થાય છે એ તો તમે સર્વ જાણતા હશોજ.

ગ્રીક દેવતા એપોલોના સંગીતમાંથી ટ્રોય શહેરની ઉત્પત્તિ થઇ છે, એમ કહેવામાં આવે છે. તેવીજ રીતે ઇટાલીના કિનારાપર રહેનારી મોહિની વનદેવતા (Sirens) ના વિષયમાં પણ તમે સાંભળેલું છે. આ વનદેવતા પોતાના સંગીતના યોગથી સમુદ્રપર આવતા જતા લોકોપર મોહજાળ નાંખતી અને લોકો ફસીને તેની જાળમાં પડતા એટલે ત્રણ દિવસ સુધી એમને નાના પ્રકારના ભોગ આપીને ચોથે દિવસે તેને મારી નાંખતી હતી. એના સંગીતને મોહ એટલો બધો વિલક્ષણ હતો કે ચોથે દિવસે પોતે મરી જનાર છે એમ જાણવા છતાં પણ લોકો એની જાળમાં આવી ફસાતાં.

ગ્રીક પુરાણોમાં કાલિઓમ દેવતાના પુત્ર આરફ્સકવિ એટલું તો મનોહર સંગીત કરતા કે વહેતા ઝરા પણ એમનું ગાન સાંભળવા ઉભા રહી જતા હતા, અને સિંહ, ગાય, ઘેટાં ઈત્યાદિ જનાવરો એની પાસે દોડી જઇને પોતાનો નૈસર્ગિક-વૈરભાવ ભૂલી જઇને ગાન સાંભળતાં ઉભાં રહેતાં હતાં. સેંટ સેસિલાએ પોતાનું ગાન સંભળાવવા એક દેવદૂતને નીચે ઉતાર્યો હતો એમ કહેવાય છે; પણ આરફ્સ તો મૃત પ્રાણીઓને સ્વર્ગમાં પણ ઉન્નત કરતો હતો તેથી એની યોગ્યતા સેસીલા કરતાં અધિક છે. સંગીત એટલે શું ? સંગીત એ ધ્યાનાત્મક ધ્વનિનો પ્રકાર છે અને એનો પ્રભાવ કેટલો વિલક્ષણ છે ? કોઇ વિશિષ્ટ ધ્વનિનું કોઈ વિશિષ્ટ પરિણામજ આવે છે એમ આધુનિક શાસ્ત્ર સિદ્ધ કરે છે. વળી શાસ્ત્રને રીતે સિદ્ધ કરતાં આવડતું ન હોય તોપણ ધ્યાનાત્મક ધ્વનિનું તો વિલક્ષણ પરિણામજ આવવાનું. પ્રણવનું ગાન આજ ધ્યાનાત્મક ધ્વનિનો એક પ્રકાર છે. વિશ્વાત્મા સાથે-પરમાત્મા સાથે તાદાત્મ્ય કરી આપવાની એ ધ્વનિમાં-પ્રણવના ગાનમાં-વિલક્ષણ શક્તિ છે, એ અનુભવ સિદ્ધ છે. આ વિષયમાં શાસ્ત્રની પ્રગતિ હમણાં અટકી પડેલી છે; પણ આગળ ઉપર તે સિદ્ધ કરીને જરૂર દેખાડશે. દરમ્યાન પણ સત્ય તો સત્યજ રહેવાનું. અનેક યુગોના અનુભવની કસોટીમાં ઉતરેલું આ વેદાન્તરત્ન હું તમારી પાસે ધરૂં છું. તેની યોગ્ય પરીક્ષા કરીને તેનો સ્વીકાર કરો. આ ઉપર જણાવેલા માર્ગથીજ આર્યાવર્તના લોકોએ પ્રાચીનકાળની દિવ્યદૃષ્ટિ-અંતર્દૃષ્ટિ મેળવી હતી.

ૐ ૐ ૐ



३०—सुधरेला जगतपर हिंदुस्ताननुं आध्यात्मिक ऋण.*

આજ સવારે જિજ્ઞાસુઓની સાથે વાર્તાલાપ કરતાં 'રામ'ના હોઠમાંથી એક એવો ઉદ્ગાર નીકળી ગયો કે "હું કદી જન્મ્યો છું એવું મને સાંભરતુંજ નથી. ખરેખર હું અજર અને અમર છું, અને હું કોઈ પણ દિવસે મરીશ એવી પ્રતીતિ મને જગતમાંથી કોઈ પણ કરાવી શકે તેમ નથી."

હિંદુસ્તાનની એક મહા ચમત્કારિક વાત હમણાં અહીં ઉપલબ્ધ થઈ છે. થોડા કલાક પહેલાં મિનાપોલિસમાં ભાષણ થઈ રહ્યું એટલે એક સન્નારી 'રામ' પાસે આવી અને કહેવા લાગી—"સ્વામીજી હિંદી લોકો શું આજ પણ પોતાનાં બાળકોને ગંગામાંના કાચબાઓ પાસે ફેંકી દે છે ?"

મેં તેને કહ્યું:—"હા દેવિ ! મને પણ ગંગામાં ફેંકી દીધો હતો, પણ તમારા બાયબલના જોનની પેઠે હું નીકળી આવ્યો !"

વાસ્તવિક હકિકત તો એમ છે કે હું ગંગાના મુખથી તે તેના મૂળ સુધી પગે ચાલી ફર્યો છું, મારી સાથે ફરવા આવનારાં બાંહે છે કે આ મારો નાનો દેહ રોજ ચાલીસ મા[ઈલ] ચાલી શકે છે. ગંગાને કાંઠે હું બહુ ફર્યો છું અને એ નદી એટલી પવિત્ર તથા સ્વચ્છ તથા તેનો પ્રવાહ પણ એટલા જોરમાં વહે છે કે જેથી તેમાં કાચબા કે મગર રહે સંભવ તો ક્યાંય દ્રષ્ટિએ પણ અશક્ય છે. કાચબા તો શેલ, ગંધાતા બંધ પાણીમ[ાં] રહે છે. ગંગામાં તે કદીએ દ્રષ્ટિએ પડતા નથી. આવાં ખોટાં ગપ્પાં ફેલાવનારાને ધન્ય

અહીં એક હિંદુ વિદ્યાર્થી ઉપર એક અદ્ભુત પ્રસંગ આવી પડ્યો હતો. ... મને પરમ દહાડે સિયાટલમાંથી પત્ર આવ્યો છે, તેમાં તે લખે છે કે એક રિ... જ સંસ્થામાંથી તે પોતાને ઘેર જવા નીકળ્યો હતો એટલામાં તે જે ડબામાં ... એજ ડબામાં એક તરુણ કુમારિકા આવીને બેઠી. તે બન્ને એકજ સ્ટેશને ઉતર્યાં; ... તેઓના ઘર પાસે પાસે હતા. એક કલાક પછી એક પોલિસે તે વિદ્યાર્થીને પકડ્યો ... કલાક તેને તુરંગમાં રહેવા પડ્યા. બીજે દિવસે તેની તપાસ થઈ. કુમારિકાની ... એવી હતી કે "કાળા કાળા ડોળામાંથી પાણીદાર અને ચમત્કારિક નેત્રોવડે એ હિં[દુ] ... થીએ મારી સામે જોયું હતું. તેથી મને મૂર્છા આવવા જેવું થયું ને હું ગભરા[ઈ] ... અહા દેવ ! બિચારા ગરીબ હિંદુ અમેરિકામાં આવે તે પહેલાં પોતાની કાળી ... ક્યાં રાખી આવવી ? આ દેશના ઘણાખરા ભાગમાં હિંદના સંબંધમાં આવી વિ[ચિત્ર વાતો] પ્રચલિત છે.

હવે આપણે બીજી એટલે ઉજળી બાજુનો વિચાર કરીએ. પૂર્વે હિંદુસ્તાનમાં ...

* ... ડિસેમ્બરના રોજ આપેલું વ્યાખ્યાન.

સ્તિ ભરી હતી. હિંદુસ્તાન સંપત્તિનો ખજાનો છે, અને એ સુવર્ણભૂમિ છે, એવી સર્વ દેશોમાં એ સમયે પ્રસરી રહી હતી. સમસ્ત યૂરોપમાં હિન્દુસ્તાનનો મોહ ફેલાઈ રહ્યો હતો. હિંદુસ્તાનનાં આવાં મોહક વર્ણનો સાંભળીને યૂરોપના બધા પ્રદેશોના રાજાધિરાજોનાં મન એ દેશપ્રતિ આકર્ષાયાં હતાં; હિંદુસ્તાનને પોતાનો કરી લેવા સૌ કોઈ અધીરા થઈ રહ્યા હતા. હિંદુસ્તાનની સંપત્તિ મેળવવા અને અધિકાર પ્રાપ્ત કરવા, યૂરોપના દેશોમાંથી લોકો પ્રયત્ન કરતા હતા. એમાંના કેટલાએકે વાયવ્ય દિશાએથી આવવાનો પ્રયત્ન કર્યો. કોલંબસના મનમાં હિંદુસ્તાનનો નજદીકનો માર્ગ શોધવાનો જ વિચાર હતો અને એ શોધમાંજ એ નવીન માર્ગ શોધવાના પ્રયાસમાંજ તેનાથી આ અમેરિકાની અચાનક શોધ થઈ ગઈ હતી. એક સમય એવો હતો કે આવી રીતે જ્યારે ભૌતિક સંપત્તિને લીધે પણ હિંદુસ્તાનની કીર્તિ વિદેશમાં અતિ વિખ્યાતિ હતી. ફારસી અને ગ્રીક મુસાફરોએ હિંદુસ્તાનનાં મંદિરોનાં સુંદર વર્ણનો લખ્યાં છે એમાંથીજ માત્ર તમારી સમક્ષ થોડું રજુ કરૂં છું. એક મંદિરમાં તે સમયે દશ હજાર નોકર હતા અને એ મંદિરની છતમા હીરામાણેક જડેલાં હતાં. હિંદુસ્તાનની એ સંપત્તિના વિષયમા તમને જો ઐતિહાસિક પુરાવાની આવશ્યકતા હોય તો હું તમને વૉર્ન હેસ્ટીંગ્સ અને લૉર્ડ કલાઇવના વિષયના એડમંડ બર્કના ભાષણો વાંચવાની ભલામણ કરૂં છું.

હિંદુસ્તાનની બુદ્ધિ વિષયક સંપત્તિના સંબંધમા પણ ઘણુ કહી શકાય તેમ છે. હિંદુસ્તાનમાં એક માણસને સ્મરણશક્તિના અતિ અદ્ભુત ચમત્કાર ભર્યા પ્રયોગો કરતા 'રામે' જોયો છે. એની આસપાસ કુંડાળું વળીને એકવાર ગુમારે પચાસ કે સાઠ પુરુષો બેઠેલા હતા. તેમાંના પ્રત્યેકને હરકોઈ પુસ્તકમાંથી કાંઈ થોડો ભાગ વાચી સંભળાવવાને કહ્યુ હતું, કોઈએ અંગ્રેજી તો કોઈએ અરબ્બી, કોઈએ હિંદુસ્તાની તો કોઈએ મરાઠી, એમ વિવિધ ભાષાનાં પુસ્તકોમાંથી સૌએ થોડું થોડું વાંચી સંભળાવ્યું. વિશેષમા એ પ્રયોગ કરનાર પુરુષ અંધ હતો. દરેક વાંચનારે પોતે કેટલી લીટીઓ વાચી હતી તે પણ તેને યાદ રહ્યું હતું. ત્યારપછી એ મંડળના દરેક માણસે ક્રમશઃ તેને એક એક લીટી કહેવી શરૂ કરી. એક માણસે પોતાના વીસ લીટીના ફકરામાંથી પહેલી લીટી કહી સંભળાવી, બીજા માણસે પોતાના તેર લીટીના ફકરાની પાંચમી લીટી કહી સંભળાવી અને એવી રીતે દરેકે જુદી જુદી લીટીઓ વારાફરતી કહી દીધી. આવી રીતે એ અંધ અભ્યાસીને સૌએ છૂટી છવાઈ અને આડીઅવળી લીટીઓ કહીને પોતાના ફકરા પૂરા કરી દીધા. સૌએ પોતાના વાચનની પૂરી લીટીઓ કહી દીધી એટલે એ અંધપુરુષે સૌને એ ફકરા મુખેથી કહી સંભળાવ્યા, અને એમા એક પણ ભુલ નહોતી! કેટલું આશ્ચર્ય ભર્યું હતું!*

[illegible] હઠયોગના વિષયમાં પણ થોડું કહેવું આવશ્યક છે. હિંદુસ્તાનમા એક એવો માણસ હતો કે જે પાંચ મિનિટ સુધી તદ્દન નિશ્ચેષ્ટ અને મૃતવત્ પડી રહ્યો હતો. પણ હિમાલયમાં તો મેં એવા એવા સ્વામીઓને જોયા છે કે જેઓ લાગલાગટ મહીનાના મહીના સુધી પોતાના શરીરને જડવત્-શબવત્ સ્થિતિમાં રાખી શકે છે. એક સાધુ છ મહીના સુધી આવી રીતે શરીરને મૃતવત્ રાખી શકતો હતો. એ સાધુએ પોતાના શરીરને એક પેટીમાં સૂવાની ગોઠવણ કરી હતી અને એ પેટીને જમીનમાં દાટી દેવડાવી હતી. છ મહીને

* પંડિત મદનમોહન માલવીયાએ આ કથન ટેકવ્યું છે. સંપાદક.

પછી તેણે કહેલી વિધિપૂર્વક એ પેટી કાઢી અને તેના કહેલા ઉપચારો અજમાવતાં એનું શરીર પુનઃ ચેતન્યમય થયું હતું.* વ્હાલાંઓ ! આ ચમત્કારનો જરા વિચાર કરતાં શીખો ! એક મનુષ્ય (ખ્રિસ્ત) ત્રણ દિવસ સુધી શબવત્ પડી રહ્યા એ વાત ઉપર તો આખું યૂરોપ ગાંડું બન્યું છે; અને ત્રણ દિવસના ચમત્કારમાં તો એ વ્યક્તિ વિષયક કીર્તિ અને પૂજ્ય શ્રદ્ધામાં સર્વ યૂરોપવાસીઓ સ્તબ્ધ બની ગયા છે; પરંતુ હિંદુસ્તાનમાં તો લોકો આવી રીતે છ છ મહિના પછી જાગ્રત-જીવન્ત-થાય છે, છતાંએ અમે તેને મહત્ત્વ આપતા નથી ! એ કાંઈ આધ્યાત્મિક ઉન્નતિ કે પરમાર્થની બાબત નથી; પણ માનસશાસ્ત્ર કે ઇંદ્રિય વિજ્ઞાનશાસ્ત્રનો એક પ્રકારનો શાસ્ત્રીય પ્રયોગ છે. વર્તમાન સમયના દાક્તરોને-શાસ્ત્રજ્ઞોને એ વિષયની ખબર જ નથી. તેઓએ પોતાના વિજ્ઞાનની શાખામાં પ્રવીણ થવું જોઈએ; એનો અધિક અભ્યાસ કરવો જોઈએ. અમે તો એ વસ્તુને તેને યોગ્ય મહત્ત્વજ આપીએ છીએ.

હવે આપણે પ્રશ્નની સમર્થનવાળી બાજુપર જઈએ તે પહેલાં એની નિષેધાત્મક બાજુનો થોડો વિચાર કરીએ. એ નિષેધાત્મક બાજુ આ પ્રમાણે છે. પરમ દહાડે એક સજ્જને આવીને કહ્યુ:-"સ્વામીજી, કૃપા કરીને આપ આપના ધર્મ અને તત્ત્વજ્ઞાનની કૃથલીથી અમને ત્રાસ ન આપો. એ ધર્મ હવે શું જીર્ણ નથી થઈ ગયો ?" કેવું આશ્ચર્ય ! ધર્મ જીર્ણ થઈ જાય ! સત્ય જુનું બની જાય અને વિકાર પામી તેમાં પણ ભ્રષ્ટતા આવી જતી હશે ! મેં તેને ઉત્તર આપ્યોઃ "બન્ધુ ! અમેરિકા અને યૂરોપની વર્તમાન ઉન્નતિના સાચા કારણની તમને ખબર છે ?" તમારો ધર્મ જીર્ણ થઈ ગયો છે એમ તેણે કહ્યું ત્યારેજ મારે આવો પ્રશ્ન એમને પૂછવો પડયો હતો.

અમારો ધર્મ જીવિત છે; અને એ ધર્મ (વેદાન્ત) સમર્થન-મંડન બાજુ ઉપરજ ભાર મૂકે છે; નિષેધાત્મક પક્ષ તરફ નહિ. "તું આ ન કરીશ" એમ નહિ, પણ "તું આમ કર" એવી જ વેદાન્તની શાસ્ત્રાજ્ઞાઓ છે. બન્ધુઓ ! અમેરિકાની પ્રગતિનું કારણ અને એના ધર્મ-સંબંધે આપણે જરા વિચાર કરીએ એટલે એ સર્વ સ્પષ્ટ થશે.

એ સજ્જનને 'રામે' કહ્યું કે તમારો ધર્મ તો શોભાની ખાતર ગળામાં બાંધેલા તાવીજના જેવો છે. બાળકને ગળે તાવીજ બાંધ્યું હોય છે, જો કોઈ કાર્યમાં વિજય થાય તો એનો યશ એ તાવીજ પોતે લે છે અને પરાજય થાય તો દોષ બીજાપર ઉતારી પાડે છે ! તમારૂં પણ તેમજ છે. તમારી ઉન્નતિ અને સુધારાનું ખરૂં કારણ તો કાંઈ બીજુંજ છે. ક્રીશ્ચિયાનિટિ કે જેને હું ચર્ચિયાનિટિ-(દેવળ ધર્મ)-કહું છું એ એનું ખરૂં કારણ નથી. આપણે એનું અવલોકન ઐતિહાસિક દૃષ્ટિબિન્દુથી કરીએ એટલે સહજ સમજાઈ આવશે. ઇતિહાસમાં આપણે સ્પષ્ટ જોઈ શકીએ છીએ કે અમેરિકા અને યૂરોપમાં આ સુધારો અને ઉન્નતિ ક્રિશ્ચિયાનિટિ દાખલ થયા પહેલાં પણ હતાં. જેટલી સ્થિતિએ વર્તમાન કાળમાં અમેરિકા અને યૂરોપ સુધારામાં આગળ વધેલા છે તેટલે અંશે તો એ ખ્રિસ્ત પહેલાં પણ સંપત્તિવાન હતા. ઇજીપ્ત અને ચીન તો પોતાના પ્રાચીન સુધારા માટે એટલાં સુપ્રસિદ્ધ છે કે એવો સુધારો તો હજુ યૂરોપ કે અમેરિકામાં આવ્યો છે એમ કહી શકાયજ નહિ. હિંદુસ્તાનની વાત બાજુએ રાખીએ તોપણ ઇરાન, ગ્રીસ અને રોમનો સુધારો તો જગવિખ્યાત છે. આ બધા દેશો અને પ્રજાઓ સુધારામાં અગ્રેસર હતાં; અને છતાં પણ તેઓ ખ્રિસ્તી

* યોગી હરિદાસના સંબંધમાં આ કથન છે, જેમનું વાંચવા યોગ્ય ચરિત્ર આ સંસ્થા તરફથી ચરિત્ર ભાગમાં નીકળી ચૂક્યું છે. પ્રકાશક.

નહોતાં. ક્રિશ્ચિયાનિટિને લીધેજ સુધારો અને આધિભૌતિક ઉદય થયો છે એમ જો તમે કહેતા હો તો ખ્રિસ્તીધર્મના પ્રચાર પહેલાં આ પ્રદેશોમાં સુધારો અને ઉન્નતિ ક્યાંથી આવ્યાં હતાં તે કહેશો ?

રોમન પ્રજા સંબંધી આપણે જરા વિશેષ વિચાર કરીએ. જગતના એ મહાન રાજ્યને અધઃપાત શાથી થયો એ તમે જાણો છો ? ઇતિહાસ કહે છે કે ક્રિશ્ચિયાનિટિના પ્રસારથીજ. ઇતિહાસકાર ગિબનના લેખમાંથી તમને એ સ્પષ્ટ જણાઈ આવશે. વળી ઇતિહાસના બીજા પણ પ્રમાણગ્રંથો વાંચવાથી એ વાત માલૂમ પડશે. ક્રિશ્ચિયાનિટિ દાખલ થઈ તે પહેલાં ગ્રીસ પણ અતિ ઉન્નત સ્થિતિમાં હતું. પ્રાચીન કાળના ખ્રિસ્તિધર્મ નહિ માનનારા ગ્રીસની સાથે અત્યારના ધર્મચુસ્ત ગ્રીસની તુલના કરવી વ્યર્થજ છે. ઇતિહાસનું વિશેષ અવલોકન કરતાં વળી માલૂમ પડે છે કે અમેરિકા અને યૂરોપના અભ્યુદયનું કારણ પણ ક્રિશ્ચિયાનિટિ-ચર્ચિયાનિટિના માનનારાઓની મોટી સંખ્યા છે, એવું નથી. યૂરોપમાં ક્રિશ્ચિયાનિટિનો પ્રસાર થયો તે પછી લગભગ એક હજાર વર્ષ સુધી યૂરોપ અંધકારનીજ છાયામાં હતું અને વહેમ, અજ્ઞાન, તથા અવર્ણનીય દુઃખો કે જે જગતના બીજા પ્રદેશોમાં કદી સાંભળ્યાંજ નથી, એનાં સંકેલી ઘેરાયલું હતું. યૂરોપમાં ક્રિશ્ચિયાનિટિનો પ્રવેશ થયો એનુંજ એ પરિણામ છે એમ ઇતિહાસ પરથી તો પ્રતીત થાય છે.

કેટલાએક એમ કહે છે કે "જુઓ, ક્રિશ્ચિયાનિટિએ શું શું નથી કર્યું ? જગતના સુધારાનું મહાન મુખ્ય કારણ એ ખ્રિસ્તીધર્મજ છે." હા, એ એવો સુધારક (?) ધર્મ છે ખરો કે જેનાથી ધર્મદ્વેષી સભાઓ, ભૂતપ્રેતના વહેમના ખંડનમંડનો, અને શાસ્ત્રીય શોધકોના વધનું અસ્તિત્વ ઉત્પન્ન થાય છે ! જ્યાં જ્યાં વિજ્ઞાનની પ્રગતિ થતી જોય છે ત્યાં ત્યાં ખ્રિસ્તીધર્મ એને દબાવી દેવાને તૈયારજ હોય છે. વિજ્ઞાનશાસ્ત્રના સુધારક વિચારોને માટે ગિરાગ બ્રુનોને બાળી મૂકવામાં આવ્યો હતો. બેન જોન્સન અને કાર્ડીનલ પ્રતિ ખ્રિસ્તી મતવાદીઓએ કેવું વર્તન આચર્યું હતું એ તો તમે સૌ જાણોછોજ. માટે આપણે અમેરિકા અને યૂરોપની ઉન્નતિ અને ઉદયનાં વાસ્તવિક પ્રસંગોનો ઇતિહાસદૃષ્ટિએ વિચાર કરીએ.

અહાહા ! ધર્મદેવળોમાંથી નરકનાં અગ્નિવિવરક ભયંકર વર્ણનો કાંઈ તમારી ઉન્નતિનું મૂળ નથી; પણ વરાળનાં એંજીનો, વિદ્યુત અને છાપખાનાની શોધખોળોએજ તમારો ઉદ્ધાર કર્યો છે. વરાળ, આગબોટો અને રેલગાડીને લીધેજ તમારો અભ્યુદય અને આધિભૌતિક ઉન્નતિ થયાં છે. ઇંગ્લંડનો ડૉક્ટર જોન્સન કહે છે કે "એક બાળક એ બારીની બહાર ડોકિયું કરતો હોય અને કહે કે હું બીજી બારીમાંથી જોઉં છું તો તેને ગાંડો સમજે [illegible]." તેમ પણ જે કારણને લીધે ઉન્નતિ થઈ છે તે કારણને [illegible] અન્ય કારણને આગળ ધરો છો એને માટે શું કહેવું ? આ વિજ્ઞાનની શોધખોળથીજ આધિભૌતિક પ્રગતિનાં આવાં કારણ છે. રેવરંડ ડૉક્ટર કે મીનીસ્ટર પાદરી કે ધર્મગુરુએ આ શાસ્ત્રીય શોધખોળમાંની એક પણ શોધ નથી કરી. જેમ્સ વાટ, [illegible], બેન્જામીન ફ્રેંકલીન, કે થોમસ એડીસન, એ બધામાંથી કોઈ પણ રેવરંડ કે પાદરી હતા કે ? આ શોધકોમાંથી કોઈ એ ધર્મોપદેશક હોત તો આપણે કહેત કે એ રીતે આધ્યાત્મિક પ્રવૃત્તિના [illegible] આપણી છે; અને [illegible] આધિભૌતિક ઉન્નતિ પણ એને લીધેજ થાય છે, પણ [illegible]
[illegible]

ગ્રંથો (વેદ, ઉપનિષદ્ બ્રહ્મસૂત્ર વગેરે) ક્રાઇસ્ટના પહેલાં-ઈ. સ. પૂર્વે સુમારે ચાર હજાર વર્ષ લખાએલા છે અને ક્રાઇસ્ટના પહેલાં ચાર હજાર વર્ષ પૂર્વે જગતની ઉત્પત્તિ થઇ છે. આવા ભૂલભરેલા મતમાં-ધર્મના વ્હેમમાંજ એ પંડિતો અંધારામાં ગોથાં ખાય છે. 'રામે' વેદનો અભ્યાસ કર્યો છે અને એ પંડિતોના મત ભૂલભરેલા છે એમ 'રામ' પ્રમાણપરથી સિદ્ધ કરી શકે તેમ છે. પંજાબ વિશ્વવિદ્યાલયમાં ગણિત વિષય (Mathematics) નો હું અધ્યાપક (Professor) હતો અને ત્યાં મેં ગતિશાસ્ત્ર (Dynamics), જલસ્થિતિશાસ્ત્ર (Analytical hydrostatics), ખગોળશાસ્ત્ર (Astronomy), ત્રિકોણમિતિ (Trigonometry), ઇત્યાદિ વિષયપર વ્યાખ્યાન આપેલાં છે. એ વિષયમાં વેદ વાંચીએ છીએ ત્યારે વૈદિકકાળમાં ઓરિયન વગેરે નક્ષત્રો તેમજ અન્ય તારકમંડળોની સ્થિતિ વિષે અનેક ઉલ્લેખ મળી આવે છે. એ સર્વની ગણત્રી કરીને શાસ્ત્રીય દૃષ્ટિએ વિચાર કરતાં માલૂમ પડે છે કે વેદ એ ક્રાઇસ્ટ પહેલાં સુમારે આઠ હજાર વર્ષ પૂર્વે લખાયલા છે. તમે કાગળપર લખેલા અક્ષરોપર ભરોસો રાખશો કે નક્ષત્રરૂપી અક્ષરો અને ગણિત સિદ્ધાન્તરૂપી લિપિ જેવા ઇશ્વરનિર્મિત પ્રત્યક્ષ પ્રમાણોપર વિશ્વાસ રાખશો ?

આ વિષય અતિ ગહન અને વિશાળ છે; પણ થોડા સમયમાં હું તમારી સમક્ષ એ વિશાળ પ્રદેશની મુખ્ય મુખ્ય વસ્તુ રેખાઓ નિવેદન કરૂં છું.

પ્રાચીન ગ્રીક લોકોએ હિંદુસ્તાન વિષે લખેલાં વર્ણનો તમે કોઇએ કદી વાંચ્યાં છે ? ક્રાઇસ્ટ પહેલાં સુમારે ૪૦૦૦ વર્ષ પૂર્વે ગ્રીક લોકો હિંદુસ્તાનમાં આવવા લાગ્યા હતા. ઇતિહાસમાંથી એ સિદ્ધ થાય છે, અને તે લોકોએ પોતાની મુસાફરીનાં વર્ણનો પણ લખી રાખેલાં છે. મેં એમાંનાં ઘણાં વાંચ્યાં છે અને તમને પણ એ વાંચતાં માલૂમ પડશે કે એ સમયના હિંદુસ્તાનના વતનીઓનાં જીવન લોકોનાં આદર્શ જીવનરૂપ હતાં. ગ્રીક લોકો કહે છે કે હિંદુઓ કદી અસત્ય તો બોલતાજ નહિ. સ્ત્રીઓ અને પુરૂષોના હક્ક સમાન હતા. અરણ્ય અને પર્વતોમાં તથા દેશમાં સર્વત્ર મહાન ભવ્ય વિદ્યાલયો હતાં. આધિભૌતિક સંપત્તિના વિષયમાં તો તેમણે બહુજ લખ્યું છે. વિશ્વાસઘાત અને અપવિત્રતાને તો કોઇ લોક જાણતાજ નહોતા. એ સમયના તત્ત્વજ્ઞાનના વિષયનું પણ તેઓએ વર્ણન કર્યું છે. આવી રીતે ગ્રીક લોકો હિંદ ઉપર મોહિત થઇ ગયા હતા. હિંદુસ્તાનના પ્રાચીન ગ્રંથો જોતાં માલૂમ પડે છે કે તેમાંના કંઇએક ગ્રંથો વિદુષીઓએ લખેલા છે. એ સમયે એક ધર્મપરિષદ્માં તત્ત્વજ્ઞાનના એક મહાન વ્યાખ્યાનની ચર્ચાના પ્રસંગે હિંદુસ્તાનની એક સ્ત્રી અધ્યક્ષ હતી. ઘણાં મોટાં, ઉદાત્ત અને અતિ અદ્ભુત સુંદરતાભર્યાં અનેક સ્તોત્રો સન્નારીઓના ઉચ્ચ હૃદયમાંથી ઉદ્ભવ પામ્યાં છે. "સત્યની ધારણા-સ્થાપના પ્રથમ સ્ત્રીઓએજ કરી." વોલ્ટ વ્હિટમેનનાં આ વાકયો સાથે હું મળતો થાઉં છું.

હિંદુસ્તાનની સર્વ સંસ્થાઓની અવનતિ શાથી થઈ ? હિંદુસ્તાનમાં મૂર્તિપૂજા કયાંથી આવી ? મૂર્તિપૂજાનો રિવાજ હિંદુસ્તાનમાંથી નથી ઉદ્ભવ્યો. ખ્રિસ્તી લોકો આજ કહે છે કે હિંદુઓ મૂર્તિપૂજક છે, પરંતુ વેદના ધુરંધર મન્ત્રોમાં, તેમજ કાવ્ય, વ્યાકરણ, ગણિતશાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર અને સંગીતશાસ્ત્ર ઇત્યાદિ કોઇમાંથી પણ મૂર્તિપૂજાનો ઉલ્લેખ નથી મળતો. ત્યારે એ મૂર્તિપૂજા હિંદુસ્તાનમાં કયાંથી આવી ? એ મૂર્તિપૂજા હિંદુસ્તાનમાં ખ્રિસ્તીઓદ્વારા આવી છે. લોકોએ ઇતિહાસનું એ પૃષ્ઠ હજુ વાંચ્યું નથી. મારૂં આ શોધન પણ કોઈ દહાડે છપાશે અને વંચાશે. ઐતિહાસિક તેમજ આંતરિક પ્રમાણોથી હું સિદ્ધ કરૂં છું કે ઇસુખ્રિસ્ત પછી ચોથી કે પાંચમી

નવા કરાર ((New Testament) અને જૂના કરાર (Old Testament) માં શો ભેદ છે? "હું અને મારો પિતા એક છીએ"—"મારાં જીવનવ્યાપર અને અસ્તિત્વ એનામાં છે"—"પ્રારંભમાં શબ્દ હતો, તે શબ્દ પ્રભુની સાથે હતો અને શબ્દ પ્રભુજ હતો"—"જેણે પુત્રનાં દર્શન કર્યાં છે તેણે પિતાનાં પણ કર્યાં છે"—"સ્વર્ગનું સામ્રાજ્ય તમારા અન્તરમાં છે"—"તમારા પાડોશીને તમારા પોતાના જેટલુંજ ચ્હાઓ." વળી "મારૂં માંસ ભક્ષણ કરો અને મારા રક્તનું પાન કરો; અને જ્યાંસુધી એમ નહિ કરો ત્યાંસુધી તમારો ઉદ્ધાર નહિ થાય." આ બધાં નવા કરારનાં વચનો છે. પણ વચનોનો ભાવાર્થ સમજવામાં બહુ ગેરસમજુતી થઇ છે. એ રક્તમાંસનું ભક્ષણ કરવાને બદલે એની પૂજા કરવાની પ્રથા ચાલુ થઇ ગઇ છે. તત્વજ્ઞાન, તર્કશાસ્ત્ર અને બુદ્ધિપ્રદેશની દૃષ્ટિએ તો જે પ્રગતિમાં છે તેજ સત્ય રહસ્ય સમજી શકે છે. વેદ સંબંધે પુસ્તકો વાંચશો તો જણાશે કે એ બધાં આલેખનો હિંદુસ્તાનમાં હજારો વર્ષો પૂર્વે લખાયેલા વેદના ગ્રંથોમાં મળી આવે છે. ઇશ્વરના અવતાર સમ્બન્ધની વાત પણ હિંદુઓના વેદાન્તધર્મને લગતી છે. **નીકોલાસ્ નોટોવિચ** નામના એક રશિયન ગ્રંથકારે ફ્રેંચમાં (The Unknown Life of Jesus) 'ઇસુખ્રિસ્તનું અપ્રસિદ્ધ જીવન' નામનું પુસ્તક લખ્યું છે. એ વાંચવાથી એ વિષયપર ઘણું અજવાળું પડશે. તીબેટના કોઈ મઠમાંથી મળી આવેલી હસ્તલિખિત પ્રતો ઉપરથી એ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. ગ્રંથકર્ત્તાએ એ મઠની ખાસ મુલાકાત લીધી હતી. તમે એ પુસ્તક વાંચશો એટલે તમને પણ એ માંહેના પ્રમાણોની સત્યતા વિષે ખાત્રી થશે. **ઇસુખ્રિસ્તે પોતાનું આઠથી ત્રીશ વર્ષનું જીવન હિંદુસ્તાનમાં વ્યતીત કીધું** હતું; અને તે ભાગનું વર્ણન બાયબલમાં જરાએ મળતું નથી. તે બધી હકીકત એમાં આપેલી છે. એ બધી વાતો સાચી હોય કે ન હોય તોપણ હિંદુસ્તાનનું જ્ઞાન જેરૂસલેમમાં આડકતરી રીતે પહોંચી ગયું હતું. એ વાત્તો તો સિદ્ધ થાય છે કે ઇસુનાં કાર્યો અને ઉપદેશો હિંદુસ્તાનના તત્વજ્ઞાન-વેદાન્તનોજ ઝાંખો પ્રતિધ્વનિ છે. બાયબલમાં તમે એમ વાંચો છો કે "તમારા પાડોશીને તમારા પોતાના જેટલુંજ ચ્હાઓ." પણ એને માટે કોઇ સબળ કારણ તેમાં આપેલું નથી. વિદ્વાન હરબર્ટ સ્પેનસર કહે છે કે "બાળકને આપણે અમુક કાર્ય કરવાનું કહીએ છીએ ત્યારે આપણે એ વિચારશીલ પ્રાણીમાં રહેલી ઉન્નત પ્રકૃતિને દાસ બનાવીએ છીએ. કારણ કે તાર્કિકો કહે છે કે મનુષ્ય એક વિચારશીલ પ્રાણી છે." કોઇ પ્રમાણ યુક્તિ બતાવીને બાળકને આપણે કોઇ કાર્ય કરવાની આજ્ઞા કરીશું એટલે એ બાળકનું મન આજ્ઞાનું ગુલામ બની જશે. બાળક પાસે તમારે કોઇ કાર્ય કરાવવું હોય તો તે પોતાની સ્વતંત્રતા સાચવીને બહુ ઉત્તમ બુદ્ધિપૂર્વક કરી શકશે. "આમ કરો" અને "તેમ ન કરો" એમ કહેતાંવેંતજ મનુષ્ય ગુલામ બની જાય છે. એકવાર એક બાળકને પૂછ્યું: "તારૂં નામ શું છે?" તેણે જવાબ આપ્યો: 'મને ખબર નથી,' પણ મારી મા "એમ ન કરનો" કહીને કહે છે. જ્યારે તમે "તમારા પાડોશીને તમારા પોતાના જેટલુંજ ચ્હાઓ" એમ કહો, ત્યારે એની સાથેજ તમારે એનું કારણ પણ બતાવવું જોઇએ. ખ્રિસ્તી ધર્મોપદેશકો (Ministers and Doctors of Divinity) હિંદુઓને પોતાના અંતઃકરણથી ધિક્કારે છે તો પછી હું તેઓને કેવી રીતે ચાહી શકું? વસ્તુસ્થિતિ આવી હોય ત્યાં પોતાના પાડોશીઓને પોતાની જાતના જેટલુંજ ચ્હાવાનું ક્યાંથી બની શકે? આવી નિશ્ચયાત્મક આજ્ઞાઓનો જગતમાં ગમે તેટલો ઉપદેશ અપાય છે, છતાં પણ જગત હમેશાં એવું ને એવુંજ છે!

હતી. અંધકાર યુગ તેમજ ત્યાર પછીના મધ્ય યુગના અજ્ઞાનને હઠાવી કાઢનાર એ ન ચેતના ક્યાંથી આવી ? ખ્રિસ્તીધર્મની અસર ત્યારે પણ હતી એમ કબૂલ રાખીએ તો એ યુગનો અંધકાર પણ ત્યારે હતોજ. તમે ઇતિહાસ વાંચશો તો માલુમ પડશે કે અંધકારમય અને મધ્ય યુગના અજ્ઞાનને ધોઇ નાંખનાર, જેને આપણે વિદ્યાનો-જ્ઞાનનો પુનરુ દ્ધાર કહીએ છીએ તેજ હતો; અને એ પુનરુદ્ધાર મૂર્તિપૂજક ગ્રીસ અને રોમની વિદ્યામાં થયો છે-એ મૂર્તિપૂજા વિષયક જ્ઞાનેજ એ અંધકારને દૂર કર્યો હતો; અને એ જ્ઞા હિંદુસ્તાનમાંથીજ ગ્રીસ અને રોમમાં પ્રવેશ્યું પામ્યું હતું. એ નવી જાગ્રતિ રેડીને અ દેશોને પવિત્ર બનાવનાર દેશ એ સમયમાં પણ હિંદુસ્તાનજ હતો. હવે હું જગતની વર્ત માન સ્થિતિ વિષે થોડું વિવેચન કરીશ.

વ્હાલાંઓ ! તમારા અમેરિકાની નવીન વિચાર-વિદ્યા ક્યાંથી આવી ? આ ખ્રિસ્તી વિજ્ઞાન, થીઓસોફી અને અમેરિકાનું ભૂતપ્રેતનું જ્ઞાન એ બધું ક્યાંથી આવ્યું ? હિંદુ શિક્ષકો અને ઉપદેશકદ્વારા એ જ્ઞાન અહીં સુધી આવ્યું હોય, કે જર્મન તત્ત્વવેત્તા શૉપનહોરના લખાણો માંથી એ જાગ્રતિ આવી હોય, કે પછી તેનું આ પ્રદેશમાં ગમે તે નવું મૂળ હોય, પરંતુ એ બધુંએ હિંદુસ્તાનમાંથીજ આવ્યું છે. જગતના અર્થશાસ્ત્રનો કે રાજકીય વિભાગનો નવીન વિચાર સમુદાય કે જેને તમે પ્રજાસત્તાક રાજ્ય કે સમાજ સત્તાવાદ કહો છો, એ પણ હું સિદ્ધ કરી શકું છું કે "મૂર્તિમંત વેદાન્ત છે." "સમાજસત્તાવાદ અને વેદાન્ત" તથા "રાષ્ટ્રની ઉન્નતિ અને અવનતિ" નામના મેં નિબંધો લખ્યા છે, એમાં એ વિષય સારી રીતે પ્રતિપાદન કર્યો છે.

અમેરિકામાં નવીન વિચારનો આદ્ય ઉત્પાદક એમર્સન છે. એણે સત્યનો-પરમાર્થનો આધ્યાત્મિક વિદ્યાનો ઉપદેશ કર્યો છે. એમાં એનો કોઈ પણ જાતનો સ્વાર્થ કે સંકુચિત સાંપ્રદાયિક વિચાર નહોતો. એણે એ સત્યને જગજાહેર કર્યું છે. એ એમર્સનમાં આધ્યાત્મિક પ્રેરણા કરનાર હેન્રિ. ડી. થૉરો હતો. એમર્સન કરતાં એનામાં વિશેષ વિચાર-બુદ્ધિ હતી. એમર્સનમાં પ્રેરણા કરનાર બીજો મહાપુરુષ કાર્લાઇલ હતો. એ કાર્લાઇલ, એમર્સન, થોરો અને વૉલ્ટ વ્હિટમેનમાં એ પ્રેરણા-સ્ફૂર્તિ ક્યાંથી આવી ? એમની પ્રેરણાનાં અનો મૂળ સાધન છે. કેન્ટ અને શોપનહોર જેવા તત્ત્વવેત્તાઓનાં લખાણો ક્યાંથી ઉદ્ભવ્યાં ? બીજા કશામાંથી નહિ પણ વેદાન્તના સાહિત્યભંડારમાંથીજ એ ઉદ્ભવ્યાં છે. કાર્લાઇલ અને રસ્કિને જગતને નવી જાગ્રતિ આપી છે તેનું મૂળ કેન્ટ, શોપનહોર અને ફિક્ટેનાં તત્ત્વજ્ઞાનમર્યાં લખાણોજ છે. આથી એમ સિદ્ધ થાય છે કે આ દેશની નવીન વિચારમાળા હિંદુસ્તાનમાંથીજ આવી છે. "જગત એ ઇચ્છા અને કલ્પના છે" એ નામના પુસ્તકમાં શૉપનહોર કહે છે કે "સમસ્ત જગતમાં વેદાન્ત (ઉપનિષદ) ના જેવું ઉન્નત અને ઉચ્ચગ્રાહી ધાર્મિક તત્ત્વજ્ઞાન બીજું કોઇ છેજ નહિ. એ વેદાન્ત મારા જીવનની વિશ્રાંતિ છે અને મૃત્યુ પછી પણ મને એજ વિશ્રાંતિ આપશે." વેદાન્ત તત્ત્વજ્ઞાનને તેણે કેટલું સન્માન આપ્યું છે ! એના ગ્રંથોમાં સ્થળે સ્થળે વેદાન્તના તત્ત્વજ્ઞાનનો ઉલ્લેખ છે. વિક્ટર કઝીન નામનો ફ્રેન્ચ તત્ત્વજ્ઞ કહે છે કે "પ્રાચીન હિંદુઓને સાચા ઇશ્વરનું જ્ઞાન હતું એમાં જરાએ શંકા નથી. એના વિચાર, તેઓનું તત્ત્વજ્ઞાન એટલાં શ્રેષ્ઠ, સત્ય અને સ્પષ્ટ છે કે યૂરોપનાં તત્ત્વજ્ઞાનનાં લખાણોની તેની સાથે તુલના કરીએ તો મધ્યાહ્નના સૂર્યની આગળ જેમ દીપક ઝાંખો પડી

ઉપર પત્થર તોડતા હતા. તેઓ અત્યંત પરિશ્રમ કરતા હતા અને અંતઃકરણમાં બહુજ
સીનતા ભરી હતી. એજ બગીચામાં એક ખૂણામાં કેટલાએક રાજપુત્રો ટેનિસ રમતા હ
રાજપુત્રોના શરીરપર પેલા મજૂરો કરતાં વિશેષ પરસેવો હતો, છતાં તેઓ પોતાનું
આનંદથી કરતા હતા. આ જગતમાં તમારી વૃત્તિ પેલા ટેનિસ રમનારા રાજપુત્રોના જેવી હે
જોઇએ. રાજપુત્રના જેવી વૃત્તિ એટલે પોતાનું કામકાજ ન કરવું એમ નહિ પણ કામ ક
કરતાં આનંદ રાખવો જોઇએ. કામ કરતાં આપણી વૃત્તિ બદલી નાંખવી, એટલે કે કામ ઉ
અને કંટાળાભરેલી વૃત્તિથી ન કરતાં પેલા ટેનિસના ખેલની પેઠે કરવું જોઇએ. એમ
એટલે તમને અત્યંત સુખ-આનંદ પ્રાપ્ત થશે અને તમે પોતાના દિવ્યસ્વરૂપમાં સ્થિત
શકશો. જ્યારે તમે આત્મસ્વરૂપના સુનરુપર આરૂઢ થશો ત્યારે તમારામાંથી દિવ્ય સર્જ
અને વિલક્ષણ કામ કરવાની શક્તિ પોતાની મેળેજ ઉત્પન્ન થશે. જે જોર દઇને કરવામાં આ
છે તે કદી જોરદાર હોતું નથી. જેવી રીતે સૂર્યમાંથી પ્રકાશ, ગુલાબમાંથી સુગંધ, હિમાચ્
દિત ગિરિશિખરમાંથી શીતળતા અને પર્વતમાંથી ઝરા જેમ શાંતિ પ્રસારે છે, તેમ
સચ્ચિદાનંદો! તમારામાંથી જ્ઞાન, પ્રેમ, આનંદ અને શાંતિ સહજે સહજે બહ
નીકળવા દો.

ૐ ૐ ૐ



જેણે તમારા પૂજ્ય એમર્સન, વોલ્ટ વ્હિટમેન, સર એડવિન આર્નોલ્ડ, મેક્સમૂલર આદિ વિદ્વાનોને પ્રેરણા, જાગ્રતિ અને ઉત્સાહ અર્પ્યા છે. એ દેશ માત્ર ઉદાર વિચારો, ઉન્નતગામી સૂત્રો, કાવ્ય કે તત્ત્વજ્ઞાનનાં પુસ્તકોજ લખીને નથી બેસી રહ્યા, પણ એ દેશમાં શારીરિક શક્તિ અને શૌર્ય પણ તેટલાજ પ્રમાણમાં હતાં. આજ પણ અંગ્રેજી રાજ્યના રક્ષણ અને સાહાય્યમાં કયા લોક છે? હિંદના સૈન્યમાં શીખ, ગુર્ખા, મરાઠા અને રાજપૂત લોકોનાં સૈન્ય છે, અને જ્યારે બ્રિટિશને પોતાના શત્રુઓ સાથે લડાઇમાં ઉતરવાનું હોય છે ત્યારે હિંદુસ્તાનના સિપાઇઓ લડાઈને મોખરે ઉભા રહે છે. એ દેશ પહેલાં સૌથી વિશેષ દ્રવ્યવાન હતો. અનેક પ્રજાઓ હિંદુસ્તાનપર પોતાનો નિર્વાહ કરતી રહી છે. કોલમ્બસને હિંદુસ્તાનની શોધ કરવા જતાંજ અમેરિકા મળી આવ્યો હતો. અમેરિકાનું નામ તેણે પહેલાં હિંદુસ્તાન-ઇન્ડિયા પાડ્યું હતું. આવા એક સમયના સર્વોપરિ દેશનું 'રામ' તમારી પાસે આજે વર્ણન કરે છે. સમસ્ત જગતમાં તે સર્વથી શ્રેષ્ઠ દેશ હતો, ઉન્નત હિમગિરીનાં શૃંગોથી સુશોભિત, મહાન અરણ્યથી અલંકૃત અને ફલદ્રુપ ક્ષેત્રોથી ભરપૂર એ દેશ હતો. વળી માત્ર એટલેથીજ એનો અંત નથી આવતો; બુદ્ધિવિષયક, નૈતિક અને આત્મિક વિષયમાં તો એ સર્વની ટોચેજ હતો.

કિન્તુ એજ દેશ આજ સર્વ દેશને ચરણે પડ્યો છે! અરે અમેરિકનો! તમે આજ સર્વ દેશના મુકુટ છો; અને હિંદુસ્તાન તમારાં ચરણ છે! 'રામ' અત્યારે એટલા માટે તમારી આગળ અપીલ કરે છે કે ઓ મુકુટ-ઓ શિર, જો તમારે નિરોગી અને મજબૂત રહેવું હોય તો તમારે તમારાં ચરણનું રક્ષણ કરવું જોઇએ. ચરણમાં કાંઇ નુકસાન થયું હશે તો શિરને પણ જરૂર હાનિ પહોંચશે. જે પ્રજા-માતાએ અત્યાર સુધી સમસ્ત પ્રજાઓને પુત્રીઓ ગણીને કાવ્ય અને તત્ત્વજ્ઞાનરૂપી દૂધનું પોષણ આપ્યા કર્યું છે; ઉન્નત વિચારો અને ધર્મના અમૃતનું પાન કરાવ્યું છે; એ માતા-સમસ્ત જગતની સનાતન પુરાણમાતા આજે અસ્વસ્થ છે; બિમાર છે. આર્ય પ્રજાની મુખ્ય પુત્રી-તમારી મ્હોટી બ્હેન આજે માંદી પડી છે. એ કામધેનુ મરી ગઇ નથી પણ માત્ર રોગગ્રસ્ત થઈ છે. તમારે એને રોગ નિવારણ કરવામાં સાહાય્ય કરવી જોઇએ. જે હિંદુસ્તાને કામધેનુની પેઠે સમસ્ત જગતને પૌષ્ટિક દૂધ-જાગ્રતિપ્રેરક જ્ઞાન-આપ્યું છે, તે કામધેનુ અત્યારે વ્યાધિપીડિત છે. એ ધેનુની અત્યારે સેવા કરવી જોઇએ અને એનો રોગ દૂર કરવો જોઇએ. એ ગાય અત્યારે ક્ષુધા તૃષાથી પિડાય છે; રિબાય છે; અનેક સંકટથી ઘેરાઇ પડી છે. અરે, એની પાસેથી ઉત્તમ પ્રકારનું દૂધ લીધાં કર્યું છે; પરંતુ હવે એને ઘાસ આપો. એના ટકી રહેલા જર્જરિત દેહને નિરોગ બનાવી એના પ્રાણ બચાવો. ઓ ઇંગ્લંડ અને અમેરિકા! જો એને જીવાડવી હોય તો તમારે એની પૂરેપૂરી સંભાળ લેવી જોઇએ.

અમેરિકામાંથી આશાઓ.

અમેરિકન લોકો વર્તમાનયુગના વીરપુરુષો છે; સ્વાર્પણ કરનાર ઉદાર નરો છે; વિજ્ઞાનશાસ્ત્રનાં સંશોધનોમાં આત્માર્પણ કરવા સર્વદા એક પગે તૈયાર છે. થોડા દહાડા પહેલાંજ એક પત્રમાં વાંચ્યું હતું કે એક પુરુષે માત્ર સત્યને ખાતરજ પોતાના શરીરની વાઢકાપ કરવા દીધી હતી, વિજ્ઞાનના તમે યોદ્ધાઓ છો. અમેરિકન વીરનરો! તમારી પાસેજ 'રામ' આજ અપીલ કરે છે તે શું તમે નહિ સાંભળો? વર્તમાનપત્રો! તમે આ વિષયને નહિ હાથ ધરો? કૃપા કરીને હિંદુસ્તાનનો પ્રશ્ન હવે તમે ઉપાડી લ્યો, હિંદુસ્તાનનો પ્રશ્ન એ સત્યનોજ પ્રશ્ન . તમે અહીંથી દાસત્વ નિર્મૂળ કર્યું છે, તમે તમારા દેશમાંથી [illegible] અને [illegible]

સ્થિતિ કેવી છે તે આ વર્ણનથી કાંઇક સમજાશે.

જે અંતર્ગત કારણોથી એ દેશ દુઃખી થાય છે તેનું થોડું વર્ણન હવે ‘રામ’ કરશે. તેમની નિરાશાઓ, આપત્તિઓનું મુખ્ય કારણ, તેમની અધોગતિનું ખરૂં અંતર્ગત કારણ શું છે એ ‘રામ’ તમને કહેશે. એ વિષય પરત્વે ઘણું બોલી શકાય એમ છે, પણ એને સંપૂર્ણ સાંભળવાનો લોકોને સમય નથી, તેથી એ બધું અતિ સંક્ષેપમાંજ કહેવું પડશે.

વેદાન્તના સિદ્ધાન્તથી હિંદુસ્તાનની અધોગતિનું કારણ બહુ સ્પષ્ટ સમજાઇ જાય છે. એ કર્મનો વિષય છે. પ્રારબ્ધ કર્મ એટલે પોતાનાજ કાર્યથી પોતે વ્હોરી લીધેલું ફળ. કર્મનો અક્ષરશઃ અર્થ આપણું પોતાનું કાર્ય એવો થાય છે. અત્યારે જે ફળ તેઓ ભોગવે છે તે તેઓના પૂર્વ કર્મનું ફળ છે. હિંદુઓએ ત્યાંના અનાર્યો સાથે સારી રીતભાત નહોતી રાખી તેથી તેના બદલામાં તેમનાપર વિજેતા પ્રજાઓ એવીજ વર્તણુક આજ ચલાવે છે. જેમ દરેક મનુષ્ય પોતાની બિમારી માટે પોતેજ જવાબદાર છે; પોતાના અજ્ઞાનને લીધે આરોગ્યશાસ્ત્રના નિયમનું ઉલ્લંઘન કરીને કે નિયમ કરતાં વિશેષ આહાર ખાઇનેજ તે માંદો પડે છે; તેવીજ રીતે હિંદુસ્તાનના લોકો પણ પોતાના ભૂતકાળનાં કર્મને લીધેજ—એ અજ્ઞાનને લીધેજ અત્યારના વ્યાધિથી પિડાય છે. પણ તે વ્યાધિ ગમે તેવી રીતે આવી પડયો હોય તેથી શું? દાક્તર કે વૈદ્યે દરદી પાસે જઇને તેને ઠપકો ન આપતાં તેને ઉત્સાહ આપી આનંદમાં રાખવો જોઇએ; અશક્તને શક્તિ આપવી જોઇએ. દરદીને ઠપકો આપવાથી તો વ્યાધિ બેવડાય છે; તેમના અનાચાર કે ખરાબ આચરણને માટે તેમના દોષ જોવા કરતાં, આપણું કર્ત્તવ્ય-તમારૂં કર્ત્તવ્ય તો એજ છે કે તેમને તેમની આપત્તિઓમાંથી બચાવવાં; તેમને સહાય્ય કરવી.

હિંદુઓનું જ્ઞાતિબંધારણ.

અર્થશાસ્ત્રમાં આપણે શ્રમ વિભાગ વિષે વાંચીએ છીએ. કોઈ મીલ કે કારખાનામાં બધું કાર્ય સરળતાથી થાય એટલા માટે કામકાજ વહેંચી નાંખવામાં આવે છે. એવીજ રીતે તમારા શરીરમાં પણ કાર્ય વિભાગ છે. નેત્રો જોવાનું કાર્ય કરે છે; કાન સાંભળવાનું; હાથ કામ કરવાનું અને પગ ચાલવાનું કાર્ય કરે છે. એ બધા અવયવોને પોતપોતાનું કાર્ય ન કરવા દેતાં એક બીજાનાં વિરુદ્ધ કામ સોંપીએ તો તેમનાથી તે કદી થવાનાંજ નથી. મનુષ્યની કે પ્રાણીમાત્રની જ્યારે ઉત્પત્તિ થઈ હશે ત્યારથીજ એ કાર્ય-શ્રમ-વિભાગ બની ગયા છે તેમ સ્પષ્ટ પ્રતીત થાય છે. હાથને બદલે પગથી કામ થઈ શકતું નથી, તેમ પગને બદલે હાથથી ચાલી શકાતું નથી. આવી રીતે પ્રકૃતિમાં કાર્યનો બહુ સુયોગ્ય વિભાગ કરી રાખેલો છે. એ કાર્યવિભાગનો નિયમ નૈસર્ગિક છે. એ નિયમના ધોરણેજ જ્ઞાતિની સંસ્થાઓ હિંદુસ્તાનમાં યોજવામાં આવી હતી. જ્ઞાતિના સમૂહો એ માત્ર કાર્ય વિભાગજ હતા, જેમાં એક મનુષ્ય બ્રાહ્મણત્વનું તો બીજો ક્ષત્રિયનું કે યોદ્ધાનું કામ ઉપાડી લેતો હતો. જેને જે કાર્ય ઉચિત લાગતું હતું અને જેનામાં જે કાર્ય કરવાની શક્તિ હતી તે મનુષ્ય તે કાર્ય કરતો હતો. જેનામાં હથિયાર વાપરવાની શક્તિ હોય તે ક્ષત્રિય થતો હતો. તે શિક્ષકના કે ધર્મોપદેશકના કાર્યને માટે લાયકજ ન કહેવાય. કેટલાએક એવા હતા કે જેઓ બેઠા બેઠા દુકાનનું-વાણિજ્યનું કાર્યજ કરી શકતા હતા. આર્યોના વસવાટ પહેલાંના ત્યાંના મૂળ વતની અનાર્યો જેઓને કોઈ પણ જાતનું શિક્ષણ મળ્યું નહોતું, જેઓ પોતાનું આયુષ્ય આળસમાં વિતાવતા હતા, તેઓથી ધર્માચાર્ય કે શિક્ષકરૂપે બ્રાહ્મણનું, શસ્ત્રાસ્ત્ર લઇને ક્ષત્રિયનું કે વાણિજ્યથી

અને ભક્તિભાવ, ઉપનિષદ્ અને વેદાન્તના અનન્ત સત્ય પ્રતિ રાખવાં ઉચિત હતાં તે એ શ્રુતિ બદલે આવી સ્મૃતિને આપવામાં આવ્યાં. નિયમો અને ન્યાય સૂત્રો મનુષ્યો માટે છે એ સમજ્યા વિના "લોકોજ એ નિયમો અને સૂત્રોને માટે છે" એવું અજ્ઞાન દાખલ થયું. વિદેહ થયેલા ગ્રંથકારોના પ્રમાણોની અતિશયોક્તિરૂપે અનહદ પૂજા થવા લાગી અને એ કરીને સર્વદા અસ્તિત્વ ભોગવતા આત્મદેવ-સજીવન્ત અંતર્યામીની ઉપેક્ષા થવા માંડી. મનુ એટલે રક્તમાંસનું બનેલું પૂતળું, પણ તે માત્ર બ્રાહ્મણ કે ક્ષત્રિયને નામેજ ઓળખ લાગ્યું. મનુષ્ય આત્મા સચ્ચિદાનન્દ-પરમ સત્ય છે એ રહસ્ય પ્રજામાંથી નિર્મૂળ થઇ ગ જ્ઞાતિભંગના નિયમો અને રૂઢિના ભયંકર રિવાજો અને જુલ્મોનો એટલો બધો ડર પેસી ગ કે કોઇ પણ મનુષ્ય અન્ય વર્ણ સાથે હળીમળીને એક બનવા પામેજ નહિ. બ્રાહ્મણપણાને કે ક્ષત્રિયપણાનો વિચારજ હૃદયમાં નિરન્તર સામ્રાજ્ય ભોગવતો રહેવાથી તેઓ પોતે મનુ છે-પોતાનામાં મનુષ્યનું સામર્થ્ય છે એ પણ ભૂલી ગયા.

મનુના સમય પછી પૃથ્વીપર અનેક ફેરફારો થયા છે. નદીઓના પ્રવાહનાં સ્થળ બદલ ગયાં છે; અગોચર મહાન અરણ્યો કાપી કે બાળી નખાયાં છે; વનસ્પતિ અને પ્રાણીવર્ગમાં પણ અત્યન્ત ફેરફાર અને વિકાસ થઇ ગયો છે; ક્ષત્રિયના અને લડાયક પ્રજાના ધર્મો હિંદ સ્થાનમાંથી હવે તદ્દન ધોવાઇ ગયા છે; દેશની મૂળ ભાષા મૃતઃપ્રાય થઇ ગઇ છે અને હિંદ ભાષા ગ્રીક કે લેટીન ભાષાની પેઠે અપરિચિત અને પરદેશીય જેવી થઇ પડી છે. છતાં હજ પણ એ આધ્યાત્મિક આત્મહત્યાઓનું, * * * *

* * * * *

એ જ્ઞાતિબંધનો તથા રૂઢિનાં બંધનોનું દાસત્વ હિંદ ભોગવે છે! બુદ્ધિ સ્વાતંત્ર્યનાં વિચ રોને પાખંડ અને મહાન અપરાધ ગણવામાં આવે છે.

એ પુરાણા સ્મૃતિકારોના નિયમોને તમે અધીનતાથી ન અનુસરો અને વિરોધ કરો તે તમારૂં આવીજ બન્યું સમજવું. દરેક જણ તમારી વિરુદ્ધ થઇ જશે. પરંતુ હવે એ પુરા વિચારોને તમારે નવીન પ્રકાશનું ઓજસ આપવું જોઇએ. પ્રત્યેક કાર્ય ઉત્તમ છે; પ્રત્યેક શ્રમ પવિત્ર છે; પણ એ જ્ઞાતિ વિભાગના અભિમાનને લીધે શાસ્ત્રવિહિત કાર્ય-વ્યાપાર કરવામાં માનાપમાનનો ભય રહેલો છે. જે લોકો પોતાનાં બાળપણનો સમય કેળવણી લેવામાં નથી ગાળતા તેઓને યુવાવસ્થામાં શારીરિક શ્રમ-મજૂરી કરીનેજ નિર્વાહ ચલાવવો પડે છે અને પછી પસ્તાય છે. પોતાના પહેલાંના આળસને માટે તે કપાળનો પ્રસ્વેદ રેડી બદલો વાળી આપે છે. પણ એ શુદ્રના કાર્યને મજૂરીનું કાર્ય-નીચ કાર્ય કહેનાર આપણે કોણ છીએ! શું ધર્મોપદેશક કે ક્ષત્રિય કે વણિકના કાર્ય જેટલુંજ એનું કાર્ય પણ ઉપયોગી નથી? વસ્તુસ્થિતિ એટલી બધી વિપરીત થઈ ગઇ છે કે જે માર્ગમાં બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય જેવી ઉચ્ચ જ્ઞાતિના લોકો ચાલતા હોય ત્યાં એ બિચારા શૂદ્રોને ચાલવા પણ નથી દેતા! ઉચ્ચ વર્ણના લોકોના વસવાટવાળાં ગામો કે શહેરોમાં તેઓને એક છેટે દૂર નાનાં ઝુંપડાં બાંધીને રહેવું પડે છે. એ નીચ જાતિનો પડછાયો સરખો પણ જો કોઈ ઉચ્ચજ્ઞાતિના મનુષ્યપર પડી જાય તો તે ઉચ્ચ જ્ઞાતિના મનુષ્યને પવિત્ર થવા માટે કપડાં સહિત દીર્ઘ સ્નાન કરવું પડે છે. જો નીચ જ્ઞાતિનો મનુષ્ય કોઇ વસ્તુને સ્પર્શ કરે તો પછી એ વસ્તુને કોઈ પણ ઉચ્ચ જ્ઞાતિનો મનુષ્ય ઉપયોગમાં લઈ શકતો નથી. એ બિચારાઓને જીવનોદ્ર મહેનત કરવી પડે છે, અને જેના બદલામાં ઉચ્ચ જ્ઞાતિના લોકો તેને વાપરવા ખાવાના પદાર્થો-એંઠું જુઠું

રોટલાના કકડા આપે છે. તેઓને એનાપરજ નિર્વાહ કરવો પડે છે. જે શબ્દો તમે કદી પણ ન સાંભળ્યા હોય તેવા શબ્દોનો ઉપયોગ 'રામ'ને-જે સત્ય વાત્તો છે તેનું સત્ય સ્વરૂપમાં વર્ણન કરવા માટે-કરવો પડે છે તે માટે 'રામ'ને ક્ષમા કરજો. આ શૂદ્ર લોકોને-આ પારીઆઓને શહેરના રસ્તા વાળવા પડે છે. મેલી ગંધાતી ગટરો હાથથી ઘસી ઘસીને ધોવી પડે છે. એટલુંજ નહિ પણ પાયખાનાં હાથથી સાફ કરવાં પડે છે અને એના બદલામાં તેમને મળવાનું તો પેટું વધ્યું ઘટ્યું, સડેલું અને એઠું જુઠું ખાવાનુંજ ! આમાં ધનવાન થવાની તો આશાજ ક્યાંથી હોય ! તેઓ અત્યંત દરિદ્ર હોય છે. તેમની એ સ્થિતિનો વિચાર કરતાં 'રામ'ના હૃદયમાં દુઃખ થાય છે. શૂદ્રજ્ઞાતિનાં બાળકો ઉચ્ચજ્ઞાતિનાં બાળકોની સાથે એકજ નિશાળમાં કેળવણી લઇ શકતાં નથી, કારણકે એ બાળકો જો પેલાં ઉચ્ચવર્ગનાં બાળકો સાથે સ્પર્શ કરીને બેસે તો તેમને ન્હાવુંધોવું પડે છે; તેઓ અપવિત્ર થઈ જાય છે. આ રેંસાઈ ગયેલા ગરીબ લોકોને કેળવણી મળેજ ક્યાંથી ! તેઓ પોતાનો નિર્વાહ પણ ભાગ્યેજ ચલાવી શકે તેમ હોય છે. ભૂખમરાથી અનેક મરી જાય છે. દરેક પ્રકારના રોગ અને મહામારીનો ઉપદ્રવ થવામાં હિંદુસ્તાન બહુ પરિચિત પ્રદેશ છે, અને આ ગરીબ શૂદ્રોનાં ઝુંપડાં શહેરના એવા મલિન વિભાગમાં હોય છે કે જ્યાં દરેક પ્રકારના રોગ અને ચેપ પહેલા પ્રવેશ કરે છે. કૉલેરા, પ્લેગ આદિ ચેપી વ્યાધિઓના અને દુષ્કાળ આદિ અનિવાર્ય આપત્તિઓના એ શૂદ્ર લોકોજ પહેલા ભોગ થઈ પડે છે. એ ગરીબ લોકો—એ શૂદ્ર લોકો સમસ્ત સમાજના આધારરૂપ ચરણ છે; તેથી જે સમાજ પોતાના ઉતરતા વર્ગની ઉન્નતિમાં અવરોધ કરી તેમની પ્રગતિ રોકી પાડે છે; જે સમાજ એ વર્ગ પ્રતિ અયોગ્ય વર્તણુક ચલાવી એ ગરીબ અનભિજ્ઞ પાપીઓને શિક્ષણ આપવાની ના કહે છે; તે સમાજ પોતેજ પોતાના પગપર કુહાડા મારે છે અને પોતેજ પોતાનો પાયો તોડી પાડે છે. એ સમાજ જરૂર પાયમાલ થઇ જ્યો જોઇએ.

આ નીચ જ્ઞાતિનો ઘણો ખરો વિભાગ હિંદુસ્તાનનો મૂળ વતની હતો, જેને તેઓ અનાર્ય એમ કહે છે. જેને તમે અત્યારે હિંદુઓના નામથી ઓળખો છો તેઓએ હિંદુસ્તાનમાં જઇને એ લોકોને હરાવી, તેમને આવી ક્ષુદ્ર શારીરિક મહેનતમાં રાખી દાસ બનાવી દીધા. તેઓએ તેમની આવી દારિદ્રય પૂર્ણ દુઃખી સ્થિતિ સ્થાપી. તેઓએ એ મહાપાતક કર્યું છે અને અત્યારે એ કરેલાં પાપનાં ફળ ભોગવે છે. હિંદુસ્તાનના મૂળ વતની અનાર્ય લોકો સાથે આર્યો કે હિંદુઓએ જેવી વર્ત્તણુક કરી હતી તેવીજ વર્ત્તણુક તેઓ પ્રતિ પહેલાંના મુસલમાન રાજ્યકર્તાઓએ ચલાવી હતી અને અત્યારની શાસનકર્ત્તા પ્રજા પણ એવીજ વર્ત્તણુક ચલાવે છે. એ કર્મનો સિદ્ધાંત છે; પ્રારબ્ધનો એ અટલ નિયમ છે.

'રામ' અત્યારે તમારી પાસે એક હિંદુ તરીકે અથવા એક હિંદુસ્તાનના વતની તરીકે તેમજ કોઇ પણ પ્રજાજન કે એક પક્ષપાતી તરીકે વ્યાખ્યાન આપતો નથી. 'રામ' સત્યપરજ—પૂર્ણ સત્યપરજ—અવિચ્છિન્ન સત્યપરજ અવલંબન રાખે છે. 'રામ'નું શરીર હિંદુસ્તાનની અતિ ઉચ્ચ જ્ઞાતિનું છે; છતાં તે હિંદુસ્તાનની અતિ નીચ ગણાતી જ્ઞાતિ માટે તમને અપીલ કરે છે કે, સત્ય અને ન્યાયની ખાતર, સચ્ચિદાનંદ પરમાત્મા કે હિંદુસ્તાનના પારીઆનો પણ આત્મા છે તે પરમાત્માની ખાતર, જાતિ ભેદના પડદા અને દિવાલોને તોડી પાડો; અને હિંદુસ્તાનના એ દુઃખી થતા દરિદ્ર શૂદ્ર લોકોનો પક્ષ કરો, એ ગરીબનો પક્ષ ઉપાડી લ્યો.

એ જ્ઞાતિભેદ-રૂ કાર્ય વિભાગને લીધે હિંદુસ્તાનની સમસ્ત પ્રજાની અધોગતિ શા માટે થાય

અને ભક્તિભાવ, ઉપનિષદ્ અને વેદાન્તના અનન્ત સત્ય પ્રતિ રાખવાં ઉચિત હતાં તે એ શ્રુતિ બદલે આવી સ્મૃતિને આપવામાં આવ્યાં. નિયમો અને ન્યાય સૂત્રો મનુષ્યો માટે છે એ સમજ્યા વિના "લોકોજ એ નિયમો અને સૂત્રોને માટે છે" એવું અજ્ઞાન દાખલ થયું. વિદેહ થયેલા ગ્રંથકારોના પ્રમાણોની અતિશયોક્તિરૂપે અનહદ પૂજા થવા લાગી અને એ કરીને સર્વદા અસ્તિત્વ ભોગવતા આત્મદેવ-સજીવન્ત અંતર્યામીની ઉપેક્ષા થવા માંડી. મનુ એટલે રક્તમાંસનું બનેલું પૂતળું, પણ તે માત્ર બ્રાહ્મણ કે ક્ષત્રિયને નામેજ ઓળખા લાગ્યું. મનુષ્ય આત્મા સચ્ચિદાનન્દ-પરમ સત્ય છે એ રહસ્ય પ્રજામાંથી નિર્મૂળ થઇ ગયું. જ્ઞાતિભંગના નિયમો અને રૂઢિના ભયંકર રિવાજો અને જુલમોનો એટલો બધો ડર પેઠી ગયે કે કોઇ પણ મનુષ્ય અન્ય વર્ણ સાથે હળીમળીને એક બનવા પામેજ નહિ. બ્રાહ્મણપણાને કે ક્ષત્રિયપણાનો વિચારજ હૃદયમાં નિરન્તર સામ્રાજ્ય ભોગવતો રહેવાથી તેઓ પોતે મનુષ્ય છે-પોતાનામાં મનુષ્યનું સામર્થ્ય છે એ પણ ભૂલી ગયા.

મનુના સમય પછી પૃથ્વીપર અનેક ફેરફારો થયા છે. નદીઓના પ્રવાહનાં સ્થળ બદલાઈ ગયાં છે; અગોચર મહાન અરણ્યો કાપી કે બાળી નખાયાં છે; વનસ્પતિ અને પ્રાણીવર્ગમાં પણ અત્યન્ત ફેરફાર અને વિકાસ થઇ ગયો છે; ક્ષત્રિયના અને લડાયક પ્રજાના ધર્મો હિંદુસ્તાનમાંથી હવે તદ્દન ધોવાઇ ગયા છે; દેશની મૂળ ભાષા મૃતઃપ્રાય થઇ ગઇ છે અને હિંદી ભાષા ગ્રીક કે લેટીન ભાષાની પેઠે અપરિચિત અને પરદેશીય જેવી થઇ પડી છે. છતાં હજુ પણ એ આધ્યાત્મિક આત્મહત્યાઓનું, * * * *

* * * * *

એ જ્ઞાતિબંધનો તથા રૂઢિનાં બંધનોનું દાસત્વ હિંદ ભોગવે છે! બુદ્ધિ સ્વાતંત્ર્યનાં વિચારોને પાખંડ અને મહાન અપરાધ ગણવામાં આવે છે.

એ પુરાણા સ્મૃતિકારોના નિયમોને તમે અધીનતાથી ન અનુસરો અને વિરોધ કરો તો તમારૂં આવીજ બન્યું સમજવું. દરેક જણ તમારી વિરુદ્ધ થઇ જશે. પરંતુ હવે એ પુરાણા વિચારોને તમારે નવીન પ્રકાશનું ઓજસ આપવું જોઇએ. પ્રત્યેક કાર્ય ઉત્તમ છે; પ્રત્યેક શ્રમ પવિત્ર છે; પણ એ જ્ઞાતિ વિભાગના અભિમાનને લીધે શાસ્ત્રવિહિત કાર્ય-વ્યાપાર કરવા માનાપમાનનો ભય રહેલો છે. જે લોકો પોતાનાં બાળપણનો સમય કેળવણી લેવામાં ન ગાળતા તેઓને યુવાવસ્થામાં શારીરિક શ્રમ-મજૂરી કરીનેજ નિર્વાહ ચલાવવો પડે છે અને પછી પસ્તાય છે. પોતાના પહેલાંના આળસને માટે તે કપાળનો પ્રસ્વેદ રેડી બદલો આપે છે. પણ એ શૂદ્રના કાર્યને મજૂરીનું કાર્ય-નીચ કાર્ય કહેનાર આપણે કોણ છીએ! ધર્મોપદેશક કે ક્ષત્રિય કે વણિકના કાર્ય જેટલુંજ એનું કાર્ય પણ ઉપયોગી નથી? વસ્તુસ્થિતિ એટલી બધી વિપરીત થઈ ગઇ છે કે જે માર્ગમાં બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય જેવી ઉચ્ચ જ્ઞાતિના લોકો ચાલતા હોય ત્યાં એ બિચારા શૂદ્રોને ચાલવા પણ નથી દેતા! ઉચ્ચ વર્ણના લોકોના વસવાટવાળાં ગામો કે શહેરોમાં તેઓને એક છેડે દૂર નાનાં ઝુંપડાં બાંધીને રહેવું પડે છે. એ નીચ જાતિનો પડછાયો સરખો પણ જો કોઈ ઉચ્ચજ્ઞાતિના મનુષ્યપર પડી જાય તો તે ઉચ્ચ જ્ઞાતિના મનુષ્યને પવિત્ર થવા માટે કપડાં લત્તાં ધોઈ સ્નાન કરવું પડે છે. નીચ જ્ઞાતિનો મનુષ્ય કોઇ વસ્તુને સ્પર્શ કરે તો પછી એ વસ્તુને કોઈ પણ ઉચ્ચ જ્ઞાતિનો મનુષ્ય ઉપયોગમાં લઈ શકતો નથી. એ બિચારાઓને જીવતોડ મહેનત કરવી પડે છે; અને એના બદલામાં ઉચ્ચ જ્ઞાતિના લોકો તેને વધ્યા ઘટ્યા ખાવાના પદાર્થો-એઠા જૂઠા એટલે

સ્થિતિ સારી થશે ? નહિ; કદી નહિ. કોઇ ગવૈયાને તેના સંગીતના અપરાધની શિક્ષા કરવી
હોય તો તેના સંગીતકળાના દોષ સુધારવા એજ એનો દંડ છે. કોઇ અપરાધી કે પાપીને
શ્રેષ્ઠ અને મહાન દંડ દેવો હોય તો તેને શિક્ષણ આપી સદ્વર્તનશાળી બનાવવો એ
છે. એક મનુષ્યનો વધ કરાવવો એ ઉચિત શિક્ષા નથી. એવી શિક્ષા ન આપતાં તેને શિક્ષણ
આપી એનું અજ્ઞાન દૂર કરો–એની અંદરના અજ્ઞાનનો વધ કરો. પાપીનો સંહાર કરવો હોય
તો મનુષ્યની અંદર રહેલા પાપનો વધ કરાવવો. એમ કરવાથીજ વસ્તુસ્થિતિ સુધરે છે.
અજ્ઞાનને દૂર કરવાનો અને એ વ્યાધિના જંતુઓને નિર્મૂળ કરવાનો એકનો એક અને ઉચિત
ઉપાય તેમને સુધારવાનો છે.

હિંદુઓએ–આર્યોએ અત્યાર સુધીમાં બહુ સહન કર્યું છે. એ શિક્ષાજ એમને માટે
પૂરતી છે. અનાર્યો પ્રતિ દર્શાવેલી ક્રૂરતાની તેઓને શિક્ષા કરવા તમારે અમેરિકા કે યૂરોપ
છોડીને ત્યાં સુધી જવાની આવશ્યકતા નથી. એ બધા અપરાધ માટે તેઓએ સંપૂર્ણ દુઃખ
વેઠયાં છે. સદીઓથી વિદેશીય રાજ્યશાસનની ધૂંસરી તેઓએ ઉપાડી છે; દાસત્વની બેડી
તેઓએ સહન કરી છે. અફગાનિસ્તાનના બાદશાહોએ હુમલો કરીને તેમને જીતી લીધા હતા.
ગ્રીસના લોકોએ પણ તેમનાપર રાજ્ય ચલાવી લીધું છે. ઇરાનના શાહનશાહોએ તેમનાપર
હકુમત ચલાવી છે. અરે, પૃથ્વીપટની સર્વ દેશની પ્રજાઓએ ત્યાં આવીને તેમનાપર રાજ્ય
ભોગવ્યું છે ! આમ પોતાના અપરાધ માટે તેઓએ હવે સંપૂર્ણ સહન કર્યું છે.

પણ હવે તમારે જાગ્રત થવું જોઇએ; ત્યાં જઇને તેમને તમારે દિલાસો આપવો જોઇએ.
તેમને ઉત્સાહ આપી તેમનું વેદાન્તવિરુદ્ધનું અજ્ઞાન નિર્મૂળ કરવું જોઇએ. એ અજ્ઞાનને
લીધેજ તેઓ જ્ઞાતિના બંધારણને વળગી રહ્યા છે.

આ જ્ઞાતિભેદના વિચારોને લીધે તેઓની શક્તિઓ હણાઈ ગઇ છે, અને બળ વિખરાઇ
ગયું છે. આ કેટલું દુઃખદાયી અને શોકપ્રદ છે ? નૈતિક, આધ્યાત્મિક, રાજકીય તેમજ સામા-
જિક સર્વ વસ્તુસંબંધો વિપરીત થઈ ગયા છે; અરે, જ્ઞાતિબંધનને લીધે ઉત્પન્ન થયેલા પક્ષપાત,
મતભેદ, વિરોધભાવ, જાતિદ્વેષને લીધે એનો વિનાશ થઈ ગયો છે ! જે મનુષ્યનું ચિત્ત વ્યાકુળ
અને અસ્વસ્થ હોય તેને જો ઇતિહાસ, તત્ત્વજ્ઞાન કે કોઈ અન્ય શાસ્ત્રનો અભ્યાસ કરવો હશે
તો તેનાથી થઇ શકશેજ નહિ. કોઈ પણ જાતની વિદ્યા શીખવા માટે–કોઇ પણ જાતનું શિક્ષણ
પામવા માટે આપણું મન તદ્દન સ્વસ્થ હોવું જોઇએ. ત્યારે એ મનુષ્યની સ્વસ્થતા–સમતા
ગુમાવી નાખે એવું શું છે ! તેમને એમ આક્ષેપ વિક્ષેપમાં નાખી દેનાર કોણ છે ? ભેદભાવ
રાખવાની બુદ્ધિજ. જ્યારે તમારામાં સમાનતા–બન્ધુભાવની ભાવના ભરપૂર હોય ત્યારે ભેદ-
બુદ્ધિનો લેશમાત્ર હોતો નથી. તમારી સામે કોઇ પણ પ્રતિસ્પર્ધી નથી હોતો ત્યારેજ તમે
નિશ્ચિંતપણે અભ્યાસ કે મનન કરી શકો છો; કિન્તુ જ્યારે વિરોધી તત્ત્વોથી તમારું વાતા-
વરણ મલિન થઈ ગયું હોય છે * * * *
ત્યારે તમે કોઈ પણ કાર્યમાં વિજય મેળવી શકતા નથી. દૃષ્ટાંત તરીકે એક મનુષ્ય પોતાનાં
કુટુંબીજનો, ભાઇભાંડુઓ અને સંબંધીજનોના સહવાસમાં રહીને અનુકૂળતાપૂર્વક અભ્યાસ
કરી શકે છે અને એના કાર્યમાં જરાએ વિક્ષેપ પડતો નથી; પણ જ્યારે કોઈ વિજાતીય કે
વિરોધી તત્ત્વ તેના મનમાં પ્રવેશ કરે છે ત્યારે તેને અભ્યાસ કરવો દુર્ઘટ થઇ પડે છે.
વસ્તુસ્થિતિને પ્રતિકૂળ અને વિરોધી બનાવીને આ જ્ઞાતિનું બંધારણ બુદ્ધિના વિકાસને અટ-
કાવી રાખે છે. પોતાની આસપાસનાં સર્વ મનુષ્યો પરાયાં છે, પોતાનાથી ભિન્નજ્ઞાતિનાં છે,

છે એ એક મહાન્ પ્રશ્ન છે. વસ્તુતઃ તો કાર્ય વિભાગના ધોરણે અને પરસ્પર પ્રીતિના સંરક્ષણને માટે એ જ્ઞાતિની સંસ્થા યોજાઇ હતી; પણ અત્યારે એ જ્ઞાતિવિભાગનું મૂળ કારણ ભૂલી જવાયું છે. સર્વ હકીકત ઉલટા સુલટી થઈ ગઈ છે. અત્યારે તો પ્રીતિ, સંપના વિભાગ થઈ વિક્ષેપ ઉત્પન્ન થયો છે અને જુના રિવાજો અને મતભેદોનું સંરક્ષણ થાય છે. પણ તેમ ન થવું જોઇએ. હજારો વર્ષ પહેલાં જે વસ્ત્રાલંકાર એક કુટુંબને બંધ બેસતા હતા તેજ વસ્ત્રાલંકાર અત્યારે પણ એમને પહેરાવ્યા કરવા અને તેમના સ્નાયુ વિશાળ થયા હોય, અતિ વિસ્તૃત અને પ્રબળ થયાં હોય છતાં પણ એને એ ટૂંકાં પડતાં વસ્ત્રો પહેરાવવાં એ કેમ બની શકે ? ચીનની સ્ત્રીઓ પોતાના પગને બાંધીને નાજુક બનાવવાના પ્રયત્ન કરતાં તેને સંકુચિત રાખે છે; તેવીજ રીતે હિંદુઓ પણ એ પુરાણા રીત-રિવાજોનું પોતાની નવીન વિકસિત પ્રજાને તે ટૂંકા પડતા હોવા છતાં અનુસરણ કરવાની ફરજ પાડે છે. હિંદુની ધર્મ શિક્ષણપદ્ધતિ બે મર્યાદિત દિવાલોની વચ્ચે દોડવા જેવી સંકુચિત છે.

એક મનુષ્ય પેટના અને માથાના એમ બે જાતના વ્યાધિઓથી પિડાતો હતો. ડાક્તર પાસે જઇને તેણે નિદાન કરાવ્યું એટલે ડાક્તરે તેને પેટ અને આંખને માટે ભિન્ન ભિન્ન પ્રકારની બે દવાઓ આપી. પેટના દુઃખાવા માટે આપેલા ઔષધમાં મરી, મીઠું ઈત્યાદિ ગરમ દવાઓ હતી અને આંખને ચોપડવામાં જસત સુરમા જેવી વસ્તુઓ હતી. સુરમો કે પારા જેવી વસ્તુ કાચી ખાવાથી ઝેર ચડે છે એ તો આપણે બધા સ્પષ્ટ સમજી શકીએ એમ છે, અને મરી તેમજ મીઠાને આંખે ચોપડીએ તો આગ બળે એ પણ સત્વર સમજી શકાય તેવું છે. એ મૂર્ખ મનુષ્યે ડાક્તરની સૂચના યાદ ન રાખતાં આંખની દવા ખાધી અને પેટની દવા આંખે લગાવી. એમ કરવાથી આંખો અને પેટ બન્ને અવયવના વ્યાધિ કુપિત થયા અને ઔષધિ રોગની વૃદ્ધિનું કારણ થઇ પડી.

હિંદુસ્તાનની આધુનિક વસ્તુ સ્થિતિમાં આ દૃષ્ટાન્ત બહુ સજ્જડ રીતે લાગુ પડે છે, ત્યાં કાર્યમાં વિભાગ કરવાના હતા અને શક્તિમાં સંપ અને પ્રીતિ રાખવાનાં હતાં; તેને બદલે દુર્ભાગ્ય અને અજ્ઞાનના પરિબળે પ્રીતિ અને શક્તિમાં વિભાગ પડી ગયા છે અને જડ વ્યાપારો તથા કર્ત્તવ્યોમાંના ધર્મોનું સંરક્ષણ કરવાનો પ્રયાસ ચાલ્યાં કરે છે.

રૂઢિરિવાજ અને મતમતાંતરના રાક્ષસે એ પ્રજાના ચૈતન્યને હણી નાખ્યું છે; શક્તિનો ઉચ્છેદ કરી નાખ્યો છે. ધર્માંધપણાનો કે ધર્માનુરાગનો અર્થ કેવળ બહિષ્કારવૃત્તિ, નિરાશાવાદ અને સંપૂર્ણ પુરાણપ્રિયતાજ કરી નાંખ્યો છે. વ્યાવહારિક જીવનમાં ઉચ્ચ જ્ઞાતિનો મનુષ્ય સત્યસ્વરૂપ આત્માનો-અંતરસ્થ ઈશ્વરનો મહિમા, શોભા અને પવિત્રતા વિસરી જઈને આત્માપર-વેદાન્તપર પગ મૂકવા તૈયાર થાય છે; અને સાંસારિક પદવી, કીર્તિ અને અંતર પરાક્રમોની મૂર્ખતાપૂર્વક પ્રશંસા કર્યા કરે છે. એમ કરવાથી પોતાની કીર્તિ અને સ્વમત નિભાવી રાખવાની ચિન્તા ઉત્પન્ન થાય છે; અને સ્વાર્થી અભિમાન તેમજ વિશેષ બઢવાર પદવી તથા કીર્તિ પ્રાપ્ત કરવામાં પ્રવૃત્તિ થાય છે. ઉચ્ચ જ્ઞાતિના મનુષ્યની આ દમડી દમડી કમાવાની પ્રાપંચિક બુદ્ધિથીજ તેમનો વાસ્તવિક અધઃપાત થયો છે, અને એ નીચ જ્ઞાતિના લોકો ખુશામત કરે એટલે દંભ અને અજ્ઞાન વધતું ગયું, એ દંભ અને અજ્ઞાનને લીધેજ અત્યારે તેઓનો વિનાશ થતો જાય છે.

ત્યારે હવે એનું નિવારણ કેવી રીતે કરવું ? એ હિંદુ લોકોએ ગુરૂને બહુ દુઃખ દીધું છે, તેથી આપણે એમનો અત્યારે ઉચ્છેદ કરવા તૈયાર થઈ જઈશું ? શું એમ કરવાથી વસ્તુ

એમના ને આપણા આચારવ્યવહાર ભિન્ન છે, આવી આવી વિરોધી લાગણીઓ તેમનામાં સ્પર્ધા, દ્વેષ અને વિજાતીયતા ઉત્પન્ન કરાવી મનુષ્યના મનને બહુજ અશાંત અને અસ્વસ્થ કરે છે. મુખ્યજ્ઞાતિઓ તો ચાર છે પણ તેની અનેક પેટા જ્ઞાતિઓ થઇ ગઈ છે, અને સેંકડે બલ્કે હજારો વિભાગ તેમાં પડી ગયા છે. એ ઉપરાંત મુસલમાનમાં પણ જ્ઞાતિ અને પંથ છે. ખ્રિસ્તીધર્મનાં જ્ઞાતિ અને પંથ પણ નિરાળાંજ છે. * * * * અનેક નવાં મંડળો પણ હમણાં પોતપોતાના અનેક પંથો બનાવી બેઠાં છે. કોઇ હિંદુ વિદ્યાર્થીની પાસે મુસલમાન વિદ્યાર્થી આવીને બેસે તો એને તેની ઘૃણા લાગે છે. કોઇ ખ્રિસ્તી વિદ્યાર્થી આવીને એની સાથે અભ્યાસ કરતો હોય તોપણ એના ચિત્તની સમતા રહેતી નથી. અરે, એથી પણ વિશેષ તો એ છે કે હિંદુઓમાં પણ જુદી જુદી જ્ઞાતિ અને પંથવાળા વિદ્યાર્થીઓ તથા લોકો એક બીજાનો સહવાસ સહન કરી શકતા નથી!

આ ઉપરથી તમે અનુમાન કરી શકશો કે આ જ્ઞાતિબંધારણો અને એના મતભેદો કે જે હિંદુસ્તાનમાં સામ્રાજ્ય ભોગવે છે એને લીધે તેઓની બુદ્ધિની શક્તિઓનો વાસ્તવિક વિકાસ થતો નથી. એને લીધે તેઓ ઉચિત શિક્ષણનો સંપૂર્ણ લાભ પામી શકતા નથી. હિંદુસ્તાનમાં કેળવણી આપવાનું કાર્ય ઉત્તેજીત થાય એટલા માટે એ લોકોને આપણે એવી સ્થિતિમાં લાવવા જોઇએ કે જેથી તેઓનું મન સ્વસ્થ થાય. જ્યારે મતભેદ ભાગશે અને જ્ઞાતિવિભાગનો દ્વેષ દૂર થશે ત્યારેજ તેઓનું મન શાંત થશે.

'રામ'નું કહેવું એમ નથી કે તમે અમેરિકનો પણ આ જ્ઞાતિના રોગથી મુક્ત છો. તમારામાં પણ એ સત્ય છે. તમે ખ્રિસ્તી હશો તો હિંદુ કે બૌદ્ધનું મ્હોં જોવાનું તમને ગમશે નહિ, એ તમારા ધાર્મિક જ્ઞાતિવિભાગ છે. તમે અમેરિકન છો તેથી તમને ઇંગ્લંડ કે સ્પેનના જનની સાથે હળવું-મળવું પસંદ નહિ આવે, આ તમારો રાજકીય જ્ઞાતિવિભાગ છે. એકજ કાર્યાલયમાં તમે એક હબસી સાથે કામ કરતાં શરમાઓ છો એ તમારો સામાજિક જ્ઞાતિ વિભાગ છે. તમે તમારા પાડોસી કે પ્રતિસ્પર્ધીનો દ્વેષ કરતા હો તોપણ તમે જ્ઞાતિબંધનથી જરાએ મુક્ત નથી. એ દ્વેષનું મૂળ કારણ શું છે? એ દ્વેષ-એ ઈર્ષ્યા જ્ઞાતિબંધનને લીધેજ ઉત્પન્ન થાય છે. તમારી સમક્ષ તમારા સહકારીની પ્રશંસા થતી હોય તે તમે ન સાંખી શકો એ પણ એવુંજ છે. અમેરિકામાં તો સર્વ શક્તિમાન્ ડોલરદેવનાં-ધન સંપત્તિનાં ધોરણેજ સામાન્ય રીતે જ્ઞાતિના વિભાગ અને વર્ગ પડેલા છે.

અમેરિકામાં અનેક સામાજિક અરિષ્ટ છે. અમેરિકાએ પોતે પોતાના દેશમાં પણ ઘણો સુધારો કરવાની આવશ્યકતા છે. તમારું સામાજિક બંધારણ જરાએ સુયોજિત નથી. અમેરિકાએ વેદાન્તનું શિક્ષણ સ્વીકારવાની પરિપૂર્ણ આવશ્યકતા છે. પણ હિંદુસ્તાનની સ્થિતિ તો બહુ ભયંકર છે-અતિશય ખરાબ છે. જગતના પ્રત્યેક પદાર્થની સ્થિતિ જેમ બદલી શકાય તેવી હોવી જોઇએ તેમ અમેરિકાની જ્ઞાતિઓ તો નરમ, બદલી શકાય તેવી, વાળી વળી શકે તેમ છે; પણ જેમ કોઈ જુનું હિંદાકનું ઘડીઆળ બંધ પડી ત્યાંજ અચાનક ઘોડી આવ અને દેવળની મૂર્તિની પેઠે શોભા માત્રનુંજ રહે, તેમ હિંદુસ્તાનની સામાજિક સ્થિતિ તો સ્થિર અને વિકારપૂર્ણ થઇ ગઇ છે.

વંશપરંપરાના નિયમોને વળગી રહેવું અને દેશકાળને અનુસરતા ફેરફાર કરવા, એ બે સિદ્ધાંતોવડે જીવનનો વિકાસ થાય છે. પ્રાણીવર્ગમાં વંશપરંપરાનો નિયમ સામાન્ય હોય છે. મનુષ્યનું શારીરિક બળ અને દૃષ્ટિએ પણ એ વંશપરંપરાના નિયમોનેજ આભારી છે.

અને સુખના સહભાગી બનાવી શકો. અરિષ્ટના વૃક્ષના મૂળનો ઉચ્છેદ કરવાનો આજ સુગમ ને ઉત્તમ ઉપાય છે. વેદાન્તના જ્ઞાનવિરુદ્ધના આ દ્વૈતભાવને લીધે ઉત્પન્ન થતા ભેદભ્રમને લીધે હિંદુસ્તાનના લોકો શારીરિક, માનસિક અને આધ્યાત્મિક રીતે સ્વાત્મહત્યા કરે છે.

એ વ્યાધિના વિષયમાં હજુ પણ થોડું વિશેષ કહી શકાય એમ છે. હિંદનો બ્રાહ્મણ વર્ગ કે જે શ્રેષ્ઠ વર્ગ કહેવાય છે તે કોઈ પણ જાતનું શારીરિક સેવાનું કે શ્રમનું કાર્ય કરવામાં હલકાઈ સમજે છે. તેઓ વંશપરંપરાની રૂઢિથી વિરુદ્ધ જતું કાર્ય કરવાને કદી પણ તૈયાર થશે નહિ. દૃષ્ટાંત તરીકે બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય જેવા ત્રણે ઉચ્ચ વર્ણો મોચી, હજામ, આરબા, ચિતારા, લુહાર, રંગરેજ, દરજી, કડીઆ, સુતાર, વણકર, કુંભાર કે એક સામાન્ય મજુરનું કાર્ય કદી પણ કરશે નહિ, ત્યાં પછી વાળવા ઝુડવાના કામની તો વાતજ શી કરવી! આવા કોઈ પણ કાર્યને હાથ લગાવવા કરતાં તેઓ મૃત્યુને પહેલું પસંદ કરશે. ચામડાનો વ્યાપાર તેઓ કદી કરશેજ નહિ. આ ધંધા-રોજગાર ઉચ્ચ વર્ગના પૂંજીવાળા લોકો નથી ઉપાડી લેતા તેથી નિર્ધન નીચ વર્ણના લોકોના હાથમાંજ આ હુન્નર ઉદ્યોગ રહે છે. હવે હિંદુસ્તાનના હુન્નરઉદ્યોગ કેવી રીતે ખીલે ? ઉદ્યોગની કળા કૌશલ્યમાં તેઓ કોઈ પણ જાતને આવશ્યક સુધારો કેવી રીતે કરી શકે ? અમેરિકા, ઇંગ્લંડ અને સમસ્ત યુરોપ પોતાનાં કળાકૌશલ્યને લીધેજ સમૃદ્ધિમાન થઇ પડયાં છે અને એનું કારણ એ છે કે ત્યાંના હુન્નર ઉદ્યોગ દ્રવ્યવાન લોકોના હાથમાં છે. જે પ્રજાની સંખ્યાના પોણા ભાગ કરતાં પણ વિશેષ લોકો હુન્નર ઉદ્યોગ તરફ બેદરકાર રહે અને એવા ઉચ્ચ કાર્યને ધિક્કારે તેમજ રૂઢિ રિવાજની રહેણી-કરણી તથા અંધશ્રદ્ધાની પ્રણાલિકાને શાશ્વત વળગી રહે તે પ્રજાની ઉન્નતિની કેવી રીતે આશા રાખવી ?

એવી અનિષ્ટ પ્રણાલિકાને અતિ દાસબુદ્ધિથી વળગી રહેવું અને પૂર્વ સ્મૃતિકારોનાં વાક્યોનેજ નિત્ય સત્ય સમજી અંધ બની જવું, એના પરિણામેજ અનેક પ્રકારનાં સામાજિક અનિષ્ટ હિંદુસ્તાનમાં આધિપત્ય ભોગવે છે. અનેક બીજી પણ ખરાબીઓ છે કે જેનું વર્ણન કરતાં પણ લજ્જાસ્પદ થવાય છે. શિરપર આવી પ્રબળ રૂઢિનો ભાર વેઠનારી એ પ્રજામાંથી આપણે ઉન્નતિને માટે કંઈ પણ આશા રાખી શકીએ વારૂ ? અમેરિકનો ! પોતાની ખરાબ રૂઢિઓના પગ તળે હિંદીઓ કચરાઈ રેંસાઈ જાય છે-અરે માત્ર નામના મિથ્યા અભિમાનને માટેજ પોતાનું સર્વસ્વ ગુમાવે છે. તેઓને હવે એ ખરાબ રૂઢિઓના શિરપર-બુદ્ધિપર-ઉભા રહેતાં શીખવો, પોતાના પૂર્વજોનું ગૌરવ નિભાવતાં શીખવો. એઓના કેટલાએક સામાજિક રિવાજો અને કૌટુમ્બિક રીતભાતો બેશક બહુ પ્રશંસનીય છે અને તેમાં અનેક આશાજનક ચિહ્નો છે; પણ એ રીતિરિવાજો પ્રતિ અંધ શ્રદ્ધા અને અજ્ઞાનભર્યું દાસત્વ તેઓને શક્તિહીન, અચેતન અને મૂર્ખ બનાવે છે. હિંદુસ્તાનમાં સ્ત્રીઓની સંખ્યા સુમારે ૧૫૦૦૦૦૦૦૦ છે અને એમાંથી એક ટકાની સંખ્યા ભાગ્યેજ કેળવણી પામેલી છે ! આવા દુષ્ટ વ્હેમો અને બીજી ખરી વર્તણુકથી તેમની સંતતિમાં શું સત્વ રહ્યું હોય ?

ઉપનિષદનું અદ્ભુત શિક્ષણ અને વેદાન્તનું સમર્થ ધર્મજ્ઞાન ત્યાં લુપ્ત થયું છે અને એને બદલે 'રસોડાધર્મ' એટલે આભડછેટનો-અમુકની સાથે ખવાય પિવાય અને અમુકથી અભડાઈ જવાય એ-ધર્મ દાખલ થયો છે. સંસ્કૃત ભાષા હવે બોલવામાં વપરાતી નથી, છતાં પણ અનેક શાસ્ત્રીઓ-પંડિતો હજુ સુધી વ્યાકરણના ગ્રંથજ કંઠે કરવામાં પોતાની શક્તિનો દુરુપયોગ કરે છે ! રૂઢિના વિરોધી સ્વતંત્ર વિચારકોની વિરુદ્ધ અસદ્ધી પુસ્તકોને કંઠાગ્ર કરી તાકી પોચીને

તેના પ્રમાણ આપવાની પદ્ધતિ પાછી ફેરવે છે! વેદના મંત્રોનો હાલે તેમ મગી મન [illegible]
ત્યાં [illegible] પુરુષ [illegible] અને મહાન પતિત ગણાય છે! [illegible] આદિ [illegible]
[illegible] મુખશુદ્ધિ થાય. એવી એવી અર્થ ગણીઓમાંજ [illegible]
[illegible] જાય છે.

આ પ્રમાણે [illegible] જ્ઞાતિવિભાગના વાડાઓમાં પુરાઈ રહેવું અને માત્ર પ્રમાણોપર [illegible]
[illegible] બે ને કાર્યોમાં એમને એવા તો અજ્ઞાનમયી બાંધું [illegible]
છે. હિંદુસ્તાનના [illegible] વિશાળ ધર્મપ્રદેશમાં અતિ ગંભીર અને મહત્ત્વની [illegible] તેમનામાં જડ થતી [illegible]
[illegible] હિંદુઓ [illegible] પણ વિશેષ પુણ્ય સમજે છે. હિંદુઓના અનેક ધર્મશાસ્ત્રો [illegible]
[illegible] વિશેષ [illegible] છે. ઘણા ગાયને માટેનો પૂજ્ય-
[illegible] મહાન [illegible] પણ આવા [illegible] લીધેજ થયો હતો. વળી એમ પણ કહે-
[illegible] કે મુસલમાનોના [illegible] પહેલી [illegible] પણ હિંદુઓના આ ગાયનેજ
[illegible] હિંદુઓએ—રાજપૂત રાજાઓએ
[illegible] હિંદુસ્તાનપર બીજી વાર તેણે [illegible]
[illegible] તેથી એનો લાભ લીધો. એમ કહેવાય
[illegible] ગાયોની વાડ બનાવી દીધી. કહો આ કેવું આશ્ચર્ય
[illegible]. પણ દેશ ગુમાવ્યો. [illegible] ગાયોને જોઈ સ્તબ્ધ ગયા; તેમણે ગાયોને
[illegible] સુધી તેઓ રિબાયા છે, અને
[illegible] લાખો ગાયોનો વધ ત્યાં હરરોજનો થઈ
[illegible]

• • • • • • •

[illegible] છે, આધ્યાત્મિક રીતે પણ તેઓ પ્રબળ છે,
[illegible] હિંદુસ્તાનમાં [illegible] કાર્ય કરતા નથી. ઉલટું એક
[illegible] બનાવી દે છે, અને તેથી પરિણામ એ આવે
[illegible] કર્મકાંડ અને માત્ર મૂર્તિનેજ પ્રેમનું કેન્દ્ર
[illegible] અંધવિશ્વાસ અને ભૌતિક પદાર્થ તરફજ
[illegible] છે. એને લીધે જ્ઞાતિદ્વેષ, મતમતાંતર, પક્ષ-
[illegible] સજ્જડ થઈ બેઠી છે કે નામરૂપના બાહ્યભેદ
[illegible] એકતાનો સાક્ષાત્કાર કરવામાં પ્રજાને એ
[illegible] દેતા નથી. વ્યાવહારિક વેદાન્તના અભાવે
[illegible] કરે છે.

[illegible] છે અને તોપણ કેટલાક આ મતમતાંતરની બાબ-
[illegible] ઉત્તેજન આપ્યા કરે છે; જેથી હિંદુમુસલમાન વચ્ચેનો અંતરાય ગાઢો થતો જાય
[illegible] હિંદુઓના ભિન્ન ભિન્ન જાતિઓમાં પણ જારીપણેજ રહે છે. આધ્યાત્મિક, રાજકીય

સામાજિક કે હરકોઈ દિશામાં હિંદુસ્તાનનો ઉદ્ધાર કરવો હોય તો જે શિક્ષણથી તેના કલેશ, ભેદભાવ દૂર થાય, જેનાથી એમના જ્ઞાતિવિભાગની પદ્ધતિનો ઉચ્છેદ થઈ જાય અને ઈર્ષ્યા તથા આળસને જેનાથી મહાન ફટકો પડે એવી કેળવણીથી એમનો ઉદ્ધાર થશે. હિંદુસ્તાન પોતાના પગપર ઉભો રહેતાં શીખે, એનો પુનરુદ્ધાર થાય, અન્ય પ્રજાઓની સાથે તે પોતાનું પ્રજાત્વ સાચવી શકે તથા ઈંગ્લંડ, અમેરિકા અને સમસ્ત જગતને સુખનું મૂળ થઈ પડે એમ જો આપણે ઈચ્છતા હોઈએ તો હિંદુસ્તાનમાંથી આ બધું જડમૂળથી ઉખેડી નાખવું જોઈએ. બિમાર મનુષ્યને ઔષધિ આપી તેની અંદરની પ્રકૃતિને મદદ કરી તેનો રોગ આપણે દૂર કરીએ છીએ. ઔષધો પ્રકૃતિને સાહાય્ય કરે છે, રોગનિવારણનું કાર્ય તો પ્રકૃતિ કરે છે. એવીજ રીતે જો હિંદુસ્તાનનો તમારે ઉદ્ધાર કરવો હોય તો તમારે એને કોઈ એવો પદાર્થ આપવો જોઈએ કે જેનાથી એનું અંતરનું જીવન સમર્થ થાય, જેનાથી એને શક્તિ પ્રાપ્ત થાય અને એની આંતરિક પ્રકૃતિને સ્ફુર્તિ મળે. આ પ્રમાણે હિંદુસ્તાનની આપત્તિઓનું તમને દિગ્દર્શન કરાવ્યું. હવે આપણે તેને દૂર કરવાના ઉપાયોનો વિચાર કરીએ. જગત એમ સમજે છે, ઘણા ધર્મો એમ માને છે, અને નીતિશાસ્ત્રીઓ એવો ઉપદેશ કરે છે કે આજ્ઞાઓ અને નિયમોથી વસ્તુસ્થિતિ સુધરે છે; પણ નહિ, એમ નથી. આજ્ઞાઓ, બંધનકારી સૂત્રો, આચારના કૃત્રિમ નિયમો અને અવાસ્તવિક નીતિથી વસ્તુસ્થિતિ કદી સુધરશે નહિ. તમારે ફલાણું ન કરવું અને ફલાણું કરવું; એવી આજ્ઞાઓથી કશો સુધારો થતો નથી. આવા નિયમો અને ડહાપણભરી સલાહોથી જો વસ્તુસ્થિતિ સુધરી શકી હોત તો તમારું ધાયદો કરેલું સ્વર્ગનું સામ્રાજ્ય ક્યારનુંય સ્થપાઈ ચૂક્યું હોત અને જે પ્રકારનું જગત હાલમાં તમે જુઓ છો તેવું ન હોતાં સ્વર્ગજ બની ગયું હોત. રાજ્યદંડો અને કારાગૃહોથી તે વસ્તુસ્થિતિ સુધરશે નહિ. હાલ અથવા હવે પછી જગતને કબૂલ કરવુંજ પડશે કે કારાગૃહની અસર સારી થાય છે એમ માનવું એ ગંભીર ભૂલ છે. ધમકી અને દંડથી પાપ થતાં અટકતાં નથી. વસ્તુસ્થિતિમાં વાસ્તવિક સુધારો કરવા માટે તમારે જ્ઞાન, શિક્ષણ અને જીવન્તવિદ્યાનાં મૂળ રોપવાં જોઈએ. લોકો ઘણીવાર એમ કહે છે કે આવી ઝીણી વાતો અને બારીક સિદ્ધાન્તોથી અમારું માથું ન ખાઈ જાઓ, આવા વિચારો કે કલ્પનાઓ અમારી પાસે ન લાવો, પણ સજ્જનો! તમારાપર કોણ સામ્રાજ્ય ભોગવે છે? આ જગતપર કોનું આધિપત્ય છે? કેવળ વિચારોનુંજ. તમારો આંતરપ્રકાશ, અરે, અન્ય કશુંએ નહિ પણ એ આન્તર જ્યોતિજ તમને દોરી જાય છે! માટે કારાગૃહો ન રાખતાં અપરાધીઓને તમારે એ વિષેનું શિક્ષણ આપવું જોઈએ, અને જે દૈવી નિયમ જગતમાં સામ્રાજ્ય ભોગવે છે તેનું તેમને જ્ઞાન કરાવવું જોઈએ. એમ કહેવાય છે કે "જ્ઞાન એ સદ્ગુણ છે." અહા! એ કેવું સુન્દર સત્ય છે. એક બાળક અગ્નિનો સ્પર્શ કરી આંગળીએ દાઝે છે તેનું કારણ શું? કારણ એજ કે "અગ્નિને અડકવાથી દઝાય" એવું બાળકને જ્ઞાન નથી. એને એ સત્ય સમજાશે એટલે ફરી કદી અગ્નિને અડકશે નહિ. એવીજ રીતે લોકોને પણ દૈવી નિયમોથી વાકેફ કરો અને જ્ઞાનનો પ્રકાશ આપો. એજ સાચો ઉપાય છે. આ કાર્યપદ્ધતિ કદાચ બહુજ મંદ લાગશે પણ એજ સૌથી અસરકારક ઉપાય છે. ખ્રિસ્તીઓના નીતિશાસ્ત્રથી કે કાયદા કાનુનથી હિંદુસ્તાન કદી પણ ઉન્નત નહિ થાય. સત્વર પ્રયોજન જ્ઞાનનીજ ત્યાં આવશ્યકતા છે.

અમેરિકનો અને અંગ્રેજોને રહેવાનાં અત્યંત સુંદર અને મોટાં મકાનો હોય છે ત્યારે હિંદુઓને રહેવાને માટે નાનાં મકાન હોય છે એ વાત સાચી છે, પણ સુઘડ, સુંદર, અને

છે કે વેદાન્તના જેવો અદ્વૈત સિદ્ધાન્ત ભૂમંડળના કોઇ પણ શાસ્ત્રમાંથી મળી આવે તેમ નથી. પોતાના શાસ્ત્રોમાં વેદાન્તરૂપી આવું અમૃત ભર્યું છે છતાંએ તેઓ અત્યંત દુઃખી છે, કેમકે એ અમૃતનું પાન કરવાની વિધિ તેઓ ભૂલી ગયા છે. તેઓનું એ જ્ઞાન અત્યારે માત્ર સિદ્ધાન્તમાંજ રહેલું છે. પંડિતો અને શાસ્ત્રીઓ પુસ્તકો વાંચી જાય છે પણ તેમાંના સિદ્ધાન્તને આચારમાં મૂકતા નથી. ઘણાખરા ત્યાગીઓ પણ પોતાને "સ્વામી" કહેવરાવવા છતાં પોતાની જાતપર સ્વામીત્વ ભોગવનારા હોતા નથી અને ઉલટા બાહ્ય વસ્તુઓના દાસ-ગુલામ બની ગએલા હોય છે. બેશક વેદાન્તના ઉપદેશકો અને અધ્યાપકો અનેક જોવામાં આવે છે; પણ તે બધા માત્ર ઉદકસ્થિતિ શાસ્ત્રના કે વાયુસ્થિતિ શાસ્ત્રના યુનિવર્સીટીના પ્રોફેસર જેવા હોય છે. એ પ્રોફેસરો હવામાં બલુન ઉડાડવાના, સમુદ્રમાં વહાણ ચલાવવાના અને પાણીમાં તરવાના સિદ્ધાન્તોને બહુ ઉત્તમ રીતે સમજતા હોય છે; છતાં એકાદ નાનું વહેળીયું પણ તેમણે કદી ભાગ્યેજ પાર કર્યું હોય છે. હિંદમાના ઘણાખરા આચાર્યો અને અધ્યાપકો પણ એવાજ જ્ઞાનવાળા હોય છે. તમે તમારી અનુભવશીલ શક્તિઓ અને વેદાન્તના વ્યાવહારિક સામર્થ્યવડે હિંદુસ્તાનની સેવા બહુ અદ્ભુત રીતે કરી શકો તેમ છો.

કેટલાએક એમ કહે છે કે ઔદ્યોગિક પાઠશાળાઓ અને સંસ્થાઓ સ્થાપવાથી વસ્તુસ્થિતિ સુધરશે; પણ તે એક ભૂલ છે. એવી સંસ્થાઓથી થોડા સમયને માટે કંઈક સુધારો થાય, કિંતુ મુખ્ય આપત્તિ અને સાચાં દુઃખો કંઇ માત્ર કળાકૌશલ્યની પાઠશાળાઓથી દૂર થઈ શકે તેમ નથી. હિંદુસ્તાનના મજુરોને અત્યારે કેટલી થોડી મજુરી મળે છે તેનો તમને ખ્યાલ છે? ઘણા દહાડા મહેનત કરીને એક કુંભાર કેટલાંક માટીનાં વાસણ બનાવી શકે છે, પણ એ વાસણને માટે તેને બહુજ ઓછી મજુરી મળે છે. કોલેજ અને પાઠશાળામાં એમ. એ. અને બી. એ. ની ડીગ્રી લઈ નીકળેલા ઉચ્ચવર્ગના લોકોને પણ પચાસ સાઠથી વધારે પગાર મળતો નથી. એમના કરતાં તો તમારા અમેરિકાના મજુરો પણ વધારે કમાઈ શકે છે. અહીંના મજુરોને દિવસના છ છ રૂપિયા મળે છે. ત્યાંના લોકોનો સાદો ખોરાક, સાદાં કપડાં અને સાદી રહેણીકરણીને લીધે તેમની હાજતો બહુ થોડી હોય છે; તેનું કારણ એ છે કે તે દેશમાં દ્રવ્ય હવે બહુ થોડું રહ્યું છે. ત્યાંનો પૈસો અન્ય દેશમાં ઘસડાઈ ગએલ છે. સીદીઓને માટેની ટસ્કેજી સંસ્થા જેવી સંસ્થાઓ ત્યાં સ્થાપીએ તો બેશક તેથી થોડો ઘણો ફાયદો થાય અને લોકો કાર્ય કરતાં શીખે. પણ લોકોના એ કામકાજનો અને મજુરીનો લાભ કોને મળે તેમ છે એ તમે જાણો છો? ઇંગ્લાંડના દ્રવ્યવાનોનેજ એથી લાભ પહોંચે તેમ છે.

હિન્દુસ્તાનના તમામ મોટા ધંધારોજગાર બહારના વેપારીઓના હાથમાં છે. હિંદુસ્તાનના વેપારીઓ તો માત્ર નામનાજ વેપારી છે. આથી કરીને ઔદ્યોગીક અને બીજી એવી જાતની સંસ્થાઓ ખોલવી એજ કાંઈ સારો અને કાયમનો ઉપાય નથી. અમારે અનેક આવશ્યકતાઓ છે પણ અત્યારની તાત્કાલિક આવશ્યકતા તો એ છે કે ઉચ્ચ અને નીચ જ્ઞાતિઓના જનસમાજને કેળવણી આપવી. તેમનામાં સ્વતંત્રતાનો આવેશ લાવવો અને સત્યના નિઃસ્વાર્થી સામર્થ્યવડે તેમનાં હૃદય સાહસિક બનાવવાં. અત્યારે તો આજ પરમકર્તવ્ય અને આવશ્યકતા છે. અને પ્રસ્તુત શિક્ષણ સાથે ઔદ્યોગિક શિક્ષણની શાળાઓ લાભકારક નિવડે ખરી; પણ કેવળ ઔદ્યોગિક શિક્ષક શાળાઓથી કંઈ લાભ થાય તેમ નથી. કળાકૌશલ્યનું શિક્ષણ એ ગૌણ વિષય છે. અને મુખ્ય આવશ્યક વિષય તો સત્યનું ઉચ્ચતર શિક્ષણ છે. અનેક જાતી ભેદો

હવે આપણે હિંદુસ્તાનની કેળવણી તપાસીએ. ત્યાંના વિશ્વવિદ્યાલયો (યુનિવર્સિટી)માં શું શીખવાય છે? મૃત (ન બોલતી) ભાષાઓ, તાર્કિક તત્ત્વજ્ઞાન, ગણિતશાસ્ત્ર, પ્રાચીન ઇતિહાસ, અવ્યવહાર્ય રસાયનશાસ્ત્ર અને એવાજ બીજા વિષયો શીખવાય છે. કોઈ પણ પાઠશાળા કે વિદ્યાલયમાં અંગ્રેજી ભાષા સિવાય બીજી કોઇ પણ બોલાતી ઉપયોગી ભાષા કે વિષય મુખ્યત્વે શીખવાતાં નથી. અંગ્રેજ અમલદારોના હાથ નીચે લોકોને કામ કરવું પડે છે એટલા માટે અંગ્રેજી શીખવાય છે. ત્યાં ગણિતશાસ્ત્ર શીખવાય છે તેનું ધોરણ અમેરિકાના કરતાં ચઢિઆતું છે. વ્યાવહારિક રસાયનવિદ્યા, વણવાકાંતવાની વિદ્યા, ચિત્રકળા, કુંભાર કામ કે ઇજનેરના કામની શાળાઓ બહુજ થોડી છે. જ્યાં આવી કળાઓના શિક્ષણની ન્યૂનતા છે ત્યાં શસ્ત્રાસ્ત્રકળાની તો વાતજ શી કરવી? લોકોને ઘરમાં હથિયાર રાખવાની છૂટ નથી. ઘરમાં કોઇ મોટી છરી પણ રાખી શકતું નથી. કોઇ પણ જાતનાં હથિયાર રાખનાર કે લઠાયક કસરત કરનારને સજા કરવામાં આવે છે. જે દ્રવ્યવાન હિંદુ કે મુસલમાનો કૉલેજની મોટી ફી આપીને કેળવણી લે છે તેના પરિણામનો તમને આથી કંઇક ખ્યાલ આવશે.

હિંદુસ્તાનમાં હાલમાં કેટલીએક નવીન ધર્મસંસ્થાઓ પણ સ્થાપિત થઈ છે અને તેઓ સુધારણાનું કાર્ય કરે છે. કિન્તુ પૂજ્ય નરવીરો પ્રતિની તેની હદ કરતાં વિશેષ ભક્તિ અને અમુક પ્રમાણોપર અંધશ્રદ્ધાને લીધે પોતાના સંસ્થાપકો જે કહી ગયા તેજ ખરૂં એવો દુરાગ્રહ એમનામાં આવી ગયો છે. દરેક સંસ્થા કે નવીન મત પોતાના વ્યક્તિગત વિચારોથી પોતાનો પ્રદેશ સંકુચિત બનાવી દે છે. પોતાના વિદેહસંસ્થાપકોનાં વાકયો અને કાર્યોને પ્રસંતિનાં જીવંત સાધનો ન બનાવતાં તેઓ એજ ઉપદેશોને મર્યાદાના રૂપમાં સંકુચિત કરી નાખે છે. આવી રીતે સુધારણાનો પોકાર કરતી સંસ્થાઓ પણ પડી ભાગે છે.

હિંદુસ્તાનનો વ્યાધિ તમારી સમક્ષ રજુ કર્યો છે. હવે એ વ્યાધિ કેવી રીતે દૂર કરવો એના સંબંધમાં તમને કહેવું જોઇએ. 'રામ' કહે છે કે તમે હિંદુસ્તાન માટે સહાનુભૂતિ દર્શાવો. એજ મુખ્ય આવશ્યક વસ્તુ છે. પહેલાં તો અમારે એજ જોઇએ છીએ કે તમે અમારા દેશ માટે લાગણી ઉત્પન્ન કરો. હિંદુસ્તાન માટે સહાનુભૂતિ દર્શાવી એનું કાર્ય ઉપાડી લો તો સમસ્ત કાર્ય સફળ થશે. "જ્યાં ઇચ્છા છે ત્યાં કાર્ય છે." એ નિયમ પ્રમાણે તમે પણ હિંદુસ્તાન માટે કોઇ પણ કાર્ય કરવાની ઇચ્છા રાખો. માનવજાતિના કલ્યાણની વૃદ્ધિ કરવા માટે તમે હિંદુસ્તાનને માટે કોઈ પણ કાર્ય કરવા ખુશી છો? શું તમે હૃદયપૂર્વક હિંદુસ્તાનને ચ્હાશો? અધઃપાત પામેલી જાતિ માટે તમે તમારા જીવનનો ભોગ આપવા રાજી છો? એ દેશને માટે તમે તમારાં જીવન અને સમય ગાળવા પ્રસન્ન છો? ત્રીશ કરોડની વસ્તી એટલે જગતની વસ્તીનો એક મહાન ભાગ થઈ જાય છે. આપણે એમને શિક્ષણ આપીને તેમની શક્તિઓને નિયમિત કાર્યમાં યોજી શકીએ એમ છીએ. આ ત્રીશ કરોડ મનુષ્યો તમારી સાથે કાર્ય કરવા મંડી પડે; એ ત્રીશ કરોડ લોકો તમારી સાથે એકજ દિશામાં પ્રયત્ન કરે; તમારી પેઠેજ તેઓ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરતાં શીખે; તો શું તમને એથી અદ્‌ભુત સાહાય્ય નહિ મળે? વ્યર્થ ચિન્તામાં તેમની શક્તિઓનો દુરુપયોગ થતો અટકે અને એ શક્તિઓ ઉન્નત વિચારો પાછળ ઉપયોગમાં આવે તો હિંદુસ્તાનની વિશાળ વસ્તીમાંથી અમેરિકાના અનેક ઍડીસન અને ફ્રાન્કલિન ઉત્પન્ન થાય તેમ છે. હિંદુસ્તાનની શક્તિનો આમ સદુપયોગ કરવાથી શું સમસ્ત જગત દ્રવ્યવાન નહિ બને? જગતને ધનિક બનાવવા માટે, તમારા બન્ધુઓને સાહાય્ય કરવા માટે, તમારી જાતને મદદ કરવા માટે,

આત્મનિષ્ઠા અને સ્વમાનનો ઉપદેશ કરો. "ઉત્કર્ષનું રહસ્ય" એ નામનું 'રામ'નું વ્યાખ્યાન તમે સાંભળ્યું છે? એમાં દર્શાવી આપ્યું છે કે ઉત્કર્ષ પ્રાપ્ત કરવાની ખરી કુંચી વ્યાવહારિક વેદાન્ત છે. એ વેદાન્તનો અનુભવ કરો. તમે પોતે એને આચારમાં મૂકીને પછી ત્યાં જશો એટલે તમારે ઉપદેશ આપવા માટે હોઠજ નહિ ઉઘાડવા પડે. તમારૂં શીળ, તમારો આચાર, તમારી રીતભાતથીજ તેઓને શિક્ષણ મળશે.

હિંદુસ્તાનમાં જે લોકો જાય તેમના મનપર એક મુખ્ય અને અતિ ઉપયોગી અસર એ કરવાની છે કે તેઓએ હિંદુઓમાં સાહસિક વૃત્તિનો ઉદ્‌ભવ કરાવવાની આવશ્યકતા છે. એ નિર્ધન લોકોને વિશાળ વિશ્વનું ભાન નથી, તેથી તેઓના વિચારો પણ વિશાળ હોતા નથી. તેઓ પોતાની સંકુચિત જીવસૃષ્ટિમાં ભરાઈ પડેલા અને પોતપોતાના વાડામાં પૂરાઇ રહેલા ક્ષુદ્ર જીવો છે. જડ ઘાલી બેઠેલાં જ્ઞાતિબંધનોને લીધે કોઇ પણ હિંદુ હિંદુસ્તાનની બહાર ગમન કરી શકતો નથી. વિદેશગમન કરવું અને વ્હાણપર ચઢવું એ ધર્મની મતાંધતાથી વિરુદ્ધ ગણાય છે. થોડા ગણ્યાગાંઠયા હિંદુઓ જે હાલમાં ઇંગ્લંડ જઇને બૅરીસ્ટરની કે એવી કોઇ પદવી લઇ આવીને ત્યાંની કૉર્ટમાં વકિલાત કરે છે, તેઓએ એ અભ્યાસમાં હજારો રૂપીઆ ખર્ચ્યા હોય છે. આવી ધર્માંધતામાંથી તેઓએ હિમ્મતભર્યું બહાર નીકળવાનું કર્મ તો કર્યું હોય છે, પણ એ કેળવણી લઇને તેઓ દેશનું કોઇ પણ જાતનું શ્રેય કરતા નથી. સીધી કે આડકતરી રીતે પોતાની કમાણી વધારવા માટે કૉર્ટના મુકદ્દમા વધારવાના પ્રયત્નો તેઓ કરે છે; અને એટુતો જેવા ગરીબ અસીલોના પૈસા લૂંટીને એ દ્રવ્યનો ચીની કાચનાં વાસણો કે અંગ્રેજી ફૅશનનાં ચિત્રો કે એવીજ કોઇ વ્યર્થ મોજશોખની ચીજો ખરીદવામાં અથવા તો દારૂના શીશા ખરીદવામાં ઉપયોગ કરે છે. વિદેશ જઇને કેળવણી પામેલો વર્ગ આમ ઉલટો દુરાચાર વધારી દેશને ખરાબ કરે છે. મજૂરી કરીને ગુજરાન ચલાવતા ગરીબ વર્ગની મૂઠીમાંથી લૂંટી લીધેલા દ્રવ્યનો આ કેવો મહાન દુરુપયોગ છે? આથી એ ગરીબ લોકોમાં કલહ વધે છે અને તેમની કચેરીનો તો અંત આવતોજ નથી. તેઓની ગરિબાઈ વધે છે અને એનો એજ ભૂખમરો બમણા જોરથી તેમને પીડે છે.

હિંદુઓમાં જાપાનીઓના જેવી સાહસિક વૃત્તિ ઉત્પન્ન કરવાની અત્યંત આવશ્યકતા છે. જાપાનના વિદ્યાર્થીઓ માત્ર સ્ટીમરના ભાડા જેટલું દ્રવ્ય લઇનેજ અમેરિકામાં આવે છે. અમેરિકાનાં ગૃહસ્થ કુટુંબોમાં નોકરો તરીકે રહી અથવા તો શાળાઓમાં નજીવું કામકાજ કરી તેઓ પોતાના ગુજરાનનો બંદોબસ્ત કરી લે છે અને આવી રીતે અમેરિકામાં થોડાં વર્ષો અભ્યાસ કરી, ખીસાં દ્રવ્યથી ભરપૂર ભરી, મગજ જ્ઞાનથી તર કરીને તેઓ જાપાન પાછા જાય છે.

હિંદુઓ જ્ઞાતિબંધન જેવા દૂષણના એવા તો ગુલામ બની ગયા છે કે એ વ્હેમનો ત્યાગ કરવાનું તેમને શિક્ષણ અને સામર્થ્ય આપવું જોઇએ. પોતાના બાપદાદાના દેશનો ત્યાગ કરવો એ ત્યાં અધર્મીપણું ગણાય છે, અને એ માન્યતાને લીધે તેઓ એ દેશમાંજ જકડાઈ ગયેલા છે. સમયની સાથે સાનુકૂળ રહેવા અને જમાનાને અનુસરીને ચાલવા માટે આપણે તેમને વિદેશગમન કરી ત્યાં નિવાસ કરતાં શીખવવું જોઇએ. યુરોપમાંથી આવીને લોકોએ અમેરિકામાં નિવાસ કર્યો છે, અને એજ લોકોએ આ અમેરિકાને એવો તો ઉન્નત બનાવી દીધો કે યુરોપ તો પાછળજ રહી ગયો છે.

હિંદુઓ પણ એવીજ રીતે વિદેશનિવાસ કરે તો તેઓ પોતે સુખી થાય; હિંદુસ્તાનની

યાંત્રિક અને એવીજ બીજી ઉપયોગી વ્યાપારકળાનું અહીંની કળાવિજ્ઞાનની પાઠશાળાઓમાં શિક્ષણ લઈ શકે? તેમને શિક્ષણ આપો; વણવાકાંતવા જેવા બીજા ઉપયોગી ઉદ્યોગોનું તેમને જ્ઞાન આપો. અહીંયાં ફંડ ભેગું કરીને હિંદુઓને અભ્યાસ કરવા બોલાવો. અમેરિકામાં શિક્ષણ પામેલા હિંદુઓ સ્વદેશ પાછા ફરીને હિંદુસ્તાનમાં એ ઉદ્યોગવિદ્યા પાઠશાળાઓ-વિશ્વવિદ્યાલયો ખોલશે. ત્યાંના ગરીબ વર્ગની રહેણીકરણીથી તેઓ પરિચિત છે; તેઓની ભાષા તેઓ જાણે છે; તેઓના રીત રિવાજનો તેમને માહિતી છે; અને અહીંના અમેરિકન પ્રૉફેસર ત્યાં જઈને કાર્ય કરે તેના કરતાં એ કેળવણી પામેલા હિંદુઓ વિશેષ સારૂં કાર્ય કરી શકશે. અમેરિકન પ્રૉફેસર તો માત્ર ઉચ્ચ કે ધનિક વર્ગ-જેણે અંગ્રેજી ભાષાનું શિક્ષણ લીધું હશે તેમનેજ શીખવી શકશે. પણ ગરીબ વર્ગ અંગ્રેજી જાણતો નથી, એ ગરીબોને કેળવણી આપવા માટે તેઓની રીતભાત અને ભાષા જેને આવડતી હોય એવા લોકોની આવશ્યકતા છે. હિંદુઓનો ઉદ્ધાર કરવાનો આ અત્યંત આબાદ ઉપાય છે. એજ સાચો અને સરળ માર્ગ છે.

સ્વતંત્ર અમેરિકાના કિનારાપર ઉતરીને હિંદુઓ જ્યારે ગોરા સત્પુરુષોને તેઓની સાથે સહૃદય હસ્તસંમેલન કરી તેનો સત્કાર કરવા તૈયાર થઈ રહેલા જુએ છે તે ક્ષણેજ તેઓનો ભય દૂર થાય છે. ગોરી ચામડીવાળો મનુષ્ય તેને ડરામણો લાગતો નથી, તેની આત્મનિષ્ઠા જાગૃત થાય છે; માયાની જાળ વિખરાઈ જાય છે; સ્વતંત્રતાનો આવેશ સ્વાભાવિક રીતેજ એનામાં ઉભરાઈ પડે છે. અમેરિકામાં શિક્ષણ પામેલા હિંદુ ગ્રેજ્યુએટો હિંદુસ્તાનમાં જઈને કર્મમાર્ગના મિશનરીઓ-વ્યાવહારિક ઉપદેશકો થાય અને પોતાની માતૃભૂમિમાં સ્વતંત્રતાની મૂર્તિઓ બને એમ આપણે ઈચ્છીએ છીએ. હિંદુઓજ પોતે પોતાના દેશમાં વ્યાવહારિક વેદાન્તનો પ્રચાર કરે એ ઈષ્ટ છે. આવી રીતે જ્યારે અંતરનો ઘા રૂઝાશે એટલે ભિંગડું એની મેળેજ ઉખડી પડશે. (અજ્ઞાન એ ઘા છે અને જ્ઞાતિબંધનો એ ભિંગડું છે.) જ્યારે તેઓને આવું શિક્ષણ મળશે ત્યારે અન્ય મુશ્કેલીઓ તો પોતાની મેળેજ સ્વાભાવિક રીતે દૂર થઈ જશે. થોડા ગ્રેજ્યુએટોને તમે અહીં બોલાવીને બે ત્રણ વર્ષ સુધી તેમને શિક્ષણ આપો તો તેઓજ ત્યાં પાછા જઈને અનેક જાતના વ્યાપારનો આરંભ કરે; પોતાને અને પોતાના દેશને ઉપયોગી અનેક કાર્યની શરૂઆત કરે; અને ગરીબ વર્ગનો ઉદ્ધાર કરવાના ઉપાય યોજે.

આ ઉદાત્ત કાર્ય અમેરિકાનો એકજ ધનવાન પુરુષ ઉપાડી લે એવું છે; એકજ અમેરિકન ઉદ્યોગપતિ એમ કહી શકે એમ છે કે "હિંદુ ગ્રેજ્યુએટોને અમેરિકાની યુનિવર્સિટીમાં શિક્ષણ આપવાના ખર્ચ માટે હું દસ લાખ ડોલર (૧ ડોલર=આશરે ૩ રૂપિયા) આપવા તૈયાર છું." તમારામાંનો એકજ સજ્જન અત્યારે માત્ર ૧૦૦૦૦૦ ડોલર દેવા તૈયાર થાય અને એ ઉદાત્ત કાર્ય ઉપાડી લે તો, એ ગરીબ હિંદુઓને શિક્ષણ આપવાની ઉદાર શિષ્યવૃત્તિઓ (સ્કૉલરશિપ)ની અમેરિકામાં યોજના કરી શકાએ. અમેરિકાનાં વર્તમાનપત્રોને, અમેરિકાનાં નિવાસીઓને અને અહીંના પ્રત્યેક મહાજનને 'રામ' અર્પણ કરે છે-અપીલ કરે છે. તમારામાંનો એકજ મનુષ્ય આગળ આવીને આ ધર્મકાર્ય ઉપાડી લેવા બહાર પડે તો તેથી તેણે સમસ્ત જગતને આશ્ચર્ય કર્યા સમાન છે. અહીં હજાર ગૃહસ્થોમાં ક્યાં છે કે કોઈ એવો અતિશય ધનવાન ન હોય તો શું તમે તમારા તમારી ભેગી રકમથી કે ચળવળથી એવું ન કરી શકો? તમારા કરોડપતિ મિત્રોને 'રામ'ની મુલાકાત લેવાની ભલામણ ન કરી શકો? કદાપિ હજારોની રકમ તો તમે ન ભરી શકો,

ક બદામ કે પાઈ પાઈ જારીને પણ તમે મોટી રકમ એકઠી ન કરી શકો ? 'રામ'ના ન્નત વસ્ત્ર પૂરાં પાડવાને માટે આ અપીલ નથી, પોતાના અંગત સ્વાર્થ કે ઉપ- માટે જો કોઈ પણ શબ્દ આ હોઠમાંથી નીકળે તો તેનો નાશ થજો, આ તો જેવું ં તેવુંજ તમારૂં પોતાનું કાર્ય છે. 'રામ' તો જેવો હિંદુ છે તેવોજ અમેરિકન . આ વિશાળ વિશ્વ મારી પર્ણકુટી છે અને પરહિત સાધવું એ ધર્મ છે. શ્રી કૃષ્ણના જેટલોજ ઈસુખ્રિસ્ત 'રામ'ને હૃદયપ્રિય છે. શંકરાચાર્યના બુદ્ધ ભગવાનને એ માન આપે છે. 'રામ' કોઈ અમુક જાતિ કે જ્ઞાતિની વ્યક્તિ રામ' તમારો છે; સત્ય તમારૂં છે. સત્ય, ન્યાય, માનવજાતિ અને અમેરિકાના યને ખાતર તમને આ હિંદુસ્તાનને માટે સહાનુભુતિ દર્શાવી તેને સાહાય્ય કરવા પડવાની વિનતિ કરે છે. બોલો, તમે શું કરવા ખુશી છો ? કોઈ લેખિનીથી લેખ જનસમૂહને આકર્ષી શકે તેમ છે, તો કોઈ વાણીથી વ્યાખ્યાનો આપીને પ્રજાને સેવા તૈયાર કરી શકે તેમ છે. કોઈ શારિરીક પરિશ્રમથી સાહાય્ય કરી શકે એમ છે, તો કોઈ થેલી દ્રવ્યની મદદ કરી શકે એમ છે. વ્હાલા અમેરિકનો ! બોલો, તમે કઈ રીતે સેવા આ ધર્મકાર્ય ઉપાડી લેવા તૈયાર થાઓ છો ? સાહાય્ય કરવાના અનેક માર્ગમાંથી તમે ાગ સ્વીકારી લ્યો. છો ? ધનવાનોએ ધન આપવું જોઈએ; કર્મવીરોએ હિંદુસ્તાનમાં જનસમુહમાં હળીમળી તેઓને શિક્ષણ આપવું જોઈએ; કેક ભગીની જેવી જ્ઞાતિમાં ભળીને કાર્ય કરવું જોઈએ. વાણીવિલાસી બુદ્ધિમંતોએ પોતાના ધનવાન વાતચીતથી સાહાય્ય આપવા તૈયાર કરવા જોઈએ. વર્તમાનપત્રોના અધિપતિઓએ લેખિનીથી મદદ કરવી જોઈએ. જે લોકો આ વિષયમાં સાહાય્ય કરવા તૈયાર હોય, આ ત્રુટિ ઉપાડી લેવા જેને ઇચ્છા હોય, જેઓ પોતાના આત્માપ્રતિ પ્રેમ ધરા- વ તેઓએ કૃપા કરીને 'રામ'ની પાસે આવીને પોતે જે કાર્ય કરવા તૈયાર હોય તાના હાથથીજ લખીને એની સાથે પોતાનાં નામ ઠામ આપી જવા વિનતિ છે. એને દ્રવ્યની સહાય્ય આપવી હોય તો તે દ્રવ્ય એક ટ્રસ્ટીઓના મંડળને હસ્તક માં આવશે. એ ટ્રસ્ટીમંડળ અમેરિકાના લોકોનુંજ બનશે. તમે એ સિવાય કોઈ ભિન્ન રીતેજ કાર્ય કરવા ઇચ્છતા હો તો તમારી એ કાર્ય કરવાની પદ્ધતિ અને રીત- જાણી લઈને તેવી રીતે કાર્ય કરવાના વ્યાવહારિક ઉપાય લેવામાં આવશે. પણ તમારે વું છે તે પહેલા 'રામ'ને જણવું જોઈએ. 'રામ'ની આ હિંદુસ્તાનને માટે અમેરિકાને —આરજ—છે. કેવળ તટસ્થપણેજ 'રામ' આ અપીલ કરે છે. આમાં 'રામ'નો જરાએ સંબંધ નથી. 'રામ' તો સર્વત્ર સ્વતંત્ર-મુક્ત-છે. એને કોઈ પણ જાતનું બંધન આ બધું વિશ્વમંડળ 'રામ'નું છે. 'રામ' તેની ઇચ્છા પ્રમાણે ગમે ત્યાં નિવાસ સમર્થ છે. પણ ઓ પ્રેમમૂર્તિઓ ! નિહાળો, દષ્ટિ ઉઘાડો; હિંદુસ્તાન તમારા ચરણ તમે શિર છે. એ ચરણની સંભાળ લ્યો. પગમાં પીડા થતી હશે તો તમે પણ હિંદુઓનાં ભૂખ્યાં શરીરના રૂપમાં પ્રભુ પોતે તમારી સમક્ષ હાજર છે; તેને ભોજન આપો. હિંદુઓનાં નવસ્ત્રાં શરીરના રૂપમાં પરમેશ્વર ા ઉભો છે, તેને ઢાંકો. ભિખારી અને મજીઆ વેશમાં ઈશ્વર પોતેજ કંગાલ બનીને છે. તમારો પ્રેમધર્મ, ખ્રીસ્તિધર્મ, એજ ધર્મ ઇત્યાદિ સાક્ષુક્ષિક ખ્રીસ્તવની શ્રુતિથી તક મળે, રો ઉદ્ધાર થાય, તેટલા માટેજ તેઓનો અધઃપાત થયો છે. ઉચ્ચ ભૂમિકા અને

ઉદાત્ત પ્રયત્નોને કેળવવાનો આવો સદ્‌ભાગી પ્રસંગ પ્રાપ્ત થયો છે તેટલા માટે જે ગ્રહમાં તમે જન્મ્યાં હો તેનો અતિશય આભાર માનજો. આ તકનો પ્રસન્ન ચિત્તથી-ઉલ્લાસમય વદને લાભ લ્યો અને હિંદુઓને બનતી સાહાય્ય કરો.

અમેરિકાના લોકો ચીન અને જાપાનના લોકોને શિક્ષણ આપે છે; રેડ ઇંડિયન (અમેરિકાના મૂળવતની) અને હબસીઓને કેળવણી આપે છે; પશુઓ પ્રતિ દયા દર્શાવવામાં પણ તેઓ જીવતોડ પરિશ્રમ કરે છે. અમેરિકા! આ હિંદુઓ તમારી સમક્ષ ઉભા છે; એ તમારાંજ રક્તમાંસ છે. આ આર્યો તમારા પોતાના જાતભાઇઓ છે; એ હિંદુઓ કુશળ, માયાળુ, અને વિશ્વાસુ છે; તેમની સંભાળ લ્યો.*

ૐ ૐ ૐ



* આ ભાષણ મૂળ અમેરિકામાં [illegible] હતું, અને ૧૯૦૩ ના [illegible] [illegible]

[illegible]

[illegible]

३२–हिमालयनां दृश्यो.

ગંગોત્રી

સપ્ટેમ્બર–૧૯૦૧.

પવિત્ર ગંગા 'રામ'નો વિરહ ન સહી શકી. માત્ર એકજ માસના વિયોગ પછી તે પોતાની પાસે 'રામ'ને આકર્ષી લાવવામાં વિજયી થઈ. એટલું જ્ઞાન છતાંયે જ્યારે તેનો સંયોગ થયો ત્યારે મીઠાં હર્ષાશ્રુ વહેવરાવવા મંડી. ગંગોત્રીના ઉદ્‌ગમ પાસે ન્હાની ગંગાના વધતા જતા સૌંદર્ય અને રમતિયાળ ગેલનું કોણ વર્ણન કરી શકે ? ધવલ ગિરિશૃંગો અને નિર્દોષ દેવદારુ વૃક્ષ જેવાં એનાં સહચારીઓનો સીધો સાદો સ્વભાવ અત્યંત પ્રશંસનીય છે. વૃક્ષો તો ખાસ કરી ફારસી કવિઓની પ્રેયસી–સનમની સાથે ઉંચાઈમાં સ્પર્ધા કરે તેવાં છે; પણ એની સુખકર સુગંધ ચિત્તને ઉત્તેજિત, ઉલ્લસિત અને ઉન્નત કરે છે.

અહીં કેવું પ્રત્યક્ષ પ્રતીત થાય છે કે પરમાત્મા પત્થરોમાં પણ સુપુપ્ત છે; લતાઓમાં શ્વાસ વહન કરે છે; પ્રાણીઓમાં હલનચલન કરે છે; અને મનુષ્યોમાં ચૈતન્યરૂપે જાગૃત રહે છે.

યાત્રાળુઓ યમુનોત્રીથી ચાલીને ગંગોત્રીએ, લગભગ દશ દિવસ પછી પહોંચી શકે છે. 'રામ' યમુનોત્રી છોડયા પછી ત્રણ દિવસમાંજ ગંગોત્રી આવી પહોંચ્યો હતો. કોઈ પણ પ્રવાસીએ હજુ સુધી કદી ન જોયો હોય એવા માર્ગે એણે પ્રવાસ કર્યો છે. પર્વતવાસીઓ એને છાયામાર્ગ કહે છે. પર્વતની નિર્જન ગુહાઓમાં એણે ત્રણ રાત્રિઓ ગાળી હતી. માર્ગમાં કોઈ પણ ઝુંપડી કે મકાન નહોતું દેખાયું. આખી મુસાફરીમાં કોઇ પણ બે પગવાળો જીવ નહોતો મળ્યો.

આ માર્ગને છાયામાર્ગ એટલા માટે કહેવામાં આવે છે કે હંમેશાં ત્યાં છાયાજ રહે છે. છાયા એટલે શું વૃક્ષોની છાયા ? નહિ; બિલકુલ નહિ. આવી બેહદ ઉંચાઇ અને શરદ્ વાયુમાં બિચારાં વૃક્ષ ક્યાંથી નભી શકે ! ઘણુંખરૂં આ માર્ગ મેઘમંડળથીજ છવાઈ રહે છે. યમુનોત્રી અને ગંગોત્રી પાસેનાં ગામડાંના ઢોર ચારનારાઓ લગભગ સાલભરમાં એકાદ બે માસજ પોતાના ઢોર અહીં લાવીને રહે છે. બંદરપુંછ અને હનુમાનમુખ નામનાં બે હિમાચ્છાદિત શિખરો કે જે બે ભગિની સરિતાઓનાં ઝરણોને જોડે છે તેની પાસે એ લોકો અકસ્માત્ મળી ગયા. આમ એમની પાસેથી માર્ગની માહિતી મળી.

પુષ્પો તો અહીં એટલાં બધાં છે કે રાપળો માર્ગ સુવર્ણરંગી શેત્ર જેવો માલૂમ પડે છે. પીળાં, આસમાની અને જામલી જંગલી ફૂલોનો તો પારજ નથી. અનેક પ્રકારનાં કમળો અને ગુલાબો; ગુગલ, લોબાન, મમીરા, મીઠા તેલીયા, સાલમમિસરી, અને એવા અનેક બીજા ઔષધિના છોડવાઓ ! કેસર, ઇત્રસૂ, અને એવાં અનેક સુગંધિમય દ્રવ્યોની મીઠી મધુરી સુગંધ; સાકળથી ભરેલી કટોરીવાળાં પદ્મકમળ; આ સર્વ મનોહર સાધનો આ પર્વતોને જગત અને સ્વર્ગના શાસનકર્ત્તાનું પ્રમદ ઉપવન–નંદનવન–બનાવે છે.

રંગ ! રંગ ! હો રંગ ! પ્રેમસીમા મન હારી, ભાયા પરમ વિરાટ તમારી છે ઉપકારી;

સુંદરતાનો ભેદ ભર્યો છે જેમાં પૂરો, જોયો પ્રકૃતિપરે અધિક અધિકાર તમારો:
આ ભાષાનું રૂપ જગત પ્રભુને ભાવે છે ! એજ પ્રભુના અમિત હર્ષને પ્રકટાવે છે !

"ગોલચંદ્ર*"કા જોબન ફુટ ફુટ કર નીકલ રહા હૈ ! ચારો તરફ સૌંદર્ય સૌંદર્યજ વરસી રહ્યું છે ! જ્યાં જુઓ ત્યાં મરુદ્ગણ ખેલી રહ્યા છે; જે મળે છે તેને ચુંબન કરે છે. તાજાં તાજાં ફૂલોને તો ખાસ ચુંબન કરે છે. કોઇ કોઇ ઠેકાણે તો એ સુગંધનો મકરંદ વાયુલહરિમાં ગૂંથાઇને 'રામ'ને એવો તો સ્પર્શ કરે છે કે જાણે મધુર મનોહર આનન્દદાયક ગાન ! મુગ્ધ પ્રેમીઓનાં સંયોગ વિયોગજન્ય અશ્રુ જેવો વનોદ્યાનમાં વહન કરતો મીઠો મધુરો મકરન્દ ! આ રાક્ષસી પર્વતોના શિખરોપરનાં આ મનોહર ખેતરો સુશોભિત શેતરંજી જેવાં ભાસમાન થાય છે ! આ શું દેવતાઓનાં ભોજનાલય છે કે નૃત્યભૂમિ ? કલકલ કરતાં ઝરણાં અને કરોએ ભેખડોમાંથી ભાગી પડતી નદીઓ, એ બન્ને આ દિવ્ય દશ્યોમાં વૃદ્ધિ કરે છે. કોઈ કોઈ શિખરપર તો દૃષ્ટિ તદ્દન સ્વતંત્રતા ભોગવે છે; તેના દૃગવિસ્તારમાં જરાયે વિઘ્ન નથી પડતું. નિર્ભયતાથી સર્વ દિશામાં દૂર સુધી ચાલી જાય છે. નથી તો એના માર્ગમાં કોઈ સ્થૂલ પત્થર આવતો કે નથી આવતું કોઈ ઘન મેઘમંડળ ! કોઈ કોઇ શિખરવરોને તો ઘનચ્છેદી અને નભભેદી બનવાનો એટલો તો ઉત્સાહ છે કે તેઓને પ્રતિબંધ શું એની ખબરજ નથી ! તેઓ અતિ ઉચ્ચ ગગનમંડળમાં લુપ્ત થઇ ગયાં છે !

અભિમાની પર્વતોના મહાન મહિમાનું વર્ણન કરતાં કરતાં પ્રાતઃકાળનાં મણિમય ઝાકળને પણ આપણે ભૂલી ન જવું જોઇએ. એણે પણ માર્ગમાં અમને થોડા આકર્ષિત નથી કર્યા. પેલા કમળદલપર ચોંટી રહેલું ચંચળ, ચપળ જળબિન્દુ મનુષ્ય જીવનનું કેવું ઉત્તમ ચિહ્ન છે ! નાનું છે; ચપળ છે; છતાં કેવું નિર્મળ અને ચમકીલું છે ! એના હૃદયમાં પ્રકાશનો પ્રકાશ-ज्योतिषां ज्योतिः આત્મન્ સદાનંદનો સૂર્ય પ્રતિબિમ્બિત છે ! અરે મનુષ્ય, શું તું એ નાનામાં નાનું જળકણ છે ? તું તે નાનામાં નાનું જળબિન્દુ છે કે અનન્ત રવિ રાજે છે ? ખરેખર-તું નાનું જળબિન્દુ નહિ પણ ज्योतिषां ज्योतिः-સૂર્યોનો સૂર્ય-છે. બધા વેદ અને 'રામ' એમજ કહે છે. એતો નિઃસન્દેહ છે કે પ્રકાશિત તેજ આ રમણીય દિવ્ય સ્થાનોમાં જ્યોતિ અને જીવન રેડે છે. ઉપર, નીચે, અહીંતહીં, અને સર્વત્ર તારૂંજ પ્રકાશસ્વરૂપ વિરાજે છે ! તુંજ એ સત્તા છે કે જે કોઈ પણ પરિમાણની પરવા ન કરતાં નાનાં મોટાં બધાંની પાસેથી કામ લે છે. રસીલી ઉષાને આનંદી હાસ્યો તથા મનોહર પુષ્પને મધુરી પ્રભા તુંજ પ્રદાન કરે છે !

અર્ધ રાત્રિનું તારકમંડળ શું ચમકીલું, ઉષઃકાળનું ઝાકળ બિન્દુ કેવું રસીલું;
જે સુંદરતા ભરી સ્વચ્છ આ અંશ વિભાગે, એ સૌ તારૂં પ્રતિબિમ્બ પ્રભુ દિવ્ય સુહાગે.
તારાપતિ શુભ ચન્દ્ર રાત્રિએ વિકસે તે તું, સંધ્યા જ્યોતિ અને ઉષાની લાલીયે તું;
જે જે શોભનરૂપ પ્રકાશિત ભાસે જગતે, તારી અદ્ભુત કળા બધીએ ખીલી વિગતે.
પ્રતિ કણે-ને જગત મંડળે કીર્તિ તારી, દ્રવ્ય બધાં દે સાખ, અહીં છે વિશ્વવિહારી."

બાલ કૃષ્ણચંદ્ર-ગોલચંદ્રને એવી ટેવ હતી, કે ગોપીઓનાં દહીં માખણ ચોરી ચોરીને નતાં ખાઇ જાય, અને વધ્યા ઘટયાને થોડું બહાર લાવી વાછરડાંનાં મોંપર ચોપડી આથી એ બિચારાં મૂગાં પ્રાણીને ઘરની મુગ્ધ ગોપિકાનો માર પડતો; અને એ વ્હાલો

* શ્રીકૃષ્ણચંદ્રને કેટલીકવાર રામ "ગોલચંદ્ર" કહેતા.

બાલચંદ્ર ચૂપચાપ નિર્દોષ રહી છટકી જતો! આવીજ રીતે આત્માનો આત્મા પણ જે ઇચ્છે છે તેજ કરે છે. વાસ્તવિક દૃષ્ટિએ તો નટવર 'રામ'નીજ એ લીલા છે. એ અદ્ભુત માયાવીજ અહંકાર લાવી જગમાં ઉતરે છે—જોખમદાર બને છે. પછી એ માખણચોર કૃષ્ણને તોફાની કહો, નટખટ કહો કે નિર્દોષ કહો; પણ વાચક, તમે પણ તેજ છો. બાજીગર હો કે જાદુગર હો પણ તમે પોતેજ 'રામ' છો. જે કાંઇ છે તે તમેજ છો, તમેજ સર્વમાં વર્તી રહ્યા છો, તમેજ વિશ્વંભર છો. આ એકલા બીજા શરીરરૂપી નાના દ્વીપમાંજ કાંઇ તમે પૂરાઈ રહેલા નથી; તમારો આત્મા આ અહંકાર નથી; તમે કોઇ ક્ષુદ્ર જીવ નથી; તમે તો અગાધ મહાસાગર છો.

(બાહ્યરૂપમાં મોહિત થનાર નેત્રોને માટે) 'રામ'નું વર્તમાન નિવાસસ્થાન એક સુદૃઢ આનન્દદાયક પહાડી કુટિ છે. એની આસપાસ લીલી લીલી અને નિર્જન પ્રાકૃતિક વાટિકા છે. અહીંથી ગંગાનું એક સુરમ્ય દૃશ્ય દેખાય છે. નારાયણ અને તુલારામ અન્ય સ્થળે રહે છે. અહીં રામતુલસી બહુ ઉગે છે. ચકલીઓ અને બીજાં પક્ષીઓ દિનભર મનમાનતો કલરવ કર્યા કરે છે. અહીંની હવા નિરોગી છે. ગંગીનું ગાન અને પક્ષીઓનું ગુંજન અહીં સર્વદા સ્વર્ગીય ઉત્સવ બનાવે છે. ગંગાની ઘાટી અહીં બહુજ વિસ્તીર્ણ છે. ગંગા મેદાનમાં વહેતી હોય એમ અહીં જણાય છે. પ્રવાહ બહુ વેગભર ચાલ્યો જાય છે તોપણ 'રામે' એને અનેકવાર પાર કરી છે. કેદાર અને બદરિ અનેકવાર 'રામ' બાદશાહને નિમંત્રણ કરી ચૂક્યાં છે; પરન્તુ વ્હાલી ગંગીને વિયોગના વિચાર માત્રથી પણ અત્યંત દુઃખ થાય છે અને એનો મુખચન્દ્ર મલિન થઇ જાય છે. 'રામ' એને ઉદાસ કરવા નથી ઇચ્છતો, તેમ તેને નિરાશ કરવાનું પણ ઠીક નથી લાગતું.

સુમેરુ

જ્યારે 'રામ' યમુનોત્રીની ગુફામાં રહેતો હતો ત્યારે એનું ચોવીસ કલાકમાં એકવાર ભોજન રાજગરો અને બટાટાનું થતું હતું. આથી અજીર્ણ થયું; ત્રણ દિવસ સુધી રોજ સાત સાતવાર શૌચ જવું પડતું. આ અસ્વસ્થ અવસ્થાને ચોથે દહાડે પ્રાતઃકાળે ગરમ ઝરણામાં સ્નાન કરીને સુમેરુની યાત્રા કરવા 'રામ' નીકળી પડયો. સાથે કૌપીન સિવાય ન તો કાંઈ વસ્ત્ર, નથી ઉપાન, નથી પાઘડી, કે નથી છત્રી. પાંચ લાપક પહાડી, બહુજ ગરમ કપડાં પહેરી સાથે થયા હતા. નારાયણ અને તુલારામને 'ધરસાલી' ચાલ્યા મોકલી દીધા હતા.

શરૂઆતમાં અમારે નાની યમુનાને ત્રણ ચાર વાર ઉતરવી પડી હતી. આગળ જતાં પીસ્તાળીસ વાર ઉંચો અને દોઢ ફર્લાંગ લાંબો એક બરફનો પ્રચંડ ઢગલો જોવામાં આવ્યો; એનાથી યમુનાની ખીણ રોકાઇ રહી હતી. બન્ને બાજુ બે ભિંતોની પેઠે પર્વત ઉભા હતા. શું એમણે અંદર અંદર સંપ કરી રાખ્યો છે કે 'રામ' બાદશાહને આગળ ન જવા દેવો? કંઈ હરકત નહિ. દૃઢ નિશ્ચયની પાસે તમામ વિઘ્નને નાસીજ જવું પડે છે પશ્ચિમે તરફની પર્વતની ખીણપર અમે ચડવા માંડયું. ઘણી વાર તો અમને પગ ટકાવવાની પણ જગ્યા નહોતી મળતી. સુવાસિત પણ ગુલાબના કાંટાવાળા છોડ પકડી પકડીને અને "ચા" નામના ઘાસમાં અંગુઠા ભરાવી ભરાવીને અમારે અમારૂં શરીર સંભાળવું પડતું હતું. કોઈ કોઇ વાર તો અમારી અને મૃત્યુની વચ્ચે માત્ર એક ટેચનુંજ છેટું રહી જતું હતું. અમારામાંથી જો કોઇનો પગ લપસી જાય તો એનું યથાયોગ્ય સ્વાગત કરવા માટે ગંગા યમુનાના કોતરમાં એક ઉંડી ખીણ, બરફની ગાદી પાથરીને કબરનું મોઢું બનાવીને પડી હતી. નીચેથી

યમુનાનો કલકલ કરતો ધ્વનિ સંભળાતો હતો-જાણે કે ઢાંકી રાખેલા ઢોલનો અવાજ આવતો હતો. આવી રીતે લગભગ પોણાકલાક સુધી અમારે મોતના પંજામાં જ ચાલવું પડયું. આખર, એ એક વિલક્ષણ અવસ્થા હતી. એક બાજુ મૃત્યુ મુખ ઉઘાડીને ઉભું હતું, અને બીજી તરફ પ્રફુલ્લિત તથા ઉલ્લસિત કરતી સુગંધયુક્ત વાયુની લહરિઓ હતી. આવું વિચિત્ર અને વિકટ સાહસ ખેડીને અંતે અમે પ્રચંડ હિમશૃંગે પહોંચ્યા.

અહીંથી યમુનાનો વિયોગ થયો અને બધી મંડળીએ એક સીધા પર્વતપર ચડવું શરૂ કર્યું. ત્યાં નહોતી કોઈ કેડી કે ન કોઈ માર્ગ. એક મહા ઘન અરણ્યમાંથી નીકળ્યા. ત્યાં અમને વૃક્ષની હારો પણ ન જોવામાં આવી. 'રામ'ના શરીરમાં ઘણાએ ઉઝરડા પડયા. આ ઓક અને 'પર્થ' વૃક્ષોના અરણ્યમાં એક કલાક દોડાદોડ કર્યા પછી અમે એક ખુલ્લા મેદાનમાં આવી પહોંચ્યા. અહીં નાનાં નાનાં વૃક્ષો ઉગેલાં હતાં. હવા જો કે બદલાઈ ગઈ હતી છતાં મધુર અને સુવાસિત હતી. આ ચડાવ ચડવાથી બધા પહાડીઓ હાંફવા મંડયા. 'રામ'ને માટે પણ આ એક સારી કસરત થઇ પડી. ૮૦ માઈલ અથવા તેનાથી પણ વધારે ચડવું ઉતરવું પડયું. જમીન લપસી જવાય તેવી હતી; પરન્તુ ચારે દિશાનાં સુંદર દૃશ્ય, મનોહર પુષ્પસમૂહ અને હરિઆળીના ભરાવે માર્ગની મુશ્કેલી અને પરિશ્રમ વિસારે પાડયાં. યૂરોપિયન બગીચાવાળાઓ પોતાના બાગને સુશોભિત કરવા માટે અહીંથી ફૂલોનાં બીજ લઈ જાય છે અને અંગ્રેજી જાણનારા ભોળા હિંદુ લોકો એને વિલાયતી ફૂલ કહે છે. આ ફૂલોમાં એક વિશેષ વાત એવી છે કે જ્યારે એ બીજી કોઇ જગ્યાએ લઈ જવામાં આવે છે ત્યારે એનો રંગ તો રહે છે પણ સુગંધ નથી રહેતી.

યૂરોપીય વિદ્યામાં ચૂર, એવા તરુણ વિદ્યાર્થી લોક, પોતાના યૂરોપીય અધ્યાપકોના લખેલા વેદાન્તના પ્રતિધ્વનિરૂપ ગ્રંથોને વાંચીને સમજી લેએ છે કે આ પશ્ચિમની કલ્પના છે; અને તેથી એ કલ્પનાપર ફિદા થઈ જાય છે; પરન્તુ એ બિચારાઓને ખબર નથી કે એ કલ્પનારૂપી કુસુમો પોતાનીજ માતૃભૂમિમાંથીજ લઈ જઇને ત્યાં રોપ્યાં છે. વળી એ યૂરોપિયન લોકોના પ્રતિપાદિત કરેલા વેદાન્તમાં તત્ત્વજ્ઞાનનો બાહ્ય રંગ અને આકાર તો અવશ્ય રહે છે, પણ અનુભવરૂપી સુગંધ નથીજ રહેતી.

"અકસ ગુલમેં રંગ હૈ ગુલકા વ લેકિન બૂ નહિ."

'રામ'ના અસ્વાસ્થ્યનું શું થયું ભલા ? 'રામ' તે દિવસે તદ્દન સાજો થઇ ગયો. ન કોઇ રોગ, ન જરાયે થાક, તેમ બીજી પણ કાંઇજ ફરિઆદ રહી નહિ ! પેલા પહાડીઓમાંથી કોઇ પણ 'રામ'ની આગળ નહોતો નીકળી શકયો. અમે બધા સાથે સાથે ચડવા લાગ્યા. આખરે સૌને ભુખ લાગી. આ વખતે અમે એવા પ્રદેશમાં પહોંચી ગયા હતા કે જ્યાં મેઘ જળના રૂપમાં વૃષ્ટિ કદિ વરસાવતો નથી; પણ હિમના રૂપમાંજ યથેચ્છ પડે છે.

આ ઉંચા, શરદ્ અને રુક્ષ પર્વતપર વનસ્પતિનું તો નામ પણ નહોતું. અમારા પહોંચ્યા પહેલાંજ તાજા બરફનો વરસાદ થયો હતો.

'રામ'ને બેસવા માટે એક મોટી શિલા ઉપર લાલ કામળી પાથરી દીધી હતી. આગલી રાત્રિએ બાફી રાખેલા બટાટા એને ખાવાને માટે આપવામાં આવ્યા. સંગીસાથીઓએ પણ પોતાનું વાસી સાદું ભોજન બહુ કૃતજ્ઞતાપૂર્વક લીધું. બરફના ચળકતા સૂકા કકડાનો પાણી તરીકે ઉપયોગ કર્યો હતો. ભોજન લઈ લીધું કે તરતજ પાછા ચાલવા મંડયા. ધીમે ધીમે અમે ઉંચે આગળ ચડવા માંડયું. અમારામાંથી એક જુવાન થાકીને પડી ગયો. એનો શ્વાસ



રુની કલ્પનાતીત રમણીયતા અને મોહકતાનો યત્કિંચિત્ અંશ પણ પ્રાપ્ત થશે નહિ; પરન્તુ જ્યારે તમે આત્મરૂપનો અનુભવ કરી લેશો ત્યારે આવા આવા અસંખ્ય સુમેરુનું તમારા આત્મામાં દર્શન પામશો અને સંપૂર્ણ સૃષ્ટિ તમારી સેવા કરશે. મેઘથી તે સાધારણ કણપર્યંત, શ્યામવર્ણ આકાશથી તે નીલવર્ણો પત્થર પર્યંત અને ગરુડથી લઈને છછૂંદર પર્યંત જેટલા જીવ સંસારમાં છે એ બધા તમારી આજ્ઞાપાલન કરવા તત્પર રહેશે. કોઈ દેવતા પણ તમારી આજ્ઞાનું ઉલ્લંઘન નહિ કરી શકે.

ઓ નભ ! હવે તું નિર્મલ થઈ જા. ઓ ભારતવર્ષપર આચ્છાદિત અજ્ઞાનના મેઘમંડળ! હવે તમે દૂર ખસી જાઓ ! આ પવિત્ર ભૂમિ ઉપર હવે અધિકવાર ન ઝઝૂમી રહો ! ઓ હિમાચલનાં હિમ ! તમારો સ્વામી તમને આજ્ઞા કરે છે કે તમે અમારી પવિત્રતા અને સત્યનિષ્ઠાને કાયમ રાખો ! દ્વૈતભાવથી કલુષિત જળ આ ક્ષેત્રપર કદી પણ ન વર્ષાવશો !

અસ્તુ ! મેઘમંડળ વિખરાઇ ગયું. સમસ્ત હિમદલે કાષાય (ભગવો) રંગ ધારણ કરી લીધો. શું પર્વતોએ સંન્યાસ ધારણ કર્યો છે ? ખરેખર, એણે 'રામ'ના સેવકોનાં વસ્ત્ર પહેરી લીધાં છે ! કેવું અદ્‌ભુત દૃશ્ય પ્રતીત થાય છે ! પર્વતોનો હિમ 'રામ'નો સન્દેશો લઈ જવા માટે અત્યંત આતુરતાથી તેના મુખ તરફ જોઈ રહ્યો છે !

એક અમેરિકન સાધુ કહે છે કે " સૃષ્ટિ-પ્રકૃતિ એ કલ્પનાનોજ અવતાર અર્થાત્ રૂપાન્તર છે અને જેવી રીતે વરાળનું બરફ થયા પછી પાછું બરફનું પાણી થઈ જાય છે, એવીજ રીતે સૃષ્ટિ પણ કલ્પનામાંથી સ્થૂલ દૃશ્ય રૂપે બન્યા પછી પાછી કલ્પનારૂપ બની જાય છે. આ સંસાર મનોનુંજ સ્થૂલરૂપ છે; છતાં જ્ઞાનાગ્નિવડે આ ચંચળ સ્થૂલરૂપ પાતળું થતાં થતાં પુનઃ સ્વતંત્ર કલ્પનામાંજ વિસર્જિત થઈ જાય છે; અને એનાથીજ સેંદ્રિય અથવા નિરેંદ્રિય પ્રાકૃતિક પદાર્થોનો મનપર અધિક અને ઉત્તમ પ્રભાવ પડે છે. સંકુચિત અને દેહધારી મનુષ્ય, વિદેહ મનુષ્ય સાથેજ વાર્તાલાપ કરે છે ! ! "

પ્રશ્નઃ—જો જગત મારીજ કલ્પના છે (અર્થાત્ મન અથવા કલ્પનાનુંજ સ્થૂલ રૂપ છે) તો બાહ્ય પદાર્થ મારી ઈચ્છાનુસાર કેમ નથી બદલાઈ જતા ?

ઉત્તરઃ—ગૌડપાદાચાર્ય કહે છે કે સ્વપ્ન સૃષ્ટિમાં કેવળ કલ્પનાનાજ બે વિભાગ-પક્ષ-થઇ જાય છે. એક પક્ષમાં તો તે જડ પદાર્થ બને છે અને અન્ય પક્ષમાં અન્તઃકરણની વૃત્તિઓ, ઇચ્છાઓ ઇત્યાદિ બને છે. આવી સ્થિતિમાં અંતઃકરણના વિચાર પોતાને આધીન અને પરિવર્તનશીલ હોય છે અને જ્યારે એની તુલના જડ પદાર્થો સાથે કરાય છે ત્યારે એ મિથ્યા પ્રતીત થાય છે. પરન્તુ બાહ્ય પદાર્થ સ્વતંત્ર શાશ્વત, અને સાપેક્ષિત રીતિથી સ્વયં સિદ્ધ પ્રતીત થાય છે.

પરન્તુ વસ્તુતઃ જાગૃત મનુષ્યની દૃષ્ટિમાં સ્વપ્નના સત્ય કે અસત્ય, બાહ્ય કે આન્તરિક, બન્ને ભાગ કેવળ કાલ્પનિકજ છે. એ અમારી જ કલ્પના છે અને અમેજ એને ઉત્પન્ન કરી . જાગૃત અવસ્થામાં મનુષ્ય, પ્રત્યક્ષ સ્થૂલ પદાર્થમાં અને અપ્રત્યક્ષ કલ્પનામાં સ્પષ્ટ જોઇ શકે છે; છતાં સ્વાત્માનુભવી મનુષ્યને તો તમામ સ્થૂલ પદાર્થ અને પરિવર્તનશીલ કલ્પના બન્ને વસ્તુતઃ સ્વપ્નવત્-મિથ્યાજ પ્રતીત થાય છે; અને જ્યાંસુધી એ પદાર્થો ને ભાસમાન થાય છે ત્યાંસુધી કેવળ એ કલ્પિત પદાર્થ તરીકેજ મનુષ્યપર પોતાનો પ્રભાવ ી શકે છે. એ જો કે એની ઇચ્છાનુસાર પરિવર્તિત નથી થતા; તોપણ એ બધા એની છે. તમારા મુખારવિંદની પ્રફુલ્લિતતાનું કારણ યદ્યપિ તમારી બુદ્ધિ નહિ બતાવી

કોયલા તો ક્યારનાએ બળી જવા જોઇએ, પણ તેની સાથે જેનું વહાણ બંદરે-પોતાના નિવાસ-સ્થાને-પહોંચી ગયું છે તે પૂર્ણ સદ્ભાગી છે. જે પ્રત્યેક પદાર્થને પરમાત્માના નિવાસસ્થાને પહોંચવામાં પગથિયું બનાવી શકે છે, એટલે પરમાત્માનું દર્શન પામવા એ સર્વ પદાર્થોને અરિસારૂપ માને છે, તેનુંજ જીવન ધન્ય છે. આ તારામંડળ, ગિરિસમૂહ, સરિતાઓ, નૃપતિઓ, અને વિજ્ઞાનશાસ્ત્રીઓથી ભરેલું આ વિશાળ જગત તો એને માટેજ સજાયેલું હતું. ખરેખર એમજ છે. હું તમને સત્યજ કહું છું.

ટીકા કે સ્તુતિને પાત્ર શહેરોના મુંઝવી નાખે એવા ધૂમાડાવાળા રસ્તાઓ મનુષ્યના અંતઃકરણમાં સ્વાર્થની ભાવના ઉત્પન્ન કરે છે, અને એને દેહાધ્યાસનુંજ દ્રઢીકરણ કરાવે છે; ત્યારે આ અરણ્યો, ક્ષેત્રો અને મેદાનોની વનસ્થલી તેમને ઇશ્વરની અદ્ભુત લીલાનું દર્શન પમાડે છે. આવાં શહેરોમાં રહેતી વખતે તો મનુષ્યે સાક્ષીરૂપેજ રહેવું ઘટે છે; નિહાળીને જોતાં તો આ સુધરેલા સમાજો કરતાં પણ વનસ્પતિ વર્ગમાં કદાચિત વિશેષ કલહો, વિગ્રહો અને અશાંતિ હશે; છતાં પણ જેમ એક મનુષ્ય આ દેવદારૂ, ચીડ અને ઓકનાં વૃક્ષોમાં ઉભેલો હોય છતાં પોતાને તેનાથી જૂદો-તટસ્થ-સાક્ષીરૂપે સમજતો હોવાથી વનસ્પતિના વિગ્રહમાં પણ તેને આનંદ ઉત્પન્ન થાય છે; તેમ જે મનુષ્ય આ કોલાહલવાળાં શહેરોમાં પણ સાક્ષીરૂપે રહી શકે છે; અને પોતાને સર્વથી પૃથક સમજીને તેની સાથે તાદાત્મ્ય નથી અનુભવતો તેને માટે કોણ કહેશે કે આ વિશ્વ નંદનવન નથી ? આવું ઈશ્વરી જીવન જીવતાં મનુષ્યોજ જગતનાં પ્રકાશક છે.

વસ્તુતઃ " ઈશ્વર સિવાય બીજું કાંઈજ છે નહિ. હું કોનાથી ડરૂં ને કોનાથી શરમાઉં ! સમસ્ત જીવન મારા ઈશ્વરનુંજ જીવન છે; અન્ય કાંઈ છેજ નહિ. તે અને હું પણ તેજ છીએ. एकमेवाद्वितीयम् " આ સમસ્ત જગત મારૂં હિમાચલનું અરણ્ય છે. જ્યારે ઉષાનું તેજ ઝળકે છે ત્યારે કુસુમો સ્મિત કરવા માંડે છે, પક્ષીઓ મધુર સંગીતરવ કરે છે, અને નિર્ઝર આનંદભર્યો નાચ ખેલે છે. અહા ! ज्योतिषां ज्योतिर् ! પ્રકાશોના પ્રકાશ ! પ્રકાશનો ઉદધિ ઉછળે છે ! સચ્ચિદાનંદનો સમીર વહે છે !

આ રમણીય અરણ્યમાં હું હસું છું, ગાઉં છું, તાળી પાડું છું, ને નાચું છું. શું કોઈ મશ્કરી કરે છે ? નહિ એ તો વાયુની લહરિ હતી-શું કોઇ તિરસ્કાર કરે છે ? નહિ એ તો પર્ણોનો ખડખડાટ હતો. શું ઝરણાં, વૃક્ષો, પક્ષીઓ અને વાયુમાં વસતા મારુજ જીવનથી હું ભડકીશ !

હું નાચતો, હું નાચતો, હસતો અને વળી નાચતો, આ તારલા તો રજ બધી હું નાચતાં ઉરાડતો.

આ ઈર્ષ્યા નહિ, ભીતિ નહિ, નહિ થાક શોક થઈ શકે,
નથી આજકાલ ન શત્રુ કો સ્પર્ધા કદીય કરી શકે.
નથી હાનિ કે નથી વેદના એ કાંઇ અહીં ના આવતા,
ના કૈં ભયંકર ચિત્ર મારા હૃદયને ભડકાવતાં.
આ વિશ્વનો આત્મા વિહારી હું સુધા વરસાવતો;
આ સર્વનો પ્રિયતમ બની હું પ્રેમપાત્ર રમાડતો.
હું મધુરતમ છું સ્વાસ્થ્ય સૌનું સ્વસ્થ સુખ સૌનું થતો;
કલ કલ થતા નિર્ઝર રૂપે હું શાન્તિ અર્પતો.
હું રામ ને વળી રાવણો ના ભેદભાવ અહીં કશો;

મુજ શાન્ત નિર્મળ રામમાં સૌ રામ દર્શન પામશો.
આકાશ મંડળ તારકા ગ્રહ, દૂર તેમ સમીપના;
ઝૂકી રહેલા હૃદયમાં હું દિવ્ય ગાન ગજાવતો.

(૨) ચંદ્ર પ્રકાશી રહ્યો છે–રૂપેરી શાન્તિનો સમુદ્ર ઉછળાવી રહ્યો છે. 'રામ'ના પલાંગરૂપ શિલાનાપર એ જ્યોત્સ્ના સંપૂર્ણ પ્રભા રેડી રહી છે. આ પર્વતપર સ્થળે સ્થળે ઉગી રહેલા ગુલાબના સાધારણ ઉચ્ચ છોડની છાયા પ્રસરી રહી છે. જ્યોત્સ્નાથી આચ્છાદિત શય્યામાં તેની છાપ પડે છે, અને 'રામ'ની પાસે શાન્તિથી નિદ્રા લેતી આ સૌમ્ય ચંદ્ર-જ્યોત્સ્નાનાં મધુરાં સુકોમળ સ્વપ્ન જોવા એ રમતિયાળ છે!

ઉંઘ, ઉંઘ, મારા બાળ! હસી લે મ્હારાં સ્વપ્ન રસાળ!

જમુનોત્રી, ગંગોત્રી, સુમેરુ, કેદાર અને બદરિનાં હિમશૃંગો એટલાં તો સમીપ દેખાય છે કે જાણે અહીં ઉભાં ઉભાંજ એનો સ્પર્શ થઈ શકે. વસ્તુતઃ એ મણિમય હિમશૃંગોની અર્ધ વર્તુલાકાર માળા, આ વસિષ્ઠાશ્રમ ઝવેરીના મુકુટપર મઢાયલી મુક્તામાળા સમ શોભે છે! એ પર્વતોનાં ધવલ હિમશૃંગો આ ચંદ્રની જ્યોત્સ્નાના ક્ષીરસાગરમાં સ્નાન કરતાં હોય એવો આભાસ થાય છે, અને શીતળ સમીરની મંદ લહરિઓના રૂપમાં એનો ગાઢ સોહમ-ઉચ્છ્વાસ અહીં સતત પહોંચ્યા કરે છે.

આ પર્વતપરનો બધો બરફ પીગળી ગયો છે. અત્યારે આ શિખર પાસેનું ખુલ્લું સપાટ મેદાન આસમાની, ગુલાબી, પીળાં, ધોળાં, અનેકરંગી પુષ્પો કે જેમાંનાં અનેક તો અત્યંત સુગંધીપૂર્ણ છે તેનાથી શોભાયમાન થઈ રહેલું છે. આ સ્થળને લોકો ભૂતોનો વાસ માનીને અહીં આવતાં ડરે છે. વિકારમય ભૂતોના નિવાસરૂપ મનાએલ પ્રકૃતિનું આ અદ્ભુત સૌંદર્ય–આ દેવોનું નંદનવન–નિર્જન રહે છે! 'રામ' આ પુષ્પોદ્યાનપર એટલી તો સંભાળથી અને ધીમેથી ચાલે છે કે જેથી એ ધીમે ધીમે હસતાં પુષ્પોનો 'રામ'ના ચરણ સ્પર્શથી વધ થઈ જાય

કોયલ, કબૂતર અને અનેક પ્રકારના પાંખવાળા ગવૈયાઓ નિત્ય પ્રાતઃકાળે 'રામ'ને આનંદ આપે છે. કોઈ કોઈ વાર તો પ્રાતઃકાળમાં ગુફાના દ્વાર આગળજ એક મોટો અજગર આવીને એના ખુબ ઉંચા સ્વરની ચડતી ઉતરતી સંગીતથી 'રામ'ને આનંદ આપે છે. ઉંચે ગગનમંડળમાંજ વિહાર કરતાં–મધ્યાહ્નને શ્યામવર્ણા ઘનમંડળમાં ઘુમતાં રાજવંશી ગરુડો ઉડતાં ફરે છે! શું વિષ્ણુ ભગવાનને પોતાની પીઠપર લઈને ફરનારાજ આ ગરુડો નથી? એક રાત્રે તો 'રામ'ની આગળથી એક વાઘ કૂદી ગયો હતો.

પેલા પર્વતના સરોવરની આસપાસ આ ખીલતા વનદેવતાઓની કેવી સ્વર્ગીય ભૂમિ છે? ક્યા સંબંધથી તેઓ જોડાયેલાં છે? એઓનો પરસ્પર સંબંધ તો કશોએ નથી; કોઈ પણ જાતનો અંગત સંબંધ છેજ નહિ. આ તો એક સામાજિક સંસ્થા છે; એક તળાવમાં તેઓ સાથે રહે છે, એજ તેમનો સંબંધ છે! એકજ જળસમુહપરનો તેમનો પ્રેમ તેમને એક સાથે રાખે છે. ચાલો આપણે પણ એકજ સત્યમાં–સ્વર્ગમાં–બ્રહ્મમાં–'રામ'માં એકાંત ભક્તિભાવથી મળી જઈએ.

સહસ્ત્રતરુતાલ

જુલાઇ, ૧૯૦૬.

सप्तर्षिहस्तावचितावशेषाण्यधो विवस्वान् परिवर्तमानः ।
पद्मानि यस्याग्रसरोरुहाणि प्रबोधयत्यूर्ध्वमुखैर्मयूखैः ॥

માઇલોના માઇલ સુધી આકાશના જેવાં ઉંચાં શિખરોપર પ્રવાસ કરવો; નીચે ખીણોમાં, અરણ્યોમાં ભૂર્જ (ભોજપત્ર) નાં અને બીજાં ઝુલતાં વૃક્ષોને નિહાળવાં; બન્ને બાજુએ ફૂલોની ફૂલવાડીઓની સુગંધ લેવી; જ્યાં ચાલવાથી સુંદર કોમળ ફૂલો તમારા પગના અંગુઠામાં વિંટાઈ પડતાં હોય એવા સુંવાળા મખમલ જેવાં ઘાસવાળી જમીનપર ઉઘાડે પગે ચાલ્યા જવું; ફરતી કૈલાસમેરુની ટેકરીઓપરથી ઘૂ ઘૂ કરતા ઉછળી પડતા જળના ધોધનાં રૂપેરી દર્શનો નિહાળવાં; વિજળીની ઝડપે કૂદી જતાં ચપળ કસ્તૂરીમૃગ જેવાં રમતિયાં દોડનારાં કે જેના ઉપર ચંદ્રજ સવારી કરી શકે તેને જોવાં; ઘડીમાં આ બાજુએ તો ઘડીમાં પેલી બાજુએ, એમ આમતેમ મોટી રંગીન પાંખો ફફડાવતા ગરુડોના ઉડવાથી ચમકી પડવું; સોનું અને સુગંધ સાથે મળ્યાં હોય એવાં સુંદર અને સુગંધી પુષ્પો તથા કમળોને અહીં તહીંથી ચૂંટવાં; જે અનેક ઔષધો અહીં પુષ્કળ થાય છે તેને ખોદવામાં એક બીજાને હરાવો પાડતા આ મયૂરોને જોઇ આનંદ પામવો; ૐ ૐ ૐ નો ધ્વનિ કરતાં કરતાં ભજનો ગાતાં જવું; એમાંજ અમારો સમય વ્યતીત થતો હતો. સાંસારિક જીવનના ઘોંઘાટ અને કોલાહલથી પોતાને પર અને દૂર અનુભવતાં કૈલાસના શાંત વાયુની લહરિઓ જેમાં નાચતી હોય એવાં ચકચકિત વિશાળ, ઘેરાં અને નીલાં સરોવરોની આસપાસ ઉગતા હસતા સૂર્યની સામે દર્પણનું કામ કરતા નિર્મળતાના ભંડાર જેવા કોમાર હિમરાશિઓ ! આવા ઉચ્ચ પ્રદેશની નિર્જન એકાંતમાં સૂર્ય પોતાના મોહક પ્રભાવનો આનંદ અનુભવે છે. આ ઉચ્ચ પ્રદેશપર કોઇ ઝુંપડી કે પર્ણકુટિની તો આશાજ કેવી ? રાત્રિઓ ગુફામાંજ વિતાવી હતી કે જ્યાં હમેશાં વાયુજ સૂતો હોય છે.

અહા ! ભસ્મીભૂત કરનારા દેહાધ્યાસના મિથ્યા પ્રદેશને દૂર કરવામાં કેવો આનંદ આવે છે ! અહા ! આ સૂર્યપ્રભા અને વાયુલહરિની સાથે એકરૂપ થઇ જવાનો કેવો આનંદ ! અહા ! एकमेवाद्वितीयम्नां ગહન, સ્વર્ગીય અને અપરિચિત અરણ્યોમાં ભ્રમણ કરવાનો શું અદ્ભુત આનંદ !



૩૩–પ્રકીર્ણ.

હિંદુ નારીઓનો આતિથ્યધર્મ.

ઈંગ્લાંડની એક સન્નારીએ લંડનમાં આ વિષયપર એક વ્યાખ્યાન આપ્યું હતું; અને જે વ્યાખ્યાન હિંદુસ્તાનના એક વર્તમાનપત્રમાં છાપવામાં આવ્યું હતું; તેમાંથી 'રામ' થોડું તમને વાંચી સંભળાવશે. 'રામ' એ ભાગનું એટલા માટે વાંચે છે કે હિંદુસ્તાનના સામાજિક જીવનના વ્યવહાર માટે તમારા દેશમાં કેવા અયોગ્ય અભિપ્રાય અને અસત્ય કલ્પનાઓ ફેલાયેલી છે તેનું તમને દિગ્દર્શન થાય. કેટલાએક એમ ધારે છે કે જે મનુષ્ય હિંદુસ્તાનમાં જાય છે તે કોઈ પણ પ્રકારનું કાર્ય કરી શકતો નથી. હિંદુસ્તાનમાં જ્ઞાતિબંધનો એટલાં બધાં દૃઢીભૂત થયેલાં છે કે કોઈ પણ અમેરિકન તેઓની સાથે એકત્ર થઈને કામ કરી શકેજ નહિ. જેઓ ત્યાં જાય છે પણ હિંદુઓના સંબંધમાં આવતાજ નથી તેઓએજ આવા અનેક વિચારો અહીં ફેલાવ્યા છે.

અહો! પોતાના પ્રેમપાત્રને માટે જીવન સમર્પવું, જીવનની આહુતિ આપવી, એ કેટલું ઉત્તમ અને ભવ્ય કાર્ય છે! પ્રેમીને એ પરમસુખદાતા છે.

જે પોતાના પ્રેમપાત્ર માટે જીવન સમર્પવા ગમે તે ક્ષણે ખુશી છે તેજ માત્ર પ્રેમી છે. આવા પ્રકારનો પ્રેમ જ મનુષ્યને મનુષ્ય બનાવે છે અને તેની પાસે જનસેવાનાં અદ્ભુત કાર્ય કરાવે છે. હિંદુસ્તાનને આવા પ્રેમની જરૂર છે. હિંદુસ્તાનમાં અત્યારે જે કોઈ સ્ત્રી કે પુરુષ સેવા નિમિત્ત જાય તેઓમાં આવો સુદૃઢ પ્રેમ હોવો જોઈએ.

હિંદુસ્તાનમાં રહીને પણ હિંદુઓના જીવનનો જેઓ અભ્યાસ નથી કરતા એવા મનુષ્યોએજ આવાં અસત્ય ગપ્પાં ફૂંકેલાં હોય છે. જેમ એક પુસ્તકને મીણિયું કપડું વીંટાળી પાણીમાં [illegible] તો તેને પાણીનો સ્પર્શ થતો નથી તેમ આ લોકો હિંદુસ્તાનમાં જાય છે પણ હિંદુઓના સંસર્ગમાં આવતા નથી. તેઓ હિંદુઓના જીવનનો અભ્યાસ કરતા નથી અને તેમની [illegible] કે સમાનતા અનુભવતા નથી. એક સ્ત્રી હિંદુસ્તાનમાં ગઈ હતી; તે ત્યાં ઘણો [illegible] અને તેણે ત્યાં હિંદુ જીવન જાણ્યું તમારી સામે એ પ્રત્યક્ષ પ્રમાણ છે. આ [illegible] હિંદુસ્તાનમાં તમારે રહેવું જોઈએ એમ 'રામ' ઇચ્છે છે. તમે જો ખરી રીતે [illegible] જ જાણતા હો અને કર્મવીર તરીકે ત્યાં રહેવા ઇચ્છતા હો તો તમારે એક [illegible] પણ ભય નહિ રાખવો પડે. ત્યાંના લોકો ઉભે મનુષ્યોને આશ્રય આપી શકે છે. [illegible] તેઓ ઘણા ગરીબ છે. છતાં તેઓ જેટલા ગરીબ છે તેથી વિશેષ ઉદાર અને [illegible] છે.

હિંદુસ્તાનના લોકો તમને 'રામ' રામ કરે. નહિ ત્યારે તેઓ ઘરોમાં [illegible] હોય છે [illegible] સમજવામાં આવે છે કે તે તેઓને સત્કાર માટે મિત્ર હોવા કરે છે. પોતાના [illegible] જે કોઈ આવ્યું અથવા ભૂખ્યું હોય તેને ભોજન આપી [illegible] હિંદુસ્તાની સ્ત્રીઓને મુખ્ય ધર્મ છે અને જે અતિથિ તેને ઈશ્વરી અંશ માનીને

સત્સંગસ્તોત્ર

જુલાઈ, ૧૯૦૫

[illegible]

[illegible]

[illegible]

૩૩–પ્રકીર્ણ.

હિંદુ નારીઓનો આતિથ્યધર્મ.

ઈંગ્લાંડની એક સન્નારીએ લંડનમાં આ વિષયપર એક વ્યાખ્યાન આપ્યું હતું; અને જે વ્યાખ્યાન હિંદુસ્તાનના એક વર્તમાનપત્રમાં છાપવામાં આવ્યું હતું; તેમાંથી 'રામ' થોડું તમને વાંચી સંભળાવશે. 'રામ' એ ભાષણ એટલા માટે વાંચે છે કે હિંદુસ્તાનના સામાજિક જીવનના વ્યવહાર માટે તમારા દેશમાં કેવો અયોગ્ય અભિપ્રાય અને અસત્ય કલ્પનાઓ ફેલાયેલી છે તેનું તમને દિગ્દર્શન થાય. કેટલાએક એમ ધારે છે કે જે મનુષ્ય હિંદુસ્તાનમાં જાય છે તે કોઈ પણ પ્રકારનું કાર્ય કરી શકતો નથી. હિંદુસ્તાનમાં જ્ઞાતિબંધનો એટલાં બધાં દ્રઢીભૂત થયેલાં છે કે કોઈ પણ અમેરિકન તેઓની સાથે એકત્ર થઈને કામ કરી શકેજ નહિ. જેઓ ત્યાં જાય છે પણ હિંદુઓના સંબંધમાં આવતાજ નથી તેઓએજ આવા અનેક વિચારો અહીં ફેલાવ્યા છે.

અહો! પોતાના પ્રેમપાત્રને માટે જીવન સમર્પવું, જીવનની આહુતિ આપવી, એ કેટલું ઉદાત્ત અને ભવ્ય કાર્ય છે! પ્રેમીને એ પરમમોક્ષદાતા છે.

જે પોતાના પ્રેમપાત્ર માટે જીવન સમર્પવા ગમે તે ક્ષણે ખુશી છે તેજ માત્ર પ્રેમી છે. આવા પ્રકારનો પ્રેમ જ મનુષ્યને મનુષ્ય બનાવે છે અને તેની પાસે જનસેવાનાં અદ્ભુત કાર્ય કરાવે છે. હિંદુસ્તાનને આવા પ્રેમની જરૂર છે. હિંદુસ્તાનમાં અત્યારે જે કોઈ સ્ત્રી કે પુરૂષ સેવા નિમિત્ત જાય તેઓમાં આવો સુદૃઢ પ્રેમ હોવો જોઈએ.

હિંદુસ્તાનમાં રહીને પણ હિંદુઓના જીવનનો જેઓ અભ્યાસ નથી કરતા એવા મનુષ્યોએજ આવાં અસત્ય બણગાં ફૂંકેલાં હોય છે. જેમ એક પુસ્તકને મીણીઉં કપડું વીંટાળી પાણીમાં બોળીએ તો તેને પાણીનો સ્પર્શ થતો નથી તેમ આ લોકો હિંદુસ્તાનમાં જાય છે પણ હિંદુઓના સંસર્ગમાં આવતા નથી. તેઓ હિંદુઓના જીવનનો અભ્યાસ કરતા નથી અને તેમની સાથે એકતા કે સમાનતા અનુભવતા નથી. એક સ્ત્રી હિંદુસ્તાનમાં ગઈ હતી; તે ત્યાં થોડો કાળ રહી અને તેણે ત્યાં હિંદુ જીવન ગાળ્યું તમારી સામે એ પ્રત્યક્ષ પ્રમાણ છે. આ સ્ત્રીના દૃષ્ટિબિન્દુથીજ હિંદુસ્તાનમાં તમારે રહેવું જોઈએ એમ 'રામ' ઇચ્છે છે. તમે જો ખરી રીતે કામ કરવા જ ચાહતા હો અને કર્મશીલ તરીકે ત્યાં રહેવા ઇચ્છતા હો તો તમારે એક પાઈનો પણ ખર્ચ નહિ કરવો પડે. ત્યાંના લોકો લાખો મનુષ્યોને આશ્રય આપી રહ્યા છે. એ લોકો જોકે ઘણા ગરીબ છે, છતાં તેઓ જેટલા ગરીબ છે તેથી વિશેષ ઉદાર અને ધર્મશીલ છે.

હિંદુસ્તાનના સાધુઓ પાસે 'રામે' પૈસો જોયો નથી. જ્યારે તેઓ શેરીમાં ફરતા હોય છે ત્યારે એમ સમજવામાં આવે છે કે તે ક્ષુધાને સંતોષવા માટે ભિક્ષા લેવા ફરે છે. પોતાના ઘરના આંગણા આગળથી જે કોઈ ભૂખ્યું આવતું જતું હોય તેને ભોજન આપી સેવા કરવી, એ હિંદુસ્તાનની સ્ત્રીઓનો મુખ્ય ધર્મ છે; અને એ માતાઓ તેને ઈશ્વરી આજ્ઞા માનીને

[illegible]

[illegible], ૧૯૦૧.

[illegible] ॥ [illegible] ।
[illegible] ॥

[illegible]

[illegible]

૩૩—પ્રકીર્ણ.

હિંદુ નારીઓનો આતિથ્યધર્મ.

ઈંગ્લાંડની એક મુસાફરીએ લંડનમાં આ વિષયપર એક વ્યાખ્યાન આપ્યું હતું; અને જે વ્યાખ્યાન હિંદુસ્તાનના એક વર્તમાનપત્રમાં છાપવામાં આવ્યું હતું; તેમાંથી 'રામ' થોડું તમને વાંચી સંભળાવશે. 'રામ' એ ભાગનું એટલા માટે વાંચે છે કે હિંદુસ્તાનના સામાજિક જીવનના વ્યવહાર માટે તમારા દેશમાં કેવો અયોગ્ય અભિપ્રાય અને અસત્ય કલ્પના ફેલાયેલી છે તેનું તમને દિગ્દર્શન થાય. કેટલાક એમ ધારે છે કે જે મનુષ્ય હિંદુસ્તાનમાં જાય છે તે કોઈ પણ પ્રકારનું કાર્ય કરી શકતા નથી. હિંદુસ્તાનમાં જાતિબંધનો એટલાં બધાં મજબૂત થયેલાં છે કે કોઈ પણ અમેરિકન તેઓની સાથે એકત્ર થઈને કામ કરી શકેજ નહિ. એઓ ત્યાં જાય છે પણ હિંદુઓના સંબંધમાં આવતાજ નથી તેથીએજ આવા અનેક વિચારો અહીં ફેલાવ્યા છે.

અહો! પોતાના પ્રેમપાત્રને માટે જીવન સમર્પવું, જીવનની આહુતિ આપવી, એ કેટલું ઉત્તમ અને ભવ્ય કાર્ય છે! પ્રેમીને એ પરમમિષ્ટાન્ન છે.

જે પોતાના પ્રેમપાત્ર માટે જીવન સમર્પવા ગમે તે ઘડીએ ખુશી છે તેજ માત્ર પ્રેમી છે. આવા પ્રકારનો પ્રેમ જ મનુષ્યને મનુષ્ય બનાવે છે અને તેની ખાતર જનસેવાનાં અદ્ભુત કાર્ય કરાવે છે. હિંદુસ્તાનને આવા પ્રેમની જરૂર છે. હિંદુસ્તાનમાં જ્યારે જે કોઈ સ્ત્રી કે પુરુષ સેવા નિમિત્ત જાય તેઓમાં આવો શુદ્ધ પ્રેમ હોવો જોઈએ.

હિંદુસ્તાનમાં રહીને પણ હિંદુઓના જીવનનો જેઓ અભ્યાસ નથી કરતા એવા મનુષ્યોએજ આવાં અસત્ય ગપ્પાં ફેલાવ્યાં હોય છે. જેમ એક પુસ્તકને ચીકટેલું કપડું વીંટાળી પાણીમાં બોળીએ તો તેને પાણીનો સ્પર્શ થતો નથી તેમ આ લોકો હિંદુસ્તાનમાં જાય છે પણ હિંદુઓના સંસર્ગમાં આવતા નથી. તેઓ હિંદુઓના જીવનનો અભ્યાસ કરતા નથી અને તેમની [illegible] અનુભવતા નથી. એક સ્ત્રી હિંદુસ્તાનમાં ગઈ હતી; તે ત્યાં [illegible] માસ રહી અને તેણે ત્યાં હિંદુ જીવન જાણ્યું તમારી સામે એ પ્રત્યક્ષ પ્રમાણ છે. આ [illegible] હિંદુસ્તાનમાં તમારે રહેવું જોઈએ એમ 'રામ' ઈચ્છે છે. તમે એ ખરી રીતે કામ કરવા જ ઈચ્છતા હો અને કર્મશીલ નારી ત્યાં રહેવા ઈચ્છતા હો તો તમારે એક [illegible] મનુષ્યોને આશ્રય આપી રહ્યા છે. પોતાનો પણ ખર્ચ નહિ કરવો પડે. ત્યાંના લોકો [illegible] છે તેથી વિદેશ [illegible] અને એ હોઈ એવી [illegible] છે. [illegible] ધર્મશીલ છે.

હિંદુસ્તાનના સાધુઓ જ્યારે 'રામ' [illegible] કરવા [illegible] કોઈ [illegible] હોય છે [illegible] જ્યારે તેમ સમજવામાં આવે છે કે તે દુકાને [illegible] હોય [illegible] તેને [illegible] આપી [illegible] કોઈ [illegible] આવવું [illegible] હોય [illegible] તેને [illegible] કરશે, એ હિંદુસ્તાનની સ્ત્રીઓને [illegible] છે, અને એ [illegible] તેને [illegible]

સહસ્રતરુતાલ

જુલાઈ, ૧૯૦૧.

सप्तर्षिहस्तावचितावशेषाण्यधो विवस्वान् परिवर्तमानः ।
पद्मानि यस्याग्रसरोरुहाणि प्रबोधयत्यूर्ध्वमुखैर्मयूखैः ॥

માઈલોના માઈલ સુધી આકાશના જેવાં ઉંચાં શિખરોપર પ્રવાસ કરવો; નીચે ખીણોમાં, અરણ્યોમાં બર્ચ (ભોજપત્ર) નાં અને બીજાં ઝુલતાં વૃક્ષોને નિહાળવાં; બન્ને બાજુએ ફૂલોની ફૂલવાડીઓની સુગંધ લેવી; જ્યાં ચાલવાથી સુંદર કોમળ ફૂલો તમારા પગના અંગુઠામાં ચિંટાઈ પડતાં હોય એવા સુંવાળા મખમલ જેવાં ઘાસવાળી જમીનપર ઉઘાડે પગે ચાલ્યા જવું; ફરતી કૈલાસમેરુની ટેકરીઓપરથી ઘૂ ઘૂ કરતા ઉછળી પડતા જળના ધોધનાં રૂપેરી દર્શનો નિહાળવાં; વિજળીની ઝડપે કુદી જતાં ચપળ કસ્તૂરીમૃગ જેવાં રમકડાં દોડનારાં કે જેના ઉપર ચંદ્રજ સવારી કરી શકે તેને જોવાં; ઘડીમાં આ બાજુએ તો ઘડીમાં પેલી બાજુએ, એમ આમતેમ મોટી રંગીન પાંખો ફફડાવતા ગરુડોના ઉડવાથી ચમકી પડવું; સોનું અને સુગંધ સાથે મળ્યાં હોય એવાં સુંદર અને સુગંધી પુષ્પો તથા કમળોને અહીં તહીંથી ચૂંટવાં; જે અનેક ઔષધો અહીં પુષ્કળ થાય છે તેને ખોદવામાં એક બીજાને હરાવી પાડવા, આ મયૂરોને જોઇ આનંદ પામવો; ૐ ૐ ૐ નો ધ્વનિ કરતાં કરતાં ભજનો ગાતાં જવું; એમાંજ અમારો સમય વ્યતીત થતો હતો. સાંસારિક જીવનના ઘોંઘાટ અને કોલાહલથી પોતાને પર અને દૂર અનુભવતાં કૈલાસના શાંત વાયુની લહરિઓ જેમાં નાચતી હોય એવં ચકચકિત વિશાળ, ઘેરાં અને નીલાં સરોવરોની આસપાસ ઉગતા હસતા સૂર્યની સામે દર્પણનું કામ કરતા નિર્મળતાના ભંડાર જેવા કોમાર હિમરાશિઓ ! આવા ઉચ્ચ પ્રદેશની નિર્જન એકાંતમાં સૂર્ય પોતાના મોહક પ્રભાવનો આનંદ અનુભવે છે. આ ઉચ્ચ પ્રદેશપર કોઈ ઝુંપડી કે પર્ણકુટિની તો આશાજ કેવી ? રાત્રિઓ ગુફામાંજ વિતાડી હતી કે જ્યાં હમેશાં વાયુજ સૂનો હોય છે.

અહા ! ભસ્મીભૂત કરનારા દેહાધ્યાસના મિથ્યા પ્રદેશને દૂર કરવામાં કેવો આનંદ આવે છે ! અહા ! આ સૂર્યપ્રભા અને વાયુલહરિની સાથે એકરૂપ થઇ જવાનો કેવો આનંદ ! અહા! પરમેશ્વરાદ્રિતીયમૂનાં ગહન, સ્વર્ગીય અને અપરિચિત અરણ્યોમાં ભ્રમણ કરવાનો શું અદ્ભુત આનંદ!



૩૩–પ્રકીર્ણ.

હિંદુ નારીઓનો આતિથ્યધર્મ.

ઈંગ્લાંડની એક સન્નારીએ લંડનમાં આ વિષયપર એક વ્યાખ્યાન આપ્યું હતું અને જે વ્યાખ્યાન હિંદુસ્તાનના એક વર્તમાનપત્રમાં છાપવામાં આવ્યું હતું તેમાંથી 'રામ' થોડું તમને વાંચી સંભળાવશે. 'રામ' એ ભાષણ એટલા માટે વાંચે છે કે હિંદુસ્તાનના સામાજિક જીવનના વ્યવહાર માટે તમારા દેશમાં કેવા અયોગ્ય અભિપ્રાય અને અસત્ય કલ્પનાઓ ફેલાયેલી છે તેનું તમને દિગ્દર્શન થાય. કેટલાએક એમ ધારે છે કે જે મનુષ્ય હિંદુસ્તાનમાં જાય છે તે કોઇ પણ પ્રકારનું કાર્ય કરી શકતો નથી. હિંદુસ્તાનમાં જ્ઞાતિબંધનો એટલાં બધાં દૃઢીભૂત થયેલાં છે કે કોઈ પણ અમેરિકન તેઓની સાથે એકત્ર થઇને કામ કરી શકેજ નહિ. જેઓ ત્યાં જાય છે પણ હિંદુઓના સંબંધમાં આવતાજ નથી તેઓએજ આવા અનેક વિચારો અહીં ફેલાવ્યા છે.

અહો ! પોતાના પ્રેમપાત્રને માટે જીવન સમર્પવું, જીવનની આહુતિ આપવી, એ કેટલું ઉત્તમ અને ભવ્ય કાર્ય છે ! પ્રેમીને એ પરમમોક્ષપદ છે.

જે પોતાના પ્રેમપાત્ર માટે જીવન સમર્પવા ગમે તે સહેવા ખુશી છે તેજ માત્ર પ્રેમી છે. આવા પ્રકારનો પ્રેમ જ મનુષ્યને મનુષ્ય બનાવે છે અને તેની પાસે જનસેવાનાં અદ્ભુત કાર્યો કરાવે છે. હિંદુસ્તાનને આવા પ્રેમની જરૂર છે. હિંદુસ્તાનમાં અત્યારે જે કોઇ સ્ત્રી કે પુરુષ સેવા નિમિત્ત જાય તેઓમાં આવો સુદૃઢ પ્રેમ હોવો જોઇએ.

હિંદુસ્તાનમાં રહીને પણ હિંદુઓના જીવનનો જેઓ અભ્યાસ નથી કરતા એવા મનુષ્યોએ આવાં અસત્ય બણગાં ફૂંકેલાં હોય છે. જેમ એક પુસ્તકને મીણીઉં કપડું વીંટાળી પાણીમાં બોળીએ તો તેને પાણીનો સ્પર્શ થતો નથી તેમ આ લોકો હિંદુસ્તાનમાં જાય છે પણ હિંદુઓના સંસર્ગમાં આવતા નથી. તેઓ હિંદુઓના જીવનનો અભ્યાસ કરતા નથી અને તેમની સાથે એકતા કે સમાનતા અનુભવતા નથી. એક સ્ત્રી હિંદુસ્તાનમાં ગઇ હતી; તે ત્યાં ઘણો કાળ રહી અને તેણે ત્યાં હિંદુ જીવન ગાળ્યું. તમારી સામે એ પ્રત્યક્ષ પ્રમાણ છે. આ સ્ત્રી [illegible] દ્વિભિન્નબુદ્ધીય હિંદુસ્તાનમાં તમારે રહેવું જોઇએ એમ 'રામ' ઇચ્છે છે. તમે જો ખરી [illegible] કામ કરવા જ ચાહતા હો અને કર્મશીલ તરીકે ત્યાં રહેવા ઇચ્છતા હો તો તમારે [illegible] પાઇનો પણ ખર્ચ નહિ કરવો પડે. ત્યાંના લોકો લાખો મનુષ્યોને આશ્રય આપી રહ્યા [illegible] એ લોકો ઘણા ગરીબ છે, છતાં તેઓ જેટલા ગરીબ છે તેથી વિશેષ ઉદાર [illegible] ધર્મશીલ છે.

હિંદુસ્તાનના સાધુઓ પાસે 'રામે' પૈસો જોયો નથી. જ્યારે તેઓ શેરીમાં ફરતા હો[ય] ત્યારે એમ સમજવામાં આવે છે કે તે ક્ષુધાને સંતોષવા માટે ભિક્ષા લેવા ફરે છે. પો[illegible] ઘરના આંગણા આગળથી જે કોઈ ભૂખ્યું આવતું જતું હોય તેને ભોજન આપી [illegible] કરવી, એ હિંદુસ્તાનની સ્ત્રીઓનો મુખ્ય ધર્મ છે; અને એ માતાઓ તેને ઇશ્વરી આદેશ [illegible]

સહસ્ત્રતરુતાલ

જુલાઈ, ૧૯૦૧.

सप्तर्षिहस्तावचितावशेषाण्यधो विवस्वान् परिवर्तमानः ।
पद्मानि यस्याग्रसरोरुहाणि प्रबोधयत्यूर्ध्वमुखैर्मयूखैः ॥

માઈલોના માઈલ સુધી આકાશના જેવાં ઉંચાં શિખરોપર પ્રવાસ કરવો; નીચે ખીણોમાં અરણ્યોમાં બર્ચ (ભોજપત્ર) નાં અને બીજાં ઝુલતાં વૃક્ષોને નિહાળવાં; બન્ને બાજુએ ફૂલોની ફૂલવાડીઓની સુગંધ લેવી; જ્યાં ચાલવાથી સુંદર કોમળ ફૂલો તમારા પગના અંગુઠામાં વિંટાઈ પડતાં હોય એવા સુંવાળા મખમલ જેવાં ઘાસવાળી જમીનપર ઉઘાડે પગે ચાલ્યા જવું; ફરતી કૈલાસમેરુની ટેકરીઓપરથી ઘૂ ઘૂ કરતા ઉછળી પડતા જળના ધોધનાં રૂપેરી દર્શનો નિહાળવાં; વિજળીની ઝડપે કુદી જતાં ચપળ કસ્તૂરીમૃગ જેવાં રમતિયાં દોડનારાં કે જેના ઉપર ચંદ્રજ સવારી કરી શકે તેને જોવાં; ઘડીમાં આ બાજુએ તો ઘડીમાં પેલી બાજુએ, એમ આમતેમ મોટી રંગીન પાંખો ફફડાવતા ગરુડોના ઉડવાથી ચમકી પડવું; સોનું અને સુગંધ સાથે મળ્યાં હોય એવાં સુંદર અને સુગંધી પુષ્પો તથા કમળોને અહીં તહીંથી ચૂંટવાં; જે અનેક ઔષધો અહીં પુષ્કળ થાય છે તેને ખોદવામાં એક બીજાને હરાવી પાડવા આ મયૂરોને જોઇ આનંદ પામવો; ૐ ૐ ૐ નો ધ્વનિ કરતાં કરતાં ભજનો ગાતાં જવું; એમાંજ અમારો સમય વ્યતીત થતો હતો. સાંસારિક જીવનના ઘોંઘાટ અને કોલાહલથી પોતાને પર અને દૂર અનુભવતાં કૈલાસના શાંત વાયુની લહરિઓ જેમાં નાચતી હોય એવાં ચકચકિત વિશાળ, ઘેરાં અને નીલા સરોવરોની આસપાસ ઉગતા હસતા સૂર્યની સામે દર્પણનું કામ કરતા નિર્મળતાના ભંડાર જેવા કોમાર હિમરાશિઓ ! આવા ઉચ્ચ પ્રદેશની નિર્જન એકાંતમાં સૂર્ય પોતાના મોહક પ્રભાવનો આનંદ અનુભવે છે. આ ઉચ્ચ પ્રદેશપર કોઈ ઝુંપડી કે પર્ણકુટિની તો આશાજ કેવી ? રાત્રિઓ ગુફામાંજ વિતાડી હતી કે જ્યાં હમેશાં વાયુજ સૂનો હોય છે.

અહા ! ભસ્મીભૂત કરનારા દેહાધ્યાસના મિથ્યા પ્રદેશને દૂર કરવામાં કેવો આનંદ આવે છે ! અહા ! આ સૂર્યપ્રભા અને વાયુલહરિની સાથે એકરૂપ થઇ જવાનો કેવો આનંદ ! અહા ! एकमेवाद्वितीयम्‌નાં ગહન, સ્વર્ગીય અને અગાચિત અરણ્યોમાં ભ્રમણ કરવાનો શું અદ્ભુત આનંદ !



૩૩–પ્રકીર્ણ.

હિંદુ નારીઓનો આતિથ્યધર્મ.

ઈંગ્લાંડની એક નારીએ લંડનમાં આ વિષયપર એક વ્યાખ્યાન આપ્યું હતું; અને જે વ્યાખ્યાન હિંદુસ્તાનના એક વર્તમાનપત્રમાં છાપવામાં આવ્યું હતું; તેમાંથી 'રામ' થોડું તમને વાંચી સંભળાવશે. 'રામ' એ ભાષણ એટલા માટે વાંચે છે કે હિંદુસ્તાનના સામાજિક જીવનના વ્યવહાર માટે તમારા દેશમાં કેવા અયોગ્ય અભિપ્રાય અને અસત્ય કલ્પનાઓ ફેલાયેલી છે તેનું તમને દિગ્દર્શન થાય. કેટલાએક એમ ધારે છે કે જે મનુષ્ય હિંદુસ્તાનમાં જાય છે તે કોઇ પણ પ્રકારનું કાર્ય કરી શકતો નથી. હિંદુસ્તાનમાં જ્ઞાતિબંધનો એટલાં બધાં દૃઢીભૂત થયેલાં છે કે કોઈ પણ અમેરિકન તેઓની સાથે એકત્ર થઇને કામ કરી શકેજ નહિ. જેઓ ત્યાં જાય છે પણ હિંદુઓના સંબંધમાં આવતાજ નથી તેઓએજ આવા અનેક વિચારો અહીં ફેલાવ્યા છે.

અહો ! પોતાના પ્રેમપાત્રને માટે જીવન સમર્પવું, જીવનની આહુતિ આપવી, એ કેટલું ઉદાત્ત અને ભવ્ય કાર્ય છે ! પ્રેમીને એ પરમમોક્ષદાતા છે.

જે પોતાના પ્રેમપાત્ર માટે જીવન સમર્પવા ગમે તે ક્ષણે ખુશી છે તેજ માત્ર પ્રેમી છે. આવા પ્રકારનો પ્રેમ જ મનુષ્યને મનુષ્ય બનાવે છે અને તેની પાસે જનસેવાનાં અદ્ભુત કાર્ય કરાવે છે. હિંદુસ્તાનને આવા પ્રેમની જરૂર છે. હિંદુસ્તાનમાં અત્યારે જે કોઇ સ્ત્રી કે પુરૂષ સેવા નિમિત્ત જાય તેઓમાં આવો સુદૃઢ પ્રેમ હોવો જોઇએ.

હિંદુસ્તાનમાં રહીને પણ હિંદુઓના જીવનનો જેઓ અભ્યાસ નથી કરતા એવા મનુષ્યોએજ આવાં અસત્ય ગપ્પાં ફેલાવ્યાં હોય છે. જેમ એક પુસ્તકને મીણીઆ કપડું વીંટાળી પાણીમાં બોળીએ તો તેને પાણીનો સ્પર્શ થતો નથી તેમ આ લોકો હિંદુસ્તાનમાં જાય છે પણ હિંદુઓના સંસર્ગમાં આવતા નથી. તેઓ હિંદુઓના જીવનનો અભ્યાસ કરતા નથી અને તેમની સાથે એકતા કે સમાનતા અનુભવતા નથી. એક સ્ત્રી હિંદુસ્તાનમાં ગઇ હતી; તે ત્યાં થોડો કાળ રહી અને તેણે ત્યાં હિંદુ જીવન ગાળ્યું તમારી સામે એ પ્રત્યક્ષ પ્રમાણ છે. આ સ્ત્રીના દૃષ્ટિબિન્દુથીજ હિંદુસ્તાનમાં તમારે રહેવું જોઇએ એમ 'રામ' ઇચ્છે છે. તમે જો ખરી રીતે શ્રમ કરવા જ ચાહતા હો અને કર્મશીલ તરીકે ત્યાં રહેવા ઇચ્છતા હો તો તમારે એક પાઇનો પણ ખર્ચ નહિ કરવો પડે. ત્યાંના લોકો લાખો મનુષ્યોને આશ્રય આપી રહ્યા છે. એ લોકો જોકે ઘણા ગરીબ છે, છતાં તેઓ જેટલા ગરીબ છે તેથી વિશેષ ઉદાર અને ધર્મશીલ છે.

હિંદુસ્તાનના સાધુઓ પાસે 'રામે' પૈસો જોયો નથી. જ્યારે તેઓ શેરીમાં ફરતા હોય છે ત્યારે એમ સમજવામાં આવે છે કે તે ક્ષુધાને સંતોષવા માટે ભિક્ષા લેવા ફરે છે. પોતાના ઘરના આંગણા આગળથી જે કોઈ ભૂખ્યું આવતું જતું હોય તેને ભોજન આપી સેવા કરવી, એ હિંદુસ્તાનની સ્ત્રીઓનો મુખ્ય ધર્મ છે; અને એ માતાઓ તેને ઈશ્વરી આજ્ઞા માનીને

સદસ્તરુતાસ

ઑગસ્ટ, ૧૯૦૧.

सप्तर्षिहस्तावचितावशेषाण्यधो विवस्वान् परिवर्तमानः ।
पद्मानि यस्याग्रसरोरुहाणि प्रबोधयत्यूर्ध्वमुखैर्मयूखैः ॥

માઈલોના માઈલ સુધી આકાશના જેવાં ઉંચાં શિખરોપર પ્રવાસ કરવો; નીચે ખીણોનાં અરણ્યોમાં બર્ચ (ભોજપત્ર) નાં અને બીજાં ઝુલતાં વૃક્ષોને નિહાળવાં; બન્ને બાજુએ ફૂલોની ફૂલવાડીઓની સુગંધ લેવી; જ્યાં આલ્પ્સથી સુંદર કોમળ ફૂલો તમારા પગના સંકુચમાં ચિંપાઈ પડતાં હોય એવા સુંવાળા મખમલ જેવાં ઘાસવાળી જમીનપર ઉઘાડે પગે ચાલ્યા જવું; ફરતી કૈલાસમેરુની ટેકરીઓપરથી ધૂ ધૂ કરતા ઉછળી પડતા જળના ફીણનાં રૂપેરી દર્શનો નિહાળવાં; વિજળીની ઝડપે કૂદી જતાં ચપળ કસ્તૂરીમૃગ જેવાં રમકડું દોડનારાં કે જેના ઉપર ચંદ્રજ સવારી કરી શકે તેને જોવાં; ઘડીમાં આ બાજુએ તો ઘડીમાં પેલી બાજુએ, એમ આમતેમ મોટી રંગીન પાંખો ફફડાવતા ગરુડોના ઉડવાથી ચમકી પડવું; રંગ અને સુગંધ સાથે મળ્યાં હોય એવાં સુંદર અને સુગંધી પુષ્પો તથા કમળોને અહીં તહીંથી ચૂંટવાં; જે અનેક ઔષધો અહીં પુષ્કળ થાય છે તેને ખોદવામાં એક બીજાને હરાવી પાડવા મયૂરોને જોઈ આનંદ પામવો; ૐ ૐ ૐ નો ધ્વનિ કરતાં કરતાં ભજનો ગાતાં જવું એમાંજ અમારો સમય વ્યતીત થતો હતો. સાંસારિક જીવનના ઘોંઘાટ અને કોલાહલથી પોતાને પર અને દૂર અનુભવતાં કૈલાસના શાંત વાયુની લહરિઓ જેમાં નાચતી હોય એવાં ચકચકિત વિશાળ, ઘેરાં અને નીલાં સરોવરોની આસપાસ ઉગતા હસતા સૂર્યની સામે દર્પણનું કામ કરતા નિર્મળતાના ભંડાર જેવા કૌમાર હિમશિખરો ! આવા ઉચ્ચ પ્રદેશની નિર્જન એકાંતમાં સૂર્ય પોતાના મોહક પ્રભાવનો આનંદ અનુભવે છે. આ ઉચ્ચ પ્રદેશપર કોઈ ઝુંપડી કે પર્ણકુટિની તો આશાજ કેવી ? રાત્રિઓ ગુફામાંજ વિતાવી હતી કે જ્યાં હમેશાં વાયુજ સૂતો હોય છે.

અહા ! ભસ્મીભૂત કરનાર દેહાધ્યાસના મિથ્યા પ્રદેશને દૂર કરવામાં કેવો આનંદ આવે છે ! અહા ! આ સૂર્યપ્રભા અને વાયુલહરિની સાથે એકરૂપ થઈ જવાનો કેવો આનંદ ! અહા! એકમેવાદ્વિતીયમ્‌નાં ગહન,સ્વર્ગીય અને અપરિચિત અરણ્યોમાં ભ્રમણ કરવાનો.શું અદ્ભુત આનંદ!



૩૩–પ્રકીર્ણ.

હિંદુ નારીઓનો આતિથ્યધર્મ.

ઈંગ્લાંડની એક સન્નારીએ લંડનમાં આ વિષયપર એક વ્યાખ્યાન આપ્યું હતું; અને જે વ્યાખ્યાન હિંદુસ્તાનના એક વર્તમાનપત્રમાં છાપવામાં આવ્યું હતું; તેમાંથી 'રામ' થોડું તમને વાંચી સંભળાવશે. 'રામ' એ બાબત એટલા માટે વાંચે છે કે હિંદુસ્તાનના સામાજિક જીવનના વ્યવહાર માટે તમારા દેશમાં કેવો અયોગ્ય અભિપ્રાય અને અસત્ય કલ્પનાઓ ફેલાયેલી છે તેનું તમને દિગ્દર્શન થાય. કેટલાએક એમ ધારે છે કે જે મનુષ્ય હિંદુસ્તાનમાં જાય છે તે કોઈ પણ પ્રકારનું કાર્ય કરી શકતા નથી. હિંદુસ્તાનમાં જાતિબંધનો એટલાં બધાં દૃઢીભૂત થયેલાં છે કે કોઈ પણ અમેરિકન તેઓની સાથે એકત્ર થઈને કામ કરી શકેજ નહિ. જેઓ ત્યાં જાય છે પણ હિંદુઓના સંબંધમાં આવતાજ નથી તેઓએજ આવા અનેક વિચારો અહીં ફેલાવ્યા છે.

અહો! પોતાના પ્રેમપાત્રને માટે જીવન સમર્પવું, જીવનની આહુતિ આપવી, એ કેટલું ઉત્તમ અને ભવ્ય કાર્ય છે! પ્રેમીને એ પરમસૌભાગ્ય છે.

જે પોતાના પ્રેમપાત્ર માટે જીવન સમર્પે, ગમે તે હાલે પુરો છે તેજ ખરો પ્રેમી છે. આવા પ્રકારનો પ્રેમ જ મનુષ્યને મનુષ્ય બનાવે છે અને તેની પાસે ચમત્કારના આશ્ચર્યકારક કાર્ય કરાવે છે. હિંદુસ્તાનને આવા પ્રેમની જરૂર છે. હિંદુસ્તાનમાં અત્યારે જે કોઈ સ્ત્રી કે પુરુષ સેવા નિમિત્તે જાય તેઓમાં આવો સુદૃઢ પ્રેમ હોવો જોઈએ.

હિંદુસ્તાનમાં રહીને પણ હિંદુઓના જીવનનો જેઓ અભ્યાસ નથી કરતા એવા મનુષ્યોએજ આવાં અસત્ય અનુમાન કરેલાં હોય છે. જેમ એક પુસ્તકને મીણીઉં કપડું વીંટાળી પેટીમાં મૂકીને તો તેને પાણીનો સ્પર્શ થતો નથી તેમ આ લોકો હિંદુસ્તાનમાં જાય છે પણ હિંદુઓના સંસર્ગમાં આવતા નથી. તેઓ હિંદુઓના જીવનનો અભ્યાસ કરતા નથી અને તેમની સાથે એકતા કે સમાનતા અનુભવતા નથી. એક સ્ત્રી હિંદુસ્તાનમાં ગઈ હતી; તે ત્યાં ઘણો કાળ રહી અને તેણે ત્યાં હિંદુ જીવન ગાળ્યું તમારી સામે એ પ્રત્યક્ષ પ્રમાણ છે. આ એંગ્લો-ઇન્ડિયન રીતિ-નીતિ હિંદુસ્તાનમાં તમારે રહેવું જોઈએ એમ 'રામ' ઇચ્છે છે. તમે જો ખરી રીતે કામ કરવા જ આવ્યા હો અને અમેરિકન તરીકે ત્યાં રહેવા ઇચ્છતા હો તો તમારે એક પાઈનો પણ ખર્ચ નહિ કરવો પડે. ત્યાંના લોકો, હમે મનુષ્યોને આશ્રય આપી રહ્યા છે. એ લોકો ઘણા ગરીબ છે, જેમ તેઓ જેટલા ગરીબ છે તેથી વિશેષ ઉદાર અને ધર્મશીલ છે.

હિંદુસ્તાનના સાધુઓ જેને 'સાધુ' કહે છે, જ્યારે તેઓ દેશમાં ફરતા હોય છે ત્યારે એમ સમજવામાં આવે છે કે તે દુઃખને સહન કરવા માટે નિકળ્યા હોય. ઘરે ઘરે ભિક્ષા માગતા ફરે, કોઈ ઘરમાં જાય તેને ભોજન આપી સેવા કરવી એ હિંદુસ્તાનની સ્ત્રીઓને પુણ્ય ધર્મ છે; અને એ આતિથ્ય તેઓ ઈશ્વર અને મનુષ્યને

ભૂખ્યાંને ભોજન, તરસ્યાંને પાણી, ને જેને જે જોઇતું હોય તેને તે યથાશક્તિ આપી સે
કરવામાં આનંદ માને છે. કોઇ સ્ત્રીને આંગણેથી સાધુ ભૂખ્યો પાછો ફરે ને તે વખતે તે
આપવાને કશું પણ તૈયાર ન હોય તો તે સ્ત્રીના મનની કેવી સ્થિતિ થાય તે તો 'રામ'જ જાં
છે! એક સાધુને તે ભોજન ન આપી શકે તો તેની આંખોમાંથી આંસુની ધારા વહે
માંડશે. માત્ર ભગવાં કપડાંવાળો સાધુજ આમ આદર પામે છે એવું નથી, પણ સાધુ કે ગરી
અન્ય વસ્ત્રમાં ભમતું હરકોઇ માલુમ પડે તે સૌ સાધુ સમાન પૂજ્ય ગણાય છે. સાધુ એટલે મા
સંન્યાસી કે સ્વામીજ નહિ, હિંદુસ્તાનમાં તમે ભૂખ્યા ફરતા હો તો તમને પણ તેઓ સાધુ
માનશે. જેની પાસે દ્રવ્ય કે ભોજનસામગ્રી નથી તે સૌ તેમની દૃષ્ટિમાં સાધુ જ છે.

હિંદુઓનો પત્નીધર્મ.

અમેરિકા અને ઇંગ્લાંડમા એવી બહુ ચર્ચા થાય છે કે હિંદુસ્તાનમાં પત્નીને માટે જરાએ
પ્રેમ કે સન્માન નથી; પણ આ તદ્દન અસત્ય છે. આ દેશ કરતાં હિંદુસ્તાનમાં પત્ની વિશે
પ્રેમ અને સન્માન પામે છે. તમારા દેશમાં જાહેર મંડળમાં તમે તેના પ્રતિ પ્રેમ દર્શાવો છો
ચુંબન કરો છો; અનેક લાડ લડાવો છો; પણ ખાનગી વ્યવહારમાં તો તેની ઉપેક્ષા જ
કરો છો. હિંદુસ્તાનમાં પતિ જાહેર સમાજમાં પત્નીને થોડું કે જરીયે માન નહિ આપતે
હોય, પણ તેના અંતઃકરણમાં તો તેના પ્રતિ પ્રેમ અને સન્માન ધરાવે છેજ. આ દેશમાં શુદ્ધ
સંબંધ અને વ્યવહાર કરતાં સમાજની દૃષ્ટિમાં એટલે કે જાહેર મંડળમાં માન આપવું એ
આચારજ વિશેષ ઉપયોગી મનાય છે; પણ ત્યાં તેમ નથી. હિંદુસ્તાનમાં પતિ પોતાની પત્ની
પ્રતિ જાહેરમાં એટલું બધું લક્ષ નથી આપતો, પણ પોતાના પ્રત્યેક વ્યવહાર પત્નીના સુખને
માટેજ કરતો હોય છે. તેનું સુખ વધારવામાં તે પાછી પાની કરતો નથી. તફાવત એ છે
કે હિંદુસ્તાનમાં સ્ત્રીઓને પુરૂષોના પ્રમાણમાં કેળવણી મળતી નથી. પરંતુ 'રામ' પૂછે છે કે
શું તમારા દેશમાં સ્ત્રીઓને પુરૂષોના જેટલું જ વિદ્યાદાન મળેલું છે? હાલના જમાનામાં
હિંદુસ્તાનના પુરૂષોને પણ તમારા દેશના પુરૂષો જેવી કેળવણી નથી મળી શકતી.

બા. હૃદયનું કારણ ત્યાંની રાજપદ્ધતિ છે એમ હાલના લોકો કહે છે, પણ ખરું એવું
તેમ નથી; એ પ્રશ્નનું નિરાકરણ એમ કરવું વાજબી નથી.

હિંદુસ્તાનના પુરૂષ પોતાની સ્ત્રીને "મારી સ્ત્રી" કહેવાની હિમ્મત કરી શકતો નથી;
તે પોતાની સ્ત્રી સંબંધે બોલતો હોય ત્યારે "મારી સ્ત્રી" કહીને વાત કરતો નથી. એમ
બોલવું એ ત્યાં અશ્લીલ, અધાર્મિક અને અનભ્ય ગણાય છે. જ્યારે તેની પોતાની પત્નીને
બાળ છોકરી હોય ત્યારે તે "મારા કૃષ્ણની મા" "મારા રામની મા" વગેરે વાક્યોથી સંબોધે છે.

હિંદુસ્તાનના જ્યારે પ્લેગ બહુ જોરથી ચાલતો હતો ત્યારે તે રોગ ચેપી હોવાથી ઘર
કારી કાયદો એવો હતો કે પ્લેગના દર્દી પાસે બીજા કોઇએ જવું નહિ.

એક માડમ ઈંદર સ્ત્રી પોતાના પ્લેગથી પીડાતા બાળકની ઝુંપડીમાં હરકોઇ ઉપાયે પણ
દાખલ થઇ. તે ત્યાં રહી અને "હું તો મારા બાળકની સેવા કરીશ" એમ બબડ્યું. એના
પ્રેમમય અંતઃકરણના આગ્રહથી તે દાખલ થઇ શકી અને પોતાના બાળકને છેવટમાં
મરણ સુધી સેવા કરી શકી. એ બાળકે પોતાનો વખત માતા ખોળામાંજ પ્રાણ છોડ્યો. હિંદુસ્તાન
છોડી. જેમ ઇંગ્લાંડ સરકારના હિતનું ચિન્તન મુખ્ય ચીને મનુષ્ય થાય તો આત્મરાજી મનાય છે, તેમ હિં
સ્થાનમાં પણ પોતાની માતાના ખોળામાં મરણ થવું એ સદગતિદાયક અને પવિત્ર મનાય છે.

તમારા દેશમાં તમે ઇશ્વરને પિતા માનીને પૂજો છો અને પિતા સ્વર્ગમાં છે એમ કહો છો. હિંદુસ્તાનમાં તેથી ઉલટું છે, તેઓ ઇશ્વરને માતા માનીને પૂજા કરે છે. હિંદુઓની ભાષામાં "મા" શબ્દ બહુ મીઠો ને વ્હાલમયી છે. વ્હાલો પ્રભુ–પૂજ્ય પરમેશ્વર, એને પુષ્કળ હિંદુઓ 'માતાજી' ની સંજ્ઞા આપે છે.

જ્યારે કોઈ હિંદુ માંદો પડે છે અથવા તો તેને કાંઈ બહુ આપત્તિ આવી પડી હોય છે ત્યારે તેના મુખમાંથી "મારો પ્રભુ" એવા શબ્દો નથી નીકળતા; પણ સ્વાભાવિક "મા–મા" એમ કહેવાઈ જવાય છે આ શબ્દો તેના શુદ્ધ અંતઃકરણમાંથી નીકળે છે. હિંદુઓનો આત્મા "મા" શબ્દ પ્રતિ અતિ ઉચ્ચ ગાઢ પ્રેમ ધરાવે છે.

સાક્ષાત્કાર અને વાસના.

સુધાતુર મનુષ્યની પેઠે આપણે ઇશ્વરસાક્ષાત્કાર માટે તરફડીઆં મારીએ છીએ; મનરૂપી મુરલીમાં મંત્રનાદનો ધ્વનિ પૂરીને સાધના કરીએ છીએ. ત્યારે હવે એ સુખ–એ સ્વાદ માટે વાસ્તવિક ઉપાય શું છે? મનરૂપી સરોવરમાં અનેક સ્વાર્થી વાસનાઓ ભરી છે તેને શોધી કાઢો. પ્રથમ શુભેચ્છાઓ અને દૃઢ નિશ્ચયદ્વારા એનો વિનાશ કરો; અને નિર્મળ કરવા દૃઢ પ્રતિજ્ઞા લ્યો. જ્યારે એ મનરૂપી સરોવરમાંથી તમે બહાર નીકળશો ત્યારે પહેલાંનું વિષમય જળ અમૃત બની જશે. પછી એ જળનું ગાય ભેંસ આદિ જાનવર તેમજ સ્ત્રી પુરૂષ અને બાળકો હરકોઈ પાન કરશે અને કોઇને એ વિષ નહિ ચડે. તેમાંનું પહેલાંનું નિંદાપાત્ર વિષ ઇશ્વરસાક્ષાત્કારના અનુભવરૂપી મહાન ઔષધી ભળવાથી અમૃત બની જશે.

નિર્બળતાનાં કારણો શોધી તેને નિર્મૂળ કરો. વાસનાઓજ એકાગ્રતામાં મુખ્ય વિઘ્નકર્તા છે. જ્યાં સુધી મનની વિશુદ્ધિ અને આત્મજ્ઞાન સંપાદન નથી થતાં ત્યાંસુધી મનની એકાગ્રતા થતી નથી. એકાગ્રતા કરતી વખતે તમને જે વિચારો ભ્રમણામાં નાંખતા હોય ને તમને અપમાન અપાવતા હોય તેને શોધી શોધીને નિર્મળ કરો. તમે તમારી જાતને શ્રેયસ્કર અને વિશ્વાસપાત્ર બનો.

આ દેશમાં અનેક પ્રકારનાં ભાષણો થાય છે, પણ હવે તો તમે તમારી જાતની–પોતાનીજ પાસે વ્યાખ્યાન આપો. પોતેજ ઉપદેશ ગ્રહણ કરો. એ વિના કોઇ પણ પ્રકારની ખરેખરી ઉન્નતિ થવી સંભવિત નથી.

રાત્રે બિછાનામાં સુવા જતા પહેલાં દિવસે જે જે દોષ કે અપરાધ થયા હોય તે નોંધી લઈ તેને દૂર કરવા પ્રયત્ન કરો. બાઇબલ વાંચો, ગીતા કે ઉપનિષદ્‌નો પાઠ કરો અથવા ઍમર્સન આદિ તત્ત્વવેત્તાના ગ્રંથનો અભ્યાસ કરો.

કામ, ક્રોધ, દુઃખ કે શોકના વિચારો આવતા હોય તો આ પ્રકારના અભ્યાસની સહાયતાથી તે વિચારો શાથી અંતઃકરણમાં પ્રવેશ કરે છે તેનું મૂળ કારણ શોધી કાઢો. તેમાંથી મનને સત્વર નિર્લિપ્ત કરી પ્રભુપરાયણ કરવા માંડો, અને જ્યારે એમ ખાત્રી થાય કે હવે એવા પ્રકારના ક્ષુદ્ર વિચારો નાબૂદ થયા છે અને તમે તેને કાંઈક કબજામાં લેવાને વિજય મેળવ્યો છે ત્યારે તેનો પુનઃ વિચાર ન કરતાં એ દોષપત્રકને ફાડીને ફેંકી દો. આવી રીતે એક એક દોષને વીણી વીણીને કાઢતા જાઓ; એ પ્રત્યેક દોષનું મૂળ કારણ શોધવાનો પ્રયાસ અને પુનઃ શા માટે આવે છે તેનું કારણ–આદિ વિચારોનું વ્યાખ્યાન તમે પોતેજ તમારી જાતને સંભળાવો.

સર્વાત્માની સાથે પોતાના આત્માની એકતા અનુભવો. પરમાત્માની સાથે પોતાનો અનુભવો. તમે તેજ કૃષ્ણ ભગવાન છો કે જેણે એકજ સમયે સહસ્રો ગોપીઓ સાથે હાથ રાખીને રાસલીલા કરી હતી. સમુદ્રમાં કે રાજ્યભવનમાં, વનમાં કે ઉપવનમાં, સંગ્રામમાં કે અન્તઃપુરમાં, અર્થાત સર્વ સ્થળે અને સર્વકાળે તમે ઉપસ્થિત છો.

'રામ' સર્વથી ઉચ્ચ ગિરિવરના શિખરપર ચઢીને ગર્જના કરીને પૂકારે છે કેઃ—

દારિદ્રય અને દૌર્બલ્યની ફરિયાદ કરનારા લોકો ! તમે સત્યતઃ અર્વશક્તિમાન પ્રભુ સ્વયં 'રામ'જ છો. પોતાની કલ્પનામાંજ ન બંધાઇ જાઓ. ઉઠો, જાગ્રત થાઓ **તમારી નિદ્રા અને સંસારરૂપી સ્વપ્નને ઉતારીને દૂર ફેંકી દો.**

અરે, તમે પોતેજ સર્વસ્વ છો, તો પછી વૃથા દુઃખ અને દારિદ્રતામાં શા માટે પડયા છો ? અરે ! જરા ઉઠો અને સત્ય સ્વરૂપને ઓળખો, એટલે આ બધાં દુઃખદારિ પોતાની મેળેજ લોપ થઈ જશે.

સર્વ સુખોની ખાણ અને સંપૂર્ણ આનન્દના અન્તરાત્મા તમેજ છો; કોઇ પણ તમને હાનિ નથી કરી શકતો. જરા 'રામ'ને ખાતર તો પોતાના આત્માને ઓળખો. વિલ શા માટે કરો છો ? એના યથાર્થ રૂપને ઓળખો.

તમે રાતદિન અવિશ્રાંત શ્રમથી અને અત્યંત ઉત્સાહથી સુખની શોધ કરવામાં મંડ છો; પરન્તુ એ કામમાં તમને સદૈવ નિરાશાજ પ્રાપ્ત થાય છે. એના મૂર્ખ ન થાઓ. ઇંદ્રિ વિષયોમાં સુખને ન શોધો. ઓ ઇંદ્રિયોના દાસો ! પોતાના સુખ માટેની આ નિષ્ફળ બાહ્ય શોધને છોડી દો. અમરતાનો મહાસાગર તમારી અંદર છે. સ્વર્ગનું રાજ્ય તમારામાં છે. તમે અમૃતના પણ અમૃત છો. મન અને સંસારને પરમાત્માના સ્વરૂપમાં લય પમાડી દે પોતાના ક્ષુદ્ર અહંકારનો ત્યાગ કરો અને પવિત્ર ઉન્માદમાં મસ્ત બનો.

અરે પ્રિય વર્ગ ! આ નશ્વર શરીરની ક્વૉરેન્ટાઇનની આટલી બધી ચિન્તા શા માટે કરો છો ? આ અનાત્મનું શું થશે એની જરાએ ચિન્તા ન કરો. તમામ સગ સંબંધીના મિથ્યા વિચારોને દૂર કરો.

જે આંખો ઇશ્વરને નથી જોતી તે ફુટી જાય તોજ ઠીક છે ! ધિક્કાર છે તે અંતઃકરણને કે જે વાસનારૂપી વ્યાધિને ધારણ કરીને પડયું છે !

તમારાં આંસુઓથી તમામ નાસ્તિકતાને ધોઇ નાંખો. તમારા વાસ્તવિક સ્થાનપર સારી રીતે વિરાજમાન રહો. નિન્દા તથા સ્તુતિ ત્યાં નથી પહોંચી શકતાં. સાધારણ સુખ અને દુઃખનું ત્યાં નામ માત્ર પણ નથી.

ઇશ્વરને તમારી નૌકામાં સ્થાપિત કરો અને સંપૂર્ણ સુખોને જવા દો. એવું કરો કે ઇશ્વરભક્તિરૂપી વાયુ આ ક્ષણભંગુર નરદેહરૂપી નૌકાના અહંકારરૂપી સઢને ઉરાડીને લઇ જાય, અને લઇ જઇને પરમાત્મારૂપી મહાસાગરમા છોડી મૂકે.

ભક્તિરસના નિશામાં જે લોક મસ્ત બને છે તેઓજ અત્યંત સુખી છે. **ધન્ય છે એ લોકને કે જેઓને ઇશ્વરી ભક્તિનો ઘનઘોર નિશો ચડયો છે. એ મનુષ્ય પૂજનીય છે કે જે સાંસારિક દૃષ્ટિનો વિનાશ કરીને શુદ્ધ આત્માનંદમાં નિમગ્ન છે !**

ૐ ૐ ૐ

स्वामी रामतीर्थनां पत्रो.

भक्त धन्नारामनुं टूंक वृत्तांत.*

ભગત ધન્નારામજી કે જેમને ગોસ્વામી રામતીર્થજીની બાલ્યાવસ્થામાંજ ગુરુ બનવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે તેઓ બંગાલાનો ધંધો કરે છે અને હાલ પંજાબમાં ગુજરાંવાલાં શહેરની પુરાણીમંડી નામની ગલીમાં રહે છે. એમનું વય સિત્તેરેક વર્ષનું છે. એમના પિતાનું નામ લાલા જવાહિરમલ હતું. સ્વામી 'રામ'ની પેઠે બાલ્યાવસ્થામાંથીજ માતાનો વિયોગ એમને પણ થયો હતો.

ભગતજી નાનપણમાં ગામડી નિશાળે થોડું પણ નામું ઠામું લખતાં શીખ્યા હતા. સ્વામી 'રામ'ની ભગતજી પ્રતિની અપ્રતિમ ભક્તિને લીધે એમણે ભગતજીના જીવન વિષે એમને પૂછીને કેટલુંએક ટાંચણ પોતાની નોટબુકમાં કરેલું છે એ ઉપરથી, તેમજ શ્રીમાન નારાયણ સ્વામીએ ભગતજીના શ્રીમુખેથી સાંભળેલી હકીકતપરથી માલૂમ પડે છે કે ભગતજી નાનપણથીજ અત્યંત ચાલાક અને બુદ્ધિશાળી હતા.

બુદ્ધિની તીવ્રતા સાથે ભગતજીનો સ્વભાવ પણ બહુ ઉગ્ર હતો. તેઓ કોઈનું જરાપણ સાંખે તેવા નહોતા. આવાં કારણોથી ગામડી નિશાળે પણ એમણે બેથી વધારે બદલી હતી. અભ્યાસ પણ એ કારણને લીધેજ આગળ વધારી ન શકયા એવું માલૂમ પડયું છે કે એકવાર પંડ્યાજીએ ભગતજીને કાંઈ કારણસર માર્યા હશે; તે દિવસે ઘેર આવીને ભગતજીએ એવો હઠ કર્યો કે હવે જો મને ભણવા મોકલશો તો હું ભાગી જઈશ. નમાયા બાળકનો પિતાએ પક્ષ કર્યો, અને ત્યારથી ગામડી નિશાળનું બાકી રહેલું ભણતર પણ ભગતજીને માટે સદાને માટે બાકીજ રહ્યું. તેમ છતાં સ્વામી 'રામ'નાં પત્રોપરથી જણાય છે કે એમણે પોતાની ઉત્તરાવસ્થામાં હિન્દી લખવા વાંચવાનો થોડો પ્રયત્ન કર્યો હતો. આપણે એ વિષયનાં ટાંચણ તપાસીએ:—

"આપ પોતેજ કાગળ લખવાની ટેવ પાડશો; ધીરજ અને પ્રેમથી એ કામ કરશો; પણ જલદી." તા. ૨૦-૨-૧૮૯૪.

"આપ આપની હકીકત પોતાને હાથેજ લખશો." તા. ૨૫-૨-૧૮૯૪.

"આપના અક્ષર હવે પહેલાંના કરતાં સારા છે; નાના લખવાનો યત્ન કરશો."

તા. ૯-૧૨-૧૮૯૪.

---

* સ્વામીજીના ઘણાં પત્રો ભગત ધન્નારામજી ઉપર લખાયલા હોય પ્રસ્તાવનામાં જણાવ્યું છે તેમ "ગોસ્વામી તીર્થરામે પોતાની બાલ્યાવસ્થામાં ભગત ધન્નારામજીને પોતાના સદ્‌ગુરુ તરીકે સ્વીકારી લીધા હતા; અને તીર્થરામજીના પિતા ગોસ્વામી હીરાનંદજીએ એમને ભગતજીની દેખરેખ નીચે રાખેલા હતા; તેથી ભગતજી એમના રક્ષક હતા. એ કારણથી ભગતજીનું ચરિત્ર તીર્થરામજીના ચરિત સાથે જોડવું તો નિશ્ચયતો છે કે એમનું ટૂંકું જીવનવૃત્તાંત લખીને આ સાથે જોડવું ઉચિત માન્યું છે."

કેળવણી લેવાનું એટલેથીજ પૂરૂં થવાથી પિતાએ એમને ભંગારાનું કામ શીખવાને કોઇની દુકાને રાખ્યા હતા. ત્યાં તેમણે એ કામ શીખવાનું શરૂ કર્યું અને થોડાજ સમયમાં ગુજરાન જેટલું કમાવાની શક્તિ પ્રાપ્ત કરી. એજ અરસામાં તેમને કસરત કરવાનો અને કુસ્તી ખેલવાનો શોખ ઉત્પન્ન થયો. સાંજે પોતાના ધંધામાંથી પરવારતા એટલે તેઓ અખાડામાં જઇ કુસ્તી શીખતા હતા, અને અનેક પ્રકારની કસરત શીખી પહેલવાન બનવાનો પ્રયત્ન કરતા હતા. તેઓ દુકાનનું કામકાજ શીખતાં જે કાંઇ થોડું કમાતા હતા તે ખાવા પીવામાં ખરચી નાખતા હતા.

ઓગણીસ વર્ષની ઉમ્મરે તેઓ કટાસરાજના મેળામાં યાત્રાએ ગયા. પંજાબમાં આ મેળો બહુ મોટો ભરાય છે. સુમારે વીશ વીશ અને પચીશ પચીશ ગાઉથી સાધુસંતો અને સજ્જનો ત્યાં એકઠા થાય છે. એમાં ખાસ કરીને સાધુસંતો બહુ ભરાય છે. એ મેળામાં મહાત્માઓનાં દર્શન થવાથી એમને સત્સંગ સેવવાની ઈચ્છા ઉત્પન્ન થઈ, અને દાન-પુણ્યમાં શ્રદ્ધા બેઠી.

એ મેળામાંથી પાછા ફરતાં રસ્તામાં પિંડદાદનખાન કરીને એક શહેર આવે છે ત્યાં તેઓ ભંગારાની દુકાન કરીને રહ્યા. અહીં તેઓએ એક કસરતનો અખાડો પણ જમાવ્યો. એ અખાડામાં અનેક યુવાનો એમની પાસે પહેલવાની અને કુસ્તી-કસરત શીખવા આવતા હતા. અહીં એમના ઉગતા નવયૌવનભર્યા શરીરનો બહુ સુંદર રીતે વિકાસ થવા લાગ્યો. તેઓ અખાડાની તથા દુકાનની આવકનો ઉપયોગ ખાવા અને ખવરાવવામાં તેમજ સાધુસંતોની સેવા કરવામાં કરતા હતા.

એ શહેરમાં કથા થતી ત્યાં તેઓ નિત્ય જતા, એટલુંજ નહિ પણ પોતાના અખાડાના આદમીઓને પણ સાથે લઈ જતા. કેટલીકવાર કથા સાંભળીને સાથે સાથે પોતાના સાથીઓને સમજાવતા જતા હતા. આવી રીતે તેમની ધાર્મિક વૃત્તિ વધતી ગઇ. પ્રેમભક્તિનાં વર્ણનો તો એમના હૃદયપર બહુ સચોટ અસર કરતી. એકવાર ભક્ત સુદામાની અપ્રતિમ નિઃસ્પૃહતા અને ભગવાન શ્રીકૃષ્ણની એની નિષ્કામ ભક્તિ પ્રત્યેની અધીનતા જોઇને તેઓ અત્યંત ગદ્ગદ્ થઈ ગયા હતા.

કિન્તુ ધર્મનાં ગૂઢ રહસ્યોની કુંચી હજુ તેમને નહોતી મળી. તેવામાં સદ્ભાગ્યે એ સમયે યોગવાસિષ્ઠની કથા સાંભળવાનો સુયોગ તેમને પ્રાપ્ત થયો.

વેદાન્તના આ ધુરંધર ગ્રંથશ્રવણથી सर्वं खल्विदं ब्रह्म-એ સૂત્રને અનુસરીને હવે તે પોતાને ખુદા કહેતા અને અન્યને પણ ખુદા કહીનેજ બોલાવતા.

આટલું વાચિકજ્ઞાન પ્રાપ્ત થવાથી તેમને એક જાતની અશાંતિ થઇ. જ્ઞાનની જિજ્ઞાસા તીવ્ર અને ઉત્કટ થઇ અને સત્યની શોધમાં નીકળવાની આતુરતાએ દઢ અને પ્રબળરૂપ ધારણ કર્યું. મનમાનતું કમાઈ શકતા એટલે એ સંબંધે તો કાંઇ ચિન્તાજ નહોતી, તેમ અવિવાહિત હોવાથી કુટુંબપાલનની પણ ફિકર માથે નહોતી. અવિવાહિત રહેવામાં આનંદ છે એવો દઢ નિશ્ચય થઈ જવાથી ભગતજી જીવન પર્યંત અવિવાહિતજ રહ્યા હતા.

જ્ઞાનની ઉત્કટ જિજ્ઞાસાને લીધે ભગતજીને ઘણી બેચેની રહેતી હતી. પિંડદાદનખાનમાં મનમાનતી શાન્તિ પ્રાપ્ત ન થવાથી ત્યાંથી તેઓ પાછા ગુજરાંવાલા જવા નીકળ્યા. અહીં એમને બીજા ઘણા સંત સાધુઓનાં દર્શન થયાં. એક મહાત્માને એક વખતે નિમંત્રણ કરી તેમને પોતાના મનની અવસ્થાની હકીકત કહેતાં તે મહાત્માએ તેમનું સમાધાન કરીને મનને પોતાના સાચી આત્મામાં સ્થિર કરવાની રીત સમજાવી હતી.

એમ કહેવાય છે કે શારીરિક શુદ્ધિ અને અન્તરની તીવ્ર જિજ્ઞાસાને પરિણામે મહાત્માના ઉપદેશ અનુસાર પ્રયત્ન કરવાથી તેઓ એવા તો સ્વરૂપસ્થિત થયા હતા કે લગભગ ત્રણ ચાર કલાક સુધી તેઓને દેહવિસ્મૃતિ થઇ જતી.

સદ્ભાગ્યે થોડાજ સમય પછી ભગતજીને એજ મહાત્માનાં પુનઃ દર્શન થવાથી કેટલોક કાળ તેઓ તેમની સાથે રહ્યા. તેઓ હવે "ભગતજી"ના નામથી ઓળખાવા લાગ્યા.

આજ અરસામાં સ્વામી 'રામ'નું જીવન એમના જીવન સાથે સંકલિત થાય છે. ભગત ધનારામ અને ગોસ્વામી હીરાનંદજી (ગોસ્વામી તીર્થરામના પિતા) બન્ને પહેલેથીજ પરમ મિત્ર હતા. મુરાલીવાલામાં ઉર્દુ અભ્યાસ પૂરો કરી ગુજરાંવાલા જીલ્લાનું શહેર હોવાથી ત્યાંની સ્કૂલમાં અભ્યાસ કરવા માટે ગોસ્વામી હીરાનંદજીએ પોતાના આઠેક વર્ષના પુત્રને ભગત ધનારામજીની દેખરેખ નીચે મોકલી આપ્યા હતા. તેઓ ત્યાં રહેતા હતા અને હાઇસ્કુલમાં અભ્યાસ કરતા હતા. પત્રોપરથી જણાઈ આવે છે કે તેમના ભોળા, નિર્દોષ અને વિશુદ્ધ હૃદયે ભગતજીને ઈશ્વરનો અવતાર સમજી લીધા હતા. જેમ એક આસ્તિક પુરુષ ઈશ્વરથી ડરે એમ તેઓ ભગતજીથી ડરતા હતા અને એમની ઇચ્છા મુજબ હું નહિ કરૂં તો મારૂં અકલ્યાણજ થશે, એમ એમના ભોળા દિલમાં સજ્જડ ઠસી ગયું હતું; તેથી એમની આજ્ઞાનું સંપૂર્ણ પરિપાલન કરવાનું બહુ લક્ષમાં રાખતા હતા.

તીર્થરામજી ગુજરાંવાલા રહ્યા એટલા સમયમાં તો કાંઇ ખાસ લખવા જેવું બન્યું નથી; પરંતુ જ્યારથી ગુજરાંવાલા છોડી આગળ અભ્યાસ કરવાને તેઓ લાહોરમાં આવ્યા ત્યાર પછીના તેમના ભગતજી સાથેના સંબંધનું, ભગતજીના સ્વભાવના ચિત્રનું અને તીર્થરામની અધીનતા, નમ્રતા અને વિવેકનું, એમના એ વયના લખેલા પત્રોમાં સ્પષ્ટ દર્શન સ્થળે સ્થળે દૃષ્ટિગોચર થાય છે.

ભગતજી અવિવાહિત જીવન ગાળી ગુજરાંવાલામાં તેજ સમયથી રહે છે, અને ભંગારનો ધંધો મૂકી દઇને હવે એકાંત જીવન ગાળે છે. શરીરે જો કે તેઓ હવે બહુ બળવાન નથી; છતાં આજકાલના કહેવાતા જુવાનો કરતાં ઉતરે તેવા નથી.

ભગતજીને પોતાનો તો પરિવાર નથી, પણ ભાઇ ભત્રિજાનાં સંતાનોને એમણે પોતાનાં માની લઇ તેમની સંભાળ એમણે ઉપાડી લીધી હતી. આ કારણને યોગે આર્થિક સેવા પણ શિષ્યો પાસેથી તેમને લેવી પડી એ સ્વાભાવિક હતું. 'રામ'ના પત્રોમાં "ભેટ" શબ્દ જ્યાં જ્યાં આવે છે ત્યાં ભેટ એટલે દ્રવ્યસેવાજ સમજી લેવાની છે. ભગતજીની આવશ્યકતા કે ઇચ્છાનુસાર આર્થિકસેવા તીર્થરામથી ન બનતાં તેમનાપર ભગતજી વખતોવખત ગુસ્સે થતા હોય એમ તીર્થરામજીના તેમનાપરના પત્રોમાં કરેલી ક્ષમાપ્રાર્થનાઓપરથી તેમજ ગુસ્સે ન થવાની વિનતિઓ ઉપરથી સમજાય છે.

'રામ'ને ભગતજીની ઉપર્યુક્ત સ્થિતિનું પાછળની અવસ્થામાં ભાન થયું હતું એ વાત પણ એમના કેટલાક પત્રોથી જણાય છે.

તીર્થરામજી ઘણીવાર તો ભગતજીને બહુજ સ્પષ્ટ શબ્દમાં ઉપદેશાત્મક સૂચનાઓ કરતા હતા. દૃષ્ટાંત રૂપે:—

"આપ ગમે તેટલો વ્યાયામનો પ્રયાસ કરશો અને એક બે દિવસ ઉપવાસ કરશો તો હું નિશ્ચય રાખું છું કે આપને નિઃસંદેહ આરોગ્ય પ્રાપ્ત થશે." તા. ૨૫: ૨: ૧૮૯૫.

"કુસંગ" કે જેને "ઢોહિસંગ" અર્થાત્ પાષાણનો પર્વત કહેવો યોગ્ય છે તે અમારી* ઉન્નતિ પ્રતિ ઉડનારી પાંખો ઉપર પડીને અમને હમેશાં શબવત્ બનાવી દે છેઃ અને જાણે કે અમને આકાશમાંથી અમારા ભારને લીધે પોતાની સાથે નીચેને નીચે લઈ જાય છે. આપ જો-ભગવદ્ગીતાના અર્થનો એક ભાગ ધીમે ધીમે વિચારપૂર્વક આજના દહાડાઓમાં વાંચો તે મને બહુ આનંદ થશે." ૨૯: ૫: ૧૮૯૪.

વળી ઘણીવાર આડકતરી રીતે પણ બહુ સખ્ત શબ્દોમાં ઉપદેશ કરેલો છેઃ

"પરમાત્માપર વિશ્વાસ ન રાખીનેજ આપણે દુઃખી થઈએ છીએ. એ આપણા ચિત્તની દુષ્ટતા છે. આ ચિત્ત તો અભ્યાસ કરવાથીજ વશ થાય છે........આપ ત્યાં "યોગવાસિષ્ઠ" વાંચશો તો હું બહુ રાજી થઈશ." તુલસીદાસજી લખે છે કે "જબ દાંત ન થે તબ દૂધ દિયો, અબ દાંત ભયે કયા અન્ન ના દે હૈ." તા. ૨૭: ૯: ૧૮૯૪.

ઉપરાંત જ્યારે 'રામ'નો ઉન્માદ વધી જઈને ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરવાનો સમય આવે છે ત્યારે ભગતજી તેમાં વિરોધ કરતા હોય તેમ જણાય છે. એ વખતે તેઓ લખે છે કેઃ

"વૈરાગ્યના જે તરંગો અહીં આવે છે તે આપનાજ મોકલેલા છે, અને આપજ એને અટકાવો છો! એ અદ્ભુત લીલા છે." તા. ૧૩-૧૨-૯૯

"સાધુઓ માટે ભ્રમરની પેઠે અનેક પુષ્પોની (ઘરઘરની) મધુકરી (ભિક્ષા) માગવી ભૂષણરૂપ છે.....જે થયાં કરે છે તે તદ્દન ઠીક અને વાજબી થયાં કરે છે." તા. ૬: ૩: ૧૮૯૯.

'રામ' અને ભગતજીના સંબંધને વાંચકો યથાયોગ્ય જોઈ શકે એટલા માટેજ આટલું વિવેચન કર્યું છે.

ગોસ્વામી તીર્થરામના પિતાની એવી સ્થિતિ નહોતી કે તેઓ એમને કૉલેજના શિક્ષણનો ખર્ચ આપી શકે. મેટ્રિકની પરીક્ષા આપ્યા સુધી તો ભગતજીની પાસેજ તેઓ રહ્યા હતા, તેથી ખર્ચ સંબંધી એમના પિતાને વિશેષ વિચાર કરવા જેવું નહોતું; પણ ત્યાર પછી લાહોરમાં રાખીને તીર્થરામને અભ્યાસ કરાવવાની સગવડ કરી આપવા હીનસંપત્તિથી અસમર્થ હતા. આવી સ્થિતિમાં તેઓ એમ ઈચ્છતા હતા કે તીર્થરામ અભ્યાસ છોડી નોકરી કરે અને કુટુંબનું ગુજરાન ચલાવે; પરંતુ તીર્થરામની ઈચ્છા તો અભ્યાસ કરવાનીજ હતી, અને પિતાની ઈચ્છા વિરુદ્ધ પણ એઓ લાહોર જવા તૈયાર થયા હતા. પિતાએ ગુસ્સે થઈ એમનાં પત્નીને પણ ત્યાં મોકલી દીધાં હતાં. બાલ્યાવસ્થામાંજ લગ્ન થયેલાં હોવાથી પુત્રકલત્રનો ભાર પણ આવી રીતે તીર્થરામને શિર આવી પડયો હતો. એ સ્થિતિમાં ભગતજી એમના રક્ષક બન્યા હતા. તેઓ હરેક પ્રકારની દેખરેખ રાખતા; વારંવાર લાહોર જઈ એમને સર્વ સગવડ કરાવી આપતા; અને દ્રવ્યની સર્વ વ્યવસ્થા એઓ પોતેજ કરી આપતા હતા; એમ કહીએ તો ખોટું નથી.

દ્રવ્યથી, જાતિ દેખરેખથી, તેમજ અન્ય રીતે પણ ધાર્મિક વૃત્તિ ઉત્તેજિત કરીને તીર્થરામની વિદ્યાર્થીઅવસ્થામાં તેમણે અનન્ય-અમૂલ્ય સાહાય્ય કરી છે. ગોસ્વામી તીર્થરામ "રામતીર્થ" સ્વામી થયા તેમને પ્રથમથીજ પોતે ઓળખી ગયા હોય તેમ પાળ્યા, પોષ્યા અને ઉત્તેજિત કર્યા; એમ કહીએ તો એમાં જરાએ ખોટું નથી. એક વાલી કરતાં તો તેમણે અતિ ઉચ્ચ

* ઉર્દૂ તથા હિંદી બોલીમાં 'અમારી' 'અમને' એ શબ્દો 'આપણી' 'આપણને' ને બદલે વપરાય છે.

કાર્ય કર્યું હતું. જે સમયમાં 'રામ' એમને સુપ્રત કરવામાં આવ્યા તે સમયે ભગતજી નિત્ય યોગવાસિષ્ઠ સાંભળતા, વેદાન્તના સિદ્ધાંતને જીવનમાં ઉતારવા ઉગ્ર તપશ્ચર્યા અને ઉત્કટ સાધના કરતા હતા. નિર્દોષ 'રામ'ના હૃદયપર એમણે ત્યારથીજ ધર્મની એવી તો અદ્ભુત છાપ પાડી કે જે દિન પ્રતિદિન પ્રગટ થતી ગઈ અને અન્તે સમસ્ત જગતને કલ્યાણકારક નિવડી.

વળી એમના પ્રતાપથીજ સ્વામીજીના પત્રો સચવાઈ રહ્યા અને વાચકોને પ્રાપ્ત થયા છે. જે મહાપુરુષે જગતના ધાર્મિક ક્ષેત્રમાં અપ્રતિમ જ્ઞાન, શૌર્ય દાખવ્યાં છે તે અદ્ભુત પ્રતાપશાળી સ્વામી 'રામ'ના નાની ઉમરમાં ગુરુ બનવાથી એમને અનેકશઃ ધન્યવાદ ઘટે છે. બાલ્યાવસ્થામાં 'રામ'ના નિર્દોષ, કોમળ અને ભોળા હૃદયમાં ધાર્મિક સંસ્કારો જાગ્રત કરનાર એ ભગતજીજ છે અને 'રામ'ના હૃદયમાં એનો ઉત્તરોત્તર કેવી રીતે વિકાસ થયો એનું અવલોકન કરવું એ વિષય તો સ્વામી 'રામ'ના જીવન પરત્વેનો છે: ૐ ૐ ૐ સ્નેહજ્યોતિ



"ફુમંગ" કે જેને "ડેલિમંગ" અર્થાત્ પાણાનો પર્વત કહેવો યોગ્ય છે તે [illegible] ઉન્નતિ પ્રતિ ઉડનારી પાંખો ઉપર પડીને અમને હમેશાં શાન્તવત્ બનાવી દે છે: અને [illegible] કે અમને આકાશમાંથી અમારા ભારને લીધે પોતાની સાથે નીચેને નીચે લઈ જાય છે. [illegible] એ જગત્દ્રીતાનન્દ અર્થનો એક ભાગ ધીમે ધીમે વિચારપૂર્વક આજના કલાકોમાં [illegible] મને બહુ આનંદ થશે." ૨૬: ૫: [illegible]

વળી ગણીતાર આડકતરી રીતે પણ બહુ સખ્ત શબ્દોમાં ઉપદેશ કરેલો છે:

"પરમાત્માપર વિશ્વાસ ન રાખીનેજ આપણે દુઃખી થઈએ છીએ. એ આપણું ચિત્ત [illegible] દુર્લભ છે. આ ચિત્ત તો અભ્યાસ કરવાથીજ વશ થાય છે.........આપ ત્યાં "યોગવશિ[illegible] વાંચશો તો હું બહુ રાજી થઈશ." તુલસીદાસજી લખે છે કે "જબ લાંગ ન ધી [illegible] દિયે, તબ લાંગ બધે કયા ભજ ના દૈ દે." તા. [illegible]

ઉપરાંત જ્યારે 'રામ'નો ઉન્માદ વધી જઈને ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરવાનો સમય [illegible] ત્યારે ભગતજી તેમાં વિરોધ કરતા હોય તેમ જણાય છે. એ વખતે તેઓ લખે છે કે:

"વૈરાગ્યના જે તરંગો અહીં આવે છે તે આપનાજ મોકલેલા છે, અને આપજ [illegible] ત્યકશો કે! એ અફસુસ લીલા છે." તા. ૧૩-૧૨-[illegible]

"સાધુઓ માટે ભ્રમરની પેઠે અનેક પુષ્પોની (ઘરઘરની) મધુકરી (ભિક્ષા) [illegible] ત્યાજ્યરૂપ છે.....જે થયાં કરે છે તે તદ્દન ઠીક અને વાજબી થયાં કરે છે." તા. ૬: ૩: [illegible]

'રામ' અને ભગતજીના સંબંધને વાંચકો યથાયોગ્ય જોઈ શકે એટલા માટેજ [illegible] વિવેચન કર્યું છે.

ગોસાંઈ તીર્થરામના પિતાની એવી સ્થિતિ નહોતી કે તેઓ એમને કોલેજના [illegible] વૃત્તિ અર્થે આપી શકે. મેટ્રિકની પરીક્ષા આપ્યા સુધી તો ભગતજીની પાસેજ તેઓ [illegible] હતા, તેથી અર્થ સંબંધી એમના પિતાને વિશેષ વિચાર કરવા જેવું નહોતું; પણ [illegible] વળી લાહોરમાં જઈને તીર્થરામને અભ્યાસ કરાવવાની સગવડ કરી આપવા શક્તિ[illegible] અસમર્થ હતા. આવી સ્થિતિમાં તેઓ એમ ઈચ્છતા હતા કે તીર્થરામ અભ્યાસ છોડી [illegible] કરે અને કુટુંબનું ગુજરાન ચલાવે, પરંતુ તીર્થરામની ઈચ્છા તો અભ્યાસ કરવાનીજ [illegible] અને પિતાની ઈચ્છા વિરુદ્ધ પણ એઓ લાહોર જવા તૈયાર થયા હતા. પિતાએ [illegible] કરી એમનાં પત્નીને પણ ત્યાં મોકલી દીધાં હતાં. બાલ્યાવસ્થામાંજ લગ્ન થયેલાં [illegible] પુત્રપ્રાપ્તિ [illegible] પણ આવી રીતે તીર્થરામને શિર આવી પડયો હતો. એ સ્થિતિમાં [illegible] તેમજ એમના રહેઠાણ [illegible] હતા. તેઓ હંમેશ ભૂખની [illegible] સાથે; વારંવાર [illegible] બાંધ એમને સર્વ સગવડ કરવી આવતી; અને કરવાની સર્વ વ્યવસ્થા એમણે પોતેજ [illegible] આપતા હતા; એમ કહીએ તો ખોટું નથી.

ટૂંકામાં, અતિ પ્રેમપૂર્વક, તેમજ અન્ય રીતે પણ ધાર્મિક વૃત્તિ ઉત્તેજિત કરીને તીર્થરામ[illegible] વિદ્યાર્થી અવસ્થામાં તેમનું અનન્ય-અમૂલ્ય સહાય્ય કરી છે. જેઓશ્રી તીર્થરામ "શ્રામતી[illegible] સ્વામી બન્યા તેમને પ્રારંભથીજ પ્રેરે એવી ભક્ત એમ તેમ બનાવ્યા, શિક્ષા અને [illegible] ચિત્ત કર્યું; એમ કહીએ તો એમાં જરાએ ખોટું નથી. એક વાતી કરતાં તો તેમણે અતિ [illegible]

[illegible]

ભાડાનું ઘર રાખી લીધું છે. એ મકાનના માલિક મ........છે, એમને સરનામે મને પ[ત્ર] લખ્યા કરશો. મને કોઈ શિષ્યવૃત્તિ (scholarship) નથી મળી; તેમ હું પ્રથમ વર્ગમાં પાસ પણ થયો નથી. મારો નંબર પંજાબમાં આડત્રીશમો છે. અહીં મિશન કૉલેજમાં માસિક સાડાચાર રૂપિયા ફી છે. વિશેષ શું લખવું ?

—સેવક **તીર્થરામ.**

पत्र ५–एकान्तप्रीति.

શ્રી મહારાજ શ્રીભગતજી સાહેબ સર્વદા કૃપા રાખે ! તા. ૧૦ જૂન, ૧૮૮૮.

[1]મત્યાટેકના વિનતિ કે બે ત્રણ દિવસ પહેલાં આપનો કૃપા પત્ર મળ્યો. [2]સમાધિમાં હું ન રહેવા ગયો તેનું કારણ આપે પૂછ્યું છે. સૌથી મુખ્ય ઉદ્દેશ તો એ હતો કે ત્યાં અહીંના જેટલી એકાન્ત તેમજ સ્વતંત્રતા નહોતી. તે સિવાય બીજી પણ ઘણી વાતો છે જે હું આપને રૂબરૂ કહીશ. મારાપર કૃપા દૃષ્ટિ રાખશો.

—આપનો દીનદાસ **તીર્થરામ.**

पत्र ६–हिंदी अभ्यास.[3]

શ્રી મહારાજ ભગતજી સાહેબ ! તા. ૧૯ ઑક્ટોબર, ૧૮૮૮.

હું આપને વારંવાર પ્રણામ કરું છું. આપની પત્રિકાએ મને કૃતકૃત્ય કર્યો. પરમાત્મા હવે આ કાર્યને સંપૂર્ણ કરે. હવે હું હિંદી વાંચી લખી શકું છું. આપ દયા દૃષ્ટિ રાખશો.

—સેવક **તીર્થરામ.**

पत्र ७–शिष्यवृत्तिनी उत्कंठा.

શ્રી મહારાજ સચ્ચિદાનન્દસ્વરૂપ પૂર્ણબ્રહ્મ સર્વજ્ઞ વિભુજી ! તા. ૧૪ નવેમ્બર, ૧૮૮૮.

હું આપના ચરણમાં સર્વસ્વ અર્પણ કરું છું. આપની પત્રિકા પહોંચી. બહુ આનંદ થયો. અમારી ત્રિમાસિક પરીક્ષા આવતા સોમવારથી શરૂ થવાની છે. આપની દયા જોઈએ. આપની ઇચ્છા હશે તો શિષ્યવૃત્તિ મળશે.

—સેવક **તીર્થરામ**

पत्र ८–संस्कृत अभ्यास.

શ્રી મહારાજ સચ્ચિદાનંદસ્વરૂપ સર્વ વ્યાપક સર્વઘટપૂર્ણ સર્વ શક્તિમાનજી ! તા. ૨૫ નવેમ્બર, ૧૮૮૮.

હું આપના ચરણોમાં મારા શરીરને અર્પણ કરું છું. મેં અને બે ત્રણ અન્ય વિદ્યાર્થીઓએ મળીને એફ. એ. ની પરીક્ષાને માટે કૉલેજના પંડિતની પાસે સંસ્કૃત શીખવાનો આરંભ કર્યો છે. માત્ર બે ત્રણ પુસ્તક છે, એ જો તેટલા વખતમાં તૈયાર થઈ જશે તો પરીક્ષામાં બેસીશ; અને નહિ થાય તો તે આપ નહિ હશે. મહેનત કરું તો કાંઇ મોટી વાત નથી; પણ હું આપની આજ્ઞા વિના કાંઈ કરવા ઇચ્છતો નથી. કેવળ આપની આજ્ઞાનો ભૂખ્યો છું; અને આપની કૃપાદૃષ્ટિ ચાહું છું. ઉત્તર જરૂર લખશો. —સેવક **તીર્થરામ.**

पत्र ९–शारीरिक स्थिति.

શ્રી મહારાજ સચ્ચિદાનંદસ્વરૂપ પૂર્ણબ્રહ્મ સર્વશક્તિમાન્ સર્વજ્ઞજી ! તા. ૨૧ નવેમ્બર, ૧૮૮૮.

હું આપના ચરણમાં સર્વસ્વ અર્પણ કરું છું. આપની કોઈ પત્રિકા નથી આવી........

---

૧ પંજાબમાં પ્રણામના અર્થમાં વપરાતો અતિ પ્રચલિત અને ૨૬ શબ્દ.

૨ લાહોરના કિલ્લાની પાસે રણજીતસિંહની સમાધિ છે; ત્યાં આસપાસ મકાનો બહુ સસ્તા ભાડાથી મળતાં હતાં, તેથી ભગતજીએ તીર્થરામને ત્યાં ઓરડી ભાડે લેવાનું લખ્યું હતું.

૩ પંજાબમાં ઉર્દૂ અને ફારસી ભાષામાં પ્રાથમિક શિક્ષણ હોવાથી તીર્થરામજીને હિંદીનું અત્યાર સુધી જ્ઞાન નહોતું. ભગતજી હિંદી સિવાય અન્ય ભાષા વાંચી નહોતા શકતા, તેથી તીર્થરામજીએ પત્ર લખવા માટે જ એ અભ્યાસ કર્યો.

આપનાં દર્શનની પ્રબળ ઇચ્છા છે. મને આનંદમાં રાખશો. અમારી પરીક્ષા આવતી કાં મંગળવારે પૂરી થશે. મારી પ્રકૃતિ આજકાલ ઠીક નથી રહેતી. એક દિવસ દસ્ત આવે તો બીજા ત્રણ દિવસ સુધી નથી આવતો.

—સેવક તીર્થરામ

पत्र १०—शिष्यवृत्ति[1] माटे प्रार्थना. તા. ૨૮ નવેમ્બર, ૧૮૮૮.

શ્રી મહારાજ સચ્ચિદાનંદસ્વરૂપ પૂર્ણબ્રહ્મ સર્વશક્તિમાનજી!

આપના બે પત્રો, એક મારા નામનો અને બીજો લાલા [2]અયોધ્યાદાસપરનો, એમ આ મંગળવારે મળ્યા. અત્યંત આનંદ પ્રાપ્ત થયો. અમારી પરીક્ષા આજ પૂરી થઈ છે. જે [3]વિદ્યાર્થીને કમિટિની શિષ્યવૃત્તિ મળી હતી તેણે અભ્યાસ છોડી દીધો છે. મેં સાંભળ્યું છે માસ્તર [4]ચંદુલાલ કમિટિના મંત્રી થયા છે. એટલા માટે હું આપની સેવામાં નિવેદન કરું છું કે આપ લાલા સ–વગેરે મારફત લાલા શં–ની પાસે મારે માટે કાંઈ ચિન્તન કે વિચા કરશો. વળી શિષ્યવૃત્તિપર મારો હક્ક પણ પહોંચે છે, કારણ કે જે વિદ્યાર્થીને સરકા શિષ્યવૃત્તિ મળી હતી તેના પછી મારૂં નામ આવે છે. હું આવતા શનિવારે આપના ચરણ હાજર થઈશ. મારાપર દયાદૃષ્ટિ રાખશો. હું આપનો દાસ છું. વિશેષ શું લખું? એજ વિનંતિ

—સેવક તીર્થરામ

पत्र ११—शिष्यवृत्ति माटे चिन्ता. (તારીખ નથી.)

શ્રી મહારાજ સચ્ચિદાનંદસ્વરૂપ સર્વશક્તિમાન નિત્ય વિભુ અખંડ શુદ્ધબુદ્ધ એકરસ અખં આદિપુરુષ અનિર્વાચ્યજી!

હું આપને નમસ્કાર કરૂં છું. આપનો કૃપાપત્ર કાલે મળ્યો હતો. હવે હું ઉધરસથી હાંફે છું. અનેક ઔષધ કર્યાં, બે દિવસથી કાંઈએ ખાધું નથી. એક સ્થાનપર બેસી પણ નથ રહેતો. કૉલેજમાં તો રોજ જાઉં છું, છતાં ભૂખનું તો નામ પણ નથી. શિષ્યવૃત્તિ નથ મળી. આપ દયાદૃષ્ટિ રાખશો. હું આપનો દાસ છું.

—સેવક તીર્થરામ

पत्र १२—शिष्यवृत्तिनी प्राप्ति. તા. ૧૯ માર્ચ, ૧૮૮૦.

શ્રી મહારાજ સચ્ચિદાનંદ ઇત્યાદિ (પત્ર ૧૧ પ્રમાણે.).

..............................હું અહીં પહોંચ્યો છું. મને શિષ્યવૃત્તિ મળી છે. આપ દયા રાખશો. ....

—સેવક તીર્થરામ

---

૧ ગુજરાંવાલા હાઇસ્કૂલની શિષ્યવૃત્તિ પાછળથી તીર્થરામને મળવા સંભવ હતો એને માટે પ્રય ત્ન કરવા ભગતજીને પ્રાર્થના કરે છે.

૨. લાલા અયોધ્યાદાસ ગુજરાંવાલાના એક પ્રગણા (શેરખાં જંડિયાલા)ના રહેવાસી છે. તીર્થરામ જે વખતે લાહોરમાં અભ્યાસ કરતા હતા ત્યારે એ ત્યાં વકિલાત કરતા હતા. એમની પણ ભગતજીમાં તાર્થરામજીના જેટલીજ ભક્તિ હતી તેથી પરસ્પર ભ્રાતૃભાવ હતો.

૩. સાંભળ્યું છે કે એ વિદ્યાર્થીને કમિટિની શિષ્યવૃત્તિ પક્ષપાતથી મળી હતી. કૉલેજમાં દાખલ થયા પછી એ તદ્દન આળસુ માલૂમ પડ્યો હતો, તેથી કૉલેજના અધ્યાપકોએ તેની વિરુદ્ધ કમિટિને રિપોર્ટ કર્યો હતો. એ કારણથી એની પાસેથી શિષ્યવૃત્તિ કમિટિએ લઇ લીધી હતી. એ વિદ્યાર્થીએ નાછુટકે પોતાનો અભ્યાસ છોડી દીધો હતો.

૪. તીર્થરામજી જ્યારે ગુજરાંવાલા હાઇસ્કૂલમાં ભણતા હતા ત્યારે માસ્તર ચંદુલાલ ત્યાં સેકન્ડ આસિ. માસ્તર હતા. તેઓ તીર્થરામની યોગ્યતા જાણતા હતા. હવે એ મ્યુનિસિપલ કમિટિના મંત્રી (Secretary) થયા હતા, અને શિષ્યવૃત્તિનો પ્રબંધ તેમના હાથમાં આવ્યો હતો; એટલા માટે તીર્થરામ એમની ભલામણ કરે છે.

पत्र १३—कुसंगनिवृत्ति. ता. २१ એપ્રીલ, ૧૮૮૯.

શ્રી મહારાજ સચ્ચિદાનન્દ ઇત્યાદિ (પત્ર ૧૧ પ્રમાણે.)

..............................આપ દયા રાખશો. બેશક કુસંગ મનુષ્યનો નાશ કરે છે. હું આપ જેમ કહેશો તેમ કરીશ. કહો તો એ છોકરાને આજેજ જવાબ દઇ દઉં, અને ના કહો તો હજુ થોડો વખત કાંઈ પણ ન કહું. આપ જો શીઘ્ર દર્શન આપો તો બહુ આનંદ થશે. આપની કવિતા બહુ સુંદર અક્ષરથી લખાવી રાખી છે. —સેવક તીર્થરામ.

पत्र १४—प्रार्थनानो भाव. ता. २९ મે ૧૮૮૯.

'સત્યં જ્ઞાનમનન્તં' (બ્રહ્મ) આનન્દામૃત શાન્તિનિકેતન!

મંગલમય શિવરૂપમ્ અદ્વૈતમ્ અતુલમ્ પરમેશમ્ શુદ્ધમ્ અપાપવિદ્ધમ્!

..............................આપનો કોઇ પણ પત્ર નથી. ચિત્ત એમાંજ લાગ્યું રહે છે.

" શુદ્ધિ કરો મારા મનની પ્રભુજી, પાપી મન મુજ રોક્યું ન રોકાય, ધીર ધરો નહિ ક્ષણની; શુદ્ધિ કરો મારા મનની-પ્રભુજી. " —આપનો દાસ તીર્થરામ.

पत्र १५—गुरुभक्तिनुं उदाहरण. ता. ૩ જુન, ૧૮૮૯.

આપનો એક પત્ર ઘણા દહાડા પછી મળ્યો. અત્યંત આનંદ થયો. લાલા અયોધ્યાદાસને ત્યાં જવા બ.......આવ્યા છે. થોડા દિવસથી લાલાજીની વૃત્તિ બદલાઇ હતી. ભાઈ [2]સુજાનસિંહના કોઇ શિષ્ય પાછળ તેઓ આંધળા બન્યા હતા. એ શિષ્યે તેમને એમ કહ્યું હતું કે હું તમને સાક્ષાત્ પરમેશ્વરનાં દર્શન કરાવીશ. એ મોહમાં તેઓ તેમની પાછળ પડયા હતા. પણ મેં હવે તેમની વૃત્તિ ત્યાંથી હઠાવી છે. તેઓ હવે આપના ચરણાનુરાગમાં દૃઢ થયા છે. મહારાજજી, હું આપને હાથ જોડીને વિનતિ કરૂં છું કે આપ આ અઠવાડીઆમાં જરૂર અહીં પધારશો. —સેવક તીર્થરામ.

पत्र १६. તા. ૧૯ જુલાઇ. ૧૮૮૯.

આશા છે કે આ અઠવાડિયે (શનિવારે) રજા (વેકેશન) પડશે. ની........મારી સાથે આવવા ઇચ્છે છે. આપ કહો તો હું તેને મારી સાથે લેતો આવું, નહિ તો નહિ. હું આપના કહેવા પ્રમાણેજ કરીશ. તેનું ભાડું તો તે આપશે. ત્યાં થોડો વખત રહીને પછી પાછા આવવાનો તેનો વિચાર છે. મારી પાસે ભણવા રહેવાની તેની મરજી છે. હું તેને લાવું કે નહિ તે વિષયમાં આપ જલદી ખુલાસો લખશો. —સેવક તીર્થરામ.

पत्र १७. તા. ૨૨ જુલાઇ, ૧૮૮૯.

હું આપનો સેવક છું, મારા અપરાધ ક્ષમા કરશો. આપના બે પત્રો મળ્યા. અત્યંત આનંદ થયો. હું ની........ને કદિ પણ સાથે નહિ લાવું. હું આપનો તાબેદાર છું.

—સેવક તીર્થરામ.

पत्र १८—अर्पणता. તા. ૨૨ જુલાઇ, ૧૮૮૯.

આજે આપના બીજા બે પત્રો મળ્યા. હું અત્યંત પાપી અને અપરાધી છું. આપ મારૂં

---

૧ ૨૯ મે ૧૮૮૯ થી ૨૩ ઓગસ્ટ ૧૮૯૯ સુધીના તમામ પત્રોમાં આ પ્રકારનુંજ સંબોધન કર્યું છે. પ્રત્યેક પત્રમાં આ ઉપાધિ પાઠની પુનરુક્તિ રાખવી યોગ્ય ન લાગવાથી હવે પત્રે કોઇ પણ સંબોધન લખ્યુંજ નથી.

૨. ભાઇ મુજાનસિંહ ગુજરાંવાલામાં એક અતિ ઉત્તમ સન્ત હતા.

મન શુદ્ધ કરશો; કારણ કર્તાહર્તા આપ છો. મારા પિતા આપ છો, ભાઈ પણ આપજ અને સર્વ સંબંધીજન પણ આપજ છો. મારાપર દયા રાખશો. છોરૂ કછોરૂ થાય પણ માવતર કમાવતર ન થાય. મનુષ્ય માત્ર ભુલને પાત્ર છે. હું આપનો દાસ છું. જેમ કહેશો તેમ કરીશ.

—સેવક તીર્થરામ.

પત્ર ૧૯—અંતઃકરણની કોમળતા.

તા. ૨૪ જુલાઈ, ૧૮૮૯.

આપનો એક બીજો કાગળ આજે મળ્યો. હું આપના ઈશારાને પણ સ્પષ્ટ સમજી જાઉં છું. મેં તો હવે ની..........ની સાથે બોલવું પણ છોડી દીધું છે. આપ વારંવાર શા માટે મા દેવડને છો? આપ મારાપર ક્રોધ શામાટે કરો છો? મારે તો આપ વિના અન્ય કોઈ ઠેકાણું નથી. મારાપર દયાદૃષ્ટિ રાખશો—મારાપર પ્રસન્ન રહેશો તોપણ હું આપનો છું, અને ગુસ્સે થશો તોપણ આપના ચરણ છોડી બીજે જવાનો નથી. મારાપર દયા રાખશો. —સેવક તીર્થરામ.

પત્ર ૨૦—નિરભિમાન.

તા. ૧૧ ફેબ્રુઆરી, ૧૮૯૦.

પરીક્ષાને માટે ફોર્મ ભરવાના ગુરુવાર અને શુક્રવારના દિવસો મુકરર થયા છે. એ બે દિવસોમાંથી મરજી તે દિવસે કૉલેજમાં ફોર્મ આપી શકાય. મેં હજુ સુધી લાલા ધ...... પાસેથી રૂપિયા નથી લીધા. મહારાજજી, મને હવે બહુ ચિન્તા રહે છે; મને મારા પોતાનાપર જરાએ વિશ્વાસ નથી. હું તો અત્યંત નાલાયક છું. મને આ વખતે શિષ્યવૃત્તિ નહિ મળે તો મનને બહુ ગ્લાની આવશે. આપ પરમાત્મા છો. સર્વ કાંઇ કરવા સમર્થ છો. ઘણું જાણો છો. ટુંકામાં એ કે હું વધારે શું લખું? આપની ઉપમાનું વર્ણન કરવાની આવશ્યકતા નથી.

વાત એ છે કે હજુ તો વખત છે. આપની દૃષ્ટિમાં આ વર્ષે ફોર્મ ભરવાનું યોગ્ય લાગે તો હું ભરૂં, નહિ તો આવતે વર્ષે પરીક્ષા આપીશ. હું તો આપનો સેવક છું. આપ વિચાર કરીને જલદી ઉત્તર આપશો. મને તો મારી મહેનત અને હુશિયારીપર જરાએ ભરોંસો નથી, પણ હા, જો આપ સાહાય્ય કરો તો મને ઉત્સાહ અને આશા આવે, અને તોજ મને આ વર્ષે શિષ્યવૃત્તિ પણ મળે. આટલા દિવસથી આપનો પત્ર નથી તેનું શું કારણ? હશે, આપ મને ભૂલી ગયા હશો. જ્યારે કોઈના માઠા દિવસ આવે છે ત્યારે એવુંજ બને છે.

—સેવક તીર્થરામ.

પત્ર ૨૧—ફૉર્મ ભર્યું.

તા. ૧૩ ફેબ્રુઆરી, ૧૮૯૦.

..................આપ દયા રાખશો. કાલ સુધી તો હું એમ જાણતો હતો કે પરીક્ષામાં બેસવું કે નહિ એ મારા અખત્યારની વાત છે, પણ તેમ નથી. આજ કૉલેજના સાહેબે લીધી [illegible] મારૂં પણ નામ ભરાવ્યું છે, અને જ્યારે આવી રીતે ફોર્મ ભર્યું છે ત્યારે તો પરીક્ષાની ફી પણ જરૂર દેવી પડશે; તેમજ પરીક્ષામાં પણ અવશ્ય બેસવું પડશે. એટલા માટે લાલા ધ......પાસેથી આજ રૂપિયા લઈ આવ્યો છું. હવે તો આપ અવશ્ય દયા કરશો. મારા અપરાધ ક્ષમા કરશો. મારાપર કૃપા રાખશો. હું આપનો દાસ છું. —સેવક તીર્થરામ.

પત્ર ૨૨.

તા. ૮ માર્ચ, ૧૮૯૦.

..................આજ એ બન્ને અમારી કૉલેજનું મકાન જોવાઓને માટે ગઈ હતી. [illegible] તેઓ એ મકાનમાં [illegible] આવવાની છે. હવે અમે આજેજ [illegible] ને માટે [illegible] અને જ્યારે [illegible] આપ આવશો ત્યારે [illegible] ....હું આપનો સેવક છું. આપ મારી [illegible] કૃપા કરશો. આપ મારાપર ગુસ્સે કેમ છો? હું આપનો દાસ છું. —સેવક તીર્થરામ.

पत्र २३—दया अने शान्तिः परमेश्वरना गुण. ता. १० मार्च, १८५०.

આપ નથી તો પધારતા કે નથી પત્ર લખતા ! કેમ ખબર પડે કે મેં શું અપરાધ કર્યો છે અને શા માટે મારાપરથી આપનું ચિત્ત ઉઠી ગયું છે ? પરમેશ્વરના ગુણભંડારમાં દયા અને શાન્તિ એ મહાન ગુણ છે. શાન્તસ્વરૂપ બનવું એ બહુ મોટો સદ્‌ગુણ છે. આપ મારા અપરાધની ઉપેક્ષા કેમ નથી કરતા ? દિવ્ય દૃષ્ટિથી આપે મારા માટે કાંઈ ખરાબ વાત જાણી છે તેથી આપ મારી સાથે હવે બોલતા નથી ! પણ એથી લોક એમ ન કહે કે તીર્થરામ ભગતજીનો (સેવક) હતો અને પોતાની ઈચ્છા પૂર્ણ ન કરી શક્યો, તે સંભાળજો. આપ લોકોના કહેવાપર વિશ્વાસ ન રાખશો. મારી તો એવી દશા છે કેઃ—

"ગર બખ્શી ઈંદરસ્ત, વ અર બરાની ઈંદરસ્ત; બાર દિગર મનનદાનમ, ઈંસરરત વ ઈંદરસ્ત."

અર્થઃ—આપ સત્કાર કરશો તોપણ આપનું દ્વાર છે. તિરસ્કાર કરશો તોપણ આપનું દ્વાર છે. હું અન્ય સ્થાન નથી જાણતો. મારું આ શિર અને આપનું એ દ્વાર.

....

"જો હમ ભૂલેં વચન ઉચ્ચારેં, ક્ષમા કરો અપરાધ હમારે."

—આપનો દાસ તીર્થરામ.

पत्र २४—एफ. ए. नी परीक्षा. તા. ૨૦ માર્ચ, ૧૮૫૦.

આજ અમારી ફારસીની પરીક્ષા થઈ ગઈ છે. પરમ દહાડે ગણિતશાસ્ત્ર કે જેને મેથેમેટિક્સ કહે છે એની પરીક્ષા થશે. ગણિતશાસ્ત્ર સર્વથી કઠિન વિષય છે. આપ દયા રાખશો. આપની સહાયતા વિના કાંઈ થવાનું નથી. —સેવક તીર્થરામ.

पत्र २५. તા. ૨૩ માર્ચ, ૧૮૫૦.

..........આજના પેપર (પરીક્ષાપત્ર) બહુ અઘરા હતા, પરમ દિવસે અમારી સાયન્સ (વિજ્ઞાનશાસ્ત્ર) ની પરીક્ષા છે. એ પણ બહુ કઠિન વિષય છે. —સેવક તીર્થરામ.

पत्र २६. તા. ૨૫ માર્ચ, ૧૮૫૦.

આજ અમારી સાયન્સની પરીક્ષા થઈ. લગભગ સર્વ પ્રશ્નો પુસ્તકો (Text Books) ની બહારના હતા. પરમ દિવસે અંગ્રેજી અને સાયન્સનું ઓરલ (મુખપરીક્ષા) થશે. સાયન્સની મુખ પરીક્ષા સર્વથી અઘરી છે. જો મુખપરીક્ષામાં નાપાસ થાય તો સર્વ પરીક્ષામાં નાપાસ ગણાય છે. અંગ્રેજીની મુખપરીક્ષા પણ અઘરી હોય છે. આપ મારું જરૂર ધ્યાન રાખશો. —સેવક તીર્થરામ.

पत्र २७—उग्रज्वर. તા. ૧૬ એપ્રીલ, ૧૮૫૦.

હજુ અમારું રિઝલ્ટ (પરિણામ) બહાર નથી પડયું. કદાચિત આજે અથવા કાલ બહાર પડશે. કાલે મંગળવારે હું બહુ બિમાર થઈ ગયો હતો. સવારના દશ વાગતાં સખ્ત તાવ ચડયો, ઉપરાંત માથાની અને કમ્મરની પીડા પણ હતી. મારી પાસે તે વખતે કોઈ પણ મનુષ્ય નહોતું. એ ઉગ્રજ્વર મુમારે રાતના બાર વાગતાં સુધી રહ્યો હતો. પણ હવે શાન્તિ છે. આપ દયા રાખશો. હું આપનો સેવક છું. આ પત્ર લખી રહ્યા પછી આપનો એક કાગળ મળ્યો. બહુ હર્ષ થયો. —સેવક તીર્થરામ.

पत्र २८. તા. ૪ મે. ૧૮૫૦.

આજ આપની ઘણી રાહ જોઈ; પણ આપ ન આવ્યા. મને બહુ ખોટું લાગ્યું. આપને

નહિતું આવવું તો પત્ર તો લખવો હતો. આપે તેમ પણ ન કર્યું. આપ ન આવ્યા તેનું શું કારણ હશે એના વિચારમાં મનમાં અનેક સંકલ્પ-વિકલ્પ ઉઠયા કરે છે. કદાચિત પિતાજી નહિ મળ્યા હોય અથવા એમની અગર આપની પ્રકૃતિ બગડી આવી હોય કે બીજું કાંઈ વિઘ્ન આવ્યું હોય. દૃઢ નિશ્ચયના સમાન સંસારમાં અન્ય કોઇ પદાર્થ નથી.

—સેવક તીર્થરામ.

પત્ર ૨૯—*ડૉક્ટર પંડિત રઘુનાથમલની સહાયતા. તા. ૧૩ મે, ૧૮૯૦.

આજ સાંજની ગાડીમા પિતાજીનો ચાલ્યા જવાનો વિચાર છે. આજ મામાજી (પંડિત રઘુનાથમલ) એ પચાસ રૂપીઆ મોકલ્યા છે. +પુસ્તકોને માટે આજ લખી નાખું છું. આપ પત્ર લખ્યા કરશો.

—સેવક તીર્થરામ.

પત્ર ૩૦—ચિત્તવિક્ષેપ. તા. ૧૪ મે, ૧૮૯૦.

આપનો પત્ર મળ્યે ઘણા દિવસ થયા. આપ જલદી દયા કરશો. જ્યારે હું આ મકાનમાં રહેવા આવ્યો ત્યારે સર્વ સામાન તો બહારના ઓરડામાં રાખ્યો હતો, પણ પેટી અંદરની ઓરડીમાં રાખી હતી. એ પેટીમાં પચાસ રૂપીઆ પંડિતજીવાળા અને સાત રૂપીઆ પિતાજીના એમ સત્તાવન રૂપીઆ રાખ્યા હતા. પચાસ રૂપીઆ તો પિતાજી પોતાને હાથે મૂકી ગયા હતા, અને સાત રૂપિયા મેં એના પહેલાં કાગળમાં બાંધીને મૂક્યા હતા. કાલ મને વિચાર આવ્યો કે એ સાત રૂપીઆ કાગળમાંથી લઇને પચાસ રૂપીઆની સાથે રાખું, પરંતુ જોયું તો એ પચાસ રૂપીઆ તો ત્યાં પડયા હતા ને સાત રૂપીઆ મળ્યાજ નહિ. એ વખતે પેટી બંધ કરીને મેં તાળું માર્યું. સાંજે મનમાં આવ્યું કે વળી જોઉં તો ખરો. ઓરડીનું બારણું ઉઘાડતાંજ એક કાળા સાપની પૂંછડી જોરથી મારા શિરપર અથડાઈ. હું બ્હીને બહાર નીકળી આવ્યો. એક માણસ પાસે ઓરડીને તાળું મરાવી અગાશીમાં જઇ બેઠો. આજે ઓરડીમાંથી પેટી બહાર કઢાવી બહારના ઓરડામાં રાખી છે. પેટીમાંથી પુસ્તકો બહાર કાઢી, સર્વે ચીજ કાઢીને બહુ તપાસીને જોયું, તોપણ સાત રૂપીઆનો પત્તો લાગ્યો નથી. મહારાજજી, મેં ઓરડી કે પેટી કદી તાળા વગર રાખ્યાજ નથી; તોપણ આ આશ્ચર્યની વાત બની છે. મહારાજજી, જે સર્પને વિષે મેં લખ્યું છે તે ઉપરાંત બે ત્રણ સર્પો બાજુના તબેલામાં પણ રહે છે. એ મકાનમાં સર્પની ચાલના ચીંદા ઘણીવાર જોઉં છું. આપ દયા રાખશો. મને ભૂલશો નહિ.

જો કે મકાનમાં સર્પો તો છે, પણ રોજ રોજ મકાન બદલવામાં પણ બહુ ત્રાસ થાય છે, એથી હું આ મકાનમાંથી નીકળ્યો નથી. આપ દયા રાખશો. હું આપનો સેવક છું.

—સેવક તીર્થરામ.

પત્ર ૩૧—કર્તવ્યનિષ્ઠા. તા. ૨૧ મે, ૧૮૯૦.

કાલે આપનો એક પત્ર મળ્યો હતો. બહુ આનંદ થયો. પુસ્તકો વિષે તો મેં કાલે

* ડૉક્ટર રઘુનાથમલજી તીર્થરામજીના મામા થતા હતા. તેઓ હાંસી અને હિસાર વગેરે સ્થળોમાં આસિસ્ટંટ સર્જન હતા. તીર્થરામજીએ એંટ્રન્સ પાસ કરી ત્યારે તેમના પિતાજી પોતાની નિકટના સ્થાને કોઈ તેમને નોકરી કરવાનો આગ્રહ કરતા હતા. પરન્તુ તીર્થરામજીનો આગળ અભ્યાસ કરવાને દૃઢ નિશ્ચય અને ઉત્સાહ હતો. એ ઉત્સાહ અભ્યાસ વખતમાં જે જે સજ્જનોએ મદદ કરી છે એમાં ડૉક્ટર રઘુનાથમલનું પ્રથમ સ્થાન આવે છે.

\+ આ પત્રને અંગે એ. એ. ક્લાસમાં આવ્યા હતા, તેથી આ પુસ્તકો બી. એ. ક્લાસનાં ખરીદ કરેલ હતાં.

આપને લખી જણાવ્યું છે. ત્યાં આવવામાં હું આપની આજ્ઞાનું ઉલ્લંઘન કરવા ઇચ્છતો નથી. કામ (વાંચવાનું) એટલું બધું છે કે જો હું મારા કર્તવ્યપાલનમાં થોડી અપૂર્ણતા ન રાખું તો ફિર ખંભેજવાનો પણ અવકાશ મળે તેમ નથી. છતાં પણ આપ જે પ્રમાણે લખશો તે પ્રમાણે કરીશ. —સેવક તીર્થરામ.

પત્ર ૩૨—અભ્યાસનું જોર. તા. ૬ જુન, ૧૮૯૦.

આપે પત્ર લખવામાં વિલંબ કેમ કર્યો? મારો કાંઈ દોષ હોય એમ મને તો લાગતું નથી. હું સાચુંજ કહું છું કે આજકાલ અમારે બહુ કામ છે, તેથીજ હું નથી આવી શકયો. અમને નામ માત્રની બે રજા મળી છે, પરંતુ કામ એટલું બધું છે કે બે મહીનામાં પણ મુશ્કેલીથી પૂરું થાય. લાચાર બનીને કામ અપૂર્ણ છોડવું પડે છે. આપ કોઈ અન્ય વિચાર મનમાં ન લાવશો. હું આપનો દાસ છું. —સેવક તીર્થરામ.

પત્ર ૩૩—ચશ્માંની આવશ્યકતા. તા. ૧૧ જુન, ૧૮૯૦.

ગયે રવિવારે હું અમારા સાહેબની રજા લઈને આંખો દેખાડવા ગયો હતો. આંખ તપાસનારા સાહેબે મને એક કાગળ લખી આપ્યો હતો. એ કાગળ મેં મુંબઈ મોકલ્યો છે. ત્યાંથી મારે માટે પાંચ રૂપીઆની કિંમતનાં ચશ્માં આવશે. આ અઠવાડિયામાં (શનિવારે) અમારી ગણિતની પરીક્ષા છે. અહીં વરસાદ પડ્યો છે, તેથી મારા મોંનો સ્વાદ પહેલાં કરતાં હવે ઠીક ઠીક રહે છે અને ભૂખ પણ ઠીક લાગે છે. —સેવક તીર્થરામ.

પત્ર ૩૪. તા. ૨૧ જુન, ૧૮૯૦.

જે ડૉક્ટરે મને ચશ્માં માટે મુંબઈ કાગળ લખી આપ્યો હતો તેની પાસે હું ગયો હતો. એણે મારાં ચશ્માં તેની પેટીમાંનાં ચશ્માં સાથે સરખાવી જોયાં તો માલૂમ પડ્યું કે જેવાં મંગાવ્યાં હતાં તેવાંજ આવ્યાં હતાં. મેં એને પૂછ્યું કે હું આનાથી સારી રીતે કેમ વાંચી શકતો નથી? તેણે કહ્યું કે આ ચશ્માં વાંચવાનાં નથી પણ દૂર જોવાનાં છે. મારે હમણાં વાંચવાનાં ચશ્માં ખરીદવાની જરૂર નથી. મહારાજજી, હું આનાથી બહુ સારી રીતે જોઈ શકું છું. કૉલેજમાં બોર્ડ (પાટીઉં) બહુ સારૂં દેખાય છે. અમારી કૉલેજના સાહેબે પણ કહ્યું છે કે મને જે પ્રમાણે એ ડૉક્ટર કહે તેમ કરવું, એટલા માટે હજુ સુધી મેં ચશ્માં પાછાં નથી આપ્યાં. આપની શું સલાહ છે? —સેવક તીર્થરામ.

પત્ર ૩૫—બાહ્યસત્કાર કરતાં આંતરિક સંબંધની વિશેષતા.

તા. ૨૪ જુન, ૧૮૯૦.

મહારાજજી, આપ મારાપર ગુસ્સે છો, પરન્તુ એ ગુસ્સાનું કારણ હું જાણું છું. આપે મારા હૃદયને ન જોતાં માત્ર બહારનાં આચરણ તરફ દૃષ્ટિ રાખી મારે માટે ખરાબ અનુમાન બાંધી લીધું છે. જો આપ મારૂં હૃદય તપાસો તો મને આશા છે કે આપ મારાપર કદિ ગુસ્સે ન થાઓ.

બાહ્ય સન્માન કે વ્યવહારમાં કાંઈ દોષ કે અપૂર્ણતા રહી જતી હોય તો આપ એ પરથી એવું અનુમાન કરશો કે આપનાથી મારૂં ચિત્ત વિમુખ થયું છે, પણ મારો એવો હેતુ છેજ નહિ, કારણ કે પ્રત્યેક કાર્યમાં હું આપની સહાયતાનો આકાંક્ષી છું. મારા મનમાં સદા સર્વદા આપનુંજ ધ્યાન ધરૂં છું. પ્રથમ તો અભ્યાસ અથવા એવા કોઈ ઉત્તમ કાર્યમાં ચિત્ત પ્રેરવા આપની સહાયતા આવશ્યક છે. પછી એ કાર્યની તૈયારી કરવામાં આવશ્યક પદાર્થોની પ્રાપ્તિ માટે આપની સહાયતા જોઈએ. ત્યાર પછી એ કાર્યમાં પરિશ્રમ કરૂં તો એની સફળતા માટે

આપની સહાયતા અને કૃપા જોઇએ. ટુંકામાં પ્રત્યેક કાર્યમાં આપની સહાયતા જોઇએ. બાહ્ય (સેવા) વ્યવહારમાં કાંઈ ત્રુટિ રહી ગઇ હોય તો તેનું કારણ આ છે:—

ઉદાહરણ તરીકે હું અભ્યાસમાં પરિશ્રમ કરૂં અને એ અભ્યાસમાં કેવળ મારોજ સ્વાર્થ દૃષ્ટિગોચર હોય અને આપના તરફ ચિત્ત વિમુખ રહેતું હોય તો બેશક એ અતિ ક્ષુદ્ર છે. પણ મારી એવી સ્થિતિ નથી. હું પરિશ્રમ કરૂં છું તેમાં મારો સ્વાર્થ મારાં ચિત્તમાં રહે છે, (હું સાચુંજ કહું છું; આપ બીજું કાંઇ અનુમાન ન કરશો.) પરન્તુ વિશેષતઃ એ ધ્યાન રહે છે કે આ અભ્યાસ આપનુંજ કાર્ય છે. જો હું સારો અભ્યાસ કરીશ તો આપનું અધિક આજ્ઞાપાલન થશે ને આપની સેવા અધિક બનશે. આપની વિરૂદ્ધ અંશ માત્ર પણ કરતો નથી.

હવે અભ્યાસમાં વિશેષ લક્ષ આપું છું અને આપની બાહ્ય સેવામાં કાંઈ ત્રુટિ રહી જાય (પણ હું સાચુંજ કહું છું કે મારૂં મન બિલકુલ પહેલાંના જેવુંજ છે, બલ્કે પહેલાંના કરતાં પણ વિશેષ અધીન છે,) તો બાહ્ય દૃષ્ટિમાં ભલે મારી ત્રુટિ દેખાશે, પણ આંતર દૃષ્ટિમાં તો સ્પષ્ટ પ્રતીત થશે કે હું પહેલાંના કરતાં પણ આપની અધિક સેવા બજાવું છું. કદાચિત્ એમ માલૂમ પડતું હોય કે મારૂં લક્ષ આપના પ્રતિ થોડું છે; તોપણ એ દેખીતું દુર્લક્ષ અંતમાં મને એવો લાયક બનાવશે કે જેથી હું આપની લાખગણી સેવા બજાવી શકીશ. એમાં શરત એ કે આપ મારી બાહ્ય ચેષ્ટાપર ગુસ્સે ન થાઓ, અને મારા પરિશ્રમમાં (જો કે કાર્ય આપનું જ છે) સફલતા આપવા સહાય કરો. આખરે હું આપની સહાયતાનો આકાંક્ષી છું. કહેવત છે કે "હિમ્મતે મરદા તો મદદે ખુદા." એનો અર્થ હું એવો કરૂં છું કે મનુષ્યના યત્નમાં ઈશ્વરી સહાયતાની આવશ્યકતા છે.

હું અભ્યાસ કરૂં છું એ આપનું મહાન કાર્ય છે. બાહ્ય સન્માનને ઉત્તમ પુરુષો એટલી બધી મહત્તા નથી આપતા. એટલા માટે આપનું આ મહાન કાર્ય કરતાં કરતાં, એટલે કે અભ્યાસ કરતાં કરતાં, નાના કાર્યમાં એટલે કે બાહ્ય સત્કારમાં અપૂર્ણતા કે ત્રુટિ રહી જાય તો આપ ક્ષમા કરશો.

કેટલાએક એવા પુરુષો હોય છે કે માત્ર મનથીજ અધિક સેવા કરી શકે છે; (માનસિક શ્રદ્ધા અને ભાવથી.) અને કેટલાએક બાહ્યપદાર્થોથી સેવા કરે છે. હું ભલે બહારના પદાર્થોથી આપની સેવા ન બજાવી શકું, પણ મનથી તો હું આપનો અત્યંત આજ્ઞાધીન છું. જે વિદ્યાર્થીઓ પરથી અભ્યાસ કરવા આવે છે તેઓ પોતાનાં માતપિતાને કાગળ પણ ભાગ્યેજ લખે છે. એઓનું તેમના માતપિતા પ્રતિ અધિક લક્ષ આપવું તો ક્યાં રહ્યું; પણ એવો વિચાર માત્ર પણ તેમના માતાપિતાના મનમાં આવતો નથી કે અમારો પુત્ર અમારાથી વિરૂદ્ધ છે. તેઓ એમ સમજે છે કે એ અમારૂં કાર્ય કરે છે.

જો આપ એમ કહેતા હો કે પરસ્પર બાહ્ય વ્યવહારમાં અધિક ધ્યાન ન રાખવાથી પ્રેમમાં અપૂર્ણતા રહે છે, તો એ વાત મને બિલકુલ લાગુ પડતી નથી. હું તો મનમાં આપનું અત્યંત ધ્યાન ધરૂં છું. પ્રત્યેક કઠિન કાર્યમાં આપનું સ્મરણ રહે છે; અને એ એક પ્રકારનો આંતરિક સંબંધ-હૃદયપ્રીતિ છે. (ભલે બહારથી આપને ખબર ન પડે.) મારો અને આપનો સંબંધ પિતા પુત્રનો છે કે જે સંબંધ પ્રલયકાળે (કયામતે) પણ તુટવાનો સંભવ નથી. આપ કાંઈ અન્ય અનુમાન ન કરશો, મારૂં મન સદા શુદ્ધજ છે.

મનુષ્ય કોઈ અનુચિત કાર્ય કરે તો તેનાં બે કારણ હોય છે. પહેલું મૂર્ખતા કે અજ્ઞાન; બીજું મનની અશુદ્ધિ. મારામાં કાંઈ અનુચિત આચરણ પ્રતીત થાય તો આપ તપાસ કરશો કે

એનું શું કારણ છે. જો પહેલું કારણ હોય તો (જે કારણ માત્ર મારા અનુચિત કાર્યમાં પ્રતીત થાય છે,) તેને બીજું કારણ સમજીને ગુસ્સે ન થશો. ઉચિત તો એ કહેવાય કે જો કોઈથી અજ્ઞાનને લીધે અનુચિત આચરણ થયું હોય તો એ મનુષ્યને એના અજ્ઞાનનું ભાન કરાવવું. એને એમ ન કહેવું કે તારું મન શુદ્ધ નથી; તું મલિન ચિત્તવાળો છે; અને મારા તરફ તારું ચિત્ત ખરાબ છે. જો આપના ક્રોધનું કારણ કાંઈ બીજુંજ હોય તો તે જરૂર લખશો, કારણ કે મનુષ્યને તેનું કારણ ન જણાવીએ ત્યાં સુધી આપ શા માટે ગુસ્સે છો તેનું કારણ તે કેમ જાણે ? આપના મનનો ગુસ્સો એક કાગળમાં જણાવવાની અવશ્ય કૃપા કરશો; અને મારી મૂર્ખતા મને જણાવશો. આપના મનમાં મારે માટે જે ખરાબ અનુમાન છે તે અવશ્ય દૂર કરશો.

કાગળનું વજન વધી જાય એમ જાણી હવે બંધ કરું છું અને સદા રાખું છું કે આપ આટલા લખાણથીજ મારી સ્થિતિ જાણી લેશો અને કૃપાપત્ર લખશો. —સેવક તીર્થરામ.

पत्र ३६—धार्मिक विषयमां अनुराग. તા. ૪ જુલાઈ, ૧૮૯૦.

પંડિત રઘુનાથમલે હજુ રૂપિયા નથી મોકલ્યા. મહારાજજી, જ્યારે આપ લાહોર આવ્યા હતા ત્યારે બાબા જ.........ની સાથે આપનો જે સંવાદ થયો હતો તે એક બે પૈસાવાળા ખબરમાં લખશો, કારણ કે એણે તો અહીં એવી વાત ફેલાવી છે કે "મનુષ્ય મરે છે તે પછી તે ગમે તેવો હોય પણ તેને પોતાના પાપ-પુણ્યનું ફળ મળતું નથી. તે સારાં કે નઠારાં કર્મોથી પણ મુક્ત થઈ જાય છે. એ વિષય સિદ્ધ કરવા માટે ભગતજીએ મારી સાથે ચર્ચા કરી હતી." શું આપે ખરેખર એવી ચર્ચા કરી હતી ? મને લાગે છે કે બાબાજી આપના કહેવાનું તાત્પર્ય સમજ્યા નથી; તેથીજ એમણે આવી સાચી ખોટી વાત ફેલાવી છે. મને તો અયોધ્યાદાસે કહ્યું હતું કે બાબાજીએ એ વાત પ્રસિદ્ધ કરી છે. —સેવક તીર્થરામ.

पत्र ३७—कुल्फी न खावानी प्रतिज्ञा. તા. ૮ જુલાઈ, ૧૮૯૦.

આપનો કોઈ કૃપાપત્ર નથી તેનું શું કારણ ? પત્ર અવશ્ય લખશો. પંડિત રઘુનાથમલજીએ મોકલેલા રૂપીઆ દશ આજ મને મળ્યા છે. પરન્તુ એ બહુ જલદી ખર્ચાઈ જશે. પુસ્તકોનું બહુ ખર્ચ થાય છે. હું નકામો ખર્ચ કાંઈ કરતો નથી. આપની સન્મુખ મેં કુલ્ફી ખાધી હતી. ત્યાર પછી નિત્યને માટે કુલ્ફી ન ખાવાની મેં પ્રતિજ્ઞા લીધી છે. આપ દયા રાખશો. —સેવક તીર્થરામ.

पत्र ३८—गुस्सो क्रोध दूर करवानो अत्यन्त विचार. તા. ૧૨ જુલાઈ, ૧૮૯૦.

આપ એટલું તો લખ્યા કરો કે હું ફલાણી બાબતથી નારાજ છું. (જ્યારે આપના ક્રોધનું કારણ માલૂમ પડતું નથી અને માત્ર નારાજ છો એટલુંજ જણાય છે ત્યારે બહુ ખેદ થાય છે.) હું ફરી ફરીને આપનું ધ્યાન ખેંચું છું કે મારાથી કાંઈ અનુચિત આચરણ થયું હશે તો તે મેં જાણી જોઈને નહિજ કર્યું હોય; તેનું કારણ મારી મૂર્ખતાજ હશે. આપ ક્ષમા કરશો. જે પત્રમાં બાબા જ.........વિષે મેં લખ્યું તે કાગળ તો આપના ક્રોધનું કારણ નથી ? જો એમ હોય તો આપ ક્રોધ ન કરશો. કારણ કે મેં આપેલો કાગળ લાલા અયોધ્યાદાસના કહેવાપર લખ્યો હતો. મારો એમાં કાંઈ સંબંધ ન હતો. આપ ગમે તેમ કહો પણ મને આપનામાં જરાએ આપદા નથી. માટે હવે એક કાગળ તો લખો. ભવિષ્યમાં આવી નાની નાની બાબતમાં ગુસ્સે થવાનું છોડું કરો તો બહુ કૃપા થશે. હું કહેવા માગતો નથી જાઉં છું તો ક્રોધ શા માટે કરો છો ? પત્રની મોટીથી કામ ચાલે છે તો લાકડીની શી જરૂર છે ?

—સેવક તીર્થ

पत्र ३९—विद्यार्थी अवस्थामां मननो उद्वेग. તા. ૧૨ જુલાઇ, ૧૮૯૦.

આપનો એક પત્ર મળ્યો. બહુ આનંદ થયો. ઑગસ્ટની પહેલી તારીખે અથવા તે પહેલાં બે ત્રણ દિવસે અમને રજા પડશે.........હું પરમેશ્વર પાસે ને આપની પાસે પ્રાર્થના કરૂં છું કે એ રજાના દિવસોમાં હું હરકોઇ પ્રકારે ઠીક મહેનત કરી શકું. બીજો કાંઇ અર્થ નથી. હું આશા રાખું છું કે આપ મારા આ સંકલ્પમાં અવશ્ય સાહાય્ય કરશો. મારી આ અવસ્થાપર દયા રાખશો. હું અહીં રહું કે ત્યાં રહું, પણ આપનો તો દાસ છું. આ વખતે મારો જે સંકલ્પ છે તે હું લખી નાખું છું. એ બદલાશે તો તે પણ લખીશ. ગમે તેવો સંકલ્પ હોય તોપણ આપ એમ ન ધારશો કે એ આપનાથી વિરુદ્ધ છે. કારણ મારા પ્રત્યેક ઉદ્દેશનું મૂળ તાત્પર્ય એ હોય છે કે આપના પ્રતિ મારી પ્રીતિ વધે. મારો ઉદ્દેશ આ સિવાય અન્ય કોઈ નથી. હમણાં વિચાર આવ્યો છે કે પહેલાં લગભગ સાત આઠ દિવસ તો લાહોરમાંજ રહું અને એ દિવસોમાં પાછળના અભ્યાસનું પુનરાવર્તન કરૂં. (એટલું છે કે હાંસી ન જવું પડે.) ત્યાર પછી ગુજરાંવાલામાં રહીને જોઉં કે ત્યાં અભ્યાસ થઈ શકે છે કે નહિ. ચાર પાંચ રોજ વેરોકીમાં ને થોડા દહાડા મુરાલીવાલામાં પણ રહેવાનો ઇરાદો છે. હાંસી જવાનો પણ વિચાર છે કારણકે માસાજીએ લખ્યું હતું. જો એકાંત જગ્યા મળી જશે તો લગભગ મહીનો માસ ત્યાંજ ગાળીશ અને રજાના પાછલા દિવસોમાં લાહોરમાં આવીને રહીશ. આપની પાસે તો એજ યાચના છે કે કોઇ રીતે કાળક્ષેપ ન થાય..............હવે બીજી બાબત લખું છું. અત્યાર સુધીમાં હાંસીથી મેં સિત્તેર રૂપીઆ મંગાવ્યા છે, ને ત્રીશ મંગાવવા બાકી છે. એ હજુ સુધી એટલા માટે નથી મંગાવ્યા કે એમાંથી જે પુસ્તકો ખરીદવાનાં હતાં તે હિંદુસ્તાનમાં નથી મળતાં. પણ હવે થોડા દહાડામાં હિન્દુસ્તાનના બુકસેલર પાસે એ પુસ્તકો વિલાયતથી આવી જશે. મારા વર્ગના સર્વ વિદ્યાર્થીઓ રજા પડતાં પહેલાં એ પુસ્તકો ખરીદી લેશે, કારણ કે રજામાં તેઓ ઘેર વાંચી શકે. હું પણ રૂપીઆ મંગાવી લઉં ને પુસ્તકો આવે એટલે ખરીદી લેવાનું એટલા માટેજ વાજબી સમજું છું. એ પુસ્તકો ખરીદતાં ત્રીશ રૂપિયામાંથી થોડું બચશે. લગભગ વીશેક રૂપિયા બેસશે, બાકીના રૂપિયા આપની દોલત છે. થોડા મને પણ આપજો. રૂપિયા હમણાં મંગાવું કે નહિ તે આપ લખશો.

—સેવક તીર્થરામ.

पत्र ४०—लाहोरमां रजा गाळवा संबंधी युक्तिपूर्वक पत्र. તા. ૧૯ જુલાઇ, ૧૮૯૦.

તારીખ પહેલી ઑગસ્ટથી અમારી કૉલેજમાં રજા પડશે. આજ ઓગણીશમી જુલાઈ છે. હું આપનો સદા તાબેદાર છું. આપ કાંઇ અન્ય અનુમાન કદિ પણ કરશો નહિ. જે કાર્યમાં કોઇ મનુષ્ય નિત્ય પ્રવૃત્ત રહે છે એને થોડો કાળ વીત્યા પછી એવી શક્તિ પ્રાપ્ત થાય છે કે જેનાથી એ પોતાના કાર્ય સંબંધી સારી વાત વિનાવિચારે પણ જાણી શકે છે. એ વાત સારી છે એમ સિદ્ધ કરવાની યુક્તિ પ્રયુક્તિ (દલીલ) સ્વયં એના મનમાં ન આવે, પણ એ બધી વાત સારી છે એમ સિદ્ધ કરવાનો પ્રભાવ (અસર) તો એના મનમાં પડે છેજ. બહુધા એવી યુક્તિઓ મનમાં આવતી પણ નથી. કારણ યુક્તિથી સિદ્ધ કરવું એ કાંઈ બીજીજ વાત છે. (એ પંડિતોનું કે નૈયાયિકોનું કામ છે અને બધા મનુષ્યો કાંઈ પંડિત હોતા નથી.) જે શક્તિથી આ કાર્ય ઠીક છે એમ જાણી શકાય પણ તેની યુક્તિ સિદ્ધ કરવાનું મનમાં નથી આવતું, એનું નામ Conscience—સંજ્ઞાન છે. હું જ્યારે નાનો હતો ત્યારે કોઇ પણ કવિતા વાંચીને કહી દેતો હતો કે આ કવિતા ફલાણી કવિતાના રાગની છે, અને

ફેલાણી અમુક રાગની છે; પરન્તુ એ ભેદ નહોતો જાણતો કે કયો છંદ છે અને એ ભેદ શાથી બન્યો છે. યદ્યપિ એટલું પ્રતીત થતું હતું કે તેમાં અવશ્ય કાંઈ ભેદ તો છેજ. છતાં મારો અનુભવ સિદ્ધ કરવાની યુક્તિ-દલીલ આપી શકતો નહોતો. જોકે મારો અનુભવ તો ખરોજ હતો. આ દશ વર્ષના અભ્યાસ પછી હવે કવિતાના વિષયમાં અભિપ્રાય દેવાની દલીલ આપી શકું છું અને એમ પણ જાણું છું કે જે યુક્તિ-તે દલીલ હું આજ આપી શકું છું. તેજ દલીલ પહેલાં જાણતો નહોતો છતાં એજ યુક્તિથી તે વખતે પણ આપી શકત. આથી એમ સિદ્ધ થાય છે કે સાચો મનુષ્ય હમેશાં દલીલ આપીજ શકે એવું નથી હોતું; કોઈ કોઈ વાર એની વાત દલીલ વિનાની હોય તોપણ માનવી જોઇએ. એમાં એટલું હોવું જોઇએ કે એ મનુષ્ય જાણી જોઇને ખરાબ કામ કરે એવો નથી તેમજ તે દલીલ આપી શકે તેમ નથી, છતાં પણ પોતાના અંતરાત્મા (Conscience) ના કહેવા પ્રમાણેજ કાર્ય કરે છે.

દૃષ્ટાંત એ છે કે હું આપને નિશ્ચય કરાવવા માગું છું કે હું આપનો અંતઃકરણથી સેવક છું. મારો આટલાં વર્ષનો અભ્યાસ બતાવે છે કે આ કાર્ય સારૂં છે. એ કરવાથી કલ્યાણ થશે એમ ભલે હું યુક્તિ ન આપી શકું, પણ જે કાર્ય હું કરૂં છું તે કાર્ય વાસ્તવિક રીતે મને સારૂંજ લાગે છે. આપ એવું અનુમાન ન કરી બેસશો કે હું યુક્તિ નથી આપી શકતો, તેથી મારા મનમાં કાંઈ બીજુંજ કારણ છે, અથવા આપનાથી ચિત્ત ઉપરામ પામ્યું છે. એવું છેજ નહિ. હું આપને કેવી રીતે નિશ્ચય કરાવું કે હું આપનો દાસ છું ?

વળી એમ પણ છે કે મારે માટે આપનો જે વિચાર હોય છે તેનો મૂળ ઉદ્દેશ એ હોય છે કે ઉપરથી એ ઉદ્દેશ અથવા પ્રયોજન કાંઇ બીજુંજ જણાય, છતાં તેમાંથી મને આનંદ પ્રાપ્ત થાય. એટલા માટે હું એમ અનુમાન કરૂં છું કે મારા અન્તરાત્મા અથવા બીજા કોઈ સાધનથી મને જે સારૂં લાગતું હોય તે મારે માટે સારૂંજ હોય, (જે મારે માટે સારૂં છે તે આપને માટે પણ અધિક સારૂં હોવુંજ જોઇએ; આપને માટે એ કદી ખરાબ હોયજ નહિ;) તેથી આપની પણ એ વિષયમાં મારા અન્તરાત્મા અથવા અન્ય સાધનના જેવીજ સંમતિ હશે. આપ એ વિષયમાં એમ ન કહેશો કે એથી આપની આજ્ઞાનો ભંગ થાય છે. ઉલટું એમ કહેવું જોઇએ કે એનાથી આપની આજ્ઞાનું પૂર્ણરીતે પાલન થાય છે. વળી હું ગમે તે ઠેકાણે રહું છતાં આપનો તો દાસજ છું.

મૂળ વાત એ છે કે આપે રજાના દિવસોમાં ગુજરાંવાલા આવવાનું લખ્યું હતું. ગમે તેમ થશે પણ હું ત્યાં આવીશ તો ખરોજ. પણ બધી રજા ત્યાંજ ગાળું એવું નહિ બને. મારો અન્તરાત્મા કહે છે કે લાહોરમાંજ રહેવું. એ વાતપર મેં વિશેષ વિચાર નથી કર્યો, છતાં એક બે દલીલ આપું છું.

(મને બહુ ખેદ થાય છે કે મારે આવી નકામી દલીલો આપવામાં કાળક્ષેપ કરવો પડે છે, પણ કાંઇ બીજુંજ સમજીને ગુસ્સે ન થાઓ માટે આમ આવી રીતે નકામો વખત ગાળવો પડે છે. તમે ગુસ્સે નહિ થાઓ એવો જો મને ભય ન હોય તો હું આમ નકામો વખત કદિ ન જવા દઉં. આપ જો મને આપનો દાસ સમજીને મારાં વાક્યોપર શુદ્ધ નિશ્ચય રાખો તો કેવું સારૂં !).

લાહોરમાં ન રહેતાં બીજે કોઈ ઠેકાણે રહેવામાં માત્ર એકાન્ત જગ્યા નથી મળતી એ એકજ અવગુણ નથી, પણ ત્યાં કોઈ સૂક્ષ્મ કાર્ય થઇ શકે એવી ચિત્તની અવસ્થા પણ નથી રહેતી. બુદ્ધિની તીક્ષ્ણતા ત્યાં રહેતી નથી એ હું હમણાં જાણી શક્યો છું, કારણ કે મન સ્ફુરત નથી તેમ

તે આ સ્થૂલ દેહનું કોઇ અંગ પણ નથી. વિષયપ્રાપ્તિથી અથવા ભૌતિક પદાર્થોના સંસર્ગથી મન દુર્બલ અને દૂષિત થઈ જાય છે. લાહોર સિવાય બીજે સઘળે ઠેકાણે આ દોષ માલૂમ પડે છે. બીજાં સ્થળોમાં સાધારણ માણસોની સંગતિથી ચિત્તની અવસ્થા બહુ ખરાબ થઇ જાય છે.

કોઇ એમ કહેશે કે લાહોરમાં પણ માણસોનો સહવાસ તો રહે છે. એનો ઉત્તર એ છે કે લાહોરમાં જે માણસો મળે છે તેની સાથે ઉપર ઉપરની વાતચીત થાય છે કે જેથી મન તેઓની વાતચીતમાં વધારે રોકાતું નથી. બીજાં સ્થાનોમાં તો ત્યાંના માણસોની વાતચીતમાં પરસ્પરપણે અને વ્યવહારે પણ મન વધારે રાખવું પડે છે, કારણ કે તેઓની સાથે ઘણા લાંબા સમય પછી મેળાપ થાય છે, એટલે તેમની સાથેની વાતચીતમાં મન જરૂર દેવું જોઇએ. બીજું કારણ એ છે કે લાહોરમાં સહાધ્યાયીઓ સાથેજ ઘણું ખરૂં હળવું મળવું થાય છે કે જેનાથી કોઇ પણ જાતનો વિક્ષેપ નથી થતો.

કદાચિત તમે એમ પણ પ્રશ્ન કરો કે બીજા વિદ્યાર્થીઓ રજાના દિવસોમાં ઘેર નથી જતા? તો જાણજો. પંજાબભરમાં પહેલે નંબરે રહેલ વિદ્યાર્થી રૂ. . . રજાના દિવસોમાં એક વખત પણ પોતાને ઘેર નહિ જાય. એ પોતેજ એમ કહે છે કે હમણાં દશ બાર દિવસથી તે ત્યાંથી આવ્યો છે, પણ રજામાં તે ત્યાં નહિ જાય. આપ એને પૂછવું હોય તો પૂછી જોશો.

જ્યાંસુધી પરિશ્રમ ન કરે ત્યાં સુધી કોઇ પણ મનુષ્ય વિદ્યામાં નિપુણ નથી થઈ શકતો. જે નિપુણ જણાય છે તે અત્યંત પરિશ્રમ કરે છે ત્યારેજ નિપુણ બને છે. અમને કદાચિત એના પરિશ્રમની ખબર નથી તો તેથી શું? એ ગુપ્ત રીતે પરિશ્રમ કરતો હશે અથવા પહેલાં કરી ચૂક્યો હશે.

ઘણા વિદ્યાર્થીઓ ઘેર જશે અને નિપુણ રહેશે એ પણ સાચું છે. પણ તેઓના સંબંધમાં કાંઈ બીજુંજ કારણ છે. તેમના અભ્યાસમાં વિક્ષેપ કરે એવું કોઈ પણ નિમિત્ત તેમના ઘરમાં અથવા જ્યાં તેઓ જઈને રજા ગાળશે ત્યાં નહિ હોય. તેઓનાં જ્ઞાન નહિ થવા દેય [illegible] તેઓનાં મનની સ્થિતિ બહુ પરિપક્વ થઇ ગઈ હશે કે જેથી તે બાહ્ય પદાર્થોના [illegible] નહિ થાય. પણ મારૂં મન તો અતિ તુચ્છ છે.

એને વૃદ્ધિ કરીને [illegible] એ શક્તિ પણ પરિશ્રમથીજ વધે છે. કોઇ વિદ્યાર્થી પરિશ્રમ [illegible] પરીક્ષામાં પાસ થઈ જાય તો તેને અભ્યાસનો આનંદ નથી મળતો. એ તો અતુલ [illegible] છે. આપણે જેમ કોઇએ એક બાબત એક કવિતા બનાવી નાંખી [illegible] એનાથી લોકોમાં કદાચિ એ કવિતા એની [illegible] પણ એ કવિતાનો આનંદ જેટલો આપણને આવે એટલો એને કદાચિ નહિ [illegible] કે જેને બીજાની મહેનત વગર મહેનતે મળી જાય. [illegible] આનંદ નહિ અનુભવતાં એનો નાશ કરી નાખશે. [illegible] કરી શકશે.

[illegible] એક દૃષ્ટાન્ત [illegible] કે [illegible] એક પંડિતની તેના પુત્રમાં [illegible] પુત્રને [illegible] અભ્યાસ કરવા મોકલ્યો નહિ [illegible] નિપુણ [illegible] નથી શક્યો. [illegible]

[illegible] પંડિતની [illegible]

જેવું છે. જે કારણો મેં ઉપર વર્ણવ્યાં છે તે આપના હૃદયમાં નહિ આવ્યાં હોય અને આપે લાહોરમાં ન રહેવું એમ લખ્યું છે. હવે તો એ વર્ણનીજ વાત છે, વધારે વખ આજ પરિશ્રમ ન કરૂં તો પછી પરિશ્રમ કરવાનો ક્યારે પ્રસંગ મળશે? મને બે વર્ષની રજા આપો. પછી તો હું જિંદગી સુધી આપની સાથે છુંજ. આપ એમ કહો કે અમારો પુત્ર વિલાયત ગયો છે અને તે આવશે ત્યારે અમારોજ છે. જ્યારે ધ્યાન અત્યારે અભ્યાસમાં છે, ત્યારે જેમ કોઈ રાજા યુદ્ધના સમયમાં પોતાના યોદ્ધાનું રાખે છે તેમ આપ મારી બહારની આવશ્યકતાનું ધ્યાન રાખજો. આપ કદિ કાંઈ અનુમાન ન કરશો, હું તો આપનો દાસ છું.

હું જાણું છું કે પરિશ્રમ અતિ ઉત્તમ વસ્તુ છે (પણ રોગી બનું એવો પરિશ્રમ હું કરૂં) કિન્તુ પરિશ્રમમાં ચિત્ત લગાડવામાં આપની આવશ્યકતા છે. હું અભ્યાસમાં પરિ કરી શકું માટે આપ સહાયતા કરશો. હે પરમાત્મા! મારૂં મન અભ્યાસમાં નિમગ્ન રહે; અત્યંત પરિશ્રમ કરૂં; કારણ કે મારા સંકલ્પોને પૂરા કરનાર આપ છો. (સાતમી કે આઠ આ પછી હું ગુજરાંવાલા આવીશ. થોડા વખત પછી હું લાહોર પાછો આવી શકું તો બહુ ઠીક

આ લાંબો કાગળ વાંચીને આપ ગુસ્સે ન થશો. મૂળ ઉદ્દેશ એજ છે કે આપ કોઈ પ તે ગુસ્સે ન થાઓ. ર......ને એમ કહેજો કે જો હુશીઆર બનવું હોય તો પુસ્તકને રય કરે. એનાથી વર્ણન ન કરી શકાય એવો લાભ થાય છે. તેર વર્ષના અનુભવ પછી મને માલૂમ પડ્યું છે કે એ અત્યંત લાભદાયક છે. હું ગુજરાંવાલા આવીશ ત્યારે વિસ્તારથી વળી સમજાવીશ. એનાથી પોતાના શિક્ષક સિવાય અન્ય અધ્યાપકની કદિ આવશ્યકતા રહેતી નથી.

—સેવક તીર્થરામ.

તા. ૨૫ ઑક્ટોબર, ૧૮૯૦.

પત્ર ૪૧.

કાલ એક વાગ્યા પહેલાં કૉલેજમાં મને તાવની શરૂઆત થઈ ચૂકી હતી. હું એ વખતેજ ઘેર આવ્યો. બહુ મહેનતે લુહારી દરવાજા સુધી પહોંચ્યો અને ત્યાંથી એક્કામાં બેસી ઘેર આવ્યો. ઘેર આવ્યા પછી પાંચ છ વાર ઉલટી ને એક વાર દસ્ત થયો. અશક્તિ બહુ વધી ગઈ. આખરે ઉંઘ આવીને રાતના બાર વાગે હોંશ આવી અને ત્યારનો અત્યાર સુધી જાગું છું. હવે પ્રકૃતિ ઠીક છે. આ ત્રણ દિવસ કૉલેજમાં જતાં મને તાવ ચડ્યો, તેનું કારણ હું એ સમજું છું કે ત્યાં લગભગ બાર વાગ્યે મને રેચ અને ઉલટી થાય એમ લાગતું હતું, પણ અભ્યાસના જોસમાં હું એને રોકી રાખતો હતો. પણ હવે હું એમ નહિ કરૂં. એ કારણ એ ખરૂં હશે તો હવે મને આરોગ્ય રહેશે. હું આપનો દાસ છું. આપ મારો અપ-રાધ ક્ષમા કરશો.

હવે એક મોટી વાત લખું છું. ગણિતશાસ્ત્રના આચાર્યે (પ્રોફેસરે) કહ્યું છે કે દશ અંદર રોજ પછી હું બીજાં બે નવાં પુસ્તકો ભણાવીશ, માટે તેટલા દિવસમાં એ પુસ્તકો મેળવી લેશે. પણ મુશ્કેલી એ છે કે મારી પાસે એ પુસ્તકો નથી; તેમ તેની કિંમત પણ લગ-ભગ સત્તર રૂપિયા છે. હું પંડિત રેપુન્દયમલને રૂપિયા મોકલવા માટે લખું? એમને કહું હું. અથવા તો બીજો કાંઈ ઉપાય કરવો જોઈએ. જલદી ટપાલમાંજ જવાબ લખજો.

—સેવક તીર્થરામ.

તા. ૨ ડિસેમ્બર, ૧૮૯૦.

પત્ર ૪૨.

આજ હું કૉલેજમાં ગયો હતો, ત્યાં બીજું બધું તો ઠીક રહ્યું, પણ મારી

તે આ સ્થૂલ દેહનું કોઇ અંગ પણ નથી. વિષયપ્રાપ્તિથી અથવા ભૌતિક પદાર્થોના સંસર્ગથી મન દુર્બળ અને દૂષિત થઇ જાય છે. લાહોર સિવાય બીજે સઘળે ઠેકાણે આ દોષ માલૂમ પડે છે. બીજાં સ્થળોમાં સાધારણ માણસોની સંગતિથી ચિત્તની અવસ્થા બહુ ખરાબ થઇ જાય છે.

કોઇ એમ કહેશે કે લાહોરમાં પણ માણસોનો સહવાસ તો રહે છે. એનો ઉત્તર એ છે કે લાહોરમાં જે માણસો મળે છે તેની સાથે ઉપર ઉપરની વાતચીત થાય છે કે જેથી મન તેઓની વાતચીતમાં વધારે રોકાતું નથી. બીજાં સ્થાનોમાં તો ત્યાંના માણસોની વાતચીતમાં પરવશપણે અને બલાત્કારે પણ મન વધારે રાખવું પડે છે, કારણ કે તેઓની સાથે ઘણા લાંબા સમય પછી મેળાપ થાય છે, એટલે તેમની સાથેની વાતચીતમાં મન જરૂર દેવું જોઇએ. બીજું કારણ એ છે કે લાહોરમાં સહાધ્યાયીઓ સાથેજ ઘણું ખરૂં હળવું મળવું થાય છે કે જેનાથી કોઇ પણ જાતનો વિક્ષેપ નથી થતો.

કદાપિ તમે એમ પણ પ્રશ્ન કરો કે બીજા વિદ્યાર્થીઓ રજાના દિવસોમાં ઘેર નથી જતા! તો સાંભળો. પંજાબભરમાં પહેલે નંબરે રહેલ વિદ્યાર્થી રૂ........રજાના દિવસોમાં એક દહાડે પણ પોતાને ઘેર નહિ જાય. એ પોતેજ એમ કહે છે કે હમણાં દશ બાર દિવસથી તે ત્યાંથી આવ્યો છે; પણ રજામાં તે ત્યાં નહિ જાય. આપ એને પૂછવું હોય તો પૂછી જોશો.

જ્યાંસુધી પરિશ્રમ ન કરે ત્યાં સુધી કોઇ પણ મનુષ્ય વિદ્યામાં નિપુણ નથી થઈ શકતો. જે નિપુણ જણાય છે તે અત્યંત પરિશ્રમ કરે છે ત્યારેજ નિપુણ બને છે. અમને કદાચિત એના પરિશ્રમની ખબર નથી તો તેથી શું? એ ગુપ્ત રીતે પરિશ્રમ કરતો હશે અથવાં પહેલાં કરી ચૂક્યો હશે.

ઘણા વિદ્યાર્થીઓ ઘેર જશે અને નિપુણ રહેશે એ પણ સારું છે. પણ તેઓના સંબંધમાં કાંઈ બીજુંજ કારણ છે. તેમના અભ્યાસમાં વિરોધ કરે એવું કોઈ પણ નિમિત્ત તેમના ઘરમાં અથવા જ્યાં તેઓ જઇને રજા ગાળશે ત્યાં નહિ હોય. તેઓનાં લગ્ન નહિ થયાં હોય અથવા તો તેઓનાં મનની સ્થિતિ બહુ પરિપક્વ થઇ ગઈ હશે કે જેથી તે બાહ્ય પદાર્થોમાં આસક્ત નહિ થાય. પણ મારૂં મન તો અતિ દુષ્ટ છે.

જેને બુદ્ધિ કહીએ છીએ એ શક્તિ પણ પરિશ્રમથીજ વધે છે. કોઇ વિદ્યાર્થી પરિશ્રમ કર્યાવિના માત્ર સંભાવનાથીજ પરીક્ષામાં પાસ થઈ જાય તો તેને અભ્યાસનો આનંદ નથી મળતો. એ તો બહુજ ખરાબ છે. આપને જેમ કોઇએ એક વખત એક કવિતા બનાવી તેમાં તેનું નામ લખવાનું કહ્યું હતું એના જેવું એ છે. એનાથી લોકોમાં કદાપિ એ કવિતા એની છે એમ પ્રખ્યાતિ થાય, પણ એ કવિતાનો આનંદ જેટલો આપને આવે એટલો એને કદાપિ નહિ મળે. એ પુરુષ તો એના જેવોજ છે કે જેને બીજાની દોલત વગર મહેનતે મળી જાય. ભલે એની પાસે ધન આવશે પણ એ એનો આનંદ નહિ અનુભવતાં એનો ક્ષય કરી નાખશે. જેણે પરિશ્રમથી ધન પ્રાપ્ત કર્યું છે એજ એનો ખરો લાભ પ્રાપ્ત કરી શકશે.

આપે મને એક દૃષ્ટાંત કહ્યું હતું, કે ગુજરાંવાલામાં એક પંડિતની તેના પુત્રમાં બહુ પ્રીતિ હતી. એ પ્રીતિને લીધે એણે એ પુત્રને પાઠશાળામાં દૂર અભ્યાસ કરવા મોકલ્યો નહિ અને એમ કરીને એ પુત્ર નિપુણ-યોગ્ય-ન બની શક્યો. એણે એનું ભવિષ્ય બગાડયું. આપ તો મારા પિતા સમાન છો અને પિતામાતાએ એવું ન કરવું જોઇએ.

કિન્તુ આપ તો બહુજ ભલા છો. આ વિષયમાં આપની તુલના એ પંડિતની સાથે સ્વપ્નમાં પણ થઇ શકે તેમ નથી. આપનું અને એનું ઉદાહરણ તો પ્રકાશ અને અંધકારનું

રહેવું છે. એ કારણો મેં ઉપર વર્ણવ્યાં છે તે આપના હૃદયમાં નહિ આવ્યાં હોય અને તેથીજ આપે લાહોરમાં ન રહેવું એમ લખ્યું છે. હવે તો બે વર્ષનીજ વાત છે, વધારે વખત નથી. આજ પરિશ્રમ ન કરૂં તો પછી પરિશ્રમ કરવાનો ક્યારે પ્રસંગ મળશે? આપ મને બે વર્ષની રજા આપો. પછી તો હું જિંદગી સુધી આપની સાથે છુંજ. આપ એમ સમજો કે અમારો પુત્ર વિલાયત ગયો છે અને તે આવશે ત્યારે અમારોજ છે. ત્યારે મારૂં ધ્યાન અત્યારે અભ્યાસમાં છે, ત્યારે જેમ કોઈ રાજા યુદ્ધના સમયમાં પોતાના યોદ્ધાનું ધ્યાન રાખે છે તેમ આપ મારી બહારની આવશ્યકતાનું ધ્યાન રાખશો. આપ કદિ કાંઈ બીજું અનુમાન ન કરશો, હું તો આપનો દાસ છું.

હું જાણું છું કે પરિશ્રમ અતિ ઉત્તમ વસ્તુ છે (પણ રોગી બનું એવો પરિશ્રમ હું નહિ કરૂં) કિન્તુ પરિશ્રમમાં ચિત્ત લગાડવામાં આપની આવશ્યકતા છે. હું અભ્યાસમાં પરિશ્રમ કરી શકું માટે આપ સહાયતા કરશો. હે પરમાત્મા! મારૂં મન અભ્યાસમાં નિમગ્ન રહે; હું અત્યંત પરિશ્રમ કરૂં; કારણ કે મારા સંકલ્પોને પૂરા કરનાર આપ છો. (સાતમી કે આઠમી જાન પછી હું ગુજરાંવાલા આવીશ. થોડા વખત પછી હું લાહોર પાછો આવી શકું તો બહુ ઠીક.)

આ લાંબો કાગળ વાંચીને આપ ગુસ્સે ન થશો. મારો ઉદ્દેશ એજ છે કે આપ કોઈ પણ રીતે ગુસ્સે ન થાઓ. ર........ને એમ કહેજો કે જો હુશીઆર બનવું હોય તો પુસ્તકને કંઠસ્થ કરે. એનાથી વર્ણન ન કરી શકાય એવો લાભ થાય છે. તેર વર્ષના અનુભવ પછી મને માલૂમ પડયું છે કે એ અત્યંત લાભદાયક છે. હું ગુજરાંવાલા આવીશ ત્યારે વિસ્તારથી વળી સમજાવીશ. એનાથી પોતાના શિક્ષક સિવાય અન્ય અધ્યાપકની કદિ આવશ્યકતા રહેતી નથી.

—સેવક **તીર્થરામ.**

પત્ર ૪૧. તા. ૨૫ ઓક્ટોબર, ૧૮૯૦.

કાલ એક વાગ્યા પહેલાં કૉલેજમાં મને તાવની શરૂઆત થઈ ચૂકી હતી. હું એ વખતેજ ઘેર આવ્યો. બહુ મહેનતે લુહારી દરવાજા સુધી પહોંચ્યો અને ત્યાંથી એક્કામાં બેસી ઘેર આવ્યો. ઘેર આવ્યા પછી પાંચ છ વાર ઉલટી ને એક વાર દસ્ત થયો. અશક્તિ બહુ વધી ગઈ. આખરે ઉંઘ આવીને રાતના બાર વાગે હોંશ આવી અને ત્યારનો અત્યાર સુધી જાગું છું. હવે પ્રકૃતિ ઠીક છે. આ ત્રણ દિવસ કૉલેજમાં જતાં મને તાવ ચડયો, તેનું કારણ હું એ સમજું છું કે ત્યાં લગભગ બાર વાગ્યે મને ખેંચ અને ઉલટી થાય એમ લાગતું હતું, પણ અભ્યાસના જોસમાં હું એને રોકી રાખતો હતો. પણ હવે હું એમ નહિ કરૂં. એ કારણ જો ખરૂં હશે તો હવે મને આરોગ્ય રહેશે. હું આપનો દાસ છું. આપ મારો અપરાધ ક્ષમા કરશો.

હવે એક મોટી વાત લખું છું. ગણિતશાસ્ત્રના અધ્યાપકે (પ્રૉફેસરે) કહ્યું છે કે દશ બાર રોજ પછી હું બીજાં બે નવાં પુસ્તકો ચલાવીશ, માટે તેટલા દિવસમાં એ પુસ્તકો મેળવી લેજો. પણ અફસોસ એ છે કે મારી પાસે એ પુસ્તકો નથી; તેમ તેની કિંમત પણ લગભગ સત્તર રૂપિયા છે. હું પંડિત રઘુનાથમલને રૂપિયા મોકલવા માટે લખું? એમણે કહ્યું હતું. અથવા તો બીજો કાંઈ ઉપાય કરવો જોઈએ. વળતી ટપાલમાંજ જવાબ લખશો.

—સેવક **તીર્થરામ.**

પત્ર ૪૨. તા. ૨ ડિસેમ્બર, ૧૮૯૦.

આજ હું કૉલેજમાં ગયો હતો. ત્યાં બીજું બધું તો ઠીક રહ્યું, પણ મારી યથામાં અડ-

પણ આવે એમ લાગે છે. જે અધ્યાપક મારી અર્ધી ફ્રી આપતો હતો તેણે હવે તે આપવી બંધ કરી છે. કૉલેજના કલાર્ક વગેરે કહે છે કે માફી કરવાનો અધિકાર તેના હાથમાં છે. જે પ્રોફેસર પોતાની પાસેથી મને કામ આપતો હતો તે કહે છે કે હવે કૉલેજમાં તારી પાસે કરાવી શકાય એવું કાંઇ કામ નથી, તેથીજ તેણે બંધ કરી છે, પણ જો કાંઇ કામ નીકળી આવશે તો માફી થઇ જશે.

–સેવક તીર્થરામ.

પત્ર ૪૩. તા. ૪ ડિસેમ્બર, ૧૮૯૦

કાલ સાંજે આપનો પત્ર મળ્યો, બહુ આનંદ થયો હતો. કૉલેજના પ્રિન્સિપાલ બિમાર છે એટલે મારી માફીના સંબંધમાં હજુ કાંઇ નિવેડો થયો નથી. મને આપનામાં તો પહેલેથીજ આશા છે, તો આપ તદ્દન માફી કરાવી દો કે પછી રૂપિયાની બીજી કાંઇ ગોઠવણ કરી અપાવો. આપ મારાપર કૃપા દૃષ્ટિ રાખશો. જે પ્રમાણે આપ ઉચિત સમજો તે પ્રમાણે અવશ્ય કરશો.

–સેવક તીર્થરામ.

પત્ર ૪૪. તા. ૧૬ ડિસેમ્બર, ૧૮૯૦.

કાલે હું, *ભાઈ અને અયોધ્યાદાસ એ મહાત્માના દર્શન માટે ગયા હતા. દર્શન થયાં ગીતાના સોળમા અધ્યાયનો થોડો ભાગ એમની વાણીથી સાંભળ્યો. આપના પ્રણામ (મત્થાટેકના) કહીને વાત છેડી. બહુ પ્રસન્ન થયા. તેઓ કહેતા હતા કે શિયાળો લાહોરમાં ગાળવાનો વિચાર થાય છે અને પછી જો તરંગ ઉઠશે તો ગુજરાંવાલામાં આવીશું. ચાર વાગે કૉલેજમાંથી આવીને આ પત્ર લખ્યો છે. પરમ દિવસે ગણિતની અને ત્રીજે દહાડે અંગ્રેજીની પરીક્ષા છે, મારી બરોળ મટતી નથી પણ ઉલટી વધતી જાય છે. આપ દયા રાખશો.–સેવક તીર્થરામ.

પત્ર ૪૫. તા. ૨ જાન્યુઆરી, ૧૮૯૧.

આજ હું કૉલેજમાં ગયો હતો. ફ્રીના વિષયમાં કાંઇ સાંભળ્યું નથી. અમારી ફારસી ભાષા નીકળી ગઈ છે. પરમેશ્વરે એ અત્યંત કૃપા કરી છે. આપની સ્થિતિનું વર્ણન લખ્યા કરશો. હું આનંદમાં છું.

–સેવક તીર્થરામ.

પત્ર ૪૬. તા. ૧૮ જાન્યુઆરી, ૧૮૯૧.

આજે મને કૉલેજના ડૉકટર સાહેબ મળ્યા હતા. તેઓ કહેતા હતા કે પ્રિન્સિપાલ સાહેબે મને કહ્યું છે કે જો તીર્થરામ તેના વર્ગમાં હુશિઆર રહે, સર્વ પ્રકારે પોતાનું વર્તન સારૂં રાખે, કોઇ દિવસ ગેરહાજર ન રહે, અને આવી રીતે નિયમિત રહે તો તેની માફી થશે. વળી એક બીજી વાત એ છે કે મારે તેમનું કામ પણ કરવું પડશે. દાખલા તરીકે આ અઠવાડીઆમાં મારે તેમનાં લૅકચર (વ્યાખ્યાન) લખી આપવાં પડશે. આપ દયાદૃષ્ટિ રાખશો, આપનો કોઇ કાગળ હજુ સુધી નથી આવ્યો. આપ આપની પૂરી હકીકત લખશો.

–સેવક તીર્થરામ.

પત્ર ૪૭. તા. ૧ ફેબ્રુઆરી. ૧૮૯૧.

આજ આપનો એક કાગળ આવ્યો. અત્યંત આનંદ થયો. ભાઈ ગુજરાંવાલામાં આવ્યા છે તો આપ તેમને કોઇ ખરાબ કામમાં માથું મારતા હોય તો રોકી લેશો અને પોતાનો ખરચ કરતા હોય તોપણ અટકાવશો. નહિ તો પાછળથી પસ્તાશે. રીંછને પકડી લેવું સહેલું છે પણ એનાથી બચવું મુશ્કેલ છે. **સંસારના લોક કદિ કોઇના થયાજ નથી.**

* તેમના મોટા ભાઈ.

ર પોતાનો સ્વાર્થજ તેમની દષ્ટિમાં હોય છે. સુન્દર સુન્દર વસ્તુ જોઇને આંખમાં
લેશો. ભાઇ સાહેબને કહેશો કે મને પત્ર કેમ નથી લખતા........ —સેવક તીર્થરામ.

પત્ર ૪૮. તા. ૪ ફેબ્રુઆરી, ૧૮૯૧.

આજ આપનો પત્ર મળ્યો. અત્યંત આનંદ થયો. આજ માસાજીનો કાગળ પણ આવ્યો
, તેમણે એક ડીક્શનેરી મંગાવી છે. એ ડીક્શનેરીની કિંમત સવા રૂપિયો છે. સવા રૂપિયો
નો ઉધીનો લઇને આ રવિવારે ડીક્શનેરી ખરીદીને તેમને મોકલી દેવાનો મારો વિચાર છે.
માં હું તેમની પાસેથી કાંઇ મંગાવવું વાજબી નથી સમજતો.

કૉલેજના ડાયરેક્ટર સાહેબે આ શનિવારે મને એક લેક્ચર નકલ કરવા માટે આપ્યું છે.
તા શનિવારે અમારી ગણિતની પરીક્ષા છે ને ત્યાર પછીના શનિવારે અંગ્રેજીની. આપ
લખ્યા કરશો ને દયા રાખશો. હું આપનો દાસ છું. —સેવક તીર્થરામ.

પત્ર ૪૯. તા. ૧૦ ફેબ્રુઆરી, ૧૮૯૧.

માસાજીએ આજે મને બરોળની ગોળીઓ મોકલી છે. હું આજકાલ બહુ માંદો અને
ગ રહું છું, તેથી પ્રિન્સિપાલે મારે માટે એક એવો વિદ્યાર્થી મુકરર કર્યો છે, કે રજા
પછી મને તે કસરત કર્યા વિના ઘેર ન આવવા દે. —સેવક તીર્થરામ.

પત્ર ૫૦. તા. ૨ એપ્રિલ, ૧૮૯૧.

મહારાજજી, પંજાબ યુનિવર્સિટિમાં હવે એવી રીતચાલ થાય છે કે પરીક્ષામાં ગણિત
ના ૧૫૦ દોકડા (માર્કસ) ને બદલે ૧૩૦ રાખવા અને કોઇ બીજો વિષય કે જેના
૦ હોય તેના ૧૨૦ બનાવવા. આ બહુ ખરાબ છે. આથી તો એવું થશે કે મહેનત અને
ગુપણાનો ભેદ ઉડી જશે. અમારો ગણિતશાસ્ત્રનો પ્રોફેસર કહે છે કે હું આના વિરુદ્ધ
ર કરીશ. જોઇએ છીએ કે આગળ શું થાય છે. આપ પત્ર લખ્યા કરશો.—સેવક તીર્થરામ.

પત્ર ૫૧. તા. ૭ એપ્રિલ, ૧૮૯૧.

આજ સવારે છ વાગે કોઇ કામકાજને માટે હું મહારાજા સાહેબની (રણજીતસિંહની)
ધિ સુધી ફરવા ગયો હતો. વધારેમાં વધારે પંદર મિનિટ લાગી હશે. પાછો આવ્યો
મકાનનું તાળું ગુમ અને બારણાં અર્ધાં ઉઘાડાં પડયાં હતાં. અંદર જઇને જોયું તો દાદ-
ની નીચેની ઓરડી પણ ઉઘાડી હતી. પરન્તુ પરમેશ્વરને ધન્યવાદ છે કે મારાં પુસ્તકો અને
ાં તો તેમનાં તેમ પડયાં હતાં. એક લોટો, એક પ્યાલો અને તપેલી નહોતાં. ચોરની એક
ી અહીં પડી રહી છે. આપ દયા રાખશો. —સેવક તીર્થરામ.

પત્ર ૫૨. તા. ૧૧ મે, ૧૮૯૧.

મારો ખાટલો તદ્દન તૂટી ગયો હતો; બે દિવસ તો જમીનપર સૂઇ રહ્યો હતો. કાલે હું
ચ આનાનું વાણ લાવ્યો અને આજ નવું વાણ ભરાવ્યું છે. પાંચ પૈસા મજુરી આપવી
ી છે. મને એ નવો ભરેલો ખાટલો જોઇને બહુ આનંદ થાય છે. આજ રજા હતી. ભાડાના
પૈસા કાલે આપી દીધા હતા. મારું શરીર હવે સારું છે. —સેવક તીર્થરામ.

પત્ર ૫૩. તા. ૧૯ મે, ૧૮૯૧.

કૉલેજમાં આજ આપનો પત્ર મળ્યો હતો. બહુ આનંદ થયો. આપ આવ્યા હોત તો
હું ઠીક થાત. અત્યારે મને જે ઉદ્વેગ થાય છે તે આપ આવ્યા હોત તો જરાએ ન થાત.

આજ સવારે સાડાપાંચ વાગે હું કૉલેજમાં ગયો કે તરતજ બોર્ડિંગના વિદ્યાર્થીઓ મને

ચાલુ આવે એમ લાગે છે. જે અધ્યાપક મારી અર્ધી ફી આપતો હતો તેણે હવે તે અર્ધી બંધ કરી છે. કૉલેજના કારકુન વગેરે કહે છે કે માફી કરવાનો અધિકાર તેના હાથમાં છે. જે પ્રોફેસર પોતાની પાસેથી મને કામ આપતો હતો તે કહે છે કે હવે કૉલેજમાં તારી પાસે કરાવી શકાય એવું કાંઇ કામ નથી, તેથીજ તેણે બંધ કરી છે, પણ જો કાંઇ કામ નીકળી આવશે તો માફી થઇ જશે.

–સેવક તીર્થરામ.

પત્ર ૪૩. તા. ૪ ડિસેમ્બર, ૧૮૯૦

કાલ સાંજે આપનો પત્ર મળ્યો, બહુ આનંદ થયો હતો. કૉલેજના પ્રિન્સિપાલ બિમાર છે એટલે મારી માફીના સંબંધમાં હજુ કાંઇ નિર્ણય થયો નથી. મને આપનામાં તો પૂરો વિશ્વાસ છે, તો આપ તદ્દન માફી કરાવી દો કે પછી રૂપિયાની બીજી કાંઇ ગોઠવણ કરી આપો. આપ મારાપર કૃપા દૃષ્ટિ રાખજો. જે પ્રમાણે આપ ઉચિત સમજો તે પ્રમાણે અવશ્ય કરજો.

–સેવક તીર્થરા[મ]

પત્ર ૪૪. તા. ૧૬ ડિસેમ્બર, ૧૮૯૦.

કાલે હું, ભાઈ અને અયોધ્યાદાસ એ મહાત્માના દર્શન માટે ગયા હતા. દર્શન કરી ગીતાના સોળમા અધ્યાયનો થોડો ભાગ એમની વાણીથી સાંભળ્યો. આપના પ્રણામ (નમસ્કાર) કહીને વાત છેડી. બહુ પ્રસન્ન થયા. તેઓ કહેતા હતા કે શિયાળો લાહોરમાં ગાળવા વિચાર થાય છે અને પછી જો તરંગ ઉઠશે તો ગુજરાંવાલામાં આવીશું. ચાર વાગે કૉલેજમાંથી આવીને આ પત્ર લખ્યો છે. પરમ દિવસે ગણિતની અને ત્રીજે દહાડે અંગ્રેજીની પરીક્ષા. મારી અરોગ્યતા મટતી નથી પણ ફરતી બદલી જાય છે. આપ દયા રાખજો.–સેવક તીર્થરા[મ]

પત્ર ૪૫. તા. ૨ જાન્યુઆરી, ૧૮૯૧.

આજ હું કૉલેજમાં ગયો હતો. ફીના વિષયમાં કાંઇ સાંભળ્યું નથી. અમારી ફી ... નીકળી ગઈ છે. પરમેશ્વરે એ અત્યંત કૃપા કરી છે. આપની સ્થિતિનું વર્ણન કરજો. હું આનંદમાં છું.

–સેવક તીર્થરા[મ]

પત્ર ૪૬. તા. ૧૮ જાન્યુઆરી, ૧૮૯૧.

આજે મને કૉલેજના રેક્ટર સાહેબ મળ્યા હતા. તેઓ કહેતા હતા કે પ્રિન્સિપાલ સાહેબે મને કહ્યું છે કે જો તીર્થરામ તેના વર્ગમાં હુશિયાર રહે, સર્વ પ્રકારે પોતાનું વર્તન સારું રાખે, કોઇ દિવસ ગેરહાજર ન રહે, અને આવી રીતે નિયમિત રહે તો તેની માફી થઇ શકશે. બીજી વાત એ છે કે મારે તેમનું કામ પણ કરવું પડશે. દાખલા તરીકે અઠવાડિયામાં મારે તેમનાં લેક્ચર (વ્યાખ્યાન) લખી આપવાં પડશે. આપ ક્યારેક ... આપનો કોઇ કાગળ હજુ સુધી નથી આવ્યો. આપ આપની પૂરી હકીકત લખજો.

–સેવક તીર્થરા[મ]

પત્ર ૪૭. તા. ૧ ફેબ્રુઆરી ૧૮૯૧.

આજ આપનો એક કાગળ આવ્યો. અત્યંત આનંદ થયો. ભાઈ ગુજરાંવાલામાં ... છે તે આપ તેમને કોઇ અગત્ય કામમાં મોકલવા માગતા હોય તો તેડી લેજો અને પોતે સંબંધ વધારવા હોય તેપણ અટકાવજો. નહિ તો પાછળથી પસ્તાશો. શીખને પાકી કરેલું છે પણ એનાથી બચવું મુશ્કેલ છે. સંસારના લોક દૃષ્ટિ કોઇના થયાજ ન...

* તેમના તેડાં વા.

માત્ર પોતાનો સ્વાર્થજ તેમની દષ્ટિમાં હોય છે. સુન્દર સુન્દર કપડાં લેઈને બજારમાં ન ફરશો. ભાઈ સાહેબને કહેશો કે મને પત્ર કેમ નથી લખતા........ —સેવક તીર્થરામ.

તા. ૫ ફેબ્રુઆરી, ૧૮૯૧.

પત્ર ૪૮.

આજ આપનો પત્ર મળ્યો. અત્યંત આનંદ થયો. આજ માસ્તરજીનો પ્રશ્ન પણ આવ્યો હતો, તેમણે એક ડિક્શનેરી મંગાવી છે. એ ડિક્શનેરીની કિંમત સવા રૂપિયો છે. સવા રૂપિયો હોઈ ને છતાંને. હવે આ રવિવારે ડિક્શનેરી ખરીદીને તેમને મોકલી દેવાનો મારો વિચાર છે. બદલામાં હું તેમની પાસેથી કાંઈ મંગાવવું વાજબી નથી સમજતો.

કોલેજના ટીચર સાહેબે આ શનિવારે મને એક લાયબ્રર નાઠ કરવા માટે આપ્યું છે. આવતા શનિવારે અમારી ગણિતની પરીક્ષા છે ને ત્યાર પછીના શનિવારે અંગ્રેજીની. આપ પત્ર લખ્યા કરો ને દયા રાખશો. હું આપનો દાસ છું. —સેવક તીર્થરામ.

તા. ૧૦ ફેબ્રુઆરી, ૧૮૯૧.

પત્ર ૪૯.

માસ્તરજીને આજે મને બજારની ડિક્શનેરી મોકલી છે. હું આજકાલ બહુ માંદો અને અશક્ત રહું છું, તેથી પ્રિન્સિપાલે મારે માટે એક નવો વિદ્યાર્થી મુકરર કર્યો છે, કે રજા થયા પછી મને તે કસરત કર્યા વિના ઘેર ન આવવા દે. —સેવક તીર્થરામ.

તા. ૨ એપ્રિલ, ૧૮૯૧.

પત્ર ૫૦.

મહારાજજી, પંજાબ યુનિવર્સિટિમાં હવે એવી રીકસ્ટલ થાય છે કે પરીક્ષામાં ગણિત-શાસ્ત્રના ૧૫૦ ટોકલ (માર્ક્સ) ને બદલે ૧૩૦ રાખવા અને કોઈ બીજો વિષય કે જેના ૧૦૦ હોય તેના ૧૨૦ બનાવવા. આ બહુ ખરાબ છે. આથી તો એવું થશે કે મહેનત અને આનુષંગનો હેતુ ઉડી જશે. અમારા ગણિતશાસ્ત્રનો પ્રોફેસર કહે છે કે હું આના વિરુદ્ધ યત્ન કરીશ. જોઈએ છીએ કે આગળ શું થાય છે. આપ પત્ર લખ્યા કરશો.—સેવક તીર્થરામ.

તા. ૭ એપ્રિલ, ૧૮૯૧.

પત્ર ૫૧.

આજ સવારે ૭ વાગે કાંઈ કામકાજને માટે હું મહારાજા સાહેબની (રણજીતસિંહની) સમાધિ સુધી ફરવા ગયો હતો. બપોરમાં બધારે પંદર મિનિટ લાગી હશે. પાછો આવ્યો તો મકાનનું તાળું તૂટેલું અને બારણાં ખુલ્લાં પડયાં હતાં. અંદર જઈને જોયું તો ઘરની નીચેની ઓરડી પણ ઉઘાડી હતી. પરન્તુ પરમેશ્વરને ધન્યવાદ છે કે મારાં પુસ્તકો અને કપડાં તો તેમનાં તેમ પડયાં હતાં. એક લોટો, એક પ્યાલો અને તપેલી નહોતાં. ચોરની એક ટોપી અહીં પડી રહી છે. આપ દયા રાખશો. —સેવક તીર્થરામ.

તા. ૧૧ મે, ૧૮૯૧.

પત્ર ૫૨.

મારો ખાટલો તદ્દન તૂટી ગયો હતો; ને દિવસ તો જમીનપર સૂઈ રહ્યો હતો. કાલ હું પાંચ આનાનું વાણ લાવ્યો અને આજ નવું વાણ ભરાવ્યું છે. પાંચ પૈસા મજુરી આપવી પડી છે. મને એ નવો ભરેલો ખાટલો જોઈને બહુ આનંદ થાય છે. આજ રજા હતી. સાઈના રૂપિયા ક.કે આપી દીધા હતા. મારું શરીર હવે સારું છે. —સેવક તીર્થરામ.

તા. ૧૬ મે, ૧૮૯૧.

પત્ર ૫૩.

કોલેજમાં આજ આપનો પત્ર મળ્યો હતો. બહુ આનંદ થયો. આપ આવ્યા હોત તો બહુ ઠીક થાત. અત્યારે મને જે ઉદ્વેગ થાય છે તે આપ આવ્યા હોત તો જરાએ ન થાત.

આજ સવારે સાડાપાંચ વાગે હું કોલેજમાં ગયો કે તરતજ બોર્ડિંગના વિદ્યાર્થીઓ મને

કહેવા મંડયા કે હવે આપને બોર્ડિંગમાં જરૂર રહેવા આવવું પડશે. પ્રિન્સિપાલ સાહેબનો હુકમ થઈ ગયો છે. એ ત્રણ કલાક પછી કૉલેજના ડૉકટર સાહેબ મને મળ્યા. તેમણે મને કહ્યું કે "તેં પ્રિન્સિપાલ સાહેબનો હુકમ સાંભળ્યો કે નહિ ?" મેં જવાબ આપ્યો કે "હા સાંભળ્યો છે, પણ અહીં આવતા પહેલાં હું ઘેર પત્ર લખીને મારા વાલી (એટલે કે આપની) આજ્ઞા મંગાવીશ." તેમણે કહ્યું કે પ્રિન્સિપાલનો હુકમ હરકોઈ પ્રકારે માનવોજ પડશે. ત્યાર પછી કૉલેજ બંધ થઈ એટલે પ્રિન્સિપાલ સાહેબે કહ્યું કે "તારા ભલાને માટે મેં એ હુકમ કર્યો છે." હવે આ બધી હકીકતનું મૂળ કારણ હું લખું છુંઃ—

એક દિવસ રજા હતી તે વખતે હું મારા મકાનમાં બહાર બેઠો બેઠો વાંચતો હતો, એટલામાં બોર્ડિંગના તેમજ અન્ય વિદ્યાર્થીઓ મારા મકાન આગળ થઈને નીકળ્યા. તેઓ બીજે સ્થળે જતા હતા પણ મને સાથે લઈ જવા ધારતા હતા. તેઓએ મારું મકાન જોઈને મારો બધો હાલ હેવાલ પૂછ્યો. (મારી સાથે બધા વિદ્યાર્થીઓ સારી રીતે વર્તે છે.) *મેરાની દુકાનમાં ખાવા જવું, કૉલેજથી મકાનનું દૂર હોવું અને મકાનનું હવાદાર ન હોવું એ સઘળાં કારણો જોઈને તેઓએ કહ્યું કે "તમે આવા મકાનમાં રહો છો એ અમને પસંદ નથી. અમારા સમજવામાં તો આને લીધેજ તમે વારંવાર માંદા પડો છો. વળી માંદા હો ત્યારે અહીં તમારી સારવાર કરનાર પણ કોઈ નથી. તમે બોર્ડિંગમાં રહેવા આવો તો બહુ સારૂં. ત્યાં તમારા એકાન્ત અભ્યાસમાં જરાએ વિઘ્ન નહિ આવે." મેં કાંઈ જવાબ ન આપ્યો. તેઓએ એ વાત પ્રિન્સિપાલને કહી અને પ્રિન્સિપાલ સાહેબે મને એ પ્રમાણે હુકમ કર્યો.

મહારાજજી ! આપ જોઈ શકશો કે એમાં મારો જરાએ અપરાધ નથી. હવે ત્યાં જવું પડ્યું છે. મારાપર જરાએ ગુસ્સે ન થશો. હું તો આપનો દાસ છું. મારાપર દયાદૃષ્ટિ રાખજો. સર્વ કાંઈ આપને અધીન છે. બોર્ડિંગમાં રસોડાથી દૂર મારી ઓરડી છે. મારા વર્ગનાજ એક વિદ્યાર્થીની આ ઓરડી છે. હમણાં તે અહીં નથી. આવે ત્યારે તે મને અહીંજ રહેવા દે અને પોતે કોઈ બીજા વિદ્યાર્થીઓની સાથે રહે તો ઘણું સારૂં. ભોજન મકાનભાડું ઈત્યાદિ તમામ ખર્ચને માટે, મહીનાના ત્રણ રૂપિયા ને નવ આના આપવા પડે છે.

મહારાજજી ! હું જાણું છું કે સર્વ કાંઈ આપણા મનને આધીન છે, જો કે અત્યંત પરિશ્રમની આવશ્યકતા છે. છતાં ધારીએ તો મનને ગમે તે સ્થળે એકાગ્ર કરી શકીએ છીએ. મનને જેટલા પ્રમાણમાં એકાગ્ર કરશું તેટલા પ્રમાણમાં અધિક લાભ પ્રાપ્ત કરી શકીશું. બોર્ડિંગના વિદ્યાર્થીઓમાંથી પણ ઘણીવાર કોઈ પ્રથમ નંબરે પાસ થાય છે.

હું આ સ્થાનમાં મનને એકાગ્ર કરી શકું એટલા માટે આપની સહાયતા માગું છું. આપ મને પહેલાં કરતાં વિશેષ સેવક સમજજો. આપ અહીં ક્યારે પધારશો ? આપ અહીં આવીને બોર્ડિંગમાં મારી પાસે રહેશો તોપણ કાંઈ હરકત નથી, કારણ કે અન્ય વિદ્યાર્થીઓના સંબંધીઓ પણ એવી રીતે આવીને રહે છે.

હવે મારે ત્યાં અવશ્ય જવું પડે તેમ છે અને તે પણ બહુ જલ્દી, તેથી આ ગુરૂવારે કે શુક્રવારે ત્યાં રહેવા જવાનો મેં સંકલ્પ કરી રાખ્યો છે. હું આપની પ્રસન્નતા ને કૃપા ઇચ્છું છું. હું સર્વ સ્થાનમાં આપનેજ સમજું છું, અને મારો વિશ્વાસ આપનામાંજ છે.

---

* પંજાબમાં રોટલી, દાળ, ભાત, આદિ [illegible] દુકાન [illegible] ગુજરાતી [illegible] અને આ દુકાનમાં એ [illegible] છે કે અહીં રોટલી વગેરે [illegible] મળે છે; [illegible] દાળ [illegible] છે.

અંગ્રેજી ભાષાનાં ચાર પુસ્તકો બાર આનામાં ખરીદ્યાં હતાં. હવે મારી પાસે ખર્ચવાનું કશું રહ્યું નથી. હવે; લાલા અયોધ્યાદાસ પાસેથી હું લઈ લઈશ. આપ આનો ઉત્તર કૃપા કરી સત્વર કોલેજને સરનામે લખશો, અને પત્ર લખવામાં કદિ વિલંબ ન કરશો. મારાપર કૃપાદૃષ્ટિ રાખશો.

બોર્ડિંગમાં જવાનું આપના વિચારમાં અયોગ્ય લાગે તો ત્યાં શું ઉત્તર આપવો તે આપ લખશો.

—સેવક તીર્થરામ.

પત્ર ૫૪. તા. ૨૩ મે, ૧૮૯૧.

હું આજ પણ બોર્ડિંગમાં નથી ગયો. હવે તો આવતા ગુરુવાર કે શુક્રવારપર વાત રાખી છે, કારણ કે એટલામાં પહેલી તારીખ પણ આવી જશે. વળી બોર્ડિંગમાં ન જવાનો એક ઉપાય મને સૂઝી આવ્યો છે. જે અલગ ઓરડીને માટે મેં આપને પહેલાં લખ્યું હતું તે હવે મળી શકે તેમ લાગતું નથી, તેથી હું એમ જવાબ દઉં કે જ્યાં સુધી મને જૂદી ઓરડી નહિ મળે ત્યાં સુધી હું ત્યાં નહિ આવું, કારણ કે એકાન્ત અભ્યાસ કરવાની ટેવને એકદમ છોડી દેવાથી મને કદાચિત નુકસાન થશે.

—સેવક તીર્થરામ.

પત્ર ૫૫. તા. ૨૩ મે, ૧૮૯૧.

આજ કોલેજથી આવીને મકાનનું બારણું ઉઘાડતાંજ એક કાળીઓ સર્પ મારી ઉપર પડયો. મેં પહેલાં જે સર્પ દીઠો હતો (જ્યારે હું આ મકાનમાં રહેવા આવ્યો) તેનાથી આ જાદો હશે. કદાચિત એનું બચ્ચું હોય. મેં લોકોને બોલાવ્યા અને એમણે તેને મારી નાખ્યો.

પ્રોફેસર. બધા મારા બોર્ડિંગમાં ન જવાની વિરુદ્ધ છે. તેઓ કહે છે કે જો તમે લોકોના સમૂહમાં વાંચવાની ટેવ નહિ પાડો અને પ્રત્યેક સ્થાનમાં મન એકાગ્ર નહિ કરી શકો તો તમે પછી કદિ પણ એવી ટેવ નહિ પાડી શકો. દૃષ્ટાંત તરીકે તરતાં શીખનાર મનુષ્ય પાણીમાં પડયા સિવાય તરવાનું શીખી શકતો નથી.

વળી જ્યારે મનુષ્ય અવસ્થાવાન થાય છે ત્યારે પણ તેને જૂદું મકાન કે એકાન્ત સમય મળવો બહુ મુશ્કેલ થઈ પડે છે; કારણ કે ત્યાં કદિ કોઈ સ્નેહી તો કદિ કોઈ સંબંધી મળવા આવ્યાજ કરે છે. માટે જો માણસોની વચમાં અભ્યાસ કરવાની ટેવ ન પાડીએ તો આગળની જિંદગીમાં બહુ મુશ્કેલી આવે છે.

ગયા પત્રમાં જે વાત મેં આપને લખી હતી તે મેં ડાક્ટર સાહેબને પણ કરી હતી. તેમણે કહ્યું કે "પહેલાં તો તમારા મનમાં કાંઈ ફરક નહિજ પડે અને કદિ પડશે તોપણ પહેલા બે ત્રણ દિવસ ઉપાધિ લાગશે. પછી તો તમારું ચિત્ત અહીં પણ અભ્યાસમાં સારી રીતે લાગી જશે. બહારના અન્ય લાભ તો એટલા છેજ."

તાત્પર્ય એ કે હવે મારું બોર્ડિંગમાં ન જવાનું તો કોઈ રીતે રહ્યું નથી. ત્યાં ન જવાનો પ્રયત્ન કરવો એ તો નિરર્થક છે. હવે તો મન પહેલાંના કરતાં અધિક પરિશ્રમ એટલે યત્ન કરશે. પ્રેમપૂર્વક બેઠક. માટેજ આ ગુરુવારે કે શુક્રવારે ત્યાં જવાનો વિચાર રાખ્યો છું. આપ જો ગુરુવાર પહેલાં એક રોજ અહીં આવી જાઓ તો બહુ ઠીક થશે. આપ મારાપર કોઈ પણ રીતે દોષનું આરોપણ ન કરશો. હું તો સર્વ પ્રકારે આપનો સેવક (આજ્ઞાધીન) છું.

—સેવક તીર્થરામ.

પત્ર ૫૫. તા. ૨૫ મે, ૧૮૯૧.

આજ મે સર્વ હકીકત મેળવી છે.

(૧) શ્રીમત્તુ-ઉત્સવની રજામાં આમારે ભાડું વગેરે નહિ આપવું પડે.

(૨) જેટલા દિવસ અમે ત્યાં જમીએ એટલા દિવસનો હિસાબ આપવો પડે છે, અને જો કોઈ અતિથિ આવે તો જેટલા રોજ તે જમે એટલા દિવસ અમારા હિસાબમાં ઉમેરાય છે.

(૩) બોર્ડિંગના મકાનનું ભાડું મહીનાના નવ આના છે. પહેલી તારીખથી વીશ તારીખ સુધીમાં એ ગમે ત્યારે પણ આપવું પડે છે. ભોજનનો હિસાબ દિવસો ગણીને મહીનાની આખરે થાય છે.

(૪) મેં બોર્ડિંગના સુપ્રિન્ટેન્ડેન્ટને કહ્યું હતું કે મારા વાલી એટલો બધો ખર્ચ નહિ આપી શકે. તેમણે હિસાબ કરીને કહ્યું કે "લગભગ એક રૂપિયાથી વધારે ખર્ચ નહિ વધે. એમાં કાંઈ મોટી વાત નથી. જો ખાવાનું સારૂં મળતું હોય તો બીજું ખર્ચ ઓછું કરી નાખજો અને એમ પણ મુશ્કેલ લાગતું હોય તો પરીક્ષા સુધી નવ મહીનાજ રહેજો." વળી એમણે એમ પણ કહ્યું કે "પહેલાં તો અમે વધારે ખર્ચ થવાજ નહિ દઈએ; અને બીજું એ કે તમારે અહીં વધારે પુસ્તકો નહિ ખરીદવાં પડે, કારણ કે તમે બીજાની પાસેથી લઈ શકશો. ત્રીજું જો તમને તદ્દન પ્રતિકૂળ લાગે તો રજા પછી નીકળી જજો." —સેવક તીર્થરામ.

पत्र ५६–विद्यार्थी अवस्थामां सहाध्यायीओने भणाववुं. તા. ૨૫ જુન, ૧૮૯૧.

અમારા ગણિતના પ્રૉફેસર માંદા હતા જેથી દરરોજ એક કલાક તેમની જગ્યાએ મારે ભણાવવું પડે છે. કાલ અમને (ગણિતશાસ્ત્રના વિદ્યાર્થીઓને) રજા મળી હતી. હું કૉલેજથી બોર્ડિંગમાં આવ્યો ને રૂપિયો વટાવવા માટે પેટીમાથી બહાર રાખ્યો (મારી બેસવાની જગ્યા ઉપર). મારી ઓરડીનો સહવાસી દી........હજુ આવ્યો નહોતો; પણ બોર્ડિંગના બીજા બે વિદ્યાર્થી હતા. હું જમવા માટે રસોડામાં ગયો પરન્તુ રૂપિયો બહાર પડયો રહ્યો, તેમજ ઓરડીને તાળું પણ ન માર્યું. જમીને આવીને જોયું તો રૂપિયો ન મળ્યો. દી........એ બહુએ પૂછપરછ કરી પણ પત્તો ન મળ્યો. કોણ જાણે કોણ લઈ ગયું. કદાચિત્ નોકરે લીધો હોય અથવા તો કોઈ વિદ્યાર્થી ઉઠાવી ગયો હોય. કાલથી મને એક મોટી પેટી મળી છે. એનાથી બહુ આરામ થયો છે.

ચાર પાંચ દિવસથી રોજ મારી નસકોરી ફૂટે છે, પણ ગઈ રાત્રે તો એટલું બધું લોહી નીકળ્યું કે હું બેહોશ થઈ ગયો હતો. આજે તો કૉલેજમાં પણ નથી ગયો; કારણ કે એ વખતે મગજમાં અશક્તિ બહુ હતી. પરન્તુ સવારના સાત વાગ્યાથી અત્યાર સુધી તબીયત સારી રહી છે. બધા વિદ્યાર્થીઓ મારા તરફ બહુ સદ્ભાવ રાખે છે, અને ખાસ કરીને દી...... મારી બહુ સેવા કરે છે. આજ મેં બદામ વગેરે ચારમીંજ* ઘૂંટાવીને પીધાં છે. અત્યારે બધી રીતે આરામ છે. આપ દયા રાખશો અને મને પત્ર લખ્યા કરશો. —સેવક તીર્થરામ.

पत्र ५७–गरम वस्तुओनो त्याग. તા. ૨૬ જુન, ૧૮૯૧.

મેં જે કવર લખ્યું હતું તેમાં એક વાત લખવાની ભૂલી ગયો હતો કે બોર્ડિંગના વ્યવસ્થાપક લાલા શિ....ની આપપર બહુ શ્રદ્ધા બેઠી છે. અમે બન્ને સૂતા પહેલાં ભજન કરીએ છીએ, મેં આપની હકીકત કહી હતી. એ બહુ પ્રસન્ન થયા. હું હવે ગરમ વસ્તુએ બીલકુલ ખાતોજ નથી. —સેવક તીર્થરામ.

पत्र ५८—अति परिश्रम मगजने हानिकारक छे. તા. ૧૪ જુલાઇ, ૧૮૯૧.

અહીં બહુ ગરમી પડે છે, અને હું (કે જેની પ્રકૃતિ પહેલેથીજ ગરમ છે) તો બહુ કંટાળી ગયો છું. મારૂં મગજ કામ નથી કરી શકતું; તેથી આજ બહુજ થોડું વાંચી શક્યો

* કાકડી વગેરે ફળનાં ચાર પ્રકારનાં બીજ ઠંડક માટે પિવાય છે.

છું. મારા ચિત્તમાં એમ આવ્યું છે કે રજા લઈને ૨૫ જુલાઈની પહેલાંજ આપની પાસે આવીને થોડો આરામ કરૂં. મારૂં મગજ જો ઠીક થઈ જશે તો નહિ આવું, અને ન થયું તો મારૂં આવવું યોગ્ય છે કે કેમ તે આપ લખશો. યોગ્ય હોય તો આવું, નહિ તો નહિ.

પાછળના દિવસોમાં બહુ મહેનત કરવી પડતી હતી તે પણ મગજની નબળાઈનું એક કારણ છે. આપ મારાપર દયા રાખશો.

સેવક તીર્થરામ.

પત્ર ૫૯–તીવ્ર ગુરુભક્તિ અને સેવા. તા. ૨ ઓક્ટોબર, ૧૮૯૧.

પરમેશ્વરની ખાતર એક પત્ર લખો. આપે જે વૃક્ષને અત્યાર સુધી પાળ્યું છે ને પાણી પાયું છે તો હવે એકાએક એ વૃક્ષનું ધ્યાન ન છોડી દેવું જોઈએ. આપ મને ચાહો કે ન ચાહો પણ હું તો આપનો સેવક છું, અને એટલું તો અવશ્ય ઇચ્છું છું કે જેટલું ધ્યાન એક પાણી ભરનાર નોકર તરફ કે કોઈ ચાકર તરફ રાખીએ તેટલું ધ્યાન તો મારાપર રાખશોજ.

–સેવક તીર્થરામ.

પત્ર ૬૦–સંસારનાં સુખ રાત્રિના પક્ષીની છાયા સમાન છે. તા. ૫ ડિસેમ્બર, ૧૮૯૧.

કાલ આપનો એક કાગળ મળ્યો હતો, અત્યંત આનંદ થયો. મેં કાલથી આપને લખવાને માટે આ કાર્ડ તૈયાર કરી રાખ્યું હતું, પરન્તુ ગણિતના એક અતિ કઠિન પ્રશ્નનું નિરાકરણ કરવામાં રોકાઈ ગયો હતો, તેથી લખવાનો સમય નહોતો મળ્યો. કૉલેજનું બાકીનું કામ કાલથી કાંઇ પણ નથી કર્યું. આજ આઠ પહર પછી એ પ્રશ્નનું સમાધાન થયું છે. હવે બીજું કામ કરીશ........

પરમાત્માનું સ્વરૂપ અદ્ભુત ચમત્કારોનો સમૂહ છે. જેમ *પેલું શબ્નિનું પક્ષી કોઈની નજરે નહોતું પડતું, પણ તેના અવાજ માત્રથી તેને આવ્યું સમજતા હતા, તેના જેવાં સંસારનાં સુખ છે.

–સેવક તીર્થરામ.

પત્ર ૬૧–ક્રીડા–વરોળના રોગથી મુક્ત થવું. ડિસેમ્બર, ૧૮૯૧.

અમારા કૉલેજના ડૉક્ટર સાહેબે મને એક અંગ્રેજી દવા આપાવી હતી. કાંઇક તેનાથી ને કાંઇક વ્યાયામથી મારો ક્રીડારોગ તદ્દન નિર્મૂળ થયો છે........કામ બહુ છે અને પરિશ્રમની સંપૂર્ણ આવશ્યકતા છે. આપ કૃપાદૃષ્ટિ રાખશો કે જેથી હું પરિશ્રમ કર્યો કરૂં અને નિરંતર બહુ સારી રીતે કામ કરતો રહું.

–સેવક તીર્થરામ.

પત્ર ૬૨.

બોર્ડિંગમાં હજી સુધી જવાનો વખત નથી મળ્યો. કદાચિત્ આજ જવાનું બને. પરમ દિવસે રાત્રિએ ગુમટી બજારવાળા મકાનમાંથી મારૂં નુકસાન થયું છે. પથારીપૈકી એક ગોદડી, એક થાળી, એક લોટો અને એક વાટકો ચોર તાળું તોડીને લઈ ગયા છે. પથારીમાં, પીવા આપવાને માટે રાખેલી કપડાંની જોડી પણ લઇ ગયા છે. પુસ્તકો બધાં બચી ગયાં છે. લાલા +જવાલાપ્રસાદ અને ÷ઝંડુમલ કહે છે કે અમે નવાં કપડાં સીવડાવી દઇશું. વળી કહે છે કે "ગુંસાંઇજી! જરાયે શ્રમ ન કરશો; આપની બાકી જરૂરિઆતો અમે પૂરી કરીશું"

* ધના ભગતજીને પૂછતાં જણાયું કે તીર્થરામજી દરરોજ રાત્રિએ એક પક્ષીનો અવાજ સાંભળતા હતા. તે પક્ષી તેમની નજરે નહોતું પડતું, પણ અવાજ માત્રથી તે આવ્યું ને ગયું એ જણાતું હતું.

+ લાલા જ્વાલાપ્રસાદ એ વખતે એ કૉલેજમાં ભણતા હતા, અને પેરે તીર્થરામજી પાસે ગણિત શીખતા હતા. તે તીર્થરામજીથી એક વર્ગ પાછળ હતા.

÷ ઝંડુમલજી મિશન કૉલેજમાં હેડક્લાર્ક હતા. એ સહૃદયે તીર્થરામજીની એ સમયમાં ..

મહારાજજી, આપ શ્રમ ન કરશો, મારાપર પ્રસન્ન રહેશો. આજે સાંજે ઓફિસમાં ગયા છીએ.

–સેવક તીર્થરામ

पत्र ६३–बी. ए. की वार्षिक परीक्षा.

તા. ૨૪ માર્ચ, ૧૮૯૨.

આજે હું એક વિષય (ગણિત) ની પરીક્ષા આપી આવ્યો છું. એક પેપર બહુ અઘરૂં હતો. પરન્તુ હું આશા રાખું છું કે આપે મારા માટે વિચાર કર્યો હશે. કાલ બીજા પ્રકારના ગણિત (ગણિતનો અન્ય વિભાગ)ની પરીક્ષા છે. મને એમાં અત્યંત ભય છે. આપ અવશ્ય પ્રાર્થના કરશો. પરમ દહાડે મુખપરીક્ષા (Oral) છે, જેમાં મને સર્વથી અધિક ભય છે, કારણ કે જો એમાં પાસ ન થાય તો બધી પરીક્ષામાં નાપાસ ગણાય છે. કદાચ કાલ આપ પોતેજ અહીં પધારો.

–સેવક તીર્થરામ.

पत्र ६४–बी. ए. में पुनः प्रविष्ट थवुं.

તા. ૨ મે, ૧૮૯૨.

*આજ હું કૉલેજમાં દાખલ થઇ ગયો છું............અમારી કૉલેજના +હલવાઇએ મને પહેલાં ઘણીવાર કહ્યું હતું કે હું તેને ઘેર જમ્યાં કરૂં. એમણે આજ વળી હાથ જોડીને પ્રાર્થના કરી કે મારે ત્યાં જમતા રહો. મેં આજ એને કહ્યું છે કે "ઠીક એમ કરીશ." બે ત્રણ દિવસ જમી જોઇશ. યોગ્ય લાગશે તો જમતો રહીશ, નહિ તો છોડી દઇશ. –સેવક તીર્થરામ.

पत्र ६५.

તા. ૯ મે, ૧૮૯૨.

આ અઠવાડીઆમાં આપનો કોઈ પણ કૃપાપત્ર નથી મળ્યો. પરમ દહાડેથી હું એને (ઝંડુમલને) ત્યાં જમું છું. બહુ પ્રીતિપૂર્વક ભોજન બને છે. આપ આવો ત્યારે આપને મારૂં ત્યાં જમવું યોગ્ય નહિ લાગે તો હું છોડી દઇશ. હું અનુમાન કરૂં છું કે આપને મારે માટે એવો સંકલ્પ હતો તેથીજ એ પ્રમાણે પ્રબન્ધ થઈ ગયો. –સેવક તીર્થરામ.

पत्र ६६.

તા. ૧૪ મે, ૧૮૯૨.

હું આપને એક અદ્દભુત વાર્તા લખું છું. પહેલાં એટલું તો આપને હરકોઈ રીતે માલૂમ હશે કે આ સાલ બી. એ. ની પરીક્ષામાં અનેક યોગ્ય અને નિપુણ વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં રહી ગયા છે. જે વિદ્યાર્થી અંગ્રેજીમાં પ્રથમ નીકળ્યો છે તે એટલો તો નાલાયક હતો કે અંગ્રેજીના પ્રોફેસરની એને પરીક્ષામાં મોકલવાનીજ ઇચ્છા નહોતી. સર્વને આશ્ચર્ય થાય છે કે એ પ્રથમ કેવી રીતે આવ્યો ?

–સેવક તીર્થરામ.

पत्र ६७.

તા. ૧૫ મે, ૧૮૯૨.

÷મેં એક રીતથી તો મારી સઘળી હકીકત લખીને સાહેબને બતાવી હતી. પેપર બીજ-

---

મન અને ધનથી સહાયતા કરી છે. આગળના પત્રોથી માલૂમ પડે છે કે જો કોઇએ નિઃસ્વાર્થ, કોઇ પણ જાતના શારીરિક સંબંધ વિના કેવળ સહાનુભવ, પ્રીતિ અને ધર્મથી વત્સલતાપૂર્વક નિર્ધન વિદ્યાર્થી તીર્થરામની અનેક પ્રકારે સહાયતા કરી હોય તો તે ઝંડુમલજ છે. અનેક માસ સુધી એઓએ તીર્થરામને પોતાને ઘેર ભોજન દીધું. પોતાનું મકાન તૂટી ગયું ત્યારે તીર્થરામને બીજાની પાસેથી વગર ભાડે મકાન અપાવ્યું. વગેરે.

* આ પત્રથી જણાય છે કે તીર્થરામ બી. એ. માં આ સાલ નાપાસ થયા હતા અને હવે બી. એ. માં ફરી દાખલ થયા હતા.

+ હલવાઇ ઝંડુમલ, જેનું વર્ણન આગળ આવી ગયું છે.

÷ એ સાલ બી. એ. માં અંગ્રેજીની પરીક્ષામાં બહુ અવ્યવસ્થા થઇ હતી. અનેક ઉત્તમ વિદ્યાર્થીઓ રહી ગયા હતા. તીર્થરામજીના માર્ક જોતાં તેઓ યુનિવર્સિટીમાં પ્રથમ હતા. માત્ર અંગ્રેજીમાં બે ચાર માર્ક માટે નીકળી ગયા હતા.

બાર જોવાની તક તેઓ નથી દેતા. સાહેબે યુનિવર્સિટીમાં મારે માટે બહુ કહ્યું હતું કે એનો (એટલે કે મારો) કાંઈ પણ હેવો જોઈએ. છતાં એમની વાત કોઈએ માની નહિ. યુનિવર્સિટીએ નોટિસ બહાર પાડી છે કે જેઓએ બી. એ. અથવા એમ. એ. ની પરીક્ષા પાસ કરી હોય અને જેનું વય ૨૧ વર્ષથી વધારે ન હોય, એઓને ગણિતશાસ્ત્ર અથવા વિજ્ઞાનશાસ્ત્રમાં વિલાયતમાં એમ. એ પાસ થવું હોય તો અરજી કરે. જેનો હક સૌથી વધારે હશે તેને પૂરી સ્કૉલરશિપ આપીને વિલાયત મોકલવામાં આવશે. જ્યારે વિલાયતથી એ પરીક્ષા પાસ કરીને આવશે ત્યારે એને એક મકાન પદવી આપવામાં આવશે. જો હું આ સાલ પાસ થયો હોત તો મને આ સ્કૉલરશિપ જરૂર મળત. પહેલાં તો મારૂં વય જોતાં, બીજું મારા ગણિતશાસ્ત્રના માર્કસના કારણથી અને ત્રીજું મારા આચરણને લીધે. પણ હવે તો શું બને તેમ છે? આપ દયા રાખ્યા કરશો........ –સેવક તીર્થરામ.

પત્ર ૬૮. તા. ૮ જુન, ૧૮૯૨.

સરદાર ના....મને કાલ નહોતા મળ્યા; આજ પણ નથી મળ્યા. કૉલેજ કે ઘેર ક્યાંય નથી મળી શક્યા. પંડિત હ્ર....જેણે મારાં પુસ્તકો ખરીદવાનું કહ્યું હતું તે અહીં આવ્યા સાંભળ્યા છે છતાં ત્રણ દિવસથી તે પણ નથી મળ્યા. મારો તો એવો વિચાર થાય છે કે આવતી કાલે ત્રણ ચાર રૂપિયાની કિંમતનાં પુસ્તકોનાં એક કાગળપર નામ લખીને તે જાહેરખબર નોટીસના રૂપમાં કૉલેજની દિવાલપર ચોડી દઉં કે જેથી એ પુસ્તકો વેચાઈ જાય. અમારા ગણિતશાસ્ત્રના પ્રૉફેસર માંદા પડયા હતા. દશબાર દિવસે આજ એઓ કૉલેજમાં આવ્યા હતા. અમારા વર્ગનો એક હોંશિયાર વિદ્યાર્થી થોડા દિવસના તાવથી કાલ સાંજે ગુજરી ગયો. અન્ય સર્વ પ્રકાર કુશળ છે. –આપનો દાસ તીર્થરામ.

પત્ર ૬૯.

જ્યાં હું જમું છું એ ઘરની જોડમાં એક બારિસ્ટરનું ઘર છે. એ ઘર બીલકુલ ખાલી પડયું રહે છે. એમનો વિચાર છે કે એ મકાનને નવેસર બનાવવું. ઝંડુમલ હલવાઈ (જેને ઘેર હું જમું છું) એ બારિસ્ટર સાહેબના ભાઈને મારે માટે કહ્યું હતું કે એઓ મને એજ મકાનમાં આ ઉનાળાના દિવસોમાં મફત રહેવા દે. તેમણે તે મંજુર પણ કર્યું હતું. મેં હજુ સુધી એ મકાન અંદરથી નથી જોયું. બહારથી કાંઈ બહુ સુશોભિત નથી દેખાતું, તેમ કાંઈ બહુ મોટું પણ નથી. મારા આ મકાનની બહુજ પાસે છે. ગલીમાં છે છતાં આજુબાજુ એટલો બધો શોરબકોર નથી.

બારિસ્ટર સાહેબના ભાઈ એમના કારભારી છે. એફ. એ. માં મારા સહાધ્યાયી હતા.

ઝંડુમલને મેં નહોતું કહ્યું કે એમને મારે માટે આમ કહે, પરન્તુ એણે પોતાની મેળેજ એમ કહ્યું હતું કે જે બે મહીનાનું ભાડું બચ્યું તે ખરૂં. હવે આપ લખશો ત્યારે હું એ મકાનમાં રહેવા જવાનો વિચાર કરીશ. અત્યારે તો કાંઈ વિચાર નથી. –સેવક તીર્થરામ.

पत्र ७०–निर्धन अवस्थामां पण उदारता. તા. ૧૧ જુન, ૧૮૯૨.

આજ કોઈ પુરુષે મારે માટે પ્રિન્સિપાલ સાહેબને ત્રેપન (૫૩) રૂપીઆ આપ્યા છે. સાહેબે મને બોલાવીને કહ્યું કે આ લઈ લે. મેં પૂછયું કે કોણે આપ્યા છે? તેમણે કહ્યું કે નામ નહિ બતાવું. (હું અનુમાન કરૂં છું કે કદાચિત્ એઓ પોતાની ગાંઠના આપતા હોય.) એટલે મેં કહ્યું કે એમાંથી અર્ધા કૉલેજના કામકાજમાં વાપરો અને અર્ધા મને આપો. એ

પણ એમણે ન માન્યું. ત્યારે મેં કહ્યું કે "વારૂ, અમારા ગણિતના પ્રોફેસર ગિલ્બર્ટ
સાહેબે મારી અર્ધી ફી આપે છે, એમને હું વ્યર્થ કષ્ટ આપવા નથી ઇચ્છતો, એટલા મ
એમની પાસેથી લેવાને બદલે આમાંથી પરીક્ષા સુધીની અર્ધી ફી લઇ લ્યો." તેમણે કહ્યું
"એ વાતનો નિર્ણય તો ગિલ્બર્ટસન સાહેબ સાથે કરજો." આખરે મેં રૂપીઆ લાલ
અયોધ્યાપ્રસાદને આપી દીધા છે. પિતાજીના રૂપીઆ હજુ સુધી મને નથી મળ્યા. આપ
અવશ્ય અહીં પધારશો. —સેવક તીર્થરામ

पत्र ७१–सीमो जोडा पहेरीने कॉलेजमां जवुं.

તા. ૫ જુલાઇ, ૧૮૯૨.

કાલ રાત્રિએ જ્યારે હું દૂધ પીવા ગયો ત્યારે મારો એક જોડો કોઇની ઠોકર લા
વાથી ગટરમાં પડી ગયો. દૂધ પી લીધા પછી જ્યારે જોડા પહેરવા માંડયા ત્યારે એકજ
તો એક જોડો પહેરી લીધો ને બીજો મારો અપણો શોધ્યો પણ ક્યાંય ન મળ્યો. હલ
(દૂધવાળો) દીવો લઇને બધી ગટરમાં ફરી વળ્યો તોપણ ન મળ્યો. એ છોકરાને પૈ
આપવો કરી તપાસ કરાવી તોપણ પત્તો ન મળ્યો. પાણી બહુ જોરથી વહેતું હતું તેથી
દૂર નીકળી ગયો હશે. મારા ઘરમાં એક જૂનો સ્ત્રીને પહેરવાનો જોડો પડયો હતો. સ
એક મારો જોડો અને એક એ સ્ત્રીનો પહેરવાનો જોડો પહેરીને હું કૉલેજમાં ગયો. મારા
જોડા બહુ જુના થઈ ગયા હતા તેથી મેં આજ સવાનવ આનાના નવા જોડા લીધા છે. મ
આપનામાં બહુ લક્ષ રહે છે. આપ મારાપર સદા ખુશ રહેશો. —સેવક તીર્થરામ

पत्र ७२–घेर भणाववुं.

તા. ૯ ઑક્ટોબર, ૧૮૯૨.

આપનો કૃપાપત્ર મળ્યો. અત્યંત આનંદ થયો. આજ અમારી કૉલેજ ઉઘડી છે, પરંતુ કો
પણ પ્રોફેસરની પાસે એ વાત કહેવાનો પ્રસંગ નથી મળ્યો. અલબત્ત બ.......મળ્યો હતો
એ કહેતો હતો કે હીરામંડીમાં રાજા ધ્યા...ની હવેલી પાસે બાબુ લ......એકઝીક્યુટી
એન્જીનિયર છે. એના છોકરાને જો રોજના બે કલાક ભણાવશો તો પંદર રૂપિયા માસિક મળશે
વળી એ કહેતો હતો કે કાલ રવિવારે હું તમને તેની પાસે લઇ જઇશ. મેં કબૂલ કર્યું હતું
હવે આગળ ઉપર જોઇશ, કારણ કે આપનું મારા પ્રતિ શુભ ધ્યાન છે તો અવશ્યમેવ કો
શુભ પ્રસંગ મળી જશે..... —સેવક તીર્થરામ

पत्र ७३.

તા. ૯ ઑક્ટોબર, ૧૮૯૨.

હું કાલ અહીં આવી ગયો હતો. જે મકાનમાં હું પહેલાં રહેતો હતો તે વરસાદને લી
પડી ગયું હતું. પરન્તુ મારો સામાન ઝંડુમલજીએ બચાવી લીધો હતો. હજુ સુધી બીજુ
કોઇ મકાન નથી મળ્યું. કાલ રાત્રે ઝંડુમલજીને ઘેર સૂઈ રહ્યો હતો અને ભોજન પણ એ
ઘેરજ કરૂં છું. બેસવા ઉઠવાનું લાલા અયોધ્યાદાસને ઘેર રાખ્યું છે. —સેવક તીર્થરામ

पत्र ७४.

તા. ૧૩ ઑક્ટોબર, ૧૮૯૨.

આપનો કોઈ પણ કૃપાપત્ર નથી. હમણાં ઝંડુમલની સ્ત્રી ઘેર નથી તેથી હું ભોજ
વીશીમાં લઉં છું. હજુ સુધી ભણાવવાનો કોઇ પણ વિદ્યાર્થી નથી મળ્યો. કૉલેજ ઉઘડશે ત્યા
કોઈ પ્રોફેસરને કહીસ. કદાચ એઓ કોઇ બંદોબસ્ત કરી આપે. આપ સવિસ્તર લખશો.
—સેવક તીર્થરામ

पत्र ७५–विद्यार्थीओने भणाववाना काममांथी प्रॉफेसरोनुं अटकाववुं.

તા. ૧૮ ઑક્ટોબર, ૧૮૯૨.

મેં બધા પ્રોફેસરોને કહ્યું હતું. બધાએ કહેવા લાગ્યા કે હવે પરીક્ષાનો સમય નજી

આવે છે; તેથી વખત ન ગુમાવ. તારાથી બને ત્યાં સુધી એ કામ ન કર. તારો સમય દશ
પંદર રૂપિયાથી વધારે મૂલ્યવાન છે. વગેરે.

વારૂ, મહારાજજી! હું તો સર્વ સ્થિતિમાં પ્રસન્ન છું. અને આપ મારાપર સર્વ પ્રકારે
આનન્દિત રહેશો. જેમ હશે તેમ ચલાવી લઈશ........

હવે હું એક અત્યંત શોકની વાત લખું છું કે ગઇ રજાઓમાં મારા બે મિત્ર મરી ગયા.
એક ખલીલુલ રહેમાન જેણે આ વખતે બી. એ. પાસ કરી હતી. બીજા લાલા શિવરામ જેને
આપ પણ જાણતા હતા; અને જે મારાપર અત્યંત કૃપાળુ હતા. એના વંશનો હવે કોઇ
પુરુષ રહ્યો નથી. સર્વ સ્ત્રીઓ વિધવા થઇ ગઇ છે. પરમેશ્વર એની દયા રાખે. આપ જલદી
પત્ર લખશો.

–સેવક તીર્થરામ.
તા. ૨૩ ઑક્ટોબર, ૧૮૯૨.

પત્ર ૭૬.

મારે પત્ર તો પહેલાં લખવો હતો, પણ મેં ધાર્યું કે કાંઈ ઠીક પરિણામ આવે તો લખું,
એટલા માટે વાર લાગી. વાત એવી છે કે હજુ સુધી ભણાવવાનો કોઈ પણ પ્રસંગ (અનુ-
કુળ) માલૂમ નથી પડતો. આપ મારાપર સદા પ્રસન્ન રહેશો. હું સર્વ સ્થિતિમાં પ્રસન્ન છું.
આગળ ઉપર જે થશે તે જણાવીશ.

અમારી કૉલેજના પંડિત સાહેબ અતિ નિપુણ વેદાન્તી છે. મેં એને મારો નિશ્ચય જાહેર
કર્યો હતો, તેથી મારાપર તેઓ પ્રસન્ન રહે છે.

–સેવક તીર્થરામ.
તા. ૩૧ ડિસેમ્બર, ૧૮૯૨.

પત્ર ૭૭–एक विद्यार्थीने भणाववुं.

આપનાં દર્શન કરવા જીવ તલપી રહ્યો છે. ગઇ રાત્રે તો મેં વિચાર પણ કર્યો હતો કે
એક રાત ગુજરાંવાલાં જઇ આવું. અમારા વર્ગના એક વિદ્યાર્થીએ હમણાં મારી પાસે ગણિત
શીખવું શરૂ કર્યું છે. પગારની બાબતમાં મેં કાંઇ કહ્યું નથી; તેમ એણે પણ નથી કહ્યું. પણ
એ ગૃહસ્થ બહુજ ભલા છે. ઉપકારને જાણનારા છે. આપ આપનું વૃત્તાન્ત મને સત્વર
લખશો અને મારાપર દયા રાખશો.

–સેવક તીર્થરામ.
તા. ૩ જાન્યુઆરી, ૧૮૯૩.

પત્ર ૭૮.

...આપનો કૃપાપત્ર મળ્યો. અત્યંત આનંદ પ્રાપ્ત થયો. સરદાર સું.........ની પરીક્ષા થોડા
દહાડામાં પૂરી થઇ જશે. જે સહાધ્યાયીને હું ભણાવું છું તે મારા ભણાવવાથી બહુ ખુશી છે,
અને થોડામાં થોડું એટલું તો જરૂર આપતા રહેશે કે જેનાથી મારી જરૂરિયાતો (દૂધ, ભાડું
વગેરે) પૂરી પડે અને જોઇએ તેટલાં મારાં ભણવાનાં પુસ્તકો ખરીદી લઉં.

વળી સરદાર સું.........એમ પણ કહે છે કે હું એના ઘરમાં રહેવા જાઉં. વારૂ, આપ
જ્યારે અહીં આવશો ત્યારે કહેશો તેમ કરીશ. મેં આપનું વર્ણન મારા એ સહાધ્યાયી
આગળ કર્યું હતું. એ આપનાં દર્શનની જિજ્ઞાસા રાખે છે.

–સેવક તીર્થરામ.
તા. ૨૦ જાન્યુઆરી, ૧૮૯૩.

પત્ર ૭૯–અધ્યાપકોના સન્માનની ચિન્તા.

કાલ સવારે અમારી પરીક્ષાની* ફી લેવાશે. હમણાં મેં લાલા અયોધ્યાદાસ પાસેથી ત્રીશ
રૂપિઆ લીધા છે. કદાચિત આપ મારે વિષે કોઇને કાંઈ કહો તો એ ધ્યાનમાં રાખશો કે
મારા અધ્યાપકોના સંબંધમાં કાંઇ ખરાબ ઇસારો ન થાય. તેમની કીર્તિ વધવી જોઇએ. હું
સંસારમાં એના જેવા અન્ય કોઇ નથી જોતો.

–સેવક તીર્થરામ.

* બી. એ. ની બીજીવારની પરીક્ષાની.

पत्र ८०-प्रॉफेसरनी सहायता अने तीर्थरामजीनी उदारता.

તા. ૨૩ જાન્યુઆરી, ૧૮૯૧.

કૉલેજમાં જતાં જતાં આપનો કૃપાપત્ર મળ્યો. અત્યંત આનંદ થયો. હું કૉલેજમાં ગયે એટલે કૉલેજનો પટાવાળો મને બોલાવીને *ગિલ્બર્ટસન સાહેબની પાસે લઈ ગયો. એમણે મને કાગળનું એક પડીકું આપ્યું. અને કહ્યું કે "જાઓ." એ વખતે ઘંટ વાગ્યો તેથી હું પડીકાને ગજવામાં નાખી ભણવા માંડયો. આજ મારી પાસે એક પૈસો પણ વાપરવા નહોતો. ત્રણ કલાક પછી મેં દૂર જઈને એ પડીકું ઉઘાડયું તો તેમાં ત્રીશ રૂપીઆ હતા એજ વખતે હું પ્રૉફેસર સાહેબની પાસે ગયો ને કહ્યું "મને આટલા બધા રૂપીઆની જરૂરત નથી. આમાંથી આપ વીસ રૂપીઆ પાછા લઈ લ્યો." પણ તેમણે ન માન્યું. હવે આપ આ પત્ર વાંચીને અહીં પધારો ને આમાંથી વીસ રૂપીઆ લઈ જાઓ તો અત્યંત કૃપા થશે. આપ જો વાજબી સમજો તો એમાંથી દસ રૂપીઆ મારી માતાને મોકલી દેજો. ટપાલમાં એટલા માટે નથી મોકલતો કે આપ આવશો તો મળી પણ જશો. મારી પાસે દસ રૂપીઆ એટલા માટે રાખું છું કે આગળ બે મહીનાની ફી આપવાની છે. —સેવક તીર્થરામ.

पत्र ८१-तीर्थरामजीनुं झंडुमलपर विशेष ध्यान.

તા. ૭ ફેબ્રુઆરી, ૧૮૯૧.

પ્રૉફેસર સાહેબને મેં જે પુસ્તક વિષે કહ્યું હતું તે આજ એમણે લઈ દીધું છે. વળી તેમણે મને એક સજ્જન પાસે ભણવા માટે +ભારતવર્ષના ગણિતશાસ્ત્રના સૂર્યે લખેલું પુસ્તક આપ્યું છે. એ પુસ્તકની પ્રસ્તાવના ઈંગ્લાંડના એક નિપુણ ગણિતશાસ્ત્રવેત્તાએ લખી છે. એ પ્રસ્તાવનામાં આપણા દેશના પ્રાચીન જ્ઞાનવિજ્ઞાનની એટલી તો ચર્ચા કરી છે કે જેનો અંત નહિ. આપ મને પત્ર લખ્યા કરશો.

જો આપ પરિશ્રમ ન માનો તો ઝંડુમલને માટે એક થાળ બનાવી રાખજો.—સેવક તીર્થરામ.

पत्र ८२-झंडुमलनो अत्यंत प्रेम.

તા. ૧૨ ફેબ્રુઆરી, ૧૮૯૧.

ગઈ કાલ સાંજથી અમે બોર્ડિંગમાં આવી ગયા છીએ. સવારે સવારે બોર્ડિંગમાં જમતે રહીશ અને સાંજે ઝંડુમલને ઘેર. બોર્ડિંગમાં સવારનું જમવું પણ ઝંડુમલે બહુ મુશ્કેલીથી કબૂલ કર્યું છે. આપ મારાપર દયા રાખશો. આજથી હું મારા ગામને મુરલીવાલાને બદલે મુનરીવાલા કહ્યા કરીશ. મુરારીનો અર્થ પરમેશ્વર થાય છે. —સેવક તીર્થરામ.

पत्र ८३.

તા. ૧૮ ફેબ્રુઆરી, ૧૮૯૧.

ઝંડુમલે મને બે કેડીઆં અને એક પાયજામો સીવડાવી દીધાં છે. વળી તાલા જ...નાં બધાં કુડતાં હું વાપરી શકું છું. અન્ય સર્વ પ્રકારે કુશળતા છે. આપ મારાપર દયા રાખશો.

—સેવક તીર્થરામ.

पत्र ८४-बी. ए. नी कॉलेजनी परीक्षानुं परिणाम.

તા. ૧૧ માર્ચ, ૧૮૯૧.

આજ અમારા રોલ નંબર આવી ગયા છે. મારો નંબર ૮૭ છે. અમારી પ્રમાણે પરીક્ષાનું પરિણામ પણ બહાર પડ્યું છે. મને પરમેશ્વરે સૌથી ઉપર રાખ્યો છે. પહેલા વર્ષમાં ફેલ થયે જેટલા માર્ક જોઈએ તેનાથી મારા ૬૦ માર્ક વધારે આવ્યા છે. અંગ્રેજીમાં બહુજ ઠીક છું, અને ગણિતશાસ્ત્રના એક પેપરમાં તો ૧૫૦ માંથી ૧૪૮ માર્કસ મળ્યા છે. હું

* ગણિતશાસ્ત્રના પ્રોફેસર.
+ "Maxima and minima"—by Prof. Ramchandra.

મનું છું કે એ બધું આપની કૃપાદૃષ્ટિનું ફળ છે. આપ મારાપર દયાદૃષ્ટિ રાખ્યા કરશો.

–સેવક તીર્થરામ.

તા. ૨૧ માર્ચ, ૧૮૯૩.

पत्र ८५–बी. ए. नी वार्षिक परीक्षा.

પ્રતિક્ષણ આપના ચરણોમાંજ મારું ધ્યાન રહે છે. આપ હજુ સુધી ન આવ્યા. બહુ ચિન્તા ...ા કરે છે. પરમ દિવસે અને ચોથે દિવસે અમારી ગણિતની પરીક્ષા છે. અંગ્રેજીની પરીક્ષા તો ...ઈ ગઈ છે. મહારાજજી! જો મારી સ્કૉલરશિપ સાઠ રૂપીઆ આવે તો પહેલા ત્રણ માસની ...પ રાખી લેજો, અને કાંઈ ઇનામ મળે તે પણ આપનુંજ. વળી આપ જાણો છો તો ખરા ...હું સર્વસ્વ આપનોજ છું. હું જ્યારે ગણિતશાસ્ત્રના ચારે પેપર પૂરા લખી આપું ત્યારે મને ...રાંત થશે. જો આપની દયા હશે તો એ જરા પણ મુશ્કેલ નથી. –સેવક તીર્થરામ.

તા. ૧૭ એપ્રીલ, ૧૮૯૩.

पत्र ८६–परीक्षाना परिणामनो एक सहाध्यायीनो पत्र.

...ાબુ તીર્થરામ સાહેબ!

નિત્ય કૃપાળુ રહેજો. ધન્યવાદ આપું છું કે આપ પંજાબભરમાં પ્રથમ રહ્યા છો. આપનો ...નંબર ૩૧ જ છે અને પહેલા વર્ગમાં આવેલ છો તેથી બે સ્કૉલરશિપ તો આપને સહેજે મળશે. ...બીજા લક્ષ્મણદાસ, ત્રીજા ગુલામસરવર અને ચોથા ટોપનરામ છે. અમારી કૉલેજના લગભગ ૨૧ વિદ્યાર્થી પાસ થયા છે ને પંજાબમાં લગભગ ૫૦ પાસ થયા છે. આ સેવક આપને જરૂર ...તાર કરત, પણ એનું પોતાનું ચિત્ત વ્યગ્ર છે તેથી ક્ષમા કરશો. (લખનારનું નામ નથી.)

તા. ૨૬ મે, ૧૮૯૩.

पत्र ८७–गुरुजीनी आकांक्षा तथा परिश्रम तरफ ध्यान.

આપનો પાંચ રૂપીઆનો મનીઑર્ડર મળ્યો. મને અહીંથી રૂપીઆ મળી શકે છે તો આપે વ્યર્થ પરિશ્રમ શા માટે લીધો? શું આપની જરૂરિયાતો તે મારી જરૂરિયાતો નથી? આપ જો આજ્ઞા આપો તો લાલા સો......,માસાજી અથવા બીજા હરકોઈની પાસેથી જેટલા રૂપિઆ આપને જોઈએ તેટલા મોકલી આપું. આપે આ કષ્ટ શા માટે લીધું? પણ એમાં મારોજ અપરાધ છે, કારણ કે હું પહેલાં આપને એ બાબત લખવું ભૂલી ગયો હતો. –સેવક તીર્થરામ.

તા. ૨૬ જુન, ૧૮૯૩.

पत्र ८८–सेंडुमलनो अत्यंत आग्रह.

જે વખતે આપને સ્ટેશનપર મૂકી આવ્યો તે વખતે ઝંડુમલજી મળ્યા. એણે આપની બાબતમાં પૂછ્યું. એનો એ વિચાર હતો કે એણે જે નવું મકાન લીધું છે તે આપને દેખાડી આપ પસંદ કરો એટલે એમાં મને રાખે. એ મકાન પરમ દિવસેજ ખાલી થયું હતું. ઝંડુમલ અત્યંત આગ્રહ કરે છે કે હું એના મકાનમાં ભાડું આપ્યા વિના રહું. આગળ ઉપર તો આપ જેમ આજ્ઞા કરશો તેમ કરીશ. આ મકાન ઝંડુમલની શેરીમાં છે. એ જૂનું છે અને બહુ હવાવાળું પણ નથી. આપ કૃપા કરી સત્વર ઉત્તર આપશો. –સેવક તીર્થરામ.

તા. ૬ જુલાઈ, ૧૮૯૩.

पत्र ८९–गुरुजीने माटे परमेश्वरनी प्रार्थना.

મેં હમણાંજ પરમેશ્વરની પ્રાર્થના કરી કે આપને અંદર બહાર સર્વ પ્રકારે આનંદ રહે. કોઈ પણ સંકલ્પવિકલ્પ કે વિક્ષેપ કદિ પણ પીડા ન કરે. મહારાજજી! આપ મને સ્મરણમાં રાખશો.

–સેવક તીર્થરામ.

તા. ૭ જુલાઈ, ૧૮૯૩.

पत्र ९०–आजीविकानी चिन्ता.

આજ મેં થોડું ઘણું સાંભળ્યું છે કે વૈદિક કૉલેજ-લાહોરના ગણિતશાસ્ત્રના પ્રોફેસર રજા ઉપર જવાના છે. આપ જો પરમાત્માને કહીને મને એવી જગ્યાએ ગોઠવી આપો ...

એ મારે તેમજ આપને માટે એક હર્ષનું કારણ થાય. બધી સ્કૉલરશીપનો હિસાબ મજરે કાપકુપ કરીને માત્ર ચાર રૂપીઆ આઠ આનાજ મળ્યા છે. આપ કોઈ પણ રીતે ચીંતા ન રહેશો. જેને હું ભણાવું છું તે મારાથી બહુ પ્રસન્ન રહે છે.

—સેવક તીર્થરામ.

पत्र ९१.

તા. ૧૦ જુલાઈ, ૧૮૯૩.

અહીં કાલ બહુ વરસાદ પડ્યો. અત્યારે હું કૉલેજથી ભણીને ફરતો ફરતો ઘેર આવું છું. અત્યારની વેળા બહુજ મનોહર છે. જ્યાં જ્યાં જોઉં છું ત્યાં જળ અથવા વનસ્પતિજ દૃષ્ટિએ પડે છે. શીતળ શીતળ વાયુ હૃદયને બહુ પ્રિય લાગે છે. આકાશમાં વાદળાં ઘડીમાં સૂર્યને સંતાડી દે છે તો ઘડીમાં બહાર લાવે છે........ગોલ બાગનાં વૃક્ષ ફળથી ભર્યાં પડ્યાં છે, ડાળીઓ લળી લળીને જમીનપર પહોંચી છે. એમજ લાગે છે કે જાણે દાડમ, આલુ, કેરી વગેરે પડ્યાં કે હમણાં પડશે. કબૂતર, કાગડા અને ચકલી આદિ પક્ષી હવામાં મોજ મારે છે. વૃક્ષોપર પક્ષી અત્યંત આનંદપૂર્વક ગાન કરે છે. નાના પ્રકારનાં પુષ્પ ખીલી રહ્યાં છે; એમ લાગે છે કે જાણે મારૂં આગમન જોવા માટે ચક્ષુ ઉઘાડી મારી પ્રતીક્ષા કરી રહ્યાં છે. પૃથ્વીપર હરીઆળી છાઈ રહી છે, જાણે મખમલની ચાદર બિછાવી છે. સરૂ અને સફેદ (એક પ્રકારનાં વૃક્ષ) હમણાંજ સ્નાન કરીને સૂર્યપ્રતિ ધ્યાન કરીને એક ચરણથી ઉભાં છે જાણે કે સાંધ્ય ઉપાસનામાં મગ્ન છે. આકાશનો નીલશ્વેત વર્ણ અદ્‌ભુત રમણીયતા દેખાડે છે. દેડકા વર્ષાનો હર્ષ પ્રદર્શિત કરે છે. પ્રત્યેક દિશામાંથી આનંદના ઘોષ ઉઠે છે; જાણે કે પૃથ્વી અને આકાશના વિવાહ થવાના છે! જેનાં સંતાન કાર્તિક અને માર્ગશીર્ષ સત્વગુણી માસ બનશે. અત્યારે મને આપ યાદ આવો છો. આપને આ સર્વ વસ્તુઓ દેખાડી શકતો નથી તેથી લખી મોકલું છું.

હવે હું ઘેર આવી પહોંચ્યો છું. આપનો પત્ર મળ્યો છે. અત્યંત હર્ષ થયો. પરમ દિવસે બુધવારે અમારી પરીક્ષા છે તેથી હવે હું વાંચવાના કામનો આરંભ કરૂં છું. આ કાગળ રસ્તામાં ચાલતાં ચાલતાં પેનસીલથી લખ્યો હતો અને ઘેર આવીને આ કાર્ડમાં એની નકલ કરૂં છું.

—સેવક તીર્થરામ.

पत्र ९२.

તા. ૧૧ જુલાઈ, ૧૮૯૩.

ભાઈ સુ..........જે મારી પાસે ભણતા હતા અને જેણે આ વખતે ચીફ કૉલેજમાંથી મિડલની પરીક્ષા આપી હતી પણ નાપાસ થયા હતા તેના પેપર ફરીવાર તપાસવાથી પાસ થયા છે. આ આનંદની વાત છે.

—સેવક તીર્થરામ.

पत्र ९३–कॉलेजना प्रिन्सिपालनो अकस्मात मेळाप. તા. ૧૭ જુલાઈ, ૧૮૯૩.

આજે હું નદી (રાવી) તરફ ફરવા ગયો હતો. મછવાવાળા પુલપર ફરતો હતો એટલામાં ગવર્નમેંટ કૉલેજના પ્રિન્સિપાલ (મ. બૅલ ત્યાં આવી ચડયા. સારી રીતે મળ્યા. અનેક પ્રકારની વાતચીત થઈ. મારાં ચશ્માંની બાબતમાં તેમજ હું છત્રી કેમ નથી રાખતો તે વિષે પણ વાત થઈ, કારણ કે તે વખતે વાદળાં ચડયાં હતાં ને થોડા છાંટા પણ પડતા હતા વગેરે.

પછી મને ગાડીમાં બેસાડ્યો ને ગાડી શહેર તરફ વાળી. રસ્તામાં મારા અભ્યાસ વિષે વાત થઈ, અંગ્રેજી ભાષાની કવિતાની લગભગ સોએક કડીઓ મારે મુખાગ્ર હતી તે મેં સંભળાવી. ગણિતશાસ્ત્રના સંબંધમાં કહ્યું કે હું એનાં પ્રત્યેક વિષયનાં ચાર પાંચ પુસ્તકો જરૂર વાંચું છું. વળી અંગ્રેજી સાહિત્યનાં જે પુસ્તકો હમણાં વાંચું છું તે પણ મેં તેમને

કર્યાં. તેઓ બહુ ખુશી થયા. પછી તેમણે મારાં માતપિતાના સંબંધમાં પૂછયું કે તેઓ ધનાઢ્ય છે કે નહિ? મેં જવાબ આપ્યો કે નહિ. તેમણે પૂછયું કે તમારો એમ. એ. ની પરીક્ષા આપ્યા પછી શું કરવાનો વિચાર છે? મેં જવાબ આપ્યો કે મારો પોતાનો કાંઈ વિચાર નથી. જે ઈશ્વરેચ્છા હશે તે પ્રમાણે વિચાર બાંધીશ. જો મારી કોઈ ઇચ્છા છે તો તે એવું કામ કરવાની છે કે જેમાં મારા શ્વાસોચ્છ્વાસ પરમાત્માની સેવામાં અર્પણ કરૂં. પરમાત્માની સેવા લોકોની સેવા કરવાથી બને છે. લોકોની સૌથી ઉત્તમ સેવા હું ગણિત શીખવીને કરી શકું છું. વગેરે.

આવી પેઠે એમણે પણ બહુ વાતો કરી અને કહ્યું કે હું તમારા હિતમાં બનશે તેટલો પ્રયત્ન કરીશ.

એટલામાં તેમનો બંગલો કે જે કૉલેજની પાસેજ છે ત્યાં ગાડી આવી પહોંચી. તેઓ મને જ્યાં વિદ્યાર્થીઓ વ્યાયામ કરે છે ત્યાં લઈ ગયા અને મને વ્યાયામ કરનારા વિદ્યાર્થીઓ દેખાડ્યા. ત્યારપછી મને પૂછયું કે તમે કેવી રીતે વ્યાયામ કરો છો? મેં ખાટલાની કસરત કરી સંભળાવી. તેમણે એક ખાટલો મંગાવ્યો. મેં એ ખાટલાને ૧૬૦ વાર ઉપર ઉપાડી નીચે મૂક્યો. તેમણે બીજા વિદ્યાર્થીઓને ખાટલાની કસરત કરવાનું કહ્યું. એ બધામાંથી કોઈ પણ વીસથી વધારે વાર ઉપાડી ન શક્યો. પછી તેઓ બીજા વિદ્યાર્થીઓના બીજી રીતના વ્યાયામ જોઈને સર્વને સલામ કરીને પોતાના બંગલા તરફ ગયા. મેં જરા આગળ આવીને કહ્યું કે હું આપની કૃપાનો બહુ આભારી છું. પછી મને સલામ કરીને તે પોતાના બંગલામાં પેઠા.

મહારાજજી! આ બધું આપની કૃપાનું ફળ છે. હું આવીશ ત્યારે પંડિતજી.......... પાસેથી ખબર લેતો આવીશ.

—સેવક તીર્થરામ.

પત્ર ૯૪—એક ગરીબ વિદ્યાર્થીનો સહાનુભાવ. તા. ૨૭ જુલાઈ, ૧૮૯૩.

આપનો કોઈપણ કૃપાપત્ર નથી તેનું શું કારણ? અમને આજથી કૉલેજમાં રજા પડી છે. મિશન કૉલેજમાં પણ હું આજ ગયો હતો. ત્યાંના સાહેબ બહુ માનથી મળ્યા. ત્યાં પણ આજથી રજા પડી છે. આજ હું કાયસ્થ બોર્ડિંગહાઉસમાં ગયો હતો. ત્યાં એક અત્યંત ગરીબ વિદ્યાર્થી (જે રજામાં લાહોરમાં રહેનાર છે) ને જોઈને મારા ચિત્તમાં વિચાર આવ્યો કે હું માઉન્ટ ગોમેરી જાઉં ત્યારે એ વિદ્યાર્થીને મારી ખાલી જગા ઘરમાં રાખું અને જ્યારે એક મહીના પછી પાછો આવું ત્યારે કહું કે બોર્ડિંગમાં જાય; જેથી એને બોર્ડિંગમાં મહીનાની અર્ધી ફી ન દેવી પડે, તેમ મારૂં ઘર પણ ખાલી ન પડ્યું રહે. પછી તો આપ જેમ આજ્ઞા કરશો તેમ કરીશ. આપનો ઉત્તર શનિવારની પહેલાં નહિ આવે તો હું સમજીશ કે તે વખતે મને જે વિચાર આવશે તે આપની આજ્ઞા છે અને તે પ્રમાણે કરીશ. શનિવારે મારે લાલાજી......ની સાથે જવું છે. ત્યાંથી હું જલદી આવી જવાનો પ્રયત્ન કરીશ.

—સેવક તીર્થરામ.

પત્ર ૯૫—અનાહતનાદ શ્રવણ. માઉન્ટ ગોમેરી, તા. ૪ ઓગસ્ટ, ૧૮૯૩.

મારૂં ધ્યાન નિત્ય આપના ચરણકમળમાં રહે છે. આપ દયા કરતા રહેજો......અહીં અનહત શબ્દ બહુજ સંભળાય છે, અને ધ્યાન સતગુરુજી છે. રજા પહેલાં હું જ્યારે મિશન કૉલેજના પ્રોફેસરોને મળવા ગયો હતો ત્યારે તેઓએ મને કહ્યું હતું કે આવતી સાલ એક વિદ્યાર્થીને વિજ્ઞાનની સ્કૉલરશિપ આપવાની છે. જો તમે ત્યાં પાસ થશો તો તમારો

અધિક અધિકાર છે. પરન્તુ મહારાજજી ! હું આપનો આજ્ઞાધીન છું. —સેવક

पत्र ९६

માઉંટ ગોમેરી, તા. ૧૪ ઑગસ્ટ ૧૮૯૫

આપનો એક પત્ર પરમ દિવસે મળ્યો હતો. અત્યંત આનંદદાયક નિવડ્યો. અહીંની અદ્ભુત વાત હું આપને લખું છું, કે અહીં કોઇ પણ પુરુષની પાસે ભેંસ નથી. ફક્ત ... દૂધજ વપરાય છે. જી ! આપ મારાપર સર્વ પ્રકારે ખુશ રહેશો. હું આપનો દાસ છું. મન અત્યંત અંતર્મુખ રહે છે.

—સેવક તીર્થરા

पत्र ९७–योगवासिष्टनो अभ्यास. માઉંટ ગોમેરી, તા. ૧૮ ઑગસ્ટ, ૧૮૯૫

આપનો કૃપાપત્ર આવતાં વિલંબ થયો છે, તેમ મને પણ પત્ર લખતાં વિલંબ થશે ક્ષમા કરશો. હું ઘણું ખરું યોગવાસિષ્ઠ વાંચ્યા કરું છું.

—સેવક તીર્થરા

पत्र ९८–दादाभाई नवरोजजीनुं आगमन. લાહોર, તા. ૨૫ ડિસેમ્બર, ૧૮૯૫

આપનો કોઇ પણ કૃપાપત્ર નથી. પિતાજીના સમાચાર આપે કાંઇ પણ નથી લખ્યા. ત્રણ વાગ્યાની ગાડીમાં આજ અહીં દાદાભાઇ નવરોજજી આવ્યા છે. એટલે તે ... માંથી એમનું સ્વાગત કર્યું છે કે કાંઇ વાત નહિ. કોંગ્રેસવાળાએ તો જાણે એમને ... અને વિષ્ણુની પદવી આપી છે. અનેક સોનેરી દરવાજા બનાવ્યા છે. એમની ગાડી ... હજુ સુધી પણ ફેરવ્યા કરે છે. લાખો પુરુષો તેમની સાથે ચાલે છે. તેમની ચારે તરફ ... વાજા થાય છે અને બહુ જોરથી નગારાં વાગે છે. સાધારણ લોકોના ચિત્તમાં આથી ... જોશ આવ્યું છે. એટલું જોશ કે જેની હદ નહિ ! પણ મારા ચિત્તમાં એ બધી વાતની ... પણ અસર નથી થઇ. આ અત્યંત કૃતજ્ઞ વાત છે.

—સેવક તીર્થરામ.

पत्र ९९–गुरूजीनो क्रोध अने तीर्थरामनी क्षमायाचना. તા. ૩૦ ડિસેમ્બર, ૧૮૯૫.

"ગર કુશી વર જર્મ બખશી, દસ્તો સર બર આસ્તાનં;
બન્દઃરા ફરમાં ચેઃ બાશદ, હરચેઃ ફરમાઇ બરઆનં."

અર્થઃ—આપ મારો કે ક્ષમા કરો, પણ મારાં શિર અને હાથ તો આપના ઉંબરપર છે, દાસની આજ્ઞા શું હોય ? આપ જેવી આજ્ઞા આપો તેમ વર્તન કરું.

મહારાજજી ! આપનો પત્ર મને મળ્યો તેથી અત્યંત આનંદ થયો, પણ પત્ર વાંચીને ચિત્તમાં અત્યંત ખેદ થયો, કારણ આપ સેવકપર ગુસ્સે થયા છો. આપ હવે ક્ષમા કરો, કારણ મારા જેવા અનુભવહીનથી ભૂલચૂક થઇ જાય. મનુષ્ય પડી પડીને સવાર થાય છે, અને અનેકવાર અત્યંત ડાહ્યા પણ ભૂલથાપ ખાય છે. તરીઆ ઇમ્તેહાન કરે છે. આપ અહીં ક્યારે પધારશો ? આપનો કુશળપત્ર અથવા આપ પોતે જ્યાંસુધી અહીં નહિ આવો ત્યાંસુધી મને અત્યંત ઉદ્વેગ રહેશે. મને લાગે છે કે આજકાલ આપને ખેંચ રહેતી હશે તો આપ આજ્ઞા આપો તો કાંઇ મોકલું. આપ દાસપર કોઈ પણ રીતે ગુસ્સે ન થશો. આ સાલ મેં એવું એક પણ પુસ્તક નથી ખરીદ્યું કે જે મારી વાર્ષિક પરીક્ષામાં ઉપયોગી ન હોય. પહેલાં મને ટેવ ખરાબમાં હતી; પણ હવે આપની કૃપાથી દૂર થઇ છે. ખર્ચ અલબત્ત મારે ઘણું થઇ જાય છે, પણ હું પ્રયત્ન કરું છું કે થોડું થાય. દૂધ વગેરેમાં ખર્ચ થાય છે. કોંગ્રેસનો ઉત્સવ જોવા હું એ ઉદ્દેશથી ગયો હતો કે ત્યાં બંગાળ, મદ્રાસ, મુંબઈ, મધ્ય હિંદુસ્તાન અને દક્ષિણ ઇત્યાદિ દેશના અત્યુત્તમ વક્તાઓ આવ્યા છે, એનાં વ્યાખ્યાનની પદ્ધતિ વગેરે જોઉં. દાદાભાઇ નવરોજજીના આગમન દિવસે મેં ધન્યવાદ માન્યો હતો કે લોકોને જોશમાં જોઇને હું જોશમાં નહોતો આવી ગયો અને અત્યારે પણ હું આપના ચરણને ધન્યવાદ આપું છું

એ સર્વ વ્યાખ્યાનકારોને સાંભળીને મારામાં જરાએ લેશ નહોતું આવ્યું.

-સેવક તીર્થરામ.

પત્ર ૧૦૦–ગાઉનની ચિન્તા. તા. ૧૦ જાન્યુઆરી, ૧૮૯૪.

આપના બે પત્ર મળ્યા; એક સાત જાન્યુઆરીનો, બીજો આઠનો. આપ ખર્ચની જરા પણ ચિંતા ન કરશો. કાંઈ ફીકર નહિ. પરમેશ્વર કૃપા કરશે. આપ જલદી લખશો કે હું એ ગાઉન બનાવરાવું કે કોઈની પાસેથી ઉધાર લેવાનો યત્ન કરૂં. મેં એક બે જણની પાસે માગ્યો તો તેઓએ તો ના કહી છે. આ સાલ પહેલાં તો યુનિવર્સિટી પાસેથી એક દરજી ઈજારો લેતો હતો અને તેની પાસેથી તૈયાર મળતા હતા પણ આ વખતે તેણે ઈજારો નથી લીધો. પોતાની નવી બનાવરાવવામાં વીસ રૂપીઆનો ખર્ચ થાય છે. વિશ્વવિદ્યાલયના વાર્ષિક ઉત્સવ-પર બનાવીએ તો વધારે ખર્ચ પડશે, કારણ કે એવા ઝભ્ભા બનાવનારા કારીગર લાહોરમાં ફક્ત એક કે બેથી વધારે નથી અને એ દિવસોમાં એઓને કામ પણ ઘણું હશે, તેથી શીવ-ડામણ પણ વધારે માગશે. આ વખતે મારાથી પણ વધારે ખર્ચ થઈ ગયું છે, પણ હવેથી આપ જોશો કે દૂધ વગેરેમાં મારો ખર્ચ બહુ ઓછો થશે. મારી બ્હેનની બાબતમાં મને કાલેજ ખબર પડી ગઈ હતી. મને દિલગીરી થઈ તે ન લખવુંજ ઠીક છે. હું બહુ રડ્યો છું. મારી એની સાથે ગાઢ પ્રીતિ હતી.

-સેવક તીર્થરામ

पत्र १०१–एक प्रोफेसर साहेबनुं गाउन–मफ्तमां आपवा तैयार थवुं.

તા. ૧૪ જાન્યુઆરી, ૧૮૯૪.

આજ હ........મળ્યા. કોઈ પણ વિદ્યાર્થી પાસેથી ઝભ્ભો નથી મળી શક્યો, કારણ કે ઘણાએ બનાવ્યાજ નથી અને જેણે બનાવ્યા છે તેઓ પાસે પહેલેથીજ બીજાઓએ માગી રાખ્યા છે. બની શકે તો આપ હ..........પાસેથી મંગાવી લેજો અને અહીં પધારો ત્યારે સાથે લેતા આવજો. મારા પ્રોફેસર સાહેબે કહ્યું હતું કે "ગાઉન તમે મારો લેજો, પણ એ ગાઉન વિલાયતનો છે અને એમાં અહીંના ગાઉન કરતાં થોડો ફરક છે. એ ફરક ઠીક કરવામાં ચાર પાંચ રૂપીઆનો ખર્ચ થશે, કારણ કે એમાં એક હુડ (hood) તમારે નવો બનાવવો પડશે."

-સેવક તીર્થરામ.

पत्र १०२–प्रिन्सिपालनो सहानुभाव. તા. ૫ ફેબ્રુઆરી, ૧૮૯૪.

આજ ગવર્નમેંટ કૉલેજના મોટા સાહેબને મળવા ગયો હતો. એઓએ મને એક પુસ્તક ભેટ દાખલ આપ્યું છે અને એઓ કહે છે કે "તમને ત્યાં (વિલાયત) મોકલવા માટે અમારે આકાશપાતાળ એક કરવાં પડે તોપણ ફિકર નહિ." વગેરે. હવે હું કાલ સવાર પરમહેડને એ પૂછીશ કે એ સ્કૉલરશિપ કઇ તારીખે મળશે. પૂછીને ખબર કરીશ..........

હું રાત્રિએ એક વણીની સાથે કસરત કરૂં છું.

-સેવક તીર્થરામ.

पत्र १०३–गुरुजी पासेथी मळेलो उपदेश गुरुजीप्रति. તા. ૭ ફેબ્રુઆરી, ૧૮૯૪.

આપ આપના વાસ્તવિક સ્વરૂપ પ્રતિ ધ્યાન રાખવાનો પ્રયત્ન કર્યા કરશો, સંબન્ધીઓની લેશ માત્ર પણ ચિન્તા ન કરશો. સત્સંગ, ઉત્તમ પુસ્તકો અને એકાન્તસેવનદ્વારા પોતાના સ્વરૂપમાં નિષ્ઠા થાય છે, અને પોતાના સ્વરૂપમાં નિષ્ઠા રહેવાથી સમસ્ત સંસાર રામ બની જાય છે. આપ આપના સેવકને કદિ ન ભૂલશો; સર્વદા કૃપાદૃષ્ટિ રાખ્યા કરશો.

-સેવક તીર્થરામ,

પત્ર ૧૦૪–સમયપત્રક.

તા. ૯ ફેબ્રુઆરી, ૧૮૯૭.

આપનો એક બીજો કૃપાપત્ર અત્યારે મળ્યો; અત્યંત આનંદ થયો. હું આજકાલ લગભગ સવારે પાંચ વાગે ઉઠું છું અને સાત વાગ્યા સુધી વાંચ્યા કરૂં છું. ત્યાર પછી દે વગેરે કરી સ્નાન અને કસરત કરૂં છું. ત્યારપછી પંડિતજીના ભણી જાઉં છું. રસ્તામાં વાંચે રહું છું. ત્યાં એક કલાક પછી જમ્યા બાદ તેમની સાથે ગાડીમાં બેસી કૉલેજમાં જાઉં છું. કૉલેજમાંથી ઘેર આવતી વખતે રસ્તામાં દૂધ પીઉં છું. થોડા કલાક ઘેર રહીને નદી તરફ જાઉં છું. ત્યાં લગભગ અર્ધો કલાક ફરવામાં ગાળું છું. ત્યાંથી પાછા આવતી વખતે આ શહેરની આસપાસ ચારે તરફ બાગમાં ફરૂં છું. ત્યાંથી ઘેર આવીને છત (અગાશી)પર ફરૂં છું. એટલામાં અંધારૂં થઈ જાય છે. (એ યાદ રાખશો કે હું હરતાં ફરતાં હમેશાં વાંચ્યા કરૂં છું.) અંધારૂં થાય છે એટલે કસરત કરૂં છું; અને દીવો કરી સાત વાગ્યા સુધી વાંચું છું. પછી જમવા જાઉં છું; અને પ્રે........ના ભણી જાઉં છું. ત્યાંથી આવીને દશ બાર મિનિટ વળીની કસરત કરૂં છું. પછી સુમારે સાડાદશ વાગ્યા સુધી વાંચીને સૂઈ જાઉં છું. મારા અનુભવમાં તો એ આવ્યું છે કે **જો આપણું પેટ નિરોગ હોય તો અત્યંત હર્ષ, પ્રસન્નતા, એકાગ્રતા, ઇશ્વરસ્મરણ અને અંતઃકરણની શુદ્ધિ પ્રાપ્ત થાય છે.** બુદ્ધિ **અને સ્મરણશક્તિનું બળ અત્યંત અધિક તીવ્ર થાય છે.** પહેલાં તો હું બહુજ થોડું ખાઉં છું ને બીજું એ કે હું જેટલું ખાઉં છું તે પૂરેપૂરૂં પચાવું છું.

પરમદિવસે પ્રે........ના પિતા મને બાબુ ચંદ્રનાથ મિત્રને ઘેર લઈ ગયા હતા. આજ હું એકલો બાબુ ચંદ્રનાથ મિત્ર (જેઓ યુનિવર્સિટીના સબ રજીસ્ટ્રાર છે) ના ભણી ઑફિસમાં ગયો હતો. તેઓ આદરપૂર્વક મળ્યા. તેઓ કહે છે કે એ સ્કૉલરશિપ આ વર્ષમાં આપવાની છે, અને મહીનાના ૨૫૦ રૂપિયા છે. ત્યાં (વિલાયત) જઇને હુશિઆર વિદ્યાર્થી બીજી પણ સ્કૉલરશિપ લઇ શકે છે. એપ્રિલ મહીનામાં અરજીઓ રખાશે. આ વાત હમણાં આપ કોઈ પણ માણસને જાહેર કરશો નહિ. એ વાતચીતમાં એમણે કહ્યું હતું કે ગુજરાંવાલા પ્રાંતમાં પહેલાં બ્રાહ્મણ મહાત્મા હતા, તેઓ જમ્મુ તરફ જતા આવતા હતા. તેમની એ વાત પ્રસિદ્ધ હતી કે તેઓ અનેક પ્રકારની સાચી ભવિષ્યવાણી કહી દેતા હતા. શું આજકાલ પણ કોઇ એવા મહાત્મા છે? પછી મેં આપની હકીકત બહુ સારી રીતે કહી અને જ્યારે આપ લાહોરમાં પધારશો ત્યારે દર્શન કરાવીશ એમ પણ કહ્યું.

આજકાલ રામ મેલારામનો છોકરો જે એફ. એ. માં ભણે છે તેણે મને અનેક સંદેશા મોકલ્યા કે હું એને ભણાવવાનું કબૂલ કરૂં. પણ મેં હજુ કાંઇ જવાબ નથી આપ્યો. વખત ક્યાંથી લાવું? **મુશ્કેલી તો એ છે કે જેને હું ભણાવવા માંડુ છું તેઓ મને પછી છોડતાજ નથી,** હરકોઈ બહાને મને રાખી લે છે; અગર પ્રેમ અથવા મૈત્રીથી બાંધી લે છે.

–સેવક તીર્થરામ.

પત્ર ૧૦૫–સંસારની નિઃસારતા.

સંસારનો કોઇ પણ પદાર્થ વિશ્વાસપાત્ર કે આશ્રય કરવા લાયક નથી. પરમેશ્વરની અત્યન્ત કૃપા તો એ લોકોપર છે કે જેઓ પોતાનો આશ્રય અને વિશ્વાસ કેવળ પરમાત્મામાંજ રાખે છે અને હૃદયથી સાચા સાધુ છે. એવા મહાપુરુષોના ચરણોમાં પરમેશ્વરની સમસ્ત સૃષ્ટિ સેવા અર્પે છે.

–સેવક તીર્થરામ,

पत्र १०६. તા. ૨૦ ફેબ્રુઆરી, ૧૮૯૪.

આપનો એક કૃપાપત્ર આવ્યો. અત્યંત આનંદ પ્રાપ્ત થયો. આજ અહીં બહુ તાપ પડયો છે. યુનિવર્સિટીવાળાઓએ આજથીજ સ્કૉલરશિપના સંબંધમાં જે જાહેરખબર આપી છે કે જે વિદ્યાર્થી આ સ્કૉલરશિપ મેળવવા ઇચ્છતા હોય તેઓ બે માસ પહેલાં પોતાની અરજી મોકલે. આપ કૃપાદૃષ્ટિ રાખશો. આપ પોતેજ કાગળ લખવાની ટેવ પાડશો. ધીરજ અને પ્રેમથી સૌ કામ કરશો, પણ જલદી. આપ કોઈ પણ પ્રકારે ચિન્તા ન કરશો.

—સેવક તીર્થરામ.

पत्र १०७—व्यायाम अने उपवासथी रोगनुं दूर करवुं. તા. ૨૫ ફેબ્રુઆરી, ૧૮૯૪.

મહારાજજી! હવે આપની પ્રકૃતિ કેવી છે? આપ બને તેટલો વ્યાયામનો પ્રયાસ કરશો અને એક બે દિવસ ઉપવાસ કરશો તો હું નિશ્ચય રાખું છું કે આપને નિઃસંદેહ આરોગ્ય પ્રાપ્ત થશે. મારા અનુભવમાં તો એમ આવ્યું છે કે ખાવા પીવાની દવાઓનો ઉપયોગ અમને હેરાન કરે છે. પરમેશ્વર આપને જલદી આરામ કરે. આપ આપની હકીકત પોતાને હાથેજ જલદી લખશો. આપના ચરણોમાંજ ધ્યાન છે....... —સેવક તીર્થરામ.

पत्र १०८. તા. ૨૭ ફેબ્રુઆરી, ૧૮૯૪.

.................આજ આપની કૃપાથી ડૉક્ટરનું ઘણું સારૂં સર્ટિફિકેટ મને તદ્દન મફત મળી ગયું છે. હવે આપના તરફની ખામી છે. આપ બેફિકર પુસ્તકો ખરીદશો. સાધુસેવામાં અને પુસ્તક વગેરેમાં જે ખર્ચ થાય તે લાભજ છે. આપની કુશળતા વાંચીને અત્યંત આનંદ થયો.

—સેવક તીર્થરામ.

पत्र १०९—कामनुं रहस्य. તા. ૪ માર્ચ, ૧૮૯૪.

આજ હું લાંબે વખતે આ કાગળ લખું છું. આજકાલ મને બહુ કામ રહે છે; બલ્કે આજ તો પાંચ કલાકથી પણ થોડું સૂતો છું. પ્રૉફેસરોનું કામ પણ કરવાનું છે. સર્ટિફિકેટ બહુજ સારાં મળ્યાં છે. આપ સર્વ પ્રકારે પ્રસન્ન રહેશો; કોઈ પણ પ્રકારની ચિન્તા ન રાખશો. જો આપણે કોઈ કામ કરવું હોય તો મારા વિચાર પ્રમાણે આપણા મનને આપણે જરાપણ ડોલવા ન દેવું જોઇએ. (એને અચળ, અડોળ અને નિષ્ક્રિય રાખવું.) પરન્તુ એ કામ કરવા માટે આપણી ઇન્દ્રિયોને જરા પણ સ્થિર (અક્રિય) ન થવા દેવી જોઇએ. આવી રીતે કરવાથી આપણને અવશ્યમેવ સત્વર સિદ્ધિ પ્રાપ્ત થાય છે. કૃષ્ણજીએ પણ એમજ કહ્યું છે.

—સેવક તીર્થરામ.

पत्र ११०—विशेष काममां विशेष आनंद.

મને બહુજ કામ રહે છે; પરન્તુ કામથી અત્યંત આનંદ રહે છે. એ બધી આપના ચરણની કૃપા છે. લાલા રામ* શરણદાસે એક કલાકના માસિક વીશ રૂપીઆ કરી આપ્યા છે, પરન્તુ વખત વધારે જાય છે, કારણ કે મને ભણાવવામાં વિશેષ આનંદ આવે છે.

—સેવક તીર્થરામ.

पत्र १११.

.... પાછળના દિવસોમાં મને કપડાંની બહુ ખેંચ હતી. પોણીએ મહીના સુધી

* પત્ર ૧૯૪ માં આવેલ રામ મેલારામના પુત્ર.

કપડાં નહોતાં આપ્યાં. તેથી મેં પાડોશના હરજી પાસેથી એક અંગરખું, એક બંડી અને એક મુરતાજ વેચાતાં લીધાં છે. એ રૂપીઆમાં બે પૈસા ઓછા કિંમત પડી છે. આપ આપની કુશળતાના સંબંધમાં લખશો. આપના ચરણોપ્રતિ ધ્યાન રહે છે. —સેવક તીર્થરામ.

पत्र ११२—केवल दूधपर निर्वाह. ता. ११ માર્ચ, ૧૮૯૪.

મહારાજજી! હું આજકાલ કેવળ દૂધપરજ નિર્વાહ કરૂં છું અને મારૂં મગજ બહુ સારી રીતે કામ કરે છે. શરીરમાં બળ કોઈનાથી થોડું નથી. મન પણ શુદ્ધ રહે છે. આપ પણ જો એ પ્રમાણે દૂધ વગેરેપર નિર્વાહ કરવાની ટેવ પાડો તો હું બહુ રાજી થઈશ. ખર્ચની જરાએ ફિકર ન કરશો. દૂધ પીવું એ નકામું ખર્ચ નથી. દૂધનો વિશેષ ઉપયોગ કરવાથી ખર્ચ વધતું નથી અને કદાચિત વધારે થાય તોપણ કાંઈ ફિકર નહિ. —સેવક તીર્થરામ.

पत्र ११३—सत्संग अने कुसंगनुं फळ. તા. ૧૮ માર્ચ, ૧૮૯૪.

..........સત્સંગ, ઉત્તમ ગ્રંથ અને ભજન કીર્તન (ઉપાસના) એ ત્રણે વસ્તુઓ ત્રિલોકના રાજા બનાવી દે છે, અને અમારો કુસંગ તો પરમેશ્વરને અમારાથી મુખ ફેરવનારો બનાવી દે છે; જેથી અમારા ઉપર વિવિધ પ્રકારના કષ્ટ આવી પડે છે. એકાન્તસેવન અને આપ આદિકથી પરમાત્મા સ્વત આવીને આપણો સંગ સેવે છે. —સેવક તીર્થરામ.

पत्र ११४—निर्धन अने धनिक पुरुषोनी तुलना. તા. ૧૧ એપ્રીલ, ૧૮૯૪.

મેં હમણાં એક નવી કવિતા વાંચી છે.—

"નહીં ઇલીતા દુનિયા મેં ? દૌલત સેતી જ્યાદા હ,
સુનતી ખર શુકાની હૈ જબ પૈમાના આતા હૈ."

અર્થ:—ભલી હૃદયની આબરૂ ધનિક પુરુષોના કરતાં વધારે છે. જેમ ખાલી ત્રાજવું (ખાલીથી ભરેલી) જુવાની પાન આવે છે ત્યારે સુરાઈ (એ ત્રાજવું ભરવા માટે) પોતાનું મસ્તક નમાવે છે. જાણે કે તેને પ્રણામ કરે છે —સેવક તીર્થરામ.

पत्र ११५. તા. ૨૮ એપ્રીલ, ૧૮૯૪.

[illegible] મહીનાના મિશન કોલેજના [illegible] પ્રોફેસરને સ્થાપર નિમાયેલ થયું છે. [illegible] અને એમની [illegible] જગ્યાએ કામ કરવાનું કહ્યું છે અને લખ્યું છે. મેં તે કબુલ કર્યું છે. [illegible] કાંઈ વાતચીત નથી થઈ. યુનિવર્સિટીની ઓફિસમાં મેં [illegible] અરજી મોકલી છે. પછી તો જેવી પરમાત્માની અને આપની ઇચ્છા. આપ કૃપાદ્રષ્ટિ [illegible]. —સેવક તીર્થરામ.

पत्र ११६—[illegible]. તા. ૩૦ એપ્રીલ, ૧૮૯૪.

[illegible] આપનો [illegible] કૃપાપત્ર મળ્યો. ડાકટર [illegible] મને બહુ કહ્યું છે કે હું [illegible] રહું [illegible] અને [illegible] એકાન્ત [illegible] કે જેમાંથી હું જેને તે પસંદ કરું. પણ મેં [illegible] કે [illegible] હું કરીશ. ડાકટર [illegible] છે. પણ [illegible] મારે રહે છે. [illegible] છે. [illegible]

પત્ર ૧૧૭ — તા. ૭ મે, ૧૮૯૪.

આજ હું આપની વાટ જોતો રહ્યો, પણ આપ આવ્યાજ નહિ. મહારાજજી! આપ દાસપર સર્વ પ્રકારે પ્રસન્ન રહ્યા કરશો. કોઈ પણ રીતે ગુસ્સે ન થશો. હું આપનોજ આજ્ઞાધીન છું. મારો અંગ્રેજ શિષ્ય બી. એ. માં પાસ થયો છે. —સેવક તીર્થરામ.

પત્ર ૧૧૮–નિષ્કામ કર્મ. — તા. ૧૦ મે, ૧૮૯૪.

આપનો કૃપાપત્ર મળ્યો. આ સંસારમાં કોઈ પણ પદાર્થ આપણો નથી. આપણને જો સુખ જોઈતું હોય તો સંસારનાં કામ કરતી વખતે આ શરીર વગેરેને કેવળ પરમાત્માનાં સમજીને આપણે વિચરવું જોઈએ અને કોઈની સાથે રાગદ્વેષ ન કરવો જોઈએ.

—સેવક તીર્થરામ.

પત્ર ૧૧૯–સત્વગુણી આહાર. — તા. ૨૮ મે, ૧૮૯૪.

અહીં સર્વ પ્રકારે કુશળતા છે. આપ આપની સ્થિતિ જલદી જલદી લખ્યા કરશો. અલ્પ તેમજ સત્વગુણી આહારથી ચિત્ત બહુ પ્રસન્ન રહે છે. ગરમ અને વિલંબથી પચે તેવી વસ્તુઓથી પ્રકૃતિ હંમેશાં ખરાબ રહે છે. —સેવક તીર્થરામ.

પત્ર ૧૨૦–કુસંગનું ફળ. — તા. ૨૯ મે, ૧૮૯૪.

કુસંગ જેને (ફારસીમાં) "કોહેસંગ" અર્થાત્ પથ્થરનો પર્વત કહેવો યોગ્ય છે, તે ઉન્નતિપ્રાપ્તિ ઉડનારી અમારી પાંખો ઉપર પડીને અમને હંમેશાં [illegible] બનાવી દે છે, અને જાણે કે અમને આકાશમાંથી અમારા ભારને લીધે પોતાની સાથે નીચે અને નીચે લઈ જાય છે. આપ જો ભગવદ્ગીતાના અર્થનો એક ભાગ ધીમે ધીમે વિચારપૂર્વક [illegible] વાંચો તો મને બહુ આનંદ થશે. આપ દાસપર કૃપાદૃષ્ટિ રાખશો. કોઈ પણ રીતે ગુસ્સે ન થશો.

—સેવક તીર્થરામ.

પત્ર ૧૨૧. — તા. ૨ જુન, ૧૮૯૪.

હું તો મારા નિયમ પ્રમાણે હંમેશાં પત્ર લખ્યા કરું છું. કદાચ આપને મળતાં વિલંબ થતો હશે અથવા તો મારો નોકર ટપાલમાં નાખવો ભૂલી જતો હશે. વસ્તુતઃ જગતની કોઈ પણ વસ્તુ સ્થાયી નથી. જે મનુષ્ય એ વસ્તુઓનો આશ્રય લે છે (અને પોતાના આનંદનો આધાર પરમાત્માપર નથી રાખી શકતો.) તે અવશ્ય નુકસાન વેઠે છે. સંસારના ધનાઢ્ય લોકો ખાલી અને લાંબી [illegible] પુરુષો જેવા છે. અર્થાત્ એ લોકો છે તો [illegible]; પણ પોતાને બહુ લાંબી [illegible] સમજે છે. એક ખાલી અને લાંબી [illegible] પહેરી શું સુખ મળી શકે વારુ? (અર્થાત્ કદાપિ નહિ.)........ —સેવક તીર્થરામ.

પત્ર ૧૨૨–[illegible] — તા. ૫ જુન, ૧૮૯૪.

મહારાજજી! પરમેશ્વર [illegible]

[illegible]

આસપાસ ચારપાંચ કીડીઓ ટોળે વળી છે. એ બધી મારી કલમ અને અક્ષરોની તરફ તાકી રહી છે અને માંહોમાંહે મોટી મોટી વાતો કરે છે. જેટલી વાતો મેં તેમની પાસેથી સાંભળી છે એ વિનયપૂર્વક લખું છું. (પરંતુ પહેલાં હું એટલી પ્રાર્થના કરું છું કે મારા અક્ષર એ કે બહુજ ખરાબ અને બેડોળ છે છતાં એ કીડીઓના મનથી તો ચીન દેશનાં ચિત્રોથી ઓછા મોહક નથી.) સહુથી પહેલાં જે કીડી બોલી તે બહુ અજ્ઞાન અને ભોળી હતી. એ બિચારી હજુ નાની બાળક હતી.

પહેલી કીડી કહે છેઃ–"બ્હેન ! આ કલમની કારીગરી તો જો. કાગળપર કેવાં ગોળ ગોળ, ચિત્ર પાડે છે. એનાં કાઢેલાં ચિત્રોને (અક્ષરોને) લોકો અત્યંત પ્રીતિથી પોતાની આંખોની સામે રાખે છે. (એટલે કે વાંચે છે.) જે કાગળપર એ કલમ નિશાની કરે છે તે કાગળને લોક હાથમાં લઈને ફરે છે. કાગળપર જાણે મોતી પાડે છે ! શું કારીગરી છે ! કોઈ કોઈ અક્ષરો તો આપણા અને આપણી માસીનાં છોકરાં (કીડીઓ) જેવા લાગે છે ! કેવા સુંદર છે !

"કલમ ગોયદ કિ મન શાહે જહાંનં, કલમ કશરા બદૌલત એ રસાનમ."

અર્થ—કલમ કહે છે કે હું જગતની વિધાતા છું અને લેખકને કુબેરભંડારી બનાવી દઉં છું.

"એ કલમમાં પ્રાણ નથી, પરન્તુ અમારાં જેવાં પ્રાણીઓને તો વીશ વાર ઉત્પન્ન કરી શકે છે." આટલું બોલીને પહેલી કીડી ચૂપ થઈ ગઈ.

પછી બીજી બોલી. આ કીડી પહેલી કીડી કરતાં જરા મોટી હતી અને તેના કરતાં વધારે દીર્ઘદૃષ્ટિવાળી હતી. એ કીડી બોલીઃ—

"મારી ભોળી બ્હેન ! તું જોતી નથી કે કલમ તો કેવળ નિર્જીવ વસ્તુ છે; એ તો કાંઈએ કામ કરી શકતી નથી. બે આંગળીઓ એને ચલાવે છે. જેટલી તારીફ તેં કલમની કરી તે બધી આંગળીઓનેજ ઘટે છે."

એટલામાં એ બન્નેના કરતાં મોટી અને ડાહી કીડી બોલીઃ–"તમે બન્ને હજુ અજ્ઞાન છો. આંગળીઓ તો પાતળી પાતળી દોરીઓ જેવી છે. એ શું કરી શકે ? આ મોટો હાથ એ બધાંની પાસેથી કામ લે છે."

હવે કીડીઓની મા બોલી–"આ કલમ આંગળીઓ વગેરે બધાં આ મોટા શરીરના આશ્રયથી કામ કરી રહ્યાં છે. આ બધી તારીફ ધડને ઘટે છે."

આટલું બોલીને બધી ચૂપ થઈ ગઈ. ત્યારે મેં તેમને કહ્યુંઃ—

"અરે ! મારાં અન્ય સ્વરૂપો ! આ ધડ પણ જડરૂપ છે. એને પણ એક બીજી વસ્તુનો આશ્રય છે; એટલે કે પ્રાણનો. એટલા માટે એ બધી તારીફ પ્રાણને ઘટે છે." મેં આટલું કહ્યું એટલામાં મારા ચિત્તમાં આપના તરફથી ધ્વનિ નીકળ્યો. આપનાં એ વચન મેં એ કીડીઓને કહી સંભળાવ્યાં. જેનો સાર અહીં લખું છુંઃ—

"મનુષ્યના પ્રાણથી પણ પર એક વસ્તુ છે અને તે પરમાત્મા છે. એ વસ્તુને આશ્રયે સર્વ ભૂત ચેષ્ટા કરે છે. સંસારમાં જે કાંઈ બને છે તે એની ઇચ્છાથીજ બને છે. પૂતળીઓ પૂતળીગર (જાદુગર) વિના નાચી શકતી નથી. વાંસળી વગાડનાર વિના વાગતી નથી. એજ પ્રમાણે એની આજ્ઞા વિના સંસારનાં લોક કોઈ પણ કાર્ય કરી શકતા નથી. જેવી રીતે તલવારનું કામ જો કે મારવાનું છે, પરન્તુ તેના ચલાવનાર વિના એ નથી ચાલી શકતી; એજ પ્રમાણે કોઇ પુરુષનો સ્વભાવ અત્યંત દુષ્ટ હોય, તોપણ જ્યાં સુધી તેનામાં પરમેશ્વર

પ્રેરણા ન કરે ત્યાં સુધી એ અમને દુઃખ નથી આપી શકતો. જેવી રીતે રાજાની સાથે સંધિ કરવાથી એના સર્વ અધિકારીઓ અમારા મિત્ર બની રહે છે તેવી રીતે પરમાત્માને પ્રસન્ન રાખવાથી સમસ્ત વિશ્વ અમારૂં પોતાનું થઇ જાય છે."

મહારાજજી ! આપનો કૃપાપત્ર મળ્યો હતો. અત્યંત આનંદદાયક નિવડ્યો. મહારાજજી આપ જો અહીં રહેવા ઇચ્છો તો બહુ આનંદની વાત છે. વળી આપ આપની સેવાને માટે એક નોકર રાખવા ધારતા હો તો બેશક રાખી લેશો. જ્યાં આટલું બધું ખર્ચ થાય છે ત્યાં પરમેશ્વર એક માણસનું ખર્ચ બહુ સારી રીતે આપી રહેશે. મારા તરફથી તો કાંઇ ઇન્કાર નથી. જેમ મરજીમાં આવે તેમ કરશો. મને તો કોઇના ઉપર જરાએ ગુસ્સો નથી હું તો બહુજ ખુશી રહું છું. ક્રોધમાં મનુષ્યના મુખથી અનેક વાતો નીકળે છે. છતાં એ બધી આપણે ક્ષમા કરવી જોઇએ. આપ પણ ક્ષમા કરી દેશો. આપ એનાથી ચુપીને રહેશો અને સર્વ અપરાધ ક્ષમા કરશો. ક્ષમા એ સાધુઓનું ભૂષણ છે.

આપ આજકાલ ઇચ્છારહિત થઇ ગયા છો તેથીજ આપના પિતાજી (પરમેશ્વર) આપની પાસે આવ્યા હતા. આ પત્ર કંઇ એમજ લાંબો થઇ ગયો છે તો ક્ષમા કરશો. પરમેશ્વર આપને અત્યંત આનંદ આપશે. આપનો વિનિત દાસ તીર્થરામ.

પત્ર ૧૨૩—ગીતાના અભ્યાસનો લાભ. તા. ૬ જુન, ૧૮૯૪.

આપનો કૃપાપત્ર મળ્યો. આપના ચિત્તની અવસ્થા વાંચીને અત્યંત આનંદ થયો. થોડા દહાડા પહેલાં મેં પણ ગીતાનું એકવાર વાચન કર્યું હતું. અત્યંત ઉત્તમ ગ્રંથ છે. એને સમજીને વાંચવાથી પરમેશ્વરપર એટલો વિશ્વાસ થઇ જાય છે કે જેટલો સંસારી લોકોનો પોતાના શરીરપર હોય છે.

હું આશા રાખું છું કે આ શનિવારે હું આપના ચરણોમાં હાજર થઇશ. પહેલાં તો એ કારણથી નથી આવી શકતો કે કોઇ રજા નથી, બીજું (શિષ્યવૃત્તિ) સ્કૉલરશિપ હજી સુધી નથી મળી. રૂપીઆ વિના ત્યાં જાઉં તો સૌ નિરાશ થાય, તેમ તેઓ રાજી થતાં નથી અને મને પણ રાજી કરતાં નથી. ત્રીજું એ કે સપ્ટેંબર સુધીમાં મોટી સ્કૉલરશિપના સંબંધમાં નિર્ણય થઇ જશે. એના સંબંધમાં નિર્ણય થયા વિના જવામાં એ ડર રહે છે કે કદાચિત્ અહીં મારી હાજરીની આવશ્યકતા હોય ને હું લાહોરમાં ન હોઉં.

આ સર્વ સમાગમ દૈવયોગથી પ્રાપ્ત થયો છે; મારો તો એમાં કાંઇ પણ સંબંધ નથી. પણ આપ જો આજ્ઞા આપો તો આટલાં બધાં કારણો છે છતાં પણ આપની સેવામાં હાજર થાઉં, પછી તો આપની જેવી ઇચ્છા. —સેવક તીર્થરામ.

પત્ર ૧૨૪. તા. ૮ જુન, ૧૮૯૪.

મહારાજજી ! આપનો કૃપાપત્ર આવતાં વિલંબ થયો છે. આજ લાલા રામશરણદાસને આપની અનેક વાતો કહી. તેઓ અત્યંત પ્રસન્ન થયા અને દર્શનના અભિલાષી બન્યા. મહારાજજી ! આપની અત્યંત કૃપા છે. અત્યંત હર્ષ અને આનંદ રહે છે. આશા છે કે જલ્દી દર્શન કરીશ.

"આર્જૂ દારમ કિ ખાકે આં કદમ; તૂતિ આયે ચશમ સાજમ દમબદમ."

અર્થઃ—મારી એ યાચના છે કે આપના ચરણોની રજનો હું હમેશાં મારી આંખનો

पत्र १२५–विलायतनी स्कॉलरशिपनी अप्राप्ति. ता. १० जुन, १८९४.

પરમેશ્વરની ઈચ્છા નથી જણાતી કે આ વર્ષે હું વિલાયત જાઉં. સવિસ્તર રૂબરૂ વર્ણન કરીશ.

–સેવક તીર્થરામ.

पत्र १२६. ता. १२ जुन, १८९४.

ઘણું કરીને હું બુધવારે સેવામાં હાજર થઇશ. આપની કવિતા બહુ સારી છે. લગભગ એજ વિષયની થોડી કવિતા હું નીચે લખું છુંઃ

(૧)"બગિરદે ખુદ હમેં ગરદમ ચોગરદૂં, બ્રં અજ. ખુદ ખરામીદન નદા રમ.

(૨) હરદમ અજ.નાખુન ખરાશમ સીનાએ અફકારરા, તાજ. દિલબેરૂં કુનમ ગેરે ખયાલે યારરા.

(૩) દિલકે આઇને મેં હૈ તસ્વીરે યાર; જબ જરા ગર્દન ઝુકાઇ દેખલી."

અર્થઃ—(૧) મારી ચારે તરફ આકાશની પેઠે હું ફરૂં છું. મારી બહાર હું નથી ફરતો.

(૨) મારા ચિન્તાગ્રસ્ત હૃદયને હમેશાં નખથી કોતરતો રહું કે (એટલે કે ચિન્તાને અંદરથી બહાર કાઢતો રહું) જેથી મારા સ્વરૂપના વિચારથી ભિન્ન વિચારોને હૃદયથી બહાર હાંકી કઢાડું.

(૩) અંતઃકરણના દર્પણમાં મારાં પ્રિયતમની મૂર્ત્તિ છે. જરા ગર્દન ઝુકાવી કે તરતજ જોઇ શકાય છે.

–સેવક તીર્થરામ.

पत्र १२७. ता. २५ जुन, १८९४.

અભ્યાસી અને શુદ્ધ અંતઃકરણવાળા પુરુષોનો સમાગમ એ અતિશય ઉત્તમ કર્મોનું ફળ છે.

–સેવક તીર્થરામ.

पत्र १२८. ता. ૩ જુલાઇ, ૧૮૯૪.

કાલ હું કામમાં બહુ રોકાઇ ગયો હતો, એથી રાત્રે બે વાગ્યે સૂવા પામ્યો હતો. આજ સવારે વળી કામને માટે પાંચ વાગે ઉઠીને ઉભો થયો છું. એથી કાલ પત્ર નહોતો લખી શકયો. ક્ષમા કરશો. મિશન કૉલેજના વિદ્યાર્થી બહુ રાજી રહે છે. આ બધી આપની દયા છે.

–સેવક તીર્થરામ.

पत्र १२९–एकान्तनो आनंद. ता. ૩૧ ઑગસ્ટ, ૧૮૯૪.

અહીં હું એકાન્તમાં છું અને મને એકાન્તમાં જે આનંદ આવે છે એનું વર્ણન કરવું બહુ મુશ્કેલ છે. આપ જો આપનાથી બને તેટલું છત (અગાશી) ઉપર રહેવાની ટેવ પાડશો તો આપને અત્યંત આનન્દ પ્રાપ્ત થશે, ને હું પણ એથી બહુ રાજી થઇશ. એક ટેવને દૂર કરીને બીજી ટેવ પાડવી મુશ્કેલ તો છે પણ જો અગાશી ઉપર રહેવાની ટેવ આપ પાડશો તો બહુ પ્રસન્ન રહેશો. અગાશીપર રહીને તત્ત્વવિચારનાં પુસ્તક–યોગવાસિષ્ઠ આદિ વાંચવાથી બહુ લાભ થશે. નીચે તો એ પુસ્તકોનો વિચાર થઇ શકે તેવુંજ નથી. –સેવક તીર્થરામ.

पत्र १३०. ता. २० ડિસેમ્બર, ૧૮૯૪.

બીજી કાંઇ વાત લખવા જેવી નથી. નીચેની કવિતાજ લખી નાખું છું.

(૧) આશકાં દર બેનવાઇ ખસ રવિહાં મે કુનંદ;
શાહી–એ–કોનૈન દારદ બે સરો સામાને ફિક્ર.

(૨) બદિહદે ફ્રૈક, શાહી મે કુનમ અજ ખૂબિએ તાલે;
ન જમ દારદ ને કૈયે ઇ તાલ–એ–ગરદૂં સ્વારે મન.

(૩) [illegible]

[illegible]

અર્થ—(૧) સત્ પુરુષો નિર્ધન તથા અન્ય સાધનરહિત અવસ્થામાં પણ બાદશાહી ભોગવે છે. ફોજ વિના પણ [illegible] (લોક-પરલોક)ના બાદશાહ બનાવે છે.

(૨) પ્રારબ્ધની ઉત્તમતાથી હું દુઃખમાં પણ રાજ્ય ભોગવું છું. એવું આસમાનપર સવારી [illegible] મારું પ્રારબ્ધ ન તો બાદશાહ જમશેદની પાસે કે નથી કૈખુશરો પાસે (એટલે કે [illegible] પણ એવું પ્રારબ્ધ નહીં.)

(૩) [illegible] (ત્રિભુવન [illegible] અને [illegible] છે.) અને એ [illegible] પ્રજાને [illegible] છે. —તેરા તીર્થરામ.

પત્ર ૧૬૧—ચિત્ત પ્રસન્નતાથી [illegible] છે. ૨૫ ડિસેમ્બર, ૧૮૯૮.

———[illegible] છે અને [illegible] છે. પરમાત્માપર વિશ્વાસ ન રાખીને આપણે દુઃખી થઈએ એ આપણા ચિત્તની દુર્બળતા છે. [illegible] છે. [illegible] "[illegible] !"

[illegible]

—તેરા તીર્થરામ.

પત્ર ૧૬૨. તા. ૨૯ ડિસેમ્બર, ૧૮૯૮.

[illegible] !

"[illegible]"

—તેરા તીર્થરામ.

પત્ર ૧૬૩—[illegible] તા. [illegible] ૧૮૯૯.

[illegible] —તેરા તીર્થરામ.

પત્ર ૧૬૪—[illegible] તા. ૧૬ [illegible] ૧૮૯૯.

[illegible]

पत्र १२५–विलायतनी स्कॉलरशिपनी अप्राप्ति. તા. ૧૦ જુન, ૧૮૯૪.

પરમેશ્વરની ઈચ્છા નથી જણાતી કે આ વર્ષે હું વિલાયત જાઉં. સવિસ્તર રૂબરૂ વર્ણન કરીશ.

–સેવક તીર્થરામ

पत्र १२६. તા. ૧૨ જુન, ૧૮૯૪.

પત્ર કરીને હું બુધવારે સેવામાં હાજર થઈશ. આપની કવિતા બહુ સારી છે. હાલમાં એજ વિષયની થોડી કવિતા હું નીચે લખું છું:

(૧) "બગિરદે ખુદ હમેં ગરદમ ચોગરદૂં, યાં અજ. ખુદ ખરામીદન નદા રમ.

(૨) હરદમ અજ.નાખન ખરાશમ સીનાઓ અફગારરા, તાજ. દિલબેરૂં કુનમ ગેરે ખયાલે યારરા.

(૩) દિલકે આઈને મેં હૈ તસ્વીરે યાર; જબ જરા ગર્દન ઝુકાઈ દેખલી."

અર્થ—(૧) મારી ચારે તરફ આકાશની પેઠે હું ફરૂં છું. મારી બહાર હું નથી ફરતો.

(૨) મારા ચિન્તાગ્રસ્ત હૃદયને હમેશાં નખથી કોતરતો રહું છું (એટલે કે ચિન્તાને અંદરથી બહાર કાઢતો રહું) જેથી મારા સ્વરૂપના વિચારથી ભિન્ન વિચારોને હૃદયથી બહાર કાઢી મૂકું.

(૩) અંતઃકરણના દર્પણમાં મારા પ્રિયતમની મૂર્તિ છે. જરા ગર્દન ઝુકાવી કે તરત જોઈ શકાય છે.

–સેવક તીર્થરામ.

पत्र १२७. તા. ૨૫ જુન, ૧૮૯૪.

અભ્યાસી અને શુદ્ધ અંતઃકરણવાળા પુરુષોનો સમાગમ એ અતિશય ઉત્તમ કર્મોનું ફળ છે.

–સેવક તીર્થરામ

पत्र १२८. તા. ૩ જુલાઈ, ૧૮૯૪.

કાલ હું કામમાં બહુ રોકાઈ ગયો હતો, એથી મને બે વાગે સૂવા પામ્યો હતો. આજ સવારે વળી કામને માટે પાંચ વાગે ઉઠીને ઉભો થયો છું. એથી કાલ પત્ર નહોતો લખી શક્યો. [illegible] [illegible] વિદ્યાર્થી બહુ ખુશી રહે છે. આ બધી આપની દયા છે.

–સેવક તીર્થરામ.

पत्र १२९–एकान्तनो आनंद. તા. ૩૧ [illegible], ૧૮૯૪.

અહીં હું એકાન્તમાં છું અને મને એકાન્તમાં જે આનંદ આવે છે એનું વર્ણન કરવું બહુ મુશ્કેલ છે. [illegible] [illegible] [illegible] અને તેરતું [illegible] (અગાશી) ઉપર રહેવાની ટેવ પાડે તો આપને અત્યંત આનન્દ પ્રાપ્ત થશે, ને હું પણ એથી બહુ ખુશ થઈશ. કોઈ ટેવને [illegible] કરીને બીજી ટેવ પાડવી મુશ્કેલ તો છે પણ એ અગાશી ઉપર રહેવાની ટેવ આપ પાડશો તો બહુ પ્રસન્ન રહેશો. [illegible] રહીને તત્ત્વવિચારનાં પુસ્તક–યોગવાસિષ્ઠ આદિ વાંચવાથી બહુ [illegible] થશે. નહિ તો એ પુસ્તકોનો વિચાર થઈ શકે તેમજ નથી. –સેવક તીર્થરામ.

पत्र १३०. તા. ૨૦ [illegible], ૧૮૯૪.

બીજી [illegible] [illegible] [illegible] નથી. [illegible] કવિતા લખી મોકલું છું.

(૧) [illegible]

[illegible]

(૨) [illegible]

[illegible]

(૩) હુબાબ આંશા કિયા હૈ કાર ઇસ્તંગના તમામ અપના;
રખ્ખા મહરૂમ મૈં કતરહ સે ઈસ દરયા મૈં જામ અપના;

અર્થ:—(૧) ભક્ત પુરુષો નિર્ધન તથા અન્ય સાધનરહિત અવસ્થામાં પણ બાદશાહી ભોગવે છે. દ્રવ્ય વિના પણ ભક્તિ બન્ને લોકો (લોક-પરલોક)ના બાદશાહ બનાવે છે.

(૨) પ્રારબ્ધની ઉત્તમતાથી હું કંથામાં પણ રાજ્ય ભોગવું છું. એવું આકાશપર સ્વારી કરવાવાળું મારૂં પ્રારબ્ધ ન તો બાદશાહ જમશેદની પાસે કે નથી કૈકાઉસ પાસે. (એટલે કે ઇરાન દેશના બાદશાહનું પણ એવું પ્રારબ્ધ નથી.)

(૩) પાણીના પરપોટાની પેઠે મેં મારૂં કામ પૂરૂં કર્યું છે (નિજાનન્દના સમુદ્રમાં અમે અમારા તુચ્છ અહંકારરૂપી પરપોટા ફોડી નાખ્યા છે.) અને એ આનન્દસમુદ્રમાં શરીરરૂપી પ્યાલાને અહંકારરૂપી જલબિન્દુરહિત બનાવી દીધો છે. -સેવક તીર્થરામ.

पत्र १३१–चित्त अभ्यासथी वश थाय छे. २७ સપ્ટેમ્બર, ૧૮૯૪.

..........પરમાત્મા બહુ કામગરો છે અને સર્વેપર અત્યન્ત કૃપાળુ છે. પરમાત્માપર વિશ્વાસ ન રાખીને આપણે દુઃખી થઇએ એ આપણા ચિત્તની દુષ્ટતા છે. આ ચિત્ત અભ્યાસ કરવાથી વશ થાય છે. આવે સમયે તો યોગવાસિષ્ઠ આદિ સારાં સારાં પુસ્તકો વાંચવાં જોઇએ અને સૌથી મહત્ત્વની વાત તો એ છે કે આહાર બહુજ અલ્પ કરી નાખવો જોઇએ, અથવા ઉપવાસ કરી નાખવો જોઇએ. આ ઋતુ બહુ સત્ત્વગુણી છે. આપ ત્યાં યોગવાસિષ્ઠ વાંચશો તો હું બહુ રાજી થઇશ. તુલસીદાસ લખે છે કે "દાંત ન થે તબ દૂધ દિયો, અબ દાંત ભયે કયા અન્ન ના દે હૈ ?"

ઝંડુમલની ગાગરનું બહુ ધ્યાનમાં રાખશો. આપ દાસપર હમેશાં પ્રસન્ન રહેશો.

-સેવક તીર્થરામ.

पत्र १३२. તા. ૩૦ સપ્ટેમ્બર, ૧૮૯૪.

આપનો કૃપાપત્ર મળ્યો, અત્યંત આનંદ થયો. કબીરજીનું આ વાક્ય કેવી ઉત્તમ અવસ્થા પ્રકટ કરે છે ?

"મન ઐસો નિર્મલ ભયો, જૈસો ગંગા નીર; પીછે પીછે હર ફિરે, કહત કબીર કબીર."

-સેવક તીર્થરામ.

पत्र १३३ - संसारपरथी उपरामता अने व्याकुलता. તા. ૭ ઑક્ટોબર, ૧૮૯૪.

આપનો પત્ર મળ્યાં થોડો વખત થયો. પત્ર વાંચવાથી કાંઇ તાવ આવ્યો હોય એમ લાગે છે. વાંચવું લખવું બનતું નથી તેમ બેસી પણ શકાતું નથી. જીવન અને સંસારથી ચિત્ત ઉપરામ થઈ ગયું છે. મારા તરફથી તો હું અંતઃકરણપૂર્વક યત્ન કરૂં છું કે કોઇ પણ કામ આપની ઈચ્છાવિરુદ્ધ ન થઇ જાય. તોપણ કાળની ગતિ કાંઈ ને કાંઈ કરાવી દે છે. અથવા તો મારા તરફ કોઇ ઇર્ષ્યા રાખનાર મનુષ્યે આપને કાંઇ શીખવ્યું હશે.........ચિત્તમાં અત્યંત વ્યાકુળતા છે. -સેવક તીર્થરામ.

पत्र १३४–धनसंबंधी मुश्केली. તા. ૧૩ નવેમ્બર, ૧૮૯૪.

પિતાજીનો પત્ર આવ્યો હતો. એઓ લખે છે કે નાની સ્કૉલરશિપના જે પચીશ રૂપીઆ આવનાર છે એ રાખી મૂકજે અને બીજા પાંચ પાંચ રૂપિયા ઉમેરીને પરીક્ષાની

ભરવાના વખત પહેલાં (એટલે બે પોણા બે મહીનામાં) દશ રૂપીઆ કરી લેજે. આવી રીતે ૩૫ રૂપીઆ થશે અને પંદર રૂપીઆ અમારી પાસેથી લેજે, પરીક્ષાની ફીના પચાસ રૂપીઆ પૂરા થઇ જશે. પણ વિનતિ એ છે કે પિતાજી જે નાની સ્કૉલરશિપના ૨૫ રૂપીઆ લખે છે એમાંથી સવાબાર રૂપીઆ તો એક માસની ફીના કાપી લેશે અને તાવને લીધે હું કૉલેજમાં ગેરહાજર રહ્યો હતો તેના લગભગ છ રૂપીઆ કાપી લેશે. વળી ગરમ કપડાં પણ મેં સીવડાંવ્યાં છે અને ખાવું પીવું પણ પડશે, તેથી ફી કપાયા પછી જે થોડા થોડા રૂપીઆ મળ્યા કરશે એમાંથી પાંચ પાંચ રૂપીઆ ઉમેરવા મુશ્કેલ છે.

કાલ હું ગરમ કપડાં લઇ આવ્યો છું. ડબલજીનનો પાયજામો, એક કંઠીઉં અને કાસ્મીરીનો એક કોટ લીધો છે. બધાંના પોણાઆઠ રૂપીઆ પડયા છે. પણ આ વિષયમાં પિતાજીને હમણાં હું કાંઇ નહિ લખું. માત્ર મારી સ્થિતિ દર્શાવીશ. આશા છે કે માસાજી મદદ કરશે. જે પરમાત્મા અત્યાર સુધી મદદ કરતો રહ્યો છે તે હવે પણ કરશેજ.–સેવક તીર્થરામ.

पत्र १३५–धनाढ्य पुरुषोनुं वर्तन.

તા. ૧૬ નવેમ્બર, ૧૮૯૪.

આજકાલ અહીં કોઇ ઉત્સવ થવાનો હોવાથી આ મકાનમાં કોઈ મોટા મોટા માણસો આવવાના છે. એઓને માટે મારાવાળો તેમજ વચલો ઓરડો નક્કી કરી રાખ્યા છે, અને જે ઓરડામાં લાલા હ........રહેતા હતા તેમાં મારે જવું પડયું છે. આજ એમાં સામાન લઇ આવ્યો છું. મુરારીવાળાનો એક છોકરો અહીં તારની નિશાળમાં દાખલ થવા આવ્યો છે. એ ભલો અને મારા કહેવા પ્રમાણે ચાલનારો છે. જો આપ આજ્ઞા આપો તો એને મારા મકાનમાં રહેવા દઉં, નહિ તો કહાડી મૂકું. આપ ઉત્તરની સવેળા કૃપા કરશો. અહીંના નીચેના તમામ ઓરડામાં કપાસ ભર્યો છે અને રોજ કપાસનાં ગાડાં ને ગાડાં આવે છે. એઓનો એવો વિચાર છે કે જે ઓરડામાં ઑફિસ છે ત્યાં પણ કપાસ ભરે અને ઉપર અગાશીમાં કે જ્યાં હું રહું છું ત્યાં ઑફિસ બનાવે. જોઉં છું કે મારે રહેવાનો શું બંદોબસ્ત થાય છે.

–સેવક તીર્થરામ.

पत्र १३६–मासाजीनी अमूल्य सहायता.

તા. ૨૧ નવેમ્બર, ૧૮૯૪.

માસાજીનો પત્ર આવ્યો હતો. તેઓ લખે છે કે પરીક્ષાની ફીના રૂપીઆ મારા સિવાય બીજા કોઇની પાસેથી લઇશ નહિ. પરમાત્માની પ્રશંસા કોણ કયે મુખે કરે ? ચિત્ત તો આપનું દર્શન ઇચ્છે છે; પણ હમણાં એવો પ્રસંગ કોઇ દેખાતો નથી. –સેવક તીર્થરામ.

पत्र १३७.

તા. ૭ ડિસેમ્બર, ૧૮૯૪.

આ વખતે પત્ર લખવામાં વિલંબ થવાનું કારણ એ છે કે મારી પાસે એક પણ પૈસો નહોતો. પહેલાંનાં કાર્ડ વપરાઇ ગયાં હતાં. સ્કૉલરશિપ મળવાની ઉમેદમાં કોઇની પાસેથી ઉધાર નહોતું લીધું. સ્કૉલરશિપ તો હજુ સુધી નથી મળી. આખરે આજ નિરાશ થઇને ઉધાર લઇને આ કાર્ડ લખું છું.

–સેવક તીર્થરામ.

पत्र १३८–द्रव्यनी अत्यंत खेंच.

તા. ૯ ડિસેમ્બર, ૧૮૯૪.

મારા અભિપ્રાયમાં તો પુસ્તકો ખરીદવામાં કદિ પૈસા સામે ન જોવું જોઇએ. એનો અભ્યાસ કરવાથી અમને જે લાભ મળે છે તે તરફ જોતાં પુસ્તકોની કિંમત ગમે તેટલી હોય તોપણ કાંઇ હિસાબમાં નથી. એવા પણ દિવસ હતા કે લેખ નાનાં નાનાં પુસ્તકો છપાવવામાં સેંકડો રૂપીઆનો ખર્ચ સસ્તા હતા. આજથી શ્રે આમ

જાહિરો સુધી અમને રજા પડશે. આપના અક્ષર હવે પહેલાંનાં કરતાં સારા છે. નાના લખાણનો યત્ન કરશો........સ્કૉલરશિપ હજુ સુધી નથી મળી. પહેલાંના કરતાં હમણાં પૈસાની ખેંચ છે; કારણ તો આપ જાણો છોજ. -સેવક તીર્થરામ.

પત્ર ૧૨૯-ક્રોધનું પરિણામ. તા. ૧૬ ડિસેમ્બર, ૧૮૯૪.

આજ આપનો ગુસ્સાભર્યો પત્ર મળ્યો. કોણ જાણે મારા કેવા દિવસ આવ્યા છે! મારા તરફથી તો હું અત્યંત કાળજીથી બધાં કામ કરૂં છું છતાં પણ આપ કોઈને કોઈ વાતમાં ગુસ્સે થઈ જાઓ છો. ઘણું કરીને હું ત્રીજે દિવસે પત્ર લખું છું. એમાં કોઈવાર ચોથે દહાડે પણ લખાય છે. આ વખતે કામ બહુ હોવાથી ચોથે દહાડે લખાયો છે. કાંઈ ખોટી વાત નહોતી છતાં આપ ગુસ્સે થઈ ગયા. પહેલાં પણ અનેક વાર મારો પત્ર વિલંબથી આવ્યો હશે પણ આપે ક્ષમા કર્યું છે, અને કાંઈ પણ ધ્યાન નથી દીધું. હશે, મહારાજજી! આપનું ગુસ્સે થવું એ પણ યોગ્ય છે; બલ્કે મારી અવસ્થાપર અનુગ્રહ થાય છે. આપનાં મુખારવિન્દનાં કટુવચન પણ મને તો અમૃતસમાન છે, અને આપના ક્રોધમાંથી પણ અનેક પ્રકારના લાભ મળે છે. અનેક ઉપદેશ ગ્રહણ કરૂં છું. સર્વથા હું તો આપનો આજ્ઞાધીન છું. "સરે તસ્લીમ ખમ હૈ જો સઝાજે યારમેં આએ" (આપના ચરણોમાં અમારૂં શિર પડયું છે; આપની ઇચ્છામાં આવે તેમ કરો.)

" રાજી હૈં હમ ઉસીમેં જો કુછ દિલરૂબા કરે;
ખ્વાહ વહ જફા-ઓ-જોર કરે યા વફા કરે. "

અર્થ:—અમારો પ્રિયતમ ગમે તે કરે-સત્કાર કરે કે તિરસ્કાર-પણ અમે એમાં રાજી છીએ.

" આંરા કિ બિજાએ તુસ્ત હરદમ કરમે;
ઉજ્રરા બિનેહ અર કુનદ બ ઉમરે સિતમે. "

અર્થ:—જેની તારા ઉપર હમેશાં કૃપા છે તે કદાપિ તારા સમસ્ત જીવનમાં તારો ગમે તે અપરાધ કરે તોપણ તેને ક્ષમા કરજે.

મહારાજજી, આપ એટલા બધા ગુસ્સે થયા પણ મારા હૃદયમા તો રાઈના દાણા જેટલો પણ ખરાબ વિચાર નથી, તેથી હું તો મારા ચિત્તને વ્યર્થ ચિન્તાગ્રસ્ત નહિ કરૂં. (ચિન્તાથી હું એક અક્ષર પણ વાંચી શકતો નથી.) પહેલાંની પેઠે હું આપના ચરણોમાં ચિત્તને વિશેષ પ્રસન્ન રાખું છું. હું જાણું છું કે મારા ચિત્તની નિર્દોષતા આપનાપર અસર કર્યા વિના નહિ રહે અને આપ પહેલાં કરતાં પણ મારાપર વિશેષ રાજી રહેશો.

" અદાવત સે તિફી પ્યારે જ્હર હોવે તો મૈં જાનું,
સુણે તુમ નેહર દે દેખો, અસર હોવે તો મૈં જાનું. "

અર્થ:—હે ભગવન્! આપ મારી સાથે વૈરભાવથી વર્તશો તોપણ મને કાંઈ હાનિ નથી. આપ મને વિષ દેશો તોપણ મને તેની જરાએ અસર નહિ થાય. મારાપર વિશ્વાસ ન હોય તો અજમાવી જુઓ.

જે આશયથી આપ મારાપર ગુસ્સે થયા છે એ કારણથીજ આપનું ચિત્ત આજકાલ વાચનમાં ઠીક નથી લાગતું. હું મારા અનુભવથી પ્રતિજ્ઞાપૂર્વક કહી શકું છું કે આ બન્ને બાબતનું વાસ્તવિક કારણ (ગુસ્સે થવું ને વાંચવામાં ચિત્ત ન લાગવું) આપના પેટના રોગ સિવાય બીજું કાંઈ નથી. જ્યારે પેટમાં રોગ અથવા દસ્તની કબજીઆત રહે ત્યારે ચિત્ત અશાન્ત રહે છે. વાંચી શકાતું નથી અને વ્યર્થ સંકલ્પ વિકલ્પ તથા ચિન્તા અને સંશય-

નિર્બળ મનુષ્યની મતિને ભ્રષ્ટ બનાવી દે છે. જ્યારે દસ્ત સારી રીતે ખુલાસાથી આવે અને પેટ તદ્દન નિરોગ હોય છે ત્યારે કોઈ પણ જાતનો શોક કે ચિન્તાનું આવવું તો [illegible] મંધાતુને મખમલ પડવા જેવું અસંભવિત છે.

—સેવક તીર્થરામ

પત્ર ૧૪૦ — તા. ૧૭ ડિસેમ્બર, ૧૮૯૪.

હમણાં આપનો એક પ્રેમરસભર્યો પત્ર મળ્યો; અત્યંત આનંદ થયો. ધન્ય છે પરમાત્માને કે જેણે આપને આપની પહેલાંની આનન્દમય સ્થિતિ પુનઃ દેખાડી. આ સ્થાન અત્યંત આનન્દનું છે. મારું મન પણ આપના ચરણની દયાથી આનંદમાં છે. આની અવસ્થાની આગળ [illegible] સર્વ પદાર્થ તુચ્છ છે. ખ્વાજા હાફિજ લખે છે.—

" હમે ઉમ્ર ગમ બસર બુર્દન જહાં યકસર નમે અર્જદ;
બમૈ બિફરોશ દલ્કે મા કજીં બેહતર નમે અર્જદ. "

અર્થ—અહાહા! તારા પ્રેમના વિરહમાં લીધેલો એક શ્વાસ પણ જગતના મુખ્ય કરતાં વધારે કિંમતી છે. અમારું [illegible] આ પ્રેમમદિરાના બદલામાં વેચીએ તોપણ [illegible] વિશેષ મૂલ્ય નથી.

—સેવક તીર્થરામ

પત્ર ૧૪૧—વિશેષ આહારનું પરિણામ. — તા. ૧૯ ડિસેમ્બર, ૧૮૯૪.

[illegible] નવીન પૂર્ણાનન્દ પ્રાપ્ત થાય છે, અને પરમાત્માપર વિશેષ વિશ્વાસ રાખ[illegible] કોઈ પણ વસ્તુની કમી રહેતી નથી. પણ જો નિયમ કરતાં વિશેષ ખાધું હોય તો [illegible] નથી, ને વૃત્તિ વિષયમાં તથા શોક અને ચિન્તામાં [illegible] છે. [illegible] નહિ. શેખ સાદી લખે છે.—

" [illegible] આમ [illegible], [illegible] આ નરે [illegible] બીની;
[illegible] કિમ્મતી [illegible], [illegible] બીની. "

અર્થ—[illegible] આમાં ઈશ્વરના પ્રકાશ અનુભવી શકે, [illegible] સારી રીતે નથી પહોંચી શકતો. [illegible] છે.

—સેવક તીર્થરામ.

પત્ર ૧૪૨ — તા. ૨૧ ડિસેમ્બર, ૧૮૯૪.

[illegible] એક પત્ર [illegible], આશા છે કે મળી ગયો હશે. [illegible] અને [illegible] માટે [illegible] જરૂર પડી [illegible] અનેક [illegible] હતાં. [illegible] હતા. બીજું [illegible] તેમનું [illegible] હતા. વળી બીજા અનેક [illegible] (ગ.મ.જી) [illegible] હતા, [illegible] છે.

—સેવક તીર્થરામ.

પત્ર ૧૪૩—[illegible].

તા. ૩ જાન્યુઆરી, ૧૮૯૫.

[illegible] છે. [illegible]

સાધે છે. આ બધું આપની કૃપાનું ફળ છે અને સર્વસ્વ આ આપનુંજ છે. ગમે તો
આ ઘડીઆળ આપની પાસે રાખો અથવા ગમે તો મારૂં ટાઈમપીસ આપ રાખી લ્યો.

—સેવક તીર્થરામ.

તા. ૪ જાન્યુઆરી, ૧૮૯૫.

पत्र १४४.

આપનો કૃપાપત્ર મળ્યો, અત્યંત આનંદ થયો.

" જહાં સિકંદર નમાનદહબદસ, દિલ અંદર જહાં આફરી બન્દોબસ."
(હે ભાઈ! સંસાર કોઈનો નહિ થાય, માટે ચિત્ત ઈશ્વરમાં પરોવ એટલે બસ.)........

લાલાસાહેબનો વિચાર એવો છે કે અંગ્રેજી અને ફારસી બન્ને ઑફિસ બહુ જલ્દી ઉપર
આવવી. મેં એવું સાંભળ્યું છે અને મને સૌથી ઉપર અગાશીના ઓરડામાં રહેવાનું
આપ જેમ આજ્ઞા કરશો તેમ કરીશ. આપ કહેશો તો અગાશીના ઓરડામાં રહીશ,
કે તો શહેરમાં જઈને રહું. મને તો અગાશીના ઓરડામાં રહેવામાં જરાએ હરકત નથી,
કે ખુશી છું. માત્ર પરીક્ષા સુધી રહેવું છે. વિચાર કરીને ઉત્તર લખશો. એ પણ બનવાજોગ
કે મને બીજું કોઈ પણ મકાન રહેવા આપે.

—સેવક તીર્થરામ.

તા. ૨૧ ફેબ્રુઆરી, ૧૮૯૫.

पत्र १४५.

આપનો કૃપાપત્ર મળ્યો; અત્યંત આનંદ થયો. હવે આજથી નોકર આવશે ત્યાં સુધી
રૂં ખાવાનું લાલાસાહેબને ઘેરથી આવ્યા કરશે; આજ આવ્યું હતું. એમણે પોતાની મેળે
આવી ગોઠવણ કરી છે. આપનો આ સંકલ્પ પાર પડયો છે. મારો પોતાનો તો બહુ થોડો
વિચાર હતો. આપના આવવાની ખબર વાંચી બહુ આનંદ થયો. જલ્દી પધારશો.

—સેવક તીર્થરામ.

તા. ૧૮ એપ્રિલ, ૧૮૯૫.

पत्र १४६—गुरुजीथी अभेद.

આપે જે એમ. એ. ની પરીક્ષા આપી છે એનું પરિણામ હજુ બહાર પડયું નથી.
આપના પાસ થયાની ખબર પડશે ત્યારે બહુ આનંદ થશે. એ બધું આપનુંજ કાર્ય છે.
મારે જરાએ ઉતાવળ નથી. જ્યારે આપ એ ખબર આપો ત્યારે ઠીક. —સેવક તીર્થરામ.

તા. ૯ મે, ૧૮૯૫.

पत्र १४७—एम. ए. पास थया पछी वर्ग उघाडवानो विचार.

*લાલા સાહેબ હજુ સુધી નથી આવ્યા. મેં આજ સુધી કાંઈ પણ વિચાર નથી કર્યો.
પરમેશ્વરનો રંગ જોઈને કોઈ દહાડો વર્ગ ઉઘાડીશ. કદાચ કાલ કાંઈ ભેટ મોકલું. આપ દયા
રાખ્યા કરશો.

—સેવક તીર્થરામ.

તા. ૧૦ મે, ૧૮૯૫.

पत्र १४८—गणितनो क्लास उघाडवानी जाहेरखबर.

આશા છે કે કાલ અહીંથી થોડા રૂપીઆ હાથમાં આવશે. તેજ વખતે ભેટ કરીશ.
લાલાસાહેબ હજુ નથી આવ્યા. અનેક તજવીજ કર્યા પછી ગવર્નમેંટ કૉલેજના પ્રિન્સિપાલ
સાહેબે મારી તરફથી એવી જાહેર ખબર છપાવવા મોકલી છે કે એફ. એ. કલાસના વિદ્યા-
ર્થીઓ માસિક ફી રૂ. ૧૦ અને બી. એ. કલાસવાળા પંદર રૂપીઆ આપીને મારી પાસે
ગણિત શીખે. વિદ્યાર્થીઓની સંખ્યા દશથી વધારે થશે ત્યારે કામ શરૂ થશે. આપ દાસપર
દયા રાખ્યા કરશો.

—સેવક તીર્થરામ.

\+ રામશરણદાસ અથવા એમના પિતા. * લાલા મેલારામ અથવા રામશરણદાસ.

પત્ર ૧૪૯. તા. ૧૨ મે, ૧૮૯૫.

શાસ્ત્રીઓએ નિર્વિવાદ રીતે સિદ્ધ કર્યું છે કે **સ્પર્ધા અને વિરોધ વિના વિકાસ કે પ્રગતિ થવી અસંભવિત છે.**

તમને પેલી રોબર્ટબ્રુસ અને કરોળીઆની વાતો યાદ છે કે? શું સેંકડો, અરે! હજારો નિષ્ફળ ગયેલા પ્રયત્નો પછીજ પ્રત્યેક મહાન શોધ બહાર નથી પડી? હંમેશાં પ્રાતઃકાલે રામે તમને આપેલા મંત્રનો નિયમિત અધો કલાક જપ કર્યા કરશો. જ્યારે એનો જપ કરતાં હો ત્યારે તેના રહસ્યનું તમારી નામસંજ્ઞાના ભાવાર્થમાં સુદૃઢ રૂપાંતર કર્યા કરશો. આ પ્રકારનો સદભ્યાસજ તમને એક સાચાં સંન્યાસી બનાવશે. તમારા જાડાને માટે શું ગોઠવણ થઈ તે કૃપા કરીને જલદી લખજો.

પૂર્ણપ્રેમ અને સહૃદય સદ્ભાવ સાથે તમારો સ્વાત્મા, રામસ્વામી.

પત્ર ૧૭. ૐ. શાસ્તા સ્પ્રિંગ્ઝ કેલીફોર્નિઆ, તા. ૨૧ ઑક્ટોબર, ૧૯૦૩.

અતિ ધન્ય દેવી સૂર્યાનન્દ,

તમારો ગઈ કાલનો પત્ર હમણાંજ મળ્યો. અહા! ભારતવર્ષને માટે ઉપડયાં, એ કેવા સુખી સમાચાર! હૉન્ગકૉંગમાં જો તમે ઉતરીને વા—ને મળશો તો ત્યાંના એ હિન્દી વેપારીઓ રામના અને તમારા ધર્મકાર્યના શુભ સમાચાર સાંભળીને બહુ ખુશી થશે.

જે જે સજ્જનો ઉપર તમને કાગળો આપ્યા છે તેઓ તમને દરેક સ્થળ સંબંધી સંપૂર્ણ માહિતી આપશે. તમારે તો ઉપડવાનીજ જરૂર છે. ત્યારપછી બધુંએ કામ સરળતાથી થયા કરશે; પણ એક વાત ખૂબ ધ્યાનમાં રાખજો. તમને કોઈ પણ અન્ય મતના લોકોની સાથે મળવાનો પ્રસંગ આવે તો **વિરુદ્ધ મતવાદીઓની ટીકા તરફ જરાએ લક્ષ ન આપશો.** જ્યાં જ્યાં ભક્તિની ભાવના, દૈવી પ્રેમ, દયા અથવા આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત થાય ત્યાં ત્યાંથી તેનો સ્વીકાર કરજો, અનુભવ કરજો, તેનો આસ્વાદ લેજો; **પણ કોઈની દર્ષ્યાને ગ્રહણ કરવાનો પ્રસંગ કદીએ પ્રાપ્ત થવા દેશો નહિ.** તેઓની ખામીઓ અથવા નબળાઈ તરફ ન જોશો.

કલકત્તામાં ચોક સીન્ને મળવાનું ભૂલશો નહિ. ત્યાંજ "ડૌન" (Down) પત્રના વિદ્વાન, ઉત્સાહી, પવિત્ર, નિરાભિમાની, ભક્ત અને ધર્મશીલ વેદાન્તી તંત્રીને મળવાનું ભૂલશો નહિ. એઓ એક કેળવણીખાતું અને બોર્ડિંગસ્કૂલ બહુ સારી રીતે ચલાવે છે. કલકત્તામાં તમને સંકીર્તન અને રાસલીલા જોવાનો પણ પ્રસંગ પ્રાપ્ત થશે.

માતા ભારતભૂમિ, જેવી રીતે એક વત્સલ માતા ઘણા લાંબા વર્ષના વિયોગ પછી મળતા પોતાના પુત્રને વધાવી લે છે, તેમ તમને વધાવી લેશે. હાલને માટે તો હવે પ્રણામ. રામ હમેશાં તમારી સાથેજ છે.

પત્ર ૧૮. ૐ. શિકાગો, તા. ૧૫ ફેબ્રુઆરી, ૧૯૦૪.

અતિ ધન્ય આત્મન્!

તમારા અનેક કાગળો, તાર અને બધુંએ રામને બરોબર પહોંચ્યું છે. જ્યાં એકજ સત્તા કામ કરી રહી છે, ત્યાં કોણ કોનો આભાર માનશે? રામ આનન્દથી ઉન્મત્ત બન્યો છે. અરે! રામ પોતેજ સંપૂર્ણ આનંદ છે. સર્વદા રામ સંપૂર્ણ શાન્તિ છે. રામમાંથીજ કાર્યનો પ્રવાહ વહે છે. રામ કોઈ ખાનગું કાર્ય કરતો નથી. તમે પુષ્પોદ્ધાર ગુલાબ બનો એટલે મધુર સુગંધ પોતાની મેળેજ તમારામાંથી-મારામાંથી ચારે તરફ છુટવા માંડશે.

તમે તમારા અંતઃકરણથી પોતાને હિન્દુ માનો છો? એમની ભૂલો અને વ્હેમોને પણ
તમે તમારાં પોતાનાં સમજો છો! તમારાં પોતાનાંજ તેઓ બાઇબ્હેન હોય એમ તેનાપર
વિશ્વાસ રાખો છો? તમે તમારો અમેરિકાનો જન્મ ભૂલી જઇને હિન્દુ છો એમ સમજો
છો? એવી રીતે કે રામ પોતાને હંમેશાં ધર્મચુસ્ત ક્રિશ્ચિયન સમજે છે તેમ તમે પોતાને
હિન્દુ માનો છો? એમ હશે તો તમારામાંથી અદ્ભુત કાર્ય સ્વાભાવિક રીતેજ નીકળી આવશે.

તમે કોણ છો? **પતિતોનો ઉદ્ધાર કરવા માટે નીકળી પડનાર તમે કોણ છો? તમે તમારો પોતાનોજ ઉદ્ધાર કર્યો છે?** તમે જાણો છો કે **"જે પોતાની જિંદગી ગુમાવે છે તેજ તેને બચાવે છે."** ત્યારે તમે પણ શું એક પતિત છો? તમે શું એક પતિત થઈ શકશો? ત્યારે તો ઉઠો, જાગ્રત થાઓ અને ઉદ્ધારક બનો. **પાપી બનીને પાપીની સાથે તમારી એકતા અનુભવો અને ત્યારેજ તમે તેનો ઉદ્ધાર કરી શકશો.** સર્વત્ર વિજય પ્રાપ્ત કરવાનો, પ્રેમ પ્રેમ અને પ્રેમ સિવાય અન્ય કોઈ માર્ગજ નથી.

ૐ. ૐ.

તમારા નિજાત્મારૂપે સ્વામી રામ.

પત્ર ૧૯. ૐ. મિનિએપોલીસ, અમેરિકા, તા. ૭ એપ્રિલ, ૧૯૦૪.

અતિ ધન્ય આત્મન્!

તમે ક્યાં છો? મથુરાંથી બેસતા વર્ષનો કાગળ આવ્યો. ત્યાર પછી વ્હાલાં ઉદાર માજીના તરફથી કોઇ પણ પત્ર નહોતો મળ્યો. અંતરથી પ્રવાહ છુટે છે કે શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ; સ્વર્ગનું સામ્રાજ્ય કેવળ અંતરમાંજ છે. પુસ્તકોમાં, મંદિરોમાં, મસજીદોમાં, આધ્યષ્ટાઓ અને ઋષિઓમાં સુખની શોધ કરવી વૃથા છે. દરગ્યાન તમારા અનુભવપરથી પણ તમને એમ સમજાયું હશે. જો એકવાર આ સદ્બોધ પ્રાપ્ત થાય તો પછી ગમે તેટલી કિંમત આપીને અને ગમે તેટલું નુકસાન વેઠીને એ પ્રાપ્ત થયો હોય એની જરાએ ફિકર નહિ.

એકાન્તમાં બેસીને શોક અથવા મોહને સચ્ચિદાનંદ સ્વરૂપમાં બદલી નાખો. "ગર્જતું પ્રભાત" (Thundering Dawn) જેવાં ઉત્સાહી પુસ્તકોમાંથી ઘણી પ્રેરણાઓ મળશે. ૐનું મનન કરજો અને આશાવાદી, ભિક્ષુક ન થતાં માનવજાતિને શાન્તિનાં દાતાજ થજો. પ્રિયમૂર્તિ! શાસ્ટાસ્પ્રિંગ્ઝપર ક્રિકની પાસે રામની સાથે તમારે છેવટની વાતચીત થઈ હતી તે યાદ છે? એ ઉપદેશ એક ભિક્ષુક તરીકે નહિ પણ પ્રકાશ અને પ્રેમના તતત્ સ્વામી તરીકે અપાયો હતો. જ્યારે આપણે એવી ભિક્ષાવૃત્તિમાં હોઇએ છીએ ત્યારે હૃદયના પ્રવાહમાં તુટી પડીએ છીએ. રામના "અમેરિકનોને અપીલ" એ વ્યાખ્યાનમાંથી હિંદુસ્તાનની વસ્તુસ્થિતિનું તમને પૂરેપૂરૂં દિગ્દર્શન થયું હશે. ઈચ્છા થાય તો એ વ્યાખ્યાનને ફરી એકવાર વાંચી જજો. તમારા પ્રેમધર્મના કાર્યમાંથી ઉતાવળીઆં અને ઉપરચોટીઆં પરિણામો લાવવાને માટે અધીરાં ન થશો. જીસસ ક્રાઇસ્ટનો આત્મા કહે છે કે સેવા કરવામાંજ સંતોષ માનો. સેવાધર્મ કરતાં આપણને બીજું કશુંએ પારિતોષિક; આશીર્વાદ કે વિનિમયબદલો મળેજ નહિ. લખનૌમાં 'એડવોકેટ'ના અધિપતિ બાબુ ગંગાપ્રસાદ વર્માને ન મળ્યાં હો તો તમે મળજો. ભારતવર્ષના ગરીબ હિન્દુઓના દુઃખમાં ભાગ લેવામાં વધારે આનન્દ આવે છે કે અમેરિકાની આરામની જીંદગીનાં સુખો સારાં લાગે છે? બસ એટલુંજ. હું હિન્દુસ્તાનમાં ફરી આવવાની ઈચ્છા રાખું છું. ૐ. ૐ. ૐ.

રામ એક મહીનો પોર્ટલેન્ડ ઑરેગન, એક મહીનો ડેનવરમાં, બે અઠવાડિયાં ચિકાગોમાં, અને બે અઠવાડિયાં મિનિએપોલિસમાં રહ્યા હતા. એ બધે ઠેકાણે વેદાન્તસભાઓની સ્થા-

ખન્ન થઈ છે. જુદી જુદી યુનિવર્સિટિના ગરીબ હિન્દુ વિદ્યાર્થીઓને માટે મફત સ્કૉલરશિપની યોજનાઓ કરી છે. અહીંથી રામ બર્કેલે જશે. ત્યાંથી બોસ્ટન, ન્યૂયૉર્ક, ફિલાડેલ્ફિયા અને વૉશિંગ્ટન. જુનની ૨૯, ૩૦ અને ૩૧મી તારીખે રામ સેંટલુઇસની "વર્લ્ડ્ઝ યુનિટિ લીગ"ની સભાઓમાં હાજરી આપવાનો છે. જુલાઈ મહીનામાં રામ લેઇક (સરોવર) જીનીવા જશે. ત્યાર પછી રામ લન્ડન-ઇન્ગ્લૅંડ જશે. વ્હાલાં માતા! નિરાશ ન થશો. વસ્તુઓની હંમેશાં ઉજળી બાજુ તરફ દૃષ્ટિ રાખજો. ગુલાબનું ફૂલ કાંટા વગરનું હોતુંજ નથી. આ જગતમાં અસત્ મિશ્રિતજ સત્ માલૂમ પડે છે. સંપૂર્ણ સત્ તો કેવલ પરમાત્માજ. હિન્દુસ્તાનમાં વેદાન્તનો-સત્યનો જો આચાર વ્યવહાર થતો હોત તો "અમેરિકનોને અપીલ" કરવાની જરૂરજ ન હતી. જ્યારે તમે સમષ્ટિના સૌન્દર્યની તદ્રૂપતા પામશો ત્યારેજ પ્રત્યેક સ્થળના પ્રત્યેક પરમાણુઓમાં તમને બ્રહ્મદર્શન થશે. નિરન્તરને માટે આત્મસુખ અને અન્તરનો આનંદ પાડવતો તમારા નિજાત્મારૂપે સ્વામી રામ.

પત્ર ૨૦. ૐ. વિલિયમ્સ ને, ઍરિઝોના, તા. ૮ જુલાઈ, ૧૯૦૪.

અતિ ધન્ય દિવ્ય આત્મન્!

તમારા પત્રો રામને મળ્યા, ઉપકાર થયો. રામ વસ્તુસ્થિતિને બહુ સારી રીતે સમજે છે. શાન્તિ, આનન્દ અને વિજય હમેશાં તમને પ્રાપ્ત થાઓ. સ્વાર્થ અને વાસનાની જાળને ત્યાગ કરનાર પવિત્ર આત્માને માટે કોઈ પણ જાતનાં ચિન્તા, ભય કે વિઘ્ન છેજ નહિ. હું મારી જાતને સમસ્ત વિશ્વરૂપે વિસ્તૃત કરું છું; અને મુક્તપણે વિચરું છું. ક્ષુદ્ર અહંભાવ એજ હૃદયમાં ઝેરી સર્પ છે. એને દૂર ફેંકી દેશો એટલે સમસ્ત જગત તમારા ચરણમાં પડશે. મિનિયેપોલિસથી પાછા ફર્યા પછી રામે "પ્રેક્ટીકલ વિઝ્ડમ" નામનો એક મોટો લેખ તમને છપાવવા માટે મોકલ્યો હતો. "વર્લ્ડ્ઝ યુનિટિલીગ"ની પહેલી સભા રામના પ્રમુખસ્થાને ભરાઈ હતી. "યુનિટિલીગ"નાં ભાષણ ઉપરાંત "થિયૉસૉફિકલ સોસાયટી" અને "ચર્ચ ઑફ પ્રેક્ટીકલ ક્રિશ્ચિયાનિટિ સેંટ લ્યૂઇસ" અને બીજી પણ સભાઓને ઉપદેશ અપાયા હતા. થોડા દહાડામાં રામ ચિકાગો જશે. ત્યાંથી બર્કેલે, સિટિ ડેલ અને ગ્રીનેકર મેન, અને પછી સપ્ટેમ્બર કે તે પહેલાં અમેરિકાથી ઉપડશે.

તમો સર્વને પ્રેમ, આશીર્વાદ અને શાન્તિ અર્પતો— તમારા નિજાત્મારૂપે સ્વામી રામ.

પત્ર ૨૧. ૐ ૐ ૐ. જેરસન સિટી, કૅલિફૉર્નિયા, તા. ૧ નવેમ્બર ૧૯૦૪.

અતિ ધન્ય પ્રિય દિવ્યતા,

રામે ઘણા લાંબા સમયથી તમને કાંઈ નથી લખ્યું; તેનાં કારણ નીચે પ્રમાણે છે.

(૧) રામ બહુ વ્યવસાયમાં રહે છે.

(૨) વર્તમાનપત્રો સિવાય હિંદુસ્તાનમાં બીજા કોઇને એક પણ પત્ર લખ્યો નથી.

(૩) એમ ખબર મળ્યા હતા કે તમે બહુ સારી પેઠે છો; તેથી રામને કાંઈ લખવાની આવશ્યકતા નહોતી જણાઈ.

(૪) મિનિયેપોલિસ છોડયા પછી રામને તમારો કોઈ પણ પત્ર નથી મળ્યો.

નિરન્તર તમને શાંતિ, આશીર્વાદ અને આનન્દ રહો.

તમારા અંતર્યામીના આદેશને અનુસરવાથી બીજા કોઇના આદેશનો ભંગ નહિ થાય. આપણે કોઇના દેણદાર નથી. આપણું કામ તો મધુમક્ષિકાનું હોવું જોઇએ. નિરન્તર સુખી

અને સહૃદય રહેવું એજ આપણો મુદ્રાલેખ હોવો જોઇએ.

સૌને પોતપોતાનો સ્વતંત્ર અનુભવ લેવા દેવો જોઇએ. એ બધાંને તેમના માર્ગે આગળ વધવામાં સાહાય્ય આપવાનોજ માત્ર આપણને હક્ક છે; પણ એ પ્રગતિ વાસ્તવિક ઉન્નતિનીજ હોવી જોઇએ, માત્ર નામની નહિ. જ્યારે આપણે કોઇ પુરુષને તેની અધોગતિમાં સાહાય્ય આપીએ છીએ, ત્યારે આપણે પણ તેની સાથેજ અધોગત થઇએ છીએ.

પરમ દિવસે રામ ન્યૂયૉર્ક જશે. ઘણું કરીને આઠમી ઑક્ટોબરે સ્ટીમર "પ્રિન્સેસ ઈરીન" મારફતે જિબ્રાલટરને માટે ઉપડશે. હિંદુસ્તાન આવતાં ઘણો વખત લાગી જશે; કારણ કે રસ્તામાં ઘણે સ્થળે ઉતરવાનું થશે.

સ્મરણપટમાં કોતરી રાખી, વ્યવહારમાં મૂકવાનો મુદ્રાલેખઃ-તમારા મિત્રનું તમને કાંઇ અનુચિત ભાસે, તો એ તરતજ ભૂલી જાઓ. તમને કોઈ પુરુષનું કાંઇ પણ અદ્ભુત લાગે તો તે તરતજ તેને કહો. એવા વર્તન વાળો મનુષ્યજ સર્વનાં હૃદયોમાં નિવાસ કરે છે અને અદ્ભુત કિમિયાની પેઠે તેની મુખમુદ્રા સર્વમાં સદ્‌ગુણ અને યોગ્યતા સ્થાપે છે.

અહંકારનો ત્યાગ કરીને, સ્વાર્થને દૂર ફેંકીને, દૈવીપ્રકાશમાં પરમાત્માના વિજયશ્રીરૂપે વિરાજતાં, મુક્તપ્રેમનો પ્રકાશ અને પ્રાણ પાથરતાં, અને પારિતોષિકની-ફળની ઇચ્છા વિના સેવા અર્પતાં, નિરંતરના નિર્ભય સંન્યાસીનું સૂર્યના જેવું જીવન એજ મુક્તિ અને ઉદ્ધાર છે.

સ્વર્ગના ભોગ ભોગવું છું; સ્વર્ગના આસવોનું રસપાન કરૂં છું; પરમાત્મા અંતર બહાર વિરાજમાન છે! અનન્ત સત્ એ નિરંતર આરૂંજ છે. તમારો નિજાત્મા સ્વામી રામ.

પત્ર ૨૨.

અતિ ધન્ય પ્રિય માતા!

રામ પાંચ દિવસથી મુંબઇ આવ્યો છે, અને થોડા દહાડામાં મથુરા જશે. આવનારા અને મુલાકાતોને લીધે રામને જરાએ અવકાશ નથી મળ્યો. હંમેશાંની પેઠે રામ અત્યંત સુખી છે. તમે હજુ પણ હિન્દુસ્તાનમાંજ છો એ સાંભળીને રામ બહુ ખુશી થાય છે. તમને સંપૂર્ણ સ્વાસ્થ્ય, આનંદી સ્વભાવ, નિર્ભય હૃદય, સુખી મન અને મથુરામાં મળવાની અરજ ધરાવનો-

તમારો આત્મા સ્વામી રામતીર્થ.

પત્ર ૨૩.

પુષ્કર, જિલ્લો અજમેર, ફેબ્રુઆરી, ૧૯૦૫.

આનંદ! આનંદ!! આનંદ!!!
શાન્તિ! આશીર્વાદ!! પ્રેમ!!!

અતિ પ્રિય ધન્ય આત્મન્!

એક શાંત, નિર્જન, દેવ સરોવરના તટે રામ રહે છે. સુંદર નીલવર્ણી રાતા ઓરડી, સમાકાર ટાંચી ટેકરી એક બાજુ સૂતેલી છે. અહીં કેરીઓ બહુ થાય છે. જ્યાં રામ રહે છે ત્યાં બે નાનાં ગુપ્તસ્થાન છે. સભ્ય મયૂરની ટેહુકટહુકમાંથી તેના સુંદર કંઠના ધ્વનિ આવે છે. સુંદર બતકો સરોવરમાં તરે, ઉડે ને ડુબકી મારે છે. નારાયણ સ્વામી (જે સુંદર નવયુવાન પુરુષ માટે તમને [illegible] કર્યું હતું તે) અહીં લખવા કરવામાં સાહાય્ય કરે છે. આ સરોવર અતિ રમણીય છે. [illegible] એ તેની [illegible] એ એવા પ્રકારનું [illegible] છે કે જેને કોઇ [illegible] લેઈ શકે નહિ, જેનો પાર કદી [illegible] નહિ, જેમાં દરકોઈ જાતની [illegible] સુગંધ [illegible] થાય છે અને વધુ [illegible] થાય છે.

રામે જોયેલાં બધાં સરોવરમાં આ સરોવર અદ્ભુત ચીકણું છે. એ પોતાની નિર્મળતા બહુ સારી રીતે દિપાવે છે. અનેક લહરિઓ છતાં પણ એક પણ કરચલી તેની સપાટી પર જોવામાં આવતી નથી. તે નિરંતર ધ્યાનાવસ્થામાંજ રહે છે.

એના જેવાંજ આપણાં હૃદય હોવાં જોઇએ.

ૐ ૐ ૐ

ઉન્હાળામાં રામ શીતળ હિમાલયમાં જશે.

સંધ્યાની પશ્ચિમે લાલી, પ્રકટી મોહનીભરી;
શું એ સૂર્યની કાન્તિ? ના, તારી કાન્તિ વિસ્તરી.

અથવાઃ—

લીલાં રાતાં, નવ નવીન કૈં પત્રી ફૂલી દીપે છે;
સ્વપ્ને સૂતાં, પ્રમિત પવનો શાન્ત લાગી પડે છે.
ઝૂલે-ઝૂલે, ઉછળી પડતાં મેઘ રંગે રૂપે એ;
ઊંચે ઊંચે, ગગનપટમાં, ગીત ગાતાં ફરે છે.
ગાન ઉન્માદનાં ગાતાં, મીઠા નિર્ઝર નાદ શાં;
રસ રેડિ મહીં લાગ્યો, જોતાં ધન્ય પંખીડાં.

“ ગર્જતું પ્રભાત ” (Thundering Dawn) પાછું ફરી નીકળવા માંડ્યું છે. ચાર નવા અંકો નીકળી ચૂક્યા છે. જાન્યુઆરીનો અંક ઉત્તમ રામની ફોટોથીજ શોભાવેલો છે. કમળાની કેટલીક કવિતાઓ “ કમળાનન્દ ” તખલ્લુસથી આવેલી છે.

હિંદુસ્તાનમાં આવ્યા પછી કમળાનો કોઈ પણ પત્ર નથી મળ્યો.

શાન્તિ, આશીર્વાદ અને પ્રેમ અર્પતો— તમારો નિજાત્મા સ્વામી રામ.

પત્ર ૨૪.

વ્હાલા નાના જેમ!

આનંદ, આનંદ, આનંદ અને ગિરિજાને પ્રેમ! સમય આવ્યે રામ પાસે આવવાને તારે તૈયાર થઈ રહેવું જોઇએ. જ્યારે સમય આવશે ત્યારે રામ લખશે. રામ.

પત્ર ૨૫. પુષ્કરરાજ, જિલ્લો અજમેર, ફેબ્રુઆરી, ૧૯૦૫.

વ્હાલા આત્મદેવ!

ૐ આનંદ! આનંદ! આનંદ! જય! જય! જય!

રામ હમણાં એકાન્તસેવન કરે છે. આપના દેશ તરફ આવવાનું થશે ત્યારે આપને સૂચના અપાશે.

વ્હાલા! આપે બહુ ઉન્નતિ કરી છે; આપની કલમજ તે સિદ્ધ કરે છે. શાબાશ! શાબાશ! પંડિત શ......વગેરે સર્વને ૐ આનંદ!

“ જો ખુદકો દેખતા હો તો મૈં દેખતા હૂં તુમકો;
મૈં તો દેખતા હૂં તુમકો; જો ખુદકો દેખતા હૈ! ” તમારો પોતાનો રામ.

પત્ર ૨૬. ૐ! ૐ! ૐ! પુષ્કર, તા. ૧૪ ફેબ્રુઆરી, ૧૯૦૫.

અતિ ધન્ય પ્રિય દેવીમાતા,

મુંબઈ યુનિવર્સિટિના એક નવયુવાન સુંદર યુવકે રામના કાર્ય માટે આજે પોતાનું જીવન

સમર્પ્યું. રામને તે લખવા-કરવાના કાર્યમાં સાહાય્ય આપતો રહેશે. પ્રિય પરમાત્મા એ રક્ષક કેવો ભલો છે! જે તેનાપર શ્રદ્ધા રાખીને કાર્ય કરે છે તેને તે કદી છેતરતું-છેતરતો નથી.

નારાયણ સ્વામીને સત્વર વ્યાખ્યાન આપવા મોકલી દેવામાં આવશે.

બહારનાં મોટાં સ્થળોમાં કાર્ય કરવું એના જેટલુંજ ખુણાખોચરામાં એટલે નાની જગ્યાએ કામ કરવું ઉત્તમ છે. ઘડીમાં કે કોશમાં ગરેડી બળદના જેટલીજ ઉપયોગી છે. જો ગરેડી ન હોય તો એ બધો કોશજ અટકી પડે. અરે, એ ગરેડીમાં લાગેલો દરેક ખીલો પણ એટલોજ મહત્ત્વના ઉપયોગનો છે. બાળકો આવી દેખીતી ચીજોનેજ ઉપયોગી સમજે તેથી શું? ઇશ્વરની દૃષ્ટિમાં તો પ્રેમાર્પણથી કરેલું નાનામાં નાનું કાર્ય પણ એટલુંજ અદ્ભુત અને મહત્ત્વનું છે. ભવ્ય સૂર્યની પાસે નાનું ઝાકળકણ નજીવું લાગે છે, પણ નિરીક્ષકની દૃષ્ટિમાં તો જણાઇ આવે છે કે આ નાનું બિન્દુ પણ એ સૂર્યનો પ્રકાશનો પડછાયો ઝીલે છે; માટે મારી વ્હાલી માતા! અજાણ્યા પ્રદેશમાં ખુણાખોચરે કરેલું, નામકીર્તિના લોભ વિના કરેલું-ગુપ્ત શાંત કાર્ય પણ સમસ્ત માનવજાતિને આકર્ષે એવાં પ્રસિદ્ધ કાર્યના જેટલુંજ ઉપયોગી અને ઉદાર છે. જે થોડું કામ હું કરતો હતો તેમાં હું નાહિંમત થતો હતો; પણ "જેઓ શાંત રહી, પ્રકાશની રાહ જુએ છે, તેઓ પણ સેવાજ બજાવે છે."

માતા પોતાના નાના બાળકને બાળોતિયાં વિંટાળી વિંટાળીને ઉછેરે છે, અને જ્યારે સમય આવે છે ત્યારે પાઠશાળાઓના પ્રૉફેસરોને સોંપે છે. પ્રૉફેસર એ યુવાન બાળકને ડહાપણ આપે છે અને તે વખતે માનો પાલવ પ્રૉફેસરની પદવી જેવો મૂલ્યવાન કે યશદાતા નથી હોતો; છતાં પણ માનું કાર્ય પ્રૉફેસરના કરતાં વધારે મધુર અને અગત્યનું છે. પ્રૉફેસરની ઓરડી અને ડહાપણ બાલ્યાવસ્થામાંના માતાના ખોળા અને હાલરડાંની તુલના કરી શકે નહિ.

વેદાન્તની દૃષ્ટિમાં તો એક મજુરનું સાધારણ કામ તે ક્રાઇસ્ટ અથવા કૃષ્ણના કાર્ય જેટલુંજ આવશ્યક અને ધાર્મિક છે. જ્યારે આપણે ખુરશીનો એક પાયો ખસેડીએ ત્યારે તેમ કરતાં શું આખી ખુરશી નથી ખસતી? એવીજ રીતે જ્યારે આપણે એક જીવને ઉદ્ધારીએ છીએ ત્યારે તેની દ્વારા આખી દુનિયાને ઉદ્ધારીએ છીએ. મનુષ્યનું સંગીનપણું એવું મક્કમ છે.

પોતાને કરવાનાં કાર્યમાંજ દત્તચિત્ત રહીને, પ્રભુનાં બીજાં કાર્ય તરફ ઉપેક્ષા બુદ્ધિ રાખીને, પોતપોતાનાંજ ક્ષેત્રમાં, પોતાની સઘળી શક્તિઓનો સંપૂર્ણ વ્યય કરનાર મહત્ જીવન પ્રાપ્ત કરી શકે છે.

ધ્વનિ આકાશના ઉડયા, સદ્યના શુદ્ધિના ભર્યા;
તારા શબ્દ સભા, મારા અન્તરે પડઘા પડયા.

આત્મનિષ્ઠા પ્રાપ્ત કરો. પોતાના આત્માને ઓળખે છે તેનાં દુઃખ નિવૃત્ત થાય છે એમ જાણજો. ૐ.

આનંદ! આનંદ! ૐ શાન્તિ! આશીર્વાદ! પ્રેમ! રામ.

પત્ર ૨૭. પુષ્કર, જિલ્લો અજમેર, તા. ૨૨ ફેબ્રુઆરી, ૧૯૦૫.

ૐ! શાન્તિઃ! આશીર્વાદ! પ્રેમ! આનન્દ!

અતિ ધન્ય દિવ્ય માતા,

તમારો પવિત્ર અને સ્વર્ગીય પત્ર મળ્યો. સુભાગી સૂર્યાનન્દને છે એવો શરીરપર સુન્દર હોવો એ ખરેખર ઇશ્વર સાથેનો આશ્ચર્યકારક યોગ અને પ્રેમ સાથેનું અદ્ભુત

દર્શાવે છે. (હું જરા માંદો પડી ગયો હતો અને પ્રેમની દૈવીશક્તિથી સાજો છું.) ૐ.

આનંદ ! જય ! જય !

તમે મોકલેલી કવિતા બહુ સારી હતી.

પોતાનાં અદ્ભુત આશ્ચર્યો બજાવવા ઈશ્વર બહુ ગહન રૂપમાં ઘૂમે છે; સમુદ્રમાં પગલાં છે અને વાવાઝોડા પર તે સ્વારી કરે છે.

અદ્ભુત કલાવિધાનવાળી અગોચર ખાણોમાં ઊંડે ને ઊંડે એ પોતાની ઉજ્જ્વલ યોજનાનો ભંડાર ભરે છે અને પોતાની સર્વોપરી સત્તાનુસાર કાર્ય કરે છે.

ઓ બાયલા મનુષ્યો ! પૂર્ણ ધૈર્ય ધરો; એટલે શિરપર ઝઝૂમતાં જે વાદળાંથી તમે ડરો છો એ બધાં તમારાપરજ દયા અને આશીર્વાદનો વરસાદ વરસાવશે.

વિકરાળ વિશ્વભર્ત્તાની પાછળ એનું સ્મિતભર મુખારવિંદ છે, કળીઓનો કદાપિ કડવો વાદ હોય પણ પુષ્પ તો સુગંધી ભર્યુંજ હોય.

હા; બાબુ જ્યોતિસ્વરૂપ* ખરેખર અતિ ધન્ય, ભલમનસાઈનો ઈશ્વરી અવતાર છે; એ બહુ માયાળુ છે. તમારા નિજાત્મારૂપે સ્વામી રામતીર્થ.

પત્ર ૨૮. પુષ્કર, જિલ્લો અજમેર, ફેબ્રુઆરી, ૧૯૦૫.

આનંદ ! આનંદ ! ૐ શાન્તિ !

ધન્ય દેવી માતા,

તમે જ્યાં રામની સાથે બેઠાં હતાં, એ છાપરાપર રામ સૂતો હતો.

બીજા બધા પત્રોની સાથે તમારો પત્ર લાવીને જ્યાં સુધી રામના હાથમાં મૂકવામાં નહોતો આવ્યો ત્યાં સુધી વદન અસાવધ, દિવ્ય ચેતનસત્તામાં રામ સમાધિસ્થ હતો.

પત્ર ઉઘાડતાં પહેલાં એક મોટું, જોરદાર, સહૃદય અને સુખ ભર્યું હાસ્ય તમારા ધન્ય સ્વરૂપને મોકલાયું હતું. ૐ શાન્તિ ! શાન્તિ ! શાન્તિ ! શાન્તિ !

પ્રિયતમ માતા, તમારો મધુર પત્ર વાંચ્યા પછી રામ તમને એક એથી પણ વિશેષ આનન્દભર્યું હાસ્ય પાઠવે છે.

માતા તમે હંમેશાં વાજબીજ છો; અને રામ તમારા પવિત્ર, સુંદર, કોમળ, નમ્ર સ્વભાવને પુરેપુરી રીતે સમજે છે. ગદ્ય કે થોડું પદ્ય, જેમ ઈશ્વર લખાવે તેમ, રામ વિવિધ વિષય પરત્વે લખ્યા કરે છે.

લખનૌ અને તેના આસપાસના પ્રદેશોમાં સ્ત્રીકેળવણી સત્વર ફેલાવવાના ઉદ્દેશથી બાબુ ગંગાપ્રસાદ વર્મા હિંદુસ્તાનના બીજા પ્રદેશોમાં કન્યાશાળાઓ અને સ્ત્રીકેળવણીની સંસ્થાઓ નિહાળવા માટે જનાર હતા. ગવર્નમેંટ તરફથીજ તેમને આ કાર્ય સુપ્રત કરવામાં આવ્યું હતું. આ કારણને લીધેજ માર્ચ પહેલાં એઓથી રામને મળવા નથી આવી શક્યા. ઘણું કરીને રામ ઉનાળામાં આ પ્રદેશમાં નહિ રહે. રામને કાશ્મીર ગમે છે અને ત્યાં તમારો, અને અન્ય મિત્રોનો સહવાસ એને બહુ આનંદદાયક થઈ પડશે. રામ કાશ્મીર જશે તો ત્યાંના પણ ભૂખ્યા-તરસ્યા જીવોને રામનો સત્સંગ તૃપ્ત કરશે; પરન્તુ દિવ્ય માતા, સત્ય અને મનુષ્યત્વની યજ્ઞવેદીમાં હૃદય, મન, શરીર અને સર્વસ્વનો સતત હોમ કરવો એજ મનુષ્યને માટે

* દેહરાદૂનના એક વકીલ સદ્ગૃહસ્થ.

સમાર્જુ. રામને તે ઉખવા-ફરવાના કાર્યમાં સાહાય્ય આપતો રહેશે. પ્રિય પરમાત્મા એ રેફ્ર કેવો ભલો છે! જે તેનાપર શ્રદ્ધા રાખીને કાર્ય કરે છે તેને તે કદી છેતરતું-છેતરતો નથી.

નારાયણ સ્વામીને સત્વર વ્યાખ્યાન આપવા મોકલી દેવામાં આવશે.

મહારનાં મોટાં સ્થળોમાં કાર્ય કરવું એના જેટલુંજ ખુણાખોચરામાં એટલે નાની જગ્યાએ કામ કરવું ઉત્તમ છે. ચક્કીમાં કે કોશમાં ગરેડી બજાવના જેટલીજ ઉપયોગી છે. એ ગરેડી ન હોય તો એ ભરો કોશજ અટકી પડે. અરે, એ ગરેડીમાં લાગેલો દરેક ખીલો પણ એટલાજ મહત્ત્વના ઉપયોગનો છે. બાળકો આવી દેખીતી ચીજોનેજ ઉપયોગી સમજે તેથી શું? ઇશ્વરની દૃષ્ટિમાં તો પ્રેમાર્પણથી કરેલું નાનામાં નાનું કાર્ય પણ એટલુંજ આખુન અને મહત્ત્વનું છે. ભવ્ય સૂર્યની પાસે નાનું ઝાકળકણ નજીવું લાગે છે, પણ નિરીક્ષકની દૃષ્ટિમાં તો જણાઇ આવે છે કે આ નાનું બિન્દુ પણ એ સૂર્યનો પ્રકાશનો પડછાયો ઝીલે છે; માટે મારી વ્હાલી માતા! અજાણ્યા પ્રદેશમાં ખુણાખોચરે કરેલું, નામકીર્તિના ફેલાવ વિના કરેલું-ગુપ્ત શાંત કાર્ય પણ સમસ્ત માનવજાતિને આકર્ષે એવાં પ્રસિદ્ધ કાર્યના જેટલુંજ ઉપયોગી અને ઉદાર છે. જે થોડું કામ હું કરતો હતો તેમાં હું 'નાહિંમત થતો નથી; પણ "જેઓ શાંત રહી, પ્રકાશની રાહ જુએ છે, તેઓ પણ સેવાજ બજાવે છે."

માતા પોતાના નાના બાળકને બાળોતિયાં વિંટાળી વિંટાળીને ઉછેરે છે, અને જ્યારે વખત આવે છે ત્યારે પાઠશાળાઓના પ્રોફેસરોને સોંપે છે. પ્રોફેસર એ યુવાન બાળકને જ્ઞાન આપે છે અને તે વખતે માનો પાલવ પ્રોફેસરની પદવી જેવો મૂલ્યવાન કે યશસ્વી નથી હોતો; છતાં પણ માનું કાર્ય પ્રોફેસરના કરતાં વધારે મધુર અને અગત્યનું છે. પ્રોફેસરની ઓરડી અને ભાષણો બાલ્યાવસ્થામાંના માતાના ખોળા અને હાલરડાંની તુલના કરી શકે નહિ.

વેદાન્તની દૃષ્ટિમાં તો એક મજુરનું વાધરણ કામ તે ક્રાઇસ્ટ અથવા કૃષ્ણના કાર્ય જેટલુંજ આવશ્યક અને ધાર્મિક છે. જ્યારે આપણે ખુરશીનો એક પાયો બનાવીએ ત્યારે તેમ કરતાં શું આખી ખુરશી નથી બનતી? એવીજ રીતે જ્યારે આપણે એક જીવને ઉદ્ધારીએ છીએ ત્યારે તેની દ્વારા આખી દુનિયાને ઉદ્ધારીએ છીએ. મનુષ્યનું સંગીનપણું એનું મહત્ત્વ છે.

પોતાને કરવાના કાર્યમાંજ તલ્લીન રહીને, પ્રભુનાં બીજાં કાર્ય તરફ ઉપેક્ષા બુદ્ધિ રાખીને, પોતપોતાનાજ ક્ષેત્રમાં, પોતાની સઘળી શક્તિઓનો સંપૂર્ણ વ્યય કરનારજ મહાન્ જીવન પ્રાપ્ત કરી શકે છે.

નહિ [illegible] ફૂલ, [illegible] ગુલ્હિના ભલી;

[illegible] વાંચ, મત [illegible] પડવા પડવા.

આત્મનિષ્ઠ બને છે. પોતાના આત્માને ઓળખે છે તેનાં દુઃખ નિવૃત્ત થાય છે એમ જાણજો. ૐ

આનંદ! આનંદ! ૐ શાન્તિ! આશીર્વાદ! પ્રેમ! રામ

પત્ર ૬૭. પુષ્કર, જિલ્લા અજમેર, તા. ૨૨ ફેબ્રુઆરી, ૧૯૦૫.

ૐ! શાન્તિ! આશીર્વાદ! પ્રેમ! આનન્દ!

[illegible]

[illegible]

શાન્તિનો વર્ષાદ વરસે છે; વર્ષાકાલરૂપે અમૃત વરસે છે; રામનું અંતઃકરણ શાન્તિથી ભરપૂર છે; આંખમાંથી આનંદની ધારા છૂટે છે.

રામ સુખી-નિરન્તર સુખી છે; વ્હાલી માતા! તમે પણ તેમજ છો! શાન્તિ! આનંદ!! પ્રેમ! આનંદ! આનંદ! ૐ! ૐ! તમારાં વિદ્યાર્થીઓ, મિસ્ટર અને મિસિસ જ્યોતિસ્વરૂપને પ્રેમ અને આશીર્વાદ મોકલતો-

તમારો નિજાત્મા રામ.

પત્ર ૨૨.

માઉન્ટ એવરેસ્ટની સામે હિમાલય, તા. ૨૮ જુન, ૧૯૦૫.

પ્યારા પૂ—

ૐ આનંદ! ૐ આનંદ!! ૐ આનંદ!!!

તમારો પત્ર આવ્યો. વ્હાલા! સંસારમાં બે પ્રકારનાં મનુષ્ય હોય છે. એક તો એવાં કે જેઓ પોતાનું ચિત્ત હંમેશાં ચિંતાગ્રસ્ત રાખે છે. સંતોષ નહિ, આત્મસ્ફૂર્તિ નહિ કે પોતાની આત્મપ્રસન્ન પ્રવૃત્તિથી કરી સહાનુભૂતિ પણ નહિ. કોઇ અતિ મહાન પદવી મળે તો પણ ચિત્ત અશાંતજ રાખે છે. તેઓ આ વાતનું ધ્યાન નથી રાખતા કે જ્યારે ઉદરપૂર્ણ ભોજન મને પ્રાપ્ત થાય છે, તો હવે હું શાન્તિપૂર્વક સત્સંગ અને ભજનમાં થોડો સમય વ્યતીત કરૂં; પરંતુ માથાપર એવાજ ભૂતને સવાર રાખે છે કે લોભાત્રો વિશેષ કેમ કમાય છે? હું પછાત શા માટે રહી જાઉં? આવા પ્રકારનું અનુકરણ કરનારાં મનુષ્યો સંસારમાં અનેક છે. એ લોક આધ્યાત્મિક ધનમાં ગરીબ છે. તેઓ તુચ્છ બુદ્ધિવાળા છે. આવા પુરુષો ઉન્નતિ નથી કરી શકતા. અન્ય પ્રકારના લોક સંસારમાં એવા હોય છે કે જેઓ પ્રાપ્ત કર્તવ્યોને સ્વસ્થચિત્તથી પૂર્ણ કરે છે અને કર્મને ઇશ્વરાર્પણ અથવા પોતાની ફરજ (ધર્મ) સમજીને કરે છે. પગાર કે ઇનામની દૃષ્ટિથી નથી કરતા. કિન્તુ ખુદ કામમાંજ આનંદ પામે છે. કામ ગમે તેવું હોય તોપણ તે કામમાં પ્રવીણ થવું અને ઉત્તમ કરી દેખાડવું એજ એમનું લક્ષ્ય હોય છે. આવા શુદ્ધચિત્ત પુરુષોનું વિક્ષેપ પહોંચાડવાનું કામ નથી હોતું. આવા પુરુષોની સંખ્યા બહુ થોડી છે; પરન્તુ પરમેશ્વર એવા પુરુષોનેજ ઉન્નતિ આપે છે, આજકાલ ભારતવર્ષમાં ને પહેલા પ્રકારના લોક જ પાછળ રહી જાય છે..................——————કામને સ્વસ્થચિત્તથી કરો. લડકપણની વાતો ન સાંભળો. સત્સંગ અને ભજનમાં ધ્યાન આપો.

— — — — — — — — — — —નોકરી કરતાં કરતાં સમય મળે તે વાંચવા લખવામાં અને શાસ્ત્રોના ...ાસ અને વિચારમાં વ્યતીત કરો. — — — — કોઇ પુસ્તક એકવાર વાંચવાથી ...સમજાય તો બીજીવાર વાંચવાથી સમજાશે; તેમ પણ ન સમજાય તો ત્રીજીવાર વાંચો. ...મેળેજ બધો ખુલાસો થઈ જશે. તમે તે વિદ્યા પ્રાપ્ત કરવામાં વ્યગ્ર થાઓ; અંગ્રેજી ...એને ગૂઢમાં નાખે. જે ડીગ્રીઓ તો કોલેજના દેખાડવાના દાંત છે; ખાવાના નહિ. પ્રેમ ...વિદ્યા કરી અર્થ નથી આવી. વિદ્યા યથાર્થ રીતે; સાંસારિક પદવીઓને માટે નહિ. ...માં વાસ્તવિક રીતે એ બહારની પદવી (ડીગ્રી) આપણે ઉપયોગી નથી. ...લોક પોતાની વિદ્યા વધારતા જાય છે તેની સ્વતઃ ઉન્નતિ થતી જાય છે, અને જેઓ ...ની પ્રજા પ્રજા હેરાન કરે છે તેમની નથી તો શક્તિ (યોગ્યતા-પાત્રતા) વધતી, ...થી ઉન્નતિ થતી. એણે અહીં કંઇ પણ નથી કર્યું, તે લંડન કે અમેરિકામાં કંઇ પણ ... જેઓ કુશળ છે તેઓ ઘેર બેઠાં લંડન અને અમેરિકાવાળાઓ કરતાં આગળ વધી જાય

તમારી ભવિષ્યવાણી સાચી નીવડી છે. અહીંથી કઈ દિશામાં જશે એનો જ્યારે સમય આવે ત્યારે નિર્ણય કરવાનું રામ પરમસત્તા (સૂર્યનો પણ સૂર્ય) ના હાથમાં મૂકી દે છે. અજમેર ટાઉનહોલમાં બે વ્યાખ્યાન અપાયાં હતાં. જયપુરના ટાઉનહોલમાં પણ વ્યાખ્યાન માટે લોકો ગોઠવણ કરી રહ્યા છે. પૂરણ પુષ્કર આવેલ છે; અને રામની સાથે પર્વતોમાં બે ત્રણ દિવસ ભમવાનો આનંદ અનુભવી ચૂકયો છે. અસંખ્ય લોકો રામને મળવા આવે છે માટે એ બંધ કરવું પડશે. પરમાત્મા અને હું, દિન બધો આપણે સાથેજ વિચરવું; પ્રેમની નિરન્તર પિપાસુ રાત્રિએ આપણે સાથેજ શયન કરીશું ને પ્રાતઃકાળે વ્હેલાં જાગ્રત થઈ, ચરણ જ્યાં દોરી જશે ત્યાં ચાલ્યા જઈશું; એકાન્ત સ્થળ કે લોકોના સમુદાયમાં, ગમે ત્યાં આપણને સૌ સમાનજ છે; આપણો કદી પ્રવાસનો અંત આવશેજ નહિ; તેમજ એ પ્રવાસના અંતનો વિચાર માત્ર પણ કરીશું નહિ. શું પ્રત્યેક સ્થિતિનો-પદાર્થ માત્રનો-અંત આપણી સાથેજ-આપણા પોતાનામાંજ-નથી ?

ૐ ! ૐ ! ૐ !

રામ બહુ જલદી હવે પત્રો ન મળે ત્યાં-અરણ્યોમાં, ગિરિશૃંગોમાં, પરમાત્મામાં, તમારામાં-ચાલ્યો જશે. કશુંયે કહેવાય નહિ કે તમને ક્યારે લખે— તમારો નિજાત્મા રામ.

શાન્તિ, આશીર્વાદ અને પ્રેમ નિરન્તર તમને આવી મળે !

પત્ર ૩૨. હરદ્વાર, શુક્રવાર, સાયંકાળ.

અતિ ધન્ય પ્રિયમાતા,

તમારી ભવિષ્ય વાણી સાચી નીવડે છે; કારણ કે રામ દેહરાદૂન છે અને એની દિવ્ય માતા પાસે આવે છે; છતાં લોકોએ અત્યંત પ્રેમને લીધે માર્ગમાં અનેક સ્થળે રામને ઉતાર્યો હતો. અલ્વર, મુરાદાબાદ, અજમેર અને જયપુરમાં વ્યાખ્યાનો અપાયાં હતાં. આપણા પ્રિય ધન્ય બાબૂ જ્યોતિસ્વરૂપથી જુદા પડીને રામ હરદ્વારમાં રોકાઈ ગયો છે. અહીંના લોકોને રામના આવ્યાની ખબર પડી છે અને તેથી બહુ પ્રેમપૂર્વક અહીં વધારે સમય રોકાવાની વિનતિ કરે છે. યુવાન સાધુઓ અને અન્ય લોકો જે રામની પાસેથી કાંઇ પણ ઉપદેશ મળે એની વાટ જોતા બેસી રહ્યા છે, અને એઓને સુધારવાની જે આ ઉત્તમ તક પ્રાપ્ત થઇ છે એને ગુમાવવાનું રામ ઉચિત નથી સમજતો. માતા, સાધુઓનું કામકાજ તે જ્યારે આપણે મથુરામાં મળ્યાં હતાં, ને વાતચીત થઈ હતી, તેવાજ પ્રકારનું છે. અનેક સારા સાધુઓ રામના શિક્ષણનો લાભ લઇ રહ્યા છે.

આજે રામ ગંગાના સામા તટપર ચંડીના મંદિરનાં દર્શન કરવા ગયો હતો, એ મંદિર એક સુંદર શૃંગપર આવેલું છે. નદીના એ કિનારાપરનું જંગલ બહુ અગોચર છે, અને દૃશ્ય બહુ મનોહર છે. અનેક ધારા અને પ્રવાહમાં વ્હેંચાઈ જતો ગંગાનો પ્રવાહ બહુ રમણીય લાગે છે. ચંડીના મંદિરમાંથી હિમાલયનાં હિમશૃંગ સુવર્ણમય-હીરાજડિત દેખાય છે.

પ્રિય ગણ !

નથી સ્તુતિ કે નથી નિન્દા; નથી મિત્રો કે નથી શત્રુઓ; નથી પ્રેમીઓ કે નથી ધિક્કારપાત્રો; નથી શરીર કે નથી શરીરનાં સંબંધીઓ; નથી ગૃહ કે અપરિચિત ભૂમિ; નહિ, આ જગતનું કશુંએ અગત્યનું નથી. પરમાત્માજ છે-પરમાત્માંજ સત્ય છે-પરમાત્માજ સત્ય છે. બધુંએ ચાલ્યું જવા દો; પરમાત્મા સર્વસ્વ છે; વર્ષાબિન્દુઓની પેઠે અનન્ત

શાન્તિનો પ્રવાહ વહે છે; વર્ષાઋતુરૂપે અમૃત વરસે છે; રામનું અંતઃકરણ શાન્તિથી ભરપૂર છે; આંખમાંથી આનંદની ધારા છૂટે છે.

રામ સુખી–નિરન્તર સુખી છે; વ્હાલી માતા! તમે પણ તેમજ છો! શાન્તિ! આશીર્વાદ!! પ્રેમ! આનંદ! આનંદ! ૐ! ૐ! તમારાં વિદ્યાર્થીઓ, મિસ્ટર અને મિસિસ જ્યોતિસ્વરૂપને પ્રેમ અને આશીર્વાદ મોકલતો– તમારો નિજાત્મા રામ.

પત્ર ૨૨. માઉન્ટ એવરેસ્ટની સામે હિમાલય, તા. ૨૮ જુન, ૧૯૦૫.

પ્યારા પૂ....

ૐ આનંદ! ૐ આનંદ!! ૐ આનંદ!!!

તમારો પત્ર આવ્યો. વ્હાલા! સંસારમાં બે પ્રકારનાં મનુષ્ય હોય છે. એક તો એવાં કે જેઓ પોતાનું ચિત્ત હંમેશાં ચિંતાગ્રસ્ત રાખે છે. સંતોષ નહિ, આત્મતૃપ્તિ નહિ કે પોતાની આસપાસનાં પદાર્થોથી કદી સહાનુભાવ પણ નહિ. કોઇ અતિ મહાન પદવી મળે તો પણ ચિત્ત અશાંતજ રાખે છે. તેઓ આ વાતનું ધ્યાન નથી રાખતા કે જ્યારે ઉદરપૂર્ણ ભોજન મને પ્રાપ્ત થાય છે, તો હવે હું શાન્તિપૂર્વક સત્સંગ અને ભજનમાં થોડો સમય વ્યતીત કરૂં; પરંતુ માથાપર એવાજ ભૂતને સવાર રાખે છે કે બીજાઓ વિશેષ કેમ કમાય છે! હું પાછળ શા માટે રહી ગયો! આવા પ્રકારનું અનુકરણ કરનારાં મનુષ્યો સંસારમાં અનેક છે. એ લોક આધ્યાત્મિક જ્ઞાનમાં બાળક છે. તેઓ તુચ્છ બુદ્ધિવાળા છે. આવા પુરુષો ઉન્નતિ નથી કરી શકતા. અન્ય પ્રકારના લોક સંસારમાં એવા હોય છે કે જેઓ પ્રાપ્ત કર્તવ્યોને દત્તચિત્તથી પૂર્ણ કરે છે અને કાર્યને ઈશ્વરકર્મ અથવા પોતાની ફરજ (ધર્મ) સમજીને કરે છે. પગાર કે ઇનામની દૃષ્ટિથી નથી કરતા. કિન્તુ ખુદ કામમાંજ આનંદ પામે છે. કામ મળે તેવું હોય તોપણ તે કામમાં પ્રવીણ થવું અને ઉત્તમ કરી દેખાડવું એજ એમનું લક્ષ્ય હોય છે. આવા શુદ્ધચિત્ત પુરુષોનું સિફારસ પહોંચાડવાનું કામ નથી હોતું. આજકાલ ભારતવર્ષમાં આવા પુરુષોની સંખ્યા બહુ થોડી છે; પરન્તુ પરમેશ્વર એવા પુરુષોનેજ ઉન્નતિ આપે છે, અને પહેલા પ્રકારના લોક મોં તાકતા રહી જાય છે..કામને દત્તચિત્તથી કરો. બકવાદના લોકોની વાતો ન સાંભળો. સત્સંગ અને ભજનમાં ધ્યાન આપો.

....

....નોકરી કરતાં કરતાં સમય મળે તે વાંચવા લખવામાં અને શાસ્ત્રના અભ્યાસ અને વિચારમાં વ્યતીત કરો. .... કોઈ પુસ્તક એકવાર વાંચવાથી ન સમજાય તો બીજીવાર વાંચવાથી સમજાશે; તેમ પણ ન સમજાય તો ત્રીજીવાર વાંચો. એની મેળેજ બધી મુશ્કેલી દૂર થઈ જશે. વખતે તો વિદ્યા પ્રાપ્ત કરવામાં લય લગાવો; ડિગ્રીઓની ઉપાધિઓને કૂવામાં નાખો. એ ઉપાધિઓ તો હાથીના દેખાડવાના દાંત છે, ખાવાના નહિ. પ્રાપ્ત કરેલી વિદ્યા કદી વ્યર્થ નથી જતી. વિદ્યા વધાર્યે રાખો; સાંસારિક પદવીઓને માટે નહિ. જીવનમાં વાસ્તવિક રીતે એ પ્રકારની પદવી (ડિગ્રી) જ્ઞાનને ઉપયોગી નથી.

જે લોક પોતાની વિદ્યા વધારતા જાય છે તેની સ્વતઃ ઉન્નતિ થતી જાય છે, અને જેઓ ઉન્નતિની બૂમ બૂમ પાડ્યા કરે છે તેમની નથી તો શક્તિ (યોગ્યતા-પાત્રતા) વધતી, તેમ નથી ઉન્નતિ થતી. જેણે અહીં કંઈ પણ નથી કર્યું, તે લાંડન કે અમેરિકામાં કંઈ પણ નહિ કરે. જેઓ કુશળ છે તેઓ ઘેર બેઠાં લાંડન અને અમેરિકાવાળાઓ કરતાં ન્યૂન નથી જા

:ખ! સ્વાગતમ્! જ્યાં સુધી ઘરમાં મુડદું પડયું હોય છે, ત્યાં સુધી તેનો ચેપ બીજાને લાગવાનો ડર રહે છે; તેવીજ રીતે જ્યાં સુધી દેહાધ્યાસ જાળવી રાખ્યો હોય છે ત્યાં સુધી સંસારની સર્વ વ્યાધિઓને આપણે નિમંત્રણ કરીએ છીએ. શરીર અને એના સંબંધોને બાળી નાંખીએ એટલે તરતજ અપ્રતિમ પરમસત્તાનો અનુભવાનંદ લઇ શકીશું, આનંદ! આનંદ!

ઇચ્છા કે ભીતિ ના કાંઈ, વ્હાલો વ્હાલાં મંહી હું છું;
પાપ કે શોક ના કાંઇ, ભૂત તેમ ભવિષ્ય શું?

મુંડિત શિર અને મોટાં પેટવાળા વિદ્વાન મહાત્માઓઃ—

પ્રયોગશાળા (Laboratory) અને વેધશાળા (Observatory) માં નિર્દોષ વિદ્યાર્થીઓને આશ્ચર્ય પમાડતા ચશ્માં ચડાવેલા અધ્યાપકો (Professors):—

આસન કે ચોતરાપર ઉઘાડે માથે બેસી શ્રોતાઓને દિંગ્મૂઢ કરી નાખતા વ્યાખ્યાતાઓઃ અને અનેક પ્રકારની ફર્યાદો કરતા ગરીબ ધનિકોઃ—

એ સર્વ હુંજ છું. સ્વર્ગો, તારકો, સમીપ તેમજ દૂરના લોક; મારી વીણાનાદોમાં સૌ ગુંથાયા છે. નથી પ્રતિસ્પર્ધી કે નથી કોઇ શત્રુ; નથી કાંઇ હાનિ કે નથી વેદના. મને કોઇ હાનિ કરે તેમજ નથી; મને-સર્વના આત્માને-અમૃતધારાને-મધુરતમ આત્માને-અરે સ્વાસ્થ્ય પોતાનેજ-કોઈ આશ્ચર્ય પમાડે તેમ નથી. ગણગણતાં ઝરણાં, સુખકર સ્વપ્નાં, સૌ મલમપટ્ટી છે. રાવણ અને રામ, કેવો પવિત્ર કેવો શાન્ત; હું છું! હું છું!

પત્ર ૨૧. ૐ! ૐ! ૐ! ૐ! ૐ!

શાન્તિ! આશીર્વાદ! પ્રેમ! આનંદ! આનંદ!

અતિ ધન્ય પ્રિય પ્રભુતા,

કદાચિત આપ જાણતાં હશોજ કે આ સ્થાન મસુરીથી સુમારે એક હજાર માઇલ દૂર છે. બંગાળાના જંગલ ખાતાના એક જુના બંગલામાં રામ એકલોજ રહે છે. રેલ્વે સ્ટેશનથી દૂર; પોસ્ટ ઓફિસથી પણ દૂર; મળવા આવનારાઓને નજ મળી શકાય એમ; રમણીય ગિરિશૃંગો, સમિપમાંજ વહેતાં અને દોડતા નાના નિર્ઝરો, ખુશનુમા હવા-પાણી-પૃથ્વીપરના સૌથી ઉંચા પર્વત માઉન્ટ એવરેસ્ટનાં દર્શન એ સૌ દશ્યો છે. જંગલમાં રહેતા પહાડીઓ અહીં પણ રામને માટે રોજ તાજું દૂધ લાવી આપે છે. અરણ્યમાં ભ્રમણ અને અભ્યાસમાંજ રામનો સઘળો સમય વ્યતીત થાય છે.

નામ, કીર્તિ, લોભ અને દ્રવ્યપ્રાપ્તિ એ સર્વ જ્યારે મનુષ્ય અરણ્યમાં ઇશ્વરપ્રાપ્તિમાં હોય ત્યાં શું કામનાં છે? શા માટે આપણે એ કાર્યના જ્વરનો ચેપ લઇ લેવો જોઇએ?

આપણને તો દૈવીજ થવા દો. પ્રાતઃવાયુ વાય છે તે કેટલાં અને કેવા પ્રકારનાં ફૂલો ઉઘડે છે એની જરાએ પરવા કરતો નથી. એનું માત્ર વહેવાનુંજ કાર્ય છે, અને જે કળીઓ ઉઘડવાની હોય છે તે એના સ્પર્શથીજ ઉઘડી પડે છે. સિંહોની ગુફાઓ, અગોચર અરણ્ય, અંધકારમય કારાગૃહ, ધરતીકંપના ધડાકા, બળતા પહાડો, વાવાઝોડાં, રણસંગ્રામ અને ઉત્સુક કબરો, એ બધાં જો ઇશ્વરીય ભાવનાથી નિહાળાય; તો ઠાઠમાઠ, માન, વિજય, સત્યગાદી, વિલાસ અને સવારી વગેરે પ્રસંગો કે જ્યારે મનુષ્ય એકમેવાદ્વિતીયમ્‌ની સાથે પોતાના આત્મામાં-નથી હોતો; તેના કરતાં અત્યંત ઉપકારક અને આનંદકારક છે. અહો! ...નીનું થવાનો આનંદ! જીવન ઉદ્દેશની સંપૂર્તિ કરતી કાર્યવાહીનાં બધાં ધન્યકાર્યો,

ક રાત્રિએ થતા જીવન-મૃત્યુના અનુભવો, અને પ્રત્યેક સૂર્યોદયે થતી અમૃત જીવનની
હો! મિત્રો! હું જાઉં છું; હવે તો પ્રણામ! આ વિશ્વનિવાસ ગૃહ મને બહુ નાનું લાગે
હવે તો હું ને મારો પ્રેમ! સાથે વિહાર કરવાનો આનંદ! સાથે! નહિ; તરનારાઓનો
નંદ એટલે ઘુઘુ કરતા સમુદ્રમાં ભળી જવાનો આનંદ! આનંદ! આનંદ! ૐ.

તમારો નિજાત્મા ૐ;

વસિષ્ઠાશ્રમ, હિમાલય, તા. ૨૭ માર્ચ, ૧૯૦૬.

पत्र ૪૦. ૐ.

તિ ધન્ય પ્રભુતા!

આ આશ્રમ હિમતટની ઉપર છે. લગભગ રામની ગુફાની નીચેથીજ એક સુંદર ઝરણું સિષ્ઠગંગા-વહે છે. એ નદીમાં ચારપાંચ મોટા ધોધવા છે. શિવે પોતાના હાથથીજ આ ષીણમાં પત્થરોમાંથી ચારપાંચ સુંદર તળાવો ખોદી રાખ્યાં છે. છ છ ફીટના દળમાં બરફ અમે તોપણ ન ઢંકાય એવાં નીલવર્ણી સદાસી વૃક્ષોનાં રમણીય દશ્યોથી આ અખિલ પર્વત શોભાયમાન થઇ રહ્યા છે. અલબત્ત એ મહાન વનમાળીની દયા ને પ્રેમ છે.

अमुं पुरः पश्यसि देवदारुं, पुत्रीकृतोऽसौ वृषभध्वजेन ।

મહાદેવનાં આ એક-દેવદાર-ટ્રી, નીલાંબરધારી સ્વયંસેવકોજ રામના સહવાસી છે. નારાયણસ્વામીને પણ બે વર્ષ અહિંયાં ન આવે એમ કહીને પ્રદેશમાં મોકલી આપ્યા છે. એક યુવાન હંમેશાં આવે છે, રાંધી જાય છે, અને નજીકમાં નજીક જે ત્રણ માઇલપર એક ગામડું છે ત્યાં એ રાત્રિએ પડ્યો રહે છે.

અર્ધો માઇલ રામ ઉંચે ચડે છે એટલે વસુનાં શૃંગપર પહોંચે છે, ત્યાંથી કેદાર, બદરિ, સુમેરુ, ગંગોત્રી, યમનોત્રી અને કૈલાસના પવિત્ર હિમશૃંગોનાં દર્શન થાય છે.

આ સ્થળનું કેદારખંડમાં પણ વર્ણન છે. યોગવાસિષ્ઠના કર્તાએ આવું ઉત્તમ આશ્રમ-સ્થળ-પસંદ કર્યું હતું. સદ્ભાગ્યે કોઇ માર્ગ કે ગામ હજી સુધી તો નજીક નથી. રામની સમાધિસ્થ સ્થિતિ વિષે નજ પૂછશો. રામની કલમથી લખાયેલો મુખ્ય ગ્રંથ જે થોડાં વરસ પછી પ્રદેશમાં છપાવવા માટે જશે એની પ્રસિદ્ધિથી રામની રેલાઇ રહેલી પરમાનન્દની શાંતિનું દિગ્દર્શન થશે. કૃપા કરીને કોઇને ત્યાં સુધી રામની પાસે ન આવવા દેશો. ઇશ્વરજ માત્ર સત્ય છે.

"દેખા ન રાત જો યારકો નૂરે નિગાહસે કાર ક્યા?
મુંહકી કજ્રે તારકો આબોહવાસે કાર ક્યા!
ચાહે કોઇ ભલા કહે ખ્વાહ કોઇ બૂરા કહે
પદ્મ હુવા જો જિસ્મસે બીમો રજાસે કાર ક્યા!
નેકી બદી ખુશી ગમી ડીનાથી બને યાર કા
ઝીના જલાઇ અબ યહાં પાવાઁ બિયાસે કાર ક્યા?
એહમક ફુર હી કો હૈ ઉલ્ફત મા' વિલાયે હક
ઢાબએ દિલને ચઢ જના બૂઝે વફાસે કાર ક્યા!
ઇતના લિહાજ કર લિયા દુનિયા તેરા પરે ભી દર
નાચું હું સાથ રામકે રામો હયા સે કાર ક્યા!"

અર્થઃ—જો રાત્રિએ પ્રિયતમનાં દર્શન ન થયાં તો પછી દશ્યદર્શનનું (નિત્ય) શું ...

છે? મુડદાની અંધારી કબરને હવા પાણીનું શું કામ? ચાહે કોઈ ભલું કહે કે બૂરું પરંતુ જો દેહ (દેહાધ્યાસ) થી સંબંધ છુટી ગયો હોય; તો પછી એ ભલાબૂરા ક સાથે ભય કે આનંદને શું કામ? ભલાઇ, બુરાઇ, હર્ષ અને શોક, એ બધાં તો પ્રિયત ઝરૂખાપર ચડવાના દાદરનાં પગથિયાં હતાં. હવે (પ્રિયતમ પાસે પહોંચી ચુક્યા પછી) એ દાદરને બાળી મૂકો; ઉપરથી ઉતરવાનું હવે શું કામ? આંધળા મુર્ખ માણસોનેજ ઇ સિવાય બીજા પદાર્થપર પ્રીતિ હોય છે, હૃદય-મંદિરમાં હવે વિષયવૃત્તિ સાથે પ્રીતિ કે અરે દુનિયા! તારી આટલી મર્યાદા રાખી, હવે તો દૂર થા! હવે તો હું રામની (પ્રભુન સાથે નાચું છું; તારી લાજ શરમ સાથે હવે શું કામ?

અજહદ આઝાદી હૈ મારે આસ્તીં ચશ્મ દોબી
ગૈરે હક કો જબ નજર આવે, જહાં હો માર તોપ.
ખાક ઝૂટી ઝિન્દગી પર, કબ્રકા કીડા ન બન
ગોર તન બ્હેમેખુદી પર, દે ચલા ફિર માર તોપ.
માલો દૌલત ગીરો દાર, રખતો બખ્તો નફ્દો જિન્સ
ઇજ્જતો-માહો વનીકોકાર કર દે માર તોપ.

ભાવાર્થઃ—કોથળીમાં લપાઇ બેઠેલા સર્પ જેવા હે જીવ! જરા બહાર આવીને આ હ વિનાની પૂર્ણ સ્વતંત્રતાને આંખથી જો. સત્ય સિવાય બીજું જ્યારે પણ દષ્ટીએ પ (વૃત્તિમાં સ્ફુરે) કે તરતજ જ્યાં હોય ત્યાં તેનાપર બંદુક માર. જુઠી જિંદગી પર ધૂ પડે છે એના ઉપર ફુલીને કબરનો કીડા ન બનીશ; આ કબર જેવા શરીર પ્રત્યે રહેત અહંભાવને અને ખુદ આત્મા પ્રત્યે રહેતા અવિશ્વાસને માર બંદુક. માલ, દોલત, મારપછાડ ધન, પ્રારબ્ધ, અહંકાર, સંબંધ, વસ્તુઓ એ સૌને માર બંદૂક.

આપનું પ્રયાગકુંભનું વ્યાખ્યાન બહુ ઉત્તમ હતું. એક નકલ રામના તરફથી ટિહરી નરેશને ભેટ અપાઈ હતી; પણ વ્હાલા! સાંભળો; વેદાન્ત એ કાંઈ વાદવિવાદ કે ઢોંગ નથી. જગત કે જે છેજ નહિ, એને જે સત્ય માનીને વ્યવહાર કરે છે એનો વિનાશ થાય છે. માત્ર ઇશ્વરજ સત્ય છે. હા; હા; હા; હા; ૐ.

રામ.

પત્ર ૪૧. વસિષ્ઠાશ્રમ, હિમાલય, જૂનની આખર તારીખ, ૧૯૦૬.

વ્યાસ પર્વતોનાં શિખરોની સમીપની લગભગ બધી ગુફાઓમાં વાર્ષિક નિયમિત અતિથિઓ-એટલે કે વર્ષાઋતુ આવી પડવાથી રામને એ શૃંગ પરના અપ્સરાઓના ઉપવન-નંદનવન-ને છોડવાનો પ્રસંગ આવ્યો હતો. જ્યાં નિરંતર શીતલ વાયુની લહરિયો વાય છે એવા મનોહર ઉચ્ચ પ્રદેશમાં આવીને હવે તે નિવાસ કરે છે. શ્વેત અને પીત વર્ણનાં ચંબેલીનાં અને એવાંજ બીજાં સવર્ગીય અરણ્ય-પુષ્પો અહીં બહુ ઉગે છે. સ્ટ્રોબેરી (હિંસર) અને બીજાં અનેક પ્રકારનાં પાકેલાં બોર અહીંઆં પુષ્કળ હોય છે. આ નવીજ બાંધેલી પર્ણકુટિની એક બાજૂપર, એ ઘૂઘૂ કરતા નાના ધરાઓની વચમાં એક સુંદર મનોહર ઝોળાવ છે. બીજી બાજુ સુંદર મેદાન, વ્હેતાં ઝરણાં, તાજાં પત્રોથી આચ્છાદિત શિખરો, અને ઉંચાં નીચાં થતાં-ઝૂલતાં પાકવાળાં ખેતરો અને અરણ્યો, મેદાનપરના સ્વચ્છ, લીસા, સાફ પત્થરો એ રામ બાદશાહનાં મેજ અને આસન છે. જો છાયાની આવશ્યક્તા હોય છે તો ચેરીનાં ઝાડની વદા તૈયારજ છે.

અરણ્યનિવાસી ભરવાડોએ ત્રણજ કલાકમાં રામને રહેવા માટે એક પર્ણકુટિ તૈયાર કરી આપી હતી. તેઓની શક્તિ અનુસાર વર્ષાદમાં ન ચુવે એવી તેઓએ બનાવી હતી. રાત્રિએ ભયંકર વર્ષાદનું તોફાન શરૂ થયું. બબ્બે ને ત્રણત્રણ મિનિટે વિજળી ઝબકતી હતી; ગર્જના થતી હતી, અને એનીજ સાથે પર્વતો આખાને ધ્રુજી ઉઠતા હતા. લગભગ ત્રણ કલાક સુધી આ ઈન્દ્રરાજાના પવિએ પ્રહાર શરૂ રાખ્યા. પાણી મુસળધાર પડતું રહ્યું. બિચારા ઝુંપડામાં ચુવા માંડયું. એ વાઝોડા તથા વર્ષાદ સાથે યુદ્ધ કરવું, એટલું તો મુશ્કેલ થઈ પડયું કે અંદર પુસ્તકો પલળી ન જાય તે માટે તેના ઉપર બધો વખત એક ઉઘાડી છત્રી ધરી રાખવી પડી હતી. કપડાં તો બધાં પલળી ગયાં હતાં. જમીન ઘાસવાળી હતી તેથી તેમાં કાદવ નહોતો થયો. છતાં પણ ઉપરથી પડતી જળધારાનું એ સંપૂર્ણ પાન કરતી હતી. રામ મત્સ્યાવતાર અને કચ્છપાવતારનો આનંદ અનુભવે છે. આ રાત્રિનો જળશાયી જીવનના અનુભવનો આનંદ કંઈ જુદાજ પ્રકારનો છે. આખી રાત્રિ ઈશ્વરસ્મરણમાં રાખનાર આ તોફાનને ધન્યવાદ દેવો જોઈએ.

“ સોહ જાગે હુણ કાહતુ સોવાં ” ગ્રન્થ સાહેબ:

પ્રિયતમ તો જાગતા હોય અને હું શામાટે સૂઈ જાઉં !

પોતાના જીવનમાંથી એક ઘડી ખોઈ સમજીને કદી પણ નિદ્રા ન લે. “ મારો કેમ નિર્વાહ થશે ? ” “ મારૂં શું થશે ? ” અને આવીજ બીજી નકામી ચિન્તાઓ કરવામાં પોતાનો સમય વ્યર્થ વિતાવવા માટે મનુષ્ય નથી સરજાયો. માછલીઓ, પક્ષીઓ અને વૃક્ષોના જેટલી તો તેને આત્મશ્રદ્ધા હોવી જોઈએ. એ બધાં કદી પણ તોફાન કે તાપમાં ભડભડતાં નથી પણ પ્રકૃતિને સાનુકૂળ જીવન ગાળે છે. અહા ! હું પોતેજ વરસતો વર્ષાદ છું; હુંજ ચમકું છું; હુંજ ગર્જના કરૂં છું; હું કેવો મનોહર, ભયાનક અને પ્રબળ છું ! હૃદયમાં “ શિવોઽહમ્ ” નું સંગીત થયા કરે છે.

ઘર ભલે જંગલ થઈ ગયું હોય પણ મસ્ત પુરુષો તો વાદળાંજ ઇચ્છે છે.

ચો તરફસે ઘરકી, વાહ ! છા ઉઠીથી ક્યા ઘટા;
બિજલીકી જગમગાહટેં, સદ રહાથા ગડગડા.
બરસે થા મેંહ ભી ઝૂમ ઝૂમ, છાયે ઉમંડ ઉમંડ પડા;
ઝોંકે હવા કે લે ગયે, હોશે બદન કો વહ ઉડા.
હર રગેજાં મેં નૂર થા, નગમા થા જોરોશોરસા;
અબ્ર બરસતા થા સિવાય દિલમેં સરૂર બરસતા.
આબેહયાત કી ઝડી જોરસેં ચેઓ શામ પડી;
ફિક્રેખયાલ બેહ ગયે, ટૂટી ડૂબકી ઝોંપડી.

ભાવાર્થ:—વાહ ! ચારે તરફથી કેવી વાદળાંની ઘટા થઈ રહી હતી ! વિજળીનો ચમચમાટ અને ગર્જનાનો ગડગડાટ થઈ રહ્યો હતો. વરસાદ પણ ઝમઝમ બહુ જોરથી વરસતો હતો અને હવા બહુ જોરથી વાતી હતી, તેના સપાટાઓ દેહભાનને ઉડાવી લઈ ગયા. જીવની રગે રગમાં તેજ ભર્યું હતું, અને જોર શોરમાં આનંદ આપી રહ્યો હતો. બહારથી વાદળાં વરસતાં હતાં અને દીલમાં આનંદ વર્ષી રહ્યો હતો. આમ રાત્રિ દિન આબે હયાત

(અમૃત) નો વર્ષાદ એટલો બધો પડયો કે ચિન્તા અને વિચારો સર્વે તણાઇ ગયાં ને દ્વૈતની ઝૂંપડી પણ તૂટી પડી.

જંગલ બધાં બદનપર હરીઆળા વાઘા પ્હેરે, ફૂલ, ઝાડ, બૂટી, ઉમાં શોભા સજે બધાંયે;
ચમકે છે વીજળી ને ગર્જે છે વાદળાં આ, ડંકા બજે પ્રભુના મંદિરની નોબતોના.

ઋગ્વેદ મંડલ ૮—માં આ મંત્ર છે:—

महे चन त्वाद्रिवः परा शुल्काय देयाम् ।
न सहस्राय नायुताय वज्रिवो न शताय शतामघ ॥

ઓ અદ્રિવઃ કશાને માટે હું તને નહિ છોડું, ઓ વજ્રિવ ! હજારોને માટે, દશ હજારને માટે, દશ લાખને માટે પણ ઓ અનન્ત સૌંદર્યના પ્રભુ ! હું તારો ત્યાગ નહિ કરૂં.

यच्छक्रासि परावति यदर्वावति वृत्रहन् ।
अतस्त्वा गोभिर्द्युगदिन्द्र केशिभिः सुतावाम् अविवासति॥

ભાષ્યકારોએ એનો ગમે તેવો વિનિયોગ કે અર્થ કર્યો હોય પણ રામને તો એ ઋચાનો અર્થ આવોજ સમજાય છે:—

અર્થ:—ઓ શક્ર (સર્વ શક્તિમાન)! તું દૂર હોય (એટલે કે ગર્જતા મેઘમંડળમાં-[illegible]) અથવા ઓ વૃત્રહન (શંકાસંહારક)! તું પાસેજ હોય (વહતા વાયુમાં-અંતરિક્ષ), અહીં [illegible] વીંધીને પહોંચતી પ્રાર્થનાઓ, તારે માટે લાંબી કેશવાળીવાળા ઘોડાના રૂપમાં [illegible] માટે [illegible] છે; જેણે પોતાનો (સોમ) રસ સારવી રાખ્યો છે (તારા માટે જે [illegible] હતો એની પૂર્ણાહુતિ રૂપી રસ) તેની પાસે સત્વર આવ, આવ. મારા અંતઃકરણનું ઐક્ય ને મારો જીવન રસ પી.

"હર કો ન મોરે અધરે હિય મેં ?" સૂરદાસ.

[illegible] હૃદયના [illegible] કેમ વસી નથી ?

ઉપસંહાર—આનંદદ્રષ્ટિ—જ્યારે આ જગત પર નજર ફેંકીએ છીએ ત્યારે તો આ સમસ્ત જગત સૌંદર્યની રેલછેલ, આનંદની મૂર્તિ, સચ્ચિદાનન્દની ધારાજ પ્રતીત થાય છે. જ્યારે આપણું સર્વાંગિ રૂપ જાણી લઈએ છીએ ત્યારે કરૂણ જેવું કશુંએ રહેતુંજ નથી. સમસ્ત જગત સુંદર બને છે. પ્રકૃતિની શક્તિઓ અને કળાઓ આપણા હાથ પગ અને ઇંદ્રિયો બની જાય છે.

જ્યારે આત્માજ આનંદ છે અને એજ વસંત છે ત્યારે આત્મ-સાક્ષાત્કાર એટલે પોતાના આત્માનો સાક્ષાત્કાર [illegible] એટલે કે વસંત જગતનું મૂર્તિમાન સચ્ચિદાનંદ સ્વરૂપ થઈ જવું.

આ વિશ્વ [illegible] આત્માનુંજ એક સ્વરૂપ [illegible] મૂર્તિમાન સૌંદર્ય આનંદ છે. હું કોની [illegible] કરૂં ! હું કોની ટીકા કરૂં ! અહા ! આનંદ ! હુંજ વસંત છું ! ૐ.

[illegible] ભારી,
[illegible] તૂટી ભારી;
[illegible] ભારી,
[illegible] ભારી.

[illegible]

[illegible]

[illegible] ને તેને છેતરશે. ગુરુત્વાકર્ષણના નિયમ કરતાં પણ આ નિયમ
[illegible] પદાર્થોને સત્ય માનવાના ભ્રમમાંથીજ (એમાં અથડાઈ-કુટા
નિરાશાઓ અને દુઃખો અનુભવાયાથીજ) કેવળ એક આત્માજ પરમ સ
રૂપ હોવાની સમજણ જાગીને એ ભ્રમ-માયાનું આવરણ દૂર થાય છે.

નાહે ઝાની કદીય ગુપ્ત રહે, નહિ હાર લીધીજ ઢપાઈ રહે;
પણ સૂર્ય સમો સઘળે પ્રસરે, સહુ લોક વિલોક વિધી વિચરે. ૧

સ્થૂલ મેઘ બધા વિખરી પડતા, સહુ મેઘ પ્રકાશથી દૂર થતા;
વિખરે જ્યમ વાદળ ઉપરથી, પછી સૂર્યપ્રકાશ પડે નભથી.

ત્યમ આત્મપ્રભા ખીલતીજ રહે, મૃદુ ગંભીર સાત્વિકી શાન્તિ વહે;
દેહ ઝાળુક હોય કે હોય નહિ, પણ એજ નિરન્તર જ્યોતિ વહી ૨

જ્યાં સુધી મનુષ્યના અંતઃકરણમાં કોઇ પણ પ્રકારની વાસના [illegible]
ત્યાં સુધી તે સચ્ચિદાનન્દ સુખરૂપ શિવોહમ નો સાક્ષાત્કાર કરી [illegible]
થી. પણ—

यदा सर्वे प्रमुच्यन्ते कामा येऽस्य हृदि श्रिताः।
अथ मर्त्योऽमृतो भवत्यत्र ब्रह्म समश्नुते॥

पत्र ४२.

પત્ર ૪૫.§ ટિહરી, તા. ૭ ઑક્ટોબર, ૧૯૦૬.

શાન્તિ! આશીર્વાદ! પ્રેમ!

ભગવન્!

તમારૂં પ્રેમકાર્ડ હમણાંજ મળ્યું. ગંગાતટપર, અત્યંત મનોહર સ્થાનમાં * એક નાનીશી સુન્દર કુટિ રામને શરદઋતુ ગાળવા માટે મહારાજા સાહેબે બનાવી દીધી છે, તેથી આજથી ૭ સાત માસ સૂધી એ પોષ્ટ ઑફીસ-ટિહરી-ગઢવાલ, હિમાલય. સરનામે રહેશે.

સ્વામી રામતીર્થ.

સ્વામી રામતીર્થ-ગ્રંથ બીજો સમાપ્ત.

§ આ પત્ર સ્વામીજીનો સૌથી છેલ્લો પત્ર છે.

* આ સ્થળ ટિહરીથી પંચ માઇલ દૂર, ગંગોત્રીના રસ્તાપર ભાગિરથી આમથી આશરે ... દૂર ગંગાતટપર છે. ત્યાં ટિહરી મહારાજા સ્વામી રામને માટે એક નાની પાકી કુટિ બનાવતા હતા. એનું અર્ધું કામ થયું હતું; એટલામાં સ્વામી રામનું શરીર ટિહરી સમીપ, સિમલાસુઆર પાસે [illegible] પ્રવાહિત થયું; અને આ સંસારને તે નિત્યને માટે તિલાંજલિ આપી.

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય તરફથી લોકહિતાર્થે અતિ સસ્તી કિંમતે નીકળતા

उत्तम ग्रंथो अने ग्रंथमाळाओ.

લોકહિતને કારણે, ઉત્તમ ગ્રંથ [illegible] ઘણી વિવેક-
સંસ્કારે [illegible] મહાન.
આ માટે [illegible] વિભાગ-
વિવિધ, બૃહદ, ચરિત્ર, એ ત્રણે [illegible]

બૃહદ્ ગ્રંથમાળા.

નીચલા મ્હોટા ગ્રંથો તૈયાર છે.

શ્રી યોગવાસિષ્ઠ બે ગ્રંથમાં સંપૂર્ણ	રૂ. ૧૦
શ્રી શિવાજી છત્રપતિ	૨. ૩॥. ૧૧ ॥
શ્રી ભાગવતી ભાગવત	... ૧ રાા
રાજસ્થાનનો ઈતિહાસ ખંડ ૧ લો ૨.૫ા	
સ્વામી રામતીર્થ ભાગ ૧ થી ૫ ૧ ૧ા	
" ભાગ ૬ થી ૭	૧ રૂ.
દાસબોધ	... ૧ ૧

નીચલા મોટા ગ્રંથો ખલાસ છે.

(ફરી છપાયે ખબર અપાશે.)

શ્રી જ્ઞાનેશ્વરી ભગવદ્‌ગીતા
આર્યવિવેક.
ભાગવત ભાષાંતર
શાંતિપર્વ.

બીજા તૈયાર ગ્રંથો.

યથાર્થ ભગવદ્‌ગીતા સાદુ પૂઠું	૦)~॥
" કાપડી પૂઠું	૦)૫
"	... ૦)~॥
મનહર પદ	...૦।
સદ્‌ગુણી બાળકો	...૦)૫
બાળ સદ્‌બોધ...	...૦)૫
બાળકોની વાતો	...૦)~॥,॥
એકાદશ સ્કંધ	

દર વર્ષે ત્રણ ભાગ ત્રણસોથી એક હજાર પૃષ્ઠવાળાં ચાર પુસ્તકો

વિવિધ ગ્રંથમાળા.

ધોરણ મુજબ થયાથી—
દરવર્ષે ભાગ ૬ ૨)માં પૃષ્ઠ ૨૦૦૦ લગભગનાં
વિવિધ વિષયનાં ઉત્તમ પુસ્તકો મળે
છે. પાકાં પૂઠાં સાથે રૂ. ૩) પોસ્ટ માફ.
આગલા વર્ષોના સેટ પણ મળશે.

ચરિત્રમાળાના ગ્રંથો.

એમાં દેશવિદેશનાં મહાન સ્ત્રી-પુરુ-
ષોનાં જીવનચરિત્ર આપેલાં છે.
૧૯૭૨ પછી આ માળા બંધ છે.
આગલા વર્ષોના સેટ મળે છે. પો. જુદું.

ખાસ સૂચના

૧ પારસેલ માર્ગે ન લખ્યું હોય
તે સર્વે બુકપોસ્ટ ચડશે.
૨ વિવિધ તથા ચરિત્રમાળાના આખા
સેટ જ મળશે. છુટાં પુસ્તકો નહિ મળે.
૩ પ્રથમથી પૂરી કિંમત મોકલના-
રને જ રેલ્વે રસ્તે પારસલથી મોકલાશે.
બહારનાં પુસ્તકો અમારા ભેગાં મોક-
લાશે નહિ.

ઉપલી દરેક બાબતની વધુ માહિતીને માટે આની પછીનાં પૂંઠાં વાંચો.

सस्तुं साहित्य वर्धक कार्यालय, મુંબઈ-૨ અને અમદાવાદ.

"ઉત્તમ ગ્રંથો" એ સુવર્ણના ભંડાર કરતાં પણ ઉત્કૃષ્ટ સંપત્તિ છે.

મ્હોટા જનને મારગે, વહેવા ચાહો વીર; ચરિત્ર વાંચી તેમનાં, ધારો ગુણ ગંભીર.
ચરિત્ર ઉત્તમ વાંચતાં, અંતર ઉત્તમ થાય; 'ચરિત્રમાળા' ચાહથી, તે અર્થે વંચાય.
મહાજન દેશ વિદેશના, પવિત્ર તેનાં કામ; ચાહુ સ્નેહે સાંભળી, કહાયે તેવાં નામ.
પૈસો કે પદવી વિના, નહિ અટકે એ કામ; શુભ મન-વાણી-કર્મથી, મળશે 'મહાજન' નામ.

ચરિત્રમાળાના ગ્રંથો

જેમાં દેશવિદેશનાં પ્રાચીન અર્વાચીન અનેક મહાન સ્ત્રી પુરૂષોનાં ઉત્તમ ચરિત્રો સમાયેલાં છે.

આ માળા સં. ૧૯૬૮ થી ૭૨ સુધી પાંચ વર્ષ ચાલી, તે દરેક વર્ષમાં નીચે જણાવ્યા મુજબનાં ઉત્તમ અને બોધપ્રદ ચરિત્રો પ્રસિદ્ધ થએલાં છે.

દરેક વર્ષનાં પુસ્તકોનું કદ ૧૫૦૦ પૃષ્ઠનું અને મૂલ્ય રૂ. ૨) તથા પાકા પૂંઠાં સાથે રૂ. ૩) છે. ટપાલખર્ચ ૦।≈ થી ૦।। જુદું.

સં. ૧૯૬૮ નાં પુસ્તકો—(બુદ્ધદેવનું ચરિત્ર અને ઉપદેશ, ભારતના ઓલિયા ભાગ ૧ લો તથા ૨ જો) આ પુસ્તકો હવે મળી શકવાં નથી. આ પછીનાં ચારે વર્ષનાં પુસ્તકો મળે છે.

સં. ૧૯૬૯ નાં પુસ્તકો—ભારતના મહાન પુરુષો ભાગ ૧ લો (ભીષ્મપિતામહ, યોગી [illegible] અને મહારાજા [illegible]), ડૉ. આનંદીબાઈ જોષી, ભારતના વીરપુરુષો, ભારતના સત્પુરુષો, જગવિખ્યાત પુરુષો ([illegible] અને [illegible]).

સં. ૧૯૭૦ નાં પુસ્તકો—ભારતનાં ઓલિયો ભાગ ૩ જો, [illegible], ભારતના મહાન પુરુષો ભાગ ૨ (તુકારામ અને [illegible]), જગવિખ્યાત પુરુષો ભાગ ૨ (જેનર, [illegible] અને [illegible]).

સં. ૧૯૭૧ નાં પુસ્તકો—[illegible], ભારતની દેવીઓ ([illegible] અને [illegible]), મહાન [illegible], મહાન [illegible] ([illegible] અને [illegible]), [illegible].

સં. ૧૯૭૨નાં પુસ્તકો—[illegible], [illegible], જગવિખ્યાત પુરુષો ભાગ ૩ જો ([illegible] અને [illegible]), જગવિખ્યાત પુરુષો ભાગ ૪ ([illegible] અને [illegible]).

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ઠે. [illegible]—મુંબઈ નં. ૨ અને [illegible]—અમદાવાદ.